ચોથી શ્રેણી

પુસ્તક-૯૯

તા.૨૧મી માર્ચ, ૨૦૨૩
ફાલ્ગુન ૩૦, ૧૯૪૪ શાકે
થી
તા.૨૯મી માર્ચ, ૨૦૨૩
ચૈત્ર ૮, ૧૯૪૫ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## પંદરમી ગુજરાત વિધાનસભા
## બીજું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

## અ નુ ક્ર મ ણિ કા




| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૨૧મી માર્ચ, ૨૦૨૩ ફાલ્ગુન ૩૦, ૧૯૪૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 1 | 13 |
| અતારાંકિત પ્રશ્નો | 14 | 61 |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) (ડોલ્ફિન અને શાર્ક માછલીઓને રક્ષણ આપવા અંગે) | ૬૨ | ૬૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૬૭ | ૯૩ |
| **તા.૨૩મી માર્ચ, ૨૦૨૩ ચૈત્ર ૨, ૧૯૪૫ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૯૪ | ૧૦૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૦૭ | ૧૫૫ |
| શહીદ દિન નિમિત્તે શ્રદ્ધાંજલિ | ૧૫૬ | ૧૫૬ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત( પ્રશ્નોની પ્રાયોરિટી વેબસાઇટ ઉપર મૂકવા અંગે) | ૧૫૭ | ૧૫૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૧૫૭ | ૧૭૩ |
| બિન-સરકારી સંકલ્પો | ૧૭૪ | ૧૯૨ |
| જી-૨૦ સમિટ થકી રાજ્યમાં ઉભી થયેલ આશા વાસ્તવિકતામાં પરિવર્તિત થાય તે અંગે | ૧૭૪ | ૧૮૧ |
| રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણ અંગે | ૧૮૨ | ૧૯૧ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત( ચૂંટણી માટેના સુધારેલ કાર્યક્રમની જાહેરાત) | ૧૯૨ | ૧૯૨ |
| **તા.૨૪મી માર્ચ, ૨૦૨૩ ચૈત્ર ૩, ૧૯૪૫ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૯૩ | ૨૦૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૦૫ | ૨૩૯ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૪૦ | ૨૪૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) | ૨૪૩ | ૨૫૮ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર (સભાગૃહમાં મંત્રીશ્રીઓની ગેરહાજરી અંગે) | ૨૫૯ | ૨૬૮ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર (સભ્યશ્રીઓના પ્રશ્નોને મંત્રીશ્રીના જવાબમાં આવરી લેવા અંગે) | ૨૬૯ | ૨૭૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન( અગિયારમો દિવસ)(ક્રમશઃ) | ૨૭૧ | ૨૭૪ |
| **તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩ ચૈત્ર ૬, ૧૯૪૫ શાકે** | | |
| નિયમ-૫૧ હેઠળ સભ્યશ્રીઓને ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવા અંગે | ૨૭૫ | ૨૭૫ |
| તારાંકિત પ્રશ્નો | ૨૭૫ | ૨૮૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૮૬ | ૩૩૭ |
| સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ(કોંગ્રેસના સભ્યશ્રીઓને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવા અંગે) | ૩૩૮ | ૩૩૯ |
| પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન(માગણીઓ ઉપરની ચર્ચા દરમિયાન મંત્રીશ્રી પાસે જવાબનો આગ્રહ રાખવા અંગે) | ૩૪૦ | ૩૪૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બારમો અને છેલ્લો દિવસ) | ૩૪૧ | ૩૬૩ |


પાછળ.....

# અ નુ ક્ર મ ણિ કા




| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા. ૨૮મી માર્ચ, ૨૦૨૩ ચૈત્ર ૭, ૧૯૪૫ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૬૪ | ૩૭૭ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૭૮ | ૪૧૫ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)(રાજકોટ શહેરમાં ગટરની સફાઇ વખતે થયેલ સફાઇ કામદાર અને કોન્ટ્રાક્ટરના મૃત્યુ અંગે) | ૪૧૬ | ૪૧૮ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૧૯ | ૪૨૦ |
| અનુમતિ મળેલા વિધેયક | ૪૨૧ | ૪૨૧ |
| કામકાજ સલાહકાર સમિતિના બીજા અહેવાલની રજૂઆત | ૪૨૧ | ૪૨૧ |
| ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૨૩ | ૪૨૧ | ૪૨૨ |
| ગુજરાત વિનિયોગ(વધારાના ખર્ચ) વિધેયક, ૨૦૨૩ | ૪૨૨ | ૪૨૩ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત(પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન અંગે) | ૪૨૩ | ૪૨૩ |
| બિન-સરકારી વિધેયકો | ૪૨૩ | ૪૩૯ |
| ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક, ૨૦૨૩ | ૪૨૩ | ૪૨૯ |
| ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક, ૨૦૨૩ | ૪૩૦ | ૪૩૫ |
| ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક, ૨૦૨૩ | ૪૩૫ | ૪૩૯ |
| **તા. ૨૯મી માર્ચ, ૨૦૨૩ ચૈત્ર ૮, ૧૯૪૫ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૪૪૦ | ૪૫૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૫૧ | ૫૦૩ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)(કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલ નુકસાન બાબત ) | ૫૦૩ | ૫૦૮ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)(રાજ્યની જેલોમાં સરપ્રાઇઝ ચેકિંગ દરમિયાન પ્રતિબંધિત વસ્તુઓ મળવા અંગે) | ૫૦૮ | ૫૧૦ |
| પ્રવાસન પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રીનું નિવેદન(નિયમ-૪૪)( સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંગે) | 510 | 516 |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | 516 | 517 |
| ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૩ | ૫૧૭ | ૫૩૨ |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)(સુજલામ સુફલામ જળ અભિયાનને સક્રીય અને સફળ બનાવવા અંગે) | 532 | 543 |

ફાલ્ગુન ૩૦, ૧૯૪૪ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત સરકાર**

**મંગળવાર, તા. ૨૧મી માર્ચ, ૨૦૨૩**

**ફાલ્ગુન ૩૦, ૧૯૪૪ શાકે**

**સભાગૃહ સવારના ૯-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર,

**તારાંકિત પ્રશ્નો**

**વડોદરા જિલ્લામાં ધો.-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવાની યોજના**

*૨૩૮૩ **શ્રી કેયુર રોકડિયા**(સયાજીગંજ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવા માટે યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી વિદ્યાર્થિનીઓને સાઇકલ ભેટ આપવામાં આવી છે, અને | (૨) કુલ ૧૬૬૫ વિદ્યાર્થિનીઓને સાઇકલ ભેટ આપવામાં આવી છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) કુલ ખર્ચ રૂ. ૭૩.૦૦ લાખ. |

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ધોરણ-૯ માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને વડોદરા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ૧૬૬૫ સાઇકલ આપવામાં આવી છે તેના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રીનો અને માનનીય મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. રાજ્યમાં છેલ્લાં બે વર્ષની અંદર કુલ કેટલી સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું અને તે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, મને એ જ સમજાતું નથી કે શાને આવું થાય છે, મને એ જ સમજાતું નથી કે શાને આવું થાય છે, દીકરીઓ શિક્ષા પ્રાપ્ત કરી જાય છે ને રાજ્યના સી.એમ. સાઇકલ વિતરણ કરી જાય છે.

અધ્યક્ષશ્રી : હવે સમજી જાઓ કે એ સાઇકલ આપે છે એટલે દીકરીઓ શિક્ષણ પ્રાપ્ત કરે છે.

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, હા સાચી વાત છે. પહેલાં ચાલતા જવું પડતું. નદી-નાળાં, કોતરો ઓળંગીને જવું પડતું અને શ્રી મોહનભાઇ કહેતા હતા કે નદીમાં તરીને ભણવા જવું પડતું. આખા રાજ્યની વાત કરીએ તો વર્ષ ૨૦૨૧ની અંદર ૩૬૭૨૪ સાઇકલોનું વિતરણ કરવામાં આવ્યું છે અને તેમાં કુલ ખર્ચ ૧૫ કરોડ ૮૬ લાખ ૬૫ હજાર ૩૭ રૂપિયાનો કરવામાં આવ્યો છે. તે જ પ્રમાણે વર્ષ ૨૦૨૨ની અંદર ૩૭૭૭૫ સાઇકલ વિતરણ કરવામાં આવી છે અને તેમાં કુલ ખર્ચ ૧૬ કરોડ ૯૦ લાખ ૯૨ હજાર ૫૫૫ રૂપિયાનો કરવામાં આવ્યો છે.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે, આ સાઇકલની ગુણવત્તા બાબતે કોઇ ફરિયાદ મળી છે કે કેમ, અને સાઇકલનું વિતરણ કઇ રીતે કરવામાં આવે છે.

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, એક સાઇકલની કિંમત યુનિટદીઠ રૂ.૪૫૨૬.૫૨ પૈસા નક્કી કરવામાં આવી છે એટલે આપણે મજબૂત સાઇકલ આપીએ છીએ. આ સાઇકલનું વિતરણ ગ્રીમકો કંપની મારફતે કરવામાં આવે છે.

શ્રી યોગેશભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થિનીઓ બહુ ટેલેન્ટેડ થઇ ગઇ છે. નાનપણ થી જ સાઇકલ ચલાવતી હોય છે તો ધોરણ-૫થી વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં આ યોજનામાં ધોરણ-૮ની વિદ્યાર્થિનીઓને સાકલ આપવામાં આવતી હતી, પરંતુ ધોરણ-૮ પ્રાઇમરી વિભાગમાં જવાને કારણે ધોરણ-૯ની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવામાં આવે છે અને આગામી દિવસોમાં માનનીય સભ્યશ્રીએ જે સૂચન કર્યું છે તે ધ્યાનમાં લઇશું.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વડોદરા જિલ્લાની અંદર છેલ્લાં બે વર્ષમાં ધોરણ-૯ માં ભણતી વિદ્યાર્થિનીઓને તાલુકાવાર કેટલી કેટલી સાઇકલનું વિતરણ કરવામાં આવ્યું?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકવાર પ્રશ્ન પૂછ્યો છે તેમાં આપણે જોઇએ તો વડોદરાના કરણજ તાલુકાની અંદર વર્ષ ૨૦૨૧માં ૧૬૫ સાઇકલ અને વર્ષ ૨૦૨૨માં ૧૬૫ સાઇકલ આપવામાં આવી છે. ડભોઇ તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૨૩૦ સાઇકલ અને વર્ષ ૨૦૨૨માં પણ ૨૩૦ સાઇકલ આપવામાં આવી છે. પાદરા તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૩૦ સાઇકલ અને વર્ષ ૨૦૨૨માં ૩૦ સાઇકલ આપવામાં આવી છે. વડોદરા તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૫૦ સાઇકલ અને વર્ષ ૨૦૨૨માં

૭૦ સાઇકલ આપવામાં આવી છે. તે જ પ્રમાણે વડોદરા શહેરમાં વર્ષ ૨૦૨૧માં ૭૦ સાઇકલ અને ૨૦૨૨માં ૮૫ સાઇકલ આપવામાં આવી છે. વાઘોડિયામાં વર્ષ ૨૦૨૧માં ૧૧૫ અને વર્ષ ૨૦૨૨માં પણ ૧૧૫ સાઇકલ આપવામાં આવી છે, સિનોર તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૯૦ અને વર્ષ ૨૦૨૨માં પણ ૯૦ સાઇકલ આપવામાં આવી છે, સાવલીમાં પણ વર્ષ ૨૦૨૧માં ૬૫ અને વર્ષ ૨૦૨૨માં પણ ૬૫ સાઇકલ આપવામાં આવી છે આમ કુલ ૨૦૨૧માં ૮૧૫ અને વર્ષ ૨૦૨૨માં ૮૫૦ સાઇકલોનું વિતરણ કરવામાં આવ્યું છે.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ મને મળી ગયો છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે, ગ્રીમકો કંપની સાઇકલ વિતરણ કરે છે, પણ ગ્રીમકો કંપની આ સાઇકલની ખરીદી કરીને વિતરણ કરે છે. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અગાઉ આ ગ્રીમકો કંપનીએ બ્રાન્ડવાળી સાઇકલ ખરીદીને આપવાની હતી એને બદલે નોન બ્રાન્ડ એસેમ્બ્લિંગ સાઇકલ ખરીદીને વિતરણ કરી એને કારણે એક જ વર્ષમાં આ બધી સાઇકલો છે એ વાપરવાલાયક રહી નહીં અને એ માટે એની તપાસ એ વખતે શરૂ કરવામાં આવી હતી તો માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ ગ્રીમકો કંપનીમાં આ સાઇકલ ખરીદીમાં ભ્રષ્ટાચાર થયો હતો એની તપાસ કરવા માગો છો કે કેમ? અને હવેથી બ્રાન્ડવાળી સાઇકલ ખરીદવામાં આવે છે કે કેમ?

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા ખૂબ આનંદ થાય છે કે, રાજયની અંદર આજ દિન સુધી એક પણ ફરિયાદ સાઇકલ બાબતમાં આ રાજયમાં મળી નથી અને તમારું સૂચન છે ચોક્કસ ધ્યાનમાં લઇશું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ માહિતી આપું તો એના ઉપર તપાસ કરીને પગલાં લેવાં માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, આ સન ૨૦૨૨ની સ્થિતિએ છે એટલા માટે મંત્રીશ્રી જે વાત કરે છે (અંતરાય) બચાવ નથી કરતો, પણ પ્રશ્ન તમારો સન ૨૦૨૨ની સ્થિતિએ છે, એટલા માટે માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે એ બરાબર છે કે, વર્ષ ૨૦૨૨ની સ્થિતિએ કોઇ ફરિયાદ નથી આવી. પ્રશ્ન પણ આપે વર્ષ ૨૦૨૨ની સ્થિતિએ પૂછ્યો છે, એટલે વર્ષ ૨૦૨૨ સિવાયની સ્થિતિએ આપ નહીં પૂછી શકો, આપ તો સિનિયર ધારાસભ્ય છો.

**ખેડા જિલ્લામાં ખાણદાણ સહાય યોજના**

* ૨૪૨૮ **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર** (ઠાસરા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) રૂ. ૧,૦૩,૧૮,૩૭૫/- |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો ? | (૨) ૨૮૧૪ |

શ્રી યોગેન્દ્રસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગાભણ પશુ ખાણદાણ સહાય યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુપાલકોને કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં પશુપાલન એ રાજયની આર્થિક વ્યવસ્થામાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે અને ગુજરાતમાં પશુપાલન વ્યવસાયનો વ્યાપ પણ મોટો છે. માનનીય અધ્યક્ષશ્રી, એના માટે રાજય સરકારે પશુઓને એમાં પણ ખાસ કરીને ગાભણ પશુઓને પૂરતું પોષણ મળી રહે અને લીલા અને સૂકા ઘાંસચારામાંથી એને જે વિટામિન કે પોષણની ખામી રહેતી હોય એ પૂરી થાય અને ગાભણ પશુઓના ગર્ભમાં રહેલ જે બચ્ચા છે એને પૂરું પોષણ મળે અને વિયાણ પછી એ સારી રીતે દૂધ આપી શકે એના માટે રાજય સરકારે આવા પશુપાલકોને ખાણદાણ આપવા માટેની યોજના અમલમાં મૂકી છે.

માનનીય સભ્યશ્રીએ જે જણાવ્યું કે છેલ્લાં બે વર્ષમાં ગાભણ પશુઓને ખાણદાણ સહાય યોજના હેઠળ ખેડા જિલ્લામાં કેટલા પશુપાલકોને કેટલી સહાય ચૂકવવામાં આવી છે? તો ગાભણ પશુ ખાણદાણ સહાય યોજના હેઠળ છેલ્લા વર્ષ દરમ્યાન ખેડા જિલ્લામાં તાલુકાવાર પશુપાલકોને ચૂકવવામાં આવેલ સહાયની વાત કરું તો કઠલાલ તાલુકામાં ૨૪૧ લાભાર્થીઓને ૯.૭૦ લાખ રૂપિયા, કપડવંજ તાલુકામાં ૧૦૭૭ લાભાર્થીને ૨૬.૨૮ લાખ રૂપિયા, ખેડા તાલુકાના ૩૩૧ લાભાર્થીને ૧૫.૯૦ લાખ રૂપિયા, ગળતેશ્વર તાલુકાના ૪૫ લાભાર્થીઓને ૧.૨૫ લાખ રૂપિયા, ઠાંસરા તાલુકાના ૧૧૯ લાભાર્થીઓને ૬.૩૫ લાખ રૂપિયા, નડિયાદ તાલુકાના ૨૩૭ લાભાર્થીઓને ૧૦.૪૦ લાખ રૂપિયા, મહુધા તાલુકાના ૨૫૮ લાભાર્થીઓને ૧૨.૨૧ લાખ રૂપિયા, મહેમદાવાદ તાલુકાના ૨૩૬ લાભાર્થીઓને ૯.૬૩ લાખ રૂપિયા, માતર તાલુકાના ૧૧૩ લાભાર્થીઓને ૨.૯૯ લાખ રૂપિયા અને વસો તાલુકાના ૧૫૭ લાભાર્થીઓને ૮.૪૫ લાખ રૂપિયાની સહાય આપવામાં આવી છે. આમ, બે વર્ષ દરમ્યાન ખેડા જિલ્લામાં કુલ ૨૮૧૪ પશુપાલકોને ૧ કરોડ ૩ લાખ ૧૮ હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલ છે.

તારાંકિત પ્રશ્નો

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગાભણ પશુ ખાણદાણ સહાય યોજનામાં ગાય અને ભેંસ દીઠ તેની શું સબસિડી આપવામાં આવે છે? રાજ્યના તમામ ગાભણ પશુને ખાણદાણ સહાય યોજના સમગ્ર રાજ્ય માટે અમલમાં મૂકવા સરકાર વિચારે છે કે કેમ? અને આ યોજનાની પારદર્શિતા માટે કોઇ પગલાં સરકાર લેવા માગે છે કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સહાયની વાત કરું તો એક પશુપાલક દીઠ ૨૫૦ કિલો ખાણદાણ લગભગ રૂપિયા ૬ હજારની કિંમતની સહાય પશુપાલકને આપવામાં આવે છે. બીજી વાત કરી કે, રાજ્ય આખામાં તમામ પશુપાલકોને આ યોજનાનો લાભ આપવા માગો છો કે કેમ? તો એ તેનું સૂચન છે અને આ બાબતે સરકાર વિચારણા કરશે.

**દાહોદ જિલ્લામાં આદિજાતિના લોકો માટેની આવાસ યોજના**

* ૨૩૯૦ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વ્યક્તિઓને આવાસ આપવાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ શાં લાભ આપવામાં આવે છે, અને | (૨) આ યોજના હેઠળ રૂ. ૧,૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કુલઃ- ૯૧૩.૭૭ લાખની સહાય આપવામાં આવેલ છે. |

શ્રી શૈલેષભાઈ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વ્યકિતગત ધોરણે આવાસ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં છેલ્લાં ૨ વર્ષમાં કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે ? અને તેની તાલુકાવાર વિગતો જણાવવા કૃપા કરશો?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે કે, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજયમાં આદિજાતિ વ્યકિતઓની આવાસ યોજનાની જે અમલવારી છે તેમાં દાહોદ જિલ્લામાં વ્યકિતગત ધોરણે આવાસ યોજના હેઠળ જે લાભ આપવામાં આવ્યો છે, તેમાં દાહોદ તાલુકામાં ૧૫૬ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને કુલ સહાયની રકમ રૂ.૧૪૭.૯૦ લાખ ચૂકવી છે. ગરબાડા તાલુકામાં ૮૦ લાભાર્થીઓને આવાસને લાભ આપવામાં આવ્યો છે અને સહાય ૩૪.૯૦ લાખ ચૂકવી છે. ધાનપુર તાલુકામાં ૭૯ લાભાર્થીઓને આપણે આવાસની યોજનાનો લાભ આપવામાં આવ્યો છે અને જેમને સહાયની રકમ ૪૮ લાખ ચૂકવી છે. લીમખેડામાં ૨૪૭ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને સહાયની રકમ હપ્તાના રૂપમાં ૨૬૩ લાખ ચૂકવવામાં આવી છે. ધાનપુર, દેવગઢબારીયા જેમાં ૧૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને સહાયની રકમ ૬૦.૧૦ લાખ ચૂકવી છે. ઝાલોદમાં ૧૫૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને રકમ ૧૭૩.૬૭ લાખ ચૂકવી છે. ફતેપૂરા તાલુકામાં ૧૨૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને ૧૧૨.૧૦ લાખની રકમ ચૂકવવામાં આવી છે, સંજેલી તાલુકો જેમાં ૬૭ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને ૫૩.૧૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે. સિમવડ તેમાં ૮૦ લાભાર્થીઓને આપણે આવાસની યોજનાનો લાભ આપવામાં આવ્યો છે અને ૭૪ લાખની રકમ ચૂકવવામાં આવી છે અને કુલ મળીને દાહોદ જિલ્લામાં આવાસની યોજના જે છે તેમાં છેલ્લાં ૨ વર્ષમાં ૧૦૧૦ લાભાર્થીઓને આવાસની યોજનાનો લાભ આપવામાં આવ્યો છે અને ૯૧૩.૭૭ લાખની ચૂકવણી કરવામાં આવી છે.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આદિજાતિ લાભાર્થીઓને આવાસ માટે ૧ લાખ અને ૨૦ હજારની સહાય ચૂકવવામાં આવે છે તો આ સહાયમાં સુધારો કરી અને આદિજાતિઓને આવાસ સારા બને તેના માટે સહાયમાં સુધારો કરવા માગો છો કે કેમ ?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સમયાંતરે જે નીતિ-વિષયક નિર્ણયો લેવાતા હોય તેમાં સુધારા કરીને અત્યારે આપણે પ્રધાનમંત્રી આવાસ, બોર્ડર વિલેજ આવાસ, સામાજિક ન્યાય અધિકારિતામાં પંડિત દીનદયાળ આવાસ આ જે બધી સમાન પોલિસી છે અને દરેક વિભાગમાં આપણે ૧ લાખ અને ૨૦ હજારનું બજેટ આપીએ છીએ અને આવનારા સમયમાં તેમનું સૂચન છે અને તેના માટે વિચારીશું.

**જામનગર જિલ્લામાં ગુણોત્સવ-૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન**

*૨૩૯૬ **શ્રીમતી રિવાબા જાડેજા** (જામનગર ઉત્તર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ગુણોત્સવ-૨ અંતર્ગત જામનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | શૈક્ષણિક | મૂલ્યાંકન | મૂલ્યાંકનની |
| --- | --- | --- | --- |

| | વર્ષ | માટે નિયત થયેલ શાળાઓ | કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ |
|---|---|---|---|
| જામનગર | ૨૦૨૧-૨૨ | ૭૧૦ | ૭૧૦ |
| | ૨૦૨૨-૨૩ | ૭૧૩ | ૫૬૨ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

(૨) • મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ-૨.૦ અંતર્ગત રિપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.

• રાજ્ય કક્ષાએથી રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કૉ.-ઑર્ડિનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રિવ્યુ કરવામાં આવે છે.

• ગુણોત્સવ-૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનિટરિંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.

•વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રિપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જામનગર જિલ્લાની શાળાઓના રેફરન્સમાં ગુણોત્સવ-૨ શું છે? અને મારો બીજો પ્રશ્ન એ છે કે આ ગુણોત્સવ-૨ અંતર્ગત સ્કૂલ એક્રેડિટેશનની કામગીરી કોના દ્વારા થાય છે?

ડો.કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એ આપણા બધાની જાણકારી માટે નવો પ્રશ્ન છે. દરેક વાલીઓની ઇચ્છા હોય છે કે પોતાનો દીકરો કે દીકરી સારું ભણે અને સારા ગ્રેડ આવે. વાલીઓ પોતાના દીકરા કે દીકરીનું મૂલ્યાંકન કરતા હોય છે, પણ આ જવાબદારી સરકારે લીધી છે અને એના ભાગ રૂપે વર્ષ ૨૦૧૯-૨૦થી ગુણોત્સવ કાર્યક્રમને ગુણોત્સવ-૨ તરીકે અપગ્રેડ કરવામાં આવ્યો છે. તેનો મુખ્ય હેતુ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ગુણવત્તા સુધારણા માટે સ્કૂલ એક્રેડિટેશન કરવાનો છે. ગુણોત્સવ-૨ અંતર્ગત સ્કૂલ એક્રેડિટેશનની કામગીરી ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એજ્યુકેશન કાઉન્સિલ દ્વારા કરવામાં આવે છે. જેની કાર્ય વ્યવસ્થા હાલ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (જી.સી.ઇ.આર.ટી.) સંભાળી રહ્યું છે. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક-૧૨૧૦/૧૭૨૬, તા.૧૬/૯/૨૦૧૦થી ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલની રચના કરવામાં આવેલ છે. જેનો મુખ્ય હેતુ શાળા શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે શાળાનું એક્રેડિટેશન કરવાનો હોય છે. ગુણોત્સવ-૨ અંતર્ગત એક્રેડિટેશનની કામગીરી માટે જી.સી.ઇ.આર.ટી. દ્વારા તાલીમબદ્ધ મૂલ્યાંકનકારો તૈયાર કરવામાં આવ્યા છે. જેમની પસંદગી કરવા માટે ત્રિ-સ્તરીય પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. જેમાં પ્રથમ સ્તરમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા હેતુલક્ષી પરીક્ષા લેવામાં આવે છે. આ પરીક્ષામાં મેરિટમાં આવનાર ઉમેદવારોને બીજા સ્તરની વર્ણનાત્મક પરીક્ષા આપવાની રહે છે અને આ પરીક્ષા બાદ ત્રીજા સ્તરમાં તેમના માટે ઓબ્ઝર્વેશન વર્કશૉપ યોજવામાં આવે છે. ત્યાર પછી તેમને સ્કૂલ એક્રેડિટેશનની કામગીરી સોંપવામાં આવે છે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગુણોત્સવ-૨માં શાળા મૂલ્યાંકન માટે ઉપયોગમાં લેવાતા મૂલ્યાંકન માળખામાં શેનો-શેનો સમાવેશ થાય છે?

ડો.કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુણોત્સવ-૨માં શાળાના મૂલ્યાંકન માટે ઉપયોગમાં લેવાતા મૂલ્યાંકન માળખામાં કુલ ચાર ક્ષેત્રોનો સમાવેશ થાય છે. (૧) અધ્યયન અને અધ્યાપન (૨) શાળા વ્યવસ્થાપન (૩) શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને (૪) સંશાધનો અને તેનો ઉપયોગ. જેમને અનુક્રમે ૬૪ ટકા, ૧૬ ટકા, ૧૨ ટકા અને ૮ ટકાનો ભારાંક

આપવામાં આવે છે. જેને આગળ જતાં પેટા ક્ષેત્રો અને માપદંડોમાં વિભાજિત કરવામાં આવે છે. ગુણોત્સવ-૨માં શૈક્ષણિક બાબતો પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. પહેલાં મુખ્ય ક્ષેત્રે અધ્યયન અને અધ્યાપનના કુલ ૬૪ ટકામાંથી ૩૦ ટકા વર્ગખંડ પ્રક્રિયા અંતર્ગત સંબંધિત માપદંડોના મૂલ્યાંકન માટે આપવામાં આવે છે. આ મુખ્ય ક્ષેત્ર હેઠળ વર્ગખંડ પ્રક્રિયાનું અવલોકન કરવામાં આવે છે. ગુણોત્સવ-૨ના મૂલ્યાંકન માળખામાં સામયિક કસોટી, સત્રાંત કસોટી, વિદ્યાર્થીઓની હાજરી, શાળા સંચાલન, શાળા સલામતી, પ્રાર્થના સભા, યોગ, વ્યાયામ અને રમત-ગમત, વિશેષ પ્રવૃત્તિઓ જેવી કે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન, ખેલ મહાકુંભ વગેરેમાં ભાગીદારી, સ્પર્ધાત્મક પરીક્ષા જેવી કે શિષ્યવૃત્તિ, પુસ્તકાલય અને ટૅકનૉલૉજીનો ઉપયોગ, મધ્યાહ્ન ભોજન, પાણી અને શૌચાલયની સુવિધા અને સ્વચ્છતા જેવી બાબતોના કુલ ૬૧ માપદંડો પર ચકાસણી કરવામાં આવે છે.

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે સ્કૂલ ઍક્રેડિટેશન રિપોર્ટ કાર્ડ આપવામાં આવે છે એમાં શાળાને કોઇ ગ્રેડ, કલર કોડ કે સ્ટાર રેટિંગ સિસ્ટમ કેવી રીતે આપવામાં આવે છે?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુણોત્સવ 2.0 અંતર્ગત શાળાને તેમના મૂલ્યાંકનના પરિણામની જાણકારી આપણા વિભાગ દ્વારા આપવામાં આવે છે. ગુણોત્સવ 2.0 અંતર્ગત પ્રત્યેક શાળાને તેમના મૂલ્યાંકનના પરિણામની જાણ સમગ્ર શિક્ષાના ઍટેન્ડન્સ પોર્ટલના માધ્યમથી કરવામાં આવે છે. અગાઉના ગુણોત્સવની જેમ શાળાઓને મૂલ્યાંકન બાદ રિપોર્ટકાર્ડ આપવામાં આવે છે. સ્કૂલ ઍટેન્ડન્સ પોર્ટલ પર રાજ્યની શાળાઓના ઍક્રેડિટેશન રિપોર્ટકાર્ડ ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે શાળાઓ ડાઉનલોડ કરી શકે છે. અગાઉ ગુણોત્સવ બાદ આપવામાં આવતું રિપોર્ટકાર્ડ એક પાનાનું હતું, જેમાં આંકડાકીય માહિતી અને સ્કૂલ ગ્રેડ આપવામાં આવતા હતા. જ્યારે ગુણોત્સવ 2.0માં શાળાઓને બે પાનાનું રિપોર્ટકાર્ડ આપવામાં આવે છે. જેમાં પ્રત્યેક મુખ્ય ક્ષેત્રના સમાવિષ્ટ પેટા ક્ષેત્રોમાં આવતાં માપદંડોવાર ગુણાંકન દર્શાવવામાં આવે છે. વધુમાં, રિપોર્ટકાર્ડમાં ગુણાંકનને અનુરૂપ ગ્રીન, યલો, રેડ, બ્લેક જેવા કલર સાથે આલેખ સ્વરૂપમાં રજૂ કરવામાં આવે છે. આ ઉપરાંત શાળાઓની સારી બાબતો અને સુધારાત્મક બાબતોનો નિર્દેશ પણ રિપોર્ટકાર્ડમાં આવે છે. રિપોર્ટકાર્ડમાં શાળાએ કરેલ દેખાવને આધારે ગ્રેડ, કલર, કોડ અને સ્ટાર રેન્કિંગ આપવામાં આવે છે. જે ગ્રેડ અંતર્ગત એ+, એ, બી, સી, અને ડી સ્ટાર રેન્કિંગ અંતર્ગત એક થી પાંચ સ્ટાર સુધી આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા તમારું જે કામ થાય છે તે મેં જાતે જોયું છે. ખરેખર અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ કહેવાય તેવું કામ છે એટલે તે બદલ હું આ સ્થાનેથી અભિનંદન આપું છું.

**અમદાવાદ જિલ્લામાં ધો.-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવાની યોજના**

* ૨૩૭૯ **શ્રીમતી કંચનબેન રાદડિયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવા માટે યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી વિદ્યાર્થિનીઓને સાઇકલ ભેટ આપવામાં આવી છે, અને | (૨) કુલ ૩૧૮ વિદ્યાર્થિનીઓને સાઇકલ ભેટ આપવામાં આવી છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) કુલ ખર્ચ રૂ. ૧૩.૭૬ લાખ. |

શ્રીમતી કંચનબેન વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમદાવાદ જિલ્લામાં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવાની યોજના છે કે કેમ? અમદાવાદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર કેટલી સાઈકલનું વિતરણ કરવામાં આવેલ છે?

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજ્યના મુખ્યમંત્રીની વાત કરું. ''જ્યાં જ્યાં નજર મારી ઠરે ત્યાં યાદી ભરી આ રાજ્યની દીકરીઓની.'' એમની નજર રાજ્યની આદિવાસી દીકરીઓ તરફ છે.

અધ્યક્ષશ્રી : આદિવાસી દીકરીઓનું ઉત્થાન થાય તેમાં રાજ્યનું ભલું હોય તે સ્વાભાવિક છે. આપ સીધા જવાબ પર આવો.

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૨૧માં ૧૧૯ અને ૨૦૨૨માં ૧૯૯ સાઇકલનું વિતરણ કરવામાં આવેલ છે. અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૨૧માં ઝીરો અને ૨૦૨૨માં ૨, અસારવામાં વર્ષ ૨૦૨૧માં ૨૭ અને ૨૦૨૨માં ૬૯, બાવળામાં વર્ષ ૨૦૨૧માં ૧૧ ને ૨૦૨૨માં ૪૩, દસક્રોઇમાં વર્ષ ૨૦૨૧માં ૧૯ અને ૨૦૨૨માં ૪૩, દેત્રોજ-રામપૂરામાં વર્ષ ૨૦૨૧માં ૪ અને વર્ષ ૨૦૨૨માં ૩, ધોળકામાં વર્ષ ૨૦૨૧માં ૧ અને વર્ષ ૨૦૨૨માં ૩, ઘાટલોડિયામાં વર્ષ ૨૦૨૧માં ૬ અને વર્ષ ૨૦૨૨માં ઝીરો, મણિનગરમાં વર્ષ ૨૦૨૧માં ૧૮ અને વર્ષ ૨૦૨૨માં ૧૭, સાબરમતીમાં વર્ષ ૨૦૨૧માં ૯ અને વર્ષ ૨૦૨૨માં ૧૧, સાણંદમાં વર્ષ ૨૦૨૧માં ૧૦ અને વર્ષ ૨૦૨૨માં ૮, વટવામાં વર્ષ

૨૦૨૧માં ૭ અને વર્ષ ૨૦૨૨માં ૧૧, વેજલપુરમાં વર્ષ ૨૦૨૧માં ૧ અને ૨૦૨૨માં ૪ અને વીરમગામમાં વર્ષ ૨૦૨૧માં ૧ અને ૨૦૨૨માં ૧ સાઇકલ આપવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : અગાઉના પ્રશ્નમાં આ વિષયની ચર્ચા થઈ ગયેલ છે.

**મહેસાણા જિલ્લામાં ચોખાપાક નિદર્શન યોજના**

* ૨૪૩૩ **શ્રી સરદારભાઈ ચૌધરી** (ખેરાલુ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં સીસ્ટેમિક રાઇસ ઇન્ટેન્સીવફીકેશન પદ્ધતિથી ચોખાપાક નિદર્શન યોજના હેઠળ કેટલા નિદર્શન ગોઠવવામાં આવ્યા, અને | (૧) ૩૦૦ |
| (૨) તે માટે કુલ કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી ? | (૨) રૂ. ૮,૭૪,૯૮૪ /- |

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ડાંગર પાકમાં શ્રી પદ્ધતિ શું છે અને શ્રી પદ્ધતિના મુખ્ય સિદ્ધાંતો ક્યા છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગરના પાકમાં શ્રી પદ્ધતિ એટલે ઓછા પાણીએ થતી ખેતી. જેમાં ડાંગરના છોડ, જમીન અને પાણીના શ્રેષ્ઠ વ્યવસ્થાપન દ્વારા ઉત્પાદકતા વધારવા માટે ડાંગરની જે ચીલાચાલુ પદ્ધતિ છે એમાં ફેરફાર કરવામાં આવેલ છે અને તેને અંગ્રેજીમાં SRI એટલે કે, System of Rice Intensification એટલે કે, ડાંગરની સંકલિત ખેતપદ્ધતિ કહેવામાં આવે છે. આ યોજનાનો લાભ દર વર્ષે સમગ્ર ગુજરાત રાજ્યના તમામ ખેડૂતો લઇ શકે છે અને માનનીય વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી આ ડાંગર પાકની યોજનાનો અમલ ડાંગર પકવતા તમામ જિલ્લાઓમાં કરવામાં આવેલ છે. આ યોજના થકી પાકની ઉત્પાદકતા વધારવા માટેનું આયોજન છે. આ પદ્ધતિ આપણા ગુજરાત રાજ્યમાં મધ્ય ગુજરાત અને માફકસર વરસાદના વિસ્તારો કે જ્યાં ગોરાળુ, રેતાળ, મધ્યમ કાળી અને સારા નિતારવાળી જમીન હોય ત્યાં વધુ અનુકૂળ થાય છે. આ પદ્ધતિમાં એક એકર ડાંગર પકવવા માટે એક ગુઠાના ધરુંવાડિયાની જરૂર છે, જ્યારે સામાન્ય પદ્ધતિમાં એક એકર ડાંગર માટે દસ ગુઠાના ધરુંવાડિયાની જરૂરિયાત રહે છે. આ પદ્ધતિમાં પ્રતિ એકર બે કિલો બીજ, જ્યારે સામાન્ય પદ્ધતિમાં પ્રતિ એકર ૧૦ કિલો બીજની જરૂરિયાત રહે છે. ૮થી ૧૨ દિવસની નાની ઉંમરનું ધરું આ પદ્ધતિમાં ઉપયોગમાં લેવાય છે અને રોપણીના ૧૫ દિવસ બાદ એનું નિંદામણ પણ કોનિવીડર યંત્ર મારફત કરી શકાય છે. સામાન્ય રોપણી પદ્ધતિ કરતાં અડધા પાણીની જરૂરિયાત આ પદ્ધતિમાં રહે છે અને ૨૫ સેન્ટિમીટરના અંતરે એક ચીપાની જરૂરિયાત રહે છે. એટલે આ પદ્ધતિમાં ઓછા બિયારણ અને ઓછા પાણીએ વધુ ઉત્પાદન આવે છે. આ નવી પદ્ધતિમાં ખેડૂતોને ડાંગરના ઉત્પાદનમાં ખૂબ મોટો ફાયદો થાય છે.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ક્ષેત્રીય નિદર્શન યોજનામાં ખેડૂતોની પસંદગી કેવી રીતે કરવામાં આવે છે? અને આ યોજનામાં સહાયના ધોરણો શું છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે તાલુકામાં ડાંગરનું મુખ્ય પાક તરીકે વાવેતર થતું હોય તેવા તાલુકાની ક્ષેત્રીય નિદર્શન માટે પસંદગી કરવામાં આવે છે. જે તે ગામમાં ગ્રામસેવક અને વિસ્તરણ અધિકારી દ્વારા પ્રગતિશીલ ખેડૂતની પસંદગી કરી ગામના અન્ય ખેડૂતો પણ ક્ષેત્રીય નિદર્શન પ્લોટની મુલાકાત લઇ શકે અને મુખ્ય રસ્તા પરનું ખેતર હોય એવા ખેડૂતની પસંદગી આ પદ્ધતિ માટે કરવામાં આવે છે. આ યોજનામાં ખેડૂતોને ખાતાદીઠ વધુમાં વધુ રૂ. ૭૫૦૦ પ્રતિ હેક્ટરના દરે એક એકરની મર્યાદામાં કિટરૂપે સહાય આપવામાં આવે છે.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, છેલ્લાં બે વર્ષથી મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં કેટલી નિદર્શન પદ્ધતિ ગોઠવવામાં આવી છે? અને કેટલી સહાય આપવામાં આવી?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં શ્રી પદ્ધતિ અંતર્ગત વર્ષવાર ૧૫૦ લેખે કુલ ૩૦૦ નિદર્શન ગોઠવવામાં આવેલ છે અને તે પેટે છેલ્લાં બે વર્ષમાં કુલ રૂ. ૮ લાખ ૭૪ હજાર ૯૦૦ સહાય તરીકે ચૂકવવામાં આવેલ છે.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે શ્રી પદ્ધતિમાં ડાંગરનું ઉત્પાદન છાણિયાં ખાતરથી વધારે થાય કે રાસાયણિક ખાતરથી વધારે થાય?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન બહુ મહત્ત્વનો છે. પોતે ખેડૂત છે અને ખેતી કરે છે. મારા કરતાં ખેતીમાં વધુ અનુભવ છે. હું કહેવા માગું છું કે, હવે રાસાયણિક ખાતરના વપરાશથી જમીન બંજર બની જવી તથા આરોગ્ય વિષયક જેવા પ્રશ્નો ઊભા થાય છે. એટલે અમે માત્ર એટલી જ સલાહ આપીએ છીએ કે, રાસાયણિક ખાતરના બદલે છાણિયા ખાતરનો વપરાશ કરવો અથવા પ્રાકૃતિક ખેતી કરો તો એમાં આપણને ફાયદો છે.

તારાંકિત પ્રશ્નો

**ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવ-૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન**

*૨૩૯૭ **શ્રીમતી રિટાબેન પટેલ** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ગુણોત્સવ-૨ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **શૈક્ષણિક વર્ષ** | **મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ** | **મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ** |
|---|---|---|---|
| ગાંધીનગર | ૨૦૨૧-૨૨ | ૬૧૧ | ૬૧૧ |
| | ૨૦૨૨- | ૬૧૩ | ૫૧૩ |

(૨)

- મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ-૨ અંતર્ગત રિપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.
- રાજ્ય કક્ષાએથી રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કૉ.-ઑર્ડિનેટર, સી.આર.સી. કૉ.-ઑર્ડિનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રિવ્યુ કરવામાં આવે છે.
- ગુણોત્સવ-૨ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનિટરિંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.
- વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રિપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પ્રશ્ન ક્રમાંકઃ ૪ના જવાબમાં એક્રેડિટેશન રિપોર્ટકાર્ડની વિસ્તૃત માહિતી આપી એમાં મારો જવાબ આવી જાય છે.

**બનાસકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) ખેતરપાળા**

* ૨૩૬૭ **શ્રી પ્રવિણકુમાર માળી** (ડીસા) : **માનનીય ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં કેટલા રનીંગ મીટરના ખેતરપાળા થયેલ છે,

(૨) તેનાથી ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂતોને લાભ મળેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલી રકમ ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧)

| ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ |
|---|---|
| ૧૩,૫૪,૦૯૪ | ૫,૮૫,૮૫૦ |

(૨) ૧૧,૨૩૪

(૩) રૂ. ૮૪૭.૬૩ લાખ.

## તા. ૨૧મી માર્ચ, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા. ૩૧-૦૩-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના, વોટરશેડ કમ્પોનન્ટ અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં રનિંગ કેટલા ખેતરપાળા થયા? એ સ્થિતિએ કેટલા ખેડૂતોને લાભ મળ્યો? અને એની પાછળ કેટલો ખર્ચ થયો?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, એમનો તાલુકાવાર જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે એમાં, વાવ તાલુકામાં ૩૧૯૯ લાભાર્થીઓ છે અને રૂપિયા ૨૩૩.૭૧ લાખનો ખર્ચ થયેલ છે. સુઇગામ તાલુકામાં ૪૧૮૯ લાભાર્થીઓ છે અને રૂપિયા ૨૭૬.૬ લાખનો ખર્ચ થયેલ છે. દાંતા તાલુકામાં ૧૮૦ લાભાર્થીઓ છે અને રૂપિયા ૨૪.૨૦ લાખનો ખર્ચ થયેલ છે અને થરાદ તાલુકામાં ૧૨૨૮ લાભાર્થીઓ છે અને રૂપિયા ૭૫.૭૯ લાખનો ખર્ચ થયેલ છે. કુલ લાભાર્થીઓની સંખ્યા ૮૭૯૬ છે અને કુલ રૂપિયા ૬૦૯.૭૬ લાખનો ખર્ચ થયેલ છે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનામાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો કેટલો કેટલો હિસ્સો હોય છે? અને આ યોજનાના અમલીકરણનું માળખું શું છે?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, એમાં કેન્દ્ર સરકારનો ૬૦ ટકા અને રાજ્ય સરકારનો ૪૦ ટકાનો હિસ્સો છે. એનું અમલીકરણનું માળખુ જણાવું તો, રાજ્યકક્ષાએ ગુજરાત સ્ટેટ વોટર શેડ મેનેજમેન્ટ એજન્સી ગાંધીનગર, જિલ્લા કક્ષાએ જિલ્લા જળ સ્ત્રાવ વિકાસ એકમ, પ્રોજેક્ટ કક્ષાએ જિલ્લા અમલીકરણ સંસ્થા એટલે કે, પી.આઇ.એ., તથા ગ્રામ્ય કક્ષાએ જળ સ્ત્રાવ સમિતિથી આ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ બંધપાળા યોજના કયારથી અમલમાં આવી? આ યોજના જળ સિંચાઇ માટે કરીને ખેડૂતોના પોતાના ખેતરનું પાણી ખેતરમાં જ રહે એ હેતુથી બનાવવામાં આવી હતી. મારી આપને વિનંતી છે કે, જયારે ખેડૂત અરજી કરીને જોબકાર્ડ ઉપર માગણી કરે ત્યારે અધિકારીઓ એમની પાસે સંખ્યા માગે છે કે, ૫૦થી વધારે લેબર ન હોય તો અમે કામ મંજૂર નહીં કરીએ. કાયદામાં જોગવાઇ છે કે, બે કે પાંચ જણા કામ માગે તો પણ આપવું પડે છે. તો જિલ્લા લેવલે આવી કોઇ સૂચના આપવા માગો છો કે કેમ? બીજું, ૮૭૯૬ લાભાર્થીઓને લાભ આપેલો છે, તો હાલમાં આ બંધપાળા કેટલા હયાત છે અને કેટલા ધોવાઇ ગયેલા છે તથા સ્થળ ઉપર છે કે કેમ?

શ્રી કુંવરજીભાઇ હળપતી :માનનીય અધ્યક્ષશ્રી, એમનો પ્રશ્ન છે કે યોજનાનું કયારથી અમલીકરણ કરવામાં આવેલ છે. આ યોજનાના અમલીકરણની વાત કરવામાં આવે તો, રાજ્ય અને કેન્દ્ર મારફતે બંનેની ગ્રાન્ટ ભેગી કરીને વર્ષ ૨૦૨૦થી આ યોજના અમલીકરણ થયેલી છે. કામોની પસંદગી અને માપદંડ નોર્મ્સ મુજબ કરવામાં આવે છે. આખા રાજ્યના કોઇપણ પ્રશ્નો, એક હોય કે બે પ્રશ્નો હોય તો પણ મારા ટેબલ ઉપર મૂકજો. શ્રી શૈલેષભાઇ, અમારી સરકાર કામ કરવા માટે કટિબદ્ધ છે.

શ્રી કુંવરજીભાઇ હળપતી : અને અમારી સરકાર કામ કરવા માટે કટિબદ્ધ છે. ભાઇ શૈલેષભાઇ, કામ કરવા માટે કટિબદ્ધ છે. મારા ધ્યાને કંઇ હોય તો મૂકજો.

શ્રી શૈલેષ મ. પરમાર : આ યોજના કયારથી શરૂ થઇ?

શ્રી કુંવરજીભાઇ હળપતી : મેં કહ્યું તેમ વર્ષ ૨૦૨૦થી અમલમાં છે. વર્ષ ૨૦૨૦થી. *(xxx)

અધ્યક્ષશ્રી : આપ બેસો. શ્રી શૈલેષભાઇ, આપ બેસો. આ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. આપ બેસો. શ્રી શૈલેષભાઇ, આપ બેસો. તમે બેસો. અરે, તમે બેસો. તમે ઉશ્કેરો નહીં. બેસો બેસો બેસો. (સતત અંતરાય) અરે, તમે બેસો. આમાં આપણે વિધાનસભામાં બાકી બધી જોગવાઇઓ કરવામાં આવી છે. મંત્રીશ્રી પણ જો જવાબ આપતા હોય અને એમાં પણ જો કાંઇ, એક તો ચીઠ્ઠી માટે કોમેન્ટ કરી કે ચીઠ્ઠી આવી, તો ચીઠ્ઠી આપવા માટે જ અધિકારીઓને અહીંયા બેસાડ્યા છે. અમસ્તા નથી બેઠા. મંત્રીશ્રીને જયાં પૂરક જવાબની જરૂર પડે તો ઇમીજીએટ એવી વ્યવસ્થા હોય, તો એના માટે સચિવો અહીંયા હાજર હોય છે. એટલા માટે એ આપણી જોગવાઇ છે, આપણી વ્યવસ્થા છે. રહી વાત પ્રશ્નની..

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ મનરેગા યોજના હેઠળ આ પાળાબંધીનું કામ કરવામાં આવે છે. લેબરકામ, જોબકાર્ડ માટે ૫૦ મજૂરની અપેક્ષા રાખે છે. તો આવી કાયદામાં કોઇ જોગવાઇ નથી. તો ખેડૂતને એના પોતાના ખેતરમાં જેટલા લેબર મળે, એટલાથી આ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : ઠીક છે. (અંતરાય) મારે શીખવવાનું ન હોય.

શ્રી કુંવરજીભાઇ હળપતી : ના,ના. માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે.

અધ્યક્ષશ્રી : હા, તો આપ એમ કહો કે તમારું પોઝિટિવ સૂચન છે. સંતોષ તો આપો?

શ્રી કુંવરજીભાઇ હળપતી : સૂચન છે. પોઝિટિવ છે અને ધ્યાનમાં લેવામાં આવશે. તમારા ધ્યાને હોય તો ટેબલ ઉપર મૂકજો.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : એના કરતા ઉશ્કેર્યા વગર સ્માઇલિંગ ફેઇસથી જવાબ આપો. શ્રી શૈલેષભાઇને એની અસર નહીં થાય. પ્રશ્ન ક્રમાંક-૧૦. માનનીય શ્રી કેશુભાઇ પટેલ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, શીખવો એનો વાંધો નહીં. વારંવાર શીખવવું પડે?

**આણંદ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના**

* ૨૪૪૮ **શ્રી કમલેશભાઈ પટેલ** (પેટલાદ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) રૂ. ૨,૩૩,૯૪,૭૭૫ / - |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો ? | (૨) ૪,૯૨૩ |

ડો. કમલેશભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧-૧૨-૨૨ની સ્થિતિએ છેલ્લાં ૨ વર્ષમાં આણંદ જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને ઉકત સ્થિતિએ કેટલા પશુપાલકોને તેનો લાભ મળ્યો?

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ છેલ્લાં ૨ વર્ષ દરમ્યાન આણંદ જિલ્લામાં કેટલા પશુપાલકોને આ સહાય ચૂકવવામાં આવી અને કેટલો ખર્ચ થયો એમ પૂછ્યું, તો ૪૯૨૩ જેટલા પશુપાલકોને આ બે વર્ષ દરમ્યાન રૂપિયા ૨,૩૩,૯૫,૦૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવેલ છે.

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગાભણ પશુઓ માટે ખાણદાણ સહાય યોજનાનો હેતુ શું છે અને આ યોજનાના સહાયનું ધોરણ શું છે તથા સહાય મેળવવા માટે કયા કયા દસ્તાવેજોના આધારે અરજી થઇ શકે છે?

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાભણ પશુઓને ખાણદાણની સહાય આપવાની યોજના એટલા માટે અમલમાં આવી છે કે પશુઓને પોષણક્ષમ ખોરાક મળી રહે. ગર્ભાવસ્થા દરમ્યાન..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, અગાઉ આપેલો હોય એ જવાબ ફરી ના આપતા. અગાઉ એક પ્રશ્નમાં જવાબ આવી જ ગયો છે.

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હેતુ સેઇમ જ છે. અગાઉ જવાબ આપી દીધો છે.

અધ્યક્ષશ્રી : બસ તો પછી. અગાઉના પ્રશ્નમાં જવાબ આપ્યો છે, એ તમારે સમજી લેવો.

**નવસારી જિલ્લામાં આદિજાતિના ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટેના સરકારી છાત્રાલયો**

* ૨૩૭૩ **શ્રી રાકેશ દેસાઇ** (નવસારી) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નવસારી જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને તે પૈકી કુમાર અને કન્યા માટેના છાત્રાલયોની સંખ્યા કેટલી છે, | (૧) ૦૮ સરકારી છાત્રાલયો<br>૩ કુમાર અને ૫ કન્યા |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યરત સરકારી છાત્રાલયોમાં કેટલા વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે, અને | (૨) ૧૦૦૦ |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કાર્યરત સરકારી છાત્રાલયોની સંખ્યામાં કેટલો વધારો મંજૂર કરવામાં આવ્યો છે ? | (૩) ૦(શૂન્ય) |

શ્રી રાકેશ ગુ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સરકારી છાત્રાલયોમાં કયા અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય શ્રી રાકેશભાઇએ જે પ્રશ્ન પૂછયો છે એ આપણા ગુજરાતના વિદ્યાર્થીઓ અને યુવાધન માટે પ્રશ્ન પૂછયો છે, હાયર એજયુકેશન મેળવવા માટે જયારે રાજકોટ, અમદાવાદ, સુરત જેવા સિટીમાં વિદ્યાર્થીને જવાનું થતું હોય ત્યારે તેના માટે રાજય સરકારે સરકારી છાત્રાલયોની વ્યવસ્થા કરી છે. સાથે સાથે સમરસ છાત્રાલયોની પણ વ્યવસ્થા કરી છે. કોઇ પણ સમાજના વિદ્યાર્થીને રહેવા માટે અગવડતા ન પડે એના માટેની વ્યવસ્થા રાજય સરકારે પૂરા ગુજરાતમાં કરી છે. અને એમાં અમારા આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૭-૧૧-૨૦૦૮ના ઠરાવ ક્રમાંક-૧૫-૭/૭૪ થી અનુસૂચિત જનજાતિના સરકારી છાત્રલયોમાં અભ્યાસક્રમ વાર ટકાવારી નિયત કરવામાં આવેલ છે. અમારા ૧૪

જિલ્લાના જે વિદ્યાર્થીઓ છે તે હાયર એજયુકેશન મેળવવા માટે અમદાવાદ, રાજકોટ કે સુરત જવાનું થતું હોય છે ત્યારે એમને રહેવા જમવાની અને બધી જ સુવિધા સરકારી ખર્ચે પૂરી પાડવા માટે અમારું આદિજાતિ વિભાગ સન્માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની આગેવાનીમાં અમે કરી રહ્યા છીએ. સાથે સાથે અનુસૂચિત જનજાતિના સરકારી છાત્રાલયોમાં અભ્યાસ કરવા માટે જે નિયત ટકાવારી અને સાથે સાથે એના માપદંડો નક્કી કરવામાં આવેલા છે. એની માન્ય સંખ્યા પણ નક્કી કરવામાં આવેલ છે. અને એમાં છાત્રાલયોમાં માન્ય સંખ્યા સામે પ્રવેશ આપવા માટે અભ્યાસક્રમવાર પાંચ ગૃપ બનાવવામાં આવ્યા છે. જે પૈકી ગૃપવાઇઝ પ્રવેશની ટકાવારી પણ નક્કી કરવામાં આવેલી છે જે નીચે મુજબ છે. આપણા બધા સભ્યોને ધ્યાન પર આવે એટલે હું જણાવું છું, ગૃપ એક, એમાં મેડિકલ, આ અમારા સમાજ માટે એક આશીર્વાદરૂપ સરકારી છાત્રાલયો છે. મેડિકલની કોલેજો મોટા સિટીમાં આવેલી હોય છે. આદિજાતિ સમાજના દીકરાને મેડિકલમાં પ્રવેશ મળે પણ તેને રહેવા કે જમવાની વ્યવસ્થા ન હોય, તેના માટે અમારી આ સરકારી છાત્રાલયોમાં મેડિકલના વિદ્યાર્થીઓને ગૃપ એક માં પ્રવેશ આપવામાં અવે છે. એમાં બીજા એન્જિનિયરિંગ, પોલિટેકનિક, ફાર્મસી, આયુર્વેદિક, ડિપ્લોમા, એન.આઇ.એફ.ટી. એન.આઇ.ડી. ડેન્ટલ, હોમિયોપેથી, એમ.સી.એ., એમ.બી.એ., સી.એ, કંપની સેક્રેટરી જેવા અભ્યાસક્રમો માટેના વિદ્યાર્થીઓને સરકારી છાત્રાલયની માન્ય સંખ્યાના ૨૦ ટકા મુજબ પ્રવેશ આપવામાં આવે છે. ગૃપ નંબર બે, જેમાં એકેડેમિકમાં અનુસ્નાતક અભ્યાસક્રમો જેવા કે એમ.એ., એમ.કોમ., એમ.એસ.સી., અભ્યાસક્રમ માટેના વિદ્યાર્થીઓને માન્ય સંખ્યાના ૧૦ ટકાના આધારે સરકારી છાત્રાલયોમાં પ્રવેશ આપવામાં આવે છે. ગૃપ ૩, જેમાં ધોરણ ૧૧ અને ૧૨ના અભ્યાસક્રમો જેવા કે વિજ્ઞાન પ્રવાહ માટે ૧૨ ટકા, સામાન્ય પ્રવાહ એટલે કે આર્ટસ-કોમર્સ માટે ૮ ટકા મુજબ પ્રવેશ આપવામાં આવે છે. ગૃપ-૪ માં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો જેવા કે સાયન્સ માટે ૨૦ ટકા, કોમર્સ માટે ૧૨ ટકા, આર્ટસ માટે ૦૮ ટકા મુજબ પ્રવેશ આપવામાં આવે છે. ગૃપ-૫ માં અન્ય અભ્યાસક્રમો, એના સિવાયના જે અન્ય અભ્યાસક્રમો હોય છે એમાં ફાઇન આર્ટસ, એ.ટી.ડી., સી.પી.એડ, એમ.પી.એડ, બી.બી.એ. એમ.એસ.ડબલ્યુ, એમ.ફીલ., બી.એડ, એમ.એડ, એલ.એલ.બી., જર્નાલીઝમ, લાઇબ્રેરી સાયન્સ, હોટલ મેનેજમેન્ટ, આઇ.ટી.આઇ., ડી.એલ.એમ. અભ્યાસક્રમ માટેના વિદ્યાર્થીઓને સરકારી છાત્રાલયોની માન્ય સંખ્યાના ૧૦ ટકા મુજબ પ્રવેશ આપવામાં આવે છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વડોદરામાં સમરસ છાત્રાલયમાં કેટલા વિદ્યાર્થીઓ ભણે છે અને વિદ્યાર્થી પાછળ કેટેલો ખર્ચ કરવામાં આવે છે?

ડો.કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા, રાજકોટ કે તમામ સિટીમાં સમરસ છાત્રાલયો ખોલવામાં આવી છે અને કુલ મળીને પૂરા ગુજરાતમાં ૧૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. પણ એમણે વડોદરાની જે માહિતી માગી છે એ અલગથી હું આપીશ. ખર્ચની જે વાત કરી છે એ તો ખર્ચ વિદ્યાર્થીને રહેવા જમવાની જે વ્યવસ્થા છે એ નીતિ નિયમો પ્રમાણે કરીએ છીએ અને એમાં પણ અવાર નવાર નાના મોટા સુધારા થતા હોય છે.

**અમદાવાદ જિલ્લામાં ધો-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવાની યોજના**

* ૨૩૮૦ **શ્રી કાળુભાઈ ડાભી** (ધંધુકા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવા માટે યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી વિદ્યાર્થિનીઓને સાઇકલ ભેટ આપવામાં આવી છે, અને | (૨) કુલ ૩૧૮ વિદ્યાર્થિનીઓને સાઇકલ ભેટ આપવામાં આવી છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) કુલ ખર્ચ રૂ. ૧૩.૭૬ લાખ. |

શ્રી કાળુભાઇ રૂ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વિદ્યા સાધના યોજનામાં અમલીકરણની સરળતા માટે સરકારશ્રી દ્વારા કયા પગલાં ભરવામાં આવેલ છે?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર સાઇકલની યોજનાના અમલીકરણ માટે એના જે ધારા ધોરણ છે તે આ રાજયની આદિજાતિ દીકરીઓને આપવા માટેની યોજના છે. એમાં ૬ લાખ સુધીની આવક મર્યાદા છે. અને ધોરણ ૯ માં અભ્યાસ કરતી હોય તે દીકરીને સાઇકલ આપવા માટેની આ યોજના છે.

**છોટાઉદેપુર જિલ્લામાં કૃત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન**

૨૪૨૦ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં શુદ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની

(૧)

| વર્ષઃ ૨૦૨૧ | વર્ષઃ ૨૦૨૨ | કુલ |
|---|---|---|

સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને

| | | |
|---|---|---|
| ૧૪૬ | ૧૯૫ | **૩૪૧** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અંગે કુલ કેટલી રકમ સહાય પેટે આપવામાં આવી ?

(૨)

| **વર્ષઃ ૨૦૨૧** | **વર્ષઃ ૨૦૨૨** | **કુલ** |
|---|---|---|
| ૪,૩૮,૦૦૦ | ૫,૮૫,૦૦૦ | **૧૦,૨૩,૦૦૦** |

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, પશુપાલકો માટે આ સરકાર ખૂબ સારી યોજના લાવી છે. કૃત્રિમ બીજદાન યોજના અંતર્ગત મોબાઇલ વાન મારફત કેટલા પશુઓને સારવાર આપવામાં આવી છે અને આખા જિલ્લામાં આ યોજનાથી કેટલો લાભ થયો છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીના પશુપાલકોને પ્રોત્સાહન આપવા સહાય માટેની યોજના છે. રાજ્યમાં ગીર, કાંકરેજ ઓલાદ જેવી શ્રેષ્ઠ ઓલાદ ગુજરાતમાં છે. આ ઓલાદોનું સંવર્ધન થાય, સંખ્યા વધે, તેનું સારી રીતે પોષણ થાય તેના માટે કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીના પશુપાલકોને સહાય આપવાની યોજનામાં પશુપાલકોને વાછરડી દીઠ રૂ. ૩,૦૦૦ની સહાય આપવામાં આવે છે અને આઇ ખેડૂત પોર્ટલ ઉપર આ યોજના માટે અરજી કરવામાં આવે છે. છેલ્લાં બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર શુદ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયોમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકો માટે પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ સહાયમાં વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં કવાંટ તાલુકામાં રૂ. ૧૫,૦૦૦, છોટાઉદેપુર તાલુકામાં રૂ. ૧,૮૬,૦૦૦, જેતપુર પાવી તાલુકામાં રૂ. ૧૫,૦૦૦, નસવાડી તાલુકામાં રૂ. ૧૮,૦૦૦, બોડેલી તાલુકામાં રૂ. ૧,૭૭,૦૦૦, સંખેડા તાલુકામાં રૂ. ૨૭,૦૦૦ એમ કુલ મળીને રૂ. ૪,૩૮,૦૦૦ની સહાય ચૂકવવામાં આવી છે. વર્ષ ૨૦૨૨માં કવાંટ તાલુકામાં રૂ. ૪૫,૦૦૦, છોટાઉદેપુર તાલુકામાં રૂ. ૧,૪૪,૦૦૦, જેતપુર પાવી તાલુકામાં રૂ. ૯૦,૦૦૦, નસવાડી તાલુકામાં રૂ. ૧,૪૪,૦૦૦, બોડેલી તાલુકામાં રૂ. ૧,૫૦,૦૦૦, સંખેડા તાલુકામાં રૂ. ૧૨,૦૦૦ એમ કુલ મળીને રૂ. ૫,૮૫,૦૦૦ની સહાય ચૂકવવામાં આવી છે. આમ બે વર્ષના થઇને રૂ. ૧૦,૨૩,૦૦૦ જેટલી સહાય આ યોજના હેઠળ ચૂકવવામાં આવી છે.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે રાજ્યમાં પ્રાકૃતિક ખેતી પર ભાર મૂકવામાં આવે છે તેમ અહીં પ્રશ્ન પૂછાયો છે તેમાં શુદ્ધ સંવર્ધનની વાત છે. ગુજરાતમાં જે ગાયો છે તેમાં કૃત્રિમ બીજદાનથી વાછરડીઓને પ્રોત્સાહન આપવાની વાત છે. ગુજરાતમાં કઇ કઇ ઓલાદની ગાયો છે કે જેમાં શુદ્ધ સંવર્ધન કરવું જરૂરી છે. ગુજરાતમાં શુદ્ધ સંવર્ધનથી ફાયદો થશે કે ક્રોસ બ્રિડિંગથી ફાયદો થશે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ગાયની પ્રચલિત જાતો ગીર ગાય, કાંકરેજ અને હમણાં નવી ડગરી જાત પણ શોધાઇ છે. આ જાત છે તેનું યોગ્ય સંવર્ધન થાય, તેને વધુમાં વધુ પ્રોત્સાહિત કરવામાં આવે તો આપણા રાજ્યમાં શ્રેષ્ઠ ઓલાદની ગાયોની સંખ્યામાં વધારો થાય. સંખ્યામાં વધારો થાય તો આ વધુ દૂધ ઉત્પાદન આપતી ગાયો છે, પરિણામે આપણા રાજ્યના દૂધ ઉત્પાદનમાં પણ વધારો થાય. પશુપાલકોની અને રાજ્યની આર્થિક સમૃદ્ધિમાં પણ વધારો થાય એટલા માટે રાજ્યની આ શ્રેષ્ઠ જાતની ગાયો છે તેને કૃત્રિમ બીજદાનથી ગર્ભાધાન કરાવીએ છીએ અને આવું કામ કરનારા પશુપાલકો એને આપણે પ્રોત્સાહનરૂપે જે વાછરડીઓ જન્મે છે એ વાછરડી દીઠ રૂ. ૩૦૦૦ સહાય પણ આપીએ છીએ. આપણો હેતુ છે કે રાજ્યમાં સારી ઓલાદની ગાયો વધુને વધુ ઉત્પન્ન થાય અને એનું સારી રીતે પાલન પોષણ થાય એટલા માટે આ યોજના અમલમાં મૂકાઇ છે.

**બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના લોકો માટેની આવાસ યોજના**

૨૩૮૯ **શ્રી કેશાજી ચૌહાણ** (દિયોદર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં આદિજાતિ વ્યક્તિઓને આવાસ આપવાની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ શાં લાભ આપવામાં આવે છે, અને | (૨) આવાસદીઠ રૂ.૧,૨૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે ? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં આ યોજના અંતર્ગત કુલ રૂ.૧૩૯.૩૮ લાખની સહાય આપવામાં આવેલ છે. |

તા. ૨૧મી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીને કેટલી સહાય આપવામાં આવી છે?

ડો.કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એમાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજયમાં આદિજાતિ વ્યકિતઓને આવાસ આપવાની યોજના અમલમાં છે અને સાથે સાથે એમને એમના જિલ્લાની ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં આ યોજના નીચે સહાય આપવામાં આવી છે અને તાલુકાવાર કેટલી આપવામાં આવી છે તો બનાસકાંઠા જિલ્લામાં પ્રથમ હપ્તો, બીજો હપ્તો, ત્રીજો હપ્તો એમ કુલ મળીને અમીરગઢમાં ૭૨ લાભાર્થીઓ છે જેમને કુલ સહાય રૂ.૭૫.૭૨ લાખની સહાય ચૂકવી છે. દાંતા તાલુકો એમાં આવાસની યોજનામાં ૯૬ લાભાર્થીઓ છે એમને રૂ. ૫૭.૬૫ લાખની કુલ સહાય ચૂકવી છે. પાલનપુરમાં ઝીરો , વડગામ ઝીરો, ધાનેરામાં ૧૦ લાભાર્થી છે એમને ૧૧.૭૧ લાખની રકમ ચૂકવવામાં આવેલ છે. ડીસામાં ૧૦ લાભાર્થીઓ છે જેમને ૩ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે. કાંકરેજમાં ૫ લાભાર્થીઓ છે જેમને ૪.૫૦ લાખની રકમ ચૂકવવામાં આવેલ છે અને સાથે આપણું લાખાણી જયાં ૯ લાભાર્થી છે જેમને ૮.૯૧ લાખની રકમ ચૂકવવામાં આવેલ છે. વાવમાં એક લાભાર્થી છે જેમને ૩૦ હજારની રકમ ચૂકવવામાં આવેલ છે. દિયોદર જેમાં ૭ લાભાર્થી છે જેમને ૪.૧૦ લાખની રકમ ચૂકવવામાં આવેલ છે. દાંતીવાડા ૩ લાભાર્થી છે જેમને ૨.૮૦ લાખની રકમ ચૂકવવામાં આવી છે. કુલ બનાસકાંઠામાં વ્યકિતગત ધોરણે આવાસ યોજનામાં ૨૧૩ લાભાર્થીઓને કુલ રૂ.૧૨૯.૩૮ લાખની રકમ ચૂકવવામાં આવેલ છે.

**ભાવનગર જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના**

૨૪૧૦ **શ્રી ગૌતમભાઈ ચૌહાણ** (તળાજા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ભાવનગર જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) શિક્ષણ વિભાગના તા.૨૬-૦૮-૨૦૨૨ના ઠરાવ ક્રમાંક : ખપશ/૧૧૨૨/સીસી૩૬/ચ અનુસાર રાઇટ ટુ એજ્યુકેશન એક્ટની કલમ ૧૨.૨ મુજબ વિદ્યાર્થી દીઠ રૂ.૧૩,૬૭૫/- અથવા જે તે બિન-અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાની ફી રેગ્યુલેશન કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલ વિદ્યાર્થીદીઠ વાસ્તવિક ફી, બેમાંથી જે ઓછું હોય તે મુજબની રકમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી ફી-રિએમ્બર્સ પેટે ચૂકવવામાં આવે છે.

(૨)

| **જિલ્લો** | **યોજના હેઠળ આવરી લેવામાં આવેલ વિદ્યાર્થીઓની સંખ્યા** |
|---|---|
| ભાવનગર જિલ્લો | ૬૧૮૫ |
| ભાવનગર શહેર | ૮૩૯૨ |

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર શહેર અને જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં ખાનગી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ શાળાઓને કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

ડો.કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રીએ ભાવનગર જિલ્લાના ખાનગી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને ફી પરત ચૂકવણી બાબતનો પ્રશ્ન પૂછયો છે. એમાં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ૧૧૧૨ અને સાથે તા. ૨૬-૮-૨૦૨૨ અનુસાર આર.ટી.ઇ. એકટની કલમ-૧૨-૨ મુજબ વિદ્યાર્થી દીઠ ૧૩,૬૭૫ અથવા જે તે બિનઅનુદાનિત પ્રાથમિક શાળાની ફી રેગ્યુલેશન કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલ વિદ્યાર્થી દીઠ વાસ્તવિક ફી એ બેમાંથી જે ઓછું હોય તે રકમ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ની ફી પેટે ચૂકવવામાં આવેલ છે. સાથેસાથે જિલ્લામાં આ યોજના હેઠળ આવરી લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા સન ૨૦૨૨-૨૩માં ભાવનગર જિલ્લામાં ૬૧૮૫ વિદ્યાર્થીઓ છે, ભાવનગર શહેરમાં ૮૩૯૨ છે.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભાવનગર જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ શાળાઓને કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રીએ જે ભાવનગરની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફી પરત ચૂકવણીનો પ્રશ્ન પૂછ્યો છે એમાં ભાવનગર શહેરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં આર.ટી.ઇ. હેઠળ ખાનગી શાળામાં અભ્યાસ કરતા ૭,૭૮૩ વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૧૩ હજારની મર્યાદામાં કુલ ૧૧૭ ખાનગી શાળાઓને રૂપિયા ૭૧ કરોડ ૧૮ લાખ ૮૧ હજાર ૯૬૫ અને વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૮,૩૯૨ વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૧૩,૬૭૫ની મર્યાદામાં ૧૧૬

તારાંકિત પ્રશ્નો

ખાનગી શાળાઓને રૂપિયા ૮ કરોડ ૩૫ લાખ ૯૩ હજાર ૬૪૧ ની ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ શાળાઓને ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧માં કુલ ૧૧૭ અને વર્ષ ૨૦૨૨માં ૧૧૬ શાળાઓ છે.

**કચ્છ જિલ્લામાં ગુણોત્સવ-૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન**

૨૩૯૨ **શ્રી અનિરુદ્ધ દવે** (માંડવી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ગુણોત્સવ-૨ અંતર્ગત કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓના મૂલ્યાંકનની શું સ્થિતિ છે, અને

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **શૈક્ષણિક વર્ષ** | **મૂલ્યાંકન માટે નિયત થયેલ શાળાઓ** | **મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થયેલ શાળાઓ** |
|---|---|---|---|
| કચ્છ | ૨૦૨૧-૨૨ | ૧૭૧૫ | ૧૭૧૫ |
| | ૨૦૨૨- | ૧૭૧૭ | ૧૧૩૭ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મૂલ્યાંકન સંદર્ભે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

(૨) • મૂલ્યાંકન થયેલ તમામ શાળાઓને ગુણોત્સવ-૨.૦ અંતર્ગત રિપોર્ટ કાર્ડ આપવામાં આવ્યા છે. જેમાં મુખ્યક્ષેત્ર અને પેટાક્ષેત્ર પ્રમાણે તેમની શાળાની સારી બાબતો અને શાળાની સુધારાત્મક બાબતો ઉપરાંત શાળાને પ્રાપ્ત થયેલ ગ્રેડ અને ટકા પણ દર્શાવવામાં આવે છે.

• રાજ્ય કક્ષાએથી રાજ્યના તમામ જિલ્લાઓના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પ્રાચાર્યશ્રી, ડાયટ, બી.આર.સી કૉ.-ઑર્ડિનેટરને મૂલ્યાંકન થયેલ શાળાઓની ગુણાત્મક સુધારણા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. સમયાંતરે જિલ્લા અને રાજ્ય કક્ષાએથી રિવ્યુ કરવામાં આવે છે.

• ગુણોત્સવ-૨.૦ અંતર્ગત વિદ્યાર્થીઓની હાજરી એક માપદંડ છે. વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા રાજ્ય કક્ષાએથી હાજરી અંતર્ગત અનિયમિતતા માટે મોનિટરિંગ દ્વારા સુધારાત્મક પગલાં માટે શાળાઓને માર્ગદર્શન આપવામાં આવે છે.

•વિદ્યા સમીક્ષા કેન્દ્ર પાસેથી મેળવેલ વિષયવાર સામયિક કસોટીના ગુણની વિગતો રિપોર્ટ કાર્ડમાં લેવામાં આવે છે. જેનાથી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને ઉપચારાત્મક કાર્ય થાય છે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગુણોત્સવ-૨ અંતર્ગત કચ્છ જિલ્લામાં શું સ્થિતિ હતી અને આ સ્થિતિએ જે મૂલ્યાંકન થાય છે એ મૂલ્યાંકનમાં શાળાના શિક્ષકો માટે સારું કે નબળું જે મૂલ્યાંકન થાય છે તો શિક્ષકનું પર્ફોમન્સ સારું હોય તો એને પ્રોત્સાહન અને નબળા શિક્ષક માટે શિક્ષાત્મક આવી કોઇ જોગવાઇ છે કે કેમ?

| (૩) ઉક્ત સ્થિતિએ આ કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા શી છે, અને | (૩) ડિસેમ્બર-૨૦૨૩ |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત મ્યુઝિયમની કામગીરી કયા તબક્કે છે ? | (૪) મ્યુઝિયમના બાંધકામની કામગીરી ૭૫% થી વધુ પૂર્ણ થયેલ છે તથા ક્યુરેશન અંગેની કામગીરી પ્રગતિ હેઠળ છે. |

---------

**પાટણ અને અમદાવાદ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત**

૩૩૦૬ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પાટણ અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો | ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો |
|---|---|---|
| પાટણ | ૪૭૬૭૫ | ૫૪૩૭૦ |
| અમદાવાદ | ૭૭૦૯૦ | ૬૨૨૨૩ |

(૨)

| જિલ્લો | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો | | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો | |
|---|---|---|---|---|
| | તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ | તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ |
| પાટણ | ૬ | ૦ | ૫ | ૦ |

---------

**પોરબંદર જિલ્લામાં માછીમારોના આવાસ માટેની યોજના**

૨૦૯૬ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યના માછીમારો માટે આવાસ યોજના અમલમાં છે કે કેમ, | (૧) ના. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કઈ યોજના હેઠળ આવાસદિઠ કેટલી રકમની સહાય પૂરી પાડવામાં આવે છે, અને | (૨) લાગુ પડતુ નથી. |
| (૩) ઉક્ત યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પોરબંદર જિલ્લામાં કેટલા માછીમારોને આવાસ માટે સહાય ચૂકવવામાં આવી ? | (૩) લાગુ પડતુ નથી. |

---------

તા. ૨૧મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**પાકિસ્તાનની જેલમાં રખાયેલ માછીમારોના પરિવારોને આર્થિક સહાય**

૩૩૫૬ **શ્રી જીગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગુજરાત સરકાર દ્વારા પાકિસ્તાનની જેલમાં બંધ હોય તેવા કેટલા માછીમારોના પરિવારોને કેટલી આર્થિક મદદ કરવામાં આવે છે, | (૧) ૪૩૯ માછીમારોના પરિવારોને પ્રતિ દિવસ રૂ.૩૦૦/- |
| (૨) ઉક્ત સ્થિતિએ રાજ્યના કેટલા માછીમારો પાકિસ્તાનની જેલમાં છે, અને | (૨) ૫૬૦ |
| (૩) ઉક્ત માછીમારોને સ્વદેશ પરત લાવવા છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે શાં પ્રયાસો કર્યા ? | (૩) વર્ષ ૨૦૨૧માં ૧૧ રજૂઆતો અને વર્ષ ૨૦૨૨માં ૧૦ રજૂઆતો એમ કુલ ૨૧ રજૂઆતો દ્વારા માછીમારોની રાષ્ટ્રીયતા ખરાઈની વિગત ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયને પૂરી પાડી તેમને છોડવાની વિનંતી કરવામાં આવેલ છે. |

---------

**અમરેલી અને ભરૂચ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત**

૩૨૯૭ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમરેલી અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો | ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો |
|---|---|---|
| અમરેલી | ૪૯૬૫૦ | ૪૪૬૧૨ |
| ભરૂચ | ૭૬૬૭૧ | ૪૮૨૬૩ |

(૨)

| જિલ્લો | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો | | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો | |
|---|---|---|---|---|
| | તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ | તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ |
| અમરેલી | ૩૦૯ | ૧૧૬ | ૦ | ૩ |

---------

**બનાસકાંઠા અને રાજકોટ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત**

૩૩૧૧ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

**જવાબ**

(૧)

| જિલ્લો | ૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો | ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો |
|---|---|---|
| બનાસકાંઠા | ૧૩૧૦૭૭ | ૧૦૬૦૦૦ |
| રાજકોટ | ૫૨૪૬૭ | ૫૧૧૬૨ |

(૨)

| જિલ્લો | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો | | ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો | |
|---|---|---|---|---|
| | તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ | તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ |
| બનાસકાંઠા | ૧૦૦ | ૯૯ | ૦ | ૦ |
| રાજકોટ | ૩ | ૧ | ૦ | ૦ |

- - - - - - - - -

## ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક

૩૩૦૧ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ (સુધારા) નિયમો-૨૦૦૨ મુજબ ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક સામાન્ય રીતે દર ત્રણ મહિને એકવાર મળવી જોઈએ, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સમિતિની બેઠકો ક્યારે મળેલ છે, | (૨) બેઠક મળેલ નથી. |
| (૩) ઉક્ત સમિતિની બેઠક દર ત્રણ માસે મળેલ ન હોય તો તેના શાં કારણો છે, અને | (૩) કોવિડ-૧૯ની મહામારી તેમજ રાજ્ય સરકારના પ્રધાનમંડળમાં બદલાવ થતાં અને ગુજરાત વિધાનસભામાં અનુસૂચિત જનજાતિમાં પ્રતિનિધિઓ પૈકી ખાલી પડેલ જગ્યાઓના કારણે સમિતિની પુનઃરચના કરવાનું જરૂરી બનવાના કારણે. |
| (૪) ઉક્ત બેઠક સમયસર નિયમિત મળે તે માટે શાં પગલા લેવામાં આવ્યા ? | (૪) કોરોના અસર ઓછી થતા જ સરકારશ્રી દ્વારા તા.૨૪-૦૮-૨૦૨૧ના રોજ ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની સ્થાયી સમિતિની બેઠક બોલાવેલ છે.<br>તાજેતરમાં તા.૧૦-૦૩-૨૦૨૩નાં રોજ સદરહું પરિષદ માટે વિધાનસભામાંથી અનુસૂચિત જનજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી પંદર સભ્યશ્રીઓની ચૂંટણી કરવાનો પ્રસ્તાવ વિધાનસભામાં રજૂ કરવામાં આવેલ છે. |

- - - - - - - - -

## રાજ્યમાં બીપીએલ યાદી માટેનો સરવે બાબત

૨૭૨૭ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લે બી.પી.એલ. યાદી માટે સરવે ક્યારે કરવામાં આવ્યો. | (૧) રાજ્યમાં છેલ્લે બી.પી.એલ. યાદી માટે સરવે વર્ષ ૨૦૦૨-૦૩ માં કરવામાં આવ્યો. |
| (૨) ઉક્ત સ્થિતિએ ૦ થી ૨૦ સ્કોર ધરાવતા કેટલા બીપીએલ પરિવારો છે, | (૨) તા.૩૧-૦૧-૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં ૦ થી ૨૦ ધરાવતાં બીપીએલ પરિવારોની સંખ્યા કુલ ૩૧,૬૭,૨૧૧ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કઈ યોજનાઓનો લાભ મેળવવા માટે બીપીએલ યાદીનો સ્કોર ૦ થી ૨૦ માં હોવો જરૂર છે, અને | (૩) રાજ્ય સરકારના અન્ય વિભાગો જેવા કે સામાજિક ન્યાય અને અધિકારિકતા વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ, કૃષિ અને સહકાર વિભાગ, ઈત્યાદી હેઠળની જુદી જુદી યોજનાઓ હેઠળ પ્રવર્તમાન |

ધોરણો અને નિયમોનુસાર લાભો આપવાના રહેશે.

(૪) રાજ્યમાં નવા બીપીએલ યાદી માટેનો સરવે કરાવવાનું સરકારનું શું આયોજન છે ?

(૪) બીપીએલ યાદી માટેની સરવેની કામગીરી ભારત સરકારશ્રી દ્વારા કરવાની હોઈ તો સદર બાબતનું આયોજન ભારત સરકારશ્રીની સૂચના મુજબ વખતોવખત કરવાની થાય.

- - - - - - - - -

**ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં માધ્યમિક શાળાઓ**

૨૪૮૬ **શ્રી માવજીભાઈ દેસાઈ** (ધાનેરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં નવી ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે સરકારને કેટલી અરજીઓ/રજૂઆતો મળેલ છે, અને

**જવાબ**

(૧)

- તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં નવી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે એકપણ અરજી/રજૂઆત મળેલ નથી.
- તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં નવી નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળા શરૂ કરવા માટે નીચે મુજબ અરજી/રજૂઆત મળેલ છે.

| **જિલ્લો** | **તાલુકો** | **તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૨** |
|---|---|---|
| બનાસકાંઠા | ધાનેરા | ૦૨ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રજૂઆત/અરજીઓ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી છે ?

(૨) ધાનેરા તાલુકામાં નવી નોન ગ્રાન્ટેડ શાળા શરૂ કરવા મળેલ કુલ ૦૨ અરજીઓ/રજૂઆતો પૈકીની એક અરજી/ રજૂઆત મંજૂર કરવામાં આવેલ છે તથા એક અરજી/રજૂઆત નામંજૂર કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**રાજ્યમાં એનીમલ વેલફેર બોર્ડ**

૩૩૧૦ **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં એનીમલ વેલફેર બોર્ડની રચના તા.૩૦-૧૧-૨૦૧૩ના રોજ કરવામાં આવી, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તેના સભ્યો કોણ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોર્ડની મિટીંગ ક્યારે મળેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પત્રક મુજબ

(૩)

- સામાન્ય બેઠક
  તા.૦૭/૦૪/૨૦૨૧ અને
  તા.૧૨/૧૦/૨૦૨૨
- કારોબારી સમિતિની બેઠક
  તા.૦૪/૧૨/૨૦૨૧ અને
  તા.૧૦/૦૧/૨૦૨૩
- લીગલ સમિતિની બેઠક
  તા.૦૪/૧૨/૨૦૨૧ અને
  તા.૧૦/૦૧/૨૦૨૩

**પત્રક**

| અ.નં. | સભ્યનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | માન. મંત્રીશ્રી (પશુપાલન) | અધ્યક્ષ (હોદ્દાની રૂએ) |
| ૨ | માન. રાજ્યકક્ષા મંત્રીશ્રી (પશુપાલન) | ઉપાધ્યક્ષ (હોદ્દાની રૂએ) |
| ૩ | શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા (ધારાસભ્ય-અબડાસા) | સભ્ય |
| ૪ | શ્રી ધનજીભાઇ પટેલ (ધારાસભ્ય-વઢવાણ સુરેન્દ્રનગર) | તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જગ્યા ખાલી પડેલ છે. |
| ૫ | પશુપાલન નિયામકશ્રી, (ગુજરાત રાજ્ય) | સભ્ય સચિવ (હોદ્દાની રૂએ) |
| ૬ | મુખ્ય વન સંરક્ષક | સભ્ય (હોદ્દાની રૂએ) |
| ૭ | મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, જામનગર | સભ્ય (હોદ્દાની રૂએ) |
| ૮ | મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ | સભ્ય (હોદ્દાની રૂએ) |
| ૯ | પોલીસ મહાનિદેશક, ગુજરાત રાજ્ય | સભ્ય (હોદ્દાની રૂએ) |
| ૧૦ | જિલ્લા કલેક્ટર – બનાસકાંઠા | સભ્ય (હોદ્દાની રૂએ) |
| ૧૧ | શ્રી દિલીપ શાહ, અમદાવાદ. | એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઇન્ડીયાના પ્રતિનિધી તરીકે |
| ૧૨ | શ્રી પંકજભાઇ બુચ, એનીમલ વેલ્ફેર ફાઉન્ડેશન, ગાંધીનગર | સભ્ય |
| ૧૩ | શ્રી રાજેન્દ્ર શાહ, જીવદયા, રાજકોટ | સભ્ય |
| ૧૪ | શ્રી મયુરકુમાર ભરતભાઇ ઠક્કર, SPCA દિયોદર બનાસકાંઠા | સભ્ય |
| ૧૫ | ડૉ. ટી.કે.સંઘાણી, નવા દેવલીયા તા. હળવદ, જિ. મોરબી | સભ્ય |
| ૧૬ | શ્રી વિપુલભાઇ રસિકલાલ મહેતા, જીવદયા મંડળ, રાપર-કચ્છ | સભ્ય |
| ૧૭ | શ્રી રાજીવભાઇ શાહ, મિયાગામ, તા.કરજણ, વડોદરા | સભ્ય |
| ૧૮ | શ્રી સંજયભાઇ કોઠારી, નવકાર સારવાર સંસ્થા, એલિસબ્રિજ અમદાવાદ | સભ્ય |
| ૧૯ | શ્રી ચંદુભાઇ શીવાભાઇ મુંધલપરા, શ્રી મા દર્શન ગૌશાળા દરેડ, જામનગર | સભ્ય |
| ૨૦ | શ્રી ધીરુભાઇ શાહ, શ્રી પાટણ પાંજરાપોળ, ખલીપુર, તા. સરસ્વતી, જિ. પાટણ | સભ્ય |
| ૨૧ | શ્રી અરૂણી ભગત, BAPS ગૌશાળા સાળંગપુર, જિ. બોટાદ | સભ્ય |
| ૨૨ | શ્રી વિરજીભાઇ કેશવભાઇ રાદડીયા, શ્રી પુરષોતમ લાલજી ગૌસેવા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ, માંડલીકપુર, તા. જેતપુર-રાજકોટ | સભ્ય |
| ૨૩ | શ્રી મહેન્દ્રભાઇ રતરસિંહ સંઘોઇ, ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર પ્રાગપર, તા. મુન્દ્રા, જિ. કચ્છ | સભ્ય |
| ૨૪ | શ્રી માધવ ચરણદાસજી સ્વામી, સ્વામિનારાયણ ગુરુકુલ ગૌશાળા, છારોડી, અમદાવાદ | સભ્ય |
| ૨૫ | શ્રી જયપ્રકાશ રાયચંદભાઇ ઠક્કર, જલારામ ગૌસેવા ટ્રસ્ટ, ભાભર, બનાસકાંઠા | સભ્ય |
| ૨૬ | શ્રી ગણેશ રઘુભાઇ મુંધારા, ચેરમેન, મહેતા લક્ષ્મીચંદ જેઠાભાઇ પરિવાર ગૌશાળા, લતીપુર, તા. ધ્રોલ, જિ. જામનગર | સભ્ય |
| ૨૭ | શ્રી રાજેશ હસ્તીમલ શાહ, શ્રી અજીત સેવા ટ્રસ્ટ, રતા, તા વાપી-જિ. વલસાડ | સભ્ય |
| ૨૮ | શ્રી જોષી ભાવેશભાઇ ડાહ્યાભાઇ, હરિઓમ ગૌશાળા, અનાવાડા, જિ. પાટણ | સભ્ય |
| ૨૯ | શ્રી હિતેશભાઇ મુલચંદભાઇ પટેલ, રાજારામ ગૌશાળા આશ્રમ પાંજરાપોળ, ટિંટોડા, તા. ડીસા, જિ. બનાસકાંઠા | સભ્ય |
| ૩૦ | શ્રી ભરતભાઇ પટેલ, શ્રી રામરોટી અન્નક્ષેત્ર આશ્રમ ગૌશાળા, કોઠારીયા, તા. વઢવાણ, જિ. સુરેન્દ્રનગર | સભ્ય |

**ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર સરકારી માધ્યમિક શાળાઓનું મહેકમ**

૧૮૫૮ **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ગીર | (૧) |

સોમનાથ જિલ્લામાં તાલુકાવાર સરકારી માધ્યમિક શાળાઓમાં મંજૂર થયેલ શિક્ષકોના મહેકમ પર કેટલી જગ્યાઓ ખાલી છે,

| સરકારી માધ્યમિક શાળા | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકો** | **શિક્ષકોનું મંજૂર મહેકમ** | **શિક્ષકોની ખાલી જગ્યા** |
| ૧ | વેરાવળ | ૨૭ | ૦૨ |
| ૨ | તાલાળા | ૦૯ | ૦૦ |
| ૩ | સુત્રાપાડા | ૧૭ | ૦૦ |
| ૪ | કોડીનાર | ૦૬ | ૦૦ |
| ૫ | ઉના | ૩૨ | ૦૬ |
| ૬ | ગીર ગઢડા | ૨૧ | ૦૪ |

(૨) આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે, અને

(૨) નિવૃત્તિ તથા બદલીના કારણોસર તેમજ નવા વર્ગ વધારા મંજૂર થવાથી નવી જગ્યાઓ ઉભી થવાના કારણોસર જગ્યાઓ ખાલી રહેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું સરકારનું આયોજન છે ?

(૩) જેમ બને તેમ જલ્દી

- - - - - - - - -

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો**

૩૨૮૯ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા
૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં કેટલા પરિવારોનો વધારો કે ઘટાડો થયો ?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારો** | **૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારો** |
|---|---|---|
| મહીસાગર | ૩૭૪૯૯ | ૪૪૬૧૭ |
| પંચમહાલ | ૬૬૮૫૬ | ૬૫૭૬૧ |

(૨)

| **જિલ્લો** | **ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ વધારો** | | **ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારોમાં થયેલ ઘટાડો** | |
|---|---|---|---|---|
| | **તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧** | **તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨** | **તા. ૧-૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧** | **તા. ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨** |
| મહીસાગર | ૦ | ૧ | ૦ | ૦ |

- - - - - - - - -

**શિક્ષક યોગ્યતા કસોટી ટેટ-૧ યોજવા બાબત**

૩૩૦૪ **ડૉ. સી.જે.ચાવડા** (વિજાપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સરકારી પ્રાથમિક શિક્ષણમાં ધોરણ-૧ થી ધોરણ-૫ માટે શિક્ષક યોગ્યતા કસોટી-૧ (ટેટ-૧) લેવામાં આવતી પરીક્ષા છેલ્લે ક્યારે યોજવામાં આવેલ,

(૨) ઉક્ત પરીક્ષા લાંબા સમયથી યોજવામાં ન આવી હોય તો તેના કારણો શાં છે, અને

**જવાબ**

(૧) માર્ચ-૨૦૧૮માં

(૨) (૧) કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારી અંતર્ગત સામૂહિક આરોગ્યના સંદર્ભમાં જનહિતને ધ્યાને લઈ, તદુપરાંત

(૨) રાષ્ટ્રીય શિક્ષણ નિતિ-૨૦૨૦ના સુચન

અનુસાર પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે ત્રિસ્તરીય પદ્ધતિનો અમલ કરવાની બાબત વિચારણા હેઠળ હોય, જેથી પરીક્ષાનું આયોજન થઈ શક્યુ નહોતું.

(૩) ઉક્ત પરીક્ષા આગામી સમયમાં ક્યારે યોજવાનું આયોજન છે ?

(૩) રાજય પરીક્ષા બોર્ડના તા.૧૭-૧૦-૨૦૨૨ના જાહેરનામાં ક્રમાંક: રાપબો/TET-1/૨૦૨૨/૯૫૩૭-૯૬૨૨થી ટેટ-૧ પરીક્ષાનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ટેટ-૧ પરીક્ષાના આવેદનપત્રો ભરાઇ ગયેલ છે. પરીક્ષા સંભવિત માસ મે/જૂન-૨૦૨૩માં લેવાનું આયોજન છે.

- - - - - - - - -

**નર્મદા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ**

૨૭૩૮ **શ્રી ચૈતરભાઇ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | દેડીયાપાડા | ૪૦૦૩ |
| ૨ | ગરૂડેશ્વર | ૨૬૧૮ |
| ૩ | નાંદોદ | ૧૪૦૭ |
| ૪ | સાગબારા | ૨૫૦૬ |
| ૫ | તિલકવાડા | ૯૨૨ |

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓમાંથી કેટલી અરજીઓનો નિકાલ કરેલ છે અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ | નિકાલ | પડતર |
|---|---|---|---|---|
| ૧ | દેડિયાપાડા | ૪૦૦૩ | ૩૭૫૩ | ૨૫૦ |
| ૨ | ગરૂડેશ્વર | ૨૬૧૮ | ૨૪૫૬ | ૧૬૨ |
| ૩ | નાંદોદ | ૧૪૦૭ | ૧૩૦૪ | ૧૦૩ |
| ૪ | સાગબારા | ૨૫૦૬ | ૨૪૧૭ | ૮૯ |
| ૫ | તિલકવાડા | ૯૨૨ | ૮૪૨ | ૮૦ |

(૩) ઉક્ત સ્થિતિએ અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે ?

(૩) વહીવટી કારણોસર

- - - - - - - - -

**પાટણ અને અમદાવાદ જિલ્લામાં આર.ટી.ઇ. એક્ટ હેઠળ શાળાઓમાં પ્રવેશ**

૩૩૦૭ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯નો અમલ ક્યારથી કરવામાં આવ્યો છે,

(૧) તા. ૦૧-૦૪-૨૦૧૦ થી

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને અમદાવાદ શહેર/જિલ્લાવાર તે અન્વયે કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ મળવાપાત્ર થતો હતો,

(૨)

| જિલ્લો | આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ મળવાપાત્ર શાળાઓની સંખ્યા | | આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ મળવાપાત્ર બાળકોની સંખ્યા | |
|---|---|---|---|---|
| | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ |
| પાટણ | ૧૦૨ | ૧૦૭ | ૯૦૧ | ૭૭૨ |
| અમદાવાદ જિલ્લો | ૧૯૩ | ૧૯૪ | ૧૭૦૩ | ૧૬૫૮ |
| અમદાવાદ | ૧૩૮૪ | ૧૩૬૬ | ૧૨૩૧૪ | ૧૨૬૦૭ |

| શહેર | | | | |
|---|---|---|---|---|

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૩)

| જિલ્લો | આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ શાળાઓની સંખ્યા | | આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા | |
|---|---|---|---|---|
| | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ |
| પાટણ | ૧૦૨ | ૧૦૭ | ૮૪૨ | ૬૯૭ |
| અમદાવાદ જિલ્લો | ૧૯૩ | ૧૯૪ | ૧૨૭૯ | ૧૨૬૩ |
| અમદાવાદ શહેર | ૧૨૭૯ | ૧૨૫૮ | ૧૧૦૯૩ | ૧૨૦૬૨ |

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત એક્ટની જોગવાઇનું પાલન ન કરનાર કઇ શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૪) આર.ટી.ઇ ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓનલાઇન પ્રવેશ ફાળવ્યા મુજબની તમામ શાળાઓએ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**પોરબંદર જિલ્લામાં સરકારી, અનુદાનિત અને બિન અનુદાનિત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની ખાલી જગ્યાઓ**

૨૦૯૭ **શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી અનુદાનિત અને બિન અનુદાનિત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ આવેલી છે ?

(૧) પ્રાથમિક શાળાઓની સંખ્યા

| તાલુકો | સરકારી | અનુદાનિત | બિન અનુદાનિત |
|---|---|---|---|
| પોરબંદર | ૧૬૫ | ૦ | ૭૪ |
| રાણાવાવ | ૭૫ | ૦ | ૨૧ |
| કુતિયાણા | ૬૯ | ૦ | ૧૩ |

માધ્યમિક શાળાઓની સંખ્યા

| તાલુકો | સરકારી | | અનુદાનિત | | બિન અનુદાનિત |
|---|---|---|---|---|---|
| | માત્ર માધ્યમિક શાળા | સળંગ એકમ હેઠળની માધ્યમિક શાળા | માત્ર માધ્યમિક શાળા | સળંગ એકમ હેઠળની માધ્યમિક શાળા | માધ્યમિક શાળા |
| પોરબંદર | ૦૮ | ૦૪ | ૧૧ | ૧૧ | ૩૨ |
| રાણાવાવ | ૦૨ | ૦૧ | ૦૫ | ૦૩ | ૦૭ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર સરકારી, અનુદાનિત અને બિન અનુદાનિત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર કેટલા શિક્ષકો અને આચાર્યની જગ્યાઓ ખાલી છે, અને

(૨)

**પ્રાથમિક શાળા**

| તાલુકો | સરકારી શાળાઓની ખાલી જગ્યા | | અનુદાનિત શાળાઓની ખાલી જગ્યા | | બિન અનુદાનિત શાળાઓની ખાલી જગ્યા | |
|---|---|---|---|---|---|---|
| | શિક્ષક | આચાર્ય | શિક્ષક | આચાર્ય | શિક્ષક | આચાર્ય |
| પોરબંદર | ૧૮૭ | ૦૦ | પોરબંદર જિલ્લામાં એક પણ અનુદાનિત પ્રાથમિક શાળા આવેલ નથી. | | ૦૦ | ૦૦ |
| રાણાવાવ | ૬૨ | ૦૦ | | | ૦૦ | ૦૦ |
| કુતિયાણા | ૨૩ | ૦૦ | | | ૦૦ | ૦૦ |

**માધ્યમિક શાળા**

| તાલુકો | સરકારી માધ્યમિક શાળાની ખાલી | અનુદાનિત માધ્યમિક શાળાની ખાલી |
|---|---|---|

| | **જગ્યાઓ** | | **જગ્યાઓ** | |
|---|---|---|---|---|
| | **શિક્ષક** | **આચાર્ય** | **શિક્ષક** | **આચાર્ય** |
| પોરબંદર | ૦૪ | ૦૦ | ૧૬ | ૦૬ |
| રાણાવાવ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૪ |
| કુતિયાણા | ૦૦ | ૦૨ | ૦૬ | ૦૬ |

બિન અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કોઇ જગ્યા ખાલી નથી.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

(૩) જેમ બને તેમ ઝડપથી.

- - - - - - - - -

**આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા પ્રસારિત કરાતી જાહેરાતો**

૩૩૫૭ **શ્રી જીગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વર્તમાન પત્રો, ટેલિવિઝન, રેડિયો વગેરે જાહેર માધ્યમો દ્વારા કેટલી જાહેરાતો પ્રકાશિત કરવામાં આવી,

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આદિજાતિ વિકાસ દ્વારા વર્તમાનપત્રો, ટેલિવિઝન, રેડિયો વગેરે જાહેર માધ્યમો દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ જાહેરાતોની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **સમય** | **પ્રકાશિત કરેલ જાહેરાત** |
|---|---|---|
| ૧ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા. ૩૧-૧૨-૨૦૨૧ | ૦૧ (એક) |
| ૨ | (તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨) | ૦૨ (બે) |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જાહેરાતો માટે વર્ષવાર કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જાહેરાતો માટે વર્ષવાર ચૂકવવામાં આવેલી રકમની માહિતી નીચે મુજબ છે.

| **ક્રમ** | **સમય** | **રકમ રૂ.** |
|---|---|---|
| ૧ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા. ૩૧-૧૨-૨૦૨૧ | ૪,૭૨,૦૦૦ /- |
| ૨ | તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ | ૫,૭૭,૦૦૦ /- |

(૩) ઉક્ત રકમ વિભાગ દ્વારા કઇ યોજના અંતર્ગત ચૂકવવામાં આવી ?

(૩) પ્રચાર-પ્રસાર યોજના (વિકેવાય-૪૧)

- - - - - - - - -

**જૂનાગઢ અને રાજકોટ જિલ્લામાં શહેર / જિલ્લામાં આર.ટી.ઇ. એક્ટ હેઠળ શાળાઓમાં પ્રવેશ**

૩૨૯૮ **શ્રી અરવિંદભાઇ લાડાણી** (માણાવદર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ-૧૧૬)

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯નો અમલ ક્યારથી કરવામાં આવ્યો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને રાજકોટ શહેર/જિલ્લાવાર તે અન્વયે કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ મળવાપાત્ર થતો હતો,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલી ખાનગી શાળાઓમાં કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત એક્ટની જોગવાઇનું પાલન ન કરનાર કઇ શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૦૧-૦૪-૨૦૧૦ થી

(૨)

| જિલ્લો | આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ મળવાપાત્ર શાળાઓની સંખ્યા | | આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ મળવાપાત્ર બાળકોની સંખ્યા | |
|---|---|---|---|---|
| | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ |
| જૂનાગઢ | ૩૬૮ | ૩૩૨ | ૧૭૬૭ | ૧૬૦૧ |
| રાજકોટ જિલ્લો | ૪૯૮ | ૪૯૭ | ૨૪૨૩ | ૨૧૬૮ |
| રાજકોટ શહેર | ૪૮૨ | ૪૯૭ | ૩૯૭૧ | ૩૪૫૮ |

(૩)

| જિલ્લો | આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ શાળાઓની સંખ્યા | | આર.ટી.ઇ. એક્ટ અન્વયે પ્રવેશ આપેલ બાળકોની સંખ્યા | |
|---|---|---|---|---|
| | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ |
| જૂનાગઢ | ૩૬૭ | ૩૩૨ | ૧૯૫૮ | ૧૭૬૪ |
| રાજકોટ જિલ્લો | ૪૩૨ | ૪૩૧ | ૨૨૭૭ | ૨૦૫૭ |
| રાજકોટ શહેર | ૪૮૨ | ૪૯૭ | ૩૨૧૩ | ૩૧૨૭ |

(૪) આર.ટી.ઇ ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓનલાઇન પ્રવેશ ફાળવ્યા મુજબની તમામ શાળાઓએ વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### રાજ્યમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની મધ્યાહન ભોજન યોજના

૩૩૧૩ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ-૧ થી ધોરણ-૫ અને ધોરણ-૬ થી ધોરણ-૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન યોજના અન્વયે પ્રતિ બાળક દીઠ કેટલો ભોજનનો ખર્ચ આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત ખર્ચના દરોમાં છેલ્લે ક્યારે અને કેટલી રકમનો વધારો કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં પી.એમ. પોષણ(મધ્યાહન ભોજન) યોજના અન્વયે ધોરણ-૧ થી ધોરણ-૫ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને માટે દૈનિક રૂ.૫.૫૦ અને ધોરણ-૬ થી ધોરણ-૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે દૈનિક રૂ.૭.૭૨ કુકિંગ કોસ્ટ(ભોજનનો ખર્ચ) મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત દરમાં તા.૧૧/૦૫/૨૦૨૦ થી ધોરણ-૧ થી ધોરણ-૫ ના વિદ્યાર્થીઓ માટે દૈનિક રૂ.૦.૫૪ અને ધોરણ-૬ થી ધોરણ-૮ ના વિદ્યાર્થીઓ માટે દૈનિક રૂ.૦.૭૬ નો વધારો કરવામાં આવેલ છે.

---------

### તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ -૧૧૬)

### પોરબંદરના દરિયામાં ડોલ્ફિન અને શાર્ક માછલીઓને રક્ષણ આપવા અંગે

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

''તાજેતરમાં પોરબંદરના દરિયામાં વન વિભાગના શિડ્યુલ-૧માં ડોલ્ફિન અને શાર્ક માછલીઓ મોટી માત્રામાં વસવાટ કરે છે, ત્યારે રાજ્ય બહારની શિકારી ગેંગ દ્વારા પોરબંદરના મધદરિયામાં ડોલ્ફિન અને શાર્ક માછીલીઓની શિકારી ઘટના સામે આવતાં વન્યજીવ પ્રેમીઓમાં રોષની લાગણી વ્યાપી છે તે દૂર કરવા તથા ડોલ્ફિન અને શાર્ક માછલીઓને બચાવવા સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં.''

શ્રી મુળુભાઇ બેરા(વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિવેદન કરું છું કે-તાજેતરમાં થયેલ પોરબંદરના દરિયામાં ડોલ્ફિન અને શાર્ક માછલીઓના શિકારની ઘટના અંગેનો હકીકતલક્ષી વિગત નીચે મુજબ છે.

ફાલ્ગુન ૩૦, ૧૯૪૪ શાકે

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ-૧૧૬)

માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ ''પ્રોજેક્ટ ડોલ્ફિન'' હેઠળ ડોલ્ફિનના સંરક્ષણને ખૂબજ પ્રાધાન્યતા આપવામાં આવેલ છે. ગુજરાતના દરિયાકાંઠામાં Bottle mpsed dolphin તેમજ અન્ય જાતો જેમ કે . porpoise, dugong ઇત્યાદી સારા પ્રમાણમાં જોવા મળે છે. આ જાતો વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ના શિડ્યુલ-૧ હેઠળ રક્ષિત પ્રાણી જાહેર કરવામાં આવેલ છે.

તા.૧૫/૦૩/૨૦૨૩ના રોજ પોરબંદર વન વિભાગનાં ઉચ્ચ અધિકારીશ્રીને બાતમી મળેલ કે, પોરબંદર દરિયાઇ વિસ્તારમાં ગેરકાયદેસર ડોલ્ફિનનો શિકાર થઇ રહેલ છે. જે બાતમીના આધારે ભારતીય કોસ્ટ ગાર્ડની સાથે સંકલનમાં રહીને શંકાસ્પદ જણાતી બોટને જી.પી.એસ. દ્વારા ટ્રેક કરી તેની હિલચાલ પર નજર રાખવામાં આવેલ. આ બોટની ગતિવિધિ શંકાસ્પદ જણાઇ આવતા પોરબંદર વન વિભાગના નાયબ વન સંરક્ષકશ્રીના માર્ગદર્શન હેઠળ સ્થાનિક સ્ટાફ દ્વારા એક ટીમ બનાવી ભારતીય કોસ્ટ ગાર્ડ તથા પોરબંદર એસ.ઓ.જી. પોલીસના પી.એસ.આઇ. તથા તેમના સ્ટાફ સાથે રહી પોરબંદર કોસ્ટ ગાર્ડની રાજરતન શિપ દ્વારા દરિયાઇ વિસ્તારમાં એક ઓપરેશન હાથ ધરવામાં આવેલ.

આ ઓપરેશન દરમ્યાન પોરબંદરથી ૧૨ નોટીકલ માઇલ દૂર જતા એક શંકાસ્પદ "DAYANAS-2" નામની બોટ નજરે પડેલ જે બોટનો રજિસ્ટ્રેશન નંબર તપાસતા તે તમિલનાડુ પાસિંગની હોય જેનો રજિસ્ટ્રેશન નંબર IND-TN-15-MM-6228 & 02.03.2018 જોવા મળેલ. આ બોટમાં તમિલનાડુના ૦૫, આસમના ૨૦, ઓરીસાના ૦૧, કેરળના ૦૨ મળીને કુલ-૧૦ ઇસમો મળી આવેલ હતા. જેનો વિગતવાર નામ સરનામું પૂછપરછ / તપાસ દરમિયાન (૧)શ્રી સેલવન સુરલેશ, ઉ.વ.અંદાજે ૪૬, ધંધો -માછીમારી, રહે. કન્યાકુમારી (તમિલનાડુ), (૨)શ્રી રાજકુમાર તનીશારાજ, ઉવ. અંદાજે પર, ધંધો-માછીમારી, રહે. કન્યાકુમારી (તમિલનાડુ) (૩)શ્રી આરૂન મરિયાની પિલાઇ ઉ.વ. અંદાજે ૪૭ ધંધો-માછીમારી, રહે.૩-૯ ૧૫૩/૪૦ કોવીલ વિલાગામ, થુથુર વિલાવન કોર, કન્યાકુમારી (તમિલનાડુ) (૪)શ્રી એન્ટોની બરલા, ઉ.વ. અંદાજે-૫૦, ધંધો-માછીમારી, રહે. કન્યાકુમારી (તમિલનાડુ) (૫)શ્રી સોજીન સુસાઇરૂલ, ઉ.વ. અંદાજે-૩૬, ધંધો-માછીમારી, રહે. કન્યાકુમારી (તમિલનાડુ) (૬)શ્રી સનસુમન જયલાલ બાસુમાત્રી, ઉ.વ.અંદાજે ૩૧, ધંધો-માછીમારી, રહે. ઢેઢીકાજુલી, કુકુરા, સોનીતપુર ગુરમારા (આસામ), (૭)શ્રી રણજીત ગોવિંદબોરો, ઉ.વ.-૨૮, ધંધો-માછીમારી, રહે. તમાલપુર (આસામ) (૮)શ્રી માયાધર મનાધર રાઉત, ઉ.વ. અંદાજે ૩૭, ધંધો-માછીમારી, રહે. બગીચાપાડા, રાજગંગપુર, સુંદરગઢ(ઓરીસા) (૯)શ્રી નિહાલ સમસુદીન કુનાનચેરી, ઉ.વ.અંદાજે-૨૬, ધંધો-માછીમારી, રહે. મૉરેયુર મલ્લાપુરમ, (કેરળ) (૧૦)શ્રી ગીલતુસ એબ્રોઝ મુપ્પાકુડી, ઉ.વ.અંદાજે ૬૨, ધંધો-માછીમારી, રહે. અન્યુથેન્ગુ કડકકવુર, એન્જેન્ગો તિરૂવનંતપુરમ (કેરળ) હોવાનું જણાઇ આવેલ છે.

આ બોટમાં તપાસ કરતા તેમના કબ્જામાંથી ડોલ્ફિન કુલ-૨૨ મૃત હાલતમાં તથા બુલશાર્ક કુલ-૦૪ મૃત હાલતમાં મળી આવેલ. તેઓની વધુ પૂછપરછ કરવામાં આવતા તેઓ તા.૨૬/૦૨/૨૦૨૩ના રોજ કેરળના કોચી બંદરેથી આ બોટ લઇને માછીમારી કરવા માટે રવાના થયેલ હતા.

તા.૧૫/૦૩/૨૦૨૩ ના રોજ સંયુક્ત ઓપરેશન દરમ્યાન ઉક્ત કુલ-૧૦ આરોપીઓને ડોલ્ફિન કુલ-૨૨ તેમજ બુલશાર્ક કુલ-૦૪ મૃત હાલતમાં તેમજ તેઓ દ્વારા ડોલ્ફિનના શિકારમાં ઉપયોગમાં લેવામાં આવેલ બોટ સહિત તમામ મુદ્દામાલ અટકમાં લેવામાં આવેલ છે.

દરિયાઇ જીવ ડોલ્ફિન વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ના શિડ્યુલ-૧ મુજબ રક્ષિત જીવ છે. ઉક્ત ઇસમોએ તેનો ગેરકાયદેસર શિકાર કરેલ હોય, આ ઇસમો વિરૂદ્ધ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ મુજબ બરડા અભયારણ્ય રેંજ, રાણાવવા દ્વારા રેંજ ગુના નંબર ૧/૨૦૨૨-૨૩, તા.૧૫/૦૩/૨૦૨૩થી ગુનો નોંધવામાં આવેલ. આ ગુનામાં પકડાયેલા તમામ ઇસમોને તા.૧૬/૦૩/૨૦૨૩ ના રોજ મે.જ્યુડિશિયલ મેજિસ્ટ્રટ સાહેબશ્રી, ફર્સ્ટકલાસ કોર્ટ, પોરબંદર સમક્ષ હાજર કરતા નામદાર કોર્ટ દ્વારા આ ઇસમોના દિન-૦૨ ના રિમાન્ડ મંજૂર કરવામાં આવેલ છે. આ બાબતે આગળની તપાસ નાયબ વન સંરક્ષકશ્રી, પોરબંદર વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. આ પ્રકારની કોઇ ઘટના અગાઉ ધ્યાન પર આવેલ નથી.

**દરિયામાં ડોલ્ફિન અને શાર્ક માછલીઓના શિકારને રોકવા અંગે સરકાર દ્વારા અન્ય પગલાંઓ પણ લેવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.**

(૧) દરિયાઇ વિસ્તારમાં દરિયાઇ જીવના સંરક્ષણ અને સંવર્ધન માટે સરકારશ્રી દ્વારા ભારતીય કોસ્ટગાર્ડને વાઇલ્ડલાઇફ વોર્ડન તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) વન વિભાગ દ્વારા કોસ્ટગાર્ડ સાથે બેઠકનું આયોજન કરી વ્હેલશાર્ક અને ડોલ્ફિનના સંરક્ષણ અને સંવર્ધન બાબતે માહિતગાર કરવામાં આવેલ છે.

(૩) ઓખા વિસ્તારમાં ડોલ્ફિનને નિહાળવા માટે પ્રવાસીઓ આવતા હોય છે. ડોલ્ફિનના સંરક્ષણ અને સંવર્ધન સંબંધે સરકાર દ્વારા મરિન નેશનલ પાર્ક વિસ્તારમાં સરવે કરેલ. જેમાં ડોલ્ફિનની સંખ્યા ૨૦૦ થી પણ વધુ અંદાજવામાં આવેલ છે.

તા. ૨૧મી માર્ચ, ૨૦૨૩

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ - ૧૧૬)

**દરિયામાં ડોલ્ફિન અને શાર્ક માછલીઓના શિકારને રોકવા અંગે સરકાર દ્વારા નીચે મુજબનું આયોજન કરવામાં આવનાર છે.**

(૧) ડોલ્ફિન ટુરિઝમ :

દ્વારકા તેમજ બેટદ્વારકા વિસ્તારમાં તેમજ અન્ય જગ્યાઓ પર અવાર નવાર અમુક ઇસમો દ્વારા પ્રવાસીઓને દરિયામાં લઇજઇ ડોલ્ફિન બતાવવામાં આવે છે તથા દરિયાઇ વિસ્તારમાં જઇ મોટા અવાજે લાઉડસ્પિકર વગાડી કે અન્ય રીતે પજવણી કરતા ધ્યાન પર આવેલ છે. જે ખૂબજ ગંભીર બાબત છે.

ઉપરોકત બાબતમાં જણાવવાનું કે ગુજરાતમાં ઉપલબ્ધ ટુરિઝમ પોટેન્શિયલ અને પ્રવર્તમાન ટુરિઝમ પોલિસીને ધ્યાને લેતા ડોલ્ફિન ટુરિઝમ માટે એક કાયદાકીય વ્યવસ્થાપન કરવાની ખૂબજ જરૂરિયાત છે. જેમાં ટૂર ઓપરેટર તેમજ રજિસ્ટર્ડ બોટ ઓનર્સને કડક શરતોને આધીન રજિસ્ટર કરી આ પ્રવૃત્તિને નિયંત્રણ કરવામાં આવે તો ડોલ્ફિનની અને અન્ય દરિયાઇ વન્યપ્રાણીઓની પજવણી અટકાવી શકાય અને સ્થાનિક લોકોને ઇકો ટુરિઝમ થકી આવક પણ મળી શકે તેમ છે. ડોલ્ફિન ટુરિઝમને લગતી સૂચિત શરતો નીચે મુજબ છે.

૧) પ્રવાસીઓ માટેની બોટ તથા તેના માલિક તેમજ ટૂર ઓપરેટર અને ગાઇડની લાગુ પડતા ડિસ્ટ્રિક્ટ વાઇલ્ડલાઇફ વોર્ડન પાસે નોંધણી કરાવવામાં આવેલ હોવી જોઇએ.

૨) દરિયાઇ જીવોને વિવિધ ખોરાક ખવડાવવા (Baiting) પર પ્રતિબંધ છે.

૩) દરિયાઇ વિસ્તારમાં મ્યુઝિક સિસ્ટમ વગાડવા તથા શોરશરાબો કરવા પર પ્રતિબંધ છે.

૪) દરિયાઇ વિસ્તારમાં પ્લાસ્ટિક અને ઇતર ખાદ્ય પદાર્થ નાખવા પર પ્રતિબંધ છે.

૫) પ્રવાસીઓને મુલાકાત માટેનો સમય સુર્યોદયથી સુર્યાસ્ત સુધી રહેશે.

૬) અન્ય શરતો સ્થાનિક આર.એફ.ઓ. (તાલુકા વાઇલ્ડલાઇફ વોર્ડન) સૂચન કરે તે મુજબ અમલ કરવાનો રહેશે.

(૨) દરિયાઇ વિસ્તારમાં નિયમિત પેટ્રોલિંગ અને સંરક્ષણ કરવા બાબત

દરિયાઇ વિસ્તારમાં પેટ્રોલિંગ કરવા માટે સંબંધિત વન વિભાગ પાસે પૂરતા સંશાધનો ન હોવાના કારણે અન્ય સરકારના એકમો જેવા કે, (૧) ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ (૨) મરીન પોલીસ (૩) ઇન્ડિયન પોસ્ટ કસ્ટમ્સ જેવી એજન્સીઓ સાથે સંકલનમાં રહીને બાતમી મેળવવા માટેનું નેટવર્ક બનાવી દરિયામાં રેગ્યુલર પેટ્રોલિંગ કરવું જરૂરી છે. વધુમાં દરિયાઇ માર્ગે ગેરકાયદેસર લાકડાની તસ્કરી કે શિકાર કરી કોઇ પ્રાણીને લઇ જવાની શકયતા રહેલી છે. કોસ્ટગાર્ડ મરીન પોલીસ અને વન વિભાગની સંયુકત ટાસ્કફોર્સની રચના કરવી જરૂરી છે. આ અંગે વહીવટી સુધારણા માટેનું સૂચિત માળખું નીચે મુજબ છે.

(૧) માનવબળ

- લાગુ પડતા વિભાગોમાં દરિયાકાંઠાના બીટની રચના કરવી.
- લાગુ પડતા વિભાગોને આઉટસોર્સ સ્ટાફ, દૈનિક વેતન મજૂરની ફાળવણી કરવી.
- વર્ષ દરમિયાન બોટના વપરાશ માટે થનાર ખર્ચની ફાળવણી

(૨) એજન્સી/સંસ્થા સાથે સહયોગ તથા સંયુકત રીતે કાર્યવાહી

- ઇન્ડિયન કોસ્ટગાર્ડ તેમજ મરીન પોલીસ સાથે મળી સંયુકત રીતે કાર્યવાહી કરવા તથા મળતી બાતમીઓ અને માહિતીઓની પરસ્પર આપ-લે કરવા માટે ટાસ્કફોર્સની રચના કરવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પાસે સૌથી લાંબો દરિયા કિનારો અને લાંબો સમુદ્ર પણ છે. આપણી ધરતી ઉપરના સંશાધનોનું એક્ષપ્લોઇટેશન પણ એટલું જ કરેલું છે અને એને બચાવવાની કામગીરી સઘનપણે કરીએ છીએ, પણ દરિયાની અંદર આપણા સંશાધનોને વિવેકપૂર્ણ રીતે એક્ષપ્લોઇડ કરવા જોઇએ એ કર્યા નથી અને એની સાથે સાથે એને બચાવવાની કામગીરી કરવી જોઇએ એવી કરી નથી. આ વ્હેલ શાર્ક અને ડોલ્ફિન બંને માછલીઓ રેર સ્પીસીસ ગણાય છે અને આપણું સદભાગ્ય એ છે કે આપણા ગુજરાતના ફિશરમેનો આ માછલીઓને મારવાનું કામ કરતા નથી. ક્યારેક પકડાય તો એને છોડી દે છે. પોતાને નુકસાન થાય તો નુકસાન પણ વેઠીને બચાવવામાં મદદ કરે છે. એના કારણે આ વ્હેલ શાર્ક અને ડોલ્ફિન બંને આપણે ત્યાં જળવાઇ રહી છે અને આ બંને કુદરતની અજાયબી એટલા માટે છે કે દરિયાની અંદર ડોલ્ફિન છે એ સસ્તન પ્રાણી છે એના બાળકને, બચ્ચાંને દૂધ પીવડાવે છે અને વ્હેલ શાર્ક છે એ પોતે બચ્ચાંને જન્મ આપે છે એ થોડી જુદા પ્રકારની છે, સસ્તન નથી. આ જુદા પ્રકારની માછલીઓ છે એટલે આને બચાવવી ખૂબ જરૂરી છે અને અત્યારે આ વખતે એમને પકડ્યા છે એ લોકો બહારના છે અને શિકારીઓ છે. શિકાર કરવાના હેતુથી જ આપણા વિસ્તારમાં પ્રવેશેલા છે અને આ પ્રકારે અગાઉ પણ આપણે આપણા સિંહ છે એને જે રીતે માલધારીઓ બચાવે છે એ રીતે ત્યાં માછલીઓને આપણા ફિશરમેનો બચાવે છે, પરંતુ તે વખતે મધ્યપ્રદેશની ગેંગ આવીને આપણા સિંહનો શિકાર કરતા હતા. ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટે એને પકડી પાડી શિકારીઓને નેસ્તનાબૂદ કર્યા તો આમાં પણ આવા શિકારીઓ ના આવે એના માટે આપણે ખૂબ કાળજી લેવી જોઇએ અને એમાં ફિશરમેનોની મદદ પણ લેવી ખૂબ જરૂરી છે. આ બાબતે ઓછા પકડાય છે એનું કારણ એ હોય છે કે આપણે ત્યાં ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ, ઇકોલોજી ડિપાર્ટમેન્ટ ધરતી ઉપર આવા જે કંઇ બનાવો બને એને રોકવા માટે હોય છે, પરંતુ મરિનની અંદર રોકવા માટે મરિનના ૨૨ પોલીસ સ્ટેશનો છે એને જાણ કરે એ પછી ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટને જાણ કરે એ

રીતે આખી પ્રક્રિયા લંબાય છે તો મારો માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન એટલો છે કે, આ મરિન પોલીસ સ્ટેશનો છે ત્યાં આપણા ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટે બચાવવું હશે તો ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના માણસો આના માટે ટ્રેઇન હોય છે એને રાખવા જરૂરી છે તો એના માટેનું આખું મરિન કોસ્ટલ સિક્યુરિટી ડિવિઝન હેઠળ રાખીને બનાવવા માગો છો કે કેમ? કારણ કે એ ખૂબ જરૂરી છે. એક વખત આવી સ્પેસ એક વખત નાબૂદ થઇ જશે તો પછી મળવાની નથી. બીજું, આપણા ફિશરમેન ભાઇઓ ખૂબ જાગૃત છે. લાઇન ફિશિંગ એ પ્રકારનું હોય છે કે ચારે બાજુ બોટનું સર્કલ લઇ આવી જેટલી નાનીમોટી માછલીઓ હોય છે એ બધી ફિશ છે એને મારી નાખે. એના બીજ પણ મરી જાય અને એને કારણે મોટી ચેલેન્જ ભવિષ્યની ફિશિંગ પ્રવૃત્તિને થઇ રહી છે તો આ લાઇન ફિશિંગ બંધ કરાવવા માટેના કોઇ પગલાં લેવાં માગો છો કે કેમ? અને ત્રીજું, જે આ ડોલ્ફિન ટુરિઝમ છે એ ડોલ્ફિન ટુરિઝમ વન વિભાગ હેઠળ રહેવું જોઇએ તો એને જે અવાજથી કે પોલ્યુશનથી નુકસાન થાય છે એ ન થાય એટલા માટે પગલાં લેવાવાં જોઇએ તો એ માટેનાં કોઇ પગલાં લેવાં માગો છો કે કેમ? અને ચોથું જે મહત્ત્વનું કારણ છે એ કે આપણે ઇન્ડસ્ટ્રીયલ પોલ્યુશન દરિયામાં નાખીએ છીએ અને હવે તો પાઇપલાઇન મારફત નાખવાનું નકકી કર્યું છે તો આ પોલ્યુશન ત્યાં ન જાય એના માટેનાં કોઇ પગલાં લેવાં માગો છો કે કેમ? આ મારા ચાર પ્રશ્નો છે.

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ વન દિવસ છે એટલે સૌથી પહેલા તો વિશ્વ વન દિવસની બધાને શુભેચ્છાઓ.

અધ્યક્ષશ્રી : વન દિવસે જ પર્યાવરણ મંત્રીશ્રીનો જન્મદિવસ પણ છે? ચલો, તમને અભિનંદન.

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, આ દિવસે દરિયાઇ જળસૃષ્ટિની જે ચિંતા કરવામાં આવી છે. આપણે હમણા જ નિવેદનમાં કહ્યું છે અને માનનીય અર્જુનભાઇએ જે પ્રશ્નો પૂછ્યા છે એમાંથી ઇકો ટુરિઝમ માટે આપે જે અલગ અલગ સૂચનો કહ્યાં એ પ્રમાણે જે ટુરિઝમ પોલિસી છે, ડોલ્ફિન ટુરિઝમ છે એમાં પ્રવાસીઓ માટે બોટ અને એના માલિક જે છે ટુર ઓપરેટર અને એના ગાઇડની ડિસ્ટ્રિક્ટ વાઇલ્ડ લાઇન વોર્ડન તરીકે નોંધણી કરવામાં આવવી જોઇએ. દરિયાઇ જીવ સૃષ્ટિમાં વિવિધ ખોરાક જે નાખે છે એના ઉપર પ્રતિબંધ, દરિયાઇ વિસ્તારમાં મ્યુઝિક સિસ્ટમ વગાડવા ઉપર પ્રતિબંધ અને શોરશરાબો કરવા ઉપર પ્રતિબંધ, દરિયાઇ વિસ્તારમાં પ્લાસ્ટિક અને ઇતર ખાદ્યપદાર્થો નાખવા ઉપર પ્રતિબંધ, પ્રવાસીઓની મુલાકાત માટેનો સમય પણ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી રાખવો. બાકીની વાત મરીન પોલીસ સ્ટેશનની કરી એમાં પણ દરિયાઇ વિસ્તારમાં નિયમિત પેટ્રોલિંગ અને સંરક્ષણ કરવા બાબતની વાત છે એમાં વન વિભાગ પાસે હકીકત છે કે પૂરતા સંશાધનો દરિયામાં મરીન વિસ્તારમાં જઇ અને આ કામગીરી કરવી હોય તો એમાં ઇન્ડિયન કોસ્ટગાર્ડ, મરીન પોલીસ અને ઇન્ડિયન કસ્ટમ જેવી એજન્સીઓની સાથે સંકલનમાં રહીને ખાસ કરીને બાતમીઓ મળે. સ્થાનિક જે માછીમારભાઇઓ છે એમની સાથે વધારે સંકલનમાં રહીને એક નેટવર્ક ઊભું કરીને રેગ્યુલર રીતે પેટ્રોલિંગ થાય એ રીતની વિચારણા અમે કરી છે.

અધ્યક્ષશ્રી : એમણે બે પ્રશ્ન પૂછ્યાઃ એક તો લાઇનિંગથી ફિશિંગ થાય છે. બધા સંયુકત રીતે ભેગા મળીને કરે છે, જેને કારણે ઇંડાને નુકસાન થાય છે અને વચ્ચે ડોલ્ફિન પણ એની અંદર આવી જતી હોય છે તો એમાં આપણે કોઇ બદલાવ કરવા માટે વિચારતા હોય તો એ અને બીજો, ડોલ્ફિન એરિયામાં બહારથી પોલ્યુશન ઠલવાતું હોય તો એને અટકાવવા માટેની કોઇ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, રેગ્યુલર માછીમારો છે એમની જાળમાં જો અકસ્માતે આવી માછલી આવી જાય તો માછીમાર એની જાળ કાપી નાખે છે. આપણા સ્થાનિક માછીમારો છે એ પોતે પણ ખૂબ કાળજી રાખે છે. જાળ કાપી નાખે એટલે એને જે નુકસાન થાય છે એના માટે ૨૫૦૦૦ રૂપિયા સુધીની સહાય પણ અમે આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : સરકાર આપે છે?

શ્રી મુળુભાઇ હ. બેરા : સરકાર આપે છે.

અધ્યક્ષશ્રી : ફિશરમેન એની જાળ કાપી નાખે તો એને સરકાર સહાય આપે છે?

શ્રી મુળુભાઇ હ. બેરા : હા, સરકાર સહાય આપે છે.

અધ્યક્ષશ્રી : બંને કામ અભિનંદનીય છે. ફિશરમેનનું કામ અને સરકાર એને મદદ કરે એ પણ ખૂબ સારી બાબત છે.

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણની વાત કરી એમાં ઘણી જગ્યાએથી દા.ત. ભાદર છે જેતપુરનું જયાં દૂષિત પાણી થાય છે તો ત્યાંથી પાઇપલાઇનનો પ્રોજેકટ છે એ દરિયામાં ઊંડાણમાં લઇ જવા સુધી એટલે કે જીવસૃષ્ટિને નુકસાન ન થાય એવી વિચારણા પર્યાવરણ વિભાગમાં હતી. બીજી ખાસ એ કાળજી રાખીએ છીએ કે આ પાણી ગમે ત્યાં નહીંતર, અહીં નદી પ્રદૂષિત કરે છે. કયાંક તો રાખવું પડશે તો ત્યાં ઉંડાણ વિસ્તારમાં કે જયાં જીવસૃષ્ટિને નુકસાન ન થાય એની કાળજી રાખીશું.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ જે વ્હેલ માછલી શાર્ક માછલી અને બીજી ડોલ્ફિન માછલી હોય છે. તે અમારા ઉના, જાફરાબાદથી શરૂ કરીને દ્વારકાના દરિયાકિનારા ઉપર વધુ જોવા મળે છે. તેમાં ખાસ કરીને મારો વિસ્તાર માંગરોળ છે ત્યાંથી શરૂ કરીને પોરબંદરના દરિયાકિનારા સુધી આ વ્હેલ માછલી ખૂબ જ પ્રમાણમાં જોવા મળે છે. રોડ ઉપર જ દરિયાકિનારો હોવાથી હજારો ટુરિસ્ટો જોવા માટે હોલ્ટ કરે છે. અમારા પોરબંદરના મહારાજા સાહેબ હતા તેમણે પણ જે તે વખતે તાંબાના લેખ ઉપર એવો હુકમ કરેલ છે અને તે અત્યારે

ત્યાં માધવરાય મંદિરની અંદર હયાત છે કે જયાં સુધી ધજા દેખાય ત્યાં સુધી માછીમારી કરવાની મનાઈ છે. આવો લેખ અત્યારે હાલ હયાત છે. આ માછલીઓના સંરક્ષણ માટે સરકાર દ્વારા કેવા કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, ભગવાનજીભાઇએ જે વાત કરી તેમાં આ ડોલ્ફિન છે એ રક્ષિત પ્રાણીમાં આવે છે એટલે તેના શિકાર ઉપર તો પ્રતિબંધ છે. બીજી બાકીની જે કાર્યવાહી કરીએ છીએ તેમાં શાર્ક પ્રજાતિની વ્હેલ શાર્ક માછલી માટે કેન્દ્ર સરકાર દ્વારા વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ ના શિડ્યુલ-૧ માં તેનો સમાવેશ કરી કાયદાકીય રીતે રક્ષણ આપવાની જોગવાઇ કરી છે. આ માછલીને માછીમારો ન પકડે તેના માટે તેના જાગૃતિના કાર્યક્રમો પણ કરવામાં આવે છે. માછીમાર ભાઇઓ પોતે પણ આપણા કરતા વધારે ધ્યાન રાખે છે. મેં હમણા આગળના પ્રશ્નમાં કહ્યું કે, અકસ્માતે આવી માછલી જાળમાં ફસાઇ જાય તો તે જાળને કાપી નાંખીને તે માછલીને દરિયામાં છોડી દેવામાં આવે છે. તે જાળની નુકસાની પેટે આર્થિક વળતર આપણે આપીએ છીએ. આ તા.૨૧-૧૨-૨૦૦૬ થી ૨૫ હજાર રૂપિયાની મર્યાદામાં વળતર આપીએ છીએ. દરિયાર જીવસૃષ્ટિ છે તેમાં જે વ્હેલ શાર્ક છે તેનું રક્ષણ કરવા માટેનાં પગલાં લઇએ છીએ.

શ્રી દેવાભાઇ પું. માલમ(કેશોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત દરિયાઇ જીવસૃષ્ટિ શું છે અને બીજો પ્રશ્ન એ છે કે, ગુજરાત સરકારે કોઇ સંરક્ષિત વિસ્તાર બનાવીને દરિયાઇ જીવોના રક્ષણ માટે કોઇ પગલું ભર્યું છે?

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, દેવાભાઇએ જે વાત કરી કે દરિયાઇ જીવસૃષ્ટિમાં ગુજરાત રાજ્યની વિવિધ પ્રજાતિઓ છે તેની વિવિધતા માટે આપણું રાજ્ય જાણીતું છે. અહીંયાં સખત પરવાળાની ૪૯થી વધુ પ્રજાતિઓ, નરમ પરવાળાની ૨૩ પ્રજાતિઓ, જળચર પ્રાણીની ૭૦ પ્રજાતિઓ, માછલીની કુલ ૪૨૧ પ્રજાતિઓ, ઝિંગાની ૨૭ પ્રજાતિઓ, કરચલાંની ૩૦ પ્રજાતિઓ, પક્ષીઓની ૧૭૨ પ્રજાતિઓ છે, દરિયાઇ સ્તન પ્રાણીઓની ૩ પ્રજાતિઓ છે. બીજી જે વાત કરી તેમાં આપણા દરિયાકાંઠે દરિયાઇ પ્રાણીના સંરક્ષણ માટે વ્હેલ શાર્ક પ્રોટેકશન ગ્રીન નેશનલ પાર્કની સ્થાપના કરવામાં આવી છે. જામનગરના દરિયાકાંઠા વિસ્તારમાં આંતર ભરતી ઝોન સ્થિત છે ત્યાં ઓગસ્ટ-૧૯૮૦માં અભ્યારણ્ય અને જુલાઇ-૧૯૮૨માં મરીન નેશનલ પાર્ક તરીકે જાહેર કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી વિમલભાઇ ચુડાસમા, હીરાભાઇ તમને તક આપું. આ ચારેય સભ્યશ્રીઓએ જેમણે આ નોટિસ દાખલ કરી છે તેમને એક તક આપી દઉં. પછી તમને તક આપું.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા (સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાત સરકાર મત્સ્યોદ્યોગ સુધારા બિલ વર્ષ ૨૦૨૧ માં લઇને આવેલ ત્યારે માછીમારી કરવા જે બોટ જતી હોય તે ભારત દેશની સીમાની પાર બીજા દેશમાં જતી રહે છે ત્યારે તેમને એક લાખ રૂપિયાનો દંડ કરવામાં આવે છે અને તેમની ઉપર એફ.આઇ.આર. કરવામાં આવે છે. તેની ઉપર કાયદેસર કાર્યવાહી કરવામાં આવતી હોય છે ત્યારે જે બોટો બીજા દેશમાંથી ભારતની સરહદમાં આવતી હોય ત્યારે જો એમને સમયસર પકડી લેવામાં આવતી હોત તો આ ડોલ્ફિન અને શાર્ક માછલીના શિકારીને પણ પકડી શકાયા હોત. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, શિકારી ગેંગ દ્વારા જે રીતે દરિયાઇ રક્ષિત જીવોને નુકસાન ન થાય તે માટે આપણે પગલાં લઇએ છીએ તેમ જેતપુરના ઉદ્યોગોનું પ્રદૂષિત પાણી પોરબંદરના દરિયામાં ઠાલવવાનું નક્કી કરવામાં આવ્યું છે તે બંધ રાખવા માગો છો કે કેમ?

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ મારા જવાબમાં કહ્યું કે, પર્યાવરણની જાળવણી માટે ખાસ કરીને દરિયાઇ જીવ સૃષ્ટિ છે એને કોઇ નુકસાન ન થાય એનું જે રીતે આપણે ધ્યાન રાખીએ છીએ એ જ રીતે આ પાણીનો નિકાલ ગમે ત્યાં કરવો તો પડે જ. જો નદીમાં કરવામાં આવે તો નદી પ્રદૂષિત થાય છે, તો આ જે જેતપુરનો પ્રોજેક્ટ છે, એમાં લગભગ ૧૫૦ કિલોમીટર લાંબી પાઇપ લાઇન દરિયામાં નાંખીને જે જગ્યાએ ઉંડાણમાં દરિયાઇ જીવ સૃષ્ટિને નુકસાન ન થાય એના માટેનો પ્રોજેક્ટ છે અને એ અત્યારે પાઇપલાઇનમાં છે અને આનાથી કોઇ જીવ સૃષ્ટિને નુકસાન ન થાય એનું ખાસ ધ્યાન રાખવામાં આવશે.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, ઘણો અગત્યનો આ પ્રશ્ન છે અને હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ડોલ્ફિન માછલી જે છે એ એકલી એકલી ન રખડે એની સાથે ઝૂંડના ઝૂંડ હોય છે, ત્યારે આ પંથકમાં જ્યારે શિકારીઓની બાબત આવી છે તો આવા કોઇ શિકારીઓ આપણા ધ્યાનમાં આવ્યા છે કે કેમ? અને આવા કોઇ શિકારીઓને પકડી લેવામાં આવ્યા છે કે કેમ? અને પકડી લેવામાં આવ્યા હોય તો એ આપણા રાજયના છે કે વિદેશના છે?

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણેનો આ પહેલો બનાવ છે અને એમાં અમારા વિભાગના અધિકારીઓને મારે અહીંથી અભિનંદન આપવા છે કે એને બાતમી મળી કે તરત જ કોસ્ટ ગાર્ડ સાથે એક ટીમ બનાવી અને તા. ૧૫-૩ ના રોજ આ શિકારી ગેંગને પકડી લેવામાં આવેલ છે. આ શિકારીઓ છે એ બહારના એટલે કે બીજાં રાજયોના છે. તમિલનાડુના ૫ છે, આસામના ૨ છે, ઓડિશાનો ૧ છે, કેરળના ૨ છે એમ મળીને કુલ ૧૦ જેટલા શિકારી ઇસમો છે અને એ બધા અત્યારે તા. ૧-૪ સુધી કસ્ટડીમાં છે. બે દિવસના કોર્ટે રિમાન્ડ પણ આપ્યા હતા અને આવું વારંવાર બનતું હોય એવું નથી, આ પહેલીવાર બન્યું છે અને સ્થાનિક માછીમારો છે એ આવા પ્રકારની જીવ સૃષ્ટિને નુકસાન ન થાય એના માટે બાતમી

આપણને આપતા હોય છે અને આ બાતમીના આધારે જ આ રીતે કોસ્ટગાર્ડ અને અમારા અધિકારીઓ દ્વારા સંયુકત રીતે આ ઓપરેશન કર્યું છે અને એ લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ડોલ્ફિન અને શાર્કની વાત નીકળી છે ત્યારે મારો વિસ્તાર દરિયાકાંઠે છે એટલે મારે સરકારશ્રીનું ધ્યાન દોરવું છે અને એક સૂચન કરવું છે કે, જે માછીમારી કરવા માટે ફિશિંગ બોટો જાય છે એની જાળની સાઇઝ હોય છે એની અંદરના જાળની ગુંથણીના હોલ હોય છે એ બહુ નાના હોય છે અને ઘણી વખત ફિશિંગ કરતી વખતે લોકો બોટ ચાલી જતી હોય અને દરિયામાં જાળ નાંખી દેતા હોય છે એટલે એ જાળમાં ઇંડાથી માંડીને નાની ડોલ્ફિન હોય, શાર્ક હોય એ બધું એમાં ફસાઇને આવી જતું હોય છે તો મારી માનનીય મંત્રીશ્રીને અને ફિશરીઝ વિભાગના મંત્રીશ્રીને વિનંતી છે કે, આપણે એવી કોઇ યોજના બનાવીને જાળની ગુંથણી છે એના હોલની સાઇઝ છે એનો ગાળો મોટી સાઇઝનો રાખવામાં આવે તો એનાથી નાના નાના ઇંડા, ડોલ્ફિન અને શાર્ક જે નાની સાઇઝની છે એ એમાં ફસાય નહીં અને એને આપણે બચાવી શકીએ. આ માટે કોઇ ખાસ યોજના બનાવીને કેન્દ્ર સરકારને આપણે દરખાસ્ત મોકલવા માગીએ છીએ કે કેમ?

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન સારું છે રાઘવજીભાઇને કહીશ કે ફિશરીઝ ડિપાર્ટમેન્ટ કેવી જાળ રાખવી એ નક્કી કરી શકે.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)**

**ગૃહ વિભાગ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

**માગણી ક્રમાંક- ૪૨**

**ગૃહ વિભાગ**

શ્રી હર્ષ સંઘવી(રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૮,૭૦,૧૨,૦૦૦/-ની માગણી ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૪૨ રજૂ કરવામાં આવી.**

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી:માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.

**ગૃહ વિભાગ**

**માગણી ક્રમાંક-૪૩**

શ્રી હર્ષ સંઘવી ( રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૬૩,૯૨,૯૭,૦૫,૦૦૦/-ની માગણી ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૪૩ રજૂ કરવામાં આવી.**

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરું છું.

તા. ૨૧મી માર્ચ, ૨૦૨૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરવામાં આવી.

**ગૃહ વિભાગ**

**માગણી ક્રમાંક-૪૪**

શ્રી હર્ષ સંઘવી ( રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું જેલને લગતી સેવા અંગેની, ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૦૨,૦૦,૯૪,૦૦૦/-ની માગણી ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૪૪ રજૂ કરવામાં આવી.**

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરવામાં આવી.

**બંદરો અને વાહન-વ્યવહાર વિભાગ**

**માગણી ક્રમાંક-૭૪**

શ્રી હર્ષ સંઘવી ( રાજ્ય કક્ષાના વાહન-વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વાહન-વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન-વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૪,૨૨,૯૬,૩૪,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧૬,૩૨,૨૨,૭૮,૦૦૦/-ની માગણી ક્રમાંક-૭૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૭૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરવામાં આવી.

સન ૨૦૨૩-૨૦૨૪ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **ગૃહ વિભાગ**<br>**માગણી નં. ૪૨** | | |
| ૧ | ૨૦૫૨-સચિવાલય..સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-GES-23 ગૃહ વિભાગ<br>રૂ.૧૫,૦૯,૩૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પાના નં.૧૩ | ૧૦૦ | ગુન્હાહીત કૃત્યોમાં કાયદાની યોગ્ય કલમો લગાડવા માટે પોલીસ સ્ટેશનોમાં લીગલ ઓફીસરોની નિમણૂક કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જિજ્ઞેશ મેવાણી |
| ૨ | - - " - - | ૧૦૦ | રાજ્યના તમામ જિલ્લાઓમાં હથિયારના લાઇસન્સનું NOC આપવામાં થયેલ ગેરરીતિઓની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| *૩ | - - " - - | ૧૦૦ | બનાસકાંઠા જિલ્લાના ધારાસભ્યો દ્રારા પોલીસ ફરીયાદ કરવા છતા એફ.આઇ.આર થયા બાદ આગળની કાર્યવાહી નહી કરનાર જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૪ | - - " - - | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં એફ.આઇ.આર દાખલ કર્યા બાદ | શ્રી અમૃતજી ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તેને ઓનલાઇન અપલોડ કરવામાં તંત્રની નિષ્ફળતા. | (દિનેશભાઇ ઠાકોર) |
| *૫ | - - " - - | ૧૦૦ | પોલીસ કમ્પલેઇન ઓથોરીટીની રચના કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૬ | - - " - - | ૧૦૦ | ઈ-મેમો દ્વારા દંડની વસૂલાત કરવાની સત્તા કાયદાની કઇ કલમો હેઠળ આપવામાં આવી તેનીમાહિતી આપવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. સી.જે.ચાવડા |
| ૭ | - - " - - | ૧૦૦ | નાર્કોટીક્સના ગુન્હામાં પેપર વર્કનું સરળીકરણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૮ | ૨૦૫૨-સચિવાલય..સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-GES-23 ગૃહ વિભાગ<br>રૂ.૧૫,૦૯,૩૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પાના નં.૧૩ | ૧૦૦ | સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા દારૂ જુગારના અડ્ડાઓ ઉપર રેડ પાડી મુદ્દામાલ કબજે લેવાય છે ત્યારે તે વિસ્તારના જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે પગલા લેવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૯ | - - " - - | ૧૦૦ | રાજ્યમાં દારૂબંધી નીતિ માટે રચાયેલ ત્રણ કમિશનોએ કરેલ ભલામણો સંદર્ભમાં પગલાં લેવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા |
| ૧૦ | - - " - - | ૧૦૦ | અન્ય રાજયો સાથે સીમા સુરક્ષાની વ્યવસ્થા હોવા છતાં રાજયની અંદર પ્રવેશતો દારૂ-ડ્રગ્સોનો જથ્થો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| ૧૧ | - - " - - | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ અધિકારીઓની ખાલી પડેલ જગ્યાઓની ઘટ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૧૨ | - - " - - | ૧૦૦ | એરપોર્ટથી આવતા જતા મુસાફરોને કરવામાં આવતી હેરાનગતીની ફરિયાદો સામે અસરકારક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગકુમાર પટેલ |
| *૧૩ | - - " - - | ૧૦૦ | પાટીદાર આંદોલન સમયે થયેલ કેસોને પરત ખેંચવાની જાહેરાત બાદ પણ મોટા ભાગના કેસોને પરત ખેંચવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| *૧૪ | - - " - - | ૧૦૦ | છુટક ડ્રગ્સ વેચનારને પકડવા લોકલ N.C.B.ની રચના કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. તુષાર ચૌધરી |
| | | | **માગણી નં. ૪૩** | |
| ૧૫ | ૨૦૫૫-પોલીસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-MEP-30 પોલીસ....<br>મહાનિરીક્ષક<br>રૂ.૩૪,૮૦,૩૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પાના નં.૧૯ અને ૨૦ | ૧૦૦ | પોલીસ મહાનિર્દેશકની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. સી.જે.ચાવડા |
| *૧૬ | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯-જિલ્લા પોલીસ<br>૦૧-MEP-6 જિલ્લા...ખુદ<br>રૂ.૩૫,૧૩,૩૩,૫૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પાના નં.૨૯ અને ૩૦ | ૧૦૦ | પાસપોર્ટ વેરીફીકેશનની કાર્યવાહીમાં થતી ગેરરીતિની વ્યાપક ફરિયાદો છતાં પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૧૭ | - - " - - | ૧૦૦ | સુરત,વડોદરા,અમદાવાદ, રાજકોટ, પોરબંદર જેવા શહેરોમાં અનેક પ્રકારના ગુન્હાહીત બનાવો થતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા |
| ૧૮ | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯-જિલ્લા પોલીસ<br>૦૧-MEP-6 જિલ્લા...ખુદ<br>રૂ.૩૫,૧૩,૩૩,૫૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પાના નં.૨૯ અને ૩૦ | ૧૦૦ | પ્રજા પાસેથી રૂપિયા પડાવનાર ઢોંગી જયોતિષીઓ-અઘોરીઓ સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| ૧૯ | - - " - - | ૧૦૦ | પોલીસતંત્ર દ્વારા બુટલેગરોને પકડવાની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦ | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯-જિલ્લા પોલીસ<br>૦૩-MEP-16 રાજ્ય..શાખા<br>રૂ.૯,૫૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પાના નં. ૨૯ થી ૩૩ | ૧૦૦ | ચાર રસ્તા પરના ટ્રાફીક સિગ્નલોનું સુચારું ટાઇમીંગ સેટ કરી ટ્રાફિકની સમસ્યા દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| *૨૧ | - - " - - | ૧૦૦ | ટ્રાફીક બ્રિગેડ ફોર્સ(T.R.B.) દ્વારા વાહન ચાલકોનેકરવામાં આવતી હેરાનગતિની ફરિયાદો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૨૨ | - - " - - | ૧૦૦ | ભાડુતી માણસો દ્વારા વાહનચાલકો પાસેથી ગેરકાયદેસર રીતે નાણા ઉઘરાવતા પોલીસ કર્મીઓ સામે કાર્યવાહીકરવામાં તંત્રનીનિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| | | **માગણી નં. ૪૪** | | |
| ૨૩ | ૨૦૫૬-જેલ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-MEP-22 જેલ મહાનીરીક્ષક<br>રૂ.૧૬,૦૮,૮૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પાના નં. ૫૦ | ૧૦૦ | દુષ્કર્મના કેસમાં જેલમાં રહેલ વ્યક્તિઓના જેલમાં સત્સંગ પ્રવચનો કોની મંજૂરીથી થાય છે તેની તપાસ કરી જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અરવિંદભાઈ લાડાણી |
| ૨૪ | - - " - - | ૧૦૦ | જેલોમાં વારંવાર પકડાતી પ્રતિબંધિત વસ્તુઓ માટે જવાબદાર સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| | | **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**<br>**માગણી નં. ૭૪** | | |
| ૨૫ | ૨૦૪૧-વાહન પર કર<br>૧૦૨-મોટર..નિરીક્ષણ<br>૦૧-મોટર..નિરીક્ષણ<br>રૂ.૨,૦૭,૦૮,૮૩,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦<br>પાના નં. ૬ અને ૭ | ૧૦૦ | આર.ટી.ઓ. કચેરીઓ દ્વારા લાઇસન્સ ઇસ્યુ કરવાની કામગીરી સત્વરે કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગકુમાર પટેલ |
| *૨૬ | ૩૦૫૫-માર્ગ પરિવહન<br>૧૯૦-જાહેરક્ષેત્ર.. સહાય<br>રૂ.૯,૮૯,૧૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦<br>પાના નં. ૧૪ | ૧૦૦ | STનિગમના ડ્રાયવરો - કંડકટરો વિરુઘ્ધ થતી ઓનલાઇન ફરીયાદોની ખરાઇ કર્યા બાદ દંડાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૨૭ | - - " - - | ૧૦૦ | અધતન બસ સ્ટેશનો બનાવ્યા બાદ અગત્યના બસ રૂટો જ બંધ કરી દેવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| *૨૮ | - - " - - | ૧૦૦ | ST બસોની ઓનલાઇન બુકીંગમાં રદ થયેલ ટ્રીપોના રીફન્ડની કાર્યવાહીમાં થયેલ ગેરરીતિની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૨૯ | - - " - - | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાંSTની અપૂરતી બસ સેવાના કારણે વિદ્યાર્થીઓ અને આમ-જનતાને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જિજ્ઞેશ મેવાણી |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રીઃ હવે માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગૃહ વિભાગની માગણી ક્રમાંક-૪૨, ૪૩ અને ૪૪ જે લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ એવો વિભાગ જેમ સૂર્ય કોઇ દિવસ અસ્ત ના થાય તેમ આ વિભાગનો કર્મચારી કન્ટીન્યૂસ તેનું કાર્ય ચાલુ રાખે છે. જન્મથી માંડીને મરણ સુધીનો વચ્ચેનો તમામ ગાળો પોલીસની જરૂર પડતી હોય છે અને પોલીસ મદદ પણ કરતી હોય છે. જે રીતે ગૃહ વિભાગની જવાબદારી છે ગૃહ વિભાગ દ્વારા જે કાર્ય થાય છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ રાજ્યમાં સારી હોય તો જ લોકો શાંતિથી જીવી શકે. હાલની પરિસ્થિતિમાં રાજ્યમાં જે બનાવો બની રહ્યા છે એના લીધે ચિંતા પણ થાય છે. રાજ્યમાં અત્યારે જે બનાવો બની રહ્યા છે જેમ કે કરાઇમાં બોગસ પી.આઇ. ઘૂસી જાય છે. આઇ.એ.એસ., આઇ.પી.એસ.ની જાસૂસી થવાના બનાવો બને છે. પેપર લીક થવાના બનાવો બને છે. સરકારનું પોતાનું પ્લેન બે વર્ષ સુધી કોઇ પાઇલટ ઉડાવે અને સરકારને કે આઇ.બી.ને ખબર પણ ન હોય. એનાથી વધારે મોટી વાત કરું તો એક

ગુજરાતી મહાઠગ કિરણ પી.એમ.ઓ.માં નોકરી કરતો હોય. જેના તાર ગુજરાત સુધી જોડાયેલા હોય અને આઇ.બી. કાંઇ ના કરી શકતી હોય. જે ઝેડ પ્લસ સુરક્ષા સાથે કાશ્મીર જેવા વિસ્તારમાં ફરતો હોય તો પ્રશ્ન તો થાય છે. અહીં મને કહેવાનું મન થાય કે,

"हेसियत का कभी अभिमान मत करना, उडान जमीन से शुरु होती है और जमीन पे ही खतम होती है।"

આ વિધાનસભા ગૃહમાં ધારાસભ્યશ્રી પોતપોતાના મંતવ્યો આપે છે એ હું સાંભળી રહ્યો છું. ક્યારેક હસવું પણ આવે છે. સ્કૂલો નહોતી, હૉસ્પિટલો નહોતી, રોડ-રસ્તા નહોતા, બનાસકાંઠામાં તો પાણી પણ નહોતું. આવા અનેક મુદ્દાઓ આ વિધાનસભા ગૃહમાં ઉત્પન્ન થાય છે. આ વિધાનસભા ગૃહમાં એમ કહેવામાં આવે છે કે રાજ્ય એ ડબલ એન્જિનથી ચાલે છે. એ વાત ચોક્કસ સાચી છે. રાજ્ય સરકાર ડબલ એન્જિનથી ચાલે છે એમ ગૃહ વિભાગ પણ ડબલ એન્જિનથી ચાલે છે. ગૃહ વિભાગનું પહેલું એન્જિન બાતમીદાર છે. જે ગૃહ વિભાગને માહિતી આપે છે. બીજું એન્જિન વહીવટદાર છે. દરેક પોલીસ સ્ટેશનમાં જે વહીવટદાર હોય છે એ બીજું એન્જિન છે. માનનીય મંત્રીશ્રી પોલીસ વિભાગને હંમેશા અભિનંદન આપે છે. પોલીસ વિભાગ સારું કામ કરે છે એટલે એ અભિનંદનને પાત્ર છે. ગુજરાતમાં જે રીતની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ છે એના હું આંકડા આપીશ. ગૃહ વિભાગનું જે બજેટ છે એના કરતા પણ વધારે રકમનો દારૂ અને ડ્રગ્સ રાજ્યમાંથી પકડાય છે. એ તો આપ પણ કહો છો કે, ''દારૂ અને ડ્રગ્સ પકડાય છે.'' ગૃહ વિભાગે સ્વીકારવું પડશે કે રાજ્ય સરકારના ગૃહ વિભાગના બજેટ કરતા પણ વધારે રકમનો દારૂ અને ડ્રગ્સ પકડાય છે. હું આજના પ્રસંગે રાજ્ય સરકારના સ્પેશિયલ મોનિટરિંગ સેલના વડા શ્રી નિર્લિપ્ત રાયને અભિનંદન આપું છું. હું તેમની કામગીરીનો પ્રશંસક છું, તેમની કામગીરીને બિરદાવું છું, પરંતુ તેમની પણ જાસૂસી થાય છે. રેડ પાડવા જતા હોય તે પહેલાં જ દારૂ વેચનારને તેની ખબર પડી જતી હોય આ તો કઈ રીતનો વહીવટ છે? જે સારો વિભાગ છે, સારું કામ કરી રહ્યું છે, પરંતુ ગુનેગારોને તે જ વિભાગના લોકો જાસૂસી કરીને માહિતી પૂરી પાડતા હોય તે આપણા માટે શરમજનક બાબત છે. જ્યાં રેડ પાડવા જવાના હોય તેની બાતમી મળી જાય અને પી.આઈ. પર હુમલો થાય. આ કારણોસર જ પોલીસ બે વિભાગમાં વહેંચાઇ ગયું છે. સ્કવૉડ રેડ પાડવાનું મજબૂત કામ કરે છે, પણ શહેર/જિલ્લાવાર આ પોલીસ અને સ્કવૉડ આમને-સામને આવી ગયેલા છે. સ્કવૉડના બાતમીદારો તેમને માહિતી આપે છે કે અહીં આ રીતે દારૂ, જુગાર અને ડ્રગ્સના ધંધા ચાલે છે, પણ જે વહીવટદાર પોલીસ સ્ટેશનમાં હપ્તા ઉઘરાવે છે તેના કારણે ત્યાં રેડ પાડી શકાતી નથી. આ રીતની પરિસ્થિતિ ગુજરાતમાં ઉદભવી છે. દારૂના સેવનને આધીન નેશનલ ફેમિલી હેલ્થ સરવેના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગુજરાતમાં દારૂ પીનારાઓની સંખ્યામાં મહિલાનું પ્રમાણ વધતું ગયું છે અને ૧૫ વર્ષથી ઉપરની વયની સંખ્યામાં દારૂનું પ્રમાણ દિવસે દિવસે વધતું ગયું છે. જે રીતે રાજ્ય સરકારમાં ગૃહ વિભાગ દ્વારા થયેલી કામગીરી અને તે કામગીરીને આધીન વર્ષ ૨૦૨૧ના નેશનલ ક્રાઇમ રેકર્ડ બ્યુરોને આધીન રિપોર્ટમાં મર્ડરમાં ૧.૪ ટકા, અપહરણમાં ૨.૩ ટકા, મહિલાઓના કિસ્સામાં ૨૨.૧ ટકા, મર્ડર, રેપ, ચોરી-લૂંટના કિસ્સામાં ૨૪.૬ ટકા અને ખાસ કરીને ડ્રગ્સમાં ૧૧.૯ ટકા ગુનાઓ નોંધાયા છે. માનનીય મંત્રીશ્રી કહે છે તે પ્રમાણે છેલ્લે બાળકીઓ ઉપર જે રેપ થયા અને જે સજાઓ થઈ તે મુજબ પોસ્કોના ગુનામાં સજાનું પ્રમાણ વધ્યું છે, પણ વર્ષ ૨૦૧૪-૧૫ થી ૨૦૨૧-૨૨ સુધી આ રાજ્યમાં બળાત્કારના ૧૪,૫૨૨ કિસ્સાઓ બન્યા પછી જે ગુનેગારોનો ગુનો પુરવાર થયો તેની સંખ્યા ૨૩૧ છે, એટલે બળાત્કારમાં ગુનાઓનું પ્રમાણ ૧.૫૯ છે. ખાસ કરીને પોલીસ વિભાગમાં ૨ લાખ ૪૦ હજાર કરતા પણ વધારે મહેકમ છે અને તેમાં ૧ લાખ ૨૬ હજાર કરતાં વધારે લોકો કાયમી નોકરી કરે છે. એક લાખ જેટલા કર્મચારીઓ ગ્રામ સુરક્ષા અને સાગર રક્ષક સુરક્ષા સાથે જોડાયેલા છે. ૧૪ હજાર કરતા પણ વધારે લોકો ૧૧ માસના કરાર આધારિત છે. આમ, પોલીસ ખાતામાં લગભગ ૧૪ હજારથી વધુ જગ્યાઓ ખાલી છે એ ભરવી જોઇએ. મેં ક્રાઇમના આંકડાઓ રજૂ કર્યા છે. મારી વિધાનસભામાં દારૂના ખુલ્લેઆમ ધંધા ચાલે છે. આ માટે મેં ઓફિશિયલ લેટર પણ લખ્યો હતો. લેટર લખ્યાને આજે સાત દિવસ થઇ ગયા પણ કોઇ કાર્યવાહી કરવામાં આવી નથી. એક ધારાસભ્ય તરીકે હું લેટર લખીને કહું અને જો રેડ ના પડતી હોય તો સામાન્ય માણસ કહે તો ક્યાંથી રેડ પડવાની? આ પરિસ્થિતિ ગુજરાત રાજ્યમાં ઊભી થઇ છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગૃહમંત્રીશ્રી ગૃહ, પોલીસ, જેલ અને વાહન-વ્યવહારની જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું અને ગૃહ વિભાગના કાયદો, વ્યવસ્થા અને સલામતી માટેના મારા વિચારો ગૃહ સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી,આ માગણીઓ રાજ્યની જનતાની શાંતિ અને સલામતી સાથે જોડાયેલી છે અને એની સાથે ગુજરાતનો વિકાસ પણ જોડાયેલો છે ત્યારે ઇતિહાસમાં જવું ખૂબ જરૂરી છે. અગાઉ આ વિભાગને પ્રાધાન્ય આપવામાં ન આવ્યું એના પરિણામે ગુજરાતને નુકસાની ભોગવવાનો વારો આવ્યો. પહેલાં પોલીસ વ્યવસ્થાઓ, પોલીસ અધિકારીઓ, પોલીસ સ્ટેશનો, સાધનો, જીપો તેમજ આધુનિક ટૅકનોલોજીનો ઉપયોગ થતો ન હતો. આજે માળખાકીય સુવિધાઓ અને વેલ્ફેર પ્રવૃત્તિઓ શરૂ કરવાના કારણે પોલીસનું મોરલ પણ ઊંચું આવ્યું છે. આજે ગુજરાત સમગ્ર દુનિયાનું રોકાણનું ડેસ્ટિનેશન બન્યું છે એનું કારણ ગૃહ વિભાગની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ છે. આજે સમગ્ર દેશમાંથી મૂડીરોકાણો આવી રહ્યા છે. પોલીસની નોકરી પહેલાં લાંછન કહેવાતી અને એમને કોઇ પોતાની દીકરી આપતું ન હતું કે લેતું પણ ન હતું. આ સ્થિતિમાંથી બહાર આવીને આજે પોલીસની નોકરી એ ઇજ્જતવાળી નોકરી સાબિત થઇ છે. રાજ્યસરકારની ઇચ્છાશક્તિ, એમણે કરેલાં કામો, સમાજ અને પોલીસ સાથેના સમન્વયના કારણે આજે પોલીસ સન્માનપૂર્વક કામ કરી રહી છે, જનતાનું રક્ષણ કરી રહી

છે અને પોતાના પરિવાર સાથે સમાજમાં પ્રતિષ્ઠિત રીતે પોતાનું જીવન જીવે છે. અલગ-અલગ પ્રકારની શિક્ષણ, રોજગારી, કોમ્પ્યુટર લોન, આરોગ્ય ચકાસણી, અલગ-અલગ પ્રકારના ઓપરેશનો, સંતાન લગ્નલોન વગેરે અલગ-અલગ પ્રકારની સુવિધાઓ એમને મળે છે. શહીદ સ્મૃતિ સહાયરૂપે રૂ. ૧૦ લાખ આપવામાં આવે છે. ત્રીજું નેત્ર સી.સી.ટી.વી. દ્વારા તાલીમ સંસ્થાથી માંડીને પોલીસના જિલ્લામાં કંટ્રોલરૂમ ઊભો કરીને સોસાયટીઓને જોડવાના ભગીરથ પ્રયાસના કારણે ગુનાઓ બનતા અટક્યા છે અને તેનો ત્વરિત ઉકેલ પણ આવી જાય છે. રાજ્યની જનતાને આના બહુ મોટા ફળ મળ્યા છે. વર્ષ ૨૦૧૨થી સુરક્ષા સેતુ સોસાયટીની રચના થઇ છે અને રાજ્ય પોલીસ કમિશન અને જિલ્લા કક્ષાએ ૩૭ જેટલી સુરક્ષા સેતુ સોસાયટીની સ્થાપના થઇ છે. જેના પરિણામે લોકો વચ્ચેનો વ્યવહાર, રચનાત્મક કામો થકી રાજ્યની મહિલાઓને પણ ફાયદો થયો છે. મહિલા સુરક્ષા, મહિલા સશક્તિકરણ, બાળકોની સુરક્ષા, સિનિયર સિટીઝન, ટ્રાફિકના નિયમો, અકસ્માત નિવારણ તેમજ ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનું કાઉન્સિલિંગ પણ પોલીસ દ્વારા તજજ્ઞો બેસાડીને કરવામાં આવે છે. જેથી વિદ્યાર્થી ડિપ્રેશનમાં ન આવે. એક નવા અભિગમ સાથે ગૃહ વિભાગ આગળ વધી રહ્યો છે ત્યારે સ્ટૂડન્ટ પોલીસ કેડેટમાં ૫૩ હજાર જેટલા વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. અલગ અલગ પ્રકારના આવાસોની વાત કરીએ તો, પોલીસના કેવા આવાસો હતા, એના પરિવારોના કેવા આવાસો હતા, કેવા ક્વાર્ટરો હતા, આવાસોની કેવી સ્થિતિ હતી, કેવી સુવિધા હતી, કેટલી રકમ વપરાતી હતી, એમને થતું હતું કે, હું કંઇ રીતે મારા પરિવારને સાચવીશ. એમાં ઉત્તરોત્તર વધારો કરીને ૪૯૧૩૪ જેટલા વિવિધ કક્ષાના બાંધકામો રૂપિયા ૪૬૨૫.૬૧ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવ્યા. ઘણા બધા પૂર્ણ થયેલ છે. બિન રહેણાંકી ૩૪૫૮ મકાનોના બાંધકામ રૂપિયા ૨૬૦૪ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે. એમાં ઘણા બધા પૂર્ણ થયેલ છે. એના કારણે, પોલીસને એમની કામ કરવાની ઊર્જામાં ઉમેરો થયો છે. મારી પાસે લિસ્ટ છે. ભૂતકાળમાં એટલે કે વર્ષ ૧૯૯૧-૯૨માં રૂપિયા ૩૬૭ કરોડનું બજેટ હતું. મને કહેતા આનંદ છે કે, આજે અને ખાસ કરીને આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જયારથી આ કમાન્ડ સંભાળી છે ત્યારથી ગૃહ વિભાગની બજેટની આ ગાડી દોડી, દોડી તો એવી દોડી કે શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં બુલેટ ટ્રેનની માફક શ્રી હર્ષભાઇ સંઘવી રૂપિયા ૮૩૨૪.૩૯ કરોડનું બજેટ લઇને ગૃહ સમક્ષ આવ્યા છે. ત્યાંથી અટક્યા નથી. શ્રી ભૂપેન્દ્રભાઇ અને શ્રી હર્ષભાઇને અભિનંદન આપું છું કે, પૈસાના વાંકે કયારેય કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં આ ગાડી અટકશે નહીં, આવું અવાર-નવાર એમણે ઘણી બધી જગ્યાઓ ઉપર જાહેરમાં અને ગૃહ સમક્ષ પણ કહ્યું છે. એટલે મારી વિપક્ષના લોકોને વિનંતી છે કે, ચિંતા ના કરશો, જયાં સુધી સુરક્ષાની બાબત છે ત્યાં સુધી રૂપિયા ૮૩૨૪ કરોડ નહીં, પરંતુ રૂપિયા ૧૬૬૨૮ કરોડ રૂપિયા પણ વાપરવા પડશે તો પણ રાજ્યની શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને આપણા ગૃહમંત્રી શ્રી હર્ષભાઇ સંઘવીના વડપણ નીચેનો ગૃહ વિભાગ તથા રાજ્ય સરકાર કયારેય પ્રજાના ભોગે અટકવા માગતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના નેતૃત્વમાં જયારે શ્રી અમિતભાઇ શાહ ગૃહ મંત્રાલય સંભાળી રહ્યા છે ત્યારે સલામતી બાબતે જે કામ કર્યું છે એમાં જોઇએ તો, ૩૭૦ની કલમ હટાવી ત્યારે સંસદમાં વિપક્ષના કેટલાક આગેવાનોએ કહ્યું હતું કે લોહીની નદીઓ વહેશે પણ લોહીની નદીઓ તો ઠીક, પાણીનું ટીપું પણ અંદર પડ્યું નથી. આ પ્રકારની દેશની વ્યવસ્થાઓ છે. હવે તો શિવજીની પૂજા અને રામજીની પૂજા અને ભક્તિ કરવાની પણ કેટલાક લોકોને ફરજ પડી છે. મોદી હે તો મુમકીન હે. આ પ્રકારની વાત સમગ્ર દેશ કરી રહ્યો છે. આ પ્રકારનું શાસન થઇ રહ્યું છે. સુપ્રીમકોર્ટના હુકમોને પણ કયારેક અવગણવાના, ષડયંત્રો રચવાના, ભારતીય જનતા પાર્ટીના નેતાઓને જેલમાં નાખવાના, આ બધી પ્રવૃત્તિઓ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં આ રાજ્યે જોઇ છે. સુપ્રીમકોર્ટે આ બધું ફગાવ્યું તો નવી રેકર્ડ બી.બી.સી.ની લઇને આવ્યા. જે પ્રકારે નિર્દોષ રામસેવકોને જીવતા સળગાવી દીધા. અહીંયા ચર્ચા થઇ ત્યારે ભાગી ગયા. રાજ્ય અને દેશની જનતા જાણવા માગે છે કે, તમે આ ષડયંત્રની સાથે છો કે સામે છો? એ જાણવાની રાજ્યની જનતાની ઇચ્છા છે. રામસેવકોને ટ્રેનમાં જીવતા સળગાવી દેવામાં આવે. સુપ્રીમકોર્ટે કહ્યું છે કે આ ષડયંત્ર હતું. આવા વખતે રાજ્યની જનતા વિપક્ષ પાસે અપેક્ષા રાખીને બેઠી છે કે તેઓ એમનો પણ પક્ષ મૂકે. અત્યારે જે દેખાય છે, એજન્સીઓનો દુરઉપયોગ, એ દુરઉપયોગ કોણે કર્યો છે, કેવો કર્યો છે, એ સમગ્ર દેશ અને રાજ્ય જાણે છે અને હું તો એમ કહું છું કે, નામદાર સુપ્રીમકોર્ટના હુકમોથી જ ફલિત થયું છે. શ્રી અમિતભાઇ શાહ આપણું ગૌરવ છે. આ ગૃહના એક વખતના સભ્યશ્રી હતા. એમણે કોન્કલેવમાં બધું કહ્યું છે કે આ તપાસો કોના વખતમાં મૂકાઇ હતી, આ બધું કેમ થઇ રહ્યું છે? આજે આ બધુ યાદ આવે છે.કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં રાજ્ય હોય કે દેશ હોય. આપ રાધનપુરની ચૂંટણી લડ્યા છો. કોંગ્રેસનો ટેકો હતો જે તે સરકારને. હું પણ ત્યાં આવેલો. કેવી સ્થિતિ હતી? ગામમાં ન જવાય. ગામડામાં ન જવાય. કાચ ફોડી નાંખવામાં આવે. બુથ કેપ્ચરિંગ કરવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, સત્ય એ સત્ય રહે છે, એટલે આપ અધ્યક્ષસ્થાને બેઠા છો અને પછીની બધી ચૂંટણી આપણે જીત્યા છીએ. એ પ્રકારની સ્થિતિ જેમના રાજમાં હતી, એ લોકો કાયદો અને વ્યવસ્થાની વાત કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ છે. શ્રી આત્મારામભાઇ પરમારની ચૂંટણી. એમનું શાસન હતું. ગઢડા ઉમરાળામાં યુવા ભાજપનો ત્યારનો હું પ્રમુખ હતો. ઉમરાળા તાલુકાનું ગામ, ધારુકાની અંદર અમારી ટીમ જાય. બૂથમાં બેસે. માનનીય અધ્યક્ષશ્રી, ધારુકાની અંદર જો કોંગ્રેસને મત દેવા હોય તો જ મત અપાય. બાકી આપી ન શકાય. એવી સ્થિતિમાં અમે બહારથી આવીને બેઠા હતા અને લોકશાહી પછી પહેલી વખત એ મતો આપી શક્યા. ગામડું થરથર ધ્રૂજે. કોઇને ફરિયાદ કરવા

જવું હોય તો જેની સામે ફરિયાદ હોય એ પોલીસ સ્ટેશનમાં ફોજદારની સાથે પહેલા બેઠા હોય. આ પ્રકારનું પોલીસનું મોરલ તોડવાનું કામ જે તે વખતે વિપક્ષના શાસનમાં થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મને એવું લાગે છે કે ભારતીય જનતા પાર્ટીની જીતનું બહુ મોટું કારણ હોય તો શ્રી કેશુભાઇથી શરૂ થયેલી યાત્રા આજે શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વની અંદર માત્ર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ એ અતિ મહત્ત્વની છે. ત્યારે એફ.આઇ.આર. ફરજિયાત નહોતી. એ ફરજિયાત કરવાનું કામ પણ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં માનનીય કેશુભાઇ મુખ્યમંત્રી બન્યા ત્યારે થયું.

માનનીય અધ્યક્ષશ્રી, લતીફ કોનો સગો હતો? મોહંમદ સુરતી તો, એ કદાચ કોઇનો સગો હોઇ શકે, પણ લતીફ કોનો સગો હતો? જેલમાં બેઠા બેઠા એ જીતે. કોઇ ફોર્મ ન ભરી શકે. રાજુ રિસાલદાર કોનો સગો હતો? ઇભલા શેખ કોનો સગો હતો? ઇજ્જુ શેખ કોનો સગો હતો? માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓના નિવાસસ્થાન એમના આશ્રયસ્થાન હતા. એ લોકો કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની વાત કરે? પોલીસનું મોરલ તોડવાનું કામ કરતા હોય ત્યારે એનું સગપણ પણ અહીંયા જણાવવું જોઇએ કે આ અમારા ભાઇનો, અમારા કુટુંબનો સગો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, દાદાઓ ખૂબ હતા. હવે શેરીએ શેરીએ એક હનુમાનદાદા વધ્યા છે. હજી પણ કોઇ એવું હોય માનનીય અધ્યક્ષશ્રી. અહંકારમાં નથી. કદાચ કયાંય એવું હોય અને ધ્યાનમાં આવે તો અમારી પોલીસ, અમારો ગૃહ વિભાગ, અમારા ગૃહ રાજ્યમંત્રી, અમારા મુખ્યમંત્રીશ્રી. એ એમને નશ્યત આપવા માટે તૈયાર છે. આવો, સાથે મળીને જે કરવું પડે. તાજિયાના જુલુસ પણ નીકળે અને ભગવાન જગન્નાથજીની રથયાત્રા પણ નીકળે. જય જગન્નાથ, જય જગન્નાથ, જય જગન્નાથ. માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો ડર રહેતો કે યાત્રા નીકળવાની છે. જુહાપૂરા અને સરખેજ. અમે ભાવનગરથી આવતા ને તો એસ.ટી.બસ ત્યાંથી ન નીકળી શકે. ફરીને જવું પડે. કોનું શાસન હતું? કેવા પ્રકારની સ્થિતિ હતી. જુહાપૂરાના રસ્તાઓ બબ્બે મહિના સુધી બંધ, કારણ કે રથયાત્રા નીકળવાની હતી. ભગવાન પણ સલામત નહોતા તો પછી જનતા કેવી રીતે સલામત હોઇ શકે? આ પ્રશ્નો જે તે વખતે હતા.

માનનીય અધ્યક્ષશ્રી, હું સૌરાષ્ટ્રમાંથી આવું છું. જૂનાગઢ જિલ્લા પંચાયત. એના પ્રમુખને ટ્રકની પાછળ ધોળા દિવસે જનતા જુએ એમ ઢસડીને મારી નાંખતા હતા. આ લોકો કાયદો અને વ્યવસ્થાની વાત કરે છે. કોઇએ મકાનો ખાલી કરાવવા હોય તો એ ત્યાં નીકળે એટલે થઇ જાય. લૂંટફાટ ચાલે. આ પ્રકારની સ્થિતિમાંથી માંડ માંડ બહાર નીકળ્યા છીએ. આજે પોરબંદરની વાત અહીંયા થઇ છે. હું જે તે દિવસે વાત કરી હતી તે અહીંયા લઇને આવ્યો છું. ૧૯૮૧માં પોરબંદરની જેલ બંધ કરવી પડે. કોંગ્રેસનું શાસન. એમાં લખ્યું છે કે કેદીઓ રાખવા હતા, પરંતુ માથાભારે કેદીઓને કારણે જેલનો વહીવટ કથળ્યો. ઝનૂની માથાભારે કેદીઓ સલામતી તોડીને ભાગતા હતા. આ પ્રકારની સ્થિતિ હતી. પોરબંદરની જેલ બંધ કરવી પડે. એ લોકો કાયદો અને વ્યવસ્થાની વાત કરે છે. ૧૯૮૭માં એ શરૂ થઇ.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ છે કે માનનીય ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં શ્રી હર્ષભાઇ સંઘવીએ ડ્રગ્સ પકડ્યા છે એ ઇચ્છાશક્તિનું કારણ છે. વ્યાજખોરોને નેસ્તનાબૂદ કરવાનું કામ કર્યું છે એ ઇચ્છાશક્તિના કારણે. બળાત્કારીને થોડા દિવસની અંદર ફાંસીની સજા થાય. જન્મટીપની સજા થાય. માનનીય અધ્યક્ષશ્રી, આ અભિનંદનને પાત્ર છે. શ્રી હર્ષભાઇ કીપ ઇટ અપ, આપ આગળ વધો, રાજયની જનતા આપની સાથે છે. શાંત અને સલામત ગુજરાત, માનનીય નરેન્દ્રભાઇ કહે છે કે મેં બનાવ્યું, મેં બનાવ્યું એટલે રાજયની જનતાએ બનાવ્યું, શાંત ગુજરાત મેં બનાવ્યું, સલામત ગુજરાત મેં બનાવ્યું, બૂથો ન લૂંટાય એવું ગુજરાત મેં બનાવ્યું, છાશવારે સ્ટેબિંગ ન થાય એવું ગુજરાત મેં બનાવ્યું, કરફ્યુ મુકત ગુજરાત મેં બનાવ્યું, બુલેટપ્રૂફ નહીં પણ ખુલ્લામાં જગન્નાથજીની રથ યાત્રા નીકળે એવું ગુજરાત મેં બનાવ્યું. હું વિપક્ષને પણ કહું છું કે તેઓ પણ કહે શાંત અને સલામત અને વિકસિત ગુજરાત મેં બનાવ્યું, આપણા સૌનું ગુજરાત છે. હું આ જે માગણી લઇને આવ્યા છે એને સમર્થન કરું છું અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં જે સલામી કામ થઇ રહ્યું છે એને આપણે સૌ વધારે આગળ લઇ જઇએ. આભાર.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ(રાજકોટ -પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સન્માનનીય સદન સામે મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું ત્યારે હું આજે કાયદો અને વ્યવસ્થા સંદર્ભે માગણી ક્રમાંક-૪૨ અને ૪૩ ઉપર મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક કહેવત છે કે સર સલામત તો પાઘડી હજાર, કારણ કે આપણે સલામત છીએ તો બધું છે. સુખ હોય, સમૃદ્ધિ હોય, પણ સલામતી ન હોય તો એ સુખ સમૃદ્ધિનો કોઇ મતલબ રહેતો નથી. ત્યારે વિદ્વાન ચાણક્ય છે એમણે પણ કહ્યું છે કે જયાં પાણી હોય.....

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓને મારે એક વિનંતી કરવાની છે કે આજે ગૃહ ખાતાની માગણી ઉપર ચર્ચા કરીએ છીએ, સાથી પક્ષને ટીકા કરવાનો પણ અધિકાર છે, ખામીઓ હોય તો એ બતાવવાનો પણ અધિકાર છે. શાસક પક્ષને પણ એ અધિકાર છે. પરંતુ પોલીસનું મોરલ ડાઉન થાય એવું કોઇ સ્ટેટમેન્ટ કયાંય આપણાથી ન થાય એની જો કાળજી રાખીશું તો એનું મોરલ અપ કરવા માટેનું કામ આપણે સારી રીતે કરી શકીશું. તમે એવું કંઇ બોલ્યા નથી, હું ઓલ ઓવર પરીપ્રેક્ષમાં વાત કરું છું એટલે તમે ટેન્શનમાં આવ્યા વગર બોલો.

તા. ૨૧મી માર્ચ, ૨૦૨૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ)

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, ચાણકયએ કહ્યું છે કે જયાં પાણી હોય, જયાં સલામતી હોય,

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ તમે બેઠા બેઠા બન્ને જણા કોમેન્ટ ન કરો.

**(માનનીય ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ ભરવાડ અધ્યક્ષસ્થાને)**

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : જયાં પાણી હોય, જયાં સલામતી હોય અને જયાં મહાજનો વેપાર કરતા હોય (અંતરાય) આમાં લગ્ન હોય ને ત્યારે ફટાણા ગવાય અને ૨૭ વર્ષથી એ લોકોને ફટાણા ગાવાની ટેવ પડી છે અને હજુ બીજા પાંચ વર્ષ એના ફટાણા આપણે સાંભળવાના છીએ, વરઘોડિયા ફેરા ફરવાનું ન મૂકી દે. એટલે આપણે આપણું કામ કરીએ. માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને સમગ્ર દેશમાં અનેક વખત અલગ અલગ રાજયોમાં, અલગ અલગ વિસ્તારોમાં જવાનું થયું હતું, અને ત્યારે કોઇ આપણને પૂછે કે તમે કયાંથી આવો છો અને આપણે એમ કહીએ કે અમે ગુજરાતમાંથી આવીએ છીએ ત્યારે એમનો આખો નજરિયો બદલાઇ જાય, એ આપણને ખૂબ માનથી જુએ છે. કારણ કે તે એમ કહે છે કે તુમ્હારે ગુજરાતમે સુખ, શાંતિ ઔર સમૃદ્ધિ હૈ, ખાસ કરીને આપણા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજના દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે એક સંકલ્પ કર્યો હતો કે મારે ગુજરાતને દેશનું અવ્વલ રાજ્ય બનાવવું છે. એ સંકલ્પને અત્યારે ડબલ એન્જિનની સરકાર એવા માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ પણ સાકાર કરી રહ્યા છે. મોદી સાહેબે જયારે ગુજરાતની ધૂરા સંભાળી ત્યારે એમણે ગુજરાતને નંબર વન બનાવવાનો સંકલ્પ કર્યો અને એમાં સૌથી પહેલી કોઇ પ્રાયોરિટી આપી હોય તો એ પ્રાયોરિટી આ રાજયની સલામતીને આપી.

સલામતી થકી શાંતિ આવે અને શાંતિ થકી સમૃદ્ધિ આવે. ગુજરાત રાજ્ય વિકાસના ફળ જોઇ રહ્યું છે અને ચાખી રહ્યું છે. વિપક્ષના લોકો જ્યારે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની વાત કરે ત્યારે ખૂબ દુઃખ થાય છે, ખૂબ પીડા થાય છે કારણ કે કાયદો અને વ્યવસ્થાની વાત કરવાનો એ મિત્રોને કોઇ અધિકાર નથી. એમ થાય કે, **गजब तेरी दुनिया, गजब तेरा खेल, छछुंदर के सर में चमेली का तेल**। આ ખોટી સુગંધ પ્રસરાવવાની જે વાતો કરે છે. બે દાયકા પહેલાંની વાત કરું. હું સૌરાષ્ટ્રમાંથી આવું છું. અમે ત્યાંથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જોઇ છે. શ્રી જીતુભાઇએ કહ્યું કે જેમ જેલને બંધ કરવામાં આવેલી હતી, પણ તેના ગામની બહાર એક બ્રિજ હતો, ત્યાં બોર્ડ પણ મારવામાં આવેલું હતું કે કાયદો અને વ્યવસ્થાની હદ અહીં પૂરી થાય છે. સૌરાષ્ટ્રમાં તત્કાલીન એ.સી.પી. વર્ષ ૧૯૯૫ના દાયકામાં જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે રાજકીય ઝેર પ્રસરાવવામાં આવ્યું હતું. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, ધારાસભાની ચૂંટણી થાય. અનેક રાજકીય હત્યાઓ થતી હતી. ચાર-ચાર ધારાસભ્યો, એક મંત્રીની હત્યા થઇ હોય તો એ કોંગ્રેસના રાજમાં થઇ છે તેને કાયદો અને વ્યવસ્થાની વાત કરવાનો કોઇ અધિકાર નથી. (અંતરાય) સાંભળવાની માનસિકતા રાખો. તમારો વારો આવે ત્યારે બોલજો. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શ્રી જીગ્નેશભાઇ, એમને બોલવા દો. બેઠાં બેઠાં કોમેન્ટ ન કરો. (અંતરાય) શ્રી અમિતભાઇ, તમે બેસી જાવ.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, આ લોકોને આટલી બધી તકલીફ કેમ થાય છે? મને રક્ષણ આપો. મારો સમય જાય છે. ઘણા ગુનેગારો, તેના આકાઓ અને તેના સ્લીપરસેલને તોડી, કડક હાથે કામ લઇ ગુજરાતને સુખ, સમૃદ્ધિ અને સલામતીનો શ્વાસ લેતું કરવાનું મહત્ત્વપૂર્ણ કામ કર્યું અને તેના કારણે દેશભરમાં અને વિશ્વભરમાં ગુજરાતની ઓળખ ઊભી થઇ છે. ગુજરાતની શાંતિ અને સલામતી જોઇને વિશ્વ આકર્ષાયું છે. કરોડો રૂપિયાના એમ.ઓ.યુ. થાય છે. વાઇબ્રન્ટ સમિટ દ્વારા વિશ્વની અનેક કંપનીઓ અહીં રોકાણ કરે છે. તેના માટે પહેલી કોઇ વસ્તુ જોતા હોય તો એ રાજ્યની સલામતીને જોતા હોય છે. રાજ્યના મુખ્યમંત્રીને, ગૃહમંત્રીને અને ગુજરાતની પોલીસને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ જે કોઇ રોકાણ આવે છે તેના મૂળમાં શાંતિ અને સલામતી તમે આપો છો. ગુજરાતનું ગામડું હોય કે શહેર હોય, શેરી હોય કે મહોલ્લો હોય, જાહેર સ્થળ હોય કે યાત્રાધામ હોય સર્વત્ર સુખદ શાંતિનો અનુભવ થાય છે અને અમુક લોકોને ન થતો હોય તો તેમાં અમારો વાંક નથી, કારણ કે પાણીમાંથી જેમ માછલી નીકળે અને માછલી તરફડતી હોય એમ વિપક્ષના મિત્રો ૨૭ વર્ષથી સત્તાબહાર છે. એ તરફડતા હોય તેમાં અમારો વાંક નથી. અમને તો ગુજરાતની જનતાએ ચુકાદો આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા ગર્વ થાય છે કે બે દાયકા પહેલાં આપણે ત્યાં ફોરેન્સિક સાયન્સ શબ્દ ભાગ્યે જ કોઇએ સાંભળ્યો હશે. આપણે ત્યાં ગાંધીનગરમાં જ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી છે. જે યુનિવર્સિટી ગુજરાતની નહીં, દેશની નહીં પરંતુ વિશ્વની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓમાં સ્થાન ધરાવે છે. એન.એફ.એસ.યુ. રાષ્ટ્રીય દરજ્જાની યુનિવર્સિટી કે જ્યાં દેશ-વિદેશના અનેક અધિકારીશ્રીઓ તાલીમ લેવા માટે આવી રહ્યા છે. ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની લેબોરેટરી આપણને કઠિનમાં કઠિન ગુનાઓ ઉકેલવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે, જેથી ગુનેગારો પણ ફફડતા થયા છે. કાયદો અને વ્યવસ્થા એક રીતે માતા-પિતા જેવી ભૂમિકા અદા કરે છે. જેમ આપણે માતા કે પિતાના સાનિધ્યમાં હોઇએ અને આપણને કોઇનો ડર રહેતો નથી, આપણને સુરક્ષાની અનુભૂતિ થતી હોય છે કારણ કે આપણાં ઉપર માતા-પિતાનું સુરક્ષા કવચ હોય છે એમ ગુજરાતની જનતા ઉપર ગુજરાતના ગૃહ વિભાગ અને ગુજરાત પોલીસના જવાનોનું સુરક્ષાચક્ર છે.

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ સવારના ૧૧-૦૦થી ૧૧-૩૦**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

ફાલ્ગુન ૩૦, ૧૯૪૪ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ)

શ્રી ભરતભાઇ કી. પટેલ**(**વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીસાહેબ અમારા યુવાનેતા બંદરો અને વાહનવ્યવહાર વિભાગની માગણી ક્રમાંકઃ ૭૪ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને વાહનવ્યવહાર વિભાગમાં મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાહનવ્યવહાર ખાતું એ રાજય સરકારનો એક મહત્ત્વનો વિભાગ છે. મોટર વાહન વેરો, રાજય સરકારની મહેસૂલી આવક અને રોજબરોજના જનજીવનની જરૂરીયાતને સ્પર્શતા વિભાગમાં આ ખાતું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વાહન વ્યવહાર ક્ષેત્રમાં જાહેર પરિવહન માધ્યમ એટલે આપણું એસ.ટી. નિગમ. એસ.ટી. નિગમની જયારે વાત કરીએ ત્યારે બે મહત્ત્વના પાસાની ચર્ચા થાય છે, એક એસ.ટી. નિગમનું બસસ્ટેન્ડ અને એસ.ટી. બસ. દેશના વડાપ્રધાન આદરણીય માનનીય નરેન્દ્રભાઇ મોદીસાહેબે પ્રગતિના પાયારૂપ બાબતોમાં અદ્યતન ઇન્ફ્રાસ્ટ્રકચર, રોડ કનેક્ટિવિટી અને અસરકારક પબ્લિક ટ્રાન્સપોર્ટેશનને દેશની ગતિશીલતાની આધારશીલા ગણાવી છે જેની નીતિ સારી હોય, નિયત સારી હોય અને નેતૃત્વ સારું અને સબળ હોય તેજ સરકાર આવું વિકાસલક્ષી બજેટ જે આપી શકે એવા માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબે વાહનવ્યવહાર માટે રૂ.૩,૫૧૪ કરોડની જોગવાઇ કરી છે જે માટે માનનીય નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું. ગુજરાતની સ્થાપના તા. પહેલી મે, ૧૯૬૦ના દિવસે થઇ. ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ ૯૨૦૦ બસોના ૫૦હજારથી વધુ માનવબળ થકી દૈનિક ૫૦હજાર ઉપર ટ્રીપો થકી પાડોશી રાજય મધ્યપ્રદેશ, રાજસ્થાન તથા કેન્દ્ર શાસિત પ્રદેશોમાં સ્વચ્છ, સલામત અને અસરકારક જાહેર પરિવહનની સેવા પૂરી પાડે છે. સમગ્ર ગુજરાતમાં ૧૮૬૭૬ ગામડાઓ પૈકી ૧૮૫૫૪ ગામડામાં એટલે કે ૯૯.૫૦ ટકા ગામડાને એસ.ટી. નિગમની સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. એસ.ટી. નિગમ પોતાના સંચાલનમાં વિવિધ કક્ષાની કુલ ૭૨૬૬ બસો ધરાવે છે જેમાં ૨૭૪ સ્લીપર કોચ, ૧૧૯૩ સેમી લકઝરી, ૫૫૯૬ સુપર ડિલકસ, ૧૨૦૩ મીની બસ અને અન્ય સારી બસો ધરાવે છે. સન ૨૦૨૨-૨૩ના વર્ષમાં રૂ.૩૭૯ કરોડના ખર્ચે ૧૨૦૦ નવી બસોની ખરીદી કરવાની પ્રક્રિયા હાથ ધરી છે અને ૪૦૦ મીની બસ માર્ચ-૨૦૨૩ના અંત સુધીમાં સંચાલન કરવાનું આયોજન છે અને ૪૦૦ સુપર એકસપ્રેસ, ૨૮૦ એ.સી. સ્લીપર કોચ, આગામી ડિસેમ્બર સુધીમાં સરકારે મૂકવાનું આયોજન કરેલ છે. તા.૨૨-૧૦-૨૦૨૨ થી તા. ૨૭-૧૦-૨૦૨૨ના દિવાળીના તહેવારોમાં કુલ ૨,૦૫,૭૦૮ ટ્રીપો પૈકી કુલ ૧,૦૫,૮૭,૧૭૫ મુસાફરોને લાભ આપી રૂ.૫૭ કરોડની વાહન વ્યવહાર વિભાગે આવક મેળવેલ છે પૈકી ૧૪૫૨૪ એકસ્ટ્રા ટ્રીપો કરી રૂપિયા છ કરોડની આવક પણ વાહન વ્યવહાર વિભાગે મેળવેલી છે. રાજય સરકાર દ્વારા અંદાજિત રૂ.૪૧.૨૭ કરોડના ખર્ચે નવા એસ.ટી. ડેપો, એરપોર્ટ જેવી સુવિધાવાળા બસ સ્ટેન્ડો બનાવવામાં આવેલ છે, જેમાં અમદાવાદ, મોડાસા, પાટણ, નવસારી અને ભૂજ ખાતે કાર્યરત કરવામાં આવશે. મારા વલસાડ જિલ્લામાં ખૂબ ખરાબ એસ.ટી. બસસ્ટેન્ડ હતું. જિલ્લાનું મથક હોવા છતાં પણ ખૂબ ખરાબ સ્થિતિમાં વર્ષોથી હતું જે બસસ્ટેન્ડને પાંચ કરોડના ખર્ચે રાજય સરકારે અદ્યતન સુવિધાવાળું બનાવ્યું છે જે માટે રાજય સરકારનો આભાર માનું છું. ૪૦ વર્ષ પહેલાં એસ.ટી. બસમાં મુસાફરી કરતા હોય એના માટે એવી છાપ હતી કે ગરીબમાં ગરીબ માણસ નાછૂટકે એમાં મુસાફરી કરે બાકી મોટા ભાગના લોકો એસ.ટી. બસની જગ્યાએ રીક્ષા અને ટેક્સીમાં મુસાફરી કરવાનું યોગ્ય માનતા હતા. જ્યારે આજે કોઇપણ વર્ગની વ્યક્તિ આરામદાયક, સુવિધાયુક્ત અને સલામત રીતે લાખો લોકો પ્રવાસ કરે છે એ એસ.ટી.નિગમને આભારી છે. માનનીય શ્રી હર્ષ સંઘવી સાહેબનો આભાર માનું છું એટલા માટે કે આ વિભાગ સંભાળ્યા પછી દરેક ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓની મીટિંગ કરી અને એસ.ટી. માટે કોઇપણ પ્રશ્ન હોય તો એની લેખિતમાં ફરિયાદો મગાવી એ ફરિયાદોનો નિકાલ કર્યો છે. અમારા વલસાડ તાલુકામાં કોવિડ-૧૯ દરમિયાન બસો બંધ હતી તે ચાલુ કરાવી આપી એ બદલ આભાર માનું છું. ભૂતકાળમાં રાજકીય પક્ષોએ ૫૦ વર્ષ પહેલાં ગરીબોને ફક્ત વચનો આપી શોષણ કર્યું, પણ અમારી સરકાર લોક સેવાના કાર્યો કરી રહી છે અને સને ૨૦૨૦ માં મારા બજેટ પ્રવચનમાં પણ મેં કહ્યું હતું કે, આ સરકાર સારું કામ કરી રહી છે તો બહુમતિ લાવશે અને ૧૫૬ સીટ લાવીને એ સિદ્ધ કર્યું છે. આ માગણીઓને મારું સમર્થન કરું છું.

શ્રી પી.સી. બરંડા**(**ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, ઘણા લાંબા સમયથી સરકારની અંદર ગૃહ વિભાગમાં કામગીરી કરી છે ત્યારે આજે પહેલાં તો માનનીય મખ્યમંત્રીશ્રી, માનનીય ગૃહ રાજ્યમંત્રીશ્રીનો આભાર માનું છું કે જ્યારે આ સરકારની અંદર ભરતી થયો ત્યારે અને નિવૃત્ત પણ આ સરકારમાં થયો છું. પહેલાંની સરકારોએ કેવી રીતે કામ કર્યું, કેવી રીતે કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરી એ બધાથી આપણે પરિચિત છીએ. કાયદો અને વ્યવસ્થા આ સરકારની અંદર છેલ્લાં ૨૭ વર્ષથી અંકુશમાં છે. કોઇ તકલીફ પડી નથી. મારા ફાળે માગણી નં. ૪૨ અને ૪૩ માટેની વાત છે એમાં એફ.એસ.એલ.ને લગતું છે. ન્યાય સહાયક વિજ્ઞાનની પ્રયોગશાળાની કામગીરી કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ છે અને આ ખાતુ સંવેદનશીલ અને અતિ મહત્ત્વનું તેમજ અગ્રેસર છે. રાજયની ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા અંગે મારા વિચારો આ ગૃહ સમક્ષ મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના ગૃહપ્રધાન અને સહકારિતા મંત્રી આદરણીયશ્રી અમિતભાઇ શાહ સાહેબે સૂચન કર્યું છે કે ૬ વર્ષથી ઉપરની સજા ધરાવતા ગુના હોય એ માટે ફોરેન્સિક લેબનો મહત્તમ ઉપયોગ કરવો. રાજ્યની એફ.એસ.એલ.ને સુદ્રઢ બનાવવા માટે આ વર્ષે બજેટમાં રૂ. ૫૫.૫૩ કરોડની જોગવાઇ કરી છે. ન્યાય ખાતાની વિગતો આપું તો ન્યાય એ કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ છે. મોબાઇલ સર્વિસ, ભૌતિક લેબૉરેટરી, ફોટોગ્રાફી, ડોક્યુમેન્ટ કેમેસ્ટ્રી,

એક્સપ્લોઝીવ, નાર્કોટિક્સ, ડ્રગ્સ, આલ્કોહોલ, બાયોલોજી, ડી.એન.એ. સાયકોલોજી, ફિંગરપ્રિન્ટ વગેરેની કામગીરી આ ગુજરાતનું એફ.એસ.એલ. કરી રહ્યું છે. રાજ્ય કક્ષાએ ગાંધીનગર ખાતે એક એફ.એસ.એલ.ની ઓફિસ છે. એમાં તાબાની પ્રયોગશાળા ૬ છે એમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને વલસાડ. મોબાઇલ ઇન્વેસ્ટિગેશન ૪૭ જેટલી છે. રાજ્યની આ એફ.એસ.એલ.ની આંતરરાષ્ટ્રીય ધારા-ધોરણ મુજબ એને માન્ય કરવામાં આવી છે. એમાં આઇ.એસ.ઓ., આઇ.એ.સી. ૧૭૦૨૫, ૨૦૦૧૭, માન્યતા ધરાવતી દેશની આ પ્રથમ પ્રયોગશાળા છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની એફ.એસ.એલ. વર્ષ ૨૦૦૨માં આઇ.ટી.એક્ટ પ્રમાણે ૭૯-એ હેઠળ માન્યતા ધરાવે છે. આ સહાયકી કામગીરી ગુનાનું પરિક્ષણ કરવું, ગુના સંબંધિત ભૌતિક, જૈવિક, ઇલેક્ટ્રોનિક તથા મનોવૈજ્ઞાનિક પૂરાવા એકત્રિત કરવા, તપાસ અધિકારી સુધી રિયલ ઓફિસરને મોકલી આપવા, રાજ્યની પોલીસ ઉપરાંત કેન્દ્રીય તપાસ સંસ્થાઓ દ્વારા તેનો ઉકેલ લાવવો. આ એફ.એસ.એલ. લગભગ ટેકનોલોજીથી ૨૦ કાર્યક્રમો કરી રહી છે. એક ઉદાહરણ આપું તો ઓડિશા રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી નબ કિશોર દાસની હત્યા કરવામાં આવી. એમાં એમના અંગરક્ષક ગોપાલદાસે જ હત્યા કરી હતી. ઓડિશા સરકારને પડકાર આવ્યો ત્યારે ગુજરાતની એફ.એસ.એલ.માં રિપોર્ટ કરવામાં આવેલો અને અહીંથી ગુજરાતની ટીમ બનાવના સ્થળે જઇને રિકન્ટ્રકશન કરે છે. કયુ આર્મ્સ અને કયુ વાહન વપરાયું છે એ બધી વાતો કરે છે અને છેલ્લે આ એફ.એસ.એલ. સરકારને રિપોર્ટ આપે છે. એવી જ રીતે ગુજરાતની એ.ટી.એસ. દ્વારા વસીમ અને નઇમ નામના બે આતંકવાદીઓને પકડેલા. એમની પાસે મોબાઇલ ફોન, બોમ્બ બનાવવાનાં સાધનો અને પેનડ્રાઇવ હતાં એ તમામે તમામ કબજે કરીને એનું પરિક્ષણ કરવામાં આવ્યું. છેલ્લે આ કેસ એન.આઇ.એ.ને સોંપવમાં આવેલો અને એન.આઇ.એ. દ્વારા તપાસ કરતા એમને (અંતરાય)...

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપૂરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી માગણી નંબર ૭૪ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે રાજ્ય સરકાર માર્ગ અને વાહન સલામતી માટે ખૂબ જ સંવેદનશીલ રાજ્ય સરકાર સલામતી સુનિશ્ચિત કરવા સરકારે રોડ સેફ્ટિ ઓથોરિટીની રચના કરી કામગીરી શરૂ કરેલ છે અને રાજ્યની શાળા, કોલેજ, યુનિર્વસિટી તેમજ સરકારી ખાનગી ક્ષેત્રના વિદ્યાર્થીઓને સલામત ડ્રાઇવિંગ તથા ટ્રાફિક નિયમો અંગે જાગૃત્ત કરવા માટે શિબિરનું આયોજન કરેલ છે. વાહન વ્યવહાર વિભાગની વાત કરું તો મારી પડોશમાં રાજસ્થાન આવેલું છે અને રાજસ્થાન નજીક છે. રાજસ્થાનમાં વાહન વ્યવહાર કે અન્ય રોડ-રસ્તાઓ ખૂબ તકલીફવાળા છે. જ્યારે ગુજરાત રાજ્યની બોર્ડર પાર કરે તો ખરેખર દેખાય છે કે રોડ-રસ્તા અને વાહન વ્યવહારમાં સારી એવી સગવડ આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયેલી છે. મારા ફતેપૂરા અને સંજેલી તાલુકાને બસ સ્ટેશન ન હતું ત્યાં આજે બસ સ્ટેશનની સુવિધા ઉપલબ્ધ કરી છે. અગાઉ કોંગ્રેસની સરકારોમાં વાહનોની સગવડ ન હતી અને ત્યારે બસને ધક્કા મારવા પડતા હતા અને ડ્રાઇવર કે કંન્ડક્ટરને રાત્રે રસ્તામાં સૂવું પડતું હતું. આજે આપણી સરકારમાં સુરક્ષિત રીતે સારી નવી બસોની સરકારે સુવિધા કરી છે. હું પણ મારા વિસ્તારની અંદર પેસન્જરો માટે બસોની સારી સગવડ છે ત્યારે કોંગ્રેસના વખતમાં બસ ક્યારે બગડી જાય અને ક્યારે ધક્કો મારવો પડે અને એવા રોડ રસ્તા પણ ન હતા. આજે રોડ રસ્તા એવા છે કે આપણા પેટનું પાણી પણ ન હલી શકે એવા રોડ બનાવ્યા છે. મારા ફતેપૂરા વિધાનસભાની અંદર સૌથી સારા રસ્તાઓ બનાવ્યા છે. સરકારશ્રી દ્વારા નિગમને નવાં વાહનો ખરીદવા માટે બજેટમાં જોગવાઇ કરી છે ત્યારે વર્ષ ૨૦૨૧-૨૨ માં કુલ ૧,૦૦૦ નવા વાહનો પૈકી ૫૦૦ સુપર એક્સપ્રેસ વાહનો અને ૩૦૦ જેટલી લકઝરી બસ ખરીદેલી. અગાઉ બસની અંદર કોઇ દીકરી કન્ડકટર કે ડ્રાઇવર બની શકતી નહોતી. આજે અમારા આદિવાસી ભાઇ-બહેન ૨૪ કલાક ખડે પગે બસની અંદર કન્ડકટરી કરે છે ત્યારે એ ખૂબ આવકારવા લાયક છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા શહેરો હોય કે ગામો હોય આંતરાષ્ટ્રીય પરિવહન હોય ખૂબ સારી સેવા કરવામાં આવે છે. રસ્તાની અંદર અકસ્માતના બનાવો બનતા હોય છે ત્યારે અકસ્માતો ઘટાડવા માટે માર્ગ સલામતી, જાગૃતિ ફેલાવવા માટે ટ્રાફિક અને નિયમોના અમલીકરણની ભૂમિકા જેટલી અગત્યની આ સરકાર દ્વારા માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવી સાહેબ ખૂબ જાગૃત અને યુવા તરીકે ફરજ બજાવી રહ્યા છે. હું મારા વિસ્તારની કોઇપણ માગણી લઇને જઉં તો માગણીનો સ્વીકાર કરીને તાત્કાલિક પરિપૂર્ણ કરે છે. આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર હરહંમેશા આપણા દેશના વડાપ્રધાન મોદીસાહેબે દાહોદ હોય કે ગુજરાત હોય એમણે દરેક વિસ્તારનો ખૂબ વિકાસ કર્યો. અમારા આદિવાસી વિસ્તારના લોકોના હૃદયની અંદર મોદીસાહેબ છે. એમણે દાહોદનો ખૂબ વિકાસ કર્યો અને ગુજરાતની અંદર ૨૦૨૪ ની ચૂંટણી આવશે ત્યારે જંગી લીડથી મોદીસાહેબ જીતે અને હજીપણ વધુ સારો વિકાસ થાય અને આ માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું એને સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓના એટલા વખાણ કરે છે કે જો કોઇ કામ બાકી રહી ગયું હશેને તો પણ હમણા થઇ જશે.

શ્રી કેયુર ના. રોકડિયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગની ૬૬૦૦કરોડથી વધુની માગણી ગૃહ સમક્ષ લઇને આવ્યા છે ત્યારે સમર્થન આપું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

## ફાલ્ગુન ૩૦, ૧૯૪૪ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર એક સમય હતો કે જયારે છાશવારે તોફાનો થતાં હતાં. વારંવાર કરફયુની પરિસ્થિતિ ગુજરાતની જનતાને ભોગવવી પડતી હતી. આ બધું લોકોએ જોયું છે. લોકોએ અનુભવ્યું છે. કેટલાક બદમાશોના નામે તો શહેરો ઓળખાવા માંડયા હતા. સુરત મહંમદ સુરતીના નામે, અમદાવાદ લતીફના નામે આવું ઓળખાવા માંડયું હતું. આ બધું અને આ બધાને પૂરું કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇથી લઇને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ સુધી અને માનનીય તત્કાલિન ગૃહમંત્રી અમીતભાઇ શાહથી લઇને આજના ગૃહમંત્રી હર્ષભાઇ સંઘવી સુધી એક સક્ષમ નેતૃત્વ અને નાગરિકોને સલામતી અને સુરક્ષા પૂરા પાડવાની દિશામાં એક સક્ષમ નેતૃત્વ એમણે આપ્યું છે ત્યારે એ તમામને હું આજના દિવસે અભિનંદન આપું છું. ઘણીબધી વાત આગળના વકતાઓએ આ વિષયમાં કરી છે, પરંતુ સરકારે જે કેટલીક સ્પેશિયલ ડ્રાઇવના માધ્યમથી સમાજના દૂષણ હોય કે દબાણ હોય આ તમામને હિંમતભેર જે દૂર કરવાનું કામ કર્યું છે એ વિશે હું મારી થોડી ક વાત મૂકવા માગું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી એટલે કે દાદાનું બુલડોઝર ફરે અને એ પણ અનઅધિકૃત દબાણો ઉપર ફરે ત્યારે બધાને યોગી યાદ આવે છે. આ બુલડોઝર ચાલ્યું ને તો કેટલાકના છાતીના પાટિયા પણ બેસી ગયા હતા. ના રહેવાય, ના સહેવાય. બરાબરને શ્રી ઇમરાનભાઇ? ના રહેવાય, ના સહેવાય એવી હાલત હતી. પણ શું થાય? સરકારની દબાણ સામેની જે આ ઝુંબેશ છે એના માટે માનનીય મુખ્યમંત્રી અને માનનીય ગૃહમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આવી જ બીજી ડ્રાઇવ કે કોઇ સામાન્ય નાગરિક હોય એને કદાચ હોસ્પિટલનો ખર્ચ આવ્યો હોય, બાળકને ફી ભરવાની વાત હોય કે દેખાદેખીનો પણ ખર્ચ હોય આવા મધ્યમ અને ગરીબ વર્ગના પરિવારો એ વ્યાજની ચુંગાલમાં ફસાતા હતા ત્યારે આ સરકાર, માનનીય ગૃહમંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વ્યાજની ચુંગાલમાંથી છોડાવવાનું કામ માત્ર નથી કર્યું, પણ એનાથી આગળ વધીને પોલીસ વિભાગ અને ગૃહ વિભાગ દ્વારા એમને લોનની સમજ આપવાનું અને લોન અપાવવાનું પણ કામ કર્યું છે માટે ગૃહમંત્રીશ્રીને અભિનંદન આપું છું. એવી જ એક બીજી ડ્રાઇવની વાત કરું તો તાકીદની જાહેર અગત્યની બાબત અંગે ૧૧૬-ની નોટિસ સાથી સભ્યોએ આપી હતી અને તે બાબતમાં ડ્રગ્સના વિષયમાં આ સભાગૃહમાં સવિસ્તૃત ચર્ચા પણ થઇ હતી. ત્યારે માનનીય ગૃહમંત્રીએ એવું કહ્યું હતું કે, ગુજરાતના યુવાનો ડ્રગ્સના રવાડે ન ચડે અને તેનાથી વધારે ગુજરાતની ધરતી તેનું ટ્રાન્સપોર્ટેશન હબ ન બને તથા બીજાં રાજ્યોના યુવાનો આ ડ્રગ્સની કુટેવથી બચે તેના માટે ગુજરાતની ધરતીનો ઉપયોગ ન થાય તે દિશામાં કડક કાર્યવાહી આ ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવી છે તેના માટે ગૃહમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ નાર્કોટીક્સના વિષયની અંદર સરકાર ઝીરો ટોલરન્સની નીતિથી ચાલી રહી છે અને તેનાથી આપણું યુવાધન બચવાનું છે તેવો મને સંપૂર્ણ વિશ્વાસ છે. આ દિશાની અંદર આવો જ બીજો એક સંવેદનશીલ વિષય એટલે કે મહિલા સુરક્ષા અને બાળકોની સુરક્ષા. આ વિષયની અંદર પણ બીજા રાજ્યો કરતાં ગુજરાતની પરિસ્થિતિ ખુબ સારી છે. માનનીય શૈલેષભાઇ બધા આંકડા આપતા હતા, પણ બીજાં રાજ્યોના આંકડા આપવાનું તે ભૂલી ગયા. બાકી ગુજરાતની સ્થિતિ આજે પણ ખૂબ સારી છે. કાલથી ચૈત્રી નોરતાનો પ્રારંભ થાય છે. આવી રીતે દિવાળીના સમયે નોરતા પછી આ રાજ્યની મહિલાઓ બેરોકટોક રાત-દિવસ સુધી ફરી શકે છે. કોઇ બદમાશની એવી હિંમત નથી કે સીટી પણ મારી શકે. આનું કારણ છે ગુજરાતનો ગૃહ વિભાગ અને ગુજરાતની પોલીસ. આ મહિલાઓને સમજ આપવા, ટ્રેનિંગ આપવા, સુરક્ષા આપવા માટે રાજ્યના શહેર અને જિલ્લાઓમાં કુલ ૩૯ મહિલા પોલીસ સ્ટેશનોની સ્થાપના કરવામાં આવી છે. આ દરેક શહેર જિલ્લામાં પોલીસ સ્ટેશનદીઠ સપોર્ટ સેન્ટર.....

અધ્યક્ષશ્રી : એક મિનિટ કેયુરભાઇ. માનનીય સભ્યશ્રીઓને વિનંતી કે બેઠાં બેઠાં વાત કરવાની નથી. તમારે વાત કરવી હોય તો બહાર જઇને વાત કરી શકો છો. નહીં, શ્રી ઇમરાનભાઇ પણ નહીં અને શ્રી કાન્તિભાઇ પણ નહીં. બહાર જઇને ચર્ચા કરો. અહીં ચૂપ બેસો. તમારે વાત કરવી હોય તો બહાર નીકળો. એમની વાત નથી. બંને બાજૂના સભ્યશ્રીઓ માટે આ સૂચના છે. ગેનીબેન તમે પણ આ વાતોમાં ભાગીદાર ન થાઓ. ચાલો આગળ.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના દરેક શહેર જિલ્લામાં પોલીસ સ્ટેશનદીઠ સપોર્ટ સેન્ટર મહિલાઓની સુરક્ષા માટે વન સ્ટોપ ક્રાઇસીસ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. જેનાથી મહિલાઓને કાયદાકીય, પોલીસ, તબીબી સહાય અને જરૂર પડે તો કાઉન્સિલિંગ આ તમામ એક જ જગ્યા ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. કાલે અમારા સાથી મહિલા સદસ્ય ચિંતા કરતા હતા કે ગુડ ટચ અને બેડ ટચની માહિતી દીકરીઓ/મહિલાઓને આપવી જોઇએ. તેના માટે રાજ્યની અંદર આ વર્ષે ૪૨૭૫ જેટલા સેમિનાર દ્વારા ૨ લાખ ૬૩ જેટલી વિદ્યાર્થિનીઓને આ વિષયની અંદર સમજ આપવામાં આવી છે. મહિલાઓને મુકત વાતાવરણ મળે, છેડતી, બળાત્કાર, જાતીય સતામણી જેવા બનાવો ઉપર અંકુશ આવે તેના માટે ૭૦૬ પોલીસ સ્ટેશનમાં શી-ટીમની રચના કરવામાં આવી છે અને તેના માધ્યમથી આ શી-ટીમ કોરોનાના સમયમાં ફેરિયાઓને રસી આપવા ઉપરાંત સુરક્ષા આપતી હતી. કાલે એક સદસ્યશ્રી કહેતા હતા કે, જસ્ટીસ ડીલે ઇઝ જસ્ટીસ ડિનાઇડ. તો કેટલાક એવા કામ પણ ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવે છે કે, બળાત્કાના ગુના સામે ગણતરીના દિવસોની અંદર ચાર્જશીટ ફાઇલ કરવામાં આવી હોય અને ફાંસીની સજા પણ આપી હોય.

અધ્યક્ષશ્રી : માનનીય કેયુરભાઇ આપનો સમય પૂરો થયો છે. માનનીય હાર્દિકભાઇ પટેલ.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ૩૦ સેકન્ડ આપો.

અધ્યક્ષશ્રી : શ્રી હાર્દિકભાઇ, એક મિનિટ બેસજો. ૩૦ સેકન્ડ જ મળશે.

તા. ૨૧મી માર્ચ, ૨૦૨૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ)

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે આવા અનેક કિસ્સાની અંદર ખૂબ ઝડપથી ન્યાય આપવાનું કામ ગૃહ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. રાજ્યમાં પોલીસ અને અનામત દળમાં મહિલાઓની ભાગીદારી વધારવા માટે અને એસ.આર.પી.ની એક બટાલિયન ઊભી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે ત્યારે એક ગીતના શબ્દો યાદ આવે છે. "**तुं खुद की खोज में निकल, तु किस लिए हताश है, तु चल तेरे वजूद की समय को तलाशहै, ये तुझ से लिपटी बेड़ियां, समज न इनको वस्त्र तुं, ये बेड़ियां पिगाल कर बना ले इनको शस्त्र तुं।।**" આ શસ્ત્ર બનાવવાનું કામ તે ગૃહ વિભાગ અને મુખ્યમંત્રીશ્રી કરી રહ્યા છે એટલે તેમને અભિનંદન આપીને આ તમામ માગણીઓને હું સમર્થન આપું છું અને આપ પણ સમર્થ આપો તેવી વિનંતી કરું છું.

શ્રી હાર્દિક ભ. પટેલ(વીરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા યુવા અને ખૂબ પ્રભાવશાળી માનનીય ગૃહમંત્રીએ ગૃહ વિભાગની માગણી ક્રમાંક-૪૨ અને ૪૩ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજથી વીસથી બાવીસ વર્ષ પહેલાનું ગુજરાત અને ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અહીંયાં ઉપસ્થિત સૌ સદસ્યશ્રીઓએ અને ગુજરાતની જનતાએ જોયેલી છે. પરંતુ વર્ષ ૨૦૦૨માં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે માનનીય નરેન્દ્રભાઇએ સત્તા સંભાળી અને તે બાદ ગુજરાતનો આંતરિક કાયદો અને વ્યવસ્થાને સુરક્ષિત અને મજબૂત બનાવવાનું કામ તે સમયે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં થયું છે. મને કહેતા વિશેષ આનંદ થાય છે કે, માનનીય ગૃહમંત્રીશ્રીના નેતૃત્વમાં, ભારતીય જનતા પાર્ટીની સરકારના નેતૃત્વમાં માત્ર પોલીસનું બળ જ મજબૂત કરવાનું કામ નહીં, પરંતુ સમયની સાથે સાથે છેલ્લાં ૫ વર્ષમાં ગુજરાત પોલીસને ટેકનોલોજી ક્ષેત્રમાં પણ મજબૂત કરવાનું કામ ગુજરાતની સરકારે કર્યું છે. મને કહેતા વિશેષ આનંદ છે કે, પોલીસ કચેરીના નિર્માણ તથા આધુનિકીકરણ માટે રૂ.૨૫૭ કરોડની જોગવાઇ કરવા બદલ માનનીય નાણામંત્રીશ્રીનો હ્રદયથી આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જેમ જેમ સમાજ વધુ શિક્ષિત અને ટેકનોસેવી થતો જાય તેમ તેમ પોલીસની કાર્યશૈલીમાં પણ અનુરૂપ ફેરફાર કરવાનું જરૂરી બનતું હોય છે. ખાસ કરીને ટેકનોલોજી પ્રેરિત જીવન ધોરણના કારણે ગુનાઓના પ્રકાર અને ગુનાઇત માનસિકતા અને પદ્ધતિમાં પણ વિશાળ પરિવર્તન થયેલું છે, જેથી આવા બદલાતા ગુનાઓ અને ગુનેગારોને કાયદાના શસ્ત્રોથી નાથવા માટે પોલીસ વિભાગને પણ વધુમાં વધુ આધુનિક અને ઉત્તમ સંશોધનથી સબળ બનાવવું ખૂબ જરૂરી હોય છે અને ત્યારે પોલીસ વિભાગે માનનીય ગૃહમંત્રીશ્રીના નેતૃત્વમાં આ માટે બદલાતા પ્રવાહ અનુસાર પોલીસ વિભાગની કામગીરીમાં પણ ઘણા બધા ફેરફારો કરવાનું કામ પોલીસ વિભાગમાં થયું છે. ખાસ કરીને સંદેશા વ્યવહાર, વાહનો, શસ્ત્રો, સર્વેલન્સ સિસ્ટમ, નવા ગેઝેટ જેવી બાબતોમાં પોલીસે દૈનિક કામગીરીઓ સાથે સંકળાયેલી જેટલી પણ ટેકનોલોજી પદ્ધતિ છે એને વિશેષ બનાવવાનું કામ કર્યું છે. આ ગૃહમાં ત્રણ-ચાર વખત ડ્રગ્સ બાબતે ખૂબ ચર્ચાઓ થઇ છે અને અહીંયા વિપક્ષે પણ એ ચર્ચાઓમાં ખૂબ ખુલ્લામને ભાગ પણ લીધો છે. હમણા પણ માનનીય શૈલેષભાઇ અને વિપક્ષના અન્ય સદસ્યો કહેતા હતા કે, પોલીસ દ્વારા વિવિધ પ્રક્રિયાઓની અંદર પોલીસનો શું રોલ છે, પોલીસનું શું કામકાજ છે? પણ મને ખૂબ દુઃખ લાગે છે કેમ કે, અમે પણ એક સમયે આંદોલનના માધ્યમથી પરિસ્થિતિ જોઇ છે. આજ દિન સુધી આ ગૃહની અંદર ડ્રગ્સ પકડવાની બાબત હોય, આરોપીઓને પકડવાની બાબત હોય, ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થાને મજબૂત બનાવવાની બાબત હોય એમાં ક્યારેય પણ વિપક્ષના સભ્યોએ પોલીસનું મોરલ મજબૂત કરવાનું કામ આજ દિન સુધી આ ગૃહની અંદર કે બહાર નથી કર્યું અને ત્યારે આજે મારે કહેવું પડે છે કે, પોલીસ વિભાગ દિવસેને દિવસે ટેકનોલોજીને ખૂબ મહત્ત્વ આપી રહ્યું છે. સર્વેલન્સ કેમેરાની વાત હોય, બોડી વોર્ન કેમેરાની વાત હોય, ડ્રોન કેમેરાની વાત હોય અને એમાં પણ ખાસ કરીને આપણે બધા જ જાણીએ છીએ કે નાર્કોટીક્સના કારણે આપણા યુવાનોનું ભવિષ્ય બરબાદ થતું જાય છે ત્યારે પોલસ વિભાગે નાર્કોટીક્સને પકડવા માટે, ગુનેગારોને પકડવા માટે એક વિશેષ પોર્ટેબલ એક્સ-રે ઇમેજિંગ સિસ્ટમ પણ લાગુ કરી છે જેના કારણે આ સિસ્ટમનો ઉપયોગ કરીને વાહનમાં કે કોઇ પણ સાધનમાં છુપાયેલ નાર્કોટીક્સ કે મેટલ ઓબ્જેકટની છબિ મેળવવા માટે ખૂબ ઇમ્પોર્ટન્ટ અને મહત્ત્વપૂર્ણ સાબિત થયું છે. માનનીય શૈલેષભાઇ માટે મારે એક બે વાત કરવી છે કેમ કે, તેઓ ઘણી વાર એવું કહેતા કે ડ્રગ્સ ક્યાં પકડાય છે, ક્યાંથી લેવાય છે? એટલા માટે પોલીસ વિભાગ દ્વારા રેપિડ ડ્રગ્સ ટેસ્ટ પણ કરવા માટે વિશેષ આયોજન થઇ રહ્યું છે કે જેથી કોઇ પણ જગ્યાએ આવી ઘટના બને તો તરત ટેસ્ટ કરીને આવા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરી શકાય. હું વીરમગામ વિધાનસભામાંથી આવું છું, મને બરાબર યાદ છે કે જ્યારે અમે નાના હતા અને સ્કૂલમાં ભણતા હતા ત્યારે અચાનક બેલ વાગે અને કહેવામાં આવે કે આજે છોડી દેવાના છે કેમ કે ગામમાં તોફાન થયું છે. આમ વીરમગામમાં એક સમયે કોમી ઘટનાઓ ખૂબ બનતી હતી પણ આજે મને વિશેષ આનંદ એ વાતનો છે મેં ચૂંટણીમાં પણ ખૂબ મોટા મનથી આ વાત કરી હતી કે, વીરમગામની અંદર છેલ્લાં ૨૨ વર્ષથી જ્યારથી માનનીય મુખ્યમંત્રી તરીકે માનનીય નરેન્દ્રભાઇએ ગુજરાતનું શાસન સંભાળ્યું ત્યાર પછીની કોઇ પણ સરકારમાં એક પણ તોફાન વીરમગામની અંદર નથી થયું

અને હજુ થોડાંક સમય પહેલાં જ વિરામનો સમય હતો અને માનનીય ગૃહમંત્રીશ્રી સાથે મારે મારા વિસ્તારના પંદરેક ખેડૂતોની સાથે છેતરપિંડીની ઘટના બની અને હું મળવા ગયો ગૃહમંત્રીશ્રીએ મારી સામે જ જિલ્લાના એસ.પી.ને ફોન કરીને કહ્યું આ ખેડૂતો અત્યારે તમારી પાસે આવે છે તમે તત્કાલ તેમને મદદ કરવાનું કામ કરો. એટલે હું તો એવુ માનું છું કે, વિપક્ષના સદસ્યો હોય કે

કોઇ પણ લોકો હોય ગૃહમંત્રીશ્રીનું પણ મોરલ વધુ મજબૂત બને, પોલીસનું પણ મોરલ વધુ મજબૂત બને, ગુજરાતની સુરક્ષા વધુ મજબૂત થાય તેના માટે કયાંક અને કયાંક કામ કરવું જોઇએ અને વિપક્ષના સદસ્યોએ આમાં ખૂબ હ્દયથી સહયોગ અને મદદ કરવી જોઇએ એવી હું આપ સૌને ખૂબ વિનંતી કરું છું, ધન્યવાદ.

ડો. સી.જે. ચાવડા(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મારા તજજ્ઞ શ્રી જીતુભાઇ સાહેબ વાત કરતા હતા પણ,

"सच्चाई छुप नहीं सकती, बनावट के उसुलों से,
खुश्बु कभी आ नहीं सकती, कागज़ के फूलों से॥

આટલી વાત જરા તેમને પહોંચાડજો.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની પોલીસને હું ખૂબ ધન્યવાદ આપું છું એટલા માટે કે ગુનેગારને સુધારતા બહુ સમય નથી લાગતો. ગઇકાલ સુધી જેને *(xxx) આજે દેશભકિતની વાતો કરે છે. એક કવિએ બહુ સરસ કહ્યું છે કે, આ રાજયમાં શું થયું ?

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, (xxx) પણ રાજદ્રોહની કલમ લાગેલી છે એટલે આ ગૃહની અંદર (xxx) અને રાજદ્રોહની કલમ ઉપર ઘણી બધી ચર્ચા કરવી જોઇએ. એટલે મારી આપને વિનંતી છે કે, રેકર્ડ ઉપરથી ( xxx) શબ્દ હટાવવામાં આવે કેમ કે અમારી દેશભકિત મને ખ્યાલ ના હોય4 કેમ કે અમે સરદાર પટેલના વંશજો છીએ.

અધ્યક્ષશ્રી : (xxx) જે કહેવામાં આવ્યું તે રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કે ગાંધી વગરનું નગર એવુ+ બન્યું આ ગાંધીનગર, જોયા કરો ટગર-વગર એવું બન્યું આ ગાંધીનગર. અહીં જમવામાં જગલો, માર ખાવામાં ભગલો, પહેરે મોટાં ડગલો અને કામ કોઇનાં થાય નહીં અને થાય તો સમજી લો મિનિસ્ટરનો સગલો એવું આ ગાંધીનગર.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં ઘણા બધા આક્ષેપે કોંગ્રેસના શાસનના કરવામાં આવ્યા, પણ આ ગાંધી અને સરદારનું ગુજરાત, કૃષ્ણ ભગવાનનું ગુજરાત, સહજાનંદ સ્વામીનું ગુજરાત એ ગુજરાતમાં આજે જે આ વાતો થઇ રહી છે તે આ ગૃહમાં શોભતી નથી. આ રાજયમાં ત્રણ વસ્તુઓ વધી (અંતરાય) હું ટૂંકમાં જ કહીશ તમને સીધુ+ ઉતરી જાય એટલા માટે કે ડ્રગ્સ, દારૂ અને દેવું તેની ચિંતા આપણે બધા ભેગા થઇને કરીએ. આ સરકાર ૬ કરોડ જનતાની છે જ નહીં ૬ કરોડપતિઓની સરકાર છે અને કોઇ પ્રજાની ચિંતા કાયદો કે વ્યવસ્થાની ચિંતા થતી નથી. હમણાં કોંગ્રેસના શાસનમાં આમ થયું, તેમ થયું લતીફના નામે ઓળખાતું હતું. અત્યારે તો આખા તાલુકાના તાલુકાઓ કોના નામે ઓળખાય છે આપણે જાણીએ છીએ. મારે તેમાં પડવું નથી કારણ કે આપ બધા જાણો છો એટલે પડતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જીવતા સળગાવવાની વાત થઇ ત્યારે રાજય કોનું હતું? લોકશાહીના મંદિર સંસદ ઉપર હુમલો થયો ત્યારે રાજય કોનું હતું? અક્ષરધામ તે સહજાનંદ સ્વામીનું પ્રતીક અને સ્વામીનારાયણ સંપ્રદાયના વડાનું મંદિર અક્ષરધામ ઉપર હુમલો થયો અને અક્ષરધામ કયાં આવેલું છે? તમારા બધાથી કેટલું નજીક છે? તેના ઉપર હુમલો થયો ત્યારે કોનું રાજય હતું? આ શાસ્ત્રોમાં બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા, બાળહત્યા અને ગૌહત્યા તેને નિષેધ ગણવામાં આવી છે. કોઇ પણ રાજાના રાજ્મમાં આ બને તો સારું નહીં. માનનીય અધ્યક્ષશ્રી, હરેન પંડ્યાની બ્રહ્મહત્યા થઇ છે. આપણે કોણ જવાબદાર છે તેમાં પડતા નથી પણ રાજયમાં ન થવું જોઇએ, એ થયું છે. કૉન્સ્ટેબલથી લઇને પી.એસ.આઇ, પી.આઇ., ડી.વાય.એસ.પી., ડી.એસ.પી., ડી.આઇ.જી., આઇ.જી., ડી.જી.પી. અને રાજ્યના ગૃહમંત્રીને પણ જેલમાં જતા જોયા છે. આ કેમ બન્યું એનું મંથન કરે એટલું કહીને મારી વાત પૂરી કરું છું.

શ્રી કરશનભાઇ પું. સોલંકી(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ગૃહ વિભાગ અને બંદરો અને વાહન વ્યવહાર વિભાગના મંત્રીશ્રી હર્ષ સંઘવી સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે એને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૮૫માં કરસનજી મગનજી ઠાકોર સાહેબ નંદાસણથી કડી તાલુકા પંચાયતમાં આવતા હતા. તેઓ બે કલાક બેસી રહેતા હતા. એ વખતે એસ.ટી.ની સુવિધા નહોતી. હું પૂછું કે, ''સાહેબ એસ.ટી.ની સુવિધા છે?'' એટલે કહે કે,''બે કલાકની વાર છે.'' અમારી સરકાર આવ્યા પછી અડધા-અડધા કલાકે એસ.ટી. મળે છે. એ પણ એ.સી. એસ.ટી. મળે છે. ગમે ત્યારે ગમે તે છેડે જવું હોય તો અડધા કલાકમાં એસ.ટી. મળી રહે છે. આવી અમારી સુવિધા છે. કૉંગ્રેસ સરકાર વખતે ધો.૪ પાસ શિક્ષકો હતા. તે કાંઇ ભણાવતા નહોતા. અમારી સરકાર આવ્યા પછી કૉલેજમાં જઇ અને ભણીને ગામડામાં વિદ્યાર્થીઓને ભણાવતા હતા. ગામડામાં ભણતરની સુવિધા ન હતી. અમારા ગરીબ ભાઇઓ લાકડાં લઇને કડી વેચવા જતા હતા. માથે લાકડાંનો ભારો ઉપાડીને અમારા ભાઇઓ જતા હતા. એ વખતે એસ.ટી.ની સુવિધા નહોતી. કોઇ ખેતીવાડી કરતું હોય તો એ બળદગાડું લઇને બજારમાં ખરીદી કરવા જતા હતા. અમારી સરકાર આવ્યા પછી એસ.ટી.ની પૂરેપૂરી સુવિધા મળે છે અને આ કામ ભાજપ સરકારે કર્યું છે. કૉંગ્રેસ સરકાર વખતે એસ.ટી.ની પૂરતી સુવિધા ન હતી. અમારી ભાજપ સરકાર આવી પછી અંબાજી, સોમનાથ, પાવાગઢ જેવા યાત્રાધામ જવા માટે પણ એસ.ટી.ની સુવિધા છે. બીજાં રાજ્યોમાં જવા માટે હેલિકૉપ્ટરની પણ વ્યવસ્થા કરી છે. આ ભાજપ સરકારનું કામ છે. કૉંગ્રેસ સરકાર વખતે ગરીબ ભાઇઓને લગ્ન કરવા માટે

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એસ.ટી.ની સુવિધા મળતી ન હતી. લગ્નવિધિ વખતે રૂ.૧૨૦૦માં ૨૦ કિ.મી. અને ૨૦ કિ.મી.થી વધારે કિ.મી. માટે રૂ.૩૦૦૦માં બસની સુવિધા કરવામાં આવતી હતી. આ કામ ભાજપ સરકારે કર્યું છે. ગુજરાતના પાડોશી રાજ્યો જેવા કે મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ જવા માટે પણ એસ.ટી.ની સુવિધા ઉપલબ્ધ છે. જેમ પૃથ્વી અને ચંદ્ર ફરે છે એમ અમારી એસ.ટી. ફરે છે. કૉંગ્રેસની સરકાર વખતે વિદ્યાર્થીઓને શાળાએ જવા માટે એસ.ટી. બસની સુવિધા ન હતી. અમારી સરકાર આવ્યા પછી કન્યાઓ મફત પાસ મેળવીને મુસાફરી કરી શકે છે. પહેલાં ગામડાઓમાં કોઇ સાધન નહોતાં. જે ગરીબ માણસ મજૂરીએ જાય એ ૧૫ દિવસના ભાડામાં ૩૦ દિવસ સુધી એટલે કે ૫૦ ટકા કિંમતમાં બસમાં મુસાફરી કરી શકે છે. આમ, માનનીય મંત્રીશ્રી હર્ષ સંઘવી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું સ્વીકારું છું.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના અમારા યુવા ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ જે માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, કૉંગ્રેસના મિત્રો વારંવાર ગુજરાતના ગૃહ મંત્રાલય અને ગુજરાતની સરકાર અને કર્મઠ કાર્યકર્તાઓને બદનામ કરવા માટે અવનવા આક્ષેપો કરતા હોય છે ત્યારે હું કહેવા માગું છું કે આ ગુજરાતની એ જ પોલીસ છે, આ ગુજરાતની એ જ સરકાર છે કે જ્યાં અડધી રાત્રે ગુજરાતની મા, બહેન, દીકરીઓ છૂટથી ફરી શકે છે. એ આ ગૃહ મંત્રાલયને આભારી છે. ગુજરાતની પોલીસને આધુનિક કરવાનું કામ, એની સગવડો વધારવાનું કામ આ રાજ્ય સરકારે સમયાંતરે કર્યું છે. ગુજરાતના ગૃહ મંત્રાલય અને અમદાવાદની ક્રાઇમ બ્રાંચે એવા ગુનાઓ ઉકેલ્યા છે કે જે દેશમાં બીજી પોલીસ ઉકેલી શકી નથી. ૧૦૦ નંબર ડાયલ કરો અને એક જગ્યાએથી નહિ પણ બે-ત્રણ જગ્યાએથી પોલીસ પહોંચી જાય. આંખના પલકારામાં પોલીસ એમની સેવામાં ઊભી રહે. આ એ સરકાર અને આ ગૃહ મંત્રાલયની વાત કરું છું. આ સુરક્ષિત ગુજરાત છે. હમણાં માનનીય ચાવડા સાહેબે ભાઈલોગની વાત કરી તો એક તાલુકો બતાવો કે જે ભાઈલોગથી ઓળખાતો હોય. કૉંગ્રેસના શાસનમાં એક-એક તાલુકો, એક-એક જિલ્લો ભાઈલોગથી ઓળખાતો હતો. તમે નામનું કહેતા હોય તો અમે અનેક નામો આપીશું. ફક્ત ઠાલા આક્ષેપો કરવાથી નહિ ચાલે. તમારા રાજમાં એ દિવસો પણ જોયા છે જ્યાં જિલ્લાઓમાં બોર્ડ મારેલા હોય કે ''અહીંયા તમારી કાયદો અને વ્યવસ્થાની હદ પૂરી થાય છે.'' કારણ કે રાજકીય આકાઓના સંરક્ષણ નીચે આ ગુજરાતમાં ગુંડાગીરી ચાલતી હતી. આજે ગુજરાતની પોલીસ પાસે એવા નામાંકિત અધિકારીઓ છે કે જેમનું નામ સમગ્ર દેશમાં લેવામાં આવે છે. ગુજરાતમાં એવા આઈ.પી.એસ. અધિકારીઓ અને કોન્સ્ટેબલ પણ છે કે જેનાથી ગુનેગારો ફફડે છે. આ કૉંગ્રેસના મિત્રો કહે છે કે આ ડ્રગ્સ ક્યાંથી આવે છે પણ એક વાર તો હૃદયથી અભિનંદન આપો. જે ડ્રગ્સ આવતું હતું તેને રોકવાનું કામ આ ગુજરાતની પોલીસ અને અમારા ગૃહમંત્રીશ્રીએ કર્યું છે તેને બિરદાવ્યા હોત તો અમને આનંદ થાત. ગુજરાતમાં તો અમે આંદોલન કર્યા છે પણ આંદોલન પીડા અને જરૂરિયાતમાંથી ઊભું થાય છે. તમારા શાસનમાં તો ટેન્કરો ભરીને દારૂ આવતો હતો. તમારા શાસનમાં તો જનતા રેડ કરવાનો અધિકાર પણ ન હતો. તમારા શાસનમાં કોઈ રોડ માંગવા જાય તો એવા નેતાઓ બેઠા હતા કે જે કહેતા કે ભગાભાઈ રોડ ના મંગાય, તારો અડ્ડો ચાલે છે પોલીસ સીધી ઘર નીચે આવશે. આવા નિવેદનો પણ તમારા નેતાઓ દ્વારા કરવામાં આવેલા છે. હું આંદોલનની એટલા માટે વાત કરું છું કે આ ગુજરાતની સરકાર સંવેદનશીલ છે. ગુજરાતના અધિકારીઓએ ધાર્યું હોત તો આંદોલન કડક હાથે ડામી દીધું હોત, પરંતુ વિકાસ સહાય સાહેબ અને બ્રહ્મભટ્ટ સાહેબ જેવા અનેક અધિકારીઓને આ ગૃહમાં જોઈ રહ્યો છું કે જે અમને વારંવાર ડાયલોગ કરે કે તમારી જરૂરિયાત શું છે? ગુજરાતની શાંતિ-સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થા કેવી રીતે જળવાઈ રહે આ પ્રકારનો વ્યવહાર અમારી સાથે કરવામાં આવેલો છે. આ સરકારે અમને સંવેદનાથી સાંભળ્યા છે અને સાંભળ્યા પછી અનેક સારા નિર્ણયો કર્યા છે. હું કૉંગ્રેસના મિત્રોને કહેવા માગું છું કે ક્યાં સુધી નકારાત્મક રાજનીતિ કરશો? અમે જનતા રેડ કરી અને હજુ પણ કરતા રહીશું. અમે જનતા રેડ કરી પણ કૉંગ્રેસના એક પણ ધારાસભ્ય કે આગેવાન અમારી સાથે હોય તો બતાવો તો અમે તમને માની લઈએ પણ તમને તો અડ્ડા ચલાવવામાં જ રસ છે. આ સરકાર અડ્ડા બંધ કરાવવામાં લાગેલી છે. ગુજરાતમાં જે રીતે ડ્રગ્સ પકડાઈ રહ્યું છે, ગુજરાતના યુવાનોનું કૌશલ્ય વધારી રહ્યા છે, ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહી છે અને જે રીતે તમામ જગ્યાએ અસામાજિક પ્રવૃત્તિઓ બંધ કરાવી રહ્યા છે તે બદલ હું માનનીય ગૃહમંત્રી હર્ષભાઈને અભિનંદન પાઠવું છું અને સાથે સાથે તેમની માગણીઓને સમર્થન આપું છું.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી વર્ષ ૨૦૨૩-૨૪ના અનુદાનો માટેની માગણી ક્રમાંકઃ ૪૨ અને ૪૩ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની વાત કરીએ ત્યારે આપણને કાયદો અને વ્યવસ્થા યાદ આવે. રાજ્યમાં શાંતિ અને સલામતીની વાત કરતા હોય ત્યારે તે માત્ર ગૃહ વિભાગ પૂરતું સીમિત હોતું નથી. દેશ અને વિદેશોમાંથી જ્યારે કોઈ રોકાણ કરવાની વાત કરે ત્યારે રાજ્યની શાંતિ અને સલામતી ચોક્કસ તપાસે છે એટલા માટે રાજ્યમાં ગૃહ વિભાગ કાયદો અને વ્યવસ્થા જાળવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ચોરી, લૂંટફાટ, ટ્રાફિક કે મારા-મારી થાય ત્યારે આ તમામ તબક્કે આપણને પોલીસ યાદ આવતી હોય છે. આપણને વિશ્વાસ હોય છે કે આપણે એક કોલ કરીશું અને એ આપણને મદદ કરશે. સમાજ જીવનમાં કોઇપણ સામાન્ય નાગરિકને તકલીફ પડે તો એ રડતાં-રડતાં પોલીસસ્ટેશને જાય છે. એને વિશ્વાસ હોય છે કે, અહીંયા મારે એફ.આઇ.આર.થી લઇ મને ન્યાય મળે ત્યાં સુધી પોલીસ પર ભરોસો રાખવાનો છે અને એ ભરોસો કાયમ બને છે. એવા પણ બનાવો બને છે કે એક વ્યક્તિ રડતી-રડતી ફરિયાદ લઇને આવે અને આરોપી પણ ફરિયાદી બનીને આવે એવા

સમયે પોલીસને સૌથી મોટી દુવિધા બને છે. આવા સમયે પણ ગૃહ વિભાગ અને પોલીસ સાથે મળીને સત્યના તરાજુ પર ન્યાયની તપાસ કરીને એને ન્યાય આપતા હોય છે. દીકરી ઉપર અત્યાચાર થતો હોય ત્યારે કાઉન્સિલિંગનું કામ પણ પોલીસ કરે છે. પોલીસ ફક્ત ગુનાની તપાસ કરે એવું નથી. પરંતુ, ધોરણ-૧૦ની પરીક્ષા વખતે એક દીકરી પરીક્ષાનું સેન્ટર ભૂલી ગઇ હતી. એ દીકરીને પોતાના સેન્ટરે મોડું ન થાય એ માટે પોતાની ગાડીમાં બેસાડીને સેન્ટર સુધી લઇ જવાનું કામ પણ આ પોલીસ કરે છે. પૂર આવે ત્યારે જે કામ એન.ડી.આર.એફ.એ કરવાનું હોય છે એ કામ પોલીસ કરે છે એવા આ ગૃહ વિભાગને સંવેદના દાખવવા બદલ આ તબક્કે હું અભિનંદન આપું છું. કોઇપણ દેશમાં જ્યારે ભ્રષ્ટાચાર વધતો હોય ત્યારે વિકસિત દેશમાં પણ ફેસલેસ સિસ્ટમ લાગુ કરવામાં આવે છે. માણસ-માણસને મળે જ નહીં તો ભ્રષ્ટાચારનો ચાન્સ જ ના રહે. એ જ સંવેદના સાથે આ રાજયમાં ' વિશ્વાસ પ્રોજેક્ટ' એટલે કે, સી.સી.ટી.વી. કેમેરાનો ' નેત્રમ્ પ્રોજેક્ટ' લાગુ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માત્ર ગાડીઓના ઇ-મેમા આપવાનું કામ કરતો નથી પણ એ ગુનાને ડિટેક્ટ કરવાનું કામ પણ કરે છે. એમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો પણ ઉપયોગ થાય છે. નંબર પ્લેટ ડિટેક્શન સુધી એનો ઉપયોગ થાય છે અને આ ઇ-મેમો આવે ત્યારે એ આ વી.આઇ.પી. છે કે વી.વી.આઇ.પી. એ જોતા નથી પણ મેમો સીધો એના ઘરે જ આવી જ જાય છે. આ માત્ર ને માત્ર ફેસલેસ સિસ્ટમના આધારે શક્ય બન્યું છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રી આ વિભાગમાં આમૂલ પરિવર્તનો લાવી રહ્યા છે. આપણે રસ્તા પર પોલીસને કોઇની જોડે બબાલ કરતા જોઇએ ત્યારે એને જોવાની આપણી દૃષ્ટિ અલગ બનતી હોય છે ત્યારે આ વિભાગે નિર્ણય લીધો અને હવે આપણે પોલીસને રોડ પર ડિલિંગ કરતાં જોઇએ ત્યારે છાતી પર કેમેરો લાગેલો હોય છે એટલી પારદર્શકતા લાવવા માટે પણ હું રાજ્યના ગૃહમંત્રીશ્રીને અભિનંદન આપું છું. આ બજેટમાં જોગવાઇઓ કરી છે એ આવનારા સમયમાં હજી વધુ સુદ્દઢ બનવાની છે જેનો અમને પૂર્ણ ભરોસો છે. વર્ષ ૨૦૨૩-૨૪ની અનુદાનોની માગણીને હું મારું સંપૂર્ણ સમર્થન કરું છું. જય હિન્દ.

શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના યુવા અને બાહોશ ગૃહમંત્રીશ્રી ગૃહ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું અને તેને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો ગૃહ વિભાગ એ સચિવાલયનો ખૂબ જ મહત્ત્વનો વિભાગ છે. આ વિભાગની મુખ્ય કામગીરી સમગ્ર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની અસરકારક જાળવણી અને રાજ્યના પ્રજાજનોને આંતરિક સલામતી બક્ષવાનો છે. વડોદરા શહેરમાં વારંવાર કોમી રમખાણો થતા હતા ત્યારે વર્ષ ૨૦૦૧ સુધીમાં વડોદરા શહેરમાં ૧૩ પોલીસ સ્ટેશનો હતા અને આજની આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી વર્ષ ૨૦૨૨ સુધીમાં ૨૭ પોલીસ સ્ટેશનો ઊભા કર્યા છે. મારા એક વિસ્તારની વાત કરું તો, એક સામૂહિક બળાત્કાર મારા વિસ્તારમાં થયેલો. તમામ આરોપીઓ ગુજરાત રાજ્ય બહારના હતા. આ તમામ આરોપીઓને વડોદરા અને ગુજરાતની પોલીસે કલાકોમાં ઝડપી પાડી, એ રીતે એમને સજા અપાવવાનું કામ ગુજરાત પોલીસે કર્યું છે. આજે મારા વિસ્તારમાં જયાં પાલેજ અને વલણ વિભાગ છે એ વિસ્તારમાં પોલીસ સ્ટેશનની બિલ્ડિંગની ખાસ મહત્ત્વની જરૂરિયાત હતી. આપણા ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને યુવા ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીની દોલતથી આજે મારા વિસ્તારમાં બે પોલીસ સ્ટેશનો મંજૂર કરવામાં આવ્યા છે. સાજલી ખાતે એક પોલીસ સ્ટેશનનું કામ શરૂ કરી દેવામાં આવેલ છે અને વલણ ખાતેના પોલીસ સ્ટેશનનું કામ પ્રગતિમાં છે. ગૃહ વિભાગની મુખ્ય કામગીરીઓમાં, કાયદો અને વ્યવસ્થાની જાળવણી, આંતરિક સુરક્ષાની જાળવણી, ગુનાઓની તપાસ, શોધખોળ તથા પ્રોસિક્યુશન, રાજ્યની આંતરિક સલામતી જેવી મહત્ત્વની કામગીરીઓ છે. પોલીસની કામગીરીમાં અસરકારકતા લાવીને ભૂમિ અને દરિયાઇ સીમા સુરક્ષા સઘન કરી, રાજયમાં શાંતિ અને સંવાદિતતા જાળવવાનો ગૃહ વિભાગનો મુખ્ય હેતુ છે. એને અનુસરીને ગુજરાત રાજયમાં ગૃહ વિભાગ દ્વારા, માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તથા માનનીય ગૃહ મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીની સરકારમાં હજારો, કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડવાનું કામ ગુજરાત પોલીસે કર્યું છે. એમાં સફળતા પ્રાપ્ત થઇ છે. હાલમાં ગૃહ વિભાગ દ્વારા ગુજરાત રાજ્યના બધા જ પોલીસ સ્ટેશનોનું સો ટકા કોમ્પ્યુટરાઇઝેશન, બધા જ પોલીસ સ્ટેશનોનું સો ટકા જી-સ્વાન જોડાણ અને બધા જ પોલીસ સ્ટેશનો માટેનું સમાન સોફ્ટવેર તૈયાર કરવું. આ રીતની વ્યવસ્થા ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારમાં કાર્યરત છે. પોલીસ તાલીમ સંસ્થાઓના આધુનિકીકરણ અંતર્ગત રાજયની પોલીસ તાલીમ સંસ્થાઓની હાલની તાલીમોની ક્ષમતા ત્રણ ગણી કરવાનો હેતુ છે. જે ગુજરાતમાં ગૃહ વિભાગે કર્યું છે. સી.આઇ.ડી., એટલે ઇન્ટેલિજન્ટસ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ સ્ટેશન હસ્તકના ગામ દીઠ ઓછામાં ઓછા એક અને શહેરી વિસ્તારમાં ઓછામાં ઓછા ત્રણ એવી રીતે સંપર્કો ઊભા કરવાનું કામ ગુજરાત પોલીસે કર્યું છે. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા જવાનોની ચુસ્તતાની પણ ચિંતા કરી છે. અધિકારીઓ અને જવાનોની શારીરિક ચુસ્તતા માટે વર્ષ દરમિયાન ઓછામાં ઓછી ૬૦ પરેડનું આયોજન કરવાનું કામ પણ ગૃહ વિભાગે કર્યું છે. માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગની જે માગણી નંબર-૪૨, ૪૩,૪૪ અને ૭૪ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સૌથી વધારે ભ્રષ્ટાચાર જોવા મળતો હોય તો આ ગૃહ વિભાગમાં છે. મારા બોટાદ જિલ્લાની વાત કરું તો, બોટાદમાં લઠ્ઠાકાંડ થયો અને એમાં ૭૫થી વધુ લોકોના જીવ લીધા. આજે પણ એનો મુખ્ય આરોપી

સમીર પટેલ બહાર ફરી રહ્યો છે. આજે ફરીથી બોટાદ જિલ્લામાં લઠ્ઠાકાંડ થવાની ભીતિ થઇ રહી છે. ખુલ્લામાં દેશી દારૂના ભઠ્ઠાઓ ચાલી રહ્યા છે. ચોરવીડાથી બાજુમાં સુરેન્દ્રનગર જિલ્લો આવે છે એવા અડીને જે ગામો છે ત્યાં દેશી દારૂના ખૂબ ભઠ્ઠાઓ અત્યારે ઊભા થઇ રહ્યા છે. જેલોની વાત કરવામાં આવે તો, મોટાભાગની જેલોમાં પ્રતિબંધિત વસ્તુઓ જેવી કે મોબાઇલ, માવા વિગેરે જોવા મળે છે. જેલોની જે ક્ષમતા છે એના કરતાં ખૂબ જ વધુ કેદીઓને ત્યાં રાખવામાં આવે છે. કેદીઓને પૂરતી સુવિધા આપવામાં આવતી નથી. જેલોમાં કેદીઓ પાસેથી ખૂબ મોટી લાંચ લેવામાં આવે છે, જેના કારણે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા ઉપર ગંભીર અસર જોવા મળે છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવામાં પોલીસની મહત્ત્વની ભૂમિકા ખૂબ જરુરી છે. જેલના પોલીસ કર્મચારીઓ છે એને અન્ય પોલીસ કર્મચારીઓને સમાન પગાર ભથ્થાં આપવામાં આવતાં નથી. જેલના કેદીઓનું જીવન-ધોરણ સુધરે તેવા મનોવૈજ્ઞાનિક પ્રયત્ન કરવા ખૂબ જરૂરી છે. ગૃહ વિભાગના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને અન્ય રાજ્યોની જેમ માન-સન્માન આપવામાં આવે અને સાથો સાથ અન્ય રાજયોની જેમ એમને પગાર ભથ્થાં પણ આપવામાં આવે અને સાથોસાથ ચાલુ સર્વિસ દરમ્યાન જો શહીદ થાય તો એના પરિવારને રૂ.૧ કરોડ કરતા વધારે રાશિ આપવામાં આવે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બંદરોની વાત કરવામાં આવે તો ગુજરાતમાં ખૂબ મોટા બંદરો આવેલા છે. આ બંદરો મોટા ભાગના અત્યારે પ્રાઇવેટ કંપનીઓના હાથમાં આવી ગયા છે. જેના કારણે આ બંદરો ઉપર પ્રતિબંધિત વસ્તુઓની ખૂબ અવરજવર થઇ રહી છે, જેમ કે ડ્રગ્સ વગેરે. આ પ્રાઇવેટ બંદરો છે એને જો ગુજરાત સરકાર પોતાના હસ્તગત કરી લે તો દેશ અને ગુજરાત સરકારમાં જે અત્યારે જોખમ ઊભું થઇ રહ્યું છે, તેને આપણે ખાળી શકીએ.

અધ્યક્ષશ્રી : શ્રી ઉમેશભાઇ, આપ બધુ વાંચીને નહીં બોલો. મુદ્દા માટે આપ ઉપયોગ કરી શકશો. કેમ કે આપ હવે સિનિયર થઇ ગયા છો. ઘણી વખત, લગભગ આઠ-દસ વખત આપ બોલી ચૂક્યા છો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા: જી સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહારની વાત કરું તો મારા બોટાદ મત વિસ્તારમાં મોટા ભાગની બસો જૂની છે. સાથોસાથ ડેપો પણ રિનોવેશન માગે છે. સાથોસાથ એમાં જે વર્કશોપ છે, એમાં ભરતી કરવામાં આવી નથી. એટલે મોટા ભાગના નાના મોટા ફોલ્ટ બસોમાં થાય છે, તેના લીધે બસો બંધ પડે છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે વર્કશોપમાં પૂરતા મહેકમ પ્રમાણે સ્ટાફ ભરવામાં આવે અને બોટાદ ડેપોને નવી બસો પણ ફાળવવામાં આવે. આભાર.

શ્રી હર્ષ સંઘવી(રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ હું સન્માનનીય ગૃહ સમક્ષ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેના અંદાજપત્રમાં વાહન વ્યવહાર વિભાગ માટેની કુલ ૩૦૫૫ કરોડની જોગવાઇની જે માગણી કરી છે અને વાહનવ્યવહાર વિભાગની ગત વર્ષની ૧૨૮૦.૭૫ કરોડની સાપેક્ષે આગામી વર્ષના બજેટનું કદ અઢી ગણું છે. એટલે કે ગત વર્ષ કરતા આગામી વર્ષે ૧૩૮.૫૪ ટકાનો વધારો છે. આ વર્ષે આપણા લોકપ્રિય નાણામંત્રીશ્રી આદરણીય શ્રી કનુભાઇ દેસાઇનો હું આભારી છું. આદરણીય મુખ્યમંત્રીશ્રીનો હું આભારી છું અને વર્ષ ૨૦૨૩-૨૪ માટેની માગણીઓ ઉપરની ચર્ચા દરમ્યાન આ સન્માનનીય સભાગૃહના અનેક સભ્યોએ અલગ અલગ વિષયો ઉપર અહીંયા વાત કરી. મારે દુઃખ સાથે જણાવવું પડે છે કે માત્ર વિરોધ પક્ષના એક જ સભ્યએ નાની મોટી વાહન વ્યવહાર વિશેની વાત કરી. બાકીના તમામ સભ્યો વાહન વ્યવહારની આજે ચર્ચા છે એ ભૂલી ગયેલા. જે હતી એમાં રાજકારણના બદલે લોકોની માગણી કરો ને. અમે તો આપવા આવ્યા છીએ. તમે માગતા જ નથી તો શું કરવાનું? માનનીય અધ્યક્ષશ્રી, હું માત્ર ધ્યાન દોરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, બેઠાં બેઠાં કોમેન્ટ કરે એનો તમે જવાબ ના આપશો. જે બોલ્યા હોય એનો જ આપો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું તો આપતો જ નથી. વાહન વ્યવહાર એમના માટે વિષય જ નથી, એટલે જવાબ આપવાનો કોઇ વિષય જ નથી આવતો.

અધ્યક્ષશ્રી : તમે બેઠાં બેઠાં કોમેન્ટ નહીં કરો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું વિશ્વાસ રાખું છું કે આ સભ્યોને આવનારાં ૫ વર્ષ પછી બસો બસોની કોઇ માગણી હવે તમારે હશે જ નહીં. માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર વિભાગ એ રાજય સરકારનું ખૂબ મહત્ત્વનું અંગ છે. આ પ્રભાગ હેઠળનું વાહન વ્યવહાર ખાતું મોટર વાહન વેરા પેટે રાજયની મહેસૂલી આવક વધારો કરવાનું કાર્ય કરે છે, તો બીજી તરફ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ છેવાડા સુધી લોકોને સુવિધા પૂરી પાડવાનું કામ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આર્થિક વિકાસની સાથે સાથે વાહનોની સંખ્યા તથા વાહન ચાલકોની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે. ગુજરાત રાજયમાં વર્ષ ૧૯૯૬-૯૭માં કુલ નોંધાયેલા વાહનો ૩૭.૭૬ લાખ હતા જે આજે આશરે ૩ કરોડ જેટલા છે જે ખૂબ મોટો વધારો છે. રાજયમાં ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને વેગ આપવા માટે તથા નાણાં અને સમયનો બચાવ કરવા માટે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીએ ચેકપોસ્ટો નાબૂદ કરીને જે કોઇ વાહન ટ્રાન્સપોર્ટ માટે જે અવરજવર થતી હોય એનો સમય કઇ રીતે બચી શકે અને ટ્રાન્સપરન્સી સાથે રાજયની આવક જે વેરો હોય એ પણ રાજયની તિજોરીમાં આવે એ માટે ઓ.ડી.સી. મોડ્યુલ તથા ટેક્સ મોડ્યુલ અમલમાં આવે તેમજ ચલણ ઇસ્યુ કરવા માટે ઓન ધી સ્પોટ ઇસ્યુ થઇ શકે તેવી સુવિધાથી સજ્જ પી.ઓ.એસ.નું એમાં આયોજન કરવામાં આવ્યું છે. આપણે સૌ લોકો જાણીએ છીએ કે ઇલેક્ટ્રિક વ્હિકલ એ આવનારા સમયનો સૌથી મોટો પ્રદૂષણ સામે લડવા માટેનો ઉપાય છે. રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ)

ગુજરાતભરના નાગરિકો ઇલેક્ટ્રિક વ્હિકલનો વધારેમાં વધારે ઉપયોગ કરે તે માટે અલગ અલગ પોલિસીઓ લાવવામાં આવી છે. તા. ૧.૭.૨૦૨૧થી ખરીદાયેલા વિવિધ ઇલેક્ટ્રિક વાહનો પર સબસિડી આપવાનું કામ રાજય સરકારશ્રી દ્વારા નક્કી કરાયું છે. આ પોલીસી ચાર વર્ષના સમયગાળા માટે કાર્યરત છે. જેમાં કુલ બે લાખ જેટલા ઇલેક્ટ્રિક વાહનોને આ સબસિડી આપવાના છીએ. જેમાં ૧ લાખ ૧૦ હજાર ટુ વ્હીલર છે, ૭૦ હજાર થ્રી વ્હીલર છે. ૨૦ હજાર ફોર વ્હીલર છે. હમણા થોડા દિવસ પહેલા કોઇ પણ કારણોસર અલગ અલગ સ્ટેટમેન્ટના કારણે એક ન્યુઝ પેપરમાં ખૂબ મોટો આર્ટીકલ આવેલો હતો કે હજારો અરજીઓ હજુ સુધી પેન્ડિંગ છે. ખરેખર એનો સાચો આંકડો છે તે હું આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. ઇ વ્હિકલની સબસિડીની હમણાં સુધી મળેલી કુલ અરજીઓ છે એ ૬૯૦૮૨ છે. એમાંથી મંજૂર થઇ ગયેલી અરજીઓ કુલ ૫૩૯૯૮ છે. એ જ રીતે હોલ્ડ કરવામાં આવેલ હોય તેવી અરજીઓ ૮૭૬૩ છે. માત્ર ૧૧૦ અરજી જ નામંજૂર કરવામાં આવેલી છે. અને નામંજૂર કરવાનાં કારણોમાં કેન્દ્ર સરકારની અહીંયાની અલગ અલગ જે સબસિડી હોય છે એમાં કોઇ બીજી સબસિડીનો લાભ લીધો હોય તો બીજી વાર સબસિડી ગુજરાત સરકાર નથી આપતી. તેના કારણે આ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. બેંકની વિગત, નામ અને સરનામાં સુધારા માટે પરત કરવામાં આવેલ હોય તેવી અરજીઓ ૩૨૭૮ છે. કુલ મળીને પડતર અરજી માત્ર ૨૯૨૬ છે. જેનો ખુલાસો હું આ સભાગૃહ સમક્ષ આપવા માગું છું. આ જે હોલ્ડ કરેલ અરજી છે તે અરજદારને ભારત સરકારની ફેમ-ટુ યોજનામાં લાભ મળેલ છે કે કેમ તેની વિગતો ભારત સરકારમાં પત્ર લખીને માગેલ છે. જેવી એ વિગતો મળશે તો બધાની એ અરજીઓ પણ કલીયર કરી દેવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે અકસ્માતોનું પ્રમાણ જે પ્રકારે હાઇવે પર અને શહેરોમાં વધી રહ્યું છે તેના અલગ અલગ કારણો હોય છે. કયાંક રોંગ સાઇડનું કારણ તો કયાંક ખરાબ વાહનોનું કારણ પણ હોય છે. ખૂબ જૂના અને કન્ડમ હાલતમાં જે વાહનો ચલાવતાં હોય તેના માટે આવનારા દિવસોમાં વાહનોનું સ્ક્રેપિંગ કઇ રીતે કરવામાં આવે અને એ સ્ક્રેપિંગ થકી આ વાહનો જે રજિસ્ટર્ડ થયેલા હોય તેને ડી-રજિસ્ટર્ડ કઇ રીતે કરાવવા તેના માટેની કામગીરી પણ સરકારે હાથમાં લીધી છે. એમાં જૂના અનફીટ વાહનોને અકસ્માતનું સૌથી મોટું કારણ માનવામાં આવે છે. પ્રદૂષણ માટે પણ આ સૌથી મોટું કારણ છે. ગુજરાત સરકાર રોડ સેફટીના મુદ્દે નોંધનીય કામગીરી કરતી આવી છે. આવા અનફીટ વાહનોનો યોગ્ય નિકાલ થાય તે માટે વાહન સ્ક્રેપિંગ પોલીસી તા.૧૩મી ઓગસ્ટ ૨૦૨૧ના રોજ માનનીય વડાપ્રધાનશ્રીના હસ્તે ગાંધીનગર ખાતે જાહેર કરવામાં આવેલી. પોલીસી મુખ્યત્વે ૧૫ વર્ષ જૂના નોન ટ્રાન્સપોર્ટ વાહનો અને ૮ વર્ષ જૂના ટ્રાન્સપોર્ટ વાહનોમાં લાગુ પડે છે. હાલમાં ગુજરાત રાજયમાં નોંધાયેલા અંદાજિત ૨૩ લાખ વાહનો આ પોલિસી હેઠળ સ્ક્રેપ થઇ શકે તેમ છે. સ્ક્રેપ સેન્ટરના નિર્માણ અર્થે ઓન લાઇન સીંગલ વીન્ડો સિસ્ટમ વિકસાવવામાં આવી છે. રાજયમાં કુલ ૩ સ્ક્રેપિંગ ફેસિલિટીની મંજૂરી આપવામાં આવેલી છે. જેના થકી એની કેપેસિટી એક વર્ષમાં ૨ લાખ ૪૦ હજાર જેટલા વાહનો સ્ક્રેપિંગ કરવાની રહેશે. સરકારશ્રીના તા.૨૩.૬.૨૦૨૨ના ઠરાવથી કેન્દ્ર સરકારની ગાઇડ લાઇન મુજબ રાજય સરકાર દ્વારા પી.પી.પી. ધોરણે ઓટોમેટેડ ફિટનેસ સેન્ટર સ્થાપવાની પોલિસી અમલી બનાવેલ છે. હમણાં જે આપણી ફિટનેસનું સર્ટિફિકેટ આપવામાં આવે છે તે ફિઝિકલી આપવામાં આવે છે. આર.ટી.ઓ.માં જવું પડે, એને લાઇનમાં ઊભું રહેવું પડે, પછી લાઇનમાં નંબર લાગે ત્યારે ફિઝિકલ સર્ટિફિકેટ મળે. એમાં અનેક આરોપો પણ લાગતા હોય છે. અમારા અધિકારીઓનો સમય પણ ખૂબ બગડતો હોય છે અને નાગરિકોનો સમય પણ ખૂબ બગડતો હોય છે. રાજય સરકારે કેન્દ્ર સરકારની જે પોલીસી છે જે ઓટોમેટેડ પી.પી.પી. ધોરણે ફિટનેસ સેન્ટર બનાવેલા છે તેના માટે આવનારા દિવસોમાં તેને સમયસર એપોઇન્ટમેન્ટ મળશે, એ એપોઇન્ટમેન્ટના સમયે જયારે જશે ત્યારે ત્યાં કોમ્પ્યુટર આધારિત આખી ફેસિલિટી ઊભી કરવામાં આવેલી છે. એમાં કોઇ પણ ફિઝિકલ ચેકિંગ થતું નથી. એના રિપોર્ટ ઓન લાઇન ચડે છે અને આખું ઓન લાઇન રિપોર્ટિંગ થતું હોય છે. તેના અધારે આવનારા દિવસોમાં વ્હિકલની જે ફિટનેસ સર્ટિફિકેટ છે તેની એકયુરસી હજુ વધુ સારી બનશે. અને આનું સૌથી પહેલું પી.પી.પી. મોડેલનું ઓટોમેટેડ સેન્ટર સુરત ખાતે થોડા દિવસ પહેલા જ શરૂ કરવામાં આવેલું છે. અનેક લોકો વાહનો લઇને ત્યાં જાય છે. એ લોકોનો અનુભવ લીધો. ખૂબ સારો અનુભવ છે. પહેલાં ધક્કા ખાવા પડતા હતા, નાની મોટી તકલીફ પડતી હતી તેમાંથી નાગરિકોને બહાર આવવાનો રસ્તો મળ્યો છે. ઇન્ટરસેપ્ટર વ્હિકલ દ્વારા તા.૧૨ માર્ચ-૨૦૨૩ સુધી કુલ ૨,૬૬૪ એવાં વાહનો છે કે જે ઓવર સ્પીડ કરતા હોય, રોંગ સાઇડ હોય. ઇન્ટરસેપ્ટર વ્હિકલના માધ્યમથી એ વાહનોને રોકવાની કામગીરી વિભાગ દ્વારા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે દાદાની સવારી એ ગુજરાતને ફાવી ગઇ છે. દાદાની સવારી ગુજરાતને એવી ફાવી ગઇ કે જેમ ગુજરાત સરકારની બસ ગુજરાતના ખૂણે ખૂણે જાય છે એમ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર એટલે કે અમારા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ ગુજરાતના ખૂણે ખૂણે પહોંચી ગયા. બસના થોડા ગામ બાકી છે તે રીતે થોડા એવા ગામમાં ભારતીય જનતા પાર્ટીનું કમળ ખીલવાનું બાકી રહી ગયું છે. એ પણ આવું ને આવું રહ્યું તો વર્ષ ૨૦૨૭માં ૧૦૦ ટકા કમળ ખીલશે. વર્ષ ૨૦૨૭ સુધી ગુજરાતની દાદાની સવારી પણ ગુજરાતના દરેક ગામડાં સુધી પહોંચાડવાનો અમારો સંકલ્પ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની વાત કરું તો ગયા વર્ષની રૂ. ૯૬૮.૭૪ કરોડની સાપેક્ષે આગામી વર્ષમાં રૂ. ૨૬૨૧.૩૮ કરોડની બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. આજ સુધીનો સૌથી મોટો વધારો હશે.

રોડ ટ્રાન્સપોર્ટેશનમાં દેશમાં સૌથી મોટું પરિવર્તન એક વર્ષમાં ક્યાંય આવવાનું હોય તો એ આપણાં ગુજરાતમાં આવવાનું છે. આ વિષયને જો લોકો સમજશે, ગૃહ વિભાગ અને પોલીસની ટીકામાંથી બહાર નીકળીને વાહનવ્યવહારમાં થોડું ધ્યાન આપશો તો જરૂરથી આપને સમજમાં આવશે કે ગુજરાતના ગામેગામ સુધી ગુજરાતનો સામાન્ય નાગરિક, ગુજરાતના વડીલો, ગુજરાતના વિદ્યાર્થીઓને ભણવા માટે ક્યાંય જવાનું હોય તો ગુજરાત સરકાર તમામ પ્રકારની વ્યવસ્થા કરવા જઇ રહી છે તેને સમજવી જરૂરી છે. દેશમાં એક માત્ર રાજ્ય એવું છે કે જેને એક વર્ષમાં ૨,૦૦૦ નવી બસ ખરીદવાની પરવાનગી આપી. અમે વિભાગ દ્વારા અમારા નાણામંત્રી પાસે ગયા કે આ ૬૦૦-૮૦૦ બસે મેળ નહીં પડે. આપણે તો ભારતીય જનતા પાર્ટી જેમ ખૂણે ખૂણે ગઇ એમ કોઇ એક ગામડું એમ ન કહે કે મારે બાજૂના ગામડે કે બહાર પાટિયા સુધી બસ પકડવા જવું પડે છે. ઘરની બહાર બસ પહોંચે એ પ્રકારની વ્યવસ્થા કરવી છે. અમને ૨,૦૦૦ બસ ખરીદવાની પરવાનગી આપો. નાણામંત્રી મોટા મનના. એમણે ૨,૦૦૦ બસ ખરીદવાની પરવાનગી આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું. આ ૨,૦૦૦ બસ સિવાયની વાત કરું છું. સરકારના ૧૦૦ દિવસના કાર્યક્રમમાં પહેલાં જ ૧૦૦ દિવસમાં ૯૦૦ નવી બસ ગુજરાતની જનતાની સેવામાં મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અચાનક ગાંધીનગરમાં વહેલી સવારે જાય અને ૧૫૦ બસ ગુજરાતની જનતાની સેવા માટે ખુલ્લી મૂકવામાં આવી. હમણા જ હું શ્રી રાઘવજીભાઇ સાથે, શ્રી મુળુભાઇ સાથે જામનગર ગયો. ત્યાં પણ બીજી ૧૫૦ બસો આપી. જામનગરવાળા કહે કે આજ સુધી અમે તો જીવનમાં વિચારેલું જ નહીં કે ૧૫૦ જેટલી બસ જામનગરમાં એક સાથે જોવા મળે. જામનગરમાં લીલી ઝંડી આપી. પાંચ મિનિટમાં બધી જ બસો શરૂ થઇ ગઇ. લોકોની સેવામાં એ બસો કામમાં આવવા લાગી. બીજી ૬૦૦ બસ બાકી છે. આ ૩૦૦ બસમાં ભલે તમે ચડી શક્યા નહીં, હજી ૬૦૦ બસ બાકી છે તેમાં જલ્દી જલ્દી બેસી જવાય. આ ૬૦૦ બસો આવનારા ૩૦ દિવસમાં વ્યવસ્થામાં લાવવાના છીએ. તેના પછી બીજા ત્રણ મહિનામાં ૮૦૦ બસો લાવીએ છીએ, પછી વર્ષ ૨૦૨૩-૨૪ની જોગવાઇની જે ૨,૦૦૦ બસો છે એટલે કુલ મળીને અમારો ટાર્ગેટ છે. આ ૧૦૦ દિવસની ૯૦૦ બસ અને કુલ ૭૦૦ દિવસની અંદર ૩૭૦૦ બસ આપણે ગુજરાતની જનતાની સેવામાં લાવવા માગીએ છીએ. આમાં સુપર એક્સપ્રેસ બસો ૨૪૦૦ છે. સ્લીપર કોચ ૪૦૦ છે. લક્ઝરી ૨ x ૨ ૩૦૦ છે. ગુર્જર નગરી ૨૦૦ છે. મીનીબસ ૪૦૦ છે. બની શકે કે તમામ સભ્યોને આ બસની માહિતી નહીં હોય.કારણ કે બસમાં બેસવાનું થતું નહીં હોય, પરંતુ અમારા ઘણા માનનીય સભ્યો હજી બસમાં જાય છે, દરરોજ કોઇકને કોઇક બસની ચિઠ્ઠી લઇને આવે છે. હું એવું માનું છું કે જનતાના પ્રતિનિધિ એટલે શું? જનતાના પ્રતિનિધિ એટલે વ્યવસ્થાની અંદર જે નાની મોટી ભૂલ હોય એને સો ટકા ઉજાગર કરવી જોઇએ અને અમારા માનનીય સભ્યોએ આ ઉજાગર કર્યું છે અને કોંગ્રેસના પણ માનનીય સભ્યશ્રીઓ દ્વારા જે વિષયો અમારા ધ્યાન ઉપર મૂકયા છે એનો અમે સો ટકા નિકાલ કરવાનો પ્રયત્નો કર્યો છે એ ખૂબ મોટું એચિવમેન્ટ છે. સામાન્ય રીતે કદાચ મારા સૌ સાથી સભ્યો માનશે કે નહીં માને, ખબર નથી પણ એ જરૂરી નથી કે કોઇ એમ.બી.એ., એમ.બી.બી.એસ. ભણેલા લોકો જ રાજયની સેવા કરી શકે. ગુજરાતની એસ.ટી. બસના એવા ૨૬૩ ડ્રાઇવર ભાઇઓ છે કે જે ૧૫ વર્ષથી બસ ચલાવતા હોય પણ હજી સુધી બસને એક ડેન્ટ પણ ન લાગ્યું હોય એવા આપણા ૨૬૩ ડ્રાઇવરો છે. આ ખૂબ મોટો વિષય છે અને આ વિષય થકી આપણે સમજવા જેવું છે કે વ્યકિત કોઇપણ કામ કરતું હોય પણ જો એની ઇચ્છા શકિત સારી હોય તો નિકાલ બધો જ લાવી શકે છે. મારા અનેક સાથી સભ્યોએ એમ કહ્યું કે કાપ દરખાસ્ત મૂકી, જોકે કોણે શું કાપ દરખાસ્ત મૂકી મને વિશ્વાસ છે કે ખબર જ નહીં હોય, દરરોજ પ્રશ્નમાં ચિઠ્ઠી, ચિઠ્ઠીની વાત કરે છે, હું હમણાં બે-ચાર સભ્યોનાં નામ લીધા વગર કહેવા માંગું છું કે એમણે કાપ દરખાસ્તની અંદર શું લખ્યું છે. હું એટલા માટે કહેવા માગું છું કારણ કે આ માગણીની કાપ દરખાસ્ત છે. દરરોજ ચિઠ્ઠી ચિઠ્ઠીના પ્રશ્નની વાત કરે છે, કાપ દરખાસ્તમાં આ સભાગૃહના એક ખૂબ જ્ઞાની સભ્યએ એવું લખ્યું છે કે વિદ્યાર્થીઓની ટ્રીપ ઓછી પડતી હોય અને એમાં નિષ્ફળતાના કારણે આ કાપ દરખાસ્ત છે. અરે, વિદ્યાર્થીઓની ટ્રીપ ઓછી પડતી હોય તો વધારવા માટે માગણી હોય, કાપ દરખાસ્ત થોડી હોય? આપણે વધારવા માટે બસ જોઇએ અને એ વધારવા માટે અમે ૩૭૦૦ બસ લઇને આવ્યા છીએ. મારી તો આપને વિનંતી છે કે દરરોજ ચિઠ્ઠીચિઠ્ઠીના પ્રશ્નની વાત હોય તો આ કાપ દરખાસ્તની પણ વાત કરો.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને ટોકવા નહોતો માગતો, મારી પાસે વિધાનસભા ગૃહમાંથી આપેલું કાપ દરખાસ્તનું લિસ્ટ છે, એમાં એવું કમ્પલીટલી લખેલું છે કે '' એસ.ટી. બસ સેવાઓનું ઓનલાઇન બુકિંગ રદ .....

અધ્યક્ષશ્રી : વિધાનસભાના કયા નિયમોના નિયમ અંતર્ગત આપ પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કરવા માગો છો?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રી ગૃહને ખોટી માહિતી આપી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : તો પોઇન્ટ ઓફ ઓર્ડર નહીં, પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન હોય. તો ક્લેરિફિકેશન શું છે એટલું બોલી જાવ.

શ્રી શૈલેષ મ. પરમાર : ''ગ્રામ્ય વિસ્તારોની એસ.ટી.ની અપૂરતી બસ સેવાને કારણે વિદ્યાર્થીઓ અને આમજનતાને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા'' આ લખેલું છે સાહેબ.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એના માટે જ આ ૩૭૦૦ બસો લેવામાં આવે છે અને બીજું ગામોનું કનેકશન ઘટયું છે કે વધ્યું છે એનો પણ હિસાબ લઇ લઇએ. કુલ ગુજરાતની અંદર કોરોના પહેલાં કુલ જે ટ્રીપો હતી એ ૪૧,૬૦૨ હતી. હવે કુલ ટ્રીપો ૪૪,૨૬૮ છે. હજી આ નવી બસો આવશે પછી તો આ ટ્રીપો કયાંની કયાં પહોંચશે. કુલ વિદ્યાર્થી ટ્રીપો કોરોના પહેલાં ૧૫,૧૬૯ હતી, હાલમાં આ કુલ વિદ્યાર્થી ટ્રીપો ૧૭,૩૫ર છે. કોરોના પહેલાંની સ્થિતિ અને આજની પરિસ્થિતિ જોશો તો એની અંદર ખરેખર વધારો કરવામાં આવ્યો છે. હું તમામ ધારાસભ્ય મિત્રોને કહું છું કે કોરોના પહેલાં કેવી પરિસ્થિતિ હતી, આજે કેટલી ટ્રીપો વધી છે એ જુઓ, એનું અંતર વધારવામાં આવ્યું હોય તો એ ટ્રીપ કેન્સલ કરી ના કહેવાય, ટ્રીપને વધારે વ્યવસ્થામાં આગળ વધારવામાં આવી છે, આજ સુધી કુલ ૧૮ર ધારાસભ્યશ્રીઓના અલગ અલગ વિષય માટે આમાં અમને સૂચન આવ્યાં છે, ફરિયાદ આવી છે, પહેલી બેઠક જે અમે માનનીય ધારાસભ્યશ્રીઓ સાથે કરી એ બેઠકની અંદર તમામ અધિકારીઓ, તમામ ધારાસભ્યશ્રીઓ અમે સાથે બેઠા, ત્યારે ૧૦૬ ફરિયાદો હતી, એમાંથી ૮૧ ફરિયાદોનો ત્યારેને ત્યારે સ્થળ ઉપર નિકાલ લાવવામાં આવ્યો, એના પછી ૧૮૪ ફરિયાદોમાંથી ૬૧ ફરિયાદોની કામગીરી ચાલુ છે. વૈકલ્પિક સુવિધાઓ ૩૩ની કરી આપી. કુલ નકારાત્મક નિકાલ ૯ નો છે. જેમાંથી ૬ ટ્રાન્સફરનો વિષય છે અને ૩ વિષય એવા છે કે ક્યાંકને ક્યાંક પોલિસીના હિસાબે કામગીરી કરી શકતા નથી. કારણ કે આ તમામ વિષયોનો નિકાલ કેમ લાવ્યા છીએ? એનું કારણ એટલું છે કે પક્ષ હોય કે વિપક્ષ હોય એ તમામ લોકો જનતાનો અવાજ બનીને જનતાને જે સુવિધાની જરૂર છે એ વિષય અમારા સુધી પહોંચાડતા હોય છે. અમારો પ્રયાસ હોય છે કે તમારા થકી વિષય આવ્યો હોય એનો સકારાત્મક રીતે નિકાલ લવાય. કોણે કાગળ લખ્યો છે, કયા વિધાનસભા ક્ષેત્રનો કાગળ છે કે કયા સભ્યશ્રીએ કાગળ લખ્યો છે એ અમે ક્યારેય જોતા નથી. અલગ અલગ અનેક બસ સ્ટેશનો અને બસ સ્ટોપ બનાવવાનું કામ ચાલુ છે. તમામ ધારાસભ્યશ્રીઓને, કોઇને જવાબ આપવા, આરોપ-પ્રત્યારોપ કરવા ઊભો થયો નથી. તમે વિરોધપક્ષમાં છો, તમારી જવાબદારી છે એટલે નાની મોટી ટીકા કરવી જોઇએ. કારણ કે ટીકા નાની મોટી ભૂલો સુધારવાનો અવસર આપતી હોય છે. અમે ટીકાને આવકારીએ છીએ. રોડ કેવા હતા, બસમાં ટાયર હતા કે નહીં, એમાં એંગલ તૂટી ગયેલ હતી, કોની કમર તૂટી જતી હતી, હું એ કંઇ કહેવા માગતો નથી. હું એટલું જ કહેવા માગું છું કે (અંતરાય)...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હમણાં હું માગણીઓ ઉપરનું રેકર્ડ વાંચતો હતો એના ઉપરથી ધ્યાનમાં આવ્યું કે, કેટલાક ધારાસભ્યશ્રીઓએ વિપક્ષમાં રહીને એવી કોમેન્ટો કરી હતી એ મજાની હતી કે અમે જઇને બેઠા અને ડ્રાઇવરને પૂછ્યું કે હોર્ન વાગે છે? તો ડ્રાયવરે એમ કહ્યુ કે ના સાહેબ, હોર્ન સિવાય બધું વાગે છે. એટલે બસો માટેની આવી વ્યવસ્થાઓ, મેં જૂનો રેકર્ડ જોયો એમાં આવી કોમેન્ટો થતી હતી.

શ્રી હર્ષ ર. સંઘવી : (અંતરાય) ચાવડા સાહેબ, આમાં એવી કોઇ વાત નથી. એ સમય અલગ હતો અને આજનો સમય બદલાઇ ગયો છે. એ સમયે માણસ સીટ ઉપર બેઠેલો હોય કે નીચે બેઠેલો હોય (અંતરાય)શ્રી શૈલેષભાઇ, એ સમય અલગ હતો. (અંતરાય) હા, તો પણ તમે પાછા પડી ગયા. તો પણ તમે ર૭ ઉપર પહોંચ્યા નહીં. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં તમે કોમેન્ટ ન કરો. માનનીય મંત્રીશ્રી, તમે મારી સામે જોઇને બોલો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મારો તો ત્યારે જન્મ પણ થયેલો નહીં. જન્મ થયો હોય તો પણ એટલી સમજ ન હતી કે બસની અંદર શું પરિસ્થિતિ હતી. હમણાં શ્રી કરશનકાકા જેવા વડીલો કહે કે, ત્યારે એમની કમર તૂટી જતી હતી. પણ હવે એમ કહે છે કે રકાબીમાં ચા પીતો પીતો આવું તો પણ દાદાની સવારી એવી છે કે રોડમાં પણ ખાડા નહીં અને જમ્પર તમે ડબલ લગાવ્યા પછી બસ ખૂબ સારી ચાલે છે. એ ધારાસભ્યશ્રી છે. એમણે કહ્યું કે મોબાઇલ ચાર્જીંગ માટે પોઇન્ટ મૂક્યો અને આગળ પાણીની બોટલ મૂકી શકે. વિદ્યાર્થીઓ ભણી શકે તે માટે પાટિયું મૂક્યું. આ નાના નાના સુધારાઓ થકી આપણે બસની સેવાઓ ગુજરાતનાં નાનાં નાનાં ગામડામાં જે નાગરિકો છે તે ખરેખર શહેરો સુધી જોડાઇ શકે, સ્કૂલ સુધી પહોંચી શકે, આપણે એની વ્યવસ્થા કઇ રીતે વધારી શકીએ તેના માટે હંમેશા વિચાર કર્યો છે. અમે એ વિચાર રાખવાવાળા લોકો છીએ કે બસના માધ્યમથી કદાચ આવક થાય કે ન થાય, એનાથી કદાચ નુકસાન થશે. જેટલી બસ ચલાવીએ એટલું નુકસાન થાય જ. પરંતુ એ નુકસાન આ રાજ્યના હિતમાં છે. એટલા માટે આ સુવિધા નવી ૩,૭૦૦ બસો માત્ર ૭૦૦ દિવસમાં લાગશે. તમે કલ્પના કરો, ડો.સી.જે.ચાવડાજી એમની વિધાનસભાના અલગ અલગ ગામડાંમાં જઇને ગ્રીન ફ્લેગ આપશે ત્યારે સરકારનો આભાર જરૂરથી માનજો કે સારી બસો તમે આપી. આપણે આ નુકસાનને દૂર કરવા માટે શું કરી રહ્યા છીએ? આપણે દાદાની સવારીમાં દાદાનો રેડિયો હવે કઇ રીતે ચાલુ થાય અને એ રેડિયો થકી આપણી આવક કઇ રીતે ઊભી થાય? રોજના ર૫ લાખ લોકો ગુજરાતની આ એસ.ટી.બસમાં સવારી કરતા હોય છે. ગુજરાતના બધા જ રેડિયો ભેગા કરીએ તો પણ ર૫ લાખ લોકો એને સાંભળવા માટે નથી મળતા. હવે આ ર૫ લાખ લોકો દાદાનો રેડિયો સાંભળીને દાદાની વાતો સાંભળશે તો વિચારો એની જાતે સારા થઇ જાય. શુદ્ધ વિચાર થશે. કારણ કે શુદ્ધ સરકાર ચલાવનાર શુદ્ધ મુખ્યમંત્રીના શુદ્ધ વિચારો રેડિયોમાં ચાલશે અને એ રેડિયો થકી અમે એસ.ટી. વિભાગની આવક ઊભી કરીશું. આ રાજ્યના સૌ નાગરિકો માટેની વ્યવસ્થા છે. મને વિશ્વાસ છે કે આ માગણીઓ નિર્વિરોધ સ્વીકાર કરવામાં આવશે. આજે સન્માનનીય વિધાનસભા ગૃહ સમક્ષ આગામી નાણાકીય વર્ષ ર૦ર૩-ર૪ના અંદાજપત્ર અંતર્ગત ગૃહ વિભાગ માટેની કુલ રૂ.૮,૫૭૩ કરોડની જોગવાઇઓ પૈકી માગણી ક્રમાંક- ૪ર, ૪૩ અને ૪૪ હેઠળ ૬,૬૧ર કરોડ રૂપિયાની માગણીઓ હું આ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું. હું ગુજરાતના લોકલાડિલા મુખ્યમંત્રીશ્રી

ભૂપેન્દ્રભાઇ પટેલનો રાજ્યના સૌ નાગરિકો વતી આભાર માગું છું અને અભિનંદન આપવા માનું છું કે ગૃહ વિભાગની માગણીમાં દર વર્ષે ઉત્તરોત્તર વધારો કરવાનું, આપણા સૌ લોકોએ શેઠ ભામાશાની વાત સાંભળી હશે. શેઠ ભામાશા જેવા અમારા માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો હું ગૃહ વિભાગ વતી આભાર માનું છું. આ સન્માનનીય સભાગૃહ (અંતરાય) ..

અધ્યક્ષશ્રી : આ સપ્લીમેન્ટરી બજેટની એડવાન્સ તૈયારી હોય એવું સમજજો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, તમે જેટલું પોલીસને આપો એટલું રાજ્યના નાગરિકોની સુવિધામાં જ જાય. માનનીય કનુભાઇએ કહેલું જ છે કે તમે જેટલું સારું નાણા વિભાગનું બોલશો એટલું અમે આપીશું. હું તો દસ પાના તૈયાર કરીને આવ્યો છું પણ ટાઇમ ઓછો પડશે. આ અંદાજપત્રની માગણી મૂકવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તે બદલ હું સૌ સભ્યોનો આભાર માનું છું, તેના માટે હું આપણા રાષ્ટ્રના મહાન અને પ્રતિભાવંત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, આ ગૃહના ગૃહમંત્રી પદને શોભાવીને વર્તમાનમાં કેન્દ્ર સરકારના ગૃહમંત્રી તરીકે ઐતિહાસિક નિર્ણયો લેવામાં મહત્ત્વનું યોગદાન આપનાર શ્રી અમિતભાઇ શાહ સાહેબ, આપણા ગૃહના નેતા માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને ભારતીય જનતા પાર્ટીના પ્રમુખશ્રી સી.આર. પાટિલજી. આજે ગૃહ વિભાગના અનેક વિષયો પર ચર્ચા થઇ. સ્વાભાવિક છે કે ખૂબ જૂની વાતમાં ના જ જવું જોઇએ. આપણા કર્મો ક્યારેય અમુક વિષયે અમુક ડાઘ ક્યારે છોડી નથી શકતા. ક્યારેય પીછો ના છૂટે. એના માટે વર્ષ ૨૦૦૨ પહેલાનું ગુજરાત કેવું હતું? અને વર્ષ ૨૦૦૨ પછી એવો તો શું જાદુ થઇ ગયો કે આજે ગુજરાતની અંદર લો એન્ડ ઓર્ડરની દૃષ્ટિએ આપણે દેશમાં નંબર વન શાંતિ, સલામતિવાળું રાજ્ય બન્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વર્તમાનની તકલીફોની ચર્ચા ચાલતી હોય ત્યારે એ તકલીફના મૂળમાં પણ જવું એ ખૂબ જરૂરી હોય છે. વર્ષ ૨૦૦૨ પહેલાની વાત કરતાની સાથે જ ગરમ થઇ જવું, અકળાઇ જવું એ યોગ્ય નથી. એનું કારણે વર્ષ ૨૦૦૨ પહેલા આ ગુજરાત અને ગુજરાતના અનેક શહેરો, માનનીય અધ્યક્ષશ્રી, અહીં બેઠેલા અનેક લોકો એવા છે કે જેની યુવાની કરફ્યુમાં નીકળી ગઇ અને મારા જેવા અનેક યુવાનો એવા છે કે જેમને કરફ્યુનો ખરેખર મતલબ જ ખબર નથી. કરફ્યુમાં જેની યુવાની નીકળી ગઇ એ આ પીડા સો ટકા રજૂ કરવાનો જ છે. કારણ કે એની જુવાનીના દિવસોમાં જ્યારે એને ભણવાનો અને શહેર ફરવાના દિવસો હતા ત્યારે તે શહેર પણ ફરી ના શક્યો કે ના ભણી શક્યો. કારણ કે આપણી ખરાબ નીતિ અને ભૂલોના કારણે રાજ્યમાં ચારેય દિશામાં ગુંડાગર્દી અને લો એન્ડ ઓર્ડરની પરિસ્થિતિ કેવી કથળી ગયેલી હતી. એ ગુજરાત ક્યારેય ના ભૂલી શકે. માનનીય અધ્યક્ષશ્રી, એક મ્યુઝિયમ બનાવી એને તો ગમે તેટલું દુનિયાનું મોટું મ્યુઝિયમ હોયને તો એ વર્ષ ૨૦૦૨ પહેલાની ગુજરાતની પરિસ્થિતિ હતી અગર એના એક એક આર્ટિકલ લખીએ તો મ્યુઝિયમ નાનું પડે એ પ્રકારની પરિસ્થિતિ ગુજરાતની હતી. વર્ષ ૨૦૦૨ થી વર્ષ ૨૦૨૨ સુધી એવું તો શું થયું? હું આજે આ રાજ્યના ગૃહ મંત્રી તરીકે નહીં પણ એક નાગરિક અને યુવાન તરીકે મારા બીજા બધા જ યુવાન મિત્રો થકી રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન આદરણીય મોદી સાહેબ અને આદરણીય અમિતભાઇ શાહ સાહબનો આભાર માનવા માગું છું. ગુજરાત પોલીસને અભિનંદન આપવા માગું છું. એક તો રાજ્ય સરકારની ઇચ્છાશક્તિ અને ગુજરાત પોલીસને લો એન્ડ ઓર્ડર મેન્ટેઇન કરવા માટે કોઇ પણ પ્રકારની સાડાબારી કોઇની ના રાખવી. કોઇ રાજકીય હસ્તક્ષેપ વગર લો એન્ડ ઓર્ડર કઇ રીતે મેન્ટેઇન કરી શકાય તેની છૂટ આપવી તે બદલ ત્યારની સરકારોને અભિનંદન આપું છું. વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૨૨ સુધી એવું તો શું થયું? હું આજે આ રાજયના નાગરિક તરીકે ગૃહમંત્રી તરીકે નહીં, આ રાજયના એક યુવાન તરીકે મારા બધા જ યુવાન મિત્રો થકી હું રાજયના તત્કાલીન મુખ્યમંત્રી, દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ, આદરણીય અમિતભાઇ શાહ સાહેબનો આભાર માનવા માગું છું. ગુજરાત પોલીસને અભિનંદન આપવા માગું છું. એક તો રાજય સરકારની ઇચ્છાશક્તિ અને ગુજરાત પોલીસને લો એન્ડ ઓર્ડર મેઇન્ટેઇન કરવા માટે કોઇપણ પ્રકારની સાડાબારી કોઇની ના રાખવી, કોઇપણ રાજકીય હસ્તક્ષેપ વગર લો એન્ડ ઓર્ડર કઇ રીતે મેઇન્ટેઇન કરી શકાય તેની છૂટ આપવી એ બદલ ત્યારની સરકારોને અભિનંદન આપું છું. વર્ષ ૨૦૦૨ થી વર્ષ ૨૦૨૨ સુધી એવું તે શું થઇ ગયું કે એકતરફનું દંગાઇ ગુજરાત તરીકે ઓળખાતું ગુજરાત જેમાં અચાનક જ એક પછી એક ઇન્વેસ્ટમેન્ટો આવવા મંડયા. રાજયમાં રાત્રે ૧૨-૦૦ વાગ્યા સુધી કે ૨-૦૦ વાગ્યા સુધી નવરાત્રિ ગરબા રમાય, કોઇપણ પ્રકારની હિંસા, કોઇપણ પ્રકારની કોઇ ફરિયાદ ન આવી. આની પાછળ પ્રબળ ઇચ્છાશક્તિ હતી અને એ ઇચ્છાશક્તિ હતી ગુજરાતની જનતાની સેવા કરવાની અને ગુજરાતની જનતાના હિતમાં એક પછી એક નિર્ણય લેવાની ઇચ્છાશક્તિ હતી. આજે પહેલીવાર વિરોધ પક્ષના સાથીઓએ એમની વાત કરતા પહેલા પોલીસની સફળતા અને પોલીસનાં કરેલાં સારાં કામોને આવકારવા તો પડયા જ છે. ફરિયાદ તો દરેક વિષયની અંદર હોય. એક પરિવારમાં પાંચ દીકરા રહેતા હોય તો પાંચેપાંચ એકસરખા ના જ હોય. આપણે સમજીએ જ છીએ. સપરિવારમાં એકસાથે રહેતાં હોય તો પણ એક માતાપિતાને તમામ બાળકો જોડે પ્રેમ પણ એકસરખો ના હોઇ શકે. ભલે એ જ માતાપિતાનાં તમામ બાળકો હોય અને એ છોકરાઓની કામગીરી પણ સમાજની બહાર જાય ત્યારે એકસરખી ના જ હોઇ શકે, પરંતુ અમારી ઇચ્છાશક્તિ અને અમારી પોલિસી છે, ત્યારે એક પછી એક મહત્ત્વનાં કામો થવાની શરૂઆત થઇ છે. ગુજરાત પોલીસ એટલે શું? સામાન્ય રીતે ગુજરાત પોલીસ એટલે તમામ લોકોના મનની અંદર એક જ કલ્પના હોય કે ચોર પકડનાર પોલીસ, ગુનેગારોને પકડનાર પોલીસ, પોલીસ એટલે રસ્તા ઉપર ઊભા રહીને ટ્રાફિકની વ્યવસ્થા કરતી પોલીસ. પરંતુ ગુજરાતની પોલીસ એટલે શું એનો ખરો ચહેરો જોવો હોય તો ખાલી થોડા દિવસ આપણે ફ્લેશબેકમાં જઇએ. થોડા દિવસ અગાઉના જો પેપરો વાંચશો તો તમને અંદાજો આવશે. બેટ દ્વારકાથી વિદ્યાર્થીઓ પરીક્ષામાં લેટ ન પડે તે માટે પોલીસની બોટોની વ્યવસ્થા તાત્કાલિક કરવામાં

આવે. પોલીસના સૌ જવાનો મારા ગુજરાતના વિદ્યાર્થીઓને હાથ પકડીને બોટમાં બેસાડીને સ્કૂલ સુધી મૂકવા જાય આવાં દ્રશ્યો પણ આપણે કયારેય જોયાં હતાં ખરાં? મારા ગુજરાતના એક પોલીસ ઇન્સ્પેકટર એક દીકરી ભૂલથી બીજી સ્કૂલમાં પહોંચી ગઇ તો એની ગાડીમાં બેસાડીને એની સ્કૂલ સુધી મૂકવા જાય. વડોદરાની એકેએક બહેનો દાદા-દાદીઓને ગૃહમંત્રી, મુખ્યમંત્રી, વિરોધ પક્ષના નેતા અલગ મંત્રીઓ, વી.વી.આઇ.પી. એની આગળ તમે પાઇલોટિંગ સો ટકા જોઇ હશે પણ ગુજરાત સરકારે, ગુજરાતના ગૃહ વિભાગે શું કર્યું ? વડોદરાની અંદર સિનિયર સિટીઝન બહેનોને, દાદાઓને બેંકની અંદર પૈસા ભરવા માટે, હોસ્પિટલોમાં લઇ જવા માટે એ પોલીસની ગાડી જાય, એની અંદર બેસાડે અને અનેક લોકોને ત્યાં લઇ જઇને એની નાનીમોટી કામગીરીમાં આ ગુજરાત પોલીસની દીકરીઓ મદદગાર થાય. એનું નામ છે ગુજરાત પોલીસ. અલગ અલગ અનેક વાતો આવે. પોલીસે શું કર્યું? પોલીસે આ કેમ કર્યું? કયારેય કોઇએ પોલીસના પર્સનલ જીવનની અંદર ઝાંખીને જોયું છે ખરું? દરરોજ રાજનીતિના કારણે, એકબીજાની ટીકા-ટિપ્પણીઓના કારણે હેડલાઇન બનાવવાના કારણે ગમે તેવા આંકડા આપી દઇએ, ગમે તે વિષયમાં ટીકાઓ કરી લઇએ, પરંતુ એની આડઅસર પોલીસના જીવનમાં, એના પરિવારના જીવનમાં શું પડે છે એ કયારેય વિચાર્યું છે? ગુજરાતના હજારો પોલીસના જવાનો એવા છે કે જેણે કોઇક દિવસ દિવાળીનો ત્યાગ કર્યો હશે. કોઇકે હોળીનો ત્યાગ કર્યો હશે અને અનેક પોલીસ ઓફિસરો એવા હશે કે જે દિવસે દીકરા, દીકરીનો જન્મદિવસ હોય, આખું ગામ એમના દીકરા, દીકરીનો જન્મદિવસ માનવતું હોય પણ એ પોલીસ અધિકારી નાનીમોટી કોઇ ઘટના બની જાય તો એના પોતાના દીકરા, દીકરીના જન્મદિવસમાં હાજર ન રહીને આ રાજયની જનતાની સેવામાં બંદોબસ્ત ગોઠવવામાં એમના દીકરા, દીકરીનો જન્મદિવસ છોડી દે છે. આનું નામ છે ગુજરાત પોલીસ અને એને તમે કેટલું ડિમોરલાઇઝ કરશો અને કોના કારણે? ૧૧૬ ની નોટિસ ઉપર તમે કહેલું કે તમને માગણીઓની ચર્ચા ઉપર કહેલું કે તમને સમય મળશે તમે પૂરો ખુલાસો આપજો અને આ દીકરા, દીકરીઓનો જન્મદિવસ હું એટલા માટે યાદ કરાવું છું કે ગુજરાત પોલીસના એ.ટી.એસ.ના જવાનો રાજનીતિના કારણે ડ્રગ્સ પકડાયું, પકડાયું કરતા ગયા અને કયારેક તો ઇલેક્શનના બે મહિના પહેલાં આપણી જન્મભૂમિને જે ધરતીએ આપણને બધું જ આપ્યું છે તે ગુજરાતને આપણે ઉડતા ગુજરાત બનાવી દીધું. ૩૭ વર્ષની વયે ગૃહમંત્રી બનવાનો અવસર મળ્યો, ગૃહમંત્રી બનતાંની સાથે ગૃહ વિભાગની એક બેઠક ચાલતી હતી. મને મારા સિનિયર અધિકારીઓએ ખૂબ કહ્યું કે, આ ઇલેક્શનનું વર્ષ છે. જો આપણે ડ્રગ્સ પકડવા જઇશું તો અમુક સભ્યો આને રાજનીતિનો મુદ્દો બનાવીને ખોટી રીતે સરકારને બદનામ કરવાનો કોઇ પ્રકારનો વારો ચૂકશે નહીં. હું સામાન્ય પરિવારમાંથી આવતો વ્યક્તિ છું. યુવાનોને કયાંક ને કયાંક નજીકથી જોયા છે, તેમનો ડર હું સમજતો હતો. રાજનીતિના વિષયને બાજુમાં રાખીને મને એવું લાગ્યું કે સમાજના આ ખૂબ મોટા દૂષણને રોકવા માટે બધા જ લોકોએ એક થઇને લડવું પડે. આમાં વિપક્ષ હોય  કે બીજા હોય આવા મુદ્દાને રાજનીતિક મુદ્દો કયારેય ના બનાવી શકીએ. હું માનું છું કે કયાંક મારી સમજણ ઓછી હતી, કયાંક મારો પ્રેમ મારા રાજ્યના યુવાનો માટે વધારે હતો. હું સમજી ના શક્યો અને મેં એવું કહ્યું કે આપણે તો આમાં આર કે પારની લડાઇ લડવાની છે. ચૂંટણી આવે કે બીજું કંઇપણ આવે જવાબ આપવા માટે હું તૈયાર છું. એ જ રાતે શનિવારની રાત હોય, અનેક લોકો બેઠા છે તેમના દીકરા મારી ઉંમરના હશે. દરરોજ રાજનીતિક કારણોસર મનફાવે તેવું બોલે તેનાથી મને કોઇ ફરક નથી પડતો. આ બધાના દીકરાઓ મારી ઉંમરના હશે તેમને ખબર છે કે, મારી ઉંમરના દીકરાઓ શનિવારની રાત્રે પોતાના પરિવાર જોડે બહાર ફરવા જાય અને તે આખી રાત ગૃહ વિભાગ જોડે બેસીને મેં ડ્રગ્સ રિવોર્ડ પોલિસી બનાવેલી. કારણ કે મારે મારા રાજ્યને બચાવવું છે. વેસ્ટર્ન કન્ટ્રીઝની અંદર જે પ્રકારે ડ્રગ્સનું દૂષણ ફેશન સ્ટેટમેન્ટ બની ગયું છે. આજે આપણો દેશ તેનાથી ખૂબ સુરક્ષિત છે અને ગુજરાત તો તેનાથી સૌથી સુરક્ષિત છે. ડ્રગ્સનો રેશિયો કહ્યો પરંતુ ડ્રગ્સના રેશિયોમાં આપણે કયા નંબર પર છીએ તે કયારેય કોઇ નહીં કહે. કારણકે અહીંયાં તો ટીકા-ટિપ્પણીની જ જગ્યા છે. તે ગુજરાત પોલીસે એક પછી એક શું કર્યું? ગુજરાત પોલીસે આ ડ્રગ્સ પકડ્યું છે. તેના વીડિયો જે દિવસે લોકો અહીં જોશે ત્યારે પાકિસ્તાનથી ડ્રગ્સ લઇને આવતા હોય તે કોઇ હારમાળા લઇને નથી આવતા. સામે ગોળીબાર કરતા હોય છે અને તેનો સામનો કરીને આપણી ગુજરાત પોલીસે આ ડ્રગ્સ પકડયું છે. એક-બે કાર્ટેલ પકડયા છે. આપણે ટોટલ ૫૪૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડીને ભારત દેશમાં ઘૂસતા બચાવેલું છે. આ ડ્રગ્સ ભારતમાં ઘૂસીને નીચે વેચાતું ન હતું, આ ડ્રગ્સ ઇન્ટરનેશનલ બોર્ડરથી ભારતમાં ઘૂસતા પહેલાં આપણે પકડયું છે. આને એચીવમેન્ટ કહેવાય. મોરબી, ઝિંઝુડાની, કચ્છની આવી અનેક ઘટનાઓ છે.  જયારે મહારાષ્ટ્રમાં કોંગ્રેસની સરકાર હતી. શ્રી શૈલેષભાઇ ત્યારે કોંગ્રેસની સરકાર હતી. ૬૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ લઇને આવતા હતા. ૬૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ લઇને આવ્યા અને અનેક દિવસો એક મૌલવીને ત્યાં રોકાયા. તેમના ત્યાં ડ્રગ્સ સાચવીને રાખ્યું. આપણી ગુજરાત એ.ટી.એસ.ની ટીમે દિવાળીના તહેવારનો સમય હતો એટલે તમને બધાને ધ્યાન નહીં હોય કારણ કે તમે બધા તમારા પરિવાર સાથે દિવાળી મનાવતા હતા. એટલે કદાચ તમે ચૂકી ગયા હશો. એટલે ખબર નહીં હોય કે ગુજરાત પોલીસે કેટલું મોટું કામ કરેલું. આપણી ગુજરાત એ.ટી.એસ.ના ઉચ્ચ અધિકારીઓ ફૂટપાથ પર કોઇ લારી લઇને બેઠેલા હતા, કોઇ દૂધવાળો બનીને તેના ઘરે ગયેલા હતા. પિકચરોમાં જોઇએ તાળીઓ વગાડીએ છીએ પણ આ રિયલ પિકચર છે. રિયલ લાઇફની અંદર ડ્રગ્સ પકડવાનું કામ ગુજરાત પોલીસે આ પ્રકારે કર્યું છે.  ગયા બજેટ સત્રમાં મને યાદ છે કે, કોંગ્રેસ પક્ષ અને બધા જ પક્ષોએ સાથે મળીને અને હું આભાર માનું છું કે, ડ્રગ્સ પકડવાની મુહિમને વધારે મજબૂત કરી શકીએ તે માટે સભાગૃહ એક થયેલું. એક થઇને ગુજરાત પોલીસને તમામ પ્રકારનો સહયોગ આપવાનો સૌએ પોતપોતાની સ્પીચમાં આ વિષય લીધેલો. મને આજે પણ યાદ છે કે, ખૂબ મોટા મને

સભાગૃહના ૧૮૨ ધારાસભ્યોએ એક સાથે મળીને એ રીતે ગુજરાતમાં એક નવો ઇતિહાસ રચેલો હતો એના કારણે આપણને સફળતા મળી છે. કોઇ એક કારણે આપણને સફળતા મળી છે એવું નહીં, તમામ લોકોએ એક થઇને જ્યારે આ કામગીરી કરી ત્યારે આ સફળતા મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વ્યાજખોરીની વાત કરવામાં આવી, વ્યાજખોરીની અંદરની વેદના ગુલામ અલીની ગઝલની જેવી છે. "**चुपके चुपके रात दिन, आंसु बहाना याद है।** " એ આપણા મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલે સાહેબે સાંભળીને એમણે એમ કહ્યું કે, "**जिस का कोई नहिं उसका तो भगवान है यारो** " આ પંક્તિને સાર્થક કરતા તેમની પહેલી કેબિનેટમાં નિર્ણય લેવામાં આવ્યો કે, ગુજરાતના સામાન્ય નાગરિકો જે નાની મોટી સમસ્યાઓમાં એક બીજા પર વિશ્વાસ કરીને કોઇ પાસેથી વ્યાજે રૂપિયા લે છે અને વ્યાજખોરો ક્યા પ્રકારની યાતના લોકો ઉપર વિતાવે છે એની વાત કરું તો કોઇક કોરો ચેક લઇ લે, કોઇક કોરા સ્ટેમ્પ પેપર પર સાઇન કરાવી લે આ પ્રકારે અલગ અલગ પદ્ધતિઓથી ગુજરાતના સામાન્ય અને ગરીબ લોકો ઉપર જે પ્રકારની યાતનાઓ ચાલી રહી હતી, ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય લીધો કે, ગુજરાત પોલીસ વ્યાજ સામેના દૂષણમાં એક મોટી લડાઇ હાથમાં લેશે. ગુજરાત પોલીસે આ લડાઇ ગુજરાતના ખૂણે ખૂણે સુધી પહોંચાડવા માટે ૩૫૦૦થી વધારે લોકદરબારો કર્યા, ૧૨૦૦થી વધારે ગુનેગારોને પકડ્યા, એટલું જ નહીં પણ આ લોકદરબાર અને ગુનેગારોને પકડવાની કામગીરી ચાલતી રહી, પરંતુ હજારો કેસ એવા છે કે જેમાં માત્ર અરજી આવી અને સામે ન્યાય મળ્યો એવી ઘટનાઓ ગુજરાતના ખૂણે ખૂણે ઘટી છે. માનનીય અધ્યક્ષશ્રી, આમાં બે કિસ્સા હું આપની સમક્ષ મૂકવા માગું છું, સુરતનો એક પરિવાર ૧ કરોડ ૬૮ લાખ રૂપિયાની લોન લીધી અને સામે વ્યાજખોરોએ ૩.૫૦ કરોડ રૂપિયા માગતા હતા માત્ર દોઢ વર્ષની અંદર એને આ દૂષણમાંથી મુકત તો કરાવ્યા અને ૮.૫ લાખ રૂપિયા પાછા અપાવ્યા. અમદાવાદનો એક કિસ્સો છે, એક વિધવા બેન એનું ઘર આ વ્યાજખોરોએ પડાવી લીધેલ હતું એ વ્યાજખોરો પાસેથી ઘર પાછું લઇને એ બેનને પરત અપાવવાની કામગીરી ગુજરાત પોલીસે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે નક્કી કર્યું કે, ગુજરાતની જનતા નાનો મોટો વેપાર કરી શકે એ માટે પ્રધાનમંત્રી મોદી સાહેબે જે અલગ અલગ યોજનાઓ કરી છે એ યોજનાઓ થકી આ લોકોને મદદ કરવામાં આવે અને એ મદદની આ ડ્રાઇવ દરમ્યાન ટોટલ ૩૮ પોલીસ જિલ્લાઓમાં લોન મેળાઓનું આયોજન કરીને ૨૧૯૭૮ લોકોને કિફાયતી અને પરવડે તેવા વ્યાજના નહીવત દરથી ૨૬૨ કરોડ રૂપિયા એક મહિનામાં અપાવ્યા. ૧૪ જિલ્લામાં હું પોતે ગયો છું, ૧૪ જિલ્લામાં મેં લોકોની ફરિયાદ સાંભળી છે, મેં પોતે જઇને આ ચેકો આપ્યા છે, મુખ્યમંત્રીશ્રી આવ્યા છે, અમારા કેબિનેટ મંત્રીશ્રીઓ આવ્યા છે. ઇ-એફ.આઇ.આર.ના માધ્યમથી આપણે રાજયના સૌ નાગરિકોને પોલીસ સ્ટેશન સુધી ધક્કા ન ખાવા પડે, પરિવારના કોઇ પણ વડીલનો મોબાઇલ ખોવાય ગયો હોય, વાહન ચોરી થઇ ગયું હોય તો એ ઘર બેઠા ફરિયાદ દાખલ કરી શકે એવી વ્યવસ્થા કરી. ડાંગમાં સૌથી પહેલો કેસ ઇ-એફ.આઇ.આર.નો ગુજરાતમાં આવેલ હતો. આ પ્રકારના ગુજરાતભરમાં કેસો આવ્યા, રાજયમાં ટોટલ અરજીઓ આપણને મળી છે તે છેલ્લા એક મહિનામાં ૨૩૦૨ અરજીઓ મળી છે તેમાંથી ૧૬૧૪ અરજીઓ એફ.આઇ.આર. કરવામાં આવી એટલે કે ૭૦ ટકા એફ.આઇ.આર. કરી લેવામાં આવી છે. હમણા આપણે ગુજરાતમાં એક ખૂબ મોટી ચેલેન્જ હાથમાં લીધી છે. મિસિંગ ચાઇલ્ડ શોધવાની, ઘણાં વખતથી લાંબા ગાળાથી જે બાળકો ખોવાઇ ગયા હોય એ બાળકોને શોધવા માટેનું આપણે એક અભિયાન ચાલુ કરેલું છે. ખોવાયેલાં બાળકોને શોધવા માટેના સ્પેશિયલ શાખામાં આશરે ૬૬૮ માણસો કાર્યરત છે તેમાં વધુ ૧ હજાર સભ્યોને વધારવાનો અમે લોકોએ નિર્ણય લીધો છે. જેના થકી આવનારા દિવસોમાં આ બાળકો જે મિસિંગ બાળકો છે તેને શોધવામાં હજુ વધારે સમય કઇ રીતે ઓછો લાગે તે માટે આપણે મહેનત કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં કેન્દ્ર સરકારની ધ ટ્રેકિંગ મિસિંગ ચાઇલ્ડ.ગવર્નમેન્ટ.ઇનની જે વેબસાઇટ છે તેની અંદર જે છોકરાઓ રોડ ઉપર ભિક્ષા માગતા હોય તો તેનો ફોટો તેની જોડે મેળવીને આ પ્રકારનાં બાળકો કયાંકથી ચોરી નથી થયા તે મેળવવાની કામગીરી ચાલુ છે. ચોક્કસ જિલ્લાઓમાં આ ડ્રાઇવ ચાલુ રાખવામાં આવેલી છે. ઓપરેશન મુસ્કાન, સ્માઇલ જેવી ડ્રાઇવ પણ બાળકો શોધવામાં ચાલી રહી છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ગુમ થયેલાં ૪૧૩૧ બાળકોમાંથી ૩૨૬૪ બાળકો પરત મેળવવામાં આવેલા છે. વર્ષ ૨૦૦૭ થી ૨૦૨૨ સુધીમાં જે બાળકો ખોવાયેલાં છે અને હજુ સુધી નથી મળ્યાં તે માટે અમે એક ફરીથી ડ્રાઇવ ચાલુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં અંબાજી ખાતે શકિત સેવા કેન્દ્ર દ્વારા ભિક્ષા માગતા અનાથ બાળકોના વિકાસ માટે એક બેન્ડની શરૂઆત કરવામાં આવી. આપ પણ ખૂબ સારી રીતે જાણો છો કે, આ બાળકો જે ભિક્ષા માગતા હતા તે લોકોને એક નવું કામ શીખવાડવામાં આવ્યું અને એ શીખવાડીને એ લોકોનું બેન્ડ ખૂબ સારું બેન્ડ તૈયાર થયુ છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં આ વખતે પ્રધાનમંત્રીશ્રીનો કાર્યક્રમ હતો ત્યાંથી આ બેન્ડનો નંબર વન આવ્યો છે. આ જ રીતે અલગ અલગ પ્રોજેકટો થકી ગુજરાતમાં આપણે ભિક્ષા માગતા દીકરાઓને કઇ રીતે વધુમાં વધુ સુવિધા આપી શકીએ તેની પણ કામગીરી ચાલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા સુરક્ષાની જયારે વાત આવે ત્યારે સો ટકા આપણે ગુજરાત પોલીસને અભિનંદન આપવા પડે. મહિલા સુરક્ષાની ક્રાઇમ રેઇટની વાત જરૂરથી થઇ પણ તે વાત માત્ર ગુજરાતની કરી. આ મહિલા સુરક્ષાના જે કાયદાઓ છે, જે કલમો છે તે કલમ ઘણી વખત અલગ અલગ વિષયોની અંદર બનતી ઘટનાઓમાં પણ આપણે તે કલમનો ઉપયોગ કરતા હોઇએ છીએ. મહિલાઓના ગુનામાં ક્રાઇમ રેઇટ ગુજરાતનો ૨૨.૧ છે તેની સામે છત્તીસગઢનો ક્રાઇમ રેઇટ ૪૯.૮

છે. આપણું પડોશી રાજય રાજસ્થાનનો ક્રાઇમ રેઇટ ૧૦૫.૪ છે, પંજાબનો ક્રાઇમ રેઇટ ૩૯.૨ છે. આખા ભારતનો ક્રાઇમ રેઇટ ૬૪.૫ છે. સમગ્ર ભારતમાં ગુજરાતનું સ્થાન છેક ૩૨માં નંબરે આવે છે. ૩૩માં નંબરે મણીપુર છે, ૩૪મું પોંડીચેરી છે, ૩૫મું લદાખ છે અને ૩૬મું નાગાલેન્ડ છે એટલે જોવા જઇએ અને આ નાનાં નાનાં રાજયોને કાઢી નાંખીએ તો આપણે આમાં પણ નંબર વન છીએ. (અંતરાય) સુરક્ષા આપવામાં, એવુ સમજવું પડે, એવુ છે જ.

માનનીય અધ્યક્ષશ્રી, તો પણ હું આને એચીવમેન્ટ નથી માનતો. હું એવુ માનું છું કે આ પ્રકારની એક પણ ઘટના જો રાજયમાં ઘટે તો એ આપણાં માટે શરમજનક છે, કારણ કે આપણું રાજય જયારે વિકસિત રાજય હોય, આપણું રાજય જયારે દેશમાં નંબર વન હોય તો આપણે એનામાં પણ આ ૨૨.૫માંથી કઇ રીતે ધીરે ધીરે નીચે આવી શકીએ તે માટે અમે એક નવો પ્રયાસ કર્યો અને એ પ્રયાસ કઇ રીતે ચાલુ કર્યો. એ પ્રયાસ હું આપને જણાવવા માગું છું કે, ગુજરાતમાં આપણે ફાસ્ટ ટ્રેક નિર્ણયો કઇ રીતે આવે તે માટે પ્રયત્નો ચાલુ કર્યા. અમુક કેસોમાં ૨૪ કલાકમાં અને બાકીના કેસોમાં ૧૫ થી ૪૦ દિવસના સમયગાળામાં અમે ટોટલ તપાસ પૂર્ણ કરી. કુલ મળીને આ એક જ વર્ષની અંદર ૧૯ એવા ગુના છે કે જેનું માત્ર અને માત્ર સો દિવસની ચુકાદો લાવવામાં ગુજરાત પોલીસ સફળ રહી છે. છથી વધારે ફાંસી અને દસથી વધારે આજીવન કેદની સજા માત્ર સો દિવસમાં અપાવવી આ ગુજરાતની ખરેખર સફળતા છે. આ કોઇ રાજકીય પાર્ટીની સફળતા નથી, આ સફળતા આપણાં સૌની છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશભરની ગૃહમંત્રીની બીજેપીની બેઠક થાય ત્યારે એ બેઠકની અંદર ગુજરાત રાજયની ચર્ચા થાય કે ગુજરાતે કયા કાયદાનો અમલ કરીને આવા ૧૯ કેસની અંદર આટલા ફાસ્ટ ટ્રેક કોર્ટની અંદર કઇ રીતે નિર્ણય લાવ્યા. આપણે કોઇ નવો કાયદો નથી લાવ્યા જે કાયદો આખા દેશમાં અમલમાં છે તેના થકી જ આપણે માત્ર સો દિવસની અંદર ૧૯ કેસોનો નિકાલ લાવ્યા છીએ જે હું એવું માનું છું કે એક ખૂબ મોટી એચીવમેન્ટ છે. દારૂ, દારૂ, દારૂ. એ ક્યાંથી આવ્યું? કોણે શરૂઆત કરી? શું પરિસ્થિતિ હતી? એમાં નથી પડવું. આપણે સૌએ કોઇ એક દિવસ તો માનવું પડશે કે આ એક ખૂબ મોટું સામાજિક દૂષણ છે. આખા ગામડામાં ચારે બાજુ દારૂ બંધ કરાવી દઇએ તો વ્યક્તિ કેમિકલ લઇને પી લે. દવાઓ લઇને પી લે. એક બાજુ પોલીસ કડક હાથે કામ લઇને દારૂબંધીનો કડક અમલ કરાવે છે. સાથે-સાથે અમે સામાજિક સંસ્થાઓને આગળ લાવીને અલગ-અલગ ગામડાઓમાં મુહીમ ચલાવીને લોકોને વ્યસનમુક્ત કઇ રીતે કરવા એના માટે પણ પગલાં ભર્યાં છે. હમણાં જ હું બનાસકાંઠા ગયો હતો. બનાસકાંઠામાં આવાં ૩૪ ગામડાઓ છે. આ માટે એક સંસ્થા દ્વારા અમે આ ૩૪ ગામડાઓ હાથમાં લીધાં અને એના દ્વારા એ ગામડાઓમાં ૧૦૦ ટકા વ્યસનમુક્તિની શપથ લેવડાવવામાં આવી. આ ગામડામાંથી ૬ લોકોને સમાજ બહાર કાઢી દીધા. કારણ કે, એ લોકોએ નિયમ તોડ્યો અને વ્યસનમુક્તિની શપથ લીધા પછી એણે વ્યસન લીધું એ માટે એને ગામમાંથી બહાર કાઢી દેવામાં આવ્યા. એના કારણે આપણે સમાજમાં એક મુહીમ ચલાવવા માગીએ છીએ અને આ મુહીમ થકી આવનારા દિવસોમાં આપણને જરૂરથી સફળતા મળશે. આપણો દેશ આઝાદ થયો ત્યારથી આ જ ગૃહમાં આજ દિન સુધી દારૂબંધીની વાત કરીએ છીએ. માત્ર પોલીસ દારૂ વેચવાવાળાને પકડી લે એનાથી દારૂબંધી થઇ જતી હોત તો આજે ૭૦ વર્ષ પછી પણ આપણને કેસ ના મળતા હોત. આ કેસનો નિકાલ લાવવા માટે ક્યારેક તો કોઇએ શરૂઆત કરવી પડશે. ક્યારેક તો કોઇએ એ સત્ય સ્વીકારવું પડશે અને આ સત્ય સ્વીકારીને આ સામાજિક દૂષણ સામે એક થઇને લડવું જોઇએ. આ વર્ષે આશરે ૮,૦૦૦થી વધારે પોલીસ કર્મચારી/અધિકારીઓની ભરતીનું આયોજન કરવામાં આવ્યું છે. જેની પ્રૅક્ટિકલ કસોટી ગરમી પછી લેવાય એ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવશે. બૉડી વોર્ન કૅમેરા થકી નવી ડ્રોન પૉલિસી લાવવામાં આવી. ગુજરાતભરમાંથી મને ફરિયાદ મળે છે અને હું સ્વીકારું છું. ટ્રાફિક પોલીસની જે ફરિયાદ મળે છે એમાં અમે ખૂબ મોટું પરિવર્તન લાવવા જઇ રહ્યા છીએ. એ પરિવર્તનનું સૌથી પહેલું સ્ટેપ હોય તો એ બૉડીવોર્ન કેમેરા છે. આવનારા દિવસોમાં અમે નવી પૉલિસી બનાવીને ટ્રાફિક પોલીસ જે દંડ ઉઘરાવે છે એને બૉડીવોર્ન કેમેરામાં એણે કરેલી ભૂલ નહિ દેખાય અને ફરિયાદી ફરિયાદ કરશે અને બૉડીવોર્ન કેમેરામાં એ વિઝ્યુઅલ નહિ હોય તો એની ઉપર પગલાં ભરવામાં આવશે. ભવિષ્યમાં અમે આ પ્રકારની યોજના લાવવા જઇ રહ્યા છીએ જે યોજના થકી ટ્રાફિકની સમસ્યામાંથી બહાર આવવામાં આપણને સફળતા મળશે. ગુજરાતના જુદા-જુદા આંકડાઓ અનેક ધારાસભ્યશ્રીઓએ આપ્યા છે. હિંસાત્મક ગુનાની વાત થઇ એમાં આપણા ગુજરાતનો ક્રાઇમ રેટ ૧૧.૯ છે. આખા દેશનો ક્રાઇમ રેટ ૩૦.૨ છે. રાજ્યની સરખામણીમાં ગુજરાતનું સ્થાન છેક ૩૨મા સ્થાને છે. આપણા પછી દાદરાનગર હવેલી, દમણ, લદ્ધાખ, લક્ષદ્વીપ અને નાગાલેન્ડ છે. હવે મને કહો કે કાયદાની પરિસ્થિતિ લથડી ગઇ છે કે સારી થઇ છે? શરીર વિરુદ્ધના જે ગુના છે તેમાં ગુજરાતનો ક્રાઇમ રેટ ૨૮.૬ છે. આખા દેશનો ક્રાઇમ રેટ ૮૦.૫ છે. ગુજરાતનો નંબર ૩૧મો છે. આપણા પછી મિઝોરમ, મેઘાલય, મણીપુર, દાદરાનગર હવેલી અને નાગાલેન્ડ છે. આપણાથી મોટું કે આપણી બરાબરીનું એક પણ રાજ્ય આપણા પછી નથી. ખૂનના ગુનાઓમાં ગુજરાતનો ક્રાઇમ રેટ ૧.૪ છે. જ્યારે દેશનો ક્રાઇમ રેટ ૨.૧ છે. આખા દેશમાં આપણે ૨૯મા નંબરે છીએ. આપણા પછી દાદરાનગર હવેલી, દીવ-દમણ, હિમાચલ પ્રદેશ, નાગાલેન્ડ, પોંડિચેરી અને કેરલ આવે છે. બળાત્કારમાં ગુજરાતનો ક્રાઇમ રેટ ૧.૮ છે અને આખા દેશનો ક્રાઇમ રેટ ૪.૮ છે. આપણો નંબર ૨૭મો છે. આપણા પછી કર્ણાટક, મણીપુર, દાદરાનગર હવેલી, નાગાલેન્ડ, પોંડિચેરી અને લક્ષદ્વીપ છે. એ જ રીતે અપહરણના કેસોમાં આપણો ક્રાઇમ રેટ ૨.૩ છે. દેશભરનો રેશિયો ૭.૪ અને આપણો ૨૮મો નંબર છે. આ બાબતમાં પણ આપણા પછીનાં રાજ્યો નાનાં છે. મિલકત વિરુદ્ધના ગુનામાં ૨૧.૭, દેશભરમાં ૫૫.૮

અને આપણો ૨૭મો નંબર છે. ચોરીમાં ૧૫.૨, દેશભરમાં ૪૨.૯ અને આપણો ૨૭મો નંબર છે. ઘરફોડમાં ૪.૨, દેશભરમાં ૭.૨ અને આપણો ૨૭મો નંબર છે. લૂંટમાં ૦.૮, દેશભરમાં ૨.૧ અને આપણો ૨૩મો નંબર છે. માનનીય શૈલેષભાઈ એમના પ્રવચનમાં મહિલાઓ વિરુદ્ધના ગુનાઓની વાત કરતા હતા. તેમણે માત્ર ૨૨.૧નો એક આંકડો આપ્યો. તેનો રેશિયો કઈ રીતે ગણાય? સામાન્ય નાગરિકને એમ લાગે કે ગુનાઓનું પ્રમાણ ખૂબ જ વધી ગયું છે પરંતુ દેશભરના આંકડા ૩૩.૬ છે. આ બાબતમાં પણ આપણો ૨૭મો નંબર આવે છે. આપણા પછી ત્રિપૂરા, આંધ્ર પ્રદેશ, જમ્મુ કાશ્મીર, મણીપુર, ઝારખંડ, નાગાલેન્ડ અને લદાખ છે. મારું એવું માનવું છે કે આ બધા જ આંકડાઓ સચ્ચાઈ પુરવાર કરે છે. આ આંકડાઓ પુરવાર કરે છે કે ગુજરાત આજે પણ દેશભરમાં શાંતિ અને સલામતીમાં નંબર વન રાજ્ય છે. આપણે સૌએ એક વિષય-ડ્રગ્સ જરૂરથી સમજવો જોઈએ. હું આપને સભાગૃહમાં બેઠેલા અનેક પરિવારના દીકરા-દીકરીનાં માતા-પિતા તરીકે પૂછવા માગું છું કે આ ડ્રગ્સ પકડીએ છીએ તે સારું કામ છે કે ખરાબ કામ છે? આ પકડીને અમે શું ગુનો કર્યો? અમે બધું જ પકડવા માટે સંકલ્પ લીધો છે અને એ કામગીરી હાથમાં લઈને સફળતા પ્રાપ્ત કરી છે. જે દિવસે રૂ.૬૦૦ કરોડનું ડ્રગ્સ પકડાય તે દિવસે આપણે અભિનંદન આપવાના હોય, એમ ન કહેવાય કે રૂ.૬૦૦ કરોડનું ડ્રગ્સ પકડાયું એટલે આ ગુજરાત 'ઉડતા ગુજરાત' થઈ ગયું. એ દિવસે આપણે વધારે સુરક્ષિત થયા છીએ. આપણી પોલીસ સતેજ હતી તે કારણસર આપણે ડ્રગ્સ પકડી શક્યા છીએ.

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ ( મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજની માગણીઓ પરની ચર્ચાઓ ઉપર મતદાન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

ડો. સી.જે. ચાવડા (કૉંગ્રેસ પક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ દરખાસ્તને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) માગણીઓ પરની ચર્ચાઓ ઉપર મતદાન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબત હું માત્ર એટલા માટે કહેવા માગું છું કે પોરબંદર જિલ્લામાંથી આવતાં એક વડીલ ધારાસભ્યશ્રી દરરોજ કાયદો અને વ્યવસ્થા લથડવાની મિડિયાની સામે વાત કરતા હોય છે. ગાંધીજીને ત્યાંથી આવે છે પણ ગાંધીજીએ જે વાત કહી છે તે ફક્ત ગુણ લઈ આવે તો બહુ સારું થઈ જાય. હું એમનો એક ઈન્ટર્વ્યૂ સાંભળતો હતો તેમાં કોઈ એક ઘટના બની અને એ ઘટનામાં તેમણે ચાલુ કર્યું કે ગુજરાતની કાનૂની વ્યવસ્થાઓ દિવસેને દિવસે લથડતી જાય છે. વર્ષ ૧૯૯૩-૯૪માં પોરબંદરમાં દર વર્ષે ૧૬-૧૬ ખૂન થયા તેવી પરિસ્થિતિ હતી. ત્યારબાદ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને આ આંકડા સીધા ઘટતા ગયા. આ વર્ષે કુલ નવ ખૂન થયા છે. આવનારા પાંચ વર્ષમાં આ નવથી ઝીરો પર કઈ રીતે જાય તે માટે કામગીરી આગળ વધારવાની છે. આ નવથી અમે સારી સિદ્ધિ પ્રાપ્ત કરી છે તેવું હું કહેતો નથી પરંતુ આ નવથી અમારું મન માનતું નથી. હજુ અમારે વધારે સારી રીતે કામગીરી કરવાની છે પરંતુ ભૂતકાળ ક્યારેય ન ભૂલવો જોઈએ તેવું મારું માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરનો લાંબો દરિયાકાંઠો છે. આ દરિયાકાંઠે અવૈદ્ય બાંધકામો કરવામાં આવ્યા છે અને આવા બાંધકામો થકી ફિશિંગનું કામ ચાલતું હોય છે. આમાં બેટદ્વારકા અને નવાદરા આ બે જગ્યાએ ગયા વર્ષથી ડ્રગ્સ પકડવાની કામગીરી ચાલતી હતી. આ બે જગ્યાએ ગરીબોના આશ્રય માટે ઝૂંપડા બનાવવામાં આવેલ હતા. પણ આ ઝૂંપડાની અંદર ડ્રગ્સ સંતાડીને રાખવામાં આવેલ હતું. એમાં એક જગ્યાએથી રૂ.દોઢસો કરોડનું અને બીજી જગ્યાએથી રૂ.પોણા ત્રણસો કરોડનું ડ્રગ્સ મળ્યું હતું. અમે કાયદા પ્રમાણે આ બે નંબરના જે બાંધકામો હતા એ તમામ બાંધકામો પર શ્રી ભૂપેન્દ્રદાદાનું બુલડોઝર ચલાવી દીધું છે. હું કાલે શ્રી ઈમરાનભાઇને સાંભળતો હતો. જે લોકો માટે એમણે ગરીબોની વાતો કરી છે એમનો ઈતિહાસ એમણે જોવો જોઇએ. છેલ્લા એક વર્ષની અંદર ડ્રગ્સ વેચનાર પેડલરોમાં સુરતનો અલ્તાફ હોય, અમદાવાદમાં બહેન મહેબુબા હોય, મોરબીમાં સલીમ હોય. આ તમામ લોકો જે ડ્રગ્સના કારોબાર સાથે જોડાયેલાં હતા એ તમામ લોકોએ સરકારની જગ્યા પર જે બે નંબરના અવૈદ્ય બાંધકામો કર્યા હતા એ તોડી પાડવામાં આવ્યા છે. આ લોકો સરકારી જગ્યા પર ઘર બનાવે છે, પછી લંગર નાંખીને મફત ઈલેક્ટ્રિસિટી વાપરે, સરકારની યોજનામાં મફતનો ગેસ લાવે, પાણી પણ આપણું વાપરે અને પછી ડ્રગ્સ વેચીને દેશના લોકોને બરબાદ કરવાની કામગીરી કરે છે. આ તમામ લોકોનો હિસાબ કરવાની શરૂઆત કરી દીધી છે. આ સરકારે ગુજરાતના નાગરિકોની સુખાકારી માટે આ જગ્યાઓ બચાવી રાખી છે. આ જગ્યા પર સાત રૂમનું પાકું ઘર બનાવ્યું હતું અને આ સાત રૂમનું પાકું ઘર એ કોઇ ગરીબનું ઘર ના હોઇ શકે. દરિયાકિનારે માછલીઓ વેચીને સાત રૂમનું મહેલ જેવું ઘર બનાવવું અને એની અંદર ૧૦૮ ઈંચનું ટી.વી. હોય એ કોઇ ગરીબનું મકાન ન હોઇ શકે. કહેવાનો આશય માત્ર એટલો જ છે કે આ વિષયને રાજકારણ સાથે ન જોડવો જોઇએ. હું ઘણી તૈયારી કરીને લાવ્યો હતો પણ આજના આ સમયે રાજકીય વાતો યોગ્ય નથી. શ્રી શૈલેષભાઇનું એવું સૂચન હતું કે, દારૂ પકડવા માટે સ્કેનરો ખરીદવા જોઇએ. અમે આ દિશામાં આગળ વધી રહ્યા છીએ. દારૂ પકડવાની સામાજિક લડતમાં આપણે સૌએ સાથે મળીને આ લડાઇ લડવી પડશે. ગૃહ વિભાગની અને વાહન-વ્યવહાર વિભાગની આ જે માગણીઓ છે એ સમાજને સીધી સ્પર્શે છે. આ બંને વિભાગો એવા છે કે સમાજ સાથે સીધા સંપર્કમાં છે. આ વિભાગમાં દરરોજ લાખો લોકોને નાની-મોટી કામગીરી પડતી હોય છે. રાજ્યની શાંતિ, સલામતી અને સુરક્ષા માટે આમાં કાપ દરખાસ્તનો વિષય તો હોવો જ ન જોઇએ.

આના માટે હજી વધારે બજેટની જોગવાઇ હોવી જોઇએ એવી મારી આપ સૌ પાસે અપેક્ષા છે. ગુજરાતની પોલીસે છેલ્લા એક વર્ષમાં જે એચિવમેન્ટ કર્યું છે અને દેશભરના યુવાનોનું જીવન બચાવવાની જે કામગીરી કરી છે એ બદલ બધાએ સાથે મળી સર્વાનુમતે આ માગણીનો સ્વીકાર કરવો જોઇએ એવી મારી અપેક્ષા છે

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે માગણી કરું છું કે, સુઇગામ તાલુકો ઇન્ટરનેશનલ બોર્ડર તાલુકો છે. ત્યાં સીમાદર્શન માટે અને માતાજીના દર્શન માટે હજારો પ્રવાસીઓ આવે છે. તાલુકો અલગ થયાને ૧૧ વર્ષ જેટલો સમય થઇ ગયો છે તો ત્યાં તાલુકાકક્ષાએ બસસ્ટેશન બનાવવામાં આવે એવી મારી માગણી છે. બીજું, ભાભર તાલુકો એ નગરપાલિકા એરિયામાં આવે છે. ૧૫૦ ગામોના વેપારી મથક સાથે જોડાયેલો છે. તો ત્યાં અલગથી સિટી પોલીસ સ્ટેશન બનાવવામાં આવે, એવી મારી બે માગણી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપના કોઇ સિનિયર અધિકારીશ્રી નોંધ કરી રાખે પછી આપની કક્ષાએથી રિવ્યુ લેજો તો ઘણા બધા લોકોના પ્રશ્નો આવી શકે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, જેમ ગુજરાતનો દરિયા કિનારો સમગ્ર ભારતમાં વિશેષ છે, એમ ગુજરાતમાં કચ્છનો દરિયા કિનારો સૌથી મોટો છે અને સંવેદનશીલ છે. તો એ જગ્યા ઉપર જયાં મરીન પોલીસ સ્ટેશનો નવા બને છે તેની સાથે સાથે પોલીસ કર્મીઓને રહેવા માટે રહેઠાણની વ્યવસ્થા સત્વરે થવા માંડે તો એ સુરક્ષા કર્મીની ચિંતા કરવામાં વિશેષ ઉપયોગી થવાશે. એ માટે જેટલો બજેટ વધારો કરવો પડે એ કરવો જોઇએ.

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, એમના સહયોગથી અમારા માધાપર વિસ્તારમાં નવું બસ સ્ટેશન તો ફળવાઇ ગયું છે અને મંજૂર પણ થઇ ગયું છે પણ, એ માધાપર વિસ્તારની જગ્યાની ટી.પી. સ્કીમ ફાઇનલ થઇ નથી એટલે બસ સ્ટેશન બની શકતું નથી. એ કાર્યવાહી વહેલી કરવામાં આવે. બીજું, રાજકોટમાં ટોટલ ૨૮૦૦ની પોલીસ કર્મીઓના મહેકમ માટેની જગ્યા મંજૂર થયેલ છે, જેમાં ૨૨૦૦ છે. એટલે હયાત પોલીસ કર્મીઓને બહું જ શ્રમ પડે છે. તો બાકીના ૬૦૦ પોલીસ કર્મીઓનું મહેકમ જલદી મંજૂર કરવામાં આવે એવી વિનંતી કરું છું.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એક સૂચન કરવા માગું છું કે, એસ.ટી.ના ડ્રાઇવરો લોજમાં જમવા જાય છે ત્યારે લોજ વાળા એમના મતલબ માટે ડ્રાઇવરને ઠંડુ અને લસ્સી પિવડાવે છે. તો ડ્રાઇવરને લસ્સી અને ઠંડુ ન પીવડાવે એના માટે ખાસ અહીંયાથી સૂચના આપવામાં આવે. આ જે એક્સિડંટ થાય છે મૂળ એના કારણથી થાય છે. એ થાકેલા હોય છે. રાત્રિના સુરતથી ગાડી નીકળે અને એક-બે વાગે ચોટીલા આવે. ડ્રાઇવર જમે અને લસ્સી પીવે એટલે એમને નિંદર આવી જાય. એના કારણથી એક્સિડંટ થાય છે. બીજું મારું સૂચન એ છે કે, જે ગાડીઓ જૂની થાય છે તે ભંગારમાં આપી દે છે. એ ગાડીઓને ભંગારમાં આપતાં પહેલા તેનું રજિસ્ટ્રેશન રદ થવું જોઇએ. ઘણી ગાડીઓ ઉપર બેંકની લોનો હોય છે. છતાં એ ગાડીઓ ભંગારવાળો લઇ લે એટલે રજિસ્ટ્રેશન રદ કર્યા વગરની ગાડીઓમાં, સરકારશ્રીને તથા બેંકોને પણ નુકસાન છે. એ લોકો બે નંબરની નંબર પ્લેટ લગાવી પાછી ચોરી કરતાં હોય છે. એ સિવાય મારું ત્રીજું એક સૂચન છે કે, જે તે વખતથી આપણી પ્રિસ્ટન પાસિંગ ગાડીઓ આવે છે એમાં સો-સો ટન ગાડીઓ ભરે છે. તો જે આર.ટી.ઓ. પાસિંગ ગાડી જાય એનામાં ટ્રક માલિક કે કોઇપણ વ્યકિત ફેરફાર ન કરે તો ઓવરલોડ ન ભરી શકે. કંપનીના ટાયર ૯૨૦ અને ૧૦૦૦ ટનના આવે છે અને ગાડીઓમાં હજાર-હજાર ટન ભરે છે. આપણા મંત્રીશ્રી અમને દસ ટનનો રોડ આપે છે. એના ઉપર સો ટનની ગાડી ચાલે છે. એ રોડ તૂટી જાય છે. પછી રોડ અમને આપતા નથી. આ માટે ધ્યાન રાખવામાં આવે.

શ્રી કલ્પેશભાઇ આ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા ગામમાં પોલીસ સ્ટેશન છે પણ અત્યારે કાર્યરત નથી. આઉટ પોલીસ સ્ટેશનનું મકાન બનાવવાની જરૂરિયાત છે. માનનીય મંત્રીશ્રી વહેલી તકે બનાવડાવે એવી મારી માગણી છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, અમારે ત્યાં સોમનાથ મંદિર અને સાસણના હિસાબે વી.વી.આઇ.પી. બંદોબસ્ત બહુ આવતા હોય છે. એટલે બહારની પોલીસ પણ બંદોબસ્તમાં આવતી હોય છે અને એમાં ખાસ કરીને, દીકરીઓ પણ આવતી હોય છે. એટલે સોમનાથ મુકામે એમને રહેવા માટે જો પોલીસ આવાસનું કોઇ ગેસ્ટ હાઉસ બનાવવામાં આવે તો બહારથી વી.વી.આઇ.પી. ઓના બંદોબસ્ત માટે વારેવારે જે પોલીસ કર્મચારીઓ આવતા હોય છે તો એને સગવડતા પૂરી થાય. બીજો મારો પ્રશ્ન છે કે, અમારો ગીર સોમનાથ જિલ્લો બન્યા પછી એક મુખ્ય જેલનું કામ વહેલી તકે ચાલુ થાય એના માટે પણ સરકારશ્રીને મારી વિનંતી છે.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, અમારા વીરમગામમાં પહેલા આર.ટી.ઓ.નું સેન્ટર હતું પણ એને બાવળા લઇ જવામાં આવ્યું છે. જેના કારણે માંડલ, દેત્રોજ અને વીરમગામના લોકોને બાવળા અથવા અમદાવાદ સુધી લાંબું થવું પડે છે. તો એ સેન્ટર પાછું વીરમગામમાં આપવામાં આવે અને વીરમગામ ખાતે પોલીસ સ્ટેશન મંજૂર થઇ ગયું છે અને ટેન્ડર પણ અપાઇ ગયું છે પણ હજુ કામકાજ શરૂ થયું નથી. તો વીરમગામ પોલીસ સ્ટેશનનું કામ ઝડપથી શરૂ થાય તો પોલીસ સ્ટેશન અને આર.ટી.ઓ. આ બંનેના કામમાં વીરમગામ અને આજુબાજૂના બીજા બે તાલુકા જે વિધાનસભામાં આવે છે એ તાલુકાના લોકોને રાહત મળી રહે.

તા. ૨૧મી માર્ચ, ૨૦૨૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( પાંચમો દિવસ)

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વિજાપુર ડેપોમાં ડેપો મેનેજર સાથે મેં મિટિંગ કરી હતી. સચિવાલયમાં ઘણા કર્મચારીઓ એ બાજુથી આવે છે. બસો બંધ થઇ છે. એનું કારણ એવું કહ્યું કે બસો તો પૂરતી છે, પણ ડ્રાઇવરો નથી. એટલા માટે મંત્રીશ્રીને મારી વિનંતી છે કે જે નવી બસો લાવવાના છે એ વત્તા હાલ જે બસો ઉપલબ્ધ છે, એમાં ડ્રાઇવરોની જે ઘટ છે, એ તાત્કાલિક ભરતી કરવામાં આવે.

શ્રી કાળુભાઇ રૂ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ અને હર્ષભાઇ સંઘવી વાહન વ્યવહાર મંત્રીશ્રીને...

અધ્યક્ષશ્રી : અભિનંદન તો બધાને અપાઇ ગયા. પ્રશ્ન ઉપર આવો?

શ્રી કાળુભાઇ રૂ. ડાભી : અભિનંદન આપું છું અને આભાર માનું છું. એટલા માટે કે ગયા રવિવારે જ. હમણા બસની વાત થતી હતી, તો મારા ધંધુકા ડેપોમાં નવી બસ આપી અને એને લીલીઝંડી મારા હાથે અપાવી લોકાર્પણ કરવાનો અવસર મને આપ્યો એ બદલ હું એમનો આભાર માનું છું. મારું સૂચન છે કે આખા ગુજરાતની વાત કરું છું. ગુજરાતમાં પોલીસ સ્ટેશનોમાં પકડાયેલાં વાહનો, મારા બગોદરામાં તો પરિસ્થિતિ એવી છે કે વાહનો પકડાય તો મૂકવા માટે જગ્યા નથી. ક્રેઇન મંગાવીને ઉપરાઉપરી વાહનો ચડાવવામાં આવે છે. એનો નિકાલ કરે.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, મારા રાજકોટનું સાપર વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ ઝોન છે અને ત્યાં ૧,૫૦,૦૦૦ થી વધારે વસતિ છે. ત્યાં પોલીસ સબ ઇન્સ્પેકટરની પોસ્ટ છે, એટલે પોલીસ ઇન્સ્પેકટરની પોસ્ટની અમારી માગણી અને વિનંતી છે.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી સૂચન કરવા માગું છું કે મોરબી એક ઔધોગિક નગરી છે અને મોરબીમાં પૂરા ગુજરાતમાંથી આમ તો ભારતભરમાંથી કામદારો કામ કરવા આવે છે. તો મોરબીથી ગુજરાતના તમામ જિલ્લા મથકે બસોની કનેક્ટિવિટીથી જોડાય તો અમારે ત્યાં આવનારા કામદારોને સારી સુવિધા મળે અને એસ.ટી. બોર્ડને પણ આવક થાય એવું સૂચન છે.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના મારફત વિનંતી છે કે વડોદરા શહેરનો સિટી વિસ્તાર ચાર દરવાજા અને માંડવીથી ચાંપાનેરના દરવાજા ઉપર જેમ આજે દાદાનું બુલડોઝર ફરે છે, એમ આપણા જ રાજની અંદર એક ધાર્મિક દબાણ ઉપર બુલડોઝર ફર્યું હતું. તો એ વિસ્તારમાં ૨ પોલીસના વ્હિકલ આજે પણ પાર્ક છે. તો અમારા સૌ ધારાસભ્યશ્રીઓ વતી વિનંતી છે કે એને હટાવી લેવામાં આવે. જેથી પાછળના દુકાનદારોને પણ ન્યાય મળી શકે. બીજી માગણી એવી છે કે આર.ટી. ઓ. માં ટેસ્ટિંગ ટ્રેકના પશ્ચિમ ઝોનની શરૂઆત કરવામાં આવે તો પશ્ચિમના અને દક્ષિણના લોકોને છેક સુધી ન જવું પડે. તો આર.ટી.ઓ.ના નવા ટેસ્ટિંગ ટ્રેકની હું માગણી કરું છું.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી છે કે મારા વિસ્તારમાં જંબુસરમાં એસ.ટી. ડેપો છે. પણ આમોદમાં નથી. તો માગણી મુજબ એક એસ.ટી. ડેપો આપવામાં આવે અને અનેક નવી બસો આવી રહી છે તો ૩૦, ૩૫ બસો મને પણ ફાળવે તો મારા વિસ્તારને સાનુકૂળ રહેશે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે મારા મઢી વિભાગમાં જે એસ. ટી. ડેપો બંધ કરવામાં આવ્યો છે, તે ફરી શરૂ કરવામાં આવે.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને મારું સૂચન છે કે ખંભાત એ અમારા જિલ્લા મથકથી દૂર છે અને છેવાડે છે. ખંભાતથી વિદ્યાર્થીઓને આણંદ, વિદ્યાનગર અને ચાંગા ઉચ્ચ અભ્યાસ માટે જવું પડતું હોય છે. તો સમયસર આ વિદ્યાર્થીઓને બસની વ્યવસ્થા અને એને સમય અનુકૂળ કરી આપે એવી એક માગણી છે. બીજું કે તાલુકાના વિદ્યાર્થીઓ એ ખંભાત શહેરમાં સ્કૂલ કોલેજ માટે આવતા હોય છે. તો તાલુકાના ગામડાઓમાંથી પણ વિદ્યાર્થીઓને સમયસર બસ મળે એવી એક માગણી છે. ખંભાતના ડેપોની કમ્પાઉન્ડ વોલ પણ જર્જરિત થઇ ગઇ છે, તો કોઇ દુઃખદ ઘટના ન બને એવી કાળજી લઇને સત્વરે બને.

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ શહેરમાં ખૂબ મોટું અદ્યતન બસપોર્ટ બનવા જઇ રહ્યું છે એના માટે વાહન વ્યવહાર મંત્રીશ્રી અમારી માગણી અને લાગણીને લઇને રૂબરૂ આવ્યા હતા. તો એ બસ સ્ટેન્ડને બસ સ્ટેન્ડ નહીં, પણ બસ પોર્ટ બનાવે એવી મારી મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને બે ત્રણ સૂચન કરવાં છે. પહેલું સૂચન તો એ વખતે ગૃહ વિભાગની અંદર ચર્ચામાં મેં કહ્યું હતું કે આ સ્કેનર લગાવો તો કદાચ પકડાઇ શકે અને આપે કહ્યું હતું કે એની પ્રક્રિયા થઇ રહી છે. ખાસ કરીને ડ્રગ્સ માટેની ગૃહે જે ચિંતા કરી છે એ માટે મારું સૂચન છે કે એના માટે એક સ્પેશિયલ ટાસ્કફોર્સ બનાવવામાં આવે કે જેના લીધે એ પોતે જ આવું કામ કરે અને એને માહિતી મળે તેના આધારે તેને આપણે વધારે પ્રમાણમાં કન્ટ્રોલ કરી શકીશું અને પકડી પણ શકીશું. બીજું સૂચન ખાસ કરીને જે લોકોને જેલોમાં સજા થયેલી છે અને સજા થઇ ગયા પછી એ લોકોનો સજાનો સમયગાળો પણ પૂર્ણ થઇ ગયેલો છે તો એવા કેદીઓનો એનો રિવ્યુ કરવામાં આવે એ જરૂરી છે. એવા લોકો કે જે સજા પૂરી થયા પછી પણ જેલમાં સડે છે તેવા લોકોનો એક રિવ્યુ કરીને એ લોકોને માનવતાના ધોરણે બહાર લાવવામાં આવે તેવી વિનંતી છે અને ત્રીજું કે જે કેદીઓ જેલમાં કામ કરે છે ખાસ કરીને ભજિયા બનાવવા, સુથારી કે

લુહારી જેવા જે કામ કરે છે એમાં વળતર આપવામાં આવે છે ૯૦ રૂપિયા, ૭૦ રૂપિયા અને ૫૦ રૂપિયા, એમાં પ્રવૃતિની રૂપરેખામાં લખ્યું છે કે, એનું પોતાનું ટિફિન કેન્ટીનનું જે હોય છે તેનો ખર્ચ કાઢીને પછી થોડા ઘણા પૈસા જે વધે તે એના પરિવારને મોકલે છે. એટલે એમાં પણ થોડોક વધારો કરવામાં આવે તેવી મંત્રીશ્રીને વિનંતી કરું છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને મારું એક સૂચન છે કે મારા વિધાનસભા વિસ્તારમાં બાયડ તાલુકામાં એક સાઠંબા અને બીજું ગાબટમાં એક બસના પીકઅપ પોઇન્ટની સારી વ્યવસ્થા કરવામાં આવે અને માલપુર તાલુકામાં એક જ પોલીસ સ્ટેશન છે તો બીજા મધ્યમાં પડતું હોય એવી જગ્યાએ બીજા એક પોલીસ સ્ટેશનની વ્યવસ્થા થાય તે બહુ જરૂરી છે અને ત્રીજી મારી રજૂઆત છે કે અત્યારે ગામડાંની અંદર વિદ્યાર્થીઓને સ્કૂલે જવામાં સૌથી વધારે તકલીફ પડતી હોય છે અને સાંકડા રસ્તાના કારણે મોટી બસ જતી નથી તો એવી જગ્યાઓ પર સૌથી વધારે મીની બસોનું આયોજન કરવામાં આવે એવી આપ સાહેબશ્રીને વિનંતી છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એક મારું સૂચન છે કે ચીલોડાથી હિંમતગનરનો હાઇવે તો સરસ બનાવ્યો છે, પણ ત્યાં બ્રિજ નીચે બસો ઊભી નથી રહેતી એના કારણે મુસાફરોને તકલીફ પડે છે. એટલે મારી વિનંતી એટલી જ છે કે ત્યાં બ્રિજની નીચે બસ ઊભી રહે તેવા એક બસસ્ટેન્ડની વ્યવસ્થા કરવામાં આવે. બીજું અમારા શ્રી લવિંગજીને પૂછવા દો તો વારાહીનું અમારું બસસ્ટેન્ડ એ પણ સરસ બની જાય તે જરૂરી છે. કારણ કે એ બહુ જર્જરિત છે તો એ બને એવી મારી વિનંતી છે.

શ્રી કૌશિકભાઇ સુ. જૈન : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિધાનસભા વિસ્તારમાં માધુપૂરા પોલીસ સ્ટેશન મંજૂર થયેલું છે અને ત્યાં જગ્યા પણ છે પરંતુ તે જગ્યા પર હાલ ગેરકાયદેસર દબાણ થઇ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે તો તેને ફેન્સિંગ કરવામાં આવે અને માધુપૂરા પોલીસ સ્ટેશન જો બનાવવામાં આવે તો સલામતી વધે એવી છે. તો તાત્કાલિક માધુપૂરા પોલીસ સ્ટેશન બને એવી મારી વિનંતી છે.

શ્રીમતી નીમીષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું પૂછવા માગું છું અને મારું સૂચન છે કે દાહોદથી ઇન્દોર હાઇવે બન્યો છે તેના લીધે જે સંતરોડમાં અમારું બસસ્ટેશન હતું તે બંધ થઇ ગયું છે અને તેના લીધે સંતરોડમાં એક નાનું પીકઅપ બસ સ્ટેન્ડ બને એ ખૂબ જરૂરી છે અને મોરવા હડફ તાલુકામાં કોલેજ, મૉડેલ સ્કૂલ, આઇ.ટી.આઇ. આ બધું એક જ જગ્યાએ છે, પણ મેઇન તાલુકાથી અંદરની સાઇડ વીસથી પચીસ કિલોમીટર અંદર છે. તો મીની બસ ચાલુ કરવાથી વિદ્યાર્થીઓને સગવડતા રહેશે અને તેમને અંદર જવામાં સારું રહેશે એટલે એ મારું સૂચન છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૨, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૭ અને ૨૯ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૪૨, ૪૩, ૪૪ અને ૭૪ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧.૪૫ વાગ્યે પૂરું થતા સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૨૩મી માર્ચ, ૨૦૨૩ ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૨૩મી માર્ચ, ૨૦૨૩
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા.૨૩મી માર્ચ, ૨૦૨૩**
**ચૈત્ર ૨, ૧૯૪૫ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧.

શ્રી રાઘવજી પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસમાં સોપો પડી ગયો છે અને કોંગ્રેસના નેતા શ્રી રાહુલ ગાંધીએ જે કાયદાનો અનાદર કર્યો..(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, અત્યારે શ્રી રાહુલ ગાંધીની વાત ન કરો, અત્યારે પ્રશ્નોત્તરીનો ટાઇમ છે.

શ્રી રાઘવજી પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, દેશના ન્યાયતંત્રએ એક મોટું દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ બેસી જાવ. તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧. માનનીય માનસિંહ ચૌહાણ.

**તારાંકિત પ્રશ્નો**

**મહિસાગર જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના**

૨૫૯૩ **શ્રી માનસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ અંગે બેંકોને ભલામણ કરવામાં આવી, અને

(૩) તે પૈકી બેંકો દ્વારા કેટલા લોકોને કેટલી રકમની લોન આપવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ કુલ ૬૨૫૫ અરજીઓ મળેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧/૧/૨૧ થી ૩૧/૧૨/૨૧ સુધી | તા.૧/૧/૨૨ થી ૩૧/૧૨/૨૨ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સંતરામપુર | ૨૪૩ | ૭૯૨ | ૧૦૩૫ |
| ૨ | લુણાવાડા | ૪૭૦ | ૧૮૧૧ | ૨૨૮૧ |
| ૩ | ખાનપુર | ૨૧૮ | ૬૩૪ | ૮૫૨ |
| ૪ | કડાણા | ૩૨૪ | ૯૮૦ | ૧૩૦૪ |
| ૫ | વિરપુર | ૯૨ | ૩૮૨ | ૪૭૪ |
| ૬ | બાલાસિનોર | ૭૯ | ૨૩૦ | ૩૦૯ |
| | **કુલ** | **૧૪૨૬** | **૪૮૨૯** | **૬૨૫૫** |

(૨) તે પૈકી કુલ ૩૭૫૨ અરજીઓ બેંકોને ભલામણ કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧/૧/૨૧ થી ૩૧/૧૨/૨૧ સુધી | તા.૧/૧/૨૨ થી ૩૧/૧૨/૨૨ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સંતરામપુર | ૯૪ | ૪૫૩ | ૫૪૭ |
| ૨ | લુણાવાડા | ૨૫૭ | ૧૧૬૭ | ૧૪૨૪ |
| ૩ | ખાનપુર | ૧૦૬ | ૪૨૮ | ૫૩૪ |
| ૪ | કડાણા | ૧૫૬ | ૫૮૩ | ૭૩૯ |
| ૫ | વિરપુર | ૬૮ | ૧૯૮ | ૨૬૬ |
| ૬ | બાલાસિનોર | ૭૧ | ૧૭૧ | ૨૪૨ |
| | **કુલ** | **૭૫૨** | **૩૦૦૦** | **૩૭૫૨** |

(૩) તે પૈકી બેંકો દ્વારા કુલ ૧૩૭૨ અરજીઓ બેંકો દ્વારા મંજૂર કરી રૂ.૪૪૯૧.૨૧/- લાખની લોન આપવામાં આવી.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧-૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧ સુધી (રકમ રૂ.લાખમાં) | | તા.૧-૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨ સુધી (રકમ રૂ.લાખમાં) | | કુલ (રકમ રૂ.લાખમાં) | |
|---|---|---|---|---|---|---|---|
| | | લાભાર્થી | રકમ | લાભાર્થી | રકમ | લાભાર્થી | રકમ |
| ૧ | સંતરામપુર | ૦ | ૦.૦૦ | ૧૬૨ | ૪૮૭.૧૮ | ૧૬૨ | ૪૮૭.૧૮ |
| ૨ | લુણાવાડા | ૪૦ | ૧૨૮.૭૦ | ૪૫૬ | ૧૬૧૨.૮૮ | ૪૯૬ | ૧૭૪૧.૫૮ |
| ૩ | ખાનપુર | ૩૨ | ૧૦૨.૩૦ | ૧૭૭ | ૫૨૨.૧૫ | ૨૦૯ | ૬૨૪.૪૫ |
| ૪ | કડાણા | ૬૭ | ૨૩૫.૧૭ | ૨૮૨ | ૯૦૨.૪૦ | ૩૪૯ | ૧૧૩૭.૫૭ |

ચૈત્ર ૨, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧-૧-૨૧ થી તા.૩૧-૧૨-૨૧ સુધી (રકમ રૂ.લાખમાં) | | તા.૧-૧-૨૨ થી તા.૩૧-૧૨-૨૨ સુધી (રકમ રૂ.લાખમાં) | | કુલ (રકમ રૂ.લાખમાં) | |
|---|---|---|---|---|---|---|---|
| | | લાભાર્થી | રકમ | લાભાર્થી | રકમ | લાભાર્થી | રકમ |
| ૫ | વિરપુર | ૦ | ૦.૦૦ | ૫૯ | ૨૦૦.૬૦ | ૫૯ | ૨૦૦.૬૦ |
| ૬ | બાલાસિનોર | ૪ | ૬.૮૮ | ૯૩ | ૨૯૨.૯૫ | ૯૭ | ૨૯૯.૮૩ |
| | **કુલ** | **૧૪૩** | **૪૭૩.૦૫** | **૧૨૨૯** | **૪૦૧૮.૧૬** | **૧૩૭૨** | **૪૪૯૧.૨૧** |

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બાજપાઇ બેંકેબલ યોજના શું છે અને, આ યોજના ક્યારથી અમલમાં આવી?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બહુ સારો પ્રશ્ન પૂછ્યો છે. આ યોજના એક અદભૂત યોજના છે. આ યોજનાની શરૂઆત વર્ષ ૨૦૦૧થી થઇ અને અત્યાર સુધીમાં ગુજરાતમાં ૬,૨૩,૦૭૫ લાભાર્થીઓને આમાં લાભ મળ્યો છે. ૧૨ લાખ લોકોને આ યોજના દ્વારા રોજગારી પૂરી પાડવામાં આવી છે અને ૧૯૭૦ કરોડ રૂપિયા આ યોજનામાં આપવામાં આવ્યા છે. શિક્ષિત બેરોજગારો, કારીગરો અને યુવાનોને સ્વરોજગારની તક મળે એટલે વ્યક્તિગત રીતે સ્વરોજગાર શરૂ કરી શકે એવા ઉમદા હેતુથી આ યોજનામાં લોન અને સહાય આપવા રાજય સરકારે તા.૧-૦૪-૨૦૦૧થી આ યોજનાને અમલમાં મૂકવામાં આવી, જેમાં ઉદ્યોગ, વેપાર અને સેવાના ક્ષેત્રો આવરી લેવામાં આવ્યા છે. આ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીએ ઘરે બેઠા બેંકેબલ લોન પોર્ટલ પર અરજી કરવાની રહે છે અને મહત્તમ ૮ લાખ રૂપિયાની ભલામણ સામે રૂપિયા ૧.૨૫ લાખની સબસિડી લાભાર્થીને મળે છે. બીજો પ્રશ્ન એમનો છે કે, આ લોનની જે કેટેગરી છે અને જે મર્યાદા છે, એ મુજબ જો ગ્રામ્ય વિસ્તાર હોય તો ૨૫ ટકા, શહેરી વિસ્તાર હોય તો ૨૦ ટકા અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, માજી સૈનિક અને મહિલા હોય તો ગ્રામ્યમાં ૪૦ ટકા અને શહેરી વિસ્તારમાં ૩૦ ટકા સબસિડીનો લાભ આ યોજનામાં મળે છે. આ યોજના હેઠળ ઉદ્યોગ, વેપાર અને સેવા ક્ષેત્ર માટે પણ સહાય આપવામાં આવે છે. એમાં ઉદ્યોગમાં ૧.૨૫ લાખ, સેવાની પ્રવૃત્તિ હોય તો એમાં આ યોજના હેઠળ રૂપિયા ૧.૦૦ લાખ અને જનરલ કેટેગરી વેપાર હોય એમાં શહેરી વિસ્તાર હોય તો ૬૦ હજાર રૂપિયા અને ગ્રામ્ય વિસ્તાર હોય તો ૭૫ હજાર રૂપિયા અને ખાસ કરીને દિવ્યાંગ લાભાર્થીના કિસ્સામાં કોઇ પણ માટે રૂપિયા ૧.૨૫ લાખની સબસિડીનો લાભ લાભાર્થીને આ યોજના હેઠળ મળે છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ યોજનાનો લાભ મેળવવા માટે અરજી કરવા માટે આધાર પૂરાવા શું જોઇએ અને આ યોજનામાં જે સબસિડી મળે છે એ સબસિડી કેટલી મળે છે?

અધ્યક્ષશ્રી : એ તો આવી ગયું. કોઇ બીજો પ્રશ્ન હોય તો પૂછો. માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે, વિસ્તૃત પ્રશ્ન નહીં પૂછીએ કે જેને કારણે આપણો પ્રશ્નોત્તરીનો ટાઇમ એક જ પ્રશ્નમાં જાય. માનનીય મંત્રીશ્રી, આપ જે જવાબ આવી ગયો હોય એના સિવાયનો જવાબ આપો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, લાભાર્થી ઘરે બેઠા બેઠા ફોર્મ ભરી શકે છે, આધાર નંબર આધારિત નોંધણી કરી શકાય છે, કામગીરી ઓનલાઇન કરવામાં આવતી હોય પારદર્શકતા જળવાઇ રહે, ભ્રષ્ટાચારની શક્યતા ન રહે એ રીતે અરજદારને સબસિડી સીધી બેન્કમાં જમા થાય છે. અરજદારની લોન અરજી બેંકમાં ભલામણ થયા બાદ..

અધ્યક્ષશ્રી : કેટલી સબસિડી એટલો જ પ્રશ્ન છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, રૂપિયા ૧.૨૫ લાખ. મેં મારા જવાબમાં એ જણાવી દીધું છે.

શ્રી વિપુલકુમાર વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બાજપાઇ બેંકેબલ યોજનામાં ઓનલાઇન માટે કયા દસ્તાવેજો અપલોડ કરવાના હોય છે? અને બાજપાઇ બેંકેબલ યોજના અંતર્ગત ઓનલાઇન ફોર્મ ભરવામાં લાભાર્થીઓને મુશ્કેલી થાય તો એ બાબતે શું વ્યવસ્થા છે ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અરજદારે ઓનલાઇન અરજી કરવાની હોય તો જિલ્લા કેન્દ્ર તરફથી લોન કેશ ઓનલાઇન બેન્કમાં ભલામણ કરવામાં આવે છે અને લોન અંગે આગળની કાર્યવાહી માટે આધારકાર્ડ, જાતિનું પ્રમાણપત્ર, અનુભવ, શિક્ષણનું પ્રમાણપત્ર, પાસપોર્ટ સાઇઝનો ફોટો, ધંધો અથવા સ્થળનો પૂરાવો આપવાનો હોય છે.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, બાજપાઇ બેંકેબલ યોજનાઓમાં અરજીઓ તો મંજૂર કરવામાં આવે છે, પણ બેન્કો ધિરાણ કરતી નથી તો આ અંગે માનનીય મંત્રીશ્રી શું કહેવા માગે છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે વાત કરી કે, અમે અહીંયાથી બેન્કોને મોકલીએ છીએ. ઘણા બધા ક્ષેત્રે એના કોઇ નાના મોટા પૂરાવા ના હોય તો અમે પૂરાવા માટે અમારું ખાતું છે તે ઓબ્ઝર્વેશન કરે છે, બેન્ક સાથે સંકલનમાં રહે છે અને માનનીય સભ્યશ્રી કહે છે તેમ કોઇ એવી ફરિયાદ આવે તો અમે ચોક્કસપણે જોતા હોઇએ છીએ. આપના ધ્યાનમાં પણ જો કોઇ માહિતી હોય તો આપ ચોક્કસ જણાવજો અમે તે પ્રમાણે પોઝિટિવ જ વિચારીશું.

શ્રી રાજેશકુમાર મ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ અગાઉના જવાબમાં આવી ગયો છે.

તા. ૨૩મી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે તેમાં ફકત એક જ વર્ષ, તા. ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ની જ વાત કરીએ તો તેમાં ૧૪૨૬ અરજીઓ મળી છે. પછી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તેને બેન્કમાં ફોરવર્ડ કરે છે, તો આ બે વર્ષ જેવો સમય થયો, તો આ ૧૪૨૬ અરજીમાંથી ૭૫૨ અરજી ફોરવર્ડ કરી છે, બાકી ફોરવર્ડ કરી નથી અને જે ૭૫૨ અરજી ફોરવર્ડ થઇ, તેમાંથી ફકત ૧૪૩ લાભાર્થીઓને જ લાભ મળ્યો છે. એનો મતલબ કે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો માનનીય મંત્રીશ્રી કહેતા હોય કે અમે બધુ ચકાસીએ છીએ, આમ કરીએ છીએ, તેમ કરીએ છીએ...

અધ્યક્ષશ્રી : સીધો પ્રશ્ન પૂછો.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહું છું કે, જયારે ભલામણ થઇ ગઇ હોય ત્યારે ભલામણ થયેલી અરજીઓને નામંજૂર કેમ કરવામાં આવે છે? અને બીજું ભલામણ કરવામાં આટલો વિલંબ કેમ? અને ઓછી અરજીઓ કેમ ભલામણ કરવામાં આવે છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ કહ્યું કે, આ ગુજરાત રાજયની અંદર ૨૦ લાખથી પણ વધારે લોકોએ આનો લાભ લીધો છે. અમે બિલકુલ યોજનાની રીતે જોઇએ છીએ. આપે જે પ્રમાણે કહ્યું કે, એક વર્ષની અંદર તો જે લાભાર્થીઓ ઝડપથી તેમના પેપર્સ આપે અને પેપર્સ આપ્યા પછી અમે તેને બેન્કમાં મોકલીએ છીએ. છતાંય કોઇ રહી જાય તો અમે તેનું મોનિટરિંગ કરીએ છીએ અને મોનિટરિંગ કર્યા પછી તરત અને તરત તેને લાભ મળે તે પ્રકારની યોજના ચોક્કસપણે કરતા હોઇએ છીએ અને લાભાર્થી કેટલા જાગૃત છે તેના ઉપર બહુ આધારિત હોય છે.

**ભાવનગર જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય**

૨૬૪૭ **શ્રી શિવાભાઈ ગોહિલ** (મહુવા) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝીસ (એમ.એસ.એમ.ઈ.) એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૦૫ અરજીઓ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા એકમોને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૧૬૨ એકમોને રૂ.૨૧૯.૧૨ લાખની સહાય. |

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં છેલ્લાં બે વર્ષની અંદર આ નાના ઉદ્યોગોને કેટલી સબસિડી ફાળવવામાં આવી છે? અને હવે છેલ્લાં બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કોઇની માગણી પડતર છે કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાની અંદર બેન્કિંગથી સહાય પ્રાપ્ત થતી હોઇ અને આપણે કોઇ પણ માણસ બિઝનેસ કરે તેની એક કેટેગરી બનાવી છે. એ કેટેગરી મુજબ તેને સહાય આપતા હોઇએ છીએ અને આ નાના નાના ઉદ્યોગોને તેમાં એકમોને બેન્ક અથવા અન્ય ફાઇનાન્શિયલ ઇન્સ્ટિટ્યૂટ પાસેથી એકત્ર સ્થાપિત કરેલી ટર્મ લોન મેળવવી હોય અને યોજનાના નિયમ મુજબ ટર્મ લોન વ્યાજ સહાય ભરવાપાત્ર છે. તાલુકા કેડર પ્રમાણે નીચેની સહાય મળવાપાત્ર છે.

કેટેગરી નંબર-૧, તાલુકો એટલે કે જે તાલુકાઓ ઓછા વિકસ્યા હોય એને આપણે ૭ ટકા પ્રમાણે અને વધુમાં વધુ ૩૫ લાખ રૂપિયાની મર્યાદામાં આપીએ છીએ. કેટેગરી નંબર-૨, જે તાલુકાઓ મધ્યમ પ્રમાણે વિકસ્યા હોય તેને ૬ ટકા લેખે અને ૩૦ લાખ રૂપિયાની મર્યાદામાં ૬ વર્ષ માટે આપવામાં આવે છે. કેટેગરી નંબર-૩, જયાં આગળ ઘણો મોટો વિકાસ થયો હોય અથવા કોર્પોરેશન કે નગરપાલિકાનો વિસ્તાર હોય તો ૫ ટકા લેખેથી ૨૫ લાખની મર્યાદામાં આપવામાં આવે છે. એમણે જે પૂછ્યું છે તે મુજબ અત્યાર સુધીની અંદર ભાવનગર જિલ્લાની અંદર ૨૮૦ એકમોને અને ૩૮૫ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે અને ૩૦૯૫ લોકોને રોજગારી પ્રાપ્ત થઇ છે.

શ્રી ભીખાભાઇ ર. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો માટે ઉદ્યમ રજિસ્ટ્રેશનના ફાયદા અને તેની લાક્ષણિકતાઓ શું છે?

અધ્યક્ષશ્રી : લાક્ષણિકતાઓમાં જશો તો બહું લાંબુ થશે. એમાં થોડો ટૂંકમાં જવાબ આપજો.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યમ નોંધણી એ એકમો માટે મૂળભૂત ઓળખ અને કાયમી નોંધણી હોય છે. એમ.એસ.એમ.ઇ. ઉદ્યમ નોંધણી કાગળ વગર અને સ્વઘોષિત માહિતી આધારિત છે. આ નોંધણી માટે રિન્યૂઅલ જરૂરી નથી પણ એક વખત કરાવવાની હોય છે. આ એકમોની ઉત્પાદન અથવા સેવા અથવા બંને સહિતની કોઇ પણ પ્રવૃત્તિ (એક અથવા વધારે) ઉલ્લેખ નોંધણી વખતે કરી શકાય છે. ઉદ્યમ નોંધણી સાથે-સાથે એકમો ગવર્નમેન્ટ ઇ-માર્કેટ અને સમાધાન પોર્ટલનો લાભ મેળવી શકશે. આ એકમો ઉદ્યમ નોંધણી દ્વારા એમ.એસ.એમ.ઇ.ની ભારત સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત લાભ મેળવી શકે છે અને વધારામાં સરકારી ટેન્ડર અથવા વિલંબિત ચૂકવણીના કેસોમાં

મદદ મેળવી શકે છે. સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે બેંક દ્વારા અપાતી લોન આર.બી.આઇ.ના નિયમો મુજબ પ્રાયોરિટી સેક્ટર લેન્ડિંગમાં ગણના થતી હોઇ, એમ.એસ.એમ.ઇ. એકમો ઓછા વ્યાજ દરે અને ઝડપી લોન મેળવી શકે છે.

**મહેસાણા જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના**

૨૬૦૮ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ અનુસૂચિત જાતિના અરજદારોની કેટલી અરજીઓ મળી, | (૧) ૪૯૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૪૮૦ |
| (૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૫૬,૦૨,૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) શૂન્ય. |

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ લાભ મેળવતી હોય તેવી કન્યાઓને લગ્ન સંબંધિત કયા-કયા લાભ મળવા પાત્ર થાય છે?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ લાભ મેળવેલ હોય તેવી કન્યાઓ સમૂહલગ્નમાં લગ્ન કરે તો 'સાત ફેરા સમૂહલગ્ન સહાય યોજના' નો લાભ તેમજ હિંદુ ધર્મની અનુસૂચિત જાતિની કન્યા હિંદુ ધર્મની અનુસૂચિત જાતિ સિવાયની અન્ય જાતિની વ્યક્તિ સાથે આંતરજ્ઞાતીય લગ્ન કરે તો 'ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતીય લગ્ન સહાય યોજના' નો પણ લાભ મેળવવાપાત્ર થાય છે.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં આ યોજનામાં કેટલા લાભાર્થીઓને લાભ મળ્યો અને સહાય પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી?

અધ્યક્ષશ્રી : લાભાર્થીઓનો આંકડો આપી દો એટલે પતી જશે.

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં જે અરજીઓ આવી હતી એમાંથી ૮ નામંજૂર કરી છે. અગાઉ બે દીકરીઓના લગ્ન પ્રસંગે લાભ મળેલ હોવાથી ૬ અરજી નામંજૂર કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : અરજી નામંજૂર નહિ, પણ કેટલા લાભાર્થીઓને લાભ આપ્યો છે અને કેટલી રકમ આપી છે? આ બે આંકડા હોય તો આપો નહિ તો ટેબલ પર મૂકો.

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં ૨૫૨૭ લાભાર્થીઓને કુલ રૂ.૨,૮૦,૭૩,૦૦૦/-ની સહાય ચૂકવવામાં આવેલ છે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મહેસાણા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ કુંવરબાઇનું મામેરું યોજનામાં ૧૦૦ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. એનાં કારણો શું હોઇ શકે?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે ૮ એવી અરજીઓ નામંજૂર કરવામાં આવી છે કે જે આવક કરતાં વધુ છે. છ અરજીઓ એવી નામંજૂર કરવામાં આવી કે બે દીકરીઓના પુનઃ લગ્ન થયેલા છે અને બે અરજીઓ અરજદાર કન્યાના પુનઃ લગ્ન થયેલ હોવાથી નામંજૂર કરવામાં આવી.

**રાજ્યમાં એમ.એસ.એમ.ઈ. પાર્ક**

૨૬૩૮ **શ્રી ત્રિકમ છાંગા** (અંજાર) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા એમ.એસ.એમ.ઈ. (MSME) પાર્ક કાર્યરત છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૧૨ (બાર) એમ.એસ.એમ.ઈ. (MSME) પાર્ક કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પ્લોટનું વિતરણ કરવામાં આવેલ છે ? | (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એમ.એસ.એમ.ઈ. પાર્કમાં કુલ ૩૦૧ પ્લોટનું વિતરણ કરવામાં આવેલ છે. |

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જી.આઇ.ડી.સી. દ્વારા કેટલા એમ.એસ.એમ.ઈ. પાર્ક વિકસાવવામાં આવેલ છે તથા તેમાં મહિલા એમ.એસ.એમ.ઈ. પાર્ક કેટલા છે? એમ.એસ.એમ.ઈ. પાર્કના એકમોને સસ્તા ભાવે જમીન આપવાની નીતિ શું છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં રાજ્યમાં જી.આઇ.ડી.સી. દ્વારા કુલ-૧૨ એમ.એસ.એમ.ઈ. પાર્ક વિકસાવવામાં આવેલ છે. જેમાં કુલ-૪ મહિલા એમ.એસ.એમ.ઈ. પાર્કનો સમાવેશ થાય છે. તે અંતર્ગત સાણંદ, સાયખા, મીયાવાડી, કાલાવાડ, શિનાવાડા, ચારૂપ, ધ્રોલ અને ઈન્દ્રણજ અને હાલોલ. સાણંદ, સાયખા અને મીયાવાડીમાં મહિલા એમ.એસ.એમ.ઈ. પાર્ક વિકસાવવામાં આવ્યા છે. ગુજરાત સરકાર નાના ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે

અનેક પ્રકારની યોજના લાવી છે. સરકારની ૧૦૦ ટકા જમીનમાંથી ૭૦ ટકા જમીન ગુજરાત સરકારના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ ૫૦ ટકાના રાહત દરે આપે છે. બાકીની ૩૦ ટકા જમીન સમગ્ર ઉદ્યોગમાં જે પડતર કિંમત હોય તે રીતે આપવાની હોય છે. રાજ્યના વિવિધ વિસ્તારોમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને વેગ મળે તે માટે જી.આઈ.ડી.સી. દ્વારા અનેક પ્રકારના આવા નાના પાર્ક સ્થાપવાની યોજના છે. રાજ્યમાં ઝડપી અને આર્થિક વિકાસ સાધી શકાય તે હેતુથી ઔદ્યોગિક વિકાસ થાય અને તેની માળખાકીય સુવિધાઓ સંપન્ન કરવા જી.આઈ.ડી.સી. દ્વારા રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં ઔદ્યોગિક વસાહતો વિકસાવવા માટે ખાનગી અને સરકારી જમીન સંપાદન કરવામાં આવે છે.

શ્રી વિરેન્દ્રસિંહ બ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અત્યાર સુધીમાં એમ.એસ.એમ.ઈ. પાર્કમાં કેટલા પ્લોટ ફાળવવામાં આવેલ છે અને આ પ્લોટનો વિસ્તાર કેટલો થાય છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં કુલ-૧૨ એમ.એસ.એમ.ઈ. પાર્કમાં ૧૩૨૧ પ્લોટ ફાળવવામાં આવેલ છે અને ફાળવેલ પ્લોટનો કુલ વિસ્તાર ૮૭.૦૭ હેક્ટર જેટલો થાય છે.

**તાપી જિલ્લામાં નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના**

૨૬૧૬ **ડૉ. જયરામભાઈ ગામીત** (નિઝર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીમાં તાપી જિલ્લામાં નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૩૬૧ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૩૫૮ |
| (૩) તે પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૨૪,૦૮,૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) શૂન્ય. |

ડૉ. જયરામભાઇ એ. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં પાંચ વર્ષમાં તાપી જિલ્લામાં નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ કુલ કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં પાંચ વર્ષમાં તાપી જિલ્લામાં નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ કુલ ૨,૯૯૮ લાભાર્થીઓને રૂ.૯ કરોડ ૬૬ લાખ ૭ હજારની સહાય ચૂકવવામાં આવેલ છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ ૮૦ ટકા દિવ્યાંગતા હોય અને બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ લાભાર્થીને સહાય મળે છે, પણ જે ૮૦ ટકા દિવ્યાંગતાને ૫૦ ટકા કરવા માગો છો અને બી.પી.એલ. યાદીમાં નામ ન હોય, પરંતુ ગરીબી રેખા નીચે જીવતા હોય તેવા લોકોને સહાય આપવા માગો છો કે કેમ?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૪૫ વર્ષથી ઉપરની વય ધરાવતા દિવ્યાંગો હોય અને ૭૫ ટકા દિવ્યાંગતા ધરાવતા હોય તો એમને આ લાભ આપવાપાત્ર થાય છે અને જો એને ૨૧ વર્ષની ઉંમરનો દીકરો હોય તો આ લાભ આપવાપાત્ર થતો નથી. પરંતુ, એ વ્યક્તિ પોતે અશક્ત હોય, મોટી બીમારી હોય, કેન્સર હોય અને કામ કરવા માટે સક્ષમ ન હોય તો આ લાભ આપવાપાત્ર થાય છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જો બી.પી.એલ.ની. યાદીમાં નામ સમાવિષ્ટ ન હોય તો?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન આવકારીએ છીએ.

**જામનગર જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય**

૨૬૪૫ **શ્રી દિવ્યેશભાઈ અકબરી** (જામનગર દક્ષિણ): **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ જામનગર જિલ્લામાં માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝીસ (એમ.એસ.એમ.ઈ.) એકમોની કેટલી ક્લેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૩૮ અરજીઓ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા એકમોને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૭૧ એકમોને રૂ.૧૦૩.૬૧ લાખની સહાય. |

ચૈત્ર ૨, ૧૯૪૫ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ તા. ૦૧/૦૧/૨૦૨૨થી તા. ૩૧/૧૨/૨૦૨૨૨ સુધીના સમયગાળામાં જામનગર જિલ્લા વ્યાજ સહાયની તાલુકા પ્રમાણે કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે? કેટલું ચૂકવણું કરવામાં આવેલ છે? અને ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ તા. ૦૧/૦૧/૨૦૨૨થી તા. ૩૧/૧૨/૨૦૨૨ દરમિયાન જામનગર જિલ્લામાં તાલુકાદીઠ કેટલું નવું મૂડીરોકાણ થયું છે? અને કેટલી રોજગારીનું નિર્માણ થયું છે?

અધ્યક્ષશ્રી : આમાં પહેલાં પ્રશ્નનો જવાબ આવી ગયેલ છે. તાલુકાવાર માહિતીનો વિષય બાકી રહે છે.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ તા.૦૧/૦૧/૨૦૨૨થી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધીના સમયગાળામાં જામનગર જિલ્લામાં મંજૂર કરેલ વ્યાજ સહાય, અરજીઓ અને ચૂકવણાની વિગતો નીચે મુજબ છે. જામનગરમાં મંજૂર થયેલ અરજીઓ કુલ ૧૩૦, ચૂકવણી થયેલ અરજીઓ ૬૬ અને ચૂકવણું રૂ.૭૯.૫ લાખ, કાલવાડમાં મંજૂર થયેલ અરજીઓ ૫, ચૂકવણી થયેલ અરજીઓ ૩ અને ચૂકવણું રૂ.૧૩.૪૪ લાખ, ધ્રોલમાં મંજૂર થયેલ અરજીઓ ૨, ચૂકવણી થયેલ અરજીઓ ૨ અને ચૂકવણું રૂ. ૧૧.૧૨ લાખ, જોડિયામાં ૧ અરજી, લાલપુરમાં અને જામજોધપુરમાં એકપણ નથી. આમ, કુલ મળી ૧૩૮ અરજીઓ છે. એમાંથી ૭૧ અરજીઓનું ચૂકવણું થયું છે અને રૂ.૧૦૩.૬૧ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું છે. એમના બીજા પ્રશ્નમાં ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ હેઠળ તા.૦૧/૦૧/૨૦૨૨થી તા.૩૧/૧૨/૨૦૨૨ દરમિયાન જામનગર જિલ્લામાં તાલુકાદીઠ થયેલ નવું મૂડીરોકાણ અને રોજગાર નિર્માણ નીચે મુજબ છે. જામનગરમાં ૧૪૯ એકમો આવેલા છે. એનું રોકાણ રૂ. ૧૨,૭૭૨ લાખ થાય છે અને ૮૧૮ લોકોને રોજગારી પ્રાપ્ત થયેલ છે. કાલાવાડમાં ૫ એકમો આવેલા છે અને એનું રોકાણ રૂ.૯૯૪ લાખ થાય છે અને ૩૩ લોકોને રોજગારી પ્રાપ્ત થયેલ છે. ધ્રોલમાં એક પ્રોજેક્ટ આવેલ છે અને એમાં રૂ.૨૬૦ લાખનું રોકાણ થયું છે અને ૮ લોકોને રોજગારી પ્રાપ્ત થયેલ છે. જોડિયામાં બે એકમો આવેલા છે અને રૂ.૨૩૮ લાખનું મૂડીરોકાણ થયું છે અને ૧૪ લોકોને રોજગારી પ્રાપ્ત થયેલ છે. લાલપુરમાં એક એકમ છે અને રૂ.૧૨૮૨ લાખનું રોકાણ થયેલ છે અને ૧૦ લોકોને રોજગારી પ્રાપ્ત થયેલ છે. જામજોધપુરમાં એકપણ નથી. જિલ્લામાં કુલ ૧૫૮ એકમો આવેલ છે અને રૂ.૧૫૫૪૬ લાખનું રોકાણ થયેલ છે અને ૮૮૩ લોકોને રોજગારી પ્રાપ્ત થયેલ છે.

ડો. મહેન્દ્રભાઇ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ કરતા, આત્મનિર્ભર ગુજરાત-૨૦૨૨ હેઠળ એમ.એસ.એમ.ઇ. એકમોને વધારાની શું સહાય મળવાપાત્ર થાય છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આત્મનિર્ભર ગુજરાત-૨૦૨૨ની યોજના તા.૦૫-૧૦-૨૦૨૨થી અમલમાં આવેલી છે. જેની અવધિ ૫ વર્ષ માટેની છે. આત્મનિર્ભર ગુજરાત-૨૦૨૨ હેઠળ એમ.એસ.એમ.ઇ. એકમોને, ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ કરતા વધારે સહાય મળવાપાત્ર છે. ગુજરાત સરકારે આ એક બહુ સારી યોજના મૂકી છે. નેટ એસજીએસટી ભરવાની જે યોજના છે એમાં, કેટેગરીમાં-૧માં માન્ય મૂડીરોકાણના વાર્ષિક ૭.૫ ટકા સુધી, એટલે કે ૧૦ વર્ષ માટે ૧૦૦ ટકા આ યોજનાનો લાભ મળે છે. કેટેગરી-૨માં માન્ય મૂડીરોકાણના વાર્ષિક ૬.૫ ટકા, એટલે કે ૧૦ વર્ષ માટે ૯૦ ટકા સુધી લાભ મળે છે. કેટેગરી-૩માં માન્ય મૂડીરોકાણના વાર્ષિક ૫ ટકા સુધી એટલે કે ૧૦ વર્ષ માટે ૮૦ ટકા એસ.જી.એસ.ટી. માફ મળે છે. ઇ.પી.એફ. ભરવાની જે યોજના છે એમાં, કર્મચારી દીઠ મૂળભૂત પગાર ૧૨ ટકા + લાગુ મોંઘવારી ભથ્થું અને પુનઃપ્રાપ્તિ ભથ્થું અથવા દર મહિને રૂપિયા ૧૮૦૦માંથી જે ઓછું હોય તે ચૂકવવામાં આવે છે. આ રાજ્ય સરકાર ચૂકવે છે. આ સહાય ૧૦ વર્ષ સુધી આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨ની આત્મનિર્ભર યોજનાઓમાં કેટલીક સહાય યોજનાઓ છે, જેમાં કેપિટલ સહાય યોજના, વ્યાજ સહાય યોજના, ગુણવત્તા સહાય યોજના, એન્ટરપ્રાઇઝ રિસોર્સ પ્લાનિંગ અંતર્ગત સહાય માટેની યોજના, ઝેડ સર્ટિફિકેશન આર્થિક સહાય માટેની યોજના, ઇન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી માટેની સહાય યોજના, ટેકનોલોજી એક્વિઝિશન સહાય યોજના, પેટન્ટ રજિસ્ટ્રેશન સહાય યોજના, વીજળી અને પાણીના વપરાશની બચત અંગેની સહાય યોજના, એસ.એમ.ઇ. એક્સચેન્જ દ્વારા મૂડી ઊભી કરવા માટેની સહાય યોજના વિગેરે યોજનાઓ છે.

અધ્યક્ષશ્રી : જે સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે એ કહેશે તમે બેઠાં બેઠાં કોમેન્ટ કરી શકો નહીં.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૮૨ સભ્યશ્રીઓ બેઠા છે. વર્ષ ૨૦૨૨માં ગુજરાત સરકાર જ આવી યોજનાઓ આપી શકે. તમે એનો લાભ લો. અનેક લોકો આનો લાભ લે છે. ગુજરાત સરકારશ્રીની કેટલા પ્રકારની અને કઇ કઇ યોજનાઓ આપણને મળે છે એ જાણવું જરૂરી છે. સી.જી.ટી.એમ.એસ.ઇ., ફીની ભરપાઇ માટેની યોજના, પાવર કનેકશન ચાર્જમાં રાહત માટેની યોજના અને સૂક્ષ્મ તથા લઘુ ઉદ્યોગોને ભાડા માટેની સહાય પણ આ યોજનામાં આપવામાં આવે છે.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની નોંધણી કયાં કરવામાં આવે છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, જામનગર જિલ્લામાં આવા કુલ કેટલા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો નોંધાયેલા છે?

## તા. ૨૩મી માર્ચ, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોનું મંત્રાલય ભારત સરકારશ્રી દ્વારા તારીખ ૨૬મી જૂન ૨૦૨૦ના દિવસે સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોનું રોકાણ અને ટર્ન ઓવરના સંયુકત માપદંડના આધારિત વર્ગીકૃત કરવા માટેનું સૂચિત કરવામાં આવ્યું છે. જે તારીખ ૧લી જુલાઇ ૨૦૨૦ના રોજથી અમલમાં આવેલું છે. ભારત સરકારશ્રીના ઉદ્યમ રજિસ્ટર પોર્ટલ ઉપર ઓનલાઇન સૂક્ષ્મ, લઘુ તેમજ મધ્યમ ઉદ્યોગોની નોંધણી કરવામાં આવે છે. ઉદ્યમ નોંધણી કરવા માટેની સરકારશ્રીએ કોઇ ફી રાખેલ નથી. હાલમાં, જામનગર જિલ્લામાં સૂક્ષ્મ, લઘુ તેમજ મધ્યમ એકમોની કુલ નોંધાયેલી વિગતો જોઇએ તો, કુલ ઉદ્યમ ૨૭૯૯૩ છે. જેમાં સૂક્ષ્મ ઉદ્યમ ૨૬૬૬૨ છે, લઘુ ઉદ્યમ ૧૨૨૫ છે અને મધ્યમ ઉદ્યમની સંખ્યા ૧૦૬ છે. આ પ્રમાણે નોંધાયેલા છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આપે જે આંકડા આપ્યા છે એમાં છેલ્લા એક વર્ષમાં જામજોધપુર અને લાલપુરમાં એકપણ અરજી કરવામાં આવી નથી અને અરજી કરવામાં આવી નથી એટલે ચૂકવણું થયું નથી. એનો સ્પષ્ટ મતલબ એ થાય કે, જામજોધપુર અને લાલપુર વિસ્તારમાં કોઇ નવો ઉદ્યોગ સ્થપાયેલ નથી. તો જામજોધપુર અને લાલપુર વિસ્તારમાં આપ એમ.એસ.એમ.ઇ. પાર્ક કે જી.આઇ.ડી.સી. આપવા માગો છો કે નહીં? મારો બીજો પ્રશ્ન એ છે કે, છેલ્લા એક વર્ષમાં ૧૩૮ અરજીઓ આવી. જે પૈકી ૭૧ અરજીઓનું ચૂકવણું કરવામાં આવ્યું અને ૬૭ અરજીઓ પેન્ડિંગ છે. તો કયા કારણથી આ અરજીઓ પેન્ડિંગ છે અને તેનું ચૂકવણું કયારે કરવામાં આવશે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી બહુ સાચી છે. આપણે બધા ભેગા થઇને પ્રયત્નો કરીશું. વિગતવાર એટલા માટે કહેતો હતો કે આ યોજનાના લાભાર્થીઓને ખબર પડવી જોઇએ કે કયા પ્રકારની યોજના છે. એ સમજાવીશું તો લોકો અરજી કરશે. ગુજરાત સરકારની આટલી સરસ યોજનામાં જોડાશે અને એમાં ચોકકસપણે લાભ મળી શકશે. આપણે બધા ચોકકસપણે પ્રયત્નો કરીશું કે અરજીઓ થાય. આપની લાગણી હતી કે આટલી મંજૂર થઇ અને આટલી મંજૂર ના થઇ, તો એના માપદંડો મેં કહ્યા કે આટલા આટલા પેપર્સ ના હોય તો કરતા નથી. પેપર્સ પૂરા થઇ જાય તો એને ઓન ધી સ્પોટ એને બેંકમાં અને જયાં આગળ અપાતું હોય એ કરી દેતા હોઇએ છીએ.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક....

શ્રી હેમંતભાઇ હ. આહિર : મૂળ પ્રશ્ન એ છે કે જામજોધપુર અને લાલપુરમાં જી.આઇ.ડી.સી. કે એમાં..

અધ્યક્ષશ્રી : એમણે એ કહ્યું કે આપણે સાથે રહીને પ્રયત્નો કરીશું.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે અરજીઓનું કહ્યું.

અધ્યક્ષશ્રી : અરજી પૂરતો પ્રશ્ન છે અને એમાં એમણે એવું કહ્યું કે નામંજૂર થઇ છે, એનાં કારણો મેં અગાઉના પ્રશ્નના જવાબમાં આપ્યા કે આટલા ડોક્યુમેન્ટ ના હોય તો. એવું કહ્યું.

શ્રી હેમંતભાઇ હ. આહિર : એમણે અરજીના સંદર્ભમાં જવાબ કહ્યો. મેં જી.આઇ.ડી.સી. નો પ્રશ્ન પૂછ્યો કે જી. આઇ.ડી.સી. સ્થાપવા માગો છો કે નહીં, કારણ કે એકેય ઉદ્યોગ નથી.

અધ્યક્ષશ્રી : તમારા બન્ને પ્રશ્નોના જવાબ રેકર્ડ પર છે. એમણે બન્ને પ્રશ્નના જવાબો આપ્યા છે. પહેલામાં કહ્યું કે સાથે મળીને પ્રયત્નો કરીશું એ પ્રમાણે કહ્યું. ફરી તમારે કંઇ પૂરક કહેવું હોય તો મંત્રીશ્રી કહો.

શ્રી બળવંતસિંહ રાજપૂત: માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ જી.આઇ.ડી.સી.નો પ્રશ્ન નથી, પણ છતાં મેં કહ્યું કે ગુજરાત સરકારે અત્યાર સુધીમાં ૨૩૯ જગ્યાએ જી.આઇ.ડી.સી. નાંખી છે. આવનારા સમયમાં પણ વધુ નાંખવાના છીએ. જયાં આગળ ભૌગોલિક સ્થિતિની અંદર જી.આઇ.ડી.સી.માં ઉદ્યોગપતિઓ મળે. સરકારની આટલી બધી સબસિડીઓ છે. ૫૦ ટકા ભાવે જમીન આપીએ છીએ, ત્યાં પણ આ પ્રકારનું નિર્માણ થાય તો ચોકકસપણે આપણે કરતા હોઇએ છીએ.

અધ્યક્ષશ્રી : સાથે મળીને પ્રયત્નો કરીશું એવું જે કહ્યું એ શું? એ આ જ હતું ને?

શ્રી બળવંતસિંહ રાજપૂત: જી, સાહેબ. આ જ હતું.

અધ્યક્ષશ્રી : જી.આઇ.ડી.સી.ની જ વાત હતી ને?

શ્રી બળવંતસિંહ રાજપૂત: એ જ હતું.

અધ્યક્ષશ્રી : ઠીક છે. પ્રશ્ન ક્રમાંકઃ ૮ માનનીય શ્રી રીતેષભાઇ વસાવા.

### અરવલ્લી જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં થયેલ પ્રાણઘાતક અકસ્માત

૨૬૮૬ **શ્રી પી. સી. બરંડા** (ભિલોડા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અકસ્માત થયા અને કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા, | (૧) શૂન્ય. |
| (૨) ઉક્ત પ્રાણઘાતક અકસ્માતો સંદર્ભમાં સરકારે | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શી કાર્યવાહી કરી, અને

| | |
|---|---|
| (૩) ઉક્ત અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવેલ છે ? | (૩) (૧) કારખાનાઓમાં, કારખાના અધિનિયમ, ૧૯૪૮ અને ગુજરાત કારખાનાના નિયમો, ૧૯૬૩ મુજબ નિરીક્ષણ કરવામાં આવેલ છે.<br>(૨) નિરીક્ષણ દરમ્યાન સદરહુ કાયદા તથા નિયમનો ભંગ જણાય ત્યાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.<br>(૩) શ્રમયોગીઓ તથા કબ્જેદારોમાં ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને હેલ્થ અંગે જાગૃતિ વધારવા સેફ્ટી સેમિનારોનું આયોજન કરેલ છે. |

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧-૧૨-૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કેટલા પ્રાણઘાતક અકસ્માતો થયા અને કેટલા શ્રમયોગીઓ મૃત્યુ પામ્યા? બીજું કે ઉકત પ્રાણઘાતક અકસ્માતો સંદર્ભમાં સરકારે શી કાર્યવાહી કરી અને ત્રીજું કે ઉક્ત અકસ્માતો અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લઇ રહી છે? માનનીય અધ્યક્ષશ્રી, સાથે પૂરક પ્રશ્ન પણ લઇ લઉં. તા.૩૧-૧૨-૨૨ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કારખાનાં ધારા હેઠળ કેટલાં કારખાનાં નોંધાયેલાં છે અને તા.૩૧-૧૨-૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલા કારખાનાની તપાસણી કરવામાં આવી?

શ્રી બળવંતસિંહ રાજપૂત: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો તે આપણે જવાબમાં આપેલું જ છે, પણ...

અધ્યક્ષશ્રી : બધા જ જવાબ આવ્યા. ખાલી બે જ રહ્યા. કેટલા નોંધાયેલા છે અને કેટલાની તપાસણી થઈ? બાકી બધાના જવાબ આવી ગયા છે. રેકર્ડ પર છે.

શ્રી બળવંતસિંહ રાજપૂત: જી સર. માનનીય અધ્યક્ષશ્રી, કારખાનાની વ્યાખ્યામાં જે સ્થળ ઉપર ૧૦ સભ્યો હોય અથવા એનાથી વધારે કામદારો રોકી વીજળી શક્તિ એ લોકો લેતા હોય તો એ મધ્યમ અને ઉત્પાદન પ્રક્રિયામાં આવતી અથવા જે સ્થળ ઉપર ૨૦થી વધુ કામદારો રોકી વીજળીની મદદ વગર કરવામાં આવતી ઉત્પાદન પ્રક્રિયા આવતી હોય તો તેવા સ્થળને કારખાના તરીકે કારખાના ધારા ૧૯૪૮ હેઠળ નોંધવામાં આવે છે. તા.૩૧-૧૨-૨૨ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કારખાના ધારા હેઠળ કુલ ૯૬ કારખાનાં નોંધાયેલાં છે, જેમાંથી ૮૯ ચાલુ કારખાનાં છે અને ૭ બંધ કારખાનાં છે. તા. ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કારખાનાં ધારા ૧૯૪૮ હેઠળ અને ગુજરાતનાં કારખાનાં નિયમ ૧૯૬૩ હેઠળ કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓની સલામતી, આરોગ્ય, કલ્યાણ અને વિવિધ જોગવાઇઓનું કારખાનેદારો દ્વારા પાલન થાય એ માટે તંત્ર દ્વારા જાણ કર્યા વગર ઓચિંતી તપાસણી કરવામાં આવે છે અને છેલ્લા એક વર્ષમાં ૫૬ કારખાનાની તપાસ કરવામાં આવી છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પહેલા તો ૨૩૯ જગ્યાએ જી.આઇ.ડી.સી.ની સ્થાપના થઇ છે એટલે આનંદની વાત છે, પરંતુ વર્ષ ૨૦૧૭થી મેં પાંચથી દસ વખત લેખિતમાં આપ્યું છે કે બાયડની અંદર, એ અમદાવાદથી નજીક છે, સ્ટેટ હાઇવે અને નેશનલ હાઇવેથી નજીકનો તાલુકો છે, જી.આઇ.ડી.સી.ની માગણી છે. તો જી.આઇ.ડી.સી. આપ આપવા માગો છો કે નહીં? મારો બીજો પ્રશ્ન છે કે મારી વિધાનસભા બાયડ તાલુકાના ખેડૂતો અને બાજુમાં બાલાસિનોર તાલુકો છે ત્યાં ફોસીલ પાર્ક, ડાયનોસોર પાર્ક પણ આવેલા છે. એ પાર્કની બાજુમાં મોરીયા એન્વાયર્મેન્ટ કેર, જમીયતપૂરામાં એક ડમ્પિંગ સાઇટ ચાલે છે. તે અંગે લેખિતમાં ૩થી ૪ વખત મેં આપ્યું છે. ૯૦ ટકા ખેડૂતોએ લોક સુનાવણીમાં વિરોધ કર્યો છે અને આજે એની બાજુમાં નિયમો વિરૂદ્ધ ચાલે છે તેની બાજૂના ખેડૂતોને ત્યાં અડધો કિલોમીટરની અંદર લાલ પાણી આવવાનું ચાલુ થઇ ગયું છે તો એ કંપની ઉપર એકશન લઇને તેને બંધ કરાવવા માગો છો કે નહીં?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, બીજો પ્રશ્ન છે એ કદાચ એન્વાયર્મેન્ટ ડિપાર્ટમેન્ટનો છે. પરંતુ તમારી પાસે જવાબ હોય તો આપજો.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહેવા માગતો હતો કે અત્યારે જે છે એ માત્ર પ્રાણઘાતક અકસ્માત પૂરતો જ પ્રશ્ન હતો. સભ્યશ્રીની લાગણી છે મેં હમણાં જ કહ્યું એમ જી.આઇ.ડી.સી. માટે જે કોઇ માગણી કરતા હોય છે તે બાબતે આપણે બધા જ લોકો જયારે કહે ત્યારે તે અંગે એક સામૂહિક રીતે તપાસ કરાવતા હોઇએ છીએ. જયારે બન્ને પાસા, એટલે કે જમીનમાં ઉદ્યોગ સ્થપાય અને તેની ભૌગોલિક સ્થિતિ બરાબર હોય તો આપણે ચોકકસ પણે તેને પ્રાયોરિટી આપતા હોઇએ છીએ. આપે કારખાનાની જે પ્રમાણે વાત કરી છે તેમાં હું ચોક્કસપણે જોવડાવી દઇશ.

તા. ૨૩મી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

**ભાવનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના**

૨૭૧૭ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અનુસૂચિત જાતિના અરજદારોની કેટલી અરજીઓ મળી, | (૧) ૪૧૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૪૦૪ |
| (૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૩) રૂ. ૪૬,૪૪,૦૦૦/- |
| (૪) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે ? | (૪) શૂન્ય. |

શ્રી ભીખાભાઇ ર. બારૈયા : માનનીય અધ્યશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ તાલુકાવાઇઝ કુલ કેટલી અરજીઓ મળી અને તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી અને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં તાલુકાવાઇઝ અરજીઓ જોઇએ તો ભાવનગરમાં મળેલ અરજીઓ ૧૭૦, મંજૂર કરી ૧૬૯, નામંજૂર કરી ૧, કુલ લાભાર્થીઓની સંખ્યા ૧૬૯ અને રૂપિયા ૧૮.૯૬ લાખ સહાય ચૂકવવામાં આવી. ગારિયાધારમાં મળેલ અરજીઓ ૨૩, મંજૂર કરી ૨૩, કુલ લાભાર્થીઓની સંખ્યા ૨૩ અને રૂપિયા ૨.૬૮ લાખ સહાય ચૂકવવામાં આવી. ઘોઘામાં મળેલ અરજીઓ ૪, મંજૂર કરી ૪, કુલ લાભાર્થીઓની સંખ્યા ૪ અને રૂપિયા ૪૮ હજાર સહાય ચૂકવવામાં આવી. જેસરમાં મળેલ અરજીઓ ૫, મંજૂર કરેલી ૫, લાભાર્થીઓની સંખ્યા ૫ અને રૂપિયા ૬૦ હજાર સહાય ચૂકવવામાં આવી. મહુવામાં મળેલ અરજીઓ ૪૦, મંજૂર કરેલ અરજીઓ ૩૭, નામંજૂર કરેલ ૩, કુલ લાભાર્થીઓની સંખ્યા ૩૭ અને રૂપિયા ૪.૩૮ લાખ સહાય ચૂકવવામાં આવી. પાલીતાણામાં મળેલ અરજીઓ ૪૧, મંજૂર કરેલી ૪૧, લાભાર્થીઓની સંખ્યા ૪૧ અને રૂપિયા ૪.૭૮ લાખ સહાય ચૂકવવામાં આવી. શીહોરમાં મળેલ અરજીઓ ૭૨, મંજૂર કરેલ અરજીઓ ૭૦, નામંજૂર કરેલી અરજીઓ ૨, લાભાર્થીઓની સંખ્યા ૭૦ અને રૂપિયા ૮.૧૬ લાખ સહાય ચૂકવવામાં આવી. તળાજામાં મળેલ અરજીઓ ૨૩, મંજૂર કરેલ અરજીઓ ૨૩, લાભાર્થીઓની સંખ્યા ૨૩ અને રૂપિયા ૨.૭૦ લાખની સહાય ચૂકવવામાં આવી. ઉમરાળામાં મળેલ અરજીઓ ૧૮, મંજૂર કરેલ અરજીઓ ૧૮, લાભાર્થીઓની સંખ્યા ૧૮ અને રૂપિયા ૨.૧૨ લાખ સહાય ચૂકવવામાં આવી. વલ્લભીપુરમાં મળેલ અરજીઓ ૧૪, મંજૂર કરેલી અરજીઓ ૧૪, લાભાર્થીની સંખ્યા ૧૪ અને રૂપિયા ૧.૫૮ લાખની સહાય ચૂકવવામાં આવી. સમગ્ર જિલ્લામાં કુલ ૪૧૦ અરજીઓ મળેલી, જેમાંથી ૪૦૪ મંજૂર કરવામાં આવી અને ૬ નામંજૂર કરવામાં આવી. લાભાર્થીની સંખ્યા કુલ ૪૦૪ છે અને રૂપિયા ૪૬.૪૪ લાખ કુલ સહાય ચૂકવેલ છે.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના વ્યક્તિઓને કુંવરબાઇનાં મામેરાં પેટે છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમ ચૂકવાઇ?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : ભાવનગર જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં કુલ ૧૯૫૬ લાભાર્થીઓને કુલ રૂ. ૨,૦૬,૨૬,૦૦૦/-ની સહાય ચૂકવવામાં આવેલ છે.

**મહેસાણા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના**

૨૫૯૪ **શ્રી કિરીટકુમાર પટેલ** (ઊંઝા) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ કુલ ૧૦૯૭૩ અરજીઓ મળેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ સુધી | ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ઊંઝા | ૧૭૩ | ૩૧૪ | ૪૮૭ |
| ૨ | કડી | ૩૬૮ | ૩૭૭ | ૭૪૫ |
| ૩ | ખેરાલુ | ૧૬૯ | ૧૦૮૨ | ૧૨૫૧ |
| ૪ | જોટાણા | ૬૬ | ૧૧૨ | ૧૭૮ |
| ૫ | બેચરાજી | ૧૭૪ | ૨૨૯ | ૪૦૩ |
| ૬ | મહેસાણા | ૧૧૧૨ | ૧૧૩૫ | ૨૨૪૭ |
| ૭ | વડનગર | ૨૯૬ | ૫૫૭ | ૮૫૩ |
| ૮ | વિજાપુર | ૬૮૫ | ૧૮૩૧ | ૨૫૧૬ |
| ૯ | વિસનગર | ૬૦૮ | ૮૪૪ | ૧૪૫૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | સતલાસણા | ૨૫૬ | ૫૮૫ | ૮૪૧ |
| | **કુલ** | **૩૯૦૭** | **૭૦૬૬** | **૧૦૯૭૩** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ અંગે બેંકોને ભલામણ કરવામાં આવી, અને

(૨) તે પૈકી કુલ ૧૦૩૨૩ અરજીઓ બેંકોને ભલામણ કરવામાં આવેલ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧** | **૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | ઊંઝા | ૧૫૩ | ૨૯૪ | ૪૪૭ |
| ૨ | કડી | ૩૪૫ | ૩૫૨ | ૬૯૭ |
| ૩ | ખેરાલુ | ૧૩૭ | ૧૦૫૩ | ૧૧૯૦ |
| ૪ | જોટાણા | ૫૬ | ૧૦૩ | ૧૫૯ |
| ૫ | બેચરાજી | ૧૩૭ | ૧૮૨ | ૩૧૯ |
| ૬ | મહેસાણા | ૧૦૮૯ | ૧૧૦૨ | ૨૧૯૧ |
| ૭ | વડનગર | ૨૬૯ | ૫૨૬ | ૭૯૫ |
| ૮ | વિજાપુર | ૬૪૫ | ૧૭૮૮ | ૨૪૩૩ |
| ૯ | વિસનગર | ૫૪૯ | ૭૫૩ | ૧૩૦૨ |
| ૧૦ | સતલાસણા | ૨૩૧ | ૫૫૯ | ૭૯૦ |
| | **કુલ** | **૩૬૧૧** | **૬૭૧૨** | **૧૦૩૨૩** |

(૩) તે પૈકી બેંકો દ્વારા કેટલા લોકોને કેટલી રકમની લોન આપવામાં આવી ?

(૩) તે પૈકી બેંકો દ્વારા કુલ ૫૨૮૦ અરજીઓ બેંકો દ્વારા મંજૂર કરી રૂ.૧૪૬૪૭.૯૦/- લાખની લોન આપવામાં આવી.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **તા.૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ સુધી (રકમ રૂ.લાખમાં)** | | **તા.૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ સુધી (રકમ રૂ.લાખમાં)** | | **કુલ (રકમ રૂ.લાખમાં)** | |
|---|---|---|---|---|---|---|---|
| | | **લાભાર્થી** | **રકમ** | **લાભાર્થી** | **રકમ** | **લાભાર્થી** | **રકમ** |
| ૧ | ઊંઝા | ૫૦ | ૯૪.૬૧ | ૧૨૦ | ૪૯૫.૨૫ | ૧૭૦ | ૫૮૯.૮૬ |
| ૨ | કડી | ૧૬૮ | ૧૫૨.૦૫ | ૧૯૨ | ૭૦૮.૧ | ૩૬૦ | ૮૬૦.૧૫ |
| ૩ | ખેરાલુ | ૫૩ | ૮૨.૬ | ૭૦૫ | ૨૦૪૦.૮૮ | ૭૫૮ | ૨૧૨૩.૪૮ |
| ૪ | જોટાણા | ૨૬ | ૬૫.૨૫ | ૬૭ | ૧૩૫.૬૮ | ૯૩ | ૨૦૦.૯૩ |
| ૫ | બેચરાજી | ૩૪ | ૯૬.૮ | ૮૦ | ૧૭૧.૬૯ | ૧૧૪ | ૨૬૮.૪૯ |
| ૬ | મહેસાણા | ૨૦૩ | ૮૨૯.૪૫ | ૭૪૮ | ૨૫૩૪.૬૬ | ૯૫૧ | ૩૩૬૪.૧૧ |
| ૭ | વડનગર | ૫૮ | ૨૧૮.૯૬ | ૩૬૪ | ૧૦૧૦.૫૫ | ૪૨૨ | ૧૨૨૯.૫૧ |
| ૮ | વિજાપુર | ૧૬૯ | ૨૯૧.૪૫ | ૧૨૯૧ | ૩૧૪૭.૮૭ | ૧૪૬૦ | ૩૪૩૯.૩૨ |
| ૯ | વિસનગર | ૧૧૯ | ૩૬૦.૪૧ | ૫૦૮ | ૧૨૪૧.૧૯ | ૬૨૭ | ૧૬૦૧.૬ |
| ૧૦ | સતલાસણા | ૩૪ | ૧૨૫.૫૭ | ૨૯૧ | ૮૪૪.૮૮ | ૩૨૫ | ૯૭૦.૪૫ |
| | **કુલ** | **૯૧૪** | **૨૩૧૭.૧૫** | **૪૩૬૬** | **૧૨૩૩૦.૭૫** | **૫૨૮૦** | **૧૪૬૪૭.૯૦** |

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બાજપાઇ બેંકેબલ યોજના અંતર્ગત અરજી બેંકને મોકલાવ્યા પછી સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે, શું મોનિટરિંગ કરવામાં આવે છે? મારો બીજો પ્રશ્ન છે કે તા.૧-૧-૨૦૨૨થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધી મહેસાણા જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને તાલુકા કક્ષાની તાલુકાની કમિટીની બેઠકનું આયોજન કરવામાં આવે છે. જે તે તાલુકામાં બેંકના બ્રાન્ચ મેનેજરો અને લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર તેમજ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના પ્રતિનિધિઓ સાથે બેંક કક્ષાએ પડતર અરજીઓની ચર્ચા કરી વધુમાં વધુ અરજીઓ મંજૂર થાય તે રીતે કાર્યવાહી કરવામાં આવે છે. કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને રાજ્ય કક્ષાએ જિલ્લા કમિટીનું આયોજન કરવામાં આવે છે. જેમાં જે તે જિલ્લાના બેંકના મેનેજરો તથા ઉચ્ચ અધિકારીશ્રીઓ, લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર તેમજ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના પ્રતિનિધિઓ સાથે પડતર અરજીઓની ચર્ચા કરી વધુમાં વધુ અરજીઓ મંજૂર થાય તેવી કાર્યવાહી કરવામાં આવે છે. રાજ્ય કક્ષાએ પણ આ કમિટી છે. તેનું મોનિટરિંગ ત્રિમાસિક ધોરણે યોજવામાં આવે છે. જેમાં તમામ લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજરશ્રીઓ, રાજ્યના તમામ બેંકના

ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા સરકારશ્રીના નાણાં વિભાગના અધિકારીશ્રીઓ હાજર રહે છે. બેંકમાં પડતર અરજીઓનો વધુમાં વધુ નિકાલ થાય તે રીતે ચર્ચા કરવામાં આવે છે અને આ યોજનાના અમલીકરણનું મોનિટરિંગ કરવામાં આવે છે. મહેસાણા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ૭ તાલુકા કક્ષાએ ૭૦ રિવ્યુ બેઠકો મળી છે. છેલ્લાં પાંચ વર્ષમાં મહેસાણા જિલ્લામાં ૧૧,૭૭૬ લાભાર્થીઓને રૂ.૩૦૮ કરોડની બેંકની સહાય પૂરી પાડવામાં આવી છે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે શ્રી બાજપાઇ બેંકેબલ યોજના હેઠળ લોનની રકમ મર્યાદા કેટલી હોય છે અને આ યોજનામાં કેટલી સબસિડી મળવાપાત્ર હોય છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ, સેવા અને વેપાર આવા ત્રણ પ્રકાર આપણે રાખ્યા છે. ત્રણેમાં રૂ.૮ લાખ સુધીની મર્યાદા છે. ધિરાણ ઉપર સહાયનો દર આ યોજનામાં ગ્રામ્ય કક્ષાએ ૨૫ ટકા, શહેર કક્ષાએ ૨૦ ટકા અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે, માજી સૈનિકો, મહિલાઓ, દિવ્યાંગો માટે ૪૦ ટકા અને ૩૦ ટકા છે. આ યોજના હેઠળ ઉદ્યોગ, સેવા અને વેપાર ક્ષેત્રે સહાય નીચે મુજબ છે. ઉદ્યોગની સહાય ૧,૨૫,૦૦૦/- રૂપિયા છે. સેવા માટે ૧,૦૦,૦૦૦/- રૂપિયા છે અને વેપાર માટે જનરલ કેટેગરીમાં રૂ. ૬૦,૦૦૦/- અને ગ્રામ્ય ક્ષેત્રમાં રૂ.૭૫,૦૦૦/- અને રીજનલ કેટેગરીમાં રૂ. ૮૦,૦૦૦/- આપવામાં આવે છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે બેંકોએ શહેરના અમુક વિસ્તારને રેડ ઝોનમાં મૂકી દીધા છે. તેના કારણે કોઇ પણ અરજદાર અરજી કરે તો કહે કે તમારો વિસ્તાર રેડ ઝોનમાં છે એટલે આપને લોન નહીં મળે, તો આ રેડ ઝોન દૂર કરવા માગો છો કે કેમ?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી છે કે બેંકોની એક વખત લોન અને સબસિડી લીધા પછી ઘણી વખત એવું થાય છે કે બેંકના હપ્તા ભરવા જોઇએ. જો એ ન ભરાય અને મોટી સંખ્યામાં બાકી રહે ત્યારે આ પરિસ્થિતિનું નિર્માણ થતું હોય છે. આપણે લોકોને સમજાવીને પ્રયત્ન કરતા હોઇએ છીએ કે જલદી બેંકની લોનના હપ્તા ભરાય. આપનો કોઇ વિસ્તાર હોય તો આપ મને સજેશન કરજો હું ચોક્કસપણે જોવડાવી લઇશ.

**સુરેન્દ્રનગર જિલ્લામાં ગણવેશ સહાય**

૨૬૦૨ **શ્રી પરસોત્તમભાઈ પરમાર** (દસાડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ધોરણ-૧ થી ૮માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ મળી, | (૧) ૭૫,૧૯૮ |
| (૨) ઉક્ત સ્થિતિએ મળેલી અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૫,૧૯૮ |
| (૩) કુલ કેટલી ગણવેશ સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૬,૬૪,૦૦,૮૦૦/- |

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપ સાહેબના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ગણવેશ સહાય યોજના હેઠળ પાત્રતાના કયા કયા માપદંડો ધ્યાને લેવામાં આવે છે?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પાત્રતાના માપદંડો આ મુજબ છે. વિદ્યાર્થીઓ વિકસિત જાતિના એટલે કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતી અને વિચરતિ અને વિમુકત જાતિના હોવા જોઇએ. વિદ્યાર્થીઓ ધો.૧થી ૮માં અભ્યાસ કરતા હોવા જોઇએ. વાર્ષિક આવકમર્યાદા નથી. સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હોવા જોઇએ. વિદ્યાર્થીઓ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં પાસ થયેલા હોવા જોઇએ.

શ્રી શામજીભાઇ ભી. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં ગણવેશ સહાય હેઠળ વિદ્યાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવે છે અને છેલ્લે કયારે આ ગણવેશ સહાયની રકમમાં વધારો કરવામાં આવ્યો?

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાના ધો.૧ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ત્રણ જોડી ગણવેશ માટે વાર્ષિક રૂ.૯૦૦ ગણવેશ સહાય ચૂકવવામાં આવે છે. સરકારશ્રીના તા. ૬-૪-૨૦૨૨ના ઠરાવથી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતી અને વિચરતિ વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને ત્રણ જોડ ગણવેશ માટે રૂ.૬૦૦ની ગણવેશ સહાયમાં રૂ.૩૦૦નો વધારો કરી અને રૂ.૯૦૦ ગણવેશ સહાય ચૂકવવામાં આવે છે.

**બોટાદ જિલ્લાનાં ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોનું શોષણ**

૨૬૭૩ **મહંત શ્રી શંભુનાથ ટુંડિયા** (ગઢડા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોટાદ જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોના શોષણ, અન્યાય સંદર્ભે કેટલી ફરિયાદો મળી, અને | (૧) શૂન્ય. |
| (૨) ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી શંભુપ્રસાદ ટુંડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે બોટાદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલા નિરીક્ષણો કરવામાં આવ્યા છે અને તેમાં કાયદાના ભંગ બદલ શી શી કાર્યવાહી કરવામાં આવી છે? મારો બીજો પ્રશ્ન એ હતો કે બોટાદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ગ્રેજયુઇટી ન મળવા અંગેની તાલુકાવાર કેટલી અરજીઓ સંદર્ભે કેટલી રકમના હુકમો શ્રમતંત્ર દ્વારા કરવામાં આવ્યા છે તથા તાલુકાવાર કેટલી સંસ્થાઓમાં કેટલા શ્રમયોગીઓને કેટલી રકમનું બોનસ ચૂકવવામાં આવ્યું છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા એક વર્ષમાં બોટાદ જિલ્લામાં તા.૧-૧-૨૦૨૨થી તા. ૩૧-૧૨-૨૦૨૨ દરમિયાન કુલ નિરીક્ષણની સંખ્યા ૧૮૨ જગ્યાએ નિરીક્ષણો કરતા કુલ ૧૨ સંસ્થાઓ સામે શ્રમ કાયદા ભંગ બદલ અને કુલ ૧૨ કોર્ટ કેસ દાખલ કરેલ છે અને દંડની રકમ રૂ.૧,૫૨,૦૦૦/- નામદાર કોર્ટ દ્વારા કરવામાં આવી છે જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે. બોટાદ તાલુકામાં નિરીક્ષણની સંખ્યા ૨૪, કોર્ટ કેસ ૧૦ અને રૂ. ૧,૪૩,૦૦૦નો દંડ થયો છે. ગઢડા તાલુકામાં નિરીક્ષણની સંખ્યા ૧૮, કોર્ટ કેસ એક પણ નહીં, બરવાળામાં નિરીક્ષણની સંખ્યા ૨૧, કોર્ટ કેસ -૧, રાણપુરમાં નિરીક્ષણની સંખ્યા ૬૯, કોર્ટ કેસ-૧, અને રૂપિયા ૯૦૦૦ એને દંડ થયો છે. છેલ્લા એક વર્ષમાં ગ્રેજ્યુઇટીની કુલ એક અરજી મળી જેની વિગત નીચે મુજબ છે. બોટાદમાં કુલ સંસ્થા-૧, ગ્રેજ્યુઇટીનો કેસ-૧, હાલ પ્રક્રિયા ચાલુ છે. બાકીના કોઇપણ તાલુકામાં ગ્રેજ્યુઇટી બાબતની કોઇપણ જાતની ફરિયાદ નથી. છેલ્લા એક વર્ષમાં બોટાદ તાલુકાની ૨ સંસ્થાઓના ૩૮૯ શ્રમયોગીઓને રૂપિયા ૬૩ લાખ ૨૫ હજાર ૫૬૫, ગઢડા તાલુકામાં એક સંસ્થાના ૫ શ્રમયોગીઓને રૂ. ૩૦ હજાર, બરવાળામાં એકપણ નહીં, રાણપુરમાં ૧૬ સંસ્થાઓના ૨,૧૧૦ શ્રમયોગીઓને રૂ.૩૩ લાખ ૯૬ હજાર ૭૧૭ એમ કુલ મળીને ૧૯ સંસ્થાઓના કુલ ૨,૫૧૫ શ્રમયોગી ભાઈઓને રૂ.૪ કરોડ ૭ લાખથી વધારે બોનસ ચૂકવવામાં આવ્યું છે.

શ્રી શંભુપ્રસાદ ટુંડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે એક વાત રજૂ કરવા માગું છું કે, કેન્દ્રમાં આદરણીયશ્રી નરેન્દ્રભાઇના વડપણવાળી સરકાર ચાલી રહી છે. રાજ્યમાં આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ડબલ એન્જિનની સરકાર ચાલી રહી છે ત્યારે મારા મત વિસ્તારમાં હમણાં જ ગઢડામાં શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા એક ધન્વંતરી રથનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા જે ધન્વંતરી રથનું વિતરણ તાલુકાવાર થવા જઇ રહ્યું છે ત્યારે હું રાજ્ય સરકારને અભિનંદન આપું છું કે, જેમ ડબલ એન્જિનની સરકાર છે એમ તાલુકાવાર ડબલ રથો થકી આરોગ્યની ચિંતા કરતા રાજ્યના નાગરિકો માટે આવી સુલભ સુવિધા ઉપલબ્ધ કરાવી છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ ધન્વંતરી રથો જે આપણે શ્રમયોગી કલ્યાણ બોર્ડના માધ્યમથી મૂકવામાં આવ્યા છે એ કેટલા તાલુકામાં મૂકવામાં આવ્યા છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે સમગ્ર ગુજરાતની અંદર આપણો કોઇપણ શ્રમયોગી હોય એને સહેજ પણ તકલીફ ન પડે એટલા માટે સ્થળ ઉપર જઇને, આવું કદાચ પહેલીવાર થતું હશે, ૫ રૂપિયામાં કડિયાનાકે ભોજન મળે અને સાથોસાથ દરેક ફેક્ટરીમાં આપણો રથ જાય છે અને ત્યાં રથ દ્વારા મોટી મોટી ફેક્ટરીમાં કામ કરતા લોકો એનો લાભ લેતા હોય છે. આ વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૦૦થી વધારે રથ તાલુકાઓમાં ફાળવ્યા છે.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં કારખાનાં ધારા હેઠળ કેટલા ઔદ્યોગિક એકમો નોંધાયેલ છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જે સ્થળ ઉપર ૧૦થી વધારે કામદારો રોકી વીજળીની મદદથી ઉત્પાદનની પ્રક્રિયા કરવામાં આવતા હોય અથવા જે સ્થળ ઉપર ૨૦થી વધારે કામદારો રોકી વીજળી વગર ઉત્પાદન પ્રક્રિયા કરવામાં આવતી હોય તેવાં સ્થળોની કારખાનાં તરીકે કારખાનાં ધારા હેઠળ નોંધણી કરવામાં આવે છે. તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં ૧૦૪ ઔદ્યોગિક એકમો કારખાનાં તરીકે નોંધાયેલા છે. જેમાં કુલ ૬૫ ઔદ્યોગિક એકમો ચાલુ છે અને ૩૯ એકમો ધીમે ધીમે કાર્યરત થવાના છે.

અધ્યક્ષશ્રી : માનનીય કાંતિભાઇ, તમે બેઠા બેઠા ચર્ચા ન કરો. બધે સંભળાય છે.

**ભાવનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના**

૨૫૯૫ **શ્રી ગૌતમભાઈ ચૌહાણ** (તળાજા) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

૩૩૩૪ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ વેલ્ફેર સેસ પેટે કેટલી રકમ જમા છે, | (૧) ૪૫૬૦.૫૧ કરોડ. |
| (૨) ઉક્ત જમા થયેલ રકમ શા હેતુઓ માટે વાપરવાની હોય છે, અને | (૨) બાંધકામ શ્રમિકોને અલગ-અલગ કલ્યાણકારી યોજનાકીય સહાય આપવા. |
| (૩) જમાં થયેલ રકમ પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ક્યા હેતુ માટે વાપરવામાં આવી ? | (૩) પરિશિષ્ટ-અ મુજબ. |

**પરિશિષ્ટ-અ**

**રાજ્યમાં બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ વેલ્ફેર સેસ યોજનાકીય ખર્ચ**

**(રકમ રૂ.લાખમાં)**

| ક્રમ | યોજનાનું નામ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ | બે વર્ષમાં કુલ વપરાયેલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | શ્રમિક અન્નપૂર્ણા યોજના | ૧૯૧.૧૪ | ૧૦૧.૨૯ | ૨૯૨.૪૩ |
| ૨ | વ્યવસાયિક રોગોમાં સારવાર યોજના | ૨.૯૪ | ૩.૧૯ | ૬.૧૩ |
| ૩ | ધન્વન્તરી આરોગ્ય રથ યોજના | ૭૨૧.૯૧ | ૮૪૭.૧૩ | ૧૫૬૯.૦૪ |
| ૪ | સ્થળાંતરિત શ્રમિકોના બાળકો માટેની હોસ્ટેલ સહાય યોજના (નવી) | ૦.૦૦ | ૨૧૮.૮ | ૨૧૮.૮ |
| ૫ | પ્રસુતિ સહાય યોજના | ૧૫૧.૧૫ | ૩૧૬.૫૫ | ૪૬૭.૭ |
| ૬ | ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના | ૪૯.૮૦ | ૭૦.૯૫ | ૧૨૦.૭૫ |
| ૭ | શિક્ષણ સહાય યોજના | ૧૧૩૬.૯૩ | ૨૩૯૭.૩૧ | ૩૫૩૪.૨૪ |
| ૮ | આકસ્મિક મૃત્યુ સહાય યોજના | ૧૯૮.૦૦ | ૧૯૨ | ૩૯૦.૦૦ |
| ૯ | અંત્યેષ્ઠી સહાય યોજના | ૧૩.૨૩ | ૧૨.૨૩ | ૨૫.૪૬ |
| ૧૦ | શ્રમિક પરિવહન યોજના | ૨૭.૨૫ | ૫૫.૭૩ | ૮૨.૯૮ |
| ૧૧ | ગો-ગ્રીન યોજના | ૦ | ૧૦.૨ | ૧૦.૨ |
| ૧૨ | હાઉસીંગ સબસિડી યોજના | ૦ | ૦.૨ | ૦.૨ |
| ૧૩ | નાનાજી દેશમુખ આવાસ યોજના | ૦ | ૧૪૨.૪ | ૧૪૨.૪ |
| ૧૪ | વિશિષ્ટ અભ્યાસના કોચિંગ માટેની આર્થિક સહાય યોજના | ૦ | ૦.૩ | ૦.૩ |
| ૧૫ | પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમાં યોજના (PMJJBY) | ૦ | ૨.૩૫ | ૨.૩૫ |
| ૧૬ | સ્માર્ટ કાર્ડ/ઓળખ કાર્ડ | ૧૯.૫૬ | ૪૩.૪૨ | ૬૨.૯૮ |
| ૧૭ | માહિતી શિક્ષણ અને પ્રસારણ પ્રોગ્રામ | ૨૧.૦૯ | ૭૧.૮૭ | ૯૨.૯૬ |
| ૧૮ | EMD પરત | ૨૧૭.૦૫ | ૫૬.૯૨ | ૨૭૩.૯૭ |
| ૧૯ | TDS | ૬.૫૧ | ૬.૭૧ | ૧૩.૨૨ |
| ૨૦ | GST | ૮.૮૨ | ૮.૩૧ | ૧૭.૩૧ |
| | **કુલ** | **૨૭૬૫.૩૮** | **૪૫૫૭.૮૬** | **૭૩૨૩.૨૪** |

**વહીવટી ખર્ચ + યોજનાકીય ખર્ચ**

**(રકમ રૂ.લાખમાં)**

| ક્રમ | યોજનાનું નામ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ | બે વર્ષમાં કુલ વપરાયેલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | વહીવટી/મહેકમ ખર્ચ | ૩૫૯.૬૮ | ૪૪૭.૧૧ | ૮૦૬.૭૯ |
| ૨ | યોજનાકીય ખર્ચ | ૨૭૬૫.૩૮ | ૪૫૫૭.૮૬ | ૭૩૨૩.૨૪ |
| ૩ | આત્મનિર્ભર સહાય યોજના | ૨૫૦૦.૦૦ | ૦ | ૨૫૦૦.૦૦ |
| ૪ | અન્ય ખર્ચ | ૨.૭૫ | ૦ | ૨.૭૫ |
| | **કુલ** | **૫૬૨૭.૮૧** | **૫૦૦૪.૯૭** | **૧૦૬૩૨.૭૮** |

- - - - - - - - -

તા. ૨૩મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં ઔદ્યોગિક એકમોમાં તબીબી અધિકારીઓની મંજૂર જગ્યાઓ**

૩૩૪૪ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સર્ટીફાઇંગ સર્જન (તબીબી અધિકારી) વર્ગ-૨ની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) ૦૪ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને | (૨) ૦૪-ભરેલી. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજ્યમાં કુપોષણ સરવેની કામગીરી**

૩૩૫૩ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં કુપોષણના સરવેની કામગીરી કરાવવા અંગે કઈ એજન્સીઓને કામગીરી સોંપવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહિલા અને બાળ વિકાસ વિભાગ (ICDS) અંતર્ગત રાજ્યમાં કુપોષણના સરવેની કામગીરી કરાવવા અંગે કઈ એજન્સીઓને કામગીરી સોંપવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત કામગીરી અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઈ એજન્સીઓને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત એજન્સીઓ તરફથી કોઈ અહેવાલ મળેલ છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા આવેલ અરજીઓ**

૩૩૨૭ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા કુટિર ઉદ્યોગ કેન્દ્રોમાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા માટે કેટલી અરજીઓ મળી,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં યોજના હેઠળ નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| જિલ્લો | ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ | ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ | કુલ |
|---|---|---|---|
| આણંદ | ૧૯૧૪ | ૫૫૩૩ | ૭૪૪૭ |
| ખેડા | ૭૭૩ | ૧૩૬૭ | ૨૧૪૦ |
| **કુલ** | **૨૬૮૭** | **૬૯૦૦** | **૯૫૮૭** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવવામાં આવેલ છે.

**(૧) આણંદ**

| ક્રમ | વિગતો | ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ | ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | બેંકો દ્વારા મંજૂર કરેલ અરજીઓ | ૬૦ | ૧૨૯૩ | ૧૩૫૩ |
| ૨ | ચૂકવવામાં આવેલ સહાય (રૂ. લાખમાં) | ૮૩૮.૩૮ | ૩૭૫.૨૪ | ૧૨૧૩.૬૨ |

**(૨) ખેડા**

| ક્રમ | વિગતો | ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ | ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ | કુલ |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | બેંકો દ્વારા મંજૂર કરેલ અરજીઓ | ૧૯૦ | ૪૪૧ | ૬૩૧ |
| ૨ | ચૂકવવામાં આવેલ સહાય (રૂ. લાખમાં) | ૪૭૧.૯૬ | ૨૪૮.૪૬ | ૭૨૦.૪૨ |

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી અરજીઓ માટે લોન પૂરી પાડવા બેંકોને ભલામણ કરવામાં આવી, અને

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર નીચે મુજબ અરજીઓ માટે લોન પૂરી પાડવા બેંકોને ભલામણ કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **જિલ્લો** | **૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧** | **૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૫૫૬ | ૩૦૮૦ | ૩૬૩૬ |
| ૨ | ખેડા | ૪૩૫ | ૮૪૪ | ૧૨૭૯ |
| | **કુલ** | **૯૯૧** | **૩૯૨૪** | **૪૯૧૫** |

(૪) બેંકોને ભલામણ કરવામાં આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓને બેંકો દ્વારા લોન પૂરી પાડવામાં આવી ?

(૪) બેંકોને ભલામણ કરવામાં આવેલ અરજીઓ પૈકી નીચે મુજબની અરજીઓને બેંકો દ્વારા લોન પૂરી પાડવામાં આવેલ છે.

| **ક્રમ** | **જિલ્લો** | **૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧** | **૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૬૦ | ૧૨૯૩ | ૧૩૫૩ |
| ૨ | ખેડા | ૧૯૦ | ૪૪૧ | ૬૩૧ |
| | **કુલ** | **૨૫૦** | **૧૭૩૪** | **૧૯૮૪** |

\- - - - - - - - -

## ભરૂચ જિલ્લામાં દહેજ જી. આઈ. ડી. સી. ખાતે પ્લોટ/શેડ

૩૩૫૪ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં દહેજ જી.આઈ.ડી.સી. ખાતે કુલ કેટલા પ્લોટ અને શેડ આવેલા છે,

(૧) કુલ પ્લોટની સંખ્યા-૧૨૩૬
કુલ શેડની સંખ્યા-શૂન્ય.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેટલા પ્લોટ અને શેડનું એલોટમેન્ટ થયેલ છે,

(૨) એલોટમેન્ટ કરેલ કુલ પ્લોટની સંખ્યા-૯૦૮
એલોટમેન્ટ કરેલ કુલ શેડની સંખ્યા-શૂન્ય.

(૩) ઉક્ત સ્થિતિએ એલોટમેન્ટ થયેલ પ્લોટ અને શેડ પૈકી કેટલા ઉદ્યોગો કાર્યરત છે અને કેટલા પ્લોટ અને શેડ ખાલી પડેલ છે, અને

(૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સદર ઔદ્યોગિક વસાહતોમાં ફાળવેલ પ્લોટની કુલ સંખ્યા ૯૦૮ છે. જેમાં નાના-મોટા કુલ ૩૯૦ ઔદ્યોગિક એકમો કાર્યરત છે અને ફાળવેલ પ્લોટ પૈકીના ખાલી પ્લોટ અને શેડની વિગત નીચે મુજબ છે.

| **ક.નં.** | **ફાળવેલ કુલ પ્લોટ** | **કાર્યરત એકમોની સંખ્યા** | **બંધ ઔદ્યોગિક એકમોની કુલ સંખ્યા** | **ખુલા ઔદ્યોગિક પ્લોટની કુલ સંખ્યા** | **બાંધકામ પ્રગતિમાં હોય તેવા પ્લોટ** |
|---|---|---|---|---|---|
| ૧ | ૯૦૮ | ૩૯૦ | ૨૦ | ૩૭૮ | ૧૨૦ |

(૪) ઉક્ત એલોટમેન્ટ થયેલ પ્લોટ અને શેડમાં ઉદ્યોગકારોએ ઉદ્યોગ શરૂ ન કર્યા હોય તો તેની સામે શા પગલાં લેવામાં આવ્યા ?

(૪) નિગમ દ્વારા જી.પી.પી.એક્ટ હેઠળ ૧૬-પ્લોટોના કબજા પરત લેવામાં આવેલ છે તથા ૧૨૮-પ્લોટ ધારકો વિરૂદ્ધ કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

\- - - - - - - - -

## છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા આવેલ અરજીઓ

૩૩૪૯ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તા. ૨૩મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા કુટિર ઉદ્યોગ કેન્દ્રોમાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા માટે કેટલી અરજીઓ મળી,

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર અને દાહોદ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં યોજના હેઠળ નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| જિલ્લો | ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ | ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ | કુલ અરજીઓ |
|---|---|---|---|
| છોટાઉદેપુર | ૫૮૯ | ૯૭૯ | ૧૫૬૮ |
| દાહોદ | ૪૩૬ | ૧૭૬૪ | ૨૨૦૦ |
| **કુલ** | **૧૦૨૫** | **૨૭૪૩** | **૩૭૬૮** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવવામાં આવેલ છે.

**(૧) છોટાઉદેપુર**

| ક્રમ | વિગતો | ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ | ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | બેંકો દ્વારા મંજૂર કરેલ અરજીઓ | ૮૮ | ૨૯૮ | ૩૮૬ |
| ૨ | ચૂકવવામાં આવેલ સહાય (રૂ. લાખમાં) | ૨૪૪.૭૯ | ૩૦૦.૦૯ | ૫૪૪.૮૮ |

**(૨) દાહોદ**

| ક્રમ | વિગતો | ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ | ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | બેંકો દ્વારા મંજૂર કરેલ અરજીઓ | ૩૬ | ૨૦૩ | ૨૩૯ |
| ૨ | ચૂકવવામાં આવેલ સહાય (રૂ. લાખમાં) | ૬૭.૫૭ | ૩૦૨.૨૪ | ૩૬૯.૮૧ |

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી અરજીઓ માટે લોન પૂરી પાડવા બેંકોને ભલામણ કરવામાં આવી, અને

(૩) ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર નીચે મુજબ અરજીઓ માટે લોન પૂરી પાડવા બેંકોને ભલામણ કરવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો | ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ | ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૫૧૯ | ૯૩૭ | ૧૪૫૬ |
| ૨ | દાહોદ | ૨૬૬ | ૧૩૦૪ | ૧૫૭૦ |
| | **કુલ** | **૭૮૫** | **૨૨૪૧** | **૩૦૨૬** |

(૪) બેંકોને ભલામણ કરવામાં આવેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓને બેંકો દ્વારા લોન પૂરી પાડવામાં આવી ?

(૪) બેંકોને ભલામણ કરવામાં આવેલ અરજીઓ પૈકી નીચે મુજબની અરજીઓને બેંકો દ્વારા લોન પૂરી પાડવામાં આવેલ છે.

| ક્રમ | જિલ્લો | ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ | ૧-૧-૨૨ થી ૩૧-૧૨-૨૨ | કુલ અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૮૮ | ૨૯૮ | ૩૮૬ |
| ૨ | દાહોદ | ૩૬ | ૨૦૩ | ૨૩૯ |
| | **કુલ** | **૧૨૪** | **૫૦૧** | **૬૨૫** |

---------

**વિભાગ હેઠળના બોર્ડ / નિગમોને કેન્દ્ર સરકાર તરફથી સહાય**

૩૩૩૦ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળના નિગમો અને બોર્ડમાં કેન્દ્ર સરકાર દ્વારા કેટલી લોન અને કેટલી સહાય ક્યા નિગમોને આપવામાં આવી, અને

(૧) પત્રક-૧ મુજબ.

(૨) કેન્દ્ર સરકાર દ્વારા લોનના નાણાં સમયસર અને પૂરતા પ્રમાણમાં મળે તે માટે રાજ્ય સરકારે શા પ્રયાસો કર્યા ?

(૨) કેન્દ્ર સરકાર દ્વારા જરૂરિયાત મુજબના લોનના નાણાં સમયસર અને પૂરતા પ્રમાણમાં મળતા હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| **ક્રમ** | **નિગમ** | **કેન્દ્ર સરકાર તરફથી મળેલ લોન (રકમ રૂપિયા લાખમાં)** | | **કેન્દ્ર સરકાર તરફથી સહાય (રકમ રૂપિયા લાખમાં)** | |
|---|---|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૦૧-૦૧-૨૧ થી તા. ૩૧-૧૨-૨૧)** | **વર્ષ ૨૦૨૨-૨૩ (તા.૦૧-૦૧-૨૨ થી તા. ૩૧-૧૨-૨૨)** | **વર્ષ ૨૦૨૧-૨૨ (તા.૦૧-૦૧-૨૧ થી તા. ૩૧-૧૨-૨૧)** | **વર્ષ ૨૦૨૨-૨૩ (તા.૦૧-૦૧-૨૨ થી તા. ૩૧-૧૨-૨૨)** |
| ૧ | ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ | ૪૯.૨૦ | ૧૦૬૦.૧૯ | ૦ | ૦ |
| ૨ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | ૦ | ૪૦૦.૦૦ | ૦ | ૦ |
| ૩ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | ૭૦૦.૦૦ | ૫૦૦.૦૦ | ૦ | ૦ |
| ૪ | ગુજરાત વિચરતી અને વિમુક્તિ જાતિ વિકાસ નિગમ | ૦ | ૨૧.૩૨ | ૦ | ૦ |
| ૫ | ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ | ૨૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૦ | ૦ |
| ૬ | ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમ | ૦ | ૩૭૭.૦૦ | ૦ | ૦ |

---------

**ગ્રાન્ટ ઈન એઈડના છાત્રાલયોમાં પગાર વધારાની રજૂઆતો**

૩૩૪૭ **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા) : **ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૧૦-૦૭-૨૦૧૯ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫૬૭૪ (અગ્રતા-૯૨)ના અનુસંધાને માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

**પ્રશ્ન**

(૧) પછાત વર્ગના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોના કર્મચારીઓ તરફથી મળેલ પગાર વધારાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વિચારણા ક્યારે પૂર્ણ કરીને કેટલો પગાર વધારો જાહેર કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયના કર્મચારીઓ પગાર વધારા અંગે વિચારણા પૂર્ણ કરી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૮-૦૪-૨૦૨૨ તથા તા.૧૧-૦૪-૨૦૨૨ના ઠરાવ અન્વયે તા.૦૧-૦૪-૨૦૨૨થી આ કર્મચારીઓના પગારમાં નીચે મુજબ વધારો કરવામાં આવ્યો.

| **ક્રમ** | **કર્મચારીનો હોદ્દો અને લાયકાત** | **અગાઉ ચૂકવાતા પગારની રકમ રૂ.** | **વધારો કરવામાં આવેલ રકમની વિગતા રૂ.** | **હાલમાં ચૂકવવામાં આવતા પગારની રકમ રૂ.** |
|---|---|---|---|---|
| ૧ | નોન એસ.એસ.સી. ગૃહપતિ / ગૃહમાતા | ૫૫૦૦ | ૩૫૦૦ | ૯૦૦૦ |
| ૨ | એસ.એસ.સી. પાસ ગૃહપતિ / ગૃહમાતા | | | |
| ૩ | એસ.એસ.સી. પાસ અને પી.ટી.સી. અથવા એસ.એસ.સી. પાસ અને છાત્રાલયના ગૃહપતિ તરીકે પાંચ વર્ષનો અનુભવ | | | |
| ૪ | સ્નાતક ગૃહપતિ | ૬૫૦૦ | ૩૫૦૦ | ૧૦,૦૦૦ |
| ૫ | સ્નાતક અને ગૃહપતિ તરીકેનો પાંચ વર્ષનો અનુભવ અથવા ટ્રેઈન્ડ સ્નાતક | | | |
| ૬ | મુખ્ય રસોયા | ૩૫૦૦ | ૨૫૦૦ | ૬૦૦૦ |
| ૭ | મદદનીશ રસોઇયા | ૩૦૦૦ | ૨૦૦૦ | ૫૦૦૦ |
| ૮ | ચોકીદાર | ૩૦૦૦ | ૨૦૦૦ | ૫૦૦૦ |

(૨) ઉક્ત વિચારણા પૂર્ણ ન થયેલ હોઇ તો તેના કારણો શા છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**શ્રમયોગી કલ્યાણ બોર્ડમાંથી લીધેલ ભંડોળ**

૩૩૩૩ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૨૦ માં રાજ્ય સરકારે બાંધકામ મજૂરોના શ્રમયોગી કલ્યાણ બોર્ડમાંથી કેટલું ભંડોળ લીધેલ,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલી રકમ શ્રમયોગી કલ્યાણ બોર્ડને પરત કરવામાં આવી અને કેટલી રકમ પરત કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત બાકી રકમ ક્યાં સુધીમાં પરત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) રૂ. ૨૫૦ કરોડ.

(૨) રૂ. ૨૫૦ કરોડમાંથી રૂ. ૭૧.૧૫ કરોડની રકમ પરત કરવામાં આવી અને અન્ય કોઇ રકમ પરત લેવાની બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**શહીદ દિન નિમિત્તે શ્રદ્ધાંજલિ**

શ્રી હેમંતભાઇ હ. આહિર(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ તારીખે આપણા દેશના ત્રણ યુવાનોને ફાંસીની સજા આપવામાં આવી હતી. શહીદ ભગતસિંહ, શહીદ સુખદેવજી અને શહીદ રાજયગુરૂજીને. એમનું તૈલચિત્ર આપણી

વિધાનસભામાં મૂકવામાં આવે એવી હું આ સમગ્ર ગૃહ સમક્ષ અને આપ સમક્ષ માગણી કરું છું. આપણા દેશના યુવાનોને એમના જીવનમાંથી પ્રેરણા મળે એના માટે હું આપની સમક્ષ માગણી કરું છું.

શ્રીમતી નીમીષાબેન મ. સુથાર(મોરવાહડફ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૩મી માર્ચ એટલે શહીદ દિવસ છે. માં ભારતીના અમર સપૂત એવા અને પ્રખર ક્રાંતિકારી એવા ભગતસિંહજી, રાજગુરૂજી અને સુખદેવજીના ત્યાગ, તપસ્યા અને બલિદાનનું સ્મરણ કરીને આ સન્માનનીય ગૃહમાં શત્ શત્ નમન કરીએ છીએ અને આઝાદીની લડાઇ માટે પોતાનું બલિદાન આપનારા ત્રણેય ક્રાંતિકારીઓએ જે બલિદાન આપ્યું એના માટે સન્માનનીય ગૃહના તમામ સદસ્યશ્રીઓ વતી અમે શ્રદ્ધાંજલિ આપીએ છીએ અને આજે આપણા વનમંત્રીશ્રી મુળુભાઇ બેરાજીની જન્મતિથિ પણ છે. એમને શુભેચ્છા પાઠવીએ છીએ.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ(રાજકોટ -પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આજે ૨૩મી માર્ચ એટલે બલિદાન દિવસ અને જે વીરો આ દેશ માટે ભારત માતા કી જય, વંદે માતરમ કરતા કરતા ફાંસીના માચડે ચડી ગયા એમને આજે ગૃહના માધ્યમથી આપણે વીરાંજલિ આપીએ. સાથેસાથે આજે ચેટીચાંદ એટલે સમગ્ર સીંધી સમાજ માટે પણ ખૂબ મોટો ઉત્સવ છે. એને પણ આપણે યાદ કરીએ અને ચૈત્રી નવરાત્રિની પણ ગુજરાતની જનતાને આપણે સૌ ખૂબ ખૂબ શુભકામના પાઠવીએ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે શહીદ દિવસ છે. આઝાદી આદરણીય મહાત્મા બાપુ અને એમની સાથે કેટલાય લોકો અને એમની સાથેસાથે બે પ્રકારની ક્રાંતિ આપણી આઝાદી માટે ચાલતી હતી. અહિંસક, હિંસક પરંતુ કહેવાનું તાત્પર્ય એ છે કે.

અધ્યક્ષશ્રી : અહિંસક અને ક્રાંતિકારી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અહિંસક ક્રાંતિકારીઓ અને હિંસક ક્રાંતિ, હિંસક શબ્દ તો નહીં વપરાય, પરંતુ એ દેશદાઝ માટે જે રીતે નાનામોટા અન્યાયો સામે લડ્યા અને અંગ્રેજોના જે તે વખતના જુલમો સામે અવાજ ઉપાડ્યો અને અંગ્રેજોએ એમને નિષ્ઠુરતાથી ભગતસિંહ, સુખદેવસિંહ, રાજગુરુને ફાંસીના માચડે ચડાવ્યા. આવા અસંખ્ય (અંતરાય) અસફાક ઉલ્લાખાન એવા ઘણા બધા આપણા ક્રાંતિકારીઓએ શહીદી વહોરી.

અધ્યક્ષશ્રી : શ્રી ઇમરાનભાઇ, આમાં કોમેન્ટ ન હોય ભાઇ (અંતરાય) બેસો તમે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : શ્રી ઇમરાનભાઇ, શહીદ એટલે શહીદ. (અંતરાય) એમાં ભેદભાવનો પ્રશ્ન ન હોય. શહીદ એટલે શહીદ.

અધ્યક્ષશ્રી : શહીદીના વિષય ઉપર... માનનીય મંત્રીશ્રી, બેસો તમે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : શહીદ એટલે શહીદ. કદાચ એક નામ દઇને પછી બાકીના શહીદો આપણે બોલતા હોઇએ એટલા બધા શહીદો થયા છે અને એના કારણે જે પ્રકારે આખા દેશની અંદર બંને બાજુથી જે વાતાવરણ ઊભું થયું એના કારણે આપણે...

અધ્યક્ષશ્રી : ટૂંકમાં વાત કરો. ભાવાંજલિ આપવી હોય તો મેં મોકો આપ્યો છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : આજનો દિવસ એમને યાદ કરીને એમના ચરણોમાં વંદન પણ કરીએ છીએ અને એમનો આભાર અને કૃતજ્ઞતા પણ વ્યકત કરીએ છીએ. આજે વીરાંજલિનો કાર્યક્રમ છે. અમારા શ્રી પ્રદિપસિંહજી વાઘેલા અને પાર્ટી તરફથી શ્રદ્ધાંજલિ અને ઇતિહાસને ઉજાગર કરતો કાર્યક્રમ છે. જેથી કરીને આવનારી પેઢીને ખબર પડે કે કેટલા ક્રાંતિકારી વીરોએ પોતાની શહાદત આપી છે?

અધ્યક્ષશ્રી : ગૃહના નેતાશ્રી, ગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓ અને ગુજરાતની તમામ પ્રજાવતી તમામ શહીદોને શ્રદ્ધાંજલિ આપીએ અને આજે ચેટીચાંદ નિમિત્તે પણ આ ગૃહ વતી સૌ ભાઇઓને ચેટીચાંદની ખૂબ ખૂબ શુભકામનાઓ.

અધ્યક્ષશ્રીની જાહેરાત

### પ્રશ્નોની પ્રાયોરિટી વેબસાઇટ ઉપર મૂકવા અંગે

અધ્યક્ષશ્રી: મારે એક જાહેરાત ધારાસભ્યશ્રીઓ માટે કરવી છે. ઘણા માનનીય ધારાસભ્યશ્રીઓનો પ્રશ્ન હોય છે. ડ્રોમાં નામ આવ્યું હોય અને પ્રશ્ન પ્રાયોરિટીમાં હોય તો પણ સભ્યશ્રીઓ ગૃહમાં હાજર રહેતા નથી. મારી તમામ સભ્યશ્રીઓને વિનંતી છે કે, આપણી ગુજરાત વિધાનસભાની વેબસાઇટ ઉપર પાંચ દિવસ કરતાં પહેલાં પ્રશ્નમાં કોની કોની પ્રાયોરિટી છે તે નક્કી કરી દઇએ છીએ અને વેબસાઇટ ઉપર મૂકી દઇએ છીએ, જેથી એડવાન્સમાં ખબર પડે, આજે જ ખબર પડે એવું નથી. આપણી વેબસાઇટ ઉપર અઠવાડિયા પહેલાં ધારાસભ્યશ્રીઓને જાણ થઇ જાય છે કે, મારો પ્રશ્ન આ તારીખે, આજથી ચોથા કે પાંચમા દિવસે પ્રાયોરિટીમાં પહેલા ક્રમાંકે કે સાતમા ક્રમાંકે છે. તો વેબસાઇટ જોશો તો પણ ધ્યાનમાં આવશે, જેથી તમારા કાર્યક્રમનું પ્લાનિંગ થઇ શકે. તમારે કોઇ ઇમરજન્સી હોય તો તે પ્રમાણે પ્લાન બનાવી શકશો. તો મારી આપ સૌને વિનંતી છે કે, પ્રશ્નોના એડવાન્સ ડ્રો થાય છે, ત્યારે તે જ દિવસે તાત્કાલિક વેબસાઇટ ઉપર આપણે મૂકી દઇએ છીએ. તેની જાણકારી બધાની પાસે રહે અને તમારો પ્રશ્ન પ્રાયોરિટી ઉપર આવે છે તો તમારે હાજર રહી પ્રજાવતી પ્રશ્ન ઉઠાવવાનો તમારો અધિકાર છે. તેથી બધા સભ્યશ્રીઓ હાજર રહી શકે. નેક્સ્ટ.

### માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, માર્ગ અને મકાન વિભાગ

તા. ૨૩મી માર્ચ, ૨૦૨૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

**કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**માગણી ક્રમાંક-૫**

શ્રી જગદીશ વિશ્વકર્મા (રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકારને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૬,૧૨,૩૪,૫૩,૦૦૦ /-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૦૬,૭૦,૦૧,૦૦૦/-ની માગણી ક્રમાંક-૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇમરાન ખેડાવાલા :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

ડો. સી.જે. ચાવડા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

**માર્ગ અને મકાન વિભાગ**

**માગણી ક્રમાંક-૮૫**

શ્રી જગદીશ વિશ્વકર્મા (માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, હું રહેણાકના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨,૪૨,૨૦,૧૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૨,૮૩,૩૨,૮૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૮૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૮૫ રજૂ કરવામાં આવી.**

**માર્ગ અને મકાન વિભાગ**

**માગણી ક્રમાંક-૮૬**

શ્રી જગદીશ વિશ્વકર્મા (માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪૧,૮૭,૨૧,૨૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૦૯,૩૫,૩૬,૧૫,૦૦૦/-ની માગણી ક્રમાંક-૮૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૮૬ રજૂ કરવામાં આવી.**

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.

**માર્ગ અને મકાન વિભાગ**

**માગણી ક્રમાંક-૮૭**

શ્રી જગદીશ વિશ્વકર્મા (માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતના પાટનગર બાંધકામની યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૦,૧૯,૨૧,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૩,૬૦,૩૪,૬૫,૦૦૦/-ની માગણી ક્રમાંક-૮૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૮૭ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૨૩-૨૦૨૪નાવર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકારવિભાગ**<br>**માગણીનં.૫** | | |
| *૧ | ૨૪૨૫-સહકાર<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-COP-21 સહકારી....<br>અધિકારી<br>રૂ. ૧૪,૫૫,૭૮,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાનાનં. ૧૫૫ | ૧૦૦ | બરોડા દૂધ ડેરીમાં થયેલ ગેરરીતિઓની ફરિયાદો નિવારવામાં તંત્રનીનિષ્ફળતા. | ડૉ. તુષાર ચૌધરી |
| ૨ | - - " - - | ૧૦૦ | સહકારી મંડળીઓમાં આપેલ ફરિયાદો નિવારવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી ઈમરાનખેડાવાલા |
| *૩ | - - " - - | ૧૦૦ | સહકારી મંડળીઓની વહીવટી ક્ષતિઓને કારણે થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૪ | ૨૪૨૫-સહકાર<br>૧૦૭- ધિરાણ..સહાય<br>રૂ. ૧૪,૫૭,૨૫,૭૨,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાનાનં. ૧૬૬ થી ૧૭૦ | ૧૦૦ | ગુજરાતના ખેડૂતોનું દેવુ માફ કરવામાં તંત્રનીઉદાસીનતા. | શ્રી ઉમેશભાઇ મકવાણા |
| *૫ | ૨૪૩૫-અન્ય..કાર્યક્રમો<br>૦૧-ખરીદ..નિયંત્રણ<br>૧૦૧-ખરીદ..સવલતો<br>રૂ.૭,૯૩,૦૨,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાનાનં.૧૭૭ અને ૧૭૮ | ૧૦૦ | કૃષિ વિષયક પાકોના ખરીદ-વેચાણની સવલતોના અભાવે ખેડૂતોને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| *૬ | ૨૪૩૫-અન્ય..કાર્યક્રમો<br>૦૧-ખરીદ..નિયંત્રણ<br>૧૦૧-ખરીદ..સવલતો<br>રૂ.૭,૯૩,૦૨,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાનાનં.૧૭૭ અને ૧૭૮ | ૧૦૦ | કૃષિ વિષયક પાકોના ખરીદ વેચાણ અને ગુણવત્તા નિયંત્રણની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા |
| *૭ | ૩૪૭૫-અન્ય..સેવાઓ<br>૨૦૦-અન્ય..વિનિયમન<br>૦૧-શાહુકાર..અમલ<br>રૂ.૪,૪૬,૯૨,૦૦૦<br>અં.પ્ર.નં.૩<br>પાનાનં. ૧૮૯ અને ૧૯૦ | ૧૦૦ | શાહુકાર ધારા અંતર્ગત નાણા ધિરનારને આપવામાં આવેલ લાયસન્સોની ચકાસણી કરી ગેરરીતિઓ રોકવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી જિજ્ઞેશ મેવાણી |
| ૮ | - - " - - | ૧૦૦ | જિલ્લાઓમાં મદદનીશ રજિસ્ટ્રારોની ઘટ નિવારવામાં તંત્રનીનિષ્ફળતા. | ડૉ. સી.જે.ચાવડા |
| | | **માર્ગ અને મકાનવિભાગ**<br>**માગણીનં.૮૫** | | |
| *૯ | ૪૨૧૬-આવાસન...જોગવાઇ<br>૦૧-સરકારી..મકાનો<br>૧૦૬-સામાન્ય..સામુચ્ચય<br>રૂ. ૨,૬૨,૧૬,૨૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ-૧)<br>પાનાનં. ૧૬૦ થી ૧૭૮ | ૧૦૦ | સરકારી મકાનોની જાળવણીમાં રાખવામાં આવતી બેદરકારી દૂર કરવા અંગે પગલાં લેવામાં તંત્રનીનિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| | | **માગણીનં.૮૬** | | |
| ૧૦ | ૩૦૫૪-માર્ગ અને પુલ<br>૦૪-જિલ્લા..માર્ગો<br>૩૩૭-માર્ગ કામો | ૧૦૦ | ગ્રામીણ ક્ષેત્રે ગામતળના રસ્તાઓમાં વરસાદી પાણી ન ભરાઇ રહે તે માટે R.C.C.ના રસ્તાઓ બનાવવામાં તંત્રનીઉદાસીનતા. | શ્રી અરવિંદભાઈ લાડાણી |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ.૯,૬૮,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ-૧)<br>પાનાનં. ૫૩ થી ૫૭ | | | |
| ૧૧ | --"-- | ૧૦૦ | રાજ્યના બિસ્માર થયેલ રસ્તાઓનું સત્વરે સમારકામ કરાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૧૨ | --"-- | ૧૦૦ | માર્ગોના નબળા બાંધકામ માટે જવાબદાર અધિકારીઓ સામે પગલા લેવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી ચિરાગકુમાર પટેલ |
| ૧૩ | ૩૦૫૪-માર્ગ અને પુલ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ.૨,૧૫,૭૩,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ-૧)<br>પાનાનં. ૫૯ થી ૬૨ | ૧૦૦ | તૂટેલા માર્ગોનું સમારકામ નિયમિત ન થતાં રોડ સેફ્ટી એક્ટનો સખ્તાઈથી અમલ કરાવવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| *૧૪ | ૩૦૫૪-માર્ગ અને પુલ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ.૨,૧૫,૭૩,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ-૧)<br>પાનાનં. ૫૯ થી ૬૨ | ૧૦૦ | આમજનતા અને પ્રજાના પ્રતિનિધિઓની તૂટેલા રસ્તા અંગેની વારંવારની રજૂઆતો ધ્યાને લેવાતી નથી જ્યારે મહાનુભાવોના આગમન સમયે આવા રસ્તાનું સત્વરે સમારકામ કરી દેવાય છે આવો ભેદભાવ નિવારવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| *૧૫ | --"-- | ૧૦૦ | વિપક્ષના ધારાસભ્યોની રસ્તાના કામો માટેમંજૂરી આપવાની રજૂઆતોને ધ્યાને લઈ સત્વરે કામગીરી કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ (ગેનીબેન ઠાકોર) |
| *૧૬ | --"-- | ૧૦૦ | નવા તૈયાર થયેલ રસ્તાઓ થોડા જ સમયમાં તૂટી જાય છે તે માટે જવાબદારો સામે શિક્ષાત્મક પગલા ભરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૧૭ | --"-- | ૧૦૦ | વિપક્ષના ધારાસભ્યોને રસ્તાઓના જોબનંબર આપવાની કામગીરીમાં થતી ઉદાસીનતા અટકાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| *૧૮ | --"-- | ૧૦૦ | નર્મદા અને ભરૂચ જિલ્લામાં રસ્તાઓ અને પુલોના કામો મંજૂર કરી સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચૈતરભાઇ વસાવા |
| *૧૯ | ૫૦૫૪-માર્ગ..જોગવાઇ<br>૦૧-રાષ્ટ્રીયધોરી માર્ગ<br>૩૩૭-માર્ગ કામો<br>રૂ.૬,૧૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨(ભાગ-૧)<br>પાનાનં. ૨૩૦ અને ૨૩૧ | ૧૦૦ | તૂટેલાનેશનલ હાઇવેની સમયસર મરામત કરાવવામાં તંત્રનીનિષ્ફળતા. | ડૉ. તુષાર ચૌધરી |
| ૨૦ | --"-- | ૧૦૦ | નેશનલ હાઈવેના કામો સમયસર પૂર્ણ કરાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી ઈમરાન ખેડાવાલા |
| *૨૧ | --"-- | ૧૦૦ | નેશનલ હાઇવે પરના ટોલ કલેકશનની મુદત પૂરી થઇ ગઇ હોવા છતાં વડોદરા અને સુરતના રોડ ઉપર વસૂલાતા ટોલને દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શૈલેષ પરમાર |
| *૨૨ | --"-- | ૧૦૦ | અમદાવાદ-રાજકોટ હાઇવે પરના સાંકડા અને તૂટેલાડાયવર્ઝનની સત્વરે મરામત કરાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા |
| ૨૩ | ૫૦૫૪-માર્ગ..જોગવાઇ<br>૦૩-રાજ્યધોરી માર્ગ<br>૧૦૧-પુલો<br>રૂ.૩,૮૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ-૧)<br>પાનાનં. ૨૩૨ અને ૨૩૩ | ૧૦૦ | વર્ષો જૂના પુલોનો સર્વે કરી તેની મરામત અથવા તો નવા પુલો સત્વરે બનાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| *૨૪ | ૫૦૫૪-માર્ગ..જોગવાઇ<br>૦૩-રાજ્યધોરી માર્ગ<br>૧૦૧-પુલો<br>રૂ.૩,૮૫,૦૦,૦૦,૦૦૦ | ૧૦૦ | નવા પૂલો બનાવ્યા પછી થોડા જ સમયમાં તૂટી જાય છે આ માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૨૨ (ભાગ-૧)<br>પાનાનં. ૨૩૨ અને ૨૩૩ | | | |
| **૨૫** | **--"--** | ૧૦૦ | બે ગામોને જોડતા નાના પૂલો વારંવાર તુટી જાય છે જેનો કાયમીરાહે ઉકેલ લાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| ***૨૬** | **--"--** | ૧૦૦ | નવા પૂલ કે પૂલોના મરામત પછી પૂલોની મજબૂતાઇ અંગે સ્થળ તપાસમાં થતી ગેરરીતિને કારણે હોનારત સમયે ભોગ બનેલાને સહાય આપવાની જાહેરાતો છતાં ન્યાય આપવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| **૨૭** | **--"--** | ૧૦૦ | પૂલોની મરામતમાં નબળી ગુણવત્તાનો માલસામાન વાપરનાર કોન્ટ્રાકટરો સામે પગલા લેવામાં તંત્રનીનિષ્ફળતા. | ડૉ. સી.જે.ચાવડા |
| | | **માગણીનં.૮૭** | | |
| ***૨૮** | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૧-રાજ્ય..વિકાસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૦,૧૯,૨૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૨ (ભાગ-૧)<br>પાનાનં. ૪૧ થી ૪૩ | ૧૦૦ | સેકટરોની પૂછપરછ કચેરીને સુવિધા કેન્દ્ર બનાવીને સેવાનું ખાનગીકરણ કર્યા બાદ પણ જરૂરી સેવાઓ પૂરી પાડવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |

***** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

ડો. સી.જે.ચાવડા**(**વિજાપુર**)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સહકાર, માર્ગ, મકાન અને પાટનગર યોજનાની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ, વિઠ્ઠલભાઇ પટેલ, ડો. કુરિયન અને એવા અનેક લોકોનાં નામ લઇ શકાય કે જેમણે ગુજરાતમાં સહકારી ક્ષેત્રનો પાયો નાંખ્યો હતો. રવિશંકર મહારાજ, ઇન્દુલાલ યાજ્ઞિક જેવા મૂક સેવકો અને મૂક નેતાઓએ પણ આ સહકારી ક્ષેત્રને આગળ વધાર્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, શ્વેતક્રાંતિ આવી જિલ્લે જિલ્લે ડેરીઓ સ્થપાય, ગામે ગામ દૂધ ઉત્પાદક મંડળીઓ સ્થપાય, જિલ્લે જિલ્લે ખેડૂતો માટે જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો સ્થપાય, ખેડૂત વધુ ઉત્પાદન મેળવી શકે એ માટે જિલ્લા મથકોએ જમીન વિકાસ બેંકો સ્થપાય આ બધું કોના રાજમાં થયું, ક્યારે થયું એમાં હું પડવા માગતો નથી, બધા જાણે છે, પણ સહકારી ક્ષેત્ર એ રાજકારણથી અલિપ્ત રાખવાનો વિષય છે. તમામ રાજકીય, સામાજિક અને તમામ જાગૃત નાગરિકો એકત્રિત થઇ સહકાર દ્વારા ગુજરાતની જનતાની સેવા કરે અને ગુજરાતની જનતાની સમૃદ્ધિ ઇચ્છે એ સહકારી ક્ષેત્રનો મૂળભૂત આશય છે એ આશયને આપણે ક્યાં લઇ ગયા છીએ એનું મૂલ્યાંકન આપણે બધાએ કરવાની જરૂર છે. હું કહેવા માગતો નથી કે, ક્યાં ગયું, કયાં પહોંચ્યું, શું છે અને શું નથી એમાં પડવા માગતો નથી, પણ એનું મૂલ્યાંકન કરવાની જરૂર છે અને સમગ્ર દેશ અને વિશ્વમાં ગુજરાતનું સહકારી માળખું વધુને વધુ સુદૃઢ બને એવા પ્રયત્નો કરવા જોઇએ એમાં એક ઊણપ આવી છે. વિશેષ વાત કરવા માગતો નથી. આ ક્ષેત્ર વિશે આપણે અગાઉ ઘણી ચર્ચાઓ થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક મારો મુદ્દો પાટનગર યોજનાનો છે. ગાંધીજીના નામ ઉપરથી ગુજરાતની રાજધાની ગાંધીનગર બન્યું. ૮ ઊભા રસ્તા એક એક કિલોમીટરના અંતરે અને એક એક કિલોમીટર કે ત્રણ ત્રણ કિલોમીટરના અંતરે ૮ આડા રસ્તા આ રીતે સરસ આયોજનના કારણે આજે સમગ્ર દેશમાં આપણા રાજયનું પાટનગર ગાંધીનગર વખણાય છે. માનનીય અધ્યક્ષશ્રી, સચિવાલય બન્યા, બહુમાળી મકાનો બન્યા, ગુજરાત રાજયની તમામ હેડ ઓફિસો આપણે ગાંધીનગર ખાતે લાવ્યા અને ગાંધીનગર ગુજરાતનું હૃદય છે એ આપણે કરી બતાવ્યું. હવે એ પાટનગરમાં જે લીલી હરિયાળી હતી અને ભાવનગર જિલ્લા પછી ગુજરાતમાં ગાંધીનગર જિલ્લો લીલુંછમ ગાંધીનગર જે હતું એમાં કયાંકને ક્યાંક ઊણપ આવી છે. આઝાદીનાં ૭૫ વર્ષે આપણે અમૃતકાળ ઊજવી રહ્યા છીએ, તો વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર ફરીથી ગાંધીનગરમાં થાય અને અગાઉ જે ગાંધીનગર આપણે જોતા હતા એવું ફરીથી જોવા મળે એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાનની વાત કરું તો દરેક રાજયએ પોતાના વિકાસ માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરવું જોઇએ અને દરેક સરકારો શરૂઆતથી આજ દિન સુધી એ કામ કરતી આવી છે. કેટલીક બાબતો તરફ માનનીય મંત્રીશ્રીનું હું ધ્યાન દોરવા માગું છું. ગુજરાતના વિકાસના પાયારૂપ રસ્તાઓ છે એ આપણે ઝડપથી પૂરા કરવા જોઇએ. જેમ કે અમદાવાદથી રાજકોટ હાઇવે છે એ વર્ષ ૨૦૨૦માં પૂર્ણ થશે એમ આપે વિધાનસભામાં કહ્યું હતું. આજ દિન સુધી હજુ ૭૦ ટકા જેટલું જ કામ થયું છે અને હજુ ત્રણ-ચાર વર્ષ લાગે એમ છે એને કારણે આખો વિસ્તાર ખૂબ પરેશાન છે. અમારા વીરપુર-ઇકબાલ ગઢ વિસ્તારમાં એક પુલ બને છે એનું ૧૪ વર્ષથી કામ ચાલુ છે. કેટલાક પુલ બન્યા પણ ખરા, પાછા તૂટી ગયા અને પાછા નવેસરથી બનવાના ચાલુ થયા. આ ૧૪ વર્ષમાં પણ આ આદિજાતિ વિસ્તારમાં એક પુલ બની રહ્યો છે એ પૂર્ણ થતો

નથી. એમ.એલ.એ. ગ્રાન્ટમાંથી જે પ્રધાનમંત્રી સડક યોજના કે મુખ્યમંત્રી સડક યોજના આપણે બનાવીએ છીએ. મંજૂરી અપાય છે, રૂપિયા ૨૦ કરોડના રોડ ધારાસભ્યના વિસ્તારમાં થાય એના માટેની મંજૂરીઓ મળે છે. મહેસાણા જિલ્લાનો મેં હમણા એક પ્રશ્ન પૂછ્યો હતો કે કેટલા રોડ બાકી છે? મંજૂર થયા પછી કામ જ ચાલુ ન થયા હોય એવા ૫૧ જેટલા રોડ અને એમાં મારા વિસ્તાર વિજાપુરમાં ૧૪ જેટલા રોડ એવા છે કે જેના કામ જ ચાલુ થયા નથી કે જે બે વર્ષ પહેલા કે ત્રણ વર્ષ પહેલા મંજૂર થયા હોય. તો આ ગામડાંના વિસ્તારના લોકોને જે સુવિધા આપવાની છે તે રોડ તાત્કાલિક શરૂ થવા જોઇએ. કોન્ટ્રાકટરોએ જયારે રોડ મંજૂર થઇ અને કામ શરૂ કર્યાં અને પછી બંધ થઇ જાય. ઇલેકશન પહેલાં તો કામ ધમધમાવીને પાછાં શરૂ થઇ ગયાં હતાં, પણ પછી ફરી પાછાં બંધ થઇ ગયા તો એ તાત્કાલિક શરૂ થાય એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ઘણી બધી વાતો કરીએ છીએ કે ડેવલપમેન્ટ, ડેવલપમેન્ટ, ડેવલપમેન્ટ. આ રાજયમાં અને આ દેશમાં નેશનલ હાઇવે બન્યા, નેશનલ હાઇવે બન્યા પછી સ્ટેટ હાઇવે બન્યા, સ્ટેટ હાઇવે બન્યા પછી જિલ્લા મથકોને જોડતા ડિસ્ટ્રિકટ રોડ બન્યા, ડિસ્ટ્રિક્ટોને પાટનગર સાથે જોડતા રોડ બન્યા, સ્ટેટ હાઇવે બન્યા. જિલ્લાઓને તાલુકા સાથે જોડતા રોડ બન્યા, તાલુકાઓને ગામડાં સાથે જોડતા રોડ બન્યા. આ બધું ઇન્ફ્રાસ્ટ્રકચર કયારે શરૂ થયું, કયારે પૂર્ણ થયું, કયા સમયમાં થયું હતું, કોણે બનાવ્યા, આ બધી માહિતી આપણે બધા જાણીએ છીએ, પણ નવા આવેલા કેટલાક ધારાસભ્યોને ધ્યાને મૂકવું જરૂરી છે, એટલા માટે કે ૬૫ જેટલા સ્ટેટ હાઇવે જયાં સુધી કોંગ્રેસનું શાસન રહ્યું ત્યાં સુધી આ રાજયમાં બન્યા હતા. આ સરકારે ભલે તે રોડને પહોળા કર્યા હશે, તે રોડને જેમ આપણે માથામાં વાળ કાળા કરીએ છીએ તેમ તેને ફરીથી ડામર કર્યો હશે એ બધું થયું હશે, પણ જમીન સંપાદન કલમ-૪નું જાહેરનામુ બહાર પાડી અને જમીન સંપાદનથી માંડી અને સ્ટેટ હાઇવે સો કિલોમીટરનો બનાવ્યો હોય, એવો એક સ્ટેટ હાઇવે જો બનાવ્યો હોય તો માનનીય મંત્રીશ્રી જાહેર કરે. આ ૩૦ વર્ષના શાસનમાં બનાવ્યો હોય કે આ જગ્યાએથી આ જગ્યાએ કલમ-૪થી જાહેરનામુ બહાર પાડી અને અમે સ્ટેટ હાઇવે બનાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કામ થતું રહે પણ કહેવાનો મતલબ એ છે કે, તમે જયારે ઊભા થાવ છો, બોલો છો, રાજયની વાત કરો છો, ત્યારે પેલાએ આમ નહોતું કર્યું અને અમે કરી નાંખ્યુ એમાં ન પડવું જોઇએ અને જે કામ જયાંથી અટકયું છે ત્યાંથી આગળ થવું જોઇએ. આજે હું ટી.વી.માં જોતો હતો ડામરના રોડને આમ હાથથી ઊખેડી શકાય. સુખડી રોડ. મેં કહ્યું હતું આ સરકારે સુખડી રોડ બનાવ્યા છે. એક વર્ષ પહેલાં ડામર રોડ બન્યો હોય એ ડામર રોડ તૂટી જાય, છ મહિના પહેલાં પુલ બન્યા હોય એ પુલ તૂટી જાય આ કયા પ્રકારની કામગીરી? આની શું તપાસ થાય છે? આપણે એમ કહીએ કે પગલાં લેવામાં આવ્યાં છે અને તેને બ્લેક લિસ્ટમાં મૂકી દેવામાં આવ્યા છે. બ્લેક લિસ્ટમાં મૂકો એટલે ફરીથી નામ બદલી અને ફરીથી કામ ચાલુ કરે એટલે સરકાર જે પ્રમાણે પૈસા ખર્ચે છે તેનો સદુપયોગ થાય અને પ્રજાના હિત સુધી વપરાય તે જોવા મારી વિનંતી છે.

**( સભાપતિશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને )**

શ્રી મહેશ કસવાલા**(**સાવરકુંડલા):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વતી માનનીય જગદીશભાઇ વિશ્વકર્મા માર્ગ અને મકાન વિભાગ માટે માગણી ક્રમાંક-૮૫ અને ૮૬ લઇને ગૃહમાં ઉપસ્થિત થયા છે તે માગણીને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ એ રાજયની આંતર માળખાકીય સુવિધાઓને વિકાસ કરતો ઘણો જ અગત્યનો ભાગ છે, રાજયની પ્રગતિનું ધોતક છે. ગુજરાત રાજયને એક્સપ્રેસ વે, રાષ્ટ્રીય ધોરી માર્ગ, રાજય ધોરી માર્ગ, મુખ્ય જિલ્લા માર્ગ, અન્ય જિલ્લા માર્ગ, ગ્રામ્ય માર્ગોનું છ માર્ગીય, ચાર માર્ગીય, દસ મીટર પહોળા દ્વિમાર્ગીય, સાડા પાંચ મીટર પહોળા અને સીંગલ લેનના રોડનું નેટવર્ક ૧,૨૩,૯૮૨ કિલોમીટર અંદાજે ૧ લાખ અને ૨૪ હજાર કિલોમીટરનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આખાય દેશની અંદર તમામ રાજયો વિસ્તારની દષ્ટિએ જોઇએ તો ગુજરાતનું નેટવર્ક, ગુજરાતની અંદર રોડનું જે નેટવર્ક છે તે દેશની અંદર ત્રીજા નંબરનું નેટવર્ક છે અને તેનો દરેક ગુજરાતીને ગર્વ હોવો જોઇએ. તત્કાલીન મુખ્યમંત્રી વિઝનરી અને આજના પ્રધાન મંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી દ્વારા પ્રવાસન સ્થળોને જોડતાં રસ્તાઓ માટે પ્રવાસીપથ, રાજયના એક છેડેથી બીજા છેડે છથી આઠ કલાકમાં જઇ શકાય તેવા પ્રગતિપથ, ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો દ્વારા ઉત્પાદિત શાકભાજી, ફળ, દૂધ વગેરેને નજીકના માર્કેટિંગ સેન્ટર સુધી ઝડપથી વહન કરવા માટે કિસાનપથ યોજના, લાંબા અંતરના મુસાફરી શહેરોમાં જવા માટે સલામત રીતે ઝડપથી પસાર થવાય તે માટે વિકાસપથ યોજનાઓ, પરાઓનું જોડાણ વગેરે પ્રકારની વિવિધ યોજનાઓ અમલમાં લાવી રાજયના ગ્રામ્ય, શહેરી, ઔદ્યોગિક રીતે તમામ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે સમયબદ્ધ અમલીકરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદના તમામ મુખ્યમંત્રીશ્રીઓએ વિભાગને પૂરતું બજેટ ફાળવેલ છે. રાજયના ભારે ટ્રાફિકવાળા જંકશન ઉપર ૯ સ્થળોએ ફ્લાયઓવરનું બાંધકામ પ્રગતિમાં છે. રેલ્વે ફાટક ઉપર ટ્રાફિક જામ નિવારવા ફાટકમુકત ગુજરાતની પરિકલ્પનાને સાકાર કરવા છેલ્લાં પાંચ વર્ષમાં ૩૩ રેલ્વે ઓવરબ્રિજનું બાંધકામ લગભગ રૂપિયા ૧૩૨૪.૫૭ કરોડના ખર્ચે પૂર્ણ થયેલ છે. રાજ્યમાંથી પસાર થતા ડી.એફ.સી. કોરિડોર અને અન્ય રેલવે ક્રૉસિંગ ઉપર રૂ.૩૦૭૦.૭૦ કરોડના ખર્ચે ૫૫ રેલ્વે ઓવરબ્રિજની કામગીરી પ્રગતિમાં છે. જ્યારે ૮૫ રેલ્વે ઓવરબ્રિજની કામગીરી રૂ.૪૧૧૭ કરોડની અંદાજિત કિંમતથી હવે પછી હાથ ધરવામાં આવશે. અનુસૂચિત જાતિના ગામો કે જે ગામોમાં ૨૫૦ કરતા વધારેની

સંખ્યામાં અનુસૂચિત જાતિના લોકો રહે છે, એવા ગામોને પણ વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૫૨૮.૧૨ કરોડની રકમ માર્ગોનાં કામ માટે ફાળવી હતી એ કામો પણ પ્રગતિ હેઠળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં ૧૬૦૦ કિ.મી. લાંબા દરિયાકિનારા પર વિકસાવવામાં આવેલ મોટા, મધ્યમ અને નાના બંદરોને નજીકના રાષ્ટ્રીય ધોરી માર્ગ સાથે ૧૦ મીટર પહોળા રસ્તાથી જોડવામાં આવ્યા છે. જેના કારણે આંતરખંડીય રાજ્યોની આયાત અને નિકાસ ગુજરાતના બંદર મારફતે સુગમ બની રહેલ છે. જી.આઇ.ડી.સી., એસ.આઇ.આર., એસ.ઇ.ઝેડ વગેરે જોડતા ૭૩ જેટલા રસ્તાઓને ૮૦૬ કિ.મી. લંબાઇની કામગીરી રૂ.૧૪૬૭ કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. ગામડામાંથી પસાર થતાં રસ્તાઓ પર મોટા ભાગે પાણી ભરાઇ જતા હતા. જેના કારણે ડામરના રસ્તા તૂટી જતા હતા. આવા પ્રકારના રસ્તાઓને સુવિધાપથ યોજના અંતર્ગત કૉંક્રિટના ટકાઉ રસ્તા બનાવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૪થી વર્ષ ૨૦૨૨ સુધીમાં ૨૮૨૮ કામોની ૧૪૪૧.૩૦ કિ.મી.ની લંબાઇ માટે રૂ.૧૧૬૪.૬૫ કરોડની મંજૂરી આપેલ છે. જે કામો મહદંશે પૂર્ણ થયેલ છે. મારો જિલ્લો અમરેલી હેઠળ છે. જેમાં ૭૧૩ કિ.મી. રાજ્ય સરકાર દ્વારા ધોરીમાર્ગ અને ૪૨૬ કિ.મી. મુખ્ય જિલ્લાના માર્ગોનો સમાવેશ થાય છે. અમરેલી જિલ્લાની ખાસ વાત કરું તો મારું એક સૂચન છે. અમારા રાજુલા તાલુકામાં પીપાવાવ બંદર આજે રાજ્યની પ્રગતિનું ધોતક બન્યું છે. જ્યારે આપણે રાજ્યની પ્રગતિનો ઉલ્લેખ કરીએ છીએ ત્યારે રાજ્યના પીપાવાવનો ઉલ્લેખ થાય છે. મારું સૂચન છે કે ગાંધીનગરથી પીપાવાવને ચાર માર્ગીય રસ્તાથી જોડવું જોઇએ. મહદઅંશે બે જગ્યાએ બાકી છે. હું એનો ઉલ્લેખ નથી કરતો, પણ બે જગ્યાએ ચારમાર્ગી રસ્તો નથી એને તાત્કાલિક જોડવામાં આવે તો પીપાવાવથી જતા ભારે ટ્રાફિકને ચારમાર્ગી રસ્તો મળે તો સુવિધામાં વધારો થાય. ઝડપથી ટ્રાન્સપોર્ટેશન થાય અને અકસ્માતની સંખ્યા પણ આપણે ઘટાડી શકીએ છીએ. મેં આંકડાઓની વાત કરી. હમણાં જ હું માનનીય સી.જે.ચાવડા સાહેબને સાંભળતો હતો. એમણે ગુજરાતના રોડ અને રસ્તા માટે કેટલીક વાતો કરી. માનનીય સી.જે.ચાવડા સાહેબ હું ગામડામાંથી આવું છું. ગામડામાં જન્મ લીધો છે. ગામડામાં મોટો થયો છું. મેં સન ૧૯૯૮ પહેલાંની ગામડાની સ્થિતિ જોઇ છે અને આજે ગાંધીનગર, વિધાનસભામાં બેઠો-બેઠો પણ હું જોઉં છું. આ જ વિધાનસભામાંથી ચારે બાજુ નજર નાંખીએ તો મને કહેતા આનંદ થાય છે કે ગાંધીનગરથી કચ્છ જવું હોય, ગાંધીનગરથી પોરબંદર, સોમનાથ, દ્વારકા જવું હોય, ગાંધીનગરથી ભાવનગર જવું હોય, ગાંધીનગરથી સુરત, મુંબઇ જવું હોય, ગાંધીનગરથી પાવાગઢ જવું હોય, ગાંધીનગરથી ઉદેપુર જવું હોય કે ગાંધીનગરથી આબુ જવું હોય તો છમાર્ગી રસ્તાઓ અને ચારમાર્ગી રસ્તાઓનું નેટવર્ક કોઇએ કર્યું હોય તો એ આ ૨૫ વર્ષની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. એ માનતા બધા જ હશે પણ સ્વીકારવું નથી. એ સ્વીકારવું પડે કે ૨૫ વર્ષ પહેલાં અહીં શું હતું અને આજની શું સ્થિતિ છે? જ્યારે માર્ગ અને મકાન મંત્રી આ માગણીઓ લઇને આપણી પાસે આવ્યા હોય ત્યારે કાપ દરખાસ્તની જરૂર નથી. હું અહીંયા બેઠેલા તમામ ધારાસભ્યોને જોતો હોઉં છું. મેં વર્ષો સુધી સંગઠનમાં કામ કર્યું છે. હું પ્રજાની વચ્ચે રહું છું. આપણે જોબ નંબર લેવા માનનીય મંત્રીશ્રીઓ પાસે જતા હોઇએ છીએ, માનનીય અધિકારીઓ પાસે જતા હોઇએ છીએ. ગામડાના લોકોની, તાલુકાના લોકોની, વિધાનસભાના લોકોની, કાર્યકર્તાઓની માગણી હોય છે કે ''આ રોડ બનવો જોઇએ, આજે જ બનવો જોઇએ, આ જ વર્ષમાં બનવો જોઇએ.'' ત્યારે કાપ દરખાસ્ત કેવી રીતે આવી શકે? પ્રતિપક્ષના માત્ર બે જ લોકો અહીં છે. અહીં સાંભળવા માટે બે લોકો છે એટલે એમનો આભાર માનું છું. એક બાજુ આપણે ૧૦૦ ટકા કાપ દરખાસ્ત લાવીએ છીએ અને બીજી બાજુ આપણે સરકાર પાસેથી જોબ નંબરની અને બજેટની અપેક્ષા રાખીએ છીએ. આ વિરોધાભાસ કઇ રીતે ચાલે? મારો કહેવાનો અર્થ એ છે કે જ્યારે રાજ્યની પ્રગતિ થતી હોય, રાજ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે દેશ અને દુનિયામાં અવ્વલ નંબરે હોય, ગુજરાતના ૧૯ હજાર ગામો તાલુકા અને જિલ્લા કક્ષા સાથે, રાજ્યના ધોરીમાર્ગ સાથે જોડાયા હોય અને હજુ પણ વધારે અપેક્ષા રાખતા હોય, ત્યારે રાજ્યના મુખ્યમંત્રીશ્રીના વિભાગની માનનીય જગદીશભાઈ માગણી લઈને આવ્યા હોય ત્યારે આપણે કાપ દરખાસ્ત કેવી રીતે મૂકી શકીએ? ભૂતકાળનો દાખલો આપું તો મોટાભાગના સભ્યો તેનાથી અવગત હશે. હું નાનો હતો, સાતમું-આઠમું ધોરણ ભણતો હતો ત્યારે અમારા ગામડામાં 'લોકમાન્ય' છાપું આવતું હતું. રાજકોટમાંથી નીકળેલું છાપું મારા ગામમાં સાત દિવસે આવતું હતું તેવા ઉત્તમ પ્રકારના રસ્તાઓ તે દિવસે હતા. ત્યારે હું છાપામાં વાંચતો હતો કે અમદાવાદથી રાજકોટની વચ્ચે આવતાં લીંબડીમાં જ્યાં ચોક છે ત્યાં બે-ત્રણ દિવસે એક્સિડંટ થાય અને નિર્દોષ લોકોનો ભોગ લેવાય. છાપામાં આવતું હતું કે લીંબડી ચોકમાં ભૂત થાય છે અને ત્રણ-ચાર દિવસે માનવનો ભોગ લે છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને રાજકોટ-અમદાવાદ રોડને સીધો કર્યો અને આજે ૨૦ વર્ષ થયાં ત્યાં એક પણ એક્સિડંટ થયું નથી. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે ભૂતોને ભગાડવાનું કામ કર્યું છે, રોડ-રસ્તા બનાવ્યા છે, સુવિધામાં વધારો કર્યો છે, મકાનો બનાવ્યા છે, બ્રિજ બનાવ્યા છે. ત્યાર પછીના અખબાર મેં જોયા, કોઈ દિવસ આ વિષય આવ્યો નથી કે ત્યાં ભૂત થાય છે. માનનીય ચાવડા સાહેબ, તમારા રાજમાં ભૂતો થતા હતા, તમારી સત્તામાં ભૂતો થતા હતા અને નિર્દોષ લોકોનો ભોગ લેવાતો હતો. ભારતીય જનતા પાર્ટીની સરકારે ગામડામાં જઈને આ કામ કર્યું છે. માનનીનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેને મારું સમર્થન છે.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુદાનની માગણી માટેના મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારિતા એ લોકશાહીનો પાયાનો સિદ્ધાંત છે. આપણા દેશના યશસ્વી વડાપ્રધાન સન્માનનીય શ્રી નરેન્દ્ર મોદીજી આ આત્મનિર્ભર ભારતના આત્મા છે. ભારત ગામડાઓનો બનેલો દેશ છે. ગુજરાતમાં પણ

ગ્રામ્ય સંસ્કૃતિ ધબકે છે. દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્ર મોદી સાહેબ સહકારિતાના માધ્યમથી ગામડાઓ સુધી શુદ્ધીકરણ કરી શક્યા છે. માનનીય નરેન્દ્ર મોદીએ ગુજરાત સરકારના ક્ષેત્રમાં ક્રાંતિની શરૂઆત કરી. માનનીય નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી ન હતા તે પહેલાં ગુજરાતનું સહકારી ક્ષેત્ર ડામાડોળ બનેલું હતું. શ્રીમાન નરેન્દ્ર મોદીએ આકરા નિર્ણયો સાથે સાથે પ્રોત્સાહન નીતિ બનાવીને માળખામાં નવા પ્રાણ પૂર્યા હતા, તે બદલ મોદી સાહેબનો આપણે આભાર માનીએ તેટલો ઓછો છે. આદરણીય નરેન્દ્ર મોદીએ કેન્દ્ર સરકારના ઈતિહાસમાં સૌ પ્રથમવાર સહકાર મંત્રાલયની શરૂઆત કરી, દેશને સહકાર થી સમૃદ્ધિનો મંત્ર આપ્યો તેના માટે પણ હું માનનીય નરેન્દ્ર મોદી સાહેબનો હૃદયપૂર્વક આભાર માનું છું. કેન્દ્ર સરકારના મંત્રાલયમાં આપણા સૌના પનોતા પુત્ર શ્રી અમિત શાહજી આજે દેશના સહકાર મંત્રીની જવાબદારી સંભાળી તે આપણા સૌ ગુજરાતીઓનું ગૌરવ છે. માનનીય અમિત શાહ કહે છે કે સહકારી ક્ષેત્ર એ દેશનું એકમાત્ર એવું ક્ષેત્ર છે કે જે કરોડો લોકોને પોષે છે અને એમના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાની સક્ષમતા પણ ધરાવે છે. દેશના યશસ્વી નરેન્દ્ર મોદી સાહેબે ખભેખભો મિલાવીને દેશના પ્રથમ સહકાર મંત્રીશ્રી અમિત શાહ સાહેબના સહકારથી સમૃદ્ધિની દિશામાં ભારતને લઈ જવાની યાત્રાના ' શ્રી ગણેશ' કર્યા. મારે ગર્વ સાથે કહેવું પડે કે ગુજરાતના મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઈ પટેલ અને સહકાર મંત્રી માનનીય જગદીશભાઈ વિશ્વકર્મા આ દિશામાં સતત મનન કરી રહ્યા છે. સહકારીત્ત્વના પાયામાં કિસાનો છે. જાડા ધાન્યો જેવા કે, બાજરી, નાગલી, રાગી, કોદરી, સાંબાના ઉત્પાદનમૂલ્યમાં વધારો થાય તે માટે સરકાર આતંરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ ૨૦૨૩ની ઊજવણી કરી રહી છે. માનનીય નરેન્દ્રભાઇ મોદીજી જાડા ધાન્યના ઉત્પાદનનો આગ્રહ અને તેના મૂલ્યવર્ધનનો પ્રયાસ અપનાવવાની દિશામાં કામ કરી રહ્યાં છે. ખેત ઉત્પાદનો લોકો સુધી પહોંચાડવા બજાર સમિતિ એક સેતુ તરીકે કામ કરે છે. મારે ગર્વ સાથે કહેવું છે કે, ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે છેલ્લાં પાંચ વર્ષથી બજાર સમિતિને સમૃદ્ધ કરવા વિશેષ યોજનાઓ અમલમાં મૂકી છે. સરકારે ' કિસાન કલ્પવૃક્ષ' યોજના હેઠળ બજાર સમિતિમાં ઓક્શનર, શેર, આંતરિક પાકા રસ્તા, માર્કેટ યાર્ડ, હાઉસિંગ, દીવાલ, કિસાનોની કેન્ટિન, ઓફિસ બિલ્ડિંગ, શોપ કમ ગોડાઉન જેવી વિવિધ માળખાકીય સુવિધાઓ ઊભી કરી છે. છેલ્લાં પાંચ વર્ષમાં ' કિસાન કલ્પવૃક્ષ' યોજના હેઠળ રૂ.૩૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ૧૮૯ બજાર સમિતિઓને રૂ.૧૧૬ કરોડ જેટલી સહાય ચૂકવવામાં આવી છે. રાજ્યના કિસાનોને આધુનિક પદ્ધતિ અપનાવી ખેતી કરવા ગોડાઉનો બનાવવા ભારતીય જનતા પાર્ટીની સરકાર સહાય કરી રહી છે. ગોડાઉનો બનાવવા રૂ.૫૦ લાખ સુધીની સહાય પણ મળતી હોય છે. મને કહેતાં આનંદ થાય છે કે, ટૅકનોલોજીના યુગમાં દેશના સહકારી ક્ષેત્રને પણ અપગ્રેડ કરવાની જરૂર છે. આ દિશામાં કેન્દ્રના સહકારમંત્રી માનનીય શ્રી અમિતભાઇ શાહ સતત પ્રયત્નશીલ છે. સહકારી ક્ષેત્રે આધુનિકીકરણ માટે ભારત સરકાર દ્વારા ૧લી ડિસેમ્બર ૨૦૨૨ના રોજ ' નેશનલ કો-ઓપરેટિવ ડેટાબેઝ ' પોર્ટલ લોન્ચ કરવામાં આવેલ છે. આ પોર્ટલ અંતર્ગત ગુજરાતની ૨૭,૨૫૩ મંડળીઓમાંથી ૨૭,૧૩૫ મંડળીઓની ડેટા એન્ટ્રી થઇ ગઇ છે. એટલે કે, ૯૯ ટકા કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે. દેશની મંડળીઓ ડિજિટલ બને એ માટે તમામ મંડળીઓને કોમ્પ્યુટર આપવાનો નિર્ણય કેન્દ્ર સરકારે કર્યો છે. માનનીય ડૉ.સી.જે.ચાવડા મારા મિત્ર છે. હું એમને કહું છું કે, આજથી ૨૨-૨૫ વર્ષ પહેલાં માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી થયા ત્યારે હું કૉંગ્રેસનો પ્રમુખ હતો. મારી ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક વીક બેંક હતી. શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ પક્ષાપક્ષીથી દૂર રહી ગુજરાતની સાત જેટલી બેંકો જે વીક હતી એને શેરફાળો આપીને બેંકોને તૂટતી અટકાવી. મને યાદ છે કે, શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ અને શ્રી અમિતભાઇ શાહજીએ સહકારમાં જે ક્રાંતિનું કામ કર્યું છે એ ચાવડાજી તમે સ્વીકારો કે ન સ્વીકારો પણ અમને વિશ્વાસ છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી ગુજરાતના પાટનગર બાંધકામ યોજના માટે જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ આઝાદીના અમૃતકાળમાં પ્રવેશ્યો છે. આઝાદીની લડતમાં ગુજરાત અને ગુજરાતીઓએ હંમેશા મહત્ત્વની ભૂમિકા અદા કરી છે. પૂજ્ય મહાત્મા ગાંધીજી અને ગુજરાતના લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલ સહિતના સ્વતંત્રતા સેનાનીઓએ દ્રઢ મનોબળ, જુસ્સો, ત્વરિત નિર્ણયશક્તિ, સક્ષમ નેતૃત્વ અને શહીદ વીરોના બલિદાનના પરિણામે આપણે આજે આઝાદ ભારતમાં શ્વાસ લઇ રહ્યા છીએ. હવે જયારે દેશના વિકાસ અને નવભારત નિર્માણની વાત છે ત્યારે ગુજરાત, દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બનીને ઊભરી આવી રહ્યું છે. આજે ગુજરાત વિકાસ ક્ષેત્રે દેશનું સારથી બન્યું છે. આજે ગુજરાત, દેશમાં દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યું છે, ત્યારે આ વેગવંતા ગુજરાતમાં એનું પાટનગર એટલે કે ગાંધીનગર પણ ખૂબ જ વિકાસ કરી રહ્યું છે. એક પાટનગરને શોભે તેવી તમામ જરૂરિયાતો, તેવી તમામ ફેસિલિટી અહીંયા ઊભી કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૦-૨૦૦૧માં પાટનગર વિભાગનું વાર્ષિક રૂપિયા ૧૭ કરોડનું બજેટ હતું, જે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂપિયા ૩૬૪.૩૩ કરોડ થયેલ હતું. વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં રૂપિયા ૩૬૦ કરોડની જોગવાઇ કરેલ છે. જે છેલ્લાં ૨૨ વર્ષમાં ૨૧ ગણાથી વધું વૃદ્ધિ થયેલ છે. ગાંધીનગર એ ગુજરાતનું પાટનગર છે. ગુજરાતનું સૌથી મોટું શહેર અમદાવાદ છે. આજે ગાંધીનગર અને ગુજરાત આ બંને સાઇડ એકબીજાને સ્પર્શી ગઇ છે ત્યારે ગાંધીનગર તથા અમદાવાદ શહેર ખાતે રૂપિયા ૨૫૧.૧૫ કરોડની અંદાજિત રકમના 'બી' તથા 'સી' કક્ષાના નવા ૮૯૨ આવાસોનું કામ પૂર્ણ કરેલ છે. મારી ગુજરાતની જનતાએ પોતાના ઘરના ઘરનું સ્વપ્ન જોયું હતું, તે સ્વપ્ન પૂરું કરવા માટેની ચિંતા છેલ્લા બે દાયકાથી અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર, ગુજરાત રાજ્ય સરકારે કરી છે અને એમનું સ્વપ્ન પરિપૂર્ણ કર્યું છે. ગાંધીનગર તથા અમદાવાદ ખાતે રૂપિયા

૩૫૦ કરોડની અંદાજિત રકમના વિવિધ કક્ષાના નવા ૧૪૨૪ રહેણાક આવાસોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. અહીંયા હજી વાત અટકતી નથી. ગાંધીનગર તથા અમદાવાદ શહેર ખાતે રૂપિયા ૪૦૦ કરોડની અંદાજિત રકમના વિવિધ કક્ષાના નવા ૧૭૩૮ રહેણાક આવાસોનું કામ હાથ ધરવાનું આયોજન છે. ગાંધીનગર ખાતે અદ્યતન સુવિધાયુક્ત ટાઉન હોલના આધુનિકીકરણનું અંદાજિત રકમ રૂપિયા ૧૭.૧૨ કરોડનું કામ પ્રગતિ હેઠળ છે. રાજભવન ખાતેના અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓ માટે રૂપિયા ૪૮.૪ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાયુક્ત રહેણાંક આવાસોનું નિર્માણ પ્રગતિ હેઠળ છે. રાજભવન ખાતે રૂપિયા ૨૯.૭ કરોડના ખર્ચે અદ્યતન સુવિધાયુક્ત બેન્કેટ હોલ અને ગેસ્ટ હાઉસનું કામ પ્રગતિ હેઠળ છે. ગાંધીનગર ખાતે માનનીય ધારાસભ્યશ્રીઓ માટે નવીન સદસ્ય નિવાસના બાંધકામનું રૂપિયા ૨૪૭ કરોડની અંદાજિત રકમનું કામ પ્રગતિ હેઠળ છે. આ બજેટમાં ફરીથી રૂપિયા ૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. નવા સદસ્ય નિવાસ કેમ્પસમાં કુલ ૯ માળના ૧૨ ટાવર બનાવવાનું આયોજન છે. જેમાં કુલ ૨૧૬ આવાસ બનશે. ઉપરાંત આ કેમ્પસમાં ગાર્ડન, ૩૦૦ વ્યકિતઓની ક્ષમતા ધરાવતો ઓડિટોરિયમ હોલ, સ્વિમિંગ-પુલ, જીમ તથા ડાયનિંગ હોલ જેવી આધુનિક સુવિધાઓ કે જેનું આજના સમયની જરૂરિયાતોને ધ્યાનમાં લઇ આયોજન કરવામાં આવેલ છે, જેનું કામ આશરે ૨ વર્ષમાં પૂર્ણ થવાનું આયોજન છે. ગાંધીનગર ખાતે ભૂગર્ભ ગટરનું નવીનીકરણનું અંદાજિત રકમ રૂપિયા ૨૨૫ કરોડનું કામ પ્રગતિ હેઠળ છે. ગાંધીનગર-કોબા એરપોર્ટ રોડ, રાજસ્થાન સર્કલ ઉપર રૂપિયા ૧૩૬ કરોડના ખર્ચે બ્રિજ તેમજ રક્ષા શક્તિ સર્કલ ઉપર રૂપિયા ૫૦ કરોડના ખર્ચે ફ્લાય ઓવરબ્રિજનાં કામો પૂર્ણતાનાં આરે છે. એક સરવે પ્રમાણે ગાંધીનગર અને અમદાવાદ શહેરમાં દૈનિક ૯૯ હજાર લોકોની અવર-જવર થાય છે ત્યારે આ ફલાય ઓવરબ્રિજનું કામ જયારે પૂર્ણ થશે ત્યારે અકસ્માત દૂર કરીને સાવચેતી વધારવામાં આશીર્વાદરૂપ થશે. અડાલજ ખાતે અડાલજ ફલોવર લીવ વચ્ચેની જગ્યામાં રૂપિયા ૧૭.૯૩ કરોડની અંદાજિત રકમનું લેન્ડ સ્કેપિંગ તથા ગાર્ડન ડેવલપમેન્ટ થયેલ છે. ગાંધીનગર ખાતે ડૉ. જીવરાજ મહેતા ભવન રિ-ડેવલપમેન્ટ અંતર્ગત સરકારી કચેરીઓ માટે રૂપિયા ૧૦૦ કરોડની અંદાજિત રકમના બે નવા બ્લોકનું બાંધકામ હાથ ધરવામાં આવશે. અમદાવાદમાં સાબરમતી ખાતે સરકારી કચેરીઓ માટે રૂપિયા ૯૧ કરોડની અંદાજિત રકમનું કચેરી બિલ્ડિંગનું બાંધકામ હાથ ધરવામાં આવશે. ગાંધીનગર એક સરકારી કર્મચારીઓની નગરી છે ત્યારે ગાંધીનગર ખાતે સરકારી કર્મચારીઓને રહેવા માટે અદ્યતન એવા બહુમાળી આવાસોનું નિર્માણ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. જેની એક ઝાંખી હું અહીયાં રજૂ કરું છું. સેકટર-૨૯માં શ્યામજી કૃષ્ણ વર્મા પાર્કમાં ૩૩૬ આવાસો બનાવવામાં આવ્યા છે. સેકટર-૨૯માં વંદે માતરમ્ પાર્ક ૧ અને ૨માં ૪૪૬ આવાસો બનાવવામાં આવ્યા છે. સેકટર-૩૦માં વીર સાવરકર નગરના ૩૩૬ આવાસો બનાવવામાં આવ્યા છે. સેકટર-૬ ડીમાં ભગતસિંહનગરમાં ૫૬૦ આવાસો બનાવવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ માનનીય ધારાસભ્યશ્રી ડો. સી. જે. ચાવડાએ જે સૂચન કર્યું, એ સૂચનમાં હું પણ મારો સૂર પૂરાવું છું. ગાંધીનગરને ફક્ત એક પાટનગર નહીં, પણ ગ્રીન સિટી તરીકે ઓળખવામાં આવે છે, પણ હંમેશા એક સિક્કાની બે બાજુ હોય છે. ગાંધીનગર પહેલા એક ગામડું કે ખેતર કહેવાતું હતું. આજે એની ગણના એક સ્માર્ટ સિટીમાં કરવામાં આવે છે. જયારે વિકાસ કરવામાં આવે ત્યારે જરૂરી વૃક્ષોને કાપવા પડે છે, પણ આજે ગાંધીનગરના હોદ્દેદારો અને ગાંધીનગરની જનતા આ ગ્રીન સિટીને ફરીથી ગ્રીન સિટી બનાવવા માટે ચિંતિત છે. હોદ્દેદારોની સાથે અમુક સંસ્થાઓ પણ એમાં જોડાઇ છે. આગામી દિવસોમાં ફરીથી આ ગાંધીનગરને ગ્રીન સિટીનું બિરુદ મળે એ દિશામાં અમે કાર્યરત છીએ. થેન્ક યુ.

શ્રી જગદીશ વિશ્વકર્મા (રા.ક.ના સહકાર તથા માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૩ માર્ચ એટલે કે ભારતના ઇતિહાસમાં આઝાદીની લડતમાં પોતાનું જીવન સમર્પિત કરનાર ક્રાંતિવીરોનો દિવસ છે. વીર શહીદ ભગતસિંહ, શહીદ સુખદેવજી, શહીદ શિવરામ, શહીદ રાજગુરુજીને આજે આપણે ગૃહના માધ્યમથી યાદ કરીને શ્રદ્ધાંજિલ આપીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ સમક્ષ ૨૦૨૩-૨૪ના વર્ષની સહકાર વિભાગની રૂપિયા ૧,૬૯,૧૪૭ લાખની જે માગણી લઇને ઉપસ્થિત થયો છું, તેમાં તમામ સભ્યશ્રીઓને જે ભાગ લીધો છે, તેમને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીનાં ૭૫ વર્ષની જયારે ઉજવણી ચાલી રહી છે, ત્યારે હું ચોક્કસથી એક વાત કહીશ કે છેવાડાના માનવીનું કલ્યાણ. કોઇપણ ધર્મ, કોઇપણ જાતિ, કોઇપણ ગામ હોય. એ સાગરખેડુ હોય, આદિવાસી હોય, પશુપાલક હોય કે કોઇપણ ભાઇ હોય. એમનો સર્વાંગી વિકાસ કરવાની અમારી કેન્દ્ર સરકારની અને રાજય સરકારની નેમ રહી છે. જે રીતે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર ખભેથી ખભા મિલાવીને પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી રહેલ છે, ત્યારે સહકારિતા અને સહકારી પ્રવૃત્તિનું નેટવર્ક એ રાજયના છેવાડાના ગામ સુધી અને છેવાડાના વ્યક્તિ સુધી પહોંચે એવું રહ્યું છે. હું એટલું ચોક્કસ કહીશ કે ગુજરાતની સહકારિતાની પ્રવૃત્તિના પાયામાં સરદાર વલ્લભભાઇ પટેલ, જે હમણાં માનનીય સી. જે. ચાવડાજીએ કહ્યું. એ ચોક્કસ સરદાર વલ્લભભાઇ પટેલનું વિઝન રહ્યું છે. આ વિઝનને માનનીય ત્રિભોવનકાકા, માનનીય માનસિંહભાઇ પટેલ હોય, માનનીય ત્રિભોવનકાકા હોય, માનનીય ગલબાભાઇ ચૌધરી જેવા સહકારી આગેવાનોએ એને મિશન બનાવ્યું હતું. તેના પરિણામ સ્વરૂપે ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું આ મોડેલ સમગ્ર દેશમાં દીવાદાંડીરૂપ બન્યું છે. દેશના પ્રથમ ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઇ પટેલે જે રીતે પોતાના અથાગ પ્રયત્નો થકી જેમ દેશને એકતાના તાંતણે બાંધ્યો હતો. તે જ રીતે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજીના એ વિશ્વાસને સાચા અર્થમાં ચરિતાર્થ કરવા માટે હાલના ગૃહપ્રધાન અને

ભારતના પ્રથમ સહકારિતા મંત્રી અમિતભાઇ શાહ આ સહકારી પ્રવૃત્તિના વિકાસના રથને જે રીતે અર્જુનના રથને કૃષ્ણએ હંકાર્યો હતો, એ રીતે આખા દેશનું સહકારિતા માળખું હંકારવાનું શ્રેય કોઇને જાય તો એ શ્રી અમિતભાઇ શાહને જાય છે. આ ઐતિહાસિક પગલું આવનારી પેઢી સુધી આપણને યાદ રહેશે. આવનારા ભવિષ્યને અને સહકારિતાના ભવિષ્યને સુયોજિત કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જયારે જાણીએ છીએ કે આપણા ભવ્ય વારસાની અદભૂત કલ્પના એટલે રામરાજ્ય અને આપણા બંધારણનો ઉદ્દેશ એટલે સ્વરાજ અને કલ્યાણ રાજ્યની સ્થાપના માટે કટિબદ્ધ છીએ. અમારી ભારતીય જનતા પાર્ટીના રાહબર એવા પંડિત દીનદયાળજી કે જેમના નામમાં જ ભારતીય જનતા પાર્ટીનો ઉદ્દેશ સમાયેલો છે. દીન એટલે કે જરૂરતમંદ પરિવારોનું કલ્યાણ. એ દિશામાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વની ટીમ સતત પ્રયત્નશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે સહકારી પ્રવૃત્તિની તાકાતને સાચા અર્થમાં પીછાણીને પરિણામ સ્વરૂપે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કેન્દ્ર સ્તરે જે સહકારિતા મંત્રાલયની સ્થાપના કરી અને એની ધૂરા જે માનનીય અમીતભાઇ શાહને સોંપવામાં આવી છે એ અકલ્પનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની એક નીતિ રહી છે. જેમાં ફાર્મર ફર્સ્ટ. આઝાદીના ઇતિહાસમાં સૌપ્રથમવાર સહકારિતા મંત્રાલય જે સ્થાપ્યું છે, એ આગામી દિવસોમાં આખા દેશમાં અને વિશ્વમાં સહકારિતાનું એક મોડલ બનશે. સહકારી નીતિ હોય, સહકારી યુનિવર્સિટી હોય કે પેક્સ કોમ્પ્યુટરાઇઝ કે નેશનલ કો-ઓપરેટીવ ડેટાબેઝ પોર્ટલ એ આગામી દિવસોમાં કેન્દ્ર સરકાર જયારે ઊભા કરવા જઇ રહ્યું છે અને આ જ બાબતો સહકારિતાને મજબૂત કરવાની છે. આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત બનાવવા માટે પ્રયત્નશીલ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને અમારા તમામ કર્મયોગીઓની શ્રી ભૂપેન્દ્રભાઇની આખી ટીમ આ દિશામાં આગળ વધી રહી છે. આ બજેટની અંદર જે જોગવાઇઓનો શ્રેષ્ઠ અમલ કરવામાં આવ્યો છે તેના માટે માનનીય કનુભાઇ સાહેબને પણ ખૂબ ખૂબ શુભ કામનાઓ પાઠવું છું. સહકારી પ્રવૃત્તિ એટલે એવું કહેવાય કે ડબલિંગ ફોર ફેમિલી ઇન્કમ, જે તે વખતે ગાંધીજી હોય કે સરદાર વલ્લભભાઇ પટેલ હોય, એ ગામડાં સમૃદ્ધ બને એના માટે આ સહકારી પ્રવૃત્તિ શરૂ થઇ હતી. એવું કહેવાય કે આ પ્રવૃત્તિ સાથે માત્ર પુરુષ નહીં પણ પરુષની સાથે મહિલાઓ અને મહિલાઓ સાથે બેવડી આવક થાય તે માટે યુવાનોને જોડવાનું કામ પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આ સહકારિતાના માધ્યમથી કરી રહી છે. એટલા માટે હું કહું કે કદાચ અમારો એ મંત્ર સાર્થક થાય છે કે હર હાથ કો કામ, હર ખેત કો પાની. આ સાચા અર્થમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર, શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર ચરિતાર્થ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ડો. સી. જે. ચાવડાજીએ કહ્યું, વારંવાર કોંગ્રેસના મિત્રો પણ કહે છે કે આ સહકરી સંસ્થાઓ અમે સ્થાપી. સહકારી સંસ્થાઓ ચોક્કસ સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબનો વિચાર હતો. આપણા વડવાઓનો વિચાર હતો, જે ગુજરાતની ધરામાં જન્મ્યા હતા એ તમામનો વિચાર હતો. પણ ડો. સી. જે.ચાવડાજી, માત્ર સહકારી સંસ્થાઓ સ્થાપવાથી કામ થતું નથી. આ સહકારિતા સ્થાપ્યા પછી એના સાચા અર્થમાં વિકાસ કોઇએ કર્યો હોય, તો એ વિકાસ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સુદઢ બન્યો છે. આગળ હમણાં આંકડા આપું છું. પહેલાના જમાનામાં રાજા મહારાજાઓ મંદિરો બનાવતા હતા, તીર્થધામો બનાવતા હતા. તેને તોડવાનું કામ કોઇએ કર્યું હોય તો આ મોગલ સામ્રાજયની અંદર સૌથી વધારે આ ધાર્મિક સંસ્થાનો તૂટ્યા હતા. કાલે જ ભારતીય જનતા પાર્ટીની સરકારે બધા જ મંદિરોનો જીર્ણોદ્ધાર કરવાની નેમ લીધી છે અને આખા દેશના તમામ હિન્દુ ધાર્મિક સંસ્થાનો, તમામ ધાર્મિક સ્થળોનો જીર્ણોદ્ધાર થશે. કાલે જ કાશ્મીરના કુપવાડામાં આવેલ શારદા દેવીના મંદિરમાં, શારદાપીઠમાં માનનીય અમીતભાઇ સાહેબે ફરીથી જીર્ણોદ્ધાર કરીને લોકાર્પણ કર્યું છે. તેવી જ રીતે તમારા સમયમાં બંધ પડેલી સહકારી સંસ્થાઓમાં જે લૂંટફાટ થતી હતી, એને ઊભું કરવાનું કામ એ માધુપૂરા બેંક હોય કે ગમે તે હોય એ બધાને બચાવવાનું કામ કર્યું હોય તો એ શ્રી અમિતભાઇ શાહે અને અમારી શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે કર્યું છે. સહકારી પ્રવૃત્તિની વાત કરું તો આજે લગભગ ૮૪ ટકા કરતા વધારે સહકારી સંસ્થાઓ ઉપર, રાજય સ્તરની હોય, જિલ્લા સ્તરની હોય, જિલ્લા દૂધ સંઘ હોય, જિલ્લા સહકારી સંઘ હોય, સુગર મંડળી હોય, એ.પી.એમ.સી. હોય, જિલ્લા ખરીદ વેચાણ સંઘ હોય એમાં ભારતીય જનતા પાર્ટીની વિચારધારાવાળા કાર્યકર્તાઓ આ સંસ્થાનું સંચાલન કરી રહ્યા છે. ૧૨ ટકા સંસ્થા એવી છે કે જયાં ઇલેક્શન બાકી છે અને ત્યાં પણ આવનારા દિવસોમાં ભગવો લહેરાશે, અને માત્ર ૩.૮ જેટલી સંસ્થાઓમાં વહીવટદારો છે. આ ખૂબ મોટી સિદ્ધિ છે. મારે આ ગૃહને આપના માધ્યમથી કહેવું છે કે જે સહકારિતા જે ટર્નઓવર કરી રહ્યું છે, આ ટર્નઓવર કંઇ એ વખતે નહોતું થતું, આ ટર્નઓવર અત્યારે થઇ રહ્યું છે. રાજયની અંદર લગભગ ૨૩ દૂધ સંઘો, રૂપિયા ૫૩ હજાર કરોડ કરતા વધારે ટર્નઓવર. આ આપણા ખેડૂતની મહિલાઓ, બહેનો અને દીકરીઓ જે ગાય દોવે છે તેનું રૂપિયા ૫૩ હજાર કરોડનું ટર્ન ઓવર અમૂલ દ્વારા થાય છે. જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો, સભાસદો ૧૪ લાખ ૫૫ હજાર. એ.પી.એમ.સી.માં ૧૪ હજાર કરોડનું રોકાણ, ૨૨૪ એ.પી.એમ.સી.ઓ બની. તાલુકે તાલુકે એ.પી.એમ.સી. બની. રૂપિયા ૩૫ હજાર કરોડનું ટર્ન ઓવર. ખાંડ અને અન્ય સહકારી મંડળીમાં ૧૫ જેવી સંસ્થાઓ અને લગભગ રૂપિયા ૪૫૦૦ કરોડ કરતા વધુનું ટર્ન ઓવર. મને કહેતા આનંદ થાય છે કે અમારા માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં સરકાર બન્યા બાદ માનનીય પ્રદેશ અધ્યક્ષજીએ સારા કાર્યકર્તાઓ, સારા વહીવટદારો આવે એટલે ભારતીય જનતા પાર્ટીએ મેન્ડેટ પ્રથા શરૂ કરી

અને લગભગ ૧૭૧ જેટલી સહકારી સંસ્થાઓમાં ભગવો લહેરાયો છે એ જ કહી આપે છે કે સહકારિતાનું માળખું કેટલું સુદ્રઢ અને સારું બન્યું છે. (અંતરાય) વિજાપુર અમારી જ બની છે ભાઇ. માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજયની અંદર ૮૫ હજાર કરતા વધુ સંસ્થાઓ સાથે સહકારિતાનું માળખું જયારે જોડાયું છે, ત્યારે લગભગ ૨ કરોડ ૩૧ લાખ જેટલા સભાસદો જયારે જોડાયા છે, ત્યારે એમ કહેવાય કે દર ચોથા ગુજરાતીએ એક ગુજરાતી સહકારિતા સાથે જોડાયેલો છે. માનનીય અધ્યક્ષશ્રી હું અમૂલની વાત કરું તો આપણી જે દૂધની પ્રોડક્ટ છે એ રૂપિયા ૧૨૦૦ કરોડ કરતા પણ વધારે અમૂલની પ્રોડક્ટો એક્સપોર્ટ થઇ રહી છે. એટલે નેશનલ એક્સપોર્ટ કો ઓપરેટીવ સોસાયટીની જે સ્થાપના કરવામાં આવી છે તેના દ્વારા ગુજરાતના ખેડૂતોની તમામ પ્રોડક્ટો એ આવનારા દિવસોમાં સહકારિતાના માધ્યમથી એક્સપોર્ટ પણ થશે. ફોર ધ ફાર્મર અને બાય ધ ફાર્મરનું કાર્ય સરકાર કરી રહી છે એ આગામી દિવસોમાં મને કહેતા આનંદ થાય છે કે નેશનલ કો-ઓપરેટીવ સોસાયટી ફોર ઓર્ગેનિક પ્રોડક્ટ એન્ડ નેશનલ લેવલ મલ્ટી સીડ્સ કો-ઓપરેટીવ સોસાયટીની પણ સ્થાપના કરવામાં આવી છે. જે દર્શાવે છે કે કેન્દ્ર સરકાર સહકારિતા મંત્રાલય થકી ફોર ધ ફાર્મર, ઓફ ધ ફાર્મર અને બાય ધ ફાર્મરની દિશામાં આગળ વધી રહી છે. સાથે સાથે કહું તો બનાસકાંઠા જિલ્લાના દૂધ સહકારી સંઘ એટલે બનાસ ડેરી દ્વારા કોઇ પણ જગ્યાએ સહકારિતાના માધ્યમથી કોઇ કોલેજ ચાલતી હોય તો એ બનાસ ડેરીની મેડિકલ કોલેજ ચાલી રહી છે. આ સાથે સાથે મારે ગૃહના સભ્યોને જણાવવું છે કે ઇડર ખાતે એક બાળગોપાળ બચત ધિરાણ મંડળી શરૂ કરી છે. ૦થી ૧૮ વર્ષનાં બાળકો એટલે કે લગભગ ૧૮,૦૦૦ પરિવારો જોડાયા છે. તેનું ભંડોળ રૂ. ૧૭ કરોડ કરતાં પણ વધારે છે. આના કારણે એવું થયું કે બાળકો પોતાનાં પોકેટમનીમાંથી બચત કરતાં થયાં, આડાઅવળા પૈસા ઓછા વાપરે અને સ્કૂલ અને કોલેજ જતાં બાળકો બચત કરે. મારા પોતાના પૈસા છે આ રીતની મંડળીઓ શરૂ થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સહકાર વિભાગ સંકલ્પિત કરે છે કે સહકાર વિભાગ પોતાની રુઢિગત પરંપરાઓ અને વિચારસરણીમાંથી બહાર આવીને ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા સભાસદોના હિતમાં મહત્તમ કાર્યો થશે. તેના ભાગરૂપે તમામ રાજ્યોની પેક્સ કમ્પ્યુટરાઇઝ થશે. નેશનલ કો-ઓપરેટીવ, ડેટાબેઝ પોર્ટલ, ઇ-કોઓપરેટીવ પોર્ટલ, સહકારી મંડળીનું ઓનલાઇન રજિસ્ટ્રેશન, નાણાં ધીરનારનું ઓનલાઇન રજિસ્ટ્રેશન, બોર્ડ ઓફ નોમિનીઝ, અપીલ કેસોનું ઓનલાઇન સ્ટેટસ આ બધા ઇનિશિયેટીવ રાજ્ય સરકારે લીધા છે. સાચા અર્થમાં ઇ-સરકાર ચાલી રહી છે. આને કહેવાય ડિજિટલ સરકાર. મને કહેતા આનંદ થાય છે કે કાલે જ માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલે ગૂગલ સાથે એમ.ઓ.યુ. કરેલ છે. આનાથી ૫૦,૦૦૦ કરતાં પણ વધારે લોકોને આપણે ટ્રેનિંગ આપવાના છીએ. આ બતાવે છે કે સાચા અર્થમાં ડિજિટલ સરકાર ચાલી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની સહકારી પ્રવૃત્તિ તમામ ક્ષેત્રમાં વિસ્તરેલ છે તેની વાત કરું તો નોકરિયાત કર્મચારીની સહકારી મંડળી હોય, પિયત મંડળી હોય, નાણાં ધીરનાર મંડળી હોય, દૂધ મંડળી હોય, સોલાર મંડળી હોય, મત્સ્ય ઉદ્યોગ મંડળી હોય, વૃક્ષારોપણ કરતી મંડળીઓ અને સાથે સાથે આગામી દિવસોમાં માનનીય ભૂપેન્દ્રભાઇના વડપણ હેઠળની ગુજરાત સરકાર ઇનોવેટિવ મંડળીઓ પણ નોંધવાની છે ત્યારે જે હયાત છે એવું કહેવાય કે ઢુંડી સૌર ઊર્જા ઉત્પાદક સહકારી મંડળી-આણંદ, ડીસા ટ્રક ઓપરેટર વાહન સહકારી મંડળી બનાસકાંઠા, ચામુંડા કોમ્પ્યુટર જોબવર્ક સેલ્સ એન્ડ સર્વીસ, આગામી દિવસોમાં યુવાનોને રોજગારી મળી રહે, પોતાનો વ્યવસાય કરી શકે એટલા માટે કમ્પ્યુટરાઇઝ મંડળીઓ પણ નોંધવામાં આવશે. નવભારત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ કો-ઓપરેટીવ સોસાયટી, ધી જય નર્મદ-બોટિંગ ચલાવનારા. સાગરમાં જે લોકો બોટ ચલાવતા હોય એની પણ એક મંડળી છે. ધી પ્રાણનાથ મલ્ટી મીડિયા પ્રોસેસિંગ કો-ઓપરેટીવ સોસાયટી, ગુજરાત મહિલા લોકસેવા સહકારી મંડળી, ઓટોરિક્ષાના ડ્રાઇવરોની મંડળી છે. શ્રી જામનગર માજી સૈનિક ટ્રાન્સપોર્ટ સહકારી મંડળી, ક્રિષ્ના અનુસૂચિત જાતિ ટ્રાક ડ્રાઇવર કો-ઓપરેટીવ સોસાયટી-ભાવનગર. આ બધી અલગ-અલગ પ્રકારની મંડળીઓ અને જે દિવસે સરકાર બેઠી. મારે ગૃહના સભ્યોને જણાવવું છે કે હજુ તો ૧૦૦ દિવસ હવે પૂરા થશે પણ ૧૦૦ દિવસની અંદર સરકારે સહકાર વિભાગની સિદ્ધિઓ કરી છે. એવું કહેવાય કે પાક ધિરાણ પર વ્યાજ સહાય તરીકે રાજ્યના ખેડૂતોને રૂ.૫૯૧ કરોડની ચૂકવણી કરી. રૂ.૫૬૬ કરોડની વ્યાજ સહાયની દરખાસ્તો મળી ગઇ છે. આગામી સમયમાં ૧૦૦ દિવસ પૂરા થતા એ પણ થઇ જશે. આગામી નાણાકીય વર્ષમાં ખેડૂતોને રૂ.૧૦૦૦ કરોડની વ્યાજ સહાય ચૂકવવાની યોજના સંપૂર્ણ રીતે અમલમાં આવી છે. સાથે સાથે એવું કહીશ કે વિશેષ રકમ ચૂકવવાનું આયોજન છે તેમાં ફાર્મર ફર્સ્ટની નીતિ રાજ્ય સરકારના લીધે ઉજાગર થાય છે. આઝાદીનાં ૭૫ વર્ષ બાદ જેટલી પણ મંડળીઓ નોંધાઇ હતી, ક્યાંકને ક્યાંક સભાસદો મૃત્યુ પામ્યા હોય, વારસાઇ ચડી ન હોય, પોતાના પરિવારને ખબર ન હોય તો આખા રાજ્યની તમામ મંડળીઓ ચેક કરી અને લગભગ ૩ લાખ કરતાં પણ વધારે સભાસદો એવા શોધી નાખવામાં આવ્યા છે કે જે મૃત્યુ પામ્યા છે એવા લોકોની પણ વારસાઇ ચડાવવાનું કામ, એમના સભાસદ તરીકે નામો સુધારવાનું કામ એ રાજય સરકાર કરી રહી છે. આગામી દિવસોમાં એ પણ પૂરું થશે. અમારી સરકારના ૬૦ દિવસમાં સહકારી મંડળીઓએ લગભગ ૨૦ હજાર કરતા પણ વધુ સભાસદોને તાલીમ આપવાનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇનોવેટીવ મંડળીઓ જે નોંધાઇ રહી છે એ પછી કમ્પ્યુટર ઓપરેટર હોય, ડ્રાઇવર ફોર હોમ કેર હોય કે પછી આગામી સમયની જે જરૂરિયાત મુજબની જે મંડળીઓ હોય એમાં યુવાનો કેવી રીતે જોડાય અને દુઃખની વાત એ છે કે અર્બન વિસ્તારની અંદર સહકારિતા શું છે, કો-ઓપરેટીવ ડિપાર્ટમેન્ટ શું છે તે લોકોને ખબર નથી એટલે આગામી દિવસોમાં એ.એમ.એ. જેવા ઇન્સ્ટિટ્યૂટ તરફથી ત્યાં આગળ અમે વર્ગ કરીશું અને યુવાનો કેવી રીતે જોડાય, મહિલાઓ કેવી રીતે જોડાય

એ પણ અમે કરીશું અને આના માટેના બાયલોઝ બનાવવાના આવે એ બાયલોઝ બનાવવાનું કામ પણ ચાલુ છે. રાજયની ઈનામ યોજના હોય તો હાલમાં ખેડૂતોએ લગભગ ૨૩૩ કરોડ રૂપિયાની જણસીનો ઇનામ યોજના દ્વારા વ્યાપાર કર્યો છે. 'અ' અને 'બ' વર્ગની બજાર સમિતિઓ, લગભગ ૬૧ સમિતિઓ અને ખેડૂત સહાય કેન્દ્ર છે, એમાં કોઇપણ ખેડૂત એ એ.પી.એમ.સી.ની અંદર જાય અને એને પોતાની સરકારી માહિતી શું છે, રાજય સરકારની કઇ કઇ યોજનાઓ છે એ જાણવું હોય તો એને બીજે કયાંય ધક્કા ના ખાવા પડે, એટલે એ એ.પી.એમ.સી.માં ગયો હોય તો ત્યાં પણ સરકારે પોર્ટલ ઊભા કર્યા છે. ખેડૂત પોતે પોતાની માહિતી એ હાથવગી કરી શકે એના માટે રાજયની ૬૧ જેટલી બજાર સમિતિની અંદર ખેડૂત સહાય કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં છે. માત્ર ૬૦ દિવસની અંદર આ કાર્યરત થયા છે. દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, આપણા રાજયપાલશ્રી જે પ્રાકૃતિક ખેતીનું મિશન ચલાવી રહ્યા છે અને એવું કહેવાય કે આખા દેશના પ્રાકૃતિક ખેતીના રોલમોડલ એવા માનનીય નરેન્દ્રભાઇ મોદીનું સ્વપ્ન છે. સરકારે ૬૦ દિવસમાં ૨૭ જેટલી પ્રાકૃતિક ખેતીની મંડળી નોંધી. રાજયમાં જે દિવસથી આ મિશન ચાલુ કર્યું છે ત્યારથી ૧૭૨ જેટલી પ્રાકૃતિક ખેતીની મંડળીઓ નોંધાઇ છે. આવનારા દિવસોમાં દરેક તાલુકે તાલુકે ઓછામાં ઓછી ૧૦ પ્રાકૃતિક ખેતીની મંડળીઓ નોંધાય એ દિશામાં અમારી સરકાર કામ કરી રહી છે. કોંગ્રેસના સભ્યો કહેતા હતાં કે પ્રાકૃતિક ખેતીનું અનાજ મોંઘું પડશે. એને લેશે કોણ? એને વેચશે કોણ? પણ માનનીય નરેન્દ્રભાઇએ અને માનનીય અમીતભાઇ શાહે અને માનનીય ભૂપેન્દ્રભાઇએ આની પણ ચિંતા કરી છે. આખા દેશની અંદર અમૂલના લગભગ ૧૨ હજાર કરતા વધારે સ્ટોર્સ આવેલા છે અને એની અંદર અત્યારે અમૂલ ઓર્ગેનિક ઘઉંનો આટો, અમૂલ ઓર્ગેનિક મગ, અમૂલ ઓર્ગેનિક તુવેરદાળ, અમૂલ ઓર્ગેનિક ચણાદાળ, અમૂલ ઓર્ગેનિક બાસમતિ ચોખા આ ઉપરાંત જી.સી.એમ.એલ.ના પ્રોડકટને લોંચ કરવા માટે અમૂલ ઓર્ગેનિક મસૂરદાળ, અમૂલ ઓર્ગેનિક રાજમા, અમૂલ ઓર્ગેનિક બેસન, આવી તમામ પ્રોડકટો વેચાય છે. સાથેસાથે આ પ્રોડકટો એ ઓર્ગેનિક છે કે કેમ તો કેન્દ્ર સરકારની સહાય દ્વારા એની સ્પેશિયલ લેબ પણ ઊભી કરવામાં આવી છે અને આ લેબ ઘણી બધી જગ્યાએ ઊભી થશે અને જે પણ ખેડૂત પોતાની ઓર્ગેનિક ખેતી કરતો હશે એ પોતાનો પાક પણ ટેસ્ટ કરાવી શકશે અને ત્યારબાદ આની ડિમાન્ડ એ વિદેશની અંદર વધારે છે, એટલે અમૂલના માધ્યમથી આપણે એને એક્સપોર્ટ પણ કરી શકીશું અને એકલા ફેડરેશન દ્વારા લગભગ ૩ કરોડ રૂપિયાના ૩ લાખ કિલોગ્રામ પ્રોડકટનું વેચાણ આ પ્રાકૃતિક ખેતીનું કરવામાં આવ્યું છે. આ સિવાયના બીજા ફેડરેશન, દૂધ સાગર દૂધ સંઘ એણે પણ લગભગ વેચાણ ચાલુ કર્યું છે અને લગભગ ૧૨૫થી વધુ ઓર્ગેનિક પેદાશનું વેચાણ અને ખરીદવાનું કામ પણ કર્યું છે. મહેસાણા દૂધ સંઘે લગભગ રૂ.૧ કરોડ ૬૩ લાખના પ્રાકૃતિક પ્રોડકટને પરચેઝ કરી અને વેચાણ પણ કર્યું છે. રાજયની ફિશરીઝ સહકારી મંડળી, કેન્દ્ર સરકાર દ્વારા જે નેશનલ કો-ઓપરેટીવ ડેટાબેઝ ૨૭૨૪૪ સહકારી મંડળીની માહિતી અપડેટ કરવામાં આવી છે. આવી અસંખ્ય બાબતો છે અને સહકાર વિભાગ દ્વારા સહકારી મંડળીઓને નાણાં ધીરનાર સંઘની કામગીરીને વધુ સુવ્યવસ્થિત કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે ઇ-ઓપરેટીવ પોર્ટલનું પણ લોંચિંગ કરવામાં આવ્યું છે. લગભગ ૬,૮૮૮ નાણાં ધીરનારને રજિસ્ટર્ડ કરવામાં આવેલ છે અને ૧૩૨૧૫ સહકારી મંડળીઓનું આ પોર્ટલ ઉપર લોન્ચિંગ કરવામાં આવ્યું છે. કિસાન કલ્પવૃક્ષ યોજનામાં ૧૮૬ જેટલી બજાર સમિતિને રૂપિયા ૩૦૮.૩૫ કરોડની માતબર સહાય ચૂકવવામાં આવી છે. સાથોસાથ બીજા રૂપિયા ૭૬.૮૫ કરોડ જેટલા સમિતિઓના આધુનિકરણ માટે ચૂકવવામાં આવ્યા છે. આત્મનિર્ભર ગુજરાત અંતર્ગત લગભગ ૧ લાખ ૬૭ હજાર ૮૦૨ લાભાર્થીઓને રૂપિયા ૧,૫૬૫ કરોડનું ધિરાણ કરવામાં આવ્યું છે. આત્મનિર્ભર-૨ અંતર્ગત રૂ.અઢી લાખ લેખે ૩૮,૮૪૪ લાભાર્થીઓને રૂ.૯૪૧ કરોડનું ધિરાણ કરવામાં આવ્યું છે. ખેડૂતો પોતાનો પાક પાકી જાય ત્યારબાદ બજારમાં સારો ભાવ મળે ત્યાં સુધી રાહ હોવાની હોય તો એના માટે પોતાના ખેતરમાં એક ગોડાઉન બનાવી શકે એના માટે ૨૫ ટકા સબસિડી રૂપિયા ૫ લાખની મર્યાદામાં સરકાર આપી રહી છે. આ સહકાર વિભાગની મહત્ત્વની બજેટની જોગવાઇઓ કહું તો વ્યાજરાહત માટે બજેટમાં જોગવાઇ છે. રૂ.૩ લાખની મર્યાદામાં ટૂંકી મુદતનું પાક ધિરાણ આપવામાં આવે છે. એ કિસ્સામાં લોન રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા બેન્કોને ચૂકવવામાં આવે છે. આના માટે લગભગ રૂપિયા ૧ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. આત્મનિર્ભર સહાય યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં સદરહુ બજેટમાં રૂપિયા ૩ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. આત્મનિર્ભર યોજના-૨ ગત વર્ષ ૨૦૨૨-૨૩માં લગભગ રૂ.૬૦૦ લાખનો ખર્ચ થયો છે. આ વખતે પણ રૂ.૧ હજાર લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. તાલુકા અને જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘની વિવિધ યોજનાઓ હેઠળ કેપિટલની અંદર ૫૦ ટકા જેટલી સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪ની અંદર રૂ. ૩૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે. ગોડાઉન સબસિડી માટે રૂ. ૫૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે. બજાર વ્યવસ્થા માટે રૂ.૩,૭૫૦ લાખની જોગવાઇ સૂચવેલ છે. ગત વર્ષ ૨૦૨૨-૨૩માં જે રૂ.૩,૭૫૦ લાખની જોગવાઇ હતી એ સંપૂર્ણ મંજૂર કરેલ છે. કિસાન કલ્પવૃક્ષ યોજનાની અંદર વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૧,૭૫૦ લાખની જોગવાઇ હતી એ ૧૦૦ ટકા મંજૂર થયેલ છે અને આગામી વર્ષ ૨૦૨૩-૨૪માં પણ રૂ.૧,૭૫૦ લાખની જોગવાઇ સૂચવેલ છે. સરકાર આદિજાતિની પણ ચિંતા કરે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૫૦૦ લાખની જોગવાઇ હતી. આગામી વર્ષમાં બીજા રૂપિયા ૫૦૦ લાખની જોગવાઇ સૂચવેલ છે. એવું કહેવાય કે ભારતીય જનતા પાર્ટીની સરકાર ખેડૂતોની સતત ચિંતા કરતી સરકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીનાં ૭૫ વર્ષમાં લગભગ ૬૦-૬૫ વર્ષ કોંગ્રેસે રાજ કર્યું, ત્યારે આપણે ખેડૂતોની ચિંતા કરીએ છીએ એવી સતત વાતો કરતા હતા. પણ સાચા અર્થમાં ખેડૂતોની કોઇએ ચિંતા કરી હોય તો દેશના વડાપ્રધાન

આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગુજરાતમાં માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે કરી છે. ડો.ચાવડાજી, મારે તમને કહેવું છે કે આવો, સહકારી વિભાગની તમામ કાપ દરખાસ્તો પાછી ખેંચીએ અને આઝાદીના અમૃતકાળમાં ખેડૂતોની સાચા અર્થમાં ચિંતા કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાનની વાત કરું તો સન્માનનીય સભાગૃહ સમક્ષ માર્ગ અને મકાન વિભાગની મૂડી અને મહેસૂલ સદરની રૂ.૨૦,૬૪૨ કરોડની માગણી લઇને આવ્યો છું જે ગત વર્ષની રૂ. ૧૨,૦૨૪ કરોડ કરતાં રૂ.૮,૬૧૮ કરોડ વધારે છે. એટલે કે ઇતિહાસમાં પહેલી વખત આઝાદી પછી ૭૧.૬૭ ટકાના વધારા સાથે માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાનીમાં અને માનનીય શ્રી કનુભાઇના નિર્દેશન હેઠળ આ વિકાસશીલ સરકારનો આંતરમાળખાકીય સુવિધાની જરૂરિયાતને અનુલક્ષીને ઉત્તરોત્તર વધારો કરવાનો, હયાત વ્યવસ્થાઓને સુદ્દઢ કરવાની જરૂરિયાતને અનુલક્ષીને ઉત્તરોત્તર વધારો કરવાનો આ નિશ્ચય બતાવે છે. આ સન્માનનીય ગૃહને જણાવતા મને આનંદ થાય છે કે આ વિભાગ દ્વારા રાખવામાં આવેલ તકેદારી અનુસંધાને વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૧૨,૦૨૪ ઉપરાંત ફાળવેલ વધારાના રૂ.૮,૬૧૮થી સંપૂર્ણ બજેટ થયેલ છે. મારે કહેવું છે કે છેલ્લાં ૨૩ વર્ષમાં બજેટનું જે કદ હતું, વર્ષ ૨૦૦૧-૦૨માં, માનનીય ચાવડાજી, આપ કહેતા હતા કે રોડ, રસ્તા, સંપર્કની વાતો આપ જે કરતા હતા. તે વખતે રૂ. ૫૩૭ કરોડનું બજેટ હતું તેની સરખામણીમાં આજે ૩૮.૪૪ ગણું વધીને વર્ષ ૨૦૨૩-૨૪માં રૂપિયા ૨૦,૬૪૨ કરોડનું બજેટ થયું છે. મને જણાવતા આનંદ થાય છે કે માનનીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં ડબલ એન્જિનની સરકાર આગળ વધી રહી છે. બે દિવસ પહેલાંની વાત કરું છું. મારા ઉપર બોસ્ટનથી ફોન આવ્યો. ત્યાંના સ્વામીનારાયણ મંદિરના અનુયાયી ૩૦ વર્ષ બાદ પહેલી વખત જે પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવ ઉજવાઇ રહ્યો હતો એમાં આવવાનું થયું હતું. એ પોતાનો અનુભવ કહેતા હતા એમણે એવું કહ્યું કે, મારે ૩૦ વર્ષ બાદ ભારતમાં ગુજરાત અને અમદાવાદ જવાનું થયું છે. જે રસ્તાઓ અમેરિકાની અંદર નથી એ રસ્તાઓ ગુજરાતમાં અને અમદાવાદમાં છે. આ મારા શબ્દો નહીં, પણ બોસ્ટનમાં સ્વામીનારાયણ મંદિરના સભાસદે ફોનમાં કહેલા શબ્દો કહી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાચા અર્થમાં વિકાસ કોને કહેવાય? માનનીય ડો.સી.જે. ચાવડાજી, માનનીય કિરીટભાઇ દુ:ખની વાત એ છે કે કાપ દરખાસ્તો મૂક્યા બાદ પણ સભ્યો હાજર રહેતા નથી. એમને ગુજરાતની જનતાની બિલકુલ ચિંતા નથી. માત્ર કાપ દરખાસ્તો નામ પર આવે એટલા માટે ખાલી કાપ દરખાસ્તો મૂકે છે. આ હાઉસમાં એક પણ નેતા સાંભળવા માટે હાજર નથી. માનનીય નરેન્દ્રભાઇના શબ્દોમાં કહીએ તો ''જેનો શિલાન્યાસ અમે કરીએ છીએ એનું ઉદ્‌ઘાટન પણ અમે કરીએ છીએ.'' આ અહંકાર નથી પણ અમારો વિશ્વાસ સાચા અર્થમાં ચરિતાર્થ થાય છે. હું કોંગ્રેસના મિત્રોને, ડો. સી.જે. ચાવડાને અને આ ગૃહના તમામ સભ્યોને મારી વિનંતી છે કે આવો આપણે મહાત્મા મંદિરની સાથે મળીને વિઝિટ કરીએ. વિશ્વ કક્ષાનું ભારતનું પ્રથમ એવું કન્વેન્શન સેન્ટર મહાત્મા મંદિરમાં બન્યું છે. તાયફાઓ કરવા માટે નહીં, પણ વિશ્વ કક્ષાની કોન્ફરન્સ થાય, દેશ-વિદેશના લોકો આવે અને ઉદ્યોગ જગતની વાત થાય, ઇન્વેસ્ટમેન્ટ થાય અને સૌથી પહેલું વાઇબ્રન્ટ પણ ત્યાં થયું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આજના યુવાનોને ખબર પડે કે ગાંધીનું ગુજરાત કેવું છે? ત્યાં દાંડી કુટિર પણ બનાવવામાં આવી છે. સાથે સાથે હું આ બધા સભ્યોને કહીશ કે એક વખત જઇ આવો તો ખરા કે વૈશ્વિક અજાયબી કહેવાય એવું 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' આવો અમે તમારી વ્યવસ્થા કરીએ, અમે તમને સાથે લઇ જઇએ. સ્વર્ણિમ સંકુલની વાત કરી. સાયન્સ સિટી, દાંડી કુટિર માત્ર એ લોકોને એટલું જ કહુ છું કે, આખા રાજ્યમાં ફાઇવ સ્ટાર હોટલ કોઇ રેલવે સ્ટેશન નીચે હોય અને ઉપર ફાઇવ સ્ટાર હોટલ હોય, પહેલા કહેવાતું હતું અને વાંચતા હતા કે યુરોપ, ચાઇના અને જાપાનમાં આ પ્રમાણેની બિલ્ડિંગો છે. ગુજરાતના આર. એન્ડ બી. વિભાગના એન્જિનિયરોએ સાબિત કરીને બતાવ્યું છે કે ગુજરાતમાં પણ શક્ય છે અને ગાંધીનગર રેલવે સ્ટેશન ઉપર આખી ૧૦ માળની બિલ્ડિંગ બનાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના તમામ સભ્યોને હું કહેવા માગીશ કે એક વખત ચોક્કસ સ્મૃતિ વનની મુલાકાત લેજો. માનનીય સી.જે. ચાવડાજી સ્મૃતિ વન જવા જેવું છે. દેશમાં ૨૬ મી જાન્યુઆરી, ૨૦૦૧માં આવેલો ભૂકંપ ૪૭૦ એકરમાં ફેલાયેલું સ્મૃતિવન લગભગ ૪૫ મિટરની હાઇટ ઉપર અલગ અલગ પાંચ તબક્કાઓમાં બનાવેલું છે અને ૧૨,૯૩૨ દિવંગત આત્માઓને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ આપવાનું કામ કર્યું હોય તો એ રાજ્ય સરકારે કર્યું છે. ૫૧ જેટલા ચેકડેમો બાંધ્યા છે અને બધું જ પાણી પર્કોલેશન ટેન્કમાં ભેગું થાય અને પાણીનો યુઝ થાય. સ્મૃતિવનનો આ અદભૂત નજારો આર. એન્ડ બી. વિભાગે કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં આપણો દેશ જ્યારે સુશાસનમાં આર્થિક વિકાસના લક્ષ સાથે મક્કમતાથી આગળ વધી રહ્યો છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે વિકાસ થયો છે એના કારણે જી-૨૦નું પ્રમુખપદ આપણને મળ્યું છે. જે દર્શાવે છે કે સમગ્ર ભારત અને વિશ્વમાં આગવી છાપ ઊભી કરી છે. જેનું કારણ એ છે કે મેઇક ઇન ઇન્ડિયા, સ્કિલ ઇન્ડિયા, ડિજિટલ ઇન્ડિયા અને કોન્ફિડન્ટ ઇન્ડિયા એટલા માટે હું કહીશ કે સંરક્ષણ ક્ષેત્રની અંદર પણ આત્મનિર્ભર ભારત સાથે 'લોકલ ફોર વોકલ' બનાવવાના સંકલ્પ સાથે આગળ વધી રહેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગમે તેવા પડકારોનો સામનો કરી દેશની અર્થ વ્યવસ્થા આવનારા દિવસોમાં સૌથી ઝડપી વિકાસ થયો હોય તો એ આપણી અર્થવ્યવસ્થાનો થયો છે અને આગામી દિવસોમાં જ્યારે ભારત પાંચ ટ્રિલિયન ઇકોનોમી કલબમાં સામેલ થવા જઇ રહ્યો છે ત્યારે મારે માનનીય કનુભાઇને પણ અભિનંદન

આપવા પડે. એના માટે પણ ગુજરાતની મહત્ત્વની અને આગવી ભૂમિકા છે. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાનીમાં ગુજરાત જ્યારે આગેકૂચ કરી રહ્યું છે ત્યારે છેલ્લાં ૨૦ વર્ષમાં રોડ, બિલ્ડિંગ અને ઇન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે પ્રદાન કર્યું છે તે આગવું અને અકલ્પનીય છે. માનનીય સી.જે. ચાવડાજી તમે જે વાતો કરતા હતા, ખાલી એક વખત મારી જોડે રોડ ઉપર આપણે બંને ટ્રાન્સપોર્ટ કરીએ. ત્યારે તમને ખરેખર ખબર પડશે કે ગુજરાતનો વિકાસ કેવો થયો છે અને એટલા માટે જ કહું કે આ સરકારની કાર્યશૈલીને ધ્યાનમાં રાખીને જે ફરક પડયો છે એ ફરક સમગ્ર ગુજરાતની જનતાએ સ્વીકાર્યો છે એ આ વખતના ચૂંટણી પરિણામોમાં સ્પષ્ટ દેખાઇ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ગૃહના માધ્યમથી બીજું એક પણ કહેવું છે કે પી.એમ. ગતિશક્તિ. ગૃહના તમામ સભ્યશ્રીઓએ આ બધી બાબતો જાણવાની એટલા માટે જરૂર છે કે માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા તા.૧૩-૧૦-૨૦૨૧ના રોજ પી.એમ. ગતિશક્તિ માસ્ટર પ્લાન મલ્ટીમોડલ તરીકે જયારે જાહેરાત કરી, કેન્દ્રના ૧૬ જેટલા ડિપાર્ટમેન્ટમાંથી ઇનકોર્પોરેટ થયેલા છે. આખા દેશમાં ગુજરાત પ્રથમ રાજય એવું બન્યું કે આપણે પી.એમ.ગતિશક્તિમાં જોડાયા. ગુજરાત સરકારના લગભગ ૨૧ જેટલા વિભાગો ૬૩ જેટલા બોર્ડ, એજન્સીઓ અને કુલ ૮૪ પોર્ટલ વિકસાવવામાં આવી છે અને સાથેસાથે ૧૧૦૦ જેટલા વિવિધ ડેટાલેયર ઇનકોર્પોરેટ કરવામાં આવ્યા છે. એમાં રોડ નેટવર્ક હોય, જમીન રેકર્ડ હોય, વન વિભાગ રેકર્ડ હોય, ઇલેક્ટ્રિક ગાઇડલાઇન હોય, થાંભલા હોય, આંગણવાડી હોય, દવાખાના, રેલ્વે લાઇન હોય, કોઇપણ કઇ જગ્યાએ પાણીનો સોર્સ વધારે છે, કઇ જગ્યાએ તળાવ છે, કયાં નદી છે, કયાં નાળા છે. આગામી દિવસોમાં ગુજરાતની અંદર કોઇપણ પ્રકારનું ઇન્ફ્રાસ્ટ્રકચર થાય વિદેશમાંથી કોઇને એમ થાય કે મારે ગુજરાતમાં ધંધો કરવો છે તો જમીન કયાં અવેલેબલ છે, તો રોડ કયાં અવેલેબલ છે, રેલ્વે કયાં અવેલેબલ છે, નેશનલ હાઇવે અવેલેબલ છે કે કેમ? સ્ટેટહાઇવે અવેલેબલ છે કે નહીં? એક જ ક્લિકની અંદર આ બધું જ મળી જાય એ લેવલનું ઇન્ફ્રાસ્ટ્રકચર પી.એમ. ગતિશક્તિની અંદર આપણે ઇનકોર્પોરેટ કર્યું છે. હું ચોકકસ કહીશ કે આપણને બધાને પ્રાઉડ થાય. ડો. સી.જે.ચાવડાજી તમે પોતે ગાંધીનગરના ધારાસભ્ય પણ રહી ચૂકયા છો. આપ ગાંધીનગરના વતની પણ છો. આપણા ગાંધીનગર, ગુજરાતના ગાંધીનગરની અંદર ગિફ્ટસિટી બન્યું છે. વૈશ્વિક કક્ષાનું ગિફ્ટસિટી બન્યું છે. આવો આપણે સાથે આંટો મારીએ અને ત્યાં આગળ જે ઇન્વેસ્ટમેન્ટ આવી રહ્યા છે. જે લેવલનું ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું કર્યું છે એ વિશ્વની અજાયબી બનવા જઇ રહ્યું છે અને ગુજરાતના યુવાનો, ગુજરાતની મહિલાઓ કહી રહી છે કે આ ગુજરાત મેં બનાવ્યું છે, આ ગુજરાત મેં બનાવ્યું  છે. આ ગુજરાત મેં બનાવ્યું છે એવું ગુજરાતની જનતા કહે છે. તમે તમારી છાતી ઉપર હાથ મૂકીને આત્માને પૂછજો તો તમારો દીકરો અને દીકરી પણ કહેશે કે આ ગુજરાત મેં બનાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે નર્મદા કેનાલનો પાયો ચોક્કસ સરદાર વલ્લભભાઇ પટેલે નાખ્યો હતો. એ યોજના પૂરી કરવાનું કામ માનનીય નરેન્દ્રભાઇ મોદીજીએ કર્યું છે. વડાપ્રધાન બન્યા અને ૧૭ દિવસની અંદર ડેમના દરવાજાની મંજૂરી આપી. ૫૩૨ કિલોમીટરની મેઇન કેનાલનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં પૂરું થયું. સબ કેનાલો, માઇનોર કેનાલો, ૬૨૦૦૦ કિલોમીટરથી વધારે સબકેનાલથી માંડીને તમામ કેનાલો કદાચ પૂરી કરી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. પબ્લિક ટ્રાન્સપોર્ટની વાત કરું એ બી.આર.ટી.એસ. હોય, બુલેટ ટ્રેન હોય  કે મેટ્રો ટ્રેન હોય આ તમામે તમામ ઇન્ફ્રાસ્ટ્રકચરના નમૂના, ચાહે  રિવરફ્રન્ટ પણ ભારતીય જનતા પાર્ટીની દેન છે. મને કહેતા આનંદ થાય છે કે લોંગ ટર્મ વિઝનવાળા દેશના નેતાએ જે નિર્ણયો લીધા છે એ બધા જ નિર્ણયો અકલ્પ્ય નિર્ણયો છે. જેને લઇને ગુજરાતનું ઇન્ફ્રાસ્ટ્રકચર સમગ્ર દેશમાં આજે પ્રગતિના પંથે છે તેનું ઉત્તમ ઉદાહરણ છે. અંબાજીથી ઉમરગામ આખો આદિવાસી પટ્ટો હોય, કચ્છથી કેવડિયા હોય, સુરતથી સૌરાષ્ટ્ર હોય, ભરૂચનો કેબલબ્રિજ હોય કે અમદાવાદનો અટલબ્રિજ હોય આ બધી જ ઘટનાઓ બેનમૂન છે. તમામ જગ્યાએ ઇન્ફ્રાસ્ટ્રકચરનો ઉત્તમ વિકાસ થયો છે. આના પરિણામે ગુજરાતનો લગભગ ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો જેનો લઘુત્તમ ઉપયોગ કદાચ કોઇએ કર્યો હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે. એમાં ૪૨ જેટલા બંદરો થકી સમગ્ર ભારતનું મહત્ત્વનું રાજય ગુજરાત બન્યું છે. આખા દેશમાંથી ૪૦ ટકા એક્સપોર્ટ એ માત્ર ગુજરાતમાંથી થઇ રહ્યું છે એનું એક માત્ર કારણ છે ઇન્ફ્રાસ્ટ્રકચરની સુવિધાઓ. આવનારા દિવસોની અંદર આ ૧૬૦૦ કિલોમીટરના દરિયાકિનારાને કારણે કોસ્ટલ હાઇવે ટુરિઝમ જે ફળદાયી થવાનું છે. દરિયાકાંઠે આવેલા વિવિધ ટુરિસ્ટ ડેસ્ટીનેશન માંડવી હોય, ઉભરાટ હોય, શિવરાજપુર જે બ્લ્યુ બીચ તરીકે ઓળખાય છે, દ્વારકા હોય, સોમનાથ હોય. દહેજ ખાતે આવેલું વિશ્વકક્ષાનું પી.પી.ઇ અને આઇ.આર.પી. જે બલ્ક ડ્રગ પાર્ક બનવા જઇ રહ્યું છે, જેમાં અસંખ્ય લોકોને રોજગારી મળી રહી છે. તે રાજ્યની માથાદીઠ આવકની અંદર કોંગ્રેસના મિત્રોને કહું છું કે, દેવું ના ગણાવશો પણ સાથે આવક પણ ગણાવો કે વર્ષ ૨૦૦૧ પહેલાં માથાદીઠ આવક ૧૯૮૨૩ રૂપિયા હતી અને આજે જ્યારે ભારતીય જનતા પાર્ટીની માનનીય ભૂપેન્દ્રભાઇની સરકાર કામ કરી રહી છે, ત્યારે ૨,૧૨,૮૨૧ રૂપિયા જેટલી માથાદીઠ આવક છે. રાજ્યના બંદરો સાથે જોડાયેલા પ્રગતિપથ હોય, પ્રવાસન સ્થળ સાથે જોડતા પ્રગતિપથ હોય, યાત્રાધામો માટેની પ્રવાસીપથ યોજના, વસવાટ ગામડામાં અને સુવિધા શહેરની તેવા ઉમદા કન્સેપ્ટવાળી કિસાન વિકાસપથ યોજના છે. સાથે સાથે દરિયાકિનારે જે માછીમારો વ્યવસાય કરતા હોય તેમના માટે સાગરખેડુ યોજના, પૂર્વપટ્ટી અને અંતરિયાળ વિસ્તારને જોડવા માટેની પ્રગતિપથ યોજના હોય, વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત માર્ગોનું કામ રાજ્ય સરકારે સફળતાપૂર્વક કર્યું છે. મારે ડો.સી.જે.ચાવડાજીને કહેવું છે કે, એક્સપ્રેસ વે ૯૩ કિલોમિટર, રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૭૧૮૭ કિલોમિટર, રાજ્ય ધોરીમાર્ગો ૧૪૮૮૩ કિલોમિટર, મુખ્ય જિલ્લાના માર્ગો ૨૦૪૫૪ કિલોમિટર, અન્ય જિલ્લાના માર્ગો

૧૦૨૫૨ કિલોમિટર, ગ્રામ્ય માર્ગો ૨૭૭૫૬ કિલોમિટર, નોન પ્લાન રસ્તાઓ સૌથી વધારે અને ગઇ વખતે મેં મારા હાથે જોબ ઓર્ડર આપ્યા હતા, તે જગ્યાએ આજે તમારી એકપણ સીટ ત્યાં નથી આવી. બધી જગ્યાએ ભારતીય જનતા પાર્ટી જીતી છે. આમ, માર્ગોનું કુલ ૧,૨૩,૯૮૨ કિલોમિટરનું સૌથી મોટું નેટવર્ક આપણે ત્યાં આવેલું છે. એટલા માટે જ આવા મજબૂત રોડ નેટવર્કથી લેસ કાર્બન એમિશન, લેસ મેન્ટેનન્સ ઓફ વ્હીકલ્સ, લેસ એક્સિડંટ અને લેસ ઓફ ધી હ્યુમન લાઇફ આ બધો શ્રેય કોઇને જતો હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારને જાય છે. મને કહેતા આનંદ થાય છે અને હમણાં જ હું શ્રી અર્જુનભાઇ, ડો. તુષારભાઇ, શ્રી શૈલેષભાઇ બધા શ્રી કુંવરજીભાઇને ત્યાં જમવા બેઠા હતા અને વાતો કરતા હતા કે પહેલાંના સમયમાં અમે આવતા હતા ત્યારે ડાંગથી નીકળી સુરત આવીએ, સુરતથી નીકળી અમદાવાદ આવીએ અને અમદાવાદથી ગાંધીનગર આવીએ ત્યારે આખો દિવસ પૂરો થઇ જાય, ૧૨થી ૧૪ કલાક જેટલો સમય નીકળી જાય ત્યારે ગાંધીનગર પહોંચીએ. ત્યારે આજે મારે માનનીય કાંતિભાઇ ખરાડીજીને પૂછવું છે કે, દાંતા-અંબાજીથી નીકળો તો અઢી કલાકમાં અહીં ગાંધીનગર પહોંચી જવાય છે. શ્રી કાન્તિભાઇ, ૧૮ હજાર ગામડાંમાં કનેક્ટિવિટીનું કામ કોઇએ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને.**

માનનીય અધ્યક્ષશ્રી, મને ગૃહને જણાવતા આનંદ થાય છે કે, રાજ્યના ૧૮ એરપોર્ટ સાથેની કનેક્ટિવિટી, ૪૮ બંદરો સાથેની કનેક્ટિવિટી, ૨૨૪ જી.આઇ.ડી.સી. સાથેની કનેક્ટિવિટી, ૧૮,૦૦૦ ગામડાંઓ સાથેની કનેક્ટિવિટી, ગામડાંથી શાળાઓ સાથેની કનેક્ટિવિટી, મહોલ્લાથી મહોલ્લા સુધીની કનેક્ટિવિટી, સાથે સાથે કોઇપણ પી.એચ.સી. હોય, બીજાં આરોગ્ય કેન્દ્રો હોય તેની સાથેની કનેક્ટિવિટી, શાળા-કોલેજો સાથેની કનેક્ટિવિટી, લગભગ ૧૬૦૦ કિલોમિટર લાંબા દરિયાકિનારા કે જયાં કોસ્ટલ હાઇવે બનવા જઇ રહ્યો છે. આગામી દિવસોમાં આના લીધે ટુરિઝમ પણ વધવાનું છે. વર્ષ ૨૦૦૧ની વાત કરું તો રૂપિયા ૫૩૭ કરોડની સરખામણીમાં લગભગ ૩૮.૪૪ ગણું આ બજેટ વધ્યું છે. મને કહેતાં આનંદ થાય છે કે, કોસ્ટલ હાઇવે તથા સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી સાપુતારાને જોડતા રસ્તા, સાથે સાથે અમારી સરકારે રૂપિયા ૬૯૩.૪૯ કરોડનાં ૨૫ (પચ્ચીસ)કામો છે તે આ કોસ્ટલ જિલ્લાને આવરી લેતા શરૂ કરવામાં આવ્યાં છે. સાથે સાથે સ્ટેચ્યૂ ઓફ યુનિટીથી સાપુતારા સુધીના ત્રણેય જિલ્લામાં લગભગ રૂપિયા ૨૧૯.૧૭ કરોડનાં ૬ કામો શરૂ કરવામાં આવ્યાં છે. આ રોડની કનેક્ટિવિટી વધવાથી તેમજ સારા રસ્તા બનવાથી ટ્રાન્સપોર્ટેશન ઝડપી બન્યું છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર જે દિશામાં કામ કરી રહી છે તે ટાઇમ સેવિંગનું કામ કરી રહી છે. તમારો, મારો, પ્રજાનો ટાઇમ બચે તેનું કામ કરી રહી છે. લાઇફ સેવિંગનું કામ કરી રહી છે. પર્યાવરણ બચાવવાની દેશના વડાપ્રધાન અને આખું વિશ્વ ચિંતા કરતું હોય ત્યારે તે કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. સાથે સાથે આપણે બધા અર્થ સેવિંગ પણ આ ઇન્ફ્રાસ્ટ્રકચરના માધ્યમથી કરી રહ્યા છીએ. એટલા માટે સાચા અર્થમાં ઉત્તમ આયોજન અને સર્વોત્તમ અમલીકરણ કરવાના ભાગરૂપે આ ગુજરાતની અને દેશની જનતાએ પ્રોપર લીડરના હાથમાં આ નેતૃત્વ સોંપ્યું છે. તેના થકી આ દેશનો વિકાસ આગળ વધી રહ્યો છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હોય કે જે રોડ આપ્યા છે તેમાં વર્ષ ૨૦૨૨-૨૩ની વાત કરું તો મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત લગભગ રૂપિયા ૪૬૬૮ કરોડનાં ૭૬૫૫ કામ અને પુલોનાં ૩૫૯૬ કામો મંજૂર કર્યાં હતાં. ૪૨૨૮ કિલોમીટરની લંબાઇના ૧૯૮૯ ગ્રામ્ય રસ્તાઓને રૂપિયા ૧૪૮૦ કરોડના ખર્ચે પાકા કરવામાં આવ્યા. ગત વર્ષે વનબંધુ કલ્યાણ યોજનામાં વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારની શાળાઓ તથા આરોગ્ય કેન્દ્રને ગામ પરાને જોડતા ટૂંકા રસ્તાઓ કાચા રસ્તાઓને ડામર કરવામાં આવ્યા. આ ઉપરાંત કોઝ-વેના સ્થાને ઊંચા પુલ બનાવી રૂપિયા ૩૨૨ કરોડના ૨૮૮ કિલોમીટરની લંબાઇનાં ૨૯૭ કામો મંજૂર કરવામાં આવ્યાં. અમદાવાદ-મહેસાણા, પાલનપુર-મહેસાણા મુકામે અંડરપાસ માટે રૂપિયા ૧૧૧.૩૦ કરોડ, ખેડા-ધોળકા રોડ ૧૬.૬૫ કિલોમીટર ચારમાર્ગીય રોડ માટે ૬૧.૧૧ કરોડ રૂપિયા, બિલિમોરામાં રેલવે ક્રોસિંગના રેલવે ઓવર બ્રિજ માટે રૂપિયા ૯૫.૫૭ કરોડ રૂપિયા, મરોલી-ઉભરાટ રોડ ઉપર ક્રોસિંગ ૧૩૩ નંબર પર રેલવે ઓવરબ્રિજ માટે રૂપિયા ૫૧ કરોડ, બેચરાજી-મોઢેરા-ચાણસ્મા રોડ ૧૧.૩૦ કિલોમીટર ચારમાર્ગીય કરવા માટે ૫૦.૫ કરોડ રૂપિયા, શિહોરી- પાટણ-સાવલી રોડ ૧૭ નંબર ઉપર રેલવે ઓવરબ્રિજ માટે ૪૦.૩૩ કરોડ રૂપિયા,...

**વિરામનો સમય ટૂંકાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વિરામ પછીના સમયમાં બિન સરકારી કામકાજ હાથ ધરવાનું હોવાથી સભાગૃહ સમક્ષ ચાલી રહેલું કામકાજ પૂરું થાય ત્યાર બાદ વિરામ જાહેર કરવામાં આવે એવો હું પ્રસ્તાવ રજૂ કરું છું.

ડો. સી.જે. ચાવડા (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ વાંધો નહીં.

અધ્યક્ષશ્રી: માનનીય મંત્રીશ્રી, આપને કેટલો સમય જોઇશે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, વિરામ ૨.૩૦ વાગે પડે છે.

અધ્યક્ષશ્રી: માનનીય મંત્રીશ્રી, આપને કેટલી મિનિટ જોઇશે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦ મિનિટ આપો તો સારું.

અધ્યક્ષશ્રી:માનનીય મંત્રીશ્રી, તમે ટાઇમ થોડો ઓછો કરજો. મારે પ્રશ્નો માટે પણ ટાઇમ આપવો છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષમાં કોઇ છે નહીં એટલે મને નથી લાગતું કે કોઇને કંઇ પ્રશ્ન હોય.

અધ્યક્ષશ્રી : શાસક પક્ષના સભ્યોને પણ હોયને? તમે સાતેક મિનિટમાં પૂરું કરો.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ગુજરાતની સરકાર કામ કરી રહી છે, મારે ગૃહના માધ્યમથી સભ્યશ્રીઓને કહેવું છે કે, પાણી રેડવું હોય તો ગુજરાતની જનતાને ખબર છે કે પાણી ક્યાં રેડવું? માટી ઉપર રેડીએ તો માટી ભીની થાય, વૃક્ષ પર રેડે તો વૃક્ષ નવપલ્લવિત થાય, વસ્ત્ર પર રેડે તો કપડાં ચોખ્ખાં થાય, ધરતી પર રેડે તો ધરતી કૂણી થાય, અગ્નિ પર રેડે તો અગ્નિ ઠરી જાય પણ પથ્થર ઉપર પાણી રેડવાનો કોઇ અર્થ નથી. ગુજરાતની જનતાને છેલ્લાં ૨૨ વર્ષથી ખબર છે કે પાણી કયાં પીવડાવવું અને એટલા માટે જ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર બેઠી છે. મારે કહેવું છે કે, કોંગ્રેસના વખતમાં ટેન્કરોના માધ્યમથી પાણી જતા હતા. દેવાયત પંડિતની વાણી મુજબ પાણી પડીકે વહેંચાશે એ સાચા અર્થમાં એ કહેવત સાચી પાડી હોય તો કોંગ્રેસની સરકારે પાડી હતી અને એટલા માટે આજે ગુજરાતની જનતાનો પ્રેમ, આશીર્વાદ થકી જે પાણી પાયું છે અને ગુજરાતનું વટવૃક્ષ મોટું થયું છે એ આપણે બધા જ જોઇ રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મહત્ત્વનાં પ્રવાસન સ્થળ હોય, મહાનગરોને જોડતા હાઇસ્પીડ કોરિડોર હોય એ વિક્સાવવાનો નિર્ણય ગુજરાત સરકારે કર્યો છે. રાજયની અંદર જેટલા પણ જંકશનો, જેટલા પણ ફ્લાઇઓવર આવે છે એ તમામને સુધારવાની અને સર્વિસ રોડની સુવિધા એ ગુજરાત સરકાર કરી રહી છે. રસ્તા વધુ પહોળા કરી આવનારા દિવસોમાં મીનીમમ ૮૦ કિલોમીટરની ઝડપે કોઇ પણ વાહન જઇ શકે તે માટે સ્પીડ કોરિડોર વિક્સાવવાનો નિર્ણય અમારી સરકારે કર્યો છે. દહેજ પોર્ટ ખાતે આંતરિક રસ્તાઓ પર આવતાં ભારે વાહનોને લક્ષમાં લઇ જે રીતે ઇન્ડસ્ટ્રીઝ કોરિડોર બને છે એ રીતે ભરુચ-દહેજ ખાતે રસ્તાને ૮૦૦ કરોડ રૂપિયાના ખર્ચે એક કન્ટ્રોલ્ડ એક્સપ્રેસ-વે તરીકે વિક્સાવવામાં આવશે. રાજયના વિવિધ શહેરોને જોડતા પરિક્રમા પથ પહોળા તથા મજબૂત કરવા નોર્મલ વિસ્તારમાં રૂપિયા ૬૫ કરોડ, આદિજાતિ વિસ્તારમાં રૂપિયા ૪૩૫ કરોડ આ કામો પૂર્ણ થતાં રાજયના ૨૬ જિલ્લા, ૯૮ તાલુકા, ૧૧૨ જેટલી નાની મોટી ઔદ્યોગિક વસાહતો, ૨૫ પ્રવાસન સ્થળો અને ૬૦ એ.પી.એમ.સી.ને જોડતું આખું આંતર રાજ્ય માળખું તૈયાર થતા એ નેટવર્ક સુદૃઢ થશે. પ્રથમ તબક્કામાં રૂપિયા ૧૩૦૧.૯૫ કરોડની જોગવાઇ કરી છે અને એમાં ૧૧ રસ્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મને કહેતા આનંદ થાય છે કે, ગુજરાત આગામી દિવસોમાં ટુરિસ્ટ ડેસ્ટીનેશન બનવા જ્યારે જઇ રહ્યું છે ત્યારે દ્વારકા, જાંબુઘોડા રીંછ અભ્યારણ, ધોરડો, ધોળાવીરા, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, અંબાજી, ધરોઇ, વડનગર, સાસણ-સોમનાથને જોડતો રસ્તો હોય એ અંદાજે રૂપિયા ૧૮ કરોડના ખર્ચે ડેવલપ થવા જઇ રહ્યું છે. આ હાઇસ્પીડ કોરિડોર તરીકે જ્યારે ડેવલપ કરી રહ્યા છીએ, એ પૈકીના વડોદરાનો એકતાનગરનો રસ્તો રૂપિયા ૯૦ કરોડના ખર્ચે, ધોરડોને જોડતો રસ્તો રૂપિયા ૪૦ કરોડના ખર્ચે, ઇડર અને ખેરાલુ અને વિજાપુર-વડનગરને જોડતો રસ્તો ૩૦ કરોડ રૂપિયાના ખર્ચે, દ્વારકા, નાગેશ્વર, ગોપીનાથ, જૂનાગઢ, મેંદરડા, સાસણ ગીર, સોમનાથ, દીવ-દમણને જોડતો રસ્તો એ રૂપિયા ૨૦૦ કરોડના ખર્ચે આગામી દિવસોમાં વિકસિત થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજા તબક્કાની વાત કરીએ તો strategic option study હાથ ધરવામાં આવી છે અને ત્રીજા તબક્કાની યોજના બનાવવામાં લગભગ રૂપિયા ૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સાથે સાથે આગામી દિવસોમાં જે રસ્તાઓની જરૂર છે ત્યાં વાઇટ ટોપિંગ કરીને પણ આગળના રસ્તાઓ સુદૃઢ કરવામાં આવશે. સાથે સાથે ગોત્રી-સેવાત્રી-સિંધ્રોડ રસ્તાને વાઇટ ટોપિંગ તરીકે વિકસાવવામાં આવશે. રાજયમાં લગભગ ૫૦૦ જેટલા જૂના પુલોનું મજબૂતીકરણ કરી અને પુનઃબાંધકામ માટે લગભગ રૂપિયા ૩૯૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય આર એન્ડ બી વિભાગ એ માર્ગ અને મકાન વિભાગની જે કામગીરી છે તે કલેકટર હોય, પ્રાંત ઓફિસ હોય, મામલતદાર કચેરી હોય, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ હોય, વિવિધ શાખાની કોલેજો હોય, પોલિટેકનીક હોય, ઇજનેરી કોલેજો હોય, આઇ.ટી.આઇ. હોય, આદર્શ નિવાસી શાળા હોય, વેટરનરી, પોલિટેકનિક હોય, કોર્ટ સંકુલ હોય, અન્ન નાગરિક પુરવઠાના ગોડાઉન હોય આવી અસંખ્ય બાબતોનું કામ કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લા સીંગવાડ ખાતેના સેવા સદનનું કામ હોય, ગઢડા, બોરસદ, માંડવીનું વિશ્રામગૃહનું કામ હોય, આઠવાની ખાતે ડી કક્ષાના ૪૮ રહેણાકનું કામ હોય કે ખટોદરા ખાતે ૯૬ યુનિટ બનાવવામાં આવ્યા હોય. આવી અસંખ્ય કોલોનીનું કામ પણ રાજય સરકાર કરી રહી છે. મને કહેતા આનંદ થાય છે કે, આ વર્ષ ૨૦૨૩-૨૪માં ગાંધીનગર અને અમદાવાદ શહેર ખાતે રૂપિયા ૪૦૦ કરોડની અંદાજિત રકમના ૧૭૩૮ આવાસો બનવાના છે. ગાંધીનગર ખાતે ડોકટર જીવરાજ મહેતા રી-ડેવલપમેન્ટ અંતર્ગત સરકારી કચેરીઓની લગભગ રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અમદાવાદ સાબરમતી ખાતે સહકારી કચેરીના લગભગ રૂપિયા ૯૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગાંધીનગર ક રોડ અને રાંધેજા-બાલવા મહેસાણા રોડ ઉપર ૮ કિ.મી.માં રૂપિયા ૪૦ કરોડની અને ચાર માર્ગીય સ્ટ્રકચર બનાવવામાં આવનાર છે. પેથાપુર- રાંધેજા રોડ રૂપિયા ૩૦ કરોડના ખર્ચે પહોળો કરવાનું કામ છે અને એટલા માટે જ કહેવાય છે માનનીય શ્રી નરેન્દ્રભાઇની વાત કરું અને માનનીય ભૂપેન્દ્રભાઇ જે રીતે પ્લાનિંગ કરી રહ્યાં છે કે perfection of planning, perfection of management, perfection of detailing. કોઇ પણ કામમાં perfection હોય છે અને perfection of staffing - આ ચાર સિદ્ધાંતોને લઇને ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે અને એટલા માટે ગુજરાતની અંદર પરફેક્ટ રિઝલ્ટ પણ થાય છે આનો કોઇ જ બીજો વિકલ્પ નથી. પરફેક્ટ રિઝલ્ટ એટલે વર્ષ-૨૦૨૨માં ૧૫૬

અને હું તમામ સભ્યશ્રીઓને કહું છું કે જેમણે ચર્ચામાં ભાગ લીધો છે અને ડો. સી. જે. ચાવડાજીને પણ કહું છું કે, સાચા અર્થમાં રોડ, રસ્તાનું ઇન્ફ્રાસ્ટ્રકચરનું જે કામ થઇ રહ્યું છે અને સરકાર જે રીતે ખેડૂતોની ચિંતા કરી રહી છે. આવો આપણે સૌ સાથે મળી અને આ માગણીઓને વધાવી લઇએ અને કાપ દરખાસ્ત પાછી ખેંચીએ.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, અમારે અમદાવાદથી રાજકોટનો જે સિક્સ લેન હાઇવે ખૂબ સરસ બનાવ્યો છે તે બદલ અભિનંદન આપું છું, પણ સાથે સાથે રાજકોટથી અમદાવાદ વચ્ચે જેટલી હોટલ અને પેટ્રોલ પંપો જેટલા આવે છે, તેમાં ડિવાઇડરો આ હોટલો અને પેટ્રોલ પંપો દ્વારા તોડી નાંખવામાં આવે છે અને તેના હિસાબે ગુજરાતથી સૌરાષ્ટ્રમાં જતાં લોકો અનેક લોકો એક્સિડંટનો ભોગ બને છે અને કેટલાય યુવાનોના મૃત્યુ થાય છે ત્યારે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આ ડિવાઇડરો બંધ કરો અને ફરી પાછા જયારે હોટલવાળા કે પેટ્રોલ પંપવાળા તોડી નાંખે છે, તો ત્યાં કલેકટરને કે પોલીસ તંત્રને સાથે રાખી અને તેનું લાઇસન્સ રદ થાય એ પ્રકારના કડક પગલાં લેવામાં આવે તો આ એક્સિડંટો થતા ખૂબ ઘટશે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારના લગભગ ૩૮ રસ્તા છેલ્લાં ૭ વર્ષ કે તેનાથી વધારે સમયથી જામજોધપુર-લાલપુરના રી-કાર્પેટ થયા નથી તે પૈકીના ૩ રસ્તાઓ છે તેના ઉપર માઇનિંગ લીઝો આવેલી છે અને તેનો હેવી ટ્રાફિક છે તે વિલેજ રોડ ઉપરથી ચાલે છે એટલે મેં માનનીય મંત્રીશ્રીને અને અધિકારીશ્રીઓને પણ આ બાબતે રજૂઆત કરી કે તેને તાત્કાલિક પંચાયત વિભાગ પાસેથી લઇ અને સ્ટેટને ફાળવવામાં આવે અને બીજો એક ખૂબ મહત્ત્વનો પ્રશ્ન છે કે, રોડની સાઇડમાં ફૉરેસ્ટની જગ્યા આર.એન્ડબી. વિભાગે ફાળવેલી હતી. હવે જયારે રોડ પહોળા કરવા માટે આપણે જગ્યા પરત માગીએ ત્યારે ફૉરેસ્ટ વિભાગ સમયસર આના માટે આપણને મંજૂરી આપતું નથી. જેને લઇને મોટા કરોડો રૂપિયાના પ્રોજેકટો છે તે એકથી દોઢ વર્ષ જેવા મોડા થતા હોય છે, તો આવા સમગ્ર રોડની સાઇડની જે જગ્યાઓ છે તે આર.એન્ડ બી. વિભાગે જે ફૉરેસ્ટને આપી છે તે તાત્કાલિક પરત લઇ, કારણ કે ત્યાં ઝાડ છે તો પ્રોજેકટો આપણા જે ટલ્લે ચડે છે તે ન ચડે અને સમયસર કામ થાય.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારું સૂચન છે કે, અમદાવાદ રિંગ રોડથી છેક ગોધરા સુધીનો જે ફોર લાઇન રોડ છે, તેમાં સામાન્ય જનતાને જવા માટે રસ્તા માટે કોઇ આડ નથી અને ઢોરો અને જંગલી જનાવરો વારંવાર રોડ ઉપર આવી જતા અકસ્માત થાય છે તો તેને તાતકાલિક ધોરણે સેફ્ટી આપવા માગો છો કે કેમ?

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારા રાધનપુરથી મહેસાણાનો રસ્તો ફોર લેન થાય તો એ અતિ મહત્ત્વનો રસ્તો છે. ભાભરથી અને ભૂજથી બધા લોકો આવે છે અને ત્યાં વાહનોની અવર-જવર વધારે છે. આ રસ્તો ફોર લેન બનાવે એવી મારી મંત્રીશ્રીને વિનંતી છે અને બીજું કે વારાઇથી આગળ રાધનપુરનો બાયપાસ સબદલપૂરા સુધી થાય તો સારું. મેં લેખિતમાં તો આપ્યું છે પણ જો આ થાય તો વધારે સારું એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત સરકારશ્રી અને મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે મારા ગીર-સોમનાથ જિલ્લામાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં પહેલાં સુગર મિલો ચાલુ હતી. આ મિલો ઘણા સમયથી બંધ છે. હમણાં કલાઇમેટ ચેન્જના કારણે બગીચાઓમાં કેસર કેરીનો પાક પણ નિષ્ફળ જાય છે. એટલા માટે ખેડૂતો શેરડી વાવવા તરફ વળ્યા છે. કોડીનાર અને તલાલાની સુગર મિલો ચાલુ કરાવવા માટે સરકાર ખાસ કાંઇ પૅકેજ જાહેર કરે તો ખેડૂતોને પણ ઘણો ફાયદો થાય એવી મારી વિનંતી છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, ચિલોડાથી શામળાજીનો જે હાઇ-વે છે એ ગુજરાત સરકાર નૅશનલ હાઇ-વે ઓથોરિટી સાથે મળીને ઝડપથી પૂરો કરાવે એવી મારી વિનંતી છે.

ડો. કમલેશભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા મત વિસ્તાર પેટલાદમાં ધર્મજ ચોકડીથી વલેટવા ચોકડીનો ૨૦ કિ.મી.નો રસ્તો ફોર લેન બનાવવા વિનંતી છે.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, દ્વારકાથી ભાવનગર સુધી ૫૫૦ કિ.મી.ના રસ્તાને ફોર લેન બનાવવાનું કામ અત્યારે ચાલુ છે અને પૂર્ણ થવાના આરે છે, પરંતુ જ્યાં ભગવાનના લગ્ન થયા હતા એ માધવપુર (ઘેડ)થી ગડુ સુધીનો ૫૦ કિ.મી.નો રસ્તો થ્રી લૅન છે. એ ફોર લેન બનાવવો જરૂરી છે.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારું મોરબી એક ઔદ્યોગિક વિસ્તાર છે. મોરબીમાં ૪૦ કિ.મી.ની ત્રિજ્યામાં એક ઉદ્યોગ આવેલો છે. ત્યાં દરરોજ ટ્રક દ્વારા કાચા અને પાકા માલનું પરિવહન થાય છે. એના કારણે ટ્રાફિકની સમસ્યા ખૂબ જ છે. જો મોરબીને એક રિંગ રોડ મળે તો આ ટ્રાફિકની સમસ્યા હલ થાય. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના ધ્યાને મૂકું છું કે મોરબી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારને દર વર્ષે રૂપિયા ૨ હજાર કરોડની આવક આપે છે. તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે એક રિંગ રોડની સુવિધા અમને પ્રાપ્ત થાય.

અધ્યક્ષશ્રી : ટૅક્સની આવક વધારે આપતું શહેર છે એટલે રિંગ રોડ બનાવવો જોઇએ.

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે અમારા રાજકોટ-અમદાવાદ હાઇ-વેનું કામ ખૂબ ધીમું ચાલે છે. એ ઝડપથી કરવું જરૂરી છે. મારો બીજો પ્રશ્ન એ છે કે રાજકોટ-

ભાવનગર હાઇ-વે અને રાજકોટથી મેટોડા કે જે અમારો મુખ્ય ઔદ્યોગિક વિસ્તાર છે એ બંને રસ્તાઓને રી-સર્ફેસિંગની તાત્કાલિક જરૂરિયાત છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે મારા બોટાદ જિલ્લામાં એક દૂધ સંઘ આવેલું છે અને એ સંઘમાં ચોક્કસ જ્ઞાતિના જ સભ્યો છે. એમાં દરેક જ્ઞાતિના સભ્યોનો સમાવેશ કરવામાં આવે અને સાથે-સાથે મંત્રીશ્રીને એ પણ પૂછવા માગું છું કે સૌથી વધુ દૂધ ભરનાર મહિલાઓ છે, એમના દૂધના ફેટમાં ચીટિંગ કરવામાં આવે છે તો એના માટે કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગના રાજ્ય ધોરી માર્ગ, સ્ટેટ હાઇ-વે અને નેશનલ હાઇ-વેમાં મુખ્ય રોડના અનુસંધાનમાં જે ગતિ અવરોધક મૂકવામાં આવે છે એનું પ્રમાણ રાજ્ય સ્તરે વાહન-વ્યવહારને ધ્યાને રાખીને કરવામાં આવે. ઘણી વખત ગતિ અવરોધક ખૂબ મોટા મૂકવામાં આવે છે અને ચિહ્નો ન મૂકવાના કારણે અકસ્માતો થાય છે. આમ, ગતિ અવરોધકનું પ્રમાણ જળવાઇ રહે એવું મારું નમ્ર સૂચન છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે યાત્રાધામ અંબાજીના જે રસ્તા કર્યા તે બદલ આભાર, પણ સાથે સાથે મારા વિસ્તારના અંતરિયાળ ગામડામાં જે મુશ્કેલી છે તેનું વહેલી તકે નિવારણ લાવવા માગો છો કે કેમ? અને હું ત્રીજી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યો તે પહેલાં વિરમપુરથી ઈકબાલગઢ રસ્તાના પુલનું ખાતમુહૂર્ત અંદાજે ૧૩થી ૧૪ વર્ષ પહેલા થયેલું પણ આજ દિન સુધી કામગીરી ચાલુ છે તો કયા કારણસર કામગીરી પૂરી થતી નથી અને વહેલામાં વહેલી તકે ક્યારે પૂરું કરી આપશો?

શ્રીમતી નીમીષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે દરેક મહિલા ધારાસભ્યશ્રીઓને માર્ગ અને મકાન વિભાગ તરફથી દોઢ કરોડ રૂપિયાની ગ્રાન્ટ રસ્તા બનાવવા માટે આપવામાં આવે છે, તો આ વર્ષે બે કરોડ રૂપિયાની ગ્રાન્ટ રસ્તા બનાવવા માટે આપવામાં આવે. મારા મત વિસ્તારમાં સાલિયા અને મીરાપુરનો રૂ.૧૪ કરોડનો પુલ મંજૂર છે પણ તે મંજૂરી મળેલ હોવા છતાં હજુ પણ એવો જવાબ મળે છે કે ડિઝાઇનમાં છે તો તે ડિઝાઇનમાંથી જમીન ઉપર આવે અને પુલ બને અને લોકોની માગણી સંતોષાય. ટ્રાયબલ વિસ્તારમાં જે રસ્તા મંજૂર થાય છે, તેમાં માર્ગ અને મકાન વિભાગ અને ફોરેસ્ટ વિભાગનું સંકલન ન હોવાથી જોબ નંબર મળવા છતાં પણ રસ્તાની મંજૂરી ટેન્ડર પ્રક્રિયામાં થતી નથી, તો બંને વિભાગનું સંકલન થાય અને સત્વરે આ રસ્તા પૂર્ણ થાય જેથી કરીને લોકોને સુવિધા મળે. જિલ્લામાં જેવું સેવા સદન હોય છે તેવી રીતે અમારા ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા સેવા સદન મળે તેવી મારી માગણી છે જેથી કરીને લોકોને સરળતા રહે.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે અંબાજીનો વિકાસ થઈ રહ્યો છે તે જોતા પાલનપુર-અંબાજી હાઈ-વે પર રતનપુરથી મહેરવાડા પુલ પહોળો કરવાની જરૂરિયાત છે અને પાલનપુર શહેરમાં એરોમા ચોકડીનું કામ ચાલુ હોવાથી ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાય છે. આ કામ ઝડપથી પૂર્ણ થાય તેવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : ઘણો સમય થઈ ગયો છે. માનનીય મંત્રીશ્રીએ ધારાસભ્યશ્રીઓની અલગથી એક મિટિંગ બોલાવીને એમના પ્રશ્નોનો પ્રાયોરિટીમાં ઉકેલ લાવવાની વ્યવસ્થા કરવી જોઇએ.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, ગયા બજેટમાં ઉમરગામ સાયન્સ કૉલેજની જોગવાઈ હતી પણ સરકારે વિનિયોગ કરીને આ રકમ લઈ લીધેલી છે તો તે જોગવાઈ કરવામાં આવે અને સેવા સદન મામલતદાર કચેરી, ઉમરગામમાં રૂપિયા પાંચ કરોડ મંજૂર થયેલા છે પણ અત્યારે એસ.ઓ.આર. પ્રમાણે થઈ શકતું નથી, તો તેમાં ખૂટતી રકમનો વધારો કરવામાં આવે અને વર્ષ ૨૦૧૬ના રસ્તાની લાયેબિલિટી પૂરી થઈ ગયેલી છે. મેં આ ચાર રસ્તાઓની રજૂઆત કરેલી છે તે રસ્તા કરવામાં આવે તેવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય સચિવશ્રીઓના ધ્યાન ઉપર હશે જ. અગાઉ પણ મેં સૂચના આપેલી છે. પ્રજાના પ્રતિનિધિઓની આ માગણી પ્રજા માટે છે, તો તમારા કામમાં બજેટની જોગવાઈઓને આનુષંગિક આ માગણીઓને પ્રાયોરિટી આપવામાં આવે. આ ઉપરાંત માનનીય મંત્રીશ્રી કક્ષાએથી મિટિંગ બોલાવવામાં આવે તેમાં સચિવશ્રીઓએ હાજર રહીને જોઈ લેવું જોઇએ.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૨, ૪, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૭, ૨૦, ૨૩,**
**૨૫ અને ૨૭ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**
**માગણી ક્રમાંક- ૫, ૮૫, ૮૬ અને ૮૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**
**(વિરામ બપોરના ૦૨.૪૦થી ૩.૦૦)**
**માનનીય સભાપતિશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને**

**બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી સંકલ્પો**

**G -20 સમિટ થકી રાજ્યમાં ઊભી થયેલ આશા વાસ્તવિકતામાં પરિવર્તિત થાય તે અંગે**

શ્રી જે. વી. કાકડીયા(ધારી): માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૩મી માર્ચના શહીદદિન નિમિત્તે આપણે સૌ શહીદવીરોને વંદન કરીએ. આપણા દેશને સર્વાંગી વિકાસના શિખરે પહોંચાડનાર અને જેમને સમગ્ર વિશ્વ ખૂબ જ યાદ કરે છે એવા આપણા

સૌના અત્યંત લોકપ્રિય વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની પ્રેરક આગેવાનીમાં આપણે ત્યાં આ સંમેલન યોજાઇ રહ્યું છે તે ગુજરાત માટે ગૌરવની બાબત છે. શહેરી વિકાસની યાત્રાના શિલ્પી એવા માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે એમના મંત્રીમંડળના કાર્યકાળ દરમિયાન ગુજરાતનાં શહેરોની સંપૂર્ણ કાયાકલ્પ કરી છે તેના પગલે શહેરોમાં ઇઝ ઓફ લિવિંગ વધ્યું છે તેનું ગુજરાત સાક્ષી છે. વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદની યજમાનીમાં તા. ૯ અને ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમિયાન યોજાઇ ગયેલ અર્બન (વચ્ચે અટકાવતા)...

સભાપતિશ્રી:માનનીય સભ્યશ્રી, તમે જે સંકલ્પ રજૂ કર્યો છે એ પહેલાં તમારે આખો વાંચી જવાનો છે.

શ્રી જે. વી. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

'' ભારતે સૌ પ્રથમવાર ૧ ડિસેમ્બર, ૨૦૨૨થી ૩૦ નવેમ્બર, ૨૦૨૩ સુધી G-20 સંગઠનનું પ્રમુખપદ સંભાળેલ છે. જે નવેમ્બર-૨૦૨૩માં ભારતમાં G-20ના નેતાઓની સમિટ સાથે સમાપ્ત થશે. G-20નું પ્રમુખપદ મેળવવું તે આપણા દેશ માટે એક ગૌરવની વાત છે અને તેનો સમગ્ર યશ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના ફાળે જાય છે. G-20ના પ્રમુખ તરીકે ભારત તેના સભ્ય રાષ્ટ્રોની જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વની આકાંક્ષાઓને પરિપૂર્ણ કરવાની નેમ ધરાવે છે. G-20 સમિટ એ એક મહત્ત્વનો મંચ છે, જે આંતરરાષ્ટ્રીય આર્થિક સહયોગ માટે વિશ્વની ૧૯ મોટી અર્થવ્યવસ્થાઓ અને યુરોપિયન યુનિયનને એક મંચ પર લાવે છે અને વૈશ્વિક કક્ષાએ આર્થિક વ્યવસ્થામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. **G-20માં** વિશ્વના ૧૯ દેશોનો સમાવેશ થાય છે. G-20 સંગઠન વિશ્વની ૬૦% વસ્તી, ૭૫% વેપાર અને ૮૫% જી.ડી.પી.નું પ્રતિનિધિત્વ કરે છે. ભારતને મળેલ **G-20ના પ્રમુખપદના** અનુસંધાને તાજેતરમાં આપણું ગુજરાત રાજ્ય વિવિધ સ્તરો અને સ્થળોએ કુલ-૧૬ બેઠકોની યજમાની કરી રહ્યું છે. વિવિધ સ્તરોએ જેવા કે, મંત્રી સ્તરીય ચાર બેઠકો, એન્ગેજમેન્ટ ગ્રુપની ત્રણ, વર્કીંગ ગ્રુપની આઠ અને ઇવેન્ટની એક બેઠકનો સમાવેશ થાય છે. આ તમામ બેઠકો ગુજરાતના વિવિધ સ્થળોએ યોજવાનું આયોજન છે. જેમાં અમદાવાદ ખાતે બે, ગાંધીનગર ખાતે અગિયાર, સુરત ખાતે એક, એકતાનગર ખાતે એક અને કચ્છ ખાતે એક બેઠકનો સમાવેશ થાય છે. ગુજરાત ખાતેની **G-20 સંગઠનની** આ સમિટની વૈશ્વિક રૂપરેખા અને તેને લગતી ઇવેન્ટ્સને જોતાં આ બેઠકો દ્વારા ગુજરાત રાજ્યની સમૃદ્ધ સંસ્કૃતિ, પરંપરા, તેનો ભવ્ય વારસો, પર્યટન તેમજ આર્થિક વિકાસ અને વિવિધ ક્ષેત્રોમાં રોકાણની સંભાવનાને મુલાકાતી પ્રતિનિધિઓ સમક્ષ રજૂ કરવામાં આવી રહી છે, જેનો સંગઠનના પ્રતિનિધિઓ દ્વારા પ્રશંસનીય પ્રતિભાવ આપવામાં આવી રહ્યો છે.

યોજાયેલ પ્રથમ ત્રણ બેઠકો દરમિયાન સંગઠનના પ્રતિનિધિઓએ સ્ટેચ્યૂ ઓફ યુનિટી, સાબરમતી આશ્રમ, દાંડીકુટીર, ધોળાવીરા અને અમદાવાદ હેરિટેજ સિટી જેવી વર્લ્ડ હેરિટેજ સાઇટ્સ, સ્મૃતિવન, ભૂકંપ સ્મારક, અડાલજ સ્ટેપવેલ વગેરે પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી હતી તેમજ ગિફ્ટસિટી, ડ્રીમસિટી (સુરત) વગેરે સ્થળોની પણ મુલાકાત લીધી હતી. આ ઉપરાંત ધોલેરા સર (SIR) અને તમામ ક્ષેત્રોના નવીન પ્રોજેક્ટ્સનું પ્રદર્શન પણ ઉક્ત બેઠકોના સ્થળે યોજવામાં આવ્યું હતું. આ બેઠકો દરમિયાન હસ્તકલા બજારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્યના વૈવિધ્યસભર હેન્ડલૂમ અને હસ્તકલા ઉત્પાદનોથી આ પ્રતિનિધિઓ અભિભૂત થયા હતા. આપણા રાજ્યમાં પધારેલા **G-20 સંગઠનના પ્રતિનિધિઓને વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ (ODOP) તરીકે ગુજરાતની હસ્તકલાને લગતી કલાકૃતિઓ** સંભારણા તરીકે ભેટરૂપે આપવામાં આવી હતી. ઉક્ત બેઠકો દરમિયાન રાજ્યની સંસ્કૃતિ અને વિવિધતાને દર્શાવતા વૈવિધ્યસભર નૃત્ય સ્વરૂપો પણ પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં તેમજ ભોજનમાં ગુજરાતી વાનગીઓ પીરસવામાં આવી હતી. વધુમાં, આ પ્રતિનિધિઓને એક જ જગ્યાએ રાજ્યનો સર્વગ્રાહી અનુભવ મળી રહે તે માટે ગુજરાતનું **G-20 વિલેજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ઊભું કરવામાં આવ્યું હતું. આમ, G-20 સમિટ માટે ગુજરાત દ્વારા સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ છે. આ આયોજન થકી G-20 સંગઠનના સભ્ય દેશો દ્વારા આપણા રાજ્યમાં ઔદ્યોગિક ક્ષેત્રે ખૂબ મોટા પ્રમાણમાં મૂડીરોકાણ થાય તેમજ રાજ્યના પ્રવાસનક્ષેત્રને વેગ મળે તેવી આશા ઊભી થઇ છે. ગુજરાત રાજ્યમાં ઊભી થયેલ આ આશા વાસ્તવિકતામાં પરિવર્તિત થાય તે માટેનાં પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.``**

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

સભાપતિશ્રી : આમ તો આપનો સમય પૂરો થાય છે. આ સિવાય કંઇ બોલવું છે? ઠીક છે.

શ્રી જગદીશભાઇ પ્ર. મકવાણા (નાયબ મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં સૌ પ્રથમ વખત બોલવાની મને જે તક આપી છે ત્યારે હું આપનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું.

जब जब बहेला विश्व हमारा, जब जब बेमक्सद खून बहा।

तब चीन, रुस, जापान सभीने, भारत को एक दूत कहा।।

માનનીય અધ્યક્ષશ્રી, હું આજે કહેતાં અતિ ગર્વ અનુભવું છું કે, સમગ્ર વિશ્વની સર્વશ્રેષ્ઠ લોકશાહીના આપણા મહાન રાષ્ટ્રના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની 'વસુધૈવ કુટુંબક્મ'ની ભાવનાથી અને તેમના પ્રયત્નના કારણે ભારતને જી-૨૦નું પ્રમુખપદ હાંસલ થયેલ છે. આશા, સંવાદિતતા, શાંતિ અને સ્થિરતા આ એવા પરિભાષિત વિચારો છે, જે વિશ્વની સૌથી અદ્યતન અને ઉભરતી અર્થવ્યવસ્થાઓની જૂથના ભારતના પ્રમુખપદને ઘડશે. વિશ્વના સર્વાધિક લોકપ્રિય નેતા, ભારતના દીર્ઘદષ્ટા વડાપ્રધાનનાં સપનાઓને વિશ્વ ફલક સુધી લઇ જવાનો અવસર એટલે આ વખતની જી-૨૦ની સમિટ છે. જન-

જનને સાથે રાખીને મીનીમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સના સૂત્રને વરેલા માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની મક્કમ નિર્ણય શકિતથી આજે આખી દુનિયા પરિચિત છે. આ વખતની જી-૨૦ સમિટ એ સૌથી મોટી સમિટ છે. જેમાં બાંગ્લાદેશ, ઇજિપ્ત, ઓમાન અને યુ.એ.ઇ. જેવા દેશોને વિશેષ આમંત્રિત કર્યા છે. તો વિશ્વની દિશા નક્કી કરતા, વિવિધ સંગઠનો જેવા કે, સંયુકત રાષ્ટ્ર સંઘ હોય, વિશ્વ બેંક હોય, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન જેવા પ્રતિનિધિ પણ ઉપસ્થિત રહેવાના છે. આ સમિટ અંતર્ગત આપણાં દેશનાં ૫૦ શહેરોમાં ૨૦૦થી વધુ બેઠકો થવાની છે. જેમાંથી આપણા ગુજરાતમાં પણ ૧૬ જેટલી બેઠકો છે. જે પૈકી ૩ બેઠકો અત્યાર સુધી ગુજરાતમાં થઇ ચૂકી છે. વિશ્વના દેશો જયારે ભારત આવશે ત્યારે વિશ્વ ભારતના હેરિટેજ, કલ્ચર, નેચર, કેપેબલ હોસ્ટ, વિકાસ, વિવિધતા, તાકાત, વિરાસત, સંસ્કૃતિ, સભ્યતા અને ભારતની મજબૂત લિડરશિપથી પરિચિત થશે. ભારતનું જી-૨૦નું બાલદ્રિકમાં નેતૃત્વ સંભાળતા સમયે આ દેશના સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિશ્વને ખાતરી આપી હતી કે, આ પ્રમુખપદનો સમય એ સમાવેશક, મહત્ત્વાકાંક્ષી, નિર્ણાયક અને ક્રિયાલક્ષી હશે. ભારતના પ્રમુખપદના મુખ્ય આધાર અને પ્રાથમિકતાઓની રૂપરેખા આપતા વડાપ્રધાનશ્રી મોદી સાહેબે કહ્યું હતું કે, જી-૨૦ સમિટ એ શાંતિ અને સંવાદિતતાની તરફેણમાં મજબૂત સંદેશો આપવાની છે. જી-૨૦ અંતર્ગત વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલી 'મિશન લાઇફ' એ ટકાઉ અને સ્વસ્થ જીવનશૈલી માટેની એક આગવી પહેલ છે. જી-૨૦નો લોગો રાષ્ટ્રધ્વજના વાઇબ્રન્ટ રંગથી પ્રેરિત છે. જે ભારતના રાષ્ટ્રીય ફૂલ ઉપર રંગવામાં આવ્યો છે. તે પડકારો વચ્ચે વૃદ્ધિને પ્રતિબિંબિત કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સપ્ટેમ્બર માસની ૯મી અને ૧૦મી તારીખે દિલ્હીના પ્રગતિ મેદાનમાં જી-૨૦ સમિટ મળનાર છે. જી-૨૦નો લોગો અને થીમ જોઇએ તો ધ્યાનમાં આવશે કે તેમાં ‘ભારત’ એ દેવનાગરી લિપિમાં લખેલું છે. જયારે આપણી થીમ એ ‘વસુધૈવ કુટુમ્બકમ્’ ની રાખી છે. આપણે જયારે ‘વસુધેવ કુટુમ્બકમ્’ કહીએ છીએ ત્યારે એ આપણે ચરિતાર્થ કરીને બતાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૪માં માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ પ્રધાનમંત્રી બન્યા પછી વિશ્વના કોઇપણ દેશને સંકટ સમયે ભારત દેશે મદદ કરી છે. વર્ષ ૨૦૧૪માં માલદીવમાં પડેલ પીવાના પાણીની તંગીના સમયે ભારતે ‘ઓપરેશન નીર’ દ્વારા પીવાનું પાણી પહોંચાડ્યું હતું. વર્ષ ૨૦૧૫માં યમનમાં ગૃહયુદ્ધમાં ફસાયેલા ભારત અને વિદેશના નાગરિકોને ‘ઓપરેશન રાહત’ના માધ્યમથી બચાવેલા. ‘ઓપરેશન મૈત્રી’ થકી નેપાળમાં આવેલ વિનાશકારી ભૂકંપ વખતે માત્ર પાંચ જ કલાકમાં ભારતીય વાયુદળ, ડોકટર, મેડિકલ કીટ, ફૂડપેકેટ વગેરે લઇને કાઠમંડુ સેવામાં જોડાઇ ગયેલા. વર્ષ ૨૦૧૬માં દક્ષિણ સુદાનના હિંસાગ્રસ્ત વિસ્તારમાં ફસાયેલા ૫૦૦ જેટલા ભારતીયોને બચાવવા માટે ભારત સરકારે ‘ઓપરેશન સંકટમોચન’ના માધ્યમથી સરસ મજાની બચાવ કામગીરી કરેલ. વર્ષ ૨૦૧૭માં મ્યાનમાર અને બાંગલાદેશમાંથી હાંકી કઢાયેલા રોહિંગ્યા શરણાર્થીઓને માનવતાવાદી અભિગમથી મોટી વસતિને સહાય પૂરી પાડી ભારતે ‘ઓપરેશન ઇન્સાનિયત’ થકી માનવતાનો એક અભિગમ અપનાવેલ. વર્ષ ૨૦૧૮માં ઇન્ડોનેશિયામાં આવેલા સાડાસાત પોઇન્ટનો વિનાશક ભૂકંપ અને સુનામી સમયે પીડિતોની મદદ માટે ‘ઓપરેશન સમુદ્રમૈત્રી’ના માધ્યમથી સૌ પીડિતોને મદદ કરેલ. ‘ઓપરેશન દૈવીશક્તિ’ થકી અફઘાનિસ્તાનમાંથી ૧૦૪ લોકોને નવી દિલ્હી લાવવામાં આવ્યા હતા. આ સ્પેશિયલ ફલાઇટમાં ૧૦ ભારતીય અને ૯૪ અફઘાન નાગરિકો હતા. તેમાં ૩ નવજાત સહિત ૯ બાળકો પણ સામેલ હતાં. તેમજ આ ફલાઇટમાં અફઘાનિસ્તાનના ઐતિહાસિક ગુરૂદ્વારામાંથી શ્રી ગુરુગ્રંથ સાહિબની ૩ નકલ તથા કાબુલમાં આવેલા પાંચમી સદીના પ્રાચીન આસામાયી મંદિરમાંથી રામાયણ, મહાભારત અને ભગવતગીતા સહિત હિન્દુ ધર્મગ્રંથો પણ લાવવામાં આવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, યુક્રેનથી વિદ્યાર્થીઓને પરત લાવવા ‘ઓપરેશન ગંગા’ જેમાં ભારત સહિત વિશ્વના ૧૮ દેશોના વિદ્યાર્થીઓને એક ભારતનો તિરંગો બતાવી અલગ અલગ દેશોમાં એમને ભારત થકી આવવાનું થયું હતું. તાજેતરમાં જ તુર્કીમાં ભૂકંપ પીડિતોને મદદ માટે ‘ઓપરેશન દોસ્ત’ શરૂ કરી વિશ્વના પીડિતોને સૌ પ્રથમ મદદ કરનાર દેશ તરીકે ઊભરી આવ્યા હતા. આપણા યશસ્વી વડાપ્રધાનશ્રીએ સમગ્ર વિશ્વને એક કુટુંબ માની, એક પરિવાર માની સમગ્ર વિશ્વના કલ્યાણની જે કામના કરીને રાષ્ટ્રની ગરિમા વધારી છે અને વિશ્વને એક નવો આયામ આપેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કહેવત છે ને કે, ‘પુત્રના લક્ષણ પારણામાં’. જયારે આપણા આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મુખ્યમંત્રીમાંથી દેશના વડાપ્રધાન થયા ત્યારે સંસદભવનની અંદર પ્રવેશ કરતા પહેલા એ સંસદભવનને નતમસ્તકે પ્રણામ કરીને મનોમન નક્કી કરેલ હશે કે, ‘શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે’. સને ૨૦૧૪માં જયારે સોગંદવિધિમાં એશિયાખંડના તમામ પડોશી રાષ્ટ્રના વડાઓને આમંત્રિત કરીને એક સંદેશ આપેલ કે, ‘મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરો, શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહો’.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અને જી-૨૦ની વાત કરીએ તો ગુજરાત વિવિધ સ્તરો પર લગભગ ૧૬ જેટલી જી-૨૦ની મિટિંગનું આયોજન કરશે. તેમાં મંત્રી સ્તરીય ૪ બેઠક હશે. એંગેજમેન્ટ ગ્રૃપ ૩ બેઠક તેમજ વર્કીંગ ગ્રૃપની ૮ બેઠકનો સમાવેશ થશે. ગુજરાતને રાજયની સમૃદ્ધિ, પરંપરા, વારસો, પર્યટન તેમજ આર્થિક વિકાસ અને વિવિધ ક્ષેત્રોમાં રોકાણોની સંભાવનાને મુલાકાતી પ્રતિનિધિઓ સમક્ષ પ્રદર્શિત કરવાની અનન્ય તક પૂરી પાડશે. પ્રતિનિધિઓ સ્ટેચ્યૂ ઓફ યુનિટી, સાબરમતી આશ્રમ, ધોળાવીરા, સ્મૃતિવન, ભૂકંપ સ્મારક, અડાલજ સ્ટેપવેલ વગેરેની મુલાકાત લેશે, તેમજ આવનાર પ્રતિનિધિઓને ગુજરાતની હસ્તકલા અને ‘વન ડિસ્ટ્રિકટ-વન પ્રોડક્ટ, એક ભેટ-એક સંભારણું’ તરીકે આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જી-૨૦ પ્રોગ્રામમાં દરેક નાગરિકને જોડવા અને જાગૃતિ લાવવા માટે યુનિવર્સિટી કનેક્ટ, એંગેજિંગ, યંગ માઇન્ડ, અનેક વ્યાખ્યાનો, વર્કશોપ, પરિષદો, ક્વિઝ, ડીબેટ, નિબંધ લેખન, ફૂડ ફેસ્ટીવલ, ફ્લેશ મોલ, સંસ્કૃતિ શો વગેરે જેવા કાર્યક્રમનું પણ આ જી-૨૦ના માધ્યમથી આયોજન કરેલ છે. આજે ૨૩મી માર્ચ, બલિદાન દિવસ છે, શહીદ ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ જેવા અનેક ક્રાંતિકારી વીરોએ હસતા હસતા પોતાના પ્રાણની આહૂતિ આપી ફાંસીના માચડે લટકી ગયા હતા. ઇન્કલાબ જિન્દાબાદ, ભારત માતાના જય જય કારા સાથે જયારે પ્રાણની આહૂતિ આપી હોય ત્યારે આજે એમનો શહીદ દિન છે એ શહીદ દિને સૌ શહીદોના ચરણોમાં વંદન કરી મારા શ્રદ્ધા સુમન અર્પણ કરી મારી વાત પૂર્ણ કરું છું. સભ્યશ્રી જયસુખભાઇ કાકડીયા જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરી મારું સમર્થન કરું છું.

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે.વી. કાકડીયા જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેના સંદર્ભમાં હું મારા વિચારો રજૂ કરી રહ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે વર્ષ પ્રતિપ્રદા નો ઉત્સવ ગયો, અને વર્ષ પ્રતિપ્રદાના કારણે નવું વર્ષ જે શરૂ થયું છે એ નવા વર્ષના સંદર્ભમાં આ ગૃહના માધ્યમથી અને આપશ્રીના માધ્યમથી સમગ્ર ગૃહના સદસ્યોને અને ગુજરાતવાસીઓને વર્ષ પ્રતિપ્રદાની શુભ કામના પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે વાત થઇ એની પુનરોક્તી કરતો નથી, પરંતુ આ દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના સક્ષમ નેતૃત્વને કારણે ભારત જે રીતે આગળ વધી રહ્યું છે એ ભારતની શક્તિઓને કારણે જી-૨૦નું અધ્યક્ષપદ ભારતને મળ્યું છે. આ જી-૨૦નું અધ્યક્ષપદ આપણને મળ્યું છે અને એમાં ભારતની સંકલ્પનાઓને વણી લેવાઇ છે. જી-૨૦ના લોગોમાં પણ નીચે ભારત લખેલું છે. એમાં સંકલ્પના એવી છે, વન ફેમિલી, વન ફ્યુચર, વન અર્થ, જે સંકલ્પના છે એ સંકલ્પનાઓ પણ આપણા જ શાસ્ત્રોમાંથી લીધેલી છે. આપણા શાસ્ત્રો કહી રહ્યા છે, અયં નીજ:, પરોવેતી, ગણા નામ લઘુચેત સામ, અયં નીજ: આ મારું છે, પરોવેતી, આ પારકો છે, આ ગણના લઘુ ચેત સામ, ઓછા વિચારોવાળી, ટૂંકી વિચારધારાની છે. પરંતુ ઉદાર ચરિતાનામતું, વસુધૈવ કુટુંબકમ્, એ ભાવના સાથેની આ સંકલ્પના લીધેલી છે. અને એ સંકલ્પનાની અંદર જી-૨૦માં, સાહેબ, આ જી-૨૦ છે શું? ૨૦ દેશોનો સમૂહ સાથે મળીને દુનિયાની અડધાથી વધારે જન સંખ્યાનો સમૂહ છે, એ જન સંખ્યાના સમૂહના દેશો સૌ સાથે મળી આવનારા દિવસોની અર્થવ્યવસ્થા, આવનારા દિવસોનું ક્લાઇમેટ ચેન્જ, આવનારા દિવસોનો વિકાસ એ તમામ બાબતો ઉપર વિચાર કરશે. અહીં કહેવાયું એ પ્રમાણે અહીંયા બેઠકો તો યોજાઇ છે અને હજુ આવનારા બે ત્રણ દિવસોમાં જ ફરી પાછી બેઠક જી-૨૦ની યોજાશે. જેની અંદર વિશ્વના મહાનુભાવો પણ આવવાના છે અને વિશ્વાના મહાનુભાવો ગુજરાતની, ભારતની સંસ્કૃત્તિ અને વ્યંજનોથી આદાન-પ્રદાન કરી અને ઉજાગર કરશે. આ જી-૨૦નું કામ મુખ્યત્ત્વે ત્રણ વિભાગો ઉપર વાંચી શકાય એવું છેઃ એક આરોગ્ય, એક ડિજિટલ ક્રાન્તિ અને એક ઊર્જા ક્ષેત્ર. આરોગ્યની અંદર ભારતની જે સત્તા, ભારતની જે શક્તિ અને સામર્થ્ય એણે જોયું કે ૧૩૦ કરોડ દેશવાસીઓને ડબલ રસી આપી, બુસ્ટર ડોઝ પણ આપ્યો અને મિત્ર દેશોને પણ રસી આપી અને જયારે જયારે જરૂરિયાત પડી ત્યારે ત્યારે તે તે વસ્તુઓની આપત્તિની પૂર્તતી કરી. એની તાકાત અને સામર્થતા જોઇ એની ચર્ચા પણ આ જી-૨૦ની ચર્ચામાં આરોગ્ય ક્ષેત્રની બાબતમાં પણ થવાની છે. ડિજિટલ ક્રાંતિનો જે યુગ વિશ્વની અંદર ચાલી રહ્યો છે અને ડિજિટલ ક્રાંતિના માધ્યમથી ઝડપથી આદાન પ્રદાન થઇ રહ્યું છે, માહિતીનું આદાન પ્રદાન પણ થઇ રહ્યું છે અને આજે ભારત સરકાર કિસાનોને દાખલા તરીકે સહાય આપે છે તો એ પણ સીધી એના ગજવામાં પહોંચે છે. ફાઇવ જી લોન્ચ થયું તેને છ મહિના થયા છે અને ગઇકાલે જ આપણા દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ પોતે વિશ્વના ફલક ઉપરથી કહેતા હતા કે ફાઇવ જીને રોલ આઉટ તો કરી રહ્યા છીએ, સાથે સાથે સિક્સ જીની પણ તૈયારી આ ભારત કરી રહ્યું છે અને આ ભારતની તાકાત છે. માટે જી-૨૦ના લોગોમાં ભારત પણ હતું. લોગોમાં કમળ જોઇ અને મિત્રોને ચિંતા જરૂર થઇ હશે પણ એ કમળ આપણું રાષ્ટ્રીય ફુલ છે. ગમે તેવા આક્ષેપો, ગમે તેવી વિટંબણાઓ, ગમે તેવી તકલીફોમાં ઉગી ઉઠવાની તાકાત કમળમાં છે. કમળના સાત રંગો છે એ સાત સૂરોના સાત રંગો છે અને આખા વિશ્વને કમળની સાથે લીધું છે. વિદ્યાની દેવી અને સમૃદ્ધિની દેવી પણ કમળ પર બિરાજે છે, એટલે કમળને જી-૨૦ના લોગોમાં સમાવી અને આ કાર્ય કરવામાં આવ્યું છે. જી-૨૦ના લોગોમાં વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર સાથે સમાવીને તેમાં નીચે ભારત લખવામાં આવ્યું એ આપણાં દેશની તાકાત બતાવી રહેલ છે. તુર્કીમાં હમણાં ભૂકંપ આવ્યો, કદાચ જે તે વખતે વિશ્વના ફલક ઉપર તુર્કીએ ભારતની સહાય કરેલી ન હતી, પરંતુ 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવનાથી ચાલતા ભારત દેશે શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં આપત્તિના સમયે એ કોઇ પણ બાબતને જોયા વગર તાત્કાલિક ત્યાં પહોંચીને સગવડ આપી છે, સેવા આપી છે, ત્યારે ભારતની ગણના, ભારતની કદર ત્યાંના દેશવાસીઓએ કરી છે અને ત્યાંના સત્તાધીશોએ પણ કરી. આ 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના સાથે આપણો દેશ આગળ ચાલી રહ્યો છે, ત્યારે સદસ્યશ્રી જે.વી. કાકડીયા સાહેબે પોતાનો વિચાર રાજ્ય સરકાર સમક્ષ રજૂ કર્યો છે તેમાં મારું સમર્થન આપું છું. ધન્યવાદ.

શ્રી યોગેશ આર. પટેલ(આણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, એક વિશ્વ, એક કુટુંબ એક ભવિષ્ય. સમગ્ર વિશ્વ મારું કુટુંબ છે એવી વૈશ્વિક નેમ હેઠળ ભારત દેશને વિશ્વગુરુ બનાવવાનો મક્કમ નિર્ધાર કર્યો છે તેવા આપણાં સૌના અને વિશ્વનેતા પરમ શ્રદ્ધેય આદરણીય વડાપ્રધાનશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિશ્વના વિકસિત સૌથી મોટા ૧૯ દેશો અને યુરોપિયન સંઘના સમૂહ જી-૨૦ દ્વારા વિશ્વની આકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા માટે, વિશ્વને સમતુલિત વિકાસની દિશામાં લઇ જવા માટે

જેમણે આગેવાની લઇ ભારત દેશને સંગઠનનું પ્રમુખપદ અપાવ્યું છે તે આપણાં સૌના માટે ગૌરવરૂપ છે. ગૃહના માનનીય સભ્યશ્રી જે.વી. કાકડીયા સાહેબ સંકલ્પ લઇને આવ્યા છે તેના અનુસંધાનમાં સમર્થન આપતાં મારે કહેવું છે કે જી-૨૦ના આપણે યજમાન બન્યા છીએ, ત્યારે આપણાં ગુજરાતના કચ્છ ખાતે યોજાઇ ગયેલ ટુરિઝમ વર્કિંગ ગ્રુપની બેઠક દ્વારા ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને વિકસાવવાની એક તક મળી છે. આજે આ સન્માનનીય ગૃહ સમક્ષ આ બેઠક અંગેની વિગતો રજૂ કરતાં હું ગૌરવની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ચાર દિવસના ભવ્ય સેમિનારમાં જી-૨૦ અને અતિથિ દેશો સાથે બહુપક્ષીય સંસ્થાઓના ૧૦૦થી વધુ ડેલિગેટ્સ જી-૨૦ની ફર્સ્ટ ટુરિઝમ વર્કિંગ ગ્રુપની મિટિંગમાં ભાગ લેવા કચ્છના ટેન્ટ સિટી ખાતે પહોંચ્યા હતા. આ બેઠકમાં આવનારા તમામ મહેમાન માટે ભૂજ એરપોર્ટ પર સરકાર દ્વારા એક વિશિષ્ટ લોન્જની વ્યવસ્થા થઇ હતી. જેમાં જી-૨૦ના તમામ પ્રતિનિધિઓનું પરંપરાગત રીતે સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા સ્વાગત કરાયું હતું. ત્યાર બાદ આ મહેમાનોનું આયોજન સ્થળ ટેન્ટ સિટી ખાતે પણ વિશિષ્ટ કચ્છી પરંપરાગત રીતે ભાવભીનું સ્વાગત કરાયું હતું. ટેન્ટ સિટી ખાતે ગુજરાતની કળા અને હસ્તકળાના સમૃદ્ધ વારસાને દર્શાવવા માટે ક્રાફ્ટ બજારની પણ સ્થાપના કરી કુશળ કારીગરો દ્વારા કલાનું જીવંત આકર્ષક પ્રદર્શન યોજવામાં આવેલ હતું. સેમિનારના પ્રથમ દિવસે રૂરલ ટુરિઝમ એન્ડ કોમ્યુનિટી એમ્પાવરમેન્ટના વિષય ઉપર સત્ર યોજાયું હતું. તેમાં માનનીય કેન્દ્રીય પ્રવાસન મંત્રી શ્રી કિશન રેડ્ડીજી તેમજ અતિથિ દેશોના ટુરિઝમ વિભાગના ડેલિગેટ્સ સામેલ થયા હતા. એક પેનલ ડિસ્કશન યોજાયું હતું, જેમાં ભારતના વિવિધ ભાગોમાં રહેલી ગ્રામીણ પર્યટનની સૌથી સફળ અને નવીન દિશા ઉપર પ્રકાશ પડ્યો હતો.

જેમાં ભારતના વિવિધ ભાગોમાં રહેલી ગ્રામીણ પર્યટનની સૌથી સફળ અને નવીન દિશા ઉપર પ્રકાશ પાડયો હતો. જેમાં ભારતના વિવિધ રાજયોના પ્રવાસન વિભાગના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. પ્રથમ દિવસના અંતે સૌ ડેલિગેટોએ ધોરડા ખાતે સૂર્યાસ્તની અભૂતપૂર્વ ક્ષણો માણી હતી. ત્યારબાદ હોટ ટાવર ખાતે સફેદ રણના આહલાદક વાતાવરણમાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરેલ હતું. આ સ્વર્ણીય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન ધન્ય ધરા ગુજરાતના તાદશ કરતા વીસી સેટ ઉપર કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતના વારસાની સમૃદ્ધિ અને ગુજરાતના અદભૂત સ્થાપત્યનું તાદશ પ્રદશન રજૂ કરાયું હતું. આ વિશિષ્ટ કાર્યક્રમમાં કચ્છનો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો, વિવિધ સમૂદાયોના લોકોની કળા અને કચ્છી ગરબા સહ "મા નર્મદાના" આધ્યાત્મિક વિષય ઉપર ઊજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ બાદ રાત્રી ભોજન કરાયું હતું, જેમાં મહેમાનો માટે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે જયારે મિલેટ્સ વર્ષ જાહેર કર્યું છે ત્યારે મિલેટ્સ ફૂડ સ્ટેશન ઉપર બાજરીમાંથી બનાવેલા ફ્યુઝન ફૂડ સહિત ગુજરાતી વાનગીઓ, સ્થાનિક કચ્છી વાનગીઓ અને સાથે ભારતીય વાનગીઓનો સ્વાદ માણ્યો હતો. સેમિનારના બીજા દિવસે ગુજરાતના સંવેદનશીલ, મૃદુ પણ મક્કમ એવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા ઉદઘાટન કરાયું હતું, જેમાં વર્કિંગ ગ્રુપના બે મિટિંગ સેશન યોજાયા હતા. જેમાં કેન્દ્રીય પ્રવાસન મંત્રીશ્રી કિસન રેડ્ડીજી, કેન્દ્રીય મત્સયોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રીશ્રી આદરણીયશ્રી પુરુષોત્તમભાઇ રૂપાલા સાહેબ, ગુજરાતના માનનીય પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઇ બેરા સાહેબ, અને અન્ય મહાનુભાવોએ ભાગ લીધો હતો. આ ખૂબ અગત્યના સત્રમાં Greening of the Tourism Sector, Harnessing Power of Digitalization, Empowering Youth, Rethinking Strategy Management of Destination to World Holistic Approach જેવા વિષય ઉપર ગહન ચર્ચા થઇ હતી. મિલેટ્સ ફૂડ આંતરરાષ્ટ્રીય દિવસ નિમિત્તે આ પ્રસંગે વિવિધ બાજરીઓનું જીવંત પ્રદર્શન મૂકવામાં આવ્યું હતું. ત્યાર બાદ પધારેલા ડેલિગેટો માટે હોટ એર બલૂન એક્ટિવિટી કરવા માટે સફેદ રણ ખાતે લઇ જવામાં આવ્યા હતા. ત્રીજા દિવસની શરૂઆત સફેદ રણ ખાતે યોગસત્રથી થઇ હતી. ત્યારબાદ પ્રતિનિધિઓને ધોળાવીરા ખાતે લઇ ગયા હતા. ટેન્ટ સિટી ખાતે પ્રમોશન ઓફ આર્ક્યોલોજી ટુરિઝમ હેઠળ Discovering Shared Culture Heritage અંગેનું સત્ર યોજાયું હતું. જેમાં Health Tourism, Tourism Management of Tackling High Footfall on the World Heritage Site, Protection of Unprotected Properties ઉપર પ્રકાશ પાડયો હતો. દિવસના અંતે ગામના સરપંચશ્રીએ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા રાત્રી ભોજનનું આયોજન કર્યું હતું. આ સેમીનારમાં થયેલી ચર્ચાઓ થકી ભારત તથા ગુજરાતના વિવિધ પ્રવાસનના ક્ષેત્રોમાં નવી તકો અને નવી દિશા પ્રાપ્ત થશે. જે વિકાસને પ્રોત્સાહન આપશે. સાથેસાથે અન્ય ક્ષેત્રો જેવા કે એમ.એસ.એમ.ઇ., સ્ટાર્ટઅપ વિગેરેને પણ પ્રોત્સાહિત કરશે. માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહ સમક્ષ મારી વાત મૂકવાનો મોકો આપ્યો તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર, અસ્તુ, જય જય ગરવી ગુજરાત. ભારત માતા કી જય.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે. વી. કાકડીયા, આજ રોજ બિનસરકારી સંકલ્પ G-20 લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની રાહબરી હેઠળ ગુજરત વિકાસની 20-20 રમી રહ્યું છે તે બાબતને ખુશી ખુશીથી વ્યકત કરીને હું રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. G-20 ઉપર જે બિનસરકારી સંકલ્પ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું. મને એ વાત કહેતાં ખૂબ ગૌરવ થાય છે કે આ વખતના G-20 સંમેલનની અધ્યક્ષતા ભારત સંભાળી રહ્યું છે. આપણા સૌ માટે આ ક્ષણો ગૌરવની છે. આપણા દેશને સાર્વાંગી વિકાસના ગુરુશિખરે જેમણે પહોંચાડયું છે અને જેમને સમગ્ર વિશ્વ ખૂબ આદર અને સન્માન સાથે જોવે છે એવા આપણા સૌના

બિન-સરકારી સંકલ્પો

અત્યંત લોકપ્રિય વડાપ્રધાનશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીસાહેબની પ્રેરક આગેવાનીથી આપણા ત્યાં આ સંમેલન યોજાયું છે તે આપણા સૌ માટે અને ખાસ કરીને ગુજરાત માટે ગૌરવ લેવા જેવી બાબત છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના આ પ્રયત્ન માટે હું દુષ્યંતકુમારની એક પંક્તિ ટાંકીશ,

''सिर्फ हंगामा खड़ा करना मेरा मक्सद नहीं,

मेरी कोशिश है की सूरत बदलनी चाहिए।''

માનનીય અધ્યક્ષશ્રી, જી-૨૦નું અધ્યક્ષપદ આપણને મળ્યું છે એની પાછળ આપણા લોકલાડિલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનો અથાગ પરિશ્રમ છૂપાયેલો છે. દેશની સૂરત બદલવાની માનનીય મોદી સાહેબની રાત-દિવસની આ ભવ્ય મહેનત છે એને હું આ સદનના માધ્યમથી અભિનંદન પાઠવું છું અને વંદન કરું છું. જી-૨૦ની શરૂઆત વર્ષ ૧૯૯૯માં એશિયામાં ઊભા થયેલ આર્થિક સંકટ બાદ નાણામંત્રીઓ અને કેન્દ્રીય બેન્કોના ગવર્નરની એક બેઠક થઇ હતી. તેની સ્થાપના આર્થિક તથા નાણાકીય નીતિગત મુદ્દાઓ, વિસ્તૃત ચર્ચાઓ અને તમામ ફાયદા માટે સ્થિર અને વૈશ્વિક આર્થિક વિકાસ કરવાના હેતુથી પરસ્પર સહયોગ આપવાના ઉદ્દેશથી કરવામાં આવી છે. જી-૨૦ની કામગીરી વૈશ્વિક અર્થતંત્રનું સશક્તિકરણ, આંતરરાષ્ટ્રીય નાણાં સંસ્થાઓમાં સુધારો લાવવો અને વિશાળ આર્થિક સુધારા પર દેખરેખ રાખવી જેવી બાબતોનો સમાવેશ થાય છે. જી-૨૦ નવી નોકરીઓ, મુક્ત વેપાર સહિત વૈશ્વિક અર્થતંત્રના વિકાસ પર પણ ધ્યાન આપે છે. જી-૨૦ના ગૃપમાં આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝીલ, કેનેડા, ફ્રાંસ, જર્મની, ભારત, ઇન્ડોનેશિયા, ઇટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ કોરિયા, તુર્કી, યુનાઇટેડ કિંગડમ, અમેરિકા, ચીન, દક્ષિણ આફ્રિકા જેવા દેશોનો સમાવેશ થાય છે. મને આ સદનને જણાવતા ખૂબ હર્ષ થાય છે કે આ સંમેલનનો મોટો ઉદ્દેશ વન અર્થ, વન ફેમિલી, વન ફિચર છે. જેનો સીધો અર્થ એવો થાય છે કે પૃથ્વી એક છે અને એમાં વસનારા આપણે સૌ એક કુટુંબ છીએ અને આપણા સૌનું એ ભવિષ્ય છે. મને કહેતા આનંદ થાય છે કે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો '૫ ટી' નો સંકલ્પ છે એને આ જી-૨૦ છે એ પરિપૂર્ણ કરશે એવી મને આશા છે. માનનીય શ્રી જયસુખભાઇ જે આ સંકલ્પ લઇને આવ્યા છે એને મારો સંપૂર્ણપણે ટેકો જાહેર કરું છું.

ડો.સી.જે.ચાવડા(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજે બિન સરકારી સંકલ્પ લઇને માનનીય સભ્યશ્રી જયસુખભાઇ કાકડિયા આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું અને વિચારો પણ વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સંકલ્પ સારો લઇને આવ્યા છે. જી-૨૦ સંગઠન છે. આ દેશને આઝાદી મળી અને લોકશાહી દેશ તરીકે ભારત સમગ્ર વિશ્વમાં ઉભરી આવ્યું. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની એક નવી જ ક્રાંતિમય વિચારધારા અહિંસા અને સત્યાગ્રહ દ્વારા શાસન કરવું, આખી શાસન પદ્ધત્તિને પલટાવવી એ જે વિચાર હતો એ પછી દક્ષિણ આફ્રિકાના દેશોમાં અને યુરોપિયન કન્ટ્રીમાં અને સમગ્ર વિશ્વમાં ફેલાયો. આજે મહાત્મા ગાંધીજીની વિચારધારા ઉપર એટલે કે ભારતની વિચારધારા ઉપર આજે સમગ્ર વિશ્વ ચાલી રહ્યું છે. જે દેશો નથી ચાલતા એ દેશોએ પણ ભવિષ્યમાં ચાલવાની ફરજ પડશે એનો મને ચોક્કસ વિશ્વાસ છે. આઝાદી મળ્યા પછી આ દેશની લોકતાંત્રિક પદ્ધત્તિ અને આખા વિશ્વના દેશો સંગઠિત થવા માંડ્યા. યુનો હોય, ડબલ્યુ. એચ.ઓ. હોય, સાર્ક દેશો હોય, ઓપેક દેશો હોય એ રીતે જી-૨૦નું એક સંગઠન બન્યું અને એ સંગઠનના મૂળની વિચારધારા ઉપર જો કલ્પના કરીએ તો આ દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની વિચારધારા, જે તે વખતના આપણા વડાપ્રધાનો, આપણી શાસન પદ્ધત્તિ એનાથી આખું વિશ્વ સ્તબ્ધ બન્યું હતું અને આ દેશની સુશાસન પદ્ધત્તિ છે એના તરફ બધા મીટ માંડીને બેઠા હતા. જે તે વખતના આપણા રાષ્ટ્રના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ શાંતિના દૂત તરીકે આખા વિશ્વમાં પ્રખ્યાત થયા હતા. કોઇપણ દેશમાં જ્યારે યુદ્ધ થાય ત્યારે ભારત તરફ મીટ માંડીને બેસતા કે ભારત શું કહેવા માગે છે? ભારત શું કરવા માગે છે? એ રીતે એક સમન્વયની ભાવના ઊભી કરીને, સમભાવની ભાવના ઊભી કરીને યુદ્ધ એ માત્ર વિકલ્પ નથી. કોઇપણ આંતરરાષ્ટ્રીય દેશના વિકાસ માટે એવી ભાવના ઊભી કરવાનું કામ જે તે વખતના વડાપ્રધાનોએ કર્યું, જે તે વખતના ભારતના શાસકોએ કર્યું. એના કારણે ધીમે ધીમે ભારત આખા વિશ્વ ઉપર છવાઇ ગયું છે. આજે એ સમય ઉપર આવીને ઊભા છીએ કે જ્યારે જી-૨૦ની સમિટ મળી રહી છે ત્યારે એનું પ્રમુખપદ પણ ભારતને મળ્યું છે. ભારતને પ્રમુખપદ મળ્યું એનાથી આપણને ગૌરવ છે કે આપણે જી-૨૦ની જે પદ્ધત્તિ વિકસાવી હતી એને અનુરૂપ સમગ્ર વિશ્વના દેશો જોવા માગે છે કે ભારત શું કરશે? ભારત શું કરવા માગે છે? જી-૨૦ની કેટલીક ઇવેન્ટો ગુજરાતમાં થવા જઇ રહી છે અને ગુજરાતની સંસ્કૃતિ છે, ગુજરાતની સંસ્કૃતિનો વારસો છે, આપણા લોકોની રહેણી-કરણી છે, લોકોની રીત-ભાત છે, વેપારી માનસ છે એની સાથે લોકો સંકળાશે અને આદાન-પ્રધાન થશે. એ વાત આ સંકલ્પમાં પણ છે અને છેલ્લે માનનીય સભ્યશ્રીએ લખ્યું છે કે, રાજ્યના પ્રવાસન ક્ષેત્રને પણ વેગ મળશે અને ગુજરાત રાજ્યમાં ઊભી થયેલ આ આશા વાસ્તવિકતામાં પરિવર્તિત થાય એના માટે સંકલ્પ લઇને આવ્યા છે. બહુ સારો ધ્યેય છે. આપણે અહીંયા આશા માંડીને બેઠા છીએ કે આખા દેશ અને વિશ્વમાં ગુજરાતનું નામ રોશન થાય પણ એક કલંકિત વસ્તુ જી-૨૦ સમિટ સાથે સંકળાયેલી છે. આપણે બધાએ ચિંતા કરવાની જરૂર છે કે કિરણ પટેલ નામનો વ્યક્તિ જી-૨૦ ઇવેન્ટની મિટિંગો કરતા હતા. આ ગુજરાતનું આઇ.બી.તંત્ર, પોલીસ તંત્ર અને રાજ્યતંત્ર કઇ દિશામાં શું કામ કરતું હતું? એની ખબર નથી, પરંતુ ફાઇવ સ્ટાર હોટલોમાં મિટિંગો થાય. આજે ગુજરાતના મહાઠગ તરીકે જે વ્યક્તિનું નામ પ્રસ્થાપતિ થયું છે એવા કિરણ પટેલે પણ આની મિટિંગો લીધી છે આની તપાસ થવી જોઇએ. આ વાત જી-૨૦ સાથે દરરોજ પ્રેસમાં આવે છે ત્યારે એની સ્પષ્ટતા થવી જોઇએ. રાજ્ય સરકારે એની સ્પષ્ટતા કરવી જોઇએ કે આવી કોઇ મિટિંગ

જી-૨૦ માટે કિરણ પટેલ દ્વારા થઇ નથી અને જે સચિવશ્રી એની મિટિંગમાં હાજર રહ્યા હોય તેને પૂછવું જોઇએ, તેને પ્રશ્ન કરવો જોઇએ, એની તપાસ થવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ તબક્કે આ વાત મૂકું છું. બાકી જી-૨૦નું પ્રમુખપદ ભારત દેશને મળ્યું છે ત્યારે આ દેશના વડાપ્રધાન ગુજરાતના છે. ગુજરાતના પનોતાપુત્ર જ્યારે વડાપ્રધાન હોય ત્યારે આપણને બધાને ગૌરવ થાય છે કે આપણા દેશને સુકાન પદ મળ્યું છે. આપણા દેશના વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી આપણા ગુજરાતમાંથી પનોતા પુત્ર વડાપ્રધાન છે અને ગુજરાતમાં ઇવેન્ટ થઇ રહી છે ત્યારે આપણને આનંદ થાય છે. આ સમિટ દ્વારા સંકલ્પ લઇને આવ્યા છે એમાં મને ૧૦૦ ટકા વિશ્વાસ છે કે પ્રવાસન ક્ષેત્રને વેગ મળશે. વાઇબ્રન્ટ ગુજરાતના એમ.ઓ.યુ. થયા હોય કે ના થયા હોય, જે હોય તે પણ અત્યારે આ થવાથી ૧૦૦ ટકા ગુજરાતમાં લોકો આકર્ષાશે અને એનો ધંધાકીય વિકાસ થાય એમાં પણ ગુજરાતની પ્રજાને ફાયદો થશે.

સભાપતિશ્રી : માનનીય ઉમેશભાઇ, આપને કંઇ કહેવું છે? બે-ત્રણ મિનિટનો સમય છે. (થોડીવાર બાદ) માનનીય મંત્રીશ્રી.

શ્રી બળવંતસિંહ રાજપૂત(ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જે.વી. કાકડિયાજી તેમની સાથે સાથે શ્રી ગિરીશભાઇ, શ્રી મકવાણાજી, શ્રી અનિરૂદ્ધભાઇ, શ્રી યોગેશભાઇ, શ્રી રમેશભાઇ અને હમણાં જ ડો. સી.જે. ચાવડાજી આ બધા જ લોકોએ સંકલ્પ આવ્યો છે એમાં સૂર પૂરાવ્યો છે અને આપણા દેશના ગૌરવ માટેની વાત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા સૌ માટે ગૌરવ એ બાબતનું છે કે સમગ્ર વિશ્વની અંદર ભારતને આજથી વર્ષો પહેલા જેમ આદરણીય ચાવડાજીએ કહ્યું કે પહેલા શ્રી જવાહરલાલ નહેરુજી હતા. એ સમયે હું પણ વિદેશમાં ઘણીવાર ગયેલો અને ઘણા બધા મિત્રો ગયેલા છે ત્યારે આપણા દેશની પરિસ્થિતિ શું હતી? ત્યાં જઇએ તો આપણને લોકો શું કહેતા? આજે વિશ્વમાં ભારતને કેવી દૃષ્ટિથી જુએ છે? એ આપણા માટે એક ગૌરવ લેવાની વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે, સમગ્ર વિશ્વની અંદર જ્યારે આપણને સૌને ૧૯ દેશ સંગઠનના માધ્યમથી, ૧૯-૨૦ દેશનું સંગઠન છે એમાં આદરણી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આજે વિશ્વ લેવલે છવાયેલા છે, એના કારણે આજે ભારતની અંદર જી-૨૦નું પ્રમુખસ્થાન આપણને મળ્યું છે એ બાબતે અનેક મિત્રોએ અનેક પ્રકારની વાત કરી છે ત્યારે ફક્ત મારે તો એટલું કહેવું છે કે, હમણાં જેમ અહીંયા કહેવામાં આવ્યું કે વિશ્વની ૬૦ ટકા વસ્તી હોય, ૭૫ ટકા વેપાર હોય અને ૮૮ ટકા જી.ડી.પી. ધરાવતો હોય એવા ૨૦ દેશો હોય અને જ્યારે એનું પ્રમુખસ્થાન આપણને મળ્યું હોય એ એટલા માટે ગૌરવની વાત કહી શકાય કે એની શરૂઆત વર્ષ ૨૦૨૨ ડિસેમ્બરથી થઇ અને નવેમ્બર ૨૦૨૩ સુધી આ પ્રમુખસ્થાન આપણી પાસે રહેવાનું છે, ત્યારે જોગાનુજોગ જુઓ આ દેશની આઝાદીની ૭૫મા વર્ષની શરૂઆત અમૃતકાળ આજે ચાલી રહ્યો છે અને જયારે વર્ષ ૨૦૪૭ સુધી સ્વતંત્રતાની શતાબ્દી છે, ત્યારે આ દેશના ૨૫ વર્ષમાં ભારતમાં સુવર્ણકાળ સાબિત થવાનો છે, ત્યારે આપણા પ્રધાનમંત્રીશ્રીએ ૨૫ વર્ષનું વિઝન મૂક્યું છે કે વિશ્વમાં ભારત ૨૫ વર્ષ પછી વર્ષ ૨૦૪૭માં કયાં હશે એની કઇ પ્રકારની પ્રગતિ હશે! ત્યારે મારે એટલું જ કહેવું છે કે વર્ષ ૧૯૯૯ની અંદર એક નાણાકીય કટોકટી ઊભી થઇ હતી અને એ કટોકટીના માધ્યમથી ૨૬ સપ્ટેમ્બરે એની શરૂઆત થઇ. આખા વિશ્વમાં જયારે નાણાકીય કટોકટી ઊભી થાય ત્યારે શું કરવું? તો ૮૮ ટકા જી.ડી.પી. ધરાવનાર દેશો ભેગા થયા અને એ લોકોએ નક્કી કર્યું કે આપણે આવા ૨૦ દેશો માટેનું એક આયોજન કરીએ અને એના ભાગરૂપે એક આયોજન થયું. એની શરૂઆત થઇ. ધીમેધીમે એમ લાગ્યું કે એક નાણાકીય બાબત સીમિત નહીં, પણ એમાં વધારો કરવો જોઇએ, ત્યારે આજે આપણને એમ લાગે કે એના માટે આરોગ્ય હોય, ટકાઉ વિકાસ માત્ર વાતો નહીં ટકાઉ વિકાસનું નિર્માણ થાય. આંતરરાષ્ટ્રીય આર્થિક સ્થિરતા જળવાય અને એની જે નાણાકીય પદ્ધતિથી માંડીને દરેક નીતિનું નિર્માણ એવું થાય કે સમગ્ર વિશ્વ એને પ્રોત્સાહિત કરી શકે એ માધ્યમથી ધીમેધીમે આજે આપણે બીજા દેશની અંદર પણ આગળ વધવા માંડયા છીએ. જયારે ૨૦ દેશોના યજમાન અહીંયા આગળ આવવાના છે. ઘણા બધા મિત્રોએ કહ્યું છે એટલે એ વાતમાં હું પડવાનો નથી, પણ જયારે જયારે આ દેશની અંદર લોકો આવે. હમણાં એમ કહેવામાં આવ્યું કે ગુજરાતની અંદર પણ સોળ બેઠકો થવાની છે ત્યારે બહુ સારા શબ્દમાં કહ્યું કે પ્રમુખસ્થાનપદે જે થીમ છે એ ''વસુધૈવ કુટુંબકમ્" એટલે એક પૃથ્વી, એક પરિવાર અને એક ભવિષ્ય એ આપણું સૌથી મોટું લક્ષ્ય છે કે આપણા માટે બધા જ લોકો સરખા છે. સમગ્ર વિશ્વના વિકાસ માટે આપણા આદરણીય પ્રધાનમંત્રી વિચારી રહ્યા છે, ત્યારે એવા સમયે જયારે આપણે આ પથ ઉપર ચાલવાના છીએ, ત્યારે આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ હમણાં જ બધા દેશોની સમિટ હતી, ત્યારે એમણે કહ્યું પંચ રૂટ રોડ મેપ એટલે સમગ્ર વિશ્વની અંદર ભારત એક કલાઇમેટ ચેન્જનો રોડ મેપ વર્ષ ૨૦૨૩ સુધીનો આપ્યો છે. ૨૦ દેશોમાં સૌથી મોખરે હોય તો આજે એ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાચીન પરિસ્થિતિની અંદર જેમ હમણાં ધ્વજ માટેનું કહેવામાં આવ્યું. જેમ કમળના ફુલ માટેની વાત કરવામાં આવી કે આપણો લોગો કેવો? તો લોકો વિચારે, લોગો આપણો જુએ, તો એને કારણે વિશ્વ આ લોગો જોશે તો ભારતની સંસ્કૃતિ, ભારતની સ્થિતિ છે. ભારત આખા વિશ્વની અંદર છવાયેલું છે. ૨૦૦થી વધારે યુનિટ થવાના છે. બહુલક્ષી સંમેલનો થવાના છે. અનેક દેશોને આપણે આમંત્રિત કરવાના છીએ, એમાં બાંગ્લાદેશ હોય, ઇજિપ્ત, મોરેશિયસ, નાઇઝિરીયા, સિંગાપુર અનેક લોકો આવવાના છે. વર્લ્ડબેંકના લોકો પણ આવશે. એની સાથેસાથે ડબલ્યુ.એચ.ઓ. એમ વિશ્વના લોકો આવશે અને આપણા દેશની જે સ્થિતિ છે અને જે પ્રમાણે આપણે નિર્માણ કર્યું છે એ આપણી સંસ્કૃતિ સાથે

ભારતની અંદર જોવાના છે. એની સાથેસાથે આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ આ વખતે આપણા પ્રધાનમંત્રીએ સૂત્ર આપ્યું છે અને એની સમિટમાં પણ પ્રાધાન્ય આપવામાં આવશે. આપણે બધા વિચારી રહ્યા છીએ એના માટે આપણા પ્રધાનમંત્રીશ્રીએ જમણવાર પણ રાખ્યો હતો. આપણે બધા મિત્રોએ જોયું હતું કે ગુજરાતની અંદર ખેડૂતોથી માંડીને વિશ્વના લોકો આપણું સ્વીકારવાના છે, આપણું એકસપોર્ટ થવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય પ્રધાનમંત્રીશ્રીના વિચારો, એમની સોચ એટલી બધી મજબૂત હોય છે. આજે પણ મને યાદ છે કે વર્ષ ૨૦૦૩ની અંદર એમને એક વિચાર આવ્યો હતો. એ વખતે એવું લાગતું હતું કે વર્ષ ૨૦૦૩ની અંદર વાઇબ્રન્ટ થશે તો શું સ્થિતિ થશે? અને ધીમેધીમે વર્ષ ૨૦૦૩માં વાઇબ્રન્ટની શરૂઆત થઇ. વર્ષ ૨૦૨૨ સુધી અનેક પ્રકારના વાઇબ્રન્ટ થયા અને એને કારણે ગુજરાત આજે ભારતની અંદર વિકાસમાં સૌથી મોખરાનું સ્થાન ધરાવતું હોય અને એમાં કોઇનું સૌથી મોટું યોગદાન હોય તો આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું છે. એને કારણે અનેક લોકોને રોજગારી પ્રાપ્ત થઇ. એને કારણે અનેક લોકો આજે ધીમેધીમે સમગ્ર વિશ્વમાં, બધાં રાજયોમાંથી કયાંયથી પણ લોકો આવે તો ગુજરાતને શોધતા આવે છે. વિશ્વના અનેક લોકો ગુજરાતના જે વખાણ કરે, આપણને એમ થાય કે માત્ર બિઝનેસ નહીં પણ સુરક્ષા સાથે ગુજરાત ચાલે છે અને ગુજરાત વાઇબ્રન્ટના લીધે આગળ ગયું છે. તેના કારણે મને કહેતાં આનંદ થાય છે કે, સન ૨૦૦૦માં જે સ્થિતિ હતી અને આજે સન ૨૦૨૨માં ૫૫ મિલિયન ડોલરનું વિદેશી મૂડીરોકાણ ગુજરાતમાં આવ્યું છે. આ આંકડા જોઇએ તો કલ્પી ના શકાય એટલું વિદેશી મૂડીરોકાણ ગુજરાતમાં આવ્યું છે. આપણે ગૌરવ સાથે કહી શકીએ કે, આખા ભારતની અંદર ગુજરાતમાં સૌથી વધારે વિદેશી મૂડીરોકાણ ગુજરાતમાં આવી રહ્યું છે. ગુજરાત આજે ભારતનું ગ્રોથ એન્જિન બની ગયું છે તેવી સ્થિતિ ઊભી થઇ છે. આજે જી-૨૦માં દિલ્હીથી માંડીને અનેક શહેરોમાં સમિટ થવાની છે. તેની સમિટો ગુજરાતમાં જયારે થવાની છે, ત્યારે ઘણાબધા લોકો અહીં આવશે. હમણાં ત્રણ સમિટ થઇ ગઇ છે. લોકો અહીં આવીને આપણી ગિફ્ટસિટી જુએ ત્યારે આખી દુનિયાના લોકો અહીં આવવા લાગ્યા છે. ડ્રીમ સિટી એટલે સુરત. ધોલેરા ખાતે સર(સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન) બની રહ્યું છે. ગુજરાતમાંથી કોઇ ધોલેરા જઇ જુએ, ત્યાં જે ઇન્ટરનેશનલ એરપોર્ટ બનવાનું છે, અહીંથી સીધો રોડ બનવાનો છે. એટલે આવનારા સમયમાં ધોલેરા પણ ગુજરાતનું ગ્રોથ એન્જિન બનવાનું છે. ગુજરાતની આપણી જે સંસ્કૃતિ છે તેમાં રાણકી વાવ, વડનગરથી માંડીને અનેક શહેરોમાં આપણી સંસ્કૃતિ છે, તેને આ જી-૨૦ સમિટ દરમ્યાન લોકો જોવાના છે. આ બેઠક દરમ્યાન બાજરીથી માંડીને અનેક ગુજરાતી વાનગીઓ પિરસવામાં આવે છે. એટલા જ માટે વર્ષ ૨૦૨૩ ને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે જાહેર કરવામાં આવેલ છે. મારે ડો. સી.જે.ચાવડા સાહેબને એટલા માટે કહેવું છે કે, ભારતની અત્યારની જે ભૂમિકા છે, ભારત જે રીતે અત્યારે આગળ વધી રહ્યું છે તેમાં લોકભાગીદારી જોડાય, ધારાસભ્યો, રાજકીય રીતે લોકો જોડાય, એટલું નહીં પણ લોકભાગીદારીથી જોડાય તો અનેક પ્રકારની ક્રાંતિ લાવી શકીએ તેવી સ્થિતિ છે. આજે આપણી સામે જલવાયુ પરિવર્તન એક સૌથી મોટો પડકાર છે. એટલા માટે આમાં જનભાગીદારીની આવશ્યકતા છે. આતંકવાદ એ આપણા માટે મોટો પડકાર છે. રોગચાળો જેવા અનેક પડકારોનો સામનો કરવા માટે જનભાગીદારીને જોડીને તેને મોટા હથિયાર તરીકે ઉપયોગ કરવો પડશે. જુદા જુદા દેશોની સરકારો, વૈશ્વિક સંસ્થાઓ કે બિનસરકારી સંગઠનો આવા પડકારો સામે લડવા માટે એક રાહ દેખાડી શકે છે, પરંતુ તેવી નીતિઓનું અમલીકરણ, તેને સફળતા તરફ દોરી જવું એ જનભાગીદારી વિના શક્ય નથી. જનભાગીદારીને આમાં જોડીએ તો ભારતનો સારો વિકાસ થઇ શકે તેવી સ્થિતિ ઊભી થઇ શકે તેમ છે. આ જનભાગીદારીમાં વિદ્યાર્થીઓ, યુવાનો, મહિલાઓ, ખાનગી ક્ષેત્ર, શૈક્ષણિક અને નાગરિક, સમાજ સહિત તમામ ભારતીયોને તેમના મૂલ્યવાન મંતવ્યો આમંત્રિત કરવામાં આવે છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દેશનું સુકાન સંભાળ્યું ત્યારે આપણે અર્થ વ્યવસ્થામાં બારમા નંબરે હતા અને આજે આપણે બ્રિટનને પાછળ પાડીને પાંચમા નંબરે પહોંચ્યા છીએ. આપણો દેશ શક્તિશાળી બનીને આગળ વધી રહ્યો છે. લોકોને આમાં કેવી રીતે જોડી શકાય તે જોવું આપણા માટે જરૂરી છે. ભારતના આ અમૃતકાળમાં વિશ્વના અનેક લોકો અહીં આવશે. ભારતના અનેક રાજ્યોમાં તેઓ જવાના છે. ગુજરાતમાં પણ આવવાના છે. આ જી-૨૦ સમિટનું પ્રમુખ સ્થાન આખા વર્ષ દરમ્યાન આપણને મળેલું છે ત્યારે આ જી-૨૦ સમિટ થકી સમગ્ર ભારતનો વિકાસ થવાનો છે. ભારત તરફ લોકોનો જોવાનો નજરિયો બદલાઇ જવાનો છે. લોકો વિદેશમાંથી આવશે. એક લાખથી વધારે ડેલિગેટસ ભારત આવવાના છે. તેઓ ભારત આવીને પરત જશે ત્યારે ત્યાં ભારતની વાત ચોક્કસ કરશે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી આપણા દેશને વિશ્વગુરુ તરફ લઇ જઇ રહ્યા છે. આજે વિશ્વના લોકો ભારત સામે જુએ છે અને ભારતની વાત પણ સાંભળે છે. એની મહત્તા હવે બદલાતી જાય એવી સ્થિતિ થવા માંડી છે ભારતના અમૃતકાળની શરૂઆતની આ સમિટ ભારતને વૈશ્વિક અગ્રણી તરીકે પ્રસ્થાપિત કરશે. ભારતના દ્દષ્ટિકોણને વૈશ્વિક મંચ પર લાવી શકાશે જે ખાસ કરીને વિકાસશીલ દેશો માટે લાભદાયી હશે. ભારતને વૈશ્વિક રોકાણો આકર્ષવાની તક મળશે. આ અવસર થકી ભારતના આઇ.ટી. ક્ષેત્રની વિવિધ પહેલો જેવી કે, ડિજિટલ સુવિધાઓ, સીધો લાભ ટ્રાન્સફર, ડિજિટલ આરોગ્ય અને ફાર્મા ઉદ્યોગને પણ વૈશ્વિક મંચ મળશે. જી-૨૦ સમિટ થકી ભારતના આંતરરાષ્ટ્રિય પ્રવાસનને પ્રોત્સાહન મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અન્ન થકી ભારત વૈશ્વિક ખાદ્યાન્ન સમસ્યાનો હલ સૂચવશે. જી-૨૦ સમિટની વૈશ્વિક રૂપરેખા અને તેને લગતી ઈવેન્ટસને જોતા આ ઈવેન્ટ્સ ગુજરાતને રાજયની સમૃદ્ધ સંસ્કૃતિ, પરંપરા, વારસો, પર્યટન તેમજ આર્થિક વિકાસ અને વિવિધ ક્ષેત્રોમાં રોકાણની સંભાવનાને મુલાકાતી પ્રતિનિધિઓ સમક્ષ પ્રદર્શિત કરવાની અનન્ય તક પૂરી પાડશે.

વન વિકાસ સંદર્ભે જી-૨૦માં ફળદાયી ચર્ચાના પરિણામે ગુજરાતના વન અને પર્યાવરણને નવતર દિશા સાંપડશે. ઊર્જા વિકાસ અંગે જી-૨૦ સમિટની ચર્ચા ગુજરાતની પારંપરિક અને બિનપારંપરિક ઊર્જાને નવા આયામો આપશે. ઔદ્યોગિક નાણાકીય વ્યવસ્થાપન સંદર્ભે જી-૨૦ સમિટથી ગુજરાતનું નાણાકીય વ્યવસ્થાપન વધુ સુદ્રઢ બનશે. નારી શક્તિ અંગે જી-૨૦ સમિટની ચર્ચાથી ગુજરાતમાં મહિલા સશક્તિકરણની નવતર દિશાઓ પાંગરશે. 'સર્વે સન્તુ નિરામયા' ના મંત્ર સાથે જી-૨૦ સમિટમાં સૌના સ્વાસ્થ્ય માટેની ચર્ચા ગુજરાતના સમાવેશી સ્વાસ્થ્યના લક્ષ્ય તરફ દોરી જશે. ગુજરાતના સાંસ્કૃતિક વારસા થકી પ્રવાસનને પ્રોત્સાહન મળશે. પ્રતિનિધિશ્રીઓને ભેટ સ્વરૂપે અપાયેલી ગુજરાતની વસ્તુઓ ગુજરાતના કલા-વારસાને વૈશ્વિક મંચ આપશે. ગુજરાત સરકાર દ્વારા બેઠકો દરમ્યાન સ્થપાયેલા હસ્તકલા બજાર અને પ્રતિનિધિઓને અપાયેલી ભેટ થકી, ગુજરાતના હેન્ડલૂમ અને હસ્તકલાના કારીગરોને આવકના નવા સ્ત્રોત ઊભા કરવાની તક મળશે. આમ અનેક પ્રકારે ગુજરાતને તેના ફાયદા થવાના છે, ત્યારે સ્ટાર્ટપ અને અર્બન પ્લાનિંગ બાબતે ગુજરાત નીતિ નિર્માણમાં મહત્ત્વનો ભાગ ભજવશે. આમ, આ સમિટ થકી ભારતની સાથે સાથે ગુજરાતને વૈશ્વિક મંચ પર ઉભરવાની અનોખી તક પ્રાપ્ત થવાની છે જેમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનો સિંહફાળો રહ્યો છે. મને વિશ્વાસ છે કે, ભારતનું જી-૨૦ પ્રમુખપદ બધાના કલ્યાણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ગુજરાત તેની ઉત્પાદન શક્તિ અને મજબૂત માળખાગત સુવિધાઓ દ્વારા વૈશ્વિક સપ્લાય ચેઇનને મજબૂત કરવા માટે ભારતના યોગદાનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે અને તે ચાલુ રહેશે. આમ, આ શિખર સંમેલનની એક વાત તો સાબિત થઇ ગઇ છે કે, વિશ્વ હવે ભારતનું નેતૃત્વ સ્વીકારવા ધીરે ધીરે તૈયાર થઇ રહ્યું છે. આજનું ભારત જે કાંઇ બોલે છે તેને વિશ્વ ન માત્ર સાંભળે છે તેનો અમલ પણ કરે છે. આમ, ભારત એક મોટી તાકાત બન્યું છે અને જી-૨૦માં જે ગૌરવપૂર્ણ સ્થાન ભારતને પ્રાપ્ત થયું છે અને વિશ્વમાં ભારતના પ્રતિનિધિત્વની નોંધ લેવાઇ છે, ત્યારે માનનીય શ્રી જે.વી.કાકડિયા આ સંકલ્પ લઇને આવ્યા છે તે બદલ હું તેમને અભિનંદન આપું છું અને જે લોકોએ આમાં સૂર પૂરાવ્યો છે એને પણ હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોના જેવી કુદરતી મહામારી હોય કે પછી રશિયા-યુક્રેન યુદ્ધ જેવી માનવસર્જિત વૈશ્વિક આફત, તે અંગે ભારતનું વલણ વશ્વની મહાસત્તાઓ માટે પણ મહત્ત્વનું બની રહે છે અને ધીરે ધીરે વિશ્વ એ વાતને સ્વીકારવા લાગ્યું છે કે, વિશ્વની તમામ મુશ્કેલીઓ અને પડકારોનું સમાધાન લાવવા માટે ભારતે સૌથી મોટી ભૂમિકા ભજવવાની છે. આમ, વિશ્વને હાલ ભારતથી મોટી આશાઓ છે ત્યારે હું આપ સૌને વિનંતી કરું છું કે, આ જે સંકલ્પ લઇને આવ્યા છે તે સંકલ્પ માત્ર અને માત્ર આપણે પક્ષાપક્ષી છોડીને જનભાગીદારીથી જોડાઇએ, ભારતની મહત્ત્વતા વધે, આપણો દેશ આગળ વધે અને આવનારા સમયની અંદર આ ભારત હું તમને કહું છું વિશ્વની મહાસત્તા બનીને રહેશે. આદરણીય આપણાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જે રીતે પ્રયત્ન કરી રહ્યા છે તે રીતે ભારત એક મહાસત્તા બનીને રહેશે અને વિશ્વના લોકો ભારતની નોંધ લેશે તેની મને ખાતરી છે. આપ સૌએ જે આવકાર આપ્યો તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર, ભારત માતા કી જય.

શ્રી જે. વી. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે સંકલ્પ રજૂ કર્યો તેમાં મારા સાથી મિત્રો માનનીય જગદીશભાઇ મકવાણા, શ્રી અનિરુદ્ધભાઇ દવે, શ્રી યોગેશભાઇ પટેલ, શ્રી રમેશભાઇ ટીલાળા, ડો. સી.જે.ચાવડા સાહેબ અને માનનીય કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત સાહેબનો હું ખૂબ ખૂબ આભાર માનું છું અને મને જે ટેકો આપ્યો છે તે બદલ આપ સૌનો હું ખૂબ ખૂબ આભારી છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી **: સંકલ્પનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવે છે.**

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણ અંગે**

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા(હિંમતનગર): માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણને જે આઝાદી મળી છે તેના શિલ્પી એવા શહીદ વીરોને નમન કરીને હું મારો સંકલ્પ રજૂ કરું છું કે,

માનનીય અધ્યક્ષશ્રી, ભણતર દ્વારા સંસ્કાર અને જીવન મૂલ્યોનું ઘડતર થાય તેને કેળવણી તરીકે ઓળખીએ છીએ. કેળવણીની આ અનુભૂતિ સાથે રાષ્ટ્રની આવનારી પેઢી માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૯મી જુલાઇ, ૨૦૨૦ના રોજ રાષ્ટ્ર સમક્ષ એક આગવી શિક્ષણ નીતિ અમલમાં મૂકી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ના રૂપે અમલમાં આવેલ આ નીતિ એકવીસમી સદીની પહેલી શિક્ષણ નીતિ છે, જેનું લક્ષ્ય આપણા દેશના વિકાસ માટેની અનિવાર્ય જરૂરિયાતોને પૂરી કરવાનું છે. આ નીતિમાં ભારતની પરંપરા અને સાંસ્કૃતિક મૂલ્યોના આધારોને યથાવત રાખવાની સાથે સાથે ૨૧મી સદીના શિક્ષણ માટે જરૂરી Sustainable Development Goal (SDG)-4નો પણ સમાવેશ થયેલ છે. એટલે કે, "સમાવેશી અને સમતાલક્ષી ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવું અને સર્વ માટે આજીવન શિક્ષણ અધ્યયનની તકોને પ્રોત્સાહન આપવું."

શિક્ષણએ પૂર્ણ રીતે માનવીય ક્ષમતા હાંસલ કરવા, સમાજના વિકાસ માટે તેમજ રાષ્ટ્રીય વિકાસને પ્રોત્સાહન આપવા માટેની મૂળભૂત જરૂરીયાત છે. ઉચ્ચ ગુણવત્તાયુક્ત સાર્વત્રિક શિક્ષણ એ દેશની સમૃદ્ધ પ્રતિભા અને સંશાધનોના ઉત્તમ વિકાસ માટે તેમજ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વની ભલાઈ માટેનું શ્રેષ્ઠ માધ્યમ છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પ્રત્યેક વ્યક્તિમાં સમાવિષ્ટ સર્જનાત્મક ક્ષમતાઓના વિકાસ પર વિશેષ ભાર આપે છે. આ નીતિ વિવિધ માર્ગદર્શક સિદ્ધાંતો પર આધારિત છે, જે માત્ર સાક્ષરતા અને સંખ્યા જ્ઞાનથી આગળ ઉચ્ચ સ્તરીય તાર્કીક અને

સમસ્યાઓના ઉકેલ સંબંધિત બૌદ્ધિક ક્ષમતાઓનો પણ વિકાસ કરવાનું ધ્યેય રાખે છે. એટલું જ નહિ, તેની સાથે સાથે નૈતિક, સામાજિક અને ભાવનાત્મક સ્તર પર પણ વ્યક્તિનો વિકાસ થાય તેની આવશ્યકતા રજૂ કરે છે.

ગુજરાત રાજ્ય દ્વારા પ્રસ્તુત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ને સંપૂર્ણપણે સ્વીકારવામાં આવી છે અને તેમાં જણાવવામાં આવેલ વિવિધ ભલામણો સંપૂર્ણ અને અસરકારક અમલીકરણ માટે જરૂરી હોય તે તમામ પગલાં ભરવા માટે આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦નો ઇતિહાસ ઊંડાણમાં જોઇએ તો પ્રાચીન સંસ્કૃતિમાં પણ ભગવાન રામના ગુરુ વશિષ્ઠ અને વિશ્વામિત્ર હતા. એ જ રીતે કૃષ્ણ ભગવાનના સમયમાં પણ સાંદીપનિ ઋષિ હતા. પાંડવોના સમયમાં પણ કૃપાચાર્ય અને દ્રોણાચાર્યએ એમને શિક્ષા આપી હતી. એ પછીના સમયગાળામાં જઇએ તો ચંદ્રગુપ્ત મૌર્ય અને સમ્રાટ અશોકના સમયમાં એમને ચાણક્ય જેવા ગુરુ મળ્યા હતા અને એમના દ્વારા એમણે જે શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું એના આધાર પર એમને વિશ્વમાં રાજ કરવાની તક પ્રાપ્ત થઇ હતી અને એમણે સારી રીતે રાજ કર્યું હતું. એ વખતે પણ નાલંદા, તક્ષશિલા, વિક્રમશિલા અને વૈભવી જેવા વિદ્યાલયો હતા. આ વિદ્યાલયો પણ વિશ્વ વિખ્યાત હતા. ત્યારપછી આપણા દેશના હિંદુ રાજાઓએ પણ આ પરંપરાને આગળ વધારી હતી. ધર્મની સાથે હિંદુ સંસ્કૃતિ અને શિક્ષણનો સમન્વય કરીને આ દેશનો વિકાસ કર્યો અને વિશ્વ ફલક ઉપર આ દેશનું નામ કઇ રીતે આગળ વધે એ માટે પ્રયાસો આ હિંદુ રાજાઓએ કર્યા હતા. ત્યારપછી મોગલોનું શાસન આવ્યું અને અંગ્રેજો આવ્યા પછી ભારત દેશ ગુલામ થયો. ત્યાર પછી શિક્ષણને તોડી-મરોડીને આખા દેશમાં બરબાદી કરી. ત્યારથી શિક્ષણ વ્યવસ્થા તૂટતી ગઇ અને ત્યારપછી આ દેશમાં કૉંગ્રેસનું શાસન આવ્યું. ઇતિહાસની ચોપડીઓમાં જે લખવામાં આવ્યું છે, એમાં મહારાણા પ્રતાપ, પૃથ્વીરાજ ચૌહાણ અથવા શિવાજીના વખાણ કરવાની આવશ્યકતા એમને દેખાઇ નથી. એમણે ફક્ત મોગલો સારા હતા અને અકબર સારા હતા એ જ વાત કરી છે. એમણે કોઇ દિવસ હિંદુ રાજાઓને સ્વીકાર્યા નથી. શિવાજીને પણ ક્યારેય યાદ કરતા નથી કે મહારાણા પ્રતાપને પણ યાદ કરતા નથી કે પૃથ્વીરાજ ચૌહાણને પણ યાદ કરતા નથી. એમનો એ સમયગાળો પૂરો થયો.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ચૈત્રી નવરાત્રિ છે. નવરાત્રિમાં માતાજીના ઉપાસક અને સરસ્વતીના ઉપાસક એવા માનનીય નરેન્દ્રભાઇ મોદી દિલ્હીના દરબારમાં બેઠા છે. એ એવી વ્યક્તિ છે કે જેનામાં પણ દૈવી તાકાત છે, તે દેવીના ઉપાસક છે એટલા માટે એમની જીભ ઉપર સરસ્વતી છે. તેઓ આ શિક્ષણ નીતિ, ૨૦૨૦ લાવ્યા, એટલું જ નહિ પણ આખા દેશમાં અને દુનિયામાં જે વિદ્વાનો હતા એમની પણ આ બાબતમાં સલાહ લીધી. આ નીતિ એક તરફી નથી. કૉંગ્રેસે પણ આ સમજવાની જરૂર છે. બધાની સલાહ લીધી છે. કૉંગ્રેસીઓના વિદ્વાનોને પણ પૂછ્યું છે. આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ ૩૪ વર્ષ પછી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ,૨૦૨૦ લઇને આવ્યા છે અને આ નીતિ ડૉ. કે.કસ્તુરીરંગનની અધ્યક્ષતામાં લાવવામાં આવી છે. ગુજરાત સરકારે પણ એને સ્વીકારી છે. ગુજરાતે પણ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦નો સંપૂર્ણ રોડ મૅપ તૈયાર કર્યો છે. ગુજરાત સરકારના શિક્ષણમંત્રી માનનીય ડીંડોર સાહેબ, માનનીય ઋષિકેશભાઇ પટેલ સાહેબ પણ અભિનંદનને પાત્ર છે. આપણા લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલને પણ અભિનંદન પાઠવીએ છીએ કે મોદી સાહેબ આટલી સારી શિક્ષણ નીતિ લઇને આવ્યા છે અને એનું અમલીકરણ ગુજરાતમાં પણ થાય છે. આ નીતિમાં ઘણા બધા મુદ્દાઓ છે. શિક્ષકોને પણ તૈયાર કરવાના છે. એ જ રીતે બાળકોને સારું શિક્ષણ કઇ રીતે મળે અને આ દેશને વિશ્વગુરુ બનવા તરફ આગળ લઇ જવાની જે કલ્પના છે એમાં આ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અગત્યની ભૂમિકા ભજવનાર છે. ગુજરાતમાં ૧૦૦થી વધારે યુનિવર્સિટીઓ છે કે જેમાં આખા દેશમાંથી વિદ્યાર્થીઓ આવે છે. એવી ઘણી બધી શિક્ષણ નીતિ અમલમાં છે. કૉંગ્રેસના શાસનમાં શાળાના ઓરડાઓમાં પાણી પડતું હતું, એક શાળાના ઓરડાના પણ પૈસા ન હતા. અત્યારે તમે ગામડાઓમાં જાઓ તો શાળામાં ૧૦-૧૫ વર્લ્ડ ક્લાસ ઓરડાઓ હોય છે. શાળાના સારા ઓરડાઓ, સારા શિક્ષકો, વિદ્યાર્થીઓ અને શિક્ષકોને શાળામાં જવાનું મન થાય, વિદ્યાર્થીઓને ભણવાનું મન થાય તેવી સરસ મજાની શાળાઓ આ આદરણીય નરેન્દ્રભાઈ મોદીના આશીર્વાદથી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શ્રી ડીંડોર સાહેબ અને શ્રી ઋષિકેશભાઈ લાવ્યા છે. આદરણીય મોદી સાહેબ અને ગુજરાત સરકાર ઘણી મહેનત કરીને આવી સરસ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ લાવ્યા હોય ત્યારે મારી સમગ્ર ગૃહને વિનંતી છે કે કૉંગ્રેસ, ભાજપ કે બીજા પક્ષોએ કોઈનું જોયા વગર બધા પ્રેમથી આ નીતિને આવકારીને સાથે મળી ગુજરાતનો વિકાસ એટલે ભારત દેશના વિકાસના સહભાગી બનીએ. ભારતને વિશ્વગુરુ તરફ લઈ જવાના મોદી સાહેબની કલ્પનાને પરિપૂર્ણ કરવા આ ગૃહ સંકલ્પને સંપૂર્ણ સ્વીકારે તેવી વિનંતી સાથે આપ સૌનો આભાર. ભારત માતા કી જય.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યાક્ષશ્રી, સન્માનનીય ગૃહ સમક્ષ માનનીય સભ્ય શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા જે બિનસરકારી સંકલ્પ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ ઉપર થોડી વાતો મૂકવી છે. જે જ્ઞાનની પૂજા કરે છે તેને જગત પૂજે છે. આપણે જાણીએ છીએ તેમ આપણો દેશ હજારો વર્ષોથી જ્ઞાનની પૂજા કરે છે. ભારત દેશ આ જ્ઞાનની ઉપાસનાનું જીવંત ચિરકાળ વ્યક્તિત્ત્વ છે. હમણાં જ માનનીય સભ્યશ્રીએ વાત કરી તેમ આપણા દેશમાં નાલંદા, તક્ષશિલા, વિક્રમશિલા, વલ્લભી આવી કેટકેટલી વિદ્યાપીઠોનો સુવર્ણકાળ હતો.

તા. ૨૩મી માર્ચ, ૨૦૨૩

બિન-સરકારી સંકલ્પો

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

વિશ્વમાંથી કેટલાય દેશોમાંથી વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરવા આવતા હતા. આ શિક્ષણ પ્રણાલીના લીધે ભારતનો શિક્ષણ અને કેળવણીમાં એક દબદબો હતો. કાળક્રમે આ પરંપરા વહન કરવામાં ઘણા અવરોધો અને સંઘર્ષો ભારતના ભાગે આવ્યા છે. યાદ કરીએ એ મુઘલકાળ, અંગ્રેજ કાળ. અંગ્રેજો માનતા હતા કે, ભારતને અને ભારતીયતાને ખતમ કરવી હશે તો ભારતની શિક્ષણ પદ્ધતિમાં ફેરફાર કરવો જરૂરી છે. આ ષડ્યંત્રમાં અંગ્રેજો સફળ રહ્યા અને લૉર્ડ મૅકોલેની શિક્ષણ પદ્ધતિનું અમલીકરણ થયું. ત્યાર બાદ કારકુનો પેદા કરવાની નીતિ અમલમાં આવી. નૂતન ભારતના નિર્માતા આદરણીય શ્રી મોદી સાહેબે રાષ્ટ્રના ઉન્નત વિકાસ સાથે કરોડો વ્યક્તિત્વના નિર્માણ હેતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અમલમાં મૂકી છે. આજે સમગ્ર ભારતનો જે માહોલ ઊભો થયો છે અને ભારતનું જે વ્યક્તિત્વ ઊભું થયું છે એનો શ્રેય આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને જાય છે. દૃઢ રાજકીય ઇચ્છાશક્તિથી બધું જ શક્ય બને છે. આજના દિવસે આદરણીય મોદીસાહેબ માટે એક પંક્તિ યાદ કરીએ તો,

''लिए प्रखर संकल्प हृदय में आगे बढ़ते जाएंगे,

हिन्दु राष्ट्र का गौरव वैभव जगत में प्रगटाएंगे।.''

ભારતીય શિક્ષણના પુનઃસ્થાપનની દિશામાં એક મોટું પગલું ભારતસરકારે ભર્યુ છે. શિક્ષણ અને કેળવણીમાં એક પાતળી ભેદરેખા છે. માત્ર જ્ઞાનની પ્રાપ્તિ એટલે શિક્ષણ છે, પણ જીવનમૂલ્યોના ઘડતરમાં વિશેષ કામ કરવું એ કેળવણી છે. આ નવી શિક્ષણ નીતિમાં કેળવણી ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આપણે જાણીએ છીએ અને વિદ્ધાનોએ પણ કહ્યું છે કે, ''બાળકને જે ભાષામાં સપનાં આવે છે એ ભાષામાં એનું શિક્ષણ થવું જોઇએ.'' આ નવી શિક્ષણ નીતિમાં માતૃભાષા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. મને કહેતાં ગૌરવ થાય છે કે, આ નવી શિક્ષણ નીતિમાં ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનાં પાને-પાને દર્શન થાય છે. આ શિક્ષણ નીતિ ભારતના વિદ્યાર્થીઓમાં ભારતીયતાની ભાવનાને વધુ મજબૂત કરશે અને આ નીતિમાં વર્તમાન માળખું ૧૦+૧ અને નવા માળખામાં ૫ + ૩ + ૪ આવું પુનર્ગઠિત માળખું મજબૂત રીતે મૂકવામાં આવ્યું છે. આ નવી નીતિમાં ભારતીય જ્ઞાન પ્રણાલીની નવી તકનીકો સાથે પુનઃ ભારત વિશ્વના ગુરુપદે બિરાજમાન થાય એવા પ્રમાણિક પ્રયત્નો થયા છે. નૂતન ભારતના નિર્માણ માટે આ શિક્ષણ નીતિ માટે ભારત સરકાર અને આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અભિનંદન આપું છું અને ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ જે રીતે કામ કરી રહ્યાં છે એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને, માનનીય શિક્ષણમંત્રીશ્રીને અને શિક્ષણ વિભાગને ફરી એકવાર હું અભિનંદન આપું છું અને શ્રી વિનેન્દ્રસિંહ ઝાલાના આ સંકલ્પને અનુમોદન આપવા વિનંતી કરું છું.

<u>અધ્યક્ષશ્રી</u> : બધા સભ્યશ્રીઓને માનનીય દંડકશ્રીએ ૬-૬ મિનિટનો સમય ફાળવ્યો છે, એટલે સમયનું ધ્યાન રહે અને છેલ્લે પાંચ-પાંચ મિનિટનો સમય ફાળવ્યો છે.

શ્રી અમૂલ ભટ્ટ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી આદરણીય શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા જે સંકલ્પ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપણી જૂની શિક્ષણ નીતિ ૧૦ + ૨ની હતી. એની જગ્યાએ ૫ +૩+ ૩+ ૪ આ પ્રમાણેની આપણી નવી શિક્ષણ નીતિ છે. બાળક કુમળા છોડ જેવું હોય છે. એને જેમ વાળીએ એમ વળે છે. શરૂઆતના પહેલાં પાંચ વર્ષ એ બાળકની શિક્ષણ નીતિના ખૂબ જ અગત્યના વર્ષ હોય છે. આ શિક્ષણ નીતિમાં બાળકને પહેલાં પાંચ વર્ષ માતૃભાષામાં જ શિક્ષણ આપવામાં આવે અને ઉછેર કરવામાં આવે. આ શિક્ષણ નીતિ કેવી રીતે અને ક્યાં મૂકાઇ એ બધી જ વાત થઇ છે. પાંચ વર્ષના ફાઉન્ડેશન અભ્યાસ પછીના બીજા સ્ટેજમાં ત્રીજા, ચોથા અને પાંચમાં ધોરણમાં માતૃભાષામાં શિક્ષણ સાથે એક્ટિવિટી પર ભાર મૂકવામાં આવ્યો છે. આ બીજો ભાગ છે. પરીક્ષાની શરૂઆત પણ ધોરણ-૩થી થશે. જે સંપૂર્ણપણે આવકાર્ય છે. બાળકોના શરીર અને મન ઉપર જે ભાર મૂકવામાં આવતો હતો તે આ શિક્ષણ નીતિમાંથી દૂર કરવામાં આવ્યો છે. ધોરણ- ૬, ૭ અને ૮ એ ત્રીજું સ્ટેજ છે. જે મિડલ સ્ટેજ છે. કમ્પ્યુટર એજ્યુકેશન કોડિંગ એટલે કે સોફ્ટવેર કેવી રીતે ડેવલપ કરી શકાય? તેનું વોકેશનલ ગાઇડન્સ, કાર પેન્ટ્રી, વોકિંગ, ફિશિંગ, સિવણ કામ જેવા પસંદગીના કોર્સમાં પણ તાલીમ અપાશે. આ ત્રીજા સ્ટેજનું કામ છે. અહીં મેથ્સ અને સાયન્સ સાથે નવું જોડવામાં આવ્યું છે કે, ભારતીય ભાષાની પસંદગી પણ શીખી શકાશે. હિંદી, સંસ્કૃત કે કોઇપણ પ્રાદેશિક ભાષા પણ શીખી શકાશે. આગળની વાત છે તે હાયર સેકન્ડરીની છે અને તે ધોરણ-૯થી ૧૨નો તબક્કો છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવી શિક્ષણ નીતિ અનુસાર હવે આર્ટસ, કોમર્સ અને સાયન્સ એવા કંપાર્ટમેન્ટવાળી જૂની શિક્ષણ નીતિને તિલાંજલી અપાઇ છે. મેથ્સ, સાયન્સની સાથે જેને ભૂગોળમાં રસ છે તો તેનો પણ અભ્યાસ કરી શકશે. આપણે જે વિદેશી શિક્ષણ નીતિની વાત કરી રહ્યા છીએ તો તે પણ ભણી શકશે. કોમર્સના સ્ટૂડન્ટસને એકાઉન્ટસની સાથે ઇતિહાસમાં રસ છે, મહારાણા પ્રતાપમાં રસ છે, શિવાજી મહારાજમાં રસ છે તો તે ઇતિહાસમાં ભણી શકશે. સાયન્સમાં રસ હશે તો તે કોમર્સના સબજેક્ટ પણ લઇ શકશે. ક્રિટિકલ થિન્કિંગ ઉપર આ સ્ટેજમાં વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ તબક્કામાં ફૉરેન લેંગ્વેજ જેવી કે, ફ્રેન્ચ, જર્મન આવી કોઇ લેંગ્વેજ ભણવી હશે તો તે પણ ભણી શકાશે. આ શિક્ષણ નીતિની ગ્રેજ્યુએશનની વાત કહેવી ખૂબ અગત્યની છે. ગ્રેજ્યુએશન ચાર વર્ષનું રહેશે. બી.એ., બી.કોમ અને બી.એસ.સી., ભૂતકાળ બનવા જઇ રહ્યો છે. આ શિક્ષણ નીતિની સૌથી મહત્ત્વની બાબત જે આ ગૃહ સમક્ષ લાવવા માગું છું. કોલેજમાં પહેલું વર્ષ

ઉત્તીર્ણ થશે તો એને ગ્રેજ્યુએશનનું સર્ટિફિકેટ મળશે. એ બહાર જશે તો આ ગ્રેજ્યુએશનના સર્ટિફિકેટ ઉપર જશે. કોલેજનું બીજું વર્ષ પાસ કરશે તો ગ્રેજ્યુએશન ડિપ્લોમાનું સર્ટિફિકેટ મળશે. કોલેજના ત્રીજા વર્ષ પછી વિદ્યાર્થી બહાર નીકળશે તો ગ્રેજ્યુએશન ડિગ્રીનું સર્ટિફિકેટ મળશે અને કોલેજના ચાર વર્ષનો જો અભ્યાસ પૂર્ણ કરશે તો ગ્રેજ્યુએશન રિસર્ચનું સર્ટિફિકેટ મળશે. આવી ખૂબ વિચારણાના અંતે ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રની સરકાર આ શિક્ષણ નીતિ લાવી છે. કોલેજનું પ્રથમ વર્ષ મહત્ત્વનું રહેશે. આર્થિક અને સામાજિક કારણોસર કેટલાંક વિદ્યાર્થીઓને પોતાનો અભ્યાસ છોડી દેવો પડતો હોય છે. તો એને પહેલા તબક્કાની ગ્રેજ્યુએશન ડિગ્રી મળશે અને તેના બેઝ ઉપર તે નોકરી પણ મેળવી શકશે. સંજોગો અનુકૂળ થતાં ફરીથી અભ્યાસ શરૂ કરવો હશે તો તેની પણ આ શિક્ષણ નીતિમાં સુવિધા છે કે તે ફરીથી અભ્યાસ શરૂ કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સૌથી મહત્ત્વની વાત છે. મોટા પાયા ઉપર જયાં રોજગારીની તકો ઉપલબ્ધ છે ત્યાં હવે તેની કોલેજના ત્રણ વર્ષના અભ્યાસ પછી પૂર્ણ રીતે લાયકાત ગણાશે. પોસ્ટ ગ્રેજ્યુએશનમાં પણ ઘણા બધા ફેરફારો કરવામાં આવ્યા છે. એમ.એ, એમ.કોમ, એમ.એસ.સી. આ બધું ભૂતકાળ થવા જઇ રહ્યું છે. પોસ્ટ ગ્રેજ્યુએશન એક વર્ષ કે બે વર્ષનું છે. આ ગૃહમાં ક્લિયર કરવું જરૂરી છે. કોલેજનો ત્રણ વર્ષનો અભ્યાસ જેણે પૂર્ણ કર્યો છે તેને પી.જી. એટલે કે પોસ્ટ ગ્રેજ્યુએશનના બે વર્ષનો અભ્યાસ કરવાનો રહેશે. કોલેજના ચાર વર્ષનો જેને ડિગ્રી અભ્યાસ પૂરો કર્યો છે તેને પોસ્ટ ગ્રેજ્યુએશનમાં એક વર્ષનો અભ્યાસ કરવાનો રહેશે. એમ.ફીલ.ની ડિગ્રી કાઢી નાખવામાં આવી છે. સીધી પી.એચ.ડી.ની ડિગ્રી યથાવત રખાઇ છે. એટલે હું માનું છું કે, વિદ્વાનો સાથે ખૂબ વિચારણા કરી આ શિક્ષણ નીતિ ઘડવામાં આવી છે. નવી શિક્ષણ નીતિમાં હાલના જી.ડી.પી. ના ૩ ટકાની જગ્યાએ વૈશ્વિક નીતિ અનુસાર ૬ ટકાનો ખર્ચ કરવામાં આવશે. જેના લીધે, શૈક્ષણિક સંસ્થાઓના ઇન્ફ્રાસ્ટ્રકચર, લોજિસ્ટિક, શિક્ષણો વગેરેમાં ગુણાત્મક પરિવર્તન લાવવાનો પણ અમારી સરકારનો અભિગમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શાળાઓના ફીના સ્ટ્રકચરમાં શિક્ષણ નીતિની વાત કરવામાં આવી છે. મેં ઘણી બધી શિક્ષણની બાબતોમાં એફ.આર.સી. વિશે વાત સાંભળી કે ફી રેગ્યુલેશન કમિટી ઉપર પ્રહારો કરવામાં આવ્યા હતા. શાળાના સંચાલકો, વાલીઓ પાસેથી મન-માન્યા ધોરણે ફી વસૂલ કરી નહીં શકે એવી પણ વ્યવસ્થાઓ આ શિક્ષણ નીતિમાં ગોઠવવામાં આવી છે. There will be a cap on fees structure જે એક આવકાર્ય બાબત છે. પરિણામમાં પણ મેળવેલા માર્કસની સાથે સેલ્ફ એસેસમેન્ટ, એસેસમેન્ટ બાય ફ્રેન્ડસ અને સહાધ્યાયી વિદ્યાર્થીઓ પણ આમાં કામ કરી શકશે. શિક્ષણ નીતિ વિશે ઘણું બધું કહી શકાય એમ છે પણ, છેલ્લે કહું છું કે, આ શિક્ષણ નીતિનો અમારો અને અમારી સરકારનો મૂળ મંત્ર છે કે, આ વિદ્યાનો ઉપયોગ વિવાદ માટે નહીં પણ જ્ઞાન માટે થાય, ધનનો ઉપયોગ અભિમાન માટે નહીં, પણ દાન માટે થાય અને શક્તિ અને સત્તાનો ઉપયોગ કોઇને પીડા માટે નહીં પણ કોઇને મદદ માટે થાય. એવી શિક્ષણ નીતિ અમારા વડાપ્રધાન શ્રદ્ધેય શ્રી નરેન્દ્રભાઇ મોદી લઇને આવ્યા છે. ખૂબ ખૂબ આભાર.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ ભારત દેશની આઝાદી માટે કુરબાન થનાર શહીદોના ચરણોમાં વંદન કરું છું. માનનીય સભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલા જે બિન સરકારી સંકલ્પ 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦' શિક્ષણનો સંકલ્પ લઇને આવ્યા છે, તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત શિક્ષણની પ્રક્રિયામાં પૂર્વ પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણ સાથે વ્યવસાયિક શિક્ષણને સંકલિત કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અમલમાં લાવવા માટે આપણે સૌએ સાથે સંકલ્પબદ્ધ થઇને કામ કરવાનું છે. દરેક દેશ પોતાની શિક્ષણ પદ્ધતિને પોતાના રાષ્ટ્રીય મૂલ્યો સાથે જોડીને તેમાં પરિવર્તન કરીને દેશના લક્ષ્યની દિશામાં આગળ વધે છે. માનનીય અધ્યક્ષશ્રી, માનવી સક્ષમ બને, સમાન બને, ન્યાયી સમાજનો વિકાસ થાય, રાષ્ટ્રીય વિકાસને પ્રોત્સાહન મળે એ હેતુ માટે શિક્ષણ એ રાજયની મૂળભૂત જરૂરિયાત છે. ગુણવત્તાયુક્ત, સર્વવ્યાપી મૂળભૂત શિક્ષણ માટે પ્રવેશ ઉપલબ્ધ કરાવવો, આર્થિક વૃદ્ધિ, સામાજિક ન્યાય અને સમાનતા, વૈજ્ઞાનિક પ્રવૃત્તિ, રાષ્ટ્રીય એકતા અને સાંસ્કૃતિક સંરક્ષણ વગેરે બાબતો વૈશ્વિક સ્તર પર નેતૃત્વના સંદર્ભમાં ભારતની સતત પ્રગતિ માટે ચાવીરૂપ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી દાયકામાં ભારત વિશ્વમાં સૌથી યુવાન લોકોની વસતિવાળો દેશ હશે. તેમને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શૈક્ષણિક તકો પ્રદાન કરવાની આપણી ક્ષમતા જ આપણા દેશના ભવિષ્યને નિર્ધારીત કરશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ એકવીસમી સદીની પહેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હશે, જેનું લક્ષ્ય આપણા દેશના વિકાસ માટે અનિવાર્ય જરૂરિયાતની પૂર્તિ કરવાનું છે. આમ આ નીતિ ભારતીય શિક્ષણની વ્યવસ્થાના બધા જ પાસાઓનો વિચાર કરીને સુધાર અને પુનઃરચના દ્વારા ભારતીય સંસ્કૃતિને મૂલ્ય આધારિત ૨૧મી સદીના શિક્ષણની નવી શિક્ષણ નીતિનું સર્જન કરવાનો આ પ્રસ્તાવ છે. નવી શિક્ષણ નીતિમાં તમામ વિદ્યાર્થીઓ તેમનું રહેઠાણ ગમે ત્યાં હોય તો પણ ગુણવત્તાયુકત શિક્ષણ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય છે. શિક્ષણ વ્યવસ્થામાં નવી નીતિ નિશ્ચિતપણે પ્રત્યેક સ્તર પર શિક્ષકોને સમાજના સન્માન પાત્ર અને અનિવાર્ય સભ્યના રૂપમાં પુનઃ સ્થાપન કરવામાં મદદરૂપ બનશે. આ નીતિ ૩, ૪ વર્ષના વિચાર વિમર્શ પછી લાખો સલાહ-સૂચનો અને તેના પર થયેલા મંથન પછી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને સ્વીકૃતિ મળી છે. સમગ્ર દેશમાં વ્યાપક ચર્ચાઓ થઇ છે. જુદા જુદા ક્ષેત્રના લોકો અને જુદી જુદી વિચારધારા સાથે સંકળાયેલા લોકો પોતાનો અભિપ્રાય આપી ચૂકયા છે. સમીક્ષા કરી

રહ્યા છે. આ પ્રકારની તંદુરસ્ત ચર્ચાઓ કરીને આપણા દેશના શિક્ષણ સાથે સંકળાયેલા લોકોને વર્ષોથી ચાલી આવતી પ્રથામાં ફેરફાર ઇચ્છતા હતા તેમને સૌને લાભ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, બદલાતા સમયની સાથે એક નવી વિશ્વ વ્યવસ્થા, નવા રંગરૂપ સાથે ઊભી થઇ રહી છે. નવા વૈશ્વિક ધારાધોરણો પણ નક્કી થઇ રહ્યા છે. આ હિસાબે ભારતની શિક્ષણ પદ્ધતિમાં જડમૂળથી ફેરફારો થાય એ અત્યંત જરૂરી છે. શાળા અભ્યાસક્રમમાં માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ ટેન પ્લસ ટુના માળખામાંથી આગળ વધીને ફાઇવ પ્લસ થ્રી પ્લસ થ્રી અને ફોરનું માળખું. આ એ જ દિશામાં ભરેલું એક ડગલું છે. આપણે આપણા વિદ્યાર્થીઓને વિશ્વના નાગરિકોમાં મહત્તમ બનાવવાના છે. બાળક ઓછામાં ઓછો એક વ્યવસાય શીખે અને વધુમાં વધુ વ્યવસાયથી માહિતગાર થાય એ ખૂબ જરૂરી છે. શરુઆતની ઉંમરમાં ૬થી ૮ એટલે મિડલ સ્ટેજ અને નવથી બાર એટલે સેકન્ડરી સ્ટેજમાં વ્યવસાયિક શિક્ષણ સાથે સંપર્ક તેઓને ઉચ્ચ શિક્ષણમાં સરળતાથી લઇ શકશે. નવી શિક્ષણ નીતિમાં આરોગ્ય, ઉદ્યોગો, પશુપાલન, ખેતી, કૃષિ, માર્કેટિંગ, બેંકિંગ સેવાઓ, કોમર્શિયલ એપ્લિકેશન, ફૂડ પ્રોસેસિંગ દરેક બાબતોનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, શાળાકીય માળખા સ્તરે માળખાગત આયોજન મુજબ ચાર સ્તરમાં એને વિભાજિત કરવામાં આવ્યું છે. ધોરણ ૧થી ૫ અવેરનેશ અને ઓરીએન્ટેશન, ધોરણ ૬થી ૮ એક્સ્પ્લોરેશન, ધોરણ ૯થી ૧૨ પ્રીપરેશન અને મુકત શાળા સ્તર એ એન.આઇ.ઓ.એસ.ની છે. શિક્ષણ પદ્ધતિમાં બાળક શું વિચારે છે, What Think, તે અગત્યનું નથી. જયારે આજની શિક્ષણ નીતિમાં બાળક કેવી રીતે વિચારે છે, How to Think, તે મહત્ત્વનું ગણવામાં આવ્યું છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવાનો પ્રયત્ન કર્યો છે તે વધુ પડતો લાંબો અભ્યાસક્રમ કરીને વધુ પડતા પુસ્તકોની અનિવાર્યતાને ઓછી કરે છે. દેશની ભાવી પેઢીના ઉજ્જ્વળ ભવિષ્ય માટે અને વર્તમાન પેઢીને ઉગારવા માટે આ શિક્ષણ નીતિ ખૂબ જરૂરી છે. એટલે માનનીય સભ્યશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

ડો. મહેન્દ્રભાઇ પાડલિયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા ગૃહના વિદ્વાન સભ્ય શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા એક બહુ જ મહત્ત્વનો સંકલ્પ લઇને આવ્યા છે એ સંકલ્પને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી અગાઉ આ સદનના વિદ્વાન સભ્યશ્રીઓ દ્વારા અલગ અલગ દૃષ્ટિકોણથી ઘણી બધી મહત્ત્વની વાતો થઇ. હું થોડોક ૨૦૨૦ની ન્યુ એજયુકેશન પોલિસીનો ડ્રાફ્ટ ૨૯ જુલાઇ ૨૦૨૦માં બન્યો, કોરોનાનો કપરોકાળ શરૂ થયો તે પહેલા થોડા ભૂતકાળમાં જવા માગું છું. વર્ષ ૧૯૪૭ દેશ આઝાદ થયો. ત્યાર પછી લગભગ ૬૭ વર્ષ થયાં, આ ૬૭ વર્ષમાં મોટે ભાગે કોંગ્રેસનું શાસન આ દેશમાં રહ્યું છે. આ ૬૭ વર્ષમાં અહીંયા ગૃહમાં પણ વાત થઇ કે, ઇ.સ. ૧૮૩૫માં લોર્ડ મેકોલેએ બહુ જ જિનિયસ, ઇન્ટેલિજન્ટ અંગ્રેજને અહીંયા બ્રિટિશ ગવર્નમેન્ટે મોકલ્યા કે ભારતની સંસ્કૃતિ ઉપર, તેની શિક્ષણ પ્રણાલી ઉપર અસંખ્ય વખત આક્રમણો થયા છતાં ભારતનું મૂળભૂત સાંસ્કૃતિક અસ્તિત્વ શા માટે ટકી રહેલું છે એનો અભ્યાસ કરો. લોર્ડ મેકોલો ઇઝ વેરી જિનિયસ પર્સન ઇન ઇંગ્લીશ રૂલ. એમણે અહીંયા વર્ષ ૧૮૩૫ પહેલાના ચારથી પાંચ વર્ષ પૂરા ભારતનો અભ્યાસ કર્યો, ભારતની શિક્ષણ પદ્ધતિનો અભ્યાસ કર્યો, તેની રૂટેડ તાકાતનો અભ્યાસ કર્યો. અત્યારે ઓક્સફર્ડ યુનિવર્સિટીની લાઇબ્રેરીમાં આ ડોકયુમેન્ટ મોજુદ છે. એમાં એમણે લખ્યું છે કે ભારતની ઋષિ પરંપરાની જે ગુરુકુળ પ્રથા છે તે આ દેશની મૂળભૂત તાકાત છે. એના સાંસ્કૃતિક મૂલ્યો છે, એની જે રૂટેડ શક્તિ છે એ કોઇ હલબલાવી શકે તેમ નથી. એવું એમણે એ વખતના જે ઇંગ્લેન્ડના શાસકો હતા તેમને આપેલો એ રિપોર્ટમાં મૂકેલું છે. આ જાણ્યા પછી મેકોલેને કામ સોંપવામાં આવ્યું કે તમે આ એજ્યુકેશન પદ્ધતિને મૂળભૂત રીતે બદલાવો, અને ત્યાર પછી આપણે બધા જાણીએ છીએ આપણે અવારનવાર ચર્ચા થઇ છે, અહીંયા પણ ચર્ચા થઇ છે કે લોર્ડ મેકોલો દ્વારા નવી શિક્ષણ પ્રથા વર્ષ ૧૮૩૫ પછી આ દેશમાં ઇન્ટ્રોડ્યુસ કરવામાં આવી. લગભગ વર્ષો સુધી, આપણે આઝાદ થયા ત્યાં સુધીમાં તો એમણે આપણી શિક્ષણ પ્રથામાં જે મૂળભૂત તાકાત હતી, આપણી સાંસ્કૃતિક અસ્તિત્વની તાકાત હતી એને વેરવિખેર કરી નાખી. અને ત્યાર પછી વર્ષ ૧૯૪૭માં આપણે આઝાદ થયા. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે સત્તાના સૂત્રો સંભાળ્યા, પણ ૬૭ વર્ષ સુધી કોઇનું ધ્યાન જ ન ગયું. થોડો ઘણો વૈજ્ઞાનિક ફેરફાર કરવા માટે વર્ષ ૧૯૬૫માં અને ત્યાર પછી વર્ષ ૧૯૮૫માં કોઠારી કમિશન દ્વારા થોડા ઘણા સામાન્ય ફેરફારો કર્યા, પણ મૂળભૂત બાબત ઉપર ક્યારેય કોઇનું ધ્યાન ન ગયું. વર્ષ ૧૯૮૫ પછી ૩૪-૩૫ વર્ષ પછી નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ની આપણે અહીં ચર્ચા કરીએ છીએ એ અમલમાં આવી. બહુ મહત્ત્વનો સંકલ્પ રજૂ થયો છે. હું ગૃહને આપના દ્વારા યાદ કરાવવા માગું છું કે વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ એક ચૂંટણી ઢંઢેરો જાહેર કરેલ હતો તેમાં પણ તેણે જાહેર કરેલું હતું કે જો ભારતીય જનતા પાર્ટીનું કેન્દ્રમાં શાસન આવશે તો શિક્ષણ નીતિમાં બદલાવ કરવામાં આવશે. આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી મોદી સાહેબે આ દેશનું નેતૃત્વ સંભાળ્યું અને શરૂઆતમાં જ નિર્ણય કરવામાં આવ્યો કે નવી શિક્ષણ નીતિ ઘડવા માટે એક સમિતિની રચના કરવામાં આવી. એ સમિતિ કસ્તુરી રંગન સમિતિના પહેલાં પણ એક પ્રાયમરી સમિતિ હતી. સમિતિએ એક ડ્રાફ્ટ તૈયાર કર્યો અને વર્ષ ૨૦૧૬માં ઇસરોના પૂર્વ ચીફ કસ્તુરીરંગનના નેતૃત્વમાં ૯ સભ્યોનું કમિશન રચવામાં આવ્યું અને ૯ સભ્યોએ લગભગ સવા બે લાખ ઉપર મંતવ્યો એકત્ર કર્યા. તેમાં શિક્ષણવિદો, વિદ્યાર્થીઓ, વાલીઓ, સાહિત્યકારો, વકીલો બધાએ પોતાના અભિપ્રાયો આપ્યા. અંતે એ ડ્રાફ્ટ તૈયાર થયો. એ ડ્રાફ્ટ કેન્દ્રીય કેબિનેટને રજૂ કરવામાં આવ્યો અને નવી શિક્ષણ નીતિ અમલમાં આવી.

ચૈત્ર ૨, ૧૯૪૫ શાકે

બિન-સરકારી સંકલ્પો

માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને વિનંતી છે કે એક-બે વાત કરીને મારું વક્તવ્ય પૂરું કરીશ. મને થોડો વધારે સમય આપો. મહત્ત્વની વાત એ છે કે આખા દેશમાંથી કોઇ પણ જગ્યાએ કોઇ પણ પ્રકારનો વિરોધ નથી થયો અને આ નવી શિક્ષણ નીતિનો સ્વીકાર કરવામાં આવ્યો. આપણે જાણીએ છીએ કે આ શિક્ષણ નીતિનું ધ્યેય આ દેશને ગ્લોબલ નોલેજ સુપર પાવર બનાવવાનું હતું. અહીં વાત થઇ કે આપણી પ્રાચીન મહત્તા હતી તેનું પુનઃસ્થાપન આ શિક્ષણ નીતિ દ્વારા ૧૦૦ ટકા સિદ્ધ થવાનું છે. આ દેશનો ૨૧મી સદીના વિકાસનો પાયો શિક્ષણ નીતિ દ્વારા નખાવાનો છે. અહીં જે પ્રોવિઝનની વાત થઇ તેમાં એક-બે વાતનો ઉમેરો કરીને મારી વાણીને વિરામ આપીશ. એક તો હાયર એજ્યુકેશનના સંદર્ભમાં વિદ્યાર્થીઓને ગમે તેવી વાત ઇન્ટ્રોડ્યુસ થઇ છે. એની ટાઇમ એન્ટ્રી, એની ટાઇમ એક્ઝિટ. કોઇ વિદ્યાર્થી પ્રોફેશનલ સિવાયના ગ્રેજ્યુએશન પ્રોગ્રામમાં બી.એસ.સી., બી.કોમ., બી.એ. વગેરેમાં દાખલ થાય તો ત્રણ વર્ષના બદલે ચાર વર્ષનો કોર્સ નક્કી કરવામાં આવ્યો છે. તેમાં વિદ્યાર્થીઓ ઘણીવાર સામાજિક, આર્થિક અને કૌટુંબિક કારણોસર ડ્રોપઆઉટ થતા હોય છે. જો એક વર્ષનો અભ્યાસ કરશે તો તેને પણ કંઇક સર્ટિફિકેટ મળશે. કોઇ વિદ્યાર્થી બે વર્ષનો અભ્યાસ કરશે તો તેને પણ ડિપ્લોમા મળશે. ત્રણ વર્ષનો અભ્યાસ કરશે અને ડ્રોપ થશે તો તેને ઓર્ડિનરી ડિગ્રી મળશે. ચાર વર્ષનો અભ્યાસ કરશે તો તેને ઓનર્સ ગ્રેજ્યુએશનની ડિગ્રી મળશે અને ત્યાર પછી એક વર્ષમાં પોતાનું પોસ્ટ ગ્રેજ્યુએશન પૂરું કરી શકશે. એક વર્ષના પોસ્ટ ગ્રેજ્યુએશન પછી એ પી.એચ.ડી. પણ જોઇન્ટ કરી શકશે. આ એનીટાઇમ એન્ટ્રી, એનીટાઇમ એક્ઝિટથી ડ્રોપઆઉટ રેશિયો ઘટશે. બીજી એક મહત્ત્વની બાબત એ છે.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી કમલેશભાઇ પટેલ. ડો. મહેન્દ્રભાઇ જેવા અનુભવી ધારાસભ્યશ્રીઓને વધારે સમય આપવો જોઇએ તો વધારે સારો પ્રકાશ પાડી શકે.

ડો. કમલેશભાઇ ર. પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલા સાહેબ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ માટેનો બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને એ અંગેના મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નવી શિક્ષણ નીતિ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના દૂરંદેશીપણાથી ભવ્ય ભારત અને દિવ્ય ભારતના નિર્માણ માટે, ભારતના ભવિષ્યને આગળ લઇ જવા માટે એક મોટો આધારસ્તંભ બનવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ નીતિની વાત થઇ ત્યારે ગુરૂકુળ પરંપરાની પણ વાત આવી. ભારતની સનાતન સંસ્કૃતિની શિક્ષણ પરંપરાની પણ ગૃહમાં વાત આવી, ભારતના ભવ્ય વારસાને આપણે જોઇએ તો ચાર આશ્રમની વ્યવસ્થામાં ૨૫ વર્ષ સુધી જે બ્રહ્મચર્ય આશ્રમની વાત આપણી પરંપરામાં હતી અને છે એને ભૂંસવામાં આવી અને માનનીય સભ્યશ્રીઓએ કહ્યું કે મેકોલેની શિક્ષણ પદ્ધતિ એ ભારતને અને ભારતની સંસ્કૃતિને અને ભારતની વિરાસતને ગુલામ બનાવવા માટે બહુ મહત્ત્વની કારણભૂત શિક્ષણ નીતિ રહી. આ ગૃહના બધા માનનીય સભ્યશ્રીઓએ પણ ભારતની સાંસ્કૃતિક ધરોહરનો અભ્યાસ કર્યો હશે, રૂબરૂ ગયા પણ હશે, કંબોડીયા, બર્મા, જાવા, સુમાત્રા, અજંટા ઇલોરા, હઠીસિંહના દેરા જુઓ, એ ભારતીય પરંપરાની સ્થાપત્ય કળા એને નષ્ટ કરવાનું જો કામ થયું હોત તો એ આપણે જે સન ૧૧૯૨માં પૃથ્વીરાજ ચૌહાણજીનું દિલ્હીની ગાદી ઉપરથી પતન થયું ત્યારથી લઇને સન ૧૯૪૭ સુધી ભારતની જે સનાતન સંસ્કૃતિની શિક્ષણ પ્રથા હતી, ગુરુકુળની શિક્ષણ પ્રથા હતી, વેદની સંસ્કૃતિની પ્રથા હતી, એ દિવસે દિવસે તૂટતી ગઇ અને ધીરે ધીરે ભવ્ય અને દિવ્ય ભારત ઘસાતું ભારત થયું. હવે એને ભવ્ય અને દિવ્ય ભારત બનાવવા માટે આ નવી શિક્ષણ નીતિ જયારે આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી લઇને આવ્યા છે, ત્યારે જીવની શિવ તરફની યાત્રા અને એની જે શરૂઆત થઇ રહી છે અને આ શિક્ષણ નીતિ ભવ્ય ભારતના ભૂતકાળને, ભવિષ્યને અને વર્તમાનને પણ સાથે લઇને ચાલનારી આ નીતિ રહેવાની છે. આ શિક્ષણ નીતિમાં આર્યુવેદની વાત હોય કે શિક્ષકના ગૌરવની વાત હોય, શ્રમના ગૌરવની વાત હોય કે કર્મયોગની વાત હોય આ બધાનો સમન્વય કરતી આ શિક્ષણ નીતિ આવી રહી છે. બાળકનો જયારે જન્મ થાય છે ત્યારથી લઇને ૫ વર્ષ સુધી ૮૫ ટકા સુધી એનું મગજ વિકસિત થતું હોય છે અને એ વિકસિત થતા ૮૫ ટકા મગજનો લાભ લેવા માટે જ આ શિક્ષણ નીતિમાં ૫ વર્ષ પહેલાની પણ બાળકની ચિંતા કરવામાં આવી છે. બાળશિક્ષણ માટેના ૩ વર્ષ એને ફાળવવામાં આવ્યા છે, ત્યાર પછી ૫ વર્ષ છે એને માતૃભાષા માટે, ૩ વર્ષ એને પોતાની કળા માટે, અત્યાર સુધીની શિક્ષણ નીતિમાં ભીમ હોય, અર્જુન હોય કે સહદેવ હોય બધાને માછલીની આંખ વીંધવાનું જ કહ્યું, પણ ભીમને ગદાયુદ્ધની વાત ના કરી. ભીમને ગદા આપી હોત તો એનું પરિણામ સો ટકા હોત. સહદેવને જ્યોતિષ શાસ્ત્ર સોંપ્યું હોત તો ૧૦૦ ટકા એનાં પરિણામો આવ્યાં હોત. રાજ કારોબાર કઇ રીતે કરવો એ યુધિષ્ઠિરને સત્ય સાથેની રાજનીતિ કઇ રીતે કરવી એ એમણે બતાવ્યું હોત તો ૧૦૦ ટકા સફળ જતા. પણ અત્યાર સુધીની શિક્ષણ નીતિ અર્જુનને જે કળા આવડતી હતી એ કળાની ચિંતા થઇ. ભીમની, યુધિષ્ઠિરની, સહદેવની કે નકુલની ચિંતા ન થઇ. આ શિક્ષણ નીતિમાં શ્રી નરેન્દ્રભાઇએ બધાની ચિંતા કરી છે અને ભવ્ય અને દિવ્ય ભારતનું નિર્માણ થવા જઇ રહ્યું છે. હું સંકલ્પને મારો ટેકો આપું છું અને ગૃહ પણ એને અનુમોદન આપે એવી વિનંતી કરું છું.

ડો. સી. જે. ચાવડા(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના વડીલ ધારાસભ્ય માનનીયશ્રી વી.ડી. ઝાલા સાહેબ જે સંકલ્પ લઇને આવ્યા છે એ સંકલ્પમાં એમણે જે પ્રકારે વાત મૂકી એવી જ જો શિક્ષણ નીતિ હોય તો હું અનુમોદન આપતો નથી.

## તા. ૨૩મી માર્ચ, ૨૦૨૩

## બિન-સરકારી સંકલ્પો

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારત દેશ છે. ભારત પ્રાચીનથી અર્વાચીન સુધી શિક્ષણ નીતિમાં અગ્રેસર રહ્યું છે. શિક્ષણ એટલે ફક્ત ડિગ્રી મેળવવી અને નોકરી મેળવવી એ નથી. શિક્ષણ સંસ્કૃતિ સાથે આવે છે, શિક્ષણ સંસ્કાર સાથે આવે છે, શિક્ષણ વેપાર સાથે આવે છે, શિક્ષણ ઈતિહાસ સાથે આવે છે. આ બધાનો ભવ્ય વારસો એકત્રિત થાય અને બધી નીતિઓનું સ્ટૉરેજ બને એને શિક્ષણ નીતિ કહેવામાં આવે છે. હવે આ શિક્ષણ નીતિ આજકાલ ઊભી થયેલ નથી. આજે હું રાજ્યનો મુખ્યમંત્રી બની જઉં અને શિક્ષણ નીતિ લાવ્યો અને ડો.સી.જે. ચાવડા નથી લાવ્યા એવું નથી. આ સતત ચાલતી પ્રક્રિયા છે. વિશ્વના દેશો, રાજ્યો, બીજાં રાજ્યો, એક પ્રજા, બીજી પ્રજા, એક ધર્મની પ્રજા, બીજા ધર્મની પ્રજા, આ બધા વિશ્વમાં આ સદીમાં કઇ દિશામાં જઇ રહ્યા છે એમાં ભારત ક્યાં અને ગુજરાત ક્યાં એની ચિંતા એને આખી નીતિ કહેવામાં આવે છે. પછી એ વિદેશ નીતિ હોય, આર્થિક નીતિ હોય, વેપાર નીતિ હોય, શિક્ષણ નીતિ હોય. એટલે શ્રી વી.ડી. ઝાલા સાહેબે સંકલ્પમાં જે વાત કરી છે એવી જો નીતિ હોય તો એને હું અનુમોદન આપતો નથી. ખરેખર તો ભારત દેશમાં ભવ્ય ઈતિહાસ ધરાવતી સંસ્કૃતિ અને શિક્ષણ નીતિ છે. પાંડવોની બહુ સરસ વાત કરી. એ જ રીતે નાલંદા, તક્ષશીલા, ગુજરાતની વલ્લભીપુર આ બધી આપણી વિદ્યાપીઠો હતી. ચીનથી હ્યુએન સાંગ અને ફાહ્યાન જેવા વિશ્વ વિખ્યાત આ દેશની સંસ્કૃતિના શિક્ષણ માટે પગપાળા ચાલીને આવતા હતા. ભારત સોને કી ચિડિયા, શું છે એનો અભ્યાસ કરવા આવતા હતા. એવી આપણી નીતિઓ હતી. હવે આજે જે વાત થઇ કે કોંગ્રેસના શાસનમાં આવી શિક્ષણ નીતિ હતી. મહારાણા પ્રતાપને આમ જોવામાં આવતા હતા. અકબર બાદશાહને આમ જોવામાં આવતા હતા અને એ હવેથી આમ થશે ને તેમ થશે. આ નીતિ એ શિક્ષણ નીતિ નથી. આજની ૨૧મી સદીમાં શિક્ષણ નીતિ અને કોઇપણ પ્રધાનમંત્રી આવે એ પ્રધાનમંત્રી દેશનું ખરાબ થાય એવું થોડું ઇચ્છે? એ પ્રધાનમંત્રી આખા દેશની શિક્ષણ નીતિ બગડી જાય એવું થોડું ઇચ્છે? આપણા દેશના યુવાનો વિશ્વના ફલક ઉપર ઊભા નહીં રહી શકે એવું થોડું ઇચ્છે? એવું ના જ ઇચ્છ્યું હોય. એમણે બધા સાથે પરામર્શ કર્યો હોય, બધા પક્ષો સાથે પરામર્શ કર્યો હોય, બધી વ્યક્તિઓ સાથે પરામર્શ કર્યો હોય, બધા કેળવણીકારોનાં સૂચનો લીધાં હોય, હજારો-લાખો નોંધો તૈયાર થઇ હોય, મિટિંગો થઇ હોય ત્યાર પછી નીતિ તૈયાર થતી હોય છે. એ નીતિ જે છે એ રીતે મૂકવામાં આવી હોય એવું મને લાગતું નથી. શ્રી વી.ડી.ઝાલા સાહેબ ખૂબ તજજ્ઞ છે અને રાજ્યના કાયદા મંત્રી રહી ચૂક્યા છે અને આ બાજુ અને પેલી બાજુ બન્ને બાજુ રહી ચૂક્યા છે. એમણે નીતિની વાત થાય છે ત્યારે એ રીતે વાત કરી હોત તો મને આનંદ થાત. પણ એ રીતે વાત થઇ નથી એટલે હું અનુમોદન આપતો નથી. નીતિ તો બદલાતી રહે, નીતિ તો આવતી-જતી રહે. પહેલાં એવું હતું કે ધોરણ-૧થી ૭ સુધી પ્રાથમિક હતું, ધોરણ-૮થી ૧૧ માધ્યમિક હતું અને ધોરણ-૧૧ પછી કોલેજ હતી. પછી નીતિ બદલાઇ એટલે ૧+૭ આવ્યું, ૧૦+૨ આવ્યું. હમણાં વાત કરી કે હવે ૧૦+૩ થવાનું છે. આ બધી નીતિઓ ખૂબ ઊંચા અભ્યાસના કારણે કદાચ બદલાતી રહે, બનતી રહે. સબ્જેક્ટ નોલેજ પણ વિશ્વની સાથે જતું, આવતું, ઉમેરાતું જાય, બાદ થતું થાય એ બધું રહેવાનું. હજુ મને લાગે છે કે આપણા ગૃહમાં જ અસમંજસ છે. એવું લાગે છે કે જે રીતે રજૂઆત થઇ રહી છે. એટલે ખરેખર એમાં થોડું માનનીય મંત્રીશ્રી જ્યારે જવાબ રજૂ કરે ત્યારે (અંતરાય) મને રક્ષણ આપો. અથવા તો સિનિયર આગેવાન જ્યારે વાત કરે ત્યારે ખરેખર નીતિ શું છે? એની સ્પષ્ટતા કરે પછી અમારે અનુમોદન આપવું કે નહીં આપવું એ વિચારીશું. બાકી આ દેશની શિક્ષણ નીતિ વિશ્વમાં સર્વોત્તમ રહી છે. આ દેશની શિક્ષણ નીતિ સંસ્કારની સાથે સંકળાયેલી છે. આ દેશની શિક્ષણ નીતિ માનવતાના ધોરણ સાથે સંકળાયેલી છે. એટલે વિશ્વના કોઇ દેશ ભારતની શિક્ષણ નીતિ સાથે સરખાવી શકે તેમ નથી. કારણ ફક્ત આપણે ગ્રેજ્યુએટ થઇને, નોકરી મેળવીને, ધંધો સારો કરીને શિક્ષણ નીતિ અજમાવીએ એવું નથી એટલા માટે માનનીય મંત્રીશ્રી એમનો જવાબ જ્યારે રજૂ કરે ત્યારે અથવા સિનિયર આગેવાન જ્યારે વાત કરે ત્યારે વિશેષ વાત કરે એવી વિનંતી કરું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય સભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલા નવી શિક્ષણ નીતિનો સંકલ્પ લઇને આવ્યાં છે તેના વિષે મારા વિચાર રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ અને આપણું ગુજરાત રાજ્ય એ આમ જોઇએ તો વિકાસ પામતો આ દેશ છે, પૂર્વ વિકાસશીલ નથી. આપણા દેશમાં વર્ષ ૨૦૨૦ની નવી શિક્ષણ નીતિ અમલમાં મૂકી તેમાં ઘણા બધા ફાયદાઓ છે અને ઘણું બધું નુકસાન પણ છે. ફાયદાઓ છે એમાં ૧૦ વત્તા ૨ પહેલા હતું એમાં ફેરફાર કર્યો છે. એમાં જોઇએ તો મોટાભાગમાં નવી શિક્ષણ નીતિ છે એમાં ક્યાંય એવો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો. વર્લ્ડમાં આજે યુનિવર્સિટીમાં શિક્ષણ લઇ રહ્યા છે, એમાં અને આપણા દેશમાં ડિફરન્સ ખૂબ જોવા મળે છે. આ નવી શિક્ષણ નીતિ આવ્યા પછી પણ આપણા દેશના મોટાભાગના વિદ્યાર્થીઓ વિદેશમાં શિક્ષણ લેવા જઇ રહ્યા છે. એ ખૂબ ચિંતાવાળો વિષય છે, તો એમાં આપણે થોડું વિચારવું જોઇએ કે નવી શિક્ષણ નીતિ લાવ્યા પછી પણ વિદ્યાર્થીઓનો વિદેશ જવાનો રેશિયો શા માટે વધ્યો છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારા ધ્યાન માટે હજી નવી શિક્ષણ નીતિનો અમલ થયો નથી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : અત્યારે એ રેશિયો વધતો જાય છે. સાથો સાથ આજે આપણા ગુજરાતમાં ખાસ કરીને પ્રાથમિક શાળા, માધ્યમિક શાળાના શિક્ષણની વાત કરીએ તો મોટાભાગની આપણી સ્કૂલોનું ખાનગીકરણ થઇ ગયું છે અને સાથો સાથ વાત કરીએ તો આપણા ગુજરાતમાં યુનિવર્સિટીઓ ખૂબ સારી એવી વધુ બની છે. મોટાભાગની યુનિવર્સિટીઓ બની છે એ પ્રાઇવેટ બની છે. છેવાડાનાં બાળકોને ઉચ્ચ અભ્યાસ કરવો હોય તો એ પ્રાઇવેટ યુનિવર્સિટી કે નિરમા યુનિવર્સિટીમાં નહીં ભણી શકે. આ નવી શિક્ષણ નીતિમાં એવી કોઇ જોગવાઇ જોવા નથી મળતી. બીજી વાત કરું તો નવી શિક્ષણ નીતિમાં

કોઇ પણ દેશ કે રાજ્ય ત્યારે જ આગળ આવી શકે કે જ્યારે નાનામાં નાના છેવાડાનાં ગરીબ બાળકને ૧૦૦ ટકા સારું ફ્રી શિક્ષણ આપવાની જોગવાઇ હોય ત્યારે જ એ દેશની શિક્ષણ નીતિ ખરેખર એ દેશ માટે સારી નીવડી શકે. આભાર.

ડો. કુબેરભાઇ ડીંડોર**(**શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે તા. ૨૩-૩-૨૦૨૩ શહીદ દિન. દેશને આઝાદી અપાવવા માટે જેમણે પોતાના પ્રાણોની આહૂતિ આપી છે એવા શહીદોને હું નમન કરું છું, વંદન કરું છું. સાથે, ચેટીચાંદ છે એટલે સિંધિ સમાજને શુભેચ્છા પાઠવું છું. સાથેસાથે ચૈત્રી નવરાત્રિની શરૂઆત થઇ છે એટલે સનાતન હિન્દુ સંસ્કૃતિના વાહકો એવા હિન્દુ સમાજના ભાઇબહેનોને પણ શુભેચ્છા પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા સન્માનનીય ગૃહના વડીલ સભ્યશ્રી સન્માનનીય વિનેન્દ્રસિંહ ઝાલાસાહેબ જે શિક્ષણ નીતિ ૨૦૨૦નો બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એમાં બધા જ મિત્રોએ સરસ ચર્ચા કરી છે. આપણા સન્માનનીયશ્રી વિનેન્દ્રસિંહ ઝાલા સાહેબ, શ્રી અર્જુનસિંહ ચૌહાણ સાહેબ, શ્રી અમૂલભાઇ ભટ્ટ, શ્રી ભરતભાઇ પટેલ, ડો. મહેન્દ્રભાઇ પાડલિયા, શ્રી કમલેશભાઇ પટેલ અને શ્રી ઉમેશભાઇ મકવાણાએ ચર્ચામાં ભાગ લીધો. ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ કેન્દ્રીય કેબિનેટ દ્વારા તા.૨૯ મી જુલાઇ, ૨૦૨૦ ના રોજ મંજૂર કરવામાં આવી. જેનો ઉદ્દેશ સર્વગ્રાહી અને બહુવિધ શિક્ષણ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવા માટે કે.જી.થી પી.જી. સુધી તમામ ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવવાનો છે. ગુજરાત સરકાર દ્વારા, શિક્ષણ વિભાગ દ્વારા તા.૫ સપ્ટેમ્બર, ૨૦૨૦ના જી.આર. દ્વારા ટાસ્ક ફોર્સ કમિટીની રચના કરવામાં આવી. સન્માનનીય શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા શિક્ષણ મંત્રી હતા એના પછી સન્માનનીય શ્રી જિતુભાઇ વાઘાણી સાહેબના નેતૃત્વમાં ટાસ્ક ફોર્સની રચના થઇ. બેઠકો થઇ. ચર્ચા વિચારણા થઇ અને સાથેસાથે તા.૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના ઠરાવ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના માળખાકીય અમલીકરણ, યોજના, ડિઝાઇન અને એના અમલીકરણ માટે ચાર પેટા સમિતિઓની રચના થઇ. ગુજરાત સરકારે તા.૫મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ યોજાયેલી વાઇબ્રન્ટ ગુજરાત એકશન સમિટ ૨૦૨૦ ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ એકેડેમિક ઇન્સ્ટિટ્યૂશન આઇ.સી.એ.આઇ. દરમિયાન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦નો અમલીકરણનો રોડમેપ લોન્ચ કર્યો. સન્માનનીય દેશના વડાપ્રધાને જયારે દેશની ધૂરા સંભાળી અને લાલકિલ્લા ઉપરથી ધ્વજવંદનનો કાર્યક્રમ હતો ત્યારે એમણે કહ્યું કે અમે આ દેશને ચલાવવા માટે નથી આવ્યા. દેશને બદલવા માટે આવ્યા છીએ. દેશમાં આમૂલ પરિવર્તન થાય, દરેક ક્ષેત્રમાં પરિવર્તન થાય એના માટેની વ્યવસ્થા અમે બદલવા માટે આવ્યા છીએ. આપણા ડો.સી.જે.ચાવડા સાહેબે બહુ સરસ વાત કરી કે આ ચર્ચામાં ગૃહમાં થોડી અસમંજસ છે. અસમંજસ છે એ વાત સાચી છે એ અસમંજસ દૂર કરવા માટેની બે-ત્રણ બાબત હું કહેવા માગું છું. આ દેશમાં અંગ્રેજો જયારે વેપાર માટે આવ્યા ત્યારે તેમને પણ આ અસમંજસ હતી કે આજે હિન્દુસ્તાનની જે ભારતીય શિક્ષણ પ્રણાલી છે, ભારતીય શિક્ષણની જે વ્યવસ્થા છે, ગુરુકુળની જે પરંપરા છે એને કેવી રીતે તોડવી એ એમને પણ અસમંજસ હતી. એમની અસમંજસ વ્યાજબી છે તો અંગ્રેજો જયારે જંગલી જાનવરોની માફક સંપત્તિ એકઠી કરવા માટે અહીંતહીં ફરતા હતા, ત્યારે વર્ષ ૧૮૫૦ માં હિન્દુસ્તાનમાં ૭,૩૨,૦૦૦ ગુરુકુળ હતા. એ જમાનામાં ૭,૫૦,૦૦૦ ગામડાં હતાં. મતલબ કે દરેક ગામમાં ગુરુકુળની વ્યવસ્થા હતી. આ બધા ગુરુકુળો રાજા કે મહારાજા ચલાવતા એવું નહોતું. આપણા સમાજના સ્થાનિક આગેવાનો પણ એમાં સહયોગ આપતા હતા. સયાજીરાવ ગાયકવાડે પણ એ સમયે શિક્ષણ માટે ખૂબ સેવા કરી. મતલબ કે દરેક ગામમાં ગુરુકુળની વ્યવસ્થા હતી જ. સાથેસાથે શિક્ષણ માટે એક પાઇ પણ ખર્ચવામાં નહોતી આવતી. શિક્ષણની વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવતી હતી. શિક્ષણ ફ્રી હતું પણ અંગ્રેજોનું શાસન શરૂ થયું. આ અસમંજસ હવે આપની દૂર થશે. અંગ્રેજોનું શાસન શરૂ થયું અને તેમણે આપણી જે શિક્ષણ પ્રથા હતી, ભારતીય શિક્ષણ પ્રણાલી હતી, ભારતીય શિક્ષણ વ્યવસ્થા હતી, ગુરુકુળની જે પરંપરા હતી, એ એમની આંખોમાં કણાની જેમ ખૂંચતી હતી એને તોડવાનું કામ અંગ્રેજોએ કર્યું. અસમંજસ ત્યાંથી શરૂ થઇ. કયા કારણોસર આપણી આવી અધોગતિ થઇ એના કારણો વિગતે જાણીએ એ પણ જરૂરી છે. એનું નિરાકરણ હરહંમેશા થવું જ જોઇએ. નિરાકરણ કરવા માટે લોર્ડ મેકોલેએ બ્રિટિશ સંસદમાં વર્ષ ૧૯૩૫માં જાહેર કર્યું હતું. એમણે કહ્યું કે હું હિન્દુસ્તાનના ખૂણેખૂણે ફર્યો છું. મને કયાંય ભિખારી ન મળ્યો, ચોર ન મળ્યો. આટલી સમૃદ્ધિ, આટલું શ્રેષ્ઠ ચરિત્ર્ય અને જીવનમૂલ્યો પ્રત્યેનું સમર્પણ મેં બીજે કયાંય જોયું નથી. આ દેશ આપણો વિશ્વગુરુ હતો. આપણો દેશ મહાન હતો. આપણી વિરાસત દિવ્ય ભારત હતું. એક ભારત, શ્રેષ્ઠ ભારતનો નારો મોદી સાહેબે એના માટે આપ્યો છે કે આપણે એક થવાનું છે. સાથેસાથે એમણે કહ્યું કે જેટલા પ્રતિભાસંપન્ન લોકો આ દેશમાં છે, હિન્દુસ્તાનમાં અને આ દેશમાં એવા મર્મસ્થાનો છે એને ભેદ્યા વગર, એને તોડયા વગર આપણે આપણું રાજ જો અંગ્રેજોનું સ્થાપિત કરવું હશે તો એ કરી શકીશું નહીં. તેવું બ્રિટનની સંસદમાં મેકોલેએ કહ્યું હતું. આ દેશની કરોડરજ્જુ આ દેશની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસો છે. તે બ્રિટનની પાર્લામેન્ટમાં દરખાસ્ત મૂકે છે અને કહે છે કે, જેથી હું દરખાસ્ત મૂકું છું કે, તેમની પ્રાચીન પદ્ધતિને બદલી નાખવી જોઇએ. અંગ્રેજો આ દેશમાં જે લઇને આવ્યા છે તે બધું જ સર્વશ્રેષ્ઠ છે અને અમારું હિન્દુસ્તાનનું જે છે તે બધું જ નિરર્થક છે તેવું જે દિવસે ભારત દેશના લોકો માનશે, આ અસમંજસ તેમના મનમાં હતી. તેણે કહ્યું કે તેવું ભારતના લોકો માનશે ત્યારે આપણું રાજ્ય સ્થપાઇ જશે. મેકોલે દ્વારા તૈયાર કરેલી શિક્ષણ પદ્ધતિનો સન ૧૮૩૫માં અમલ કરવામાં આવ્યો. મેકોલેએ તો સ્પષ્ટ ભાષામાં લખ્યું હતું કે, ભારતને સદાયને માટે ગુલામ રાખવું હોય તો....

તા. ૨૩મી માર્ચ, ૨૦૨૩
બિન-સરકારી સંકલ્પો

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

શ્રી વિજયભાઇ ર. પટેલ (નાયબ મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પ ઉપરની ચર્ચા અને મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કરું છું.

ડો. સી.જે. ચાવડા:(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું આ પ્રસ્તાવને ટેકો આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપને કેટલો સમય જોઇશે?

ડો. કુબેરભાઇ ડીંડોર : સાહેબ, પંદર મિનિટ જોઇશે.

અધ્યક્ષશ્રી : નહીં, પંદર મિનિટ ટોટલ હતી. તેમાંથી પાંચ મિનિટ વચ્ચે ગઇ છે. પંદર મિનિટમાં પૂરું કરવાનું એટલે આપની પાસે હવે પાંચ મિનિટનો સમય છે.

ડો. કુબેરભાઇ ડીંડોર : સાહેબ, દસ મિનિટ આપો.

અધ્યક્ષશ્રી : નહીં, આપો એટલે એટલું બધું ન થાય. સવારના પ્લાનિંગમાં કહ્યું હતું. એક કલાક આપજો. પાંચ મિનિટમાં પૂરું કરજો.

ડો. કુબેરભાઇ ડીંડોર : ઓકે, સાહેબ. ભારતને ગુલામ રાખવું હોય તો તેની સ્વદેશી અને સાંસ્કૃતિક પ્રણાલીને સંપૂર્ણપણે તોડી નાખવી જોઇએ. તેની આ શિક્ષણ પદ્ધતિને અમલમાં મૂકીને અંગ્રેજોએ આપણા જે ગુરુકુલ ચાલતા હતા તેને આગ લગાડી દીધી હતી. ગુરુકુળના જે આચાર્યો હતા તેમને જેલમાં પૂરવાનું કામ કર્યું. સૌ પ્રથમ કલકત્તામાં કોન્વેન્ટ સ્કૂલ શરૂ કરી. સાથે સાથે કાયદાને કેન્દ્રમાં રાખીને કલકત્તા યુનિવર્સિટી, બોમ્બે યુનિવર્સિટી, મદ્રાસ યુનિવર્સિટી શરૂ કરી. મેકોલે તે પછી પોતાના પિતાને ૧૨-૧૦-૧૯૩૬ની તારીખે પત્ર લખે છે. તે પત્ર ખૂબ પ્રસિદ્ધ થાય છે અને કહે છે કે, આ કોન્વેન્ટ સ્કૂલોમાંથી એવાં બાળકો તૈયાર થશે જે ભારતીય દેખાશે, પરંતુ તેઓનું મગજ અંગ્રેજ જેવું હશે. તેઓ પોતાના દેશ, પોતાની સંસ્કૃતિ અને પોતાની પરંપરાઓ વિશે કંઇપણ જાણતા નહીં હોય. આપણી પદ્ધતિથી ભણતાં બાળકો ભલે ભારતીય દેખાય, તેના દિલમાં, દિમાગમાં તેની સંસ્કૃતિ, સંસ્કારોને નેવે મૂકી દેશે. હિંદુ સાચા અર્થમાં હિંદુ નહીં રહે. અંગ્રેજો આ દેશ ભલે છોડે પરંતુ અંગ્રેજી ભાષાના તે ગુલામ બની રહેશે. આ દેશ અને દેશની સંસ્કૃતિથી તે આપોઆપ વિમુક્ત થશે. મને લાગે છે કે, પિતાશ્રી આ મારું કામ આજે સાર્થક થયું છે અને એ વાતથી હું અત્યંત પ્રસન્ન છું, ખુશ છું. આ વાત સાચી પડી. એ શિક્ષણ પ્રણાલીથી આજે આપણે જઇએ છીએ. આપણું શિક્ષણ રોજગારલક્ષી છે. આપણો સર્વાંગી વિકાસ નથી. આપણું શિક્ષણ ચાર દીવાલો વચ્ચેનું છે તે પરીક્ષાલક્ષી અને રોજગારલક્ષી છે. દસ વર્ષના બાળકના મોંમાં માતા કોળિયો મૂકે છે. સાથે સાથે પચ્ચીસ ત્રીસ વર્ષનો યુવાન તેના બાપને ખવડાવવાનું કામ કરે છે. આપણે આત્મનિર્ભર બનવાની વાત હતી. ગુરુકુળમાં એડમિશન લેતો બાળક આત્મનિર્ભર થઇને બહાર આવતો હતો. ૧૪ પ્રકારની શિક્ષાનું જ્ઞાન આપવામાં આવતું હતું. ૬૪ કલાઓનું જ્ઞાન આપવામાં આવતું હતું. ગાંધીજીએ તે સમયે ગુરુકુલની પ્રશંસા કરીને કહેલું હતું કે શિક્ષણમાં હૈયું, હાથ અને મસ્તક ત્રણેયનો સમાવેશ થતો હોય તેવી બુનિયાદી શિક્ષણ વ્યવસ્થા જે છે તેની તાલીમની હિમાયત કરી હતી. જેના પર વિદ્યાર્થીની ઇમારત ચણવાની છે તે પાયો ખોંખલો હશે તો ઇમારત પણ મજબૂત નહીં હોય. ગમે ત્યારે જમીનદોસ્ત થઇ જવાની પૂરેપૂરી સંભાવના છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે વ્યક્તિનો સર્વાંગી અને સર્વે ક્ષેત્રોમાં વિકાસ થાય તેવા શિક્ષણની જરૂર છે. સા વિદ્યા યા વિમુક્તયે. આધિ અને ઉપાધિમાંથી મુક્તિ અપાવે તે જ સાચી વિદ્યા. "मातृ देवो भवः पितृ देवो भवः, गुरु देवो भवः, आचार्य देवो भवः।" એ આપણી સંસ્કૃતિ છે. આપણી વિરાસત દિવ્ય અને ભવ્ય બાળક હતું. તેને પુનઃસ્થાપિત કરવા માટે આપણે આ નવી શિક્ષણ નીતિ લાવ્યા છીએ. આ બધુ અમલમાં આવશે તો મધર્સ ડે અને ફાધર્સ ડે ઉજવવાની જરૂર નહીં પડે. તે અલગથી ઉજવવા નહીં પડે. આ બધી બાબતો તેમાં જ આવી જશે. જેમ જેમ આપણી નવી સ્કૂલો વધશે અને આ શિક્ષણ નીતિનું ઇમ્પ્લિમેન્ટ થશે ત્યારે ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન લોકોને મળશે. પરિવારની ભાવના વિકસશે, વ્યક્તિ નિર્માણ પરિવાર નિર્માણ, સમાજ નિર્માણ, રાષ્ટ્ર નિર્માણની ભાવના લોકોમાં પુનઃસ્થાપિત થશે તેમ તેમ આપણા સમાજમાં જે વૃદ્ધાશ્રમો સ્થાપ્યા છે તે પણ ઓછા થશે. સાથે સાથે ગૌ, ગંગા, ગાયત્રી અને ગીતાની સંસ્કૃતિ પુનઃ ઉજાગર થશે. ત્યારે આપણી આ નવી શિક્ષણ નીતિની જે બાબતો છે તે આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ દેશ સમક્ષ ૩૪ વર્ષ પછી મૂકી છે. આપણા બધાના માટે ગૌરવની બાબત છે કે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ માટે આ સન્માનનીય ગૃહ કટિબદ્ધ બન્યું છે. આપણે સરકારના સમર્થનમાં એક સંકલ્પની ચર્ચા કરીએ છીએ અને આજે આપણે બધા નસીબદાર છીએ કે દેશભક્તા, રાષ્ટ્રભક્ત, જનનાયક, લોકનાયક જેમને પ્રજાએ એક લોકનાયક તરીકે સંપૂર્ણ એમનામાં વિશ્વાસ મૂકીને માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને દેશનું નેતૃત્વ સોંપ્યું છે ત્યારે તેઓ આજે આપણા દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. આ શિક્ષણ નીતિ અનેક વિદ્વાનો અને તજજ્ઞોના અભિપ્રાય લીધા પછી આખરી કરવામાં આવી છે. રાષ્ટ્રીય શિક્ષાનીતિ સાચા અર્થમાં રાષ્ટ્ર વિશે બધી સાચી જાણકારી આપવાનો પ્રયાસ છે. આપણો સાચો ઇતિહાસ જે છે એને આગળ લાવવાની વાત આ શિક્ષણ નીતિમાં કરી છે. અત્યાર સુધી એક જ તરફી ઇતિહાસ બતાવવામાં આવતો હતો. હવે સાચો ઇતિહાસ ભણાવાશે, સાચો ઇતિહાસ લખાવાશે. આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનું એક પૂસ્તક છે કે "કેળવે તે કેળવણી" આ પાયાની કેળવણીનું મહત્ત્વ વધે તેવી રીતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું ઘડતર કરવામાં આવ્યું છે. વ્યક્તિ જ્યારે શિક્ષણ સંસ્થામાં આવે ત્યારે તેને કેવળ

પરીક્ષા માટે નહીં જીવન માટે તૈયાર કરવાનો હેતુ છે. આપણે તથાકથિત તજજ્ઞતાના યુગમાં જીવીએ છીએ, જેને કારણે ૩૬૦ દિવસ શિક્ષણ આપી શકતા નથી. વિજ્ઞાનનો વિદ્યાર્થી વિજ્ઞાનમાં અને કોમર્સનો વિદ્યાર્થી કોમર્સનો વિષય ભણીને પોતાને શિક્ષિત કહેવા માગે છે. હવે આ નવી શિક્ષણ નીતિને કારણે મેડિકલના વિદ્યાર્થીએ પણ સંસ્કૃત, ઉપનિષદ, વેદો વગેરે ભણવા પડશે અને એ પણ ભણશે. એન્જિનિયરિંગનો વિદ્યાર્થી એન્જિનિયરિંગની સાથે સાથે પત્રકારિતા પણ કરશે, ફ્રેન્ચ ભાષાનું પણ જ્ઞાન મેળવશે અને સાથે સાથે તમામ ભાષાઓનું પણ જ્ઞાન એ મેળવી શકશે. આવા ડિસિપ્લિનરી વાતાવરણમાં દરેક વિદ્યાર્થી પોતાનું ક્રેડિટ બેંકમાં ખાતું ખોલાવશે. આમ તમે જે ક્રેડિટ કમાયા હશો એના પરથી તમે ડિપ્લોમાં કે ડિગ્રી પામી શકશો. એ જ પ્રમાણે ક્રેડિટ બેંક હોવાથી તમે ઇન્સ્ટિટ્યૂટ બદલો ત્યારે વિદ્યાશાખા તમારો સ્કોર નક્કી કરી આપશે અને એમાં તમારું ભવિષ્ય શું છે એ નક્કી થશે. પહેલીવાર માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની ભારત સરકાર અને અમારા માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની ગુજરાત સરકાર માતૃભાષાનું મહત્ત્વ સ્વીકારે છે. માતૃભાષાને દ્વિતીય ભાષા તરીકે આપણે ગુજરાતમાં વિધેયક લાવીને માતૃભાષાનું પઠન-પાઠન થાય એના માટેના પણ પ્રયત્નો કર્યા. અમે માતૃભાષામાં શિક્ષણ એ વિચાર પર વિશ્વાસ રાખીએ છીએ. હવે તો મેડિકલ અને એન્જિનિયરિંગના પુસ્તકો પણ માતૃભાષા ગુજરાતીમાં ઉપલબ્ધ થવાના છે. આ સરકાર આપણા યુવાનોને સંસ્કૃતિનો સાચો ખ્યાલ આવે, આપણી વિરાસત, આપણી અસ્મિતા, આપણું સ્વાભિમાન એના ધ્યાન પર વિદ્યાર્થીઓ લે એટલા માટે આ નીતિમાં ખાસ જોગવાઇ કરવામાં આવી છે અને ભારતીય સંસ્કૃતિ એ માનવતાના ગૌરવની સંસ્કૃતિ છે. રાષ્ટ્રીય સ્મારકો અને પૂરાતત્ત્વ વિશે તથા આપણા સંત-સાહિત્ય વિશે આપણું પ્રાચીન, અર્વાચીન, મધ્યયુગીન, વર્તમાન જે આપણું સાહિત્ય છે, આપણી વિરાસત છે દિવ્ય અને ભવ્ય દરેક કલાઓમાં અને દરેક ક્ષેત્રમાં એને પણ વર્તમાન પરિપ્રેક્ષમાં હવેના આપણા દીકરાઓ ભણશે અને આપણા દેશ માટે ગૌરવ વધે એના માટેની ખાસ એમાં જોગવાઇઓ છે અને આનો હેતુ, ઉદેશ માત્ર એટલો છે કે, "तु अपने घर में दीप जला कर मत रूक जाना, दीप चौराहे पर भी रख आना, जो लोग भटकते हैं अंधेरी राहों पर, उन के पथ में भी उजाला कर आना।" દરેકના જીવનમાં અજવાળું થાય એના માટેના આ પ્રયત્નો આ નવી શિક્ષણ નીતિમાં કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્ર માનનીય ઝાલા સાહેબ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં એમણે પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણની વાત કરી, પાયાની સાક્ષરતાની વાત કરી, સંખ્યા જ્ઞાનની વાત કરી, શિક્ષક અને પ્રશિક્ષણની વાત કરી, શાળા માટે માનાંક નિર્ધારણ અને પ્રમાણિકરણની વાત કરી, વ્યવસાયિક શિક્ષણની વાત કરી. આમ, બધી જ એમણે વાત કરી છે અને જે મિત્રોએ આ ચર્ચામાં ભાગ લીધો છે અને માનનીય સી.જે.ચાવડા સાહેબે ખૂબ સરસ વાત કરી છે અને એમાં એમણે જે અસમંજસ આપણા બધા માટે હતો એની પણ એમણે વાત કરી, પણ સાચા અર્થમાં આ જે નવી શિક્ષણ નીતિ છે અને ફાઇવ ટ્રિલિયન ડોલરની આપણે વાત કરીએ છીએ, આપણે આગળ વધવું હશે, આપણો દેશ વિશ્વગુરુ તરફ આગળ વધે અને મહાસત્તા બને એના માટે આ નવી શિક્ષણ નીતિ છે, એમાં આમૂલ પરિવર્તન લાવવામાં આવ્યું છે અને દેશના વિકાસમાં જી.ડી.પી. દરમાં વધારો કરવા માટે યુવાનો આગળ આવશે.

અધ્યક્ષશ્રી : એ નવી શિક્ષણ નીતિ શું છે? તમે મંત્રી તરીકે કંઇક ફોકસ કરીને સમજાવો કે નવી શિક્ષણ નીતિ શું છે? એના કારણે આટલા આટલા ફાયદા થશે એ તો બરાબર છે, પરંતુ ફેરફાર શું છે એ આપ જરા સમજાવો એના માટે આપને બે મિનિટ વધારાની આપું છું.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આપણી ૨૧મી સદીના શાળાના શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ ક્યા પ્રકારના હોવા જોઇએ? આપણું શિક્ષણ કેવા પ્રકારનું હોવું જોઇએ? એ બાબત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સમિતિના અધ્યક્ષશ્રી કસ્તુરીરંગને એના માપદંડો આપેલા છે અને એમાં આપણું જે જીવન દર્શન છે, આપણી ભારતીય સંસ્કૃતિ છે, આપણી જે પ્રણાલી છે, આપણી જે વિરાસત છે એને પુનઃસ્થાપિત કરવાની બાબત આ નવી શિક્ષણ નીતિમાં છે અને એમાં આપણે બધાએ સાથે મળીને આ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં આપણે બધા સાથે સૂર પૂરાવીએ એવી મારી પ્રાર્થના છે, ધન્યવાદ.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે સંકલ્પ છે નેશનલ એજયુકેશન પોલિસી-૨૦૨૦માં જે મેં બિન-સરકારી સંકલ્પ રજૂ કર્યો છે અને એમાં આ ગૃહના માનનીય વિદ્વાન સભ્યશ્રીઓ શ્રી અર્જુનસિંહ ચૌહાણ, શ્રી અમૂલભાઇ ભટ્ટ, શ્રી ભરતભાઇ પટેલ, ડો.મહેન્દ્રભાઇ પાડલીયા, શ્રી કમલેશભાઇ પટેલ, ડો.સી.જે.ચાવડા સાહેબ, શ્રી ઉમેશભાઇ મકવાણા અને અમારા તલોદ કોલેજના બહુ વિદ્વાન પ્રોફેસર, શિક્ષણ મંત્રીશ્રી ડો.ડીંડોર સાહેબ આ બધાએ ઘણી બધી પોઝિટિવ વાત તેમાં કરી છે. અને પોઝિટિવ વાત છે એટલે જ આપણા વડાપ્રધાનશ્રી મોદી સાહેબ આ નવી શિક્ષણ નીતિ લાવ્યા છે અને ચાવડા સાહેબે થોડી ચિંતા વ્યકત કરી આમ તો એ પોતે પણ વિદ્વાન છે. એટલે પેલા યુપીએ સરકારના મેઇન નેતાઓ જેવું કરવાની જરૂરિયાત મને લાગતી નથી, પણ જે સાચી નીતિ છે અને સાચી રીતે અને શિક્ષણ નીતિ સાચી છે એટલે તેને સ્વીકારવી જોઇએ. વિશ્વાસ રાખો સાહેબ, તમે તો રામમાં માનવાવાળા છો. રામ રાજયમાં માનવાવાળા છો. અયોધ્યામાં રામ મંદિર બનવા જઇ રહ્યું છે. હું તમને સાથે લઇ જઇશ અને તે પછી નવી શિક્ષણ નીતિ જોરશોરથી આપણા આ દેશમાં, રાજયમાં ચાલશે અને શ્રી ભૂપેન્દ્રભાઇ, ડો.ડીંડોર સાહેબ, શ્રી ઋષિકેશ સાહેબ અહીંયા બેઠાં છે એટલે બહુ સરસ રીતે ગુજરાતમાં તેનું અમલીકરણ પણ ચાલુ થયું છે, એટલે આપ સર્વાનુમતે અને ગુજરાત સરકારે તો સારી રીતે સ્વીકાર્યું જ છે, પણ

મોદી સાહેબની શિક્ષણ નીતિમાં જે વિશ્વના ફલક ઉપર જે વિશ્વ ગુરુ તરફ લઈ જવાનો જેમનો પ્રયાસ છે, તેમાં શિક્ષણમાં આપણે મજબૂત થઈશું તો જ આખી દુનિયામાં આપણે આપણું સર ઊંચું રાખીને જીવી શકીશુ એટલે આપ સૌ ગૃહના સભ્યશ્રીઓને પણ વિનંતી કરું છું અને ખાસ કરીને ડો.ચાવડા સાહેબને પણ વિનંતી કરું છું કે, સર્વાનુમતે આ મારો બિન-સરકારી સંકલ્પ છે તે આપ સ્વીકારો અને આપણે બધા ભેગા થઈ અને નવું ગુજરાત અને નવો ભારત દેશ બનાવીએ એ જ વિનંતી, આપ સૌનો આભાર.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

એક માત્ર અમૂલભાઈ ભટ્ટ તેમણે જે થોડી વાત કરી હતી. તમે, ડોકટર, એક-બે લોકો જે બોલતા હતા તેમણે કયાંક મને એમ લાગે છે કે, ટી.વી. ડિબેટમાં કે કોઇ પણ જગ્યાએ તમારે આને હજુ વધારે ડીપમાં આ વાતને સમજાવવા માટેનો પ્રયત્ન કરવો જોઈએ. મારે એક જાહેરાત કરવાની છે.

અધ્યક્ષશ્રીની જાહેરાત

**શિક્ષણ બોર્ડ, પરિષદ, યુનિવર્સિટીની સેનેટ, કોર્ટ ઉપર તેમજ સમિતિઓની ખાલી પડેલ બેઠકોની ચૂંટણી માટેના સુધારેલ કાર્યક્રમ અંગે**

અધ્યક્ષશ્રીઃ હવે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર બે, ગુજરાત રાજય આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર પંદર, ગુજરાત રાજ્ય સહકારી પરિષદ ઉપર ત્રણ, ગુજરાત રાજ્ય પંચાયત પરિષદ ઉપર ત્રણ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ ઉપર ત્રણ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક અને ક્રાંતિગુરુ શ્યામજીકૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણી માટે અને અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ તેમજ પંચાયતી રાજ સમિતિ પર ૧૫-૧૫ સભ્યોની ચૂંટણી માટે નીચે મુજબનો સુધારેલ કાર્યક્રમ ઠરાવું છું.

| | |
|---|---|
| નામ-નિર્દેશનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | શુક્રવાર,તા.૩૧-૦૩-૨૦૨૩ બપોરના ૧ વાગ્યા સુધી. |
| નામ-નિર્દેશનપત્રોની ચકાસણીની તારીખ, સમય અને સ્થળ | શનિવાર, તા.૧-૦૪-૨૦૨૩ સવારના-૧૧ વાગ્યે ના.સ. શ્રીમતી રીટા મહેતાની ચેમ્બરમાં. |
| નામ-નિર્દેશનપત્રો પાછા ખેંચી લેવાની તારીખ અને સમય | સોમવાર, તા.૩-૦૪-૨૦૨૩ સવારના ૧૧ વાગ્યા સુધી. |
| મતદાન, જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ | પાછળથી જાહેર કરવામાં આવશે. |

આ ચૂંટણી માટેના નામ નિર્દેશનપત્રો કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભાના મકાનમાં પહેલા માળે આવેલી સમિતિ શાખા-૧માંથી મળી શકશે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૦ વાગ્યે પૂરું થતા સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૨૪મી માર્ચ, ૨૦૨૩ના રોજ સવારના ૯-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

ચૈત્ર ૩, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર, તા. ૨૪મી માર્ચ, ૨૦૨૩**

**ચૈત્ર ૩, ૧૯૪૫ શાકે**

**સભાગૃહ સવારના ૯-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર...ઓર્ડર...

તારાંકિત પ્રશ્નો

**જામનગર અને બનાસકાંઠા જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સનો જથ્થો**

* ૨૮૪૨ **શ્રી દિવ્યેશભાઈ અકબરી** (જામનગર દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર અને બનાસકાંઠા જિલ્લામાંથી કેટલું ડ્રગ્સ પકડવામાં આવ્યું,

(૨) તેની કિંમત કેટલી છે, અને

(૩) ઉક્ત પકડાયેલ ડ્રગ્સ અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) પત્રક મુજબ

(૩)

| **જિલ્લાનું નામ** | **ધરપકડ કરાયેલ ઈસમોની સંખ્યા** |
|---|---|
| જામનગર | ૧૯ |
| બનાસકાંઠા | ૧૩ |

**પત્રક**

| **તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨** | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **જિલ્લાનું નામ** | **ગાંજો** | | **અફીણ** | | **એમ.ડી.** | | **પોષડોડા/પાવડર** | | **ચરસ** | |
| | **જથ્થો (બોટલ)** | **કિંમત (રૂ.)** | **જથ્થો (લિટર)** | **કિંમત (રૂ.)** | **જથ્થો (બોટલ)** | **કિંમત (રૂ.)** | **જથ્થો** | **કિંમત (રૂ.)** | **જથ્થો** | **કિંમત (રૂ.)** |
| જામનગર | ૬૩ કિલો ૫૦૦ ગ્રામ | ૬૩૫૦૦૦ | ૦ | ૦ | ૧૩૩ ગ્રામ ૪ મીલી | ૧૩૩૪૦૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| બનાસકાંઠા | ૩૦.૯૭૯ કિ.ગ્રા | ૩૦૮૮૯૨ | ૧.૧૮૨ કિ.ગ્રા (અફિણ રસ) | ૧૧૮૨૦૦ | ૦ | ૦ | ૩૧૯૪.૯૭૯ કિ.ગ્રા (પોષડોડા) | ૯૭૬૦૬૩૭ | ૧૪.૬૪૩ કિ.ગ્રા | ૧૪૬૪૩૦૦૦ |

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને ડ્રગ્સ માફિયાઓનો ગુજરાતમાંથી સફાયો કરવા માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને અમારા જિલ્લામાં તો તેનું નામ બુલડોઝરવાળા બાબા જેવું મળી ગયું છે. તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર અને બનાસકાંઠા જિલ્લામાં નશીલા પદાર્થ સંદર્ભે કેટલી રેડ કરવામાં આવી? એમાંથી કેટલી સફળ થઈ? અને સફળતાની ટકાવારી કેટલી છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે, જામનગરમાં પણ જે રીતે દરિયાઇ બોર્ડર નજીક છે, બનાસકાંઠા એ સ્ટેટ બોર્ડર પણ છે અને નેશનલ બોર્ડર જે પ્રકારે છે ત્યાં ગુજરાત પોલીસે છેલ્લાં અનેક વર્ષોથી આ પ્રકારના નશીલા પદાર્થ આપણા રાજયમાં ના ઘૂસે તે માટે અલગ અલગ રેડોના માધ્યમથી નશીલા પદાર્થ છે તેને પકડવાની કામગીરી કરેલ છે. વર્ષ ૨૦૨૨માં જામનગરની અંદર કુલ-૧૦ રેડો કરવામાં આવેલી જે બધી જ સફળ થયેલી હતી. બનાસકાંઠાની અંદર ૧૪ રેડ કરવામાં આવેલી હતી જેમાંથી ૧૩ રેડ સફળ થયેલી છે.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને બનાસકાંઠા જિલ્લામાં નશીલા પદાર્થના કેટલા કેસો, કઇ એજન્સી દ્વારા શોધવામાં આવ્યા?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા અને મહાનગરોમાં ખાસ કરીને એસ.ઓ.જી. અને ક્રાઇમ બ્રાન્ચ એ બે એજન્સી નશીલા પદાર્થ ઉપર કામ કરતી હોય છે. એસ.ઓ.જી. છે તે ખાસ કરીને એ.ટી.એસ. અને જિલ્લા કક્ષાના જે પોલીસ અધીક્ષક છે તે બન્નેના સંકલનમાં કામ કરતી હોય છે. જામનગરમાં જે બે કેસો છે તે એસ.ઓ.જી. દ્વારા કરવામાં આવેલા હતા અને બનાસકાંઠામાં બે કેસો એસ.ઓ.જી. અને ૧ રેડ છે તે સ્થાનિક પોલીસ દ્વારા કરવામાં આવેલ હતી.

## તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં જામનગર અને બનાસકાંઠા જિલ્લામાં પકડાયેલ ડ્રગ્સ અન્વયે કેટલા આરોપીઓ પકડવામાં આવેલા?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, જામનગરમાં, બનાસકાંઠામાં, ગુજરાતમાં અને ગુજરાતની બહાર પણ આરોપીઓ પકડવામાં ગુજરાત પોલીસને ખૂબ મોટી સફળતા મળી છે. જામનગરમાં આપણે જે ૧૦ ગુનાઓ નોંધ્યા તેમાં ૧૯ આરોપીઓને પકડવામાં આવ્યા છે, બનાસકાંઠાના ૧૩ ગુનાઓમાં ૧૩ આરોપીઓને પકડવામાં આવ્યા છે. કુલ મળીને ૨૩ ગુનાઓ અને ૩૨ આરોપીઓને પકડી લેવામાં આવેલ છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના યુવાધનને નશીલા પદાર્થોથી બચાવવા માટે રાજય સરકાર જે પ્રયત્ન કરી રહી છે તે બદલ રાજયના મુખ્યમંત્રીશ્રી, ગૃહમંત્રીશ્રી અને ગૃહ વિભાગને ખૂબ અભિનંદન આપું છું અને મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, પીઆઇટી એનડીપીએસ-૧૯૮૮ શું છે અને આ એક્ટ હેઠળ બનાસકાંઠા અને જામનગર જિલ્લામાં છેલ્લાં એક વર્ષમાં કેટલા ઇસમોની અટક કરવામાં આવી છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, પીઆઇટી એનડીપીએસ-૧૯૮૮ એટલે આ જે માદક પદાર્થો છે તેને ગેરકાયદેસર વેપારને અસરકારક રીતે અટકાવવા માટે સંબંધિત વ્યકિતને અંકુશમાં રાખવાના હેતુથી આ વ્યકિત ફરીથી આ પ્રકારનો ગુનો ના કરે તે માટે પીઆઇટી એનડીપીએસ-૧૯૮૮ હેઠળ કામગીરી કરવામાં આવે છે. આ ગુનામાં વર્ષ-૨૦૨૨માં જામનગરમાં-૨ અને બનાસકાંઠામાં-૧ ગુનેગાર ઉપર પીઆઇટી એનડીપીએસ-૧૯૮૮ એકટ લાગુ કરવામાં આવ્યો છે અને એના ઉપર કામગીરી કરવામાં આવી છે. પીઆઇટી એનડીપીએસ-૧૯૮૮ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતમાં કુલ-૪૩ આરોપીઓની અટકાયત કરવામાં આવેલ છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, આ બનાસકાંઠા જિલ્લાનો મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે કે, ૧૩ આરોપીઓ પકડાયા છે તે વાત સાચી હશે પણ એ વિસ્તારમાં રાજસ્થાન અને ગુજરાતની બોર્ડર આવેલી છે ત્યારે હું મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું અને આશા અને અપેક્ષા પણ એ રાખું છું કે, મુખ્ય બૉર્ડર ઉપર પોલીસ સ્ટાફમાં પી.એસ.આઇ., કૉન્સ્ટેબલ અને જમાદાર કક્ષાનો સ્ટાફ મૂકવામાં આવે તો સારું. સાથે-સાથે હું એ પણ વિનંતી કરવા માગું છું કે રાજસ્થાનની બૉર્ડર પર એક કૉન્સ્ટેબલ અને મોટા ભાગે જી.આઇ.ડી.ના માણસો મૂકવામાં આવે છે. એ બૉર્ડર પરથી નશીલી વસ્તુઓ ખૂબ મોટા પ્રમાણમાં લાવવામાં આવે છે. જી.આઇ.ડી.ના કર્મચારીઓ પણ લાઇનો ચલાવે છે. કૉન્સ્ટેબલ પણ લાઇનો ચલાવે છે. આ નશીલી વસ્તુઓ રાજસ્થાનમાંથી ગુજરાતમાં આવે છે એને રોકવા માટે સારો સ્ટાફ મૂકે.

અધ્યક્ષશ્રી : આપ સીધા પ્રશ્ન પર આવી જાવ.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન પર જ આવું છું. આ મુખ્ય બૉર્ડર છે. ક્યાંક જો કેસો કરવામાં આવે તો નાનાં-નાનાં વાહનો પર દેશી દારૂ આવે છે એની પર જ કરવામાં આવે છે અને રોજના જે મોટા-મોટા કન્ટેનર નીકળે છે એ પકડવામાં આવતા નથી. હું અપેક્ષા રાખું છું કે આ જગ્યા પર દારૂબંધી માટે પી.આઇ. અને જમાદાર કક્ષાનો સ્ટાફ મૂકવામાં આવે અને વધારે સ્ટાફ મૂકવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રશ્રી, એમનો પ્રશ્ન લાંબો છે પણ રાજસ્થાનથી અહીં નશીલા પદાર્થો આવતા હોય એને રોકવા માટેનો એમનો પ્રશ્ન છે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, અમે પણ ઘણા પત્રો રાજસ્થાન સરકારને લખ્યા છે. અમે રાજસ્થાનથી ગુજરાતમાં આવતા ડ્રગ્સ પકડવાના લગભગ ૫૦થી વધુ કેસ ગયા વર્ષમાં કર્યા છે. રાજસ્થાનમાં એમની સરકાર છે. એ લોકો પણ પત્ર લખીને થોડી મદદ કરશે તો આ બધા નશીલા પદાર્થો પકડવાની કામગીરી આપણી બૉર્ડરમાં આવ્યા પછી કરવી પડશે નહિ. એમણે જણાવ્યું કે કૉન્સ્ટેબલ લાઇન ચલાવે છે, જી.આઇ.ડી. લાઇન ચલાવે છે.

અધ્યક્ષશ્રી : એમનું કહેવું એમ છે કે જી.આઇ.ડી.ના માણસની જગ્યાએ કૉન્સ્ટેબલ કક્ષાનો માણસ મૂકવામાં આવે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એ મારા ધ્યાનમાં આવી ગયું પણ મારું કહેવાનું એમ છે કે જ્યારે આપ સરકારી એજન્સી પર આરોપ લગાવતા હોવ ત્યારે તમારી પાસે કોઇ ચોક્કસ માહિતી કે પૂરાવા હોય તો એ તમારે રજૂ કરવા જોઇએ, નહિ તો આ રીતે આરોપ ન લગાવવો જોઇએ. એમણે ચેકપોસ્ટ પર સિનિયર અધિકારીઓ મૂકવાનું કહ્યું એની પર અમે ચોક્કસ ચર્ચા કરીને કાર્યવાહી કરીશું.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, બોર્ડરથી માત્ર ચાર જ કિ.મી. પર મારું રહેઠાણ આવેલું છે અને આ ગૃહમાં હું શક્ય હશે ત્યાં સુધી જૂઠ્ઠું બોલવા માગતો નથી. આ ગુજરાતમાં આવતા નશીલા પદાર્થોનો મુદ્દો છે.

અધ્યક્ષશ્રી : તમે હવેથી માત્ર તમારા પ્રશ્ન પૂરતી જ વાત કરજો.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લો રાજસ્થાન અને ઇન્ટરનેશનલ બૉર્ડરને અડીને આવેલો છે. સૌથી વધારે નશીલા પદાર્થો આ બે જગ્યાએથી આવે છે. આધુનિક ટૅકનૉલૉજીના માધ્યમથી બૉર્ડર ઉપર કોઇ સિસ્ટમ કરવા માગો છો કે કેમ? બીજું કે જે નશીલા પદાર્થો પકડાય એના માટે નાના જમાદાર પર કાર્યવાહી કરવામાં આવે એના કરતાં જવાબદાર પી.એસ.આઇ. કક્ષાના અધિકારી પર

કાર્યવાહી કરવામાં આવે. કારણ કે, આ બધું મોટા અધિકારીઓની રહેમ નજર પર થતું હોય છે. મચ્છરના બદલે મગર પર કાર્યવાહી થાય એવી અપેક્ષા રાખું છું. આપ આવું કાંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, અહીં તો મચ્છર પર પણ કાર્યવાહી કરવામાં આવે છે અને મગર પર પણ કાર્યવાહી કરવામાં આવે છે અને મગરને પાછળથી સપોર્ટ કરવાવાળા લોકો હોય એની પર પણ કાર્યવાહી કરવામાં આવે છે. એ વાત સાચી છે કે આ બંને બૉર્ડર પરના જિલ્લા છે અને જ્યારે મારી માગણીઓ પર સ્પીચ હતી ત્યારે જ મેં જણાવ્યું હતું કે ગત બજેટ વખતે શ્રી શૈલેષભાઇ અને બીજા અનેક સભ્યોએ સૂચન કર્યું હતું કે નવી ટૅકનૉલૉજીના જે સ્કેનર આવે છે એ સ્કેનર આપણે ચેકપોસ્ટ પર લગાવી શકીએ કે નહિ? એ ચેકપોસ્ટ પર એ સ્કેનર કઇ રીતે લગાવી શકાય તેના પ્લાનિંગમાં જ અમે છીએ અને પછી બનાસકાંઠામાં કોઇ પણ નાની ગાડી હોય કે પછી મોટો ટેમ્પો હોય, કન્ટેનર હોય એવી કોઇ પણ ગાડી અંદર ના આવે એ માટે અમે તૈયારી કરી રહ્યા છીએ.

**ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહન આપવા બાબત**

*૩૩૮૩ **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહન કરવા ફિલ્મ નિર્માતાઓ તરફથી સબસિડી મેળવવાની કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓમાં કેટલા નિર્માતાઓને કેટલી રકમની સબસિડી આપવામાં આવી, અને

(૩) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ૧૨૮ અરજીઓ પડતર છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે જણાવ્યા મુજબ ફિલ્મ નિર્માતાઓને આર્થિક સહાય આપવામાં આવેલ છે.

| ક્રમ | સમયગાળો | ફિલ્મોની સંખ્યા | ચૂકવેલ આર્થિક સહાયની રકમ રૂ./- |
|---|---|---|---|
| ૧ | તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૫૩ | ૧૫,૭૬,૮૨,૭૫૮/- |
| ૨ | તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ | ૨૧ | ૬,૭૫,૫૫,૮૩૫/- |

(૩) ગુજરાતી ચલચિત્રોના નિર્માતાઓ તરફથી આર્થિક સહાય મેળવવા અંગેની અરજીની પ્રક્રિયા તથા તેની ચૂકવણી અંગેની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. પડતર અરજીઓનો નિકાલ ચલચિત્ર પરીક્ષણ સમિતિના ગુણાંકન/મૂલ્યાંકન અને ગ્રાન્ટની ઉપલબ્ધતાને ધ્યાને લઈને કરવામાં આવશે.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહિત કરવા ફિલ્મ નિર્માતાઓને સબસિડી આપવાની ૧૨૮ અરજીઓ પડતર રહેવાનાં કારણો શું છે અને આ પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી ચલચિત્રો વધુને વધુ પ્રમાણમાં ગુજરાતની જનતા જુએ, સારા કલાકારોને પ્રોત્સાહન મળે, આપણી ગુજરાતી ભાષા પણ મજબૂત થાય આ કારણોસર વર્ષ ૨૦૧૬માં માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા ગુજરાતી ચલચિત્રો માટે ગુણવત્તા સમન્વય પ્રોત્સાહક નીતિ બહાર પાડેલ અને ગુજરાતી ચિલચિત્રોની ગુણવત્તા ઊંચી આવે, લોકો ગુજરાતી ચલચિત્રો વધુને વધુ પ્રમાણમાં જોવા પ્રેરાય, ઉત્તમ કક્ષાના ચલચિત્રોનું નિર્માણ થાય અને લોકોમાં ગુજરાતી ભાષા પ્રત્યેની ચાહના વધે તે આ નીતિનો હેતુ હતો. વર્ષ ૨૦૧૬થી આ નીતિ અમલમાં આવી અને ત્યાર બાદ આ નીતિને વધુ પ્રોત્સાહિત કરવા માટે વર્ષ ૨૦૧૯માં બીજા પણ સુધારાઓ બહાર પાડવામાં આવ્યા. ગુજરાતી ચલચિત્રને ગ્રેડ અનુસાર મળવાપાત્ર સહાયની રકમ આપવામાં આવે છે. 'એ+' ગ્રેડ મેળવનારને રૂ.૭૫ લાખ, 'એ' ગ્રેડ મેળવનારને રૂ.૫૦ લાખ, 'બી' ગ્રેડ મેળવનારને રૂ.૪૦ લાખ, 'સી' ગ્રેડ મેળવનારને રૂ.૩૦ લાખ, 'ડી' ગ્રેડ મેળવનારને રૂ.૨૦ લાખ, 'ઈ' ગ્રેડ મેળવનારને રૂ.૧૦ લાખ અને 'એફ' ગ્રેડ મેળવનારને રૂ.૫ લાખની સહાય આપવામાં આવે છે. અત્યાર સુધીમાં આ નીતિ અનુસાર ૧૮૯ ફિલ્મોને રૂ.૪૭ કરોડની સહાય ચૂકવવામાં આવી છે અને આનંદની વાત એ છે કે ગઈકાલે જ ૪૩ જેટલી ફિલ્મો માટે રૂ.૧૦.૭૭ કરોડની મંજૂરી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા ૨૩૨ જેટલી ગુજરાતી ફિલ્મોને આ પ્રોત્સાહન નીતિ અનુસાર સહાય આપવામાં આવી છે.

## તા. ૨૪મી માર્ચ, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

માનનીય અધ્યક્ષશ્રી, અરજીઓ પડતર રહેવાનાં કારણો આ પ્રમાણે છે. આ નીતિ અન્વયે આર્થિક સહાય મેળવવા માટે નીતિની જોગવાઈ મુજબ નિર્માતાઓએ પરિશિષ્ટ-૩માં ફિલ્મને લગતાં તમામ દસ્તાવેજી આધારો સાથે અરજી કરવાની રહે છે. રજૂ થયેલ તમામ દસ્તાવેજી આધારોની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવે છે. જેમાં ફિલ્મોની રીલિઝ તારીખ, દરખાસ્ત તારીખ, ફિલ્મોનું સેન્સરશિપ સર્ટિફિકેટ, ફિલ્મોની લંબાઈ, વેચાણ ટિકિટોનો રિપોર્ટ, નિર્મતાઓના ઓળખપત્રો, અરજીપત્રકની વિગતો, પરિશિષ્ટ-૩ વગેરેની ચકાસણી કરવામાં આવે છે. ઘણીવાર આ દસ્તાવેજો સ્વ-પ્રમાણિત હોતા નથી. જેના માટે નિર્માતાઓને તક આપવામાં આવે છે. પરિશિષ્ટ-૪માં ફિલ્મ નિર્માણમાં થયેલ તમામ ખર્ચના વિગતવાર હિસાબો માન્ય સી.એ. દ્વારા પ્રમાણિત કરવાના રહે છે. પરિશિષ્ટ-૪ સાથે રજૂ થયેલ તમામ ખર્ચના બિલ/વાઉચર/પહોંચોની ચકાસણી કરવામાં આવે છે. સરેરાશ એક ચલચિત્રની ફાઇલ સાથે અંદાજે ૨૦૦ થી ૧,૦૦૦ જેટલા બિલ/વાઉચર રજૂ થાય છે તેની ચકાસણી કરવામાં પણ સમય લાગે છે. રજૂ થયેલ પ્રત્યેક બિલ/વાઉચર/પહોંચોની ચકાસણી કરવાની રહે છે. કોઈ બિલ/વાઉચર/પહોંચનું ડુપ્લિકેશન થતું નથી તેની પણ ચકાસણી કરવામાં આવે છે. ફિલ્મના કુલ ખર્ચની સામે ૩૦ ટકા ખર્ચ ગુજરાત ખાતે થયેલ છે તેની ચકાસણી પણ કરવામાં આવે છે. રજૂ થયેલ બિલ/વાઉચર/પહોંચમાં મહદઅંશે પાર્ટીનાં નામ, સરનામાં, સેવાનો પ્રકાર વગેરેની બાબતો દર્શાવેલ હોતી નથી તેની પૂર્તતા મેળવવાની કાર્યવાહી કરવામાં પણ સમય લાગે છે. રજૂ થયેલ બિલ/વાઉચર/પહોંચમાં મહદઅંશે જી.એસ.ટી.નંબર અને પાન નંબરની વિગતો ઉપલબ્ધ હોતી નથી. જેના માટે નિર્મતાઓ પાસેથી વિગતો રજૂ કરવા જણાવવામાં આવે છે. આવા કિસ્સાઓમાં મોટા પ્રમાણમાં નિર્માતાઓ તરફથી પૂર્તતા રજૂ કરવામાં ઘણો સમય લેવામાં આવે છે. ઉપર જણાવ્યા મુજબની વિગતોની પૂર્તતા સારું નિર્માતાઓને ઘણો સમય આપવામાં આવે છે. જેના પત્રવ્યવ્હારમાં પણ સમય જાય છે. ઘણીવાર નિર્માતાઓને પૂર્તતા માટે ફાઇલ પરત કરવામાં આવે છે. ઘણા કિસ્સાઓમાં પૂર્તતા થયા બાદ પુનઃ રજૂ થયેલ ફાઇલમાં પણ અધૂરપ જોવા મળતી હોય છે. તેમ છતાં નિર્માતાની અરજી દફતરે ન કરતા તેઓની પાસેથી પૂર્તતા મેળવવાનું વલણ રાખવામાં આવે છે. આ બધી કાર્યવાહીના કારણે અરજીમાં વિલંબ થાય છે. આની વિગતો આપું તો, ૩૭ ફિલ્મોની અરજી જાન્યુઆરી-૨૦૨૩ પછી મળેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમણે વિલંબ થાય એવો પ્રશ્ન નહોતો પૂછ્યો. એમણે અરજીઓ રદ થવાનાં કારણો પૂછ્યાં છે. આપે આટલો લાંબો જવાબ આપી દીધો. ફક્ત એક જ વાક્યમાં નામંજૂર થવાનું કારણ આપો?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પડતર અરજીઓ પૈકી ૩૧ ચલચિત્રોનું સ્ક્રિનિંગ તાજેતરમાં જ કરવામાં આવેલ છે. અગાઉ સ્ક્રિનિંગ થયેલ બે ચલચિત્રો મળી કુલ ૪૩ ચલચિત્રોના રૂ. ૧૦.૭૧ કરોડની સહાયના હુકમો તા. ૨૩/૦૩/૨૦૨૩ના રોજ કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : એનો મતલબ એવો કે જે બાકી રહ્યા હતા એ પણ ચૂકવી દીધા છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હા. ૧૨ અરજીઓ સમયમર્યાદા બહારની છે. એ સિવાયની બાકી રહેતી અરજીઓના દસ્તાવેજોની ઝડપી અને સઘન ચકાસણી કરી ઝડપથી પૂર્તતા કરાવી આવનારા છ માસમાં તેનો નિકાલ કરવાનું આયોજન છે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે આ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતી ચલચિત્રો પર મળતી સબસિડીમાં વધારો કર્યો એ બદલ હું ગુજરાત સરકારને અભિનંદન પાઠવું છું. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વર્ષો પહેલાં ભવૈયા કે જેઓ તરગાડા કહેવાતા હતા એમને કંઇ સબસિડી આપવા માગો છો કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ ખૂબ મહત્ત્વનો પ્રશ્ન પૂછ્યો છે. જ્યારે ફિલ્મોનું ચલણ નહોતું ત્યારે આપણા સમાજમાં ભવૈયાઓ આપણા સામાજિક, ધાર્મિક નાટકો, જૂના ઐતિહાસિક, પૌરાણિક પ્રસંગોને તાદશરૂપે નાટક દ્વારા ભજવતા અને હજી પણ એ પ્રથા ચાલુ છે. સરકાર આવી પ્રવૃત્તિઓ કરતા હોય એમને પ્રોત્સાહન આપવા માટે યોગ્ય વિચારણા કરશે.

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહન આપવા માટેની નીતિ ખૂબ સારી છે. આપણે હવે ગુજરાતી ભાષાને મહત્ત્વ આપતો કાયદો પણ લાવ્યા છીએ. ગુજરાતી ફિલ્મો માટે સબસિડી આપવા માટેની જે તજજ્ઞોની કમિટી છે એમાંથી એકપણ વ્યક્તિ ગુજરાતમાં રહેતી નથી. એના કારણે આ નીતિમાં વિલંબ થાય છે. હાલ તજજ્ઞોની કમિટીમાં કોણ-કોણ સભ્યો છે? અને આ કમિટી ગુજરાતમાંથી બનાવવામાં માગો છે કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે આ પ્રોત્સાહન નીતિ અન્વયે ચલચિત્રોને સહાય આપવાની જે તજજ્ઞોની કમિટી બનાવી છે એ તજજ્ઞો આ ક્ષેત્રના ખૂબ નિષ્ણાતો છે. જાણીતા દિગ્દર્શકો, કલાકારો, લેખકો એમ વિવિધ પ્રકારના ૧૩ જેટલા તજજ્ઞોનો આ કમિટીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ તજજ્ઞો દ્વારા આખી ફિલ્મ જોઇ શોર્ટલિસ્ટ કરવામાં આવે છે અને એના માધ્યમથી ફિલ્મ અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવે છે. જો તજજ્ઞોની વાત કરું તો, શ્રી તુષાર વ્યાસ ગુજરાત અમદાવાદના છે, શ્રીમતી સ્નેહલ આલાપ દેસાઇ ગુજરાતી છે, ડૉ. નિમિત્ત ઓઝા ભાવનગરના છે, શ્રી વિનુભાઇ કનોજિયા વડોદરાના છે, શ્રી સી.સી.રામાવત ગુજરાતી છે, શ્રી કપિલદેવ શુકલ ગુજરાતી છે, શ્રી જ્વલંત છાયા, ફૂલછાબના તંત્રી ગુજરાતી છે, શ્રી મુકેશ માવંળકર અમદાવાદના છે, શ્રી અર્જુન બારોટ અમદાવાદના છે, શ્રી મનોજ પટેલ ગુજરાતી, શ્રી

મૃગાંત શાહ વડોદરાના છે, શ્રી અશ્વિનભાઇ બેંકર, શ્રી રાહુલ ભોલે, શ્રી દીપક શાહ મુંબઇના છે. ખ્યાતનામ ગુજરાતી લેખકો, દિગ્દર્શકો, અભિનેતાઓ, નિર્માતાઓ, નાટ્યકારો, સંગીતકારો જેવા ગુજરાતી ફિલ્મોના નિષ્ણાતો અથવા તો આ ક્ષેત્રમાં પ્રવૃત્તિ કરતા નિષ્ણાતો હોય એવા ગુજરાતના લોકોનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ લોકો આ ફિલ્મની ચકાસણી કરે છે. જોઇને ગુણ આપે છે. એના આધારે સહાયના ધોરણ મુજબ સહાય આપવાનું નક્કી થતું હોય છે. માનનીય સભ્યશ્રી પાસે જે માહિતી છે એનો એમણે અભ્યાસ કરી લેવો જોઇએ એવું હું માનું છું. આખા ગુજરાતી ક્ષેત્રના તમામ નિષ્ણાતોનો સમિતિમાં સમાવેશ કરવામાં આવે છે. કદાચ કોઇ રાષ્ટ્રીય લેવલના ફિલ્મ ક્ષેત્રના દિગ્દર્શકો અને અભિનેતાઓ હોઇ શકે, એનાથી તો આપણને ફાયદો થશે પણ મહદઅંશે આખી સમિતિમાં આપણા ગુજરાતી જ છે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આપણા ગુજરાતમાં રહેતાં જે ગુજરાતી કલાકારો છે એમાંથી જેમની ઉંમર ૭૦ વર્ષની થઇ ગઇ છે, એમને કોઇ કામ મળતું નથી. જેવા કે, શ્રી હસમુખભાઇ ભાવસાર, શ્રીમતી રીટા ભાદુરી, શ્રીમતી અરૂણા ઇરાની, શ્રી ફિરોજ ઇરાની એવા ઘણા બધા કલાકારો છે. આવા જે ગુજરાતી કલાકારો છે એમને આપણે કોઇ સહાય આપવા માગીએ છીએ કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણી સંસ્કૃતિને ઉજાગર કરવા અને આપણી ભાષાને વધુ મજબૂત કરવા આપણા લોકોને સારું મનોરંજન પૂરું પાડતા આવા જે કલાકારો છે એ કલાકારો અંગે માનનીય સભ્યશ્રીની ચિંતા બહુ સાચી છે. કારણ કે, સમયાંતરે આપણે પણ વૃદ્ધો થવાના છીએ. આ પ્રવૃત્તિ આપણે કરી શકવાના નથી. એની ચિંતા સમાજે કરવી જોઇએ. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી તો દરિયાદિલના આદમી છે. તમારા બધાના માધ્યમથી હું એમને વિનંતી કરીશ કે, આપણા જે ખ્યાતનામ કલાકારો છે તેઓ નિવૃત્ત થઇ ગયા પછી એમને એમની આજીવિકાની ચિંતા ન રહે અને એના માટે જરૂરી મદદ મળી રહે એવી વ્યવસ્થા કરવી જરૂરી છે. એમાં અમે આગળની કાર્યવાહી કરીશું.

**છોટાઉદેપુર જિલ્લાની ઓરસંગ નદી પર પુલ બાંધવા બાબત**

* ૨૭૬૯ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જોજવા ઢેબરપુર રોડ પર ઓરસંગ નદી પર પુલ બનાવવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ.૩૬૩૬.૦૦ લાખ. |
| (૩) ઉક્ત કામગીરી કયા તબક્કે છે ? | (૩) નકશા અંદાજ લેવલે. |

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું આદરણીય માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને અમારા માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્માને અભિનંદન આપું છું કે, મારા વિસ્તારમાં છેલ્લાં ૧૦ વર્ષથી આની જરૂર હતી. આ પુલ મંજૂર કર્યો છે તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પૂછવા માગું છું કે, ઓરસંગ નદી ઉપરનો પુલ કયા પ્રકારની ડિઝાઇનથી બનાવવામાં આવનાર છે? સદર પૂલનું કામ શરૂ કરીને પૂર્ણ કરવા માટેનું આયોજન શું છે? અને સૂચિત પુલની બંને બાજુએ જોડતા હયાત રસ્તાઓ અંગે શું આયોજન છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, કાલે બજેટની માગણી અને ચર્ચામાં ઘણા બધા સભ્યશ્રીઓએ રોડની માગણી કરી હતી, પણ માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર એટલા માટે માનીશ કે, મુખ્યમંત્રીશ્રી તથા અમારા આર. એન્ડ બી. વિભાગે, વર્ષ ૨૦૨૨-૨૩માં જોબ ઓર્ડર આપ્યો એને પાસ કર્યો અને તાત્કાલિક એના નકશા બનાવવાનું કામ ચાલુ છે. અમે ૧૮ માસમાં આ કામ પૂર્ણ કરવાના છીએ. આ બ્રિજ પ્રિસ્ટ્રેસ્ડ, ક્રોંક્રિટ અને ગડર પાઇપ વિગેરેથી બનશે. જે ૪૭૫ મીટર લંબાઇનો છે અને ૨૫ મીટર પહોળો છે. ૧૯ ગાળામાં બનાવવાનો છે. ૭.૫ મીટર પહોળાઇનું કવરેજ સ્પેલ છે. રાહદારી માટે ૧.૫ મીટર પહોળાઇની ફૂટપાથ બનાવવામાં આવશે. બ્રિજની બંને બાજુએ રોડ આવેલા છે. એમાં એક ૭.૫ મીટરનો દક્ષિણ તરફનો પ્રવેશનો છે અને બીજો ૫.૫ કિ.મી.નો એમ કુલ ૯.૨૦ કિ.મી.ની લંબાઇના હયાત રસ્તાને ૩.૭૫.૩ મીટર અને ૫.૫૦ મીટરની પહોળાઇનું આયોજન કરવાનું છે.

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને મારો પ્રશ્ન એ છે કે, છોટા ઉદેપુર જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કેટલાં પુલોનાં કામો મંજૂર થયાં છે? કેટલાં કામો પૂર્ણ થયાં છે? તેમજ હાલમાં કેટલાં કામો પ્રગતિમાં છે? મારા બીજા પ્રશ્નમાં, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું અને પૂછવા માગું છું કે, ગયા ચોમાસામાં મુખ્ય રસ્તા ઉપરના મારા વિસ્તારમાં પુલો તૂટી ગયેલ તેને પ્રથમ પ્રાયોરિટીમાં લઇને એ કામો વહેલી તકે પૂર્ણ કરવા માગો છો કે કેમ?

તા. ૨૪મી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : પ્રશ્ન બોડેલીના એક પુલનો છે. છતાં વધારે વિગત હોય તો આખા જિલ્લાની વિગત આપ આપી શકો છો.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો માનનીય સભ્યશ્રીએ જણાવ્યું કે બ્રિજ તૂટી ગયા છે. હું સભ્યશ્રીને જણાવવા માગું છું કે મને માહિતી આપે. સરકાર કોઇપણ જગ્યાએ તાત્કાલિક કામ કરવા માટે બંધાયેલી છે અને તાત્કાલિક પગલાં પણ લેશે. છોટાઉદેપુર જિલ્લામાં બે વર્ષમાં લગભગ ૯ પુલોનાં કામ મંજૂર થયાં, ૪ પુલોનાં કામ પૂર્ણ થયાં અને ૫ પુલોનાં કામ પ્રગતિમાં છે.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સૂચિત બ્રિજની બન્ને દિશાએ કુલ કેટલા ગામો આવેલા છે અને બ્રિજ બનવાથી કેટલું અંતર ઓછું થશે અને અન્ય શું લાભ થશે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, સૂચિત જોજવા બ્રિજની ઉત્તર તરફના પ્રવેશ તરફ સાડા ત્રણ કિલોમીટરના અંતરે ડભોઇથી બોડેલી રાજય માર્ગ છે. ત્યાં લગભગ ૪૨ ગામો અને પરાઓ આવેલા છે. દક્ષિત તરફ સાડા પાંચ કિલોમીટરની લંબાઇમાં સંખેડા સહિત લગભગ ૬૩ જેટલા ગામો અને પરાઓ આવેલા છે. આમ કુલ ૧૦૫ ગામો છે અને અંદાજિત જનસંખ્યા ૮૫ હજાર જેટલી છે. અગત્યની વસ્તુ એ છે કે ૧૦થી ૧૨ કિલોમીટર જેટલો રસ્તો ટૂંકાઇ જશે એટલે લોકોને ખૂબ ઉપયોગી થશે. ત્યાં ક્વોરીઓ પણ આવેલી છે. શાળા, કોલેજ જતા લોકોને પણ આ રસ્તો ખૂબ ઉપયોગી થવાનો છે.

**અમદાવાદ અને નવસારી જિલ્લામાં લોક દરબાર યોજવા બાબત**

*૨૮૩૮ **શ્રી જિતેન્દ્રકુમાર પટેલ** (નારણપૂરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં વ્યાજખોરો વિરુદ્ધ કોઈ ઝુંબેશ કરવામાં આવી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેનો સમયગાળો કેટલો હતો, અને | (૨) તા.૦૫-૦૧-૨૦૨૩ થી તા.૩૧-૦૧-૨૦૨૩ સુધી. |
| (૩) આ સમયગાળામાં અમદાવાદ અને નવસારી જિલ્લામાં કેટલા લોક દરબાર યોજાયા ? | (૩) |

| શહેર / જિલ્લાનું નામ | યોજાયેલ લોકદરબારની સંખ્યા |
|---|---|
| અમદાવાદ શહેર | ૧૨૯ |
| અમદાવાદ ગ્રામ્ય | ૩૧ |
| નવસારી | ૧૪ |

શ્રી જિતેન્દ્રકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા. ૩૧-૧-૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વ્યાજખોરો વિરુદ્ધ કોઇ ઝુંબેશ અમદાવાદમાં કરવામાં આવી છે કે કેમ? અને તેનો સમયગાળો કેટલો હતો? કેટલા લોક દરબાર યોજવામાં આવ્યા અને એ લોક દરબારમાં કેટલા અધિકારીઓ અને કેટલા નાગરિકો ઉપસ્થિત હતા અને કેટલી રજૂઆતોનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો?

અધ્યક્ષશ્રી : ઠીક છે. મૂવ કરેલો સમજી લેવાનો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ડાયરેક્ટ જવાબ આપી દઉં કે?

અધ્યક્ષશ્રી : ડાયરેક્ટ આપી દો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ લોકો ખૂબ સારી રીતે જાણીએ છીએ કે એક સામાન્ય મધ્યમવર્ગના નાગરિકને પોલીસ સ્ટેશન જવું હોય એટલે મનમાં એવી કલ્પના હોય કે પોલીસ સ્ટેશન જઇશ તો અધિકારી મને સાંભળશે, નહીં સાંભળશે. એમાંયે જો સિનિયર અધિકારીને મળવા જવાનું હોય તો એને કંઇકને કંઇક મનમાં ચિંતા રહે છે કે ત્યાં ગયા પછી ટાઇમ આપશે કે નહીં આપે? તારીખ પે તારીખ, ધક્કે પે ધક્કા ન ખાવા પડે તે માટે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે શપથ લીધા બાદ તાત્કાલિક એક નિર્ણય લીધો કે વ્યાજખોરોની સામે એક ખૂબ મોટી ઝુંબેશ ગુજરાતભરમાં ચલાવવાની છે, એ ઝુંબેશને ગૃહ વિભાગે કઇ રીતે નીચે સુધી લઇ જવી તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા એક નિર્દેશ આપવામાં આવ્યો કે પ્રજાએ અધિકારીને ત્યાં દરરોજ ધક્કા ખાવા પડે અને અધિકારી એ.સી. ચેમ્બરમાં બેસીને પ્રજાને સમયસર ન મળે. એના બદલે પ્રજાના દ્વારે અધિકારીઓ કઇ રીતે જઇ શકે એવી પરિસ્થિતિ આપણે લોકોએ આના માધ્યમથી કરવી જોઇએ. ગુજરાતભરમાં ૩,૫૦૦ જેટલા લોક દરબાર કરવામાં આવ્યા. જેમાંથી અમદાવાદ શહેરના ૧૨૯ લોક દરબારમાં કુલ ૧,૩૭૫ અધિકારીઓ સ્થળ પર હાજર રહ્યા. જેમાં ૧૧,૧૬૨ લોકો જોડાયા. તેમની નાની મોટી ફરિયાદો સાંભળી. અનેક લોકોની ફરિયાદોનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો. અનેક લોકોની ફરિયાદ દાખલ કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે અમદાવાદ ગ્રામ્યમાં ૩૧ લોક દરબાર કરવામાં આવ્યા. જેમાં ૧૧૨ અધિકારીઓ હાજર રહ્યા. કુલ ૧,૩૯૦ લોકો હાજર હતા. નવસારીમાં ૧૪ લોક દરબાર કરવામાં આવ્યા. જેમાં ૨૦૫ અધિકારીઓ હાજર રહીને

૧,૭૦૮ લોકોની ફરિયાદ સાંભળી. કુલ મળીને આ બે જિલ્લામાં ૧૭૪ લોક દરબારમાં ૧,૬૯૨ અધિકારીઓ હાજર રહીને ૧૪,૨૬૦ લોકોને સાંભળ્યા. જયારે આ લોક દરબાર થતા હોય છે ત્યારે સામાન્ય નાગરિકની કેટલી ફરિયાદ સાંભળીને કેટલાનો નિકાલ લાવ્યા તેનું રિપોર્ટિંગ કરવાનું હોય તો ત્યારે અધિકારી અને આખી સિસ્ટમનો અભિગમ અલગ હોય છે કે ફરિયાદ કઇ રીતે દૂર થાય, એને શું તકલીફ પડે છે અને એનો તાત્કાલિક નિકાલ કઇ રીતે લાવવો? એટલે એમાં મોટા ભાગના લોકોને ન્યાય આપવાની કામગીરી ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે એમણે આખા ગુજરાતની ૩,૫૦૦ લોકોની માહિતી તો આપી. પણ આ પ્રશ્ન અમદાવાદ અને નવસારીનો છે ત્યારે તમે કહ્યું કે ૧૭૪ લોક દરબારમાં ૧૪,૨૬૦ માણસો જોડાયા હતા તો એના અનુસંધાનમાં વ્યાજખોર વિરોધી ઝુંબેશ હતી તેમાં ૧૪,૨૬૦ લોકો આવ્યા તો એમાં કેટલી પોલીસ ફરિયાદ કરવામાં આવી અને કેટલા ઇસમોને પકડવામાં આવ્યા?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મેં આપને જણાવ્યું તે પ્રમાણે વ્યાજખોરોની વિરૂદ્ધનું આ અભિયાન છે એમાં વ્યાજખોરોને એ પ્રકારનો ડર આવ્યો છે કે કાં તો વ્યાજખોરીનો ધંધો છોડવો પડશે અને કાં તો ગુજરાત છોડવું પડશે. મોટા ભાગના કેસ તો એવા છે કે જેમાં અરજી પોલીસ સ્ટેશન પહોંચી, પોલીસનું નામ પડતા જ કાં તો એ વ્યાજખોર શહેર છોડીને ભાગી ગયો અને કાં તો પેલા જોડે ઊભા ઊભા સેટલમેન્ટ કરી લીધું. ૧૪,૨૬૦ લોકો આ લોકદરબારમાં હાજર રહ્યા, એમાંથી ઘણા લોકોની ફરિયાદોમાં એફ.આઇ.આર. પણ કરવામાં આવી છે. મોટા ભાગના લોકો એવા છે કે જેના નાના મોટા કેસ હોય તે આમને-સામને જ મોટાભાગનો નિકાલ આવી ગયો. કોઇને કોર્ટના ધક્કા ન ખાવા પડે, કોઇને આરોપી કયારે પકડાશે અને કયારે રકમ પાછી આવશે? મારી માતાનું મંગળસૂત્ર જે વર્ષોથી આ વ્યાજખોરે જમા કરી લીધું છે એ કયારે પાછું આવશે? તેવું સ્વપ્ન પણ નહોતા જોઇ શકતા એ સ્વપ્ન આ લોકદરબારમાં હકીકતમાં ફેરવાઇ ગયું છે. ચોકકસ આંકડો હું ટેબલ ઉપર મૂકીશ.

શ્રી અમીતભાઇ ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, મને માનનીયશ્રી ભૂપેન્દ્રભાઇ અને માનનીયશ્રી હર્ષભાઇની ઉપસ્થિતિમાં સાયન્સ સિટીના એક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનો મોકો મળ્યો હતો જેમાં ફેરિયા ભાઇઓને એમણે લોન આપી હતી. બધા જ પ્રાંત, જાતિ, ધર્મના લોકોને જે રીતે એમણે ચેક આપ્યા, દસ હજાર, વીસ હજાર કે એક લાખ, એના કારણે એ નાના લોકો વ્યાજખોરોના ચક્કરમાં ફસાય નહીં તેવું આયોજન કર્યું, તેના માટે હું માનનીયશ્રી ભૂપેન્દ્રભાઇ અને માનનીયશ્રી હર્ષભાઇને તેમજ પોલીસ ખાતાના જે મિત્રોએ મહેનત કરી હતી એમને પણ અને બીજા ડિપાર્ટમેન્ટના લોકોને પણ અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે અમદાવાદ અને નવસારીમાં આ પ્રકારે કોઇ લોન મેળાઓનું આયોજન થયું છે કે કેમ? અને જો થયું હોય તો લાભાર્થીઓને લોનની કેટલી રકમ આપવામાં આવી અને કઇ કઇ યોજના હેઠળ આપવામાં આવી?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આની અગાઉ શ્રી શૈલેષભાઇએ જે સવાલ પૂછેલો હતો એમાં ટોટલ ૧૪૦ કેસ એવા હતા કે જેનો સ્થળ ઉપર નિકાલ નહોતો આવ્યો, એટલે એ ૧૪૦ આરોપીઓને સ્થળ ઉપર જ પકડવામાં આવેલા હતા. એની બીજી વધુ માહિતી પણ હું એમને આપી દઇશ. આ જે લોકદરબાર છે એ લોકદરબાર અને લોનમેળા આ બન્નેને આપણે કનેકટ કરીએ છીએ. લોકદરબારમાં આ પ્રકારના વ્યાજના દૂષણમાં ફસાયેલા લોકોને મુકત કરાવવા અને લોન મેળામાં પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે પ્રધાનમંત્રી બની ગયા પછી પણ આ દેશના જે ફેરિયાઓ હોય છે, નાના વેપારી હોય છે જે રાત દિવસ કામ કરીને એના પરિવારનું ગુજરાન ચલાવતા હોય છે તે ડાયરીના ચક્કરમાં ન પડે તે માટે પી.એમ. મની યોજના લોન્ચ કરી અને એ યોજના થકી આજના જમાનામાં સમય એવો આવી ગયો છે કે નાની મોટી તકલીફ હોય તો સગા ભાઇ પણ એક બીજાને કોઇ ગેરંટી લીધા વગર રૂપિયા ધિરતા નથી. પરંતુ મોદી સાહેબે તો આખા દેશની બહેનોના પુત્ર બનીને લાખો લોકોને લોન આપીને આ ડાયરીમાંથી મુકત કરાવ્યા છે. એમણે અમદાવાદ શહેરની વાત કરી તો અમદાવાદ શહેરના લોન મેળામાં કુલ ૬,૮૦૬ લોકોને ટોટલ રૂ.૧૨.૧૬ કરોડની લોન આપવામાં આવી છે. આ જ રીતે અમદાવાદ ગ્રામ્યમાં ૬૦૦ લાભાર્થીઓને રૂ.૯ કરોડ અને ૪ લાખ રૂપિયાની લોન આપવામાં આવી છે. નવસારીમાં ૧,૪૭૪ લાભાર્થીઓને રૂ.૨૬.૬૫ કરોડ રૂપિયાની લોન આપવામાં આવી છે.

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પોલીસ જયારે ડ્રગ્સ માફિયા, વ્યાજખોરો અને સમાજના અસામાજિક તત્ત્વો સામે પોતાની જાન જોખમમાં મૂકીને લડી રહી છે, ત્યારે મારી આ સન્માનનીય ગૃહ સમક્ષ આપના માધ્યમથી દરખાસ્ત છે કે ગુજરાત પોલીસને નવી ઓળખ આપતા અંગ્રેજોના સમયથી ચાલી આવતા ખાખી યુનિફોર્મની જગ્યાએ ઇન્ટરનેશનલ કક્ષાની નવી ડિઝાઇન અને નવા કલરના યુનિફોર્મ આપવા માટે હું માગણી કરું છું. સાથે સાથે માનનીય મંત્રીશ્રી વાહન વ્યવહારનો હવાલો પણ ધરાવે છે ત્યારે ગુજરાત એસ.ટી. કોર્પોરેશનના ડ્રાઇવર અને કન્ડકટરોને એરોપ્લેનના પાઇલોટની જેમ યુનિફોર્મ આપવામાં આવે એવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય યોગેશભાઇ, આ હોમ ડિપાર્ટમેન્ટનો જ પ્રશ્ન છે. માનનીય મંત્રીશ્રી, એનો જ જવાબ આપો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, અગર જો સૂર્યનો કોઇ રંગ હોય તો એનો રંગ ખાખી જ હોઇ શકે. ખાખી એ સૂર્યનો રંગ છે અને યુનિફોર્મની બાબતે રાજય સરકાર સમય અનુસાર નિર્ણય લેતી જ હોય છે અને સો ટકા એ બાબતમાં ચિંતા કરશે.

## તા. ૨૪મી માર્ચ, ૨૦૨૩

## તારાંકિત પ્રશ્નો

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ વ્યાજખોરો કયા ધંધા સાથે સંકળાયેલા હોય છે? આ વ્યાજખોરોનો મોટો પ્રશ્ન છે અને આખા કુટુંબો સામૂહિક આત્મહત્યા કરી રહ્યા છે. આ વ્યાજનો ધંધો કરનારા કોઇ સામાન્ય માણસો નથી હોતા. આ વ્યાજનો ધંધો કરનારા મોટા ભાગે બુટલેગરો હોય છે. હું જાણવા માગું છું કે આ લોકદરબાર થયા અને લોકોની જે ફરિયાદો દાખલ થઇ તેમાં એ કયા ધંધા સાથે સંકળાયેલા માણસો છે?

અધ્યક્ષશ્રી : એમનો કહેવાનો મતલબ એવો છે કે બીજા કોઇ અનૈતિક ધંધા સાથે જોડાયેલા છે કે કેમ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર જેની પાસે કોઇ ધંધો નથી હોતો, જેને કોઇ સમજ નથી હોતી અને જેને કંઇ ન આવડતું હોય એની પાસે જ વ્યાજનો ધંધો હોય છે. વ્યાજનું દૂષણ કેટલું ખરાબ છે, કેટલા નવા ગુનાઓને જન્મ આપે છે તેની ૧૦૦ ટકા સમજ હોવાના કારણે જ અમે આ લોકદરબારોના આયોજન થકી ગુજરાતભરના સામાન્ય નાગરિકોને આ દૂષણમાંથી મુક્ત કરાવવાની ચિંતા કરી. માત્ર દૂષણમાંથી મુક્ત કરાવ્યા નથી, તેને નવું જીવન આપવા માટે આ લોનના સહારે એ લોકો આ ડાયરીમાંથી કઇ રીતે મુક્ત થાય તેની ચિંતા કરવામાં આવી છે. સભ્યશ્રીને હું વિનંતી કરું છું કે આ પ્રકારના લોકદરબાર, લોન મેળા એ તમામ વિધાનસભાઓના તમામ ગામોમાં થાય છે. આપણે આપણા વિસ્તારની ચિંતા રાખતા આવા નાના મોટા કોઇ વિષય તમારા ધ્યાનમાં હોય તો મારું ધ્યાન દોરજો. હું તેની ઉપર તાત્કાલિક પગલાં ભરાવીશ અને તમારા વિસ્તારમાં આ પ્રકારનું કોઇ પણ દૂષણ હશે તો તેમાંથી મુક્ત કરાવવાની જવાબદારી અમારી છે અને અમે તમને ૧૦૦ ટકા સહયોગ કરીશું.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ વ્યાજની વાત કરી, મોરબીથી ચૂંટાયા પછી એ બંધ કરાવવાનું બોલ્યો હતો. મહિને ૨૦ ટકા, ૧૦ ટકા, ૧૫ ટકા. તેમાં શું થાય છે કે તેની પાસે કોઇ સેલ્સટેક્સ નંબર હોતા નથી અને ચેક લઇ લે છે, ખોટી જમીન લખાવી લે છે. તેના ઉપર કડક પગલાં ભરવા માગો છો કે નહીં?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ મેં ધારાસભ્યશ્રીને કહ્યું છે. શ્રી કાંતિભાઇની પણ મોરબીની અનેક ફરિયાદો હતી તેના ઉપર તાત્કાલિક પગલાં ભરીને ત્યાંના સામાન્ય નાગરિકો જે તેના ભોગ બનેલા હતા, તેને માત્ર મુક્ત કરાવ્યા, એટલું જ નહીં અનેક કિસ્સાઓ એવા છે કે જેમાં આ પ્રકારે મધ્યમ વર્ગના પરિવારનું સપનાનું ઘર વર્ષોથી બચત કરીને બનાવ્યું હોય એ વ્યાજના દૂષણખોરોએ વર્ષોથી જમા લઇ લીધેલું. અનેક માતાઓના મંગળસૂત્ર, આખા ગુજરાતમાં ગણીએ તો હજારો લોકોના ઘર અને મંગળસૂત્ર અને સોનું પાછું અપાવવાનું કામ પોલીસે કર્યું છે. આ પ્રકારના પર્ટિક્યુલર કેસ શ્રી કાંતિભાઇ પાસે હોય તો તેઓ દરરોજ આવે છે. તેમને હું વિનંતી કરું છું કે ઓફિસમાં આવે ત્યારે સાથે સાથે આ પ્રકારના કેસની થોડીક ચિંતા લઇને આવે.

અધ્યક્ષશ્રી : પોલીસ આ સંવેદનાપૂર્ણ કામ કરી રહી છે. આ બાબતે મને પણ અનેક લોકોના ફોન આવ્યા કે સાહેબ, ડાયરી પ્રથા હતી, અમારા પૈસા, મોટી રકમ લીધેલી હતી, પણ આ અભિયાનના કારણે કેટલાય લોકોના પૈસાનું વ્યાજ અને કેટલાકમાં તો મૂડી પણ અડધી જતી કરીને વ્યાજખોરોએ કામ કર્યું છે. આ મારી પાસે પણ આવ્યું છે. પોલીસ ખાતાને અભિનંદન.

### છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર કામો

* ૨૭૬૨ **શ્રી જયંતિભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ છોટાઉદેપુર જિલ્લામાં કુલ કેટલા અને કેટલી રકમના કામ મંજૂર થયા, અને<br>(૨) ઉક્ત મંજૂર કામથી કેટલા ગામોમાં રસ્તા બનાવવામાં આવ્યા ? | (૧) અને (૨)<br>૩૬૧ ગામોના રૂ.૩૩૯.૩૫ કરોડની અંદાજી રકમના ૨૫૦ રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા. તે પૈકી ૧૭૭ ગામોના રૂ.૪૮.૪૧ કરોડની રકમના ૧૧૩ રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવ્યા. |

શ્રી જયંતિભાઈ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આદિજાતિ જિલ્લાઓમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા કેટલા પ્રકારની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે અને છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, મને ગૃહને જણાવતા આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે કાલે બેસવાનું થયું. તેમણે કાલે જ વાત કરી કે રાજ્ય સરકારના જેટલા પણ વિભાગો છે એ દરેક વિભાગમાં આદિવાસી સમાજની સરકાર ચિંતા કરી રહી છે અને બજેટની અલગ અલગ જોગવાઇ કરે છે. આદિજાતિ વિભાગમાં ૯ પ્રકારની ગ્રાન્ટ આર.એન્ડ બી. વિભાગમાં વાપરવામાં આવે છે. એમ.એમ.જી.એસ.વાય., સ્પેશિયલ રિપેર વર્ક, કરન્ટ રિપેર વર્ક, ઓરિજિનલ વર્ક ફોર ધ પંચાયત, સ્ટેટ રોડ ફોર ટ્રાઇબલ એમ લગભગ ૯ પ્રકારની ગ્રાન્ટો વાપરવામાં આવે છે. સાથે સાથે સન ૨૦૨૨-૨૩માં રૂ.૧૪૭.૧૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે અને એમાં રૂ.૧૨૩.૪ કરોડનો તો ખર્ચ થઇ ગયો છે.

## તારાંકિત પ્રશ્નો

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના શરૂ કર્યાથી આજ સુધી છોટાઉદેપુર જિલ્લામાં ગ્રામ સડક યોજના હેઠળ કેટલાં કિલોમીટરનાં કામો કરવામાં આવ્યાં તથા આ યોજના પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી તથા કેટલા ગામોને તથા કેટલી જનસંખ્યાને એનાથી ફાયદો થયો છે અને કેટલા કાચા કામમાંથી પાકા રસ્તા કરવામાં આવ્યા છે?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, તમામ સભ્યોને સૌથી વધારે આશા આ જોબ ઓર્ડરની થઇ છે એ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત થઇ છે અને આ યોજના ભારતીય જનતા પાર્ટીની સરકાર સન ૨૦૧૬માં અમલમાં લાવી છે. આજ દિન સુધી છોટાઉદેપુર જિલ્લામાં આ યોજના અંતર્ગત લગભગ રૂ.૬૦૩.૭૯ કરોડનાં કામ, ૧,૧૦૭ કિલોમીટરના એટલે ખૂબ મોટા કહેવાય એમાં ૭ કિલોમીટર લંબાઇનાં ૪૮૬ કામ મંજૂર કરવામાં આવ્યાં, રૂ.૨૮૦.૬૮ કરોડના અને ૧૦૪ કિલોમીટર લંબાઇના અને ૧૫૮ કાચા મેટલના રસ્તાઓ એ પ્રથમ વખત ડામર સપાટી બનાવવામાં આવી છે. રૂ.૧૬૪.૪૫ કરોડના ૧૦૮ કિલોમીટર લંબાઇનાં ૬૫ કામો પ્રગતિમાં છે અને રૂ.૨૬૮.૯૦ કરોડના ૮૪૪ કિલોમીટર લંબાઇના ૩૩૪ કામો પૂર્ણ કરેલ છે. આમ, લગભગ ૫૬૪ ગામોને ફાયદો થયો છે અને ૭ લાખ કરતા વધુ જનસંખ્યાને ફાયદો થયો છે.

શ્રી અક્ષયકુમાર ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે છોટાઉદેપુર જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ કેટલી રકમનાં કેટલાં કામો મંજૂર કરવામાં આવ્યાં?

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અંતર્ગત લગભગ રૂ. ૪૬૮.૮૬ કરોડના ૯૭૫.૩૮ કિલોમીટર લંબાઇના કુલ ૪ કામો મંજૂર કરવામાં આવ્યાં. વનબંધુ કલ્યાણ યોજના-૨ અંતર્ગત લગભગ રૂ.૬૫.૩૯ કરોડનાં ૨૮ કામ મંજૂર કરવામાં આવ્યાં. એમાં ૩૫ પ્રાથમિક શાળાઓ અને ૧૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પાકા રસ્તાની સુવિધા કરવામાં આવી. મને જણાવતા આનંદ થાય છે કે જે આપણે કાલે R&Bનું બજેટ રજૂ કર્યું, એમાં માગણીઓ મૂકી એમાં ઘણા બધા સભ્યોએ કાપ દરખાસ્ત મૂકી, પણ આદિજાતિ વિભાગના આ વખતના બજેટમાં ૮૪ કરોડ રૂપિયા એમાં વપરાવાના છે.

### પાટણ જિલ્લાની નગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ

* ૨૭૭૪ **શ્રી લવીંગજી સોલંકી** (રાધનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પાટણ જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પાટણ જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં નીચે મુજબ ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે,

રકમ રૂ. લાખમાં

| ક્રમ | નગરપાલિકાનું નામ | ચૂકવેલ ગ્રાન્ટ રૂ. | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ | કુલ |
| ૧ | પાટણ | ૬૫૦.૦૦ | ૫૭૫.૦૦ | ૧૨૨૫.૦૦ |
| ૨ | સિધ્ધપુર | ૪૨૯.૦૦ | ૩૬૦.૦૦ | ૭૮૯.૦૦ |
| ૩ | રાધનપુર | ૨૭૦.૦૦ | ૧૪૦૮.૦૫ | ૧૬૭૮.૦૫ |
| ૪ | ચાણસ્મા | ૨૧૫.૦૦ | ૧૩૦.૦૦ | ૩૪૫.૦૦ |
| ૫ | હારીજ | ૧૩૬.૭૨ | ૩૭૬.૯૭ | ૫૧૩.૬૯ |

(૨) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે, અને

(૨) તે પરત્વે નીચે મુજબના કામો મંજૂર થયેલ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | મંજૂર થયેલ કામો | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ | કુલ |
| ૧ | પાટણ | ૬૪ | ૨૯ | ૯૩ |
| ૨ | સિધ્ધપુર | ૪૫ | ૨૦ | ૬૫ |
| ૩ | રાધનપુર | ૨૧ | ૩૪ | ૫૫ |
| ૪ | ચાણસ્મા | ૨૯ | ૬ | ૩૫ |
| ૫ | હારીજ | ૭ | ૬ | ૧૩ |

(૩) કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

(૩) નીચે મુજબના કામો પૂર્ણ થયેલ છે.

| ક્રમ | નગરપાલિકાનું | પૂર્ણ થયેલ કામો |
|---|---|---|

તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

| | નામ | વર્ષ ૨૦૨૦-૨૧ | વર્ષ ૨૦૨૧-૨૨ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પાટણ | ૩૯ | ૧૦ | ૪૯ |
| ૨ | સિધ્ધપુર | ૩૬ | ૧૧ | ૪૭ |
| ૩ | રાધનપુર | ૨૨ | ૧૦ | ૩૨ |
| ૪ | ચાણસ્મા | ૨૦ | ૪ | ૨૪ |
| ૫ | હારીજ | ૭ | ૪ | ૧૧ |
| | કુલ | **૧૨૪** | **૩૯** | **૧૬૩** |

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પાટણ જિલ્લાની નગરપાલિકાઓમાં કેટલી ક્ષમતાના સુએઝ ટ્રિટમેંટ પ્લાન્ટ STP કામો મંજૂર કરવામાં આવેલ છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પાટણ જિલ્લા નગરપાલિકામાં STPનાં કામોની શું સ્થિતિ છે એ જણાવશો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મોટી નગરપાલિકાઓ, નાની નગરપાલિકાઓ, મધ્યમ કક્ષાની નગરપાલિકાઓ, જયાં આગળ ગટરનું ગંદુ પાણી ખૂબ ભેગું થતું હોય અને પછી કયાંકને કયાંક ભૂતકાળમાં છોડી દેવામાં આવતું હતું, એના કારણે પણ પોલ્યુશનના પ્રશ્નો ઊભા થયા હતા અને વખતોવખત હાઇકોર્ટ અને સુપ્રીમકોર્ટમાં પણ આના ઓબ્ઝર્વેશન થયા હતા. ભારતીય જનતા પાર્ટીની સરકારે આ વિષયને ખૂબ ગંભીરતાથી લીધો અને દરેક જગ્યાએ ચાર પ્રકારનાં કામો શહેરી વિકાસ યોજના અંતર્ગત લેવામાં આવે છે. એમાં આંતર માળખાકીય ઘટકમાં સુએઝ ટ્રિટમેન્ટ પ્લાન્ટ છે એ અંતર્ગત આપણે લઇએ છીએ અને તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જે STP પ્લાન્ટની વિગતો પ્રમાણે પાટણમાં ૨૫ SDLM તા.૧૬-૯-૨૦૨૨ના રોજ મંજૂર કર્યો. સિદ્ધપુરમાં સાડા તેર DLMનો તા.૧૨-૧૦-૨૨ના રોજ મંજૂર કર્યો, ચાણસ્મા ૨.૫ DLM તા. ૨૦-૧૧-૨૦૧૯ના રોજ, હારીજમાં ૩ DLM તા.૨૦-૧૧-૨૦૧૯ના રોજ, રાધનપુરમાં ૬ DLM તા.૨૦-૧૧-૨૦૧૯ના રોજ અને એમણે જે વાત કરી એમાં પાટણની કામગીરી આપણે પૂરી કરી છે.સિદ્ધપુરમાં ટેન્ડર મળ્યા છે એ ચકાસણી હેઠળ છે. ચાણસ્મામાં ૭૫ ટકા કામગીરી પૂરી કરી છે. હારીજમાં ૯૦ ટકા અને રાધનપુરમાં ૮૯ ટકા કામગીરી પૂરી કરી છે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પાટણ જિલ્લાની નગરપાલિકાઓમાં વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨માં કેવાં પ્રકારનાં કામો મંજૂર કરવામાં આવ્યાં?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લાની નગરપાલિકાઓમાં પાટણ, સિદ્ધપુર, રાધનપુર, હારીજ અને ચાણસ્મા એમ ૫ નગરપાલિકાઓ છે. એમાં હું વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ એમ અનુક્રમે બોલીશ જેથી કરીને સમય ઓછો બગડે. રસ્તાનાં કામોમાં પાટણમાં અનુક્રમે ૩૭ અને ૨૭, સિદ્ધપુરમાં ૨૩ અને ૭, રાધનપુરમાં ૧૨ અને ૨૨, હારીજમાં ૬ અને ૫, ચાણસ્મામાં ૨૩ અને વર્ષ ૨૦૨૧-૨૨માં એકપણ નથી થયું. સ્લમ વિસ્તારનાં કામો છે એમાં પાટણમાં એકપણ નહીં, સિદ્ધપુરમાં ૩ અને ૫, રાધનપુર, હારીજ અને ચાણસ્મામાં એક પણ નથી થયા. આમ, કુલ ૮ અને રસ્તાનાં ૧૬૫ કામો. સ્ટોર્મ વોટર ડ્રેનેજનાં કામો થયાં નથી. ૩ કામો સિદ્ધપુરમાં વર્ષ ૨૦૨૦-૨૧માં થયા હતા. ભૂગર્ભ ગટર યોજનામાં ૫ નગરપાલિકાઓમાં એકેય કામ આ માળખાકીય સુવિધામાં લેવામાં આવ્યા નથી. રસ્તા રિપેરિંગ અને રિસરફેસિંગમાં પાટણમાં ૧૯ અને ૨, સિદ્ધપુરમાં ૧૨ અને ૨, રાધનપુરમાં ૯ અને ૧૨, હારીજમાં ૧ અને ૧, ચાણસ્મામાં ૬ અને ૧ અને અન્ય બીજાં નાનાં મોટાં કામો છે, એમાં પાટણમાં ૧૦, સિદ્ધપુરમાં ૧ અને ૬, રાધનપુરમાં અને હારીજમાં કોઇ કામ નથી અને ચાણસ્મામાં વર્ષ ૨૦૨૦-૨૧માં કોઇ કામ નથી અને વર્ષ ૨૦૨૧-૨૨માં ૫ એમ કુલ ૨૨ કામો એટલે કુલ ૨૬૧ કામો મંજૂર થયાં છે.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, રાધનપુરમાં લગભગ રૂ. ૪૦ કરોડના ખર્ચે ભૂગર્ભ ગટર નાખેલ છે અને ગટર વારંવાર ઉભરાય છે. એનો કોઇ નિકાલ નથી. જે તે એજન્સી છે એ ગટરનું પમ્પિંગ કરીને ગટરનો નિકાલ કરવા માગે છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપણે આ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કરતા હોઇએ ત્યારે આખી યોજના નગરપાલિકાની બની હોય. એના ડી.પી.આર. પ્રમાણે કામો થતાં હોય છે, પરંતુ ક્યાંક કોઇ જગ્યાએ લેવલ ન મળતા હોય. ઘણી વખત ફરિયાદો એવી મળે છે કે લોકો પણ એ પાણી ખેંચવા માટે અથવા તો કોઇ કચરો વગેરેથી ચેમ્બરને બંધ કરીને પછી પાણી ખેંચીને ખેતીમાં ઉપયોગ કરતા હોય છે. સમય જતા એ ચોક-અપ થતી હોય છે. આપના ધ્યાનમાં આવેલી બાબતે ચોક્કસ તપાસ કરવા અને ક્યાંય ગટર ઉભરાય નહીં એ પ્રકારની વ્યવસ્થા કરવાની પૂરી તૈયારી છે.

**કચ્છ જિલ્લામાં પાણી પહોંચાડવા પમ્પિંગ સ્ટેશન**

* ૨૯૭૨ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

તારાંકિત પ્રશ્નો

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કચ્છ શાખા નહેર દ્વારા કચ્છ જિલ્લામાં પાણી પહોંચાડવા કેટલા સ્થળે પમ્પિંગ સ્ટેશન બનાવવામાં આવેલ છે, | (૧) ૩(ત્રણ) સ્થળે |
| (૨) આ દરેક પમ્પિંગ સ્ટેશન પર કેટલી ક્ષમતાનાં પંપ રાખવામાં આવેલ છે, અને | (૨) આ દરેક પમ્પિંગ સ્ટેશનો પૈકી, પમ્પિંગ સ્ટેશન ૧ અને ૨ એમ પ્રત્યેક ઉપર ૨૦ ક્યુમેક્સની ક્ષમતાના ૮ પમ્પ અને ૬ ક્યુમેક્સની ક્ષમતાના ૩ પમ્પ રાખવામાં આવેલ છે તથા પમ્પિંગ સ્ટેશન ૩ ઉપર ૨૦ ક્યુમેક્સની ક્ષમતાના ૬ પમ્પ અને ૬ ક્યુમેક્સની ક્ષમતાના ૩ પમ્પ રાખવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ.૨૦૭.૨૩ કરોડ. |

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સુદઢ વ્યવસ્થાઓ અને આયોજન, પહેલાં એક સમયે સૂકો કહેવાતો પ્રદેશ આજે હરિયાળો બન્યો છે. એ શક્ય બન્યું છે તો ફક્ત ભારતીય જનતા પાર્ટીની સરકારના કારણે અને આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીના કારણે ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જ્યારે કચ્છને પાણી પહોંચાડવા માટેની અનેક વ્યવસ્થાઓ કરવામાં આવી એના ભાગરૂપે કચ્છ શાખા નહેર પર પમ્પિંગ સ્ટેશનોનાં કામો કેટલાં તબક્કામાં કરવામાં આવ્યાં અને એ કાર્ય ક્યારે પૂર્ણ કરવામાં આવ્યું? કચ્છ શાખાના પમ્પિંગ સ્ટેશનોની ઉદવહન ક્ષમતા કેવી રીતે ઊભી થઈ?

અધ્યક્ષશ્રી : તમે પ્રશ્નમાં એટલી લાંબી વિગતો માગી છે એના કારણે મંત્રીશ્રીને જવાબ લાંબો આપવો પડશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો કચ્છ શાખા નહેર એ કચ્છની જીવાદોરી કહી શકાય. નર્મદા તો આખા ગુજરાતની જીવાદોરી છે. પરંતુ ઓછા વરસાદવાળો અને વખતોવખત સ્કેરસિટી પાણીની અછત ધરાવતા કચ્છ માટે કચ્છશાખા નહેર ખૂબ અગત્યની બની રહી છે અને હજુ પણ એમાં ઈરિગેશન અને પીવાના પાણીનાં કામ ચાલુ છે. આ આખી શાખા નહેર ટોટલ ૩૮૫ કિલોમિટર છે. પરંતુ ૯૪ કિલોમિટર પાટણ અને બનાસકાંઠામાંથી પસાર થાય છે અને ૯૪ કિલોમિટરે કચ્છમાં પ્રવેશ કરે છે. ગઈ વખતે વર્ષ ૨૦૨૨માં આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે છેક મૂળકુબા સુધી પાણી પહોંચાડ્યું છે. એકતાનગરથી મૂળકુબા સુધી ૭૪૩ કિલોમિટર અને અમરકંટકથી ૧,૯૦૦ કિલોમિટર નર્મદાનું પાણી આપણે કચ્છના છેવાડાના વિસ્તારમાં કે જ્યાં પાકિસ્તાનની સરહદ અડે છે એવા નખત્રાણા, માંડવી જેવા વિસ્તારોમાં પાણી પહોંચાડવા માટે જ્યારે આ ડિઝાઇન થઇ એ વખતે પમ્પિંગ કરવાનું હતું અને કચ્છની ભૌગોલિક પરિસ્થિતિ કાચબા જેવી છે એટલે પાણી ચઢાવવું જ પડે. ૧૮.૫૫ મિટર સુધી પાણી ચઢાવ્યા પછી પાછું પાણી નીચે તરફ જાય એ પ્રકારની વ્યવસ્થા કરી હતી. ફેઇઝ-૧ માં ક્યુમેકસનાં કામો કર્યાં. પરંતુ એક મિલિયન એકર ફીટ પાણી આપણને વધારાનું ફાળવ્યું છે એના કારણે પમ્પિંગ સ્ટેશનો વધારવાની જરૂર પડી, એની કેપેસિટી વધારવાની જરૂર પડી એના કારણે કેપેસિટી પણ વધી અને સાથે સાથે પાણીની ક્યુમેક્સ ક્ષમતા એનું એકમ કહેવાય એ પણ વધાર્યું. પમ્પિંગ સ્ટેશન નં.૧ આગળ ૧૧.૯૭ કિલોમિટર મંજુવા ગામ પાસે, પમ્પિંગ સ્ટેશન નં.૨ સાંકળ ૧૧૧.૭૫ કિલોમિટર ગામ નાની હમીરપર રાપર પાસે, પમ્પિંગ સ્ટેશન સાંકળ નં.૩ ૧૮૯.૯૭ કિલોમિટર ભચાઉ પાસે. ઉપરોક્ત પમ્પિંગ સ્ટેશનોનાં કામ બે તબક્કામાં પૂરાં કર્યાં છે. પ્રથમ તબક્કો મે-૨૦૧૭ માં પૂરો કર્યો હતો. મેં કહ્યું એમ બીજો તબક્કો ગયા વર્ષે જૂન-૨૦૨૨માં પૂરો કર્યો છે. કચ્છને એક મિલિયન એકર ફીટ પાણી આપ્યું છે એટલે પીવાના પાણીની વ્યવસ્થા, ઈરિગેશનની વ્યવસ્થા આ બધા માટે તૈયારીઓ કરી એના કારણે કચ્છને ખૂબ વધુ પ્રમાણમાં લગભગ ડબલ અને ૩૫૭ કરોડ રૂપિયા છેલ્લાં પાંચ વર્ષમાં લિફ્ટિંગ કરવા માટે વાપર્યાં છે. રાજ્ય સરકાર ખેડૂતોનાં કનેકશન ઉપર ૧૦૦ રૂપિયાનું બિલ આવતું હોય તો ૯૧ રૂપિયા સરકાર ભોગવે છે અને ૯ રૂપિયા ખેડૂતને ચૂકવવાના થાય છે. આમ, આખા રાજ્યનું ગણીએ તો લિફ્ટ ઈરિગેશનની યોજનાઓ પમ્પિંગ કરીને લઇ જઇએ છીએ. એ બધી યોજનાઓનો જો બધો વીજળીનો ખર્ચ ગણીએ તો ખેડૂતો માટે ભૂતકાળમાં ન કર્યું હોય તેવું ખેતર સુધી પાણી પહોંચાડવા માટે મોટું લાઇટ બિલ પણ સરકાર પોતે પોતાના ખિસ્સામાંથી ભરી રહી છે.

શ્રી કેશુભાઇ શિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું સિંચાઇ મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, હાલમાં કચ્છ જિલ્લો એક દુષ્કાળગ્રસ્ત વિસ્તાર છે અને વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં કચ્છમાં વધારાના પાણી માટે સમાવેશ કર્યો છે એ બદલ હું આદરણીય મુખ્યમંત્રીશ્રી, આદરણીય નાણામંત્રીશ્રી અને આદરણીય સિંચાઇ મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. વર્ષોની સમસ્યા હતી એ પ્રશ્ને ચિંતા કરીને કચ્છને મદદરૂપ થવા માટે પ્રયત્ન કર્યો છે. વિશેષ આ કામના ઝડપથી ટેન્ડર થાય અને કામ કરતાં અનેક વર્ષો લાગશે. બીજો વિષય એ હતો કે, દુધઇ-કુડરિયા બ્રાંચ કેનાલને ઘણા દિવસથી મંજૂરી મળી છે પણ ટેન્ડરની પ્રક્રિયા ઘણા સમયથી બાકી છે, એના માટે પણ હું વિનંતી કરીશ કે ટેન્ડરની પ્રક્રિયા ઝડપી થાય અને કચ્છ શાખા

નહેર પરના પમ્પિંગ સ્ટેશનના બાંધકામનો કુલ ખર્ચ કેટલો થયો,એ હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પ્રશ્ન છેલ્લો પૂછ્યો એનો હું પહેલા જવાબ આપું છું.

અધ્યક્ષશ્રી : શ્રી અનિરુદ્ધભાઇનો પ્રશ્ન બાકી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તબક્કા-૧નો બાંધકામનો ખર્ચો રૂપિયા ૪૯૦ કરોડ જેવો હતો અને સેકન્ડ ફેઝમાં રૂપિયા ૬૫૫ કરોડ એમ કુલ ૧૧૪૫ કરોડ રૂપિયા જેવો આપણે ખર્ચો કર્યો છે. દૂધઇ માટે પણ ગઇ વખતે શ્રી ભૂપેન્દ્રભાઇએ નિર્ણય લીધો કે આ કામ ઝડપથી પૂરું થાય. એની ડિઝાઇનમાં વાર એટલા માટે થઇ રહી છે કે અર્થક્વેકના કારણે જયાંથી આપણી લાઇન પસાર થાય છે એ થોડી ડેન્જર ઝોનમાં આવે છે, એટલે છેલ્લા ઝોનમાં એ આવતી હોવાથી એનું વિગતવાર વિશ્લેષણ કર્યા પછી ડિઝાઇન કરીને દૂધઇ બ્રાન્ચ કેનાલનું કામ પણ પૂરું કરવાનાં છીએ.

શ્રી વિરેન્દ્રસિંહ બ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કચ્છ જિલ્લામાં નર્મદાનું પાણી પહોંચાડવા માટે કેટલા મીટરની ઊંચાઇ સુધીનું ઉદવહન કરવામાં આવ્યું છે અને છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા પાણીનું ઉદવહન કરવામાં આવ્યું અને એના માટે કેટલો વીજ વપરાશ થયો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા કહ્યું એમ કચ્છ જિલ્લાના વિસ્તારો ઊંચા અને પછી નીચા છે. ભૌગોલિક પરિસ્થિતિ જ એવી છે કે વચ્ચેનો પોર્શન ઊંચો છે એટલે વચ્ચેના પોર્શન સુધી તો પાણી આપણે લઇ જ જવું પડે. એ લઇ જવા માટે આપણે પમ્પિંગ સ્ટેશન કર્યા છે. એમાં ૧, ૨ અને ૩ નું ટોટલી બાંધકામ ૧૮.૨૧ મીટર, ૧૮.૨૧ મીટર અને ૧૮.૭૨ મીટરની ઊંચાઇએ પાણીનું ઉદવહન કરીએ છીએ. આમ કચ્છ શાખા નહેર પરના પમ્પિંગ સ્ટેશન-૧, ૨ અને ૩ થકી આપણે ૫૫.૧૪ મીટર પાણી ચડાવીએ છીએ અને પછી એ ઉતરે છે.

અધ્યક્ષશ્રી : એમનો પ્રશ્ન છે કે વીજળીનું બિલ પાંચ વર્ષમાં કેટલું થયું?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વીજળીનું બિલ રૂપિયા ૩૫૧.૭૬ કરોડ થયું.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબે જે પ્રકારે મોરકૂબા વિસ્તારની વાત કરી. મોરકૂબા ગામ મારા મત વિસ્તારની અંદર આવેલું છે. હું ડબલ એન્જિન સરકારને ધન્યવાદ પાઠવું છું. મારે જાણવું છે કે તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કચ્છ શાખા નહેર ઉપર કુલ કેટલો ખર્ચ થયો? અને સાથેસાથે એક વિષય જોડું છું કે જે પૂરેપૂરી ઉદવહન ક્ષમતા છે એમાં એક વખત પાણી વહાવડાવીને ટ્રાય કરવામાં આવે અને છેલ્લે સુધી પાણી પહોંચે તો તેના કારણે સ્ટ્રેન્ધનિંગ થઇ જાય તો વન મિલિયન એકર ફીટનું પાણી પહોંચાડે તો સરકાર એવી ઉદવહન ક્ષમતાનો પ્રયાસ વિભાગ તરફથી કરવા માગે છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ કુલ ખર્ચો રૂપિયા ૫૮૧૮ કરોડ જેટલો થયો છે અને એની અંદર બ્રાન્ચ કેનાલ માટે ૩૫૭ કિલોમીટર સુધીનો જે ખર્ચો છે એ રૂપિયા ૨૯૫૨ કરોડ, પેટા શાખા નહેરનો ખર્ચો રૂપિયા ૬૦૭.૪૪ કરોડ અને કમાન્ડ એરિયા ડેવલપમેન્ટનો ખર્ચો રૂપિયા ૮૮૫.૧૭ કરોડ, પમ્પિંગ સ્ટેશનનો ખર્ચો રૂપિયા ૧૧૬૩.૯૬ કરોડ અને લઘુ જળ વિદ્યુત મથકનો ખર્ચ રૂપિયા ૨૦૯.૯ કરોડ મળી કુલ ખર્ચો રૂપિયા ૫૮૧૮ કરોડ કર્યો છે. જયારે સરકારે કામ લીધું છે એટલે એની સબમાઇનોર એટલે ખેતર સુધી પાણી પહોંચાડવાના ભગીરથ પ્રયાસમાં સરકાર કોઇ કસર બાકી રાખવાની નથી અને આગામી સમયમાં આનું આયોજન પણ આપણે કરી રહ્યા છીએ. આખું ગુજરાત જાણે છે કે કચ્છની અંદર ધરતીકંપ પછી આખું નવસર્જન કરવાનું કામ આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદીસાહેબે કર્યું અને હવે એને હરિયાળું બનાવવાનું કામ આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ કરશે.

### વડોદરા તાલુકાની સલાડ માઈનોર-૨ કેનાલ દ્વારા સિંચાઈનું પાણી

* ૨૯૭૧ **શ્રી કેયુરભાઈ રોકડિયા** (સયાજીગંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા તાલુકાની પોર શાખામાંથી નીકળતી સલાડ માઈનોર-૨ કેનાલ દ્વારા કેટલા વિસ્તારમાં સિંચાઈનું પાણી આપવામાં આવેલ છે, | (૧) ૨૧૧ હેક્ટરમાં પાણી આપવામાં આવેલ છે. |
| (૨) તેમાં હેડ ટુ ટેઈલ પાણી ચાલે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) તેની ઉક્ત સ્થિતિએ તેની યુજીપીએલ સબમાઈનોર કેનાલની કામગીરી કયા તબક્કે છે ? | (૩) કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબથી સંતોષ છે.

### નવસારી જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ

*૨૭૮૪ **શ્રી રાકેશ દેસાઈ** (નવસારી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ખનિજ પરિવહનથી નુકશાન પામેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે જોગવાઈ કરેલ છે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે ? | (૨) |

| વર્ષ | ફાળવાયેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૦ | શૂન્ય |
| ૨૦૨૧ | ૨૭૦.૬૧ |

શ્રી રાકેશ ગુ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નવસારી જિલ્લામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગ્રાન્ટ દ્વારા કયાં કયાં કામો કરવામાં આવેલ છે? અને છેલ્લાં બે વર્ષમાં ગુજરાત રાજયમાં અનુદાન તરીકે કેટલી રકમ ફાળવવામાં આવી?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી દ્વારા આવા જે રોડ તૂટયા હોય તો એના માટેની સ્પેશ્યલ ગ્રાન્ટ આપવામાં આવે છે અને એ ગ્રાન્ટના આધાર ઉપર જયારે એમણે નવસારી જિલ્લામાં તાલુકાવાઇઝ પૂછ્યુ છે તો એમાં ખાલી ચીખલી તાલુકાને લાગુ પડે છે અને...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**અંબાજીમાં રસ્તા ચાર માર્ગીય કરવા બાબત**

૨૮૪૯ **શ્રી પ્રવિણકુમાર માળી** (ડીસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગબ્બર સર્કલથી ગબ્બર તળેટી સુધીના રસ્તાને ૧૦ મીટરમાંથી ચાર માર્ગીય કરવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૪૦૮૭.૫૨ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ? | (૨) નકશા અંદાજ તબક્કે. |

**બનાસકાંઠા જિલ્લાની ચેકપોસ્ટ ઉપર ગેરરીતિની મળેલ ફરિયાદો**

૨૦૯૮ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લાની ચેકપોસ્ટ ઉપર ગેરરીતિની કેટલી ફરિયાદો સરકારને મળી, કેટલા ગુન્હા નોંધાયા, અને | (૧) |

| **તા.૦૧-૦૨-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૨** | |
|---|---|
| **મળેલ ફરિયાદો** | **નોંધાયેલ ગુન્હા** |
| ૦૨ | ૦ |
| **તા.૦૧-૦૨-૨૦૨૨ થી તા.૩૧-૦૧-૨૦૨૩** | |
| **મળેલ ફરિયાદો** | **નોંધાયેલ ગુન્હા** |
| ૦૧ | ૦ |

| | |
|---|---|
| (૨) તે અંતર્ગત શાં પગલા લેવામાં આવ્યા ? | (૨) ફરિયાદ ઉપર નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવેલ છે. |

**ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લી. માં થયેલ નાણાકીય ગેરરીતિ**

૨૧૦૧ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લી. માં બોગસ કંપનીઓને રૂપિયા ચૂકવી નાણાકીય ગેરરીતિ આચરવામાં આવેલ છે, તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ગેરરીતિની તપાસ કયારે હાથ ધરાઇ અને જવાબદારો સામે શા પગલા લીધા, અને | (૨) આ ગેરરીતિની તપાસ સ્ટેટ્યુટરી ઓડીટરના તા.૨૫-૦૫-૨૦૨૨ના રિપોર્ટ મળેથી તરત જ તા.૨૬- |

૦૫-૨૦૨૨થી આંતરિક તપાસ હાથ ધરાઇ છે. અને ત્યારબાદ તા.૦૪-૦૬-૨૦૨૨થી વધુ તપાસ કરવા માટે ફોરેન્સિક ઓડિટરની નિમણૂક કરવામાં આવેલ.
ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લી. દ્વારા તાત્કાલિક અસરથી સંબંધિત ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લી. ના જવાબદાર કર્મચારી/અધિકારીઓને તા.૨૭-૦૫-૨૦૨૨થી સસ્પેન્ડ કરવામાં આવેલ હતા તથા ત્યારબાદ તા.૦૧-૦૯-૨૦૨૨ થી તેઓના કરારનો અંત લાવવામાં આવેલ હતો. ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લી. માં નાણા વિભાગ દ્વારા પ્રતિનિયુક્તિ કરેલ જવાબદાર સરકારી અધિકારીને નાણા વિભાગના તા.૧૭-૦૨-૨૦૨૩ના હુકમથી ફરજ મોકુફ કરવામાં આવેલ છે. વધુમાં જવાબદાર કર્મચારી/ અધિકારીના વિરુદ્ધ તા.૦૪-૦૬-૨૦૨૨ના રોજ સેકટર-૭, પોલીસ સ્ટેશન સમક્ષ એફ.આઇ.આર. નોંધવામાં આવેલ.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉકત સ્થિતિએ બોગસ કંપનીઓને ચૂકવેલ રકમ પરત મેળવવા સરકારે શા પગલાં લીધા ? | (૩) બોગસ કંપનીઓ પાસેથી ચૂકવેલ રકમ પરત મેળવવા તથા તેઓ સામે પગલાં લેવા તા.૦૪-૦૬-૨૦૨૨ના રોજ એફ.આઇ.આર. નોંધવામાં આવી. જેની તપાસ હાલ એ.સી.બી. કક્ષાએ પડતર છે. એ.સી.બી. તથા નામ. કોર્ટ સમક્ષ પડતર ફોજદારી દાવાને આધીન આગળની કાર્યવાહી કરવામાં આવશે. |

- - - - - - - - -

**મહિસાગર જિલ્લામાં વનબંધુ યોજના હેઠળ મંજૂર કામો**

૨૭૫૮ **શ્રી માનસિંહ ચૌહાણ** (બાલાસિનોર):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં વન બંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ કેટલી રકમના કેટલા કામ મંજૂર થયા,અને | (૧) ૩૧ રસ્તા તથા ૧ પુલના રૂ. ૫૭૯૦.૫૦ લાખની અંદાજિત રકમના કામો. |
| (૨) આ કામથી કેટલી પ્રાથમિક શાળાઓ અને કેટલા આરોગ્ય કેન્દ્રને રસ્તાની સુવિધા મળનાર છે ? | (૨) ૩૧ પ્રાથમિક શાળાઓને રસ્તાની સુવિધા મળનાર છે. |

- - - - - - - - -

**અમદાવાદ મહાનગરપાલિકામાં પડતર ટી.પી. સ્કીમો**

૨૭૭૭ **શ્રી અમુલ ભટ્ટ** (મણીનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં ટી.પી. સ્કીમોની મંજૂરી માટે કેટલી દરખાસ્તો સરકારમાં પડતર છે, અને | (૧) ૧૭ (સત્તર). |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ટી.પી. સ્કીમોની મંજૂરી આપવામાં આવી ? | (૨) ૨૧ (એકવીસ). |

- - - - - - - - -

**નર્મદા જિલ્લામાં રેતીની લીઝો માટે એન્વાયરમેન્ટ ક્લિયરન્સ**

૨૭૩૫ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં રેતીની લીઝોના બ્લોક કેટલા ગામોમાં કેટલા પાડવામાં આવેલ છે, | (૧) નર્મદા જિલ્લામાં કુલ-૦૩ ગામોમાં કુલ-૨૫ રેતીની લીઝોના બ્લોક પાડવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલાને એન્વાયરમેન્ટ ક્લિયરન્સ આપવામાં આવી છે અને કેટલા બાકી છે, અને | (૨) કુલ-૦૪ બ્લોકના એન્વાયરમેન્ટ ક્લિયરન્સ રજૂ થયેલ છે અને કુલ-૦૪ બ્લોકમાં એન્વાયરમેન્ટ ક્લિયરન્સ |

રજૂ થયેલ નથી.

જ્યારે કુલ-૦૬ બ્લોકમાં ઈરાદાપત્ર આપવાની તથા કુલ-૧૧ બ્લોકમાં હરાજીની પ્રક્રિયા હાલ ચાલુ છે જે પૂર્ણ થયેથી એન્વાયરમેન્ટ કિલયરન્સ રજૂ કરવાના રહે છે.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લા પંચાયતને રેતી રોયલ્ટી કેટલી મળી છે ?

(૩) ઉપરોક્ત તમામ બ્લોકના કરારખત કરવાના બાકી હોઈ, સદર માહિતી શૂન્ય છે.

---------

**અમદાવાદ અને સુરત શહેર / જિલ્લામાં ઠગાઈની મળેલ ફરિયાદો**

૩૩૭૫ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને સુરત શહેર/જિલ્લામાં ક્લબ મેમ્બરશિપના નામે ફાઈવ સ્ટાર હોટેલમાં ફ્રી સ્ટેનું કહીને કેટલી ફરિયાદો નોંધાઈ,

(૧)

| શહેર / જિલ્લો | નોંધાયેલ ફરિયાદ |
|---|---|
| અમદાવાદ શહેર | ૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦ |
| સુરત શહેર | ૧ |
| સુરત ગ્રામ્ય | ૦ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમોને પકડવામાં આવ્યા અને કેટલા ઈસમોને પકડવાના બાકી છે,

(૨)

| પકડાયેલ ઈસમો | પકડવાના બાકી ઈસમો |
|---|---|
| ૪ | ૦ |

(૩) ઉક્ત ઠગાઈના કિસ્સામાં કેટલા નાગરિકો પાસેથી કેટલી રકમ લીધી હોવાનું સામે આવ્યું, અને

(૩)

| નાગરિક | રકમ (રૂ.) |
|---|---|
| ૧ | ૫૮,૫૦૦/- |

(૪) આવા કિસ્સાઓ ન બને તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

(૪) આમ જનતા ખોટી લોભામણી સ્કીમમાં ન ફસાય તે માટે જનજાગૃતિ અંગેના કાર્યક્રમો રાખવા સૂચના કરેલ છે. આવા પ્રકારના ગુનાઓ નોંધાય ત્યારે નિષ્પક્ષ કાનૂની કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**મહેસાણા જિલ્લામાં રમતના મેદાનો**

૨૭૫૩ **શ્રી સરદારભાઈ ચૌધરી** (ખેરાલુ) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં જિલ્લા રમત સંકુલ કાર્યરત છે કે કેમ,

(૧) હા.

(૨) જો હા, તો ઉક્ત જિલ્લા રમત સંકુલમાં ઉક્ત સ્થિતિએ રમતના કેટલા મેદાનો આવેલ છે, અને

(૨) ૭ રમતના મેદાનો.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લા રમત સંકુલ પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) રૂ. ૭૦૪.૦૦ લાખ (અંકે રૂપિયા સાતસો ચાર લાખ પૂરા).

---------

**ડભોઈ તાલુકાની રાજલી માઈનોર કેનાલ દ્વારા સિંચાઈનું પાણી**

૨૯૬૬ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડભોઈ તાલુકાની પોર શાખામાંથી નીકળતી રાજલી માઈનોર કેનાલ દ્વારા કેટલા વિસ્તારમાં સિંચાઈનું પાણી આપવામાં આવેલ છે,

(૧) ૪૫૬ હેક્ટરમાં પાણી આપવામાં આવેલ છે.

(૨) તેમાં હેડ ટુ ટેઈલ પાણી ચાલે છે કે કેમ, અને — (૨) હા, જી.

(૩) તેની યુજીપીએલ સબમાઈનોર કેનાલની કામગીરી ક્યા તબક્કે છે ? — (૩) કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ**

૨૭૮૩ **શ્રી કિરીટકુમાર પટેલ** (ઉંઝા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં ખનિજ પરિવહનથી નુકશાન પામેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે જોગવાઈ કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે ? | (૨) શૂન્ય. |

- - - - - - - - -

**સુરત જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

૨૮૦૨ **શ્રી સંદિપ દેસાઈ** (ચોર્યાસી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩)આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૮ | ૦૮ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં પડતર ટી.પી. સ્કીમો**

૨૭૭૮ **શ્રી અમિત શાહ** (એલીસબ્રિજ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં ટી.પી. સ્કીમોની મંજૂરી માટે કેટલી દરખાસ્તો સરકારમાં પડતર છે, અને | (૧) ૩ (ત્રણ) |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ટી.પી. સ્કીમોની મંજૂરી આપવામાં આવી ? | (૨) ૯ (નવ) |

- - - - - - - - -

**ગીર સોમનાથ જિલ્લામાં વતન પ્રેમ યોજના અંતર્ગત મળેલ દાનની રકમ**

૨૧૦૨ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીરસોમનાથ જિલ્લામાં ''વતન પ્રેમ યોજના'' અંતર્ગત વિદેશથી કેટલી દાનની રકમ મળી, | (૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ આ યોજના અંતર્ગત ગીરસોમનાથ જિલ્લામાં વિદેશથી દાતા તરફથી કોઇપણ પ્રકારનું દાન મળેલ નથી. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સરકારના હિસ્સે ફાળવવામાં આવતી કેટલી રકમ ક્યારે ફાળવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો આ યોજનાનું અમલીકરણ ન થયું હોય તો તેના કારણો શાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**આણંદ અને અમરેલી જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સનો જથ્થો**

૨૮૪૧ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક | (૧)અને (૨) પત્રક મુજબ |

વર્ષમાં આણંદ અને અમરેલી જિલ્લામાંથી કેટલું ડ્રગ્સ પકડવામાં આવ્યું,

(૨) તેની કિંમત કેટલી છે, અને

(૩) ઉક્ત પકડાયેલ ડ્રગ્સ અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી ?

(૩) ૪૦

**પત્રક**

| જિલ્લાનું નામ | અલ્પ્રાઝોલમની હાજરીવાળા પાવડર | | એમ.ડી.ડ્રગ્સ | | હેરોઇન | | ગાંજો | | પોષડોડાના ખોખાનો ભુક્કો | | પોષડોડા | | અફીણ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) |
| આણંદ | ૦ | ૦ | ૪૧ ગ્રામ ૮૧૪ મીલી | ૪,૧૮,૧૭૦ | ૦ | ૦ | ૫૦.૭૬૫ કિ.ગ્રા. | ૫,૦૭,૬૫૦ | ૦ | ૦ | ૨૬૩.૬૦૫ કિ.ગ્રા. | ૭,૯૯,૮૧૫ | ૦ | ૦ |
| અમરેલી | ૧૮.૦૬ ગ્રામ | ૧૮,૦૦૦ | ૦ | ૦ | ૩૮ ગ્રામ | ૧,૯૦,૦૦૦ | ૬૪.૯૦૨ કિ.ગ્રા. | ૫,૧૮,૨૭૫ | ૫૦૦ ગ્રામ | ૧૫૦૦ | ૨૩૦ ગ્રામ | ૬૯૦ | ૧૦૨ ગ્રામ | ૧૦,૨૦૦ |

\- - - - - - - - -

### મહેસાણા જિલ્લામાં ''ઇનસ્કૂલ'' શાળાઓમાં ખેલાડીઓને તાલીમ

૨૭૪૯ **શ્રી કરશનભાઇ સોલંકી** (કડી) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કુલ કેટલી ઇનસ્કૂલ શાળાઓ કાર્યરત છે,

(૨) આ શાળાઓમાં કેટલી રમતોનો સમાવેશ થયેલ છે અને સમાવેશ થયેલ રમતમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ખેલાડીઓને તાલીમ આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) ૧૦ (દસ)

(૨)
- ૧૯ રમતો
- ૧૦,૩૦૫ ખેલાડીઓ

(૩) રૂ. ૬,૪૪,૨૬,૦૦૦/-
(અંકે રૂપિયા છ કરોડ ચુમ્માલીસ લાખ છવ્વીસ હજાર પૂરા)

\- - - - - - - - -

### ગાંધીનગર જિલ્લામાં રસ્તાઓ પહોળા કરવા બાબત

૨૮૫૦ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં રાજ્ય હસ્તકના રસ્તાઓને પહોળા કરવાના કામ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા કામની મંજૂરી મળી અને તે પૈકીના કેટલી લંબાઈના કેટલી રકમના કામ પૂર્ણ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં રાજ્ય હસ્તકના રસ્તાઓને પહોળા કરવા ૫-કામની મંજૂરી મળેલ છે.

| વર્ષ | મંજૂર કામની સંખ્યા | રકમ (રૂ.લાખમાં) | હાલની સ્થિતિ |
|---|---|---|---|
| તા. ૦૧-૦૧-૨૦૨૧ થી તા. ૩૧-૧૨-૨૦૨૨ | ૫ | ૧૮,૧૪૫.૦૦ | ૧-કામ પ્રગતિમાં અને ૪-કામ ટેન્ડર તબક્કે |

જ્યારે આ ઉપરાંતના ૪૩.૭૦૦ કિ.મી. લંબાઈના રૂ. ૬૧૫૦.૦૦/- લાખની રકમના કુલ-૦૪ કામ અગાઉના વર્ષમાં મંજૂર થયેલ જે કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

\- - - - - - - - -

તા. ૨૪મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

૨૮૩૭ **શ્રી કેશાજી ચૌહાણ** (દિયોદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યની સુરક્ષાસેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) ૮૭૫૫ |

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં ''ઈનસ્કૂલ'' શાળાઓમાં ખેલાડીઓને તાલીમ**

૨૭૫૦ **શ્રી સંજય કોરડીયા** (જૂનાગઢ) : **માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલી ઈનસ્કૂલ શાળાઓ કાર્યરત છે, | (૧) ૧૧ (અગિયાર) |
| (૨) આ શાળાઓમાં કેટલી રમતોનો સમાવેશ થયેલ છે અને સમાવેશ થયેલ રમતમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ખેલાડીઓને તાલીમ આપવામાં આવી, અને | (૨) ● ૨૨ રમતો<br>● ૮૨૬૮ ખેલાડીઓ |
| (૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂ. ૬,૬૭,૩૫,૦૦૦/-<br>(અંકે રૂપિયા છ કરોડ સડસઠ લાખ પાંત્રીસ હજાર પૂરા) |

- - - - - - - - -

**સરકારી ઉત્સવો / કાર્યક્રમની જાહેરાત પાછળ ખર્ચ**

૩૩૮૦ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા સરકારી ઉત્સવો અને કાર્યક્રમોની જાહેરાતો પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા સરકારી ઉત્સવોની જાહેરાત પાછળ કોઇ ખર્ચ કરવામાં આવ્યો નથી. પરંતુ સરકારી કાર્યક્રમોની જાહેરાતો પાછળ કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | પ્રિન્ટ મીડિયા | ઇલેક્ટ્રોનિક મીડિયા | કુલ |
|---|---|---|---|
| | રૂ. લાખમાં | રૂ. લાખમાં | રૂ. લાખમાં |
| તા.૧-૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ સુધી | ૩૧૫.૦૦ | ૧૧૫.૦૦ | ૪૩૦.૦૦ |
| તા.૧-૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨- | ૨૪૧.૫૮ | ૩૧૭.૦૦ | ૫૫૮.૫૮ |

- - - - - - - - -

**જામનગર અને સાબરકાંઠા જિલ્લામાં લોક દરબાર યોજવા બાબત**

૨૮૩૯ **શ્રીમતી રિવાબા જાડેજા** (જામનગર ઉત્તર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં વ્યાજખોરો વિરુદ્ધ કોઇ ઝુંબેશ કરવામાં આવી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેનો સમયગાળો કેટલો હતો, અને | (૨) તા. ૦૫-૦૧-૨૦૨૩ થી તા. ૩૧-૦૧-૨૦૨૩ સુધી |

(૩) આ સમયગાળામાં જામનગર અને સાબરકાંઠા જિલ્લામાં કેટલા લોક દરબાર યોજાયા ?

(૩)

| જિલ્લાનું નામ | યોજાયેલ લોકદરબારની સંખ્યા |
|---|---|
| જામનગર | ૧૦૦ |
| સાબરકાંઠા | ૪૬ |

- - - - - - - - -

**આણંદ શહેરની પાણી પુરવઠા યોજના અંતર્ગત મંજૂર કામો**

૨૭૭૨ **શ્રી યોગેશ પટેલ** (આણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાના આણંદ શહેરની પાણી પુરવઠા યોજનાને કેટલી રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે,

(૨) આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) આ યોજનાના બાકી રહેતા કામો પૂર્ણ કરવા માટેનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાના આણંદ શહેરની પાણી પુરવઠા યોજનાને
રૂ. ૧૩૦.૩૫ કરોડ રકમ માટે મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ ખર્ચ થયેલ નથી.

(૩) આ યોજનાના કામો ટેન્ડરની કરારની શરતો મુજબ તા. ૨૧-૧૦-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

- - - - - - - - -

**સુરત મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

૨૭૭૩ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે,

(૨) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે, અને

(૩) કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરત મહાનગરપાલિકને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ.૪૮૫૯૫.૨૨ લાખ અને ૨૦૨૧-૨૨માં રૂ.૫૪૫૭૮.૧૯ લાખ મળી કુલ રૂ.૧૦૩૧૭૩.૪૧ લાખની ગ્રાંટ ચૂકવવામાં આવેલ છે,

(૨) તે પરત્વે વર્ષ ૨૦૨૦-૨૧માં ૬૯ કામો તથા વર્ષ ૨૦૨૧-૨૨માં ૯૬ કામો મળી કુલ ૧૬૫ કામો મંજૂર થયેલ છે.

(૩) વર્ષ ૨૦૨૦-૨૧માં ૪૩ કામો તથા વર્ષ ૨૦૨૧-૨૨માં ૩૯ કામો મળી કુલ ૮૨ કામો પૂર્ણ થયેલ છે.

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર કામો**

૨૭૬૭ **શ્રી જીતેન્દ્રભાઈ સોમાણી** (વાંકાનેર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં કુલ કેટલા અને કેટલી રકમના કામ મંજૂર થયા, અને

(૨) ઉક્ત મંજૂર કામથી કેટલા ગામોમાં રસ્તા બનાવવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨) ૩૪૪ ગામોના કુલ રૂ.૩૪૫.૪૬ કરોડની અંદાજી રકમના ૨૧૮ રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા. તે પૈકી ૧૩૪ ગામોના કુલ રૂ.૫૨.૭૫ કરોડની રકમના ૭૪ રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવ્યા.

- - - - - - - - -

**મોરબી જિલ્લામાં બોર્ડ / કોર્પોરેશનને જમીન ફાળવવા બાબત**

૨૮૦૮ **શ્રી દુર્લભજીભાઈ દેથરિયા** (ટંકારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે-

તા. ૨૪મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં રાજ્ય સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,

(૧) ૧૨ (બાર),

(૨) તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી ૦૧(એક) દરખાસ્ત મંજૂર કરવામાં આવેલ છે. ૦૭ (સાત) દરખાસ્તોમાં આગોતરો કબ્જો સોંપવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલું ગામતળ નીમ કરવામાં આાવેલ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**જામનગર જિલ્લામાં મીઠા ઉદ્યોગ માટે જમીન સંપાદન**

૨૫૧૩ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જમનગર જિલ્લામાં મીઠા ઉદ્યોગ માટે જમીન ફાળવવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કયા પ્રકારની કેટલા સમય માટે, કેટલા ભાડાના દરથી ક્યારે કોને જમીન આપવામાં આવેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાડાપટ્ટે સરકારને કેટલી આવક થઈ,

(૪) ઉક્ત સ્થિતિએ ભાડુ ભરેલ ન હોય તેવા કયા લીઝધારકો પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે અને

(૨), (૩) અને (૪) સામેલ પત્રક મુજબ.

(૫) ઉક્ત ભાડાની રકમ વસૂલવા શા પગલાં લીધાં ?

(૫) ઉક્ત બાકી ભાડાની રકમ વસૂલવા સંબંધિત તલાટી કમ મંત્રીશ્રીને સૂચના આપવામાં આવેલ છે.

**પત્રક**

| ક્રમ | જમીનનો પ્રકાર | કંપનીનું નામ | ક્યારથી / ભાડાપટ્ટાનો મુદત | હાલનો ભાડાપટ્ટાનો દર પ્રતિ હેક્ટર | છેલ્લા બે વર્ષમાં વસુલાયેલ ભાડું (આવક) | છેલ્લા બે વર્ષમાં બાકી વસૂલાત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૬ | ૭ | ૮ | ૮ | ૮ |
| ૧ | દરિયા કાંઠાની જમીન | ગ્રાસીમ ઈન્ડસ્ટ્રીઝ લી. | તા.૩૧-૦૭-૨૦૦૨ થી તા.૩૦-૦૭-૨૦૩૨ સુધી | હાલ વસૂલ લેવાતા ભાડાનો દર- રૂ.૩૪૫/- પ્રતિ હેક્ટર તથા દર ત્રણ વર્ષે ૧૫% ભાડા વધારો | રૂ.૯,૦૦,૫૬૦/- | રૂ.૬૨,૮૭૮/- |
| ૨ | દરિયા કાંઠાની જમીન | સૌરાષ્ટ્ર કેમિકલ્સ લી. | તા.૨૫-૦૪-૧૯૬૭ થી તા.૩૦-૦૩-૧૯૮૭ સુધી ભાડાપટો રિન્યૂ કરવા માટેની અરજી સમયમર્યાદામાં કરેલ છે. જે વિચારણામાં છે. | હાલ વસૂલ લેવાતા ભાડાનો દર- રૂ.૩૬૩/- પ્રતિ હેક્ટર | રૂ.૭,૯૮,૧૬૪/- | - |
| ૩ | દરિયા કાંઠાની જમીન | સૌરાષ્ટ્ર કેમિકલ્સ લી. | તા.૦૧-૦૯-૧૯૮૨ થી તા.૩૧-૦૮-૨૦૦૨ સુધી ભાડાપટો રિન્યૂ કરવા માટેની અરજી સમયમર્યાદામાં કરેલ છે. જે વિચારણામાં છે. | હાલ વસૂલ લેવાતા ભાડાનો દર- રૂ.૩૬૩/- પ્રતિ હેક્ટર | રૂ.૪,૧૪,૯૪૬/- | - |
| ૪ | દરિયા કાંઠાની જમીન | સૌરાષ્ટ્ર કેમિકલ્સ લી. | તા.૦૧-૦૬-૧૯૮૩ થી તા.૩૧-૦૫-૨૦૦૩ સુધી ભાડાપટો રિન્યૂ કરવા માટેની અરજી સમયમર્યાદામાં કરેલ | હાલ વસૂલ લેવાતા ભાડાનો દર- રૂ.૩૬૩/- પ્રતિ હેક્ટર | રૂ.૪,૯૧,૭૫૬/- | - |

| ક્રમ | જમીનનો પ્રકાર | કંપનીનું નામ | ક્યારથી / ભાડાપટ્ટાનો મુદત | હાલનો ભાડાપટ્ટાનો દર પ્રતિ હેક્ટર | છેલ્લા બે વર્ષમાં વસુલાયેલ ભાડું (આવક) | છેલ્લા બે વર્ષમાં બાકી વસૂલાત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૬ | ૭ | ૮ | ૮ | ૮ |
| | | | છે. જે વિચારણામાં છે. | | | |
| ૫ | દરિયા કાંઠાની જમીન | સિક્કા સોલ્ટ વર્કસ | ૧)એ.૩૦૦-૦૦ગું. તા.૨૮-૦૪-૨૦૦૭ થી તા. ૨૭-૦૪-૨૦૩૭ ૨)એ.૨૦૦-૦૦ગું. તા.૦૧-૦૯-૨૦૦૩ થી તા.૩૧-૦૮-૨૦૩૩ સુધી ૩)એ.૧૧૦-૦૦ગું. તા.૧૧-૧૧-૨૦૧૭ થી તા. ૧૦-૧૧-૨૦૪૭ સુધી | હાલ વસૂલ લેવાતા ભાડાનો દર- રૂ.૩૯૭/- પ્રતિ હેક્ટર | - | રૂ.૧,૯૬,૧૧૮/- |
| ૬ | દરિયા કાંઠાની જમીન | હાલાર સોલ્ટ વર્કસ | સને ૧૯૪૭માં ૯૯ વર્ષના ભાડાપટ્ટાથી ફાળવવામાં આવેલ છે. સ્ટેટ સમયથી આપવામાં આવેલ છે. | સવાલવાળી જમીન સ્ટેટ સમયે ફાળવણી કરવામાં આવેલ છે. જેથી શરૂઆતના ભાડાની વિગતો ઉપલબ્ધ થતી નથી. હાલ વસૂલ લેવાતા ભાડાનો દર- રૂ.૩૯૭/- પ્રતિ હેક્ટર | રૂ.૯૯૯૦/- | રૂ.૨૬,૯૨,૩૭૪/- |
| ૭ | દરિયા કાંઠાની જમીન | સેન્ચ્યુરી કેમિકલ્સ | ૧) એ.૪૩૪-૨૪ ગું. તા.૦૧-૦૧-૨૦૦૫ થી તા.૩૧-૦૪-૨૦૧૪ સુધી અને ૨) એ. ૧૪૦૦-૦૦ ગું. તા.૦૧-૦૯-૨૦૦૫ થી તા.૩૧-૦૫-૨૦૧૫ ભાડાપટો રિન્યૂ કરવા માટેની અરજી સમયમર્યાદામાં કરેલ જે વિચારણામાં છે. | હાલ વસૂલ લેવાતા ભાડાનો દર- રૂ.૩૪૫/- પ્રતિ હેક્ટર | રૂ.૪,૮૯,૧૪૮/- | રૂ.૧,૦૦,૦૦૦/- |
| ૮ | દરિયા કાંઠાની જમીન | સરવેશ સોલ્ટ એન્ડ કેમિકલ્સ પ્રા.લી. | તા.૧૭-૦૬-૧૯૯૩ થી તા.૧૮-૦૬-૨૦૦૩ સુધી ભાડાપટો રિન્યૂ કરવા માટેની અરજી સમયમર્યાદામાં કરેલ છે. જે વિચારણામાં છે. | હાલ વસૂલ લેવાતા ભાડાનો દર- રૂ.૩૦૦/- પ્રતિ હેક્ટર | - | રૂ.૨,૦૧,૯૬૪/- |
| ૯ | ૬૨૮ પૈ. | અજમેરા સોલ્ટ વર્કસ | તા.૧૫-૧૦-૧૯૭૮ થી તા.૧૬-૧૦-૧૯૯૮ સુધી ભાડાપટો રિન્યૂ કરવા માટેની અરજી સમયમર્યાદામાં કરેલ છે. જે વિચારણામાં છે. | હાલ વસૂલ લેવાતા ભાડાનો દર- રૂ.૩૦૦/- પ્રતિ હેક્ટર | - | રૂ.૪,૨૩,૯૩૧/- |
| ૧૦ | દરિયા કાંઠાની જમીન | મારૂતિ સોલ્ટ વર્કસ | તા.૦૧-૦૫-૧૯૮૪ થી તા.૩૦-૦૪-૨૦૦૪ સુધી ભાડાપટો રિન્યૂ કરવા માટેની અરજી સમયમર્યાદામાં કરેલ છે. જે વિચારણામાં છે. | હાલ વસૂલ લેવાતા ભાડાનો દર- રૂ.૩૦૦/- પ્રતિ હેક્ટર | રૂ.૩૬,૩૬૦/- | રૂ.૩૯,૪૮૨/- |
| ૧૧ | દરિયા કાંઠાની જમીન | ડાયમંડ સોલ્ટ વર્કસ | તા.૦૯-૦૫-૧૯૯૭ થી તા.૦૮-૦૫-૨૦૦૭ સુધી ભાડાપટો રિન્યૂ કરવા માટેની અરજી સમયમર્યાદામાં કરેલ છે. જે વિચારણામાં છે. | હાલ વસૂલ લેવાતા ભાડાનો દર- રૂ.૩૦૦/- પ્રતિ હેક્ટર | - | રૂ.૧,૧૨,૨૨૭/- |
| ૧૨ | ૫૩૫/૧ | સૂર્યોદય સોલ્ટ એન્ડ કેમિકલ્સ પ્રા.લી. | તા.૦૧-૦૪-૧૯૯૭ થી તા.૨૩-૧૨-૨૦૦૭ સુધી ભાડાપટો રિન્યૂ કરવા માટેની અરજી સમયમર્યાદામાં કરેલ છે. જે વિચારણામાં છે. | હાલ વસૂલ લેવાતા ભાડાનો દર- રૂ.૪૯૫/- પ્રતિ હેક્ટર | રૂ.૧,૨૪,૨૦૦/- | - |

| ક્રમ | જમીનનો પ્રકાર | કંપનીનું નામ | ક્યારથી / ભાડાપટ્ટાનો મુદત | હાલનો ભાડાપટ્ટાનો દર પ્રતિ હેક્ટર | છેલ્લા બે વર્ષમાં વસુલાયેલ ભાડું (આવક) | છેલ્લા બે વર્ષમાં બાકી વસૂલાત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૬ | ૭ | ૮ | ૮ | ૮ |
| ૧૩ | દરિયા કાંઠાની જમીન | ચૌગ્લે એન્ડ કંપની | તા.૦૩-૦૮-૨૦૦૭ થી તા.૦૨-૦૮-૨૦૩૭ સુધી | હાલ વસૂલ લેવાતા ભાડાનો દર- રૂ.૩૦૦/- પ્રતિ હેક્ટર | રૂ.૨૬,૬૬,૩૦૬/- | - |
| ૧૪ | દરિયા કાંઠાની જમીન | આરએસપીએલ લી. | તા.૦૬-૦૪-૨૦૧૮ થી તા.૦૫-૦૪-૨૦૪૮ સુધી | હાલ વસૂલ લેવાતા ભાડાનો દર- રૂ.૩૦૦/- પ્રતિ હેક્ટર | રૂ.૪૨,૩૭,૯૦૪/- | રૂ.૨૧,૧૫,૨૪૨/- |
| | | | | **કુલ** | **રૂ.૧,૦૧,૬૯,૩૩૪/-** | **રૂ.૫૯,૪૪,૨૧૬/-** |

### આણંદ અને અમરેલી જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સનો જથ્થો

૨૮૪૦ **શ્રી હીરાભાઈ સોલંકી** (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ અને અમરેલી જિલ્લામાંથી કેટલું ડ્રગ્સ પકડવામાં આવ્યું,

(૨) તેની કિંમત કેટલી છે, અને

(૧) અને (૨) પત્રક મુજબ

(૩) ઉક્ત પકડાયેલ ડ્રગ્સ અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી ?

(૩) ૪૦

**પત્રક**

| જિલ્લાનું નામ | અલ્પ્રાઝોલમની હાજરીવાળા પાવડર | | એમ.ડી.ડ્રગ્સ | | હેરોઇન | | ગાંજો | | પોષડોડાના ખોખાનો ભુક્કો | | પોષડોડા | | અફીણ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) | જથ્થો | કિંમત (રૂ.) |
| આણંદ | ૦ | ૦ | ૪૧ ગ્રામ ૮૧૪ મીલી | ૪,૧૮,૧૭૦ | ૦ | ૦ | ૫૦.૭૬૫ કિ.ગ્રા. | ૫,૦૭,૬૫૦ | ૦ | ૦ | ૨૬૩.૬૦૫ કિ.ગ્રા. | ૭,૯૯,૮૧૫ | ૦ | ૦ |
| અમરેલી | ૧૮.૦૬ ગ્રામ | ૧૮,૦૦૦ | ૦ | ૦ | ૩૮ ગ્રામ | ૧,૯૦,૦૦૦ | ૬૪.૯૦૨ કિ.ગ્રા. | ૫,૧૮,૨૭૫ | ૫૦૦ ગ્રામ | ૧૫૦૦ | ૨૩૦ ગ્રામ | ૬૯૦ | ૧૦૨ ગ્રામ | ૧૦,૨૦૦ |

- - - - - - - - -

### ગાંધીનગર જિલ્લામાં બાલવાથી માણસા તાલુકાને જોડતા રસ્તાને ચારમાર્ગીય કરવા બાબત

૨૭૬૮ **શ્રી જયંતીભાઈ પટેલ** (માણસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં બાલવાથી માણસા તાલુકાને જોડતા રસ્તાને ચારમાર્ગીય કરવા માટે મંજૂરી મળેલ છે તે વાત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત કામગીરી માટે કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) રૂ.૪૦૦૦.૦૦ લાખ.

(૩) ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે ?

(૩) ટેન્ડર તબક્કે.

### વલસાડ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર કામો

૨૭૬૪ **શ્રી અરવિંદભાઈ પટેલ** (ધરમપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ વલસાડ જિલ્લામાં કુલ કેટલા અને કેટલી રકમના કામ મંજૂર થયા, અને<br>(૨) ઉક્ત મંજૂર કામથી કેટલા ગામોમાં રસ્તા બનાવવામા આવ્યા ? | (૧) અને (૨) ૨૩૬ ગામોના કુલ રૂ.૩૨૯.૦૩ કરોડની અંદાજી રકમના ૩૫૫ રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા. તે પૈકી ૮૫ ગામોના રૂ.૬૦.૭૦ કરોડની રકમના ૮૧ રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવ્યા. |

- - - - - - - - -

**રાજકોટ શહેરમાં પડતર ટી. પી. સ્કીમો**

૨૭૭૯ **શ્રી ઉદય કાનગડ** (રાજકોટ પૂર્વ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજકોટ શહેરમાં ટી. પી. સ્કીમોની મંજૂરી માટે કેટલી દરખાસ્તો સરકારમાં પડતર છે, અને | (૧) ૦૨ (બે) |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ટી. પી. સ્કીમોની મંજૂરી આપવામાં આવી ? | (૨) ૦૧ (એક) |

- - - - - - - - -

**સચિવાલય કક્ષાએ સેક્શન અધિકારી, વર્ગ-૨નું મંજૂર મહેકમ**

૩૩૫૯ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સચિવાલય કક્ષાએ સેક્શન અધિકારી વર્ગ-૨નું કુલ કેટલું મંજૂર મહેકમ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સચિવાલય કક્ષાએ સેક્શન અધિકારી વર્ગ-૨નું કુલ મંજૂર મહેકમ ૫૬૧ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) ઉક્ત સ્થિતિએ મંજૂર મહેકમ પૈકી ૪૩૬ જગ્યાઓ ભરેલ અને ૧૨૫ જગ્યાઓ ખાલી છે. |
| (૩) ખાલી જગ્યાઓમાં કેટલી જગ્યાઓ બઢતી અને કેટલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની થાય છે, અને | (૩) ખાલી જગ્યાઓમાં ૦૩ જગ્યાઓ બઢતીથી ૮૦ જગ્યાઓ સેમી ડાઈરેક્ટ પરીક્ષાથી અને ૪૨ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની થાય છે. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી આ ખાલી જગ્યાઓ ભરી શકાશે. |

- - - - - - - - -

**વિછીયા તાલુકામાં ગૌચરની જમીનમાં દબાણ**

૩૩૭૧ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ જિલ્લામાં વિછીયા તાલુકાના અમરાપુર, કોટડા અને વિછીયાની ગૌચરની જમીનમાં સંસ્થાઓ કે વ્યક્તિઓ દ્વારા દબાણ કરાયા હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ જિલ્લાના વિછીયા તાલુકાના વિંછીયા, અમરાપુર, તથા કોટડા ગામે ગૌચરની જમીનમાં કુલ-૪ ફરિયાદો મળેલ છે. |
| (૨) મળેલ ફરિયાદ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, | (૨) બે અરજદારો તરફથી મળેલ કુલ ૦૪ અરજીઓ અન્વયે તપાસ કરતા તારાંકિત પ્રશ્નવાળી ગૌચર જમીનમાં દબાણ થયેલ હોવાનું જણાયેલ નથી. |
| (૩) ઉક્ત જમીનમાં કેટલા દબાણો થયા હોવાનું સામે આવ્યું, અને | (૩) ઉપરોક્ત જમીનમાં એકપણ દબાણ થયેલ હોવાનું સામે આવેલ નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી અને કેટલી જમીન ખુલ્લી કરવાની બાકી ? | (૪) સદરહું ફરિયાદમાં જણાવવામાં આવેલ જમીન ખાનગી માલિકીની હોય, ગૌચર જમીન પર દબાણ અંગેનો પ્રશ્ન નથી. જેથી જમીન ખુલ્લી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**અમદાવાદ અને સુરત જિલ્લામાં રેગ્યુલેટેડ / રજિસ્ટર્ડ કતલખાના**

૩૩૮૬ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨૪મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલા રેગ્યુલેટેડ/રજિસ્ટર્ડ કતલખાનાઓ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કતલ માટે કતલખાનાવાર કેટલો ક્વોટા માન્ય કરેલ છે,

(૩) ઉક્ત ક્વોટા ક્યારથી અમલમાં છે,

(૪) ઉક્ત ક્વોટામાં છેલ્લે ક્યારે કેટલો વધારો-ઘટાડો કરવામાં આવેલ છે,

(૫) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત કતલખાનાવાર કયા વર્ગના કેટલા પશુઓની કતલ કરવામાં આવી ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લો-૦૧(એક)
સુરત જિલ્લો-૦૨(બે)

(૨) કતલ માટે કતલખાનાવાર અઠવાડિક ક્વોટા (ભેંસ/પાડા)

| અમદાવાદ | સુરત | |
|---|---|---|
| | સલાબતપૂરા | રાંદેર |

(૩) તા.૧૬-૧૧-૨૦૦૫થી અમલમાં છે.

(૪) ઉક્ત ક્વોટામાં આજ દિન સુધી કોઈ વધારો-ઘટાડો કરવામાં આવેલ નથી.

(૫) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત કતલખાનાવાર કેટલા પશુઓની કતલની વિગતો નીચે કોષ્ટક મુજબ.

| **વર્ષ/સમયગાળો** | | | **વર્ષ ૨૦૨૧** | **વર્ષ ૨૦૨૨** |
|---|---|---|---|---|
| અમદાવાદ જિલ્લો | | ભેંસ/પાડા | ૧૦૭૨૫ | ૧૦૧૫૬ |
| | | ઘેટા | ૪૨૭૩ | ૩૨૯૮ |
| | | બકરા | ૧૦૭૯૮ | ૧૧૧૧૫ |
| | | ડુક્કર | ૭૩૪૯ | ૬૮૨૧ |
| સુરત જિલ્લો | સલાબતપૂરા | ભેંસ | ૮૩ | ૧૬૬ |
| | | પાડા | ૧૩૨ | ૧૯૨ |
| | | ઘેટા | ૮૩૭૪ | ૯૮૦૫ |
| | | બકરા | ૧૯૪૪૮ | ૨૨૮૪૧ |
| | રાંદેર | ભેંસ | ૦૦ | ૦૦ |
| | | પાડા | ૫૦ | ૫૭ |
| | | ઘેટા | ૨૨૪૫ | ૨૪૮૨ |

- - - - - - - - -

**પાંથાવાડા અને દાંતીવાડા (કોલોની) ખાતે બસ સ્ટેન્ડ બનાવવા બાબત**

૩૨૬૦ **શ્રી માવજીભાઈ દેસાઈ** ધાનેરા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લા દાંતીવાડા તાલુકામાં પાંથાવાડા અને દાંતીવાડા (કોલોની) ખાતે બસ ડેપો નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જગ્યાએ બસ ડેપો બનાવવાનું સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) **પાંથાવાડા** – પાંથાવાડા ખાતે મુસાફર જનતા માટે પીકઅપ સ્ટેન્ડની સુવિધા આપવામાં આવેલ છે.

**દાંતીવાડા** – દાંતીવાડા (કોલોની) ખાતે નવિન બસ સ્ટેશન બનાવવા સરકારી સર્વે નં.૮૩૦ ની બે એકર જમીન પ્રાપ્ત કરવા કલેક્ટરશ્રીને કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે તા.૨૦-૦૯-૨૦૨૧નાં રોજ જમીનની માપણી કરવામાં આવેલ છે. જમીન ફાળવણીના હુકમો થયેથી રાજ્ય સરકારશ્રીના ફંડમાંથી નવિન બસ સ્ટેશન બનાવવા કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

- - - - - - - - -

**મહેસાણા જિલ્લાના મોઢેરા ચાર રસ્તાને પહોળા કરવા બાબત**

૨૮૫૪ **શ્રી સુખાજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના મોઢેરા ચાર રસ્તા પર આવેલ જંક્શન પર ટ્રાફિક નિવારવા રસ્તા પહોળા કરવા કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૧૪૭૨૦.૦૦ લાખના ખર્ચે ચારમાર્ગીય અન્ડર પાસ તથા સર્વીસ રોડની કામગીરી મંજૂર કરવામાં આવેલ. |
| (૨) ઉક્ત કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) ઉક્ત કામગીરી ઉક્ત સ્થિતિએ પૂર્ણ કરવામાં આવેલ છે. |

- - - - - - - - -

**હળવદ તાલુકામાં ૧૧ ગામોને સિંચાઈનું પાણી આપવા બાબત**

૩૪૭૨ **શ્રી પ્રકાશભાઈ વરમોરા** (ધ્રાંગધ્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હળવદ તાલુકાના ગામોના ખેડૂતોને સિંચાઈ માટે નર્મદાના પાણીનો લાભ આપવા માટેની કેટલી અરજીઓ મળેલ છે, અને | (૧) પ્રશ્નના સંક્ષિપ્ત શિર્ષકમાં દર્શાવેલ ૧૧ ગામો સહિતની કુલ ૦૪ અરજીઓ મળેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ અરજીઓ પરત્વે શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ? | (૨) રજૂઆતવાળા ગામો નર્મદા પિયત વિસ્તારની બહાર છે. |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

૨૮૦૦ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૯ | ૦૯ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લાના નળ સરોવર વિરમગામ રોડના નવીનીકરણ બાબત**

૨૮૫૫ **શ્રી હાર્દિક પટેલ** (વિરમગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના નળ સરોવર વિરમગામ રોડના નવીનીકરણની કામગીરી કરવા કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૨૬.૫૨ કિ.મી. લંબાઈ માટે રૂ.૧૮૫૦.૦૦ લાખ. |
| (૨) ઉક્ત કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ. |

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં રમતના મેદાનો**

૨૭૫૪ **શ્રી સંજયસિંહ મહિડા** (મહુધા) : **માનનીય રમત-ગમતમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ખેડા જિલ્લામાં જિલ્લા રમત સંકુલ કાર્યરત છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત જિલ્લા રમત સંકુલમાં ઉક્ત સ્થિતિએ રમતના કેટલા મેદાનો આવેલ છે, અને | (૨) ૧૬ રમતના મેદાનો |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લા રમત સંકુલ પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) રૂ.૪૦૬.૦૦ લાખ (અંકે રૂપિયા ચારસો છ લાખ પૂરા).

- - - - - - - - -

**બારડોલી નગરપાલિકા હસ્તકના રેલ્વે ઓવરબ્રિજ / અંડરપાસ**

૨૭૭૧ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરત જિલ્લાની બારડોલી નગરપાલિકા હસ્તકના રેલ્વે લેવલ ક્રોસીંગના સ્થળે રેલ્વે ઓવરબ્રિજ / અંડરપાસની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, | (૧) તા.૩૧ / ૧૨ / ૨૦૨૨ની સ્થિતિએ સુરત જિલ્લાની બારડોલી નગરપાલિકા હસ્તકના રેલ્વે લેવલ ક્રોસીંગ-૨૫ના સ્થળે રેલ્વે ઓવરબ્રિજની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, | (૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરીમાં ૨૯% ભૌતિક પ્રગતિ અને ૨૦% નાણાકીય પ્રગતિના તબક્કે છે. |
| (૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને | (૩) સદરહું કામગીરી પાછળ અંદાજિત રૂ.૩૦૪૮.૫૯ લાખ ખર્ચ થનાર છે. |
| (૪) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૪) આ કામગીરી મંજૂર થયેલ સમયમર્યાદા તા.૨૫-૦૯-૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં ફોરલેનિંગના મંજૂર કામો**

૨૮૫૯ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ફોરલેનિંગના કેટલા કામ મંજૂર થયા, | (૧) એક કામ. |
| (૨) તે પૈકી કુલ કેટલી લંબાઈના કામ પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) પ્રગતિમાં છે. |
| (૩)બાકી રહેલ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર કામો**

૨૭૬૦ **શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા** (હિંમતનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા અને કેટલી રકમના કામ મંજૂર થયા, અને<br>(૨) ઉક્ત મંજૂર કામથી કેટલા ગામોમાં રસ્તા બનાવવામાં આવ્યા ? | (૧) અને (૨) ૪૯૪ ગામોના રૂ.૩૨૧.૭૬ કરોડની અંદાજીત રકમના ૩૨૮ રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા. તે પૈકી ૨૩૧ ગામોના રૂ.૧૧૩.૮૭ કરોડની રકમના ૧૩૮ રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવ્યા. |

**વલસાડ જિલ્લામાં વનબંધુ યોજના હેઠળ મંજૂર કામો**

૨૭૫૫ **શ્રી ભરતભાઇ પટેલ** (વલસાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં વન બંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ કેટલી રકમના કેટલા કામ મંજૂર થયા, | (૧) રૂ.૫૦૩૧.૨૦ લાખની અંદાજિત રકમના ૪૬ કામો. |
| (૨) આ કામથી કેટલી પ્રાથમિક શાળાઓ અને કેટલા આરોગ્ય કેન્દ્રને રસ્તાની સુવિધા મળનાર છે ? | (૨) ૫૦ પ્રાથમિક શાળાઓને રસ્તાની સુવિધા મળનાર છે. |

- - - - - - - - -

**સરદાર સરોવર યોજના માટે ગ્રાન્ટ**

૩૩૬૫ **શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ સરદાર સરોવર યોજના માટે કેટલી રકમ, ગ્રાન્ટની માંગણી કરવામાં આવી,

(૧) નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન અનુક્રમે રૂ.૪૨૦.૩૦ કરોડ, રૂ.૭૧૪.૪૩ કરોડ અને રૂ. ૩૫૭.૧૫ કરોડ ગ્રાન્ટની દરખાસ્ત કેન્દ્ર સરકાર સમક્ષ કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરી, અને

(૨) નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ દરમિયાન અનુક્રમે રૂ.૧૭૭.૯૯૫ કરોડ અને રૂ.૩૫૭.૨૭૫ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ ગ્રાન્ટની દરખાસ્ત પત્રવ્યવહાર હેઠળ છે.

(૩) તે પૈકી વર્ષવાર કેટલી ગ્રાન્ટનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને

(૩) નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ દરમિયાન અનુક્રમે રૂ.૧૭૭.૯૯૫ કરોડ અને રૂ.૩૫૭.૨૭૫ કરોડનો ખર્ચ થયેલ છે.
મળેલ ગ્રાન્ટ પૈકી કોઇ રકમ વણવપરાયેલ રહેતી નથી.

(૪) ઉક્ત સ્થિતિએ ગ્રાન્ટની સંપૂર્ણ રકમ ન વપરાવાના કારણો શાં છે?

(૪) (૩) ને ધ્યાને લેતા પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

### નર્મદા જિલ્લામાં વનબંધુ યોજના હેઠળ મંજૂર કામો

૨૭૫૭ **ડૉ. દર્શના દેશમુખ** (નાંદોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં વન બંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ કેટલી રકમના કેટલા કામ મંજૂર થયા, અને

(૧) રૂ.૧૬૪૦.૦૦ લાખની અંદાજિત રકમના ૧૫ કામો.

(૨) આ કામથી કેટલી પ્રાથમિક શાળાઓ અને કેટલા આરોગ્ય કેન્દ્રને રસ્તાની સુવિધા મળનાર છે ?

(૨) ૧૫ પ્રાથમિક શાળાઓને અને ૩ આરોગ્ય કેન્દ્ર રસ્તાની સુવિધા મળનાર છે.

- - - - - - - - -

### બનાસકાંઠા અને કચ્છ જિલ્લા પોલીસ વડા મારફત પોલીસ મથકોની મુલાકાત

૩૪૭૬ **શ્રી જીગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા અને કચ્છ જિલ્લા પોલીસ વડાએ વર્ષ ૨૦૨૨ના વર્ષમાં જિલ્લાના કયા કયા પોલીસ મથકોની મુલાકાત લીધી,

(૧) પત્રક મુજબ.

(૨) અને મુલાકાત દરમિયાન કયા કયા પ્રકારની અનિયમિતતા અને ગેરરીતિઓ જોવા મળી, અને

(૨) મુલાકાત દરમ્યાન મુવમેન્ટ રજીસ્ટરમાં નોંધ ન કરવા બાબતે તથા લોક અપ ગાર્ડ ન રાખવા બાબતની અનિયમિતતા જોવા મળેલ જ્યારે કોઈ ગેરરીતિ જોવા મળેલ નથી.

(૩) જવાબદાર પોલીસ અધિકારીઓ- કર્મચારીઓ સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) ૫૧ કર્મચારીઓને કારણ દર્શક નોટિસ આપવામાં આવેલ છે તથા ૦૩ કર્મચારીઓની પ્રાથમિક તપાસ ચાલુ છે.

**પત્રક**

| જિલ્લાનું નામ | મુલાકાત લીધેલ પોલીસ મથકોનું નામ |
|---|---|
| બનાસકાંઠા | પાલનપુર સીટી પૂર્વ, પાલનપુર સીટી પશ્ચિમ, પાલનપુર તાલુકા, અંબાજી, હડાદ, દાંતા, વડગામ, છાપી, મહિલા, ડીસા સીટી ઉત્તર, ડીસા સીટી દક્ષિણ, ડીસા રૂરલ, ગઢ, અમીરગઢ, આગથળા, દાંતીવાડા, થરાદ, વાવ, સૂઈગામ, માવસરી, ધાનેરા, પાંથાવાડા, દિયોદર, ભાભર, થરા, શિહોરી, ભીલડી |
| કચ્છ-પૂર્વ | અંજાર, દુધઈ, આદિપુર, ગાંધીધામ "એ" ડીવીઝન, ગાંધીધામ "બી" ડીવીઝન, કંડલા મરીન, મહિલા, ભચાઉ, સામખીયારી, લાકડીયા, ગાંગોદર, આડેસર, રાપર, બાલાસર, ખડીર |
| કચ્છ-પશ્ચિમ | ભુજસીટી "એ" ડીવીઝન, ભુજસીટી "બી" ડીવીઝન, માધાપર, પધ્ધર, માનકુવા, માંડવી, માંડવી-મરીન, કોડાય, ગઢશીશા, મુંદ્રા, પ્રાગપર, મુંદ્રા- મરીન, ખાવડા, મહિલા, નખત્રાણા, નરા, દયાપર, નારાયણ સરોવર, નલીયા, કોઠારા, જખૌ, જખૌ-મરીન, વાયોર, નિરોણા, મુદરા ઈમીગ્રેશન |

તા. ૨૪મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

### ઉમેદપર ડિસ્ટ્રિબ્યુટરીમાંથી નીકળતી ઉમેદપર માઇનોરની લંબાઇ

૨૯૬૯ **શ્રી પરસોત્તમભાઇ પરમાર** (દસાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) લીંબડી શાખા નહેરમાંથી નીકળતી ઉમેદપર ડીસ્ટ્રીબ્યુટરી (LD-5) માંથી નીકળતી ઉમેદપર માઇનોરની કુલ લંબાઇ કેટલી છે,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તે પૈકી કેટલી લંબાઇનું કામ પૂર્ણ થયેલ છે, અને

(૩) બાકી રહેતી લંબાઇનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૫૦૧૨ મીટર.

(૨) તે પૈકી ૪૯૩૯ મીટર લંબાઇનું કામ પૂર્ણ થયેલ છે.

(૩) શક્ય તેટલી વહેલી તકે.

- - - - - - - - -

### પંચમહાલ જિલ્લામાં વનબંધુ યોજના હેઠળ મંજૂર કામો

૨૭૫૯ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં વન બંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ કેટલી રકમના કેટલા કામ મંજૂર થયા, અને

(૨) આ કામથી કેટલી પ્રાથમિક શાળાઓ અને કેટલા આરોગ્ય કેન્દ્રને રસ્તાની સુવિધા મળનાર છે ?

**જવાબ**

(૧) રૂ.૧૫૪૨.૦૦ લાખની અંદાજિત રકમના ૨૪ કામો.

(૨) ૨૪ પ્રાથમિક શાળાઓને રસ્તાની સુવિધા મળનાર છે.

- - - - - - - - -

### સચિવાલય કક્ષાએ સેક્શન ઓફિસર અને ઉપસચિવની જગ્યાઓ

૩૩૬૩ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ સચિવાલય કક્ષાએ સેક્શન અધિકારી વર્ગ-૨ અને ઉપસચિવ વર્ગ-૧ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) તે પૈકી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની કેટલી અનામત જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) સેક્શન અધિકારી વર્ગ-૨ની કુલ-૫૬૧ જગ્યાઓ મંજૂર થયેલ છે. તેમજ ઉપસચિવ વર્ગ-૧ ની કુલ-૧૮૬ જગ્યાઓ મંજૂર થયેલ છે.

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| સેક્શન અધિકારી, વર્ગ-૨ | ૪૩૬ | ૧૨૫ |
| ઉપસચિવ, વર્ગ-૧ | ૯૪ | ૯૨ |

(૩)

| ક્રમ | સંવર્ગ | કેટેગરી | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | સેક્શન અધિકારી વર્ગ-૨ | સા. અને શૈ.પ. વર્ગ | ૩૨ | ૦૦ |
| | | અનુ. જાતિ | ૪૮ | ૦૦ |
| | | અનુ. જનજાતિ | ૬૪ | ૦૦ |
| ૨ | ઉપસચિવ વર્ગ-૧ | અનુ. જાતિ | ૧૪ | ૦૦ |
| | | અનુ. જનજાતિ | ૧૫ | ૦૦ |

ઉપસચિવ સંવર્ગની તમામ જગ્યાઓ માત્ર બઢતીથી ભરવામાં આવે છે, જેથી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે અનામતની

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

### નવસારી જિલ્લામાં વનબંધુ યોજના હેઠળ મંજૂર કામો

૨૭૫૬ **શ્રી આર. સી. પટેલ** (જલાલપોર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં વન બંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ કેટલી રકમના કેટલા કામ મંજૂર થયા, અને

(૧) રૂ.૧૦૯૫ લાખની અંદાજિત રકમના ૯ કામો.

(૨) આ કામથી કેટલી પ્રાથમિક શાળાઓ અને કેટલા આરોગ્ય કેન્દ્રને રસ્તાની સુવિધા મળનાર છે ?

(૨) ૭ પ્રાથમિક શાળાઓને રસ્તાની સુવિધા મળનાર છે.

---------

**પેટલાદ નગરપાલિકા હસ્તકના રેલ્વે ઓવરબ્રિજ / અંડરપાસ**

૨૭૭૦ **શ્રી કમલેશભાઇ પટેલ** (પેટલાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આણંદ જિલ્લાની પેટલાદ નગરપાલિકા હસ્તકના રેલ્વે લેવલ ક્રોસીંગ-૨૯ના સ્થળે રેલ્વે ઓવરબ્રિજ/અંડરપાસની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામગીરી ઉકત સ્થિતિએ કયા તબક્કે છે,

(૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને

(૪) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આણંદ જિલ્લાની પેટલાદ નગરપાલિકા હસ્તકના રેલ્વે લેવલ ક્રોસીંગ-૨૯ના સ્થળે રેલ્વે ઓવરબ્રિજની કામગીરી મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ઉકત સ્થિતિએ આ કામગીરીમાં ૨૦% ભૌતિક પ્રગતિ અને ૧૨% નાણાકીય પ્રગતિના તબક્કે છે.

(૩) સદરહું કામગીરી પાછળ અંદાજીત રૂ.૪૨૬૩.૦૪ લાખ ખર્ચ થનાર છે.

(૪) આ કામગીરી મંજૂર થયેલ સમયમર્યાદા તા.૧૨-૦૪-૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**વડોદરા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

૨૭૯૯ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩)આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૮ | ૦૮ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**મે. એસ્સાર બલક ટર્મીનલ લિ. સુરતને દરિયામાં પૂરાણ કરવા આપેલ પરવાનગી બાબત**

૩૨૬૬ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૨૩-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૬૪૯૧ (અગ્રતા-૫૬)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એસ્સાર બ્લક ટર્મિનલ લિ. સુરતને ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા તા.૧૪-૦૬-૨૦૦૭ના પત્રથી દરિયામાં ડ્રેજ મટીરિયલ ૩૧૯.૮૬ હેક્ટર વિસ્તારમાં ડમ્પ કરવા માટેના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે, પરવાનગી આપેલ તથા પરવાનગી આપ્યા સિવાયની આજુબાજુની દરિયામાં કેટલી જગ્યામાં પૂરાણ કરવામાં આવેલ તે અંગે જિલ્લા જમીન દફતર નિરીક્ષક, સુરતને ક્યારે દરખાસ્ત કરવામાં આવેલ છે,

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મંજૂરી પૈકીની તથા પરવાનગી આપ્યા સિવાયની કેટલી જમીનની માપણી અંગેની દરખાસ્ત અંગે ક્યારે પ્રત્યુત્તર મળેલ છે, અને

**જવાબ**

(૧) પૂરાણ થયેલ વિસ્તારની માપણી માટે જિલ્લા જમીન દફતર નિરીક્ષક, સુરતને તા.૦૮-૦૬-૨૦૨૦ અને ૦૧-૦૪-૨૦૨૧ના પત્રોથી અલગ-અલગ દરખાસ્ત કરવામાં આવેલ.

(૨) જિલ્લા જમીન દફતર નિરીક્ષક, સુરતની કચેરી સાથે થયેલ સંયુક્ત માપણી સંદર્ભે ક્ષેત્રફળ હે.૨૨૮-૦૮-૯૭ ચો.મી. અને હે.૯૫-૦૦-૦૦ ચો.મી.ના અનુક્રમે તા.૦૧-૦૭-૨૦૨૦ અને તા.૨૮-૦૬-૨૦૨૧ના

(૩) તે અન્વયે પરવાનગી સિવાયની આજુબાજુની દરિયામાં કેટલી જગ્યામાં પૂરાણ કરાયા/થયાનું સામે આવ્યું ?

સંયુક્ત માપણી અહેવાલ ઉપલબ્ધ થયેલ છે.

(૩) ના-વાંધા પ્રમાણપત્ર સંદર્ભે થયેલ પૂરાણની જમીન સહિત તા.૦૧-૦૭-૨૦૨૦ અને તા.૨૮-૦૬-૨૦૨૧ના સંયુક્ત માપણી અહેવાલ અનુસાર કુલ હે.૩૨૩-૦૮-૯૭ ચો.મી. નવસાધ્ય (રીક્લેમ્ડ) જમીન સરકાર/ગુજરાત મેરીટાઇમ બોર્ડને ઉપલબ્ધ થયેલ છે.

- - - - - - - - -

### દાહોદ જિલ્લામાં ''ઈનસ્કૂલ'' શાળાઓમાં ખેલાડીઓને તાલીમ

૨૭૫૧ **શ્રી મહેન્દ્રભાઈ ભાભોર** (ગરબાડા) : **માનનીય રમત-ગમતમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કુલ કેટલી ઈનસ્કૂલ શાળાઓ કાર્યરત છે,

(૨) આ શાળાઓમાં કેટલી રમતોનો સમાવેશ થયેલ છે અને સમાવેશ થયેલ રમતમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ખેલાડીઓને તાલીમ આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) ૯(નવ).

(૨)
- ૧૬ – રમતો
- ૫૫૩૧ - ખેલાડીઓ

(૩) રૂ.૫,૩૮,૬૩,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ કરોડ આડત્રીસ લાખ ત્રેસઠ હજાર પૂરા).

- - - - - - - - -

### અમદાવાદ ચંડોળા તળાવના ડેવલપમેન્ટની કામગીરી

૩૦૫૭ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં તા.૨૮-૦૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૮૫૪૩ (અગ્રતા-૧૦૭)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલ ચંડોળા તળાવના સિંચાઈ હસ્તકથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા હવાલો મેળવવાની કાર્યવાહી ચાલી રહેલ હતી તે કાર્યવાહી ક્યારે પૂર્ણ કરીને કબ્જો મેળવવામાં આવ્યો, અને

(૨) ઉક્ત તળાવના ડેવલપમેન્ટ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કામ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં આવેલ ચંડોળા તળાવનો કબ્જો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેવામાં આવેલ નથી.

ચંડોળા તળાવ સદરની જમીન પર ઘણાં મોટાં પ્રમાણમાં થઈ ગયેલ રહેણાંક, વાણિજ્યિક અને ધાર્મિક દબાણો અને તળાવ વિકાસ કરવાના સંજોગોમાં અમલીકરણ, પુનઃવસન, નાણાકીય જોગવાઈ જેવી બાબતો સમય માંગી લે તેવી હોઈ તથા તે અંગે ઉચ્ચકક્ષાનું આયોજન જરૂરી હોઈ સદર બાબતો વિચારણા હેઠળ છે તથા સદર તળાવ સિંચાઈ હસ્તક હોઈ અસરગ્રસ્તોની વિગતો પૂરી પાડયેથી સંયુક્ત રીતે કબ્જો મેળવવાની કાર્યવાહી કરવાની થાય છે.

(૨) ઉક્ત તળાવના ડેવલપમેન્ટ માટે ઉક્ત સ્થિતિએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

- - - - - - - - -

### વડોદરા જિલ્લામાં ફોરલેનિંગના મંજૂર કામો

૨૮૫૭ **શ્રી ચૈતન્યસિંહ ઝાલા** (પાદરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ફોરલેનિંગના કેટલા કામ મંજૂર થયા,

(૨) તે પૈકી કુલ કેટલી લંબાઈના કામ પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩)બાકી રહેલ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) કુલ -૪ કામ મંજૂર થયા.

(૨) તે પૈકી કુલ ૦.૯૫ કિ.મી. લંબાઈનું એક કામ પૂર્ણ કરવામાં આવ્યું.

(૩) બનતી ત્વરાએ.

## સુરત જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર કામો

૨૭૬૫ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ સુરત જિલ્લામાં કુલ કેટલા અને કેટલી રકમના કામ મંજૂર થયા, અને

(૨) ઉક્ત મંજૂર કામથી કેટલા ગામોમાં રસ્તા બનાવવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨)

૪૯૭ ગામોના રૂ.૪૦૦.૪૪ કરોડની અંદાજી રકમના ૩૫૪ રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા. તે પૈકી ૨૪૫ ગામોના રૂ.૧૩૨.૪૪ કરોડની રકમના ૧૫૮ રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવ્યા.

\- - - - - - - - -

## આણંદ અને વલસાડ જિલ્લામાં જિંગા ઉછેર ફાર્મ

૨૪૫૧ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ જિંગા ઉછેર ફાર્મ અન્વયે આણંદ અને વલસાડ જિલ્લામાં કેટલી જમીન કોને કોને ફાળવી છે,

**જવાબ**

(૧) આણંદ – પત્રક સામેલ છે.
વલસાડ – જમીન ફાળવવામાં આવેલ નથી.

**પત્રક**

| ક્રમ | અરજદારનું નામ | ફાળવેલ જમીનનું ક્ષેત્રફળ (હેક્ટરમાં) |
|---|---|---|
| ૧ | શ્રી કનેવાલ મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળી લિ. વરસડા | ૧૫.૦૦ હેક્ટર |
| ૨ | ધી મોગલ માતા મત્સ્ય ઉછેર સહકારી મંડળી લિ. રોહિણી | ૧૫.૦૦ હેક્ટર |
| ૩ | શ્રી દેવીપુત્ર મત્સ્ય ઉછેર સહકારી મંડળી લિ. ખંભાત | ૧૫.૦૦ હેક્ટર |
| ૪ | સાગર મત્સ્ય ઉછેર વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ. ધુવારણ | ૧૫.૦૦ હેક્ટર |
| ૫ | ધી નવાગામ બારા અનુસૂચિત જાતિ મત્સ્ય ઉછેર સહકારી મંડળી લિ. નવાગામ બારા | ૧૫.૦૦ હેક્ટર |
| ૬ | ધી પગડિયા મત્સ્ય ઉછેર સહકારી મંડળી લિ. વૈણજ | ૧૫.૦૦ હેક્ટર |
| ૭ | ધી મસાણી મેલડી માતા મત્સ્ય ઉછેર સહકારી મંડળી લિ. તડાતળાવ | ૧૫.૦૦ હેક્ટર |

(૨) ઉક્ત હેતુ માટે ફાળવેલ જમીન કરતાં વધુ જમીનનો જિંગા ઉછેર કરીને કૌભાંડ કરેલ છે એવી કોઈ ફરિયાદ/ રજૂઆત ઉક્ત જિલ્લાઓમાં છેલ્લા બે વર્ષમાં મળેલ છે કે કેમ, અને

(૨) ના, કોઈ ફરિયાદ મળેલ નથી.

(૩) જો હા, તો ઉક્ત મળેલ ફરિયાદો સામે શી કાર્યવાહી કરી છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

\- - - - - - - - -

## પંચમહાલ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર કામો

૨૭૬૩ **શ્રી ફતેસિંહ ચૌહાણ** (કાલોલ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં કુલ કેટલા અને કેટલી રકમના કામ મંજૂર થયા,

**જવાબ**

(૧) અને (૨) ૩૭૦ ગામોના રૂ.૩૫૯.૨૮ કરોડની અંદાજી રકમના ૩૮૪ રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા. તે પૈકી ૧૧૭ ગામોના રૂ.૬૬.૨૨ કરોડની રકમના ૧૦૪

અને

(૨) ઉક્ત મંજૂર કામથી કેટલા ગામોમાં રસ્તા બનાવવામાં આવ્યા ?

રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવ્યા.

- - - - - - - - -

**ભાવનગર શહેરમાં પડતર ટી.પી.સ્કીમો**

૨૭૮૦ **શ્રીમતી સેજલબેન પંડ્યા** (ભાવનગર પૂર્વ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર શહેરમાં ટી.પી.સ્કીમોની મંજૂરી માટે કેટલી દરખાસ્તો સરકારમાં પડતર છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ટી.પી. સ્કીમોની મંજૂરી આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૦૧ (એક).

(૨) ૦૪ (ચાર).

- - - - - - - - -

**અમદાવાદ-રાજકોટ હાઈવેને સિક્સલેન કરવાની કામગીરી**

૩૫૨૪ **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ-રાજકોટ હાઈવેને સીક્સલેન કરવાની કામગીરી કયા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી કઈ એજન્સીને કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાની શરતે ક્યારે સોંપવામાં આવેલ,

(૩) ઉક્ત કામગીરી સમયસર પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શાં છે,

(૪) ઉક્ત કામગીરી સમયસર પૂર્ણ ન કરનાર એજન્સી સામે ઉક્ત સ્થિતિએ શાં પગલા લીધા, અને

(૫) ઉક્ત રસ્તાની બાકી કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અમદાવાદ- રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૪૭ તથા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૨૭ની કામગીરી ૭૫ ટકા જેટલી ભૌતિક રીતે પૂર્ણ થયેલ છે.

(૨), (૩), (૪) અને (૫) પરિશિષ્ટ મુજબ.

**પરિશિષ્ટ**

| ક્રમ | ઈજારદારશ્રીનું નામ | ટેન્ડર કિંમત રૂ. (કરોડમાં) | ટેન્ડર પ્રમાણે કામગીરી ચાલુ કરવાની તારીખ | ટેન્ડર પ્રમાણે કામગીરી પૂર્ણ કરવાની તારીખ | વિલંબ થવાના કારણો |
|---|---|---|---|---|---|
| ૧ | સ્ટેટ કન્ટ્રક્શન ઈન્ટિગ્રેટેડ વર્કસ ઓફ એડમીનીસ્ટ્રેટીવ ડીપાર્ટમેન્ટ ઓફ વરખોવના રાડા ઓફ યુક્રેઈન જે.વી.માધવ ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ લિ. અને એમ.એસ.ખુરના એન્જિનિયરિંગ લિ. | ૪૪૦.૮૮ | ૦૮-૦૧-૨૦૧૮ | ૦૭-૦૧-૨૦૨૦ તા.૩૦-૧૧-૨૦૨૨ સુધીની સમયમર્યાદા મંજૂર કરવામાં આવેલ છે. | ફોરેસ્ટ ક્લિયરન્સ, જમીન સંપાદન, વિદ્યુત થાંભલા, ગેસ પાઈપલાઈન, નામદાર હાઈકોર્ટના કેસો, કોવિડ-૧૯ના કારણોસર વિલંબ થયેલ છે. |
| ૨ | સદભાવ એન્જિનિયરિંગ લિમિટેડ | ૫૦૨.૦૦ | ૦૮-૦૧-૨૦૧૮ | ૦૭-૦૧-૨૦૨૦ તા.૩૦-૦૬-૨૦૨૩ સુધીની સમયમર્યાદા મંજૂર કરવામાં આવેલ છે. | |
| ૩ | વરાહા ઈન્ફ્રા લિમિટેડ જે.વી. મે. જિયાંગ્ઝી કન્સ્ટ્રક્શન એન્જિનિયરિંગ (જી) કો.લિ. | ૪૭૦.૫૭ | ૧૯-૦૧-૨૦૧૮ | ૧૮-૦૧-૨૦૨૦ તા.૩૦-૦૬-૨૦૨૩ સુધીની સમયમર્યાદા | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | મંજૂર કરવામાં આવેલ છે. | |
| ૪ | સદભાવ એન્જિનિયરિંગ લિમિટેડ | ૩૯૬.૦૦ | ૦૮-૦૧-૨૦૧૮ | ૦૯-૦૧-૨૦૨૦ તા.૩૦-૦૬-૨૦૨૩ સુધીની સમયમર્યાદા મંજૂર કરવામાં આવેલ છે. | |
| ૫ | વરાહા ઈન્ફ્રા લિમિટેડ જે.વી. મે.જિયાંગ્ઝી કન્સ્ટ્રક્શન એન્જિનિયરિંગ (જી) કો.લિ. | ૪૪૪.૨૭ | ૧૯-૦૧-૨૦૧૮ | ૧૮-૦૧-૨૦૨૦ તા.૩૦-૦૬-૨૦૨૩ સુધીની સમયમર્યાદા મંજૂર કરવામાં આવેલ છે. | |

---------

**અમદાવાદ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર કામો**

૨૭૬૧ **શ્રી કાળુભાઈ ડાભી** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા અને કેટલી રકમના કામ મંજૂર થયા, અને

(૨) ઉક્ત મંજૂર કામથી કેટલા ગામોમાં રસ્તા બનાવવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨) ૨૪૬ ગામોના રૂ.૨૮૭.૬૯ કરોડની અંદાજી રકમના ૨૦૭ રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા. તે પૈકી ૩૯ ગામોના રૂ.૩૫.૮૦ કરોડની રકમના ૨૯ રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવ્યા.

---------

**રાજ્યમાં વિવિધ સંવર્ગમાં પોલીસ દળની ભરતી**

૩૩૮૪ **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય પોલીસ દળને વધુ સુદ્રઢ તેમજ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકારે જુદા-જુદા સંવર્ગોમાં સીધી ભરતીથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત બે વર્ષમાં વર્ષવાર કયા સંવર્ગના કેટલા કર્મચારીઓ, અધિકારીઓની ભરતી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સીધી ભરતીથી કરવામાં આવતી ભરતીમાં સંવર્ગવાર કેટલું ફીક્સ માસિક વેતન કેટલા સમય માટે આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) હા.

(૨) સામેલ પત્રક-અ મુજબ

(૩) સામેલ પત્રક-બ મુજબ

**પત્રક-અ**

| **સંવર્ગ** | **ભરતીની સંખ્યા** | |
|---|---|---|
| | **વર્ષ-૨૦૨૧** | **વર્ષ-૨૦૨૨** |
| બિન હથિયારી નાયબ પોલીસ અધીક્ષક | ૨૦ | ૨૧ |
| બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ૫૮ | ૩૮ |
| બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૦ | ૩૦૦ |
| હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (એસ.આર.પી.એફ.) | ૦ | ૭૨ |

| | | |
|---|---|---|
| ઈન્ટેલીજન્સ ઓફિસર | ૦ | ૨૭ |
| બિન હથિયારી આસિસ્ટંટ સબ ઈન્સ્પેક્ટર | ૦ | ૯૮૩ |
| બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૦ | ૫૨૧૨ |
| હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૦ | ૭૯૭ |
| હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (એસ.આર.પી.એફ.) | ૦ | ૪૪૫૦ |

**પત્રક-બ**

| સંવર્ગ | ફીક્સ માસિક વેતન | સમય |
|---|---|---|
| બિન હથિયારી નાયબ પોલીસ અધીક્ષક | ફીક્સ માસિક વેતન આપવામાં આવતું નથી | - |
| બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ફીક્સ માસિક વેતન આપવામાં આવતું નથી | - |
| બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | રૂ.૩૮,૦૯૦/- | ૦૫ વર્ષ |
| ઈન્ટેલીજન્સ ઓફિસર | રૂ.૩૮,૦૯૦/- | |
| બિન હથિયારી આસિસ્ટંટ સબ ઈન્સ્પેક્ટર | રૂ.૧૯,૯૫૦/- | |
| બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | રૂ.૧૯,૯૫૦/- | |
| હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | રૂ.૧૯,૯૫૦/- | |
| હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (એસ.આર.પી.એફ.) | રૂ.૧૯,૯૫૦/- | ૦૯ માસ |
| હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (એસ.આર.પી.એફ.) | રૂ.૩૮,૦૯૦/- | ૨૭ માસ |

---------

**પાટણ જિલ્લામાં શાખા/વિશાખા/પ્રશાખા નહેરનું આયોજન**

૨૯૬૮ **શ્રી લવીંગજી સોલંકી** (રાધનપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પાટણ જિલ્લામાં શાખા નહેર, વિશાખા નહેર, પ્રશાખા નહેરની કેટલી લંબાઈની કેનાલો બનાવવાનું આયોજન હતું,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી લંબાઈની કેનાલોનું કામ પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૩) બાકી રહેલી કેનાલોનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પાટણ જિલ્લામાં આયોજીત કેનાલોની લંબાઈની વિગતો નીચે મુજબ છે.

| નહેરનો પ્રકાર | આયોજીત કેનાલોની કુલ લંબાઈ (કિમી) |
|---|---|
| શાખા નહેરો | ૨૦૪.૧૪૧૦ |
| વિશાખા નહેરો | ૪૮૨.૮૦૫૦ |
| પ્રશાખા નહેરો | ૧૪૭૧.૯૫૭૦ |
| **કુલ લંબાઈ** | **૨૧૫૮.૯૦૩** |

(૨) ઉક્ત સ્થિતિએ પૂર્ણ કરવામાં આવેલ કેનાલોની લંબાઈની વિગત નીચે મુજબ છે.

| નહેરનો પ્રકાર | પૂર્ણ થયેલ કેનાલોની કુલ લંબાઈ (કિમી) |
|---|---|
| શાખા નહેરો | ૨૦૪.૧૪૧૦ |
| વિશાખા નહેરો | ૪૮૨.૮૦૫૦ |
| પ્રશાખા નહેરો | ૧૪૭૧.૯૫૭૦ |
| **કુલ લંબાઈ** | **૨૧૫૮.૯૦૩** |

(૩) ઉક્ત સ્થિતિએ શાખા નહેર, વિશાખા નહેર અને પ્રશાખા નહેરની તમામ લંબાઈમાં કામ પૂર્ણ થયેલ હોઈ લાગુ પડતુ નથી.

---------

**દાંતા તાલુકામાં ૭૩-એ એ વાળી જમીન સ્કૂલ/નર્સિંગને ફાળવવા બાબત**

૩૦૪૮ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાંતા તાલુકાના કુંભીરીયા ગામે આવેલ સર્વે નં.૨૩૬ વાળી જમીન કોઈપણ પરવાનગી વગર ૭૩-એ એ જગ્યામાં સ્કૂલ નર્સીંગ માટે ફાળવાઈ છે, તે હકીકત સાચી છે, અને

(૧) આ હકીકત સાચી નથી.

(૨) જો હા, તો આ જમીન ફાળવવા શા કારણો છે અને આ જમીન ખુલ્લી કરવા સરકારે શાં પગલા લીધા ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્ય સરકારે એસ.ટી નિગમ પાસેથી લ્હેણી રકમ**

૩૩૭૭ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્ય સરકારે એસ.ટી. નિગમ પાસેથી કુલ કેટલી રકમ લેવાની નિકળે છે,

(૨) લેવાની નિકળતી રકમમાં કેટલી રકમ લોનની, લોનના વ્યાજની પેસેન્જર ટેક્ષની, મોટર વ્હીકલ ટેક્ષની અને અન્ય કેટલી રકમનો સમાવેશ થાય છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એસ.ટી. નિગમ તરફથી રાજ્ય સરકારને કયા પ્રકારની કેટલી રકમ મળી ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારશ્રી એ એસ.ટી નિગમ પાસેથી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રૂ.૩૮૮૧.૭૦ કરોડની રકમ લેવાની નીકળે છે.

(૨) નિગમે રાજ્ય સરકારશ્રીને તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નીચે મુજબની રકમ ચુકવવા પાત્ર થાય છે.

| **ક્રમ** | **વિગત** | **૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્ય સરકારને ચૂકવવાની બાકી રકમ (રૂ. કરોડમાં)** |
|---|---|---|
| ૧ | ચૂકવવાની બાકી લોનની રકમ | ૩૬૨૪.૭૯ |
| ૨ | ચૂકવવાની બાકી લોનના વ્યાજની રકમ | ૦.૦૦ |
| ૩ | ચૂકવવાના બાકી પેસેન્જર ટેક્ષની રકમ | ૨૫૨.૧૨ |
| ૪ | ચૂકવવાની બાકી મોટર વ્હીકલ ટેક્ષની રકમ | ૪.૭૯ |
| | **કુલ** | **૩૮૮૧.૭૦** |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજ્ય સરકારને ચૂકવવાની થતી રકમ પૈકી વર્ષવાર નીચે મુજબની રકમ સરભર કરવામાં આવેલ છે.

| **વિગત** | **૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ (રકમ રૂ. કરોડમાં)** | **૦૧-૦૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ (રકમ રૂ. કરોડમાં)** |
|---|---|---|
| ચૂકવેલ બાકી લોનની રકમ (સરભર) | ૦.૦૦ | ૦.૦૦ |
| ચૂકવેલ બાકી લોનના વ્યાજની રકમ | --- | --- |
| ચૂકવેલ બાકી પેસેન્જર ટેક્ષની રકમ | ૭૮.૮૫ | ૫૦.૯૮ |
| ચૂકવેલ બાકી મોટર વ્હીકલ ટેક્ષની રકમ | ૩૯.૫૬ | ૦.૦૦ |

તા. ૨૪મી માર્ચ, ૨૦૨૩
અતારાંકિત પ્રશ્નો

### રાજ્યના સરકારી અધિકારી / કર્મચારીઓની નિવૃત્તિની વયમર્યાદા વધારવા બાબત

૨૭૪૦ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારમાં વયનિવૃત્તિ બાદ કરાર આધરિત પુનઃનિમણૂકો થઈ રહેલ છે એ હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને | (૨) વહીવટી આવશ્યકતા. |
| (૩) પુનઃનિમણૂકોને કારણે યુવાનો માટે નોકરીની તકો ઓછી થઈ જાય છે તેથી યુવાનોને પૂરતી તક મળે તે માટે સરકારનું શું આયોજન છે ? | (૩) રાજ્ય સરકાર દ્વારા ખાલી પડતી જગ્યાઓ વખતોવખત સીધી ભરતી / બઢતીથી ભરવામાં આવે છે. |

- - - - - - - - -

### સુરત જિલ્લામાં તાપી નદીમાંથી રેતી કાઢવાની મંજૂરી

૩૩૭૬ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાપી નદીમાંથી રેતી કાઢવાની કેટલી લીઝોની મંજૂરી વિભાગ દ્વારા આપવામાં આવેલ છે, | (૧) ૧૦૧ લીઝોની મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત નદીમાંથી મંજૂરી કરતાં વધુ માત્રામાં રેતી કાઢી હોવા અંગેની કેટલી ફરીયાદો મળી, અને | (૨) કોઈ ફરિયાદો મળી નથી. |
| (૩) મળેલ ફરિયાદો અન્વયે ક્યારે શા પગલાં લેવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

### સુરત જિલ્લામાં ફોરલેનિંગના મંજૂર કામો

૨૮૫૮ **શ્રી સંદિપ દેસાઈ** (ચોર્યાસી):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ફોરલેનિંગના કેટલા કામ મંજૂર થયા,<br>(૨) તે પૈકી કુલ કેટલી લંબાઈના કામ પૂર્ણ કરવામાં આવ્યા, અને<br>(૩) બાકી રહેલ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૧), (૨) અને (૩) ઉક્ત સ્થિતિએ બે કામ મંજૂર થયેલ છે. તે પૈકી એક કામ પ્રગતિ હેઠળ છે. જ્યારે બીજુ કામ હાઈબ્રીડ એન્યુઈટી પધ્ધતિનું ફાઈનાન્સીયલ ક્લોઝર તબક્કે છે. આ કામો બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |

- - - - - - - - -

### ગીર સોમનાથ જિલ્લામાં જમીન માપણીમાં થયેલ ક્ષતિઓ

૨૧૦૪ **શ્રી વિમલભાઈ ચુડાસમા**(સોમનાથ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોની જમીન માપણીમાં થયેલ ક્ષતિઓ સુધારવા માટેની કેટલી અરજીઓ પડતરમાં છે, અને

**જવાબ**

(૧)

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| ઉના | ૧૨ |
| વેરાવળ | ૦ |
| કોડીનાર | ૦ |
| સુત્રાપાડા | ૭ |
| ગીરગઢડા | ૦ |
| તલાળા | ૦ |

| કુલ | ૧૯ |
|---|---|

(૨) ઉક્ત સ્થિતિએ આવી જમીનોની ફેરમાપણી કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) ઉક્ત સ્થિતિએ આવી જમીનોની ફેરમાપણી કરવા સરકારે પડતર અરજીઓની માપણી કામગીરી કરી તમામ અરજીઓનો નિકાલ કરેલ છે.

- - - - - - - - -

**પાટણ અને મહેસાણા જિલ્લામાં જમીનમાં નિયમબદ્ધ કરવાના કિસ્સા**

૩૩૮૧ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસૂલ વિભાગના તા.૦૯-૦૭-૨૦૧૩ના ઠરાવથી ફેરમાપણી આધારે માપણી વધારો નિયમબદ્ધ કરવા ઠરાવવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જમીનમાં જે વધારો થયો હોય અને નિયમબદ્ધ કરવાનો થતો હોય તેવા કિસ્સા પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાકી છે,

(૨) માપણી વધારો નિયમબદ્ધ કરવા માટેની કોઈ અરજીઓ પડતર નથી.

(૩) ઉક્ત કિસ્સાઓમાં નિયમિત કરવાના બાકી રહેવાના કારણો શા છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત બાકી કિસ્સાઓને ક્યાં સુધીમાં નિયમિત કરવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**જામનગર જિલ્લાના લાલપુર-કાલાવડ સ્ટેટ હાઈવેની કામગીરી**

૨૫૧૪ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લાના લાલપુર-કાલાવડ સ્ટેટ હાઈવેની કામગીરી કયા તબક્કે છે,

(૧) ઉક્ત સ્થિતિએ જામનગર જિલ્લાની લાલપુર-કાલાવડ સ્ટેટ હાઈવેની ૭૦.૮૦ કી.મી. લંબાઈ પૈકી૩.૭૧૮ કી.મી. લંબાઈમાં રસ્તાની કામગીરી બાકી છે.

(૨) ઉક્ત કામગીરી ક્યારે, કેટલા સમયમાં પૂર્ણ કરવાની શરતે કઈ એજન્સીને સોંપવામાં આવેલ,

(૨) અને (૩) પરિશિષ્ટ મુજબ.

(૩) ઉક્ત કામગીરી સમયસર પૂર્ણ થયેલ ન હોય તો તેના કરણો શા છે, અને

(૪) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરાવવામાં આવશે ?

(૪) જમીન સંપાદન અને વન વિભાગની મંજૂરી મળ્યેથી બનતી ત્વરાથી

**પરિશિષ્ટ**

| ક્રમ | અનુભાગનું નામ | ઈજારદારનું નામ | કામગીરી શરૂ કરવાની તારીખ | કરાર મુજબ કામ પૂર્ણ કરવાની તારીખ | પૂર્ણ કરેલ લંબાઈ કી.મી. | બાકી રહેલ લંબાઈ કી.મી. | બાકી રહેલ કામગીરીનું કારણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | લાલપુર-મોટા ખડબા | પરિશ્રમ બિલ્ડર, વેરાવળ | ૨૮-૦૬-૧૭ | ૨૭-૦૬-૧૮ | ૧૯.૬૫ | ૦.૬૨ | જમીન સંપાદન બાકી હોવાને કારણે |
| ૨ | ખટીયા મછલીવડ | મેઘા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લી. સુરત | ૧૫-૧૦-૧૯ | ૧૪-૧૦-૨૦ | ૧૪.૧૨૨ | ૩.૦૯૮ | જમીન સંપાદન અને વન વિભાગની મંજૂરી બાકી હોવાના કારણે |

- - - - - - - - -

**રાજુલા તાલુકામાં દરિયાઈ ખાડી ઉપર પુલ બનાવવા બાબત**

૩૦૬૪ **શ્રી હિરાભાઈ સોલંકી** (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજુલા તાલુકાના દરિયાઈ ટાપુ સમાન ચાંચ અને વિક્ટર વચ્ચે દરિયાઈ ખાડી ઉપર પુલ ન હોવાને કારણે ચાંચ-ખેરા-પટવા-સમઢીયાળા ગામના લોકોને ફરીને જવું પડે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો દરિયાઈ ખાડી ઉપર પુલ બનાવવા માટે સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ, અને

(૩) ઉક્ત બાબત હાલ કયાં તબક્કે છે ?

(૧), (૨) અને (૩)
મહુવા, ભાવનગર તરફ જવા માટે ખેરા-પટવા-સમઢીયાળા રસ્તાનો ઉપયોગ કરી સીધા જઈ શકાય છે. જ્યારે રાજુલા તરફ ચાંચ-ખેરા-પટવા-સમઢીયાળા રસ્તાનો ઉપયોગ કરી જઈ શકાય છે.

---------

**અમદાવાદ અને સુરત શહેરમાં ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવા બાબત**

૩૩૬૦ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ અને સુરત શહેરમાં ગેરકાયદે બાંધકામોને રેગ્યુલરાઈઝ (નિયમિત) કરવા માટે ઇમ્પેક્ટ ફી કાયદા હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) મળેલ અરજીઓ પૈકી ઉક્ત શહેરવાર કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે ?

**જવાબ**

(૧)

| શહેરનું નામ | મળેલ કુલ અરજી |
|---|---|
| અમદાવાદ | ૯૩૭૧ |
| સુરત | ૨૩૪૭ |

(૨)

| શહેરનું નામ | મંજૂર | નામંજૂર |
|---|---|---|
| અમદાવાદ | ૪૨ | ૦૮ |
| સુરત | ૦૪ | ૦૧ |

(૩) પડતર અરજીઓ ચકાસણી હેઠળ છે.

---------

**પોરબંદર જિલ્લામાં ખનીજ ચોરીની દંડનીય રકમ**

૩૩૭૨ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૦૩-૦૩-૨૦૨૧(પહેલી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૧૨૯૪ (અગ્રતા-૨૪૮)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખનિજચોરીના કરવામાં આવેલ કેસો પૈકી પોરબંદર જિલ્લામાં રૂ.૪૬૩૦૨.૧૭ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી જિલ્લાવાર કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વસૂલવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ખનીજચોરીના દંડની કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) પોરબંદર જિલ્લામાં રૂ.૪૬૩૦૨.૧૭ લાખ દંડની રકમ વસૂલવાની બાકી હતી તે પૈકી રૂ.૧૧૦.૩૮/- લાખની વસૂલાત કરવામાં આવેલ છે.

(૨) રૂ.૩૪૩૯૧.૦૭/- લાખ વસૂલવાની બાકી છે.

(૩) ઉક્ત રકમ વસૂલવા કારણદર્શક નોટિસ પાઠવેલ છે તેમજ દંડનીય રકમ ભરપાઈ ન કરતાં વસૂલાત હુકમ કરવામાં આવેલ છે, તથા પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

---------

**નર્મદાના પુરના પાણી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પહોંચાડવા બાબત**

૩૩૮૭ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ૧૨૧

**જવાબ**

(૧) સરદાર સરોવર ડેમ હેઠળ ૧૨૧ મીટર થી ઉપરના

મીટરથી ઉપરના નર્મદાના પુરના પાણી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પહોંચાડવાના અંદાજીત ખર્ચ સામે કેટલું ખર્ચ નોંધાયું,

પાણી પૂરના પાણી ગણી શકાય નહીં. આમ છતાં, ડેમ ઓવરફ્લો દરમ્યાન ઉપલબ્ધ થતા વધારાના નર્મદાના પુરના પાણી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પહોંચાડવા જળ સંપત્તિ વિભાગ હસ્તકની યોજનાઓના અંદાજીત ખર્ચ સામે તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રૂ.૨૨,૬૭૪ કરોડનો ખર્ચ નોંધાયો છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા ડેમના ૧૨૧ મીટરથી વધુ પાણીનું વહન કુલ કેટલા દિવસ નોંધાયું,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વર્ષ ૨૦૨૧માં નર્મદા બંધ ઓવરફ્લો થયેલ નથી. જ્યારે વર્ષ ૨૦૨૨માં ડેમના ૧૨૧.૯૨ મીટરે આવેલ છલતી ઉપરથી કુલ ૭૦ દિવસ પાણીનો ઓવરફ્લો નોંધાયેલ છે.

(૩) ઓવરફ્લો સમયમાં પ્રતિ સેકન્ડ કેટલા ક્યુસેક પાણીના જથ્થાનું વહન ગણતરીમાં લેવાયું, અને

(૩) વર્ષ ૨૦૨૧ નર્મદા બંધ ઓવરફ્લો થયેલ નથી. અને વર્ષ ૨૦૨૨માં નર્મદા બંધના ઓવરફ્લો દરમ્યાન કુલ સરેરાશ ૮૩૮૭૯ ક્યુસેક્સ પૂરનું પાણી નીચવાસમાં નર્મદા નદીમાં છોડવામાં આવેલ.

(૪) ગેટ મુકાયા પછી પણ ૧૨૧ મીટરથી વધુ પાણી, પુર પાણી ગણી કચ્છ, સૌરાષ્ટ્ર અને કચ્છમાં વહાવવાની ગણતરીએ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાણીનો કેટલો જથ્થો સચવાયો ?

(૪) વર્ષ ૨૦૨૧ દરમ્યાન ૧૨૧.૯૨ મીટર થી ઉપર ૨૦૦૦ મિલિયન ઘન મીટર અને વર્ષ ૨૦૨૨ દરમ્યાન ૧૨૧.૯૨ મીટર ઉપર વધારાનો ૪૧૯૪ મિલિયન ઘન મીટર પાણીનો જથ્થો સચવાયેલ છે. પરંતુ આ જથ્થો પૂરના પાણી ગણી શકાય નહી.

---------

## બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ખાતે નવીન બસ સ્ટેન્ડ બનાવવા બાબત

૩૨૬૧ **શ્રી માવજીભાઈ દેસાઈ** (ધાનેરા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરાનું બસ ડેપો જર્જરિત હાલતમાં છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત બસ ડેપો નવું બનાવવાનું સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરેલ છે ?

**જવાબ**

(૧) ના, જી.

ધાનેરા ખાતે મુસાફર લક્ષી મૂળભુત સુવિધા ધરાવતુ નવિન બસ સ્ટેશન વર્ષ-૨૦૧૫ માં બાંધવામાં આવેલ છે, જેથી જર્જરિત નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## સુરેન્દ્રનગર જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર કામો

૨૭૬૬ **શ્રી પ્રકાશભાઈ વરમોરા** (ધ્રાંગધ્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલા અને કેટલી રકમના કામ મંજૂર થયા, અને

(૨) ઉક્ત મંજૂર કામથી કેટલા ગામોમાં રસ્તા બનાવવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અને (૨) ૨૦૨ ગામોના રૂ.૨૧૩.૨૭ કરોડની અંદાજી રકમના ૧૧૭ રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા. તે પૈકી ૩ ગામોના ૧.૩૫ કરોડ રકમના ૨ રસ્તાના કામો પૂર્ણ કરવામાં આવ્યા.

---------

## અમદાવાદ શહેરનું નામ કર્ણાવતી કરવા કરેલ દરખાસ્ત

૩૩૬૬ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ અમદાવાદ શહેરનું નામ કર્ણાવતી કરવા માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને કેટલી વખત દરખાસ્ત/રજૂઆત કરવામાં આવી, અને

(૧) કોઈ દરખાસ્ત કરવામાં આવેલ નથી.

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી શું પ્રતિભાવ મળ્યા ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**નડિયાદ તાલુકાના રસ્તા પહોળા કરવા બાબત**

૩૪૭૭ **શ્રી જીગ્નેશ મેવાણી** (વડગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના આડીનારથી મહોળેલ ગામને જોડતા રોડને પહોળો કરવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રોડને પહોળો કરવા માટે કોઈ રકમ મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લે આ રોડનું સમારકામ ક્યારે કરવામાં આવ્યું હતું ? | (૨) ઓક્ટોબર ૨૦૨૨માં સમારકામ કરવામાં આવેલ છે. |

- - - - - - - - -

**ફતેપૂરા માઈનોર કેનાલ દ્વારા સિંચાઈનું પાણી**

૨૯૭૩ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કરજણ તાલુકાની મોટીકોરલ વિશાખામાંથી નીકળતી ફતેપૂરા માઈનોર કેનાલ દ્વારા કેટલા વિસ્તારમાં સિંચાઈનું પાણી આપવામાં આવેલ છે, | (૧) ૨૩૬ હેક્ટરમાં પાણી આપવામાં આવેલ છે, |
| (૨) તેમાં હેડ ટુ ટેઈલ પાણી ચાલે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) તેની યુજીપીએલ સબમાઈનોર કેનાલની કામગીરી કયા તબક્કે છે ? | (૩) કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |

- - - - - - - - -

**રાજ્યમાં કસ્ટોડિયલ ડેથના બનાવો**

૩૨૬૭ **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કસ્ટોડિયલ ડેથના કેટલા બનાવો બન્યા છે ? | (૧) પત્રક મુજબ |
| (૨) કસ્ટોડિયલ ડેથ માટે જવાબદાર પોલીસ અધિકારી/કર્મચારી સામે શા પગલાં લીધાં, અને | (૨)<br>➢ ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ છે.<br>➢ ખાતારાહે શિક્ષા કરવામાં આવેલ છે.<br>➢ ખાતાકીય તપાસ હાલમાં ચાલુ છે.<br>➢ જવાબદારો વિરુદ્ધ ગુન્હાઓ નોંધવામાં આવેલ છે.<br>➢ ફરજમાંથી છૂટા કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કસ્ટોડિયલ ડેથના કિસ્સામાં વારસદારોને કેટલું વળતર આપવામાં આવ્યું અને કેટલું વળતર આપવાનું બાકી છે ? | (૩) મૃતકના વારસદારોને રૂ.૧૭,૦૦,૦૦૦/- નું વળતર ચૂકવવામાં આવેલ છે, જ્યારે હાલની સ્થિતિએ કોઈ વળતર ચૂકવવાનું બાકી નથી. |

**પત્રક**

| | | |
|---|---|---|
| ➢ ગુજરાત રાજ્યમાં તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧માં | | |
| પોલીસ કસ્ટોડિયલ ડેથ | - | ૨૧ |
| જેલ કસ્ટોડિયલ ડેથ | - | ૭૯ |
| **કુલ કસ્ટોડિયલ ડેથ** | **-** | **૧૦૦** |
| ➢ ગુજરાત રાજ્યમાં તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨માં | | |
| પોલીસ કસ્ટોડિયલ ડેથ | - | ૧૪ |
| જેલ કસ્ટોડિયલ ડેથ | - | ૭૫ |
| **કુલ કસ્ટોડિયલ ડેથ** | **-** | **૮૯** |

- - - - - - - - -

**અમદાવાદ ખાતેની સ્લમ ક્લિયરન્સ બોર્ડની વસાહતોના રી-ડેવલપમેન્ટ માટેની દરખાસ્ત**

૩૦૫૮ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અમદાવાદ ખાતેની સ્લમ ક્લિયરન્સ બોર્ડની વસાહતોના મકાનો જર્જરિત થઈ ગયા હોવા અંગેની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઈ વસાહતોના કેટલા મકાનો રી-ડેવલપમેન્ટ કરવાની મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત કામગીરી પેટે સરકારે કેટલી રકમની ફાળવણી ઉક્ત વર્ષવાર કરી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વસાહતોના લાભાર્થીઓ/એસોસીએશન તરફથી રી-ડેવલપમેન્ટ પોલીસી અનુસાર કોઈ સંમતિ પત્રક આવેલ નથી. જેથી રી-ડેવલપમેન્ટ મંજૂરી આપવામાં આવી નથી.

(૩) રી-ડેવલપમેન્ટ માટેની નિયમાનુસાર કોઈ લેખિત માંગણી આવેલ ન હોઈ સરકાર દ્વારા કોઈ રકમની ફાળવણી કરવામાં આવેલ નથી.

- - - - - - - - -

**એ.સી.બી. દ્વારા અધિકારી/કર્મચારીઓ વિરુદ્ધ નોંધાયેલ ગુના**

૩૩૭૦ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એ.સી.બી. દ્વારા વર્ગ-૧, ૨, ૩ અને ૪ના વર્ગવાર અધિકારી, કર્મચારીઓ તેમજ વચેટીયાઓ વિરુદ્ધ કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) ઉક્ત વર્ષવાર કેસોની સંખ્યા અને આરોપીઓની સંખ્યા કેટલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા આરોપીઓને પકડવાના બાકી છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | ગુનાઓ | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | વચેટીયા |
|---|---|---|---|---|---|---|
| ૨૦૨૧ | ૧૭૩ | ૦૯ | ૨૯ | ૧૪૨ | ૦૯ | ૯૮ |
| ૨૦૨૨ | ૧૭૬ | ૦૮ | ૨૯ | ૧૧૭ | ૦૬ | ૯૪ |

(૨)

| વર્ષ | કેસોની સંખ્યા | આરોપીની સંખ્યા |
|---|---|---|
| ૨૦૨૧ | ૧૭૩ | ૨૮૭ |
| ૨૦૨૨ | ૧૭૬ | ૨૫૪ |

(૩)

| વર્ષ | આરોપી પકડવાના બાકી |
|---|---|
| ૨૦૨૧ | ૨૪ |
| ૨૦૨૨ | ૦૭ |

- - - - - - - - -

**પાટણ જિલ્લાના અસાલડી ગામને વિલેજ કોડ ફાળવવા બાબત**

૩૩૮૫ **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પાટણ જિલ્લાના અસાલડી ગામને વિલેજ કોડ ફાળવવાનો બાકી છે, તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) ના જી, પાટણ જિલ્લાના હારીજ તાલુકાના અસાલડી ગામને રેવન્યુ ગામ તરીકે જાહેર કરવામાં આવેલ નથી. અસાલડી ગામ હારીજ તાલુકાના મહેસૂલી ગામ રોડા

(૨) જો હા, તો તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત ગામને ક્યાં સુધીમાં વિલેજ કોડ ફાળવવામાં આવશે ?

સાથે જોડાયેલ છે. જેથી પ્રશ્ન રહેતો નથી.

(૨) પ્રશ્ન નથી.

(૩) પ્રશ્ન નથી.

- - - - - - - - -

**ટાટા મોટર્સ લી. ને નેનો કાર ઉત્પાદન માટે ફાળવેલ જમીન બાબત**

૩૩૭૯ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્ય સરકારે ટાટા મોટર્સ લી.ને નેનો કાર ઉત્પાદન કરવા માટે અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં જમીન ફાળવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ફાળવેલ જમીન ટાટા નેનો કારના ઉત્પાદન માટે કે અન્ય હેતુ માટે વપરાઈ છે તે અંગે ક્યારે તપાસ કરી,

(૩) તપાસ દરમ્યાન જમીન ક્યા હેતુ માટે વપરાતી હોવાનું માલુમ પડ્યું, અને

(૪) જો અન્ય હેતુ માટે વપરાતી હોવાનું માલુમ પડેલ હોય, તો શરતભંગ બદલ ઉક્ત સ્થિતિએ ક્યારે શા પગલાં લીધાં ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સદર બાબતે કોઈ ફરિયાદ મળેલ નથી, તેથી છેલ્લા બે વર્ષમાં તપાસ કરેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**દેડીયાપાડા અને સાગબારા તાલુકામાં આકસ્મિક મૃત્યુ સહાયની પડતર અરજીઓ**

૩૦૬૭ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લાના દેડીયાપાડા અને સાગબારા તાલુકામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ હેઠળ આકસ્મિક મૃત્યુ સહાયની માંગણીની કેટલી અરજીઓ મળી છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓની સહાય આપવામાં આવી અને કેટલી બાકી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લાના દેડીયાપાડા અને સાગબારા તાલુકામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ હેઠળ આકસ્મિક મૃત્યુ સહાયની અરજીઓની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | દેડીયાપાડા | ૦૨ | ૧૦ | ૧૨ |
| ૨ | સાગબારા | ૦૦ | ૦૫ | ૦૫ |
| | **કુલ** | **૦૨** | **૧૫** | **૧૭** |

(૨)

| ક્રમ | તાલુકો | મંજૂર કરી સહાય આપવામાં આવેલ અરજીઓ | | બાકી અરજી |
|---|---|---|---|---|
| | | **૨૦૨૧-૨૨** | **૨૦૨૨-૨૩** | |
| ૧ | દેડીયાપાડા | ૦૨ | ૦૬ | ૦૧ |
| ૨ | સાગબારા | ૦૦ | ૦૩ | ૦૦ |
| | | ૦૨ | ૦૯ | ૦૧ |
| | **કુલ** | **૧૧** | | **૦૧** |

છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લાના દેડીયાપાડા અને સાગબારા તાલુકામાં આકસ્મિક મૃત્યુ સહાયની કુલ ૧૭ અરજીઓ મળેલ, જે પૈકી ૧૧ અરજીઓમાં સહાય આપવામાં આવેલ છે તેમજ ૦૧ અરજી પેન્ડિંગ તથા કુલ ૦૫ અરજીઓ મહેસૂલ વિભાગના તા.૨૭-૦૪-૨૦૧૫ના ઠરાવ

(૩) બાકી રહેવાના કારણો શાં છે ?

આફતના કારણે બનેલ ન હોઈ નામંજૂર કરવામાં આવેલ છે.

(૩) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત અરજીઓ પૈકી બાકી રહેલ એક અરજી દેડીયાપાડા તાલુકાના વેડછા ગામના રહેવાસી શ્રી હીરીયાભાઈ મીરીયભાઈ તા.૧૧-૦૮-૨૦૨૨ના રોજ નદીમાં તણાઈ જવાના કારણોસર અવસાન પામેલ છે. જેમનો તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ FSL રિપોર્ટ મળેલ ન હોવાથી પોસ્ટમોર્ટમ રિપોર્ટના નિર્ણયના લીધે બાકી રહેલ છે.

- - - - - - - - -

**જાફરાબાદ તાલુકામાં એસ.આર.પી. કેમ્પમાં બાંધકામની કામગીરી**

૨૫૮૫ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાની બાલાની વાવ ખાતે એસ.આર.પી. કેમ્પ કાર્યરત છે તે હકીકત છે,

(૧) ના.

(૨) જો હા, તો ઉક્ત કેમ્પમાં રહેઠાણ આવાસ બાંધકામની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત આવાસની કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવનાર છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ગાંધીનગર શહેર અને જિલ્લામાં ખંડણી માંગવાની મળેલ ફરિયાદો**

૩૩૮૨ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૨૦-૦૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં ગાંધીનગર શહેર અને જિલ્લામાં રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓને બળાત્કાર થયાના ખોટા આક્ષેપવાળું ખોટું એફિડેવિટ કરીને ફસાવી દેવાની ધમકી આપી ખંડણી માંગવા અંગેની કેટલી ફરિયાદો નોંધવામાં આવી,

(૧)

| **શહેર / જિલ્લો** | **નોંધાયેલ ફરિયાદોની સંખ્યા** |
|---|---|
| ગાંધીનગર શહેર | ૦૧ |
| ગાંધીનગર જિલ્લો | ૦૦ |

(૨) ઉક્ત ફરિયાદોમાં કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૨)

| **પકડવામાં આવ્યા** | **પકડવાના બાકી** |
|---|---|
| ૦૫ | ૦૦ |

(૩) ઉક્ત બાકી આરોપીઓને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બોક્સાઈટની લીઝો**

૨૫૧૫ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બોક્સાઈટની નવી ખાણો / લીઝોને મંજૂરી આપવામાં આવતી નથી તે હકીકત સાચી છે,

(૧) ના, જી.

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર બોક્સાઈટની લીઝો / ખાણ માટે કેટલી માંગણીઓ પડતર છે ?

(૩) શૂન્ય.

- - - - - - - - -

તા. ૨૪મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**રાજુલા તાલુકામાં ગૌચરની જમીન ઉપર દબાણ**

૩૩૯૦ **શ્રી હિરાભાઈ સોલંકી** (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પંચાયત) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજુલા તાલુકાના રામપરા-૨ ગામે ગૌચરની જમીનમાં દબાણ થયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આ દબાણો કેટલા વિસ્તારમાં થયેલ છે ? | (૨) ગૌચર જમીનમાં કુલ હે.૮૧.૧૫.૧૯ આરે.ચો.મી. જમીન ઉપર દબાણ છે. |

---------

**રાજ્યમાં નકલી નોટો છાપવાના બનાવો**

૩૩૬૧ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં નકલી નોટો છાપવાના કેટલા બનાવો ધ્યાનમાં આવ્યા,

(૧)

| **વર્ષ** | **બનાવોની સંખ્યા** |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૦૯ |
| તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ | ૧૭ |

(૨) સરકારે આ કેસોમાં ઉક્ત વર્ષવાર કેટલી નકલી નોટો કબજે કરી,

(૨)

| **વર્ષ** | **કબજે કરેલ નોટોની સંખ્યા** |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૨૮૦૬ |
| તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ | ૧૪૧૬૫ |

(૩) આવા કેસોમાં કેટલા ગુનેગારો સામે શી કાર્યવાહી કરી, અને

(૩) આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

| **વર્ષ** | **અટક કરેલ આરોપીઓની સંખ્યા** |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૨૫ |
| તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ | ૬૫ |

(૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા ગુનેગારોને પકડવાના બાકી છે ?

(૪)

| **વર્ષ** | **પકડવાના બાકી આરોપીઓની સંખ્યા** |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૦૩ |
| તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ | ૦૨ |

---------

**ગુજરાતના સમુદ્રી કિનારે ફાયરિંગની ઘટના**

૩૩૭૩ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નવેમ્બર- | (૧) તા.૦૭-૧૧-૨૦૨૧ના પોરબંદર જિલ્લાના નવી |

૨૦૨૧માં ગુજરાતના સમુદ્રી કિનારે પાકિસ્તાની સમુદ્રી સુરક્ષા એજન્સીએ ફાયરીંગ કરી એક માછીમારનું મોત નિપજાવ્યું હતું તે અંગે ક્યારે ગુનો નોંધવામાં આવ્યો,

બંદર પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગુનામાં સંડોવાયેલા કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપી / ગુનેગારોને પકડવાના બાકી છે, અને

(૨)

| **પકડાયેલ આરોપીઓની સંખ્યા** | **પકડવાના આરોપીઓની સંખ્યા** |
|---|---|
| ૦૦ | ૧૦ |

(૩) ઉક્ત બાકી આરોપીઓ / ગુનેગારોને પકડવા શા પગલાં લેવામાં આવ્યા ?

(૩) આરોપીઓ તરીકે પાકિસ્તાન મરીન સિક્યુરીટી એજન્સીના અજાણ્યા ૧૦ માણસો પકડાયેલ નથી.

- - - - - - - - -

## ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી ફાળવેલ રકમ

૩૩૮૮ **ગેનીબેન ઠાકોર** (વાવ):**માનનીય મુખ્યમંત્રીશ્રી** (આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ અછત, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ અને વાવાઝોડાની પરિસ્થિતિને પહોંચી વળવા માટે કેટલી રકમની માંગણી ક્યારે કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા ક્યારે કેટલી રકમ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) **અછત અને અનાવૃષ્ટિ-** તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ અછત અને અનાવૃષ્ટિ પરિસ્થિતિને પહોંચી વળવા માટે રકમની માંગણી કરવામાં આવેલ નથી.

**અતિવૃષ્ટિ** – રાજ્ય સરકાર દ્વારા તા.૧૫-૧૨-૨૦૨૨ના પત્રથી રૂ.૧૫૨.૯૯/- કરોડની માંગણી કરવામાં આવેલ છે.

**વાવાઝોડું-** રાજ્ય સરકાર દ્વારા તા.૨૧-૦૮-૨૦૨૧ના પત્રથી રૂ.૨૪૪૮.૮૩/- કરોડની માંગણી કરવામાં આવેલ છે.

(૨) **અતિવૃષ્ટિ-** કેન્દ્ર સરકાર પક્ષે બાબત વિચારાધીન છે.

**વાવાઝોડું-** કેન્દ્ર સરકાર તરફથી તા.૨૦-૦૫-૨૦૨૧ના રોજ રૂ.૧૦૦૦/- કરોડની રકમ ફાળવવામાં આવેલ છે.

- - - - - - - - -

## બનાસકાંઠા જિલ્લામાં રસ્તાઓને જોબ નંબર ફાળવવા બાબત

૨૪૯૪ **શ્રી માવજીભાઈ દેસાઈ** (ધાનેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તકના કેટલા રસ્તાઓને જોબ નંબર ફાળવવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તકના નીચે મુજબના રસ્તાઓને જોબ નંબર ફાળવવામાં આવ્યા,

| **તાલુકો** | **ફાળવેલ જોબ નંબર** |
|---|---|
| અમીરગઢ | ૧૮ |
| કાંકરેજ | ૫૩ |
| ડીસા | ૯૩ |
| થરાદ | ૪૬ |
| દાંતા | ૩૭ |
| દિયોદર | ૩૩ |
| ધાનેરા | ૩૧ |
| પાલનપુર | ૭૨ |
| ભાભર | ૧૨ |
| લાખણી | ૨૪ |
| વડગામ | ૪૦ |
| વાવ | ૨૨ |

| | |
|---|---|
| સુઈગામ | ૧૧ |
| દાંતીવાડા | ૧૯ |
| **કુલ** | **૫૧૧** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા રસ્તાના કામ પ્રગતિમાં છે?

(૨) ઉક્ત સ્થિતિએ પંચાયત અને સ્ટેટ હસ્તકના નીચે મુજબના કુલ-૧૦૨ કામ પ્રગતિમાં છે.

| તાલુકો | ફાળવેલ જોબ નંબર |
|---|---|
| અમીરગઢ | ૧ |
| કાંકરેજ | ૧૪ |
| ડીસા | ૨૩ |
| થરાદ | ૯ |
| દાંતા | ૧૦ |
| દિયોદર | ૭ |
| ધાનેરા | ૧૨ |
| પાલનપુર | ૮ |
| ભાભર | ૨ |
| લાખણી | ૨ |
| વડગામ | ૪ |
| વાવ | ૧ |
| સુઈગામ | ૩ |
| દાંતીવાડા | ૬ |
| **કુલ** | **૧૦૨** |

---------

## વાવડી ડિસ્ટ્રિબ્યુટરીની માઈનોર કેનાલ દ્વારા સિંચાઈનું પાણી

૨૯૬૭ **શ્રી પ્રકાશભાઈ વરમોરા** (ધ્રાંગધ્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ધ્રાંગધ્રા શાખા નહેરમાંથી નીકળતી વાવડી ડીસ્ટ્રીબ્યુટરી (ડી-૧૧) ની માઈનોર કેનાલ મારફતે ખેડૂતોને સિંચાઈનું પાણી આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેની હેઠળ કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે?

(૨) ૨૬૭૧.૧૮ હેક્ટર વિસ્તાર.

## સરદાર સરોવર નર્મદા/યોજનાની કેનાલો બનાવવાની કામગીરી

૩૩૬૭ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાની વિવિધ કેનાલો બનાવવાનું કામ બાકી છે, તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ક્યા પ્રકારની કેનાલનું કેટલા કિ.મી. નું કામ બાકી છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નર્મદા યોજનાની શાખા નહેરની સુધારેલ અંદાજીત લંબાઈ ૨૬૮૦.૨૪ પૈકી ૦.૯૩ કિ.મી., વિશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ ૪૬૧૯.૧૬ પૈકી ૧૭૧.૬૮ કિ.મી., પ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ ૧૫૫૮૨.૯૭ પૈકી ૧૦૭૦.૮૪ કિ.મી., તથા પ્રપ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ ૪૬૧૫૬.૭૨ પૈકી ૪૭૩૨.૧૯ કિ.મી. લંબાઈમાં કામ બાકી છે. અંદાજીત લંબાઈમાં વધઘટ થવાનો સંભવ છે.

(૩) આ બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીન સંપાદન, અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ઓઈલ પાઈપલાઈન વિગેરેની સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના

થતા હોઈ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

**રાજ્ય સરકારે એસ.ટી નિગમ પાસેથી લેવાની થતી રકમ**

૩૨૬૮ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકારે એસ.ટી. નિગમ પાસેથી કુલ કેટલી રકમ લેવાની નીકળે છે,

(૨) લેવાની નીકળતી રકમમાં કેટલી રકમ લોનની, લોનના વ્યાજની, પેસેન્જર ટેક્ષની, મોટર વ્હીકલ ટેક્ષની અને અન્ય કેટલી રકમનો સમાવેશ થાય છે, અને

(૩) એસ.ટી. નિગમ તરફથી છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને કયા પ્રકારની કેટલી રકમ મળી ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારશ્રી એ એસ.ટી નિગમ પાસેથી તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રૂ.૩૭૭૦.૯૭ કરોડની રકમ લેવાની નીકળે છે.

(૨) નિગમે રાજ્ય સરકારશ્રીને તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ નીચે મુજબની રકમ ચૂકવવા પાત્ર થાય છે.

| ક્રમ | વિગત | ૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકારને ચૂકવવાની બાકી રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ચૂકવવાની બાકી લોનની રકમ | ૩૫૨૫.૧૬ |
| ૨ | ચૂકવવાની બાકી લોનના વ્યાજની રકમ | ૦.૦૦ |
| ૩ | ચૂકવવાના બાકી પેસેન્જર ટેક્ષની રકમ | ૨૦૬.૨૫ |
| ૪ | ચૂકવવાના બાકી મોટર વ્હીકલ ટેક્ષની રકમ | ૩૯.૫૬ |
| | **કુલ** | **૩૭૭૦.૯૭** |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજ્ય સરકારને ચૂકવવાની થતી રકમ પૈકી વર્ષવાર નીચે મુજબની રકમ પેસેન્જર ટેક્ષની સામે સરભર કરવામાં આવેલ છે.

| વિગત | ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ (રકમ રૂ. કરોડમાં) | ૦૧-૦૧-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ (રકમ રૂ. કરોડમાં) |
|---|---|---|
| ચૂકવેલ બાકી લોનની રકમ (સરભર) | ૦.૦૦ | ૦.૦૦ |
| ચૂકવેલ બાકી લોનના વ્યાજની રકમ | --- | --- |
| ચૂકવેલ બાકી પેસેન્જર ટેક્ષની રકમ | ૮૮.૧૭ | ૭૮.૮૫ |
| ચૂકવેલ બાકી મોટર વ્હીકલ ટેક્ષની રકમ | --- | ૩૯.૫૬ |

---------

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૨) લાંભા વોર્ડઃ-

- ઉમંગ ફ્લેટ પાસેના નવા બનતા વોટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશન સંલગ્ન નેટવર્કની બાકી રહેતી કામગીરી શક્ય તેટલી જલ્દીથી.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો વાર્ષિક અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ તેમજ સમીક્ષા

**શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી,હું ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત સ્ટેટ ઇન્વેસ્ટમેન્ટસ લિમિટેડનો વાર્ષિક અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા

**શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ઇન્વેસ્ટમેન્ટસ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૦-૨૧નો આલ્કોક એશડાઉન(ગુજરાત) લિમિટેડનો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તેમજ નિવેદન

**શ્રી બળવંતસિંહ રાજપૂત (ઉદ્યોગ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨નો ગાંધીનગર રેલવે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તેમજ સમીક્ષા

**શ્રી બળવંતસિંહ રાજપૂત (ઉદ્યોગ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગાંધીનગર રેલવે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૦-૨૧નો ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ **(રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨ નો ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ તેમજ નિવેદન

**શ્રી ઋષિકેશ ગ. પટેલ (શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

ચૈત્ર ૩, ૧૯૪૫ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડનો વાર્ષિક અહેવાલ અને હિસાબો

**શ્રી બળવંતસિંહ રાજપૂત (ઉદ્યોગ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત જાહેર સેવા આયોગનો વાર્ષિક અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક યાદી

**શ્રી ઋષિકેશ ગ. પટેલ ( સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ તથા આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાની સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત માહિતી આયોગનો વાર્ષિક અહેવાલ

**શ્રી ઋષિકેશ ગ. પટેલ (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ,હિસાબો તથા ઓડિટ અહેવાલ

**શ્રી ઋષિકેશ ગ. પટેલ (શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ, હિસાબો તથા ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૧-૨૨નું ગુજરાત હાઉસિંગ બોર્ડ અને સ્લમ કિલયરન્સ સેલનું સુધારેલ અંદાજપત્રક, વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન

**શ્રી ઋષિકેશ ગ. પટેલ (શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસિંગ બોર્ડ અને સ્લમ કિલયરન્સ સેલનું સન ૨૦૨૧-૨૨નું સુધારેલ અંદાજપત્રક તથા સન ૨૦૨૨-૨૩નું અંદાજપત્રક તથા ગુજરાત હાઉસિંગ બોર્ડના સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સુધારેલ અંદાજપત્રક, વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧નો ગુજરાત તકેદારી આયોગનો વાર્ષિક અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક નોંધ

**શ્રી હર્ષ સંઘવી (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૨૧નો વાર્ષિક અહેવાલ તેમજ આયોગની ભલામણનો અસ્વીકાર કરવા અંગે વિભાગની સ્પષ્ટીકરણાત્મક નોંધ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક નોંધ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૧૫-૧૬નો નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબનો ઓડિટ અહેવાલ તથા નિવેદન

**શ્રી ઋષિકેશ ગ. પટેલ (શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબનો સન ૨૦૧૫-૧૬ના વર્ષનો મહાનગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૧૭ ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ અન્વયેની નાણા વિભાગની અધિસૂચનાઓ તથા નિવેદન

**શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી**,** હું સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ અન્વયેની આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબની નાણાં વિભાગની કુલ-૨૧ અધિસૂચનાઓ તેમજ આ અધિસૂચનાઓ પૈકી તા.૩૦-૦૯-૨૦૨૨ સિવાયની તમામ અધિસૂચનાઓને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

| ક્રમ | જાહેરનામા ક્રમાંક | તારીખ |
|---|---|---|
| 1. | (GHN-119)GSTR-2020/S.164(67)TH | 31-12-2020 |
| 2. | (GHN-27B)GST-2021/S.9(1)(35)TH | 02-06-2021 |
| 3. | (GHN-27C)GST-2021/S.9(1)(36)TH | 02-06-2021 |
| 4. | (GHN-30)GST-2021/S.50(1)(3)TH | 09-06-2021 |
| 5. | (GHN-34)GST-2021/S.128(29)TH | 09-06-2021 |
| 6. | (GHN-71)GST-2021/S.11(1)(57)TH | 30-09-2021 |
| 7. | (GHN-76)GST-2021/S.9(1)(40)TH | 30-09-2021 |
| 8. | (GHN-84)GST-2021/S.1(15)TH | 01-11-2021 |
| 9. | (GHN-88)GST-2021/S.25(6D)(4), R.46(4), R.48(4)(8)TH | 20-11-2021 |
| 10. | (GHN-90)GST-2021/S.9(1)(42)TH | 25-11-2021 |
| 11. | (GHN-92)GST-2021/S.9(5)(3)TH | 25-11-2021 |
| 12. | (GHN-96)GSTR-2021/S.164(76)TH | 13-12-2021 |
| 13. | (GHN-1)GST-2022/S.11(1)(60)TH | 01-01-2022 |
| 14. | (GHN-31)GST-2022/S.9(1)(47)TH | 31-03-2022 |
| 15. | (GHN-32)GST-2022/S.10(1)(7)TH | 31-03-2022 |
| 16. | (GHN-48)GST-2022/S.168A(13)TH | 16-07-2022 |
| 17. | (GHN-51)GST-2022/S.9(1)(48)TH | 16-07-2022 |
| 18. | (GHN-52)GST-2022/S.9(1)(49)TH | 16-07-2022 |
| 19. | (GHN-54)GST-2022/S.11(1)(63)TH | 16-07-2022 |
| 20. | (GHN-55)GST-2022S.11(1)(64)TH | 16-07-2022 |
| 21. | (GHN-67)GST-2022/S.164(80)TH | 30-09-2022 |

- - - - - - - - - -

**અધિસૂચનાઓ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

સન ૨૦૨૧ ના ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન)અધિનિયમ અન્વયેના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના જાહેરનામા

**શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૧ના ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ અન્વયેના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના

(૧)તા. ૧૩-૦૯-૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીએચવાય/૩૦/જીઓઆઇ/૧૩૨૦૧૦/એ**,**

(૨)તા. ૨૬-૦૯-૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીએચવાય-૩૨-૨૦૨૨-જીસીએ-૧૦૨૦૨૧-૧૩૧૪-એ

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**,** મહિલા અને બાળ વિકાસ વિભાગ

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**

**માગણી ક્રમાંક- ૯૨**

શ્રીમતી ભાનુબેન બાબરિયા **(**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩૧,૫૪,૭૮,૫૭,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૬,૬૬,૮૯,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૯૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૯૨ રજૂ કરવામાં આવી.**

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમીતભાઇ ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**

**માગણી ક્રમાંક-૯૫**

શ્રીમતી ભાનુબેન બાબરિયા **(**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩૯,૫૩,૬૧,૨૫,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨૭,૮૩,૪૨,૮૩,૦૦૦/-ની માગણી ક્રમાંક-૯૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૯૫ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંકઃ ૧૦૫**

શ્રીમતી ભાનુબેન બાબરિયા (મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૪,૭૯,૪૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૦૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૧૦૫ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી: માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

તા. ૨૪મી માર્ચ, ૨૦૨૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

ડો. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૨૩-૨૦૨૪ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **સામાજિકન્યાયઅનેઅધિકારીતાવિભાગ**<br>**માગણીનં. ૯૨** | |
| ૧ | ૨૨૨૫-<br>અનુસૂચિત..કલ્યાણ૦૩-<br>પછાત..કલ્યાણ<br>૦૦૧-નિર્દેશઅનેવહીવટ<br>રૂ. ૩૪,૫૮,૪૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(ભાગ-૧)<br>પાનાનં. ૯અને૧૦ | ૧૦૦ | શૈક્ષણિક ક્ષેત્રે અનામત વર્ગ માટેની તમામ જોગવાઇ ઓને બિનઅનામત વર્ગ માટે લાગુ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ (કિરીટ કુમાર પટેલ) |
| ૨ | --"-- | ૧૦૦ | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ફી ચૂકવણીની કામગીરીમાં કેન્દ્ર અને રાજય સરકાર વચ્ચેના સંકલનનો અભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૩ | --"-- | ૧૦૦ | પછાત વર્ગોના લોકો માટે રોજગારીની પૂરતી તકો પૂરી પાડવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી ચિરાગકુમાર પટેલ |
| *૪ | --"-- | ૧૦૦ | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે કેન્દ્ર તરફથી મળતી સહાય બજેટના કયા સદર હેઠળ જમા થાય છે તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૫ | --"-- | ૧૦૦ | OBC કમિશનના અહેવાલના વિલંબને કારણે ગ્રામપંચાયતોની ચૂંટણીમાંOBCઅનામતનો લાભ મળતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા |
| ૬ | ૨૨૨૫-<br>અનુસૂચિત..કલ્યાણ૦૩-<br>પછાત..કલ્યાણ<br>૦૦૧-નિર્દેશઅનેવહીવટ<br>રૂ. ૩૪,૫૮,૪૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(ભાગ-૧)<br>પાનાનં. ૯અને૧૦ | ૧૦૦ | દલિતોની વસ્તીના આધારે વાર્ષિક બજેટ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૭ | --"-- | ૧૦૦ | રાજયમાં અસ્પૃશ્યતાના દૂષણ સામે સામાજિક સમરસતા લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જિજ્ઞેશ મેવાણી |
| ૮ | --"-- | ૧૦૦ | બક્ષીપંચસમાજના લાભો માટે પૂરતી ગ્રાન્ટ ફાળવી લાભો લોકોને સરળતાથી મળી રહે તેપ્રકારનું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| ૯ | ૨૨૨૫-<br>અનુસૂચિત..કલ્યાણ<br>૦૪-લઘુમતીઓનુંકલ્યાણ<br>૦૦૧-નિર્દેશઅનેવહીવટ<br>રૂ. ૩૭,૫૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(ભાગ-૧)<br>પાનાનં. ૨૫ | ૧૦૦ | લઘુમતીઓના કલ્યાણમાટે ફાળવવામાં આવેલ રકમનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |

| | | | | |
|---|---|---|---|---|
| **માગણીનં. ૯૫** | | | | |
| ૧૦ | ૨૨૨૫-<br>અનુસૂચિત..કલ્યાણ<br>૦૧-અનુસૂચિત..કલ્યાણ<br>૦૦૧-નિર્દેશઅનેવહીવટ<br>૦૧-સમાજ...કચેરી<br>રૂ.૧૦,૫૨,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪(ભાગ-૨)<br>પાનાનં.૧૧૫અને૧૧૬ | ૧૦૦ | સફાઇ કામદારોની ભરતીમાં થતી ગેરરીતિ અંગેની વ્યાપક ફરિયાદો છતાં, પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| **મહિલા અને બાળવિકાસ વિભાગ**<br>**માગણીનં. ૧૦૫** | | | | |
| ૧૧ | ૨૫૫૧-<br>સચિવાલય..સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-મહિલા..વિભાગ<br>રૂ. ૪,૬૪,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૭<br>પાનાનં. ૫૨ | ૧૦૦ | રાજયની આંગણવાડીઓમાં પીવાના પાણી માટેની જરૂરી સુવિધા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૧૨ | --"-- | ૧૦૦ | રાજયની મહિલાઓ ઉપર થતા અત્યાચાર રોકવા માટે મહિલા આયોગની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| ૧૩ | --"-- | ૧૦૦ | રાજયમાં જુવેનાઇલ જસ્ટીસનો યોગ્ય રીતે અમલક રાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| ૧૪ | ૨૫૫૧-<br>સચિવાલય..સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-મહિલા..વિભાગ<br>રૂ. ૪,૬૪,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૭<br>પાનાનં. ૫૨ | ૧૦૦ | ભારત સરકારના તા. ૧૩/૦૮/૨૦૧૨નાપત્રના અનુસંધાને રાજયની આંગણવાડી બહેનોને I .C.D.S. કાર્યક્રમ સિવાયની અન્ય કામગીરી નહીં સોંપવાની સૂચનાનું સખ્તાઇથી પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૧૫ | --"-- | ૧૦૦ | ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાનો લાભ લાભાર્થી વિધવામાતા-બહેનોને ન મળતાં રકમ અન્યોના ખાતામાં જમા થાય છે જે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| *૧૬ | --"-- | ૧૦૦ | કુપોષણની સમસ્યા દૂર કરવા માટે કરોડો રૂપિયાનીયોજનાની જાહેરાત છતાં તેની સંખ્યામાં થતો વધારો રોકવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. તુષારચૌધરી |
| ૧૭ | --"-- | ૧૦૦ | રાજયમાં ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓના વાર્ષિક ભાડાપેટે ચૂકવાતી રકમની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. સી.જે.ચાવડા |
| *૧૮ | --"-- | ૧૦૦ | નર્મદા જિલ્લામાં પૂરતા પ્રમાણમાં આંગણવાડી કેન્દ્રો પૂરા પાડી કુપોષણની સમસ્યા દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચૈતરભાઇ વસાવા |
| ૧૯ | --"-- | ૧૦૦ | બોટાદ જિલ્લામાં સુવિધાયુકત પૂરતા પ્રમાણ આંગણવાડી કેન્દ્રો પૂરા પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઉમેશભાઇ મકવાણા |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના બજેટના સંદર્ભમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક છે કે આવતા મહિને તા.૧૪મી, એપ્રિલે રાજ્યના માનનીય મુખ્યમંત્રી ડૉ.બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ કરવા માટે જશે. તો આ તા.૧૪મી એપ્રિલે સરકારની જે તૈયારી છે એના સંદર્ભમાં આજે

સામાજિક ન્યાયના ૧૪ મુદ્દા ઉપસ્થિત કરવા માગું છું: (૧) ભારતના બંધારણના આર્ટિકલ-૧૭માં અસ્પૃશ્યતાની નાબૂદી કરવામાં આવી. આ બજેટમાં શું એક પણ રૂપિયો અસ્પૃશ્યતાની નાબૂદી માટે વાપરવામાં આવ્યો છે? ગાંધી, આંબેડકર અને ભગતસિંહ આ તમામે અસ્પૃશ્યતાને ભારતનું કલંક કહ્યું છે તો આ બજેટમાં અસ્પૃશ્યતા નાબૂદી માટે કોઇ કૅમ્પેઇન, કોઇ ડ્રાઇવ કે કોઇ પ્રોગ્રામ રાજ્યની સરકાર ચલાવવા માગે છે? (૨) અસ્પૃશ્યતા જેવું જ બીજું કલંક દેશમાં છે એ માથે મેલું ઉપાડવું. વર્ષ ૨૦૨૨નું ગુજરાત, વર્ષ ૨૦૨૨નો દેશ. આપણે ગ્લોબલાઇઝેશનના જમાનામાં જીવીએ છીએ. સાયન્સ અને ટૅકનૉલૉજીનો એટલો બધો ઉદય થયો છે કે મનુષ્ય બીજા ગ્રહ પર રહેવા જશે કે કેમ એની પોસિબિલિટી આપણે એક્સપ્લૉર કરીએ છીએ, પણ એક મનુષ્યએ આજે પણ વર્ષ ૨૦૨૨ના ગુજરાતમાં, વર્ષ ૨૦૨૩ના ભારતમાં બીજા મનુષ્યનું મેલું ઉપાડવું પડે છે. આ બજેટમાં આવા કામોમાં રોકાયેલાં લોકોને બીજાં કામોમાં લઇ જવા માટેની વ્યવસ્થા કરી છે, પણ આવતાં પાંચ વર્ષમાં માથે મેલું ઉપાડવાની નાબૂદી થાય એ માટેની કોઇ નક્કર બાંહેધરી આ બજેટમાં જોવા મળતી નથી. (૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રીશ્રીના વિધાનસભા ક્ષેત્રમાં હમણાં બે સફાઇ કામદારોના મોત થયા. સરકારના વર્ષ ૨૦૧૯ના પરિપત્રમાં સ્પષ્ટ લખ્યું છે કે ' ફક્ત આઉટસોર્સિંગના કૉન્ટ્રેક્ટર નહિ પણ એના માટે જવાબદાર નગરપાલિકાના ચીફ ઓફિસર, સરકારી અધિકારીઓ અને નોડલ ઓફિસરની સામે પણ ગુનો દાખલ કરવો. આ કિસ્સામાં ગુનો કોની સામે દાખલ કરવામાં આવ્યો? જે કૉન્ટ્રેક્ટર સફાઇ કામદારની સાથે-સાથે ગટરમાં ઉતરીને મરી ગયો એની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો એટલે ધરપકડ એ માણસની થશે, જે છે જ નહિ. જે માણસ મરી ગયો એની સામે એફ.આઇ.આર. કરવામાં આવી પણ જે નોડલ ઓફિસર, સરકારી કર્મચારીઓની નાકની દાંડી નીચે સફાઇ કામદારો મરી રહ્યા છે એની સામે એફ.આઇ.આર. કરવામાં આવી નથી. વર્ષ ૨૦૧૯નો પરિપત્ર, સુપ્રીમકોર્ટની ગાઇડલાઇન અને મૅન્યુઅલ સ્કેવન્જિંગને પ્રોહિબિટ કરતો એક્ટ બન્યા પછી ગુજરાતમાં જે સફાઇ કામદારોના ગટરમાં મોત થયા એવા ૪૨ વાલ્મીકિ સફાઇ કામદારોને હજી સુધી એક પણ રૂપિયાનું વળતર ચૂકવવામાં આવ્યું નથી. તો રાજ્ય સરકાર આવા ગટરમાં ઉતરીને મોતનો ભોગ બનેલા સફાઇ કામદારોને વળતર ચૂકવવા માગે છે કે કેમ? આ કિસ્સામાં રૂ.૧૦ લાખનું વળતર ચૂકવ્યું. ફરીથી કોઇ વાલ્મીકિ સમાજનો સફાઇ કામદાર ગટરમાં મરી જશે તો રૂ.૧૨ લાખ, ૧૫ લાખ, ૨૦ લાખ વળતર ચૂકવી દઇશું પણ કોઇ મનુષ્યના જીવનની કિંમત રૂ.૧૦ લાખ, ૧૨ લાખ, ૧૫ લાખ ન હોઇ શકે. કોઇ પણ મનુષ્યએ કોઇ પણ સફાઇકર્મીએ ગટરમાં ઉતરીને મરવું ન પડે એના માટેના રોબૉટ્સ અને આધુનિક સાધનો આ દેશ પાસે છે? તો રાજ્યની સરકાર બજેટમાં જોગવાઇ કરી આવાં સાધનો કેમ વસાવવા માગતી નથી? (૪) ગુજરાતમાં શિડ્યુલ કાસ્ટ, શિડ્યુલ ટ્રાઇબ સબપ્લાનના નાણાં શિડ્યુલ કાસ્ટ, શિડ્યુલ ટ્રાઇબ સિવાય બીજે ક્યાંય ન ખર્ચાય એના માટેનો કોઇ એક્ટ નથી. આ વિધાનસભામાં બે વર્ષ પહેલા અમારા એક સાથી ધારાસભ્ય આ માટેનું બિલ લઇને આવ્યા હતા પણ સરકારે સ્વીકાર ન કર્યો. no issue. પણ હવે શું રાજ્યની સરકાર નક્કર પરિપત્ર કે ઠરાવ કરી તમામ વિભાગો/એકમો/કચેરીને એવી સૂચના આપવા માગે છે કે એસ.સી./એસ.ટી. સબ-પ્લાનનાં નાણાં દલિત, આદિવાસી સિવાય બીજે ક્યાંય ખર્ચાશે નહિ અને જો બીજે ખર્ચાયા તો જવાબદાર અધિકારીઓ સામે ગુનો દાખલ કરવામાં આવશે. ગુજરાતમાં એક સમયે દરેક તાલુકામાં આંબેડકર ભવન બનાવવાની યોજના હતી પણ ક્યા કારણસર અમુક તાલુકામાં આંબેડકર ભવન બન્યા બાદ રાજ્ય સરકારે યોજના બંધ કરી દીધી. દલિત સમાજના લોકોને બેઠક કરવી હોય તો તેના માટે કોઈ જ વ્યવસ્થા નથી. તો રાજ્યની સરકાર દરેક બાકી રહેલા તાલુકામાં આંબેડકર ભવન ઊભા કરવા માગે છે કે કેમ? એટ્રોસિટી એક્ટમાં સ્પેશિયલાઇઝ્ડ કોર્ટ ફરજિયાત છે. સવારે છૂટાછેડાનો કેસ ચાલે, બપોરે એટ્રોસિટીનો કેસ ચાલે, ફરી પાછો ચાર વાગે કોઈ ચેક બાઉન્સ થયો હોય તેનો કેસ ચાલે તેવું નહિ, પણ દલિત આદિવાસી ઉત્પીડનના જ કેસ સવારથી સાંજ સુધી ચાલે તેવી એક્સક્લુઝિવ સ્પેશિયલાઇઝ્ડ ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવી તેવું એટ્રોસિટી એક્ટમાં ફરજિયાત છે તે છતાં આવી કોર્ટ બનાવવામાં આવી નથી. ગુજરાતમાં ૧૬ કે ૧૭ કોર્ટને સ્પેશિયલાઇઝ્ડ કોર્ટ બનાવવામાં આવી છે. બાકીના જિલ્લાઓમાં આવી કોર્ટ ફાળવેલ નથી. હમણાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ લોકસભામાં નિવેદન કર્યું કે છેલ્લાં ચાર વર્ષમાં ભારતમાં ૧.૮૯ લાખ દલિતો ઉપર અત્યાચાર થયા. દર ચાર અત્યાચારની ઘટનામાં એક જ ઘટના રિપોર્ટ થતી હોય ત્યારે તેની ગંભીરતા વિચારો. ભારતમાં વર્ષ ૨૦૧૧ના સેન્સેક્સ પ્રમાણે શિડ્યુલ કાસ્ટની પોપ્યુલેશન ૨૦૧ મિલિયન છે, એટલે ૨૦-૨૧ કરોડ લોકો થયા. તેમાં બે લાખ લોકોની ઉપર એટ્રોસિટી થઈ. આ ઘટના ગુજરાતમાં પણ બની રહી છે તો તેવા કેસના ઝડપી નિકાલ માટે એટ્રોસિટી એક્ટમાં ઠરાવ્યા મુજબની કોઈ સ્પેશિયલાઇઝ્ડ કોર્ટ ઊભી કરવામાં આવતી નથી. રિઝર્વેશનની પૉલિસીનું ચુસ્ત અમલીકરણ થાય તેના માટે કેટલાંક રાજ્યમાં રિઝર્વેશન એક્ટ છે. બે વર્ષ પહેલાં આ જ વિધાનસભામાં અમારે બધાએ બોલવું પડ્યું હતું અને રાજ્યની સરકારે સ્વીકાર્યું અને સુધાર્યું. પી.એસ.આઈ.ની ભરતીમાં ઓ.બી.સી. સમાજને જે પ્રમાણે સ્થાન મળવું જોઈએ તે મળ્યું ન હતું તો આવી અનેક યોજનામાં એસ.સી./એસ.ટી./ઓ.બી.સી.ના આરક્ષણો ચુસ્તપણે લાગુ થાય અને તેમાં સરકારી અધિકારીઓ દ્વારા કોઈ જ રમત કરવામાં ન આવે તેના માટેનો રિઝર્વેશન એક્ટ ગુજરાત સરકાર પારિત કરવા માગે છે કે કેમ? દેરક રાજ્યમાં સ્ટેટ મોનિટરિંગ કમિટીની મિટિંગ રાજ્યના મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં જૂન-જુલાઈ અને જાન્યુઆરી એમ વર્ષમાં બે વાર મળવી જોઈએ. દરેક રાજ્યમાં એટ્રોસિટીની ઘટનામાં એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ એસ.પી., ડી.વાય.એસ.પી. એસ.સી./એસ.ટી. સેલ, એ.સી.એસ.(હોમ) આ દરેકનો રોલ ડીફાઈન કરેલો છે, ત્યારે આ અધિકારીઓ પોતાની ભૂમિકા ભજવી રહ્યા છે કે કેમ? ગુજરાતમાં દલિત આદિવાસીઓની શું

પરિસ્થિતિ છે? કેટલા કિસ્સામાં પોલીસ રક્ષણ આપવામાં આવ્યું? કેટલી જમીનો પર દબાણ છે? કેટલા કિસ્સામાં સામૂહિક બહિષ્કાર થયો? કેટલી ખૂન અને બળાત્કારની ઘટના બની? આ તમામના ઓવરઓલ સુપરવિઝન અને મોનિટરિંગ માટે રાજ્યના મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં જાન્યુઆરી અને જુલાઈ માસમાં બે મિટિંગ કરવાની હોય છે. માનનીય શૈલેષભાઈ પરમાર અને મારા સવાલમાં ઓન રેકર્ડ સરકારે કબુલ્યું છે કે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિકારીઓ દ્વારા લેખિતમાં મુખ્યમંત્રીશ્રી સાથે પત્ર વ્યવહાર થયા બાદ પણ છેલ્લાં બે વર્ષમાં એક પણ મિટિંગ યોજવામાં આવી નથી, એટલે આ રાજ્યની સરકારને દલિતોની શું પરિસ્થિતિ છે તે જોવાની ચિંતા પણ નથી. આ પૂર્વેના મુખ્યમંત્રી સમાજમાં સર્વ-મિત્ર તરીકેની છાપ ધરાવતા હતા. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન અત્યાચારનો ભોગ બનેલો હોય તેવા એક પણ દલિત કે આદિવાસી પરિવારની મુલાકાત કરી ન હતી. સર્વ-મિત્ર રહ્યા પણ દલિત કે આદિવાસીના મિત્ર ન બની શક્યા. આપણા મુખ્યમંત્રી મૃદુ મુખ્યમંત્રી તરીકે જાણીતા છે તેમને વિનંતી કરું છું કે પીડિત દલિતો માટે મૃદુ રહો અને દલિતો પર જે અત્યાચાર કરે છે તેની સામે મક્કમ રહો. રાજ્યની સરકાર મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં એટ્રોસિટી એક્ટની જોગવાઈ મુજબ આ પ્રમાણેની સ્ટેટ મોનિટરિંગ કમિટીની મિટિંગ યોજવા માગે છે કે કેમ?

માનનીય અધ્યક્ષશ્રી, પટેલ આંદોલન દરમિયાન અનેક લોકો ઉપર કેસ થયા. તેમાં સેંકડો કિસ્સામાં કેસો પાછા લીધા. હું ઈચ્છું છું કે તમામે તમામ આંદોલન ઉપરના કેસ પાછા લેવામાં આવે. ઉનાકાંડ વખતે થયેલા દલિત સમાજ ઉપરનો એક પણ કેસ પાછો લેવામાં આવ્યો નથી. અમરેલીના કાંતિ વાળા નામનો એક માણસ પાંચ-છ વર્ષથી જેલમાં સબડી રહ્યો છે. અનેક લોકો એફ.આઈ.આર. અને ટ્રાયલ ફેસ કરી રહ્યા છે તો રાજ્યની સરકાર એક સમાજ ઉપર થયેલા આંદોલનના કેસ પાછા લે અને દલિત, આદિવાસી, ઓ.બી.સી. કે અન્ય પછાત વર્ગો ઉપર થયેલા કેસો પરત ન લે તેવી રાજ્ય સરકારની ભૂમિકા ચાલે નહિ. ઉનાકાંડ વખતે થયેલા દલિતો અને અન્ય આંદોલન પરના કેસો રાજ્યની સરકાર પાછા લેવા માગે છે કે કેમ? ગુજરાતમાં સુરેન્દ્રનગરના થાનગઢમાં ઘટના બની હતી. ૧૭, ૧૯, ૨૧, અને ૨૨ વર્ષના દૂધમલ દલિત દીકરાઓની છાતી ઉપર જાણે આતંકવાદી હોય તેમ એકે-૪૭ની રાઈફલથી રાજ્યની પોલીસ દ્વારા હત્યા કરવામાં આવી. સંજયપ્રસાદે એનો રિપોર્ટ તૈયાર કર્યો. છેલ્લાં છ વર્ષથી હું દરેક વિધાનસભાના સત્રમાં જોઇ રહ્યો છું કે કોઇને કોઇ ધારાસભ્ય આ મુદ્દે રજૂઆત કરે છે. દલિત સંગઠનો અને આંબેડકરેટ મુવમેન્ટના લોકો સતત માગણી કરી રહ્યા છે. આ સંજયપ્રસાદ કમિટીના રિપોર્ટમાં એવું શું છે કે રાજ્ય સરકાર એને જાહેર કરતી નથી. માનનીય મંત્રીશ્રી થાનગઢ દલિત હત્યાકાંડનો સંજય પ્રસાદ કમિટીએ કરેલો રિપોર્ટ વિધાનસભાના મંચ ઉપર મૂકવા માગે છે કે કેમ? ઉનાકાંડ થયો ત્યારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ઉના ગયા હતા અને ત્યાં પહોંચી મીડિયા સમક્ષ એમણે જે સ્ટેટમેન્ટો કર્યા હતા એ ગુજરાત સરકારના ગુજરાત પાક્ષિકમાં છપાયા છે. એમાં એવું નિવેદન કરવામાં આવેલ હતું કે, ઉનાકાંડના પીડિતોને રહેવા માટે ઘર, ખેતીની જમીન અને સરકારી નોકરી આપીશું. આજે આ ઘટનાને છ વર્ષ થયાં. એની ટ્રાયલ તો શરૂ થઇ નથી, પણ આમાંથી એકપણ યોજનાનો એમને લાભ મળ્યો નથી. રાજ્ય સરકાર ઉનાકાંડના પીડિતોને આપેલા વચનોનું પાલન કરવા માગે છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં એક ઘટના બની છે. હાલ વડોદરા શહેરના પોસ્ટમોર્ટમના કોલ્ડસ્ટોરેજમાં ખાનપુર મહીસાગરની ૧૯ વર્ષની દીકરીની લાશ પડી છે. આ પીડિત પરિવારના સભ્યો કલેક્ટર કચેરી ખાતે ધરણા ઉપર બેઠા છે. ફક્ત એટલી જ માંગ સાથે કે નિષ્ઠાવાન ઈન્ટિગ્રિટીવાળા એક પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા અમારી દીકરીનું મર્ડર થયું એની તપાસ કરવામાં આવે. ૪૮ કલાકથી પરિવાર રઝળી રહ્યો છે પણ રાજ્યની સરકારમાંથી કોઇપણ માણસ એમને જોવા ગયો નથી. ઝવેરીપંચનો રિપોર્ટ ૧૨મી માર્ચે આવ્યો. આ ઓ.બી.સી. સમાજની ગુજરાતમાં ૫૦થી ૫૨ ટકાની વસતિ છે. આ ઝવેરીપંચની રિકમન્ડેશનને લાગુ કરવાના બદલે એનું શું સ્ટેટસ છે એ કોઇને ખબર નથી. એના કારણે ગુજરાતમાં લગભગ ૭૦૦૦ ગ્રામ પંચાયતો, ૭૫ નગરપાલિકા, ૨ જિલ્લા પંચાયતો અને ૧૮ જેટલા તાલુકા પંચાયતોમાં વહીવટદારોનું શાસન આવી ગયું. પોસ્ટ મેટ્રિક્સ સ્કોલરશિપમાં સરકારે જે-તે વખતે વચન આપેલું કે, રૂપિયા છ લાખની આવકમર્યાદાને દૂર કરીશું. એ હજી સુધી દૂર કરવામાં આવી નથી. રૂ.૧૭ કરોડના ખર્ચે એક વર્ષમાં ગાંધીનગરનો ટાઉનહોલ બન્યો, પણ રૂપિયા દોઢ કરોડ જેટલી રકમના અભાવે ગાંધીનગરમાં આંબેડકર ભવનના સમારકામનું કામ આજે પણ અટકેલું છે. ગુજરાતમાં વિદેશ લોન માટે અનેક આદિવાસી વિદ્યાર્થીઓ અરજી કરે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક, કોલમ્બિયા જેવી અનેક યુનિવર્સિટીઓમાં વિદેશ અભ્યાસ કર્યો હતો. તેઓ દેશના એક મોટા તેજસ્વી તારલા ગણાય છે. એમનાથી પ્રેરિત થઇ અનેક આદિવાસી અને દલિત વિદ્યાર્થીઓ વિદેશ લોન માટે અરજી કરતાં હોય છે. પણ એના માટે રૂ.૧૫ લાખની પ્રાથમિક પૂંજી એની પાસે નથી. કલ્પના કરો કે, કોઇ આદિવાસી આંગણવાડીની બહેન કે આશા વર્કર બહેન છે એ ઈન્સેન્ટિવ પર જીવે છે. આવી કોઇ ઈન્સેન્ટિવ પર જીવતી વિધવા આશાવર્કર આદિવાસી બહેનનો દીકરો બેંક બેલેન્સ તરીકે રૂ.૧૫ લાખ સરકારને ક્યાંથી બતાવે? વીઝા મંજૂર થાય પછી રૂ.૧૫ લાખની સહાય કરવામાં આવે છે. એ પહેલાં સહાય કરવામાં આવતી નથી. આ વિસંગતતા રાજ્ય સરકાર દૂર કરી વધુમાં વધુ આદિવાસી દલિત વિદ્યાર્થીઓ પરદેશમાં ભણી શકે એ માટેની વ્યવસ્થા ઊભી કરવા માગે છે કે કેમ?

માનનીય અધ્યક્ષશ્રી, અસ્પૃશ્યતા નાબૂદીની મેં વાત કરી. લાંબા સમયથી દલિત સમાજની માગણી છે કે, એક ગામ, એક કૂવો અને એક સ્મશાન બનવા જોઇએ. રાજ્યની સરકાર સાચા અર્થમાં સામાજિક સમરસતા સ્થપાય એ માટેની કોઇ યોજના લાવવા માગે છે કે કેમ? ગુજરાતમાં અનેક જગ્યાએ એટ્રોસિટીના કેસમાં અમે જોયું છે કે, ૮થી ૧૦ વર્ષ પહેલાં સરકારે

૧૦થી ૧૨ જિલ્લા આઇડેન્ટિફાય કરેલા કે આ એવા જિલ્લાઓ છે કે જ્યાં સૌથી વધારે દલિત એટ્રોસિટીઝ બને છે. વીસ વર્ષ પછી પણ આ જિલ્લાઓ એટ્રોસિટીઝ પ્રોન એરિયામાંથી બહાર આવ્યા નથી. એનો મતલબ એ થયો કે રાજય સરકાર ક્યાંકને ક્યાંક દલિતોને રક્ષણ આપવામાં નિષ્ફળ ગઇ છે. આજે ગુજરાતમાં હજારો એકર જમીન એવી છે કે, જે દલિત સમાજના નામે હોય, ૭/૧૨ એમના નામે હોય, માલિકી એમની હોય પણ એના પર ગેરકાયદેસર રીતે અસામાજિક તત્ત્વોનો કબજો છે. લેન્ડ ગ્રેબિંગ એક્ટનો લાભ બધાને મળે છે, પણ દલિત આદિવાસી સમાજની જમીન પર જે ગેરકાયદેસર દબાણ હોય એને લાભ મળતો નથી. બિન અનામત આયોગમાં ગુજરાતમાં દલિત, આદિવાસી, ઓ.બી.સી. માઇનોરિટી સિવાયના સમુદાયની એકંદરે સંખ્યા ગણીએ તો, ૧૮થી ૨૦ ટકા થાય. આ ૧૮થી ૨૦ ટકાના સમુદાય માટે રૂ.૫૦૦ કરોડના બજેટની જે ફાળવણી કરી છે એ રૂ.૫૦૦૦ કરોડ થાય તો પણ હું રાજી થઇશ. દલિત, આદિવાસી, ઓ.બી.સી. અને માઇનોરિટી સમાજના જે નિગમો છે એનું બજેટ માત્ર રૂ. ૬૬ કરોડ છે. આ અન્યાય અને વિસંગતતાનું કારણ શું છે? એસ.સી., એસ.ટી. સબપ્લાન હેઠળ નહીં હોવાના કારણે અને આદિવાસી દલિતની જે વસ્તી છે એના અનુપાતમાં બજેટ નહીં ફાળવવાના કારણે રૂ. ૫૦ હજાર કરોડ જેટલું નુકસાન થયું. તમારે તેનો કોમ્પેન્સેટ કરવો જોઇએ. તમારે તમારા બજેટમાં વધારો કરવો જોઇએ. આદિવાસી અને દલિતોની વસ્તીના અનુપાતમાં તમે બજેટ ફાળવતા નથી. એસ.સી.,એસ.ટી. સબપ્લાન હેઠળ એમના નાણાં બીજે ડાયવર્ટ ન થાય એવો કાયદો પણ લાવતા નથી. આ નિગમો થકી દલિત અને આદિવાસી સમાજના લોકોનો ઉત્કર્ષ થાય એ માટે ફક્ત રૂ.૧૬૬ કરોડનું બજેટ ફાળવ્યું છે. ઓ.બી.સી. સમાજની વસ્તી ૫૨ ટકા છે. દલિત અને આદિવાસી સમાજની આટલી બધી વસ્તીના બદલે બિનઆયોગમાં ચાર ગણી, પાંચ ગણી અને ૧૦ ગણી બજેટની ફાળવણી થાય છે. આ તો બહું દેખીતો સ્પષ્ટ ભેદભાવ છે. એટલે રાજ્યની સરકાર આવો ડિસ્ક્રિમિનેટરી એપ્રોચ ધારણ કરી શકે નહીં. આ તમામ સવાલોના મુદ્દે હું આશા રાખું છું કે માનનીય મંત્રીશ્રી પોતાના પ્રવચનમાં નિવેદન કરશે. સમાજ કલ્યાણ વિભાગ અને પોલીસ વિભાગે બંને એકબીજાના કોલોબ્રેશનમાં કામ કરવાનું હોય છે. એટ્રોસિટીના કેસીસમાં એવી ઘટનાઓ બની છે કે, જયાં સામે ચાલીને દલિત સમાજના વ્યકિતઓએ લેખિતમાં કહ્યું હોય કે, મારી હત્યા થશે અને એ બાદ પણ પ્રિવેન્ટિવ મેજર્સ લેવામાં ન આવ્યા અને એના કારણે, દલિત સમાજના લોકોની હત્યા થઇ છે. રાજકોટમાં કોટડા સાંગાણી તાલુકાના માણેકપૂરા ગામમાં આર.ટી.આઇ. એક્ટિવિસ્ટે પોતાનો એક વીડિયો જાહેર કર્યો કે, આટલા આટલા લોકો દ્વારા આટલા દિવસમાં મારું ખૂન થશે પણ, ઓથોરિટીઝે પ્રિવેન્ટિવ મેજર્સ લીધા નહીં અને એનું ખુન થયું. એના પછી એક વર્ષ સુધી એનો દીકરો એવું કહેતો રહ્યો કે, હવે મારું ખુન થાય એવું છે એને પણ રાજ્યની સરકાર પ્રોટેક્ટ ન કરી શકી. એના કારણે, એ વ્યકિતનું પણ ખૂન થયું. બે દિવસ પહેલા રાજકોટના ગોંડલની એક ઘટના બહાર આવી. એટલા બેરહમીપૂર્વક એ માણસને ફટકા મારી રહ્યા છે. મેં તપાસ કરી તો ખબર પડી કે, એ છોકરાએ બે વર્ષ પૂર્વે જે એટ્રોસિટીની ફરિયાદ દાખલ કરી હતી તે પાછી કેમ ના લે, એની દાઝ રાખીને એને ફૂટી નાખ્યો. એને બેરહમીપૂર્વક અને અમાનવીય રીતે માર્યો છે. તો આવા માણસોને રાજ્યની સરકાર પાસા હેઠળ મોકલવા માગે છે કે કેમ? અનેક એટ્રોસિટીઝની ઘટનામાં પોલીસ પાછળથી એકશનમાં આવે છે પણ મૂળ It is prevention of atrocities act અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ઉપર અત્યાચાર ના થાય એના માટેનો કાયદો છે. એટલે આપના માધ્યમથી રાજ્યની સરકારને વિનંતી છે કે ખાસ કરીને, જે કિસ્સામાં આદિવાસી દલિત સમાજના વ્યકિતઓ પ્રો-એક્ટિવલી કહી રહ્યા છે કે, અમારા જાન-માલને ગંભીર નુકસાન થાય એવું છે. ઓછામાં ઓછું એ લોકોને આપણે પ્રોટેક્ટ કરીએ. સ્પેશિયલ કોર્ટ બનાવીએ. આપણો રેટ ઓફ કન્વિક્શન ગુજરાતમાં એટ્રોસિટીના કેસીસમાં સજાના દર ૧૦૦માંથી ૫ જ છે. એ સુધરે તો મને લાગે છે કે, ૧૪મી એપ્રિલ આપણે સાચા અર્થમાં ઊજવી શકીએ. ખૂબ ખૂબ આભાર.

શ્રી રમણલાલ ઇ. વોરા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, अगर भीम दलितों में पैदा न होता, अगर भीम दलितों में पैदा न होता, तो दलितों का गुजारा न होता, युंही डूब जाति दलितों की नैया, अगर भीम तेरा सहारा न होता। પરમ વંદનીય, પૂજનીય ડૉ. બાબા સાહેબ આંબેડકરને શ્રદ્ધા સુમન સાથે માનનીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પૂર્વ વક્તા શ્રી જિજ્ઞેશભાઇ મેવાણીએ ઘણી બધી ચિંતા વ્યકત કરી છે. એમાં સચ્ચાઇ પણ છે અને એમાં કંઇ કરવાનાં કામો પણ છે. મારો સીધો પ્રશ્ન એટલો છે કે, આપણે આઝાદીનાં ૭૫ વર્ષ ઊજવી રહ્યા છીએ ત્યારે આજે પણ આ સમસ્યાઓ એમના એમ છે. એના માટે જવાબદાર કોણ? અત્યાર સુધીમાં જેના ખભે બંદૂક ફોડીને તમે વોટ લીધા એનું શું? અને એટલા માટે જયારે આ વાતો કરીએ છીએ ત્યારે કહેવું સારું છે કે, વિપક્ષના ઘણા લોકો પાસે પૂરતી માહિતી ન હોય એ હું સમજી શકું છું. બનાસકાંઠા જિલ્લાના કેન્દ્રીય મંત્રી, શ્રી બી.કે. ગઢવી સાહેબ, એમના સુપુત્ર શ્રી મુકેશભાઇ ગઢવી, ધારાસભ્યશ્રી અને સંસદ સભ્યશ્રી હતા. એમનું ગામ સાંબરડા છે. સાંબરડા ગામના દલિત સમાજના તમામ લોકો હિજરત કરી અને પાલનપુરમાં આવ્યા. પાલનપુરમાં, ભારતીય જનતા પાર્ટીની સરકારે 'સ્વમાન નગર' બનાવીને એમને જમીન આપી, એમને રહેઠાણ આપ્યા અને એમની વ્યવસ્થાઓ કરી. એ વખતે ગુજરાત રાજ્યના મંત્રીશ્રી તરીકે શ્રી દોલતભાઇ પરમાર હતા. સિદ્ધપુરનું બિલિયા ગામ છે. આખા ગામે હિજરત કરી. ભારતીય જનતા પાર્ટીની સરકારે એને વસાવ્યું છે. જયારે

માનનીય નરસિંહભાઇ મકવાણા હતા એ વખતે શ્રી શૈલેષભાઇ બેઠા છે એમના પિતાજી પણ સાથે હતા. ગોલાણા હત્યાકાંડમાં ૧૩ લોકોની એકસાથે નિર્દય રીતે હત્યા કરવામાં આવેલ હતી. શ્રી નરસિંહભાઇ મકવાણા કોંગ્રેસના ખૂબ મોટા આગેવાન હતા.

એમના ઘર આગળ તંબુ નાંખીને શ્રી નરસિંહભાઇ મકવાણા અને શ્રી મનુભાઇ પરમારે એ લોકોની ચિંતા કરી હતી. કોંગ્રેસમાં હોવા છતાંયે. એ વખતે કોઇએ પ્રશ્ન નહોતો પૂછ્યો અને પૂછવો પણ ન જોઇએ. એની સાથોસાથ થાનગઢની ઘટનાની વાત થઇ. થાનગઢની ઘટના બની ત્યારે હું સુરેન્દ્રનગર જિલ્લાનો પ્રભારી મંત્રી હતો. સાંજના ૬ વાગ્યાથી દિવસના ૬ વાગ્યા સુધી, ૧૨ કલાક સુધી, થાનગઢમાં એક હજાર ઘરોનો મહોલ્લો. બે બાજુ વહેંચાયેલો. વચમાં રેલવેની લાઇન. બાર કલાક સુધી શ્રી રમણભાઇ વોરાએ મહોલ્લામાં એ જ્ઞાતિજનોની સાથે બેઠેલા હતા. થાનગઢની ઘટનાના લોકોને રાજકોટ લઇ ગયા. એમનું પોસ્ટમોર્ટમ કરાવ્યું. એમની દફનવિધિ થઇ. એમના ફુલહાર કર્યા. ફુલહાર કરીને પાછા આવ્યા. એક એક પરિવારજનને ૪૨ લાખ રૂપિયા, એ પરિવારના લોકોને જમીન, એ પરિવારના લોકોને આંબેડકર આવાસ યોજનાની સહાય, ૫ એકર જમીન. માનનીય અધ્યક્ષશ્રી, આ થાનગઢની ઘટનાની વાત કરું છું. જે જિલ્લાનો હું પ્રભારી મંત્રી હતો.

માનનીય અધ્યક્ષશ્રી, મારા કહેવાનો મતલબ એવો છે કે આ બધાં કામો ભારતીય જનતા પાર્ટીએ કર્યાં. એ કાંઇ વધારે છે અને એના માટે અમે જશ લઇએ છીએ એવું નથી. આ પણ કરુણતાની વાત છે. એકપણ બનાવ, હું ફરીથી કહું કે એમની ચિંતા સાથે હું સંમત હોવા છતાંયે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જે કંઇ પણ થયું. ૧૪મી એપ્રિલની વાત. આઝાદીનાં ૭૫માં વર્ષ સુધી કોંગ્રેસની એકપણ યોજના ડો.બાબાસાહેબ આંબેડકરના નામે હોય તો બતાવો? જવાહરલાલ નહેરુના નામે હોય, વાંધો નહીં. ઇન્દિરાબેન ગાંધીના નામે હોય, વાંધો નહીં. રાજીવ ગાંધીના નામે હોય, વાંધો નહીં. એક યોજના? એક યોજના? એકપણ યોજના નથી અને તમે ૧૪મી એપ્રિલની વાત કરો છો? ડો.બાબાસાહેબ આંબેડકરને ડગલેને પગલે અપમાનિત કરવાનું કોઇએ કામ કર્યું હોય તો એ કોંગ્રેસ અને એના મોવડી મંડળે કર્યું છે.

''सिर्फ हंगामा खडा करना हमारा काम नहिं, हमारी तो कोशिश है कि सूरत बदलनी चाहिए, मेरे सीने में नहीं तो तेरे सीने में ही सही, हो कहीं भी आग, लेकिन आग जलनी चाहिए।''

માનનીય અધ્યક્ષશ્રી, દલિત સમાજની તકલીફોનું મૂળ કારણ પછાતપણું છે. આર્થિક પછાતપણું છે. એના કારણે બીજાના ઉપર આધાર રાખવો પડે છે. બીજાના ઉપર આધાર રાખવાના કારણે ક્યારેક ક્યારેક ભોગ પણ બનવું પડે છે. સાચી રીતે અને ખોટી રીતે પણ. એમની આર્થિક સ્થિતિ સુધરે એના માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે નાના લોકોને, ઉદ્યોગકારોને પહેલા જયારે એ યોજના અમલમાં આવી ત્યારે માત્ર ૬ હજાર રૂપિયા નાના લોકોને વ્યવસાય કરવા માટે આપતા હતા. આજે ૮ હજારથી ૪૮ હજાર રૂપિયા સુધીની સહાય આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. છેલ્લાં ૫ વર્ષમાં રૂપિયા ૯૬.૧૫ કરોડના ખર્ચે ૨,૦૨,૫૬૪ લાભાર્થીઓને આ માનવ ગરિમા યોજનાના નામે પોતે પોતાનો વ્યવસાય ધંધો કરી શકે એના માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે સહાય કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. બાબાસાહેબ આંબેડકરના સહયોગી ડો. પી. જી. સોલંકી. એમના નામે વકીલ અને ડોકટરો માટેની તાલીમ અને એના માટેની સહાય. દલિત સમાજનો દીકરો ડોકટર બનતો હોય, વકીલ બનતો હોય. એ થાય એટલે પહેલા એમનો વ્યવસાય ચાલે નહીં. કોઇ સિનિયર વકીલ પાસે શીખવું પડે. તો એના માટેની પણ વ્યવસ્થા. આ વકીલાતનો વ્યવસાય કરવા માટે ૧૨ હજાર રૂપિયા રાજય સરકાર તરફથી આપવામાં આવે છે. સ્વતંત્ર રીતે દવાખાનું બનાવે તો ૨૫ હજાર રૂપિયા અને રૂપિયા અઢી લાખની લોન માત્ર ૪ ટકાના વ્યાજના દરે આ સરકાર આપે છે. અનેક ક્ષેત્રોની અંદર નાના વ્યવસાયકારો માટેની અત્યારે પબ્લિક સેકટરની બેંકો, સહકારી બેંકો, અર્બન બેંકો કેન્દ્ર સરકારના સહયોગના કારણે આજે ૧૦ લાખ રૂપિયા સુધીની લોન આ સમાજના વ્યવસાયકારોને આપવામાં આવે છે. વ્યાજનો દર ૪ ટકા, સમજી લો કોઇ ખાનગી બેંક ૮ ટકા વ્યાજ લેતી હોય તો પણ જે લોન લેનાર દલિત સમાજનો યુવાન છે એને માત્ર ૪ ટકા ભરવાના, વધારાની વ્યાજની જે પણ રકમ થાય એ રાજય સરકાર ભરી રહી છે. હમણા નિગમોની પણ વાત થઇ. અનુસૂચિત આર્થિક વિકાસ નિગમ, ૩૬૨૬ લોકોને રૂપિયા ૩૨.૨૨ કરોડ રૂપિયાનું ધિરાણ કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૫માં ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મ શતાબ્દી નિમિત્તે આ નિગમોમાં જેટલું શેર ધિરાણ હતું એમાં અનુસૂચિત આર્થિક વિકાસ નિગમમાં રૂપિયા ૫૦ કરોડનું વધારાનું ધિરાણ આપવામાં આવ્યું અને આ સમાજના લોકોને પોતે વ્યવસાય કરી શકે તેના માટેની વ્યવસ્થા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણા અસ્પૃશ્યતા માટેની ખૂબ વાત થઇ, માથે મેલુ ઉપાડવાની વાત થઇ, અત્યારે કેન્દ્ર સરકાર અને રાજય સરકારમાં માથે મેલું ઉપાડવાનો શબ્દપ્રયોગ બંધ થઇ ગયો. સુપ્રીમકોર્ટે પણ ના પાડી દીધી. અત્યારે હાથથી મેલું ઉપાડવાનો પ્રયત્નો ચાલે છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી જયારે ભાષણ કરીને કહ્યું કે આ દેશમાં શૌચાલય બનાવવા જોઇએ. શું કહેતા હતા? લે, દેશનો પ્રધાનમંત્રી લાલ કિલ્લા ઉપર ઊભો રહીને ભાષણ કરે તો પહેલા શૌચાલયની વાત કરે? આ કોના માટે શૌચાલય? આ કરોડો રૂપિયાના શૌચાલય બનાવીને આ વાલ્મીકિ સમાજના લોકોને અને સફાઇ કામદાર લોકોને અને એથી પણ આગળ વધીને કહું તો હવે સફાઇ કામદારનું કામ કરવાવાળા માત્ર સફાઇ કામદારો નથી, અન્ય સમાજના લોકો પણ છે, તો પણ આપણી સંવેદના તો એ માણસ છે એટલે માણસ તરીકે આપણે એની સાથે સંવેદના રાખવી પડે. આખા દેશમાં સફાઇ કામદાર નિગમ ગુજરાતમાં પહેલું એ વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના વડપણ નીચે કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૭૪૧૯ લોકોને ૭૮ કરોડ રૂપિયાની લોન

આ નિગમ દ્વારા આપવામાં આવી છે. સંતશ્રી રવિદાસના નામની યોજના, કૌશલ્ય યોજના, આઇ.ટી.આઇ. અને વાણિજય ઔદ્યોગિક તંત્રમાં જે વિદ્યાર્થીઓ કામ કરતાં હોય તેના માટેની યોજના, ડોકટર આંબેડકર આંતર જ્ઞાતિ લગ્ન સહાય, અન્ય જાતિના લોકોની સાથે લગ્ન કરે તો રૂપિયા ર લાખ ૫૦ હજાર. એમાં દોઢ લાખ રૂપિયાના બચત પત્રો અને એક લાખ રૂપિયા ઘર વખરી માટેના. પાંચ વર્ષમાં રૂપિયા ૩૨.૫૮ કરોડનો ૩૯૧૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલો છે. આ યોજનાઓની વાત એટલા માટે કરું છું, આપણા હિન્દુ ધર્મમાં શંકર ભગવાનને મહાદેવ કહેવામાં આવે છે. મહાદેવ એટલા માટે કહેવામાં આવે છે કે એમના સંપર્કમાં જેટલા છે એ બધાની પૂજા થાય, શંકર ભગવાનની પણ પૂજા થાય, ગળામાં શેષ નાગ છે એની પણ પૂજા થાય, ડમરુની પૂજા થાય, આગળ નંદી બેઠો છે તો એની પણ પૂજા થાય, કાર્તિકેયની પૂજા થાય, ગણપતિની પૂજા થાય, રિદ્ધિની પૂજા થાય, સિદ્ધિની પૂજા થાય, લાભની પૂજા થાય, શુભની પૂજા થાય, એ એક જ ભગવાન એવો છે કે જેની સાત પેઢી પૂજાય છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતમાં અને દેશમાં ડો.બાબા સાહેબ આંબેડકરના નામે ડો.બાબા સાહેબ આંબેડકર અભ્યાસ, ડો.બાબા સાહેબ આંબેડકર ભવન, ડો.બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના, એમના પિતાજી રામજી સુબેદારના નામે યોજના, માતા ભીમાબાઇના નામે યોજના, એમના પત્ની સવિતાબાઇ આંબેડકરના નામે યોજના, બીજા પત્ની મા રમાબાઇના નામે યોજના, એના પ્રપૌત્ર રાજકીરણના નામે યોજના, સાત પેઢી સુધીની યોજનાઓ માત્ર ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થઇ છે. પંચતીર્થ, ડો. બાબા સાહેબ આંબેડકરનો જન્મ થયો એ ભૂમિ, બાબા સાહેબ આંબેડકરે છેલ્લા શ્વાસ લીધા ૨૬-અલીપુર, જનપથ રોડ ઉપર. તેને રાષ્ટ્રીય સ્મારક બનાવ્યું. ડો. બાબા સાહેબ આંબેડકરે નાગપુરમાં બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો ત્યાં તેમની છેલ્લી વિધિ થઇ અને ત્યાં મુંબઇમાં પણ રાજ્ય સરકારે ભવન બનાવ્યું. જ્યાં ડો. બાબાસાહેબ આંબેડકર પરદેશમાં રહીને ભણતા હતા, એ આખું મકાન પહેલાં મહારાષ્ટ્ર સરકારે, પછી દિલ્હી સરકારે લીધું. આજે એ મકાનનું કામ ચાલુ છે. હું જ્યારે સ્પીકર હતો ત્યારે સ્પીકર કોન્ફરન્સમાં જવાનો લાભ મળ્યો. એ સ્થળ જોવાનો લાભ મળ્યો. કેન્દ્ર સરકારે નક્કી કર્યું છે કે આ ભવન પૂરું થાય એટલે ગુજરાતમાંથી અથવા દેશમાંથી ગયેલો કોઇ પણ દલિત હોય તેને રહેવા-જમવાની સગવડ જ્યાં ડો. બાબા સાહેબ હતા ત્યાં જ કરવામાં આવશે. ગુજરાતમાં માત્ર હોસ્ટેલો, છાત્રાલયો જ નહીં, ભવનો બાંધવાનું કામ ભાજપની સરકારમાં શરૂ થયું. વર્ષ ૧૯૯૫ પછી અત્યાર સુધીમાં ૨૭ ભવનો પૂરા કર્યા છે. જેટલાં જેટલાં કામ હોય, કુંવરબાઇનું મામેરું, સાત ફેરા સમુહ લગ્નના, દીકરીઓને એક સાથે રૂપિયા ૨૪,૦૦૦ રૂપિયા મળે. અનેકવિધ યોજનાઓનો લાભ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આપવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક બીજી વાત કરવી છે. તાલુકા લેવલના ભવનો બનાવવા માગો છો કે કેમ? મેં કહ્યું ભારતીય જનતા પાર્ટીની સરકારે ૨૭ જિલ્લાના ૨૭ ભવનો પૂરા કર્યા. કેન્દ્ર સરકારની યોજના, કોંગ્રેસ સરકારની યોજના. શેની યોજના? ડો. આંબેડકર નેશનલ ફાઉન્ડેશન. આ ડો. આંબેડકર નેશનલ ફાઉન્ડેશન જ્યારે થયું તે વખતે હું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો મંત્રી હતો. રાણીપ ખાતે રૂ. ૧૦ કરોડના ખર્ચે મેં ભવન બનાવવાનું શરૂ કર્યું. દિલ્હીની સરકારે, કોંગ્રેસની સરકારે લેખિતમાં ના પાડી કે અમે તમને નાણાં નહીં આપી શકીએ. ડો. આંબેડકર નેશનલ ફાઉન્ડેશન માટે રૂપિયો આપવાનો નહીં. એ કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. અનેક બાબતો એવી છે કે આ ઉત્થાન માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે સમરસતા માટેના પ્રયાસો કર્યા છે. છેલ્લી વાત કરીને મારી વાત પૂરી કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લાનો પ્રભારી મંત્રી હતો. આજના સાંસદ શ્રી પરબતભાઇ પટેલ જેમાં ટ્રસ્ટી હતા એ શાળાના એક છોકરાએ આપઘાત કર્યો. શ્રી પરબતભાઇ પટેલ એ વખતે આરોગ્ય મંત્રી હતા. આરોગ્ય મંત્રીનો મત વિસ્તાર છે, તેમની સ્કૂલ છે, હું ત્યાં ગયો. ઘરના લોકોને અલગથી બેસાડીને પૂછ્યું કે બોલો, તમે શું ઇચ્છો છો? એમની સાથે વાત કરી. એમણે જે વાત કરી એ મેં માની, સ્વીકારી, આગળ કાર્યવાહી કરી. શ્રી પરબતભાઇને કહ્યું કે જે કરવું પડે, ન્યાયિક પ્રક્રિયા છે એ તો કરવું જ પડશે. શ્રી પરબતભાઇએ પણ હા પાડી. દરમ્યાન જે લોકોએ તોફાન કર્યું અને જે સ્કૂલના બારી-બારણા તોડ્યા, કમ્પ્યુટર તોડ્યા, ખુરશીઓ તોડી. સામે ટ્રસ્ટીઓએ પણ કેસ કર્યો કે અમને પણ આમાં નુકસાન થયું છે. જે બાળકનું અવસાન થયું હતું, તેના પિતાજી મારી ચેમ્બરમાં આવ્યા અને મને હાથ જોડીને વિનંતી કરી કે સાહેબ, મારે આ કેસ પાછો ખેંચવો છે. મંત્રીશ્રી હતા, મારી સાથે કામ કરવાવાળા, ભારતીય જનતા પાર્ટીના મંત્રી હોવા છતાંય હું ત્યાં આવ્યો, કાર્યવાહી કરી, તમે કહ્યું એ પ્રમાણે કરી અને હવે તમે ના પાડો એ બરાબર નહીં. તો કહે કે નહીં, સાહેબ. જે લોકોએ તોફાન કર્યું, કાચ તોડ્યા, કમ્પ્યુટર તોડ્યા એ બધા કહે છે કે જો તમે તમારો કેસ પાછો ખેંચો તો જ પેલા ટ્રસ્ટીઓ અમારો કેસ પાછો ખેંચે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી જાણ બહાર જેણે પોતાનો દીકરો ગુમાવ્યો છે એણે કેસ પાછો ખેંચી લીધો. મિત્રો, આનાથી બીજી કમનસીબી શું હોઇ શકે? એટલા માટે દલિત સમાજ હોય કે અન્ય સમાજ હોય, કોઇ પણ અત્યાચારની ઘટના બને, સામાજિક સમરસતાના ધોરણે, માનવતાના ધોરણે કોઇ પણ ઘટના ન બને તેના માટે શુભેચ્છક બનીએ, સમર્થક બનીએ. માનનીય બહેનશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ(મહેમદાવાદ):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૯૨ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું. આપણે બધા જાણીએ છીએ એમ આ ભારત દેશ વિવિધતાથી સભર દેશ છે. આપણા દેશમાં અને ગુજરાતમાં જુદા જુદા સમાજો વસવાટ કરે છે. સમયાંતરે વિકાસની પ્રાથમિક દોડમાં પાછળ રહી જવાને કારણે આ

સમાજોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે અને આ વિભાગ જેવી રીતે કામ કરી રહ્યો છે એ વિભાગની અનેકવિધ યોજનાઓ સુપેરે રીતે ગુજરાતમાં અને ભારતમાં ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજ સુરક્ષા અંતર્ગત વિશેષ આજે દિવ્યાંગજનો માટે જે યોજનાઓ છે એની વાત કરીએ. આ દિવ્યાંગ શબ્દનો દિવ્ય વિચાર આવ્યો એવા તત્કાલીન મુખ્યમંત્રી અને આજના વિશ્વના સર્વાધિક લોકપ્રિય વડાપ્રધાનશ્રી આદરણીય મોદીસાહેબનો આભાર માનીએ કે જેમને આવો દિવ્ય વિચાર આવ્યો. આ દિવ્યાંગજન આ શબ્દ એવો છે કે સમાજ એની સાથે છે એવો ભાવ જગાવતો આ શબ્દ આપવા બદલ એમનો આભાર જેટલો માનીએ એટલો ઓછો છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ધો. ૧થી ૧૨, સ્નાતક, અનુસ્નાતક, મેડિકલ, ઇજનેર આ અભ્યાસક્રમો માટે રૂ.૧૫૦૦ થી રૂ.૪૫૦૦ જેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ ફેબ્રુઆરી સુધી કુલ ૮૮૯૭ જેટલા વિદ્યાર્થીઓને રૂપિયા ૧.૪૧ કરોડની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી છે. આ અંતર્ગત આ બજેટમાં સન ૨૦૨૩-૨૪માં ૮૫૦૦ વિદ્યાર્થીઓ માટે અંદાજિત રૂ. ૧.૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સરકારશ્રી દ્વારા દિવ્યાંગો માટે વિશેષ સંત સુરદાસ યોજનાનું અમલીકરણ થઇ રહ્યું છે જેમાં મહિને એક હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ફેબ્રુઆરી સુધીમાં કુલ ૨૫,૬૦૭ લાભાર્થીઓને રૂપિયા ૨૮.૧૨ લાખ કરોડની આ સહાય ચૂકવવામાં આવી છે. આ બજેટમાં પણ સન ૨૦૨૩-૨૪માં કુલ ૨૬હજાર લાભાર્થીઓ માટે રૂપિયા ૩૧ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે. દિવ્યાંગો માટે નેશનલ ડિસએબિલિટી પેન્શન યોજનામાં પણ માસિક એક હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૫,૫૭૦ લાભાર્થીઓને રૂપિયા ૨૦ કરોડની સહાય ચૂકવવામાં આવી છે અને આ વર્ષે ૨૨,૫૦૦ લાભાર્થીઓ માટે ૨૭ કરોડ રૂપિયાની વિશેષ જોગવાઇ કરી છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ જેવી રીતે કામ કરે છે એના માટે પંકિત યાદ કરીએ તો,

''पथ का अंतिम लक्ष नहीं है, सिंहासन चढ़ते जाना,
सब समाज को लिए साथ में आगे है बढ़ते जाना।''

માનનીય અધ્યક્ષશ્રી, સૌનો સાથ, સૌનો વિકાસ એના ઉપર સમગ્ર ગુજરાતે અને ભારતે વિશ્વાસ મૂકયો છે.

**સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલ અધ્યક્ષસ્થાને**

આ સરકારના મનમાં સતત પ્રજાનું હિત વસેલું છે. આર્થિક રીતે નબળા વર્ગો છે એને મુખ્ય ધારામાં ઉન્નત જીવન જીવે એના માટે વિશેષ ચિંતા તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ જે સ્વપ્ન જોયેલું કે આ સમાજો છે એ મુખ્ય પ્રવાહમાં આવે એ સ્વપ્નની પૂર્તિ માટે આદરણીય શ્રી મોદી સાહેબે જે રીતે દિવસ-રાત કામ કરી રહ્યાં છે અને આ યોજનાઓની જે અસરો છે ત્યારે મને ચોક્કસ વિશ્વાસ છે કે આવનારા સમયમાં આ પછાત વર્ગો છે એ મુખ્ય ધારામાં ચોક્કસ ભળશે. ગુજરાતમાં પણ શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર અને માનનીય મંત્રીશ્રી જેવી રીતે કામ કરી રહ્યાં છે એ યોજનાઓની અસર છે એનાથી ગઇ વિધાનસભામાં પણ જેવી રીતે પરિણામો મળ્યાં છે, જેવી રીતે આ સમાજ અને સર્વે સમાજોના જે વોટ મળ્યાં છે એના પરથી ફલિત થાય છે કે આ યોજનાઓના અમલીકરણ માટે પ્રમાણિક પ્રયત્નો આ સરકાર કરી રહી છે. સરકાર દ્વારા સામાજિક, શૈક્ષણિક પછાત વર્ગો માટે, આર્થિક પછાત વર્ગો માટે, લઘુમતી, વિમુક્ત અને વિકસતી જાતિઓના શૈક્ષણિક અને સામાજિક વિકાસ માટે અનેકવિધ યોજનાઓ સુંદર રીતે ચાલી રહી છે. અગાઉની સરકારોમાં આ શિષ્યવૃત્તિઓ નિયમિત મળતી ન હતી. ઘણી બધી ફરિયાદો આવે, પેપરમાં ચડે આ બધું એક ઇતિહાસ પણ છે. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય. એક સમય એવો હતો કે ડિસેમ્બર સુધી આ ગણવેશ અને શિષ્યવૃત્તિ મળતા ન હતા. વર્તમાન સરકાર જે પ્રમાણિક પ્રયત્નો કરી રહી છે અને પદ્ધતિમાં આમૂલ પરિવર્તન લાવીને ધોરણ-૧થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય સીધી બેન્કમાં જમા થાય છે. જેનાથી સારી રીતે આ બાળકો અભ્યાસ કરી શકે છે. સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગો, આર્થિક પછાત, લઘુમતી આ બધા સમાજો માટે પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, સ્નાતક, અનુસ્નાતક અને વિશેષ કરીને વિદેશ અભ્યાસ લોન માટે, કોમર્શિયલ પાઇલટ માટે લોન, મામેરું, સમૂહલગ્ન આવી અનેક યોજનાઓ છે. આ યોજનાઓ માટે એક માઇક્રો પ્લાનિંગ કરીને અધિકારીઓ સાથે સંકલન કરીને સરકારશ્રી સતત આમાં ધ્યાન આપતી હોય છે. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે ધોરણ-૧થી ૮માં અભ્યાસ કરતાં ૩૧ લાખ વિદ્યાર્થીઓ માટે કુલ મળીને રૂપિયા ૨ લાખ ૫૮ હજાર કરોડની શિષ્યવૃત્તિની રકમ ગુજરાત સરકાર દ્વારા પોર્ટલ મારફત સીધી બેન્કમાં જમા કરવામાં આવે છે. પી.એમ.એસ.એસ.વી, પ્રિ-મેટ્રિક, પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ માટે ધોરણ-૯થી ૧૨ના ૫.૭૪ લાખ વિદ્યાર્થીઓને રૂપિયા ૨૫૪ કરોડની શિષ્યવૃત્તિ સીધી બેન્કમાં જમા કરવામાં આવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગો માટે ૭૭૪ જેટલા ગ્રાન્ટેડ છાત્રાલયો, ૬૩ જેટલા સરકારી છાત્રાલયો અને ૧૮૮ જેટલી આશ્રમશાળાઓ, ૩૩ નિવાસી શાળાઓ અને કુલ મળીને ૮૨ હજાર જેટલા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવા-જમવાની સુંદર વ્યવસ્થા આ વિભાગ દ્વારા થઇ રહી છે. સરકાર દ્વારા જે રીતે કામ ચાલી રહ્યું છે તે જોતાં આવનારા સમયમાં આનો બહોળા પ્રમાણમાં લાભ લઇને વિકાસની કેડી સરકારે કંડારી છે તેનો મને આનંદ થાય છે અને સરકારને અભિનંદન આપું છું. આ વિભાગની જે માગણીઓ છે એ માગણીઓ સર્વાનુમતે પસાર થાય અને માગણીઓને હું સમર્થન કરું છું.

## તા. ૨૪મી માર્ચ, ૨૦૨૩

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

શ્રી કરશનભાઇ પું. સોલંકી(કડી) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ પર મને બોલાવાનો મોકો મળ્યો છે તે બદલ ખૂબ ખૂબ આભાર.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨-૨૩માં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના બજેટમાં અનુસૂચિત જાતિ માટે રૂ.૩,૫૮૦ કરોડ મંજૂર કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીયશ્રી કનુભાઇ દેસાઇનો ખૂબ ખૂબ આભાર. પ્રથમ મહિલા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માનનીય શ્રીમતી ભાનુબેન બાબરિયાને ભાજપ સરકારે મંત્રી બનાવ્યા તેમનો પણ ખૂબ ખૂબ આભાર. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના બજેટમાં રૂ. ૩,૫૮૦ કરોડની જોગવાઇ કરી તે માટે માનનીય શ્રીમતી ભાનુબેનનો ખૂબ ખૂબ આભાર. અનુસૂચિત જાતિ નિગમ ૪ ટકાના વ્યાજ દરે ઇકો ટ્રેક્ટર અને રૂપિયા ૧૦ હજાર સુધી રોજગારી માટે લોન આપવામાં આવે છે આ ભાજપ સરકારનું કામ છે. વિદેશ અભ્યાસ માટે અગાઉ વર્ષ ૧૯૯૫ પહેલા આવી કોઇ યોજના હતી નહીં. અમારી ભાજપની સરકાર આવ્યા પછી રૂપિયા ૧૫ લાખની લોન કરીને વિદેશ અનુસૂચિત જાતિના છોકરા વિદેશમાં અભ્યાસ કરી રહ્યા છે એ ભાજપ સરકારનું કામ છે. અનુસૂચિત જાતિની કન્યાઓને પાઇલટ ટ્રેનિંગની યોજના કોંગ્રેસના સમયમાં હતી નહીં. શ્રી જીજ્ઞેશ મેવાણી બેઠા હોત તો ખબર પડત એ તો હમણાં જન્મ્યા છે કે પહેલા શું હતું? પાઇલટ યોજનામાં બેનો ટ્રેનિંગ લઇને રૂપિયા ૧ લાખ ૫૦ હજાર રૂપિયાની પાઇલોટ તરીકેની અત્યારે નોકરી કરી રહી છે, આ ભાજપ સરકારનું કામ છે. વર્ષ ૧૯૯૫ પહેલા ગરીબ લોકોને ગ્રામીણ આવાસ યોજનામાં રૂપિયા ૪૭ હજાર અને શહેરી વિસ્તારમાં રૂપિયા ૬૮ હજારની યોજના હતી. અમારી ડબલ એન્જિનની સરકાર આવ્યા પછી દોઢ લાખ રૂપિયાની યોજના કરી આ ભાજપ સરકાનું કામ છે. સરસ્વતી સાધના યોજના વર્ષ ૧૯૯૮ પહેલા કોઇ યોજના હતી જ નહીં. ભાજપની સરકાર બન્યાં પછી અમારી દીકરીઓને મફત સાઇકલ આપે છે, મફત એસ.ટી.માં જવા મળે છે આ ભાજપ સરકારનું કામ છે.

માનનીય ગેનીબેન, વિધવા બહેનોને વર્ષ ૧૯૯૫ પહેલા રૂપિયા ૨૫૦ આપતા હતા એમાં પોસ્ટ માસ્તર ૫૦ રૂપિયા લઇ જતા હતા અને ૨૧ વર્ષનો છોકરો થાય એટલે વિધવા સહાય બંધ થઇ જતી હતી. અમારી સરકાર આવ્યા પછી ૨૧ વર્ષનો બાધ કાઢી નાખ્યો અને રૂપિયા ૧,૨૫૦ સીધા બેંકના ખાતામાં નાખે છે આ ભાજપ સરકારે કામ કર્યું છે. અગાઉની કોંગ્રેસ સરકાર બહેનોને કોઇ સહાય આપતી ન હતી. ધંધો કરવા માટે સખી મંડળને પહેલા રૂપિયા ૧૦ હજાર આપતા હતા પછી રૂપિયા ૨૦ હજાર આપે પછી રૂપિયા ૫૦ હજાર આપે અને એક લાખ રૂપિયા મફત બહેનોને આપે છે આવી કોઇ યોજના કોંગ્રેસના સરકારમાં હતી નહીં. આ ભાજપ સરકારે કર્યું છે. અગાઉ કોઇ ગરીબ કલ્યાણ મેળા યોજાતા ન હતા. અમારી સરકાર આવ્યા પછી ગરીબ કલ્યાણ મેળા યોજ્યા. એમાં મફત એસ.ટી.માં લઇ જવાના અને લાવવાના. તેમને શાકભાજીની લારી, દરજી કામ, સુથારી કામ માટે રૂપિયા ૫૦ હજારનાં સાધનો આપે છે, આ ભાજપ સરકારનું કામ ચાલે છે. અનુસૂચિત જાતિના ખેડૂતભાઇઓને અગાઉ પહેલા બોર બનાવ્યા હોય તો લાઇન કોઇ નાખવા દેતા ન હતા. અમારી સરકાર આવ્યા પછી ૯૦ ટકા મફત લાઇન નાખી આપે છે. રૂપિયા ૧૧૦૦માં ખેડૂતને વીજળી આપે છે આ ભાજપ સરકારનું કામ છે. ગરીબ કન્યાઓને લગ્ન કરતી વખતે લોકોને પૈસા વ્યાજે લાવવા પડતા હતા અને ખેતર ગીરો મૂકવા પડતા હતા. અમારી કુંવરબાઇનું મામેરૂ યોજનામાં સરકાર રૂપિયા ૧૨ હજાર આપે છે આ ભાજપ સરકારનું કામ છે. ગરીબ લોકોના મકાન નળિયાવાળા હોવાથી નીચે પાણી ટપકતું હતું એ કોંગ્રેસ સરકારમાં મેં જોયેલું છે. માનનીય ગનીબેન, તમે નળિયાવાળા ટપકતાં મકાન નહીં જોયેલા હોય પણ મેં જોયેલા છે. નળિયામાંથી ચૂવા થાય એટલે ગરીબ છોકરા ભણી શકતા ન હતા. આ ભાજપ સરકારે ૨૪ કલાક લાઇટ કરીને જેથી છોકરા ભણી શકે છે અને ધાબાવાળા મકાનમાં રહે છે, આ ભાજપ સરકારે કામ કર્યું છે. પહેલા ગરીબ લોકોને દવા કરવા માટે કોઇ પૈસા હતા નહીં, ખેતર ગીરો મૂકવું પડતું હતું. અમારી સરકાર આવ્યા પછી પહેલા પાંચ લાખ રૂપિયા કર્યા અત્યારે દસ લાખ રૂપિયા કર્યા એ ભાજપ સરકારનું કામ છે. આવી યોજના બનાવી છે છતાં તમે આવું બોલો છો? શ્રી જિજ્ઞેશ મેવાણી એમ કહેતા હતા કે ડો. બાબા સાહેબ આંબેડકરનું પૂતળું કયાંય બનાવ્યું નહીં. અમે આ યોજના થકી વિસનગરમાં મંજૂર કર્યું છે અને જે લોકોએ હિજરત કરી હતી તેમને જમીન આપી અને જેણે રૂપિયા ૨૫૦ રૂપિયા ભર્યા છે તે બધા અનુસૂચિત જાતિના લોકોને જમીન મળી છે. તમે કહો છો કે કશું કર્યું નથી. આ ભાજપ સરકારે કામ કર્યું છે એવું કોઇએ કર્યું નથી. કોંગ્રેસવાળાએ ૪૦ વર્ષ સુધી બિલકુલ કર્યું નથી. એટલું કહીને વિરમું છું.

સભાપતિશ્રી : ગૃહનો વિરામનો સમય થયો છે ગૃહ ફરી બપોરના ૧૧-૩૦ કલાકે મળશે.

**( વિરામ બપોરના ૧૦.૫૯થી ૧૧-૩૦ )**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા જે માગણી નં. ૧૦૫ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબના માર્ગદર્શનમાં આપણે અમૃતકાળમાં પ્રવેશ્યા છીએ, ત્યારે અમૃતકાળ મહિલાઓના સર્વાંગી વિકાસ અને કલ્યાણનો પણ અમૃતકાળ બને, એના માટે આપણે સૌએ સાથે પ્રયત્ન કરવા જોઇએ એ આવશ્યક છે. મને કહેતા આનંદ થાય છે કે આજે દરેક ક્ષેત્રમાં મહિલાઓનું પ્રાધાન્ય વધ્યું છે, વર્ચસ્વ વધ્યું છે ત્યારે આજે કેપ્ટન શાલીઝા ધામીએ ભારતીય વાયુસેનાની પ્રથમ મહિલા ફલાઇટ કમાન્ડર છે. તેમજ શિવાંગીસીંઘ દેશની પ્રથમ મહિલા રાફેલ લડાકૂ પાઇલટ છે એ મહિલા માટે ગૌરવ લેવા જેવું છે. જયારે કેપ્ટન શિવા ચૌહાણ સિયાચીન

ગ્લેશિયરમાં તૈનાત અધિકારી છે. શ્રીમતી સુરેખા યાદવ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનમાં પ્રથમ મહિલા પાઇલટ છે ત્યારે મને દેશની નારીશક્તિને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે જે મંત્ર કહ્યા છે એ મંત્ર અહીંયા યાદ કરવા છે.

"પ્રારબ્ધને અહીંયા ગાંઠે કોણ, હું પડકાર ઝીલનારી નારી છું.
હું તેજ ઉછીનું લઉં નહીં હું જાતે બળતું ફાનસ છું.
જળજળાનો મોહતાજ નથી મને મારું અજવાળું પૂરતું છે.
પ્રારબ્ધને અહીંયા ગાંઠે કોણ, હું પડકાર ઝીલનારી નારી છું."

અને એટલા માટે મહિલા અને બાળવિકાસમાં જે માગણી લઇને આવ્યા છે, ખરેખર હું કહીશ કે આજે નારીને વંદન કરીએ અને સલામ કરી અને નારીને બિરદાવવા જેવી વાત છે. દેશની નારીને વંદન કરીને અમે તો બિરદાવીએ છીએ, પણ અમારી ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિનની સરકાર લોકોના સ્વપ્ના સાકાર કરી રહી છે. મહિલાઓના સશક્તિકરણ માટે ગુજરાત સરકારે જેન્ડર બજેટ તૈયાર કર્યું છે. ૮૯૧ જેટલી મહિલાલક્ષી યોજના કાર્યરત છે, જેમાંથી કુલ ૧૭૮ જેટલી યોજનાઓ માત્ર ને માત્ર મહિલાલક્ષી યોજના છે અને એના માટે રૂપિયા ૮૯૩૩૭.૧૦ કરોડની જોગવાઇ આમાં કરવામાં આવી છે. મને ગૃહને જણાવતા આનંદ થાય છે કે આજે ૫૨ ટકા મહિલાઓને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ મળ્યું છે. ૩૬ લાખ મહિલાઓને પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ ગેસ કનેકશન નિઃશુલ્ક આપવામાં આવ્યા છે. ઉજ્જવલા યોજનાની વાત કરીએ તો પહેલા જયારે આ ઉજ્જવલા યોજના અસ્તિત્વમાં નહોતી ત્યારે અમારી મહિલાઓ ચૂલા ઉપર જમવાનું બનાવતી હતી ત્યારે કેટલો ધુમાડો એમના શરીરમાં પ્રવેશતો હતો અને જેના થકી એમને ઘણા અસંખ્ય રોગ અને એમની આંખોને પણ નુકસાન થતું હતું, પણ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ જયારે આ યોજના લાવ્યા, ત્યારથી લઇને આજ સુધી મહિલાઓ મોદીસાહેબને લાખ લાખ અભિનંદન આપે છે અને આ યોજના લાવી ખૂબ સરાહનીય કાર્ય કર્યું છે. એના માટે આશીર્વાદ પણ આપી રહી છે. રાજયમાં ૧૪.૪૧ લાખ સુકન્યા સમૃદ્ધિ યોજનાના ખાતાં ખોલવામાં આવ્યાં છે. જેમાં રૂ. ૫,૫૫ લાખ જેટલી રકમ જમા કરવામાં આવી છે. મારા વિસ્તારમાં સુકન્યા સમૃદ્ધિ યોજનાની વાત કરું તો ૭૦૦૦થી પણ વધુ દીકરીઓનાં અમે ખાતાં ખોલી આપ્યાં છે. જેમાં ખાલી ખાતાં જ નથી ખોલાવ્યાં ફોર્મ ભરવાથી લઇને સબમીટ કરવા સુધીની પ્રક્રિયા અમારા કાર્યાલયમાંથી કરવામાં આવે છે. આજે જયારે દીકરી છે એ સુકન્યા સમૃદ્ધિ યોજનાનો લાભ ઘણા માતાપિતા લઇ રહ્યા છે, ત્યારે મને કહેતા આનંદ થાય છે કે જયારે આ પાસબુક અમે એમને જયારે આપીએ છીએ, ખાલી પાસબુક આપતા નથી, પણ પહેલો હપ્તો પણ અમારા થકી ભરવામાં આવે છે. એવી ૭૦૦૦ દીકરીઓના અમે ખાતા ખોલીને પાસબુક આપવાના કાર્યક્રમ થકી માતાપિતાને આમંત્રણ આપીને કાર્યક્રમ કરીને એમને અમે પાસબુક આપી છે. આજે તે માતા-પિતાના ચહેરા પર જે સ્મિત આવે છે, આનંદ આવે છે તે આનંદ થકી અમને ખૂબ આશીર્વાદ મળે છે. એટલા માટે આ સુકન્યા સમૃદ્ધિ યોજનાને લોકો ખૂબ જ આવકારી રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે મહિલા દિનની ઊજવણી નિમિત્તે એક વાત કહી હતી કે "હર હાથ કો કામ, હર કામ કા સન્માન સાકાર કરીયે". ઉપરોક્ત પંક્તિને સાકાર કરવા માટે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ડબલ એન્જિન સરકાર દ્વારા આ વર્ષે ૬૦૬૪ કરોડ રૂપિયાની જોગવાઇ મહિલા અને બાળ વિકાસ માટે કરવામાં આવી છે. જે ગયા વર્ષના બજેટથી ૨૩ ટકા વધારે છે. જ્યારે મહિલા સશક્તિકરણની વાત આવે છે ત્યારે સરકારશ્રી દ્વારા ઘણા પ્રયત્નો થઇ રહ્યા છે. મહિલા પોતાના પગ પર ઊભી રહે, પોતાના પરિવારને આર્થિક રીતે મદદરૂપ બને તેના માટે મહિલા ઉત્કર્ષ યોજના લાવ્યા છે. તેમાં એક લાખ રૂપિયા સુધીની લોન આ યોજના થકી મળે છે. જેમાં મહિલાઓ પોતાના પગ પર કોઇપણ નાનો મોટો ધંધો, રોજગાર કે પછી બિઝનેશ કરવો હોય તો આ મહિલા ઉત્કર્ષ યોજનામાં ૧ લાખ રૂપિયા સુધીની લોન મળી શકે છે. તેના થકી તે પોતાનું ગુજરાન ચલાવી શકે છે તથા પરિવારને આર્થિક મદદરૂપ થઇ શકે છે. આ યોજનાને અમારી બધી મહિલાઓએ ખૂબ આવકારી છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની પ્રેરણાથી શરૂ થયેલ 'બેટી બચાવો બેટી પઢાઓ' અભિયાન દીકરીઓના શિક્ષણ માટેનું જનઅભિયાન બની ગયેલ છે. વ્હાલી દીકરી યોજનાની વાત કરું તો ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી આ યોજનાનો મુખ્ય હેતુ છે કે, દીકરીઓ શિક્ષણથી વંચિત ન રહે. તે માટે સરકાર દ્વારા આ યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. આ યોજનાની થોડી ક માહિતી આપું તો દીકરી જયારે પહેલા ધોરણમાં પ્રવેશ કરે ત્યારે શિક્ષણમાં કોઇ ચીજવસ્તુનો લાભ લેવો હોય તો તેના માટે ચાર હજાર રૂપિયા આપવામાં આવે છે. સાથે સાથે જયારે દીકરી નવમા ધોરણમાં પ્રવેશ કરે ત્યારે તેને છ હજાર રૂપિયા આપવામાં આવે છે અને એ જ દીકરી જયારે ૧૮ વર્ષની થાય ત્યારે તેને ૧ લાખ રૂપિયા આપવામાં આવે છે. જો દીકરી આકસ્મિક મૃત્યુ પામે તો આ જે લાભ છે તે તેના પરિવારને આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સશક્ત સમાજના નિર્માણ માટે સશક્ત મહિલાના મંત્રને વરેલી અમારી સરકાર મહિલાઓની ગરિમા, સુરક્ષા અને સમૃદ્ધિ માટે કટિબદ્ધ છે. અમારી સરકારના પ્રયત્નથી જન્મ સમયે પ્રતિ હજાર પુરુષોએ સ્ત્રીઓનો જન્મદર વર્ષ ૨૦૦૧માં ૮૦૨ જેટલો હતો, તે વર્ષ ૨૦૨૦માં વધીને સ્ત્રી જન્મદર ૯૬૫ થયો છે. આ રેશિયો હજુ પણ વધે તે ઉમદા હેતુથી વ્હાલી દીકરી યોજનામાં રૂપિયા ૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દરેક પરિવારોના જીવનને સીધી રીતે સ્પર્શતો વિભાગ છે. આદરણીય પ્રધાનમંત્રી જયારે આપણા મુખ્યમંત્રીશ્રી હતા ત્યારથી તેમણે જે માર્ગ કંડારેલ છે તે માર્ગ પર ચાલીને આપણી સરકાર મહિલા અને બાળ વિકાસ ક્ષેત્રમાં ક્રાંતિકારી પગલાં લઇ રહી છે.

આધુનિક ટેકનોલોજીનો સમન્વય સાધીને જન સુખાકારીનું અભિયાન ચલાવ્યું છે. મહિલા સશક્તિકરણ માટેના નવા નવા દ્વાર ખુલ્યાં છે, ત્યારે સમાજમાં કોઇ મહિલા અબળા ન રહે તે માટે ગંગા સ્વરૂપા યોજના અંતર્ગત વિધવા બહેનોને આર્થિક મદદ કરીને તેમને સામાજિક સુરક્ષા પૂરી પાડવા માટે રૂ.૧૮૯૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અમે અમારા વિસ્તારમાં જે ગંગા સ્વરૂપ બહેનો છે તે બહેનોને અમે ફોર્મ ભરવાથી લઇને સબમીટ કરવા સુધીની પ્રક્રિયા હાથ ધરેલ હતી અને અનેકવાર કેમ્પ કરીને આ યોજનાનો લાભ અપાવ્યો છે. આવી ૨૫ થી ૨૬ હજાર જેટલી ગંગા સ્વરૂપા બહેનોને આ યોજનાનો લાભ અપાવ્યો છે. ૧૫થી ૧૮ વર્ષની કિશોરીની ચિંતા અમારી સરકારે કરી છે, ત્યારે પૂર્ણા યોજના અંતર્ગત પોષક આહાર પૂરો પાડવા માટે રૂ. ૩૯૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આજે મહિલા દરેક ક્ષેત્રમાં આગળ છે તેમાં પછી વકીલાત હોય, ડૉક્ટર હોય, આઇ.પી.એસ. હોય કે બેન્કિંગ ક્ષેત્ર હોય. મને કહેતાં આનંદ થાય છે કે, આપના બનાસકાંઠા જિલ્લામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આવ્યા હતા ત્યારે જે લાખોની સંખ્યામાં મહિલાઓ ત્યાં ઉપસ્થિત હતી. અને સંવાદ કાર્યક્રમમાં તેમણે જે સંવાદ કર્યો હતો એ સંવાદ કાર્યક્રમમાં તેમણે કહ્યું કે, અમે દર વર્ષે લાખો રૂપિયા પશુપાલન થકી, દૂધ ઉત્પાદન થકી મેળવી રહ્યા છીએ અને જયારે અમે ટી.વી.ઉપર જોયું ત્યારે ખરેખર એવું લાગતું હતું કે આટલી મોટી સંખ્યામાં મહિલા શકિત ઉમટી પડી હતી અને એ કાર્યક્રમને પણ અમે જયારે ટી.વી.ઉપર જોયો તો ખરેખર એવું લાગે કે આજે મહિલા દરેક ક્ષેત્રમાં આગળ છે ત્યારે મને એક પંક્તિ કહેવાનું મન થાય છે કે,

**"इश्क जिसे हलाल करता है, आदमी वो कमाल करता है।"**

આ સરકારને ગુજરાત અને ગુજરાતની જનતા સાથે ઇશ્ક છે અને એટલે કમાલ કરી દેખાડે છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રીશ્રી જે અનુદાનોની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર વિકાસથી વંચિત લોકો માટે ગુજરાતના છેવાડાના લોકો માટે જે કામ કરી રહી છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું. તાજેતરમાં જ આ બજેટમાં આ સરકાર મુખ્ય પાંચ સ્તંભો ઉપર જે આગળ વધી રહી છે તેમાં પ્રથમ સ્તંભ છે તે સામાજિક સમરસતાનો છે અને એ સ્તંભ ઉપર જયારે આ સરકાર આગળ વધી રહી છે ત્યારે આ સરકાર વિકાસથી વંચિત જે વર્ગ છે તેમાં તેમના આર્થીક અને શૈક્ષણિક ઉત્થાન માટે જે જોગવાઇઓ કરી છે તેની વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ઉત્કર્ષ માટે આ સરકાર દ્વારા જે રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના જે શરૂ કરવામાં આવી અને એમાં ૧૧ લાખ લાભાર્થીઓ માટે રૂપિયા ૧૩૪૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. આ સરકાર દિવ્યાંગજનોનું વિચારે છે, ત્યારે તેમના માટે પણ પેન્શન યોજનામાં રૂપિયા ૫૮ કરોડની જોગવાઇ આ સરકાર દ્વારા કરવામાં આવી છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ૧થી ૧૦ ધોરણમાં ભણતા અંદાજે ૪૦ લાખથી વધારે વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૩૭૬ કરોડની શિષ્યવૃત્તિ પણ આ સરકાર દ્વારા જાહેર કરવામાં આવી છે. આ સરકાર સામાજિક ઉત્થાન માટે અનુસૂચિત જાતિ, વિકાસ જાતિના પી.એચ.ડી.જેવા ઉચ્ચ અભ્યાસ કરવા માગતા વિદ્યાર્થીઓના પ્રોત્સાહન માટે રૂપિયા ૧ કરોડની જોગવાઇ આ સરકાર દ્વારા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર અનેકવિધ યોજનાઓ દ્વારા ગુજરાતના છેવાડાના માણસો સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે. ગરીબોને આવાસ આપવાની વાત હોય, શિષ્યવૃત્તિ આપવાની વાત હોય, તેમને આર્થિક સહાય આપવાની વાત હોય, જે રીતે આપણા વિદ્યાર્થીઓ માટે સાઇકલની જે યોજના લાવ્યા અને તેમાં ૮ ધોરણની કન્યાઓને જે સાઇકલ આપવાની વાત કરી તેમાં શ્રી શૈલેષભાઇ કેસરી કલરની વાત કરતા હશે પણ તેનો આશય સમજવો પડે. એ વિદ્યાર્થીઓ એ સાઇકલ દ્વારા જે શાળાઓમાં જાય છે તે શાળાઓમાં ભણી અને તેમને પ્રોત્સાહિત કરીને સાઇકલ દ્વારા તે સક્ષમ થઇ રહ્યા છે એના માટે પણ આપે વિચારવું જોઇએ તેમાં કલર ના વિચારાય. સરકાર તેમના માટે જાહેરાત તો કરે જ છે એટલે આ સરકાર જે જે જાહેરાતો કરે છે તેમાં સ્વભાવિક છે કે વિરોધપક્ષોને તેની ખામીઓ શોધવાનો પ્રયત્ન કરે પણ કલરમાં પડવું ન જોઇએ એની ભાવના તરફ આગળ વધવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા જે કંઇ યોજનાઓ લાવ્યા છે તે તમામ યોજનાઓ થકી જ આજે સરકાર છેલ્લાં ૨૭ વર્ષથી સત્તાના શાસન સંભાળી રહી છે, પરંતુ આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારી થોડીક વિનંતી છે કે, ગુજરાતમાં જે રીતે દલિત, આદિવાસીના બે મંત્રીશ્રીઓ મિનિસ્ટ્રી સંભાળી રહ્યા છે ત્યારે બક્ષીપંચના પણ એક અલગ મંત્રીમંડળની રચના કરવામાં આવે એવી મારી આ લાગણી છે. આ વિભાગ એક અલગ થાય તો હું માનું છું કે, ગુજરાતની ૫૪ ટકા વસતિ છે અને આ વસતિનાં બાળકો વિકાસથી વંચિત રહી જાય છે. તેમની આ યોજનાઓ તેમના સુધી પહોંચવામાં કયાંક નાની મોટી ત્રૂટીઓ રહી જાય છે તેમાં પણ આપણે કયાંક મદદરૂપ થઇ શકીએ. તેમણે જે બક્ષીપંચના અલગ અલગ નિગમો માટે રૂપિયા ૧૬૬ કરોડની જાહેરાત કરી છે,પરંતુ અનેક લોકો રજૂઆત કરવા માટે આવે છે. ક્યાંક નાના-મોટા ધંધા-રોજગાર માટે એમની માગણીઓ લઇને આવતા હોય છે. નિગમમાં અનેક અરજીઓ પેન્ડિંગ રહે છે. આપણે ત્યાં અનેક માગણીઓ આવે છે અને એનાં નાણાં અપૂરતાં છે, એટલે મારી આપના માધ્યમથી વિનંતી છે કે આ રકમ રૂ.૧૬૬ કરોડના બદલે રૂ.૧૦૦૦ કરોડની આજુ-બાજુ લઇ જઇએ તો એક મોટા વર્ગને લાભ આપી શકીશું. વિદ્યાર્થીઓ વિદેશ ભણવા જવા માગતા હોય છે પણ એમની પાસે એવી રકમ નથી હોતી. એની ડિગ્રી ઉપર એ ભણવા જાય છે ત્યારે એના ગેરંટર સરકારે બનવું જોઇએ કારણ કે

તેઓ આર્થિક સમૃદ્ધ નથી. આવા સામાજિક અને આર્થિક રીતે પછાત લોકો માટે આ સરકારે ગૅરંટર બનવું જોઇએ એવી મારી માગણી છે. આ સાથે મારી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ગુજરાતમાં જે રીતે ૧૦ ટકા અનામતનો મુદ્દો આવ્યો એ પછી ઝવેરી કમિશનની રચના કરવામાં આવી અને ઝવેરી કમિશને આખો રિપોર્ટ તૈયાર કર્યો છે ત્યારે એટલી જ વિનંતી છે કે ગુજરાતની અનેક ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ એના કારણે મુલતવી રહી છે અને ત્યાં વહીવટદારોની નિમણૂક થઇ છે. આ ઝવેરી કમિશનનો રિપોર્ટ સત્વરે મૂકાય અને ગુજરાતમાં જે ચૂંટણીઓ બાકી છે એ સત્વરે થાય એવી પણ વિનંતી છે. ગુજરાત સરકાર અને ગુજરાત સરકારના સન્માનનીય મુખ્યમંત્રી દ્વારા ગરીબો, વંચિતો માટે અનેક ગરીબ કલ્યાણ મેળાઓ, આંબેડકર આવાસ યોજના, સરદાર આવાસ યોજના, શિષ્યવૃત્તિ, એમના આર્થિક ઉત્થાન માટે લોન આપવાની વગેરે અનેકવિધ યોજના ચાલુ જ છે અને એના કારણે ગુજરાતના વંચિતો સમાનતાની ધારામાં આવવા માટે આગળ વધી રહ્યા છે. ગુજરાત સરકાર ખૂબ સારું કામ કરી રહી છે પણ આ નાની-મોટી ત્રૂટીઓ છે એ દૂર કરવામાં આવે તો આ સામાજિક સમરસતામાં આપણે વધારે આગળ વધી શકીશું. આ વિચારો વ્યક્ત કરતા મારી વાત પૂરી કરું છું. અસ્તુ. જય ભીમ.

માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ):માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટેની માગણી ક્રમાંક-૯૫ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે સામાજિક ન્યાય અને અધિકારિતાના વિભાગની વાત થઇ રહી છે ત્યારે હું ચોક્કસ વિશ્વવિભૂતી, મહામાનવ એવા ડૉ.બાબાસાહેબ આંબેડકરજીને યાદ કરીશ. એમને વંદન કરી અને એમની એક વાત યાદ કરવા માગું છું. ડૉ.બાબાસાહેબ આંબેડકરજીએ કહ્યું છે કે, ''શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો". મારું વ્યક્તિગત માનવું છે કે જ્યારે કોઇ પણ સમાજમાંથી આવતો વ્યક્તિ કે બાળક શિક્ષિત બને અને પછી સમાજની વ્યવસ્થા સાથે સંગઠિત થાય તો એમને ક્યારેય સંઘર્ષ કરવાનો વારો આવતો નથી. આ પહેલાં અન્ય પક્ષે ક્યારેય અનુસૂચિત જાતિના શિક્ષણ અને શિક્ષણ વ્યવસ્થા માટે ક્યારેય કોઇ કાર્ય કર્યું નથી.

**માનનીય સભાપતિશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આજે અનુસૂચિત જાતિના પરિવારમાં કોઇ પણ બાળકનો જન્મ થાય ત્યારે એ પરિવારનું સપનું હોય કે મારું બાળક શિક્ષિત બને, અમારું બાળક આર્થિક રીતે રોજગારી મેળવે, અમારું બાળક અન્ય સમાજના બાળક સાથે મુખ્ય ધારામાં આવે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે આ સમાજ માટે આજ દિન સુધી જો કોઇએ વિચાર્યુ હોય તો એ ફક્તને ફક્ત ભારતીય જનતા પાર્ટીની સરકારે જ વિચાર્યુ છે. મને એ વાતનો ગર્વ છે કે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં પણ પંચસ્થંભરૂપી બજેટનું આયોજન કરવામાં આવ્યું છે એમાં ભારતીય જનતા પાર્ટીની સરકારનો પ્રથમ સ્થંભ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ છે. ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગને સુવિધાઓ પૂરી પાડવાની અને સામાજિક સુરક્ષા માટે વ્યવસ્થાની વાત કરવામાં આવી છે ત્યારે આ વર્ષના બજેટમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે રૂ.૫,૫૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને સામાજિક ન્યાય અધિકારિતા મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. મને કહેતા આનંદ થાય છે કે આજે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં શિક્ષણ માટેની અનેક યોજનાઓ છે. કોઈ પણ સમાજને મુખ્ય ધારામાં લાવવા માટે જ્યાં સુધી તેને પાયાનું શિક્ષણ આપવામાં ન આવે ત્યાં સુધી તે મુખ્ય ધારામાં આવી શકતા નથી. અનુસૂચિત જાતિનો બાળક પહેલા ધોરણમાં આવે ત્યારથી લઇને તેને પાઇલટ કે વકીલ બનવું હોય, ડૉક્ટર બનીને પોતાની હૉસ્પિટલ ચાલુ કરવી હોય, ધંધો રોજગાર ચાલુ કરવા માટે લોન આપવાની વાત હોય, ગમે તે ક્ષેત્રની યોજનાઓ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં કાર્યરત છે. ધોરણ ૧થી ૮ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ગણવેશ ખરીદવા માટે પણ રૂ.૯૦૦/-ની સહાય આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, કન્યા કેળવણીના ભાગરૂપે કન્યાઓને શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહન આપવા માટે સરસ્વતી સાધના સાઇકલ યોજના થકી તેમને સાઇકલ આપવામાં આવે છે. વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં ભણતાં બાળકો માટે ધોરણ ૧૦માં ૭૫ ટકા સાથે પાસ કરી ધોરણ-૧૧ સમાન્ય પ્રવાહમાં પ્રવેશ મેળવે તો મેરિટના આધારે મુખ્ય ૧૦૦ વિદ્યાર્થીઓને ધોરણ-૧૧માં રૂ.૪ હજાર અને ધોરણ-૧૨માં રૂ.૮ હજારની સહાય આપવામાં આવે છે. તે જ રીતે વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવે તો ધોરણ-૧૦માં ૭૦ ટકા સાથે પાસ કરી ધોરણ-૧૧માં રૂ.૧૫ હજાર તેમજ ધોરણ-૧૨માં રૂ.૧૫ હજારની સહાય આપવામાં આવે છે. ફ્રીશિપ કાર્ડ યોજના નાના પરિવાર માટે ધોરણ-૧૨ પછી ઉચ્ચ અભ્યાસ માટે આશીર્વાદરૂપ યોજના છે. હું કચ્છ જિલ્લાના જે મહેશ્વરી સમાજમાંથી આવું છું ફક્ત તેની વાત કરું તો પહેલા એવો સમય હતો કે કોઈ પરિવારના બાળકને ડૉક્ટર બનવું હોય તો તેના માટે તે એક સ્વપ્ન સમાન હતું. આ યોજના અંતર્ગત ફક્ત કચ્છ જિલ્લાના ૨૫થી વધારે વિદ્યાર્થીઓએ ડૉક્ટર બનીને તેના પરિવારના સ્વપ્ન પૂરા કર્યા છે અને આર્થિક રીતે સદ્ધર થાય છે. આ જ રીતે પહેલાં અનુસૂચિત જાતિના પરિવાર માટે પ્લેનમાં બેસવું એ પણ એક સ્વપ્ન સમાન હતું. આ ભારતીય જનતા પાર્ટીની સંવેદનશીલ સરકારમાં અનુસૂચિત જાતિનાં બાળકોને પાઇલટ બનવા માટે રૂ.૨૫ લાખની સહાય ફક્ત ચાર ટકાના વ્યાજ દરે આપવામાં આવે છે અને તેના સ્વપ્ન પૂરા કરવા માટેનો એક પ્રયાસ કરવામાં આવે છે. છેલ્લાં પાંચ વર્ષમાં રૂ.૪ કોરડના ખર્ચે આ રાજ્યના ૧૯ તાલીમાર્થીઓ પાઇલટ બન્યા છે. તેવી જ રીતે અનુસૂચિત જાતિના પરિવાર માટે વિદેશ ભણવા જવું હોય તો તે પણ સ્વપ્ન બરાબર હતું પરંતુ આજે એ સ્વપ્ન પૂરા થયા છે અને છેલ્લાં પાંચ વર્ષમાં રૂ.૧૭૨.૪૪

કરોડના ખર્ચે આ રાજ્યના ૧,૧૫૪ વિદ્યાર્થીઓ વિદેશમાં જઈ અને પોતાનો અભ્યાસ પરિપૂર્ણ કરીને પોતાના પરિવાર અને સમાજના સ્વપ્નને પૂરા કર્યા છે. ફક્ત શિક્ષણ નહિ પણ આર્થિક ઉત્કર્ષ માટે પણ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અનુસૂચિત જાતિના પરિવાર માટે અનેક યોજનાઓ કાર્યરત છે. હું કહેવા માગું છું કે ન કરે ભગવાન અને કોઈના પરિવારમાં મૃત્યુ પણ થાય તો સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર યોજના અંતર્ગત અંતિમ ક્રિયા કરવા માટે રૂ.૫ હજારની સહાય આ સંવેદનશીલ સરકાર દ્વારા આપવામાં આવે છે. છેલ્લે મારે એટલું જ કહેવું છે કે, ''**ये धरती है सबकी एक सी, ये अंबर है सबका एक सा, सुरत सबकी एक सी और लहु का रंग भी सबका एक सा।**''

આ સામાજિક સમરસતા માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર કાર્ય કરી રહી છે ત્યારે એક અનુસૂચિત જાતિ સમાજની દીકરી તરીકે હું એમનો ખૂબ-ખૂબ આભાર વ્યક્ત કરું છું.

શ્રીમતી કંચનબેન વિ. રાદડિયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળવિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નં. ૯૨ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં તમામ વર્ગ અને વયની બહેનોને સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે સામર્થ્યવાન બનાવવા આપણા તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દીર્ઘદૃષ્ટિપૂર્ણ ગુજરાતમાં એક અલગ મહિલા અને બાળવિકાસ વિભાગની રચના કરી. જેના કારણે નારી સશક્તિકરણની દિશામાં અમૂલ્ય પરિવર્તનો થઈ શક્યા છે. ''સ્ત્રી-પુરુષ એકસમાન, જનજનનું છે એક જ આહ્વાન.'' આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના વિકાસમાં મહિલાઓ સમાન રીતે ભાગીદાર બને, મહિલાઓનું તમામ દૃષ્ટિકોણથી સશક્તિકરણ થાય, તેમનું આત્મસન્માન વધે અને સ્વાવલંબી બને એ માટે નારી ગૌરવ નીતિ ઘડીને એને પરિણામલક્ષિતા સાથે અમલમાં મૂકી. યાદ રહે કે રાષ્ટ્રભરમાં આવી સર્વગ્રાહી નારી ગૌરવ નીતિ અમલમાં મૂકનારું ગુજરાત દેશભરમાં પ્રથમ રાજ્ય છે. ભારતની પ્રાચીન સંસ્કૃતિમાં ''નારી તું નારાયણી'' નારીને દુર્ગારૂપ ગણી સ્ત્રીઓનું પૂરાતનકાળથી સન્માનનીય સ્થાન રહ્યું છે. કોઈપણ રાજ્ય કે રાષ્ટ્ર નારીશક્તિની અવગણના કરી ક્યારેય વિકાસ સાધી શકે નહીં. ગુજરાતના વિકાસ માટે ઘણા શાસકોએ પોતાનું યોગદાન આપ્યું. વર્ષ ૨૦૦૧થી ગુજરાતના વિકાસને સુવર્ણકાળ તરીકે લોકો જોઈ રહ્યા છે. ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ ગુજરાતની શાસનધુરા સંભાળનાર તત્કાલીન લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહિલા સશક્તિકરણને પાયામાંથી મજબૂત કરવા માટે અનેક નવતર પહેલ કરી છે. હું મહિલા કલ્યાણ યોજનાની વાત કરું તો, ''વન સ્ટોપ સેન્ટર'' યોજના ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓમાં અમલમાં છે. રાજ્યમાં આ યોજના હેઠળ ૩૫ કેન્દ્રો ૨૪ કલાક કાર્યરત છે. આ યોજના સો ટકા કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. વનસ્ટોપ સેન્ટરમાં અત્યાર સુધીમાં હિંસા દરમિયાન અસરગ્રસ્ત થયેલ ૧૩,૧૯૨ મહિલાઓને તેઓની સમસ્યાઓને અનુરૂપ આશ્રય, પોલીસ મદદ, કાઉન્સેલિંગ, તબીબી સારવાર અને કાનૂની સહાયનો લાભ આપવામાં આવેલ છે. પોલીસ સ્ટેશન બેઝ સપોર્ટ સેન્ટરની વ્યવસ્થા વર્ષ ૨૦૧૩-૧૪થી સમગ્ર રાજ્યમાં અમલીકૃત છે. હાલ ગુજરાત રાજ્યમાં આવા કુલ ૬૫ સેન્ટરો કાર્યરત છે. આ યોજના અંતર્ગત માનનીય મંત્રીશ્રીની મંજૂરીથી વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજનાનો લોગો તૈયાર કરેલ છે. આ યોજના અંતર્ગત માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે 'સંકટ સખી મોબાઈલ એપ્લિકેશન' લોન્ચ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૭,૬૯૧ અરજીઓ મળી. જેમાં ૩,૪૨૯ અરજીઓમાં મહિલાઓની ઈચ્છા પ્રમાણે પ્રાધાન્ય આપી સમાધાન કરેલ છે. કુલ ૧,૨૪૯ અરજીમાં મહિલા અરજદારોને કાનૂની સેવા પોલીસ પ્રોટેકશનની મદદ પૂરી પાડવામાં આવી છે. રાજ્ય સરકારે દેશમાં વિકાસ માટે મહિલાઓને સક્રિય અને સશક્ત બનાવવા માટે મહિલા સશક્તિકરણના વિભાગને ઝુંબેશ રૂપે હાથ ધરેલ. જેના ભાગ સ્વરૂપે રાજ્યમાં તારીખ ૦૧-૦૮-૨૦૨૨થી તારીખ ૦૭-૦૮-૨૦૨૨ દરમિયાન 'નારી વંદન ઉત્સવ સપ્તાહ' તરીકે ઉજવણી કરવામાં આવેલ છે. આ સપ્તાહ દરમિયાન મહિલાઓના સર્વાંગી વિકાસ માટે મહત્ત્વના સાત વિષયોને આવરી લઈ, સતત સાત દિવસ સુધી સમગ્ર રાજ્ય, જિલ્લા, તાલુકા તેમજ ગ્રામ્ય સ્તરે જુદા જુદા પ્રકારના કાર્યક્રમો ઉજવવામાં આવેલ છે.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, માગણી નંબર -૯૨ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું અને એને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના સામજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણ માટે તથા લઘુમતી જાતિઓ તેમજ બિન અનામત વર્ગના શૈક્ષણિક, આર્થિક, આરોગ્ય અને વસવાટ અંગેના સર્વાંગી વિકાસ માટે અનેક વિવિધ કલ્યાણકારી યોજનાઓ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અમલમાં મૂકી છે. આ યોજનાઓમાં પૂર્વ એસ.એસ.સી, ધોરણ-૧થી ૧૦ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની યોજના હોય, ગણવેશ સહાય યોજના હોય, ધોરણ-૯માં અભ્યાસ કરતી કન્યાઓને વિનામૂલ્યે સાઈકલની યોજના હોય, પોસ્ટ એસ.એસ.સી.માં અભ્યાસ કરતા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને શિષ્યવૃત્તિની યોજના હોય, મેડિકલ અને એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને ભોજન બિલમાં રાહત હોય, મેડિકલ એન્જિનિયરિંગ અને ડિપ્લોમામાં અભ્યાસક્રમનાં સાધનો ખરીદવાની સહાય યોજના હોય, ટેકનિકલ અને વ્યવસાયિક અભ્યાસ માટે શિષ્યવૃત્તિની યોજના હોય, સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની યોજના હોય, એમ.ફીલ અને પી.એચ.ડી.ના અભ્યાસ માટે શિષ્યવૃત્તિની યોજના હોય, બુક બેન્ક તેમજ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઈનામની યોજના હોય, વિદેશમાં અભ્યાસ માટે લોનની યોજના હોય, કોમર્શિયલ પાઈલટની તાલીમ માટેની લોન હોય, ખાનગી ટ્યૂશન માટે સહાય હોય, વિચરતી અને વિમુકત જાતિના વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ પૂલ યોજના હોય,

ઉત્તમ આવાસી સુવિધાવાળી પ્રખ્યાત શાળાઓમાં ધોરણ-૬ અને ૧૧માં પ્રવેશ મેળવનાર વિચરતી અને વિમુકત જાતિના વિદ્યાર્થીઓને વાર્ષિક રૂપિયા ૪૦ હજારની પ્રોત્સાહિત સહાય આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારશ્રીની યોજનાઓમાં ભારત સરકારની ઓ.બી.સી., ઇ.બી.સી. અને ડી.એન.ટી.ના વિદ્યાર્થીઓ માટે પી.એમ. યશસ્વી યોજના હોય, લઘુમતી વિદ્યાર્થીઓ માટે ભારત સરકારની પ્રિ-મેડિકલ શિષ્યવૃત્તિ યોજના હોય, લઘુમતી વિદ્યાર્થીઓ માટે ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હોય, લઘુમતી વિદ્યાર્થીઓ માટે ભારત સરકારની મેરિટ કમ મિન્સ શિષ્યવૃત્તિ યોજના હોય, ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો હોય કે અનુદાન નિવાસી પ્રાથમિક શાળા અને આશ્રમશાળાઓ હોય, આદર્શ નિવાસી શાળાઓ હોય, સરકારી છાત્રાલયો કે સમરસ છાત્રાલયો હોય, આર્થિક ઉત્કર્ષ માટેની યોજના હોય, કુટિર ઉદ્યોગ માટે નાણાકીય સહાય યોજના હોય, માનવ ગરિમા યોજના હોય કે મહિલાઓ માટે સીવણ કામની યોજના હોય વિગેરે અનેક યોજનાઓ સરકારશ્રીએ અમલમાં મૂકી છે. આરોગ્ય, વસવાટ અને અન્ય યોજનાઓમાં, પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હોય, કુંવરબાઇનાં મામેરાની યોજના હોય કે સાતફેરા સમૂહલગ્ન માટેની નાણાકીય સહાય હોય, આમ, સામાજિક સુરક્ષા અને પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનામાં દિવ્યાંગ કલ્યાણકારી યોજના હોય, એસ.ટી. બસમાં મફત મુસાફરીની યોજના કે દિવ્યાંગ શિષ્યવૃત્તિની યોજના કે દિવ્યાંગ સાધન સહાયની યોજના હોય, દિવ્યાંગ લગ્નસહાય યોજના, બાળ કલ્યાણ યોજનામાં પાલક પિતા યોજના હોય કે જેમાં અનાથ બાળક, જેના માતાપિતા હયાત નથી અથવા તો મૃત્યુ પામ્યા છે કે પુનઃ લગ્ન કર્યા હોય, તેવા નિરાધાર બાળકોનો સારો વિકાસ અને ઘડતર થઇ શકે તથા તેનો પારિવારિક વાતાવરણમાં ઉછેર થાય તે માટે બાળકોની સારસંભાળ રાખવા નજીકના સગાઓને માસિક ૩ હજાર રૂપિયાની સહાય આ આપણી સરકાર આપે છે. શિષ્યવૃત્તિ હોય, કેદી સહાય હોય કે વૃદ્ધ કલ્યાણ યોજનામાં વૃદ્ધોને સહાય હોય. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે, તેને મારું સમર્થન છે.

શ્રીમતી દર્શના એમ. વાઘેલા(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩-૨૪ના અનુદાનોની માગણીઓ લઇને માનનીય મંત્રી શ્રીમતી ભાનુબેન આવ્યા છે તેના ઉપર હું ચર્ચા કરવા ઊભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજનો આધારસ્તંભ એ મહિલાઓ છે. સમાજમાં મહિલાઓની ભાગીદારી ૫૦ ટકા છે. મને કહેતા આનંદ થાય છે કે મહિલા જેટલું ઘર સારી રીતે સંભાળી શકે છે, એટલી જ સારી રીતે અલગ અલગ વ્યવસાયોમાં પણ કામ કરી શકે છે. મહિલાઓનો વિકાસ, મહિલાઓમાં જે શક્તિઓ રહેલી છે એને બહાર લાવવા માટે આપણી ભારતીય જનતા પાર્ટીની સરકારે અને મહિલા અને બાળ વિકાસ વિભાગે મહિલા આર્થિક વિકાસ નિગમની રચના કરી. એ નિગમની રચના આપણા હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી. કેમ કે મહિલાઓમાં ઘણી બધી શક્તિઓ રહેલી છે. મહિલા ઘરમાં બેસીને ભરતગૂંથણનું કામ કરી શકે, મહિલા ઘરમાં બેસીને નાના મોટા ધંધા વ્યવસાય કરી શકે તે માટે આ નિગમની રચના કરીને આ નિગમ દ્વારા તેની અલગ અલગ યોજનાઓ દ્વારા મહિલાઓને મદદરૂપ થઇ રહેલ છે. મહિલા સ્વાવલંબન યોજના અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૧,૨૦,૦૦૦ની આવક મર્યાદા અને શહેરી વિસ્તારમાં રૂ.૧,૫૦,૦૦૦ની આવક ધરાવતા કુટુંબોની મહિલાઓને આર્થિક વિકાસ નિગમમાંથી રૂપિયા ૨ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. આ સહાયમાં ૧૫ ટકા અને એનાથી વધારે ૩૦ ટકા સુધીની સબસિડી પણ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૫૮ મહિલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલો છે અને રૂ.૭૦.૫૪ લાખની સબસિડી પણ આપેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજમાં મહિલાઓને ખબર હોતી નથી કે સરકારશ્રીની કેટલી યોજનાઓ છે અને મહિલાઓને કયાં કયાં મદદરૂપ થાય છે. આ માટે મહિલા આર્થિક વિકાસ નિગમ દ્વારા મહિલાઓ માટે જાગૃતિ શિબિર પણ કરવામાં આવે છે. આ શિબિરો મહિલાઓના સ્થળે કે રહેઠાણના સ્થળે ચાલીઓમાં, ઝૂંપડપટ્ટીઓમાં અને અલગ અલગ સ્થળે જઇને કરે છે. આ શિબિરોમાં મહિલાઓને કઇ કઇ યોજનાઓનો લાભ આપવામાં આવે છે, એની વાત પણ કરવામાં આવે છે. આના અનુસંધાનમાં ૬,૩૦૦ મહિલાઓને આનો લાભ આપવામાં આવ્યો છે અને રૂપિયા ૪.૯૩ લાખ સુધીનો ખર્ચ સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આગળ કહીશ કે માત્ર મહિલાઓ કે જે ઘરમાં ભરતગૂંથણનું કામ કરે છે, મહિલાઓ કે જે ઘરમાં સિલાઇનું કામ કરે છે કે મહિલાઓ કે જે ઘરમાં મોતીકામ કરે છે એમની વસ્તુઓનું કયાં વેચાણ થાય, એની પણ ચિંતા આપણી સરકારે કરી છે. એ લોકો માટે દર વર્ષે સરકારશ્રી દ્વારા એવા સરસ પ્રદર્શન સહ વેચાણનું પણ આયોજન કરવામાં આવે છે. એ આયોજનના ભાગરૂપે અત્યાર સુધીમાં ૧૨ મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે અને ૮૯૫ મહિલાઓએ એમાં ભાગ લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે કચ્છની વાત કરીએ તો કચ્છનું ભરતકામ અને કચ્છનું કાચનું કામ, કચ્છની બાંધણીનું કામ, કચ્છની શાલ અને કચ્છનું કેડિયું એ જે એમની સરસ કામગીરી હતી, એ કચ્છ પૂરતી અને માત્રને માત્ર ગુજરાત પૂરતી સીમિત હતી. પરંતુ આજે વિદેશમાં પણ એનું વેચાણ કરે છે. એની સાથે હું વાત કરીશ કે આપણે મહિલાઓની ચિંતા કરી અને મહિલા આયોગની રચના કરી. મને ખબર છે કે મહિલાઓના જયારે કોઇ પણ પ્રોબ્લેમ હોય, જે ઘરના નાના મોટા પ્રોબ્લેમ હોય અને કોર્ટમાં કેસ જાય તો દસ દસ વર્ષ નીકળી જાય છે. પરંતુ મને ખબર છે કે આ મહિલા આયોગ દ્વારા ૮૦ ટકા કેસોનું સોલ્યુશન આપણે અહીંયા કરી શકીએ છીએ. મહિલાઓને, દીકરા અને દીકરીઓનું સમાધાન

કરીને એમના ઘરે મોકલીએ છીએ. તેનાથી આગળ હું કહીશ કે જયારે આપણી દીકરીઓ કોલેજમાં ભણવા જાય છે, સ્કૂલોમાં ભણવા જાય છે ત્યારે મહિલા આયોગ દ્વારા એ લોકોને પણ જ્ઞાન આપવામાં આવે છે કે તમને ત્યાં કોઇ તકલીફ પડે તો તમે કઇ કઇ વસ્તુઓનો લાભ લઇ શકો છો અને કયા કયા કાયદા દ્વારા તેનો સામનો કરી શકો છો. માનનીય અધ્યક્ષશ્રી હું આ માગણીઓને સમર્થન આપું છું.

શ્રી લક્ષ્મણજી પું. ઠાકોર**(**કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ સભાગૃહ સમક્ષ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની સને ૨૦૨૩-૨૪ માટેની માગણી ક્રમાંક-૯૨ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને તેના પર મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી**,** આજે ગુજરાત દેશનું અગ્રીમ રાજય ગણાય છે, ત્યારે છેલ્લાં ૨૭ વર્ષથી ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળની રાજય સરકાર વિકાસની રાજનીતિ સાથે વહીવટ કરી રહી છે. ભારતીય જનસંઘની સ્થાપના બાદ પંડિત દીનદયાળજીએ કહ્યું હતું કે દરેક સમાજમાં પગથીયે બેઠેલ વ્યક્તિ અમારું પ્રથમ લક્ષ છે. આથી આપણે તેમને ભગવાન માનવાના છે અને તેમની પૂજા કરવાની છે. આ આપણો સામાજિક અને માનવ ધર્મ છે. એટલે જ રાજયના ગરીબ અને પીડિત, શોષિત વર્ગોના સર્વાંગી વિકાસ માટે આ સંવેદનશીલ રાજય સરકારે અનેક પ્રજા હિતલક્ષી પગલાં લીધાં છે. સમાજનો દરેક વર્ગ પોતાનાં બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે વિશેષ પ્રયત્ન કરે છે. સરકારે ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગ માટે પાયાની સુવિધાઓ સહિત સામાજિક સુરક્ષા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે કુલ રૂ.૫,૫૮૦ કરોડની જોગવાઇ કરેલ છે તે બદલ હું રાજય સરકારનો આભાર માનું છું. રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનામાં મુખ્ય કમાનાર વ્યક્તિનું અવસાન થયેથી રૂ.૨૦ હજારની સહાય એકવાર આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ફેબ્રુઆરી ૨૦૨૩ સુધી કુલ ૮,૦૮૬ લાભાર્થીઓ માટે કુલ રૂ.૧૬.૧૭ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧૦ હજાર લાભાર્થીઓને લાભ આપવા માટે કુલ રૂ.૨૦ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવેલ છે. વૃદ્ધ સહાય મેળવતા લાભાર્થીનું અવસાન થાય ત્યારે અંત્યેષ્ઠી માટે રૂપિયા પાંચ હજાર ઉચ્ચક સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ફેબ્રુઆરી ૨૦૨૩માં કુલ ૨૮ લાભાર્થીઓ માટે રૂ.૦.૧૪ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૫ હજાર લાભાર્થીઓ માટે રૂ.૨.૫૦ કરોડની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવેલ છે. સામાજિક સુરક્ષા અંતર્ગત ચાલતી યોજનાઓમાં મારા કલોલ મત વિસ્તારની વાત કરીએ તો ઓલ્ડ એજ પેન્શન સ્કીમમાં કુલ ૨,૭૪૫ લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધેલ છે અને નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં મારા કલોલ મત વિસ્તારમાં કુલ ૬૦૩ લાભાર્થીઓ અને ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજનામાં કુલ ૮,૭૧૬ લાભાર્થીઓએ આ યોજનાનો લાભ લીધેલ છે. ખાસ કરીને એવા લોકો જેમને સામાજિક અથવા ભૌગોલિક કારણસર વિકાસની પૂરતી તકો મળી ન હતી એવા સમાજના ગરીબ, વંચિતોને વિકાસની મુખ્ય ધારામા જોડવા તેઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે આ સરકારે પ્રયાસો કર્યા છે. અનુસૂચિત જાતિ, વિચરતી અને વિમુકત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ તેમજ લઘુમતીઓના સામાજિક, શૈક્ષણિક અને આર્થિક વિકાસ થકી સામાજિક સમરસતાનું વાતાવરણ સર્જાય તે માટે સરકાર સંવેદનશીલ છે અને પ્રતિબદ્ધ છે. વિવિધ કલ્યાણકારી યોજનાના લાભ લક્ષિત લાભાર્થી સુધી પહોંચાડવા પણ સરકાર પ્રતિબદ્ધ છે. આવી યોજના હેઠળ પાત્રતા ધરાવતી વ્યક્તિઓ સરળતાથી અરજી કરી શકે તેના માટે આ યોજનાનું ઇ-ગ્રામ યોજના સાથે જોડાણ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારની રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ નિરાધાર વૃદ્ધો માટે આર્થિક સહાય યોજના અંતર્ગત અંદાજિત ૧૧ લાખ વૃદ્ધોને માસિક પેન્શન આપવા રૂ.૧,૩૪૦ કરોડની જોગવાઇ આ સરકાર દ્વારા કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના, સંત સુરદાસ દિવ્યાંગ પેન્શન યોજના અંતર્ગત દિવ્યાંગોને પેન્શન આપવા રૂ.૫૮ કરોડની જોગવાઇ સરકારે કરેલ છે. સંકટ મોચન યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળના કુટુંબના મુખ્ય કમાનાર વ્યક્તિના દુઃખદ અવસાનથી આવી પડેલ મુશ્કેલભરી પરિસ્થિતિમાં કુટુંબને સહાય માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ કરેલ છે. દિવ્યાંગજનોને સાધન-સહાય તથા એસ.ટી. બસમાં મફત મુસાફરીનો લાભ આપવા રૂ. ૫૨ કરોડની જોગવાઇ કરેલ છે. દિવ્યાંગોને લગ્ન સહાય યોજના હેઠળ રૂ.૭ કરોડની જોગવાઇ કરેલ છે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પણ શિક્ષણના દરેક સ્તરે શિષ્યવૃત્તિ આપવા માટે રૂ.૧ કરોડની જોગવાઇ કરેલ છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અંતર્ગત વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ વિશે જણાવતા આનંદ થાય છે કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૩૩ નિવાસી શાળાઓ ચાલે છે. આ શાળાઓમાં ૯,૦૦૦ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ભણવા રહેવાની અને જમવાની સવલત આપવામાં આવી રહી છે.

<u>સભાપતિશ્રી</u> : આપનો સમય પૂરો થાય છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**સભાગૃહમાં મંત્રીશ્રીઓની ગેરહાજરી અંગે**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિધાનસભા ગૃહમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ અને મહિલા બાળવિકાસ વિભાગની માગણીઓમાં મોટા સમાજની માગણીઓ ઉપર ચર્ચા થતી હોય ત્યારે ટ્રેઝરી બેંચમાં ફક્ત જેને જવાબ આપવાનો છે એ મંત્રીશ્રી હાજર હોય, આખી કેબિનેટ ગેરહાજર હોય એ મારી દ્દષ્ટિએ યોગ્ય નથી. આપ આમાં કંઇ આદેશ કરો એવી વિનંતી છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું, શ્રી ભીખુસિંહજી, શ્રી મુકેશભાઇ, શ્રી બચુભાઇ, શ્રીમતી ભાનુબેન અને બધા જ મંત્રી તરીકે હાજર છીએ. અનિવાર્ય સંજોગોના કારણે આગળના મંત્રીઓ છે તેમને અત્યારે સરકારનો કાર્યક્રમ છે એ અર્થે ચેન્નાઇ જવાનું છે. એમની ફ્લાઇટનો સમય હશે એટલે વહેલા ગયા હશે. બાકી અમે બધા મંત્રીઓ અને ગૃહના તમામ સભ્યો હાજર છીએ. કાલે અગત્યની ચર્ચાઓ હતી છતાંય કોંગ્રેસમાંથી ડો.સી.જે. ચાવડા સિવાય એક પણ ધારાસભ્ય હાજર ન હતા. જ્યારે ખેડૂતોની ચર્ચા થતી હોય, ગરીબોની ચર્ચા થતી હોય ત્યારે કોઇ હાજર રહેતું નથી. અત્યારે અમે બધા જ હાજર છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જગદીશભાઇએ જે ચર્ચા કરી. માનો કે કેબિનેટ મંત્રીશ્રીઓને કદાચ કોઇ કાર્યક્રમના અનુસંધાનમાં બહાર જવાનું હોય તો અમને ખ્યાલ નથી. સભાગૃહમાં અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરવું જોઇએ. હું જ્યારે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવું છું ત્યારે અધ્યક્ષશ્રીના ધ્યાનમાં પણ હોવું જોઇએ કે મારી પાસે માહિતી છે કે આ મંત્રીશ્રીઓ ગુજરાત બહાર પ્રવાસમાં ગયા હોવાના કારણે હાજર રહી શક્યા નથી અને રહી વાત અમારી, તો અમે વિધાનસભા ગૃહના અધ્યક્ષશ્રીને જાણ કરી હતી કે અમે આ રીતે એક દિવસ માટે સભાગૃહમાં હાજર રહી શકવાના નથી. અમે તો કહીને ગયેલા છીએ.

સભાપતિશ્રી : માનનીય શૈલેષભાઇ પરમારે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો છે તેના અનુસંધાનમાં રાજ્ય સરકારના મંત્રીશ્રી જગદીશભાઇએ તેમની વાત રજૂ કરી છે. આપે મારું ધ્યાન દોર્યું એ પહેલાં જ મેં પણ માનનીય દંડકશ્રીનું ધ્યાન દોર્યું અને દંડકશ્રીએ મને માહિતી પણ પહોંચાડી કે રાજ્ય સરકારના અગત્યના કાર્યક્રમમાં મંત્રીશ્રીઓને રાજ્યની બહાર જવાનું થયું છે. આમ તો રાજ્ય સરકારના મંત્રીશ્રીઓમાં ઘણા બધા મંત્રીશ્રીઓ હાજર છે અને વિશેષ કરીને જે મંત્રીશ્રી માગણી લઇને આવ્યા હોય એ ગેરહાજર હોય તો આપણે મુદ્દો ઉપસ્થિત કરીએ તો ઠીક છે. મંત્રીશ્રી પોતે જવાબ આપવા માટે હાજર છે અને બાકીના રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ પણ હાજર છે એટલે આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરવામાં આવે છે.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની બજેટ ની માગણી નંબર-૯૨, ૯૫ અને ૧૦૫ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા અને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર સામાજિક સુરક્ષા અને કલ્યાણ વિભાગ જે સમાજની અંદર સામાજિક અસમાનતા છે એને સમતોલ કરવા માટેની, વિકાસ માટેના તમામ પાસાઓને આવરી લઇને આ વિભાગમાં અલગ અલગ જોગવાઇઓ કરવામાં આવે છે. એમના શૈક્ષણિક ઉત્થાન માટે, એમના સામાજિક ઉત્થાન માટે, એમના સામાજિક અધિકાર માટે, સામાજિક ન્યાય માટે અને સામાજિક સુરક્ષા માટે એના આર્થિક ઉપાર્જન માટેની યોજનાઓ, એને રોજગારી, એનો જીવનનિર્વાહ આ તમામ પાસાઓને લઇને છેલ્લે સન ૨૦૦૨ પછી આ વિભાગોમાં જે કંઇ થોડી ઘણી ત્રૂટીઓ કે ખામીઓ હતી એમાં સુધારા કરીને આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને ખાસ કરીને માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સન ૨૦૦૨માં આ ધૂરા સંભાળી ત્યારથી આ તમામની કાળજી રાખીને એમના સામાજિક ઉત્થાન માટેની અને છેવાડાનો નાગરિક કોઇપણ યોજના, વિકાસ, આર્થિક ઉપાર્જનથી છૂટી ન જાય એ તમામ પાસાઓને આવરી લઇને અને એમાં પણ ખાસ કરીને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ બક્ષીપંચ છે. સમગ્ર ગુજરાતમાં ૧,૬૦૦ કિલોમીટરનો લાંબો દરિયાકિનારો છે, આ રાજયની અંદર બક્ષીપંચ એ દરિયાકિનારે વસતો મોટો સમૂહ છે. દરિયાકાંઠે ખાસ ખેતીલાયક જમીન ન હોવાથી પોતાના ગામડામાંથી જયાં સુદઢ ખેતી થતી હોય છે અથવા તો બાજુમાં જે જિલ્લાઓ કે તાલુકા હોય છે ત્યાં પોતે દર વર્ષે છ-છ મહિના સુધી ખેતી સાથે જોડાઇ અને ખેતમજૂરી કરીને પોતાના નિર્વાહ માટે બીજે ગામ જતા હોય છે ત્યારે આ રાજયના દરિયાકાંઠાના વિસ્તારમાં આશ્રમશાળાઓ છે એમાં એમના સંતાનોને ભણવા માટે મૂકીને જાય છે. બક્ષીપંચના લોકો માટે આશ્રમશાળાઓ વરદાન સમાન હોય છે. આદર્શ નિવાસી શાળાઓ પણ આ સમાજ માટે ખૂબ ઉપયોગી છે. વિશેષ વાત નહીં કરતા આ બક્ષીપંચની સદર વસ્તીના ૧૩૪ તાલુકાની આપણે અલગ તારવણી કરી છે. એમાં આર્થિક સાથેસાથે માળખાકીય સુવિધા, ગામડાઓની અંદર મળી રહે એ માટે જિલ્લા આયોજન મંડળો દ્વારા એની ગ્રાન્ટ ફાળવી અને બક્ષીપંચની સુદઢ વસ્તી હોય ત્યાં નાનાં મોટાં વિકાસનાં કામો થાય એના માટે જિલ્લા આયોજન મંડળમાં આપણે ગ્રાન્ટો ફાળવીએ છીએ. ૧૩૪ તાલુકાઓની અંદર અને ખાસ કરીને અમારા ભાવનગર જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી આ વિભાગના જ મંત્રીશ્રી છે, એમને ફકત આપના દ્વારા એક સૂચન કરું છું કે આ દરેક તાલુકામાં પાંચ લાખ રૂપિયા બક્ષીપંચના ખાસ વિશેષ કામ માટે ફાળવીએ છીએ એ ગ્રાન્ટમાં પણ થોડોઘણો વધારો થાય અને ખાસ કરીને બક્ષીપંચની આવાસ યોજનાની જે આપણે સહાય આપીએ છીએ એ ૧ લાખ અને ૨૦હજાર રૂપિયા સહાય આપીએ છીએ. એમાં પણ માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી કરીએ કે કેબિનેટમાં મૂકીને એમાં પણ વધારો કરે. આ મારાં બે સૂચનો સાથે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપીને વિરમું છું.

શ્રી હાર્દિક ભ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર પહેલી વખત સામાજિક ન્યાય અને અધિકારિતાના મુદ્દે અને એમાં પણ મને આજે વિશેષ બિનઅનામત વર્ગને જે પણ સામાજિક ન્યાય રાજય સરકારે આપ્યો છે અને મને અહીં બોલવાનો અવસર આપ્યો છે એ બદલ ગૃહનો આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર પહેલી વખત એવું બન્યું કે સને ૧૯૮૫ની અંદર જાતિઓના સમીકરણ બનાવીને ૧૪૯ સીટ જીતવાનો એ સમયે વિપક્ષને શ્રેય મળેલો, પરંતુ પહેલી વખત ગુજરાતની અંદર વિકાસને મહત્ત્વ આપીને

૧૫૬ સીટ જીતવાનો શ્રેય જો કોઇને હોય તો એ ભારતીય જનતા પાર્ટીને સરકારને છે,એટલા માટે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ. ગુજરાતના સાડા છ કરોડ લોકો ગુજરાતની ભારતીય જનતા પાર્ટી સાથે રહ્યા છે. સમગ્ર ગુજરાતની અંદર તમામ સમાજોને બરાબરનો ન્યાય મળે, અધિકાર મળે તેના ભાગરૂપે વર્ષ ૨૦૧૫માં ગુજરાતમાં સામાજિક ન્યાય માટે પાટીદાર સમાજનું આંદોલન થયું. ત્યારબાદ આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે બિન અનામત આયોગ અને નિગમ બનાવ્યું. સમગ્ર ભારતમાં કોઇપણ રાજ્યમાં આવું આયોગ નથી, માત્ર ગુજરાતમાં બિન અનામત આયોગ અને નિગમ છે. જેનો લાભ હજારો યુવાનો આ આયોગના માધ્યમથી લઇ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીનો અને ભારતીય જનતા પાર્ટીની સરકારનો આભાર વ્યક્ત કરું છું કે, આર્થિક ઉત્કર્ષ માટે આ વખતે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક હેતુ માટે અને યુવાનોને સ્વરોજગારી માટે રૂપિયા ૫૦૦ કરોડની વિશેષ જોગવાઇ આ વખતના બજેટમાં કરવામાં આવી છે. કોઇપણ સમાજની અંદર, કોઇપણ વ્યક્તિ હોય, ઘણી વખત એવું હોય છે કે પટેલ સમાજ હોય, બ્રાહ્મણ સમાજ હોય કે રાજપૂત સમાજ હોય, કોઇપણ હોય, એ સમાજમાં પણ ઘણાં ગરીબ બાળકો અને વિદ્યાર્થીઓ હોય છે. એ વિદ્યાર્થીઓ ભણવામાં હોંશિયાર હોય પણ મમ્મી-પપ્પા પાંચ વીઘાની અંદર ખેતી કરતા હોય, મહેનત કરતા હોય, ડુંગળી અને રોટલો ખાઇને પોતાનું જીવન ગુજારતા હોય અને એનાં બાળકો જ્યારે ધોરણ-૧૨ની અંદર ૭૦, ૭૫ કે ૮૦ ટકા લાવે અને અમદાવાદ કે વડોદરાની કોઇ સરકારી સ્કૂલની અંદર, કોલેજની અંદર સારું એડિમશન ન મળે તો આવાં બાળકો માટે રાજ્ય સરકારે વિશેષ યોજનાઓ બનાવીને એના ભણતર માટે, એના ટ્યૂશન માટે, એની હોસ્ટેલ માટે, એના ચોપડા માટે વિવિધ યોજનાઓ હેઠળ બિન અનામત વર્ગના આયોગના માધ્યમથી સહાય આપવામાં આવે છે. મને કહેતા આનંદ થાય કે બિન અનામત નિગમ અને આયોગમાં ભોજન બિલ સહાય આપવામાં આવે છે. ટ્યૂશનની સહાય આપવામાં આવે છે. JEE, NEET, GUJCET માટે વિશેષ કલાસ કરવા હોય તો એની સહાય આપવામાં આવે છે. સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમની સહાય આપવામાં આવે છે. અભ્યાસ માટે વિદેશ જવું હોય તો એને વિશેષ લોનની સહાય આપવામાં આવે છે. સ્વરોજગારલક્ષી લોન આપવામાં આવે છે. શૈક્ષણિક અભ્યાસ માટે લોન આપવામાં આવે છે. કોમર્શિયલ પાઇલટની તાલીમ લેવી હોય તો એના માટેની પણ લોન આપવામાં આવે છે. આજે આ ગૃહમાં કહેતાં મને વિશેષ આનંદ થાય છે કે સને ૨૦૧૮થી લઇને આજે સન ૨૦૨૩ દરમિયાન બિન અનામત આયોગ અને નિગમનો કુલ મળીને ૧ લાખ ૪૬ હજાર ૧૮૩ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે. રૂ. ૧,૬૦૦ કરોડ આ લાભાર્થીઓ સુધી પહોંચાડવાનું કામ આ રાજ્ય સરકારે કર્યું છે. અત્યાર સુધી અમે આંદોલનનો ભાગ હતા અને આ ગૃહની અંદર ખૂબ હૃદયના ભાવ સાથે સરકારનો આભાર વ્યકત કરું છું કે આ બિન અનામત આયોગ અને નિગમે લાખો વિદ્યાર્થીઓના ભવિષ્યને સુધારવા માટે વિશેષ કામ કર્યું છે. આપના માધ્યમથી મારી માનનીય મંત્રીશ્રીને એક વિનંતી પણ કરીશ કે કદાચ વિદેશ અભ્યાસ કરવા જવાની લોન માટે નાની મોટી તકલીફ આયોગ અને નિગમની અંદર થતી હોય તો એમાં સરળતા લાવે. ઘણીવાર એવું થતું હોય છે કે વિદેશ ગયા પછી, ફી આપી દીધા પછી એમની લોન મંજૂર કરવામાં આવતી હોય છે. એના કારણે આવા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ખૂબ નુકસાન થતું હોય છે. આપને પણ મારી ખાસ વિનંતી એ છે કે આ ગૃહની અંદર વિવિધ સમિતિઓ પણ રચાયેલ છે. બિન અનામત આયોગ અને નિગમને લઇને કોઇ વિશેષ સમિતિ આ ગૃહમાં હોય. જેથી કરીને ગરીબ અને મધ્યમવર્ગના પરિવારો જે બિન અનામત વર્ગમાં આવે છે એના માટે વિશેષ યોજનાઓ થઇ શકે. મારી વાત આપ સમક્ષ મૂકી છે. આપનો આભાર.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતાની માગણી નં.૯૨ અને મહિલા અને બાળ વિકાસ માટેની માગણી નં. ૧૦૫ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.બાબાસાહેબ આંબેડકરે પછાત સમાજને મુખ્ય ધારામાં લાવવા માટે ભારતના બંધારણમાં અનામત આપવાનું કામ કર્યું છે. આ મહાન અને દિવ્ય ડો.બાબાસાહેબ આંબેડકરનું તૈલચિત્ર વિધાનસભાના ગૃહની અંદર પ્રસ્થાપિત થાય તેવી મારી વિનંતી છે. સરકારની ઓ.બી.સી. સમાજ પ્રત્યેની ઉદાસીનતા કે *(xxx) ઓ.બી.સી. કમિશનનો અહેવાલ વિલંબ થવાના કારણે ગ્રામ પંચાયતોની ચૂંટણી, નગરપાલિકાઓની ચૂંટણી કે જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ઓ.બી.સી. અનામતનો લાભ અત્યારે મળતો નથી. ઝવેરી કમિશનની મુદત ૧૨મી માર્ચે પૂરી થઇ ગઇ છે. ભાજપની ૨૭ વર્ષ જૂની સરકાર સામાજિક રીતે પછાત વર્ગ (xxx) માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીજી પછી એક પણ મુખ્યમંત્રી ઓ.બી.સી. સમાજનો, કોળી કે ઠાકોર સમાજનો બનાવવામાં આવ્યો નથી. છેલ્લાં બે વર્ષથી પછાત સમાજના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પણ મળી નથી. (અંતરાય)

સભાપતિશ્રી : એક મિનિટ, માનનીય ઉમેશભાઇ પોઇન્ટ ઓફ ઓર્ડર છે, આપ બેસો.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, (xxx) એવું નહીં કહી શકાય.

સભાપતિશ્રી : એ શબ્દો આપણે રેકર્ડ પરથી દૂર કરીએ છીએ.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

શ્રી અમીતભાઇ ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમારી મંત્રીશ્રીને વિનંતી છે કે ઓ.બી.સી. સમાજની અનામત માટેનું ઝવેરી કમિશન બનાવ્યું છે એ ઝવેરી કમિશનની મુદત ૧૨મી માર્ચે પૂરી થઇ ગઇ છે. હજુ સુધી મુદત પણ વધી નથી, રિપોર્ટ પણ જમા નથી થયો એના લીધે આખા ગુજરાતમાં ચૂંટણીઓ નથી થતી તો (xxx) એનો જવાબ એમના પ્રવચનમાં આપે?

સભાપતિશ્રી : જવાબની જરૂર પડશે તો મંત્રીશ્રી આપશે. માનનીય ઉમેશભાઇ, આપનો સમય બગડે છે. આપની પાસે બે જ મિનિટનો સમય છે. (અંતરાય) દેશના વડાપ્રધાન ઓ.બી.સી. સમાજના છે એ આખો દેશ જાણે છે એમાં કહેવાની જરૂર નથી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, બક્ષીપંચ સમાજનો વિભાગ કે મંત્રાલય બનાવવાની જવાબદારી સરકારની હોય છે એ પણ નિભાવી નથી. ભાજપની સરકાર ઓ.બી.સી. સમાજને મળતા બંધારણીય હક્ક અનામત આપવા માગતી નથી. ઓ.બી.સી. સમાજના ઠાકોર, કોળી વગેરે પછાત સમાજના લોકોને ગુજરાતના ૧૮,૦૦૦ ગામોમાં સરપંચ, નગરપાલિકાના પ્રમુખ કે જિલ્લા પંચાયતના પ્રમુખ બને એ બનાવવા માગતી નથી. ગુજરાતમાં ઓ.બી.સી. સમાજની વસ્તી ૫૧ ટકા કરતા પણ વધારે છે આવડા મોટા ઓ.બી.સી. સમાજને વસ્તી પ્રમાણે બજેટ ફાળવવામાં સરકાર ઉદાસીનતા દર્શાવે છે. ઓ.બી.સી. સમાજમાંથી સૌથી વધુ વસ્તી કોળી અને ઠાકોર સમાજની છે. માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ દુ:ખ સાથે કહેવું પડે છે કે કોળી અને ઠાકોર સમાજ વિકાસનું નિગમ છે એ (xxx) બની ગયું છે. આ વિભાગમાં ખૂબ નહિવત ગ્રાન્ટ આપવામાં આવે છે. આવા મોટા સમાજ માટે રૂપિયા ૧,૫૦૦ કરોડથી વધારે બજેટ ફાળવવું જોઇએ. ગુજરાતમાં જિલ્લાવાર કે તાલુકાવાર ઓ.બી.સી. સમાજના વિદ્યાર્થીઓ માટે ગર્લ્સ કે બોયઝ હોસ્ટેલ બનાવવામાં સરકાર બિલકુલ નિષ્ફળ નીવડી છે. (અંતરાય)

સભાપતિશ્રી : એક મિનિટ, માનનીય ઉમેશભાઇ પોઇન્ટ ઓફ ઓર્ડર છે, આપ બેસો.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, (xxx) શબ્દ અસંસદીય હોવાથી દૂર કરવો પડે.

સભાપતિશ્રી : એ શબ્દ અસંસદીય હશે તો આપણે રેકોર્ડ જોઇને દૂર કરીશું. હવે આપની પાસે એક મિનિટનો સમય છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં શિક્ષણનું વેપારીકરણ કરી નાખ્યું છે જેના કારણે ઓ.બી.સી. સમાજના એસ.ટી., એસ.સી. સમાજનાં બાળકો શિક્ષણથી વંચિત રહી ગયા છે. ગુજરાતમાં એસ.ટી., એસ.સી. કે લઘુમતી સમાજના વિદ્યાર્થીઓને સરકારી ભરતીમાં ખૂબ અન્યાય થઇ રહ્યો છે. રોસ્ટર પ્રમાણે ઓ.બી.સી. સમાજનાં બાળકો કે વિદ્યાર્થીઓની ભરતી કરવામાં આવતી નથી જેનું ઉદાહરણ પી.એસ.આઇ.ની ભરતીમાં જોવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગની વાત કરું તો નાનાં બાળકો કુપોષણનો ભોગ બની રહ્યાં છે. મારા મત વિસ્તાર બોટાદ જિલ્લાની વાત કરું તો મોટા ભાગની આંગણવાડીઓમાં નહિવત સંખ્યા જોવા મળે છે. મોટાભાગની આંગણવાડીઓ ભાડાના અને જર્જરિત મકાનમાં ચાલે છે. આંગણવાડી કેન્દ્રોમાં ટોઇલેટ અને પીવાના શુદ્ધ પાણીનો અભાવ જોવા મળે છે.

સભાપતિશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રીમતી ભાનુબેન બાબરિયા(સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી) :માનનીય અધ્યક્ષશ્રી, કોઇ એક સમાજના નહીં (અંતરાય)

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં સવાલ પૂછ્યા છે એના જવાબ આપે. (અંતરાય)

સભાપતિશ્રી : અત્યારે ના કહી શકો. એમના જવાબ પછી પ્રશ્ન પૂછી શકાશે. અત્યારે નહીં, જવાબ પછી.

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ એક સમાજના નહીં પરંતુ સમગ્ર સમાજના વિશ્વ વિરલ વિભૂતિ એવા ડો. બાબાસાહેબ આંબેડકરને વંદન સાથે હું મારી વાત રજૂ કરું છું. આ ચર્ચામાં ભાઇશ્રી જીજ્ઞેશભાઇ, મારા આદરણીય વડીલશ્રી રમણભાઇ, શ્રી અર્જુનસિંહભાઇ, શ્રી કરસનકાકા, શ્રીમતી સંગીતાબેન, શ્રી અલ્પેશભાઇ, શ્રીમતી માલતીબેન, શ્રીમતી દર્શનાબેન, શ્રી બલરાજસિંહ, શ્રી લક્ષ્મણભાઇ, શ્રી શીવાભાઇ, શ્રી હાર્દિકભાઇ અને શ્રી ઉમેશભાઇ સર્વ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો છે. આજે પંદરમી વિધાનસભામાં પ્રથમવાર જ મારા બંને વિભાગ સામાજિક ન્યાય અને અધિકારિતા તથા મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી લઇને ઉપસ્થિત થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તે બદલ હું ગૌરવની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી**,** વર્ષ ૨૦૨૨થી ૫ વર્ષ માટે રાજકોટ ગ્રામ્યના પ્રતિનિધિ તરીકે મારી પસંદગી કરવા બદલ લોકોના હૃદયસમ્રાટ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ અને ભારતીય જનતા પાર્ટીના મોવડીમંડળનો હું હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું. જયારે મૃદુ અને મકકમ એવા મુખ્યમંત્રીશ્રીએ આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન આપણા રાજયના મંત્રીમંડળના સામાજિક ન્યાય અને અધિકારિતા એવા મહિલા અને બાળ કલ્યાણ કેબીનેટ મંત્રી તરીકે મારી ઉપર જે વિશ્વાસ મૂકયો છે તે બદલ ધન્યતા અનુભવું છું. લોકશાહીના આધારસ્તંભ એવા ગુજરાત રાજયની જનતાના પ્રશ્નોનું નિરાકરણ કરનાર એવા પવિત્ર મંદિર સમાન આ સભાગૃહના સભ્ય તરીકે વર્ષ ૨૦૦૭થી ૨૦૧૭ એટલે કે ૧૦ વર્ષ ભારતીય જનતા પાર્ટીએ મને રાજકોટ ગ્રામ્યના પ્રતિનિધિ તરીકે લોકસેવા કરવાની અને આ સભાગૃહમાં અંદાજપત્ર સભાગૃહની કામગીરી

પરત્વે જુદાજુદા વિષયો ઉપર એક સભ્ય તરીકે અનેક વખત ચર્ચાઓમાં ભાગ લેવાનું અને લોકપ્રશ્નોની રજૂઆત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. માનનીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ડબલ એન્જિનની સરકાર, સૌના સ્વપ્ના કરશે સાકાર, આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત સુધીની દિશામાં રાજ્ય અગ્રેસર થશે એવો માનનીય વડાપ્રધાનશ્રીનો સંકલ્પ થશે ચરિતાર્થ. ભારતીય સંવિધાનના ઘડવૈયા અને સ્વતંત્ર ભારતના અધિનાયક ડો. ભીમરાવ બાબાસાહેબ આંબેડકરના દરેક ભારતીયને કોઇપણ જાતના ભેદભાવ વિના ભારતીય સંવિધાન દ્વારા અપાયેલા અધિકારોના મંત્રને સાર્થક કરવાના આદરણીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી આ સરકાર સંકલ્પબદ્ધ છે. વીજળી, પાણી, શિક્ષણ, કૃષિ અને સ્વાસ્થ્ય એમ પંચશક્તિ આ સરકારની અગ્રતા છે. જેનાથી પછાત વર્ગના લોકો, મહિલાઓ અને બાળકો વંચિત ન રહે તેવા નિર્ણયોના અમલીકરણ માટે અમારી સરકાર પ્રતિબદ્ધ છે. વિશ્વનું સૌથી શ્રેષ્ઠ બંધારણ એટલે ભારતીય બંધારણ. ભારતીય બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરે કહેલું જયારે કોઇ શહેર, કોઇ રાજય કે કોઇ રાષ્ટ્રનો વિકાસ થતો હોય તો વિકાસના મુખ્ય પ્રવાહમાં આર્થિક રીતે પછાત અને નબળા વર્ગનો જો સમાવેશ કરવામાં આવે તો તે શહેર, રાજય અને રાષ્ટ્રનો શ્રેષ્ઠ વિકાસ થતો હોય છે. આ જ વિચારધારાનો અમારી ભારતીય જનતા પાર્ટી અમલ કરે છે અને એ જ રીતે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરે છે અને છેલ્લાં ૨૭ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને આ વખતે પણ પ્રજાએ જંગી બહુમતીથી આ સેવાના માધ્યમથી અમને ૧૫૬ સીટથી વિજયી બનાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું પ્રથમ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની માગણીઓ વિધાનસભા ગૃહ સમક્ષ રજૂ કરું છું. આજે ચૈત્ર સુદ ત્રીજ અને શુક્રવાર સંવત ૨૦૭૯ મનોરથ તૃતિયા દિવસ છે. આ દિવસે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના વિકસતા સમાજ માટે તમામ મનોરથો સિદ્ધ થાય એવી મનોકામના પણ વ્યકત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૩-૨૪ માટે રાજ્યનું કુલ રૂ.૩,૦૧,૦૨૨ કરોડનું જે ઐતિહાસિક બજેટ રજૂ કર્યું છે, તેમાં અનુસૂચિત જાતિ, વિકસતિ જાતિ અને સમાજ સુરક્ષા તથા અનુસૂચિત જાતિ પેટા યોજના સહિત રૂ.૧૦,૫૫૮ કરોડ ૭૨ લાખની જોગવાઇ કરી છે. જે ગત વર્ષ કરતાં રૂ.૧,૯૩૪.૭૫ લાખનો વધારો એટલે કે ૨૨.૪૩ ટકાનો વધારો દર્શાવે છે તે બદલ આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તથા માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો આભાર વ્યક્ત કરું છું. અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુક્ત જાતિઓ, લઘુમતી, બિન અનામત વર્ગો, દિવ્યાંગો, નિરાધાર, વૃદ્ધ અને થર્ડ જેન્ડર આ સર્વે સમૂહની રાજ્યની લગભગ ૯૦ ટકા વસતિ તરફથી આભાર પ્રગટ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા હસ્તકના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં રૂ.૧૦,૫૬૭ કરોડ ૪૬ લાખની સૂચિત જોગવાઇમાં સમાવિષ્ટ કુલ ચાર માગણીઓ પૈકી મુખ્યત્વે માગણી ક્રમાંક-૯૨ સામાજિક સુરક્ષા અને કલ્યાણ હેઠળ રૂ.૩,૮૨૧ કરોડ ૬૮ લાખ અને માગણી ક્રમાંક-૯૫ અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ રૂ.૬,૭૩૭ કરોડ ૦૪ લાખ એમ કુલ રૂ.૧૦,૫૫૮ કરોડ ૭૨ લાખની માગણી રજૂ કરવા માટે આ સભાગૃહમાં ઉપસ્થિત થઇ છું. ઉપરોક્ત માગણીઓ જોતા મને લાગે છે કે, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તક આવતી જુદા જુદા સમાજો માટેની વિવિધ યોજનાઓના અમલીકરણ માટે આ અંદાજપત્રમાં માતબર રકમ ફાળવવામાં આવેલ છે. આગામી વર્ષ ૨૦૨૩-૨૪ માટે અમારી સરકારે મંજૂર કરેલ નવી બાબતોની વિગતો આ સભાગૃહને આપતાં જણાવું તો અનુસૂચિત જાતિ કલ્યાણ અને વિકસતિ જાતિ કલ્યાણની વિવિધ યોજનાઓનું ઇ-ગ્રામ કેન્દ્ર સાથે જોડાણ કરવા માટે રૂ.૬૭ લાખની જોગવાઇ, છોટાઉદેપુર, મોરબી, ગીર સોમનાથ જિલ્લામાં નવા ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવનના બાંધકામ માટે રૂ.૫ કરોડ ૨૨ લાખની જોગવાઇ, વિકસતિ જાતિના વિદ્યાર્થીઓ માટેના સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે લિફ્ટ તથા હેન્ડીકેપ ટોઇલેટ બનાવવા માટે રૂ.૧ કરોડ ૦૮ લાખની જોગવાઇ, રાજકોટ ખાતે રૂ.૬ કરોડના ખર્ચે ધોરણ-૧૧-૧૨ કક્ષાના સરકારી છાત્રાલયોના બાંધકામ માટે પ્રથમ તબક્કે રૂ.૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાલક માતા-પિતા યોજનાના ધારોધોરણોમાં સુધારો કરવામાં આવશે. જે અન્વયે માતા મૃત્યુ પામેલ હોય અને પિતાએ પુનઃલગ્ન કર્યા હોય તથા બાળક પિતા સાથે રહેતું હોય, ન રહેતું હોય તેવાં બાળકોને પણ આ યોજનામાં લાભ આપવામાં આવશે. તેના માટે રૂ.૩ કરોડ ૬૦ લાખની જોગવાઇ. પાલક માતા-પિતા યોજના અંતર્ગત મુખ્યમંત્રી બાળસેવા યોજનાના લાભાર્થી પૈકીની દીકરીઓ લગ્ન સમયે પોતાના માતા-પિતાની ગેરહાજરી અનુભવે નહીં અને રાજ્ય સરકાર તેની પડખે ઊભી છે તેવો વિશ્વાસ સંપાદન કરવા તથા આવી દીકરીઓને પોતાના માતા-પિતા ન હોવાથી તેઓના લગ્ન પછી પોતાના ઘર સંસાર ચલાવવા જીવન જરૂરી ચીજવસ્તુઓ વસાવવા તેમજ નાની મોટી રોજગારી થકી આર્થિક રીતે પગભર થઇ શકે તેવા ઉમદા આશયથી રાજ્ય સરકાર દ્વારા આ દીકરીઓના લગ્ન પ્રસંગે રૂ.૨ લાખની સહાય આપવાનો અતિ સંવેદનશીલ નિર્ણય લીધો છે. જેના માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ કરી છે. ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ મોડાસા, જિલ્લોઃ અરવલ્લી ખાતે નવા મકાન બાંધકામ માટે રૂ.૨ કરોડ ૬૬ લાખની જોગવાઇ, શિશુગૃહ સુરતની સંસ્થાના નવા મકાન બાંધકામ માટે રૂ.૮૧ લાખની જોગવાઇ, અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના લાભાર્થીઓને ધિરાણ કરવા તથા દિવ્યાંગોના શિક્ષણ, આર્થિક અને સામાજિક વિકાસ માટે મારા વિભાગ હેઠળના નિગમો દ્વારા રૂ.૧૬૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

ચૈત્ર ૩, ૧૯૪૫ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર વંચિતોને પડખે અડીખમ ઊભી છે. ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં રહેતાં ગરીબો, વંચિતો, પીડિતોના વિકાસને પ્રાધાન્ય આપીને અનેક યોજનાઓ અમલી બનાવી છે. આ યોજનાઓ સમાજના નબળા વર્ગો, જરૂરિયાતમંદ લોકો જેવા કે અનાથ, નિરાધાર બાળકો, દિવ્યાંગ અને વૃદ્ધોને સંગીન પ્રયાસોથી રક્ષણ, શિક્ષણ અને તાલીમ આપીને પુનઃસ્થાપન માટે વિવિધ રીતે કાર્યરત છે તે માટે વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં મારા વિભાગની ચાલુ યોજનાઓની રકમની ફાળવણીમાં મોટો વધારો કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતા અંદાજે અનુસૂચિત જાતિના ૪ લાખ ૯૦ હજાર અને વિકસતિ જાતિના ૩૫ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા અને પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અંદાજે અનુસૂચિત જાતિના ૩ લાખ ૭૫ હજાર અને વિકસતિ જાતિના ૩૩ લાખ ૨૦ હજાર વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવા રૂપિયા ૭૦૯ કરોડ ૭૦ લાખની જોગવાઇ. PMSSY પ્રિ-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ધોરણ ૯થી ૧૦ અને પોસ્ટ મેટ્રિકના અંદાજે ૯ લાખ ૭૫ હજાર વિકસતિ જાતિના વિદ્યાર્થીઓને ૪ હજારથી રૂપિયા ૨૦ હજાર સુધીની શિષ્યવૃત્તિ આપવા માટે રૂપિયા ૫૬૧ કરોડ ૫૦ લાખની જોગવાઇ. રાજ્યની અમારી સરકારી કન્યા કેળવણીને પ્રોત્સાહન આપ્યું છે અને જેના ભાગરૂપે ગામડાંઓમાં દૂરથી આવતી ધોરણ ૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની ૨૦ હજાર અને વિકસતિ જાતિની અંદાજે ૧ લાખ ૬૦ હજાર કન્યાઓને સરસ્વતી સાધના સાઇકલ યોજના હેઠળ વિનામૂલ્યે સાઇકલ આપવા માટે રૂપિયા ૭૫ કરોડની જોગવાઇ. વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટેની લોન યોજનામાં અનુસૂચિત જાતિ અને વિકસતિ જાતિના વિદ્યાર્થીઓને રૂપિયા ૧૫ લાખની લોન આપવા માટે રૂ.૮૪ કરોડની જોગવાઇ. ડો.બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં અનુસૂચિત જાતિ અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ વિકસતિ જાતિના લાભાર્થીઓને મકાન બાંધવા માટે સહાય આપવા માટે રૂ.૨૨૧ કરોડ ૬૯ લાખની જોગવાઇ.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વિચરતી જાતિનો કોઇ પણ વિષય આવે તો એ વિષયને અનુલક્ષીને આ સભાગૃહમાં આજે હું એક વાત કરવા માગું છું. આ વિચરતો સમુદાય એટલે એવો સમુદાય કે એનુ કોઇ સરનામું નહીં. ઘણી વખત એવુ થતું હોય છે કે આપણા ઘરે પોસ્ટમેન કોઇ ટપાલ લઇને આવે અને તેને આપણા ઘરનું સરનામું ના મળતું હોય ત્યારે એ આપણને ફોન કરીને પૂછે કે સાહેબ તમારું ઘર મળતું નથી, તમારું સરનામું મળતું નથી ત્યારે આપણે થોડાક ગુસ્સે થઇ જઇએ છીએ અને એવુ કહીએ છીએ કે, ભાઇ થોડા આગળ આવો આ ગલીમાંથી, પેલી ગલીમાંથી આવશો તો તમને મારું ઘર મળી જશે. આપણું સરનામું નથી મળતું તો પણ આપણને ગુસ્સો આવે છે તો આ વિચરતા સમુદાય સાથે વર્ષોથી કેટલો અન્યાય થતો હશે? તે લોકોને ઘરનું ઘર નહોતું, તેનું કોઇ સરનામું નહોતું, તેનાં બાળકોને કોઇ શિક્ષણ નહોતું. એક ગામથી બીજા ગામ સુધી એ વિચરતા રહેતા હતા ત્યારે આજે મને આ સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે, આપણા માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ એમણે એમના વિસ્તારમાં આ સમુદાય માટે એવું વિચાર્યું કે હું આ લોકો માટે શું કરી શકું? આ લોકો તો સતત અને સતત ભટકતા રહે છે. તેઓ એક ગામથી બીજા ગામ જાય છે તો મારે આ લોકો માટે કંઇક કરવુ છે, તો શું કરું? તેમણે વિચાર કર્યો કે એમને ઘરનું ઘર આપું, તેમને આરોગ્યની સેવા આપું, તેમનાં બાળકોને શિક્ષણ આપું, તેમને પોતાનું સરનામું આપું. એ માટે તેમણે પ્રયાસો કર્યા અને અંતે તેમણે પોતાના માલિકીના ખેતરમાં દસ વીઘા જમીનમાં આ લોકોને મકાન આપી દીધા અને તેમને ઘરનું ઘર બનાવ્યું. જિલ્લો-બનાસકાંઠા, તાલુકો-કાંકરેજ અને ગામ-નેકરીયામાં આ વ્યવસ્થા તેમણે કરી છે.એમણે જે વાત કરી હતી એ વાત સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. એમણે કહ્યું હતું કે, ''હું આ લોકો માટે શું કરી શકું?'' એ લોકો માટે ઘરના ઘર બનાવ્યા. શિક્ષણની સેવા પૂરી પાડી. જ્યારે તેઓ આ લોકોને મળતા ત્યારે એમણે એક વાત કરી કે, ''મને ભગવાનને મળવાની ઇચ્છા થાય છે ત્યારે હું આ વાદીઓમાં જતો રહું છું. એમની વચ્ચે જાઉં છું ત્યારે એમને મળીને ભગવાનને મળતો હોઉં એવો આનંદ થતો હોય છે.'' એમના શબ્દોમાં કહું તો, ''મારે મન સ્વામી વિવેકાનંદજીએ જે દરિદ્રનારાયણની સેવાની વાત કરી હતી એ આ જ સેવા છે.'' અને એ જ સેવા ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. મને એવો વિચાર આવે છે કે શ્રી નરેન્દ્રભાઇ મોદીનું જે વિઝન હતું એ વિઝન પહેલાં કોઇની પાસે કેમ નહોતું? મેં વિકાસના મુખ્ય પ્રવાહની વાત કરી, પરંતુ જેમણે સૌથી વધારે આ દેશ ઉપર શાસન કર્યું એમણે શું કર્યું? ફક્તને ફક્ત વૉટબેંકની રાજનીતિ કરી. બીજું શું કર્યું? ચૂંટણીઓ આવે ત્યારે મોટા અવાજે વાતો કરવી અને લોકોને ફક્ત વચન આપવા. મારા વિષયને અનુલક્ષીને નથી છતાં વાત કરું કે રક્ષાબંધનની ભેટ આપવાનું કહીને બહેનોને છેતરવાની, ઘરનું ઘર આપવાની વાત કરતા હતા. રૂ.૧૦૦ ફોર્મના લીધા હતા એ રૂપિયા ક્યાં ગયા? એ લોકોનું સરનામું વીંખાઇ ગયું અને આજે અમે ૧૫૬ સીટો પર જીતીને આવ્યા છીએ. અમે લોકોને ઘરના ઘર આપ્યા છે. લોકોને સરનામાં આપ્યાં છે. લોકો સુધી કલ્યાણકારી યોજનાઓ અમે પહોંચાડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજમાં દીકરીના લગ્ન કરવા માટેની શ્રી કરશનકાકા સરસ વાત કરતા હતા. સમાજમાં આગેવાનો, દાતાઓ દ્વારા સમૂહલગ્ન કરવામાં આવે છે ત્યારે આ શુભ અવસરમાં ગુજરાતની માતાઓ અને બહેનોના આશીર્વાદથી ચાલતી અમારી આ સરકાર કુંવરબાઇનું મામેરું યોજના અંતર્ગત સમાજની અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની કન્યાઓને મદદ કરે છે. જે અંતર્ગત અનુસૂચિત જાતિની ૮,૭૦૦ અને વિકસતી જાતિની ૩૨,૦૦૦ દીકરીઓ મળીને કુલ ૪૦,૭૦૦ દીકરીઓના મામેરાની સહાય માટે રૂ.૫૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. શ્રી જિજ્ઞેશભાઇ, સમાજમાંથી નાત-જાતના ભેદભાવ દૂર થાય એ માટે અમારી સરકાર સતત પ્રયત્નશીલ છે. સમાજમાં સામાજિક સમરસતાનું વાતાવરણ

ઊભું થાય તે માટે ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતીય લગ્ન સહાય યોજનામાં ૭૫૦ યુગલોને યુગલદીઠ રૂ.૨ લાખ ૫૦ હજારની સહાય આપવા માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ કરી છે. બિન અનામત વર્ગોના વિકાસ માટે રૂ.૫૦૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. દિવ્યાંગો માટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી એક નાની સરખી મદદ તેમની સફળતાનો માર્ગ કંડારવામાં ખૂબ ઉપયોગી બને છે એટલા માટે આપણા દિવ્યાંગ ભાઇ-બહેનો સ્વાવલંબી બની પોતાનું સ્વપ્ન સાકાર કરી રહ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, મજબૂત રાષ્ટ્રનિર્માણ માટે દિવ્યાંગોને મુખ્ય ધારામાં આગળ ધપાવી તેમને સમજવા અને તેઓ પ્રત્યે લોકોના દૃષ્ટિકોણને બદલવામાં રાજ્ય સરકાર સફળ રહી છે. દિવ્યાંગો પોતે પણ જીવે અને પોતે કામ કરી રહ્યાં છે અને અસક્ષમ નથી એના માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. જેમ વિચરતા સમુદાયનો વિષય આવે અને આપણે લાગણીસભર થઇએ છીએ ત્યારે સ્વાભાવિક છે કે એક દિવ્યાંગનો વિષય આવે ત્યારે પણ એક લાગણીસભર વ્યક્તિત્વ આપણામાં જાગી ઉઠતું હોય છે. જ્યારે કોઈ ઘરમાં દિવ્યાંગ બાળક હોય, દિવ્યાંગ વ્યક્તિ હોય તે વ્યક્તિની પીડા કેટલી હોય તે તો તેનું ઘર જ સમજતું હોય. મા પોતાનું બાળક ચાલતા શીખતું હોય, બાળક ડગલા માંડતું હોય, મા સતત તેની સંભાળ રાખતી હોય ત્યારે ગુજરાતમાં આવાં અનેક બાળકો છે જેને દિવ્યાંગ નામ પણ આ દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યું છે. ઘરમાં થોડી વાર લાઇટ જતી રહે અને અંધારું છવાઈ જાય તો આપણે લાઈટ આવે તેની રાહ જોતા હોય ત્યારે અનેક દિવ્યાંગોને દૃષ્ટિ નથી. આવા દિવ્યાંગો પ્રત્યેની લાગણી અને સંવેદનાને સમજવાની જરૂર સરકારની સાથે અહીંયા બેઠેલા સૌ સભ્યશ્રીઓની છે. આપણે ઘણી વાતો કરતા હોઇએ છીએ પરંતુ શું આપણા ઘરે આપણા પરિવારના કોઇ પણ સભ્યનો જન્મદિવસ હોય તો ક્યારેય આપણે એવું કરીએ છીએ કે આ દિવ્યાંગ બાળકો સાથે જન્મદિવસ ઉજવીએ? દિવ્યાંગ વૃદ્ધો સાથે ભોજનનો કાર્યક્રમ કરીએ? આપશ્રીએ જ્યારે આ વિધાનસભાગૃહમાં જે સંસદીય બાબતોની શિબિર રાખી હતી ત્યારે એક વક્તવ્યમાં એવી વાત થઇ હતી કે અહીંયા આવેલા ૧૮૨ લોકો આપણે બધા વિશિષ્ટ વ્યક્તિ છીએ એટલે જ અહીંયા ચૂંટાઇને આવ્યા છીએ. એટલે જ આપણે વિશિષ્ટ કામ કરવું જોઇએ. આપણા વિસ્તારના દિવ્યાંગોની સેવા માટે આપણે કામ કરવું જોઈએ. દિવ્યાંગોને સરકાર સહાય તો આપે જ છે પરંતુ હું શું કરી શકું? એવો સંકલ્પ આજે આપણે કરીને ન જઇ શકીએ? આ સભાગૃહના માધ્યમથી સૌ સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આપણા ઘરના નાના-મોટા પ્રસંગોમાં આ દિવ્યાંગોને સામેલ કરીએ તો સાચા અર્થમાં સેવાનું કાર્ય સિદ્ધ કર્યું હોય તેવું ગણાશે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ સંસ્થાકીય તેમજ બિન-સંસ્થાકીય માળખા દ્વારા ચલાવવામાં આવે છે. જેમાં સમાજના નબળા વર્ગો તેમજ ખાસ પ્રકારના જરૂરિયાતમંદ લોકો જેવા કે અનાથ, નિરાધાર બાળકો, દિવ્યાંગો, ટ્રાન્સજેન્ડર અને વૃદ્ધો માટે કુલ રૂ.૧,૯૮૪ કરોડ ૪ લાખની જોગવાઈ પૈકી દિવ્યાંગ વિદ્યાર્થીઓના ધોરણ ૧થી ૧૨ અને સ્નાતક, અનુસ્નાતક કક્ષાના તેમજ મેડિકલ, ઈજનેરી, અન્ય અભ્યાસક્રમ માટે રૂ.૧,૫૦૦થી ૪,૫૦૦ સુધીની શિષ્યવૃત્તિ આપવા માટે કુલ ૮,૫૦૦ લાભાર્થીઓ માટે અંદાજિત રૂ.૧ કરોડ ૪૫ લાખની જોગવાઈ, દિવ્યાંગો માટે સંત સુરદાસ યોજનામાં માસિક રૂ. એક હજારની સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ કુલ ૨૬ હજાર લાભાર્થીને લાભ આપવા માટે રૂ.૩૧ કરોડ ૨૦ લાખની જોગવાઈ, દિવ્યાંગોને એસ.ટી.માં મફત મુસાફરી માટે રૂ.૪૦ કરોડની જોગવાઈ, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ કુલ ૯ લાખ ૩૫ હજાર વૃદ્ધોને લાભ આપવા માટે રૂ.૧,૧૫૧ કરોડ ૩૩ લાખની જોગવાઈ, રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ અંદાજિત ૧ લાખ ૫૫ હજાર વૃદ્ધોને લાભ આપવા માટે કુલ રૂ.૧૮૯ કરોડ ૩૦ લાખની જોગવાઈ.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું મારા વિભાગે છેલ્લાં પાંચ વર્ષમાં હાંસલ કરેલ મહત્ત્વની સિદ્ધિઓ વિશે વાત કરીશ. લોકોને સન્માનનીય જીવન આપવા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સતત પરિશ્રમ કરી રહ્યો છે. અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતી અને વિચરતી-વિમુક્ત જાતિના ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રૂ.૧,૨૦૮ કરોડ ૧૧ લાખની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી. ધોરણ ૧થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂ.૧,૦૧૪ કરોડ ૨૮ લાખની ગણવેશ સહાય ચૂકવવામાં આવી. ધોરણ-૯માં ભણતી ૮ લાખ ૪૫ હજાર કન્યાઓને રૂ.૩૨૪ કરોડ ૭૨ લાખની વિનામૂલ્યે સાઇકલ આપવામાં આવી. આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરતા ૨ લાખ ૨૨ હજાર વિદ્યાર્થીઓને રૂ.૧૦૦ કરોડ ૮૬ લાખની શિષ્યવૃત્તિની ચૂકવણી, વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે જવા માટે ૨,૮૧૧ વિદ્યાર્થીઓને રૂ.૨૯૧ કરોડ ૬૫ લાખની લોન આપવામાં આવી. સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા ૭૦,૯૦૭ વિદ્યાર્થીઓને રૂ.૪૮૨ કરોડ ૪૮ લાખનો ખર્ચ કરી વિનામૂલ્યે રહેવા અને જમવાની સુવિધા પૂરી પાડી. અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧થી ૮માં અભ્યાસ કરતાં ૩૯,૧૨૫ વિદ્યાર્થીઓને રૂ.૫૨૮ કરોડ ૩૯ લાખના ખર્ચે વિનામૂલ્યે રહેવા અને જમવાની સુવિધા પૂરી પાડી. આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૯થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રૂ.૧૮૯ કરોડ ૬૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ ૫૬,૨૦૭ લાભાર્થીઓને અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અંતર્ગત ૯૭,૬૩૪ લાભાર્થીઓને મકાનો બાંધવા માટે રૂ. ૮૨૬ કરોડ ૭૫ લાખની સહાય, કુંવરબાઇનું મામેરું યોજના અંતર્ગત ૧ લાખ ૬૪ હજાર ૨૦૪ કન્યાઓને મામેરાં માટે રૂ.૧૬૭

કરોડ ૪૭ લાખની સહાય, સમૂહ લગ્ન યોજના અંતર્ગત ૨૪,૯૯૨ યુગલોને રૂ.૨૮ કરોડ ૫૮ લાખની સહાય, નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ લાભાર્થીઓને રૂ.૪૪૩ કરોડ ૮૨ લાખની સહાય, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ લાભાર્થીઓને રૂ.૩,૨૦૭ કરોડ ૯૩ લાખની સહાય, પાલક માતા-પિતા યોજના હેઠળ બાળકોને રૂ. ૨૪૩ કરોડ ૫૭ લાખની સહાય, સંત સુરદાસ યોજના હેઠળ લાભાર્થીઓને રૂ.૧૧૮ કરોડ ૬ લાખની સહાય, દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ ૭,૦૬૪ લાભાર્થીઓને રૂ.૩૩ કરોડ ૮૫ લાખની સહાય.

માનનીય અધ્યક્ષશ્રી**,** આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજી હંમેશા માને છે કે, જન કલ્યાણલક્ષી યોજનાઓનો ચુસ્તપણે અમલ થાય અને તેના મીઠા ફળ સમાજના વંચિત વર્ગો સુધી પહોંચે તે માટે વંચિતોના વિકાસના ધ્યેય સાથે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ''વંચિતોનો વિકાસ'' એવો મંત્ર આપેલ છે. ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગ માટે પાયાની આર્થિક સુવિધાઓ પૂરી પાડવા રાજ્ય સરકારે ગરીબ કલ્યાણ મેળા પણ શરૂ કર્યા. એક જ સ્થાનેથી અનેક લોકોને સ્વાવલંબી બનાવવાની આ યોજના વિશે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ કહે છે કે, ગરીબકલ્યાણ મેળા એટલે ''જેના હકનું છે તેને સન્માનજનક આપવાનો આ યજ્ઞ.'' અમોને વિશ્વાસ છે કે, અમને સોંપવામાં આવેલ જવાબદારી નિભાવવામાં અમે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છીએ. પાયાની બાબતોના શ્રેણીબદ્ધ આયોજનો અને અમલીકરણમાં અમને સફળતા મળી રહી છે અને તેના કારણે અમારો સંકલ્પ વધુ સફળ અને દૃઢ બન્યો છે. વંચિતોની સેવા કરવાના અમારા અથાગ પ્રયાસોને લીધે રાજ્યભરમાંથી અમને ખૂબ મોટું જનસમર્થન આપતો જનાદેશ જે આપણે આ સભાગૃહમાં જોઇ રહ્યા છીએ એ આપણને સૌને પ્રાપ્ત થયો છે. બજેટની ચર્ચામાં ભાગ લીધેલ તમામ ધારાસભ્યશ્રીઓ કે જેમણે બજેટને આવકારેલ છે અને માગણીઓ સ્વીકારેલ છે તેમનો હું આભાર માનું છું અને જેમણે ટીકા કરી છે તેમને પણ હું સકારાત્મક રીતે લઇને વહીવટને વધારે સુધારવાની દિશામાં પ્રયત્ન કરીશ. ટીકા પણ વિભાગની કામગીરીમાં મદદરૂપ થશે એ વાતને હું સકારાત્મક રીતે લેવા માગું છું. વધુમાં, મારા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની માગણીઓ પર જે સભ્યોએ કાપ દરખાસ્ત રજૂ કરેલ છે તેમને કાપ દરખાસ્ત પરત ખેંચવા માટે વિનંતી કરું છું અને મારા વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરી અને મેળવેલ સિદ્ધિઓને ધ્યાનમાં લઇ મૂકવામાં આવેલ માગણીઓને સર્વાનુમતે મંજૂર કરે એવી સન્માનનીય સભાગૃહને વિનંતી કરું છું. મહિલા અને બાળ વિકાસને લગતી વાત કરું તો, મારા હસ્તકના મહિલા અને બાળ વિકાસ વિભાગના અંદાજપત્રમાં કુલ... (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : નવરાત્રિના સમયમાં મહિલા મંત્રીશ્રી, બાળ વિકાસ અને બાકીના બધા વિભાગો માટે જાણે મા જગદંબાના આશીર્વાદ હોય એ પ્રમાણે તમે નાના-નાના સમાજને મદદ કરવાના ભાવથી કામ કરી રહ્યાં છો.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આભાર.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા પ્રવચનમાં જે સવાલો પૂછ્યા છે એમાંથી માનનીય મંત્રીશ્રી દ્વારા હજી મારા એક પણ સવાલના જવાબો આપવામાં આવ્યા નથી.

અધ્યક્ષશ્રી : શ્રી જિજ્ઞેશભાઇ, માનનીય મંત્રીશ્રીનું ભાષણ હજી ચાલુ છે. હું માનનીય મંત્રીશ્રીને કહું છું તમને જવાબ આપશે. તમને પ્રશ્ન માટેનો સમય મળશે.

શ્રી અમીતભાઇ ચાવડા : (કોંગ્રેસ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી જ હતી કે, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની માગણીઓ સંદર્ભે એમનો જવાબ રજૂ થાય તો શ્રી જિજ્ઞેશભાઇએ તો વાત કરી પણ, શ્રી અલ્પેશભાઇએ પણ લાગણી વ્યકત કરી હતી કે, આ એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. સમાજનો (વચ્ચે અટકાવતાં)...

અધ્યક્ષશ્રી : શ્રી અમીતભાઇ, બરાબર છે પણ, હજી સુધી માનનીય મંત્રીશ્રીનો જવાબ બાકી છે. મંત્રીશ્રીનો જવાબ પૂરો થવા દો. ફરીથી સમાપન કરશે.

શ્રી અમીતભાઇ ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી હવે બીજો વિભાગ લે છે. એટલા માટે વચ્ચે રોકું છું. કદાચ એના વિશે બે મિનિટમાં જવાબ આપે કે સમાજ માટેના જે નિગમો છે એને રૂપિયા ૧૬૬ કરોડ જ ફાળવવામાં આવ્યા છે. અન્યાય થાય છે. બીજું, અમારા બધાની લાગણી હતી કે, ઓ.બી.સી. સમાજ માટે ઝવેરી પંચ, સમર્પિત આયોગ બનાવવામાં આવ્યું છે. તા.૧૨મી માર્ચે એની મુદ્દત પૂરી થઇ છે. હજી રિપોર્ટ અપાયો નથી. અમે એવી આશા રાખીએ છીએ કે, માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં એનો ખુલાસો કરે?

અધ્યક્ષશ્રી : શ્રી અમીતભાઇ, આપ બેસો. આપને ફરીથી બોલવા દઇશું. આપને ફરીથી મોકો અપાશે. માનનીય દંડકશ્રી, મારું મન એવું કહે છે કે, માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા માટેની તમે તમારી દરખાસ્ત કરી દો. જેથી કોઇ માનનીય ધારાસભ્યશ્રીઓને વધારે પ્રશ્નો પૂછવા હોય તો પૂછી શકે. માનનીય મંત્રીશ્રી, માનનીય સભ્યશ્રી સ્પેશ્યલ જવાબ માગે છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજની માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

ડો. સી.જે. ચાવડા : (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ દરખાસ્તને હું સમર્થન આપું છું.

## તા. ૨૪મી માર્ચ, ૨૦૨૩

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) માનનીય મંત્રીશ્રીનો જવાબ તથા માગણીઓ ઉપરની ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી, માનનીય ધારાસભ્યશ્રીઓની લાગણીઓ છે તે જરા જોઇ લેજો.

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે જયારે મેં મારું પ્રવચન પૂરું કર્યું એમાં છેલ્લા ફકરાનો આગળનો ફકરો વાંચ્યો અને એમાં એવું કહ્યું છે કે, જે સભ્યશ્રીઓએ ટીકા કરી છે એ ટીકા તથા સૂચનોને પણ હું સકારાત્મક રૂપમાં લઇશ અને વધારે સારી રીતે વહીવટી કામગીરી થાય એના માટેનો હું પ્રયત્ન કરીશ. આટલી વાત તો મેં સભ્યશ્રીઓને કહી છે. અંદાજપત્રમાં, કુલ રૂપિયા ૬,૦૬૪ કરોડની સૂચિત જોગવાઇ સમાવિષ્ટ કુલ ચાર માગણી ક્રમાંકમાં, પ્રથમ માગણી ક્રમાંક-૧૦૫ હેઠળ રૂપિયા ૪.૭૯ કરોડ, માગણી ક્રમાંક-૧૦૬ હેઠળ રૂપિયા ૪,૪૭૪.૮૫ કરોડ, માગણી ક્રમાંક-૯૬ સંકલિત આદિજાતિ પેટા યોજના સદરે રૂપિયા ૧,૧૭૨.૮૬ કરોડ તેમજ માગણી ક્રમાંક-૯૫ અનુસૂચિત જાતિ પેટા યોજના સદરે રૂપિયા ૪૧૦.૫૨ કરોડ એમ કુલ મળીને રૂપિયા ૬,૦૬૪ કરોડની માગણી લઇને હું આ સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના મહિલા અને બાળ વિકાસ વિભાગના મંત્રી તરીકે આ વિભાગની માગણીઓ લઇને આજે આ સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થઇ છું. મારા વિભાગની માગણીઓ ઉપર આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો, લાગણી અને સૂચનો કરેલ છે, જેનાથી આ વિભાગમાં વધુ સારું કામ કરવાનું મને બળ મળશે. જે બદલ હું સર્વ સભ્યશ્રીઓનો પણ આભાર માનું છું. યુનો દ્વારા ૮મી માર્ચને સમગ્ર વિશ્વમાં મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે અમારી સરકારે ગત તારીખ ૫મી માર્ચના રોજ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ કાર્યક્રમ કરીને શ્રેષ્ઠ કામગીરી કરનાર બહેનોને 'માતા યશોદા એવોર્ડ' તેમજ 'મહિલા વિકાસ પુરસ્કાર' દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા ગર્વ થાય છે કે રાજયના સરળ, મૃદુ અને મક્કમ લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના ગત વર્ષ ૨૦૨૨-૨૩ની તુલનાએ ૨૨ ટકા જેટલો વધારો કરીને વર્ષ ૨૦૨૩-૨૪માં અંદાજે રૂ.૬,૦૬૪ કરોડની જોગવાઇ કરવા બદલ આ વિભાગના મંત્રી તરીકે સમગ્ર રાજયની મહિલાઓ અને બાળકો વતી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તેમજ નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગની શરુઆત વર્ષ ૨૦૦૨થી થઇ અને આ વિભાગના પ્રથમ મહિલા કેબિનેટ મંત્રી તરીકે આપણા ગુજરાત રાજયનું ગૌરવ પૂર્વ મુખ્યમંત્રી અને હાલના ઉત્તરપ્રદેશના ગવર્નર એવા આદરણીય શ્રીમતી આનંદીબેન પટેલ હતા અને આજે બીજા કેબિનેટ મંત્રી તરીકે બજેટ રજૂ કરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ભારત દેશના સામાજિક સમરસતાના હિમાયતી આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જયારથી સત્તા સંભાળી છે, ત્યારથી સમાજમાં મહિલા, બહેન, બેટી ગૌરવભેર જીવન જીવી શકે તે માટે રાજય સરકાર સતત કાર્યશીલ છે. આજની મહિલાઓ સર્વ ક્ષેત્રમાં આગળ વધે છે. તે વધુ સારી રીતે આગળ વધી શકે તે માટે 'બેટી બચાઓ, બેટી પઢાઓ' 'કન્યા કેળવણી' જેવા અભિયાનો ચલાવ્યા છે. સ્ત્રી ભૃણ હત્યા અટકાવવા માટે કડકમાં કડક કાયદા પણ બનાવવામાં આવ્યા છે. જયારે 'બેટી બચાઓ'ની વાત આવે કે સ્ત્રી ભૃણ હત્યાની વાત આવે ત્યારે મને કહેવાનું મન થાય કે સમગ્ર રાજયકક્ષાએ 'બેટી બચાઓ'નું આંદોલન કોઇએ ચાલુ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં થયું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નરેન્દ્રભાઇ પ્રથમ વખત મુખ્યમંત્રી બન્યા અને તેમણે જોયું કે દીકરા અને દીકરીના જન્મદરના રેશિયોમાં મોટી ઘટ પડે છે. શા માટે ઘટ પડે છે તેની તપાસ કરી તો ખબર પડી કે સારાં સાધનો વસાવ્યાં હતાં, એ સાધનોનો દુરુપયોગ થઇ રહ્યો હતો. ગર્ભમાં રહેલ બાળક દીકરી છે એવી ખબર પડે એટલે તરત ને તરત ગર્ભ પરીક્ષણ કરાવ્યા બાદ એ બાળકીને ગર્ભમાં જ મારી નાંખવામાં આવતી હતી. આવા પાપ જે થતા હતા, તેને અટકાવવા માટે કોઇએ કામ કર્યું હોય તો એ આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે, ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઝુંબેશ જયારે ચલાવવામાં આવી. એના પરિણામે ધીમે ધીમે જે સુધારા થયા છે. એના અનુસંધાને ગુજરાતમાં પુરુષોના જન્મદરની સરખામણીએ સ્ત્રીઓના જન્મદરના આંકડાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. જે સને ૨૦૦૧માં પ્રતિ હજાર પુરુષે સ્ત્રીઓની સંખ્યા ૮૦૨ હતી, તે સને ૨૦૨૦માં વધીને ૯૬૫ થઇ છે. એ વધેલા આંકડા અમારી સરકારના બેટી બચાઓનું જે અભિયાન છે એ અભિયાનની સફળતાના લીધે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ભારત દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુજી એક મહિલા છે. ભારત દેશના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ એક મહિલા છે. આ ઉપરાંત સુનિતા વિલિયમ્સ, કલ્પના ચાવલા અને સરિતા ગાયકવાડ જેવી મહિલાઓએ વિવિધ ક્ષેત્રમાં સિદ્ધિ હાંસલ કરી છે. હાલમાં રાઇફલ શુટિંગમાં આપણી વલસાડની દીકરી સચિ પટેલે ગોલ્ડ મેડલ મેળવેલ છે. તાજેતરમાં જ મલેશિયા ખાતે તારીખ ૨૧થી ૨૩મી ફેબ્રુઆરી દરમ્યાન યોજાયેલ દુનિયાની સૌથી મોટી કૂકિંગ સ્પર્ધા, જેને ગીનીસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળી ગયું છે.તે કિલનરી વર્લ્ડકપ કોમ્પિટિશન વર્ષ ૨૦૨૩માં ગાંધીનગર અને અમદાવાદની પાંચ બહેનોએ અગિયાર કેટેગરીમાં ભાગ લઇને દુનિયાના અનેક દેશોમાંથી આવેલ ૭૫૦ કરતા પણ વધારે સ્પર્ધકોમાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેળવીને કુલ ૧૧ ચંદ્રકો જીત્યા છે અને એ ચંદ્રકો જીતીને આ બહેનોએ ભારત દેશને વર્લ્ડ કોમ્પિટિશનનું

એક ટાઇટલ અપાવેલ છે જે ગુજરાત રાજય અને દેશનું ગૌરવ છે. ગુજરાત રાજયની મહિલાઓ કોઇ પણ ક્ષેત્રમાં સફળતા મેળવી રાજય અને આપણા દેશને ઉચ્ચ શિખરે પહોંચાડે છે તે આપણા સૌ માટે ગૌરવની વાત છે. આજે પંચાયતથી પાર્લામેન્ટ સુધી અને આંગણવાડીથી લઇને અંતરીક્ષ સુધી મહિલાઓએ સર્વ ક્ષેત્રમાં અસાધારણ પ્રગતિ કરી છે જેના માટે આપણી સંસ્કૃતિમાં હંમેશા કહેવામાં આવે છે, નારી તું નારાયણી એમ કહેવામાં આવે છે અને તેને હંમેશા શક્તિરૂપે પૂજવામાં આવે છે. સશકત સમાજના નિર્માણ માટે સશકત મહિલાના મંત્રને વરેલી અમારી સરકાર મહિલાઓમાં ગરિમા, સુરક્ષા અને સમૃદ્ધિ માટે કટિબદ્ધ છે. આ સાથે બાળકોના આરોગ્ય, પોષણ અને પૂર્ણ પ્રાથમિક શિક્ષણની કાળજી લઇ ભવિષ્યની પેઢીના નિર્માણ દ્વારા વિકસિત ગુજરાતનો સંકલ્પ અમારી સરકારે કર્યો છે. ગંગા સ્વરૂપ બહેનોના આશીર્વાદથી ચાલતી અમારી આ સંવેદનશીલ સરકારે વિધવા બહેનોની પરિસ્થિતિને સમજીને આજીવન ગંગાસ્વરૂપા બહેનોને યોજનાનો લાભ મેળવી શકે તે માટે ૨૧ વર્ષના પુત્રની શરતને હટાવી દીધી છે અને આજીવન તેઓના ખાતામાં ડી.બી.ટી.ના માધ્યમથી રકમ જમા કરાવવામાં આવે છે અને ૧૩ લાખ ૫૦ હજાર જેટલી ગંગાસ્વરૂપ બહેનો માટે ગત વર્ષ કરતાં લગભગ ડબલ રકમની જોગવાઇ કરી વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂપિયા ૧,૮૯૭ કરોડ જેટલી રકમની જોગવાઇ કરવામાં આવેલ છે. આ માટે રાજયની ગંગાસ્વરૂપા માતા અને બહેનો વતી હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણાં મંત્રીશ્રીનો પુન:આભાર માનું છું. આંગણવાડીમાં ફરજ બજાવતી બહેનોને ચૂંટણી વર્ષ માટે સને ૨૦૨૨ પહેલા અમારી સરકારે વચન આપ્યું હતું તે પ્રમાણે પગાર વધારાની માગણીને મંજૂર કરીને માતા યશોદા તરીકે ફરજ બજાવતી અમારી આંગણવાડીની બહેનોના માનદ વેતન, સુવિધા માટે રૂપિયા ૯૫૨ કરોડની જોગવાઇ કરેલ છે અને અમે જે વચન આપીએ છીએ તે પરિપૂર્ણ કરીએ છીએ તેનું આ એક ઉત્તમ ઉદાહરણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશના દીર્ઘદ્રષ્ટા માનનીય વડાપ્રધાનશ્રીના સહી પોષણ, દેશ રોશન ના આહવાનને ચરિતાર્થ કરવા રાજયની સંવેદનશીલ સરકાર કટિબદ્ધ છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર દ્વારા પૂરક પોષણ યોજના અંતર્ગત ૩થી ૬ વર્ષનાં બાળકો માટે આંગણવાડી કેન્દ્રમાં બે વખત ગરમ નાસ્તો અને અઠવાડિયામાં બે દિવસ ફળ અપાય છે. જેનો લાભ આશરે ૧૪ લાખ લાભાર્થીઓ લઇ રહ્યા છે તથા ૬ માસથી ૩ વર્ષનાં નાનાં બાળકોને અને ૩થી ૬ વર્ષના અતિ ઓછાં વજનવાળાં બાળકો, કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓ માટે ઘરે આપવા માટે રેડી ટુ કૂક, ટી.એચ.આર. પણ આપવામાં આવે છે. જેનો લાભ સમગ્ર રાજયમાં આશરે ૪૦ લાખ લાભાર્થીઓને આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, મેં એક વખત આપને ટકોર કરેલી છે કે ટી.એચ.આર. આપો છો અને એમાંથી જે જમવાનું બનાવે છે એ તમારા સચિવોને સૂચના આપીને એક વખત ધારાસભ્યશ્રીઓને ટેસ્ટ કરાવો તો ખરેખર બાળકો માટે કેવું જમવાનું બને છે તે ધારાસભ્યશ્રીઓને પણ ધ્યાનમાં આવે, એની અલગ અલગ વાનગીઓ બનતી હોય છે. આવું શકય બને તો જરા પ્રયત્ન કરો.

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, અમે આયોજન કર્યું હતું, પણ આ ૧૭મી તારીખના બીજા કાર્યક્રમના હિસાબે એ શકય બન્યું નહોતું. બીજું, આ સભાગૃહને જણાવતા મને આનંદ થશે કે આપણે ગરીબ કલ્યાણ મેળાઓ હોય, બીજા આપણા સરકારના જે બહેનોને પગભર થવા માટેના સ્વરોજગારી મેળાઓ લાગતા હોય છે ત્યાં પણ આપણા ટી.એચ.આર. માંથી બનતી વાનગીઓ હોય છે એ વાનગીઓનું પ્રદર્શન કરવામાં આવતું હોય છે.

અધ્યક્ષશ્રી : એટલે કેટલી સારી ગુણવત્તાવાળું છે એ જો લોકોને જાણ થશે તો સો ટકા પોતાના બાળકોને જમાડશે. એક વખત મીડિયાના માધ્યમથી પણ આ બાબતને છેક નીચે સુધી લઇ જવી જોઇએ. એટલા માટે મેં વિધાનસભાનું ખાસ કરીને અહીંયા કહ્યું કે ધારાસભ્યોની આ વાત થશે તો લોકો સુધી પહોંચશે અને તમારે લોકભોગ્ય કરવામાં સરળતા રહેશે.

શ્રીમતી ભાનુબેન બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આજની કિશોરી એ આવતી કાલની માતા છે. કિશોરીઓની પોષણની જરૂરિયાતને પૂરી પાડવા પૂરક પોષણની સેવાઓ પૂરી પાડવામાં આવે છે. કિશોરીઓને દર માસે પૂર્ણાશક્તિ ટી.એચ.આર.ના એક કિલોના ચાર પેકેટ આપવામાં આવે છે. આ ઉપરાંત કિશોરીઓના સશક્તિકરણ માટે આરોગ્ય, પોષણ, શિક્ષણ, કૌશલ્યવર્ધન તાલીમ પૂરી પાડવા વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૩૯૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા જે સૂચન થાય છે એ સૂચન ખૂબ જ આવકાર્ય છે પણ હું આ સભાગૃહના સર્વ સભ્યશ્રીઓને એક વિનંતી કરું છું. ઘણીવાર આપણે પોષણની ચિંતા કરીએ છીએ. બાળકોની ચિંતા કરીએ છીએ, આંગણવાડીની ચિંતા કરીએ છીએ તો શું આમાંથી બેઠેલાં કોઇ ધારાસભ્ય નિયમિત આંગણવાડીની વિઝિટ કરવા જાય છે ખરા? જતા હશે, હું માનું છું પણ ન જતા હોય તો નિયમિત જવું જોઇએ એવી આપ સર્વેને મહિલા અને બાળવિકાસ મંત્રી તરીકે મારી લાગણી છે. જ્યારે આપણે પોષણની ચિંતા કરીએ તો તેમાં આપણે દીકરીઓની વધારે ચિંતા કરવી જોઇએ. તેના પરિવારમાં પણ ચિંતા કરવી જોઇશે. જન પ્રતિનિધિ તરીકે જ્યારે લોકોની વચ્ચે જવાનું થાય તો આપણે ચોક્કસ વાત કરવી

જોઇએ કે આપણે આપણાં બાળકોને કેવો ખોરાક આપીએ છીએ. આંગણવાડીમાં જે બાળકો આવે છે તેને આંગણવાડીના માધ્યમથી ખોરાક અપાય છે, પરંતુ માતાઓ ઘરે પણ બાળકોને કેવો ખોરાક આપે છે તેની ચિંતા કરવી જોઇએ. ઘણી વખત માનસિકતા એવી હોય છે, જે આર્થિક રીતે પછાત અને નબળો વર્ગ હોય ત્યાં દીકરીને હંમેશા એવી ફરજ પાડવામાં આવે આ જે બપોરનું જમવાનું વધ્યું છે, દીકરીને એવું કહે કે આપણે માં-દીકરી આ ભોજન જમી લઇશું, પપ્પાને ગરમ રોટલી કરી દઇશું. ભાઇને દૂધ આપીશું, તારે છાશ પીવાની છે. જન પ્રતિનધિ તરીકે આપણે લોકોની વચ્ચે જવાનું થાય ત્યારે પોષણયુક્ત આહાર કેવો હોવો જોઇએ એ આપણે લોકોને સમજાવવું જોઇએ. એટલા માટે કે આજની દીકરી છે એ આવતી કાલની માતા છે. તેને પોષણયુક્ત આહાર આપવામાં આવ્યો હશે તો જ એ સારી માતા બની શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર દ્વારા આજનું ગુજરાત સ્વસ્થ અને સલામત ગુજરાત રહે તથા ભવિષ્યનું ગુજરાત નિરોગી અને નિરામય રહે તે માટે સગર્ભા સ્ત્રીઓ અને જન્મથી બે વર્ષ સુધીની પ્રથમ બાળકની માતાને મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ દર મહિને ૧,૦૦૦ દિવસ સુધી પોષણ કીટ આપવામાં આવે છે તેમાં ૨ કિલોગ્રામ ચણા, ૧ કિલોગ્રામ તુવેરદાળ અને ૧ લિટર સિંગતેલ પણ આપવામાં આવે છે. જેનો લાભ ગત વર્ષે ૩,૬૦,૦૦૦ લાભાર્થીઓને આપવામાં આવેલ. જેના માટે આ વર્ષે ૨૦૨૩-૨૪માં રૂ. ૨૧૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ તાલુકાઓમાં સગર્ભા અને ધાત્રી માતાઓની વધુ પોષણની જરૂરિયાતને ધ્યાનમાં લઇ 'પોષણ સુધા' યોજના પણ શરૂ કરવામાં આવેલ છે. ૧૪ આદિજાતિ જિલ્લાઓના ૧૦૬ આદિજાતિ આઇ.સી.ડી.એસ. ઘટકોમાં આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલ તમામ સગર્ભા અને ધાત્રી માતાઓને આંગણવાડી કેન્દ્ર ઉપર જ રોજ એક વખત સંપૂર્ણ ભોજન આપવામાં આવે છે. સાથે સાથે આયર્નની અને કેલ્શિયમની ગોળી પણ આપવામાં આવે છે. આ યોજના માટે અમારી સરકાર દ્વારા રૂ.૧૩૩ કરોડ ૧૪ લાખની જોગવાઇ વર્ષ ૨૦૨૩-૨૪માં કરવામાં આવી. મહિલાઓ આર્થિક રીતે સક્ષમ બને, સ્વનિર્ભર બને તે માટે અમારી સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. જેવી કે મહિલા સ્વાવલંબન યોજના, પ્રદર્શન સહ વેચાણ યોજના, મહિલા જાગૃતિ શિબિર, જનરલ તાલીમ યોજના, મહિલા દ્વારા તૈયાર કરેલ હસ્તકલા વગેરે માટે થઇને સન ૨૦૨૩-૨૪ માટે રૂ.૧૦ કરોડ ૫૫ લાખની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક મહત્ત્વનો વિષય મિલેટ્સનો છે અને અત્યારે આપણે મિલેટ્સ વર્ષ ઊજવી રહ્યા છીએ ત્યારે આ સભાગૃહને જણાવતા મને આનંદની લાગણી થાય છે કે આપણા દીર્ઘદ્રષ્ટા માનનીય વડાપ્રધાનશ્રીએ વિશ્વને આહવાન કર્યું હતું કે વર્ષ ૨૦૨૩ને મિલેટ વર્ષ તરીકે જાહેર કરાય અને સંયુકત રાષ્ટ્ર મહાસંઘે તેને સ્વીકૃતિ આપી અને સન ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ તરીકે જાહેર કર્યું અને આજે સમગ્ર વિશ્વમાં વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ તરીકે આપણે સૌ ઊજવી રહ્યા છીએ ત્યારે મારા વિભાગે આ વાતને તરત જ ઝીલી લીધી છે અને મિલેટ્સના પોષક તત્ત્વોનો લાભ આઇ.સી.ડી.એસ.ના લાભાર્થીઓને મળી રહે તે માટે મિલેટ્સના ઉપયોગ માટે બજેટમાં જોગવાઇ કરેલ છે. મહિલાઓના વિકાસ માટે હંમેશા તત્પર એવી અમારી રાજય સરકારે રાજયના બજેટ માટે વર્ષ ૨૦૧૪-૧૫થી જેન્ડર બજેટ તૈયાર કરવાની કામગીરી શરૂ કરેલ જેને આજે દસ વર્ષ પૂર્ણ થાય છે. આ વર્ષે રાજય સરકારના બજેટમાં ૪૦ ટકા જેટલું બજેટ એટલે કે કુલ રૂ.૧ લાખ પાંચ હજાર કરોડનું જેન્ડર બજેટ ફાળવવામાં આવેલ છે. સન્માનનીય સભાગૃહ મારી માગણીઓને સ્વીકારે તેવી વિનંતી સાથે મારું વકતવ્ય પૂરું કરું છું અને કાપ દરખાસ્ત પાછી ખેંચે તેવી વિનંતી કરું છું.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને ફરી પૂછવા માગું છું. મેં ૧૪ સવાલ પૂછયા એમાંથી એક પણનો જવાબ આપ્યો નથી. ૧૯ વર્ષની દીકરીની બોડી બરોડામાં કોલ્ડ સ્ટૉરેજમાં પડી છે. ઉના કાંડના પીડિતોને મુખ્યમંત્રીએ વચન આપેલા, ૪૨ સફાઇ કામદારોના ગટરમાં મોત થયા, કોઇ જ જવાબ નહીં. ૧૪ મુદ્દામાંથી એક પણ મુદ્દાનો જવાબ ન મળવાનો હોય તો મતલબ શું છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : હું વાત કરાવું છું.

શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી : માનનીય મંત્રીશ્રી જવાબ આપે. એક પણ મુદ્દાનો જવાબ આપતા નથી. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જયારે વાત કરતા હતા ત્યારે સરનામા વગરના માણસની પણ વાત કરી અને એની ચિંતા પણ વ્યકત કરી. સન ૨૦૧૨માં અમે જે ઘરના ઘરનું ફોર્મ વિતરણ કર્યું હતું એની પણ વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને એક જાણકારી આપી અને પ્રશ્ન પૂછવો છે કે માનનીય

પોઇન્ટ ઓફ ઓર્ડર

વડાપ્રધાનશ્રીએ સન ૨૦૨૨ સુધીમાં આ દેશમાં તમામ લોકોને ઘરનું ઘર આપવાની વાત કરી હતી એમાં ગુજરાત પણ આવી જાય. વર્ષ ૨૦૨૨ જતું રહ્યું, વર્ષ ૨૦૨૨ (અંતરાય) હું તમને વીડિયો અત્યારે જ બતાવું... (અંતરાય)

અધ્યક્ષશ્રી : શ્રી અર્જુનભાઇ, એમની સામે જોઇને નહીં બોલો, મારી સામે જોઇને વાત કરો. (અંતરાય)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૨નું વર્ષ તો જતું રહ્યું અને અત્યારે જે ૧૦૦ વારના પ્લોટ આપવા છે એ ૧૦૦ વારના પ્લોટ પણ મળતા નથી અને એના ઉપર ઘર બનાવવા માટેની જે સહાય મળતી હતી એ સહાય પણ છેલ્લાં બે વર્ષથી મળી નથી તો માનનીય મંત્રીશ્રીને મારે પ્રશ્ન પૂછવાનો છે કે જે રીતે અગાઉ જે લોકો પાસે પોતાની જમીન નહોતી, પ્લોટ નહોતા એ તમામ લોકોને ગ્રામ્ય વિસ્તારની અંદર ૧૦૦ વારનો પ્લોટ આપવા માગો છો કે કેમ? અને શહેરી વિસ્તારમાં ૫૦ વારના પ્લોટ આપવાના બંધ કર્યા છે એ શહેરી વિસ્તારમાં ૫૦ વારના પ્લોટ આપી અને એની ઉપર મકાન બનાવવાની યોજના કરાવવા માગો છો કે કેમ? કારણ કે આપણે વારંવાર માનનીય વડાપ્રધાનશ્રીનો ઉલ્લેખ કરીએ છીએ તો એમનું જ આ વચન છે. જો જમીન નહીં આપીએ, ૫૦ વારનો કે ૧૦૦ વારનો પ્લોટ નહીં આપીએ તો મકાન બનવાનું નથી અને સહાય નહીં આપીએ તો પણ મકાન બનવાનું નથી એટલે આપ આ બન્ને આપવા માગો છો કે કેમ?

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી જેટલા લોકોના મકાન બન્યા છે, આજે ગામતળ ઘટી ગયું છે. નવા ગામતળ નીમ કરવા પડે એટલા મકાનો આ રાજય સરકારે બનાવ્યા છે અને ઘરના ઘરની વાત કરો છો? આજે લાખો લોકોને ઘરના ઘર મળેલા છે અને હજુ નવા ગામતળ નીમ કરવા પડે એવી સ્થિતિ આવી ગઇ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અંદરો અંદર ટીકા નહીં કરીએ. (અંતરાય) બેઠાં બેઠાં ન બોલો.

પોઇન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રીઓના પ્રશ્નોને મંત્રીશ્રીના જવાબમાં આવરી લેવા અંગે

શ્રી રમણલાલ ઇ. વોરા (ઇડર): માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નકાળ અને બજેટ સુધી આ ગૃહમાં બહેન શ્રીમતી ભાનુમતિબેને ખૂબ સારું પર્ફોર્મન્સ, ખૂબ સારો દેખાય કર્યો છે. આજે પણ જે વાત કરી છે એ ખૂબ લાગણીસભર વાત કરી છે અને આપશ્રીએ નવી પ્રણાલિકા પાડી છે એ પ્રમાણે ભલે થોડો સમય વધારવામાં આવે પણ વધારે ધારાસભ્યશ્રીઓ પોતાની વાત રજૂ કરે. પ્રેક્ષક ગેલેરીમાં બેઠેલા અધિકારીઓ એ લખાણ કરે અને જે તે સમયમાં અમલમાં મૂકે એ પ્રણાલિકા આપે કરી છે ત્યારે અહીંથી સીધા પ્રશ્નો પૂછાય અને માનનીય મંત્રીશ્રી જવાબ આપે એ વાત કરવી ઠીક નથી.

શ્રી અમીતભાઇ ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી આ ગૃહમાં પ્રણાલિકા રહી છે કે જે સભ્ય ચર્ચામાં ભાગ લે ત્યારે જે તે વિભાગ અંગે સૂચનો કરે અને માહિતી માગે અને માનનીય મંત્રીશ્રી જવાબ આપે તો એમાં એનો ઉલ્લેખ થતો હોય છે. આપે એક નવી પ્રણાલી ઊભી કરી કે જેથી કરીને વધારે લોકોની લાગણી વ્યક્ત થાય. પણ અમારી સ્પષ્ટ માગણી છે કે શ્રી જિજ્ઞેશભાઇએ પૂછેલ એકપણ પ્રશ્નનો જવાબ ન આપ્યો. સાથે સાથે ભાઇશ્રી અલ્પેશભાઇ ભલે દબાતા સ્વરે બોલ્યા હોય કે ઠાકોર-કોળી વિકાસ નિગમને રકમ અપાતી નથી. આ નિગમોને જે બજેટ ફળવાય છે એમાં રૂ.૧૬૬ કરોડ ગુજરાતની ૮૨ ટકા વસતિ માટે ફળવાય છે. એનો સ્પષ્ટ મતલબ છે કે * (xxx) મેં જે લાગણી વ્યક્ત કરી હતી કે ગુજરાતમાં પર ટકા વસતિ બક્ષીપંચ સમાજની છે. એનું રાજકીય અસ્તિત્વ ખતમ કરવા માટે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાંથી અનામત નાબૂદ કરવામાં આવી. એના માટે જુલાઇ-૨૨માં એનું કમિશન બન્યું એનો ૯૦ દિવસમાં રિપોર્ટ આપવાનો હતો, વારંવાર મુદ્દત વધારી, હવે મુદ્દત પૂરી થઇ ગઇ છે તો રિપોર્ટ કેમ નથી આપ્યો એટલું જ મંત્રીશ્રી જણાવે? આખા ગુજરાતમાં વહીવટદારોનું રાજ ચાલે છે એનો જવાબ માગ્યો છે. જવાબ ન આપવાનો હોય તો અમે લાગણીસભર ભાષણો સાંભળવા આવ્યા નથી.

અધ્યક્ષશ્રી : હું વાત કરું છું. માનનીય મંત્રીશ્રી, આપે આ અંગે કોઇ જવાબ આપવો હોય તો.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, એક મંત્રીશ્રી બોલે, આપણે માત્ર સૂચનો લઇએ ત્યાં સુધીની પ્રણાલિકા ઠીક છે. હવે આપણે એ અપેક્ષા રાખીએ કે મંત્રીશ્રી હાલને હાલ જવાબ આપે તો વિપક્ષના સભ્યો સમજીને ચાલે, શ્રીમતી ભાનુમતિબેન પાછળ ૧૫૫ લોકો ઊભા છે. (અંતરાય) જરાય નહીં ચાલે. કોઇપણ મહિલા માટે અને દલિત સમાજની મહિલા માટે જરાય નહીં ચાલે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બધા બેસો. પોતાના સ્થાન ઉપર બેસો. (અંતરાય) માનનીય મંત્રીશ્રીઓ બેસો. પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર ચર્ચા કરો. બાકી ચર્ચા નહીં કરો. (અંતરાય) બેસો, માનનીય ગેનીબેન બેસો(અંતરાય) બધા બેસી ગયા, તમે નીચે બેસો. (અંતરાય) તમને અધિકાર છે. બધા ધારાસભ્યશ્રીઓને વાત કરવાનો અધિકાર છે. પણ સંવિધાનની અંદર રહીને આપણે બધી ચર્ચા કરીશું. આપણી વિધાનસભાના નિયમોના નિયમ અંતર્ગત વાત કરી શકીએ છીએ. હું આપને બેસવાનું કહું છું. (અંતરાય) શ્રી જિજ્ઞેશભાઇ, આપ બેસો. પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર તમે ચર્ચા કરો. બાકી ચર્ચા ન કરો.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૨૪મી માર્ચ, ૨૦૨૩

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી પંકજ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી રમણભાઇ સાહેબે જે વાત કરી એ તદ્દન સાચી છે અને અત્યાર સુધી એવી પ્રણાલી છે કે આપ દ્વારા પૂછવામાં આવે અને મંત્રીશ્રી સંમતિ આપે તો જ પ્રશ્ન પૂછાય. એમાં જવાબની અપેક્ષા ના હોય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હું પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર આપને બધાને એનો જવાબ આપી દઉં. (અંતરાય) આપ બેસો. હું આપને ફરી વાત કરું કે આ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર એ વાત કરીશ કે અહીં ટોટલ માગણીઓ ઉપરની ચર્ચા પછી મંત્રીશ્રી જવાબ આપે છે અને મંત્રીશ્રીએ કેવો જવાબ આપવો એના માટે આપણે બધા એમને ના કહી શકીએ કે તમારે આવો જ જવાબ આપવો જોઇએ. હું વિધાનસભાના નિયમોના નિયમ પ્રમાણે વાત કરું છું. રહી વાત એ પછીના અત્યારે પ્રશ્નો જે છે એની અંદર પરંપરા અને વ્યવસ્થા એવી કરી છે કે એને અને આને એ સાથે જોઇન્ટ ના કરશો. ધારાસભ્યશ્રીઓ પોતાના વિસ્તારના પ્રશ્નોનો ઉકેલ લાવી શકે તેના માટે વધારાનો ઉપાય છે. બાકી મંત્રીશ્રીએ જે જવાબ આપવાનો છે એ જવાબ એમનો પૂરો થયો છે. એમણે જવાબ આપી દીધો છે. હવે એનાથી આપણે સંતૃષ્ટ હોઇએ કે અસંતુષ્ટ હોઇએ એ વાત અલગ છે. પરંતુ મંત્રીશ્રીએ કેવો જવાબ આપવો એ બાબતમાં આપણે એમને ફરજ પાડી ના શકીએ. એટલે એ બાબત પૂરતો તમારો પ્રશ્ન હોય તો આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરું છું.

શ્રી અમીતભાઇ ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એમના પ્રવચન પહેલા વિનંતી કરી હતી કે આ બાબતો આખા ગુજરાતને લગતી છે. જેમાં ઓ.બી.સી. કમિશનની વાત છે. ૫૨ ટકા વસ્તીના રાજકીય અસ્તિત્વનો પ્રશ્ન છે જ, પણ સાથે સાથે ૭,૦૦૦ કરતા વધારે ગ્રામ પંચાયતો, નગરપંચાયતો, તાલુકા-જિલ્લા પંચાયતોનો પ્રશ્ન છે. અહીંયા ૮ નિગમોની વાત થઇ કે એસ.ટી., એસ.સી., ઓ.બી.સી. અને માઇનોરિટીની ૮૨ ટકા વસ્તી હોય એના માટે રૂપિયા રૂ.૧૬૬ કરોડ ફાળવાય અને બીજી બાજુ થોડા સમાજ માટે રૂપિયા ૫૦૦ કરોડ ફાળવાય. વધારે ફાળવાય છે એમાં કોઇ વાંધો હોઇ શકે નહીં, પણ ૮૨ ટકા વસ્તીને અન્યાય થાય છે તો એના માટેની વિગતો આપે. રેકર્ડ આધારિત વિગતો છે. કોઇ વધારાની નથી માગી. તેમ છતાં માનનીય રમણભાઇનું જે કારણ હોય એ. તેઓ વારંવાર ઊભા થઇને... (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે પોલિટિકલ વાત ના કરો. માનનીય રમણભાઇની બાબતમાં પોલિટિકલ વાત ના કરો. (અંતરાય)

શ્રી અમીતભાઇ ચાવડા : હવે એમને કયાં લેવા-દેવા છે! (અંતરાય) (આ તબક્કે બંને બાજુએથી માનનીય ધારાસભ્યોશ્રીઓ ઊભા થઇ જતાં)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ભાઇ બેસો, બેસો. માનનીય અમીતભાઇ, માનનીય રમણભાઇ પણ વિધાનસભાના સિનિયર સભ્ય છે એમને પણ પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કરવા માટેનો અધિકાર છે. એ પણ વાત કરી શકશે...(અંતરાય)

શ્રી અમીતભાઇ ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એ ધમકીભર્યા સ્વરમાં કહે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ના, ના, અહીંયા કોઇ ધારાસભ્યશ્રીને ધમકી ના આપે. હું રક્ષણ આપવા બેઠો છું અને હું બેઠો છું ત્યાં સુધી આ વિધાનસભાની અંદર આવું નહીં થઇ શકે. આપને ભરોસો પણ આપું છું. (અંતરાય)

શ્રી અમીતભાઇ ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા પ્રશ્નોનો જવાબ ના મળવાનો હોય તો અમારે માનનીય મંત્રીશ્રીની સારી સારી વાતો સાંભળવી નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય અમીતભાઇનું માઇક ચાલુ કરો. બાકીના બેસો. તમારા નેતા બોલે છે.

શ્રી અમીતભાઇ ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમે બહુ સ્પેસિફિક માગણી કરી છે કે ઓ.બી.સી. સમાજ કમિશનની મુદત વધારી નથી. તેમ છતાં રિપોર્ટ સબમિટ થયો નથી. તેનો માનનીય મંત્રીશ્રી સ્પષ્ટ જવાબ આપે. કેમ કે, આખા ગુજરાતના મોટા સમૂહને અસર કરે છે અને બીજી વાત એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. સમાજના તમામ ધારાસભ્યોશ્રીઓની લાગણી છે કે તેમના માટેનું પૂરતું બજેટ ફાળવાયું નથી તો એનો જવાબ આપે એટલી જ વિનંતી છે. હા કે ના પાડે... (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે એમ ફરજ ના પાડી શકો કે મંત્રીશ્રીએ આવો જ જવાબ આપવો. એવું તમારાથી ના કહી શકાય. કોઇ મંત્રીશ્રીને આપણે એવું નહીં કહી શકીએ કે મંત્રીશ્રીએ આવો જવાબ આપવો.

શ્રી અમીતભાઇ ચાવડા : અમે હા કે ના કહીએ છીએ.

અધ્યક્ષશ્રી : આમાં શરતી પણ કરી શકાય નહીં. પરંતુ મંત્રીશ્રી સમયસર રિપોર્ટ મૂકવા માગો છો કે કેમ એટલો વિષય છે. આપ વાત કરી લો એટલે વિષય પૂરો થાય. બસ એક મિનિટ, માનનીય ભગાભાઇ બેસો. મેં કહી દીધું છે. હું આપને તક આપું છું.

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમીતભાઇ ક્યારના ઝવેરી કમિશનની વાત કરી રહ્યા છે એની મુદત ૧૨મી માર્ચે પૂરી થયેલ છે. ટૂંક સમયમાં માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે અમે મૂકવાના છીએ અને વિચારવાના છીએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, અમે ટૂંક સમયમાં એ અહેવાલ રજૂ કરી દઇશું, એમનો જવાબ પણ આવી ગયો છે.

શ્રી અમીતભાઇ ચાવડા : એની મુદત વધારી નથી, તો ટૂંક સમયમાં કેવી રીતે કહી શકે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમણે ટૂંક સમયની અંદર મૂકી દઇશું ત્યાં સુધી મંત્રીશ્રીએ કહ્યું છે. હવે વિષય ક્યાં આવે છે?

( આ તબક્કે કોંગ્રેસ પક્ષના હાજર રહેલા તમામ ધારાસભ્યશ્રીઓ વોકઆઉટ કરી ગયા. )

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ વોકઆઉટ કરે તો શાંતિપૂર્ણ રીતે વોકઆઉટ કરે એવી વિનંતી.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)(ક્રમશઃ)**

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારને અને મંત્રીશ્રીને મારું એક સૂચન છે કે આંગણવાડીના મકાનો રાજયની અંદર બનાસકાંઠા જિલ્લામાં મારા વિસ્તારમાં ખૂબ મોટા પ્રમાણમાં જર્જરિત થયેલા છે. નરેગા અંતર્ગત આ મકાનો બનાવવાની સરકાર દ્વારા કાર્યવાહી ચાલે છે પણ એમાં મટિરિયલ નિયમિત પહોંચતું નથી, એટલે અહીં કોઇક રાજયકક્ષાએ એક અધિકારીની સ્પેશિયલ જવાબદારી આપી અને આ કામગીરી ઝડપી પૂરી થાય. કેટલાક મકાનો એવા છે કે એમાં બાળકો બેસી શકે એવું નથી અને એવું મેં જાતે નિરીક્ષણ કર્યું છે, માટે આને ગંભીરતાથી લેવાય એવી મારી વિનંતી છે.

ડો. પ્રદ્યુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, ૪-૫ પ્રશ્નો છે હું ટુ ધ પોઇન્ટ જ પૂછીશ. પહેલો પ્રશ્ન, ફ્રીશિપ કાર્ડની જે આવકમર્યાદા છે. માનનીય મંત્રીશ્રીને ખ્યાલ છે કે કેન્દ્ર સરકારની યોજના છે, પરંતુ આવકમર્યાદા જે બીજા બધામાં રૂપિયા ૬ લાખ સુધીની છે. એમાં આપણે આવકમર્યાદા વધારી અને જે આપણા ઉપર ખર્ચ થાય છે, એ ગુજરાત સરકાર જો ભોગવી લે તો આ સળગતો પ્રશ્ન ગુજરાતના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે છે. બીજો પ્રશ્ન, હું જયારે મેડિકલમાં અભ્યાસ કરતો હતો ત્યારે મેડિકલના પુસ્તકો માટે મેડિકલ બુકબેંક યોજના ચાલતી હતી. જે હાલમાં બંધ છે. મેડિકલના પુસ્તકો ખૂબ ખર્ચાળ હોય છે તો એ બાબત પણ માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. એ ઉપરાંત આવકના દાખલા ઓનલાઇન કઢાવવા માટે વ્યવસ્થા નથી તો આપણે આઉટ સોર્સિંગ કરીને બે વ્યક્તિને બેસાડીએ તો એ સહેલું પડશે. જે અલગ અલગ યોજનાઓના પોર્ટલોની એક સમયમર્યાદા નિશ્ચિત હોય છે. અભિનંદન આપું છું કે વિદેશ અભ્યાસનું લોનનું પોર્ટલ થ્રુઆઉટ ધ ઇયર ખુલ્લુ રહે છે તો આ પણ સતત ખુલ્લુ રહે અને એક છેલ્લો પ્રશ્ન, હોસ્ટેલમાં ઓનલાઇન એડમિશન માટે જયારે એની મર્યાદા પૂરી થાય છે ત્યારે ઘણા બધા તેજસ્વી વિદ્યાર્થીઓને ૧-૨ માર્ક માટે હોસ્ટેલમાં એડમિશન નથી મળતું તો આજે લોકોના પ્રતિનિધિઓ અહીં બેઠા છે એમને કોઇ વિશેષાધિકાર આપીને પોતાના મતક્ષેત્ર....

અધ્યક્ષશ્રી : ડોકટર, એકાદ પ્રશ્ન પૂછો. આ ભાષણ માટે નથી. ૧-૧ પ્રશ્ન પૂછવા માટેનો આ મોકો છે. માનનીય ધવલસિંહભાઇ, એક સિંગલ પ્રશ્ન તમારા વિસ્તારનો જે લાગતો હોય એની તમે વાત કરો.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારાં ૨-૩ સૂચન છે કે જી.પી.એસ.સી. અને યુ.પી.એસ.સી.ની પરીક્ષાઓ માટે સરકાર ૨૦,૦૦૦ રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરે છે. પરંતુ ઓ.બી.સી., એસ.સી. અને એસ.ટી.ના વિદ્યાર્થીઓ માટે ૧૨ મહિના જે પોર્ટલ ખુલ્લુ રહેવું જોઇએ એ બિન અનામત માટે ખુલ્લુ રહે છે તો એના માટે ખાસ કયાંક શરતચૂકથી રહી ગયું છે. આ બીજી વખત ધ્યાન ઉપર લાવું છું. બીજી વાત એવી છે કે મારા વિસ્તારમાં જેટલી પણ આંગણવાડીઓ મંજૂર થઇ છે ત્યાં જેને ટેન્ડર ફાળવાયું છે તેઓ એક પણ કામ કરવા માગતા નથી. કારણ કે એને કયાંક ગ્રાન્ટ ઓછી પડે છે કે કોઇક તકલીફ છે તો એમાં કંઇક કરીને મંજૂર થયેલી આંગણવાડીઓનાં કામ થાય એવું મારું સૂચન છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે ગાંધીનગરની અંદર સેકટર-૧૯ ની અંદર એચ.આઇ.વી.ગ્રસ્ત બાળકો, દીકરાઓ કે જે વિધાઉટ પૅરેન્ટસ છે એવાં બાળકોની શાળા આવેલી છે. આખા ગુજરાતની અંદર આવી બે શાળા છે. દીકરાઓની ગાંધીનગરમાં અને દીકરીઓની સુરતમાં, તો અહીંયા એચ.આઇ.વી.ગ્રસ્ત બાળકોની જે શાળા છે એ ખૂબ જ જર્જરિત થઇ છે એટલે એને રીનોવેશનની જરૂર છે અને બીજું મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે આ શાળાની અંદર બે વર્ષથી એટલાં નાનાં બાળકો આ શાળાની અંદર આવે છે અને ત્યાં પરમિશન ૧૮ વર્ષ સુધીની છે એટલે બાળકો ૧૮ વર્ષ પછી એમના પરિવારમાં પાછા મોકલવામાં આવે છે. પણ આ બાળકો જયારે ૨-૩ વર્ષના હોય ત્યારથી આ શાળાની અંદર આવે અને ૧૮ વર્ષ સુધી અહીંયા રહે ત્યારે એનો એ પરિવાર બની જતો હોય છે ત્યારે ૧૮ વર્ષ પછી એમને એમના પરિવારમાં જવાનું હોય ત્યારે એ સેટ થતા નથી અને એવા બનાવ પણ બે વખત બન્યા છે કે જયારે એમને ૧૮ વર્ષ પૂરા થાય અને પરિવારમાં જવાની એમને મહિના પહેલા સૂચના આપવામાં આવે ત્યારે બાળકોએ શાળાની અંદર સ્યૂસાઇડ પણ કરેલું છે. ૧૮ વર્ષ પછી એ પરિવારમાં જઇ શકે નહીં એવી એમની માનસિકતા હોય છે તો મારી આપ સમક્ષ રજૂઆત છે કે ૧૮ વર્ષ એટલે બહુ નાની ઉંમર કહેવાય. હજી સરકાર ૨૨ કે ૨૫ વર્ષ સુધી એમની ઉંમર કરે તો ત્યાં સુધી બાળકો ત્યાં રહી શકે અને ત્યાં સુધીમાં એ ત્યાં સેટ થઇ જાય અને પરિપકવ ઉંમર થઇ જાય એવી મારી આપ સમક્ષ રજૂઆત છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં કોંગ્રેસના મિત્રો શ્રી અમીતભાઇ ચાવડા અને શ્રી જિજ્ઞેશભાઇ મેવાણીએ...

અધ્યક્ષશ્રી : હમણાં કોંગ્રેસનું નામ લેશો નહીં.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે મંત્રીશ્રીને જવાબ આપવાની ફરજ પાડવા માટેનો મુદ્દો ઉપસ્થિત કર્યો તેમાં હું આપને નિયમોના નિયમ અન્વયેનું માનનીય અધ્યક્ષશ્રીનું રૂલિંગ તરફ આપનું ધ્યાન દોરું છું. ૧૦મી માર્ચ ૧૯૬૬..

અધ્યક્ષશ્રી : અત્યારે તે વિષય નથી. તમે સીધા તમારા વિસ્તારના પ્રશ્ન ઉપર આવી જાઓ. તેનો હવે કોઇ અર્થ નથી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જે મુદ્દા ઉપસ્થિત કર્યા તેના ઉપર થોડુંક...

અધ્યક્ષશ્રી : મને ખબર છે એ મુદ્દાથી એમને નીકળવું હતું એટલા માટે હતું. તેમને વોકઆઉટ કરવો હતો.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આ રેકર્ડ ઉપર મૂકવા જેવો મુદ્દો છે એટલા માટે આપનું ધ્યાન દોરું છું. બે મિનિટની અંદર આપી દઇશ.

અધ્યક્ષશ્રી : બે મિનિટ નહીં. એક જ મિનિટમાં માનનીય ભગાભાઇ પૂરું કરો.

શ્રી ભગાભાઇ ધા. બારડ : હા જી, દસમી માર્ચ ૧૯૬૬ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીની માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ આપી રહ્યા હતા ત્યારે વિધાનસભાના સભ્યશ્રી મનોહરસિંહ દાદાએ મુદ્દો ઉપસ્થિત કર્યો કે, ચર્ચામાં સામાન્ય વહીવટ વિભાગને લગતા જે મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા છે તેનો ખુલાસો થયો ન હતો. આ તબક્કે શ્રી ફતેહઅલી પાલેજવાલાએ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો. ચર્ચામાં નાના મોટા જે મુદ્દા ઉપસ્થિત કરવામાં આવે...

અધ્યક્ષશ્રી : માનનીય ભગાભાઇ, આની ચર્ચા થઇ ગઇ છે અને તેનું જજમેન્ટ અપાઇ ગયું છે એટલે હવે આ ચર્ચા આગળ કરીએ નહીં. માનનીયશ્રી મોહનભાઇ ઢોડિયા. શ્રી ભગાભાઇ, આપ બેસો. આની હવે ચર્ચા ન થાય. આ તેનો સમય નથી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો પ્રશ્ન પૂછવા દો?

અધ્યક્ષશ્રી : એ માટે તમને પછી તક આપું. આપ અત્યારે બેસો.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારું સૂચન કરવા માગું છું કે, વિધવા પેન્શનમાં આવકની મર્યાદામાં જે વિસંગતતા છે તે દૂર થાય તેવી વિનંતી કરું છું. એકબાજુ ૧ લાખ ૨૦ હજાર રૂપિયા આવક મર્યાદા છે અને બીજી બાજુ ૬ લાખ રૂપિયા છે. આ વિસંગતતા દૂર થાય.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારું સૂચન છે કે, મારા મત વિસ્તારની અંદર ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ આવેલ છે. તે બિલ્ડિંગની અંદર સ્પેશિયલ હોમ, ઝોનલ ઓબ્ઝર્વેશન હોમ અને પ્લેસ ઓફ સેફ્ટી આ ત્રણેય આખા ગુજરાતના એક જ જગ્યાએ આવેલા છે. તેમાં કાયદા સાથે સંઘર્ષવાળા ૧૮ વર્ષથી નીચેનાં બાળકો આવે છે. તેમની વિકૃતિ એટલી બધી ખરાબ હોય છે કે, આજુબાજુની સોસાયટીવાળા કંટાળી ગયા છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, ચારેય ઝોનની અંદર આ ઝોનલ ઓબ્ઝર્વેશન હોમ, સ્પેશિયલ હોમ અને પ્લેસ ઓફ સેફ્ટી થાય.

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, મુખ્યમંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને મહિલા સશક્તિકરણના ઉદાહરણ સમા મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાનો ખૂબ આભાર માનું છું કે, રાજકોટમાં જેની ખૂબ જરૂરિયાત હતી તેવા સરકારી છાત્રાલયની આગામી બજેટમાં જોગવાઇ કરી છે. તે બદલ સમગ્ર રાજકોટની જનતા વતી ખૂબ ખૂબ આભાર માનું છું અને અભિનંદન આપું છું.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એક બાબતની રજૂઆત કરવા માગું છું કે, વર્ષ ૨૦૦૧ની વસતિ મુજબ જામનગર મહાનગરપાલિકામાં કુલ આંગણવાડીની સંખ્યા ૩૦૯ હતી. જેમાં અત્યારે હાલની વસતિ મુજબ અમારે બીજી ૨૬ આંગણવાડીની જરૂરિયાત છે તે આંગણવાડીની સત્વરે માન્યતા મળે. મારો બીજો પ્રશ્ન એ છે કે, મેં વ્યક્તિગત રીતે ૨૦૦ જેટલા ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લીધેલી છે. સ્ત્રી સશક્તિકરણ માટે અને ખાસ કરીને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની યોજનાઓની વાત આવે તો ગ્રામ્ય વિસ્તારની બહેનો છે તે ખેતીવાડી અથવા ઓજલ પ્રથાના હિસાબે બહાર નીકળી શકતી. તેમને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની શું શું યોજનાઓ છે અને સરકારશ્રી તરફથી આટલું મોટું બજેટ ફાળવવામાં આવે છે તો મેક્સિમમ કોઇ વેનિટી વાન, બીજા કોઇ વાહન અથવા કોઇ એવા પ્રોજેકટ આ બહેનોની જે યોજનાઓ છે તેના માટે વ્યવસ્થા કરવામાં આવે. આનાથી તેમને વધુમાં વધુ લાભ મળે, અવેરનેશ આવે અને આ યોજનાઓનો કોને કોને લાભ મળે તેના માટે સત્વરે તાલુકાવાઇઝ અને ગ્રામ્ય વિસ્તારમાં કાર્યક્રમ કરવામાં આવે તો તે સારું રહેશે.

શ્રી કાળુભાઇ રૂ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું આ સૌ ગૃહના સભ્યોને જણાવું છું કે,

અધ્યક્ષશ્રી : જણાવવાનું નથી. આપ સીધો પ્રશ્ન પૂછો.

શ્રી કાળુભાઇ રૂ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૯૮માં ઠાકોર કોળી વિકાસ નિગમ હતું તેનો પ્રથમ ચેરમેન હું હતો અને વાઇસ ચેરમેન પુંજાજી ઠાકોર હતા. અગાઉની કોઇ સરકારે આ બનાવ્યું નથી. આ ભાજપની સરકારે બનાવ્યું છે એટલે સરકારનો આભાર માનું છું. એ સાથે સાથે માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, ઠાકોર-કોળીની વસતિના પ્રમાણમાં ત્યાં નાણાં ઓછાં ફળવાય છે, તો સમાજની જરૂરિયાત પ્રમાણે નાણાં ફાળવવામાં આવે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ઓબીસી સમાજ ગામડાંઓની અંદર હજુ શૈક્ષણિક રીતે ખૂબ પછાત છે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ઓબીસી સમાજ માટે શૈક્ષણિક રીતે જે પછાત છે તે લોકો માટે વધુમાં વધુ ગ્રાન્ટની ફાળવણી સરકારના માધ્યમથી થાય અને ઓબીસી સમાજના જે છાત્રાલયો છે તે છાત્રાલયોની પણ મંજૂરી વધારેમાં વધારે મળે તો ઓબીસી સમાજ હજુ વધારે શિક્ષિત થાય તે માટે મારી આપને રજૂઆત છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને એ સૂચન કરવા માગું છું કે, ઓબીસી સમાજની વસતિ ગુજરાતમાં ખૂબ વધુ છે તો ઓ.બી.સી. સમાજનો એક અલગથી વિભાગ કે મંત્રાલય બનાવવા સરકારશ્રીને વિનંતી કરું છું અને સાથો સાથ શ્રીકાળુભાઇએ જે વાત કરી તેમાં મારો સૂર પૂરાવું છું કે કોળી અને ઠાકોર સમાજનું જે નિગમ છે તે વસતિના પ્રમાણમાં જો રૂ.૧૫૦૦ કરોડ કરતાં વધારે બજેટ ફાળવવામાં આવે તેવી એક લાગણી હું વ્યકત કરું છું.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને એક રજૂઆત કરવા માગું છું કે, બિન અનામત વર્ગની છૂટાછેડા લીધેલી બહેનો જેની પાસે તેનું બાળક રાખે છે અને તે બાળક જયારે મોટું થઇને કોલેજમાં આવે છે ત્યારે તેને બિન અનામત વર્ગના દાખલાની જરૂર પડે છે તો એ દાખલો લેવા માટે નિયમ એવો બનાવેલો છે કે પિતાનો જ એનો દાખલો હોય, એનું એલ.સી. હોય કે આ બિન અનામતમાં આવે છે તો પિતાનું જ હોવું જોઇએ એવો આગ્રહ કરવામાં આવે છે તો માનનીય મંત્રીશ્રી તેમાં સુધારો કરીને માતા અથવા પિતા બેમાંથી કોઇ એકનો પણ દાખલો ચાલે એવી રજૂઆત કરું છું.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી નરેગાની જે આંગણવાડી બનતી હતી તેમાં ૭ લાખ રૂપિયા આપતા હતા, પણ શ્રી મેરજા સાહેબ આવ્યા પછી નરેગાનું નાંખી દીધું અને ૩ લાખ રૂપિયા મજૂરીના આપે છે અને કોઇ ટેન્ડર બહાર પડતું નથી અને કોઇ પંચાયત કામ કરવા સંમત નથી. ૩ લાખ રૂપિયા મજૂરીમાં જાય છે તો ચાર લાખ રૂપિયામાં કયાંથી બને. મજૂરીના કોઇ પૈસા આપતા નથી એટલે આ ટેન્ડર પ્રક્રિયા હતી એવીને એવી રાખે તો સારું.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મોટા ભાગે ધ્યાને આવ્યું છે કે આંગણવાડીના રૂમ બનાવવા માટે ગામડાંઓમાં જાહેરના પ્લોટો પંચાયતો બિલકુલ આ વિભાગને આપવા તૈયાર નથી અને ખૂબ ડીલે થાય છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, અહીંયાના લેવલેથી દરેક કલેકટરોને આ જમીન જે જાહેરના નવા પ્લોટો છે તે આપવા માટે તાત્કાલિક પંચાયતો ઠરાવ કરે અને જગ્યા મળે એવી વ્યવસ્થા કરવા વિનંતી.

શ્રી કલ્પેશભાઇ આ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારી માતર વિધાનસભાની અંદર આખો વિસ્તાર બક્ષીપંચ વિસ્તાર હોઇ એક હોસ્ટેલ અને ગવર્નમેન્ટ સ્કૂલ ઊભી કરવામાં આવે. કારણ કે ભાલ વિસ્તાર અને ચરોતર બન્નેની વચ્ચે અમારો માતર વિસ્તાર આવતો હોઇ માતર વિધાનસભાની અંદર એક બક્ષીપંચની હોસ્ટેલ ઊભી કરવામાં આવે તો સારામાં સારું.

શ્રી વિજયભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આહવા ખાતે આવેલ ચિલ્ડ્રન હોમ છે તે ખૂબ જર્જરિત હાલતમાં છે તો નવા બાંધકામની મંજૂરી મળે એવી મારી વિનંતી છે.

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, મારા વિસ્તારમાં નાંદોદ વિધાનસભાના ગરુડેશ્વર તાલુકામાં ગડી, જંતર અને માખણખેડા જેવા ત્રણ ગામો છે કે જે ખૂબ જ અંતરિયાળ વિસ્તારમાં આવેલા છે અને નર્મદા નદીનો પાછળનો જે બેક વોટરફ્લો છે તે ડુંગરાળ વિસ્તારમાં આવેલો છે. ત્યાં આંગણવાડી બની જાય તેવી ગ્રામજનોની પણ લાગણી છે તો માનનીય મંત્રીશ્રી આ વહેલી તકે અને સત્વરે પૂર્ણ કરે એવી હું તેમની પાસેથી આશા અને અપેક્ષા રાખું છું. બીજુ, અમારો જે વિસ્તાર છે તે આખો ટ્રાઇબલ વિસ્તાર હોવાથી કુપોષિત બાળકોની સંખ્યામાં સિકલસેલ એનીમિયાનું પ્રમાણ પણ વધુ હોય છે, તો એ લોકોને સિકલસેલ એનીમિયાને અનુલક્ષીને તે લોકોને હાઇ પ્રોટીન ડાયેટ મળે તે રીતનો કોઇ વિશિષ્ટ પ્રકારનો સારો ખોરાક મળી રહે એવી મારી એક માગણી છે.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, મારા વિસ્તારની અંદર એસ.ટી/એસ.સી. અને દેવીપૂજક સમાજ ખૂબ જ પ્રમાણમાં વસે છે તો તે લોકો માટે એક સમરસ હોસ્ટેલ બને અને એક સમરસ ભવન બને તો આ લોકો ખૂબ આગળ વધી શકે. માનનીય મંત્રીશ્રી આ માટે વિચારે એવી વિનંતી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે આંગણવાડીનાં બાળકોને અમુક જિલ્લામાં દૂધ સંજીવની યોજના અંતર્ગત દૂધ આપીએ છીએ તો સમગ્ર ગુજરાતમાં આંગણવાડીનાં બાળકો માટે આ યોજના ચાલુ થાય તો કુપોષણનો રેશિયો ઘટે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, કૉંગ્રેસના શાસનમાં વિધવા પેન્શન બંધ થઇ ગયું હતું. વર્ષ ૧૯૯૫માં પ્રથમ વખત ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આ યોજના અમારા મંત્રીપદના ગાળામાં શરૂ કરી. પણ હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે રૂ.૧૨૫૦ પેન્શન ઓછું છે. એ પેન્શન વધારવા માટે મારી વિનંતી છે.

તા. ૨૪મી માર્ચ, ૨૦૨૩
માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

અધ્યક્ષશ્રી : હવે ઘણા બધા પ્રશ્નો આવી ગયા છે. ફરી એવું લાગે તો તમે મંત્રીશ્રી પાસે બેસી એની ચર્ચા કરી શકશો. મંત્રીશ્રી, આ બધા પ્રશ્નો માટે એક વખત બધા ધારાસભ્યશ્રીઓને બોલાવીને એમના કોઈ સજેશન હોય તો આપ લેજો.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭ અને ૧૯ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક- ૯૨, ૯૫ અને ૧૦૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**
**મેડિકલ કૅમ્પના આયોજન અંગે**

અધ્યક્ષશ્રી : સોમવાર, તા.૨૭/૩/૨૦૨૩ના રોજ વિધાનસભાના ચોથા માળે બ્યુરો ખંડ ખાતે ધારાસભ્યશ્રીઓ માટે મેડિકલ કૅમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેનો સર્વ સભ્યશ્રીઓએ લાભ લેવા વિનંતી છે.

**સભાગૃહનું કામકાજ બપોરના ૧.૫૮ વાગ્યે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા.૨૭મી માર્ચ, ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

ચૈત્ર ૬, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**સોમવાર, તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩**

**ચૈત્ર ૬, ૧૯૪૫ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**નિયમ-૫૧ હેઠળ સભ્યશ્રીઓને ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવા અંગે**

(શ્રી અમિતભાઇ ચાવડા રજૂઆત કરવા પોતાની જગ્યા પર ઊભા થયા.)

અધ્યક્ષશ્રી: આપ પ્રશ્નોત્તરી પછી કોઇ પણ વાત કરી શકશો. આ આપણી પરંપરા છે. અત્યારે પ્રશ્નોત્તરી ચાલુ છે. (શ્રી અમિતભાઇ ચાવડાએ બોલવાનું ચાલુ રાખ્યું.) તા.૨૩મી કે ૨૫મી એ પ્રશ્નોત્તરી પછી ચર્ચા કરજો. પ્રજાના પ્રશ્નોનો ઉકેલ પહેલો હોય પછી પોલિટિકલી એજન્ડા હોય. (આ તબક્કે કૉંગ્રેસ પક્ષના તમામ સભ્યોએ પોતાની જગ્યા પર ઊભા થઇ સતત વિરોધ કર્યો.) માનનીય અમિતભાઇ, વિધાનસભામાં પ્રજાના પ્રશ્નો પહેલા હોય. આપણે બધા ગુજરાતની પ્રજા માટે અહીં આવ્યા છીએ. પહેલા પ્રજાના પ્રશ્નો હોય પછી બાકીની ચર્ચા આપણે કરીશું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૪મી માર્ચના રોજ દેશની પાર્લામેન્ટમાં જે નિર્ણય થયો એ આ દેશ માટે *(xxx) છે. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારે જે ચર્ચા કરવી હોય એ પછી કરજો, અત્યારે પ્રશ્નોત્તરીનો સમય ન બગાડો. (આ તબક્કે કૉંગ્રેસ પાર્ટીના તમામ સભ્યો પોતાની જગ્યા પર ઊભા થઇને પ્લે કાર્ડ બતાવ્યા.) માનનીય સભ્યશ્રીઓ બેસી જાવ. બેસો, તમે બેસો, ભાઇ. દેખાવ ના કરો. કૉંગ્રેસ પાર્ટીના જે માનનીય સભ્યશ્રીઓ દેખાવ કરી રહ્યા છે તેમને મારી વિનંતી છે કે પોતાના હાથમાં જે પ્લેકાર્ડ છે એ નીચે મૂકી દે. (આ તબક્કે કૉંગ્રેસ પક્ષના સભ્યો પ્લેકાર્ડ સાથે વેલમાં આવી ગયા.) પોતે જે દેખાવ કરીને વેલમાં આવ્યા છે એ ન કરે. ફરી બીજી વખત સૂચના આપું છું. તમે વેલમાં આવો નહિ. ફરીથી માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે પોતાનું સ્થાન ગ્રહણ કરો. (કૉંગ્રેસ પક્ષના સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.) કૉંગ્રેસ પાર્ટીના માનનીય સભ્યશ્રીઓને ફરી વિનંતી છે કે તમે નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છો. ગુજરાતની પ્રજાના પ્રશ્નોની ચર્ચા હોય એવા સમયે તમે આ કાર્ય કરી શકતા નથી. હું ચોથી વખત સૂચના આપું છું. કૉંગ્રેસ પાર્ટીના સભ્યશ્રીઓને પોતાનું સ્થાન ગ્રહણ કરવા માટે ફરી સૂચના આપું છું. હું કૉંગ્રેસ પાર્ટીના સભ્યશ્રીઓને નેઇમ કરું છું કે પોતાના સ્થાન પર પહોંચે. દેખાવ કરી રહેલા કૉંગ્રેસ પાર્ટીના સભ્યશ્રીઓને હું નેઇમ કરું છું.

કૉંગ્રેસ પક્ષના નેઇમ કરેલ સભ્યશ્રીઓનાં નામ નીચે મુજબ છે.

(૧) શ્રી અમિત ચાવડા (૨) શ્રી શૈલેષ પરમાર, (૩) શ્રી અર્જુન મોઢવાડિયા, (૪) શ્રી કાંતિભાઇ ખરાડી, (૫) ડૉ.સી.જે.ચાવડા, (૬) ડૉ.તુષાર ચૌધરી, (૭) ગેનીબેન ઠાકોર, (૮) શ્રી અરવિંદ લાડાણી, (૯) શ્રી દિનેશ ઠાકોર, (૧૦) શ્રી અમૃતજી ઠાકોર, (૧૧) શ્રી વિમલભાઇ ચુડાસમા, (૧૨) શ્રી જિજ્ઞેશકુમાર મેવાણી, (૧૩) શ્રી ઇમરાન ખેડાવાલા, (૧૪) ડો. કિરીટકુમાર ચી. પટેલ, (૧૫) શ્રી ચિરાગભાઇ પટેલ, (૧૬) શ્રી ગુલાબસિંહ ચૌહાણ તેઓ પોતાના સ્થાન પર પહોંચે. મેં પાંચ વખત સૂચના આપી તો પણ તેમણે માન્યું નથી, ત્યારે હું નિર્ણય કરું છું કે કલમ-૫૧ નીચે નેઇમ કરેલ કૉંગ્રેસ પાર્ટીના માનનીય સભ્યોને આજના દિવસની આ ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે. સાર્જન્ટને વિનંતી છે કે સભ્યોને માનપૂર્વક બહાર લઇ જાવ. (કૉંગ્રેસ પાર્ટીના સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર ચાલુ રાખવામાં આવ્યા.) કૉંગ્રેસ પાર્ટીના સભ્યોને સન્માનપૂર્વક બહાર લઇ જવા વિનંતી. કોઇને વાગે નહિ એ રીતે લઇ જજો. માનનીય ધારાસભ્યશ્રી, તમે પગ ના દબાવશો. તમારા પગ ભાંગી જશે. આવું ન કરો. મહિલા તરીકે તમને ખરાબ લાગે. (આ તબક્કે કૉંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓને સાર્જન્ટ દ્વારા બહાર લઇ જવામાં આવ્યા.) મારી સભ્યશ્રીઓને વિનંતી કે આ રીતે પ્રશ્નોત્તરીના સમયમાં દેખાવ કરવો ઠીક નથી એટલા માટે મેં નિર્ણય કર્યો છે. સંસદીય મંત્રીશ્રી, હું આપને પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય એટલે આ બાબતે કૉમેન્ટ કરવા માટે સમય આપીશ. ગુજરાતની પ્રજાના પ્રશ્નોનો સમય આ રીતે બગાડી શકાય નહિ.

તારાંકિત પ્રશ્નો

**ગુજરાતમાં કાર્યરત વીજ ક્ષમતાના પ્રોજેક્ટ**

* ૨૯૩૭ **શ્રી મુકેશકુમાર પટેલ** (મહેસાણા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ ગુજરાતમાં કેટલા સોલાર પાર્ક છે અને તેમાં કેટલી સ્થાપિત વીજક્ષમતાના પ્રોજેક્ટ કાર્યરત છે,

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં નીચે મુજબના સોલાર પાર્ક કાર્યરત છે.

| સોલાર પાર્ક | કેપેસીટી |
|---|---|

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| ચારણકા સોલારપાર્ક | ૭૩૦ મેગાવોટ |
| રાધાનેસડા સોલાર પાર્ક | ૫૦૦ મેગાવોટ |
| ધોલેરા સોલાર પાર્ક | ૩૦૦ મેગાવોટ |

(૨) આ સોલાર પાર્ક ક્યાં ક્યાં આવેલા છે, અને

(૨) (૧) ચારણકા સોલારપાર્ક- ગામઃ ચારણકા, તાઃ સાંતલપુર, જિલ્લોઃ પાટણ

(૨) રાધાનેસડા સોલાર પાર્ક- ગામઃ રાધાનેસડા, તાઃ વાવ, જિલ્લોઃ બનાસકાંઠા અને

(૩) ધોલેરા સોલાર પાર્ક- ગામઃ ધોલેરા, તાઃ ધોલેરા, જિલ્લોઃ અમદાવાદ ખાતે આવેલા છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ પાર્ક દ્વારા કેટલુ વીજ ઉત્પાદન થયું ?

(૩) તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ પાર્ક દ્વારા થયેલ વીજ ઉત્પાદનની વિગત નીચે મુજબ છે.

| **સોલાર પાર્ક** | **વીજ ઉત્પાદન મીલીયન યુનીટ્સમાં** | |
|---|---|---|
| | **વર્ષ ૨૦૨૧** | **વર્ષ ૨૦૨૨** |
| ચારણકા સોલારપાર્ક | ૧૨૬૪.૭૪ | ૧૨૪૯.૯૭ |
| ધોલેરા સોલાર પાર્ક | ૦૦.૦૦ | ૫૦૪.૭૯ |
| રાધાનેસડા સોલાર | ૧૯૮.૩૭ | ૧૦૮૬.૮૧ |

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે આપશ્રીના માધ્યમથી અને આપશ્રીના અથાગ પ્રયત્નથી ઉત્તર ગુજરાતમાં ચારણકા અને રાધાનેસડામાં સૌ પ્રથમ રીન્યુએબલ પાર્ક સ્થાપવામાં આવ્યો હતો. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ચારણકા, રાધાનેસડા અને ધોલેરા સિવાય રાજ્યમાં અન્ય કોઈ જગ્યાએ રીન્યુએબલ પાર્ક સ્થાપવાનું આયોજન છે કે કેમ? અને જો હા તો તેની હાલની સ્થિતિ શું છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દૂરંદેશી વડાપ્રધાનશ્રી અને તે સમયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ સોલાર એનર્જીનું મહત્ત્વ સમજીને સૌ પ્રથમ ગુજરાતમાં આ અંગેની પૉલિસી બનાવી અને તેના અંતર્ગત આ ત્રણ પાર્ક સિવાય રાજ્યમાં કચ્છ જિલ્લામાં ખાવડા ખાતે વિશ્વનો સૌથી મોટો અંદાજે ૩૦ હજાર મેગાવૉટનો રીન્યુએબલ એનર્જી પાર્ક સોલાર વિન્ડ હાઈબ્રીડ સ્થાપવાનું આયોજન છે. આ રીન્યુએબલ એનર્જી પાર્કનું ખાતમુહૂર્ત લોકલાડીલા તથા ગુજરાત અને સમગ્ર ભારતનું ગૌરવ તેવા યશસ્વી અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ દ્વારા તા.૧૫ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ કરવામાં આવેલ છે. ગુજરાત સરકાર દ્વારા આ રીન્યુએબલ એનર્જી પાર્ક સ્થાપવા કુલ ૭૨,૪૦૦ હેક્ટર જમીનની ફાળવણી કરવામાં આવેલ છે. સરકાર દ્વારા હાલમાં જુદા-જુદા ડેવલપરને ૨૫,૮૦૦ મેગાવૉટની ક્ષમતાના વિન્ડ સોલાર પ્રોજેક્ટની ફાળવણી કરવામાં આવેલ છે. હાલમાં માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ૩૦.૬ કિ.મી.ના નવા એપ્રોચ રોડનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે અને અન્ય આંતર માળખાકીય પ્રવૃત્તિઓ વિકાસ હેઠળ છે. આ રીન્યુએબલ પાર્ક એનર્જી પ્રોજેક્ટની ૫૦ ટકા વીજ ક્ષમતા ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં અને ૧૦૦ ટકા વીજ ક્ષમતા ડિસેમ્બર-૨૦૨૬ સુધીમાં પ્રસ્થાપિત કરવામાં આવનાર છે. પ્રતિ મેગાવૉટ અંદાજે રૂ.૫ કરોડનું મૂડીરોકાણ ધ્યાને લેતા અંદાજે રૂ.૧ લાખ ૩૦ હજાર કરોડનું મૂડીરોકાણ થવાની શક્યતા છે.

શ્રી સરદારભાઈ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ચારણકા સોલાર પાર્કની સ્થાપના ક્યારે થઈ? અને આ સોલાર પાર્કમાં કેટલી સ્થાપિત ક્ષમતાના સોલાર પ્રોજેક્ટ સ્થાપિત કરવાનું આયોજન હતું? હાલ આ પાર્કમાં કેટલા સોલાર ડેવલોપર છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ચારણકા ગામે વર્ષ ૨૦૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશના સૌ પ્રથમ એવા સોલાર પાર્કની સ્થાપના થયેલ. ૧૮૯૭.૯૭ હેક્ટર જમીનમાં પથરાયેલા આ સોલાર પાર્કમાં ૫૦૦ મેગાવૉટની સ્થાપિત ક્ષમતાના સોલાર પ્રોજેક્ટ સ્થાપિત કરવાનું આયોજન હતું. જે પૈકી વર્ષ ૨૦૧૧માં ૨૧૫ મેગાવૉટ ક્ષમતાના સોલાર પ્લાન્ટ કાર્યરત થયેલ છે. ત્યાર બાદ ક્રમશઃ તેની ક્ષમતામાં વધારો કરી હાલની સ્થાપિત ક્ષમતા ૭૩૦ મેગાવૉટ પ્રાપ્ત કરવામાં આવેલ છે. આ પાર્કમાં કુલ-૩૬ ડેવલોપર છે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાધાનેસડા સોલાર પાર્ક ક્યારથી કાર્યરત છે અને સોલાર પાર્કમાં હાલમાં કઈ કઈ કંપનીના કેટલા સોલાર પ્રોજેક્ટ કેટલી

ક્ષમતાથી કાર્યરત છે? આ સોલાર પ્રોજેક્ટ દ્વારા ઉત્પન્ન થતી વીજળી કયા દરે ખરીદવામાં આવે છે? અને આ સોલાર પાર્કમાં હજુ વીજ ક્ષમતા વધારવાનું આયોજન છે કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના રાધાનેસડા ગામ ખાતેની આશરે ૧૩૯૨ હેક્ટર વિસ્તાર ધરાવતી પડતર બિન ઉપજાઉ જમીન પર અલ્ટ્રા મેગા સોલાર પાર્કમાં ૭૦૦ મેગાવૉટના સોલાર પ્રોજેક્ટ સ્થાપવાના આયોજન પૈકી ૫૦૦ મેગાવૉટ સોલાર પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૧થી કાર્યરત છે. જેમાં નીચે મુજબની ચાર કંપનીઓ સોલાર પ્રોજેક્ટ હેઠળ કાર્યરત છે.

(૧) ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની ૧૦૦ મેગાવૉટ આપણને રૂ.૨.૬૮ પૈસાના ભાવે વીજળી આપે છે.

(૨) ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કૉર્પોરેશન લિમિટેડ ૧૦૦ મેગાવૉટના રૂ.૨.૬૮ પૈસાના ભાવે પાવર આપે છે.

(૩) ઈલેક્ટ્રો સોલાર પ્રાઈવેટ લિમિટેડ (ઈ.એસ.પી.એલ.)૨૦૦ મેગાવૉટ રૂ.૨.૬૫ પૈસાના ભાવે વીજળી આપે છે.

(૪) ટાટા પાવર એનર્જી રીન્યુએબલ એનર્જી ૧૦૦ મેગાવૉટ રૂ.૨.૭૦ પૈસાના ભાવે પાવર આપે છે.

હાલમાં આ પાર્કમાં ૫૦૦ મેગાવૉટની સ્થાપિત ક્ષમતાના સોલાર પ્રોજેક્ટ કાર્યરત છે અને ૨૦૦ મેગાવૉટના ક્ષમતાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

**છોટાઉદેપુર જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘરવપરાશ માટે વીજ જોડાણો**

* ૨૯૩૮ **શ્રી જયંતિભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને ઘર વપરાશ માટે વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૩૯૮૦ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૯૫.૨૯ લાખનો ખર્ચ થયો. |

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કુટિર જ્યોતિ યોજનાનો હેતુ શું છે? આ યોજનાનો લાભ મેળવવાની પાત્રતા શું છે? અને અરજદારે આ યોજના હેઠળ ઘર વપરાશનું વીજ જોડાણ મેળવવા શું કાર્યવાહી કરવાની હોય છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે વારંવાર કહીએ છીએ કે, બજેટમાં આદિવાસી વિસ્તારો માટેની જે જોગવાઇઓ છે એ જુદા-જુદા હેડ હેઠળ કરવામાં આવે છે. આ કુટિર જ્યોતિ યોજના પણ આ જ રીતની એક યોજના છે. આ યોજનાનો મુખ્ય હેતુ રાજ્યના આદિજાતિ વિસ્તારના આદિજાતિ ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના નવા વીજ જોડાણ નિઃશુલ્ક આપવાનો છે. આ લાભ ગ્રામવિકાસ વિભાગની વેબસાઇટ પરના કોમન લિસ્ટ પર ઉપલબ્ધ આદિજાતિ વિસ્તારના અનુસૂચિત જનજાતિના ગરીબ લાભાર્થીઓને મળવાપાત્ર છે. આ યોજના હેઠળ બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ન હોય અને રૂ.૧ લાખ ૨૦ હજારની વાર્ષિક આવક ધરાવતા ગ્રામીણ વિસ્તારના કુટુંબો અને શહેરી વિસ્તારમાં રહેતા રૂ.૧ લાખ ૫૦ હજાર સુધીની વાર્ષિક આવક ધરાવતા ગરીબ કુટુંબોને આવરી લેવામાં આવેલ છે. આ યોજના હેઠળ સો ટકા ખર્ચ સરકાર દ્વારા કરવામાં આવે છે. આ યોજના હેઠળ ઘર વપરાશના નિઃશુલ્ક વીજ જોડાણ મેળવવા અરજદારે પ્રાયોજના અધિકારીની કચેરી ખાતે અરજી નોંધાવવાની હોય છે અને આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીઓની યાદી જે-તે વિસ્તારના પ્રાયોજના અધિકારી દ્વારા વીજ કંપનીની ક્ષેત્રીય કચેરીને આપવામાં આવે છે અને ત્યારબાદ અરજદારે નવા વીજ જોડાણ માટેની અરજીના નિયત ફોર્મમાં જરૂરી વિગતો ભરી ફોર્મની સાથે ઓળખનો પૂરાવો અને મકાન માલિકના પૂરાવા સાથે આ ફોર્મ વીજ કંપનીની સંલગ્ન ક્ષેત્રીય કચેરી ખાતે આપવાનું રહે છે. આમ, વીજ કંપની દ્વારા વીજ જોડાણ આપવાની કાર્યવાહી પૂર્ણ કરી વીજ જોડાણ આપવામાં આવે છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા. ૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ તાલુકાવાર અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને નિઃશુલ્ક ઘર વપરાશના કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા છે? અને તેના માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુટિર જ્યોતિ યોજના હેઠળ છોટાઉદેપુર જિલ્લામાં આપવામાં આવેલ નિઃશુલ્ક ઘરવપરાશના વીજ જોડાણો નીચે મુજબ છે. વર્ષ ૨૦૨૧માં બોડેલીમાં ૧૨૮ કનેક્શનો આપવામાં આવ્યાં અને રૂ.૮ લાખ ૧૪ હજારનો ખર્ચ થયો. છોટાઉદેપુરમાં ૪૮૫ કનેક્શનો આપવામાં આવ્યાં અને રૂ.૩૧ લાખ ૪૦ હજારનો ખર્ચ થયો. પાવીજેતપુરમાં ૨૫૯ કનેક્શનો આપવામાં આવ્યાં અને રૂ.૧૩ લાખ ૮૫ હજારનો ખર્ચ થયો. ક્વાંટમાં ૬૧૦ કનેક્શનો આપવામાં આવ્યાં અને રૂ.૨૧ લાખ ૩૫ હજારનો ખર્ચ થયો. સંખેડામાં ૧૮ કનેક્શનો આપવામાં આવ્યાં અને રૂ.૬૪ હજારનો ખર્ચ થયો. આમ, કુલ ૧૫૦૦ કનેક્શનો પાછળ રૂ.૭૫ કરોડ ૭૮ લાખ ૩૮ હજારનો ખર્ચ થયો. વર્ષ ૨૦૨૨માં બોડેલીમાં ૧૫૩ કનેક્શનો આપવામાં આવ્યાં અને રૂ.૧૧ લાખ ૩૮ હજારનો ખર્ચ થયો.

છોટાઉદેપુરમાં ૭૦૬ કનેક્શનો આપવામાં આવ્યાં અને રૂ.૩૯ લાખ ૫૪ હજારનો ખર્ચ થયો. પાવીજેતપુરમાં ૫૩૨ કનેક્શનો આપવામાં આવ્યાં અને રૂ.૨૫ લાખ ૨૯ હજારનો ખર્ચ થયો, ક્વાંટમાં ૭૯૩ કનેક્શનો આપવામાં આવ્યાં અને રૂ.૩૩ લાખ ૬૬ હજારનો ખર્ચ થયો. નસવાડીમાં ૧૯૦ કનેક્શનો આપવામાં આવ્યાં અને રૂ. ૬ લાખ ૮૧ હજારનો ખર્ચ થયો. સંખેડામાં ૧૦૬ કનેક્શનો આપવામાં આવ્યાં અને રૂ. ૩ લાખ ૨૩ હજારનો ખર્ચ થયો. આમ, કુલ રૂપિયા ૧ કરોડ ૧૯ લાખ ૯૧ હજારનો ખર્ચ થયો અને ૨૪૮૦ કનેક્શનો આપવામાં આવ્યાં.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા. ૨૮/૦૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કુટિર જ્યોતિ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને મફત વીજ કનેક્શન આપવાની યોજનામાં કુલ કેટલી અરજીઓ પડતર છે? અને પડતર રહેવાનાં કારણો શાં છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, બધાં જ કનેકશનો આપવામાં આવ્યાં છે. કોઇ અરજી પેન્ડિંગ નથી.

**ભાવનગર જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને થાંભલા બદલવા બાબત**

* ૨૯૩૩ **શ્રીમતી સેજલબેન પંડ્યા** (ભાવનગર પૂર્વ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત કુલ કેટલા કિ.મી. જર્જરિત વીજ વાયર અને થાંભલા બદલવામાં આવ્યા, અને | (૧) |
| (૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂ. ૩૦૦.૩૫ લાખનો ખર્ચ થયો. |

| જર્જરિત વીજ વાયર (કિ.મી.) | જર્જરિત વીજ થાંભલા (નંગ) |
|---|---|
| ૫૯૨.૦૪ | ૯૯૦ |

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના શા માટે અને કયારે શરૂ કરવામાં આવી? અને આ યોજના હેઠળ કઇ કઇ કામગીરી કરવામાં આવે છે? હાલ આ યોજના રાજ્યના કેટલા જિલ્લા અને તાલુકામાં લાગુ કરવામાં આવેલ છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે એમણે વિવિધ સમાજોના વિકાસ માટે સમગ્ર ગુજરાતમાં જે યોજનાઓ શરૂ કરી એમાં, આપણે વન બંધુ કલ્યાણ યોજના તો જાણીએ જ છીએ, પણ સાથે સાથે સાગરખેડુ યોજના શરૂ કરી અને સાગરખેડુ યોજના અંતર્ગત, દરિયાકાંઠાના ભેજ અને ખારાશવાળા વાતાવરણના કારણે વીજ વાયર, થાંભલા, ડિસ્ટ્રિબ્યુશન બોક્સ વિગેરે મટિરિયલ્સને નુકસાન થાય છે. જેના કારણે વીજ પુરવઠાના સાતત્ય અને ગુણવત્તાને અસર થાય છે. ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે એના માટે વીજ માળખાની જાળવણી મોટો પડકાર છે. આ સંજોગોમાં, દરિયાકાંઠાના વિસ્તારોમાં વીજ માળખાના સુદૃઢીકરણ વિસ્તારમાં રહેતા લોકોનું જીવન ઊંચું લાવવા માટે સરકારે વર્ષ ૨૦૦૭માં સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અમલમાં મૂકેલ છે. સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ ખવાઇ ગયેલા વીજ થાંભલાઓ, વીજ રેસાઓ અને તેને આનુષંગિક સામગ્રીઓ બદલવામાં આવે છે. ફિડર ઉપર લોડ વધી જાય તો એનું વિભાજન કરવામાં આવે છે. ખુલ્લા વાયરોની જગ્યાએ કેબલ વાયર એરિયલ બન્ચ કેબલ નાંખવામાં આવે છે. ૬૬ કે.વી. સબસ્ટેશન બનાવવામાં આવે છે. ખવાઇ ગયેલી ટ્રાન્શમિશન લાઇન અને એની આનુષંગિક સામગ્રીને બદલવામાં આવે છે. સબ સ્ટેશનના ઉપકરણો જેવા કે, પેનલ, સર્કિટ બ્રેકર, બસબાર જેવા સબ સ્ટેશનોનું અપગ્રેડેશન કે રિપ્લેશમેન્ટ કરવામાં આવે છે. દરિયાકિનારે આવેલા ખેડૂતોને નવા કૃષિ વિષયક વીજ જોડાણ આપવામાં આવે છે. સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના દરિયાકાંઠાના ૧૨ જિલ્લાઓના ૩૯ તાલુકાઓમાં અમલમાં છે.

શ્રી ભીખાભાઇ ર. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભાવનગર જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં સાગરખેડુ યોજનામાં તાલુકાવાર કેટલા જર્જરિત વીજ વાયર અને થાંભલા બદલવામાં આવ્યા અને એમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, વાયર અને થાંભલા કેટલા બદલવામાં આવ્યા અને કેટલો ખર્ચ થયેલ છે તેનો જવાબ આપો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૧માં ભાવનગર જિલ્લામાં સાગરખેડુ યોજના હેઠળ તાલુકાવાર નીચે મુજબની વિગતો છે.

ભાવનગર તાલુકામાં જર્જરિત વીજ વાયરો ૭.૭૦ કિ.મી.ના બદલ્યા છે. ૧૧૦ થાંભલાઓ બદલ્યા છે. ખર્ચ રૂપિયા ૧૫ લાખ ૪૧ હજાર થયેલ છે. ઘોઘામાં ૧.૫૪. કિ.મીના વીજ વાયરો બદલ્યા છે. ૧૭ થાંભલાઓ બદલ્યા છે. રૂપિયા ૧ લાખ ૨૮ હજારનો ખર્ચ થયેલ છે. તળાજામાં ૧૨૫.૧૨ કિ.મી.ના વીજ વાયર બદલ્યા છે. ૬૪ થાંભલાઓ બદલ્યા છે. રૂપિયા ૫૧ લાખ ૪ હજારનો ખર્ચ થયેલ છે. મહુવામાં ૧૨૪.૧૫ કિ.મી.ના વીજ વાયર બદલ્યા છે. ૧૦૨ થાંભલાઓ બદલ્યા છે. રૂપિયા ૫૩ લાખ ૯૨ હજારનો ખર્ચ થયેલ છે. આમ, કુલ ૨૫૮.૫૧ કિ.મી.ની લાઇનના વાયરો બદલ્યા છે. ૨૯૩ થાંભલાઓ બદલ્યા છે. રૂપિયા ૧ કરોડ ૨૧ લાખ ૬૫ હજારનો ખર્ચ થયેલ છે.

વર્ષ ૨૦૨૨માં ભાવનગર જિલ્લામાં સાગરખેડુ યોજના હેઠળ તાલુકાવાર નીચે મુજબની વિગતો છે.

ભાવનગર તાલુકામાં જર્જરિત વીજ વાયરો ૯૯.૭૯ કિ.મી.ના બદલ્યા છે. ૧૭૩ થાંભલાઓ બદલ્યા છે. રૂપિયા ૬૦ લાખ ૩૦ હજારનો ખર્ચ થયેલ છે. ઘોઘામાં ૪૦.૮૬ કિ.મી.ના વીજ વાયરો બદલ્યા છે. ૧૩૮ થાંભલાઓ બદલ્યા છે. રૂપિયા ૨૩ લાખનો ખર્ચ થયેલ છે. તળાજામાં ૭૯.૪ કિ.મી.ના વીજ વાયર બદલ્યા છે. ૯૨ થાંભલાઓ બદલ્યા છે. રૂપિયા ૩૬ લાખ ૫૩ હજારનો ખર્ચ થયેલ. મહુવામાં ૧૧૩.૮૫ કિ.મી.ના વીજ વાયરો બદલ્યા છે. ૨૯૪ થાંભલા બદલ્યા છે. રૂપિયા ૫૮ લાખ ૮૬ હજારનો ખર્ચ થયેલ છે. આમ, ટોટલ ૩૩૩.૫૪ કિલોમીટર લાઇન બદલી, વાયરો બદલ્યા, ૬૯૭ થાંભલા બદલ્યા અને કુલ રૂ.૧૦૧,૭૮,૦૭,૦૦૦/ - નો ખર્ચ થયો.

અધ્યક્ષશ્રી : ધારાસભ્યશ્રીઓ, કોઇ ચિંતા ના કરશો. નાણામંત્રીશ્રી પોતે જ ઊર્જા મંત્રી છે, એટલે ખર્ચની કોઇ ચિંતા કે પ્રશ્ન ના રાખશો. જે હશે તે ખર્ચ પૂરો કરવાની એમની તૈયારી હશે. પ્રશ્ન ક્રમાંકઃ ૫. માનનીય શ્રી જીતેન્દ્રભાઇ સોમાણી.

**કચ્છ જિલ્લામાં સારણ લિંકનું કામ હાથ ધરવાનું આયોજન**

* ૨૯૪૬ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કચ્છ જિલ્લાને ફાળવેલ નર્મદાના પુરના વધારાના પાણી અંતર્ગત સારણ લિંકનું કામ ક્યા તબક્કે છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સારણલિંકનું ટેન્ડર મંજૂરીના તબક્કે હતું. |
| (૨)આ કામ પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કચ્છમાં સરદાર સરોવર નર્મદાના પૂરના પાણી અંગે સારણ લિંકમાં અત્યાર સુધી કેટલું કામ થયું અને કયાં સુધીમાં એ પૂર્ણ કરવામાં આવશે અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાના જે પાણી લગભગ ૩ મિલિયન એકર ફીટ, જે દરિયામાં વહી જતા હતા, ત્યારે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ યોજના બનાવી. એમાંની આ એક યોજના છે કચ્છની યોજના. એની અંદર પણ આ સારણ લિંકની અંદર એની કામગીરી ચાલે છે. સભ્યશ્રીએ કહ્યું એમ આ સારણ લિંકમાં નર્મદાના પૂરનું ૦.૧૧૬ મિલિયન એકરફીટ પાણી ઉદવહન કરીને વિતરણ કરવાની કામગીરી કરવામાં આવનાર છે. સારણ લિંક રાપર તાલુકામાં આવેલ ફતેહગઢ ગામમાં આવેલ કચ્છ બ્રાન્ચની કેનાલમાં ૧૦૫ કિલોમીટર પાસેથી ઓફટેક થઇ ૬૨ કિલોમીટરની લંબાઇમાં મુખ્ય લાઇન ૨.૨ વ્યાસની, એટલે એની વહનક્ષમતા લગભગ ૨૬૮ ક્યુસેક જેટલી તથા ૧૦ કિલોમીટર લાંબી ફિડર લાઇન નાંખવામાં આવનાર છે. એની અંદર પંપિંગ સ્ટેશન-૧ કચ્છ બ્રાન્ચ કેનાલ પાસે આવનાર છે. એની અંદર ૨૭૦૦૦ ઘનમીટરની પ્રતિ કલાકની લિફ્ટિંગ કેપેસિટીવાળા પંપો ૧૧ મીટર હેડના પંપો લાવવામાં આવશે. એ જ રીતે ૯૧૨૦ ઘનમીટર પ્રતિ કલાકની લિફ્ટિંગની કેપેસિટીવાળા ૪ પંપો જેનો હેડ છે એ લગભગ ૫૩ મીટર જેટલો હેડ છે.

એ જ રીતે પંપિંગ સ્ટેશન-૨. જે સાણો જળાશય પાસે ૫૪૦૦ ઘનમીટર પ્રતિ કલાકની લિફ્ટિંગ કેપેસિટીવાળા ૩ પંપો, જેની કેપેસિટી ૫૪ મીટર હેડ છે. આમ, ૨૦ હજાર હેક્ટર વિસ્તારમાં ૮ હજાર હેક્ટર સુધીની ચક લેવલ સુધીનું ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક બનાવવામાં આવનાર છે. આ કામના ટેન્ડરો પણ થઇ ગયા છે. એની કામગીરી પણ ચાલુ થઇ ગઇ છે. એ કામ ખૂબ પ્રગતિમાં છે.

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ સારણ લિંક યોજના મારફતે કેટલા હેક્ટર વિસ્તાર માટે ઋતુવાર પાણી આપવાનું આયોજન કરવામાં આવ્યું છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખરીફ ઋતુમાં પાણી લિફ્ટિંગ કરીને કુલ ૨૦ હજાર હેક્ટર વિસ્તારમાં સિંચાઇનું પાણી પૂરું પાડવાનું આયોજન છે. રવી ઋતુમાં પાણી લિફ્ટિંગ કરીને ૯ હજાર હેક્ટર વિસ્તારમાં સિંચાઇ માટે પૂરું પાડવાનું આયોજન છે. આમ ખરીફ અને રવી ઋતુમાં મળીને લગભગ ૨૯ હજાર હેક્ટર વિસ્તારમાં સિંચાઇનો લાભ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, જનરલી બીજી બધી યોજનાઓની અંદર ઉદવહન કરીને ડેમ, જળાશયો, તળાવો ભરવામાં આવે છે, પણ આ સારણ લિંક યોજનામાં એવું છે કે એની અંદર સીધું સિંચાઇ વિસ્તારમાં પાણી ઉપલબ્ધ થશે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લો એ ગુજરાતનો ચોથો ભાગ છે અને એને હંમેશા પાણીની તરસ રહી છે. તત્કાલિક મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના સખત પરિશ્રમના કારણે કચ્છને જ્યારે નર્મદાનું પાણી ઉપલબ્ધ થયું છે, ત્યારે વધારાના પાણી માટે પણ આદરણીય ભૂપેન્દ્રભાઇની સરકારમાં બજેટમાં પણ એલોકેશન કરવામાં આવ્યું છે. હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સારણ લિંકનું કામ કયારે શરૂ થશે? કેટલા ગામોને સિંચાઇનો લાભ મળશે? અને હાલના તબકકે એની પાછળ કેટલો ખર્ચ થયો છે?

તારાંકિત પ્રશ્નો

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ તેના ટેન્ડર નીકળીને તેની કામગીરી પણ શરૂ થઇ ગઇ છે. સારણ લિંક રાપર તાલુકામાં આવેલ ફતેગઢ ગામમાં આવેલ કચ્છ બ્રાન્ચ કેનાલની ૧૦૫ કિલોમીટર પાસેથી ઓફ્ટેક થઇ ૬૨ કિલોમીટરની લંબાઇમાં નાખવાનું આયોજન છે. આ લિંક રાપર તાલુકામાં આવેલ સારણ જળાશયને જોડાણ કરવામાં આવનાર છે તેમજ નવો સિંચાઇ વિસ્તાર વિકસાવીને રાપર તાલુકામાં ગેડી, આનંદપર, બેલા, મોવાણા, શિવગઢ, ફતેગઢ, દેશલપર, જાતવાડા આમ લગભગ ૮ ગામોને સિંચાઇનો લાભ આપવામાં આવશે.

અધ્યક્ષશ્રી : અગાઉ માનનીય મંત્રીશ્રીએ જવાબમાં ફતેપુર ગામનો ઉલ્લેખ કર્યો હતો તેની જગ્યાએ ફતેગઢ સમજવું.

**અરવલ્લી જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ લાભાર્થી જનસંખ્યા**

* ૨૯૭૭ **શ્રી પી. સી. બરંડા** (ભિલોડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ ૫૮૪૧ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) ૫૮૪૧ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૨૫,૦૯૪ છે. |

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧-૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા અને તેની જનસંખ્યા કેટલી? બીજો પ્રશ્ન એ છે કે રાષ્ટ્રિય અન્ન સલામતી કાયદા હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબ તરીકે સમાવેશ માટે પાત્રતાના ધોરણ મુજબ છેલ્લે ક્યારે ફેરફાર કરવામાં આવેલ છે તેની વિગત? ત્રીજો પ્રશ્ન એ છે કે તા.૧-૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ સમાવેશ માટે તાલુકાવાર કેટલી અરજીઓ મળી તથા તેના પર શું કાર્યવાહી થઇ?

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાઇઝ એન.એફ.એસ.એ. હેઠળ સમાવેશ કરવા માટે આવેલ અરજીઓની વાત કરું તો મોડાસા તાલુકામાં ૧,૩૮૪ અરજીઓ મળેલ છે. મંજૂર કરેલ અરજીઓ ૧,૩૭૦, નામંજૂર કરેલ અરજીઓ ૧૪, પડતર અરજી શૂન્ય. માલપુરમાં ૫૩૪ અરજીઓ મળેલ છે. મંજૂર કરેલ અરજીઓ ૫૧૭, નામંજૂર કરેલ અરજીઓ ૧૭, પડતર અરજી શૂન્ય. મેઘરજમાં ૮૧૬ અરજીઓ મળેલ છે. મંજૂર કરેલ અરજીઓ ૭૨૦, નામંજૂર કરેલ અરજીઓ ૯૬, પડતર અરજી શૂન્ય. ધનસુરા તાલુકામાં ૫૩૭ અરજીઓ મળેલ છે. મંજૂર કરેલ અરજીઓ ૫૨૪, નામંજૂર કરેલ અરજીઓ ૧૩, પડતર અરજી શૂન્ય. ભીલોડા તાલુકામાં ૧,૮૯૨ અરજીઓ મળેલ છે. મંજૂર કરેલ અરજીઓ ૧,૮૮૫, નામંજૂર કરેલ અરજીઓ ૭, પડતર અરજી શૂન્ય. બાયડ તાલુકામાં ૮૩૦ અરજીઓ મળેલ છે. મંજૂર કરેલ અરજીઓ ૮૨૫, નામંજૂર કરેલ અરજીઓ ૫, પડતર અરજી શૂન્ય. કુલ મળેલ અરજી ૫,૯૯૩, મંજૂર કરેલ અરજીઓ ૫૮૪૧, નામંજૂર કરેલ અરજીઓ ૧૫૨.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો બીજો પ્રશ્ન છે તેમાં મને જણાવતા આનંદ થાય છે કે રાજ્યની સંવેદનશીલ સરકાર દ્વારા તા.૧૪મી માર્ચ-૨૦૨૩ના રોજ ઠરાવ કરી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબો માટે માસિક આવક રૂ.૧૦,૦૦૦/- થી વધારીને રૂ.૧૫,૦૦૦/- એટલે કે તેની આવક દોઢી કરવામાં આવી છે, જેથી વધુ જરૂરિયાતમંદ પરિવારોને આ કાયદા હેઠળ સમાવીને અન્ન સલામતીનો લાભ આપી શકાય. ઠરાવમાં કરેલ સુધારેલ ધોરણોની વાત કરું તો ગ્રામ્ય વિસ્તારમાં જે કુટુંબનો કોઇ પણ સભ્ય માસિક રૂ.૧૫,૦૦૦/-થી વધુ આવક ધરાવતો હોય એટલે કે કુટુંબની વાર્ષિક આવક રૂ. ૧,૮૦,૦૦૦/-થી વધુ હોય તો તેને અન્ન સુરક્ષા માટે બાકાત રાખવાનો રહેશે. એ જ રીતે શહેરી વિસ્તારમાં જે કુટુંબનો કોઇ પણ સભ્ય માસિક રૂ.૧૫,૦૦૦/-થી ઓછી આવક ધરાવતો હોય એટલે કે કુટુંબની વાર્ષિક આવક રૂ.૧,૮૦,૦૦૦/-થી ઓછી હોય તો તેને અન્ન સુરક્ષા માટે આપવાનો રહેશે. આ ઉપરાંત ત્રણ પૈડાંવાળા યાંત્રિક વાહન ધરાવતા ઓટોરીક્ષા, છકડો, મીની ટેમ્પો તેની પણ આવકમર્યાદા નક્કી કરી છે એ પણ રૂ.૧૫,૦૦૦/-થી ઓછી હોવી જોઇએ. માનનીય સભ્યશ્રી, ત્રીજો પ્રશ્ન એ જ છે ને કે છેલ્લે કયારે ફેરફાર કરવામાં આવ્યો?

અધ્યક્ષશ્રી : એ જ છે, તમે બોલી જાવ.

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની સંવેદનશીલ સરકારે તા.૧૪મી માર્ચ, ૨૦૨૩ના રોજ ઠરાવ કરી રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા-૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબ માટે માસિક આવક રૂ.૧૦,૦૦૦, તાલુકાવાર અરજીઓ મંજૂર, નામંજૂર, તો છેલ્લા એક વર્ષમાં ફેબ્રુઆરી-૨૦૨૨થી જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન અરવલ્લી જિલ્લામાં એન.એફ.એસ.એ. હેઠળ સમાવિષ્ટ અરજીઓની વાત કરું તો મોડાસા તાલુકામાં ૧૩૮૪, ...

અધ્યક્ષશ્રી : તમારા બધા પ્રશ્નોના જવાબ આવી ગયા. એવું લાગે તો લખવાનું પણ સાથેસાથે રાખો. જેમ માનનીય સભ્યશ્રી બોલતા જાય એમ માનનીય મંત્રીશ્રી લખી રાખે. તો પછી જવાબ અપાયો કે કેમ? એ આપના ધ્યાન ઉપર રહે....માનનીય વી. ડી. ઝાલા.

## તારાંકિત પ્રશ્નો

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ જે કમિટી નિમાય છે એ કમિટીના સભ્યો કોણ કોણ હોય છે અને આ જે અરજીઓ છે એ મંજૂર અને નામંજૂર કઇ રીતે કરવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, એમનો પેટાપ્રશ્ન છે કે તમે અરજીઓ નામંજૂર કઇ રીતે કરો છો? અગાઉનો જે પ્રશ્ન છે પ્રશ્ન ક્રમાંકઃ૭ એની અંદર પેટાપ્રશ્નની અંદર આ પ્રશ્ન છે.

શ્રી ભીખુસિંહ ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એન.એફ.એસ.એ.માં સમાવેશ માટે મળતી અરજીઓના નિકાલની અને સમિતિના સભ્યોની વાત કરું તો એન.એફ.એસ.એ.માં સમાવેશ કરવા માટે મળતી અરજીઓના નિકાલ માટે તાલુકા, નગરપાલિકા, મહાનગરપાલિકા અને જિલ્લા કક્ષાની એમ દ્વિસ્તરીય સમિતિની રચના કરવામાં આવેલ છે. સમિતિઓના સભ્યોની હું વાત કરું તો પ્રથમ સ્તરની સમિતિ તાલુકા કક્ષાની સમિતિઓમાં મામલતદારશ્રી-અધ્યક્ષશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી-સભ્યશ્રી, નાયબ મામલતદારશ્રી-પુરવઠા સભ્યશ્રી, નગરપાલિકા વિસ્તાર માટે સમિતિના સભ્યો-મામલતદારશ્રી- અધ્યક્ષશ્રી, ચીફ ઓફિસરશ્રી-સભ્યશ્રી, નાયબ મામલતદારશ્રી (પુરવઠા) સભ્ય સચિવશ્રી, મહાનગરપાલિકા વિસ્તાર માટે સમિતિના સભ્યો કલેક્ટરશ્રી નિયુક્ત કરે તે વર્ગ-૨ના અધિકારીશ્રી અધ્યક્ષશ્રી...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ બેસો. એમણે જે પ્રશ્ન પૂછ્યો છે એ બીજો છે. આપ જવાબ બીજો આપી રહ્યા છો. સચિવશ્રીઓને પણ વિનંતી કે એમને અપડેટ કરવાની રિસ્પોન્સિબિલિટી છે. માનનીય મંત્રીશ્રીને સભ્યશ્રી જે પેટા પ્રશ્ન પૂછે છે, તો તેનો જવાબ ચિઠ્ઠીમાં માનનીય મંત્રીશ્રીને પહોંચતો કરાવો.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પ્રશ્ન પૂછ્યો છે કે સમિતિના સભ્યો કોણ કોણ છે?

અધ્યક્ષશ્રી : ફરી હું પ્રશ્ન મૂવ કરાવું છું. માનનીય સભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલા, આપ પ્રશ્ન ફરી બોલો.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ ફૂડ સિક્યોરીટી એક્ટ હેઠળ જે સમિતિ બનાવવામાં આવે છે એ સમિતિમાં સભ્યો કોણ કોણ હોય છે અને મંજૂર અને નામંજૂર કરવાનાં કારણો શાં છે?

અધ્યક્ષશ્રી : મંજૂર અને નામંજૂર કરવાનાં કારણો શું છે એટલો જવાબ તમે આપો?

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ દ્વિસ્તરીય સમિતિ હોય છે. એમાં પહેલાં જે તાલુકા કક્ષાની સમિતિ હોય છે એના ત્રણ સભ્યો હોય છે. એમાં તાલુકા મામલતદારશ્રી એના અધ્યક્ષ હોય છે, તાલુકા વિકાસ અધિકારીશ્રી અને નાયબ મામલતદાર પુરવઠા, એમાં નગરપાલિકા વિસ્તાર હોય તો એની અંદર મામતલદારશ્રી એના અધ્યક્ષ હોય, ચીફ ઓફિસર એના સભ્ય હોય, નાયબ મામલતદારશ્રી એના સભ્ય હોય છે. એમાં દ્વિસ્તરીયમાં જિલ્લા મહાનગરપાલિકા વિસ્તાર હોય તો એના સમિતિના સભ્યોમાં કલેક્ટરશ્રી જે નક્કી કરે તેવા કલાસ-૨ ના કોઇ એક અધિકારી સભ્ય હોય, એની સાથે ઝોનલ ઓફિસર એક સભ્ય હોય, પુરવઠા નિરીક્ષક એક સભ્ય અને જે તે વિસ્તારના વોર્ડના, દ્વિસ્તરીયમાં જિલ્લા કક્ષાની સમિતિનો સમાવેશ થાય છે. જિલ્લા કક્ષાની સમિતિમાં કલેક્ટરશ્રી એના અધ્યક્ષ હોય, નિવાસી અધિક કલેક્ટરશ્રી સભ્ય હોય, નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ અધિકારીશ્રી એના સભ્ય હોય, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી એના સભ્ય હોય છે. જે સભ્યોની અરજીઓ આવે એનો બે તબક્કામાં નિકાલ થતો હોય છે. એમાં મંજૂર અને નામંજર કરવા માટેની જે સત્તાઓ હોય છે, એમાં ખાસ કરીને જે જોગવાઇઓ હોય એમાં કોઇને ફોર વ્હિલવાળું વાહન હોય, પાકું મકાન હોય, કુટુંબની આવક જે ક્રાઇટેરિયા નક્કી કર્યો છે એના કરતાં વધુ હોય અને પૂરતા પૂરાવા રજૂ કરી શક્યા ના હોય અને છેલ્લે સરકારશ્રીના અન્ય ધારા-ધોરણ મુજબ એની પાત્રતા ધરાવતા ન હોય એવી ફોર્મમાં વિગતો હોય તો નામંજૂર કરવામાં આવે છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પહેલા કોરોનાના કપરાકાળમાં તમામ ગરીબોને અનાજ ભારતીય જનતા પાર્ટીની સરકારે પૂરું પાડ્યું છે. મારો પ્રશ્ન છે કે, જે રીતે બી.પી.એલ. કાર્ડ ધારકો એમાંથી કોઇ એ.પી.એલ. બને છે અને અત્યાર સુધીમાં ફરી એવા બી.પી.એલ. કાર્ડ ધારકો કોઇ એપ્લાય કરવા માગે છે તો એના માટે કોઇ જોગવાઇ કરી છે કે નહીં? અને નવી એપ્લિકેશન કરી શકાય કે નહીં? બીજો પ્રશ્ન એવો છે કે જે રીતે સસ્તા અનાજની દુકાનો છે તે સસ્તા અનાજની દુકાનોમાં નામ કોઇનું ચાલતું હોય અને બીજો કોઇ દુકાન ચલાવતો હોય અને જે ગામના કાર્ડ હોય એની જગ્યાએ બીજા ગામની સસ્તા અનાજની દુકાનો હોય તો તપાસ કરીને એના પર કડક અમલ કરવા માગી છીએ કે નહીં?

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન સલામતી કાયદામાં બે પ્રકારના કાર્ડ માટેની જોગવાઇ છે જેમાં બી.પી.એલ. કાર્ડ ધારકોનો સમાવેશ થાય છે. એક છે અંત્યોદય અન્ન યોજનામાંથી અને બીજું છે અગ્રતા ધરાવતા કુટુંબોની અન્ન યોજના માટેના છે. લગભગ મોટાભાગના બી.પી.એલ.વાળાનો સમાવેશ થાય છે પણ અલગથી સમાવેશ કરતા નથી. અત્યારે આ બંને કાર્ડધારકોને અનાજ અપાય છે. અંત્યોદય અન્ન યોજના છે એમાં એક કાર્ડદીઠ, એક કુટુંબદીઠ ૩૫ કિલોગ્રામ અનાજ અપાય છે. અગ્રતા ધરાવતા કુટુંબો હોય એમાં વ્યક્તિદીઠ પાંચ કિલોગ્રામ લેખે અને વ્યક્તિની સંખ્યાને ધ્યાનમાં રાખીને અગ્રતા ધરાવતા કુટુંબોને અનાજ અપાય છે. માનનીય સભ્યશ્રીએ વાત કરી કે જેની દુકાન કોઇ એકના બદલે બીજો ચલાવતો હોય તો કોઇ વખતે કોઇ દુકાનધારકનું અવસાન થયું હોય અથવા તો કોઇ કારણોસર રજા મૂકે તો એને ચલાવવા માટેની મંજૂરી સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને છૂટ આપવામાં આવે છે. લાંબા સમય સુધી કોઇ દુકાન ચલાવવા

માગતા હોય તો એની તપાસ કરીને એને રદ કરીને એની જગ્યાએ ક્યા કારણોસર બીજા ચલાવે છે તેની તપાસને કરીને, રદ કરીને અથવા તો એની જાહેરાત આપીને નવેસરથી એ દુકાન શરૂ કરવા માટેની મંજૂરી આપીએ છીએ.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ છે એમાં અત્યારે જે એનો ક્રાઇટેરિયા છે એને સુધારવામાં આવે. મને ખ્યાલ છે ત્યાં સુધી જમીન ધરાવનાર કુટુંબ એક એકરની અંદર હોય એમને લાભ આપી શકતા નથી તો એનો થોડો ક્રાઇટેરિયા સુધારવામાં આવે તો વધારે કુટુંબોને એનો લાભ આપી શકીએ તો એમાં કોઇ સુધારો કરવા માગીએ છીએ કે નહીં?

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલના ધ્યાન ઉપર એક વાત મૂકી હતી. અત્યારે આવકની મર્યાદાને ધ્યાનમાં રાખીને ક્રાઇટેરિયા છે. ઘણા કુટુંબમાં માસિક આવક છે એ રૂ.૧૦,૦૦૦/-ની હોય તો ઘણાને લાભ આપી શકતા નથી. એટલે જ્યારે ક્રાઇટેરિયા વધારવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકી એટલે તરત જ એમણે એમાં હા પાડી હતી. હવે તો ચોક્કસ નાનો માણસ હોય તો પણ રૂ.૧૦,૦૦૦/-સુધીની આવક મર્યાદા હોય છે. તાજેતરમાં રૂ.૧૦,૦૦૦/- માંથી રૂ.૧૫,૦૦૦/- સુધીની માસિક આવક મર્યાદા હોય પછી એ ૩ વિઘા હોય કે વાહન ધરાવતાં હોય એનો પણ આમાં સમાવેશ કરીને રૂ.૧૫,૦૦૦/-ની એટલે કે વાર્ષિક રૂ.૧,૮૦,૦૦૦/- સુધીની આવક હોય તો એવા કુટુંબોને આમાં સમાવેશ કરવો. અમે માનનીય મુખ્યમંત્રીશ્રીના ધ્યાન ઉપર એ પણ મૂકીએ છીએ કે, આગામી દિવસમાં ક્યાંક કોઇ સરદાર પટેલ આવાસ યોજના હોય કે જુદી જુદી આવાસ યોજનાઓ હોય એમાં લાભાર્થીને લાભ મળી ગયો હોય પણ એવા મકાન હોય કે જેને ખરેખર યોજનામાંથી મકાનનો લાભ મળ્યો હોય એમાં રહેતા હોય એવું કુટુંબ હોય અને આવક મર્યાદા માસિક રૂ.૧૫,૦૦૦/- થતી હોય એવા કુટુંબોને સમાવવા માટેની દરખાસ્ત મૂકી છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી એ બાબતે હકારાત્મક દૃષ્ટિથી આગામી દિવસોમાં નિર્ણય લેશે. એના માટે ક્રાઇટેરિયામાં ફેરફાર કરીને એવા કુટુંબોને સમાવવા માટેનું અમારું આયોજન છે.

અધ્યક્ષશ્રી : માનનીય ઉમેશભાઇ... (અંતરાય)

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ નથી આવ્યો એટલા માટે... (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, નહીં, જવાબ આપ્યો છે. મંત્રીશ્રીએ એવું કહ્યું કે અમે એ અંગેની ફાઇલ મૂકી છે અને પોઝિટિવ વલણ છે. (અંતરાય) આપની ઇચ્છા પ્રમાણેનો જવાબ માનનીય મંત્રીશ્રી ન આપી શકે. માનનીય ઉમેશભાઇ.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે લોકો બી.પી.એલ. કાર્ડમાં નામ ધરાવતા હોય અને ઘણાં કારણોસર એનું કાર્ડમાંથી નામ અલગ કરવાનું હોય છે, ત્યારે એનું કાર્ડ આપોઆપ એ.પી.એલ. થઇ જાય છે. આવા કેસમાં માનનીય મંત્રીશ્રી કાંઇ સુધારો કરવા માગે છે કે કેમ? બીજું કે, અતિ ગરીબ હોય અને એનો બી.પી.એલ.માં સમાવેશ કરવો હોય તો એના માટેની શું પ્રોસેસ છે?

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કાર્ડ છે એ બે પ્રકારના હોય છેઃ એક તો રેશનિંગ કાર્ડ કે જેમાં સામાન્ય રીતે કુટુંબના બધા સભ્યોના નામની યાદી સાથેનું રેશનિંગ કાર્ડ. જે અન્ન સુરક્ષા માટેનું કાર્ડ કઢાવવાનું હોય તો આ કાર્ડ એમની પાસે હોય તો એમણે અલગથી બીજું કાર્ડ કઢાવવું પડે. માનનીય સભ્યશ્રીએ વાત કરી કે રેશનિંગ કાર્ડની અંદર બી.પી.એલ. કાર્ડ ધારક હોય અને અલગ કરે એટલે એ.પી.એલ., પણ ફૂડ સિક્યોરિટી એક્ટની જોગવાઇ પ્રમાણે આ બે જ પ્રકારના કાર્ડ છે. બીજા કાર્ડની અંદર જોગવાઇ પ્રમાણે એને સમાવી શકાય છે. અનાજના કાર્ડનું ફોર્મ ભરે એટલે એ.પી.એલ.૧ હોય, એ.પી.એલ.૨ હોય કે બી.પી.એલ. હોય એ બે પ્રકારના કાર્ડ છે, અંત્યોદય અને અગ્રતા એમાં આવી જાય છે એટલે અનાજ મળવા બાબતનો કોઇ પ્રશ્ન રહેતો નથી.

**સુરત જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘરવપરાશ માટે વીજ જોડાણો**

* ૨૯૩૬ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને ઘર વપરાશ માટે વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૧૯૫૯ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂ. ૭૫.૧૭ લાખનો ખર્ચ થયો. |

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ તાલુકાવાર કેટલા અનુસૂચિત જનજાતિઓના લોકોને નિઃશુલ્ક ઘરવપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા અને તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુટિર જ્યોતિ યોજના હેઠળ સુરત જિલ્લામાં આવેલા વીજ જોડાણોની વિગતો આપું તો વર્ષ ૨૦૨૧માં કામરેજ તાલુકામાં ૧૦ કનેકશન રૂ.૪૦ હજારના ખર્ચે, પલસાણા તાલુકામાં ૯૯ કનેકશન રૂ.૩ લાખ ૮૪ હજારના ખર્ચે, ઓલપાડમાં ૧૪ કનેકશન રૂ.૫૦ હજારના ખર્ચે,

માંડવીમાં ૨૨૮ કનેકશન રૂ.૯ લાખ ૧૦ હજારના ખર્ચે, મહુવામાં ૨૯૫ કનેકશન રૂ.૧૨ લાખ ૩૦ હજારના ખર્ચે, બારડોલીમાં ૩૬૫ કનેકશન રૂ.૧૪ લાખ ૪૦ હજારના ખર્ચે, ઉમરપાડામાં ૨૭૯ કનેકશન રૂ.૧૧ લાખ ૧૧ હજારના ખર્ચે અને માંગરોળમાં ૨૭ કનેકશન રૂ.૧ લાખ ૪ હજારના ખર્ચે એમ કુલ ૧૩૧૭ કનેકશન રૂ.૫૨ લાખ ૬૯ હજારના ખર્ચે આપવામાં આવ્યા. વર્ષ ૨૦૨૨માં જોઇએ તો કામરેજમાં ૨૨ કનેકશન રૂ.૭૭ હજારના ખર્ચે, પલસાણામાં ૬૦ કનેકશન રૂ.૨ લાખ ૧૧ હજારના ખર્ચે, માંડવીમાં ૭૧ કનેકશન રૂ.૨ લાખ ૪૮ હજારના ખર્ચે, મહુવામાં ૨૪૪ કનેકશન રૂ. ૮ લાખ ૫૪ હજારના ખર્ચે, બારડોલીમાં ૧૦૨ કનેકશન રૂ.૩ લાખ ૫૭ હજારના ખર્ચે, ઉમરપાડામાં ૧૩૦ કનેકશન રૂ.૪ લાખ ૫૫ હજારના ખર્ચે, માંગરોળમાં ૧૩ કનેકશન રૂ.૪૬ હજારના ખર્ચે એમ કુલ ૬૪૨ કનેકશન રૂ.૨૨ લાખ ૪૮ હજારના ખર્ચે આપવામાં આવેલ છે.

શ્રી સંદીપ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુટિર જ્યોતિ યોજના હેઠળ સુરત જિલ્લામાં વીજ જોડાણોની કેટલી અરજીઓ પડતર છે અને પડતર રહેવાનાં કારણો શાં છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, વીજળી વિભાગની કામગીરી એટલી સુંદર છે કે કુટિર જ્યોતિ યોજના હેઠળ કોઇપણ જિલ્લાઓમાં અરજીઓ પેન્ડિંગ નથી.

**કચ્છ જિલ્લામાં નોર્ધન લિંકનું કામ હાથ ધરવાનું આયોજન**

* ૨૯૫૨ **શ્રી ત્રિકમ છાંગા** (અંજાર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કચ્છ જિલ્લાને ફાળવેલ નર્મદાના પૂરના વધારાના પાણી અંતર્ગત નોર્ધન લિંકનું કામ કયા તબક્કે છે, અને | (૧) બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ કામ પાછળ ઉક્ત સ્થિતિએ અંદાજે કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) આ કામ પાછળ તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રૂ.૯૨.૨૭ લાખનો ખર્ચ થયેલ છે. |

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના સન્માનનીય પ્રધાનમંત્રી અને મા-ભારતીનું ગૌરવ એવા માનનીય મોદી સાહેબે ગુજરાતના મુખ્યમંત્રી હતા તે દરમિયાન અને પ્રધાનમંત્રી બન્યા બાદ રેકોર્ડ સમયમાં નર્મદા બંધ ઉપર દરવાજા મૂકવાનું કામ કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના સૂકા ગામડાઓને સિંચાઇ માટેના પાણીનું ખૂબ સરસ મજાનું આયોજન કર્યું હતું. ત્યારબાદ આ રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે કચ્છ જેવા સુકા વિસ્તારની ખૂબ ચિંતા કરીને સબ અને માઇનોર કેનાલ માટેનું આયોજન અને એના માટેની જરૂરી નાણાકીય જોગવાઇ કરવાનું કામ પણ વર્તમાન બજેટમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ જ્યારે કર્યું છે ત્યારે હું પૂછવા માગું છું કે, દૂધઇ નોર્ધન લિંકમાં તબક્કા-૧ અન્વયે શી કામગીરી કરવામાં આવનાર છે અને એના ટેન્ડરિંગની પ્રક્રિયા કયા તબક્કે છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ નોર્ધન લિંકની અંદર નર્મદા પૂરના ૦.૧૭૩ મિલિયન એકર ફીટ પાણીનું ઉદ્ધવહન કરીને વિતરણ કરવાની કામગીરી કરવામાં આવનાર છે. નોર્ધન લિંક અંજાર તાલુકાના ટપ્પર ડેમથી શરૂ થનાર છે. આ કામમાં ૭૦ કિલોમિટર લંબાઇમાં મુખ્ય પાઇપલાઇન નાખવાની કામગીરી છે. જે શરૂઆતમાં ૨.૪૦ મિટર વ્યાસની છે. જેની વહન ક્ષમતા ૮૩૦ ક્યુસેક જેટલી છે. તેમજ ૩૬ કિલોમિટર લાંબી લાઇનમાં ફિડર લાઇન નાખવામાં આવનાર છે. તબકકા-૧માં કુલ ૧૫૯ મિટર સુધીની ઊંચાઇ સુધી પાણી ઉદ્ધવહન કરવામાં આવશે. તે જ રીતે આ લાઇનમાં પમ્પિંગ સ્ટેશનની વ્યવસ્થા કરવામાં આવનાર છે. તેમાં પમ્પિંગ સ્ટેશન-૧ ટપ્પર ડેમ ખાતે ૮૪૬૯ ઘનમિટર પ્રતિ કલાકની લિફ્ટિંગ કેપેસિટીવાળા ૧૨ પમ્પ ૮૩ મિટર હેડવાળા લગાવવામાં આવનાર છે. પમ્પિંગ સ્ટેશન-૨માં ગામ અંબાપરા-રાપર તાલુકો અંજાર ખાતે ૮૪૬૯ ઘનમિટર પ્રતિ કલાકે લિફ્ટિંગ કેપેસિટીવાળા ૧૨ પમ્પ ૭૬ મિટરની હેડવાળા લગાવવામાં આવશે. એ જ રીતે ફિડર પમ્પિંગ સ્ટેશન-૧ ગામ કાંસવટી પડધર તાલુકો ભૂજ તેમાં ૧૮૯૫ ઘનમિટર પ્રતિ કલાકની લિફ્ટિંગ કેપેસિટીવાળા-૩ પમ્પ ૫૩ મિટર હેડના લગાવવામાં આવશે. ફિડર પમ્પિંગ સ્ટેશન-૨ ગામ ઝીકટી-વરનોરા તાલુકો ભૂજ ખાતે ૩૫૩ ઘનમિટર પ્રતિ કલાકની લિફ્ટિંગ કેપેસિટીવાળા-૨ પમ્પ ૪૩ મિટર હેડના લગાવવામાં આવશે. સભ્યશ્રીએ ટેન્ડરની પ્રક્રિયાની વાત કરી તો તેમાં ટેન્ડરની પ્રક્રિયા પૂરી થઇ ગઇ છે અને વર્ક ઓર્ડર પણ આપવામાં આવ્યા છે. કામ પણ શરૂ થનાર છે. કામ શરૂ થશે ત્યારે આપશ્રીને ખાતમુહૂર્તમાં આમંત્રણ આપીશું.

અધ્યક્ષશ્રી : કચ્છના બધા ધારાસભ્યશ્રીઓને બોલાવજો.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનું એક મિલિયન એકર ફીટ પાણી કચ્છ જિલ્લામાં જે ફાળવવામાં આવ્યું છે તેનું આયોજન કઇ રીતે કરવામાં આવ્યું છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અભિનંદન આપવા પડે કે, કચ્છના સૂકાભઠ્ઠ વિસ્તારમાં સૌથી ઓછો વરસાદ પડતો હોય ત્યારે આ યોજના કચ્છ માટે જીવાદોરી સમાન છે. કચ્છમાં નર્મદાના પૂરના વધારાના પાણીને આપવાનું આયોજન છે તેમાં સારણ લિંકમાં ૦.૧૧૬ મિલિયન એકર ફીટ પાણી જશે. સર્ધન લિંકમાંથી ૦.૧૬૨ મિલિયન એકર ફીટ પાણી જશે. નોર્ધન લિંકમાંથી ૦.૧૭૩ મિલિયન

એકર ફીટ પાણી જશે. હાઇ કંટ્રોલ સ્ટૌરેજથી ૦.૦૪૧ મિલિયન એકર ફીટ પાણી જશે. હાઇ કંટ્રોલ કેનાલની અંદર ૦.૧૧૪ મિલિયન એકર ફીટ પાણી વહેવડાવવાનું છે. બન્ની લિંકની અંદર ૦.૧૩૪ મિલિયન એકર ફીટ પાણી વહેવડાવવાનું છે. તે જ રીતે એક્સટેન્શન ઓફ કે.બી.સી.માં ૦.૧૮૨ મિલિયન એકર ફીટ પાણી વહેવડાવવાનું છે. ડાયરેકટ ફિલિંગ ફોર્મ કે.બી.સી. તેમાં ૦.૦૨૪ મિલિયન એકર ફીટ પાણી વહેવડાવવાનું છે. આમ, કચ્છની અંદર કુલ ૦.૯૩૬ એટલે કે એક મિલિયન એકર ફીટ પાણીમાંથી આટલું પાણી વહેવડાવવાનું આયોજન છે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, કચ્છ જિલ્લામાં નર્મદાના વધારાના પાણીના વિતરણ માટે તબક્કા-૧ની વાત કરે છે તેમાં કઇ કઇ લિંકનું આયોજન છે અને તેમાં હાલની શું સ્થિતિ છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રણ તબક્કાની યોજના બનાવી છે. તેમાં પહેલા તબક્કામાં સર્ઘન લિંક તથા હાઇ કંટ્રોલ સ્ટૌરેજ લિંક છે. તેનું કામ પ્રગતિમાં છે. તે ૨૦૧૧ કરોડ રૂપિયાનું કામ છે. તે જ રીતે નોર્ઘન લિંકનું કામ રૂપિયા ૧૩૯૪ કરોડના ખર્ચે પ્રગતિમાં છે. સારણ લિંકનું કામ પણ રૂપિયા ૭૧૩ કરોડના ખર્ચે પ્રગતિમાં છે. આમ, ટોટલ મળીને ત્રણ લિંકનું કામ રૂપિયા ૪૧૧૮ કરોડના ખર્ચે પ્રગતિમાં છે. આ ઉપરની લિંક સિવાય રૂપિયા ૨૩૬૦ કરોડની કિંમતના સર્ઘન અને નોર્ઘન લિંકની અંદર એક્સ્ટેન્શનની કામગીરીના ટેન્ડરો વર્ષ ૨૦૨૩-૨૪ની અંદર બહાર પાડી કામ કરવાનું અમારું આયોજન છે.

**છોટાઉદેપુર જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘરવપરાશ માટે વીજ જોડાણો**

* ૨૯૯૭ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને ઘરવપરાશ માટે વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૩૯૮૦ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૯૫.૨૯ લાખનો ખર્ચ થયો. |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ સવાલનો જવાબ આવી ગયો છે.

શ્રી અભેસિંહ મો. તડવી : મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

અધ્યક્ષશ્રી : મળી ગયો છે? વાહ, તમારાથી મંત્રીશ્રી ખુશ લાગે છે.

**અમદાવાદ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો**

૨૯૨૯ **શ્રી કિરીટસિંહ ડાભી** (ધોળકા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા નવા વીજ સબ સ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) ૫(પાંચ) |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૫૫૮૯૬.૧૪ લાખ |

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય ઊર્જા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર કેટલા સબસ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા? અને કુલ કેટલો ખર્ચ થયો?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં ૩ સબસ્ટેશનો વર્ષ ૨૦૨૧માં કરવામાં આવ્યા અને વર્ષ ૨૦૨૨માં બે સબસ્ટેશન કરવામાં આવ્યા. એમાં દસક્રોઇમાં એક સબસ્ટેશન રૂ.૫,૯૭,૧૪,૦૦૦/-ના ખર્ચે કરવામાં આવ્યું. એ ૬૬ કે.વી. બાકરોલ અને ધંધુકામાં એક સબસ્ટેશન રૂ.૨,૭૧,૩૭,૫૯,૦૦૦/- ના ખર્ચે કરવામાં આવ્યું એ ૪૦૦ કે.વી. પંચમમાં સબસ્ટેશન છે. સાણંદ ખાતે એક સબસ્ટેશન રૂ.૧૩૫૯ લાખના ખર્ચે કરવામાં આવ્યું. આમ કુલ રૂપિયા ૨૯૦,૯૩,૯૫,૦૦૦/- ના ખર્ચે વર્ષ ૨૦૨૧માં આ ત્રણ સબસ્ટેશન કરવામાં આવ્યા અને વર્ષ ૨૦૨૨માં રૂ. ૨,૬૮,૧૯,૦૦૦/-ના ખર્ચે ધોલેરા ખાતે ૨૫૮,૨૭,૦૦,૦૦૦/- નું કરવામાં આવ્યું. એ પણ ૨૨૦ કે.વી. સબસ્ટેશન છે. આમ, કુલ બે વર્ષમાં જોઇએ તો રૂપિયા ૫,૫૮,૯૬,૧૪,૦૦૦/- ના ખર્ચે પાંચ સબસ્ટેશન કરવામાં આવ્યા.

શ્રી કાળુભાઇ રૂ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા દર વર્ષે ૬ જેટલા સબસ્ટેશન બનાવવામાં આવે છે એ માટે હું ઊર્જામંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નવા સબસ્ટેશન કઇ કઇ યોજના અંતર્ગત બનાવવામાં આવે છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયમાં જુદીજુદી યોજનાઓ હેઠળ પછી એ ટ્રાયબલ સબપ્લાન હોય, સાગરખેડુ યોજના હોય કે સામાન્ય વિકાસ યોજના હોય એ રીતે કરવામાં આવે છે. આદિજાતિ વિસ્તાર પેટા

યોજના ટી.એ.એસ.પી. ટ્રાયબલ એરિયા સબપ્લાન યોજના હેઠળ ગુજરાત રાજયના આદિજાતિ વિસ્તારોમાં સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજ પુરવઠો મળે તે માટે આદિજાતિ વિસ્તારોના વિકાસ માટે વિવિધ વીજ ક્ષમતાવાળા સબસ્ટેશનો પ્રસ્થાપિત કરવામાં આવે છે. સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ ગુજરાત રાજયના સાગરકાંઠાના વિસ્તારોમાં સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજ પુરવઠો મળે તે માટે સાગરકાંઠાના વિસ્તારોમાં વિકાસ માટે વીજ ક્ષમતાવાળા સબસ્ટેશન પ્રસ્થાપિત કરવામાં આવે છે અને સામાન્ય વિકાસ યોજના હેઠળ હયાત વીજ માળખાના સુદૃઢીકરણ માટે તેમજ ભવિષ્યની વીજ માંગને ધ્યાનમાં રાખીને વીજ વિતરણ કંપની દ્વારા અપાતી અગ્રતાના ધોરણે આગોતરા આયોજનના ભાગરૂપે રાજયના તમામ વિસ્તારોમાં વિવિધ ક્ષમતાવાળા સબસ્ટેશનો સ્થાપિત કરવામાં આવે છે.

**ભરૂચ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘરવપરાશ માટે વીજ જોડાણો**

૨૯૯૪ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને ઘરવપરાશ માટે વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૯૧૨ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૩૨.૪૯ લાખનો ખર્ચ થયો. |

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ તાલુકાવાર કેટલા અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને નિઃશુલ્ક ઘર વપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા અને તે માટે કેટલો ખર્ચ થયો?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં નીચે મુજબના ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા. વર્ષ ૨૦૨૧ના વર્ષમાં વાલિયા તાલુકામાં ૧૮૩ કનેકશન રૂપિયા ૮.૪૧ લાખના ખર્ચે આપવામાં આવ્યા, ઝઘડિયા તાલુકામાં ૬૨ કનેકશન રૂપિયા ૧.૪૨ લાખના ખર્ચે આપવામાં આવ્યા અને નેત્રંગમાં ૨૮૧ કનેકશન રૂપિયા ૧૦.૯૫ લાખના ખર્ચે આપવામાં આવ્યા. આમ, ટોટલ ૫૨૬ કનેકશન રૂપિયા ૧૮.૭૮ લાખના ખર્ચે આપવામાં આવ્યા. વર્ષ ૨૦૨૨માં વાલિયા તાલુકામાં ૧૦૫ કનેકશન રૂપિયા ૩.૬૮ લાખના ખર્ચે આપવામાં આવ્યા. ઝઘડિયા તાલુકામાં ૫૬ કનેકશન રૂપિયા ૨.૧૨ લાખના ખર્ચે આપવામાં આવ્યા અને નેત્રંગમાં ૨૨૫ કનેકશન રૂપિયા ૭.૯૧ લાખના ખર્ચે આપવામાં આવ્યા. આમ, ટોટલ ૩૮૬ કનેકશન રૂપિયા ૧૩.૭૧ લાખના ખર્ચે આપવામાં આવ્યા છે.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં એક હવેલી ટપ્પા નામનો વિસ્તાર આવેલો છે જેની અંદર લગભગ ૨૦થી ૨૫ હજાર લોકોની વસતિ છે અને વધારે વસતિ ખેતરમાં રહે છે તો આ લોકોને જ્યોતિ ગ્રામ યોજના હેઠળ આવરી શકાય તે માટેની કોઇ યોજના હોય તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું જેથી આ લોકોને જ્યોતિ ગ્રામ યોજના હેઠળ વીજ કનેકશન મળી શકે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તમે રજૂઆત આપજો એનો અભ્યાસ કરીને નિર્ણય લેવામાં આવશે.

અધ્યક્ષશ્રી : આ માનનીય સભ્યશ્રીની રજૂઆત છે એવું માનનીય મંત્રીશ્રી લઇ શકે. અહીં વિધાનસભામાં રજૂઆત કરી છે તો એ રજૂઆત જ છે એમ સમજીને આગળ કાર્યવાહી કરી શકશો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, જી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, ડીટેઇલ હજુ આપજો. મંત્રીશ્રીની એવી ઇચ્છા છે કે તમે ડીટેઇલ આપો કે કયા કયા ગામ એમાં છે એ તમે માનનીય મંત્રીશ્રીની ઓફિસમાં પહોંચાડી દેજો. પરંતુ તમારી આ રજૂઆત દરખાસ્તના સ્વરૂપે આવી ગઇ.

**બોટાદ જિલ્લામાં બોટાદ જૂથ પાણી પુરવઠા યોજના**

૨૯૬૪ **શ્રી શંભુનાથ ટુંડિયા** (ગઢડા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં બોટાદ જૂથ પાણી પુરવઠા યોજના સુધારણા અંગેના કામોની અંદાજીત રકમ કેટલી છે, અને | (૧) રૂ.૧૦૭૦૬.૦૧ લાખ ગ્રોસ |
| (૨)ઉક્ત કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) માહે ૮/૨૦૨૪ સુધીમાં. |

શ્રી શંભુપ્રસાદ ટુંડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બોટાદ જિલ્લા જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના હેઠળ કેટલા તેમજ કયા કયા ગામોનો સમાવેશ થયેલ છે અને આ યોજનાથી કેટલી વસતિને લાભ મળનાર છે અને યોજનાનો સોર્સ શું છે? તથા એની ભૌતિક પ્રગતિ જે છે એની માનનીય મંત્રીશ્રી વિગત આપે?

તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જ્યારે બોટાદ જિલ્લાની બોટાદ જિલ્લા જૂથ સુધારણા પાણી પુરવઠા યોજનાની ચિંતા કરી છે ત્યારે હું એમનો આભાર માનુ છું. આ પહેલા જ્યારે મારી પાસે આ વિભાગ હતો ત્યારે આખી યોજના મંજૂર કરી દીધી હતી એની આજે પ્રગતિની વિગત આપીશ. માનનીય અધ્યક્ષશ્રી, આ પહેલા ભાવનગર જિલ્લામાં બોટાદ આવતું હતું પરંતુ ત્યાર પછી બોટાદ જિલ્લો અલગ બન્યો ત્યારે એ યોજનામાં થોડી ક્ષતિઓ હતી એ સુધારવા માટે આ યોજના મંજૂર થઇ. બલ્ક પાઇપલાઇન બોટાદ સુધી લઇ આવવી. એ યોજનાને બોટાદ જૂથ સુધારણા પણી પુરવઠા યોજના કહેવામાં આવી અને એ સાકાર કરી. એમાં જે કોમ્પોનન્ટ નવા બનાવવાના થયા એ જળ શુદ્ધીકરણ પ્લાન્ટ, હેડ વર્ક્સ, સબ હેડ વર્ક્સ, પમ્પિંગ મશીનરી અને એનું પાઇપલાઇન દ્વારા વિતરણનો આમાં સમાવેશ થયો. આ બોટાદ જૂથ પાણી પુરવઠા યોજનામાં ગઢડા તાલુકાના થોડા ગામોનો સમાવેશ થાય છે. જે બોટાદ તાલુકાના ગામો છે એ પર ગામ છે એમાં ૩ પરાનો સમાવેશ થાય છે અને ૫ ગામ છે એ ગઢડા તાલુકાના છે એટલે આ જે જૂથ યોજના બની છે એ ૫૭ ગામ માટેની જૂથ યોજના બની છે. ગામોના નામની યાદી મારી પાસે છે જો આપ કહો તો હું એ નામોની યાદી બોલીને બતાવી દઉં?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, નામની યાદી ટેબલ ઉપર મૂકી દેજો.

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના થકી કુલ ૨.૯૮ લાખ જેટલી વસતિને આનો લાભ મળવાનો છે અને ૩૦ એમ.એલ.ડી. જેટલું શુદ્ધ પાણી મળવાનું છે. આ નર્મદા આધારિત યોજના છે. આની ભૌતિક પ્રગતિ ૨૨ ટકા જેટલી પૂર્ણ થવા આવી છે અને એકાદ વર્ષમાં આ યોજના પૂર્ણ થાય એવું અમારું આયોજન છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ**

૩૪૩૧ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમ આવેલા છે,

(૧)

| **જિલ્લો** | **ડેમની સંખ્યા** | |
|---|---|---|
| | **મધ્યમ** | **મોટા** |
| બનાસકાંઠા | ૦૨ | ૦૧ |

(૨) ઉક્ત ડેમ ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૨)

| **જિલ્લો** | **યોજનાનું નામ** | **બાંધકામનું વર્ષ** |
|---|---|---|
| બનાસકાંઠા | સીપુ જળાશય યોજના | ૧૯૯૭ |
| | મુક્તેશ્વર સિંચાઇ યોજના | ૧૯૯૦ |
| | દાંતીવાડા ડેમ | ૧૯૬૫ |
| કચ્છ | રૂદ્રમાતા | ૧૯૭૦ |
| | કાયલા | ૧૯૫૫ |
| | કાસવતી | ૧૯૭૬ |
| | ટપ્પર | ૧૯૭૫ |
| | કાલાઘોઘા | ૧૯૮૭ |
| | ગજોડ | ૧૯૫૫ |
| | ડોણ | ૧૯૮૨ |
| | કનકાવતી | ૧૯૫૬ |
| | મીટ્ટી | ૧૯૮૨ |
| | બેરાચીયા | ૧૯૮૦ |
| | જંગડીયા | ૧૯૮૨ |
| | નિરોણા | ૧૯૬૩ |
| | ભૂખી | ૧૯૬૩ |
| | મથલ | ૧૯૮૮ |
| | ગજણસર | ૧૯૬૦ |

| | | |
|---|---|---|
| | નરા | ૧૯૭૬ |
| | સાન્નદ્રો | ૧૯૬૫ |
| | ગોધાતડ | ૧૯૮૨ |
| | સુવી | ૧૯૬૯ |
| | ફતેહગઢ | ૧૯૯૦ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમ બનાવવામાં આવેલ છે તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં ખુશી યોજના અંતર્ગત નાની ક્ષમતાના ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવા બાબત**

૩૦૦૫ **શ્રી જીતેન્દ્ર સોમાણી** (વાંકાનેર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ખુશી યોજના અંતર્ગત નાની ક્ષમતાના કેટલા ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૫૮૮

(૨) રૂ. ૫૯૭.૪૧ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં નવા રેશન કાર્ડ**

૩૪૭૮ **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં નવા રેશન કાર્ડ માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ અરજીઓ પડતર રહેવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત અરજદારોને ક્યાં સુધી નવા રેશનકાર્ડ આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં નવા રેશન કાર્ડ માટેની કોઇ અરજી પડતર નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**રાજ્ય સરકારને જીએસટીના વળતર પેટેની રકમ**

૩૪૨૨ **ડૉ. સી.જે.ચાવડા** (વિજાપુર) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યને જીએસટીના વળતર પેટે કેન્દ્ર સરકાર પાસેથી નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં કેટલી રકમ લેવાની થાય છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રકમ કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને મળી,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ લેવાની નીકળે છે, અને

(૪) ઉક્ત લેણી થતી રકમ રાજ્ય સરકારને મળે તે માટે શાં પ્રયાસો કર્યા ?

**જવાબ**

(૧)

| નાણાકીય વર્ષ | રકમ ` કરોડમાં |
|---|---|
| ૨૦૨૦-૨૧ | ` ૨૬,૯૯૩.૦૨ કરોડ (એ.જી.ઓડિટ અન્વયે) |
| ૨૦૨૧-૨૨ | ` ૨૦,૨૧૧.૦૬ કરોડ |

(૨) વળતર તરીકે રકમ `૧૭૭૫૮.૨૬ કરોડ તથા જે રકમ વળતર તરીકે મળેલ નથી તેની સામે લોન પેટે ` ૨૨૨૬૨.૨૧ કરોડ મળેલ છે જેની વ્યાજ સહિતની ચૂકવણી કેન્દ્ર સરકાર સેસ ફંડમાંથી કરશે.

(૩) ` ૭૧૮૩.૬૧ કરોડ

(૪) ધી ગુડ્ઝ એન્ડ સર્વિસીસ ટેક્સ(કોમ્પેન્સેશન ટુ સ્ટેટ્સ) એક્ટ, ૨૦૧૭ની કલમ-૭ હેઠળ એ.જી.શ્રી દ્વારા આવકનું ઓડિટ પ્રમાણપત્ર સમયસર મળે તે માટે સંકલન કરવામાં આવેલ છે. વધુમાં રાજ્યના નાણા વિભાગ દ્વારા કેન્દ્રીય નાણા મંત્રાલય સાથે સંકલન કરવામાં આવેલ છે.

તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**કચ્છ જિલ્લામાં નવા ચેકડેમના બાંધકામ**

૨૯૫૧ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (રાપર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ અંતિત છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા નવા ચેકડેમ બનાવવામાં આવ્યા, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ અંતિત છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં ૮૨ નવા ચેકડેમ બનાવવામાં આવ્યા. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો, અને | (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ રૂ.૧૦૦૯.૮૩ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) તે અન્વયે કેટલી નવી જળસંગ્રહ શક્તિ ઊભી થયેલ છે ? | (૩) તે અન્વયે ૩૦ મિલિયન ઘનફુટ નવી જળસંગ્રહ શક્તિ ઊભી થયેલ છે. |

- - - - - - - - -

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ**

૩૪૧૩ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમ આવેલા છે,

(૧)

| **જિલ્લો** | **મધ્યમ ડેમ** | **મોટા ડેમ** |
|---|---|---|
| જૂનાગઢ | ૭ | ૦ |
| પોરબંદર | ૩ | ૦ |

(૨) ઉક્ત ડેમ ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૨)

- જૂનાગઢ જિલ્લો

| **ક્રમ** | **સિંચાઈ યોજનાનું નામ** | **બાંધકામનું વર્ષ** |
|---|---|---|
| ૧ | મધુવંતી | ૧૯૭૬ |
| ૨ | આંબાજળ | ૧૯૭૬ |
| ૩ | ઝાંઝેશ્રી | ૧૯૭૫ |
| ૪ | ધ્રાફડ | ૧૯૯૭ |
| ૫ | ઉબેણ | ૧૯૯૨ |
| ૬ | ઓઝત વિયર | ૧૯૬૨ |
| ૭ | ઓઝત-૨ | ૨૦૧૩ |

- પોરબંદર જિલ્લો

| **ક્રમ** | **સિંચાઈ યોજનાનું નામ** | **બાંધકામનું વર્ષ** |
|---|---|---|
| ૧ | અમીપુર | ૧૯૮૯ |
| ૨ | ખંભાળા | ૧૯૬૮ |
| ૩ | ફોદાળા | ૧૯૦૧ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમ બનાવવામાં આવેલ છે તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) શૂન્ય.

- - - - - - - - -

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ**

૩૪૧૯ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમ આવેલા છે,

(૧)

| **જિલ્લાનું નામ** | **ડેમોનો પ્રકાર** | |
|---|---|---|
| | **મોટા ડેમ** | **મધ્યમ ડેમ** |
| અરવલ્લી | ૦૨ | ૦૨ |

(૨) ઉક્ત ડેમ ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૨)

| **ડેમનું નામ** | **યોજના પૂર્ણ થયાનું વર્ષ** |
|---|---|
| વાત્રક | ૧૯૮૪ |

| | |
|---|---|
| માઝમ | ૧૯૮૪ |
| મેશ્વો | ૧૯૭૧ |
| હાથમતી | ૧૯૭૧ |
| હરણાવ | ૧૯૯૦ |
| ગુહાઈ | ૧૯૯૦ |
| ખેડવા | ૨૦૦૯ |
| જવાનપૂરા | ૨૦૦૪ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમ બનાવવામાં આવેલ છે તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) મોટા અને મધ્યમ ડેમો માટે તાંત્રિક રીતે યોગ્ય સ્થળ ઉપલબ્ધ ન હોઈ, ડેમો બનાવવામાં આવેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જૂનાગઢ જિલ્લામાં અનાજનું વિતરણ

૨૯૮૦ **શ્રી ભગવાનજીભાઈ કરગટીયા** (માંગરોળ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ જૂનાગઢ જિલ્લામાં અનાજના કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કેટલા પ્રમાણમાં અને કયા ભાવથી ઉક્ત વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ માહે ફેબ્રુઆરી-૨૦૨૨ થી ડિસેમ્બર-૨૦૨૨ માસમાં ૫૨,૪૫૯ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

૨૯૮૧ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત કુલ કેટલા કિ.મી. જર્જરિત વીજ વાયર અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| જર્જરિત વીજ વાયર (કિ.મી.) | જર્જરિત વીજ થાંભલા (નંગ) |
|---|---|
| ૧૭૬.૪૪ | ૭૭૨ |

(૨) કુલ રૂ.૧૮૩.૨૨ લાખનો ખર્ચ થયો.

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ**

૩૪૦૪ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમ આવેલા છે,

(૨) ઉક્ત ડેમ ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમ બનાવવામાં આવેલ છે તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં કોઈપણ મધ્યમ અને મોટા ડેમ આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં કોઈ ડેમ બનાવવામાં આવેલ ન હોઈ, ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જામનગર જિલ્લામાં ખુશી યોજના અંતર્ગત નાની ક્ષમતાના ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવા બાબત**

૩૦૦૩ **શ્રી મેઘજીભાઈ ચાવડા** (કાલાવડ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં ખુશી યોજના અંતર્ગત નાની ક્ષમતાના કેટલા ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા, અને

(૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૧૦૩૧

(૨) રૂ. ૧૨૫૫.૪૪ લાખનો ખર્ચ થયો.

---------

**ગાંધીનગર જિલ્લામાં નવા કૃષિ વિષયક વીજ જોડાણો**

૨૯૧૮ **શ્રી જયંતીભાઈ પટેલ** (માણસા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૮૬૨

(૨) રૂ. ૧૪૪૫.૦૬ લાખનો ખર્ચ થયો.

**ભાવનગર જિલ્લામાં ખુશી યોજના અંતર્ગત નાની ક્ષમતાના ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવા બાબત**

૩૦૦૨ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ખુશી યોજના અંતર્ગત નાની ક્ષમતાના કેટલા ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૧૦૭૨

(૨) રૂ. ૧૧૫૭.૮૦ લાખનો ખર્ચ થયો.

---------

**દાહોદ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘરવપરાશ માટે વીજ જોડાણો**

૨૯૩૫ **શ્રી મહેશભાઈ ભૂરીયા** (ઝાલોદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને ઘરવપરાશ માટે વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૩૫૦૮

(૨) રૂ.૧૩૯.૮૪ લાખનો ખર્ચ થયો.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ લાભાર્થી જનસંખ્યા**

૨૯૭૫ **શ્રી જયંતિભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ ૫,૨૨૯ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૫,૨૨૯ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૨૪,૦૬૮ છે.

---------

**ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદી કરાર**

૩૪૩૨ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ખાનગી વીજ ઉત્પાદકો/કંપનીઓ પાસેથી વીજ ખરીદી કરવાના સરકારના કરાર થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે ક્યારે કોની પાસેથી કેટલા સમયગાળા માટે ક્યા દરે વીજ ખરીદીના કરારો થયા છે, અને

(૩) ઉક્ત કરાર અન્વયે ક્યા ખાનગી વીજ ઉત્પાદકને કેટલી રકમ ક્યા હેતુ માટે ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨) હા, જી.

તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા ખાનગી કંપનીઓ સાથે કરવામાં આવેલ વીજ ખરીદ કરારની વિગતો પત્રક-અ મુજબ છે.

(૩) ઉક્ત કરાર અંતર્ગત ખાનગી વીજ કંપનીઓને વીજ ખરીદી અન્વયે ચૂકવવામાં આવેલ રકમની વિગત નીચે મુજબ છે.

**(રૂ.કરોડ)**

| **ખાનગી વીજ ઉત્પાદકનું નામ** | **વર્ષ ૨૦૨૧** | **વર્ષ ૨૦૨૨ (પ્રોવિઝનલ)** |
|---|---|---|
| ટાટા પાવર ટ્રેડિંગ કંપની લિમિટેડ (ટૂંકાગાળાના કરાર) | ૩૮૩ | ૪૫૨ |
| પીટીસી ઈન્ડિયા લિમિટેડ | ૨૫૬ | ૬૫ |

| | | |
|---|---|---|
| (ટૂંકાગાળાના કરાર) | | |
| એનટીપીસી વિદ્યુત વ્યાપાર નિગમ લી. (ટૂંકાગાળાના કરાર) | ૨૫૬ | ૧૫૮ |
| મણિકરણ પાવર લિમિટેડ (ટૂંકાગાળાના કરાર) | ૩૫ | - |
| અદાણી એંટરપ્રાઈસિસ લિ. (ટૂંકાગાળાના કરાર) | ૩૫૪ | - |
| સેમ્બકોર્પ એનેર્જી ઈન્ડિયા લિમિટેડ (ટૂંકાગાળાના કરાર) | - - | ૧૩૭ |
| અદાણી એંટરપ્રાઈસિસ લિ. (મધ્યમગાળાના કરાર) | ૮૫ | ૧૨૧૪ |
| ટાટા પાવર ટ્રેડિંગ કંપની લિમિટેડ (મધ્યમગાળાના કરાર) | ૧૦૭ | ૪૬૯ |
| સેમ્બકોર્પ એનેર્જી ઈન્ડિયા લિમિટેડ (મધ્યમગાળાના કરાર) | ૬૫ | ૨૫૫ |
| જીએમઆર વરોરા એનેર્જી લિ. (મધ્યમગાળાના કરાર) | ૭૮ | ૩૭૨ |
| મણિકરણ પાવર લિ. (મધ્યમગાળાના કરાર) | ૨૭ | ૧૧૪ |

**પત્રક-અ**

| ક્રમ | કંપની | સ્ત્રોત | દર (રૂ/યુનિટ) | કરારનો સમયગાળો | કરારની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | પાવર ટ્રેડીંગ કોર્પોરેશન લિ. | પરંપરાગત (ટૂંકાગાળા) | ૨.૫૨-૨.૬૯ | ૧૫-૦૩-૨૦૨૧ થી ૩૦-૦૬-૨૦૨૧ | ૧૮-૦૧-૨૦૨૧ |
| ૨ | ટાટા પાવર ટ્રેડીંગ કંપની લિ. | પરંપરાગત (ટૂંકાગાળા) | ૨.૫૨-૨.૭૩ | ૧૫-૦૩-૨૦૨૧ થી ૩૦-૦૬-૨૦૨૧ | ૧૮-૦૧-૨૦૨૧ |
| ૩ | ટાટા પાવર ટ્રેડીંગ કંપની લિ. | પરંપરાગત (ટૂંકાગાળા) | ૨.૮૧-૩.૧૦ | ૦૧-૦૩-૨૦૨૧ થી ૩૦-૦૩-૨૦૨૧ | ૦૪-૦૨-૨૦૨૧ |
| ૪ | અદાણી એન્ટરપ્રાઈઝીઝ લિ. | પરંપરાગત (ટૂંકાગાળા) | ૨.૮૧-૨.૯૯ | ૦૧-૦૩-૨૦૨૧ થી ૩૧-૦૭-૨૦૨૧ | ૦૪-૦૨-૨૦૨૧ |
| ૫ | પાવર ટ્રેડીંગ કોર્પોરેશન લિ. | પરંપરાગત (ટૂંકાગાળા) | ૨.૮૬-૨.૯૯ | ૦૧-૦૫-૨૦૨૧ થી ૩૧-૦૭-૨૦૨૧ | ૦૪-૦૨-૨૦૨૧ |
| ૬ | એન.ટી.પી.સી. વિદ્યુત વ્યાપાર નિગલ લિ. | પરંપરાગત (ટૂંકાગાળા) | ૨.૮૧-૨.૯૯ | ૦૧-૦૪-૨૦૨૧ થી ૩૦-૦૪-૨૦૨૧ | ૦૪-૦૨-૨૦૨૧ |
| ૭ | એન.ટી.પી.સી. વિદ્યુત વ્યાપાર નિગલ લિ. | પરંપરાગત (ટૂંકાગાળા) | ૨.૭૩-૨.૯૯ | ૦૧-૦૫-૨૦૨૧ થી ૩૧-૦૭-૨૦૨૧ | ૦૪-૦૨-૨૦૨૧ |
| ૮ | અદાણી એન્ટરપ્રાઈઝીઝ લિ. | પરંપરાગત (ટૂંકાગાળા) | ૩.૮૪-૪.૨૨ | ૦૧-૧૦-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૩૦-૦૯-૨૦૨૧ |
| ૯ | ટાટા પાવર ટ્રેડીંગ કંપની લિ. | પરંપરાગત (ટૂંકાગાળા) | ૩.૮૪-૪.૨૨ | ૦૧-૧૦-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૩૦-૦૯-૨૦૨૧ |

| ક્રમ | કંપની | સ્ત્રોત | દર (રૂ/યુનિટ) | કરારનો સમયગાળો | કરારની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧૦ | એન.ટી.પી.સી. વિદ્યુત વ્યાપાર નિગલ લિ. | પરંપરાગત (ટૂંકાગાળા) | ૩.૮૪-૪.૨૨ | ૦૧-૧૦-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૩૦-૦૯-૨૦૨૧ |
| ૧૧ | મણિકરણ પાવર લિ. | પરંપરાગત (ટૂંકાગાળા) | ૪.૨૨ | ૦૧-૧૦-૨૦૨૧ થી ૩૧-૧૨-૨૦૨૧ | ૩૦-૦૯-૨૦૨૧ |
| ૧૨ | ટાટા પાવર ટ્રેડીંગ કંપની લિ. | પરંપરાગત (ટૂંકાગાળા) | ૬.૭૨-૭.૫ | સપ્ટેમ્બર-૨૨ થી ડિસેમ્બર-૨૨ | ૦૫-૦૮-૨૦૨૨ |
| ૧૩ | પીટીસી ઈન્ડિયા લિ. | પરંપરાગત (ટૂંકાગાળા) | ૬.૭૨-૭.૩૫ | ઓક્ટોબર-૨૨ થી ડિસેમ્બર-૨૨ | ૦૫-૦૮-૨૦૨૨ |
| ૧૪ | એન.ટી.પી.સી. વિદ્યુત વ્યાપાર નિગલ લિ. | પરંપરાગત (ટૂંકાગાળા) | ૬.૭૨-૭.૫ | સપ્ટેમ્બર-૨૨ થી ડિસેમ્બર-૨૨ | ૦૫-૦૮-૨૦૨૨ |
| ૧૫ | સેમ્બકોર્પ એનર્જી ઈન્ડિયા લિ. | પરંપરાગત (ટૂંકાગાળા) | ૬.૭૨-૭.૫ | સપ્ટેમ્બર-૨૨/ નવેમ્બર-૨૨/ ડિસેમ્બર-૨૨ | ૦૮-૦૮-૨૦૨૨ |
| ૧૬ | ટાટા પાવર ટ્રેડીંગ કંપની લિ. | પરંપરાગત (ટૂંકાગાળા) | ૮.૮૦-૮.૮૭ | ૦૩-૧૦-૨૦૨૨ થી ૨૧-૧૦-૨૦૨૨ | ૩૦-૦૯-૨૦૨૨ |
| ૧૭ | ટાટા પાવર ટ્રેડીંગ કંપની લિ. | પરંપરાગત (મધ્યમગાળા) | ૩.૬૮ | ઓક્ટોબર-૨૦૨૧ થી જુલાઈ-૨૦૨૩ | ૦૮-૦૯-૨૦૨૧ |
| ૧૮ | જીએમઆર વરોરા એનેર્જી લિ. | પરંપરાગત (મધ્યમગાળા) | ૩.૬૮ | ઓક્ટોબર-૨૦૨૧ થી જુલાઈ-૨૦૨૩ | ૦૮-૦૯-૨૦૨૧ |
| ૧૯ | મણિકરણ પાવર લિ. | પરંપરાગત (મધ્યમગાળા) | ૩.૬૮ | ઓક્ટોબર-૨૦૨૧ થી જુલાઈ-૨૦૨૩ | ૦૮-૦૯-૨૦૨૧ |
| ૨૦ | અદાણી એન્ટરપ્રાઈઝ લિ. | પરંપરાગત (મધ્યમગાળા) | ૩.૬૮ | ઓક્ટોબર-૨૦૨૧ થી જુલાઈ-૨૦૨૩ | ૦૯-૦૯-૨૦૨૧ |
| ૨૧ | સેમ્બ્કોર્પ એનેર્જી ઈન્ડિયા લિ. | પરંપરાગત (મધ્યમગાળા) | ૩.૬૮ | ઓક્ટોબર-૨૦૨૧ થી જુલાઈ-૨૦૨૩ | ૦૯-૦૯-૨૦૨૧ |
| ૨૨ | એ.બી.આર.ઈ.એલ.એસ.પી. વી ૨ લિ. | બિનપરંપરાગત (સૌર ઊર્જા) | ૧.૯૯ | ૨૫ વર્ષ | ૩૦-૦૧-૨૦૨૧ |
| ૨૩ | ટોરન્ટ સોલાર પાવર પ્રા. લિ. | બિનપરંપરાગત (સૌર ઊર્જા) | ૧.૯૯ | ૨૫ વર્ષ | ૩૦-૦૧-૨૦૨૧ |
| ૨૪ | એ ઈ ડબ્લ્યુ ઈન્ડિયા વેસ્ટ વન પ્રા. લિ. | બિનપરંપરાગત (સૌર ઊર્જા) | ૧.૯૯ | ૨૫ વર્ષ | ૩૦-૦૧-૨૦૨૧ |
| ૨૫ | ટીપી સોર્યા લિ. | બિનપરંપરાગત (સૌર ઊર્જા) | ૨.૨ | ૨૫ વર્ષ | ૨૩-૦૪-૨૦૨૧ |
| ૨૬ | સ્પ્રંગ ઉજ્જવાલા એનેર્જી પ્રા. લિ. | બિનપરંપરાગત (સૌર ઊર્જા) | ૨.૨ | ૨૫ વર્ષ | ૨૩-૦૪-૨૦૨૧ |
| ૨૭ | સોલાર એક્ષ એલ આલ્ફા એનેર્જી પ્રા. લિ. | બિનપરંપરાગત (સૌર ઊર્જા) | ૨.૨૯ | ૨૫ વર્ષ | ૧૬-૦૫-૨૦૨૨ |
| ૨૮ | અમસા સોલાર એનેર્જી પ્રા. લિ. | બિનપરંપરાગત (સૌર ઊર્જા) | ૨.૨૯ | ૨૫ વર્ષ | ૧૬-૦૫-૨૦૨૨ |
| ૨૯ | એચ આર સાબરમતી પ્રા. લિ. | બિનપરંપરાગત (સૌર ઊર્જા) | ૨.૨૯ | ૨૫ વર્ષ | ૧૬-૦૫-૨૦૨૨ |
| ૩૦ | એ.બી.આર.ઈ.એલ.એસપી વી ૨. લિ. | બિનપરંપરાગત (સૌર ઊર્જા) | ૨.૩ | ૨૫ વર્ષ | ૧૭-૦૮-૨૦૨૨ |

| ક્રમ | કંપની | સ્ત્રોત | દર (રૂ/યુનિટ) | કરારનો સમયગાળો | કરારની તારીખ |
|---|---|---|---|---|---|
| ૩૧ | એચ આર સાબરમતી પ્રા. લિ. | બિનપરંપરાગત (સૌર ઊર્જા) | ૨.૩ | ૨૫ વર્ષ | ૧૭-૦૮-૨૦૨૨ |
| ૩૨ | સોલાર ક્રાફ્ટ પાવર ઈન્ડિયા ૨ પ્રા. લિ. | બિનપરંપરાગત (સૌર ઊર્જા) | ૨.૪૯ | ૨૫ વર્ષ | ૧૪-૧૨-૨૦૨૨ |
| ૩૩ | એગ્રેન એનર્જી પ્રા. લિ. | બિનપરંપરાગત (સૌર ઊર્જા) | ૨.૪૯ | ૨૫ વર્ષ | ૧૫-૧૨-૨૦૨૨ |
| ૩૪ | રાયપુર રીન્યુએબલસ પ્રા. લિ. | બિનપરંપરાગત (પવન ઊર્જા) | ૨.૯ | ૨૫ વર્ષ | ૧૨-૧૨-૨૦૨૨ |
| ૩૫ | જ્યુનીપર ગ્રીન બીમ પ્રા. લિ. | બિનપરંપરાગત (પવન ઊર્જા) | ૨.૯ | ૨૫ વર્ષ | ૧૪-૧૨-૨૦૨૨ |
| ૩૬ | સોલારક્રાફ્ટ પાવર ઈન્ડિયા ૩ પ્રા.લિ. | બિનપરંપરાગત (પવન ઊર્જા) | ૨.૯ | ૨૫ વર્ષ | ૧૪-૧૨-૨૦૨૨ |
| ૩૭ | એકમે પોખરણ સોલાર પ્રા. લિ. | બિનપરંપરાગત (પવન ઊર્જા) | ૨.૯ | ૨૫ વર્ષ | ૧૪-૧૨-૨૦૨૨ |
| ૩૮ | ટી.ઈ.ક્યુ.ગ્રીન પાવર XII પ્રા.લિ. | બિનપરંપરાગત (પવન ઊર્જા) | ૨.૯ | ૨૫ વર્ષ | ૧૫-૧૨-૨૦૨૨ |
| ૩૯ | પ્રોજેક્ટ ટવેલ્વ રીન્યુએબલ પાવર પ્રા. લિ. | બિનપરંપરાગત (પવન ઊર્જા) | ૨.૯ | ૨૫ વર્ષ | ૧૫-૧૨-૨૦૨૨ |

પ્રોજેક્ટ કાર્યાન્વિત થયેલ નથી.

- - - - - - - - -

**અરવલ્લી જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘરવપરાશ માટે વીજ જોડાણો**

૨૯૯૨ **શ્રી પી. સી. બરંડા** (ભિલોડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને ઘરવપરાશ માટે વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૧૦૮૭ |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૧૦૨.૩૦ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**નડિયાદ તાલુકામાં નવા રેશન કાર્ડ**

૩૪૭૯ **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ખેડા જિલ્લાના નડિયાદ તાલુકામાં નવા રેશન કાર્ડ માટેની કેટલી અરજીઓ પડતર છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ખેડા જિલ્લાના નડિયાદ તાલુકામાં નવા રેશનકાર્ડ માટેની કોઈ અરજી પડતર નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ અરજીઓ પડતર રહેવાના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત અરજદારોને ક્યાં સુધી નવા રેશનકાર્ડ આપવાનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**જીએસટી કાઉન્સીલ પાસેથી રાજ્ય સરકારની લેણી રકમ**

૩૪૨૩ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૧-૨૨માં જીએસટી કાઉન્સીલ | (૧) ઉક્ત સ્થિતિએ માલ અને સેવા કર પરિષદ પાસેથી નહિ પરંતુ કેન્દ્ર સરકાર પાસેથી નીચે મુજબની રકમ |

પાસેથી રાજ્ય સરકારે કેટલી રકમ લેવાની બાકી છે, અને

લેવાની બાકી છે.

| નાણાકીય વર્ષ | રકમ રૂ.કરોડમાં |
|---|---|
| ૨૦૨૦-૨૧ | રૂ.૩૩૭૬.૭૬ કરોડ |
| ૨૦૨૧-૨૨ | રૂ.૩૮૦૬.૮૫ કરોડ |

(૨) ઉક્ત રકમ સમયસર મળે તે માટે રાજ્ય સરકારે શા પ્રયાસો કર્યા ?

(૨) ધી ગુડ્ઝ એન્ડ સર્વિસીસ ટેક્સ(કોમ્પેન્સેશન ટુ સ્ટેટ્સ) એક્ટ, ૨૦૧૭ની કલમ-૭ હેઠળ એ.જી.શ્રી દ્વારા આવકનું ઓડિટ પ્રમાણપત્ર સમયસર મળે તે માટે સંકલન કરવામાં આવેલ છે. વધુમાં રાજ્યના નાણા વિભાગ દ્વારા કેન્દ્રીય નાણા મંત્રાલય સાથે સંકલન કરવામાં આવેલ છે.

---------

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ

૩૪૧૪ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમ આવેલા છે,

(૧)

| જિલ્લો | મધ્યમ ડેમ | મોટા ડેમ |
|---|---|---|
| જામનગર | ૬ | ૧ |
| દેવભૂમિ દ્વારકા | ૪ | ૦ |

(૨) ઉક્ત ડેમ ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૨)

- **જામનગર જિલ્લો**

| ક્રમ | સિંચાઈ યોજનાનુ નામ | બાંધકામનું વર્ષ |
|---|---|---|
| ૧ | ઉન્ડ-૧ | ૧૯૮૮ |
| ૨ | ઉન્ડ-૨ | ૧૯૯૮ |
| ૩ | આજી-૪ | ૨૦૧૦ |
| ૪ | ફુલઝર (કે.બી.) | ૧૯૯૮ |
| ૫ | ફુલઝર-૧ | ૧૯૬૧ |
| ૬ | સસોઈ | ૧૯૫૪ |
| ૭ | ડાઈ (મીણસાર) | ૧૯૯૨ |

- **દેવભૂમિ દ્વારકા જિલ્લો**

| ક્રમ | સિંચાઈ યોજનાનુ નામ | બાંધકામનું વર્ષ |
|---|---|---|
| ૧ | સાની | ૧૯૯૨ |
| ૨ | ઘી | ૧૯૫૩ |
| ૩ | વર્તુ-૧ | ૧૯૬૮ |
| ૪ | વર્તુ-૨ | ૨૦૦૦ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમ બનાવવામાં આવેલ છે તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) શૂન્ય

---------

## સુરેન્દ્રનગર અને વલસાડ જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ

૩૪૨૦ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમ આવેલા છે,

(૧)

| જિલ્લો | ડેમની સંખ્યા | |
|---|---|---|
| | મોટા | મધ્યમ |
| સુરેન્દ્રનગર | ૦ (શુન્ય) | ૫ (પાંચ) |

| | | |
|---|---|---|
| વલસાડ | ૧ (એક) | ૦ (શુન્ય) |

(૨) ઉક્ત ડેમ ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૨)

| અ. નં. | જિલ્લો | યોજનાનું નામ | બાંધકામનું વર્ષ |
|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | લીંબડી ભોગાવો-૧ (થોરીયાળી) | ૧૯૬૨ |
| ૨ | | વઢવાણ ભોગાવો-૨ (ધોળીધજા) | ૧૯૫૯ |
| ૩ | | વઢવાણ ભોગાવો-૧ (નાયકા) | ૧૯૫૯ |
| ૪ | | લીંબડી ભોગાવો-૨ (વડોદ) | ૧૯૯૯ |
| ૫ | | ફલ્કુ | ૧૯૯૨ |
| ૬ | વલસાડ | દમણગંગા જળાશય | ૧૯૮૮ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમ બનાવવામાં આવેલ છે તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) ૦ (શૂન્ય).

---------

**બોટાદ જિલ્લામાં ખુશી યોજના અંતર્ગત નાની ક્ષમતાના ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવા બાબત**

૩૦૦૭ **શ્રી શંભુનાથ ટુંડિયા** (ગઢડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં ખુશી યોજના અંતર્ગત નાની ક્ષમતાના કેટલા ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા, અને | (૧) ૫૩૦ |
| (૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૫૦૮.૫૧ લાખનો ખર્ચ થયો. |

---------

**જૂનાગઢ જિલ્લામાં ખુશી યોજના અંતર્ગત નાની ક્ષમતાના ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવા બાબત**

૩૦૦૬ **શ્રી ભગવાનજીભાઈ કરગટીયા** (માંગરોળ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં ખુશી યોજના અંતર્ગત નાની ક્ષમતાના કેટલા ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા, અને | (૧) ૫૭૧ |
| (૨)તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૫૪૮.૩૧ લાખનો ખર્ચ થયો. |

---------

**રાજ્યમાં લિગ્નાઈટ આધારીત પાવર પ્લાન્ટ**

૩૪૧૭ **શ્રી શૈલેશ પરમાર** (દાણીલીમડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં લિગ્નાઈટ આધારીત કેટલા પાવર પ્લાન્ટ/યુનિટો કયા સ્થળે ક્યારથી કાર્યરત છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકના લિગ્નાઈટ આધારીત પાવર પ્લાન્ટ/યુનિટોની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | વીજ મથકનું નામ અને સ્થળ | યુનિટ સંખ્યા | યુનિટ નંબર-કાર્યાન્વિત થયાની તારીખ |
|---|---|---|---|
| ૧ | જીએસઈસીએલ કચ્છ | ૨ | ૩-૩૧/૦૩/૧૯૯૭ |

| | | | |
|---|---|---|---|
| | લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન, મુ. પાનંધ્રો, જિ. કચ્છ | | ૪-૨૦/૧૨/૨૦૦૯ |
| ૨ | જીએસઈસીએલ ભાવનગર લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન, મુ.પડવા, જિ.ભાવનગર | ૨ | ૧-૧૬/૦૫/૨૦૧૬<br>૨-૨૭/૦૩/૨૦૧૭ |
| ૩ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લીમીટિડ-સ્ટેઝ-૧, મુ. નાની નરોલી, જિ.સુરત | ૨ | ૧-૧૫/૦૨/૨૦૦૦<br>૨-૧૫/૦૨/૨૦૦૦ |
| ૪ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લીમીટિડ-સ્ટેજ-૨, મુ. નાની નરોલી, જિ.સુરત | ૨ | ૩-૧૯/૦૪/૨૦૧૦<br>૪-૨૮/૦૪/૨૦૧૦ |
| ૫ | ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન, મુ. નાની છેર, જિ. કચ્છ | ૨ | ૧-૧૨/૦૩/૨૦૦૭<br>૨-૦૧/૦૫/૨૦૦૬ |

(૨) ઉક્ત પ્લાન્ટની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે,

(૨) ઉક્ત પ્લાન્ટની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતાની વિગતો નીચે મુજબ છે.

| **અ.નં.** | **વીજ મથકનું નામ** | **વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ)** |
|---|---|---|
| ૧ | જીએસઈસીએલ કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૧૫૦ |
| ૨ | જીએસઈસીએલ ભાવનગર લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૫૦૦ |
| ૩ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લીમીટિડ-સ્ટેઝ-૧ | ૨૫૦ |
| ૪ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લીમીટિડ-સ્ટેજ-૨ | ૨૫૦ |
| ૫ | ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન | ૨૫૦ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે માસમાં માસવાર ઉક્ત યુનિટ/પ્લાન્ટવાર કેટલી ક્ષમતાથી વીજ ઉત્પાદન કરવામાં આવ્યું, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે માસમાં માસવાર વીજ ઉત્પાદન ક્ષમતાની વિગતો નીચે મુજબ છેઃ-

| **અ.નં.** | **પાવર પ્લાન્ટનું નામ** | **વીજ ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ)** | |
|---|---|---|---|
| | | **નવે. ૨૦૨૨** | **ડિસે. ૨૦૨૨** |
| ૧ | જીએસઈસીએલ કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૭૧.૨૩ | ૬૪.૪૯ |
| ૨ | જીએસઈસીએલ | ૭૫.૮૪ | ૧૭૫.૯ |

| | | | |
|---|---|---|---|
| | ભાવનગર લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | | |
| ૩ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લીમીટેડ-સ્ટેઝ-૧ | ૧૭૪.૦૫ | ૧૬૩.૫ |
| ૪ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લીમીટેડ-સ્ટેજ-૨ | ૧૮૩.૪૬ | ૨૦૭.૮ |
| ૫ | ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન | ૧૧૪.૨૦ | ૯૬ |

(૪) ઉક્ત પ્લાન્ટ પૂરી ક્ષમતા સાથે કાર્યરત રહેતા ન હોય તો તેના કારણો શા છે ?

(૪) સામાન્ય સંજોગોમાં ઉપરોક્ત બધા વીજ મથકો પૂરી ક્ષમતા સાથે કાર્યરત છે. આમ છતાં, ક્યારેક વિવિધ કારણોસર જેવાકે, પ્રીવેન્ટીવ મેન્ટેનન્સ, ઓછી વીજમાંગ અને મેરિટ ઓર્ડર અંતર્ગત પ્રાથમિકતા જો ન મળતી હોય તો તત્પૂરતા હંગામી સમય દરમ્યાન વિજ એકમોમાંથી માત્ર જરૂર પૂરતું વીજ ઉત્પાદન મેળવવામાં આવે છે.

આ ઉપરાંત, ભાવનગર લિગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન ખાતે ઉપયોગમાં લેવાતા લિગ્નાઈટની જરૂરી સાઈઝ મેળવવા માટે સ્ક્રીન હાઉસનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું છે, જે ટૂંક સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે. જે પૂર્ણ થયેથી આ યુનિટોમાંથી પૂર્ણ ક્ષમતાથી વીજ ઉત્પાદન મેળવી શકાશે.

વધુમાં, ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશનનો અક્રીમોટા પ્લાન્ટની breakdownની સમસ્યા દુર કરી, ઉક્ત પ્લાન્ટ પૂરી ક્ષમતા સાથે સતત કાર્યરત રહે તે માટે નજીકના ભવિષ્યમાં જરૂરી રીનોવેશન અને મોર્ડનાઈઝેશનની પ્રક્રિયા હાથ ધરવાનું આયોજન છે.

- - - - - - - - -

**દાંતીવાડા તાલુકાના તળાવની કામગીરી**

૩૪૮૨ **શ્રી માવજીભાઈ દેસાઈ** (ધાનેરા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં દાંતીવાડા તાલુકાના ઓઢવા ગામે સર્વે નં.૮૦૧ પર નવા તળાવનું ખોદકામ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત તળાવમાં લોકોને પાણીની પડતી મુશ્કેલીને કારણે સરકાર દ્વારા કેનાલના પાણીથી તળાવ ભરવાનું આયોજન છે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**દાહોદ અને ડાંગ જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ**

૩૪૦૨ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમ આવેલા છે,

(૧)

| **જિલ્લો** | **મધ્યમ ડેમ** | **મોટા ડેમ** |
|---|---|---|
| દાહોદ | ૭ | ૦ |
| ડાંગ | ૦ | ૦ |

(૨) ઉક્ત ડેમ ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૨)

| **ડેમનું નામ** | **વર્ષ** |
|---|---|

| | |
|---|---|
| પાટાડુંગરી (મધ્યમ) | ૧૯૫૭ |
| ઉમરિયા (મધ્યમ) | ૧૯૮૫ |
| વાંકલેશ્વર-ભે (મધ્યમ) | ૧૯૭૮ |
| માછણનાળા (મધ્યમ) | ૧૯૮૨ |
| કબુતરી (મધ્યમ) | ૧૯૮૮ |
| અદલવાડા (મધ્યમ) | ૧૯૮૨ |
| કાલી-૨ (મધ્યમ) | ૨૦૦૨ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમ બનાવવામાં આવેલ છે તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) શૂન્ય.

---------

**કચ્છ જિલ્લામાં વિન્ડ સોલાર હાઈબ્રીડ પાર્કમાં મૂડીરોકાણ**

૨૯૮૭ **શ્રી કેશુભાઈ પટેલ** (ભુજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના વિઘાકોટ ખાતે વિન્ડ સોલાર હાઈબ્રીડ પાર્કનું ખાત-મુહૂર્ત કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ વિન્ડ સોલાર હાઈબ્રીડ પાર્કમાં અંદાજે કેટલા મેગાવોટ વીજળી પ્રાપ્ત થવાનો અંદાજ છે, અને

(૩) આ વિન્ડ સોલાર હાઈબ્રીડ પાર્કમાં અંદાજે કેટલું મૂડીરોકાણ આવવાની શક્યતા છે ?

**જવાબ**

(૧) જી, હા.

(૨) હાલમાં, આ વિન્ડ સોલાર હાઈબ્રીડ પાર્કમાં અંદાજે ૨૫,૮૦૦ મેગાવોટ વીજળી પ્રાપ્ત થવાનો અંદાજ છે.

(૩) આ વિન્ડ સોલાર પાર્કમાં અંદાજે રૂ.૧,૨૯,૦૦૦ કરોડ મૂડીરોકાણ આવવાની શક્યતા છે.

---------

**પાવર એક્સચેન્જ ઓફ ઈન્ડિયામાંથી વીજળી ખરીદવા બાબત**

૩૪૨૯ **શ્રી દિનેશ ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર કેટલા યુનિટ વીજળી કયા દરે પાવર એક્સચેન્જ ઓફ ઈન્ડિયામાંથી ખરીદવામાં આવી ?

(૨) તે અન્વયે ઉક્ત માસવાર કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પાવર એક્સચેન્જ ઓફ ઈન્ડિયામાંથી છેલ્લા બે વર્ષમાં માસવાર ખરીદવામાં આવેલ વીજળી, તેના દર અને તે પૈકી ચૂકવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| **માસ** | **૨૦૨૧** | | | **૨૦૨૨ (પ્રોવીઝનલ)** | | |
|---|---|---|---|---|---|---|
| | **મિલિયન યુનિટસ** | **રકમ (રૂ.કરોડ)** | **દર (રૂ./યુનિટ)** | **મિલિયન યુનિટસ** | **રકમ (રૂ.કરોડ)** | **દર (રૂ./યુનિટ)** |
| જાન્યુઆરી | - | - | - | - | - | - |
| ફેબ્રુઆરી | ૦.૧૮ | ૦.૦૬ | ૩.૧૦ | - | - | - |
| માર્ચ | ૨.૨૩ | ૦.૯૧ | ૪.૧૦ | - | - | - |
| એપ્રિલ | ૧.૦૦ | ૦.૩૭ | ૩.૬૯ | - | - | - |
| મે | ૩.૦૦ | ૦.૯૦ | ૨.૯૯ | - | - | - |
| જૂન | ૯.૧૧ | ૨.૯૫ | ૩.૨૪ | ૨.૮૭ | ૧.૪૭ | ૫.૧૩ |
| જુલાઈ | ૨.૫૦ | ૦.૮૧ | ૩.૨૨ | ૬.૦૧ | ૩.૬૩ | ૬.૦૪ |
| ઓગસ્ટ | ૫.૧૨ | ૨.૧૬ | ૪.૨૨ | ૬.૫૫ | ૫.૨૬ | ૮.૦૩ |
| સપ્ટેમ્બર | ૦.૨૩ | ૦.૧૫ | ૬.૭૨ | ૬.૩૧ | ૪.૯૩ | ૭.૮૧ |
| ઓક્ટોબર | ૦.૨૬ | ૦.૨૫ | ૯.૭૦ | ૨.૬૭ | ૧.૨૦ | ૪.૪૯ |
| નવેમ્બર | ૦.૦૯ | ૦.૦૩ | ૩.૦૮ | - | - | - |
| ડિસેમ્બર | - | - | - | - | - | - |

(૩) ઉક્ત વીજળી ખરીદવાના મુખ્ય કારણો શા છે?

(૩) રાજ્યની પ્રજાને અવિરત અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે હેતુથી અને ક્યારેક પ્લાન્ટમાં બ્રેક ડાઉનના કારણોસર ઊભી થતી પરિસ્થિતિને પહોંચી વળવા તેટલા સમય પૂરતી વીજ ખરીદી અન્વયે, લાંબાગાળા/મધ્યમગાળાના કોન્ટ્રાક્ટ કરતાં જે તે સમયના ટાઇમ સ્લોટ દરમ્યાન પાવર એક્ષચેન્જમાં ઓછા દરે પાવર ઉપલબ્ધ હોય, ત્યારે ખર્ચમાં બચત કરવાના હેતુથી પાવર એક્ષચેન્જમાંથી વીજળી ખરીદવાની જરૂરિયાત ઉદભવે છે.

- - - - - - - - -

**અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદીના કરાર**

૩૪૦૮ **શ્રી ચિરાગ કુમાર પટેલ** (ખંભાત) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અદાણી પાવર લિ. કંપની સાથે સને ૨૦૦૬ અને ૨૦૦૭માં વીજ ખરીદીના કરારો ૨૫ વર્ષ માટે થયા બાદ તા.૧૫-૧૦-૨૦૧૮ થી તા.૩૧-૧૨-૨૦૨૦ સુધીના સમયગાળા માટે વીજ દરમાં વધારો આપવામાં આવેલ છે તે હકીકત તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ સાચી છે,

(૨) જો હા, તો ૨૫ વર્ષ માટે કયા દરે વીજ ખરીદીના કરારો થયેલા,

**જવાબ**

(૧) અને (૨) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. (GUVNL) દ્વારા તા.૬.૦૨.૨૦૦૭ અને તા.૦૨.૦૨.૨૦૦૭ના રોજ અદાણી પાવર મુન્દ્રા લી. સાથે બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત રૂ.૨.૮૯/- યુનિટ અને રૂ.૨.૩૫/- યુનિટના લેવલાઈઝ્ડ દરે વીજ ખરીદ કરાર થયેલ છે.

ઇન્ડોનેશિયન રેગ્યુલેશનમાં બદલાવના કારણે આયાતી કોલસાના ભાવમાં અતિશય વધારાના કારણોસર સદરહુ વીજઉત્પાદન યુનિટ બંધ થઈ ગેયલ હોઈ, રાજ્યની પ્રજાને અવિરત અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે હેતુથી આ મુદ્દાના નિરાકરણ માટે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા હેઠળ ગુજરાત સરકાર દ્વારા એક હાઈ પાવર કમિટીની રચના કરવામાં આવેલ. ગુજરાત સરકાર દ્વારા તા.૦૧-૧૨-૨૦૧૮ના ઠરાવ (GR) થકી હાઈ પાવર કમિટીની ભલામણો મહત્વના સૂચનો સાથે સ્વીકારવામાં આવેલ. જે મુજબ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા તા.૧૫-૧૦-૨૦૧૮ પછીના સમયગાળા માટે વીજદરની ચુકવણી હકીકતમાં થયેલ બળતણ ખર્ચના આધારે કરવા અન્વયે તા.૦૫-૧૨-૨૦૧૮ના રોજ અદાણી પાવર લિ. સાથે સપ્લીમેન્ટરી કરારો કરવામાં આવેલ. જે માનનીય કેન્દ્રિય વીજ નિયમન આયોગ દ્વારા તા.૧૨-૦૪-૨૦૧૯ના રોજ મંજૂર કરવામાં આવેલ.

(૩) ઉક્ત સમયગાળા દરમ્યાન દરમાસે કયા દરે કેટલી વીજળી ખરીદવામાં આવી, અને

(૪) તે અન્વયે દર માસે કયા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી?

(૩) અને (૪) ઉક્ત સમયગાળા દરમ્યાન અદાણી પાવર મુન્દ્રા લી. પાસેથી દરમાસે પ્રતી યુનિટના દરે ખરીદવામાં આવેલ વીજળી અને તે પૈકી ચૂકવવામાં આવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| માસ | મિલિયન યુનિટસ | ફિક્સ ચાર્જ રકમ (રૂ.કરોડ) | એનર્જી ચાર્જ (રૂ./યુનિટ) | એનર્જી ચાર્જ રકમ (રૂ.કરોડ) | કુલ રકમ (રૂ.કરોડ) |
|---|---|---|---|---|---|
| ૧૫.૧૦.૨૦૧૮ થી ૩૧.૧૦.૨૦૧૮ | ૪૦૨ | ૪૭ | ૩.૧૪ | ૧૨૬ | ૧૭૩ |
| નવેમ્બર ૧૮ | ૭૧૨ | ૮૬ | ૩.૫૭ | ૨૫૪ | ૩૪૧ |
| ડિસેમ્બર ૧૮ | ૧૩૩૩ | ૧૫૯ | ૨.૯૩ | ૩૯૧ | ૫૫૦ |
| જાન્યુઆરી ૧૯ | ૧૩૨૩ | ૧૫૬ | ૨.૯૮ | ૩૯૪ | ૫૫૦ |
| ફેબ્રુઆરી ૧૯ | ૧૧૯૭ | ૧૪૮ | ૩.૦૧ | ૩૬૦ | ૫૦૮ |

| માસ | મિલિયન યુનિટસ | ફિક્સ ચાર્જ રકમ (રૂ.કરોડ) | એનર્જી ચાર્જ (રૂ. / યુનિટ) | એનર્જી ચાર્જ રકમ (રૂ.કરોડ) | કુલ રકમ (રૂ.કરોડ) |
|---|---|---|---|---|---|
| માર્ચ ૧૯ | ૧૩૮૨ | ૧૭૧ | ૨.૯૯ | ૪૧૩ | ૫૮૩ |
| એપ્રિલ ૧૯ | ૧૪૪૮ | ૫૭ | ૩.૨૩ | ૪૬૭ | ૫૨૪ |
| મે ૧૯ | ૧૬૦૩ | ૧૩૫ | ૩.૨૫ | ૫૨૨ | ૬૫૭ |
| જૂન ૧૯ | ૧૫૧૭ | ૧૩૦ | ૨.૯૩ | ૪૪૪ | ૫૭૫ |
| જુલાઈ ૧૯ | ૯૯૨ | ૮૩ | ૩.૩૦ | ૩૨૮ | ૪૧૦ |
| ઓગસ્ટ ૧૯ | ૬૨૧ | ૬૦ | ૩.૨૨ | ૨૦૦ | ૨૬૦ |
| સપ્ટેમ્બર ૧૯ | ૬૭૪ | ૭૧ | ૩.૨૫ | ૨૧૯ | ૨૯૦ |
| ઓક્ટોબર ૧૯ | ૭૮૦ | ૭૪ | ૨.૧૧ | ૧૬૪ | ૨૩૯ |
| નવેમ્બર ૧૯ | ૭૫૬ | ૭૨ | ૨.૯૭ | ૨૨૪ | ૨૯૬ |
| ડિસેમ્બર ૧૯ | ૭૫૯ | ૬૪ | ૨.૯૩ | ૨૨૩ | ૨૮૬ |
| જાન્યુઆરી ૨૦ | ૬૨૫ | ૬૧ | ૨.૯૬ | ૧૮૫ | ૨૪૬ |
| ફેબ્રુઆરી ૨૦ | ૭૩૮ | ૬૯ | ૨.૯૮ | ૨૨૦ | ૨૮૯ |
| માર્ચ ૨૦ | ૫૩૮ | ૬૭ | ૩.૦૮ | ૧૬૬ | ૨૩૩ |
| એપ્રિલ ૨૦ | ૫૩ | ૪૮ | ૩.૩૬ | ૧૮ | ૬૬ |
| મે ૨૦ | ૩૨૪ | ૬૦ | ૩.૩૦ | ૧૦૭ | ૧૬૭ |
| જૂન ૨૦ | ૩૬૬ | ૫૮ | ૩.૨૯ | ૧૨૦ | ૧૭૮ |
| જુલાઈ ૨૦ | ૬૯૨ | ૬૦ | ૨.૯૬ | ૨૦૫ | ૨૬૫ |
| ઓગસ્ટ ૨૦ | ૪૮૦ | ૪૯ | ૧.૮૭ | ૯૦ | ૧૩૯ |
| સપ્ટેમ્બર ૨૦ | ૭૪૫ | ૫૮ | ૨.૫૭ | ૧૯૧ | ૨૪૯ |
| ઓક્ટોબર ૨૦ | ૮૮૧ | ૬૦ | ૨.૫૦ | ૨૨૦ | ૨૮૦ |
| નવેમ્બર ૨૦ | ૭૬૨ | ૫૮ | ૨.૫૨ | ૧૯૨ | ૨૫૦ |
| ડિસેમ્બર ૨૦ | ૭૯૨ | ૬૦ | ૨.૬૯ | ૨૧૩ | ૨૭૩ |

- - - - - - - - -

**તાપી જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ લાભાર્થી જનસંખ્યા**

૨૯૭૪ **શ્રી મોહનભાઈ કોંકણી** (વ્યારા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને

(૨) તેની જનસંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ ૩,૪૫૦ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે.

(૨) ૩,૪૫૦ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૧૫,૪૧૩ છે.

- - - - - - - - -

**દહેગામ તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના**

૨૯૬૩ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાને કઈ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે,

(૨) આ યોજના હેઠળ કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૩) આ યોજના અંતર્ગત કેટલી વસ્તીને આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) જી-૨ જૂથ પાણી પુરવઠા યોજના.

(૨) દહેગામ તાલુકાના ૯૨ ગામો, ગાંધીનગર તાલુકાના ૩૩ ગામો એમ કુલ ૧૨૫ ગામો.

(૩) હાલની ગ્રામ્ય તથા શહેરી વિસ્તારની ૪.૯૦ લાખ માણસો.

તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના**

૩૨૭૦ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લાના અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કિસાન સૂર્યોદય યોજનામાં સમાવિષ્ટ અને બાકી ગામોની તાલુકાવાર માહિતી નીચે દર્શાવેલ પ્રમાણે છે.

| **જિલ્લો** | **તાલુકો** | **તા.૩૧-૧૨-૨૨ની સ્થિતિએ કિસાન સૂર્યોદય યોજનામાં સમાવિષ્ટ ગામોની સંખ્યા** |
|---|---|---|
| જામનગર | ધ્રોલ | ૧૧ |
| | જામજોધપુર | ૨૬ |
| | જામનગર | ૨૨ |
| | જોડિયા | ૭ |
| | કાલાવડ | ૧૧ |
| | લાલપુર | ૧૭ |
| **કુલ** | | **૯૪** |

| **જિલ્લો** | **તાલુકો** | **તા.૩૧-૧૨-૨૨ની સ્થિતિએ કિસાન સૂર્યોદય યોજનામાં સમાવિષ્ટ ગામોની સંખ્યા** |
|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ભાણવડ | ૪૭ |
| | કલ્યાણપુર | ૮ |
| | ખંભાલીયા | ૪૬ |
| | ઓખામંડળ | ૩૭ |

(૨) ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને ઉક્ત યોજના હેઠળ સમાવવાના બાકી છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર જિલ્લાના અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કિસાન સૂર્યોદય યોજનામાં બાકી ગામોની તાલુકાવાર માહિતી નીચે દર્શાવેલ પ્રમાણે છે.

| **જિલ્લો** | **તાલુકો** | **તા.૩૧-૧૨-૨૨ની સ્થિતિએ કિસાન સૂર્યોદય યોજનામાં બાકી ગામોની સંખ્યા** |
|---|---|---|
| જામનગર | ધ્રોલ | ૩૦ |
| | જામજોધપુર | ૪૩ |
| | જામનગર | ૭૮ |
| | જોડિયા | ૨૮ |
| | કાલાવડ | ૮૭ |
| | લાલપુર | ૫૭ |
| **કુલ** | | **૩૨૩** |

| **જિલ્લો** | **તાલુકો** | **તા.૩૧-૧૨-૨૨ની સ્થિતિએ કિસાન સૂર્યોદય યોજનામાં બાકી ગામોની સંખ્યા** |
|---|---|---|
| દેવભૂમિ | ભાણવડ | ૪ |

| | | |
|---|---|---|
| દ્વારકા | કલ્યાણપુર | ૫૬ |
| | ખંભાલીયા | ૩૭ |
| | ઓખામંડળ | ૨ |
| | **કુલ** | **૯૯** |

(૩) ઉક્ત બાકી ગામોનો સમાવેશ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૩) ''કિસાન સૂર્યોદય યોજના'' હેઠળ ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા બે બાબતો મહત્વની અને જરૂરી છે.

**૧) હયાત વીજ માળખાનું સુદઢીકરણઃ**

કોઈ પણ જિલ્લામાં ''કિસાન સૂર્યોદય યોજના'' નો અમલ કરતા પહેલા લોકલ એરિયાના હાલના તેમજ આ યોજનાનો અમલ કરવાથી થતા વધારાના વીજ લોડને ધ્યાનમાં રાખીને પ્રવહન માળખાને સશક્તિકરણની જરૂરિયાત રહે છે. જેને માટે નવીન સબ સ્ટેશન અને વીજ રેષાઓનું નિર્માણ કરવું જરૂરી છે. જેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

**૨) દિવસ દરમ્યાનની વીજ માંગને સંતોષવા માટે જરૂરી વીજ ઉત્પાદનઃ**

પ્રવર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં કોલસો, ગેસ જેવા પરંપરાગત વીજ સ્ત્રોતની તંગી તેમજ તેની ઉપલબ્ધતા અને પરિવહનને લગતી વિવિધ સમસ્યાઓના વિકલ્પે બિનપરંપરાગત ઊર્જાનું મહત્તમ ઉત્પાદન જરૂરી બન્યું છે. તેમાંય ખાસ કરીને સૌર ઊર્જા કે જે દિવસ દરમ્યાન ઉપલબ્ધ હોય છે અને તેથી સૌર ઊર્જાના મહત્તમ ઉત્પાદન થકી ખેડૂતોને દિવસે વીજળી આપી શકાય છે. આવનારા દિવસોમાં જેમ સૂર્ય આધારિત વીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો થશે તેમ દિવસ દરમ્યાન સૂર્ય આધારિત વીજળીની પ્રાપ્યતા વધશે. આથી ગુજરાત રાજ્યમાં સૂર્ય આધારિત વીજળીનું ઉત્પાદન શક્ય તેટલું વધારીને તે વીજળી ''કિસાન સૂર્યોદય યોજના'' હેઠળ ખેડૂતોને આપીને દિવસે વીજળી પૂરી પાડવાનું આયોજન છે.

"PM KUSUM-C" યોજના અન્વયે ફીડર લેવલ સોલરાઈઝેશન થકી તમામ ખેતીવાડી ફીડરનું સોલરાઈઝેશન કરવાનું આયોજન છે.

તદુપરાંત આગામી ત્રણ વર્ષમાં હાલની સોલાર જનરેશનની સ્થાપિત ક્ષમતા ૫૩૪૫ મેગા વોટથી વધારી ૧૮૦૦૦ મેગા વોટ જેટલી કરવાનું આયોજન છે.

- - - - - - - - -

## મોરબી અને નર્મદા જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ

૩૪૧૧ **શ્રી વિમલ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મોરબી અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમ આવેલા છે,

(૧)

| જિલ્લો | મધ્યમ ડેમ | મોટા ડેમ |
|---|---|---|
| મોરબી | ૫ (પાંચ) | ૨ (બે) |
| નર્મદા | ૨ (બે) | ૧ (એક) |

(૨) ઉક્ત ડેમ ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૨) **મોરબી જિલ્લો**

| ક્રમ | યોજનાનું નામ | બાંધકામનું વર્ષ |
|---|---|---|
| ૧ | મચ્છુ-૧ | ૧૯૫૮ |
| ૨ | મચ્છુ-૨ | ૧૯૭૨ |

| | | |
|---|---|---|
| ૩ | ડેમી-૧ | ૧૯૫૮ |
| ૪ | ડેમી-૨ | ૧૯૮૮ |
| ૫ | બ્રાહ્મણી-૧ | ૧૯૫૩ |
| ૬ | બ્રાહ્મણી-૨ | ૨૦૦૮ |
| ૭ | ઘોડાધ્રોઈ | ૧૯૮૯ |

**નર્મદા જિલ્લો**

| ક્રમ | યોજનાનું નામ | બાંધકામનું વર્ષ |
|---|---|---|
| ૧ | ચોપડવાવ | ૧૯૮૫ |
| ૨ | કાકડીઆંબા | ૧૯૮૫ |
| ૩ | કરજણ ડેમ | ૧૯૮૭ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમ બનાવવામાં આવેલ છે તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) નવા મોટા અને મધ્યમ ડેમો બનાવવા માટે તાંત્રિક અને આર્થિક રીતે પોષણક્ષમ હોય તેવા સ્થળો ઉપલબ્ધ થયેલ નથી. જેથી છેલ્લા બે વર્ષમાં કોઈ ડેમ બનાવવામાં આવેલ નથી. જેથી ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**તાપી અને નવસારી જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ**

૩૩૯૯ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નવસારી અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમ આવેલા છે,

(૨) ઉક્ત ડેમ ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમ બનાવવામાં આવેલ છે તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તાપી અને નવસારી જિલ્લામાં આવેલ મધ્યમ અને મોટા ડેમોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લો | મોટા ડેમ | મધ્યમ ડેમ |
|---|---|---|---|
| ૧ | તાપી | ૧ | ૧ |
| ૨ | નવસારી | ૦ | ૨ |

(૨)

| અ.નં. | જિલ્લો | યોજનાનું નામ | બાંધકામનું વર્ષ |
|---|---|---|---|
| ૧. | તાપી | ઉકાઈ ડેમ | ૧૯૭૨ |
| ૨. | | ડોસવાડા મધ્યમ સિંચાઈ યોજના | ૧૯૧૨ |
| ૩. | નવસારી | જુજ મધ્યમ સિંચાઈ યોજના | ૧૯૮૮ |
| ૪. | | કેલીયા મધ્યમ | ૧૯૮૩ |

(૩) છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાઓમાં મધ્યમ કે મોટા કોઈ ડેમો બનાવવામાં આવેલ નથી. જેથી ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં વિદ્યુત મથકો**

૩૪૨૬ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સરકારી અને ખાનગી કેટલા વિદ્યુત મથકો આવેલા છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં આવેલ વીજ મથકો, જેમાંથી રાજ્ય સરકારની વીજ કંપની (જી.યુ.વિ.એન.એલ.) દ્વારા વીજ ઉત્પાદન મેળવવામાં આવે છે, તેવા પરંપરાગત ઊર્જા સ્ત્રોતના કુલ ૨૨ વિદ્યુત મથકો આવેલ છે. જેમાં સરકાર હસ્તકના ૧૯ મથકો અને ખાનગી માલિકીના ૩ વિદ્યુત મથકોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, બિન-પરંપરાગત સ્ત્રોત ક્ષમતાના વિવિધ ૬૬૫ વીજ ઉત્પાદનના પ્રોજેક્ટ સાથે કરાર છે જેમાં

(૨) ઉક્ત વિદ્યુત મથકોવાર કેટલા મેગાવોટ વિદ્યુત ઉત્પાદન કરવાની ક્ષમતા છે,

(૩) ઉક્ત સ્થિતિએ આ વિદ્યુત મથકોએ છેલ્લા બે વર્ષમાં કેટલી વીજળીનું ઉત્પાદન કર્યું, અને

સરકાર હસ્તકનાં ૪૪ વીજ પ્રોજેક્ટ અને ખાનગી માલિકીના ૬૧૦ વીજ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

(૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ઉક્ત વિદ્યુત મથકોની વીજ ક્ષમતા તેમજ મેળવવામાં આવેલ ઉત્પાદિત વીજળીની વિગતો નીચે મુજબ છે.

| | પાવર પ્લાન્ટનું નામ | જી.યુ.વી.એન.એલ. નો હિસ્સો (મે.વો) | વર્ષ ૨૦૨૧ (મિ.યુ.) | વર્ષ ૨૦૨૨ (મિ.યુ.) |
|---|---|---|---|---|
| **ક** | **રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકો** | | | |
| | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. (જી.એસ.ઈ.સી.એલ) | | | |
| | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન | ૧૧૧૦ | ૪૫૧૫ | ૫૩૦૧ |
| | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન | ૨૨૭૦ | ૧૦૫૪૫ | ૧૦૧૧૫ |
| | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન | ૬૩૦ | ૨૯૨૩ | ૩૫૪૯ |
| | સિક્કા થર્મલ પાવર સ્ટેશન – યુનિટ ૩ અને ૪ | ૫૦૦ | ૧૩૨૨ | ૧૦૮૮ |
| | કચ્છ લીગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૧૫૦ | ૪૯૯ | ૪૮૩ |
| | ઉત્તરાણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૩૭૫ | ૪૩૦ | - |
| | ધુવારણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૫૯૫ | ૪૭૦ | - |
| | ઉકાઈ હાઇડ્રો | ૩૦૦ | ૬૬૬ | ૯૫૨ |
| | કડાણા હાઇડ્રો | ૨૪૦ | ૨૧૨ | ૩૪૪ |
| | ભાવનગર લીગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૫૦૦ | ૧૧૮૯ | ૧૦૫૦ |
| | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (સ્થાપિત ક્ષમતા – ૯૩ મે.વો.) | ૨૭ | ૨૫ | - |
| | ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. – સુરત લિગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૫૦૦ | ૨૪૬૬ | ૨૫૪૫ |
| | ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન-અક્રીમોટા | ૨૫૦ | ૧૦૦ | ૧ |
| | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી. હજીરા એક્ષપાનશન CCPP II | ૩૫૧ | ૨૯૬ | ૬૭૮ |
| | જીપીપીસી પીપાવાવ | ૭૦૨ | ૧૮૦ | ૧ |
| | **કુલ** | **૮૫૦૦** | | |
| **ખ** | **કેન્દ્ર સરકાર હસ્તકના મથકોમાંથી રાજ્યનો હિસ્સો/આંતર રાજ્ય વીજ પ્રોજેક્ટ** | | | |
| | કવાસ ગેસ આધારિત વીજ મથક (સ્થાપિત ક્ષમતા – ૬૪૫ મે.વો.) | ૧૮૭ | ૮૯ | ૧ |
| | ગાંધાર ગેસ આધારિત વીજ મથક (સ્થાપિત ક્ષમતા – ૬૫૭ મે.વો.) | ૨૩૭ | ૧૩૯ | ૩ |
| | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન કાકરાપાર (સ્થાપિત ક્ષમતા – ૪૪૦ મે.વો.) | ૧૨૫ | ૮૮૯ | ૯૩૩ |
| | સરદાર સરોવર નર્મદા નિગમ લી. (સ્થાપિત ક્ષમતા – ૧૪૫૦ મે.વો.) | ૨૩૨ | ૩૪૧ | ૬૭૯ |
| | **કુલ** | **૭૮૧** | | |
| **ગ** | **ખાનગી સાહસો/પી પી પી** | | | |
| | અદાણી મુન્દ્રા પાવર પ્રોજેક્ટ (સ્થાપિત ક્ષમતા – ૪૬૨૦ મે.વો.) | ૨૪૩૪ | ૫૫૮૯ | ૬૦૦૬ |

| | પાવર પ્લાન્ટનું નામ | જી.યુ.વી.એન.એલ. નો હિસ્સો (મે.વો) | વર્ષ ૨૦૨૧ (મિ.યુ.) | વર્ષ ૨૦૨૨ (મિ.યુ.) |
|---|---|---|---|---|
| | એસ્સાર પાવર ગુજરાત લી. (સ્થાપિત ક્ષમતા – ૧૨૦૦ મે.વો.) | ૧૧૨૨ | ૭૪૯ | ૧૧૬૮ |
| | કોસ્ટલ ગુજરાત પાવર લી. મુન્દ્રા યુ.એમ.પી.પી (સ્થાપિત ક્ષમતા – ૩૮૦૦ મે.વો.) | ૧૮૦૫ | ૭૩૧૫ | ૧૦૪૪૭ |
| | **કુલ** | **૫૩૬૧** | | |

આ ઉપરાંત બિન-પરંપરાગત સ્ત્રોતમાંથી સરકારી ૧૪૮૮ મે.વો. (કેન્દ્રીય સાહસો સહીત) અને ખાનગી કંપનીઓની ૬૭૮૪ મે.વો. સ્થાપિત ઉત્પાદન ક્ષમતા છે જેની માહિતી પત્રક-'અ' મુજબ તેમજ ઉક્ત મથકો પાસેથી મેળવવામાં આવેલ ઉત્પાદિત વીજળીની વિગતો પત્રક-'બ' મુજબ છે.

(૪) ઉક્ત સ્થિતિએ રાજ્યને વર્ષવાર કેટલી વીજળીની જરૂરીયાત સામે કયા વીજ મથકે કેટલી વીજળી કયા ભાવે ફાળવી ?

(૪) ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૧ અને વર્ષ ૨૦૨૨ દરમ્યાન ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. ની કુલ વીજ જરૂરિયાત ૧,૦૬,૭૭૭ મિલિયન યુનિટ્સ અને ૧,૧૯,૨૮૫ મિલિયન યુનિટ્સ હતી જેની સામે વિવિધ વીજ મથકો પાસેથી મેળવવામાં આવેલ ઉત્પાદિત વીજળી અને તેના ભાવની વિગતો પત્રક-'ક' મુજબ છે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

- - - - - - - - -

**મહીસાગર જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘરવપરાશ માટે વીજ જોડાણો**

૨૯૯૩ **શ્રી માનસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને ઘરવપરાશ માટે વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૨૩૩

(૨) રૂ.૪૪.૯૩ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

**વીજ મથકોમાં કોલસા અને ગેસના જથ્થાની જરૂરિયાત**

૩૨૭૪ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર સંચાલિત વીજ મથકોમાં કોલસા અને ગેસના કેટલા જથ્થાની જરૂરિયાત હતી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર સંચાલિત વીજ ઉત્પાદન કંપની જી.એસ.ઈ.સી.એલ. દ્વારા સંચાલિત કોલસા અને ગેસ આધારિત વીજ મથકો માટે જરૂરી વર્ષવાર કોલસા અને ગેસના જથ્થાની જરૂરિયાત નીચે મુજબ હતી.

| વર્ષ | કોલસાની જરૂરિયાત (આંકડા મેટ્રિક ટનમાં) | ગેસની જરૂરિયાત (એમએમએસસીએમડી) |
|---|---|---|
| ૨૦૨૧ (જાન્યુ-૨૧થી ડિસેમ્બર-૨૧) | ૨૧૫૧૬૦૭૮ | ૪.૦૪ |

| | | |
|---|---|---|
| ૨૦૨૨ (જાન્યુ-૨૨ થી ડિસેમ્બર-૨૨) | ૨૧૩૯૯૪૨૮ | ૪.૦૪ |

વીજ મથક પર મેળવવા માટેના કોલસાની જરૂરિયાત.

(૨) ઉક્ત સ્થિતિએ આ જરૂરીયાત પૈકી કેન્દ્ર સરકાર સમક્ષ કોલસા અને ગેસના જથ્થાની વર્ષવાર કેટલી માંગણી કે દરખાસ્ત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર સમક્ષ કોલસા અને ગેસના જથ્થાની વર્ષવાર નીચે મુજબ માંગણી કરવામાં આવેલ.

| **વર્ષ** | **કોલસાની માંગણી (આંકડા મેટ્રિક ટનમાં)** | **ગેસની માંગણી (એમએમએસસીએમડી)** |
|---|---|---|
| ૨૦૨૧ (જાન્યુ-૨૧થી ડિસેમ્બર-૨૧) | ૨૧૫૧૬૦૭૮ | ૦.૫૩ |
| ૨૦૨૨ (જાન્યુ-૨૨ થી ડિસેમ્બર-૨૨) | ૨૧૩૯૯૪૨૮ | ૦.૫૩ |

વીજ મથક પર મેળવવા માટેના કોલસાની માંગણી.

(૩) તે પૈકી કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો કોલસો અને ગેસ પુરો પાડવામાં
આવ્યો ?

(૩) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પૂરા પાડવામાં આવેલ કોલસા અને ગેસના જથ્થાની વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| **વર્ષ** | **કોલસાની ફાળવણી (આંકડા મેટ્રિક ટનમાં)** | **ગેસની ફાળવણી (એમએમએસસીએમડી)** |
|---|---|---|
| ૨૦૨૧ (જાન્યુ-૨૧થી ડિસેમ્બર-૨૧) | ૧૩૧૬૭૧૫૬ | ૦.૦૩ |
| ૨૦૨૨ (જાન્યુ-૨૨ થી ડિસેમ્બર-૨૨) | ૧૪૭૧૭૭૧૩ | ૦.૦૦ |

વીજ મથક પર મેળવેલ કોલસો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે,

૧) રાજ્યનાં કોલસા અને ગેસ આધારીત વીજ મથકોને તેમાંથી ઉત્પન્ન થતી વીજળીની કિંમતને અનુરૂપ મેરીટ ઓર્ડરમાં ગોઠવી ગ્રીડની જરૂરીયાત મુજબ તેમાંથી વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે. આથી, કોલસા અને ગેસની જરૂરીયાત સમયાંતરે બદલાતી રહે છે.

૨) આંતરરાષ્ટ્રીય સ્તરે ગેસની તંગી તથા ભાવોમાં અસામાન્ય વધારો થવાના કારણોસર ગેસ આધારીત વીજળી ઉત્પન્ન કરવાનો પ્રતિ યુનિટ ખર્ચ, અનવાયેબલ રેટ આવવાના કારણે ગેસ આધારીત વીજ ઉત્પાદન મેળવવામાં આવતું ન હતું.

- - - - - - - - -

**રાજ્ય સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થું ચૂકવવા બાબતે**

૩૪૦૫ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્રીય ધોરણો મુજબ કેટલા ટકા મોંઘવારી ભથ્થું ક્યારથી ચૂકવવાનું બાકી છે,

**જવાબ**

(૧) પ્રવર્તમાન નીતિ મુજબ, રાજ્ય સરકારના કર્મચારીઓના કિસ્સામાં, મોંઘવારી ભથ્થું રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવે તે મુજબ ચૂકવવાનું રહે છે.

હાલ રાજ્ય સરકારના કર્મચારીઓના કિસ્સામાં તા.૧-૧-

૨૦૨૨ થી મૂળ પગારના ૩૪% ના દર મુજબ મોંઘવારી ભથ્થું ચૂકવવામાં આવે છે.

(૨) ઉક્ત મોંઘવારી ભથ્થુ ચૂકવવાનું બાકી રહેવાના કારણો શા છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત બાકી મોંઘવારી ભથ્થુ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**નડિયાદ તાલુકામાં નલ સે જલ યોજના**

૩૪૮૧ **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના કેટલા ગામોમાં નલ સે જલ યોજના મંજૂર કરવામાં આવી,

**જવાબ**

(૧)

| વર્ષ | મંજૂર યોજના |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૨ |
| ૨૦૨૨-૨૩ | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોમાં ઉક્ત યોજના હેઠળના કામ બાકી છે, અને

(૨) શૂન્ય.

(૩) તે બાકી રહેવાના શા કારણો છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ**

૩૪૨૪ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમ આવેલા છે,

(૨) ઉક્ત ડેમ ક્યારે બનાવવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) અને (૨)

| જિલ્લો | ડેમની સંખ્યા | | બાંધકામનું વર્ષ |
|---|---|---|---|
| | મધ્યમ | મોટા | |
| મહેસાણા | ૦૦ | ૦૧ | ૧૯૭૬ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમ બનાવવામાં આવેલ છે તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**સૌની યોજના અંતર્ગત સૌરાષ્ટ્રના ડેમ ભરવા બાબત**

૩૪૧૫ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં સૌની યોજના હેઠળ સૌરાષ્ટ્રના ક્યા ડેમમાં પાણી આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧)

- જરૂરિયાત અને નર્મદાના પાણીની ઉપલબ્ધિ મુજબ પાણી આપવામાં આવે છે. ઉક્ત સ્થિતિએ સૌરાષ્ટ્રના કુલ ૫૩ ડેમોમા પાણી આપવામાં આવેલ છે.
- મચ્છુ-૧, મચ્છુ-૨, મચ્છુ-૩, આજી-૧, આજી-૩, આજી-૪, ડેમી-૧, ડેમી-૨, ડેમી-૩, બંગાવડી, ખોડાપીપર, ઉંડ-૧, રણજીતસાગર, વઢવાણ ભોગાવો-૧, વઢવાણ ભોગાવો-૨, ન્યારી-૧, ભાદર-૧, વેરી, લાલપરી, ત્રિવેણીઠાંગા, ફોફળ-૨, ચિભડા, લીંબડી ભોગાવો-૨, આંકડીયા, ગોમા, સોમલપર, ઘેલોઇતરીયા, લીંબાળી, માલગઢ, કર્ણુકી, ઈશ્વરીયા, કરમાળ, આંબાજળ, ઉબેણ, ગળથ, સાંક્રોલી, ધ્રાફડ, સુરવો, દેવઘરી, વડીયા, કાનીયાડ, કૃષ્ણસાગર,

ભીમડાદ, ચાંચકા, વાંસલ, માલપરા, કાળુભાર, રંઘોળા, હણોલ, રાજાવળ, ખારો, શેત્રુંજી અને બોરતળાવ

(૨) ઉક્ત સ્થિતિમાં પૂર્ણ થયેલ કામગીરી પાછળ કેટલો ખર્ચ થવા પામેલ છે ?

(૨) રૂ. ૧૬,૧૪૮/- કરોડ.

- - - - - - - - -

**સાબરમતી તાલુકાના વાસણા ગામના ખોટા દસ્તાવેજો**

૩૪૨૧ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાબરમતી તાલુકાના મોજે વાસણા ખોટા દસ્તાવેજ રજૂ કરી સોવિયેત પાર્ક સોસાયટીનું રજિસ્ટ્રેશન કરેલ હોવાથી રદ કરવા અંગેની કેટલી ફરીયાદો છેલ્લા બે વર્ષમાં મળી, અને | (૧) શૂન્ય. |
| (૨) મળેલ ફરીયાદો અન્વયે ક્યારે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**બોટાદ જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ લાભાર્થી જનસંખ્યા**

૩૦૧૩ **શ્રી શંભુનાથ ટુંડિયા** (ગઢડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોટાદ જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ કેટલા લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોટાદ જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ ૪,૬૧૦ લાભાર્થી કુટુંબોને સમાવવામાં આવ્યા છે. |
| (૨) તેની જનસંખ્યા કેટલી છે ? | (૨) ૪,૬૧૦ લાભાર્થી કુટુંબોની જનસંખ્યા ૧૮,૧૨૬ છે. |

- - - - - - - - -

**અદાણી પાવર સાથે વીજ ખરીદ એગ્રીમેન્ટ**

૩૪૧૮ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અદાણી પાવર લિ. સાથે તા.૦૬-૦૨-૨૦૦૭ તથા ૦૨-૦૨-૨૦૦૭ ના રોજ બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત ૨૫ વર્ષ માટે વીજ ખરીદ એગ્રીમેન્ટ થયેલ છે તે હકીકત સાચી છે,<br>(૨) જો હા, તો ઉક્ત બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત ક્યા દરે વીજ ખરીદવાના એગ્રીમેન્ટ થયેલ છે, | (૧) અને (૨)<br>ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. (GUVNL) દ્વારા તા.૬-૦૨-૨૦૦૭ અને અને તા.૨-૦૨-૨૦૦૭ના રોજ અદાણી પાવર મુન્દ્રા લી. સાથે બીડ-૧ અને બીડ-૨ અંતર્ગત રૂ.૨.૮૯/યુનિટ અને રૂ.૨.૩૫/યુનિટના લેવલાઇઝડ દરે વીજ ખરીદ કરાર થયેલ છે.<br>ઈન્ડોનેશિયન રેગ્યુલેશનમાં બદલાવના કારણે આયાતી કોલસાના ભાવમાં અતિશય વધારાના કારણોસર સદર વીજ ઉત્પાદન યુનિટ બંધ થઇ ગયેલ હોઈ, રાજ્યની પ્રજાને અવિરત અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે હેતુથી આ મુદ્દાના નિરાકરણ માટે કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા હેઠળ એક હાઈ પાવર કમિટીની રચના કરવામાં આવેલ. ગુજરાત સરકાર દ્વારા તા.૦૧.૧૨.૨૦૧૮ના ઠરાવ (GR) થકી હાઈ પાવર કમિટીની ભલામણોને, મહત્ત્વના સૂચનો સાથે સ્વીકારવામાં આવેલ. જે મુજબ, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. દ્વારા તા.૧૫-૧૦-૨૦૧૮ પછીના સમયગાળા માટે વીજદરની ચૂકવણી હકીક્તમાં થયેલ બળતણ ખર્ચના |

આધારે કરવા અન્વયે તા.૫-૧૨-૨૦૧૮ના રોજ અદાણી સાથે સપ્લીમેન્ટરી કરારો કરવામાં આવેલ, જે માનનીય કેન્દ્રિય વીજ નિયમન આયોગ દ્વારા તા.૧૨-૦૪-૨૦૧૯ના રોજ મંજૂર કરવામાં આવેલ.

વધુમાં જણાવવાનું કે, સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૧ બાદથી સતત આયાતી કોલસા તથા ગેસના ભાવમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અતિશય ભાવ વધારો થવાના કારણે આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટ ડેવલોપરો દ્વારા વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવેલ. આ કારણોસર સમગ્ર દેશમાં વીજ ઉપલબ્ધતાની ખોટ અનુભવમાં આવેલ.

આ વિકટ પરિસ્થિતિ દરમ્યાન રાજ્યમાં વીજ કટોકટીની પરિસ્થિતિનું નિર્માણ ન થાય તથા રાજ્યના ખેતીવાડી ક્ષેત્ર સહિતના તમામ ગ્રાહકોને સતત વીજ પુરવઠો મળતો રહે તે માટે કેન્દ્ર સરકારની મધ્યસ્થીથી અને રાજ્ય સરકારની મંજૂરી મેળવ્યા બાદ, આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટમાંથી સ્પેશિયલ ટેમ્પરરી એરેન્જમેન્ટ હેઠળ અદાણી પાવર મુન્દ્રા લિ. પાસેથી ઓક્ટોબર-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૧ના સમયગાળા દરમ્યાન વીજળી ખરીદવામાં આવેલ છે.

(૩) ઉક્ત કરારો બાદ તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી કેટલા યુનિટ વીજળી ખરીદવામાં આવી, અને

(૩) ઉક્ત કરારો બાદ તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી ખરીદવામાં આવેલ વીજળીની વિગત નીચે મુજબ છે.

| **માસ** | **મિલિયન યુનિટ્સ** | |
|---|---|---|
| | **૨૦૨૧** | **૨૦૨૨** |
| જાન્યુઆરી | ૭૫૫ | ૪૮૦ |
| ફેબ્રુઆરી | ૩૮૪ | ૨૯૧ |
| માર્ચ | ૪૩૨ | ૧૦૪૨ |
| એપ્રિલ | ૭૮૩ | ૧૪૬૭ |
| મે | ૫૧૭ | ૭૩૧ |
| જૂન | ૬૪૮ | ૬૩૩ |
| જુલાઈ | ૩૦૩ | ૧૭ |
| ઓગસ્ટ | ૪૯૩ | ૧૫૦ |
| સપ્ટેમ્બર | ૨૪૩ | ૬૯૭ |
| ઓક્ટોબર | ૪૧૭ | ૩૨૩ |
| નવેમ્બર | ૧૬૪ | ૫૬ |

(૪) તે અન્વયે ઉક્ત માસવાર યુનિટના કયા દરે કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૪) તે અન્વયે ઉક્ત માસવાર યુનિટના દરે ચૂકવવામાં આવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| **માસ** | **૨૦૨૧** | | | **૨૦૨૨ (પ્રોવિઝનલ)** | | |
|---|---|---|---|---|---|---|
| | **ફિક્સ ચાર્જ (રૂ.-કરોડ)** | **એનર્જી ચાર્જ (રૂ./યુનિટ)** | **કુલ રકમ (રૂ.-કરોડ)** | **ફિક્સ ચાર્જ (રૂ.કરોડ)** | **એનર્જી ચાર્જ (રૂ./યુનિટ)** | **કુલ રકમ (રૂ.-કરોડ)** |
| જાન્યુઆરી | ૪૯ | ૨.૮૩ | ૨૬૨ | ૬૦ | ૫.૫૭ | ૩૨૭ |
| ફેબ્રુઆરી | ૪૪ | ૩.૦૦ | ૧૬૦ | ૨૮ | ૫.૩૮ | ૧૮૪ |
| માર્ચ | ૬૦ | ૩.૩૬ | ૨૦૫ | ૧૦૫ | ૫.૯૨ | ૭૨૨ |
| એપ્રિલ | ૬૦ | ૩.૫૩ | ૩૩૬ | ૧૧૮ | ૬.૨૯ | ૧૦૪૦ |
| મે | ૫૮ | ૩.૬૬ | ૨૪૭ | ૧૨૦ | ૭.૦૧ | ૬૩૨ |
| જૂન | ૫૮ | ૩.૬૭ | ૨૯૬ | ૧૧૭ | ૭.૭૫ | ૬૦૮ |
| જુલાઈ | ૪૯ | ૩.૭૧ | ૧૬૨ | ૧૧૨ | ૫.૪૬ | ૧૨૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ઓગસ્ટ | ૪૯ | ૩.૮૫ | ૨૩૯ | ૧૧૦ | ૮.૭૬ | ૨૪૨ |
| સપ્ટેમ્બર | ૫૭ | ૩.૯૩ | ૧૫૨ | ૧૧૭ | ૮.૮૫ | ૭૩૪ |
| ઓક્ટોબર | ૫૧ | ૪.૫૧ | ૨૩૯ | ૧૨૨ | ૮.૫૪ | ૩૯૮ |
| નવેમ્બર | ૬૫ | ૪.૯૭ | ૧૪૬ | ૧૧૭ | ૮.૫૩ | ૧૬૫ |
| ડિસેમ્બર | ૭૨ | ૫.૪૦ | ૩૧૬ | ૧૨૧ | ૮.૮૩ | ૨૨૭ |

ઉપરોક્ત રકમની ચૂકવણી માનનીય કેન્દ્રીય વીજ નિયમન આયોગના હુકમ તથા વીજ ખરીદ કરારની શરતો અન્વયે કરવામાં આવેલ છે.

---------

**ધાનેરા તાલુકાની રેલ નદી પર કુંડી-વાસડા ગામે ચેકડેમને મંજૂરી**

૩૨૬૨ **શ્રી માવજીભાઈ દેસાઈ (ધાનેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાની રેલ નદી પર કુંડી-વાસડા ગામે ચેકડેમ મંજૂર કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત ચેકડેમનું કામ ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તાંત્રિક દ્રષ્ટિએ સૂચિત સ્થળે ચેકડેમ બનાવવો ઉચિત ના હોઈ સદર કામગીરીના કરારખત રદ કરવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ**

૩૪૦૩ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમ આવેલા છે,

(૨) ઉક્ત ડેમ ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમ બનાવવામાં આવેલ છે તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| જિલ્લો | મધ્યમ ડેમ | મોટા ડેમ |
|---|---|---|
| મહિસાગર | ૨ | ૧ |
| પંચમહાલ | ૨ | ૨ |

(૨)

| જિલ્લો | ડેમનું નામ | ડેમનો પ્રકાર | વર્ષ |
|---|---|---|---|
| મહીસાગર | કડાણા | મોટો | ૧૯૭૯ |
| | વણાકબોરી વિયર | મધ્યમ | ૧૯૫૮ |
| | ભાદર | મધ્યમ | ૧૯૮૨ |
| પંચમહાલ | પાનમ | મોટો | ૧૯૭૭ |
| | દેવ | મોટો | ૧૯૮૬ |
| | હડફ | મધ્યમ | ૧૯૮૬ |

(૩) ડેમો બનાવવામાં આવેલ ન હોઇ, ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભરૂચ અને ભાવનગર જિલ્લામાં આવેલ મધ્યમ અને મોટા ડેમો**

૩૪૩૦ **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ અને ભાવનગર જિલ્લામાં કેટલા મધ્યમ અને મોટા ડેમો આવેલા છે,

(૨) ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | મોટા ડેમ | મધ્યમ ડેમ |
|---|---|---|
| ભરૂચ | ૦ | ૧ |
| ભાવનગર | ૧ | ૬ |

(૨)

| ડેમનું નામ | વર્ષ |
|---|---|
| બલદેવા(મધ્યમ) | ૧૯૭૯ |
| શેત્રુંજી(મોટો) | ૧૯૬૦ |
| રંઘોળા(મધ્યમ) | ૧૯૫૨ |
| માલણ(મધ્યમ) | ૧૯૫૪ |
| રજાવળ(મધ્યમ) | ૧૯૮૦ |
| બગડ(મધ્યમ) | ૧૯૮૨ |
| ખારો(મધ્યમ) | ૧૯૮૨ |
| જસપરા-માંડવા(મધ્યમ) | ૨૦૦૭ |

(૩)ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમો બનાવવામાં આવેલ હોય તો વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) ડેમો બનાવવામાં આવેલ ન હોઈ, ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદીનો કરાર**

૩૪૦૯ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કોસ્ટલ ગુજરાત પાવર લિ. (ટાટા પાવર) કંપની સાથે કેટલા સમય માટે કયા ભાવે વીજ ખરીદીના કરાર ક્યારે કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત કંપની પાસેથી કેટલી વીજળી કયા ભાવે ખરીદવામાં આવી, અને

**જવાબ**

(૧) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી દ્વારા કોસ્ટલ ગુજરાત પાવર લિ (ટાટા પાવર) સાથે ૨૫ વર્ષ માટે રૂ ૨.૨૬/યુનિટ ના લેવાલાઈઝડ દરે તા.૨૨-૦૪-૨00૭ ના રોજ વીજ ખરીદ કરાર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત કંપની પાસેથી ખરીદવામાં આવેલ વીજળી અને તેના ભાવની વિગત નીચે મુજબ છે.

| માસ | ૨૦૨૧ | | | ૨૦૨૨ (પ્રોવિઝનલ) | | |
|---|---|---|---|---|---|---|
| | **મિલિયન યુનિટ્સ** | **ફિક્સ ચાર્જ (રૂ-કરોડ)** | **એનર્જી ચાર્જ (રૂ/યુનિટ)** | **મિલિયન યુનિટ્સ** | **ફિક્સ ચાર્જ (રૂ-કરોડ)** | **એનર્જી ચાર્જ (રૂ/યુનિટ)** |
| જાન્યુઆરી | ૯૮૨ | ૯૭ | ૧.૮૦ | ૯૭૨ | ૯૪ | ૨.૯૫ |
| ફેબ્રુઆરી | ૧૧૩૪ | ૮૮ | ૨.૦૭ | ૪૪૪ | ૪૧ | ૩.૧૪ |
| માર્ચ | ૮૩૮ | ૯૭ | ૧.૭૬ | ૬૫૯ | ૬૩ | ૩.૧૩ |
| એપ્રિલ | ૨૫૯ | ૨૩ | ૧.૯૬ | ૧૧૩૪ | -૬૭# | ૪.૨૦ |
| મે | ૨૨૨ | ૨૨ | ૧.૭૮ | ૯૦૮ | ૯૩ | ૫.૬૮ |
| જૂન | ૨૮૦ | ૨૭ | ૧.૭૯ | ૯૬૦ | ૯૪ | ૬.૦૬ |
| જુલાઈ | ૬૨૯ | ૬૪ | ૧.૮૦ | ૯૮૪ | ૯૭ | ૫.૯૦ |
| ઓગસ્ટ | ૨૭૦ | ૨૫ | ૧.૮૯ | ૯૭૩ | ૯૭ | ૫.૧૮ |
| સપ્ટેમ્બર | ૧૧૪ | ૧૧ | ૧.૯૦ | ૮૯૨ | ૯૪ | ૪.૮૧ |
| ઓક્ટોબર | ૫૬૨ | ૫૫ | ૪.૫૦ | ૬૩૯ | ૯૭ | ૫.૮૧ |
| નવેમ્બર | ૮૯૮ | ૯૭ | ૪.૫૦ | ૯૧૦ | ૯૪ | ૫.૭૦ |
| ડિસેમ્બર | ૧૧૨૭ | ૯૭ | ૪.૫૦ | ૯૭૧ | ૯૭ | ૫.૪૮ |
| **કુલ** | **૭૩૧૫** | **૭૦૩** | **૨.૮૧** | **૧૦૪૪૬** | **૮૯૪** | **૪.૯૨** |

(#વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન પ્લાન્ટની વાર્ષિક ઉપલબ્ધતા અન્વયે કરારની શરતો મુજબ પેનલ્ટી પેટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. દ્વારા કોસ્ટલ ગુજરાત પાવર લિ. પાસેથી રૂ.૧૩૯.૮૭ કરોડની વસૂલાત એપ્રિલ-૨૦૨૨ના માસિક બીલમાંથી કરવામાં આવેલ છે.)

અત્રે ઉલ્લેખનીય છે કે વીજ ખરીદ કરારની જોગવાઇઓ મુજબ ફિક્સ ચાર્જની ચૂકવણી પ્લાન્ટની ઉપલબ્ધતાને આધારે કરવામાં આવે છે અને એનર્જી ચાર્જની ચૂકવણી પ્રોજેક્ટમાંથી મેળવેલ ઉત્પાદનને આધારે કરવામાં આવે છે.)

(૩) ઉક્ત કરારથી વધુ ભાવે ઉક્ત માસમાં વીજળી ખરીદવામાં આવી હોય તો તેના કારણો શા છે ?

(૩) સપ્ટેમ્બર-ઓક્ટોબર-૨૧ બાદથી સતત આયાતી કોલસા તથા ગેસના ભાવમાં આંતરરાષ્ટ્રીય સ્તરે

અતિશય ભાવ વધારો થવાના કારણે આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટ ડેવલોપરો દ્વારા વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવેલ. આ કારણોસર સમગ્ર દેશમાં વીજ ઉપલબ્ધતાની ખોટ અનુભવમાં આવેલ.

આ વિકટ પરિસ્થિતિ દરમ્યાન રાજ્યમાં વીજ કટોકટીની પરિસ્થિતિનું નિર્માણ ન થાય તથા રાજ્યના ખેતીવાડી ક્ષેત્ર સહિતના તમામ ગ્રાહકોને સતત વીજ પુરવઠો મળતો રહે તે માટે કેન્દ્ર સરકારની મધ્યસ્થીથી અને રાજ્ય સરકારની મંજૂરી મેળવ્યા બાદ, આયાતી કોલસા આધારિત વીજ પ્રોજેક્ટમાંથી સ્પેશિયલ ટેમ્પરરી એરેન્જમેન્ટ હેઠળ રૂ.૪.૫૦/યુનિટના એનર્જી ચાર્જ તથા કરાર મુજબ કેપેસીટી ચાર્જના દરે વીજળી ખરીદવાનું નક્કી કરવામાં આવેલ. જે અંતર્ગત કોસ્ટલ ગુજરાત પાવર લિ. પાસેથી ઓક્ટોબર-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૧ના સમયગાળા દરમ્યાન ૨૫૮૭ મિલિયન યુનિટ્સ ખરીદવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે મે ૨૦૨૨ પછીના સમયગાળા દરમ્યાન આંતરરાષ્ટ્રીય સ્તરે કોલસાની તંગી હોઈ, આયાતી કોલસાના ભાવમાં અતિશય ભાવવધારો થવાના કારણે કરાર/સપ્લીમેન્ટલ કરાર અંતર્ગતના વીજદર પોસાતા ન હોવાથી રાષ્ટ્રીય સ્તરે મોટાભાગના ઈમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેક્ટો દ્વારા વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવેલ. તદુપરાંત કોરોના મહામારી પછીના સમયગાળા દરમ્યાન ઔધોગિક વપરાશમાં થયેલ અસામાન્ય વધારાને કારણે વીજ માંગમાં તીવ્ર વધારો થયેલ હોઈ, ઉક્ત સંજોગોમાં સમગ્ર દેશની વધતી જતી વીજમાંગને પહોચી વળવા કેન્દ્ર સરકાર દ્વારા તા.૫-૦૫-૨૦૨૨ના પરિપત્ર થકી ઈલેક્ટ્રીસીટી એક્ટના સેક્શન-૧૧ અંતર્ગત તા.0૬.૦૫.૨૦૨૨ થી તા.૩૧.૧૨.૨૦૨૨ના સમયગાળા દરમ્યાન ઈમ્પોર્ટેડ કોલસા આધારિત વીજ પ્રોજેક્ટોને પૂર્ણ ક્ષમતાએ પ્લાન્ટ ચલાવવાનો આદેશ આપવામાં આવેલ. જે મુજબ GUVNL દ્વારા કરાર મુજબ ફિક્સ ચાર્જ અને કમિટી દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવેલ એનર્જી ચાર્જના દરે કોસ્ટલ ગુજરાત પાવર લિ. પાસેથી તા.૬.૦૫.૨૦૨૨ થી તા.૩૧.૧૨.૨૦૨૨ના સમયગાળા દરમ્યાન ૭૦૭૬ મિલિયન યુનિટ્સ વીજળી ખરીદવામાં આવેલ.

---------

**વીજ કરંટથી નાગરીકો અને પશુ મૃત્યુ પામે તેમજ ખેડૂતોને પાક નુકશાની માટે સહાય**

૩૨૭૧ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વીજ કરંટથી નાગરીકો અને પશુ મૃત્યુ પામે, નાગરીકોને શરીરના અંગ ગુમાવતા કાયમી ખોડખાપણ રહેવા અને ખેડૂતોને પાક નુકશાની માટે કેટલી સહાય ચૂકવવામાં આવે છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ વીજ કંપનીના નેટવર્કમાં વીજ કરંટથી નાગરિકો અને પશુઓના પ્રાણઘાતક અકસ્માતના કિસ્સાઓમાં ચૂકવવામાં આવતી સહાયની વિગત નીચે મુજબ છેઃ-

- નાગરિકોના કિસ્સાઓમાં અકસ્માતનો ભોગ બનનાર વ્યક્તિનો દોષ પૂરવાર થતો હોય કે ન થતો હોય પરંતુ જો વીજ અકસ્માત વીજ કંપની હસ્તકના

સાધનો કે વીજ માળખામાં થયેલ હોય તેવા દરેક કિસ્સાઓમાં સંબંધિત વીજ કંપની દ્વારા પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર માનવતાના ધોરણે રૂ.૫૦,૦૦૦/- ની પ્રાથમિક આર્થિક સહાય આપવામાં આવે છે. વળતર ચૂકવણીની પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત વ્યક્તિઓના કિસ્સાઓમાં બાકીનું વળતર, મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ આવ્યા બાદ "બાઈનંદા કેસ"ની માર્ગદર્શિકા મુજબ અથવા કુલ રૂ.૪.૦૦ લાખ, બંનેમાંથી જે મહત્તમ હોય તે મુજબ ચૂકવવામાં આવે છે.

- નાગરિકોને શરીરના અંગ ગુમાવતા કાયમી ખોડખાંપણ રહેવાના કિસ્સાઓમાં સહાય ચૂકવવામાં આવતી નથી.
- પ્રાણીઓના પ્રાણઘાતક અકસ્માતના કિસ્સાઓમાં પ્રાણીઓના પ્રકાર પ્રમાણે વળતરની રકમ ચૂકવવામાં આવતી હોય છે. જેની વિગત આ સાથે 'પત્રક-અ'માં સામેલ છે.

ખેડૂતોને પાક નુકસાની માટે, વાસ્તવિક થયેલ નુકસાનની રકમની ચૂકવણી (વળતર) વીમા કંપની દ્વારા સર્વે કર્યા મુજબ લાગુ પડતી વીજ વિતરણ કંપનીએ લીધેલ "પાક વીમા"ની મહત્તમ મર્યાદામાં વીમા પોલિસીની શરતો અને એપીએમસી માર્કેટમાં પ્રવર્તમાન દરોને આધિન કરવામાં આવતી હોય છે.

(૨) ઉક્ત સહાયના દરો ક્યારથી અમલમાં છે, અને

(૨) નાગરિકો અને પશુઓના પ્રાણઘાતક અકસ્માતના કિસ્સાઓમાં ચૂકવવામાં આવતા સહાયના દરો તા.૧૭-૦૯-૨૦૧૬થી અમલમાં છે.

પાક નુકશાનીના દરો એપીએમસી માર્કેટમાં પ્રવર્તમાન દરો પર આધારિત છે.

(૩) ઉક્ત સહાયના દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ છે ?

(૩) નાગરિકો અને પશુઓના પ્રાણઘાતક અકસ્માતના કિસ્સાઓમાં ચૂકવવામાં આવતા સહાયના દરોમાં છેલ્લે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના તા.૧૭-૦૯-૨૦૧૬ પત્રથી વધારો કરવામાં આવેલ છે. જે 'પત્રક-બ'માં આ સાથે સામેલ છે.

**પત્રક-અ**

**વીજ અકસ્માતના કારણે પશુઓના મરણ પેટે ચૂકવાતી રકમ**

| ક્રમ | પશુઓના પ્રકાર | | વળતરની કુલ રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | ગાય | દુધાળી | ૩૦૦૦૦ |
| ૨ | | બીન દુધાળી | ૩૦૦૦ |
| ૩ | વાછરડું | | ૧૬૦૦૦ |
| ૪ | સાંઢ | | ૭૫૦૦ |
| ૫ | બળદ | ૨ વર્ષથી મોટુ | ૨૫૦૦૦ |
| ૬ | | ૨ વર્ષ સુધીનું | ૭૫૦૦ |
| ૭ | He Buffalo | ૨ વર્ષથી મોટુ | ૧૬૦૦૦ |
| ૮ | | ૨ વર્ષ સુધીનું | ૫૦૦૦ |
| ૯ | ભેંસ | ૨ વર્ષથી મોટી દૂધ આપતી | ૩૦૦૦૦ |
| ૧૦ | | ૨ વર્ષથી મોટી દૂધ ન આપતી | ૩૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | | ૨ વર્ષ સુધીની દૂધ ન આપતી | ૫૦૦૦ |
| ૧૨ | ઘેટા / બકરા | | ૩૦૦૦ |
| ૧૩ | ઊંટ | | ૨૫૦૦૦ |
| ૧૪ | ઘોડો | | ૩૦૦૦૦ |
| ૧૫ | ગધેડો | | ૧૬૦૦૦ |
| ૧૬ | ટટ્ટુ | | ૧૬૦૦૦ |

**પત્રક-બ**

**નાગરિકો અને પશુઓના પ્રાણઘાતક અકસ્માતના કિસ્સાઓમાં ચૂકવવામાં આવતા સહાયના દરોમાં કરાયેલ વધારો**

| ક્રમ | પ્રકાર | તા.૨૨-૦૨-૨૦૧૬ના પરિપત્ર મુજબ વળતરની રકમ રૂ. | તા.૧૭-૦૯-૧૬ના પરિપત્ર મુજબ વળતરની રકમ રૂ. | સહાયમાં કરાયેલ વધારો (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | નાગરિકોના પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સાઓ | રૂ.૨ લાખ અથવા ''બાઈનંદા કેસ''ની માર્ગદર્શિકા મુજબ બંનેમાંથી જે મહત્તમ હોય તે | રૂ.૪ લાખ અથવા ''બાઈનંદા કેસ''ની માર્ગદર્શિકા મુજબ બંનેમાંથી જે મહત્તમ હોય તે | ૨.૦૦ |

| ક્રમ | પશુઓના પ્રકાર (પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સાઓ) | | તા.૧૫-૦૪-૨૦૧૩ના પરિપત્ર મુજબ વળતરની કુલ રકમ રૂ. | તા.૧૭-૦૯-૧૬ના પરિપત્ર મુજબ વળતરની કુલ રકમ રૂ. | સહાયમાં કરાયેલ વધારો (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ગાય | દુધાળી | ૨૦૦૦૦ | ૩૦૦૦૦ | ૧૦૦૦૦ |
| ૨ | | બીન દુધાળી | | ૩૦૦૦ | - |
| ૩ | વાછરડું | | ૩૦૦૦ | ૧૬૦૦૦ | ૧૩૦૦૦ |
| ૪ | સાંઢ | | ૫૦૦૦ | ૭૫૦૦ | ૨૫૦૦ |
| ૫ | બળદ | ૨ વર્ષથી મોટુ | ૧૦૦૦૦ | ૨૫૦૦૦ | ૧૫૦૦૦ |
| ૬ | | ૨ વર્ષ સુધીનું | ૫૦૦૦ | ૭૫૦૦ | ૨૫૦૦ |
| ૭ | He Buffalo | ૨ વર્ષથી મોટુ | ૧૦૦૦૦ | ૧૬૦૦૦ | ૬૦૦૦ |
| ૮ | | ૨ વર્ષ સુધીનું | ૫૦૦૦ | ૫૦૦૦ | - |
| ૯ | ભેંસ | ૨ વર્ષથી મોટી દૂધ આપતી | ૨૦૦૦૦ | ૩૦૦૦૦ | ૧૦૦૦૦ |
| ૧૦ | | ૨ વર્ષથી મોટી દૂધ ન આપતી | | ૩૦૦૦ | - |
| ૧૧ | | ૨ વર્ષ સુધીની દૂધ ન આપતી | ૫૦૦૦ | ૫૦૦૦ | - |
| ૧૨ | ઘેટા / બકરા | | ૧૫૦૦ | ૩૦૦૦ | ૧૫૦૦ |
| ૧૩ | ઊંટ | | ૧૫૦૦૦ | ૨૫૦૦૦ | ૧૦૦૦૦ |
| ૧૪ | ઘોડો | | ૩૦૦૦૦ | ૩૦૦૦૦ | - |
| ૧૫ | ગધેડો | | ૩૫૦૦ | ૧૬૦૦૦ | ૧૨૫૦૦ |
| ૧૬ | ટટ્ટુ | | - | ૧૬૦૦૦ | ૧૬૦૦૦ |

---------

**ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ**

૩૪૧૨ **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યમ અને મોટા ડેમ આવેલા છે,

**જવાબ**

(૧)

| જિલ્લો | મધ્યમ ડેમ | મોટા ડેમ |
|---|---|---|
| ગીર સોમનાથ | ૦૫ | ૦ |
| અમરેલી | ૦૭ | ૦ |

(૨) ઉક્ત ડેમ ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૨)

- ગીર સોમનાથ જિલ્લો

| ક્રમ | સિંચાઈ યોજનાનું નામ | બાંધકામનુ વર્ષ |
|---|---|---|
| ૧ | રાવલ | ૧૯૭૮ |
| ૨ | મચ્છુન્દ્રી | ૧૯૮૪ |
| ૩ | શિંગોડા | ૧૯૮૦ |
| ૪ | હિરણ-૧ | ૧૯૫૯ |
| ૫ | હિરણ-૨ | ૧૯૮૨ |

- અમરેલી જિલ્લો

| ક્રમ | સિંચાઈ યોજનાનું નામ | બાંધકામનુ વર્ષ |
|---|---|---|
| ૧ | ખોડીયાર | ૧૯૬૭ |
| ૨ | મુંજીયાસર | ૧૯૫૭ |
| ૩ | વડી | ૨૦૦૦ |
| ૪ | ધાતરવડી-૧ | ૧૯૭૪ |
| ૫ | ધાતરવડી-૨ | ૨૦૦૨ |
| ૬ | શેલ દેદુમલ | ૨૦૦૦ |
| ૭ | ઠેબી | ૧૯૯૩ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં ડેમ બનાવવામાં આવેલ છે તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) શૂન્ય.

---------

## કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદ એગ્રીમેન્ટ

૩૪૦૦ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કોસ્ટલ ગુજરાત પાવર લિ. (ટાટા પાવર) સાથે તા.૨૨-૦૪-૨૦૦૭ના રોજ ૨૫ વર્ષ માટે વીજ ખરીદ એગ્રીમેન્ટ થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત એગ્રીમેન્ટ અન્વયે કયા દરે વીજ ખરીદવાની થાય છે,

(૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી કેટલા યુનિટ વીજળી ખરીદવામાં આવી, અને

**જવાબ**

(૧) અને (૨)

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી.દ્વારા કોસ્ટલ ગુજરાત પાવર લિ. (ટાટા પાવર) સાથે રૂ.૨.૨૬/યુનિટના લેવલાઇઝડ દરે ૨૫ વર્ષ માટે વીજ ખરીદ કરાર કરવામાં આવેલ છે.

(૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ઉક્ત વીજ કંપની પાસેથી ખરીદવામાં આવેલ વીજળીની વિગતો નીચે મુજબ છેઃ

| માસ | ૨૦૨૧ (મિલિયન યુનિટ્સ) | ૨૦૨૨ (પ્રોવિઝનલ) (મિલિયન યુનિટ્સ) |
|---|---|---|
| જાન્યુઆરી | ૯૮૨ | ૯૭૨ |
| ફેબ્રુઆરી | ૧૧૩૪ | ૪૪૪ |
| માર્ચ | ૮૩૮ | ૬૫૯ |
| એપ્રિલ | ૨૫૯ | ૧૧૩૪ |
| મે | ૨૨૨ | ૯૦૮ |
| જૂન | ૨૮૦ | ૯૬૦ |
| જુલાઈ | ૬૨૯ | ૯૮૪ |
| ઓગસ્ટ | ૨૭૦ | ૯૭૩ |
| સપ્ટેમ્બર | ૧૧૪ | ૮૯૨ |
| ઓક્ટોબર | ૫૬૨ | ૬૩૯ |

| | | |
|---|---|---|
| નવેમ્બર | ૮૯૮ | ૯૧૦ |
| ડિસેમ્બર | ૧૧૨૭ | ૯૭૧ |

(૪) ઉક્ત માસવાર ઉક્ત એગ્રીમેન્ટ કરતાં વધુ દરે વીજળી ખરીદવામાં આવી હોય તો કયા દરે કેટલી વીજળી ખરીદવામાં આવી ?

(૪) ઉક્ત કંપની પાસેથી વીજળીની ખરીદી, વીજ ખરીદ કરાર મુજબ કરવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા સૂચિત સ્પેશિયલ ટેમ્પરરી એરેન્જમેન્ટ અંતર્ગત, ઓક્ટોબર-૨૦૨૧ થી ડિસેમ્બર-૨૦૨૧ના સમયગાળા દરમ્યાન ૨૫૮૭ મિલિયન યુનિટ્સ વીજળી, કરાર મુજબના કેપેસીટી ચાર્જ અને રૂ.૪.૫૦/યુનિટના એનર્જી ચાર્જના દરે ખરીદવામાં આવેલ છે, જ્યારે તા.0૬-૦૫-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન ૭૦૭૬ મિલિયન યુનિટ્સ વીજળી, કેન્દ્ર સરકારની નિર્દેશ મુજબ સેક્શન-૧૧ (ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩) અંતર્ગત નિર્ધારિત કરવામાં આવેલ એનર્જી ચાર્જ અને કરાર મુજબના કેપેસીટી ચાર્જના દરે ખરીદવામાં આવેલ છે.

---------

**સરકારી વીજ કંપનીઓમાં આઉટસોર્સિંગ સ્ટાફને પૂરતો પગાર બાબત**

૩૪૨૭ **શ્રી કિરીટ કુમાર પટેલ** (પાટણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સરકારી વીજ કંપનીઓમાં આઉટસોર્સિંગ સ્ટાફને ટેન્ડરની શરતો મુજબ પૂરતો પગાર આપવામાં આવતો નથી તેવી ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો મળેલ ફરિયાદોના નિવારણ માટે ઉક્ત સ્થિતિએ ક્યારે કઈ એજન્સી સામે શું કાર્યવાહી કરી, અને

**જવાબ**

(૧) અને (૨) હા, જી. તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં સરકાર વીજ કંપનીઓ પૈકી માત્ર ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન કંપનીમાં એક ફરીયાદ મળેલ છે. જે સંદર્ભે, સંબંધીત એજન્સી મે. પીડીકે ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રીબ્યુશન પ્રાઈવેટ લિમિટેડ, મહેસાણાને માહે ડિસેમ્બર-૨૦૧૯નો પગાર તાત્કાલિક ધોરણે ચૂકતે કરી, કર્મચારીઓનું કન્ફરમેશન રજૂ કરવા જણાવેલ હતું. વધુમાં, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન દ્વારા મે. પીડીકે ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન પ્રાઈવેટ લિમટેડ, મહેસાણાના બિલની ચૂકવણી રોકવામાં આવેલ હતી. મે. પીડીકે ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન પ્રાઈવેટ લિમિટેડ, મહેસાણા દ્વારા ઉપરોક્ત રકમો ચૂકતે કરતા પૂરાવાઓ રજૂ કરવામાં આવેલ અને સદર દસ્તાવેજોની ખરાઇ કર્યા બાદ ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન દ્વારા મે. પીડીકે ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન પ્રાઈવેટ લિમિટેડ, મહેસાણાના બાકી રહેતા બીલની રકમોની ચૂકવણી કરવામાં આવેલ હતી.

(૩) આઉટસોર્સિંગથી ઉક્ત જગ્યાઓ ભરવાના કારણો શા છે ?

(૩) કાયમી મહેકમને બાધ ન આવે તે રીતે કેટલીક વિશિષ્ટ પ્રકારની સેવાઓ માટે જરૂરીયાતના આધારે આઉટસોર્સિંગથી સેવાઓ લેવામાં આવે છે, ભરતી કરવામાં આવતી નથી.

---------

તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

**વીજળી ખરીદી કર્યા વગર ફિક્સ કોસ્ટ પેટે રકમ ચૂકવવા બાબત**

૩૪૦૬ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફિક્સ કોસ્ટ પેટે કઈ કંપનીને સરકારે કેટલી રકમ ચૂકવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વિવિધ વીજકંપનીઓને ફિક્સ કોસ્ટ પેટે ચૂકવવામાં આવેલ રકમની વિગત નીચે મુજબ છે.

(રૂ. કરોડ)

| ક્રમ | કંપનીનું નામ | વર્ષ ૨૦૨૧ | વર્ષ ૨૦૨૨ (પ્રોવિઝનલ) |
|---|---|---|---|
| ૧ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી | ૩૪૦૨ | ૩૩૬૮ |
| ૨ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી. | ૧૮૧ | ૧૬૬ |
| ૩ | જી પી પી સી પીપાવાવ | ૩૦૧ | ૩૧૬ |
| ૪ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી | ૩૦૯ | ૩૨૯ |
| ૫ | ગુજરાત મીનરલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન | ૩૫ | ૫૯ |
| ૬ | અદાણી પાવર મુન્દ્રા લી. | ૬૭૧ | ૧૨૪૮ |
| ૭ | એ.સી.બી. (ઇન્ડિયા) લી. | ૯૬ | ૭૭ |
| ૮ | કોસ્ટલ ગુજરાત પાવર લી. | ૭૦૨ | ૮૯૫ |
| ૯ | એસ્સાર પાવર ગુજરાત લી. | ૭૩ | ૧૫૨ |
| ૧૦ | એન ટી પી સી | ૪૫૧૫ | ૬૨૯૯ |
| ૧૧ | અદાણી એંટરપ્રાઈસિસ લિ. | ૩૯ | ૫૭૬ |
| ૧૨ | ટાટા પાવર ટ્રેડિંગ કંપની લિમિટેડ | ૫૧ | ૨૨૨ |
| ૧૩ | સેમ્બકોર્પ એનર્જી ઈંડિયા લિમિટેડ | ૩૧ | ૧૧૯ |
| ૧૪ | જીએમઆર વરોરા એનર્જી લિ. | ૩૭ | ૧૭૮ |
| ૧૫ | મણિકરણ પાવર લિ. | ૧૩ | ૫૪ |

(૨) ઉક્ત ચૂકવેલ રકમ પૈકી કેટલી રકમ વીજળી ખરીદી કર્યા વગર કોને ચૂકવી, અને

(૨) ઉક્ત ચૂકવેલ રકમ પૈકી વર્ષ ૨૦૨૨માં ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. (GSECL)ને તેના ગેસ આધારિત વીજમથકો માટે રૂ.૪૮૬ કરોડની રકમ ચૂકવવામાં આવી.

(૩) વીજળી ખરીદી કર્યા વગર ફિક્સ કોસ્ટ પેટે રકમ ચૂકવવાના કારણો શા છે ?

(૩) અત્રે ઉલ્લેખનીય છે કે, વીજ કંપનીઓને કરવામાં આવતી ચૂકવણી માનનીય ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (જી.ઈ.આર.સી.)ના ટેરીફ ઓડર મુજબ અને વીજ ખરીદ કરારની શરતો મુજબ કરવામાં આવે છે.

- - - - - - - - -

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

**કોંગ્રેસના સભ્યશ્રીઓને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવા અંગે**

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહની અંદર પ્રશ્નોત્તરીકાળ દરમિયાન જે પ્રશ્નોત્તરીનો કાળ સમગ્ર ગુજરાતની પ્રજા માટે અને સૌ સત્તા પક્ષ, વિપક્ષ બન્ને ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા હોય અને પોતાનો વિસ્તાર હોય, જિલ્લો હોય કે ગુજરાત હોય તો એના પ્રશ્નોની ચિંતા કરતા હોય અને મેં સાહેબ પ્રશ્નોત્તરી પણ જોઇ તેમાં એમણે પણ કેટલાય પ્રશ્નો પૂછેલા છે અને જેની અંદર ચિંતા વ્યકત થતી હોય અને આપણને દેખાતું હોય કે આ સમગ્ર બાબત અંગે આખું ગૃહ જયારે તે વખતે ચિંતા કરતું હોય ત્યારે પહેલેથી જ મનમાં નક્કી કરીને જ આવ્યા હોય કે અહીંયા આવીને ધમાલ કરવી. જે વિષય અહીંયા નથી અને પ્રશ્નોત્તરીકાળ એ મહત્ત્વનો હોય છે. આપે પણ રૂલિંગ આપ્યા છે અને વખતો વખતના રૂલિંગ પણ છે. પ્રશ્નોત્તરીકાળની અંદર કોઇ પણ પ્રકારનો મુદ્દો ઉપસ્થિત થઇ શકતો નથી કારણ કે પ્રશ્નોત્તરીકાળ મહત્ત્વનો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપે પણ વારંવાર કહ્યું કે, પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયા પછી તમે કંઇ પણ વાત કરવી હોય તો કરી શકો, પરંતુ ના, તેમાં કોઇપણ પ્રકારનું સમાધાન કર્યા સિવાય આમ આપણને ઊડીને આંખે વળગે એવું લાગે કે, કાળાં કપડાં પહેરીને આવવું, બેનરો લઇને આવવાના, બેનરો લઇને સૂત્રોચ્ચાર કરવા, સૂત્રોચ્ચાર કરવા એટલું જ નહીં પણ વેલમાં

## સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

ધસી આવવું, વેલમાં ધસી આવ્યા પછી આપે પણ વારંવાર કહ્યું કે જગ્યા ઉપર બેસી જાવ છતાં પણ તેમ ન કર્યું અને કેવળ અને કેવળ નીચે બેસી જઇ અને આપે સસ્પેન્ડ કર્યા પછી આજના દિવસ પૂરતું તેમને સભાગૃહમાંથી મોકૂફ કર્યા પછી પણ ઉંઘી ગયા. કમાન્ડોને બળજબરીપૂર્વક અહીંથી ઉપાડીને લઇ જવા પડ્યા એવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું અને તેના પછી બહાર જઇને કેવળ બાઇટ આપવી, પોલિટિકલ ઇશ્યુ કરવો અને માગણીઓની ચર્ચા પણ બાકી હતી. આ માગણીઓની ચર્ચામાં ક્યાંક તેમને કહેવા પૂરતો વિષય અને તક મળત. કદાચ કહી શક્યા હોત, અસ્થાને હતી છતાં પણ તે બોલી શકયા હોત. છતાં કેવળ અને કેવળ ગુજરાતની પ્રજાને ગેરમાર્ગે ધ્યાન દોરવા માટે આ જે પ્રકારનું તેમણે કર્યું છે અને આપે આજના દિવસ માટે તેમને સસ્પેન્ડ પણ કર્યા છે, પરંતુ અહીંયા બેઠેલાં સૌ સભ્યોની એક લાગણી છે અને હું પ્રસ્તાવ મૂકું છું કે તેમને સત્રાંત સુધી, આ વિધાનસભા ગૃહ પૂરું થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવા જોઇએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સંસદીય મંત્રીશ્રીએ વિગતવાર આપને વાત કરી છે અને આપે નિયમ-૫૧ મુજબ તેઓને એક દિવસ માટે સસ્પેન્ડ પણ કર્યા છે. મારે એટલું જ કહેવું છે કે, ભૂતકાળના અધ્યક્ષશ્રીઓએ પાના નંબર-૧૪૪ અને ૧૪૫ ઉપર સ્પષ્ટપણે તે બાબતના ચુકાદાઓ આપ્યા છે પણ તેની સાથે સાથે ૧૫૬ નંબરનો જે ચુકાદો છે જે આખા પાર્લામેન્ટની અંદર કહી શકાય હું આપને વધારે નહીં પણ એટલું કહીશ કે, ગુજરાતની પ્રજાની સાર્વજનિક મિલકત સાચવવાની જવાબદારી લોકપ્રતિનિધિની છે. સભાગૃહની અંદર કાળાં કપડાં પહેરીને પ્રદર્શન કરવું તે ઠીક નથી અને અધ્યક્ષસ્થાને બેઠેલા વ્યકિત સામે પીઠ ફેરવી આ બધું બતાવવું એ પણ ઠીક નથી. એના માટે વર્ષ ૨૦૦૧ની અંદર દિલ્હીની અંદર બધા પદાધિકારીઓ, મુખ્યમંત્રીશ્રીઓ, સંસદીય બાબતોના મંત્રીશ્રીઓ, નેતાઓ અને વિપક્ષના દંડકશ્રીઓની મળેલી અખિલ ભારતીય પરિષદ સંસદમાં પણ વિધાનસભા બાબતમાં જે આચાર સંહિતા ઘડવામાં આવી તે વાંચી સંભળાવવા માટે... માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતે ગંભીરતા અને તેનું આખું વર્ણન છે.

અધ્યક્ષશ્રી : હા, તેનું આખું વર્ણન છે. જે તે વખતે માનનીય અધ્યક્ષશ્રી અશોકભાઇ ભટ્ટ હતા અને શ્રી પ્રદીપસિંહ જાડેજાએ પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો હતો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એ બાબતનું છે તો મારે જે પ્રમાણે માનનીય ઋષિકેશભાઇએ આપને વાત કરી છે. તેમની બિલકુલ આયોજનબદ્ધ કામગીરી હતી અને વધારે તો એ લાગ્યું કે આપે તેમને એક દિવસ માટે સસ્પેન્ડ કરી દીધા હતા, છતાંય બધાય એકબીજાને પકડી અને સૂઇ રહ્યા અને આપને એ પણ ટકોર કરવી પડી કે, કોઇ ટેબલ ના તૂટી જાય, પગને વાગે નહીં ત્યાં સુધી સાચવજો. આ વસ્તુ તેઓ પ્રશ્નોત્તરીકાળ પછી પણ કરી શકયા હોત, પણ એવું પણ ન કર્યું અને માત્ર અને માત્ર આ બતાવવા માટેનું કર્યું છે તો જે સંસદીય મંત્રીશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હું ટેકો આપું છું અને આ પ્રમાણેની દરખાસ્ત મંજૂર થાય એવી આપની પાસે અપેક્ષા રાખીએ છીએ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે જે પ્રસ્તાવ મૂક્યો છે અને શ્રી બલવંતસિંહભાઇએ જેને ટેકો આપ્યો છે એને હું સમર્થન આપું છું અને એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નોત્તરી કાળ એવો છે કે વિધાનસભાના કોઇ પણ સભ્યને પોતાના પૂછેલા પ્રશ્ન અંગે રૂબરૂ જવાબ મળે છે. એમને જવાબથી સંતોષ ન થાય તો આપ રક્ષણ આપો છો એમ રક્ષણ પણ મળે. પોતાના વિસ્તારનો, પોતાના જિલ્લાનો, પોતાના રાજ્યનો પ્રશ્ન હોય કે કોઇ સાંપ્રત સમસ્યાને લગતો પ્રશ્ન હોય તો પ્રશ્નોત્તરીકાળ દરમિયાન જ સભ્યશ્રીને આ અબાધિત અધિકાર મળે છે. આવો એક કલાકનો મહત્ત્વનો સમય છે એ સમય દરમિયાનના નિયમો પણ ચોક્કસ છે. સભાગૃહના સન્માનનીય સભ્યશ્રીએ પ્રશ્નોત્તરીકાળમાં ઊભા થઇ આપે વારંવાર સૂચના આપી, વિનંતી પણ કરી છતાં પોતાની વાત ચાલુ રાખી હતી. વધારામાં એમના સાથી સભ્યો પણ ઊભા થયા. પ્લે કાર્ડ બતાવ્યા. સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. વેલમાં આવી ગયા. આપે વારંવાર વિનંતી કરી તેમ છતાં આપની સૂચના માન્યા નહિ. આપે જ્યારે એમને એક દિવસ માટે સસ્પેન્ડ કર્યા ત્યારપછી પણ આપનો અનાદર કર્યો. સભાગૃહનો પણ અનાદર થયો છે. માત્ર પૉલિટિકલ એજન્ડા સિદ્ધ કરવા માટે આ ગૃહ નથી. પૉલિટિકલ વાત પ્રસિદ્ધ થાય અને પોતાનો એજન્ડા રજૂ કરવાની તક મળે એ માટે ઇરાદાપૂર્વક વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ગૃહમાં પ્રદર્શન કર્યું છે. શ્રી બલવંતસિંહભાઇએ દિલ્હી વિધાનસભાના દાખલા પણ ટાંક્યા છે અને ભૂતકાળમાં આપણા માનનીય અધ્યક્ષશ્રીઓએ પણ આ બાબતના વારંવાર રૂલિંગ આપ્યા છે, ત્યારે અમારા સંસદીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે જે પ્રસ્તાવ મૂક્યો છે કે ''સભાગૃહની સમાપ્તિ સુધી એમને વિલંબિત કરવામાં આવે'' એ વાતને મારું સમર્થન આપું છું અને અપેક્ષા પણ રાખું છું કે અમારી વિનંતી આપ ગ્રાહ્ય રાખશો.

અધ્યક્ષશ્રી : આજ રોજ ગૃહની બેઠકની શરૂઆત વખતે કૉંગ્રેસ પક્ષના ગૃહમાં હાજર તમામ સભ્યોએ કાળાં કપડાં પહેરીને, પોતાના સ્થાન પર ઊભા થઇને, હાથમાં સૂત્રો લખેલા પ્લે કાર્ડ રાખી, દેખાવો અને સૂત્રોચ્ચાર શરૂ કરતા મેં તેઓને ગૃહની પરંપરા અનુસાર પ્રશ્નોત્તરી સમયે કોઇ પણ પ્રકારના મુદ્દા ઉપસ્થિત કરી શકાતા નથી એ તરફ ધ્યાન દોરીને તેઓને પોતાનું સ્થાન લેવા માટે વિનંતી કરી. તત્સમયે મેં તેમના પક્ષના નેતાને આ અંગે તેમણે લોકસભામાં કરેલા નિર્ણય અંગેના કોઇ પણ પ્રકારનો મુદ્દો કે રજૂઆત આ ગૃહમાં ઉઠાવી શકાય નહિ કે કરી શકાય નહિ અને તે અંગેના નિયમો અને પૂર્વ અધ્યક્ષશ્રીના નિર્ણયનો પ્રતિબંધ હોવા છતાં ઇરાદાપૂર્વક ગૃહની પ્રશ્નોત્તરીકાળની કાર્યવાહીને ખોરંભવા વેલમાં આવીને જે દેખાવો કર્યા તેને હું વખોડી કાઢું છું અને તે કારણોસર જ મને મળેલી સત્તાની રૂએ નિયમ-૫૧ હેઠળ આજના દિવસની ગૃહની

કાર્યવાહીમાંથી દૂર કર્યા. તેમને નેઇમ કરવા માટે પણ મેં વારંવાર એમને કહ્યું કે, ''દેખાવ કરતા તમામ સભ્યશ્રીઓને હું નેઇમ કરું છું.'' મેં ઉપસ્થિત રહેલા કૉંગ્રેસ પક્ષના તમામ ધારાસભ્યશ્રીઓનું તેમના નામ સાથે પણ વારંવાર સંબોધન કર્યું અને તાકીદ પણ કરી. તેમ છતાં તેમણે આવું કર્યું, તેથી કલમ-૫૧ હેઠળ મેં તેમને આજના દિવસની કાર્યવાહીમાંથી દૂર કર્યા છે. હું તેમને એ તાકીદ પણ કરું છું કે ભવિષ્યમાં આ પ્રકારના દેખાવ કરવા એ કૃત્ય ઠીક ન કહેવાય. સંસદીય લોકશાહી પ્રણાલી પ્રમાણે પણ તે પદ્ધતિ ઠીક ન કહેવાય. પરંતુ આજે માનનીય સંસદીય મંત્રીશ્રીએ જે દરખાસ્ત મૂકી છે અને માનનીય મંત્રીશ્રી બલવંતસિંહભાઇ અને માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇએ તેને સમર્થન કર્યું છે. તેમણે નિયમ-૫૨ હેઠળ જે દરખાસ્ત મૂકી છે, સત્ર પૂરું થાય ત્યાં સુધી કૉંગ્રેસ પક્ષના આજના હાજર અને મેં નેઇમ કરેલા સભ્યોને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવા હું આ વિધાનસભા ગૃહ સમક્ષ આપ સૌની સંમતિ માટે દરખાસ્ત મૂકું છું. પ્રશ્ન એ છે કે પ્રશ્નોત્તરીકાળ દરમિયાન ગૃહમાં સૂત્રોચ્ચાર અને દેખાવો કરીને ગૃહની કાર્યવાહી અવરોધતા કૉંગ્રેસ પક્ષના ગૃહમાં હાજર તમામ સભ્યોને મેં તત્સમયે નેમ કર્યા હતા તે તમામ સભ્યોને સંસદીય મંત્રીશ્રીએ રજૂ કરેલ પ્રસ્તાવ મુજબ સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવામાં આવે.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રીઃ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો અને વિના વિરોધે ગૃહમાં હાજર તમામ સભ્યશ્રીઓ હા કહે છે ત્યારે કૉંગ્રેસ પક્ષના મેં નેઇમ કરેલા સભ્યોને સત્ર સમાપ્તિ સુધી નિયમ-૫૨ નીચે સસ્પેન્ડ કરવામાં આવે છે.

**પોઈન્ટ ઓફ ક્લેરિફિકેશન**

**માગણીઓ પરની ચર્ચા દરમ્યાન મંત્રીશ્રી પાસે જવાબનો આગ્રહ રાખવા અંગે**

શ્રી રમણલાલ ઇ. વોરા (ગોધરા): માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ક્લેરિફિકેશન છે. સપ્તાહના છેલ્લા દિવસે માનનીય મંત્રીશ્રી ભાનુબેન બાબરિયાની માગણીઓ હતી. અત્યાર સુધી આપે ગૃહના તમામ સભ્યોના હિત માટે એવી પ્રણાલિકા પાડી કે ગૃહની માગણીઓ રજૂ થયા પછી સભ્યશ્રીઓ પોતાના મત વિસ્તારને લગતા પ્રશ્નો રજૂ કરે અને ઠીક લાગે તે બોલતા જાય. પ્રેક્ષક ગલેરીમાં બેઠેલા સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ લખતા જાય અને જરૂર જણાયે મંત્રીશ્રી ધારાસભ્યશ્રીનો સંપર્ક કરે. ટૂંકમાં ગુજરાતની જનતાના વધારેમાં વધારે વિકાસનાં કામો થાય તે પ્રમાણેનો આપનો અભિગમ હતો. આ પ્રકારનો અભિગમ હોવા છતાં પણ તે દિવસે એવો આગ્રહ રાખવામાં આવ્યો કે મંત્રીશ્રી જ જવાબ આપે. અત્યાર સુધીની પ્રણાલિકાનો ભંગ કરીને મંત્રીશ્રી જવાબ આપે તેવો તેમણે આગ્રહ રાખ્યો. આપે મંત્રીશ્રીને સૂચના પણ આપી અને રેકર્ડ તપાસીએ તો મંત્રીશ્રીએ તેનો જવાબ પણ આપ્યો છે, પરંતુ આ જવાબ આપ્યા પછી મીડિયામાં પોતાની વાત રજૂ થાય તેટલા માટે અમે વિધાનસભામાં પૂછેલા પ્રશ્નોના મંત્રીશ્રીએ જવાબો ન આપ્યા તેવા પ્લેકાર્ડ લઇને જે પ્રમાણેની કાર્યવાહી કરી છે તે મને લાગે છે કે મંત્રીમંડળના કોઈ પણ સભ્ય માટે કે સરકાર માટે ઠીક નથી. એટલે તેના માટે આપના તરફથી પણ ઠપકાની દરખાસ્ત થાય તેવી હું આપશ્રીને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : મેં તે દિવસે પણ ક્લેરિફિકેશન કરેલું હતું અને આજે પણ ફરી કહું છું કે મંત્રીશ્રીને પ્રશ્નો પૂછવાનો ધારાસભ્યશ્રીઓને અધિકાર છે. પ્રશ્નોત્તરીકાળને પણ આપણે અલગ રીતે લઈએ છીએ અને મંત્રીશ્રી પ્રશ્નોનો જવાબ આપતા હોય છે, પરંતુ જ્યારે કોઈ વિભાગની માગણીઓ ઉપર ચર્ચા ચાલતી હોય તે દિવસે આપણે પ્રશ્ન રજૂ કરીએ તો મોટા ભાગે એવી પરંપરા રહેલી છે કે સભ્યશ્રીઓ જ્યારે પોતે કંઇક રજૂઆત કરતા હોય અથવા પોતે પોતાના પ્રવચનમાં જે વિષય લેતા હોય તેને મંત્રીશ્રીઓ પોતાના સંબોધનમાં તેના જવાબ તરીકે વણી લેતા હોય છે પરંતુ તે પ્રશ્નોત્તરીકાળ નથી. આપણે તેને પ્રશ્નોત્તરીકાળ તરીકે લેતા નથી એટલે મંત્રીશ્રીએ કઈ રીતનો જવાબ આપવો તેના માટે કોઈ મંત્રીશ્રીને તમે આવો જ જવાબ આપો, આ પ્રશ્નનો જવાબ તમારે આ પ્રમાણે જ આપવો તે પ્રમાણેનો આગ્રહ કરી શકાતો નથી, એટલે મારી તમામ સભ્યશ્રીઓને વિનંતી છે કે આપને આ વિધાનસભામાં પ્રશ્ન રજૂ કરવા માટેનો અધિકાર છે. આપ આપની માગણીઓ ઉપર વાત પણ કરી શકો અને મંત્રીશ્રી પણ પોતાના જવાબમાં એ વાતને વણી લેતા હોય છે, પરંતુ તમે આ પ્રશ્નનો જવાબ આ રીતે આપો તે પ્રમાણેનો દુરાગ્રહ કરીએ તો તે બાબત ઠીક નથી અને કોઈ આવો દુરાગ્રહ કરે તો ગૃહ માટે પણ એ બાબત યોગ્ય નથી. માનનીય સભ્યશ્રીને મેં પહેલાં પણ કહ્યું હતું. રહી વાત માગણીઓ ઉપરના પ્રશ્નની. તો તેમાં મેં પહેલેથી જ કહ્યું છે કે વિધાનસભામાં આપણે જ્યારે માગણી મંજૂર કરતા હોઈએ છીએ, ત્યારે સરકારશ્રી તેનું બજેટ બનાવે ત્યારે બજેટની જોગવાઇઓ પણ કરેલી છે પરંતુ, જ્યારે એટલાં નાણાં વાપરવા માટેની આપણે એમને મંજૂરી આપીએ છીએ, તો કારોબારીને વિધાનસભા ગૃહ જ્યારે નાણાં મંજૂર કરવા માટે મંજૂરી આપતું હોય, ત્યારે પ્રજાની પ્રાયોરિટી કઇ-કઇ છે એ માનનીય ધારાસભ્યશ્રીના ધ્યાનમાં સૌથી વધારે હોઇ શકે. એટલા માટે નાણાંની જોગવાઇઓને આનુષંગિક ધારાસભ્યશ્રીઓની અને પ્રજાની આ પ્રાથમિકતા છે, એવું સમજીને સચિવશ્રીઓ આ બાબતમાં જ્યારે એનું આયોજન કરતા હોય ત્યારે એ માનનીય મંત્રીશ્રી પાસે લઇ જાય. એટલા માટે આપણે ધારાસભ્યશ્રીઓને માગણીઓ પર પણ પોતાનાં કામની કઇ-કઇ પ્રાયોરિટી છે તે જોવા માટેની વ્યવસ્થા કરી છે અને તેનું ફોલોઅપ પણ વિધાનસભા કક્ષાએથી એક-બે અધિકારીઓની નિમણૂક કરી છે તે કરશે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ આ બાબતને ખૂબ સકારાત્મક રીતે લીધી છે કે પ્રજાના પ્રશ્નોનો ઉકેલ ઝડપથી લાવી શકાય તે આનો મુખ્ય ઉદ્દેશ છે. આપનું ક્લેરિફિકેશન હતું એ બાબતમાં હું પુનઃ આ ક્લેરિફિકેશન કરું છું.

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)**

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, નાણાં વિભાગ

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**માગણી ક્રમાંક- ૧૨**

શ્રી કનુભાઇ મો.દેસાઇ (ઊર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨૪,૦૩,૨૮,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૧૨ રજૂ કરવામાં આવી.**

સચિવશ્રીઃ કાપ દરખાસ્ત ક્રમાંક-૧થી ૫ના માનનીય સભ્યશ્રીઓને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરેલ હોઇ, કાપ દરખાસ્ત રજૂ કરેલ નથી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૧૩**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

શ્રી કનુભાઇ મો.દેસાઇ (ઊર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭,૨૯,૧૩,૦૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ.૭૫, ૦૪,૨૬,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૧૩ રજૂ કરવામાં આવી.**

સચિવશ્રીઃ કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭થી ૯ના માનનીય સભ્યશ્રીઓને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરેલ હોઇ, કાપ દરખાસ્ત રજૂ કરેલ નથી.

સચિવશ્રીઃ કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧થી ૧૭ના માનનીય સભ્યશ્રીઓને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરેલ હોઇ, કાપ દરખાસ્ત રજૂ કરેલ નથી.

**નાણાં વિભાગ**

**માગણી ક્રમાંક-૧૫**

શ્રી કનુભાઇ મો.દેસાઇ (નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણાં વિભાગને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨૬,૮૬,૭૮,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૧૫ રજૂ કરવામાં આવી.**

સચિવશ્રીઃ કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮થી ૨૨ના માનનીય સભ્યશ્રીઓને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરેલ હોઇ, કાપ દરખાસ્ત રજૂ કરેલ નથી.

સચિવશ્રીઃ કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ અને ૨૫ના માનનીય સભ્યશ્રીઓને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરેલ હોઇ, કાપ દરખાસ્ત રજૂ કરેલ નથી.

**માગણી ક્રમાંક-૧૬**

**નાણાં વિભાગ**

શ્રી કનુભાઇ મો.દેસાઇ (નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪,૧૨,૭૪,૪૯,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૧૬ રજૂ કરવામાં આવી.**

સચિવશ્રીઃ કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬થી ૩૧ના માનનીય સભ્યશ્રીઓને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરેલ હોઇ, કાપ દરખાસ્ત રજૂ કરેલ નથી.

**માગણી ક્રમાંક- ૧૭**

**નાણાં વિભાગ**

શ્રી કનુભાઇ મો.દેસાઇ (નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨,૨૦,૮૦,૭૭,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૧૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૧૭ રજૂ કરવામાં આવી.**

સચિવશ્રીઃ કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ના માનનીય સભ્યશ્રીને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરેલ હોઇ, કાપ દરખાસ્ત રજૂ કરેલ નથી.

**માગણી ક્રમાંક-૧૮**

**નાણાં વિભાગ**

તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

શ્રી કનુભાઇ મો.દેસાઇ (નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૫૪,૩૧,૮૫,૫૧,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૧૮ રજૂ કરવામાં આવી.**

સચિવશ્રીઃ કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ના માનનીય સભ્યશ્રીને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરેલ હોઇ, કાપ દરખાસ્ત રજૂ કરેલ નથી.

**સન ૨૦૨૩-૨૦૨૪ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ**<br>માગણી નં. ૧૨ | |
| ૧ | ૨૦૪૫-ચીજવસ્તુઓ..શૂલ્ક<br>૧૦૩-વસૂલાત..શુલ્ક<br>૦૧-વીજળી..નિરીક્ષક<br>રૂ. ૨૪,૦૩,૨૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પાના.નં. ૬ | ૧૦૦ | ફીક્સ કોસ્ટની ગણતરી વિજપ્લાન્ટ લોડ ફેક્ટરને આધારેનહીકરાતાગ્રાહકો પર પડતો ખર્ચનો બોજ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૨ | - - " - - | ૧૦૦ | રાજ્યમાં ખેડૂતોને અને નવા ઉદ્યોગોને અપાયેલ કુલ વીજ સબસિડીની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૩ | - - " - - | ૧૦૦ | ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ શુલ્કમાં રાહત આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| ૪ | - - " - - | ૧૦૦ | વીજ જોગવાઇને કારણે રહેણાંક અને કોમર્શીયલ વીજ બિલમાં વાર્ષિક આશરે ૧૨% જેટલો વધારો થતાં મધ્યમ વર્ગને પડતી હાડમારીઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| ૫ | - - " - - | ૧૦૦ | વપરાયેલ વીજ યુનિટ પર વીજ શુલ્ક લેવાને બદલે અન્ય વિવિધ ચાર્જનો સમાવેશ કર્યા બાદ વીજશુલ્ક વસૂલાતો નિવારવામાંતંત્રનીનિષ્ફળતા. | ડૉ. સી.જે.ચાવડા |
| ૬ | - - " - - | ૧૦૦ | અન્ય રાજયોની સરખામણીએ રાજયમાં ઘરવપરાશના વીજશુલ્કના યુનિટદરના વધારા પર અંકુશ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઉમેશભાઇ મકવાણા |
| | | | માગણી નં. ૧૩ | |
| ૭ | ૨૮૦૧-વીજળી શકિત<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિધુત..સહાય<br>રૂ. ૧,૭૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પાના.નં. ૮ થી ૧૦ | ૧૦૦ | વિજ કંપનીઓ દ્વારા FPPPAચાર્જના ઇંધણ ખર્ચ અને બહારથી ખરીદેલ વીજળીના દરને અલગ દર્શાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગકુમાર પટેલ |
| ૮ | ૨૮૦૧-વીજળી શકિત<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિધુત..સહાય<br>રૂ. ૧,૭૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પાના.નં. ૮ થી ૧૦ | ૧૦૦ | વોશકોલથી પેદા થતી વીજળી ખરીદવાનો કરાર ચાલુ હોવા છતાં ખાનગી વીજ કંપનીઓને ફાયદો થાય તેવી કાર્યવાહી કરનાર જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૯ | - - " - - | ૧૦૦ | ગેસ પુરવઠા પર આધારિત વીજ પ્લાન્ટને ગેસનો પુરવઠો નહી મળતો હોવાથી આવા વીજ પ્લાન્ટો બંધ કરી ગ્રાહકો પર પડતો ખર્ચનો બોજ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જિજ્ઞેશ મેવાણી |
| *૧૦ | - - " - - | ૧૦૦ | રાજ્યની તમામ સરકારી-ખાનગી વીજ કંપનીઓના વાર્ષિક હિસાબોની તપાસ કેગ દ્વારા થાય તેવુ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૧૧ | - - " - - | ૧૦૦ | વિજબીલોમાં FPPPAની ફોર્મ્યુલા હેઠળ વસુલાતા Hidden Charges દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| ૧૨ | - - " - - | ૧૦૦ | વિદ્યુત બોર્ડનેદર વર્ષે કરોડો રૂપિયાની સહાય આપવા છતાં | ડૉ. તુષાર ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ઘટતું જતું વીજ ઉત્પાદન વધારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૩ | - - " - - | ૧૦૦ | ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદવાને બદલે રાજ્યના વીજપ્લાન્ટોની ક્ષમતા વધારી, વધતીજતી વીજ માંગને પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈમરાનખેડાવાલા (અર્જુનભાઈમોઢવાડિયા) |
| ૧૪ | - - " - - | ૧૦૦ | ફીક્સ ભાવે પાવર સપ્લાય કરવાના કરારનો ભંગ કરી ખાનગી કંપનીઓને લાભ અપાવનાર જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૧૫ | - - " - - | ૧૦૦ | ખેડૂતોને દિવસે પૂરતી વીજળી અપાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| ૧૬ | - - " - - | ૧૦૦ | અદ્યતન મશીનરીનો ઉપયોગ કરીને વીજ ઉત્પન્ન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૧૭ | - - " - - | ૧૦૦ | લિગ્નાઈટથી ચાલતા પાવર પ્લાન્ટને પૂર્ણ ક્ષમતાથી ચલાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| | | **નાણા વિભાગ**<br>માગણી નં. ૧૫ | | |
| ૧૮ | ૨૦૫૨-સચિવાલય..સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧ - નાણા વિભાગ<br>રૂ. ૨૬,૮૧,૭૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પાના.નં.૮૫ | ૧૦૦ | રાજ્યના અર્થતંત્રની ગતિવિધિમાં આમ જનતાની સમસ્યાઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગકુમાર પટેલ |
| ૧૯ | ૨૦૫૨-સચિવાલય..સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧ - નાણા વિભાગ<br>રૂ. ૨૬,૮૧,૭૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પાના.નં.૮૫ | ૧૦૦ | રાજ્યમાં વિકાસલક્ષી ખર્ચની સામે વધતા જતા બિનવિકાસલક્ષી ખર્ચને ઘટાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા |
| ૨૦ | - - " - - | ૧૦૦ | બજેટમાં વિભાગ દીઠ ફાળવેલ સબસિડીની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૨૧ | - - " - - | ૧૦૦ | રાજ્યમાં એમ્પાવર રેગ્યુલેટરી ઓથોરીટી બનાવી વેપારીઓને નુકશાન થતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨૨ | - - " - - | ૧૦૦ | કેન્દ્રમાંથી સેસના નાણા મેળવવા અસરકારક રજૂઆતો કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. તુષાર ચૌધરી |
| *૨૩ | - - " - - | ૧૦૦ | સચિવાલયમાં નિવૃત્તિ બાદ પુનઃનિયુકિત પામનાર અધિકારીઓ વચ્ચેની પગાર આધારિત વિસંગતતા દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૨૪ | - - " - - | ૧૦૦ | રાજ્યમાં ગ્રામીણ ક્ષેત્રના આર્થિક વિકાસ માટે વધુ બજેટ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૨૫ | - - " - - | ૧૦૦ | વિકાસ યોજનાના કામો માટે ફાળવેલ રકમનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| | | માગણી નં. ૧૬ | | |
| ૨૬ | ૨૦૪૩-રાજ્ય..ખર્ચ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-રાજ્ય..આયુક્ત<br>રૂ. ૩૬,૩૯,૨૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પાના.નં. ૧૧ | ૧૦૦ | જી.એસ.ટી.ના અમલ બાદ પણ અપીલોનો સમયસર નિકાલ ન થતાં વેપારીઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર (કાન્તીભાઇ ખરાડી) |
| ૨૭ | - - " - - | ૧૦૦ | જી.એસ.ટી.માં થયેલ અનેક સુધારા બાદ વેપારીઓને ક્ષતિ સુધારવાની તક પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| ૨૮ | - - " - - | ૧૦૦ | રાજ્યમાં કરવેરા પેટે વસૂલવાની બાકી વસૂલાત પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| ૨૯ | - - " - - | ૧૦૦ | G.S.T.ની કામગીરી અંતર્ગત અધિકારીઓ દ્વારા વેપારીઓને કરવામાં આવતી હેરાનગતિ / કનડગત દૂર કરવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૩૦ | - - " - - | ૧૦૦ | એડવાઈઝરી ફોર રિવર્સલના નામે અધિકારીઓ દ્વારા વેપારીઓને કરવામાં આવતી હેરાનગતિસામે યોગ્ય પગલાં | શ્રી જિજ્ઞેશ મેવાણી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ભરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૧ | - - " - - | ૧૦૦ | G.S.T.ના અમલીકરણ બાદ પણ ચીજ વસ્તુઓના ભાવ પર અંકુશ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. સી.જે.ચાવડા |
| | | માગણી નં. ૧૭ | | |
| ૩૨ | ૨૦૫૪-તિજોરી..વહીવટ<br>૦૯૫-હિસાબ..કચેરી<br>૦૧-GES-1નિયામકની કચેરી<br>રૂ. ૨૦,૧૭,૭૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પાના.નં. ૮૮ | ૧૦૦ | રાજ્યના બજેટમાં વહીવટી ખર્ચ, અન્ય ખર્ચ તથા વિકાસના કામો પાછળ થયેલ ખર્ચ અંગેનું શ્વેતપત્ર બહાર પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અરવિંદભાઈ લાડાણી |
| | | માગણી નં. ૧૮ | | |
| ૩૩ | ૨૦૭૧-પેન્શન..લાભો<br>૦૧-મુલકી<br>૧૦૧-વયનિવૃત્તિ..ભથ્થા<br>રૂ. ૭૪,૨૧,૪૮,૫૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૬<br>પાના.નં. ૯૭ | ૧૦૦ | નિવૃત્ત કર્મચારીઓના પેન્શન કેસોમાં થતો વિલંબ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |

* આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થઇ નથી.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**અનુદાનો માટેની માગણીઓ પરની ચર્ચા**

અધ્યક્ષશ્રી: મારે એક જાહેરાત કરવાની છે. અંદાજપત્ર માટેના અનુદાનો માટેની માગણી પરની ચર્ચાનો આજે છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય બપોરના ૧૨.૦૦થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધીનો ઠરાવવામાં આવ્યો છે. વિધાનસભાના નિયમોના નિયમ-૨૨૮(૨) મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય. આ જોગવાઇ અનુસાર આજે સાંજના ચાર વાગ્યે અનુદાનો પરની માગણીઓ પરની સઘળી ચર્ચાનો અંત આવશે અને જે માગણીઓ પર ચર્ચા ચાલતી હશે તે અને તે સિવાયની બાકી રહેલ બીજી તમામ માગણીઓ એકીસાથે સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્ત ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી સી.કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને ઊર્જા કેમિકલ્સ મંત્રીશ્રી, આદરણીય મુરબ્બી શ્રી કનુભાઇ દેસાઇ જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું અને એમની માગણીઓ ઉપર મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારમાં જયારે શ્રી કનુભાઇ દેસાઇ જેવા ખૂબ અનુભવી નાણામંત્રીશ્રી છે અને મારી જાણ મુજબ તેઓશ્રી વાપી જી.આઇ.ડી.સી. ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ પણ રહી ચૂક્યા છે. ઉદ્યોગો સારી રીતે ચાલે, વીજળી કેવી રીતે પૂરી પાડવી, એ અંગેના એમના બહોળા અનુભવના નાતે જયારે તેઓશ્રી નાણાં વિભાગ અને ઊર્જા વિભાગ સંભાળે છે, ત્યારે મારા ખ્યાલ અને મારી જાણ મુજબ અત્યાર સુધી ઉદ્યોગો કે નાણાં વિભાગને લગતી ફરિયાદ પ્રજા જીવનમાંથી આવી નથી. એટલે હું માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ તથા માનનીય કનુભાઇ દેસાઇ સાહેબનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાં વિભાગની વાત કરતાં પહેલાં, મારે મારા પંચમહાલ જિલ્લાના ચાર અતિ પ્રજાકીય ઉપયોગી કામો માટેની વાત કરવી છે. આપણા માનનીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબ અને કેન્દ્ર સરકાર તેમજ ભૂતપૂર્વ આપણા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, શ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને હાલના પ્રવર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તેમજ અગાઉના નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને હાલના વર્તમાન નાણામંત્રીશ્રી આદરણીય કનુભાઇનો, ભૂતકાળમાં આમ તો બહું ઓછો આભાર માન્યો હશે, પણ જયારે સારી કામગીરી હોય, ભૂતકાળમાં અમે તો રાજકારણમાં પ્રજાનાં કામો ન થાય ત્યારે વર્ષ ૧૯૯૨માં મંત્રી હોવા છતાં પણ મંત્રી પદ અને ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યું હતું. એટલે પ્રજાકીય કામો સારાં થાય ત્યારે કોઇ પણ સરકાર હોય અને કોઇ પણ સરકારના અધિકારીશ્રી હોય એમને અભિનંદન આપવા જોઇએ અને આભાર માનવો જોઇએ. એ ઋણ અદા કરવા માટે આજે આ નાણાં વિભાગ અને ઊર્જા પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે હું એટલા માટે ઊભો થયો છું કે, નાણાં વિભાગે ભૂતકાળમાં મારાં ચાર કામો માટે ભા.જ.પ.ની સરકારના, ભા.જ.પ.ના મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી જયારે વર્ષ ૨૦૦૯માં ગોધરા મુકામે પધાર્યા હતા, ત્યારે મારા પંચમહાલ જિલ્લાનો ત્રણ ડેમના અસરગ્રસ્ત ખેડૂતોનો જે ૪૦-૪૨ વર્ષનો પ્રશ્ન હતો. એ અસરગ્રસ્તોને એટલા માટે યાદ કરું છું કારણ કે, એમને રિઝર્વ ફોરેસ્ટ વર્ષ ૧૯૭૮-૭૯માં સ્થાપિત કર્યા અને વર્ષ ૧૯૮૦માં રિઝર્વ ફોરેસ્ટનો કાયદો આવી

ગયો. એટલા માટે એ વખતની જે સરકાર હતી, અધિકારીશ્રીઓ હતા, એ વખતના પદાધિકારીશ્રીઓ હતા, એ અધિકારીશ્રીઓના મારા અનુભવના અનુસંધાનમાં જણાવું તો, હું તે વખતમાં નોકરી કરતો હતો પણ જયારે એકલવ્ય સંગઠન દ્વારા આદિવાસી, બક્ષીપંચના અનુસંધાનમાં આવા પ્રશ્નો હલ ન થાય ત્યારે રેલીઓ અને આંદોલનો થતા હતા. વર્ષ ૧૯૭૮-૭૯ની વાત કરું છું. એ વખતે મને સમજાયું કે, એ વખતના જે તે અધિકારીશ્રીઓને હતું કે, મારે શું અને મારું શું? વર્ષ ૧૯૮૦નો રિઝર્વ ફોરેસ્ટ કાયદો કઠિન હતો. એ રિઝર્વ ફોરેસ્ટ કાયદો આવવાથી વર્ષ ૧૯૭૮-૭૯માં ૮૦૦ જેટલા ડેમ સાઇટના જે અસરગ્રસ્તો હતા એ લોકોના પોતાનાં નામ ઉપર જમીન થઇ ન હતી. રિઝર્વ ફોરેસ્ટના કાયદાના નિયમ મુજબ એવું છે કે, જમીનની સાથે જમીન, જમીનની સામે જમીન. જંગલમાં એમના જેટલા વૃક્ષો હોય એના પ્લાન્ટેશનનું નાણાકીય ખર્ચ, ખાડા કરવાના, એના રોપા લાવવાના આ તમામ વિગતો અંગે ૮૦૦ કુટુંબો માટે ૧૦૫૮ હેક્ટર જમીનની જરૂરિયાત હતી. ૧૦ ગામોનો સવાલ હતો. આજના આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, એ વખતે તો હું કોંગ્રેસમાં હતો, પણ પ્રજાકીય લાગણીના અનુસંધાનમાં. મુખ્યમંત્રી તો હતા. વર્ષ ૨૦૦૭ની સાલમાં પ્રયત્ન કરી જોયો. વર્ષ ૨૦૦૯માં મેં પ્રયત્ન કર્યો. વર્ષ ૨૦૦૯માં જયારે ગોધરા મુકામે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ આવ્યા ત્યારે મેં વિનંતી કરી કે સાહેબ, આજે લગભગ ૩૦, ૩૫ વર્ષ થઇ ગયાં છે. એમના નામે જમીન થતી નથી. એમનાથી લોન લેવાતી નથી. આદિવાસીના અનુસંધાનમાં કે બક્ષીપંચના અનુસંધાનમાં એમને કોઇ સર્ટિફિકેટ મળતું નથી. આવકનો દાખલો મળતો નથી. આ વાતને ધ્યાનમાં રાખીને હું એટલા માટે મોદી સાહેબની અને રાજય સરકારની અને કેન્દ્ર સરકારની આજે પ્રશંસા કરું છું, કારણ કે સાહેબ આ રિઝર્વ ફોરેસ્ટનો કાયદો એટલો કઠિન હતો. જમીનની સામે જમીન. અમારા મધ્ય ગુજરાતની અંદર ૧૦૫૮ હેક્ટર જમીન મળતી ન હતી. એના અનુસંધાનમાં રાજય સરકારે, મેં મુખ્યમંત્રી જે તે વખતે આપણા શ્રી મોદી સાહેબ હતા ત્યારે મેં વાત કરી. ત્યારપછી શ્રીમતી આનંદીબેન પટેલ મુખ્યમંત્રી થયા. ત્યારપછી શ્રી વિજયભાઇ રૂપાણી થયા. સાહેબ ૧૦૫૮ હેક્ટર જેટલી જમીન મોરબી, રાજકોટ અને ભાવનગર જિલ્લાની અંદર એમ ૩ જિલ્લામાંથી મહેસૂલ વિભાગે ફોરેસ્ટ વિભાગને ફાળવી. ત્યારપછી સાહેબ, નાણાં વિભાગનો પ્રશ્ન આવ્યો. હું નાણાં વિભાગની એટલા માટે આજે વાત કરું છું. આજે ચર્ચા છે એટલા માટે કહું છું. આભાર એટલા માટે માનું છું. સાહેબ, પહેલા ૨૫ કરોડ રૂપિયા ફાળવ્યા. પછી રૂપિયા ૫૦ કરોડ, બાકીના રૂપિયા ૩૫ કરોડ અને પછી બાકીના કન્ટિજન્સી ફંડમાંથી. કેમ કે પૂરેપૂરા પ્લાન્ટેશનના પૈસા ના આપે તો ફોરેસ્ટ વિભાગના અનુસંધાનમાં જમીન છે તે એલોટમેન્ટ થાય નહીં. એના ભાગરૂપે રૂપિયા ૧૨૧ કરોડ જેટલી માતબર રકમ ૩ વર્ષની અંદર ફાળવી. સાહેબ, આ પ્રશ્ન ૪૨-૪૪ વર્ષનો છે. પણ છેલ્લાં ૮, ૯ વર્ષથી પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન મોદી સાહેબ તેમજ નાણાં વિભાગ આ બધાએ અને અધિકારીઓએ ભેગા મળીને આ અભૂતપૂર્વ કામ કર્યું છે. એટલે ૮૦૦ ખેડૂતોની આજે આંતરડી કે અમારી જમીન કયારે નામે થશે? અને એ જમીન આજે વર્ષ ૨૦૨૦માં ઓર્ડર થઇને નામે થઇ ગયેલ છે. એટલે નાણામંત્રીનો પણ હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એ કરું કે અમારા પંચમહાલ જિલ્લામાં...

અધ્યક્ષશ્રી : આપે એ વખતની એક વાત એ કરી કે 'મારે શું અને મારું શું' એ શું? અમને કંઇ સમજાયું નહીં.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, અચ્છા. એમાં જેને જે સમજવું હોય એ સમજી શકે છે. કારણ કે સાહેબ, સંકલનના અભાવે. આ રિઝર્વ ફોરેસ્ટનો કાયદો ૪ વિભાગને લગતો હતો. એમાં મહેસૂલ ખાતું આવી જાય. નાણાં ખાતું આવી જાય. વન વિભાગ આવી જાય. અને સિંચાઇ વિભાગ. હવે સિંચાઇ વિભાગ દરખાસ્ત કરે. એ દરખાસ્ત મહેસૂલ વિભાગમાં જાય. મહેસૂલ વિભાગના અનુસંધાનમાં ત્યાં માગે અને વન વિભાગને જાય કે તમારા ઝાડ કેટલા છે? પ્લાન્ટેશન કેટલું છે? કેટલો ખર્ચો થવાનો છે? ત્યારપછી ત્યાં જમીન સંપાદન થયા પછી કાર્યપાલક ઇજનેર કે એક્ઝિક્યુટીવ એન્જિનિયરના હવાલે થાય છે. પછી એલોટમેન્ટ થાય. એટલે આ ચારેચાર વિભાગના સંકલનના અભાવે. આજે પણ મને થોડું દુઃખ થાય છે કે અમુક આપણા ગુજરાતના પ્રાણ પ્રશ્નો પ્રજાના છે. એ ઘણી વખત સંકલનના અભાવે બાકી રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ મહત્ત્વનો પ્રશ્ન છે. કારણ કે રોડ રસ્તાનું કામ હોય તો એમાં જંગલના અનુસંધાનમાં વિસ્તાર આવતો હોય. જંગલ અને માર્ગ મકાનનું સંકલન ના થાય તો સાહેબ, વર્ષો સુધી એ રસ્તા થતા નથી. એવા પ્રશ્નો ઘણા બધા છે. પણ મને જે લાગતો વળગતો હતો એ પ્રશ્ન એટલા માટે હું કહું છું કે જે તે વખતના અધિકારીઓ, જે તે વખતના પદાધિકારીઓ. કે આ ૧૦ ગામોના અનુસંધાનમાં આ લીમખેડાનો પ્રશ્ન છે, શહેરાનો પ્રશ્ન છે, ગોધરાનો પ્રશ્ન છે, તો આપણે શું? કારણ કે ૩, ૪ વિધાનસભાના ધારાસભ્યોને લગતો પ્રશ્ન હતો. અધિકારીઓ પણ એવું વિચારે કે આ તો જમીન સંપાદનનો ફોરેસ્ટના અનુસંધાને કે સિંચાઇ વિભાગના અનુસંધાને છે. તો સિંચાઇ વિભાગને અને મારે શું? મહેસૂલ વિભાગવાળા પણ એવું વિચારે કે દરખાસ્ત આવ્યા પછી આપણે આગળ ચાલીશું. ત્યાં સુધી મારે શું? એટલે મારે શું અને પછી મારું શું? આ બે બહુ મહત્ત્વની વસ્તુ છે સાહેબ. કોઇપણ વિભાગની ફાઇલ આવે તો જે અધિકારી હોય અગર પદાધિકારી હોય. આ બન્નેને લાગુ પડે છે. મારે શું અને મારું શું? જો બધા બરાબર વિચારે તો હું એમ માનું છું કે પોતાની દૃષ્ટિ છોડી અને બીજાની દૃષ્ટિથી જુએ તો સાહેબ, અડધું જગત શાંત થઇ જાય. એમ વહીવટમાં પણ એવું છે સાહેબ. મારે આ બે શબ્દો એટલા માટે કહેવા પડ્યા છે કે મારે શું અને મારું શું? એને યથાર્થ જો સમજીને આપણે કામ કરીએ તો પદાધિકારી કે અધિકારી પ્રજાને પડતી મુશ્કેલીઓ દૂર કરી શકે.

## તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રી : તમારા જીવનનો નીચોડ ખૂબ સારી રીતે બે શબ્દોમાં મૂકી દીધો. સરસ.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, બીજાં કામ માટે એટલા માટે આભાર માનું કે જ્યારે હું નાનો હતો અને ભણતો હતો ત્યારે મને થોડો વિચાર આવતો હતો. સાહેબ, આજે આઝાદીનાં આટલાં વર્ષો પછી અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો તો હું એટલો આભારી થઇશ. આ પાનમ આધારિત ઉદવહન સિંચાઇ યોજના, તેના માટે હું તો માનનીય નાણામંત્રીશ્રીને મળ્યો પણ નથી, પણ મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી અને રૂ.૩૨૪ કરોડની ઉદવહન સિંચાઇ યોજના મંજૂર થઇ હતી. ખેડૂતના દીકરા તરીકે મને અનુભવ છે કે એક તળાવથી બીજા તળાવ વચ્ચે એક કિલોમીટરની આજુબાજુ સિંચાઇ મળશે પણ બંને વચ્ચેનું અંતર, તેમાં પાઇપ લાઇનથી ખેડૂતોને પાણી કેમ ન મળે એ મેં વિચાર્યું. અધિકારીઓ સાથે ચર્ચા કરી. દરખાસ્ત તૈયાર કરી અને માનનીય મુખ્યમંત્રી જ્યારે સ્નેહમિલનમાં અમારા ગોધરા મુકામે આવ્યા ત્યારે મેં ફક્ત એટલી જ વાત કરી, કારણ કે મુખ્યમંત્રીશ્રી હોય, વડાપ્રધાનશ્રીનો કાર્યક્રમ હોય, કોઇ મંત્રીશ્રીનો કાર્યક્રમ હોય, ધારાસભ્ય તરીકે અમને ઓછો સમય આપવામાં આવે. તેમ છતાં મેં સાહેબને ટૂંકમાં સમજાવ્યું કે અમારો પૂર્વ વિભાગ ગોધરા તાલુકો, શહેરા તાલુકો અને ઘોઘંબા તાલુકો આજે સિંચાઇથી વંચિત છે. આ વિસ્તાર ક્યારે હરિયાળો થશે? મને કહેતા આનંદ થશે, શ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો અને શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો આભાર માનું છું કે ચાલુ વર્ષના બજેટમાં રૂ. ૫૨૨ કરોડ જેટલી માતબર રકમ આ યોજના માટે મંજૂર કરીને બજેટમાં એ રકમ ફાળવાઇ ગઇ છે અને કામ પણ શરૂ થયું છે.

**માનનીય સભાપતિશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજું કામ એ છે કે અમારા પંચમહાલ જિલ્લામાં મોટા ભાગે શિક્ષણનો અભાવ હતો. મારા ગોધરા મતવિસ્તારમાં ૧૦૦ એકર જમીનમાં ગુરુ ગોવિંદ યુનિવર્સિટીની સ્થાપના થઇ. આજે મારે કહેવું જોઇએ કે ગુરુ ગોવિંદ યુનિવર્સિટી ૧૦૦ એકરમાં બાંધકામ સાથે પ્રસ્થાપિત થઇ ગઇ છે. જૂના પંચમહાલ જિલ્લામાં મોટા ભાગે આદિવાસી અને બક્ષીપંચની વસતિ. શિક્ષણ ક્ષેત્રે સારો એવો વિકાસ થશે. તદુપરાંત મારે કહેવું જોઇએ કે છેલ્લાં બે-ત્રણ વર્ષથી અમે પ્રયત્ન કરતા હતા. બીજા જિલ્લામાં મેડિકલ કોલેજ મળી. અમારી રજૂઆતને ધ્યાને રાખીને ત્રણ વર્ષમાં મેડિકલ કોલેજ પણ મંજૂર થઇ, તેનું કામ પણ શરૂ થયું છે. મેડિકલ કોલેજનાં નાણાં ફાળવવા બાબત, ગુરુ ગોવિંદ યુનિવર્સિટીના મકાનના બાંધકામનાં નાણાં ફાળવવા માટે મારે કહેવું જોઇએ કે પહેલાં હું કોંગ્રેસમાં હતો. આ છ વર્ષમાં મારા મત વિસ્તાર અને આજુબાજૂના બે તાલુકામાં ઓછામાં ઓછાં ૨૨૦૦ કરોડ રૂપિયા આવ્યા. હું નાણામંત્રીનો ખાસ આભાર માનું છું કે ૪૦ વર્ષથી રાજકારણમાં છું. મેં આટલી રકમ મારા મત વિસ્તારમાં કોઇ દિવસ જોઇ નહોતી. ચોથો મહત્ત્વનો પ્રશ્ન કે અમારા ગોધરા શહેરમાં સોસાયટીઓના બાંધકામો થઇ રહ્યા છે ત્યારે અમારું એલ.સી.-૪ અને એલ.સી.-૫ ફાટક. ૧૫ વર્ષથી આ પ્રશ્ન હતો. વર્ષ ૨૦૨૨માં એલ.સી.-૪ ફાટક માટે ૧૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી. તેમાં ભૌગોલિક પરિસ્થિતિ એવી હતી કે બે તળાવ નજીક હોવાથી ભેજ આવવાથી, તળાવનું જમણ આવવાથી તેનો એસ્ટીમેટ વધ્યો. ૧૦ કરોડ રૂપિયાના ૧૨ કરોડ રૂપિયા થયા, પછી તેમાં ઊંચાઇ વધારવામાં આવી. તેમાં દોઢ કરોડ રૂપિયા થયા. ૧૦ કરોડ રૂપિયાની જગ્યાએ ૧૬ કરોડ અને ૬૫ લાખ રૂપિયા. વિધાનસભાની ચૂંટણી પહેલાંની વાત કરું છું. શ્રી પૂર્ણેશ મોદી માર્ગ અને મકાન વિભાગના મંત્રી હતા. અમારો નિયમ હતો કે અમે જેનું ખાતમુહૂર્ત કરીએ છીએ તેનું અમે ઉદ્ઘાટન કરીએ છીએ. આ શબ્દો મારા મગજમાં હતા. આ સરકારના અનુસંધાનમાં છે. હું એટલા માટે ફરીથી એક વાત કરવા માગું છું કે હું જ્યારે વર્ષ ૨૦૧૭માં ભાજપમાંથી ચૂંટણીમાં ઊભો રહ્યો, ત્યારે હું ૨૫૮ મતથી માંડ માંડ ચૂંટાયો. આટલાં બધાં કામો આવ્યાં અને આ વર્ષ ૨૦૨૨ની ચૂંટણી થઇ, ફરીથી ભારતીય જનતા પાર્ટીએ મને ટિકિટ આપી. ૩૫,૦૦૦ કરતાં વધારે મતોથી આ વખતે હું જીત્યો. તેનું કારણ આ વિકાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મોદી સાહેબનું જે ધ્યેય છે. મારે કહેવું જોઇએ કે માનનીય મોદી સાહેબે જે વાત કરી છે એ મુજબ નાણાં વિભાગની વાત કરું. નાણાં વિભાગમાં સન ૨૦૨૨થી ૨૦૩૨ સુધીની માનનીય મોદી સાહેબે વાત કરી છે કે પાંચ ટ્રિલિયન યુ.એસ.એ. ડોલર અને સન ૨૦૩૨ સુધી દસ ટ્રિલિયન ડોલર આર્થિક વિકાસના અનુસંધાનમાં માનનીય મોદીસાહેબનું લક્ષ્યાંક છે એને અનુસરીને અમારા નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી આ જે વહીવટ કરી રહ્યા છે, ઘણી બધી વાત કરવી છે પણ સમય ઓછો હોવાથી કરી શકતો નથી. અગાઉના બાકી રહેલાં કામો અને હાલનાં કામો માટે અમારા અનુભવી અને કાર્યદક્ષ મંત્રીશ્રીએ બધા જ વિભાગોને ધ્યાને રાખી અને સરખે હિસ્સે પાંચ સ્તંભની જે વાત કરી છે તે માટે નાણાં ફાળવાયાં છે તે માટે હું ફરીથી એમનો આભાર માનું છું અને ગૃહના મિત્રોને મારી વિનંતી કરું છું કે સર્વાનુમતે આ માગણીઓ સ્વીકારાય અને સર્વાનુમતે મંજૂર થાય એવી અભ્યર્થના સાથે હું મારી વાતને પૂરી કરું છું.

શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે માગણી નં. ૧૫, ૧૬,૧૭, ૧૮ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને તેના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિચાર રજૂ કરું એના પહેલા હું સૌને જણાવવા માગું છું કે ઘરની તિજોરી હોય કે સરકારની તિજોરી, એક સ્ત્રી એને સંભાળતી હોય ત્યારે ખૂબ સક્ષમ હોય છે. એવી જ રીતે દેશના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આજે એક મહિલા ધારાસભ્ય તરીકે સરકારની તિજોરી અંગે મને મારા વિચારો રજૂ કરવાની તક મળી છે એના માટે હું આભાર વ્યકત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, અમારા નાણામંત્રી ખૂબ દયાળુ છે. માનનીય કનુભાઇ માટે એક શબ્દ હું એટલે જ કહીશ કે અમે બધી જે ગૃહમાં ચૂંટાયેલી બહેનો છીએ એમણે જે રજૂઆત કરી હતી કે મહિલા દિન નિમિત્તે

મહિલાઓને મળતી જે ગ્રાન્ટ હોય છે, એમને જે સ્પેશિયલ ગ્રાન્ટ દોઢ કરોડ રૂપિયાની આપવામાં આવે છે એની રજૂઆત અમે કરી છે. તો માનનીય કનુભાઇ દેસાઇસાહેબને સૌ બહેનો તરફથી હું રજૂઆત કરું છું કે એ પણ ધ્યાનમાં લે અને આજે માગણીનો દિવસ છે અને માગણીનો આ છેલ્લો દિવસ છે ત્યારે અમે બધી બહેનો વતી નવરાત્રિનો અવસર છે ત્યારે બધી બહેનોવતી, માતાઓવતી હું શ્રી કનુભાઇને રજૂઆત કરું કે એ અમારી માગણીને ધ્યાનમાં રાખે.

સભાપતિશ્રીઃ ભાઇ અને બહેનો બધાની.

શ્રીમતી મનીષા રા. વકીલ : સાહેબ, આ મહિલાઓને મળતી ખાસ ગ્રાંટ છે જે દોઢ કરોડ રૂપિયાની લગભગ પાંચેક વર્ષથી મળે છે. શ્રીમતી આનંદીબેન પટેલ જયારે માનનીય મુખ્યમંત્રીશ્રી હતા ત્યારથી આની શરૂઆત થઇ અને શ્રી કનુભાઇ દેસાઇ તો ખૂબ દયાળુ છે, માયાળુ છે એટલે સાહેબ અમારી વિનંતી છે. સાહેબ, નવરાત્રિ છે એટલે બહેનોની વાત મૂકું છું. ગુજરાત એક સમૃદ્ધ રાજય છે. ઇતિહાસના પાનાઓમાં જો ધ્યાનથી વાંચીએ તો આનાં ઘણાં કારણો મળી આવશે. જેમ કે સાંસ્કૃતિક વિવિધતા હોય, ભૌગોલિક વિવિધતા હોય, લોકોનો ઉદ્યોગ ક્ષેત્રનો સાહસિક અભિગમ, આર્થિક અભિગમ વગેરે છે. એક પુસ્તક છે. જે Daron Acemoglu and James A. Robinson. દ્વારા લખવામાં આવેલું છે અને તેનું નામ Why Nation Fails એ છે. એ પુસ્તકનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરતા આપણે સમજી શકીએ છીએ કે ગુજરાતની પ્રજાકલ્યાણ લક્ષી નીતિ અને નીતિઓના અસરકારક અમલીકરણ માટે સુચારુ વહીવટ થકી દેશના અન્ય રાજયોની સરખામણીમાં વિશેષ પ્રગતિશીલ રાજય તરીકે અલગ તરી આવે છે. જેનું ગૌરવ આપણે સૌ અનુભવીએ છીએ. આ ગૃહના માધ્યમથી હું તાજેતરમાં લોકાર્પિત કરવામાં આવેલ વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં ગુજરાત ભારત અને સમગ્ર વિશ્વને માહિતગાર કરશે કે Why Gujarat’s Growth story is so unique ? It is said that Roam was not built in a day. Same is true for Gujarat. આજના વિકસિત ગુજરાતનો પાયો તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી અને દેશના લોકલાડીલા વડાપ્રધાનશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીજીએ ૨૦ વર્ષ પહેલાં તેમના નેતૃત્વમાં અને અથાગ પરિશ્રમ થકી આ નાખેલ હતો. આ વિકસિત ગુજરાતના નિર્માણ દ્વારા ભારત દેશના વિકાસમાં ગુજરાતનો ફાળો અમૂલ્ય બની રહ્યો છે. તે દિશામાં અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં આ ભરોસાવાળી ડબલ એન્જિનની સરકાર છે. જે સતત આગળ વધી રહી છે. જેના મીઠા ફળ વર્તમાન પેઢી માણી રહી છે અને ભવિષ્યની ભાગ્યશાળી પેઢી માણશે તે બાબતે કોઇ શંકા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે પેન્શનની વાત કરવી છે. પેન્શન અને નિવૃત્તિના લાભો એ એક એવી વ્યક્તિ પાસે જતી રકમ છે જે પોતે વયોવૃદ્ધ થાય, સિનિયર સિટીઝન થાય તે સમયે એને કોઇપણ પ્રકારની અગવડતા ન પડે તેમજ પેન્શન મેળવવા માટે દર પહેલી તારીખે એના એકાઉન્ટમાં તેને પેન્શન જમા થાય એવો જો કોઇ નિર્ણય સાથે કોઇપણ પગલાં ભર્યાં હોય તો આ રાજ્યની સરકારે ભર્યાં છે એટલે હું અભિનંદન આપું છું. પેન્શન અંગેની કામગીરીને આઇ.એફ.એમ.એસ. સોફ્ટવેરની મદદથી સંપૂર્ણ ડિજિટલાઇઝેશન એટલે કે એન્ડ ટુ એન્ડ ડિજિટાઇઝેશન કરવામાં અમારી સરકાર સફળ રહી છે. આથી સરકારી કર્મચારીઓ અને અધિકારીઓના જીવનમાં એઝ ઓફ લિવિંગનો વધારો થયો છે. એટલું જ નહીં, આ ડિજિટલાઇઝેશનના ક્ષેત્રે ઇન્ટર-એડોપ્ટબિલિટીના ક્ષેત્રે પણ ઘણી પ્રગતિ થતી જોવા મળી છે. વિવિધ ડિજિટલ સિસ્ટમને એકબીજા સાથે સુચારુ રીતે ઇન્ટર-એડોપ્ટબિલિટી કહેવામાં આવે છે. દા.ત. થોડાં વર્ષો પહેલાં વિવિધ ડિજિટલ પેમેન્ટ એપ્લિકેશન જેમ કે, ભીમ એપ હોય, પે.ટી.એમ. હોય, ગુગલ પે હોય વગેરે અલગ અલગ બારકોડ સ્કેન કરવાની જરૂર પડતી હતી, પણ આ ઇન્ટર-એડોપ્ટબિલિટીના માધ્યમથી વિવિધ એપ્લિકેશન કરવા માટે કોમન બારકોડ કરવામાં આવેલ છે અને પેન્શન બાબતે એ જ રીતે એને પ્રોત્સાહિત કરવા માટે ઇ-પેમેન્ટથી ચૂકવણા માટે રિઝર્વ બેન્કના ઇ-કુબેર પોર્ટલ સાથે આઇ.એફ.એમ.એસ.નું ઇન્ટિગ્રેશન પણ કરવામાં આવેલ છે. ડિજિટલાઇઝેશનના અનેક ફાયદા પૈકી કેશલેસ ટ્રાન્ઝેક્શન પણ છે. એને પ્રોત્સાહિત કરવા માટે પેન્શનરોને તેમના હયાતીના પ્રમાણપત્ર માટે જીવન-પ્રમાણ પોર્ટલ મારફત સરળતાથી મેળવી શકે એ મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. એટલે જ હું કહેવા માગું છું કે, ‘યકીન હો તો કોઇ રાસ્તા નીકલતા હૈ, હવા કી ઓથ ભી લેકર ચિરાગ જલતા હૈ.’ પેન્શનના ક્ષેત્રે આવતી મુશ્કેલીના સમયમાં અલગ રસ્તા કાઢવામાં આવ્યા છે. મહેનતુ સરકારી કર્મયોગીના હાથના અને પગના પંજા પેન્શન માટે ઘસાઇ જતા હતા એ દિવસો ગયા. હવે તો ઇ-ગવર્નન્સના માધ્યમથી તેમના હક્કનું પેન્શન સુગમતા સાથે મળી રહે તેના સઘન પ્રયાસો કરેલા છે. જ્યારે દેશનો નાણાકીય ઇતિહાસ લખવામાં આવશે, ત્યારે પ્રી-જી.એસ.ટી. અને પોસ્ટ-જી.એસ.ટી. એરા એમ બે ભાગમાં વિભાજિત કરવામાં આવશે. જી.એસ.ટી. એટલે ગુડઝ એન્ડ સર્વિસ ટેક્સ પણ એનો ખરો અર્થ એ છે ગુડ એન્ડ સિમ્પલ ટેક્સ. જે રીતે ભારતના લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલે આ દેશની એકતા માટે બધા રાજ્યોને એક કર્યા હતા એવી જ રીતે ભારતની આર્થિક એકતાનું સ્વપ્ન સિદ્ધ કરવા માટે વન નેશન વન ટેક્સનો કાયદો અમલમાં લાવવામાં આવ્યો. એ પરોક્ષ કરની વ્યવસ્થા સરળીકરણ લાવનાર સૌથી મહત્ત્વનો સુધારો છે. આ નવી કર પ્રણાલીમાં તમામ પ્રક્રિયાનો ઓનલાઇન સુધારો કરવામાં આવે છે. જેના કારણે જે ટેક્સ ભરવાની પદ્ધતિ છે એમાં ટ્રાન્સપરન્સી આવી છે. આ કર પ્રણાલીનો ગુજરાત સરકારે અસરકારક અમલ પણ કર્યો છે. આ સન્માનનીય ગૃહના માધ્યમથી ગુજરાતની જનતાને હું જણાવવા માગું છું કે, પોસ્ટ જી.એસ.ટી. એરામાં ઇન્ડાયરેક્ટ ટેક્સ કલેકશનમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે. આ કાયદા હેઠળ વેપારી વર્ગને પડતી મુશ્કેલીઓનું નિવારણ તેમજ ટેક્સ કોમ્પ્લાયન્સ વધારવા માટે જી.એસ.ટી. કાઉન્સિલ દ્વારા સઘન વિચારણા અને તેના ઉપર નિર્ણયના અનુસંધાને કાયદામાં વિવિધ સુધારા નોટિફિકેશન, પરિપત્રો કરવામાં આવ્યા છે. વેપારીઓને આ સુધારાઓથી અવગત કરવા

રાજ્ય વેરા ખાતાની વેબસાઇટ પર વિવિધ જાહેરનામા અને નિયમો મૂકવામાં આવે છે. આવા પગલાંઓથી ગુજરાત સરકારે ઉદ્યોગકારોને સરળ ટેક્સ વ્યવસ્થા આપીને ખરા અર્થમાં સરકારને ફેસિલિએટર તરીકે ઊભા કર્યા છે. Minimum Government and maximum Governance ના સિદ્ધાંતને સિદ્ધ કર્યા છે. જી.એસ.ટી. પછી ઘણા બધા સુધારા લાવ્યા છે. મારે કહેવું છે કે જી.એસ.ટી.નો કાયદો બનતો હતો ત્યારે પણ ખૂબ એના માટે વિચારો કરવામાં આવ્યા ત્યારે એવું ચોક્કસપણે કહેવાય કે -

''कुछ तो फुल खिलाएं हमने और कुछ फुल खिलने बाकी हैं,
मुश्किल ये है कि बाग में अबतक कुछ कांटे बाकी हैं।''

માનનીય અધ્યક્ષશ્રી, એ કાંટા પણ ફૂલમાં ફરીને કમળરૂપે આપણી બાજુ આવી જશે. વધુમાં જણાવું કે tax compliances ક્ષેત્રમાં અગત્યનું ડેવલપમેન્ટ થઇ રહ્યું છે. જી.એસ.ટી. એક્ટ અન્વયે ઓડિટ પ્લાન મંજૂર સમિતિ દ્વારા કરવામાં આવેલી કામગીરી, જી.એસ.ટી. એક્ટ અન્વયે ડ્રાફ્ટ ઓડિટ રિપોર્ટ મંજૂરી સમિતિ દ્વારા ૫૮ ઓડિટ રિપોર્ટ મંજૂર કરવાની કામગીરી પણ કરવામાં આવેલી છે. ટેકસ એ ટેક્સ કોપ્મ્લાયન્સ અભિન્ન અંગ રેવન્યુ ઇન્ટેલિજન્સ હોય છે. રેવન્યુ ઇન્ટેલિજન્સનું મુખ્ય કામ કરચોરી બચાવવાનું હોય છે. આ કામગીરી માટે ઇકોનોમિક ઇન્ટેલિજન્ટ યુનિટની શાખા દ્વારા કામગીરી કરવામાં આવેલ છે. જી.એસ.ટી. અને ઇ-વે બિલ એનાલિસ્ટ જુદા જુદા રિપોર્ટના ડેટાનું એનાલિસ્ટ કરીને ઘટક કક્ષાએ સ્થળ તપાસ કરાવીને બોગસ વેપારીઓને શોધવામાં આવે છે અને આવા વેપારીઓના નોંધણી નંબર રદ કરવામાં આવે છે. આ અંગે સેન્ટ્રલ મોબાઇલ સ્ક્વોર્ડ જી.એસ.ટી. કાયદા હેઠળ ઇ-વે બિલના અમલીકરણમાં સઘન કામગીરી કરવામાં ખૂબ અસરકારક નીવડેલી છે. જ્યારે ઇકોનોમીની વાત આવે છે ત્યારે વિલિયમ ગ્લેડ સ્ટોને કહેલો એક ક્વોટ યાદ આવે છે ''Job of any Government is to make it easy to do good and difficult to make it bad'' એટલે સરળીકરણ સારા કામ માટે હોવું જોઇએ જેથી કરીને ખરાબ લાભ કોઇ લઇ ના શકે. ઇ-ગર્વનન્સના શબ્દોને કારગત કરવા એક શ્રેષ્ઠ ઉદાહરણ છે. મને ગૌરવ છે આ બાબતનું કે જી.એસ.ટી.ના વિષયે ઇ-ગવર્નન્સને સચોટ રીતે અમલ કરનાર માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર ગુડ ગવર્નન્સ માટે કટિબદ્ધ છે. ટેકસ કલેકશન હોય, ટેક્સ કોમ્પ્લાયન્સ સાથે ટેક્સનો અગત્યનો મુદ્દો છે. Tax Dispute Resolution એટલે કે ટેક્સ ક્ષેત્રે વિવાદોનું નિરાકરણ. ટેક્સ ભરવો, એની પ્રક્રિયા, પ્રક્રિયા કર્યા પછી પણ ઘણીવાર ઘણી તકલીફો પડતી હોય છે, એને કહેવાય છે Tax Resolution. એમાંથી કેવી રીતે બહાર નીકળવું. જો સમયસર ટેક્સ વિવાદોનું નિરાકરણ ના કરવામાં આવે તો સમાજમાં આર્થિક વ્યવહારો પર બિનજરૂરી બ્રેક લાગી જતી હોય છે, તેથી વિવાદોનું ન્યાયપૂર્ણ સમયસર નિવારણ લાવવું ખૂબ જ અગત્યનું છે. વિવિધ ટેકસ ટ્રિબ્યુનલ દ્વારા જરૂરી પગલાં લેવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રીમદ્ ભગવત ગીતામાં પણ લખાયેલું છે કે, 'પરિવર્તન એ સંસારનો નિયમ છે.' જે સંસ્કૃતિ આ બદલાવો સાથે, પોતાના સમય સાથે ઢાળી શકે તે જ ટકી શકે છે. ભારતીય સંસ્કૃતિ વિશ્વની માત્ર એક એવી સંસ્કૃતિ છે જે પ્રાચીન સમયથી આજદિન શુષ્પ્ત રહેલી છે. એટલે ઇન્ડિયાને Ageless Civilization કહેવામાં આવે છે. આજના આધુનિક સમયમાં પરિવર્તનનો ખૂબ ઝડપી ગતિએ થઇ રહેલ વિકાસ. દા.ત. પાંચ વર્ષ પહેલા મોબાઇલ ફોન વાપરતા હતા તે ખૂબ ટૂંકા સમયમાં વધુ સ્માર્ટ બની ગયો છે. આ ઉદાહરણ લઇને જ્યારે World Economic Forum તેમજ Multilateral અને International સંસ્થા દ્વારા ઇન્ડસ્ટ્રીયલ રિવોલ્યુશન ૪.૦ એને સંલગ્ન Creative Destruction ના વિચારો, ચર્ચા આમાં વિશ્વભરમાં થઇ રહી છે ત્યારે વિશ્વ એ ફિનટેક રિવોલ્યુશન એટલે કે ફાયનાન્સની દુનિયામાં ટેકનોલોજી દ્વારા લાવવામાં આવતી ક્રાંતિ. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ હોય, ડિ-પ્લાનિંગ વગેરે દ્વારા સાયન્સની દુનિયામાં અભૂતપૂર્વ બદલાવ જોવા મળી રહ્યો છે અને હજુ જોવા મળશે.

સભાપતિશ્રી : છેલ્લી એક મિનિટમાં પૂરું કરો.

શ્રીમતી મનીષા રા. વકીલ : કોંગ્રેસ પક્ષના સભ્યો નથી એટલે મને પાંચ મિનિટ વધારે આપો.

સભાપતિશ્રી : આપણે એ નથી એમ સમજીને ચાલીએ છીએ.

શ્રીમતી મનીષા રા. વકીલ : મને સૌને જણાવતા આનંદ થાય છે કે ગુજરાત રાજ્ય સમગ્ર દેશ અને વિશ્વને આગળ વધારવા અગ્રેસર છે. આનું શ્રેષ્ઠ ઉદાહરણ ગાંધીનગરની ગિફ્ટસિટી. તાજેતરમાં નેશનલ સ્ટોક એક્ષચેન્જ અને સિંગાપુર એક્ષચેન્જ વચ્ચે એગ્રીમેન્ટ થયેલો છે. જે ભારતને વિશ્વમાં ઉભરતો સિતારો તરીકે સ્થાપિત કરશે. વર્ષ ૨૦૨૩માં જી-૨૦ માં નેતૃત્વ હાથ ધરતા સમયે વિશ્વકક્ષાએ ગિફ્ટસિટી જેવી સંસ્થાએ ભારતને એક બળવાન દેશ તરીકે પ્રોજેકટ કરવાનું અસરકારક કામગીરી કરશે. માનનીય અધ્યક્ષશ્રી, આપની જો મંજૂરી હોય તો મારે બે જ વાત ગૃહ વતી મૂકવી હતી. આપ જો મને પરમિશન આપો તો સાહેબ, મારે ખાલી...

સભાપતિશ્રી: ઝડપથી પૂરું કરો.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી મૂળ ગુજરાતી છે અને ગુજરાતી હોવાનો આપણને સૌને ગર્વ પણ છે. એમનું નામ દેશ અને દુનિયામાં પણ ખૂબ ગૌરવપૂર્વક લેવામાં આવે છે ત્યારે જે દેશમાં અત્યારે પરિસ્થિતિ ચાલી રહી છે અને જે વાત એમના માટે મૂકવામાં આવે છે ત્યારે ખાલી મારે પાંચ વાત મૂકવી

છે. આ ગૃહવતી કદાચ બધા મારાથી સંમત હશે જો હું આ વાત મૂકું તો અને મારે હિન્દીમાં આ વાત મૂકવી છે. મારા પાંચ પોઇન્ટ છેઃ (૧) જે ગઇકાલે ઇન્ટર્વ્યૂ આપતા હતા એમના માતાજી ગઇકાલે યુ.પી.એ.ની સરકારમાં મુખિયા હતા ત્યારે ત્યાં **क्या उनकी सरकार ने अदाणी को 72 हजार करोड का लोन एक्साइड किया था? पहेला प्रश्न. दुसरा- क्या उनका राजस्थान के सीएम, उन्हों ने 60 हजार करोड का इन्डस्ट्रियल पेकेज अदाणी को दिया था? तीसरा- क्या छत्तीसगढ़ में कोल का काम करने के लिए अदाणी प्रदान करने के लिए विशेष प्रावधान-सहयोग उनको दिया था? Fourth- 1990 में जब गुजरात में चीमनलाल जी की सरकार थी तो पोर्ट बनाने के लिए अदाणी को गुजरात में जमीन दी गई थी? Fifth – 1985 ये AXIM पोलीसी जब वहां पीएम राजीव गांधी थे तो क्या उन्हों ने ये अदाणीजी के लिए ट्रेडिंग हाउस बनाया था। बस मेरे ये जो पांच प्रश्न हैं, जो आज यहां से वोक आउट कर के गए हैं। मेरे ये पांच प्रश्न जो हैं, ये मेरे नहीं हैं, पूरे देश के हैं, सबके हैं, तो क्या इसका जवाब हमें मिल सकता है? इसके साथ ही मैं मेरी बात यहां पूरी करती हूं। और** શ્રી કનુભાઇ દેસાઇ, જે માગણી લઇને આવ્યા છે અને પાછું બહેનો વતી હું એમને આગ્રહ કરું છું આજે છેલ્લો દિવસ છે સાહેબ, હવે તમે આજે ઘોષણા કરી દેજો. સાહેબ, જાહેરાત કરી દેજો. આભાર.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા આજે ઊર્જા અજે પેટ્રોકેમિકલ વિભાગ માટે અનુદાનોની માગણીઓ ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન ગુજરાતની સમૃદ્ધિના પાયામાં જનશક્તિ છે, જ્ઞાનશક્તિ છે, જળશક્તિ છે, રક્ષાશક્તિ છે, ઊર્જાશક્તિ છે. એમ પંચશક્તિ રહેલી છે. ગુજરાતના વિકાસમાં ઊર્જાશક્તિનું ખૂબ મોટું યોગદાન રહેલું છે. આઝાદીનાં ૪૦ વર્ષ પછી પણ ગુજરાતમાં વીજળીની હાડમારી હતી. કિસાનો વીજ પુરવઠા માટે વલખાં મારતાં હતાં. ગુજરાત આખું વીજળી કાપમાં હતું. હું ગર્વ સાથે કહીશ કે ગુજરાત જયારે ભા.જ.પ. સત્તા ઉપર આવ્યો અને સત્તાના સૂર સંભાળ્યા ત્યારે ગુજરાત વિકાસ યાત્રાની શરૂઆત થઇ. ગુજરાતમાં એક સમય એવો હતો કે સાંજે જમવા બેઠા હોય, કોળીયો મોમાં મૂકવા જઇએ અને વીજળી ડૂલ થઇ જાય. ઘરઆંગણે લગ્નનો માહોલ હોય, આનંદ ઉત્સવ હોય, વીજળી જતી રહે, ખેડૂતોને જરૂરી વીજળી ન મળે. આવા દિવસો ગુજરાતના હતા. હું ગર્વ સાથે કહીશ કે આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી તત્કાલીન મુખ્યમંત્રી હતા અને ત્યારે એમણે સત્તા સંભાળી અને પહેલી જ વિધાનસભાની અંદર આપણા સૌના પનોતા પુત્ર અને ગુજરાતનું ખમીર શ્રી મોદીસાહેબે ૨૪ કલાક વીજળી આપવાનો વિધાનસભાના ફ્લોર ઉપર સંકલ્પ કર્યો. હું જે સમજું છું ત્યાં સુધી વિપક્ષના નેતા શ્રી અમરસિંહ ચૌધરી હતા. જયારે શ્રી મોદીજીએ કહ્યું કે, ચોવીસ કલાક વીજળી ગામેગામ મળવી જોઇએ. ત્યારે વિપક્ષના નેતાએ કહ્યું કે, ભાઇ આ અશક્ય છે. ત્યારે શ્રી મોદીજીએ કહ્યું કે, મારા માટે નામુમકિન કશું જ છે નહીં, હું શક્ય કરીશ. આ નિર્ણય સાથે આજે ગુજરાતની અંદર જયોતિગ્રામ યોજના લાવીને ચોવીસ કલાક સુધી લાઇટ આપવાનું કામ કર્યું હોય તો શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ કરેલું છે. આજે ગુજરાત રાજ્ય અન્ય રાજ્યોને પણ વીજળી પૂરી પાડે છે. ઊર્જા ક્ષેત્રે આઝાદીના ઇતિહાસમાં ચાલીસ વર્ષ સુધી જે કાર્ય થયા તેનાથી પણ બમણા વિકાસ કાર્યો છેલ્લા પચ્ચીસ વર્ષમાં ભાજપની સરકારે કર્યા છે. હાલમાં ગુજરાતમાં માથાદીઠ વીજળીનો વપરાશ ૨૨૮૩ યુનિટ થયેલ છે. જે દેશમાં સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૧૨૫૫ની સરખામણીમાં લગભગ બમણો છે. હાલમાં રાજ્યની મહત્તમ વીજળીની માંગ ૨૧૩૨૨ મેગાવોટ સુધીની છે. આજે પરંપરાગત વીજ ઉત્પાદન ક્ષમતા ૨૨૦૭૨ મેગાવોટ થાય છે. જેના કારણે આજે આપણે ગુજરાતમાં વિના વિક્ષેપ વીજળીનો પુરવઠો આપી શકીએ છીએ. મને કહેતા ગર્વ થાય છે કે, ગુજરાતની ભાજપની સરકાર ૧૬ વર્ષમાં ખેડૂતો માટેની વીજળીના દરમાં કોઇ વધારો કરેલો નથી. આ ગુજરાતનો દ્દષ્ટિકોણ છે અને આ કામ થયું છે તેનો આનંદ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર હોર્સપાવર આધારિત વીજદરમાં પહેલાં જે સ્લેબ હતા તેને એક સ્લેબ હેઠળ આવરી લઇ રાજ્યના બે લાખ કિસાનોના વીજ બિલમાં રાહત માટે વાર્ષિક ૨૬૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. મને કહેતા આનંદ થાય છે કે, કોંગ્રેસના સમયમાં માત્ર પંદરથી વીસ હજાર જેટલા ખેતીવાડી વીજ કનેકશનો આપવામાં આવતાં હતાં. ભારતીય જનતા પાર્ટીની સરકારે ૯૯૪ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને ૬૨૦૦૦ લોકોને વીજ કનેકશન આપવાનું કામ કરેલું છે. એક ખેતીવાડી વીજ જોડાણમાં રૂપિયા ૧ લાખ ૬૦ હજાર જેટલો ખર્ચ થાય છે. તેમાં ૫૦ હજાર રૂપિયા કરતાં વધુ રાહત આ ભાજપની સરકારે આપી છે. ગુજરાતના કિસાનો દિવસે વીજળી વાપરવા મળે તે માટે માંગ કરતા હતા. (સમયસૂચક ઘંટડી) થોડો ક ટાઇમ આપવા વિનંતી છે.

સભાપતિશ્રી : ઝડપથી પૂરું કરો.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે એક આગવો અભિગમ અપનાવીને કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ રૂ.૩૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યમાં તમામ ૩૩ જિલ્લાઓને

આવરી લેવાનું કામ કરેલું છે. સૌર વીજ ઉત્પાદન ક્ષેત્રે સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ નંબરે છે. સોલાર પેનલ માટે ૩ કિલોવોટ માટે ૪૦ ટકા સબસિડી અને તેનાથી વધારે કિલોવોટ માટે ૨૦ ટકા સબસિડી આપવાનું કામ ચાલી રહ્યું છે. આ યોજનાના કારણે વર્ષ ૨૦૨૨-૨૩માં ૭૩૨૦૦ સોલાર સિસ્ટમ લગાડી ચૂકયા છીએ. ૨૭૫ મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરી રહ્યા છીએ. મારી વાત બે જ મિનિટમાં પૂરી કરીશ. આજે આ જે માગણીઓની વાત આવી છે ત્યારે બહેનોની માગણી છે કે વધુ ગ્રાન્ટ મળે, પરંતુ અમને પણ ગ્રાન્ટ અઢી કરોડ કે ત્રણ કરોડ આપો તેવી અમારી લાગણી અને માગણી છે. શ્રી કનુભાઇ દેસાઇ અમારા દિલદાર અને સમજું છે. અમને પૂરો વિશ્વાસ છે કે, જે રીતે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારે જે બજેટ આપ્યું છે તેવી જ રીતથી અમારા વિકાસનાં કામોમાં ગ્રાન્ટ આપવા વિનંતી.

શ્રી અમૂલ ભટ્ટ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, નાણા વિભાગનું બજેટ વર્ષ ૨૦૨૩-૨૪માં અનુદાન માટેની માગણીઓ અંગે રજૂઆત કરતા પહેલા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના સૂકાન હેઠળ નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ જે ઐતિહાસિક બજેટ રજૂ કર્યું છે એને માટે આ સમગ્ર ગૃહ વતી હું અભિનંદન આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું કમ્પેર કરવા માગું છું કે, જે રાજયનું વર્ષ ૧૯૯૫-૯૬માં ૧૦ હજાર કરોડ રૂપિયાનું બજેટ હોય તે રાજયના બજેટનો વ્યાપ વર્ષ ૨૦૨૩-૨૪માં રૂપિયા ૩ લાખ કરોડ કરતા પણ વધારે પહોંચ્યો છે તે પ્રત્યેક ગુજરાતી માટે એક આનંદ અને ગૌરવનો વિષય છે. છેલ્લાં ૨૦ વર્ષમાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને પ્રવર્તમાન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના દૂરંદેશી માર્ગદર્શન અને વડપણ હેઠળ શરૂ થયેલી યાત્રાના પરીણામે હું કહેવા માગું છું કે, ગુજરાત રાજયનો જી.ડી.પી. રૂપિયા ૧.૨૫ લાખ કરોડ હતો તે વધીને રૂપિયા ૨૦ લાખ કરોડ સુધી પહોંચ્યો છે તે આપણા માટે ગૌરવની વાત છે. આ માગણીઓ શા માટે સ્વીકારવી જોઇએ? ગુડ ગવર્નન્સ ઇન્ડેક્ષમાં ગુજરાત પ્રથમ ક્રમાંકે સમગ્ર દેશમાં રહ્યું છે એ પણ આપણે માટે ગૌરવની બાબત છે. લગભગ ૨૮૦ જેટલી જનસુવિધાઓને ડિજિટલ માધ્યમથી ગુજરાતના છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું કામ જો કોઇએ કર્યું હોય તો આ સરકારે કર્યું છે અને એટલે આ સરકાર ધન્યવાદને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, શા માટે આ બજેટની માગણીઓને આપણે મંજૂર કરવી જોઇએ? આગામી પાંચ વર્ષમાં ભારતને દુનિયાની ત્રીજા નંબરની ૫ ટ્રિલિયન ડોલરની આર્થિક મહાસત્તા બનાવવા માટેનું દિશા નિર્દેશન કરતું આ બજેટ છે અને એની માગણીઓ છે માટે એને આપણે મંજૂર કરવાની જરૂર છે. પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુઃખે દુઃખી એવા સંવેદનાસભર શાસન દ્વારા આપણા ગુજરાતના ગરવા નાગરિકોની સેવા કરવાના આશીર્વાદ સતત બે દાયકા કરતાં વધુ સમયથી અમને મળતા રહ્યા છે. ગુજરાતના સક્ષમ આર્થિક આયોજન માટે પણ હું સરકારને અભિનંદન આપું છું. હું આ માગણીઓના સંદર્ભમાં ડીટેઇલમાં આવું એ પહેલા કહેવા માગું છું કે, ક્યાંક કોટ કરવામાં આવ્યું છે કે, happiness is not in the more possession of money and it lies in the joy of achievement in the feel of creative effort. માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજયની તમામ ૩૩ જિલ્લાઓની કચેરીઓને પેન્શન કોમ્પ્યુટરાઇઝ આપણે ચૂકવણી કરી રહ્યા છીએ. રાજયના કરોની ઓનલાઇન સમયસર ચૂકવણી થઇ રહી છે. રાજયના તમામ કર્મચારીઓ અને પેન્શનરો માટે લાભાર્થીઓને સીધા ખાતામાં આપણે પેમેન્ટની ચૂકવણી કરી રહ્યા છીએ. ૫ લાખ પેન્શનરો માટે ઇ-પેમેન્ટ યોજના છે, પેન્શનરોની હયાતીની ખરાઇ માટે જીવન પ્રમાણ પોર્ટલ યોજના છે, પેન્શનરોની માસિક પેન્શનની માહિતી માટે પેન્શન પોર્ટલ યોજના છે. તમામ તિજોરીમાં ઇ-ચૂકવણીથી બિલની ચૂકવણી થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ વાતો થઇ શકે એમ છે, સરકારના તમામ નાણાકીય વ્યવહારો પેપર ટુ ફ્રોલો બંધ કરી ઇમેજ બેઇઝ કિલયરિંગ સિસ્ટમનો ઉપયોગ કર્યો છે, ૭મા પગાર પંચની બાંધણીની ચકાસણી પે ફિક્સેસન મોડ્યુલ દ્વારા કરવામાં આવી છે. છેલ્લે કહેવા માગું છું કે, આગામી પાંચ વર્ષના આયોજનને નજરમાં રાખી આ જે પાંચ સ્થંભોનો મૂળ મંત્ર રહ્યો છે. બસ છેલ્લી વાત કહું છું કે, મને એટલી સમજ છે, એટલી સમજ મને પરવર દિગાર દે સુખ જ્યાં મળે ત્યાં બધાના વિચાર કરવાની સદ્‌બુદ્ધિ આખા ગૃહને આપે, ખૂબ ખૂબ આભાર. "જય જય ગરવી ગુજરાત."

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, દરિયાદિલ નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે માગણીઓ લઇને આવ્યા છે, તેમાં ઊર્જા શકિત વિદ્યુત પરિયોજના ઉપર મારા વિચારો રજૂ કરવા અને સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

"या देवी सर्वभूतेषु उर्जा-रूपेण संस्कृतः, नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः॥"

ઊર્જા વગર આખું જગત અધૂરું છે. દરેક વ્યકિતના જીવનમાં પણ જો ઊર્જા ના હોય તો એ ઊર્જા વગર સાવ અંધારું છે. આ વિશ્વની અંદર તમામ વપરાશની અંદર જયારે વીજળી શકિતનો ઉપયોગ ધીમે ધીમે વધી રહ્યો છે અને ત્યારે તે વીજ શકિતના ઉપયોગને પૂર્તતા કરવા માટે ગુજરાત સરકાર આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં નીચે છેવાડાના માનવી સુધી પંડિત દીનદયાળજીના જે વિચારો અંત્યોદય સુધીના હતા કે ગરીબમાં ગરીબ માણસને પણ Ease of Livingની વ્યવસ્થા મળે, તે સારી રીતે જીવન વ્યતિત કરી શકે તેની વ્યવસ્થા મળે એવા તમામ પ્રયાસો કરતી આ ગુજરાત સરકાર ગરીબ માણસો માટે પણ કામગીરી કરી રહી છે તેના માટે ઝૂંપડાની વીજળીકરણની યોજના પણ લાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઝૂંપડા શબ્દ ઉપર અગાઉ અમુક લોકો એવો વિચાર કરતા હતા કે, ઝૂંપડું એટલે સાવ કાચું ઝૂંપડું, પરંતુ સાહેબ સામાન્ય અને મધ્યમવર્ગ કે જેની ગ્રામ્ય વિસ્તાર માટે આવક રૂપિયા ૧ લાખ ૨૦ હજાર અને શહેરી

વિસ્તાર માટે રૂપિયા ૧.૫૦ લાખની આવક છે, એવા સામાન્ય લાભાર્થીઓને પણ આ ઝૂંપડાઓના વીજળીકરણની યોજનામાં આવરી લઇ અને સરકારે વર્ષ ૨૦૨૦-૨૧માં રૂપિયા ૦.૧૮ લાખ, વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૪.૧ લાખ અને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂપિયા ૦.૬૦ લાખના ખર્ચે ટોટલ ત્રણ વર્ષની અંદર રૂપિયા ૪.૭૯ લાખના ખર્ચે મારા માંડવી વિધાનસભા મત વિસ્તારમાં ગરીબ લોકોના કલ્યાણ માટે પણ કામગીરી કરેલી છે જેને હું બિરદાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતીવાડીની અંદર સતત વીજળીની જરૂરિયાત રહેતી હોય છે એટલે ખેતીવાડી કૃષિ વિષયક યોજનાઓ પણ લાવવી પણ ખૂબ આવશ્યક હતી. ભૂતકાળની અંદર કચ્છની અંદર ખેડૂતો રસ્તા ઉપર નીકળે ત્યારે તે વખતના તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે એવું કહ્યું હતું કે તમે વીજળીની ચિંતા કરતા પાણીની ચિંતા કરો. વીજળી હું તમને આવનારા દિવસોમાં ઝડપથી પૂરી પાડીશ અને એ સત્ય નીકળ્યું, કારણ કે વીજળી તે વખતે ખેડૂતો પોતાના ખેતરમાં જયારે સિંગલ ફેઝ વીજળી મળતી હતી, ત્યારે ટોટાનો ઉપયોગ કરી અને નીચે મોટર ચલાવતા અને પાણી કાઢતા હતા, પરંતુ તે સમયે ટોટાના કારણે અને સિંગલ ફેઝ વીજળીના કારણે તેમની મોટર બળી જતી હતી. લગભગ દર મહિને તેમને મેઇન્ટેનન્સ આવતું હતું અને આખા વર્ષ દરમિયાન ૫૦થી ૮૦ હજાર રૂપિયા જેટલો ખર્ચ એ ખેડૂતોને થતો હતો. એ ખેડૂતોની તકલીફ સમજી અને...

સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : સાહેબ, આપે મને દસ મિનિટ આપી છે.

સભાપતિશ્રી : બધું બદલાઇ ગયું, આપ એક મિનિટમાં પૂરું કરો.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, મને થોડો સમય આપો.

સભાપતિશ્રી : ચાલુ રાખો, ચાલુ રાખો.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, એટલે એ ખેડૂતોને પણ સતત વીજળી મળી રહે તે માટે તાત્કાલિક વ્યવસ્થા કરી, કિસાન યોજના લાવી અને એ ખેડૂતોને પૂરતી વીજળી મળી જેના કારણે કિસાનો ૮ કલાક સુધી વીજળી મેળવી અને પોતાની કામગીરી કરી શકયા છે. અનુસૂચિત જાતિ, જનજાતિના લોકો માટે પણ વીજળી મળી શકી છે. કિસાનોના હિત ઊર્જા શકિત યોજના પણ મળી છે. હું માનનીય ઊર્જામંત્રીશ્રીને આ તબક્કે વિનંતી કરું છું કે, આપણે માનનીય પ્રધાનમંત્રીશ્રીનો મત વિસ્તાર કે જે વારાણસી છે તે કાશીની તર્જ ઉપર આપણે પણ આપણા ગુજરાતની અંદર જે તાલુકા મથકો છે તેને વાયર ફ્રી કરીએ. હમણાં હું કાશી દર્શન કરવા ગયો હતો. આખા કાશીમાં કયાંય વીજળીના વાયરો દેખાતા નથી અને ઘરો ઘર પ્રકાશિત છે, તે પ્રકારે તાલુકા મથકો ઉપર પણ આપણે કરી શકીએ, તો આવાનારા દિવસોમાં એવો પણ વિચાર કરી શકીએ. આવનારા દિવસોમાં સ્વચ્છ ઊર્જા, ગ્રીન ઊર્જા થઇ રહી છે, ત્યારે આવનારા દિવસોમાં વાહનો ઇલેક્ટ્રિક સ્વરૂપે જયારે પરિવર્તિત થઇ રહ્યાં છે, તો એમાં પણ જયારે વીજળીની જરૂરિયાત ઊભી થશે, ત્યારે એ વીજળીનો પણ આપણે પ્રારંભ કરી રહ્યા છીએ અને સૂર્યશકિત કિસાન યોજના મારફત ખેડૂતોને પણ દિવસે વીજળી પ્રાપ્ત થાય તેના માટે પણ વ્યવસ્થા થયેલી છે અને ગુજરાત સરકારે કરેલી છે, તેમાં મારા માંડવી વિધાનસભા મત વિસ્તારમાં પણ બે સ્કાય ફિડરો લગાવી અને કિસાનોને ફાયદો થયો છે. આ તકે આપનો આભાર માની અને જે માગણીઓ લઇને આવ્યા છે તેને સમર્થન કરું છું.

શ્રી અરવિંદ શાં. રાણા(સુરત-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નાણામંત્રી માનનીય શ્રી કનુભાઇ દેસાઇ સાહેબ માગણી ક્રમાંક-૧૫, ૧૬, ૧૭ અને ૧૮ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાં વિભાગના અંદાજપત્રમાં સમાવેશ કરેલ અનુદાનોની માગણીઓ અન્વયે નાણાં વિભાગ સચિવાલયના અગત્યના વિભાગ પૈકીનો એક વિભાગ છે. નાણાં વિભાગની યોજનાઓ પર હું મારા વિચારો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. સુદ્રઢ રાજવિત્તીય વ્યવસ્થાપન એ દેવાની સ્થિતિ અને રાજવિત્તીય શિસ્તની વાત કરું તો રાજ્યનું દેવું રાજ્યના વિકાસ કાર્યો એટલે કે મૂડીખર્ચ માટેનું એક સંશાધન છે. ગુજરાત રાજવિત્તીય જવાબદારી અધિનિયમ-૨૦૦૫ એ દેવાનું વાર્ષિક કદ અને કુલ દેવાની મર્યાદા માટેના માપદંડ નક્કી કરે છે અને રાજવિત્તીય શિસ્તના પાલન માટે માર્ગદર્શક બને છે. રાજ્ય સરકાર દ્વારા મહેસૂલી ખાધ ક્રમશ: નાબૂદ કરીને રાજવિત્તીય સ્થિરતા સાથે સુસંગત નક્કર દેવા વ્યવસ્થાપન ઊભું કરીને રાજવિત્તીય વહીવટી તંત્ર વધુ પારદર્શક બનાવીને તેમજ મધ્યમ મુદ્દતીય માળખામાં રાજવિત્તીય વહીવટી તંત્રમાં વધુ પારદર્શકતા લાવીને રાજવિત્તીય નીતિ હાથ ધરીને રાજવિત્તીય વ્યવસ્થા તંત્ર અને રાજવિત્તીય સ્થિરતામાં સમજદારી સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારને જવાબદાર બનાવવા ગુજરાત રાજ્યવિત્તીય જવાબદારી અધિનિયમ-૨૦૦૫ ઘડવામાં આવ્યો છે. જાહેર દેવાં દ્વારા ઊભાં કરવામાં આવેલ સંસાધનોનો ઉપયોગ રાજ્ય સરકાર દ્વારા વિકાસ કાર્યો માટે કરવામાં આવે છે. રાજ્યનો ઊંચો વિકાસ દર અને તે અન્વયે ઊંચું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન આ વાતની પુષ્ટિ કરે છે. રાજ્ય સરકાર વિકાસના કાર્યો કરવા માટે નિયત કરેલી માત્રામાં દેવાં દ્વારા નાણાં ઊભાં કરી શકે તેવી મર્યાદા નક્કી કરતાં માપદંડો રાજવિત્તીય અધિનિયમ-૨૦૦૫ની જોગવાઇ અન્વયે નિયત કરવામાં આવ્યા છે અને તે માપદંડો રાજવિત્તીય શિસ્તના પાલન માટે માર્ગદર્શક બને છે. વખતોવખત નાણાપંચની ભલામણો અન્વયે આ રાજવિત્તીય માપદંડો વધુ આકરા અને સઘન બનાવાયા છે. તેમાં (૧) મહેસૂલી ખાધને નાબૂદ કરવી કે મહેસૂલી પુરાંત હાંસલ કરવી. (૨) રાજવિત્તીય ખાધ રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદન એટલે કે જી.એસ.ડી.પી.ના ૩ ટકાની મર્યાદામાં રાખવાની અને કુલ જાહેર દેવું રાજ્યના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનના જી.એસ.ડી.પી.

૨૭.૧૦ ટકાની મર્યાદામાં રાખવું. મારે આ અંગે કહેવું છે કે અત્યારે તો કૉંગ્રેસના કોઇ મિત્રો નથી, પણ છેલ્લાં પાંચ વર્ષથી આ વિધાનસભામાં જ્યારે પણ નાણા વિભાગની માગણી આવતી હોય છે, ત્યારે કૉંગ્રેસ તરફથી માત્રને માત્ર દેવાં વિશે વાત કરાતી હોય છે. મારે આ સભાગૃહને જણાવવું છે કે વર્ષ ૨૦૨૨-૨૩ના બજેટ એસ્ટિમેટ મુજબ દેશના કેટલાંક રાજ્યોની સાથે જાહેર દેવું અને રાજવિત્તીય ખાધ કેટલી છે તે હું આ સભાગૃહમાં જણાવવા માગું છું. મહારાષ્ટ્ર રાજ્યનું જી.એસ.ડી.પી. રૂ.૩૫,૮૧,૦૦૦નું છે તેની સામે એને ૨૭ ટકા દેવું હોવું જોઇએ એટલે કે રૂ.૯,૭૦,૪૭૧ કરોડનું હોવું જોઇએ. જ્યારે હાલમાં એમનું દેવું રૂ.૫,૬૩,૪૧૩ છે. પંજાબમાં જી.એસ.ડી.પી. રૂ.૬,૨૯,૮૩૪ કરોડનું છે. જેમાં ૨૭.૧ ટકા પ્રમાણે દેવું રૂ.૧,૭૦,૬૮૫ કરોડ હોવું જોઇએ જે અત્યારે ૪૨.૨ ટકા એટલે કે રૂ.૨,૬૪,૬૩૭ કરોડનું છે.

શ્રી સંજય સુ. કોરડિયા(જૂનાગઢ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ સાહેબ નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની ચર્ચા માટે જે અનુદાન લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છે. માનનીય નાણામંત્રીશ્રી એકદમ સરળ અને મૃદુ સ્વભાવથી પોતાના વિભાગની કામગીરી કરી રહ્યા છે ત્યારે હું વીજળી શક્તિ પરિયોજનાઓ વિશે મારા વિચારો રજૂ કરું છું. હું જે નગરમાંથી આવું છું એ જૂનાગઢના નરસૈયાએ એક કાવ્ય ગાયું છે.

''વૈષ્ણવ જન તો તેને કહીએ રે, જે પીડ પરાઈ જાણે રે.''

માનનીય અધ્યક્ષશ્રી, છેવાડાના માનવીને મદદરૂપ કઈ રીતે થઈ શકીએ તેવી યોજના ભારતીય જનતા પાર્ટીની આ ગુજરાતની સરકાર દ્વારા લાવવામાં આવી છે. દેશ આઝાદ થયો પછી ૫૦-૫૫ વર્ષ સુધી ગામડાઓમાં વીજળી મળતી ન હતી. જ્યારે ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર ચૂંટણી વખતે પ્રચારમાં જતો ત્યારે ગામડાઓના લોકો કહેતાં કે ''રાતે વાળુ સમયે તો વીજળી આપો.'' આવો સમય આ ગુજરાતનો હતો. ગુજરાતના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગામડાના લોકો હેરાન ન થાય તે માટે છેવાડાના માનવી સુધી ૨૪ કલાક વીજળી પહોંચાડવાનું કામ તો કર્યું જ છે, પણ આપણે દેશને ખેડૂત પ્રધાન દેશ ગણીએ છીએ, ત્યારે દેશમાં ખેડૂતોની હાલત એવી હતી કે વીજળી ક્યારે આવે અને ક્યારે જાય એ જ ખબર ન હોય! ખેડૂતને ક્યારે ખેતર ઉપર જવું એ પણ વિચાર થતો ન હતો તેવી પરિસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટીની આ ગુજરાતની સરકારે ખેડૂતોને પણ કાયમી આઠ કલાક વીજળી આપવાનું કામ કર્યું છે. કૉંગ્રેસના મિત્રો આજે હાજર નથી, પણ જ્યારે તેઓ ખેડૂતોની ચિંતા કરતા હોય ત્યારે એમને કહેવું છે કે ખેડૂત વિશે બોલવાનો તમને કોઈ હક્ક નથી. વીજળીની બાબતમાં ખેડૂતોને પરેશાન કરવાનું કોઈ કામ તમે બાકી રાખ્યું નથી. અમારી ભારતીય જનતા પાર્ટીની આદરણીય શ્રી નરેન્દ્રભાઈની સરકાર હોય કે અત્યારે શ્રી ભૂપેન્દ્રભાઈની સરકાર હોય તેમણે ખેડૂતોને દિવસે વીજળી મળે તે માટેના પ્રયત્નો કર્યા છે અને આવનારા દિવસોમાં સમગ્ર ગુજરાતમાં ખેડૂતોને દિવસે વીજળી મળશે એટલે રાત્રે કે ટાઢ,તડકા,વરસાદમાં જવું ન પડે તેવું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં કર્યું છે. મને જણાવતા આનંદ થાય છે કે સમગ્ર દેશમાં સૌથી વધુ વીજળીનું ઉત્પાદન કરતું રાજ્ય ગુજરાત છે. રાજ્યના સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજળી પાયાની આવશ્યકતા છે. વર્ષ ૨૦૨૧-૨૨માં સરેરાશ માથાદીઠ વપરાશ ૨૨૮૩ યુનિટ છે જ્યારે રાષ્ટ્રીય કક્ષાએ આખા રાજ્યનો સરેરાશ વપરાશ ૧૨૫૫ યુનિટ છે. એ સાબિત કરે છે કે સારી રીતે વીજળી આપવાથી રાજ્યમાં ઉદ્યોગ અને ખેતી આધારિત ખૂબ મોટા પ્રમાણમાં વિકાસ થયો છે અને આ વિકાસ દર્શાવે છે કે સમગ્ર દેશના સરેરાશ વપરાશ કરતા ડબલ વપરાશ આ ગુજરાત રાજ્યમાં થાય છે. ગુજરાત રાજ્યનો આર્થિક વિકાસ પણ ખૂબ મોટા પ્રમાણમાં થઈ રહ્યો છે. મને જણાવતા આનંદ થાય છે કે ઊર્જા ક્ષેત્રે ગુજરાત હરણફાળ ભરી રહ્યું છે, ત્યારે વિશ્વનો સૌથી મોટો પુનઃપ્રાપ્ય ઊર્જા માટેનો પાર્ક કચ્છના ખાવડા ખાતે આકાર લઈ રહ્યો છે. જેની ક્ષમતા ૩૦ હજાર મેગાવૉટ જેટલી છે. જેમાં ૩૩૨૫ મેગાવૉટનું કામ પુનઃપ્રાપ્ય ઊર્જા આધારિત રહેશે. ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિક કૉર્પોરેશન લિમિટેડ દ્વારા એપ્રિલ-૨૦૨૨થી જાન્યુઆરી-૨૦૨૩ દરમિયાન કુલ ૨૧૧૪૦ મિલિયન યુનિટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવ્યું છે.

શ્રીમતી રિવાબા ર. જાડેજા(જામનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તેમજ નાણાં વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું અને ઊર્જા વિભાગની માગણી ક્રમાંકઃ ૧૩ અંતર્ગત વીજળી શક્તિ પરિયોજનાઓના સંદર્ભમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજળી એ એક મુખ્ય જરૂરી માપદંડ છે. વર્ષ ૨૦૨૦-૨૧માં રાજ્યનો સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૨૧૪૩ યુનિટ હતો. જે વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૨૮૩ યુનિટ થયેલ છે. જે દેશના માથાદીઠ વીજ વપરાશ ૧૨૫૫ યુનિટની સરખામણીમાં લગભગ બમણો છે. વિશ્વમાં ભૂ-રાજકીય પ્રશ્નો તેમજ કોલસાની અછત હોવા છતાં રાજ્ય સરકાર ગંભીર વીજ કટોકટી વખતે ગુણવત્તાસભર અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડવામાં સફળ રહી છે. રાજ્યસરકારની દૂરદર્શિતાના કારણે ગુજરાત શ્રેષ્ઠ વીજ વિતરણ વ્યવસ્થામાં રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયું છે. કેન્દ્ર સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા દેશની વિવિધ પર વીજ કંપનીઓની કામગીરીમાં વાર્ષિક મૂલ્યાંકન અંતર્ગત રાજ્ય સરકારની ચારેય વીજ વિતરણ કંપનીઓએ આ વર્ષે ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરીને એ પ્લસ રેટિંગ પ્રાપ્ત કરી છે. ખેતીવાડી વીજ જોડાણો અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં રાજ્ય સરકારે કુલ રૂ.૧૦૪૫ કરોડના ખર્ચે ૬૨ હજારથી વધુ ખેતીવાડી વીજ જોડાણો આપેલ છે. તે જ રીતે, વર્ષ ૨૦૨૨-૨૩માં ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં રૂ.૯૯૪ કરોડના ખર્ચે ૬૨ હજારથી વધુ ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા છે. આ ઉપરાંત, આપણા દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા

સી.ઓ.પી.૨૬ના ગ્લાસગો ખાતે યોજાયેલ સંમેલનમાં આબોહવા પરિવર્તન પરંપરાગત વીજ ઊર્જા સ્ત્રોતોમાં સતત ઘટાડો અને પ્રદૂષણના કારણે ઉત્પન્ન થતા પડકારોને અવસરમાં ફેરવી વિકાસના નવા આયામો સ્થાપિત કરવા પર ભાર મૂકેલ છે. તેઓએ આ માટે ગ્રીન ઊર્જા સ્ત્રોતોના ઉપયોગમાં ઉત્તરોત્તર વધારો કરી વર્ષ ૨૦૭૦ સુધીમાં કાર્બન ઉત્સર્જન નેટ ઝીરો કરવા માટેના સંકલ્પની જાહેરાત પણ કરી છે. વૈશ્વિક કક્ષાએ ઉદભવેલ કાર્બન આધારિત ઊર્જા સ્ત્રોતોની અનિયમિતતાને કારણે ભવિષ્યમાં ઊર્જા સંરક્ષણ માટે રિન્યુએબલ ઊર્જા સ્ત્રોતોનો કાર્યક્ષમ ઉપયોગ કરી આ ઊર્જાનો અનિવાર્ય સંજોગોમાં ઉપયોગ થાય એ માટેના પ્રયત્નો પણ કર્યા છે. સોલાર એનર્જી, હાઇડ્રો પાવર જનરેશન અને ગ્રીન એનર્જી સેક્ટરમાં નીતિ આધારિત વિકાસ કરી ગુજરાત આ ક્ષેત્રમાં અગ્રગણ્ય રાજ્ય બન્યું છે. મને કહેતા ખૂબ જ આનંદની લાગણી થાય છે કે, પવનચક્કી આધારિત ઊર્જા સ્ત્રોતોનો વિકાસ કરવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે છે. ગ્રીન હાઇડ્રોજન જેવા નવતર ઊર્જા સ્ત્રોતનો ઉપયોગ કરી રાજ્યને નવા ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે પણ અમારી સરકાર સતત કાર્યશીલ છે. જગતના તાત એવા ખેડૂત ભાઇઓ માટે પણ સતત જાગતી આપણી ગુજરાત સરકાર છે. તત્કાલીન મુખ્યમંત્રી અને આ દેશના આદરણીય વડાપ્રધાનશ્રી કૃષિપ્રધાન ભારતદેશના ખેડૂતો માટે સતત ચિંતિત છે અને સરકારશ્રી દ્વારા ખેડૂતભાઇઓને વિવિધ યોજનાઓ થકી કૃષિ ક્ષેત્રે ફાયદો થાય એ માટેની યોજનાઓ અમલીકરણ કરવામાં આવી છે. જે અંતર્ગત કિસાન સૂર્યોદય યોજના, કૃષિ વિષયક વીજ જોડાણો માટેની યોજના, અનુસૂચિત જાતિના ખેડૂત ભાઇઓ માટે કૂવાનું વીજળીકરણ થાય એ માટેની યોજના, કિસાન હિત યોજના અને ઊર્જા શક્તિ યોજના જેને આપણે બધા 'ખુશી'ના નામથી જાણીએ છીએ. સરદાર કૃષિ જ્યોતિ યોજના, પ્રધાનમંત્રી કુસુમ યોજના ઉપરાંત, ખેડૂતોને વીજ બિલમાં રાહત મળે એ માટે સરકારે છેલ્લાં ૧૬ વર્ષથી ખેડૂતોના વીજ દરમાં કોઇપણ જાતનો વધારો કર્યો નથી. આદિજાતિ વિસ્તાર માટે પેટા યોજના હેઠળ કૂવા અને પેટા પરાનું વીજળીકરણ, આદિજાતિ વિસ્તારમાં સબસ્ટેશન અને લાઇટનું નિર્માણ, કુટિર જ્યોતિ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને સીંગલ પોઇન્ટ વાયરિંગ સાથેના ઘર વપરાશના વીજ જોડાણ વિનામૂલ્યે આપવા માટે સરકારશ્રી તરફથી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. આદિજાતિ વિકાસની યોજના અંતર્ગત ટ્રાયબલ એરિયા સબ પ્લાનમાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન રૂ. ૨૦૦ કરોડની જોગવાઇઓ કરેલ છે. આ ઉપરાંત, સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના, સૂર્ય ગુજરાત સોલાર રૂફટોપ યોજના કે પછી ઝૂંપડપટ્ટીની યોજના હોય, અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગત ગુજરાત રાજ્યના કોઇપણ વિસ્તારમાં કે જ્યાં અનુસૂચિત જાતિના કુટુંબો વસે છે ત્યાં નિઃશુલ્ક ઘર વપરાશ માટે સરકારશ્રી દ્વારા ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. આ ઉપરાંત, નગરપાલિકા, મહાનગરપાલિકા, શહેરી વિકાસ સત્તામંડળ, ગ્રામ્ય વિસ્તાર હેઠળના વિસ્તારોમાં નાગરિકોને સાતત્યપૂર્ણ અને વિશ્વસનીય વીજ પુરવઠો મળી રહે તે માટે રસ્તાઓના વિસ્તૃતીકરણ, હયાત રસ્તાઓ પર અડચણરૂપ હયાત વીજ વિતરણ માળખાનું રાજ્ય શિફ્ટિંગ અને રીપ્લેસમેન્ટ માટે સરકારશ્રી તરફથી ડિસ્ટ્રિબ્યુશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર શિફ્ટિંગ યોજના અંતર્ગત શેર કેપીટલ પૂરું પાડવામાં આવે છે. સાથે રિવેમ્પડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સ્કીમ યોજનાનું પણ અમલીકરણ કરવામાં આવેલ છે. સીમ શાળાઓને નજીકના જ્યોતિગ્રામ ફિડરમાંથી વીજ પુરવઠો પૂરો પાડવા માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે અને શહેર કેપિટલ દ્વારા તેમને મદદ પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત, ગ્રાહકની સુવિધા માટે વીજ બિલના નાણાંની ચૂકવણી સરળતાથી તેમના ઘેર બેઠે થઇ શકે તે માટે ઓનલાઇન પેમેન્ટની સુવિધા પૂરી પાડવામાં આવી છે. સાથે સાથે ગ્રામ્ય વિસ્તાર માટે ઇ-ગ્રામ પંચાયતની પણ રચના કરવામાં આવેલી છે. માનનીય મંત્રીશ્રી જે ખેતીવાડી અંતર્ગત વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઊર્જા અને પેટ્રો કેમિકલ્સની માગણી નંબર-૧૨ અને ૧૩ તથા નાણાં વિભાગની માગણી નંબર- ૧૫,૧૬,૧૭ અને ૧૮ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં વીજ દર ખૂબ મોંઘો બનતો જાય છે. ગુજરાત રાજ્યમાં વીજ યુનિટના ભાવ રાત્રે વધતા નથી એટલા દિવસે વધી રહ્યા છે. ગુજરાત રાજ્યમાં મોંઘા વીજ દરના કારણે મધ્યમ અને ગરીબ વર્ગના લોકો માટે વીજ બિલ ભરવું ખૂબ મુશ્કેલ બનતું જાય છે. સાથો સાથ વીજ કંપનીને વીજ બિલ ઉઘરાવવા પણ ગીતો ગાવા પડે છે. ગુજરાત રાજ્યમાં કોઇએ ભૂલમાં પણ વીજ ચોરી કરી હોય તેવા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને જેલમાં પૂરી દેવામાં આવે છે તેવો સખ્ત કાયદો લાવવામાં આવ્યો છે. એના કારણે, ખૂબ દુઃખ સાથે કહેવું પડે છે કે, કરોડો રૂપિયાની ચોરી કરનાર ઉદ્યોગપતિઓ સામે કોઇ પગલાં લેવામાં આવતાં નથી. સાથો સાથ ઉદ્યોગપતિઓના કરોડો રૂપિયાના વીજ બિલો માફ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા બોટાદ મત વિસ્તારની વાત કરું તો, સૌથી વધુ વીજ ચેકિંગ મારા બોટાદ વિસ્તારમાં કરવામાં આવે છે. તંત્ર દ્વારા પ્રાઇવેટ અને માનિતી કંપનીઓ જેવી કે, અદાણી કંપની વિગેરે પાસેથી ખૂબ ઊંચા ભાવે વીજ યુનિટની ખરીદી કરીને, ગુજરાતની જનતાને ઊંચા ભાવે વીજળી આપવામાં આવે છે. આ ગુજરાતનું સૌથી મોટામાં મોટું વીજ *(xxx) છે. જો તંત્ર દ્વારા સરકારી વીજ ઉત્પન્ન કરતી કંપનીઓને પ્રોત્સાહન આપવામાં આવે અને આવા યુનિટોને પૂરેપૂરી ક્ષમતાથી ચલાવવામાં આવે તો આપણે ગુજરાતની જનતાને સસ્તી વીજળી આપી શકીએ તેમ છીએ. સાથો સાથ, ઘર ઉપર રૂફ

* માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ટોપ લગાડવા માટે સરકારશ્રી દ્વારા જો ૯૦ ટકા સબસિડી આપવામાં આવે તો પણ આપણે ગ્રીન ઊર્જા મેળવી શકીએ તેમ છીએ અને વીજળીના યુનિટના દરમાં ઘટાડો કરી શકીએ તેમ છીએ. ઊર્જા વિભાગમાં જો ઓછો ભ્રષ્ટાચાર થાય અને એમાં યોગ્ય પગલાં લેવામાં આવે તો દિલ્હી અને પંજાબ જેવાં રાજ્યોની જેમ, આપણે દરેક ઘર અને પરિવારને ૩૦૦ યુનિટ વીજળી મફત આપી શકીએ તેમ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રીન ઊર્જા મેળવવા માટે સરકારશ્રી પાસે ઘણા બધા સંશાધનો છે. વિશાળ દરિયો છે, જ્યાં સરકારી પવનચક્કી દ્વારા ગ્રીન ઊર્જા મેળવી શકીએ તેમ છીએ. સાથો સાથ હજારો કિ.મી.ની નર્મદા કેનાલો પણ છે. આની ઉપર જો આપણે સોલાર પેનલ લગાડીઓ તો પણ આપણે ગ્રીન ઊર્જા મેળવી શકીએ તેમ છીએ. ગુજરાત રાજ્યમાં ઘણી બધી નાની-મોટી સોલાર કંપનીઓ આવેલી છે. જો એની પાસેથી યોગ્ય કરાર દ્વારા આપણે વીજળી ઉત્પન્ન કરી એને ખરીદવામાં આવે તો પણ આપણે ઓછા યુનિટો લઇ શકીએ તેમ છીએ. સાથો સાથે ભવિષ્યમાં નાની-નાની કંપનીઓ દ્વારા ખૂબ સસ્તા દરે વીજ દર ખરીદવા કરાર થયેલા હતા. અત્યારે એને રદબાતલ કરવામાં આવ્યા છે. જો ગુજરાત સરકાર પોતાની સરકારી કંપની પાસેથી વીજળી ખરીદે તથા નાની-નાની કંપની પાસેથી ગ્રીન ઊર્જા ખરીદે તેમજ ગુજરાતના દરેક ઘર ઉપર રૂફ ટોપ યોજના પહોંચાડે અને તેમાં ૯૦ ટકા સબસિડી આપવામાં આવે તો આપણે ગુજરાત રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગને સસ્તી વીજળી આપી શકીએ તેમ છીએ. આજે અદાણી જેવી માનિતી કંપની પાસેથી ખૂબ ઊંચા ભાવે વીજળી ખરીદીને ગુજરાત સરકાર ખૂબ મોટુ વીજ (xxx) કરી રહી છે.

સભાપતિશ્રી : શ્રી ઉમેશભાઇ, આપ બે વખત (xxx) શબ્દ બોલ્યા છો એ રદ કરવામાં આવે છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના નાણાં વિભાગની વાત કરું તો ગુજરાત રાજ્યના કર્મચારીઓને ઓલ્ડ પેન્શન સ્કીમ લાગુ કરવી જોઇએ. સાથો સાથ ગુજરાત (વચ્ચે અટકાવતાં)

સભાપતિશ્રી : શ્રી ઉમેશભાઇ, એક મિનિટ ઊભા રહો. શ્રી પ્રવીણભાઇ, બોલો.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. સૌથી ઊંચા ભાવે ખરીદી કરવામાં આવે, એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. (xxx) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે. ભ્રષ્ટાચાર શબ્દ, એટલે જ્યાં જે વસ્તુ સાબિત થઇ ન હોય એ ન બોલવી જોઇએ.

સભાપતિશ્રી : ઓ.કે., (xxx) શબ્દ રદ કરવામાં આવે છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, નાણાં વિભાગની વાત કરું તો ખરેખર, ગુજરાત રાજ્યના દરેક કર્મચારીઓને ઓલ્ડ પેન્શનની યોજના લાગુ કરવી જોઇએ. સાથો સાથ વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓ જેવા કે આંગણવાડી બહેનો, હોમગાર્ડ અને આઉટ સોર્સિંગના કર્મચારીશ્રીઓને પૂરું રક્ષણ આપવું જોઇએ અને આવા કર્મચારીશ્રીઓને પેન્શન આપવું જોઇએ.

સભાપતિશ્રી : શ્રી ઉમેશભાઇ, આપનું પ્રવચન પૂરુ થાય છે. વિરામનો સમય થયો છે. વિરામ બાદ સભાગૃહ ફરીથી ૩-૧૫ કલાકે મળશે.

**(વિરામ બપોરના ૨-૩૦થી ૩-૧૫ સુધી)**

**માનનીય સભાપતિશ્રી પંકજભાઇ દેસાઇ અધ્યક્ષસ્થાને**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણાં તેમજ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની વર્ષ ૨૦૨૩-૨૪ના વર્ષ માટેની માગણી ક્રમાંક ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ લઇને ઉપસ્થિત થયો છું. માનનીય ધારાસભ્યશ્રીઓ શ્રી સી. કે. રાઉલજી, શ્રીમતી મનીષાબેન વકીલ, શ્રી અરૂણસિંહ રણા, શ્રી અમુલભાઇ ભટ્ટ, શ્રી અનિરુદ્ધભાઇ દવે, શ્રી અરવિંદભાઇ રાણા તથા શ્રીમતી રીવાબા જાડેજા તેમજ શ્રી ઉમેશભાઇએ પોતાના મંતવ્યો રજૂ કર્યા. સમર્થનમાં પણ ઘણા સભ્યશ્રીઓએ પોતાની વાત મૂકી.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને શ્રી સી. કે. રાઉલજીએ એમના વિસ્તારના પ્રશ્નો ઉકેલવામાં ભારતીય જનતા પાર્ટીએ જે સાથ આપ્યો તેની પ્રશંસા કરી. જે રીતે સરકારમાં નિર્ણયો લેવાયા છે, એનાથી એમને એમના મત વિસ્તારમાં આ ચૂંટણીમાં પણ ઘણો ફાયદો થયો છે. શ્રીમતી મનીષાબેને નાણાકીય શિસ્ત બાબતની ઘણી સુંદર વાત કરી. જી. એસ. ટી.ની વાત કરી. પેન્શનની વાત કરી અને ખાસ કરીને ગિફ્ટસિટી અંગેની જે વાત કરી. આ ગિફ્ટસિટી એ આપણા આખા ભારતનું એક કેપિટલ સેન્ટર બનવા જઇ રહ્યું છે. મહિલા દિન નિમિત્તેની ગ્રાન્ટની વાત કરી. એ મહિલા દિન નિમિત્તે દરેક બહેનોને એક કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપવાની શ્રીમતી સંગીતાબેન, શ્રીમતી મનીષાબેન અને ઘણા બહેનોની વારંવારની રજૂઆતો હતી. ખાસ કરીને શ્રી અરુણસિંહ રણા. એમણે પણ ધારાસભ્યો માટે વધારાની ગ્રાન્ટની વાત કરી. એ ચર્ચા વિચારણા મુખ્યમંત્રી સાહેબ સાથે ચાલુ છે અને થોડા સમય પછી એ બાબતમાં આપણે ઘટતું કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અરુણસિંહભાઇએ કહ્યું કે આખું ગુજરાત વીજ કાપમાં હતું, તે વખતે માનનીય મોદીજી જ્યોતિગ્રામ યોજના લાવ્યા અને જેના લીધે સમગ્ર દેશમાં એક નવી મિસાલ પેદા થઇ. એમણે એમ પણ કહ્યું કે ખેડૂતોને વીજ જોડાણ માટે પૈસા આપવામાં આવે છે, પરંતુ ખાસ વાત એ જણાવવા માગું છું કે ખેતીવાડીના વીજ જોડાણ માટે આપણે રૂપિયા

૧,૬૦,૦૦૦નો ખર્ચ કરીએ છીએ અને આપણે ૧૦ ટકાથી પણ ઓછા પૈસા ખેડૂતો પાસેથી લઇએ છીએ. શ્રી અમુલભાઇ ભટ્ટે પણ વાત કરી કે રૂપિયા ૧૦ હજાર કરોડથી શરૂ થયેલી આપણી બજેટયાત્રા જે વર્ષ ૧૯૯૫માં હતી તે આજે રૂપિયા ૩,૦૧,૦૦૦ કરોડ સુધી પહોંચી છે. એમણે પણ ઘણીબધી નાણાકીય વ્યવસ્થાપનની વાત કરી, એની પણ મેં નોંધ લીધી છે. ખાસ કરીને શ્રી અનિરુદ્ધભાઇએ વીજ પરિયોજના સાથે કૃષિ યોજના જે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ઘણી ફળદાયી નીવડી છે તેની વાત કરી છે. શ્રી અરવિંદભાઇએ રાજયનું દેવું શા માટે કરવામાં આવે છે. આપણે કેવી રીતે રાજવિત્તીય શિસ્ત મેઇન્ટેઇન કરીએ છીએ અને સમગ્ર ભારતમાં ગુજરાત એક એવું રાજય છે કે નીતિ આયોગના જે બધા પેરામિટર્સ છે, એમાં ખરું ઉતર્યું છે. શ્રી સંજયભાઇએ પણ વાત કરી અને શ્રીમતી રીવાબાએ પણ એમના વિસ્તારમાં અને ગુજરાતની પરિયોજનાઓની સંપૂર્ણ રીતે વાત કરી.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને શ્રી ઉમેશભાઇએ જે વાત કરી છે એ બાબતમાં હું જણાવવા માગું છું કે બોટાદમાં ચેકિંગ થાય છે, તો ચેકિંગ કરવા માટે આપણને કોઇ વાંધો હોવો જોઇએ નહીં. સમગ્ર ગુજરાતમાં વીજ ચેકિંગ થાય છે. જયાં વધારે વીજ લોસ થાય ત્યાં ચેકિંગ કરવામાં આવે છે. ખાસ કરીને એમણે પંજાબ અને દિલ્હીની વાત કરી, તો મારે એ જ કહેવું છે કે ગુજરાતનો ખેડૂત ૧૦૦૦ યુનિટ વાપરે તો એના માટે એને ૯૦૦ યુનિટ ફ્રી છે. ફકત ૧૦૦ યુનિટના જ પૈસા ભરવામાં આવે છે. એટલા માટે જ સમગ્ર ગુજરાતના ખેડૂતો ભારતીય જનતા પાર્ટી સાથે છે. વીજકરણની વાત કરી પરંતુ મારે ખાસ કહેવું છે કે આ વર્ષે જી.એમ.ડી.સી.ને ૨૫૦૦ મિલિયન ટનની બે ખાણ લાગી છે અને એ બે ખાણમાં આપણે ઓરિસ્સા ખાતે નવા પાવર પ્લાન્ટ બનાવવાનું આયોજન વિચારી રહ્યા છીએ. તેના લીધે ગુજરાતમાં વીજ પુરવઠો સંપૂર્ણ રીતે વ્યવસ્થિત રીતે ચાલશે એવી ચોક્કસ ખાતરી આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીના મંદિરના માનનીય ધારાસભ્યો દ્વારા પોતાના પ્રશ્નોના નિરાકરણ માટે પ્રજાની લાગણીઓ અને જરૂરિયાતના સંદર્ભમાં જે ચર્ચા-વિચારણા થાય છે, તેમાંથી જ લોકહિત માટેની જુદી જુદી યોજનાઓનો જન્મ થાય છે, પ્રશ્નોનો ઉકેલ મળે છે. આથી આ સન્માનનીય ગૃહમાં ચર્ચામાં ભાગ લેનાર સર્વ સભ્યોને અભિનંદન આપું છું અને આભાર પણ વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર દ્વારા તા.૨૪-૨-૨૦૨૩ના રોજ આ ગૃહમાં રાજ્યનું વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ રજૂ કરવાનું મને સદભાગ્ય પ્રાપ્ત થયેલ, જેના ઉપર ચાર દિવસની સામાન્ય ચર્ચા અને બાર દિવસ સુધી માગણીઓ ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રની સરકાર જે ઝડપે લોકહિતની કામગીરી કરી રહી છે તે જ રાહે અને તે જ ઝડપે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળની અમારી સરકાર રાજ્યની પ્રજાના સર્વગ્રાહી વિકાસ માટે તમામ ક્ષેત્રે કામગીરી કરી રહી છે. અમારી પ્રજાલક્ષી કામગીરીને વધાવીને રાજ્યની પ્રજાએ ભાજપ ઉપર ફરીથી વિશ્વાસ મૂકીને ગુજરાતના ઇતિહાસમાં અભૂતપૂર્વ કહી શકાય એવી ૧૫૬ બેઠકોની જંગી બહુમતીથી વિજય તિલક કરીને અમને ફરીથી રાજ્યની પ્રજાની સેવા કરવાની તક આપી છે તે બદલ ગુજરાતની સાડા છ કરોડની જનતાનો આભાર વ્યક્ત કરું છું, નમન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે આપણા રોજિંદા ઘરવપરાશ, કૃષિ ઉત્પાદન, ઔદ્યોગિક ઉત્પાદન, વિવિધ પ્રકારની સમાજલક્ષી સેવાઓ જેવી કે શાળા, કોલેજો, રિસર્ચ સેન્ટર, દવાખાના, હોસ્પિટલ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તમામ કોઇ પણ પ્રવૃત્તિ માટે વીજળી ખૂબ જ મહત્ત્વનું પરિબળ છે. દરેક ક્ષેત્રમાં ગુજરાતના વિકાસની વણથંભી યાત્રા છેલ્લાં ૨૦ વર્ષથી અવિરત રીતે ચાલી રહી છે તેના મૂળમાં રાજ્યમાં ગુણવત્તાયુક્ત અને સાતત્યપૂર્ણ રીતે પૂરો પાડવામાં આવતો વીજ પુરવઠો છે. માનનીય નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરેલી જયોતિગ્રામ યોજના આજે સમગ્ર દેશમાં એક મિસાલ બનીને રહી ગઇ છે. સામાજિક અને આર્થિક વિકાસ માટેનો એક અગત્યનો માપદંડ વીજળી છે. વર્ષ ૨૦૧૧-૧૨માં રાજ્યનો સરેરાશ માથાદીઠ વપરાશ ૧૨૩૩ યુનિટ હતો, જે આજે ૨૦૨૧-૨૨માં વધીને ૨૨૮૩ યુનિટ થયેલ છે, એટલે કે ગુજરાતે પોતાનો વર્ષ ૨૦૧૨નો રેકોર્ડ તોડીને ડબલ વીજ વપરાશ કર્યો છે એ જ બતાવે છે કે ગુજરાતનો કેટલો વિકાસ થયો છે. ઉદ્યોગોનો વિકાસ થયો છે, ખેતીનો વિકાસ થયો છે. સામાજિક સંસ્થાઓનો પણ વિકાસ થયો છે. વર્ષ ૨૦૨૧-૨૨માં વધીને ૨૨૮૩ યુનિટ થયેલ છે, જે રાષ્ટ્રિય સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૧૨૫૫ યુનિટની સરખામણીમાં લગભગ બમણો છે, છતાં અમારી સરકાર સતત વીજ પુરવઠો પૂરો પાડી રહી છે. આપણી વીજ કંપનીઓનું સંચાલન, વીજ ઉત્પાદન અને વિતરણ કેવી રીતે થાય છે, તેનો શ્રેષ્ઠ પૂરાવો હોય તો રાજ્યની વીજ કંપનીઓ સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ભારત સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા હાથ ધરાતા ઇન્ટિગ્રેટેડ રેન્કિંગમાં રાજ્યની ચારેય વીજ કંપનીઓ યુ.જી.વી.સી.એલ., પી.જી.વી.સી.એલ., એમ.જી.વી.સી.એલ., ડી.જી.વી.સી.એલ. ૧૦ વર્ષથી એ પ્લસ રેટિંગ સાથે સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. આખા દેશની ૬૩ કંપનીઓ છે તેમાંથી આપણી કંપનીઓ ૧થી ૫માં આવે છે. ગત એક વર્ષ દરમ્યાન કુલ ૨૪થી પણ વધુ રાષ્ટ્રિય કક્ષાના એવોર્ડ અને પારિતોષિકો આપણી વીજ કંપનીઓને પ્રાપ્ત થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ વર્ષ ૨૦૭૦માં નેટ ઝીરો એમિશન એટલે કે ઝીરો કાર્બન ઉત્સર્જનનો લક્ષ્યાંક પ્રાપ્ત કરવાનો નિર્ધાર કરેલ છે. જેના ભાગરૂપે વર્ષ ૨૦૩૦ સુધીમાં આપણે જે વીજ ઉત્પાદન કરીએ છીએ તેને ફોસિલ ફ્રી ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક છે. જે સિદ્ધ કરવા માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની અમારી સરકાર

રિન્યુએબલ એનર્જીના વિવિધ સ્ત્રોતો જેવા કે સોલાર, વિન્ડ, વેસ્ટ ટુ એનર્જી, હાઇડલ પંપ, પંપ હાઇડ્રો સ્ટોરેજ સેકટરના વિકાસ માટે ગુજરાતના અગ્રેસર અને રોકાણકારો માટે બેસ્ટ ડેસ્ટીનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ બનાવવાના લક્ષ સાથે કામ કરી રહ્યા છીએ. ઊર્જા વિભાગની વિવિધ યોજનાઓના સફળતાપૂર્વક આયોજન અને અસરકારક અમલીકરણ માટે સન ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં કુલ ૮૭૩૮ કરોડની રકમ ફાળવવામાં આવી છે. માગણી ક્રમાંકઃ૧૨ અંતર્ગત વિભાગ હસ્તકની મુખ્ય વિદ્યુત નિરીક્ષક કચેરીના પગારભથ્થાં અને બીજી સંલગ્ન પ્રવૃત્તિઓ માટેની જોગવાઇ કરવામાં આવેલ છે. જયારે માગણી ક્રમાંકઃ૧૩માં આગામી વર્ષમાં જુદાજુદા કાર્યો માટે હયાત ચાલુ યોજનાઓ અને આગામી વર્ષની નવી યોજનાઓ માટેનું આયોજન છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર હંમેશા ખેડૂતોની સાથે રહી છે અને ખેડૂતોને ૯૦ ટકાથી વધુ રાહતદરે વીજળી પૂરી પાડી રહી છે તેમજ ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી ભરવામાંથી માફી આપવી, રાહત દરે વીજ કનેકશન આપવું જેવા અનેક ખેડૂતલક્ષી પગલાંઓ લેવામાં આવેલ છે. એ જ રીતે ખેડૂતોને જે સિંચાઇ માટે પાણી આપવામાં આવે છે એ માટે પણ જે વીજળીનો વપરાશ થાય છે એ બધો સરકાર પોતે ભોગવે છે. રાજય સરકાર દ્વારા એક નવીન અભિગમ અપનાવી કિસાન સૂર્યોદય યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા સન ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં રૂ.૧૫૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ યોજના હેઠળ ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા બે બાબતો ખાસ મહત્ત્વની છે અને જરૂરી છે. હયાત વીજ માળખાનું સુદ્દઢીકરણ અને દિવસ દરમિયાન વીજ માગને સંતોષવા માટે જરૂરી વીજ ઉત્પાદન. હયાત વીજ માળખાનું સુદ્દઢીકરણ માટે વધારાના વીજ લોડને ધ્યાનમાં રાખીને પ્રવહન માળખાના સુદ્દઢીકરણની જરૂરિયાત માટે નવીન સબસ્ટેશન તેમજ વીજ વ્યવસ્થાઓનું નિર્માણ કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. દિવસ દરમિયાન વીજ માંગને સંતોષવા માટે જરૂરી વીજ ઉત્પાદન પ્રવર્તમાન પરિસ્થિતિમાં કોલસો અને ગેસ જેવા પરંપરાગત વીજસ્ત્રોતોની તંગી તેમજ તેની ઉપલબ્ધતા અને પરિવહનને લગતી મુશ્કેલીઓને ધ્યાનમાં લઇ બિન પરંપરાગત ઊર્જાનું મહત્તમ ઉત્પાદન જરૂરી બન્યું છે. આમાં સૂર્ય આધારીત વીજળીનું ઉત્પાદન શકય તેટલું વધારીને ખેડૂતોને દિવસે વીજળી આપવાનું આયોજન છે. પી.એમ. કુસુમ યોજના અંતર્ગત જયાં વીજ ગ્રીડ સપ્લાય ઉપલબ્ધ નથી તેવા અપગ્રીડ વિસ્તારમાં પિયત માટે ડીઝલથી ચાલતા પંપ સેટને બદલવા માટે ખેડૂતોને સ્ટેન્ડ એલોન સોલાર એગ્રીકલ્ચર પંપ સ્થાપિત કરવા માટે સહાય આપવામાં આવે છે. વન વિસ્તારમાં સામાન્ય યોજનાના અરજદારો કે જેમને હયાત ગ્રીડથી પરંપરાગત વીજ જોડાણ આપવું ટેકનોકોમર્શિયલ વાયેબલ ના હોય આ વિસ્તારના અરજદારોને સોલાર પંપ માટે ભરવાપાત્ર ફાળાની જગ્યાએ નહીંવત ફાળો ભરવાનો અને બાકીનો ખર્ચ રાજય સરકાર દ્વારા વધારાની સબસિડીરૂપે આપવામાં આવે છે તથા આદિજાતિ યોજનાના અરજદારોને કોઇપણ ફાળો ભરવાનો રહેતો નથી. આ યોજના માટે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૧૫૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કાર્યક્ષમ વીજ વિતરણ અને સસ્ટેનેબલ નાણાકીય વીજ વ્યવસ્થા થકી રાજયના વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે માટે કેન્દ્ર સરકારે પણ સ્કીમ જાહેર કરી છે, Revamped Distribution Sector Scheme જાહેર કરી છે RDSS, આ માટે પણ કુલ રૂપિયા ૧૩૯૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ યોજના હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં રાષ્ટ્રીય સ્થળે જે વીજ વિતરણ લોસ ૧૨થી ૧૫ ટકા છે એ ઘટાડવાનો તથા તેને દસ ટકાથી પણ ઓછા સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક છે. તેમજ સરેરાશ ખર્ચ અને સરેરાશ ઉપાર્જન વચ્ચેનો તફાવત ઝીરો કરવાનું આયોજન છે. આ યોજના માટે સ્માર્ટ મીટરિંગ વધુ સાતત્યપૂર્ણ, ગુણવત્તાસભર વીજપુરવઠો મળશે તેમજ વીજ વિતરણ કંપનીઓની માળખાકીય સુવિધામાં વધારો થશે અને નાણાકીય વ્યવસ્થા સુચારું બનશે. સ્માર્ટ મીટર આવવાથી વીજચોરી ઘણી બધી ઘટી જશે અને એના લીધે પણ આપણને ઘણો બધો ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજ ઉત્પાદનની પરિયોજનાઓ હયાત પાવર પ્લાન્ટસના આધુનિકરણ તેમજ ટ્રાન્સમીશન નેટવર્કના સુદ્દઢીકરણ માટે રૂ.૧૯૯૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આદિજાતિ વિસ્તારમાં વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન રૂ.૨૫૦ કરોડના ખર્ચે અંદાજિત રૂ.૧૧૮૦૦ કૂવાનું વીજળીકરણ કરવાના આયોજન સામે અત્યાર સુધીમાં ૧૨૬૧૩ કૂવાનું વીજળીકરણ કરવામાં આવેલ છેઅને વર્ષ ૨૦૨૩-૨૪માં અંદાજિત રૂપિયા ૨૭૫ કરોડના ખર્ચે ૧૪,૧૦૦ કૂવાનું વીજળીકરણ વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ વિવિધ જરૂરિયાત મુજબની કામગીરી કરવાનું આયોજન છે. આદિજાતિ વિસ્તારમાં ૧૮ નવા સબ સ્ટેશનો અને તેને સંલગ્ન વીજ પરિવહન લાઇનોની કામગીરી માટે રૂપિયા ૧૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આદિજાતિ, સાગરકાંઠા તથા અન્ય વિસ્તારમાં નવા ૬૩,૩૫૫ કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે રૂ.૧,૦૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન અંદાજિત ૫,૨૧૫ અનુસૂચિત જાતિના લાભાર્થીઓને નિઃશુલ્ક ઘરવપરાશના વીજ જોડાણો આપવાના લક્ષ્યાંક સામે ૬,૦૨૨ ઘરવપરાશના વીજ જોડાણો આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં અંદાજિત ૫,૧૧૫ લાભાર્થીઓના ઘરોનું વીજળીકરણ કરવાનું આયોજન છે. વર્ષ ૨૦૨૩-૨૪માં અનુસૂચિત જાતિના અંદાજિત ૭૧૦ ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણો આપવાનું આયોજન છે. આમ, અનુસૂચિત જાતિના તથા આદિજાતિના ઓછી આવક ધરાવતા પરિવારોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા વર્ષ ૨૦૨૩-૨૪માં રૂપિયા ૨૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ જ રીતે ડિસ્ટ્રિબ્યુશન લોસ ઘટાડવા, જીવન સુરક્ષા સુનિશ્ચિત કરવા, ઓવરહેડ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કને અન્ડર ગ્રાઉન્ડ નેટવર્કમાં તબદીલ કરવા વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ખેતીવાડી ફિડરોમાં સાતત્યપૂર્ણ વીજ પુરવઠો આપવા માટે જર્જરિત વાયરો અને જરૂર જણાય ત્યાં આનુષંગિક ઉપકરણો બદલવાની કામગીરી ઉપરાંત ખેતી વિષયક ફિડરોના વિભાજનની કામગીરી પણ કરવામાં આવે છે. આ માટે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂપિયા ૮૭ કરોડની

જોગવાઇ કરવામાં આવી છે. સને ૨૦૦૨ પહેલાં વર્ષમાં ૧૦થી ૧૨ સબ સ્ટેશનો બનતા હતા. છેલ્લાં ૧૨ વર્ષથી દર વર્ષે ૮૦ જેટલા સબ સ્ટેશનો બનાવીને એને આગળ વધારતા આગામી વર્ષ ૨૦૨૩-૨૪માં ૨,૪૦૦ સર્કિટ લાઇન્સ તથા ૯૫ નવા સબ સ્ટેશનો બનાવવાનું આયોજન રૂ.૨,૮૦૦ કરોડના ખર્ચે કરવામાં આવેલ છે. જેથી વધતી જતી વીજ માંગ અવરોધ વગર સાતત્યપૂર્ણ રીતે સંતોષી શકાય. સમગ્ર ભારતમાં તા.૩૧મી ડિસેમ્બર, ૨૦૨૨ની સ્થિતિએ ૪૧,૮૯૫ મેગાવોટ ક્ષમતાના વિન્ડ પાવર પ્રોજેક્ટ સ્થાપવામાં આવેલ છે અને ગુજરાતમાં ૯,૭૧૨ મેગાવોટ ક્ષમતા સાથે ગુજરાત બીજા સ્થાને છે. જે આખા ભારતના ૨૩.૨ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. ગુજરાત ભૌગોલિક રીતે કર્કવૃત ઉપર હોવાથી સૌર ઊર્જા વીજ ઉત્પાદન કરવા માટે વિપુલ તકો રહેલી છે. માટે જ આપણા વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ દૂરંદેશી વાપરી સને ૨૦૦૯માં દેશની સૌ પ્રથમ સૌર ઊર્જા નીતિ જાહેર કરેલ હતી અને બીજાં રાજ્યો પણ વાયબ્રન્ટ ગુજરાતની જેમ આપણી આ નીતિને અનુસરી રહ્યા છે. રાજ્યમાં ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩ની સ્થિતિએ સ્થાપિત સોલાર પ્રોજેક્ટની વીજ ક્ષમતા ૯,૦૫૫ મેગાવોટ છે, જે આશરે ૧૪ ટકાના યોગદાન સાથે દેશમાં બીજા સ્થાને છે. ગુજરાતના રિન્યુએબલ એનર્જીના પ્રોજેક્ટની કુલ સ્થાપિત ક્ષમતા ૧૮,૭૬૭ મેગાવોટ છે. સમગ્ર દેશની કુલ સ્થાપિત ક્ષમતા ૧ લાખ ૨૦ હજાર ૪૮૪ મેગાવોટની સામે ૧૫.૩ ટકા જેટલી છે. જ્યારે આપણે રિન્યુએબલ એનર્જીની વાત કરતા હોઇએ ત્યારે આપણા સાંસ્કૃતિક વારસા સમાન મોઢેરાના સૂર્ય મંદિરને અચૂક યાદ કરવું જોઇએ. આપણા સૌના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા મોઢેરા સૂર્ય મંદિરને સતત ૨૪ કલાક અઠવાડિયામાં ૭ દિવસ સૂર્ય ઊર્જાનો લાભ મળે એ હેતુથી નવા પ્રોજેક્ટનો અમલ કરવામાં આવી રહ્યો છે. આપણા માટે ગર્વ લેવા જેવી વાત છે કે સમગ્ર દેશમાં પ્રથમ એવા વિશિષ્ટ પ્રોજેક્ટની યુનાઇટેડ નેશન્સના સેક્રેટરી જનરલ શ્રી એન્ટોનિયો ગુટેરેસે વિઝિટ કરી અને એ પણ પ્રભાવિત થયા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળ વિશ્વના સૌથી મોટા આર.ઇ. પાર્ક કચ્છના ખાવડા ખાતે આકાર લઇ રહ્યો છે. જેની સ્થાપિત વીજ ક્ષમતા ૨૦ હજાર મેગાવોટ જેટલી છે. જે માટે રૂ.૧૦૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને આ પ્રોજેક્ટમાં મૂડીરોકાણ રૂ.૧ લાખ ૩૦ હજાર કરોડનું થવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના રહેણાંક વીજ ગ્રાહકો પોતાના ઘરે વીજળી માટે અગાશી ઉપર સોલાર રૂફટોપ લગાડી સૂર્યઊર્જા ઉત્પન્ન કરી વીજ બિલ ઘટાડી શકે અને સ્વવપરાશ ઉપરાંતની વધારાની વીજળી કંપનીને વેચી શકે એ ઉમદા હેતુથી રહેણાંક વીજ ગ્રાહકો માટે સોલાર રૂફ ટોપની સબસિડી યોજના એટલે કે સૂર્ય ગુજરાત યોજના અમલમાં મૂકી છે. આ યોજનાને લોકો તરફથી ખૂબ બહોળો પ્રતિસાદ મળેલ છે. સમગ્ર દેશની રહેણાંક શ્રેણીની સ્થાપિત કુલ વીજ ક્ષમતા ૧,૬૫૧ મેગાવોટ છે. એ પૈકી ૧,૩૫૬ મેગાવોટ ક્ષમતા ફક્ત ગુજરાતમાં છે જે ૮૨ ટકા જેટલી થાય છે. આ યોજનાથી ગુજરાતના રહેણાંક શ્રેણીના ગ્રાહકો વીજ ઉત્પાદક બની ગયા છે. જેટકો સબસ્ટેશનોની નજીક આવતી સરકારી પડતર જમીન પર આશરે ૨,૫૦૦ મેગાવોટ સોલાર પી.વી. પ્રોજેક્ટ સ્થાપવાની યોજના પણ અમલમાં છે. આ યોજના હેઠળ સબસ્ટેશનોની નજીક આવેલી વીજળી ઉત્પન્ન કરવામાં આવતી હોવાથી વીજ પાવર ટ્રાન્સમિશન કોસ્ટ પણ ઓછી થાય છે એના લીધે ટ્રાન્સમિશન લોસ પણ ઓછો થાય છે. તેથી વાજબી ભાવે વીજળી ઉત્પન્ન થાય છે. એના માટે રૂપિયા ૧,૧૮૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીની દીર્ઘદષ્ટિના લીધે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે જળ આધારિત સ્ટ્રાન્સપોરેડ હાઇડ્રો પ્રોજેક્ટ થકી વીજ ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની દિશામાં આગળ વધી રહેલ છે. તેની સાથે કદમ મીલાવી રાજ્ય સરકાર સ્ટ્રાન્સપોરેડ હાઇડ્રો પાવર પ્રોજેક્ટ દ્વારા વીજળી ઉત્પન્ન કરવાની દિશામાં આગળ વધી રહી છે. યશસ્વી વડાપ્રધાનશ્રી મોદીજીની આગેવાની હેઠળ વર્ષ ૨૦૨૩માં જી-૨૦ સમિટનું આયોજન થઇ રહ્યું છે એમાં ગુજરાતને ઘણી બધી યોજનાઓનો લાભ મળી રહ્યો છે અને એની અનેક મિટિંગો ગુજરાતમાં થઇ રહી છે ત્યારે તા.૧-૪-૨૦૨૩થી તા.૪-૪-૨૦૨૩ સુધી મહાત્મા મંદિર ખાતે સેકન્ડ એનર્જી ટ્રાન્ઝિશન ગ્રુપની બેઠક યોજાવાની છે, જેમાં પણ ૨૦ દેશના પ્રતિનિધિઓ ઊર્જાના વિવિધ પ્રશ્નોની ચર્ચા કરશે. ગુજરાત ગેસ ક્ષેત્રે ઘણી અગત્યની કામગીરી કરી રહ્યું છે. રાજ્ય સરકારની ફ્લેગશિપ કંપની જી.એસ.પી.સી. અને તેની સબસિડરી કંપનીઓ દ્વારા નેચરલ ગેસના ટ્રાન્સમિશન તથા ડિસ્ટ્રિબ્યુશન સુધીની સમગ્ર સેવાઓ પૂરી પાડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશની એલ.એન.જી. ટર્મિનલ રી ગેસીફિકેશન ક્ષમતા ૩૨.૭ મેટ્રિક ટન પ્રતિ વર્ષ છે જે પૈકી અંદાજે ૬૫ ટકા એટલે ૨૭.૭ મેટ્રિક ટન પ્રતિ વર્ષની ક્ષમતા ગુજરાતમાં કાર્યરત કરવામાં આવી છે. સમગ્ર દેશમાં આયાત થતા એલ.એન.જી.ના ૮૫ ટકા જેટલો હિસ્સો એકલા ગુજરાતમાં છે. જી.એસ.પી.સી. સમગ્ર દેશમાં ગેસના વેપાર ક્ષેત્રે બીજા નંબરની સૌથી મોટી કંપની છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ફેબ્રુઆરી-૨૦૨૩ સુધીમાં જી.એસ.પી.સી. પ્રતિ દિન ૧૧.૮ મિલિયન ટન સ્ટાન્ડર્ડ ક્યુબિક કુદરતી ગેસનું વેચાણ કર્યું છે. **ગેસ ટ્રાન્સમિશન.** ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિ. દ્વારા ૨,૭૧૫ ટ્રાન્સમિશન પાઇપલાઇન નેટવર્ક થકી રાજ્યના મોટા ભાગના જિલ્લાઓને નેચરલ ગેસનો પુરવઠો સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન ધરેલું ગેસ વેપારી અને ઔદ્યોગિક એકમો તથા સી.એન.જી. સ્ટેશનોને મળતો રહે તે સુનિશ્ચિત કરે છે. જી.એસ.પી.સી. અને તેના પેટા કંપનીઓ દ્વારા ગુજરાત સહિત રાજસ્થાન, હરિયાણા, પંજાબ, આંધ્રપ્રદેશ, તેલંગાણા વિગેરે રાજ્યોમાં નેચરલ ગેસ સપ્લાય કરવામાં આવે છે તેમજ વિસ્તૃતીકરણનું આયોજન પણ ચાલી રહ્યું છે. **ગેસ ડિસ્ટ્રિબ્યુશન.** ગુજરાતનું શહેરી ગેસ વિસ્તરણ સમગ્ર ભારતની તુલનામાં સૌથી વિશાળ છે. ગુજરાત ગેસ લિમિટેડ ભારતની સૌથી મોટી ગેસ વિતરણ કંપની છે, જેણે ફેબ્રુઆરી-૨૦૨૩ સુધીમાં ગુજરાતના ૨૦ જિલ્લા આવરી લીધા છે અને આશરે ૩૧,૬૦૦ કિલોમિટર લાંબા શહેરી ગેસ વિસ્તરણનું નેટવર્ક સ્થાપ્યું છે. જેમાં ૫૪૭ સી.એન.જી. સ્ટેશન સ્થાપ્યાં છે. પાઇપ કુદરતી ગેસ આશરે ૧૮ લાખ ૨૨ હજાર

ઘરેલું ગ્રાહકોને વિતરણ કરે છે અને ૪,૧૭૭ ઔદ્યોગિક એકમ અને ૧૩,૭૦૮ વેપારી એકમોને ગેસ પૂરો પાડવામાં આવે છે આના લીધે પણ પર્યાવરણને ઘણો ફાયદો થાય છે. ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા જન ઉપયોગી અને પ્રદૂષણ મુક્ત કાર્યોને ધ્યાનમાં રાખીને મૃતદેહોના અગ્નિ સંસ્કારની સુવિધા પૂરી પાડવા માટે ૪૨ જેટલા સ્મશાન ગૃહોમાં વિનામૂલ્યે પી.એન.જી. ગેસ પૂરો પાડવામાં આવે છે અને બીજા ૨૩ જેટલા સ્મશાનગૃહમાં ગેસ જોડાણનું કામ પ્રગતિમાં છે. સાબરમતી ગેસ બીજી કંપની છે. એણે ફેબ્રુઆરી-૨૦૨૩ સુધીમાં ગુજરાતના પાંચ જિલ્લા આવરી લીધા છે અને આશરે ૬૮૫૧ કિલોમીટર લાંબું શહેરી ગેસ વિસ્તરણ નેટવર્ક સ્થાપ્યું છે અને ૧૫૯ સી.એન.જી. સ્ટેશનો સ્થાપ્યા છે. કુદરતી ગેસનું આશરે ૨.૬૫ લાખ ઘરેલુ ગ્રાહકોને વિતરણ કરે છે તેમજ ૪૧૯ ઔદ્યોગિક એકમ અને ૧૧૧૭ વેપારી એકમોને ગેસ પૂરો પાડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું નાણાં વિભાગની માગણીઓની વાત કરીશ. અમારો આ વિભાગ ખૂબ જ શિસ્તબદ્ધરીતે નિયમિત માપદંડો મુજબનું નાણાકીય વ્યવસ્થાપન અને સંચાલન કરી રહ્યો છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં શરૂ થયેલી ગુજરાતના વિકાસની આ યાત્રામાં અમારી સરકારે વિકાસના નવા કીર્તિમાનો સ્થાપ્યા છે અને પાયામાં રાખી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અમારી સરકાર વિકાસને આગળ ધપાવવા સતત કાર્યરત છે. સન ૨૦૨૩-૨૪ ના અંદાજો રૂ. ૩,૦૧,૦૨૧.૬૧ કરોડ અંદાજવામાં આવે છે. જે સને ૨૦૨૨-૨૩ના અંદાજો ૨,૪૩,૯૬૪.૭૩ કરોડની સામે રૂ.૫૭૦૫૬.૮૮ કરોડનો વધારો દર્શાવે છે. જે ૨૩.૩૮ ટકાનો વધારો સૂચવે છે. મૂડી ખર્ચમાં ૯૧ ટકા જેટલો વિક્રમી વધારો સૂચવેલ છે. આ અંદાજપત્રમાં અમારી સરકારે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસના સૂત્ર સાથે આગળ વધતા આગામી પાંચ વર્ષ માટે પાંચ સ્તંભો દ્વારા વિકાસનું વિઝન સાકાર કરવા અંદાજપત્રીય માગણીઓ રજૂ કરેલ છે. જેના દ્વારા આગામી પાંચ વર્ષમાં ગુજરાતનું શટલ એટલે કે ડોમેસ્ટિક ઉત્પાદન જી.એસ.ડી.પી. રૂ.૪૨ લાખ કરોડ કરતા વધુ લઇ જવા માટે અમે કાર્યરત છીએ. સને ૨૦૨૩-૨૪નું અંદાજપત્ર ૯૧૬.૮૭ કરોડની એકંદર પુરાંત તેમજ ૯૦૩૮.૩૦ કરોડની મહેસૂલી પુરાંત દર્શાવે છે. મહેસૂલી પુરાંતવાળું આ સતત બારમુ અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે. કોરોના કાળ દરમિયાન પણ આપણો વિકાસ થંભ્યો નથી એમ આપણું અંદાજપત્ર સતત બાર વર્ષ પુરાંત સાથે રજૂ કરવામાં આવે છે એ ગુજરાતની નાણાકીય શિસ્ત બતાવે છે અને ગુજરાતનો વિકાસ બતાવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ ની જોગવાઇઓ સામે આ વર્ષના બજેટમાં જે વધારો કરવામાં આવ્યો છે તે સાયન્સ અને ટેકનોલોજીની જોગવાઇઓમાં ૨૨૭ ટકાનો વધારો, બંદરો અને વાહન વ્યવહારની જોગવાઇમાં ૧૩૩ ટકાનો વધારો, માર્ગ અને મકાનની જોગવાઇઓમાં ૭૧ ટકાનો વધારો, નર્મદા જળ સંપત્તિની જોગવાઇમાં ૪૩ ટકાનો વધારો અન્ન, નાગરિક પુરવઠાની જોગવાઇમાં ૪૧ ટકાનો વધારો, શ્રમ અને રોજગારની જોગવાઇમાં ૩૮ ટકાનો વધારો, શહેરી વિકાસની યોજનાઓમાં ૩૭ ટકાનો વધારો, શિક્ષણ વિભાગની જોગવાઇઓમાં ૨૫ ટકાનો વધારો, આરોગ્યની જોગવાઇમાં ૨૪ ટકા, મહિલા અને બાળ વિકાસની જોગવાઇમાં ૨૨ ટકાનો વધારો કર્યો છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આમ, રાજયનું અંદાજપત્ર તૈયાર કરતી વખતે સમાજના સર્વે વર્ગો, મહિલાઓ, બાળકો, જરૂરિયાતમંદો, ખેડૂતો તેમજ યુવા રોજગાર ઉપર ખાસ ભાર મૂકવામાં આવેલ છે. રાજય માટે વિકાસના કાર્યો કરવા માટે નિયત કરેલી માત્રા દ્વારા નાણાં ઊભાં કરવાની મર્યાદાના માપદંડો રાજયવિત્તીય અધિનિયમ વર્ષ ૨૦૦૫માં નિયત કરવામાં આવ્યા છે. જેની મર્યાદામાં રહીને રાજયની મહેસૂલી ખાધ ક્રમશઃ નાબૂદ કરીને સુદઢ રાજયવિત્તીય વ્યવસ્થાતંત્ર અને રાજયવિત્તીય સ્થિરતા સુનિશ્ચિત કરવામાં સરકાર સફળ રહી છે. રાજયનું દેવું, રાજયના વિકાસ કાર્યો, મૂડીખર્ચ માટેનું એક સંશાધન છે. જાહેર દેવાં દ્વારા ઊભાં કરવામાં આવેલ સંશાધનોનો ઉપયોગ રાજય સરકાર દ્વારા વિકાસના કાર્યો માટે કરવામાં આવે છે. રાજયનો ઊંચો વિકાસ દર અને એના અન્વયે ઊંચું ઘરગથ્થુ ઉત્પાદન આ વાતની પુષ્ટિ આપે છે. દેશની ૫ ટકા વસ્તી ધરાવતું ગુજરાત જી.ડી.પી.માં ૮.૩૬ ટકાનો ફાળો આપે છે. છેલ્લા દસકામાં ગુજરાતે ૧૨ ટકાથી વધારે વિકાસદર નોંધાવી આ બાબત પુરવાર કરેલ છે. આજે ગુજરાતનો જી.ડી.પી.માં મેન્યુફેકચરિંગ ક્ષેત્રનો ફાળો સૌથી વધારે છે. દેશની કુલ નિકાસમાં ૩૩ ટકા સાથે સમગ્ર દેશમાં ગુજરાત પહેલા નંબરે છે. રાજયના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનના (જી.એસ.ડી.પી.) પ્રમાણમાં રાજવિત્તીય ખાધ (ફિસ્કલ ડેફિસીટ) પ્રમાણે વર્ષ ૨૦૨૨-૨૩ના સુધારેલા અંદાજો અને વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજ મુજબ નિયત કરેલી ૩ ટકાની મર્યાદા સામે ૧.૪૮ ટકા અને ૧.૭૫ ટકા જેટલું નીચું અંદાજેલ છે. રાજયનું અર્થતંત્ર સાતત્યપૂર્ણ રીતે વિકસી રહેલ છે અને ચાલુ સાલે રાજયનું ઘરગથ્થુ ઉત્પાદન (જી.એસ.ડી.પી) નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં વર્ષ ૨૦૧૧-૧૨ માં જે રૂ.૬ લાખ ૧૫ હજાર ૬૦૬ કરોડ હતું તે વધીને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના અંતિમ અંદાજ મુજબ રૂ.૨૨ લાખ ૬૧ હજાર ૭૧૫ કરોડ થયેલ છે. એટલે કે વર્ષ ૨૦૧૨ની સરખામણીમાં આપણા ગુજરાતનો વિકાસ અને આપણા ગુજરાતની આવક ત્રણ ગણી વધી છે. ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે. તેઓ સમગ્ર દેશમાં ગુડસ એન્ડ સર્વિસ ટેક્સનો કાયદો તા.૧-૭-૨૦૧૭ થી અમલમાં લાવ્યા અને આ કાયદાથી સમગ્ર દેશમાં વન નેશન વન ટેક્સનો સિદ્ધાંત અમલી બન્યો છે. આ કાયદાથી રાજયો વચ્ચેની થતી બિનજરૂરી હરિફાઇનો અંત આવ્યો છે. વ્હિકલમાં પણ ફ્યુઅલ તરીકે વપરાતા સી.એન.જી.માં તા.૧૮-૧૦-૨૦૨૨ થી વેરાનો દર ૧૫ ટકાથી ઘટાડીને ૫(પાંચ) ટકા કરેલ છે. જેનો સીધો ફાયદો સી.એન.જી. વાહનધારકોને થયેલ છે. રાજ્યમાં ઘરગથ્થુ વપરાશ માટેના પી.એન.જી. વેચાણ ઉપર તા.૧૮-૧૦-૨૦૨૨ થી વેરાનો દર ૧૫ ટકાથી ઘટાડીને ૫(પાંચ) ટકા કરેલ છે. જેનો સીધો ફાયદો

ગૃહિણીઓને થયેલ છે. આમ રાજ્ય સરકારે સી.એન.જી અને પી.એન.જી.માં ઘટાડેલ વેરાના પરિણામે અંદાજિત રૂપિયા ૧૦૦૦ કરોડનો વેરો ગુજરાત સરકારે જતો કરેલ છે. અમે પેટ્રોલ અને ડીઝલમાં તા.૪-૧૧-૨૦૨૧ના રોજ ખૂબ જ મોટો ઘટાડો કર્યો હતો. જેનાથી અમે અંદાજે ૧૦ હજાર કરોડ રૂપિયાનો વેરો જતો કરીને પ્રજાને સીધો ફાયદો કરાવ્યો છે. વર્ષ ૨૦૨૨-૨૩થી રૂપિયા બાર હજાર સુધીની માસિક આવક ધરાવતા પગારદારોને જે ૧૦૦ રૂપિયા પ્રોફેશનલ ટેક્સ કાપવામાં આવતો હતો તેમાં તેમને આ વેરો ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા વ્યવસાયલક્ષી વેરા સમાધાન-૨૦૨૨ જાહેર કરીને વિવિધ વ્યવસાયીઓને તેમજ નિયુક્તાઓને વ્યાજ અને દંડનીય કાર્યવાહીમાંથી મુક્તિ આપવામાં આવી છે. ખાસ કરીને જી.એસ.ટી.માં ૧૦ કરોડથી વધુ ટર્ન ઓવર ધરાવતા વેપારીઓ માટે ઇ-ઇનવોઇસની સુવિધા શરૂ કરી, જેના લીધે ઇ-વે બિલ, જી.એસ.ટી.આર-૧ તેમજ જી.એસ.ટી.આર-૩બી ભરવામાં વેપારીઓને સરળીકરણ થયું છે. માસ દરમ્યાન ટર્ન ઓવર ન હોય અને વેરાકીય જવાબદારી ન હોય તેવા નાના કરદાતાઓને એસ.એમ.એસ.થી પત્રક ભરી શકાય તેવી સુવિધા આપવામાં આવી છે. ૧.૫ કરોડ રૂપિયા સુધીનું ટર્ન ઓવર ધરાવતા નાના વેપારીઓને, નાના ઉત્પાદકો, ટ્રેડર્સ તથા રેસ્ટોરન્ટ ધારકોને ખાસ સુવિધા તરીકે ઉચ્ચક વેરો ભરવાની સુવિધા તથા ત્રિમાસિક ધોરણે પત્રકો રજૂ કરવાની સુવિધા પૂરી પાડવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન નાના વેપારીઓનું ટર્ન ઓવર રૂપિયા ૧.૫ કરોડથી ઓછું હોય તેવા ૯૭,૦૦૦થી વધુ કરદાતાઓએ આ વેરો ભરવાનો લાભ લીધો છે. બાયોમેટ્રિક પદ્ધતિથી જી.એસ.ટી.ના કાયદા હેઠળ રજિસ્ટ્રેશન આપવા માટેની સુવિધા ઊભી કરવા માટેનો પાયલોટ પ્રોજેકટ જી.એસ.ટી. કાઉન્સિલ દ્વારા ગુજરાતને આપવામાં આવ્યો છે. તે પાયલોટ પ્રોજેકટનું કામકાજ શરૂ કરેલ છે. જેના લીધે ખોટા રજિસ્ટ્રેશન અને બોગસ બિલિંગની જે પ્રવૃતિ ચાલે છે તેના ઉપર રોક આવશે. મને જણાવતા આનંદ થાય છે કે, ગુજરાતના વેપારીઓ પત્રક ભરવામાં ખૂબ નિયમિત છે અને તેથી જ દેશના મોટા રાજ્યોમાં ગુજરાત રિટર્ન ફાઇલિંગમાં જી.એસ.ટી. કાયદાની અમલવારીના સમયથી જ હંમેશાં પ્રથમ ક્રમે રહેતું આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી. હેઠળ વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં એપ્રિલ-૨૦૨૨થી ફેબ્રુઆરી ૨૦૨૩ સુધી ૭૧,૪૧,૬૧૮ જી.એસ.ટી. ફોર્મ ભરવામાં આવ્યા છે જે સૌથી વધારે છે. અમારા રાજ્ય વેરા વિભાગ હેઠળ બધી કામગીરી ફેસલેસ કરવામાં આવી છે એટલે કે નવી નોંધણી, નોંધણીમાં સુધારા-વધારા, રીફંડ માટેની અરજી માસિક કે વાર્ષિક પત્રકો ભરવા જેવી તમામ કામગીરી ઓનલાઇન કરવામાં આવી છે. રાજ્ય કોરોનાની મહામારીની અસરમાંથી રાજ્ય બહાર આવી રહ્યું છે, રાજ્યને થતી વેરાકીય આવકમાં થયેલો વધારો એનો સબળ પૂરાવો છે. ગુજરાત સરકારમાં નાણાં વિભાગ હેઠળ આવતી રાજ્ય કર ખાતું જી.એસ.ટી. તેમજ વેટ વસૂલવાનું કામ કરે છે. આજ રોજ એટલે કે આ મહિનામાં રાજ્ય કર ખાતા દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ માટે વસૂલવામાં આવેલ જી.એસ.ટી. તેમજ વેટની આવક રૂપિયા ૧ લાખ કરોડને આંબી ગયેલ છે. જી.એસ.ટી. આવ્યા પછી પહેલી જ વાર ૧ લાખ કરોડની આ સિદ્ધિ રાજ્યના કર ખાતા દ્વારા રાજ્યના ઇતિહાસમાં પ્રથમ વખત હાંસલ કરવામાં આવેલ છે આ માટે હું રાજ્યના કરદાતાઓનો આભાર વ્યક્ત કરું છું અને જી.એસ.ટી.ના કર્મચારીઓને પણ અભિનંદન આપું છું. ખાસ કરીને પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામક પેન્શન અને પ્રોવિડંટ ફંડની કચેરી દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓ, પંચાયત કર્મચારીઓ અને પંચાયતના પ્રાથમિક શિક્ષકો અને ગ્રાન્ટ ઇન એડ સ્કૂલ-કોલેજોના નિવૃત્ત થતા કર્મચારીઓનું પેન્શન અધિકૃત કરવાની કામગીરી કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સેવાના કર્મચારીઓને જી.પી.એફ., મકાન પેશગી, વાહન પેશગીના હિસાબો નિભાવવાની અને પેન્શન પેમેન્ટ ઓર્ડર ઇસ્યુ કરવાની કામગીરી પણ આ કચેરી દ્વારા કરવામાં આવે છે અને આ કચેરી દ્વારા મોટા ભાગની કામગીરી ઝડપી અને પારદર્શક રીતે આઇ.એફ.એમ.એસ. એટલે કે ઇન્ટીગ્રેટેડ ફાઇનાન્સ મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા કરવામાં આવે છે. રાજ્યના અંદાજિત ૪,૯૯,૫૨૭ પેન્શનરોને દર માસે રૂપિયા ૧૭૦૦ કરોડ રૂપિયાનું પેન્શન તિજોરી કચેરી દ્વારા ઇ-પેમેન્ટથી સીધા પેન્શનરોના હાથમાં આવે છે અને દર માસની પહેલી તારીખે ૧૭૦૦ કરોડ રૂપિયા પેન્શનરોને સરકાર ચૂકવી આપે છે. પેન્શનરોની સંખ્યા વધુ છે તેવા જિલ્લાઓમાં જેવા કે અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ, સુરત જિલ્લામાં અલગ પેન્શન ચૂકવણા કચેરી પણ શરૂ કરવામાં આવી છે જેથી પેન્શનરોને મુશ્કેલી ન પડે. પેન્શનરો ઘેર બેઠા હયાતીની ખરાઇ કરી શકે એ માટે જીવન પ્રમાણ પોર્ટલની સુવિધા ઉપલબ્ધ થયેલ છે. પેન્શનરોને બાકી રકમ જેવી કે પેન્શનનું મૂડીગત રૂપાંતર, ગ્રેજ્યુઇટીની રકમનું ચૂકવણું ઇ-પેમેન્ટથી કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાં વિભાગ હેઠળ તિજોરી તથા હિસાબી સંવર્ગના સંચાલન માટે મે ૧૯૬૦થી નિયામક, હિસાબ અને તિજોરી તંત્ર કાર્યરત છે. આ કચેરીના નિયંત્રણ હેઠળ ૩૩ જિલ્લા તિજોરી કચેરીઓ, ૧૩૭ પેટા કચેરીઓ, ૨ પગાર અને હિસાબ કચેરીઓ, પેન્શન ચૂકવણા કચેરીઓ અને ગાંધીનગર ખાતે એક ઇ.પી.ઓ. કચેરી કાર્યરત છે. આમ સમગ્ર માળખામાં રાજ્ય સરકારની આવકો સ્વીકારવાની અને ખર્ચ અંગેના બિલોને લગતી કામગીરી સુચારુ રીતે અમલમાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ જી.એસ.ટી. અંતર્ગત રાજ્યની આવકોના એકાઉન્ટિંગ માટે રાજ્ય સરકાર દ્વારા ઇ-પે અને એકાઉન્ટ ઓફિસ ગાંધીનગર ખાતે કાર્યરત છે. રાજ્યની કરની સમયસર ઓનલાઇન વસૂલાત માટે સાઇબર તિજોરી પોર્ટલ કાર્યરત છે. હાલ જી.એસ.ટી., પ્રોફેશનલ ટેક્સ, રોયલ્ટી, રોડ ટેક્સ, લેબર ફી અને સિક્યુરિટી ડિપોઝિટ, સ્ટેમ્પ ડ્યૂટી વગેરે આવકનું ઓનલાઇન કલેકશન થાય છે.

## તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સામૂહિક જનતા અકસ્માત વીમા યોજના હેઠળ કુલ ૯૧ કરોડથી વધુ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે, આ યોજના હેઠળ ખાતેદાર ખેડૂત પતિ-પત્ની તથા તેમના તમામ સંતાનો, અસંગઠિત શ્રમિકો, ગુજરાતના પ્રાથમિક શિક્ષકો, કોલેજ સુધીના વિદ્યાર્થીઓ, પોલીસ કર્મચારીઓ, વિધવા, વિકલાંગ, હીરાઘસુ કારીગરો જેવા લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે, રાજય સરકાર દ્વારા પ્રમોટેડ કંપનીઓ જેવી કે જી.એન.એફ.સી., જી.એસ.એફ.સી., જી.એ.સી.એલ. દ્વારા બે વર્ષ દરમ્યાન ખૂબ જ સારો નફો કરવામાં આવ્યો છે. ગુજરાત સરકારના બીજા અગત્યના જાહેર સાહસની વાત કરું તો ગિફ્ટસિટી ખાતેથી ફિનટેક ક્ષેત્રે સહાયરૂપ થાય તેવી ઇકો સિસ્ટમ વિકસાવવામાં આવી છે. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇના અદ્યતન ગિફ્ટસિટીની કલ્પના કરી હતી તે સાકાર થવા જઇ રહી છે. આજે વિશ્વની નામાંકિત બેન્કો, ઇન્સ્યોરન્સ કંપનીઓ તેમજ ૨ (બે) આંતરરાષ્ટ્રીય એક્ષચેન્જો અહીં કાર્યરત છે. નવી બિઝનેશ ગતિવિધિ જેવી કે આરબીટ્રેશનની સુવિધાઓ, એરક્રાફ્ટ અને શિપ લિઝિંગની મંજૂરી આપવામાં આવી છે. દેશનું સૌ પ્રથમ બુલિયન માર્કેટ પણ ગિફ્ટસિટીમાં શરૂ થયેલ છે તેથી આવનારા દિવસોમાં ગુજરાત વૈશ્વિક નાણાકીય વેપારોનું પણ એક કેન્દ્ર બનશે. અહીં રોજગારીની પણ વિપુલ તકો ઊભી થઇ છે અને યુવાનોને વધુમાં વધુ રોજગારી ગિફ્ટસિટી ખાતે મળી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગિફ્ટસિટી આઇએફએસસી ખાતેથી કાર્યરત કંપનીઓ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ના જાન્યુઆરી,૨૩ સુધીમાં રૂપિયા ૮,૮૪૧ કરોડની નિકાસ એક્સપોર્ટ થઇ છે જે આગામી વર્ષોમાં રૂપિયા ૩૪૧૨ કરોડ હતી. ગુજરાત સરકારની માલિકીની જીએસએફસી આયાત નિર્ભરતા ઓછી કરી ખેડૂતોને વધુ સેવા આપી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અંતમાં સમાપન કરતા કહીશ કે, નાણાં અને ઊર્જા વિભાગની માગણીઓ ઉપરની ચર્ચા દરમિયાન પક્ષના અને વિપક્ષના જે પણ મિત્રોએ પોતાના મંતવ્યો કે સૂચનો રજૂ કર્યા છે તે માટે સૌનો આભાર વ્યકત કરું છું. રજૂ થયેલ રચનાત્મક, હકારાત્મક સૂચનોને આવકારું છું અને જરૂર પડ્યે તેના અમલ માટે પણ હું ચોક્કસ વિચાર કરીશ. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની લોકપ્રિય સરકાર હર હંમેશા પ્રજાલક્ષી નિર્ણયો લેવા માટે તત્પર છે, ત્યારે વિપક્ષના સાથી મિત્રોએ રજૂ કરેલી કાપ દરખાસ્તો પરત ખેંચે એવી મારી વિનંતી છે અને મેં રજૂ કરેલ માગણીઓને સમર્થન આપી સર્વ સંમતિથી મંજૂરી આપવા નમ્રપણે સભાગૃહને વિનંતી કરું છું, વંદે માતરમ્ જય જય ગરવી ગુજરાત.

અધ્યક્ષશ્રી : નાણામંત્રીશ્રીનો સ્વભાવ એટલો સૌમ્ય છે કે જેને કારણે બધા ધારાસભ્યશ્રીઓ તેમને મદદ કરે છે.

શ્રી યોગેશભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં જીઇબી વીજ ગ્રાહકોને દર મહિને બિલ આપતા હતા, હવે દર બે માસે આપે છે, જેથી યુનિટના સ્તરમાં ફેરફાર થવાથી તેનું નુકસાન પણ વીજ ગ્રાહકો ભોગવે છે તો માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, બે માસને બદલે દર માસે વીજ બિલ આપવા માગો છો કે કેમ? અને મારો બીજો પ્રશ્ન છે કે, જીઇબીમાં અને પાણી સપ્લાયમાં સ્વભાવિક છે કે લાઇનલોસ થાય છે. હવે લાઇનલોસના પૈસા ઘરાકે ચૂકવવા પડે છે તો આ લાઇનલોસ ઓછું કરવા માગો છો કે કેમ ?

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને એક રજૂઆત કરવા માગું છું કે, જી-૨૦માં આપણા દેશજે જયારે અધ્યક્ષપદ મળ્યું છે, ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને ખૂબ ખૂબ અભિનંદન સાથે સાથે રાજકોટમાં અમારે ૩૫ હજારથી વધારે સ્મોલ અને મિડિયમ ઇન્ડસ્ટ્રીઝ છે તો અમે કન્વેન્શન સેન્ટરની માગણી કરી છે તો એ વહેલી તકે મળે એવી વિનંતી.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહમાં માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબે જે મહિલા ધારાસભ્યોની માગણી હતી અને એ માગણીને ધ્યાનમાં રાખીને બધા જ મહિલા ધારાસભ્યશ્રીઓને જે આજે ગૃહમાં મહિલા વિશેષ ગ્રાન્ટ માટે ૧ કરોડ રૂપિયા આપવાની જે જાહેરાત કરી છે તે બદલ હું તેમનો ખૂબ ખૂબ આભાર માનું છું.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારમાં તો રામ અને લક્ષ્મણ એટલે કે અમારા મુખ્યમંત્રીશ્રી રામ જેવા અને નાણામંત્રીશ્રી લક્ષ્મણ જેવા છે. અમારા માટે તો બધું જ અહીં છે. એક સારી વાત કરું તો સાહેબે તો 'ન ભૂતો ન ભવિષ્યતિ' એટલે કે ક્યારેય કામ ન થાય એવું કામ કર્યું છે. અમારી પંચાયતને તેમના એક જ ફોન અને સહીથી ત્રણ વર્ષના રૂ.૧૦ લાખ માફ કરી આપ્યા. એનાથી અમને એ ફાયદો થયો કે ત્રણ વર્ષથી પાણીથી વંચિત પંચાયતને પાણી મળ્યું. મારો પ્રશ્ન એ છે કે બાયડ તાલુકામાં જે ડી.પી. છે એ અમે ગાબટમાંથી સાઠંબા કન્વર્ટ કરી એટલે ગાબટની આજુ-બાજૂના તમામ ગામોને વીજળીના ખૂબ જ પ્રશ્નો રહે છે. એમાં મારું સૂચન છે કે ત્યાં સૂચના આપીને વહેલી તકે પ્રશ્નનો ઉકેલ લાવવામાં આવે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને સૂચન કરવા માગું છું કે છેલ્લા ઘણા સમયથી એસ.ઓ.આર.ના રેટમાં ફેરફાર થયો છે. એક ધારાસભ્યને રૂ.૧.૫ કરોડ જેટલી ગ્રાન્ટ મળે છે. વિસ્તાર ખૂબ મોટો હોવાથી રૂ.૧.૫ કરોડમાં પ્રજાલક્ષી કામો થઇ શકતા નથી. તો ગ્રાન્ટ રૂ.૫ કરોડ કરી આપવામાં એવી માગણી કરું છું.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હેમંતભાઇએ પણ રજૂઆત કરી છે. અમારી બધા સભ્યોની પણ લાગણી છે તો માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કે ગ્રાન્ટ રૂ.૨.૫ કરોડ સુધી કરી આપો તો પણ સારું.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય ઊર્જામંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું કે આજથી એક મહિના પહેલાં મારા વિસ્તારમાં માત્ર ૨૪ કલાકમાં ૬૬ કે.વી.નું સબસ્ટેશન પાસ કરી આપ્યું હતું. હું આપના માધ્યમથી એમને સૂચન કરવા માગું છું અને પૂછવા પણ માગું છું કે સાબરમતી ડિવિઝન ખૂબ મોટું છે. એમાં ૧૧ સેન્ટર આવે છે કે જેના કારણે વીરમગામ, માંડલ, દેત્રોજ જેવા વિસ્તારને ખૂબ તકલીફનો સામનો કરવો પડતો હોય છે. તો વિરમગામમાં ડિવિઝન આપવામાં આવે અને એની નીચે પાંચ તાલુકા એટલે કે વિરમગામ, માંડલ, દેત્રોજ અને સાણંદને જોડી દેવામાં આવે એવી મારી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, બધા જાણે છે તેમ શહેરોનો વિકાસ જે રીતે થઇ રહ્યો છે તેમ તેમાં નવા વિસ્તારો ઉમેરાઇ રહ્યા છે. આ નવા વિસ્તારો માટે રસ્તા, પાણી, ગટરને પહોંચી વળવા માટે જ્યારે-જ્યારે ધારાસભ્યોએ જવાબદાર અધિકારીને કહ્યું ત્યારે સરકારમાંથી ગ્રાન્ટ લાવવા માટેની વાત થાય છે તો અમદાવાદ, વડોદરા, જામનગર, રાજકોટ, સુરત જેવા શહેરોને વધુ ગ્રાન્ટ આપી રસ્તા, પાણી અને ગટર જે પાયાની સુવિધાઓ છે એના માટે ફાળવવામાં આવે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગિરનાર પર્વત ઉપર ઊર્જા વિભાગ અને યાત્રાધામના ગ્રાન્ટના પ્રશ્નોના લીધે એ ઇલેક્ટ્રિસિટી પહોંચી નથી શકી અને ત્યાં પાણીનો સૌથી મોટો પ્રશ્ન છે. ત્યાં ટૉઇલેટ બ્લૉક પણ તૈયાર છે પણ એનો ઉપયોગ થઇ શકતો નથી. બંને વિભાગ સરકારના છે તો માનનીય ઊર્જા મંત્રીને વિનંતી કે બંને વિભાગ સાથે કૉ-ઓર્ડિનેટ કરી ઇલેક્ટ્રિસિટી તાત્કાલિક ગિરનાર પર્વત પર પહોંચે તો યાત્રાધામનું સારું ડેવલપમેન્ટ થઇ શકે.

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું અને મારી રજૂઆત કરવા માગું છું કે ગુજરાતની નગરપાલિકાઓમાંથી ૧૦થી ૧૨ નગરપાલિકાઓ એવી છે કે જેમાં પેન્શનરોનું પેન્શન નગરપાલિકા ચૂકવે છે. એવી જ મારી સુરત ઝોનની રાજપીપળા વિસ્તારની નગરપાલિકા છે. એ નગરપાલિકાનું પેન્શન પણ જો રાજ્ય સરકાર ચૂકવે તો નગરપાલિકા પર ભારણ ઓછું થઇ શકે. એ અંગે સરકાર કોઇ આયોજન કરવા માગે છે કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે અમારો વિસ્તાર ડુંગરો અને જંગલોનો વિસ્તાર હોવાથી ખેડૂતોને જે વીજળી મળે છે એ દિવસે મળે અને વીજળી ૧૨થી ૧૬ કલાક સુધી મળી શકે તો ખૂબ રાહત થાય. આભાર.

ડો. મહેન્દ્રભાઇ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારા મત વિસ્તારના ઉપલેટા તાલુકામાં હાથખોડી ગામ અને ધોરાજી તાલુકામાં ઝાંઝમેર અને જમનાવાડ ગામમાં ત્રણ ૬૬ કે.વી. મંજૂર કરવા અને પાટણવાવમાં વહીવટી કારણોસર સબ-ડિવિઝન ઓફિસ મંજૂર કરવા માટે વિનંતી કરું છું.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સમગ્ર ગુજરાતમાં નગરપાલિકા, કૉર્પોરેશન અને પંચાયતમાં જે રેગ્યુલર વીજ બિલ ભરતા નથી તેને માફી મળે છે, પરંતુ રેગ્યુલર બિલ ભરનારને કોઈ લાભ આપવા માગો છો કે કેમ? અને સમગ્ર સૌરાષ્ટ્રમાં જી.ઈ.બી.ની આવકમાં મોરબી એ હબ છે તો તેને ડિવિઝન આપવા માગો છો કે કેમ?

શ્રીમતી નીમીષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, મહીસાગર જિલ્લામાં મારી વિધાનસભામાં આવતા સંતરામપુર તાલુકામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ જે ખેડૂતોને રાત્રિના બદલે દિવસે વીજળી પૂરી પાડવામાં આવે છે, તેમાં અમુક ફિડરો જોડવાના બાકી છે તે જોડવામાં આવે અને અમારા ટ્રાયબલ વિસ્તારમાં મહિલા ધારાસભ્ય તરીકે જે ગ્રાન્ટ આપી છે તે બદલ માનનીય નાણામંત્રીશ્રી સાહેબનો ખૂબ ખૂબ આભાર માનું છું, પરંતુ સવા કરોડ રૂપિયામાં થોડો વધારો કરશે તો વધારે રહેમ દ્દષ્ટિ રહેશે. કારણ કે સાહેબ ખૂબ માયાળું, દયાળું અને ઓજસ્વી છે અને ખૂબ મક્કમ નિર્ણયો લે છે તો થોડો વધારો કરે તેવી વિનંતી છે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે મેં મારા પ્રવચનમાં વાત કરી હતી કે દયાળું, માયાળું અને કુબેશ્વર દેવના સ્વરૂપ સમાન અમે બધી બહેનો સાહેબને માનીએ છીએ ત્યારે તેમણે એક કરોડ રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરી છે તે માટે આભાર માનીએ છીએ, પણ અમે દોઢ કરોડ રૂપિયાની માગણી કરી હતી તે થઈ જાય તો સારું. બીજું, શહેરી વિસ્તાર ખૂબ વિકસિત થઈ રહ્યો છે અને શહેરી વિસ્તારમાં ઘણા નવા વિસ્તાર જોડાયા છે કે જ્યાં વીજ કાપ ખૂબ થાય છે, કારણ કે ત્યાં નવા સબ સ્ટેશનો બનતા નથી, તો જી.ઈ.બી. પોતે તે એરિયાને આઇડેન્ટિફાઇ કરીને સબ-સ્ટેશન ઊભા કરી શકે અને તેની જમીન પણ કૉર્પોરેશન પાસેથી પોતે જ મેળવી લે તો સારું રહેશે.

શ્રી હર્ષદકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, શહેરી વિસ્તારના ગીચ વિસ્તારમાંથી પસાર થતી હાઈટેન્શન લાઈનના કારણે વારંવાર અકસ્માતો થતા હોય છે. મારા નિર્ણયનગર વિસ્તારમાં આવી ૧૦૦ મીટર જેટલી હાઈટેન્શન લાઇનમાં વારંવાર અકસ્માત થાય છે તો આવી હાઈટેન્શન લાઈનનું અંડર ગ્રાઉન્ડ કેબલિંગ કરી અકસ્માતો નિવારવાનું આયોજન થાય.

તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩

માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું કે, પી.જી.વી.સી.એલ.નું ૨૫ ટકા ઈન્કમ કરતું મોરબી એક ઈન્ડસ્ટ્રિયલ હબ છે, ત્યારે જેટકોની એક સર્કલ ઓફિસ મોરબીમાં આપવા વિનંતી છે. મોરબીમાં હાઈબ્રીડ વીજ ફાર્મમાં એગ્રીમેન્ટ કરવાના છેલ્લા બે દિવસ છે તો બે દિવસમાં એગ્રીમેન્ટ કરે તો ઉદ્યોગકારોને મોટો ફાયદો થાય તેમ છે. માનનીય મંત્રીશ્રીને મોરબીની સમસ્યા બે દિવસમાં હલ થાય તેવી વિનંતી.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય ઊર્જામંત્રીશ્રીને વિનંતી કરું છું કે, જે રીતે ઈન્ડસ્ટ્રિયલ, રેસિડેન્શિયલ અને કોમર્શિયલમાં જે એસ્ટિમેટ આવે છે તે મુજબ તેમાં ફિક્સ ચાર્જ લેવામાં આવે છે તે જ રીતે ફાર્મ હાઉસના નવા કનેક્શન માટે જો ફિક્સ ચાર્જ લેવામાં આવે તો ઓછા એસ્ટીમેટથી ખેડૂતોને લાભ મળી શકે. બનાસકાંઠા વિસ્તારમાં ૧૨૦૦-૧૩૦૦ ફૂટે પાણી ગયા હોવાથી ખેડૂતોને અત્યારે મોટી મોટરો મૂકવી પડે છે અને તેના કારણે દંડની રકમ ખૂબ આવે છે તેમાં કંઈક રાહત મળે તેવી અમારી વિનંતી છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારી રજૂઆત છે કે, ડેડિયાપાડા એ રીંછ અભ્યારણ્ય વિસ્તાર છે અને આ વિસ્તારમાં ખેતીવાડી માટે વીજ કનેક્શન આપવામાં આવતું નથી. તો ખેતીવાડી માટે વીજ કનેક્શન આપવામાં આવે અથવા સોલારની વ્યવસ્થા કરવામાં આવે એવી મારી વિનંતી છે અને આ અભ્યારણ્ય વિસ્તારમાં ઘર વપરાશની વીજળી માટે અંડર ગ્રાઉન્ડ સિસ્ટમ છે. અમુકવાર કોઇ ફોલ્ટ થાય તો સુરતથી ટીમ આવતા ૧૦થી ૧૫ દિવસનો સમય નીકળી જાય છે. તો આ લાઇન ઓપન કરી આપવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, મહીસાગર, પંચમહાલ અને દાહોદ આ ત્રણ જિલ્લાનો પૂર્વપટ્ટીનો જે વિસ્તાર છે એમાં જે કૂવા અને એગ્રિકલ્ચર કનેક્શન હોય એમાં બે હોર્સપાવરનું કનેક્શન આપવામાં આવતું નથી. આ બે હોર્સપાવરનું કનેક્શન આપવામાં આવે તો સીમાંત ખેડૂતોને સિંચાઇનો લાભ મળે. આ ઉપરાંત, કૂવાઓ પર એગ્રીકલ્ચર કનેક્શન છે ત્યાં નજીકમાંથી જ્યોતિગ્રામ લાઇન પસાર થવા છતાં એમને ઘર વપરાશનું વીજ કનેક્શન મળતું નથી. તો કુટિર જ્યોતિ યોજના હેઠળ કે ઝૂંપડપટ્ટી યોજના હેઠળ વીજળીકરણ કરવા માગો છો કે કેમ?

શ્રી કિરીટસિંહ જી. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, મારા મત વિસ્તાર સાયલામાં વધારે ગામડાનો લાંબો ફિડર છે એની જગ્યાએ ટૂંકા ફિડર કરવામાં આવે તો વીજળી પૂરતી મળે અને એના કારણે વીજળીની અવારનવાર સમસ્યાઓ ઊભી થાય છે એ ન થાય.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, મારો કાલોલ, કરોલી વિસ્તાર અને ઘોઘંબા એ જંગલ વિસ્તાર છે. દિવસે બે ફિડર કર્યા છે. બીજા વધારે ફિડર દિવસે કરવામાં આવે અને અમારા વિસ્તારમાં જે લોકો ખેતરમાં રહે છે એમને ૮ કલાક જ વીજળી આપવામાં આવે છે. આ વીજળી ૨૪ કલાક કરવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી મહેશભાઇ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, જે નગરપાલિકાઓ સો ટકા બોરના પાણીથી સંચાલિત છે. આવી નગરપાલિકાઓનું વીજળી બિલ નગરપાલિકાની આવક કરતાં વધારે આવે છે અને ઘણું બધું ડ્યૂ પણ છે. આવા ડ્યૂ બિલના કારણે ઘણી બધી મુશ્કેલીઓ સર્જાતી હોય છે. હું માનનીય ઊર્જામંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આવી નગરપાલિકાઓ સેલ્ફ સસ્ટેઇન બને એવી સોલાર સિસ્ટમ જેવી કોઇ યોજના છે કે જેના કારણે નગરપાલિકાઓને આ પ્રકારની સમસ્યાઓ ન રહે.

અધ્યક્ષશ્રી : હવે મારે માગણીઓ મતદાન પર મૂકવી પડશે. ગિલોટીન કરેલી માગણીઓ માટે પણ અઢી-ત્રણ મિનિટનો સમય થશે. બાકી કંઇ રહેતું હોય તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, માનનીય ધારાસભ્યશ્રીઓની એકાદ વખત મિટિંગ રાખજો. જેથી એમના નાના-મોટા પ્રશ્નોનો ઉકેલ ચર્ચા કરીને લાવી શકાય.

**કાપ દરખાસ્ત ક્રમાંક -૬ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક- ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મત**

**માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**ગિલોટીન કરેલી માગણીઓ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૩-૨૪ના વાર્ષિક નાણાકીય પત્રકમાં કુલ-૧૦૮ માગણીઓ સમાવિષ્ટ છે. એમાંથી ૫૩ માગણીઓ આ સભાગૃહમાં ચર્ચા દ્વારા પસાર થઇ ગઇ છે. આથી બાકીની ૫૫ માગણીઓ પૈકી ૨ માગણીઓ બિન મતપાત્ર હોવાથી તે સિવાયની ૫૩ માગણીઓને હું ગિલોટીનથી મતદાન માટે રજૂ કરું છું. આ માગણીઓ માનનીય સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂર કરે તેવી હું આપના મારફત વિનંતી કરું છું. જે માંગણી ક્રમાંક નીચે મુજબ છે.

**માગણી ક્રમાંક : ૧ , ૭, ૮, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરું છું.**

મ઼ાગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

**માગણી ક્રમાંક : ૧ , ૭, ૮, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : હવે હું રાજ્ય વિધાનમંડળને લગતી માગણી ક્રમાંકઃ ૩૬ અને ૩૭ મત માટે મૂકું છું.

**માગણી ક્રમાંકઃ ૩૬ અને ૩૭ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

અધ્યક્ષશ્રીની જાહેરાત

ગુજરાત પાર્લામેન્ટરી એસોસિયેશનની ખાસ સામાન્ય સભાની બેઠક અંગે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે, ગુજરાત પાર્લામેન્ટરી એસોસિયેએશનની ખાસ સામાન્ય સભાની બેઠક આજ રોજ સોમવાર, તારીખ ૨૭મી માર્ચ ૨૦૨૩ના રોજ સાંજે સભાગૃહની બેઠક પૂરી થયા બાદ તરત જ વિધાનસભા ભવનના ચોથા માળે આવેલ શાસક પક્ષના ખંડમાં રાખવામાં આવી છે. આપ સૌને આ બેઠકમાં ઉપસ્થિત રહેવા આગ્રહભરી વિનંતી છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૧૮ વાગ્યે પૂરું થતા સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૨૮મી માર્ચ ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૨૮મી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા.૨૮મી માર્ચ, ૨૦૨૩**

**ચૈત્ર ૭, ૧૯૪૫ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**સરકારી મેડિકલ કોલેજ, વડોદરાનું સંવર્ગવાર મહેકમ**

* ૩૦૮૬ **શ્રી કેયુર રોકડીયા** (સયાજીગંજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સરકારી મેડિકલ કોલેજ, વડોદરાનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) |

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૨૯૩ |
| વર્ગ-૨ | ૧૦૯ |
| વર્ગ-૩ | ૩૧૦ |
| વર્ગ-૪ | ૧૩૬ |
| **કુલ** | **૮૪૮** |

| | |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) |

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૨૩૨ | ૬૧ |
| વર્ગ-૨ | ૬૫ | ૪૪ |
| વર્ગ-૩ | ૧૮૯ | ૧૨૧ |
| વર્ગ-૪ | ૧૩૬ | ૦૦ |
| **કુલ** | **૬૨૨** | **૨૨૬** |

| | |
|---|---|
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. |

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સરકારી મેડિકલ કૉલેજ, વડોદરામાં સંવર્ગવાર ૨૨૬ જગ્યાઓ ખાલી રહેવાનાં કારણો શું છે અને ખાલી જગ્યાઓની પૂર્તતા કરવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે નહિ? કોન્ટ્રાક્ચ્યુઅલ સિસ્ટમની જગ્યાએ એડહોક સિસ્ટમ દાખલ કરવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી મેડિકલ કૉલેજ, વડોદરા વર્ગ-૧ સંવર્ગમાં નિયામક-૧, પ્રાધ્યાપક-૧૬, સહપ્રાધ્યાપક-૯, મદદનીશ પ્રાધ્યાપક-૩૫ એમ કુલ ૬૧ જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ નિવૃત્તિ, સ્વૈચ્છિક નિવૃત્તિ, રાજીનામા, બઢતી, બદલી અને સીધી ભરતી ન થવાના કારણે ખાલી પડેલી છે. વર્ગ-૨ સંવર્ગમાં કુલ ૪૪ જગ્યાઓ નિવૃત્તિ, સ્વૈચ્છિક નિવૃત્તિ, રાજીનામા, બઢતી, બદલી અને સીધી ભરતી ન થવાના કારણે ખાલી પડેલી છે. વર્ગ-૩ સંવર્ગમાં કચેરી અધીક્ષક, હૉસ્ટેલ અધીક્ષક, હેડક્લાર્ક, સિનિયર ક્લાર્ક, જુનિયર ક્લાર્ક, સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨, સ્ટેનો-ટાઈપિસ્ટ, લૅબૉરેટરી ટેકનિશિયન, આસિસ્ટંટ, એક્સ-રે આસિસ્ટંટ ટેક્નિશિયન, લાઇબ્રેરિયન, ડ્રાઈવર, જુનિયર ફાર્માસિસ્ટ, હેલ્થ એજ્યુકેટર, રેડિયો થેરાપિસ્ટ, ફાયર સેફ્ટી ઓફિસર, હેડ નર્સ, સ્ટાફ નર્સ, પી.એ. ટુ ડીન વગેરેની કુલ ૧૨૧ જગ્યાઓ વયનિવૃત્તિ, સ્વૈચ્છિક નિવૃત્તિ, રાજીનામા, બઢતી, અને બદલીના કારણે ખાલી પડેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ-૧ સંવર્ગમાં પ્રાધ્યાપક, સહપ્રાધ્યાપક અને મદદનીશ પ્રાધ્યાપકની જગ્યાઓ ભરવા માટે તા.૨૨/૧૦/૨૦૧૯ અને તા.૨૩/૧૦/૨૦૧૯ના રોજ કુલ ૭૫૦ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેના માંગણાપત્રકો જી.પી.એસ.સી.ને મોકલી આપવામાં આવેલ છે. તે પ્રમાણે કુલ ૩૮૦ ઉમેદવારોને સીધી ભરતીથી નિમણૂક આપવા ભલામણ મોકલી આપેલ છે. તે પરત્વે ૨૭૭ ઉમેદવારોને સીધી ભરતીથી નિમણૂક આપવામાં આવેલ છે. ૪૧ જગ્યાઓ માટે ભલામણ મળી નથી તથા ૬૦ જગ્યાઓ માટે નિમણૂક આપવાની કાર્યવાહી હાલ ગતિમાં છે. બાકી રહેલ ખાલી જગ્યાઓ ભરવા માટે આયોગમાંથી ભલામણ મળ્યેથી કાર્યવાહી કરવામાં આવશે. આ સમય દરમિયાન વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યને કોઈ અસર ન થાય તે હેતુથી વખતોવખત ઇન્ટર્વ્યૂ યોજી ૧૧ માસની કરાર આધારિત નિમણૂક આપીએ છીએ. આ ઉપરાંત બાકી રહેલ ખાલી જગ્યાઓ ભરવા માટે ખાતાકીય બઢતીની કાર્યવાહી હાથ ધરેલ છે અને યોગ્ય ઉમેદવાર મળે એટલે આ જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ-૨ સંવર્ગ માટે ૭૩ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે તા.૦૩/૧૦/૨૦૧૮ના રોજ જી.પી.એસ.સી.ને માગણાપત્રકો મોકલી આપેલ છે. જે પૈકી ૩૨ ઉમેદવારોની જી.પી.એસ.સી. દ્વારા ભલામણ કરવામાં આવી છે અને બાકી રહેલ

જગ્યાઓ માટે જી.પી.એસ.સી. યોગ્ય ઉમેદવારની ભલામણ કરશે એટલે આ જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ-૩ સંવર્ગ માટે કચેરી અધીક્ષકની ૨૫ જગ્યાઓના માંગણાપત્રકો તૈયાર કરી નાણાં વિભાગની સ્થાયી સમિતિને મંજૂરી અર્થે મોકલી આપેલ છે. એક્સ-રે ટેક્નિશિયનની ૨૩ જગ્યાના માંગણાપત્રકો તા.૦૬/૦૬/૨૦૧૯ના રોજ અને જુનિયર ફાર્માસિસ્ટની ૬૭ જગ્યાના માંગણાપત્રકો તા.૧૯/૧૦/૨૦૨૨ના રોજ ગૌણ સેવા પસંદગી મંડળને મોકલી આપેલ છે. મંડળ દ્વારા યોગ્ય ઉમેદવારની ભલામણ કરાશે એટલે આ જગ્યાઓ ભરી આપવામાં આવશે. સ્પીચ થેરાપિસ્ટની જગ્યાઓ પણ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. ફાર્માસિસ્ટની ત્રણ જગ્યાના માંગણાપત્રકો તા. ૦૭/૧૦/૨૦૨૨ના રોજ જી.પી.એસ.સી.ને મોકલી આપ્યા છે અને આયોગ આપણને ભલામણ કરશે એટલે એ પણ ભરી દઇશું. ચાઇલ્ડ સાયકોલોજિસ્ટ, ઓડિયોવિઝન, ટેક્નિશિયન, ટેકનિશિયન આસિસ્ટંટ, ટેકનિકલ આસિસ્ટંટ, હેલ્થ વિઝિટર, ડોક્યુમેન્ટાલિસ્ટ, આંકડાશાસ્ત્રી, આર્ટિસ્ટ, કૅટલોગર, ડ્રાઇવર, માઇક્રો ફોટોગ્રાફર, ગેસ પ્લાન્ટ ઓપરેટર, સિસ્ટમ મેનેજર, ડાર્કરૂમ આસિસ્ટંટ, ફાયરસેફ્ટી ઓફિસર વગેરે જેવી જુદી-જુદી કેટેગરીની ૩૭ જગ્યાઓ કરારથી ભરવાની મંજૂરી મળેલ છે. મને ગૃહને કહેતા આનંદ થાય છે કે... (વચ્ચે અટકાવતાં)

<u>અધ્યક્ષશ્રી</u> : માનનીય મંત્રીશ્રી, પાંચ મિનિટનો જવાબ થયો. હવે તમે ટૂંકમાં પતાવો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ મહત્ત્વની વાત છે.

<u>અધ્યક્ષશ્રી</u> : હા, તો તમે કહી દો. જલદીથી પૂરું કરો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ-૧માં સીધી ભરતીથી ભરતી કરીએ છીએ અને તજજ્ઞ વર્ગ-૧ની ભરતી ૧૧ માસ માટે પણ કરીએ છીએ. આ વર્ષે પી.જી. બોન્ડે વર્ષ ૨૦૨૨માં ૪૭૮ આદેશ કર્યા અને ૧૯૬ હાજર થયા. વર્ષ ૨૦૨૩માં આપણને ૫૦૦ મળવાના છે. વર્ગ-૨માં જી.પી.એસ.સી.એ હજારની પસંદગી પ્રક્રિયા ચાલુ કરી છે એટલે એ પણ મળી જશે. ઘણી મોટી સંખ્યામાં ઉમેદવારોએ અરજી કરી છે. વર્ગ-૨માં ડૉક્ટરો મળવાની ખૂબ મોટી સંભાવનાઓ છે. જે બોન્ડેડ એમ.બી.બી.એસ. છે એ ૨૪૦૦થી ૨૫૦૦ જેટલા આપણને ઉપલબ્ધ થવાના છે. સી.પી.એસ.માં પણ એક વર્ષ બોન્ડ માટે ૨૨૦ મળશે અને એના સિવાય પણ સી.એમ. સેતુ ખાનગી તજજ્ઞોની સેવા આપણે લઇ રહ્યા છે. વર્ગ-૨માંથી વર્ગ-૧માં બઢતીની પ્રક્રિયા પણ આપણે ચાલુ કરી દીધી છે.

<u>અધ્યક્ષશ્રી</u> : માનનીય મંત્રીશ્રી, એમણે જે પૂછ્યું છે એટલો જ જવાબ આપો. એમણે જે પૂછ્યું છે એ સિવાયનો જવાબ આપ આપી રહ્યા છો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ માહિતી ખૂબ અગત્યની છે.

<u>અધ્યક્ષશ્રી</u> : આપો તમે, વાંધો નહીં. હજુ વધારે, છ મિનિટ થશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી મેડિકલ કૉલેજો, જી.એમ.ઇ.આર.એસ.ની સરકારી મેડિકલ કૉલેજો, સરકારી ડેન્ટલ કૉલેજ, સરકારી ફિઝિયોથેરાપી કૉલેજ, આર્યુર્વેદિક કૉલેજ, સરકારી હોમિયોપેથિક કૉલેજ, સરકારી નર્સિંગ કૉલેજ, સરકારી હોસ્પિટલો, ડિસ્ટ્રિક્ટ અને સબ ડિસ્ટ્રિક્ટ પી.એચ.સી. અને સી.એચ.સી., વર્ગ-૧માં કુલ મંજૂર કરેલ જગ્યાઓ ૫૧૯૯ છે. એમાં ૩૧૩૮ જગ્યાઓ ભરાયેલ છે. આજની તારીખે ૨૦૬૧ જગ્યાઓ ખાલી છે. આ વર્ષે આપણને પી.જી.ના ૫૦૦ અને સી.પી.એસ.ના ૨૦૦ ડૉક્ટરો મળવાના છે એટલે ૭૨૦ ડૉક્ટરો આપણને મળશે. એટલે આ ૨૦૬૧ જગ્યાઓમાં જેટલા ડૉક્ટરો હાજર થાય એ પ્રમાણે વર્ગ-૧ના ડૉક્ટરોની સંખ્યામાં ઘટાડો કરી એની પણ નિમણૂક આપણે આપી શકીશું. જો આ બધા ડૉક્ટરો હાજર થઇ જાય તો વર્ગ-૧ના ૧૩૪૧ ડૉક્ટરોની ઘટ બાકી રહે. આપણે લગભગ વર્ષ ૨૦૨૬ સુધીમાં વર્ગ-૧ના ડૉક્ટરો ભરી શકીએ એવી પરિસ્થિતિમાં આવી રહ્યા છીએ. વર્ગ-૨માં ૧૬૭૦ ખાલી જગ્યા છે એમાં ૧૦૦૦ જેટલા ડૉક્ટરો જી.પી.એસ.સી.આપવાની છે અને ૨૫૦૦ જેટલા બોન્ડેડ મળવાના છે એટલે ૧૬૭૦ની સામે ૩૫૦૦ ઉમેદવારો આપણી પાસે છે. એમ.બી.બી.એસ. ડૉક્ટરો સહિત આ વર્ષે આપણે ઉપર જે કેટેગરી જણાવી એ તમામ જગ્યાઓ ભરી શકવાની ક્ષમતામાં આવી રહ્યા છીએ.

<u>અધ્યક્ષશ્રી</u> : આઠ મિનિટ પૂરી કરી. હજી પણ કંઇ હોય તો...

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, મધ્ય ગુજરાતની સિવિલ હૉસ્પિટલમાં અકસ્માત તથા લાંબી બીમારીના કારણે વ્યક્તિ મૃત્યુ પામે છે ત્યારે પી.એમ. માટે ઘણો સમય વીતી જતો હોય છે. દૂરના સગાંવ્હાલાંને આવતા-જતા ધાર્મિક વિધિમાં સમય મળતો નથી તો ઝડપથી પી.એમ.ની વિધિ પૂરી થાય એવી સૂચના આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે અને ઝડપથી પી.એમ. થાય એ માટેની અમે સૂચનાઓ આપીશું.

**મહેસાણા જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના**

* ૩૧૦૬ **શ્રી કિરીટકુમાર પટેલ** (ઊંઝા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા | (૧) |

તા. ૨૮મી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય (પી.એમ.જે.એ.વાય-મા) યોજના હેઠળ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા, અને

| વર્ષ | મંજૂર લાભાર્થી દાવાઓ |
|---|---|
| ૨૦૨૧ | ૧૯,૭૩૧ |
| ૨૦૨૨ | ૩૧,૮૬૧ |
| **કુલ** | **૫૧,૫૯૨** |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર કરવામાં આવેલ દાવાઓ પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે ?

(૨)

| વર્ષ | ચૂકવેલ દાવાઓની રકમ રૂ. |
|---|---|
| ૨૦૨૧ | ૪૨,૭૩,૨૦,૬૯૧/- |
| ૨૦૨૨ | ૭૦,૪૧,૯૦,૮૯૯/- |
| **કુલ** | **૧,૧૩,૧૫,૧૧,૫૯૦/-** |

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં પી.એમ.જી.એસ.વાય. યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ કેટલા લાભાર્થીઓની નોંધણી થયેલ છે? અને આ યોજના અંતર્ગત કાર્ડધારકોને કેવા પ્રકારની સારવારનો લાભ મળે છે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, કેટલા લાભાર્થીઓની નોંધણી થયેલી છે અને કેવા પ્રકારની સારવારનો લાભ મળે છે? આ બે પ્રશ્નો પૂછ્યા છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં તા.૨૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ૮ લાખ ૧૫ હજાર ૧૬૦ લાભાર્થીઓની નોંધણી આયુષ્યમાન કાર્ડ હેઠળ કરી છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના હેઠળ પ્રાથમિક, સેકન્ડરી અને ટશ્યરી બીમારીઓ માટે નિયત કરેલ સારવાર મળવાપાત્ર છે. જેમાં, આંખના રોગો, કાન, નાક, ગળાના રોગો, સ્ત્રી રોગ, માનસિક રોગ, હૃદયરોગ, પ્લાસ્ટિક સર્જરી, કિડની, મગજ, ગંભીર ઇજાઓ, નવજાત શિશુઓને લગતા ગંભીર રોગો, કેન્સર, ઘૂંટણ, થાપાના રિપ્લેસમેન્ટ, કિડની, લિવર આમ, ૨૭૧૧ જેટલી પ્રોસિજરોનો આપણે ગુજરાતના નાગરિકોને લાભ આપી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : એમાં રૂપિયા ૧૦ લાખ સુધી સારવાર આપવામાં આવે છે ને?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનનીય અધ્યક્ષશ્રી, જી. હવે આપણે રૂપિયા ૫થી ૧૦ લાખ સુધી કરવા જઇ રહ્યા છીએ.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા લાભાર્થીઓના દાવા નોંધાયા? બીજો પ્રશ્ન એ છે કે, મહેસાણા જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સૌથી વધુ કયા પ્રકારની સારવાર લીધેલ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહેસાણા જિલ્લાના કુલ ૫૧,૫૯૨ લાભાર્થીઓના દાવા નોંધાયેલા છે. એની સામે રૂપિયા ૧૧૩.૧૫ કરોડ આપણે લોકોએ જયાં સારવાર લીધી હોય ત્યાં લોકોવતી ચૂકવ્યા છે. મહેસાણા જિલ્લામાં, પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સૌથી વધુ યુરોલોજી, કેન્સર અને હૃદયરોગની સારવારનો લાભાર્થીઓએ લાભ મેળવેલ છે. યુરોલોજીમાં ૧૦૫૭૨, કેન્સરમાં ૭૯૭૭, હૃદયરોગમાં ૪૧૯૯ અને અન્ય બીજી પ્રોસિજરો છે એમાં ૨૮,૮૪૪ આમ, ૫૧,૫૯૨ જેટલા રોગોની આપણે સારવાર આપી છે.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજનામાં કેટલી હૉસ્પિટલો જોડાયેલી છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં કુલ ૧૧૧ હૉસ્પિટલો જોડાયેલી છે. જેમાં, ૮૦ સરકારી અને ૩૧ જેટલી ખાનગી હૉસ્પિટલો જોડાયેલી છે.

**નવી સિવિલ હોસ્પિટલ, સુરતનું સંવર્ગવાર મહેકમ**

*૩૦૮૯ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નવી સિવિલ હોસ્પિટલ, સુરતનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) નવી સિવિલ હોસ્પિટલ, સુરતની સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે-

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૧૫ |
| વર્ગ-૨ | ૫૧ |
| વર્ગ-૩ | ૧૦૧૯ |
| વર્ગ-૪ | ૫૬૪ |

| | |
|---|---|
| **કુલ** | **૧૬૪૯** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત પૈકી સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે-

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૫ | ૧૦ |
| વર્ગ-૨ | ૪૦ | ૧૧ |
| વર્ગ-૩ | ૮૭૫ | ૧૪૪ |
| વર્ગ-૪ | ૫૬૪ | ૦૦ |
| **કુલ** | **૧૪૮૪** | **૧૬૫** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દક્ષિણ ગુજરાતની સૌથી મોટી હૉસ્પિટલ નવી સિવિલ હૉસ્પિટલ છે. લોકોની બીમારીઓને દૂર કરવાની આ એક જીવાદોરી સમાન છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, નવી સિવિલ હૉસ્પિટલ સુરતમાં મહેકમની જગ્યાઓ ખાલી રહેવાનાં કારણો શું છે? અને ખાલી રહેલ જગ્યાઓ કયારે ભરવામાં આવશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નવી સિવિલ હૉસ્પિટલ સુરતમાં મહેકમની જગ્યાઓ ખાલી રહેવાનાં જે કારણો છે એમાં જણાવું તો, વર્ગ-૧માં પિડિયાટ્રિશયનની એક જગ્યા, સાયકોલૉજિસ્ટની એક (વચ્ચે અટકાવતા)...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આમાં ફક્ત મહેકમની જગ્યાઓ ખાલી રહેવાનું કારણ શું છે અને કયારે ભરવામાં આવશે? આ બંને વિશે પૂછ્યું છે એટલું કહી દો. અગાઉ વડોદરામાં જે કહ્યા એ જ કારણો છે ને?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હા. અગાઉ મેં કહ્યા એ જ કારણો છે અને જેમ આપણને ઉમેદવારો મળતા જશે એ પ્રમાણે આપણે જગ્યાઓ ભરી દઇશું.

શ્રી સંદીપ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વિવિધ સંવર્ગની ખાલી જગ્યાઓ ભરવા માટેની ભરતી પ્રક્રિયા વિશે જણાવશો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે કચેરીઓ પાસેથી વિગતો મંગાવીએ છીએ. એ વિગતો પ્રમાણે આપણે જી.પી.એસ.સી. અને ગૌણ સેવા પસંદગી મંડળમાં માહિતી મોકલી આપીએ છીએ અને ત્યાંથી પસંદગી થયા પછી જે ઉમેદવારો મળે એને સરકારશ્રી નિમણૂક આપતી હોય છે. બઢતીથી પણ આ નિમણૂકો અપાતી હોય છે. વર્ગ-૨માંથી વર્ગ-૧માં બઢતીથી નિમણૂકો આપીએ છીએ. જે બઢતીથી મળવાપાત્ર હોય એ રેશિયા પ્રમાણે આપણે બઢતી આપીને પણ આ નિમણૂકો કરીએ છીએ. સામાન્ય વહીવટ વિભાગની જોગવાઇઓ અનુસાર, સમયાંતરે આ ભરતી કરતા રહીએ છીએ. પરંતુ બઢતી, ઉંમરની સાથે નિવૃત્તિ, રાજીનામા આમ અનેક કારણોસર જગ્યાઓ ખાલી પડતી હોય છે. આ આખી નિરંતર પ્રક્રિયા છે. નિરંતર પ્રક્રિયા સરકારશ્રી દ્વારા વખતોવખત ચાલતી રહે છે. જગ્યાઓ ખાલી થાય અને ભરવાની થાય, આ પ્રક્રિયા કોન્સ્ટન્ટલી વહીવટનો એક ભાગ છે. એના કારણે આ થાય છે. પરંતુ પહેલા મેં કહ્યું એમ વર્ગ-૧ અને વર્ગ-૨માં આવતા સમયમાં એમ. બી. બી. એસ. અને પી. જી. આપણી મેડિકલ કોલેજોના કારણે પી.જી. અને સુપર સ્પેશિયાલિસ્ટ અને સી.પી.એસ.ની જગ્યાઓ વધવાના કારણે આખા રાજયમાં દૂર સુદૂર અંતરિયાળ વિસ્તારો સુધી પણ આપણે મેડિકલ સેવાઓ. હોસ્પિટલ હોય સાહેબ, પરંતુ જે મેઇન મશીનરી કહેવાય, એવા ડોકટરોની ઘટ પૂરી કરવા માટે પણ આપણું ગુજરાત રાજ્ય સક્ષમ બની રહ્યું છે.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, નવી સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે તા. ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ વર્ગ-૧ની ૫ જગ્યાઓ ભરાયેલી છે અને ૧૦ ખાલી છે. વર્ગ-૨ની ૪૦ જગ્યા ભરાયેલી છે અને ૧૧ ખાલી છે. તો માનનીય મંત્રીશ્રીને મારો પ્રશ્ન છે કે વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગ્યાઓ ભરવા માટેનું આયોજન શું છે અને એ કયારે ભરવામાં આવશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનનીય અધ્યક્ષશ્રી, આમ તો વિગતવાર જવાબ આપ્યો જ છે કે જી.પી.એસ.સી., ગૌણ સેવા અને એ પ્રક્રિયા સતત ચાલુ છે અને એ પ્રમાણે આપણે ભરીશું.

**સરકારી મેડિકલ કોલેજ, વડોદરાનું સંવર્ગવાર મહેકમ**

* ૩૧૧૧ **શ્રી ચૈતન્યસિંહ ઝાલા** (પાદરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સરકારી મેડિકલ કોલેજ, વડોદરાનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૨૯૩ |
| વર્ગ-૨ | ૧૦૯ |

| | |
|---|---|
| વર્ગ-૩ | ૩૧૦ |
| વર્ગ-૪ | ૧૩૬ |
| **કુલ** | **૮૪૮** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૨૩૨ | ૬૧ |
| વર્ગ-૨ | ૬૫ | ૪૪ |
| વર્ગ-૩ | ૧૮૯ | ૧૨૧ |
| વર્ગ-૪ | ૧૩૬ | ૦૦ |
| **કુલ** | **૬૨૨** | **૨૨૬** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી....

અધ્યક્ષશ્રી : આનો જવાબ પણ આવી ગયો છે.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : જી, સર.

અધ્યક્ષશ્રી : ચલાવો તો. અગાઉના પ્રશ્ન ક્રમાંક-૧નો સેઇમ જ પ્રશ્ન છે. આપને કોઇ પેટા પ્રશ્ન હોય તો પૂછી લો.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ મળી ગયો છે.

અધ્યક્ષશ્રી : મળી ગયો છે ને?

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : જી.

અધ્યક્ષશ્રી : ચાલો. પ્રશ્ન ક્રમાંકઃ ૬

**સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, સુરતનું સંવર્ગવાર મહેકમ**

* ૩૧૦૯ **શ્રી સંદીપ દેસાઇ** (ચોર્યાસી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, સુરતનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૦૫ |
| વર્ગ-૨ | ૦૬ |
| વર્ગ-૩ | ૨૪ |
| વર્ગ-૪ | ૦૭ |
| **કુલ** | **૪૨** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૪ | ૦૧ |
| વર્ગ-૨ | ૦૧ | ૦૫ |
| વર્ગ-૩ | ૧૬ | ૦૮ |
| વર્ગ-૪ | ૦૭ | ૦૦ |
| **કુલ** | **૨૮** | **૧૪** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

શ્રી સંદીપ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, સુરત ખાતે જગ્યાઓ ખાલી રહેવાનાં કારણો શાં છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, સુરત ખાતે સિનિયર લેક્ચરરની ૧, લેક્ચરરની ૫, કચેરી અધીક્ષકની ૧, હેડ કલાર્કની ૩, સિનિયર કલાર્કની ૨ અને જુનિયર કલાર્કની ૨. આમ, કુલ ૧૪ જગ્યાઓ વય નિવૃત્તિ, બદલી, બઢતી વગેરે જે કહ્યું એ પ્રમાણે ખાલી પડેલ છે.

અધ્યક્ષશ્રી : બીજા કોઇને કંઇ પ્રશ્ન પૂછવાનો છે? માનનીય મંત્રીશ્રી, આમાં ખાલી જગ્યાઓ જલદી ભરાય એવું કરાવજો. એટલા માટે ધારાસભ્યશ્રીઓએ આગ્રહપૂર્વક ખાસ આ પ્રશ્નો પૂછ્યા હશે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપની લાગણી બિલકુલ સરકારશ્રીના ધ્યાનમાં છે. કારણ કે પ્રજાની લાગણી છે. મેડિકલ સર્વિસીસ મળી રહે એના માટે અત્યારે કહ્યું અને જે મેં આખું કેલેન્ડર આપ્યું. બિલકુલ ગંભીરતાપૂર્વક આપણે ભરી રહ્યા છીએ.

### ડાંગ જિલ્લામાં વનીકરણ માટે નાણાકીય જોગવાઈ

* ૩૪૮૭ **શ્રી ચૈતરભાઈ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લાની ઉત્તર અને દક્ષિણ વન વિભાગમાં વનીકરણ માટે ગુજરાત સરકાર દ્વારા કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી હતી,

(૨) ઉક્ત સ્થિતિએ કઈ કામગીરી માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ હાથ ધરાયેલ પૈકી કયા કયા કામો પૂરા કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| વિભાગ | નાણાકીય જોગવાઈ (રૂ. લાખમાં) |
|---|---|
| ડાંગ ઉત્તર વન વિભાગ | ૨૫૭૮.૮૦ |
| ડાંગ દક્ષિણ વન વિભાગ | ૨૩૦૪.૯૫ |

(૨) વાવેતર માટે બાકી રહેલ ૩૦% આગોતરા કામો માટે રૂ. ૪૬૩.૩૫ લાખ,
વાવેતર માટે રૂ. ૧૬૧૫.૦૬ લાખ,
વાવેતર માટે ૭૦% આગોતરા કામો માટે રૂ. ૯૮૪.૯૪ લાખ,
જૂના વર્ષનાં વાવેતરની જાળવણી માટે રૂ. ૧૩૬૪.૭૪ લાખ.

(૩) ૬૧૧૧ હેક્ટર વિસ્તારમાં વાવેતર માટે બાકી રહેલ ૩૦% આગોતરા કામો,
૪૮૨૪ હેક્ટર વિસ્તારમાં વાવેતર માટે ૭૦% આગોતરા કામો, ૧૧૭૨૦.૫ હેક્ટર વિસ્તારમાં વાવેતરની જાળવણીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

શ્રી ચૈતરભાઈ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ડાંગ જિલ્લામાં ગૌણ વન પેદાશો અને વન ઔષધિઓ માટે કયા કયા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે અને બીજો પ્રશ્ન છે કે ગૌણ વન પેદાશો અને વન ઔષધિઓ માટે ગુજરાત રાજ્ય વન વિભાગ દ્વારા કોઇ વ્યવસ્થા કરવામાં આવે છે કે કેમ? અને મારો ત્રીજો પ્રશ્ન છે કે ડાંગ જિલ્લામાં વન વિભાગ દ્વારા આદિવાસી લોકો માટે કૌશલ્યવર્ધક કેન્દ્રો ચલાવવામાં આવે છે કે કેમ?

શ્રી મુળુભાઈ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ જિલ્લામાં જે વૃક્ષો વાવવામાં આવે છે. એમાં સભ્યશ્રીએ એકી સાથે ૩, ૪ પ્રશ્નો પૂછ્યા છે. સાગ, ખેર, વાંસ, મહુડો, બેડા, કડાયો, બીલી, તણસ, અરેઠા, હરડે, અશોક, કરમદા, જાંબુ, આમળા, સીતાફળ, ફણસી, અર્જુન, સાદડ, સાઠી, સલાઇ વગેરે વાવવામાં આવે છે. બીજો પ્રશ્ન જે ગૌણ પેદાશોનો છે. એમાં જે ફળાઉ ઝાડ અથવા વાંસ છે, એમની એમાં ભાગીદારીથી પણ વાવવામાં આવે છે. એ ગૌણ પેદાશોમાંથી અલગ અલગ મોડેલ છે. એમાં અમુક ભાગ છે તેને જે તે સ્થાનિક ગ્રામ પંચાયતને અને જો ખાનગી ખેડૂતે વાવેતર કર્યું હોય તો એમને પણ એમાંથી આપવામાં આવે છે. કૌશલ્યવર્ધક કેન્દ્રોની વાત કરી છે તેની માહિતી અત્યારે મારી પાસે નથી. હું ટેબલ પર મૂકી દઇશ.

અધ્યક્ષશ્રી : ટેબલ ઉપર મૂકજો અને માનનીય સભ્યશ્રીને વ્યક્તિગત પણ જણાવજો.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જંગલ વિસ્તારમાં સહભાગી વન વ્યવસ્થા ખૂબ સારા પ્રમાણમાં થાય છે. સહભાગી વન વ્યવસ્થા અંતર્ગત આજીવિકા વૃદ્ધિ માટે કયા પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે?

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનનીય અધ્યક્ષશ્રી, સહભાગી વન વ્યવસ્થામાં જે પાંખા વનો છે તેના પુનઃનિર્માણ અને તેના સંરક્ષણ માટે વિકાસ તથા વહીવટમાં ગ્રામ સમુદાય, સ્વૈચ્છિક સંગઠનોનો સહયોગ મેળવવામાં આવે છે. વન વિસ્તારમાં વૃક્ષો અને વનસ્પતિનું વાવેતર, ઘાસ, બળતણ, નાનું ઇમારતી લાકડું અને અન્ય વન પેદાશોનું ઉત્પાદન કરીને જંગલ વિસ્તારની નજીક રહેતા ગ્રામ સમુદાયને જરૂરિયાત મુજબ પૂરું પાડવામાં આવે છે. આ ઉત્પાદનમાંથી વનીકરણને સહાયરૂપ બને એવી પર્યાવરણની સમતુલા પ્રાપ્ત કરવા માટે ગ્રામ સમુદાય વૃક્ષ આધારિત પ્રવૃત્તિઓમાં કાર્યરત થાય તેવી શક્યતાઓ ઊભી કરવામાં આવે છે. સહભાગી વન વ્યવસ્થા થકી લોકોની આજીવિકામાં સુધારો થાય તે મુખ્ય હેતુ છે. સહભાગી વન વ્યવસ્થામાં જોડાયેલા સભ્યો છે તેમને જ્યાં પાંખા વન વિસ્તાર છે તેમાંથી ઘાસ લઇ જવાનો અધિકાર છે અને કટબેંકની કામગીરી પણ કરવામાં આવે છે. સમિતિના સભ્યોને વિનામૂલ્યે બળતણ સરખે હિસ્સે આપવામાં આવે છે. પાંખા વન વિસ્તારોમાંથી જે વૃક્ષો કાપવામાં આવે તેની આવક થાય તે ૫૦ ટકાના ધોરણે ગ્રામ સમિતિ અને સરકાર વચ્ચે વહેંચણી કરવામાં આવે છે અને ગીચ વન વિસ્તાર હોય તેમાં ૨૦ ટકા અને ૮૦ ટકાના ધોરણે વહેંચણી કરવામાં આવે છે. વીડી વિસ્તારમાંથી ઘાસના કુલ ઉત્પાદનના ૨૦ ટકા ઘાસ સહભાગી વન વ્યવસ્થા સમિતિના સભાસદોને વાઢીને લઇ જવા દેવામાં આવે છે. જે મંડળીઓ છે તેની કુલ સંખ્યા ૩૪૦૮ છે અને તેમાંથી ફાળવવામાં આવેલ વિસ્તાર ૫,૪૭,૪૧૮.૭૦ હેક્ટર છે.

તા. ૨૮મી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

ડો. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે વન સંરક્ષણ અને સંવર્ધન માટે લોકસહકાર મેળવવા સરકારશ્રી તરફથી કયા પ્રયત્નો કરવામાં આવે છે?

શ્રી મુળુભાઇ હ. બેરા : સહભાગી વન વ્યવસ્થામાં પાંખા થયેલા વન વિસ્તારમાં પુનઃનિર્માણ, સંરક્ષણ અને તેના વહીવટમાં ગ્રામ સમુદાય, સ્વૈચ્છિક મંડળનો સહયોગ મેળવવા ઉપરાંત આ વિસ્તારમાંથી જમીનમાં વૃક્ષો અને અન્ય વનસ્પતિઓનું વાવેતર કરી ઘાસ, બળતણ, નાનું ઇમારતી લાકડું અને અન્ય વન પેદાશોનું ઉત્પાદન કરી જંગલ વિસ્તારની નજીક રહેતા ગ્રામ સમુદાયની જરૂરિયાતો પૂરી પાડવામાં આવે છે. સતત ઉત્પાદનથી વનીકરણને સહાયરૂપ બને એવી પર્યાવરણની સમતુલા પ્રાપ્ત કરવા માટે પણ ગ્રામ સમુદાય વૃક્ષ આધારિત પ્રવૃત્તિઓમાં કાર્યરત થાય તેવી શક્યતાઓ ઊભી કરવામાં આવે છે. સહભાગી વન વ્યવસ્થા થકી વન અને લોકોની આજીવિકામાં સુધારો થાય તેવો આ યોજનાનો મુખ્ય હેતુ છે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો હું સરકારશ્રીનો આભાર માનું છું. મારા મોરબીમાં પાંજરાપોળ છે તેમાં ૪૬૦૦ વીઘા જમીન છે. તેમાં ૧૧૦૦ વીઘામાં સરકાર દ્વારા..

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન ડાંગ જિલ્લાનો છે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : તેના ઉપર આવું છું. ૧૧૦૦ વીઘામાં વૃક્ષો વાવીને વનીકરણ કરેલ છે અને અમે સંભાળીએ છીએ. અત્યારે ગુજરાતમાં પ્લાયવુડનાં કારખાનાં ખૂબ જ થયાં છે. તેમાં નીલગિરિ વપરાય છે. તો કચ્છ, મોરબી અને સુરેન્દ્રનગરમાં ખેડૂતોને નીલગિરિ વાવવાની મંજૂરી આપીને સબસિડી આપવા માગો છો કે નહીં?

અધ્યક્ષશ્રી : આ કચ્છ અને સુરેન્દ્રનગરનો પ્રશ્ન પૂછ્યો છે એનો જો જવાબ તમારી પાસે હોય તો આપો બાકી આ ડાંગ પૂરતો પ્રશ્ન છે.

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય સભ્યશ્રીનું સૂચન છે. આ ડાંગ જિલ્લા પૂરતો પ્રશ્ન છે અને છતાં એમનું સૂચન આવકાર્ય છે અને અમે વિચારીશું.

**સરકારી ડેન્ટલ કોલેજ, જામનગરનું સંવર્ગવાર મહેકમ**

* ૩૧૦૮ **શ્રી મેઘજીભાઈ ચાવડા** (કાલાવડ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સરકારી ડેન્ટલ કોલેજ, જામનગરનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૪૫ |
| વર્ગ-૨ | ૩૯ |
| વર્ગ-૩ | ૬૫ |
| વર્ગ-૪ | ૩૬ |
| **કુલ** | **૧૮૫** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૩૧ | ૧૪ |
| વર્ગ-૨ | ૨૮ | ૧૧ |
| વર્ગ-૩ | ૬૧ | ૦૪ |
| વર્ગ-૪ | ૩૬ | ૦૦ |
| **કુલ** | **૧૫૬** | **૨૯** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો હું પ્રજા વાત્સલ્ય મુખ્યમંત્રીશ્રી, આરોગ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો આભાર માનીશ કે જામનગર જિલ્લા માટે ગયા રવિવારે રૂ.૧૩ કરોડના ખર્ચે એમ.આર.આઇ. મશીન ખુલ્લું મૂકયું. અમારા આદરણીય મંત્રીશ્રી પણ હતા અને અમારા સાથી ધારાસભ્યશ્રીઓ પણ હતા ત્યારે હું પ્રજાવતી રાજ્ય સરકારનો પણ આભાર માનું છું. મારા પ્રશ્નમાં જામનગર ખાતે જે ડેન્ટલ હોસ્પિટલની અંદર ખાલી જગ્યા છે તો ખાલી જગ્યા રહેવાનાં કારણો શું છે? આ ખાલી જગ્યા છે એ ભરવા માટેની કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ? અને ત્રીજું મારે આપની પાસેથી એ જાણવું છે કે જામનગર ખાતે જે સરકારી ડેન્ટલ કોલેજ છે તેની અંદર પી.જી. કોર્સ ચાલે છે કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે ખાલી જગ્યાઓના એમણે જે બે પ્રશ્નો પૂછ્યા એમાં મેં અગાઉ કારણો આપ્યાં એ પ્રમાણે છે અને સરકાર દ્વારા ભરવાની પ્રક્રિયા પણ ચાલુ છે. સરકારી ડેન્ટલ કોલેજ જામનગર ખાતે છ વિષયની અંદર પ્રોસથો, ઓર્થો એવા છ પ્રકારના વિષયોમાં આપણે પી.જી. કોર્સ ત્યાં ચલાવીએ છીએ. કુલ ૧૯ સીટોની અંદર પી.જી. કોર્સીસમાં ૩ કે એવી ઓછી સંખ્યામાં સીટો મળતી હોય છે, કારણ કે એ જે પ્રમાણે પ્રોફેસર, આસિસ્ટંટ પ્રોફેસરનું જે

પ્રમાણે મહેકમ હોય એ પ્રમાણે આપણી સીટો મંજૂર થતી હોય છે. આ વર્ષે ૧૨ સીટનો વધારો થયો છે, એટલે પ્રોફેસર, આસિસ્ટંટ પ્રોફેસર, મદદનીશ પ્રાધ્યાપક આ બધામાં વધારો થવાના કારણે ૧૨ જેટલી સીટો આ વર્ષે પણ વધી છે એટલે જૂની ૧૯ અને નવી ૧૨ સીટો છે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારી મેડિકલ કોલેજ જામનગરને સ્વાયત્ત કરવા માટે શું કાર્યવાહી કરવામાં આવેલ છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદની અને સરકારી ડેન્ટલ કોલેજ જામનગરને સ્વાયત્ત સંસ્થા કરવા માટે સરકારશ્રી કક્ષાએ આપણે વિગતવાર દરખાસ્ત કરેલી છે અને એ કાર્યવાહી ચાલુ છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાના સી.એચ.સી.માં ડોકટરોની ખૂબ મોટા પ્રમાણમાં ઘટ છે. મારા જામજોધપુર તાલુકામાં ૭ ડોકટરમાંથી માત્ર ૨ ડોકટરો ભરેલા છે અને ૫ જેટલી જગ્યાઓ ખાલી છે. મોટા ભાગે બોન્ડ આધારિત ડોકટરોની આપણે ભરતી કરીએ છીએ એ લોકો ઉચ્ચ અભ્યાસ અર્થે હાજર થઇ અને રજા ઉપર ઉતરી જાય છે જેને લઇ અને ગ્રામ્ય વિસ્તારના દવાખાનામાં કાયમી ઘટ રહે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પ્રશ્ન ડેન્ટલ કોલેજનો છે. છતાંય આપની પાસે જવાબ હોય તો મૂકજો.

શ્રી હેમંતભાઇ હ. આહિર : ૫ ડોકટરોની ઘટ છે, સમગ્ર જિલ્લામાં ખૂબ મોટા પ્રમાણમાં ડોકટરોની ઘટ છે તો કયારે ડોકટરોની જગ્યા ભરવા માગો છો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં પણ આખા રાજય પૂરતો વિગતવાર જવાબ આપ્યો છે. સવાલ એમના જામજોધપુરનો છે, પરંતુ જે રીતે વર્ગ-૨ની અંદર ૨૫૦૦ બોન્ડેડ અને ૧૦૦૦ જી.પી.એસ.સી. દ્વારા આપણને ઉમેદવારો મળવાના છે અને આખા રાજયની ટોટલ ખાલી જગ્યા ૧૬૭૧ છે. એટલે સન ૨૦૨૩-૨૪ની અંદર આપણે સી.એચ.સી., પી.એચ.સી.ની અંદર ડોકટરો મૂકી શકીએ એ સ્થિતિમાં આવવાના છીએ. વર્ગ-૧માં પણ ૫૦૦ પી.જી. અને ૨૨૦ જેટલા સી.પી.એસ. પણ આપણને ચાલુ વર્ષે મળવાના છે, એમાં વધુમાં વધુ ડોકટરો જો હાજર થાય તો એમાં પણ વર્ગ-૧માં ખાલી જગ્યામાં ઘટાડો કરી શકીએ એવી પરિસ્થિતિમાં આજે આપણે આવી રહ્યા છીએ. આવતા સન ૨૦૨૬ સુધીમાં સરકારનો ગોલ છે સન ૨૦૨૩-૨૪માં આપણે એમ.બી.બી.એસ. ડોકટરો મૂકી દેવા અને સન ૨૦૨૬ સુધીમાં વર્ગ-૧ના તજજ્ઞ ડોકટરો કહીએ એવા ડોકટરો પણ આપણે છેક દૂર દૂરના વિસ્તારોમાં મૂકવા માટે રાજય સરકાર બિલકુલ કટિબદ્ધ છે અને એ મૂકવા માટેના રાજય સરકારના પ્રયત્નો સતત ચાલુ છે.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સરકારી ડેન્ટલ કોલેજ જામનગરને નેશનલ એક્રેડિટેશન બોર્ડ ફોર હોસ્પિટલ એન્ડ હેલ્થકેર અને નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ માટે કઇ કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી ડેન્ટલ કોલેજ, જામનગરમાં ચાલુ વર્ષે એન.એ.બી.એચ. અને નેક એક્રેડિટેશન પ્રક્રિયા કાર્યરત છે. આ સંસ્થા દ્વારા એન.એ.બી.એચ. અને નેક એક્રેડિટેશન માટે રજિસ્ટ્રેશન કરવામાં આવેલ છે અને નજીકના ભવિષ્યમાં એન.એ.બી.એચ. દ્વારા ઇન્સ્પેક્શન થનાર છે. એન.એ.બી.એચ. અને નેશનલ એસેસમેન્ટ અને એક્રેડિટેશન કાઉન્સિલ એટલે કે નેક આ બન્ને માટે આપણે ત્યાંથી કાર્યવાહી કરી રહ્યા છીએ.

### એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરાનું સંવર્ગવાર મહેકમ

* ૩૧૧૪ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરાનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરાની સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છેઃ- |

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૧૫ |
| વર્ગ-૨ | ૭૪ |
| વર્ગ-૩ | ૧૨૩૩ |
| વર્ગ-૪ | ૫૮૬ |
| **કુલ** | **૧૯૦૮** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ઉક્ત પૈકી સંવર્ગવાર એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરામાં ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છેઃ- |

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૫ | ૧૦ |

| | | |
|---|---|---|
| વર્ગ-૨ | ૪૯ | ૨૫ |
| વર્ગ-૩ | ૧૧૪૭ | ૮૬ |
| વર્ગ-૪ | ૫૮૬ | ૦૦ |
| **કુલ** | **૧૭૮૭** | **૧૨૧** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

શ્રી અક્ષયકુમાર ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરામાં જગ્યાઓ ખાલી રહેવાના કારણો શું છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જવાબ અગાઉ પણ મેં આપેલ છે. ખાલી રહેવાનાં કારણો, ભરવાનું આયોજન આ બધો વિગતવાર જવાબ આપેલ છે. જે જવાબ બીજા માટે હોય એ મહેકમનો પ્રશ્ન હોઇ એ વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલને પણ લાગુ પડે છે.

શ્રી યોગેશભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૬ પછી એસ.એસ.જી. હોસ્પિટલમાં કોઇપણ મહેકમ વધારવામાં આવ્યું નથી. આ એસ.એસ.જી. હોસ્પિટલ પહેલાં ૭૫૦ બેડની હતી અને અત્યારે ૧,૫૧૯ બેડની છે. પરંતુ મહેકમ ન વધારવાના કારણે દર્દીઓને હાલાકી પડે છે. મારો પ્રશ્ન છે કે છેલ્લે ક્યારે મહેકમ વધારવામાં આવ્યું? બીજું કે એસ.એસ.જી. હોસ્પિટલ પહેલાં કેટલી પથારીની હતી અને હાલમાં કેટલી પથારીની છે?

અધ્યક્ષશ્રી : પહેલાં એટલે કયા વર્ષમાં?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર આરોગ્ય બાબતે આખા ગુજરાતની ચિંતા કરે છે. એમાં રાજકોટ હોય, સુરત હોય, વડોદરા હોય, અમદાવાદ હોય. અમદાવાદમાં તો આપણે મેડિસિટી અને લગભગ મેડિકલ ટુરિઝમનું ક્ષેત્ર બન્યું છે. સરકારના મનમાં છે કે વડોદરામાં એટલે કે મધ્ય ગુજરાતમાં જેમ અમદાવાદમાં સુપર સ્પેશિયાલિસ્ટોની સગવડો મળે છે એવી ત્યાં પણ મળવી જોઇએ. એમની વાત છે કે ત્યાં પહેલાં ઓછા બેડ હતા અને મંજૂર મહેકમ હતું એમાં વધારો થયો નથી. પરંતુ જે વખતે મંજૂર કર્યું એ વખતે વખતોવખતની કેપેસિટીને અનુલક્ષીને મહેકમ પણ મંજૂર કર્યું હતું. આજે પણ વર્ગ-૨ અને વર્ગ-૧ની સંખ્યા આપણને પૂરતી મળતી નથી એના કારણે ઘણી જગ્યાઓ ખાલી રહે છે. રાજ્ય સરકારે પહેલાં આયોજન કર્યું કે વર્ગ-૨ના એમ.બી.બી.એસ.ડોકટરો મળી રહે, વર્ગ-૧ના મળી રહે. વર્ગ-૩ અને વર્ગ-૪ કરતાં વિશેષ મહત્ત્વની વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ હોય છે. પહેલાં આયોજન કરવું પડે એ આયોજન થઇ ગયું છે. એટલે આવતા સમયમાં ચોક્કસ એમની લાગણી છે કે પેશન્ટનો ફ્લો વધ્યો છે. વર્ગ-૨ની તો બહુ સારી રીતે અને એમાં જરૂર પડે તો સ્થાનિક કક્ષાએ સી.એમ. સેતુમાં ડોકટરોની સેવાઓ લેતા હોઇએ છીએ. એટલે એમનું સૂચન છે. વડોદરાની અંદર મધ્ય ગુજરાત માટે સારી ફેસિલિટી આવતા સમયમાં ઉપલબ્ધ થાય એને વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪માં જુદા જુદા પ્રકારની સેવાઓ માટેની આપણા શ્રી કનુભાઇ અને આદરણીયશ્રી ભૂપેન્દ્રભાઇએ એ મંજૂર કરી છે અને ટૂંક સમયમાં એ બધું કામ ચાલુ પણ થવાનું છે.

શ્રી યોગેશભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે વર્ગ-૪ની જગ્યાઓ ખાલી છે. વર્ગ-૪માં કોન્ટ્રાકટર દ્વારા ત્યાં હોસ્પિટલના અધિકારીઓ એ કોન્ટ્રાક્ટના માણસો લઇ શકે કે નહીં? કારણ કે અત્યારે લઇ શકતા નથી. ચોથા વર્ગના કર્મચારી દર્દીઓની સેવા માટે ઘણા કામના હોય છે. કોન્ટ્રાકટર પાસે જો વર્ગ-૪ના કર્મચારીઓ લેવામાં આવે તો મને લાગે છે કે સુવિધા મળી રહે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આખી પ્રક્રિયા દરેક જગ્યાએ દરેક મેડિકલ કોલેજ હોય, ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ હોય ત્યાં વર્ગ-૪ના કર્મચારીઓ માટે આઉટસોર્સથી બહારથી ભરતી કરાવીએ છીએ. એમાં પણ મંજૂર મહેકમ હોય છે. કેટલા વોર્ડબોય જોઇશે વગેરે. એ બધાની પ્રક્રિયા કરીએ છીએ. એ પ્રક્રિયામાં આઉટસોર્સ એજન્સી હોય છે એને હોસ્પિટલ કહેતી હોય છે કે અમારે આટલા આટલાની જરૂર છે, અમારા મહેકમ પ્રમાણે આઉટસોર્સ એજન્સી કર્મચારીઓ પૂરા પાડતી હોય છે.

**સ્વદેશ દર્શન યોજના અન્વયે બુદ્ધિસ્ટ સ્થળોનો વિકાસ**

* ૨૬૬૨ **શ્રી કમલેશભાઈ પટેલ** (પેટલાદ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારની સ્વદેશ દર્શન યોજનામાં બુદ્ધિસ્ટ સ્થળોના વિકાસ માટે કોઇ ગ્રાન્ટ ફાળવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેમાં કયા કયા સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) બુદ્ધિસ્ટ સર્કિટ અન્વયે નીચેના સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ૧ | ઉપરકોટ ગુફા, જૂનાગઢ |

ચૈત્ર ૭, ૧૯૪૫ શાકે
તારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| ૨ | બાબા પ્યારે ગુફા, જૂનાગઢ |
| ૩ | ખાપરા કોડિયા ગુફા, જૂનાગઢ |
| ૪ | અશોકા રોક, જૂનાગઢ |
| ૫ | શાણા ગુફા, ગીર સોમનાથ |
| ૬ | પ્રભાસપાટણ બુદ્ધિસ્ટ ગુફા, ગીર સોમનાથ |
| ૭ | કડિયા ડુંગર, ભરૂચ |
| ૮ | શીયોત ગુફા, કચ્છ |
| ૯ | તળાજા બુદ્ધિસ્ટ ગુફા, ભાવનગર |
| ૧૦ | ખંભાલીડા ગુફા, રાજકોટ |
| ૧૧ | વડનગર બુદ્ધિસ્ટ મોનેસ્ટ્રી, મહેસાણા |
| ૧૨ | તારંગા બુદ્ધિસ્ટ ગુફા, મહેસાણા |

(૩) બુદ્ધિસ્ટ સર્કિટ અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે ?

(૩) રૂ.૩૦૭.૪૨ લાખ.

ડો. કમલેશભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપણા દેશના યશસ્વી વડાપ્રધાન દુનિયાના મંચ પરથી બોલતા હોય કે દુનિયા એ હવે યુદ્ધના માર્ગેથી બુદ્ધના માર્ગે પાછા ફરવાનો સમય આવ્યો છે ત્યારે હું આપના માધ્યમથી માનનીય પ્રવાસન મંત્રી પાસેથી જાણવા માગું છું કે, સ્વદેશ દર્શન યોજનાનો હેતુ શું છે અને આ યોજના હેઠળ ગુજરાતમાં બૌદ્ધિષ્ટ સ્થળોના વિકાસ માટે વિભાગ દ્વારા કયા કયા પ્રયત્નો કરવામાં આવ્યા છે?

શ્રી મુળુભાઈ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, સ્વદેશ દર્શન યોજનાનો મુખ્ય હેતુ દેશના સાંસ્કૃતિક વારસાના મૂલ્યને પ્રોત્સાહન આપવા નક્કી કરેલ સર્કિટના પ્રદેશોમાં આજીવિકા પેદા કરવા, સર્કિટ સ્થળોમાં વિશ્વસ્તરીય માળખાગત વિકાસ દ્વારા પ્રવાસીઓનું આકર્ષણ વધારવાનો છે. ભારત સરકાર તથા ગુજરાત સરકારના ૧૨ જેટલાં સ્થળોનો બૌદ્ધિષ્ટ સર્કિટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ સ્થળોના વિકાસ માટે રૂ.૧૯.૯૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ભારત સરકારની સ્વદેશ દર્શન યોજના અનુસાર જૂનાગઢ જિલ્લાના ક્યા બૌદ્ધિષ્ટ સ્થળોમાં પ્રવાસી સુવિધા વિકસાવવામાં આવી છે અને એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી મુળુભાઈ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારની સ્વદેશ દર્શન યોજનામાં જૂનાગઢ જિલ્લાની ઉપરકોટ ગુફા, બાબા પ્યારે ગુફા, ખાપરા કોડિયા ગુફા, અશોકના શિલાલેખ ખાતે રૂ.૧૯૦.૨૭ લાખના ખર્ચે પ્રવાસી સુવિધાની કામગીરી કરી છે. ઉપરકોટ ગુફામાં આવતા પ્રવાસીઓની સુવિધા વધારવા માટે એપ્રોચ રોડ, સ્ટ્રીટ લાઇટ, સાઇનેજીસ, ડસ્ટબીન, સી.સી.ટી.વી., સ્ટોન બેંચ, એલ્યુમિનિયમ અને કેબલિંગ વગેરેની કામગીરી રૂ.૧૩૨.૨૯ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. બાબા પ્યારે ગુફામાં આવતા પ્રવાસીઓની સુવિધા વધારવા માટે સ્ટ્રીટ લાઇટ, ડસ્ટબીન, સી.સી.ટી.વી., સાઇનેજીસ, એલ્યુમિનિયમ અને કેબલિંગ, સ્ટોન બેંચ વગેરેની કામગીરી માટે રૂ.૨૧.૬૩ લાખનો ખર્ચ કરીને પૂર્ણ કરવામાં આવી છે. ખાપરા કોડિયા ગુફામાં આવતા પ્રવાસીઓની સુવિધા વધારવા માટે એપ્રોચ રોડ, ડસ્ટબીન, સાઇનેજીસ, સ્ટોન બેંચ વગેરેની કામગીરી માટે રૂ.૩૯.૮૪ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. અશોકનો શિલાલેખ છે ત્યાં આવતા પ્રવાસીઓ માટે ડસ્ટબીન, સાઇનેજીસની કામગીરી રૂ.૫.૫૧ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, શામળાજીમાં મેશ્વો નદી પાસે દેવની મોરીનું સ્થાન આવેલું છે. આખા દેશમાં ભગવાના બુદ્ધના અસ્થિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું એમાંનું દેવની મોરી એક છે. વર્ષ ૨૦૧૫ માં ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ વર્ષ નિમિત્તે રૂપિયા ૧૫ કરોડ ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવેલ હતી તો માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગું છું કે, આ દેવની મોરી સ્થળને આની અંદર જોડવા માગો છો કે કેમ અને જો જોડવા માગતા હોય તો એની પાછળ શું કરવા માગો છો?

શ્રી મુળુભાઈ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, દેવની મોરીનું સ્થળ છે એ અત્યારે ૧૨ સર્કિટમાં નથી પણ એના માટેનો પ્રોજેક્ટ હાથમાં લીધો છે. દેવની મોરીના સ્થળનું ખૂબ મહત્ત્વ છે. દેવની મોરીમાં ખોદકામ થયું એમાં સ્તૂપ, સ્થાપત્ય અને વિહાર તથા મેશ્વો નદીના કાંઠે ત્રીજીથી ચોથી સદીના બૌદ્ધ મઠના અવશેષો મળી આવ્યા છે અને સ્તૂપના ખોદકામમાં એક ડાબલો મળી આવ્યો છે અને તેના ઉપર લેખ છે કે ભગવાન બુદ્ધના શારીરિક અવશેષો પણ એમાં છે. દેવની મોરી પ્રોજેક્ટનો ઉદ્દેશ ઈકોટુરિઝમ દ્વારા પ્રદેશનો વિકાસ પ્રાપ્ત કરવાનો છે. આ પ્રોજેક્ટના દૃષ્ટિકોણ અને સામાજિક, આર્થિક રીતે માળખાકીય સુવિધા વધારવા લોકોને શિક્ષિત કરવા વિવિધ કાર્યક્રમો દ્વારા જાગૃત કરવા અને જ્ઞાનકેન્દ્ર દ્વારા નવીનીકરણની ક્ષમતાને પ્રોત્સાહન આપવા માટે બુદ્ધ સમુદાયની સામેલગીરી થાય. સાથે આ વિવિધ પ્રોજેક્ટ છે અને સાંસ્કૃતિક અને પર્યાવરણીય બંનેનું સંકલન થાય એ રીતે હાથ ધરવામાં આવશે. દેવનીમોરીના પ્રોજેક્ટની જે વાત કરી એમાં જે મેઈન કોમ્પ્લેક્ષ છે ભગવાન બુદ્ધના અવશેષો અહીં દર્શાવવામાં આવશે. ઈકોટુરિઝમ પ્રોજેક્ટ હેઠળ લીધું છે. મેસવણ રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ અને ટ્રાયબલ

હાટ પણ ત્યાં કરવાની છે. સમરસ સાઇટમાં અને તેની આસપાસ વિકાસમાં કલ્ચરલ રનિંગ સેન્ટર પણ કરવાનું છે. ભારત સરકારના પ્રવાસન અને સાંસ્કૃતિક મંત્રાલયની સાથે ત્યાં એક મિટિંગ થઇ હતી. એમાં ભારત સરકાર અને રાજય સરકાર બંનેના સહયોગથી આ પ્રોજેકટ હાથ ધરવાનો છે અને એનું આયોજન થઇ ગયું છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા પણ માગું છું અને સૂચન પણ કરું છું કે ઉપરકોટની સાથે એક ઇતિહાસ પણ જોડાયેલો છે. સન ૧૦૨૫થી ૧૦૪૪ના ગાળામાં એક રાજય માટેની વફાદારી કઇ હોય એનો ઇતિહાસ એની સાથે જોડાયેલો છે એટલા માટે આ મુદ્દો ઉપસ્થિત કર્યો છે. ઉપરકોટની અને કોડીનારની બાજુનું બોડીદર ગામ એટલે ત્યાં છેલ્લા રાજા હતા એ રાજાના સંતાન માટે પોતાના સગા દીકરાનું બલિદાન.

અધ્યક્ષશ્રી : બૌદ્ધિષ્ટ સરકીટની જ વાત છે?

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હા, ઉપરકોટની જ વાત છે.

અધ્યક્ષશ્રી : તો મુદ્દા ઉપર આવી જાવ.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પોતાના સગા દીકરાનું બલિદાન આપીને રાજાને બચાવવાનું કામ કર્યું.

અધ્યક્ષશ્રી : શું કરવાનું છે એ પ્રશ્ન પૂછો.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, એનો ઇતિહાસ ઉપરકોટ સાથે જોડાયેલો છે. ત્યાંથી કોડીનારની બાજુનું બોડીદર ગામ છે એ આખી સરકીટ છે તો એ બોડીદર અને ઉપરકોટની ઉપર દેવરાજબાપા બોદરનું મ્યુઝિયમ અને બોડીદરની સાથે જોડવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આ બૌદ્ધિષ્ટ સરકીટનો ભાગ હોય તો જવાબ આપો.

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, આ બૌદ્ધિષ્ટ સરકીટનો ભાગ નથી પણ બીજો છે.

અધ્યક્ષશ્રી : છતાંય આપની પાસે જો માહિતી હોય તો જવાબ આપો.

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની જે લાગણી છે એ ગામ કોડીનાર તાલુકાના આડીદર, બોડીદર ગામ છે અને ત્યાં દેવાયતબોદર છે એણે રા' નવઘણ, રાજવંશ છે ખાસ કરીને ચુડાસમા, સરવૈયા અને રાયજાદા આ ત્રણ એ રાવંશ છે એમણે આશરો આપીને રાનવઘણને ઉછેરીને રાજધર્મ જે પાળ્યો એના કારણે એના પોતાના દીકરાનું બલિદાન આપી અને રા' નવઘણને જીવતો રાખ્યો.

અધ્યક્ષશ્રી : રા' રાખીને વાત કરજો અને નવઘણને ઝટ મોકલજો એ ને?

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, એ તો એના ઇતિહાસની વાત છે પણ આડીદર, બોડીદર ગામ છે ત્યાં સભ્યશ્રીનું સૂચન છે એ પ્રમાણે કર્યું છે, પણ જૂનાગઢ એટલે ઉપરકોટ ઉપર એની પ્રતિમા બનાવે એવી એમની લાગણી છે અને એમનું સૂચન છે એ ધ્યાનમાં રાખીશું.

**સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, દાહોદનું સંવર્ગવાર મહેકમ**

* ૩૧૦૭ **શ્રી મહેશભાઈ ભુરીયા** (ઝાલોદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, દાહોદનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૦૬ |
| વર્ગ-૨ | ૦૭ |
| વર્ગ-૩ | ૧૯ |
| વર્ગ-૪ | ૧૬ |
| **કુલ** | **૪૮** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૦ | ૦૬ |
| વર્ગ-૨ | ૦૦ | ૦૭ |
| વર્ગ-૩ | ૧૬ | ૦૩ |
| વર્ગ-૪ | ૧૬ | ૦૦ |
| **કુલ** | **૩૨** | **૧૬** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

ચૈત્ર ૭, ૧૯૪૫ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી મહેશભાઈ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ડોકટરોની ખાલી જગ્યા કયાં સુધીમાં ભરવામાં આવશે તો માનનીય મંત્રીશ્રીએ મારા પ્રશ્નનો જવાબ આપ્યો છે કે ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. દાહોદ જિલ્લો એ ઉગતા સૂર્યનો પ્રદેશ કહેવાય છે. દાહોદ જિલ્લો એટલે રાજય સરકારનો મહત્ત્વાકાંક્ષી જિલ્લો છે અને દાહોદ જિલ્લો, ઝાયડસ હોસ્પિટલ સાથે જોડાયેલી આ કોલેજ છે. માનનીય મંત્રીશ્રી પાસે આપના માધ્યમથી પૂછવા માગું છું કે સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, દાહોદમાં જગ્યા ખાલી રહેવાનાં કારણો શું છે? સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, દાહોદ ખાતે વર્ગ-૧ અને વર્ગ-૨ની મંજૂર મહેકમ મુજબ જગ્યાઓ ખાલી છે તો આ ૧૬ જેટલી ખાલી જગ્યાઓ ભરવા માટે શું કાર્યવાહી કરવામાં આવી?

અધ્યક્ષશ્રી : ૧૬ જગ્યાઓ ખાલી છે તેને ભરવા માટે શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેટલો જ પ્રશ્ન છે અને બાકી બધું વર્ણન છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લો રાજ્ય સરકાર માટે ખૂબ અગત્યનો છે. એસ્પિરેશનલ જિલ્લા તરીકે તેનું સ્ટેટ્સ છે. કોઇપણ ક્ષેત્ર પછી તેમાં આરોગ્ય, શિક્ષણ, પીવાનું પાણી હોય તેને પ્રાયોરિટી આપવાનું કામ રાજ્ય સરકાર કરી રહી છે. આપણા ત્યાં દાહોદમાં જે ફિઝિયોથેરાપી કોલેજ છે તેમાં જગ્યા ખાલી થવાનાં કારણો પૂછ્યાં છે તો તેમાં અગાઉ બીજા પ્રશ્નના જવાબમાં મેં વિગતો આપેલી છે તે મુજબ જ છે. પરંતુ ભરવાની પ્રક્રિયામાં થોડો ક સંતોષ તેમને થઇ જાય અને ગૃહને પણ માલુમ પડે કે એસ્પિરેશનલ જિલ્લો છે.

અધ્યક્ષશ્રી : ૧૬ જગ્યા પૂરતો કોઇ પ્રયત્ન કર્યો હોય તે બતાવો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વ્યાખ્યાતા ફિઝિયોથેરાપીની ૨૧ જગ્યાઓ ઉપર બઢતીથી ભરવા માટેની કાર્યવાહી હાથ ધરી છે. જી.પી.એસ.સી. આપણને ઉમેદવારો આપશે એટલે આપણે ભરીશું. સ્ટાફ નર્સની જે જગ્યાઓ ખાલી છે તેમાં સીધી ભરતીથી ભરવા માટે સંસ્થાઓ પાસેથી વિગતો આપણે મેળવી રહ્યા છીએ. વહીવટી અધિકારીઓની ૬ જગ્યા હતી તેના માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળમાં માંગણાપત્રક મોકલ્યું છે. ત્યાંથી ઉમેદવાર મળશે એટલે ભરી દઇશું. ડ્રાઇવર્સ તો આપણે આઉટ સોર્સથી ભરીએ છીએ. હિસાબનીશની ૨૫(પચ્ચીસ) જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે નાણાં વિભાગની સ્થાયી સમિતિની અનુમતિ અર્થે સાદર કરેલ છે.

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી માગણી કરું છું કે, સાઉથ આફ્રિકા જતા નાગરિકોને યલો ફીવરની વેક્સિનની કમ્પલસરી જરૂરિયાત પડતી હોય છે. તો ગાંધીનગર ખાતેથી સાઉથ આફ્રિકા જવાવાળા નાગરિકોની સંખ્યા ખૂબ મોટી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલની અંદર આ વેક્સિનનો જથ્થો ઉપલબ્ધ નથી તો આ જથ્થો ગાંધીનગર સિવિલ હોસ્પિટલની અંદર ઉપલબ્ધ કરાવવા વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન દાહોદની સરકારી ફિઝિયોથેરાપી કોલેજનો છે. છતાંય આપ ઘણી વખત આખા રાજ્યના પ્રશ્નના જવાબા આપો છો તે સારી બાબત છે. છતાં આ પ્રશ્નની વિગત આપની પાસે હોય તો આપો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજિત ૧૫૦૦ વેક્સિનનો સ્ટોક મળેલ છે અને ટૂંક સમયની અંદર યલો ફીવરની રસી આપણે પહોંચાડી દઇશું. અમે તે બાબતમાં ચિંતિત છીએ. વેપારના અર્થે લોકો ગુજરાતમાંથી આફ્રિકા સાથે બહુ કનેક્ટેડ છે. સૌ પ્રથમ લઢામા કરીને પ્રથમ પ્રવાસી હતા તે સ્ટીમર મારફતે ત્યાં આફ્રિકા પહોંચ્યા છે. ત્યારથી ગુજરાત અને આફ્રિકાનું કનેકશન રહ્યું છે. ત્યાં મેલેરિયાના કારણે યલો ફીવરની રસી લેવી ફરજિયાત છે. આ રસી અમદાવાદ ખાતે આવી ગયેલ છે. ગાંધીનગર ખાતે પણ આપશ્રી તપાસ કરજો. આવી જ ગઇ હશે પણ જો ન આવી હોય તો વહેલી તકે મળી જાય તેવું આયોજન કરીશું.

શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વિવિધ સંવર્ગની જગ્યાઓ ભરવા માટેની ભરતી પ્રક્રિયા શું છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મોટા ભાગનો જવાબ પહેલાંના અનેક પ્રશ્નોમાં આવી ગયો છે. આ વખતે દરેક ધારાસભ્યો પોતાને ત્યાં મેડિકલ કોલેજ હોય, હોસ્પિટલ હોય એટલે ખાલી જગ્યાઓ માટે ચોક્કસ ચિંતિત છે. પ્રશ્ન મહેકમનો હોય તો તે પ્રક્રિયા રાજ્ય સરકાર માટે એક જ પ્રકારની હોય છે. એટલે તે પ્રમાણે અગાઉ મેં જવાબ આપેલો છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કોરોનાકાળના કપરા સમયમાં સરકારે ખૂબ મદદ કરી લાખોની સંખ્યામાં લોકોને જીવતદાન આપ્યું છે. હમણાં જ ટૂંક સમયમાં ઘણાબધા યુવાનો એકદમ મૃત્યુ પામ્યા છે, તેનાં કારણો શું છે, કોરોનાની સાઇડ ઇફેકટના કારણે થઇ રહ્યું છે તેની તપાસ કરીને તેવા દર્દીઓ માટે સ્પેશિયલ જોગવાઇ કરીને સારવાર કરાવવા માગીએ છીએ કે નહીં? બીજું કે શિક્ષણની અંદર ફી રેગ્યુલેટરી કમિટી હોય છે. તેવી જ રીતે મેડિકલ ક્ષેત્રની અંદર મોટી મોટી હોસ્પિટલોમાં નાના ગરીબ દર્દીઓને જવાનું થાય ત્યારે એટલા બધા રૂપિયા ચાર્જ લે છે તો તેના ઉપર નિયંત્રણ લાવવા માગીએ છીએ કે નહીં?

અધ્યક્ષશ્રી : આ ફિઝિયોથેરાપી કોલેજનો દાહોદ જિલ્લાનો પ્રશ્ન છે. મંત્રીશ્રીની ઉદારતા છે એટલે તમે પૂછો છો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પૂછ્યું આમ તો સૂચન છે. આઇ.આઇ.એ.પી.એચ.જી. મારફતે રિસર્ચ કરવાનું કામ કરવામાં આવશે અને લગભગ તમારી જે ચિંતા છે એ રાજય સરકારની પ્રથમ ચિંતા છે. વર્ષ ૨૦૦૧થી આજે આ પરિસ્થિતિમાં આરોગ્યના ક્ષેત્રે આપણે પહોંચી શકયા છીએ એટલે ધવલભાઇ આપ બિલકૂલ ચિંતા કરશો

નહીં. આ સરકાર લોકોના શિક્ષણ, આરોગ્ય અને તમામ ક્ષેત્રે ચિંતા કરવા માટે હંમેશા તત્પર છે અને એટલે જ ૨૭ વર્ષથી આ ભારતીય જનતા પાર્ટી શાસનમાં છે અને આ પાટલીએ બેઠેલી છે.

**મોડાસા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

*૩૧૨૨ **શ્રી પી. સી. બરંડા** (ભિલોડા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર કરેલ રોપા (સંખ્યામાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૫૩,૧૧૧ |
| ૨૦૨૨-૨૩ | ૬૪,૨૨૨ |

(૨) તેમાં મુખ્યત્વે અરડુસા, નીલગીરી, લીમડા, દેશીબાવળ, કરંજ, જામફળી, ખાટી આમલી, સીસુ, સીરસ, પેલ્ટોફોર્મ વગેરે જાતના રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

(૩)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૨.૮૯ |
| ૨૦૨૨-૨૩ | ૫૮.૨૩ |

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, મૂળ પ્રશ્નનો જવાબ મને મળી ગયો છે પરંતુ એક વધારાનો પ્રશ્ન છે કે, વૃક્ષોની ગણતરી કેવી રીતે થાય છે? સેટેલાઇટ દ્વારા કે અન્ય કોઇ પદ્ધતિથી?

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, વૃક્ષોની ગણતરી વન વિભાગ દ્વારા જિલ્લાના ૫ ટકા ગામોની પસંદગી કરીને કરવામાં આવે છે, એમાં જાતવાર વૃક્ષોની સો ટકા ગણતરી કરવામાં આવે છે અને એના ઉપરથી સમગ્ર વિસ્તારના વૃક્ષોની સંખ્યાનો અંદાજ કાઢવામાં આવે છે. આ ગણતરી વન વિભાગ સામાન્ય રીતે દર ચાર વર્ષે કરે છે, છેલ્લી વૃક્ષની ગણતરી વર્ષ ૨૦૨૧માં થઇ છે. ભારત સરકારના ફોરેસ્ટ સરવે સંસ્થા દ્વારા બે વર્ષમાં વન વિસ્તારના બહારનો વિસ્તાર છે, એના વૃક્ષોની ગણતરી માટે અને એનું આંકલન કરવા માટે સેટેલાઇટથી પણ ગણતરી કરે છે. ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયાની પદ્ધતિમાં સ્થળ ઉપર વૃક્ષની ગણતરી કરવામાં આવતી નથી, પરંતુ સેટેલાઇટ ઇમેજના આધારે સાઇન્ટિફિક પદ્ધતિથી આ ગણતરી કરવામાં આવે છે અને એનો અંદાજ કાઢવામાં આવે છે. એમાં જાતવાર રોપા ક્યા છે એ નક્કી થતું નથી, પણ કુલ વૃક્ષો કેટલા છે એ સેટેલાઇટથી ગણતરી કરવામાં આવે છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપણા વડાપ્રધાન મોદી સાહેબનું જે પ્લાસ્ટિક મુક્ત ભારતનું જે આયોજન છે એના અનુસંધાનમાં નર્સરીમાં જે રોપાઓ તૈયાર કરવામાં આવે છે એ પ્લાસ્ટિકને બદલે બીજી કોઇ થેલીમાં આપવાનું સરકારનું કોઇ આયોજન છે કે કેમ?

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનીય અધ્યક્ષશ્રી, હા, પોલિથિન બેગની જગ્યાએ બાયોડીગ્રેડેબલ બેગ અથવા લાંબા સમય સુધી વપરાતી બેગનો ઉપયોગ ચાલુ કરવા વિચારણા કરેલ છે. આ વર્ષે ૨૦ ટકા જેટલા પ્રમાણમાં આ પ્રકારની બેગનો ઉપયોગ કરવામાં આવ્યો છે, એટલે તબક્કાવાર સંપૂર્ણ રીતે આજ પ્રકારની બેગનો ઉપયોગ થાય એવો વિકલ્પ અમે વિચાર્યો છે અને રુટ ટ્રેનરમાં પણ આ રોપા ઉછેર કરવામાં આવી રહેલ છે.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ અરડૂસો, લીમડો, દેશી બાવળ, જામફળી, ખાટી આંબલી વગેરે વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે. મારો પ્રશ્ન એ છે કે, નીલગિરિ પકવતા ખેડૂતોને નીલગિરિના પાકની આવક થાય એને ઇન્કમટેક્સમાં ગણવામાં આવે છે તો વન વિભાગ દ્વારા અને રાજ્ય સરકાર આ નીલગિરિ પકવતા ખેડૂતોને ઇન્કમટેક્સ લાગુ ના પડે એના માટેની કોઇ કાર્યવાહી કરવા માગે છે કે કેમ? બીજું મારા અનુભવ મુજબ ખાટી આંબલીનું વાવેતર થાય છે પણ મારી જાણ મુજબ એક નર્સરીમાંથી હું મીઠી આંબલીનો છોડ લાવ્યો છું તો રાજ્ય સરકાર આ યોજનામાં મીઠી આંબલીનું વાવેતર કરવા માગે છે કે કેમ?

શ્રી મુળુભાઇ હ. બેરા : માનનનીય અધ્યક્ષશ્રી, ઇન્કમટેક્સનો પ્રશ્ન છે એ અમારા વિભાગને લગતો પ્રશ્ન નથી એટલે એનો જવાબ હું ન આપી શકું. ખાટી આંબલીની જગ્યાએ મીઠી આંબલી પણ વાવી શકાય એમાં વાંધો ન હોઇ શકે. આપનું સૂચન સારું છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મોડાસા તાલુકામાં જે ખર્ચ બતાવ્યો છે એ રૂપિયા ૧,૦૧,૧૨,૦૦૦/- અને એમાં ૧.૧૭ લાખ જેટલા વૃક્ષોનું વાવેતર થયું છે એટલે અંદાજિત ૧૧૦૦ રૂપિયામાં એક વૃક્ષ થાય

છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો માનનીય મંત્રીશ્રીને એક પ્રશ્ન છે કે, આપણા રાજયની અમુક એવી સેવાભાવી સંસ્થાઓ છે એ ફકત ૧૨૦૦/-રૂપિયે ત્રણ વર્ષનું ઝાડ કરીને તૈયાર આપે છે અને નેટે નેટ આપણને ઉગેલું ઝાડ જોવા મળે છે. આમાં જે વૃક્ષો વાવ્યા છે તેમાં કદાચ આપણને તેનો રેશિયો તૈયાર ઝાડનો...

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો, આપનું સજેશન સારું છે, પણ આપ પ્રશ્ન ઉપર આવો?

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે આ રાજય સરકાર આવી સંસ્થાઓને બોલાવીને તેમને આ પીપીપી મોડલ ઉપર આપવા માગે છે કે કેમ ?

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે લાગણી દર્શાવી છે તેમાં તે હકીકત સાચી નથી કે આટલો ખર્ચ આવે છે. એક રોપા દીઠ સરેરાશ ખર્ચ ૯૧/- રૂપિયા આવે છે અને આ જે વાવેતર કરીએ છીએ તેમાં મજૂરોને રોજગારી આપવા માટે પણ છે. એટલે ૯૧ રૂપિયા, ૭૦ રૂપિયા, ૭૫ રૂપિયા એવો વિસ્તાર પ્રમાણે આનો ખર્ચ આવે છે.

બીજી વાત કરી કે કોઇ ટ્રસ્ટ હોય, જાહેર ટ્રસ્ટો લોકભાગીદારી કરે આપણે ત્યાં સદભાવના જેવા ઘણા ટ્રસ્ટ છે કે જે ઉછેર પોતે કરે છે અને તેની જાળવણી ૩ વર્ષ સુધી એક રોપા દીઠ તે ૧૨૦૦/- રૂપિયા લે છે અને તેની જાળવણી પણ કરે છે. રાજયમાં આવા જે સારા ટ્રસ્ટો છે તેનો અમે સંપર્ક પણ કર્યો છે, તેમની સાથે વાતચીત પણ કરી છે અને તેમને જોઇતું બિયારણ પણ આપ્યું છે અને તે વૃક્ષો તે રોપાઓ અમે સારા ટ્રસ્ટને આપીશું અને લોકભાગીદારીથી સારી રીતે વનની જાળવણી અને ઉછેર થાય એવા પ્રયત્નો અમે કરી રહ્યા છીએ.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, મારી જે સંસ્થાઓને રોપા દેવાની વાત હતી તે સાહેબે કહી દીધેલી છે એટલે સાહેબનો ખૂબ ખૂબ આભાર અને સાહેબે તેમાં ખૂબ રસ લઇને કામ કર્યું છે.

## બી. જે. મેડિકલ કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર મહેકમ

*૩૧૧૨ **શ્રી કિરીટસિંહ ડાભી** ધોળકા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બી. જે. મેડિકલ કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) |

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૩૪૪ |
| વર્ગ-૨ | ૧૦૫ |
| વર્ગ-૩ | ૨૭૪ |
| વર્ગ-૪ | ૧૬૪ |
| **કુલ** | **૮૮૭** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) |

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૨૮૮ | ૫૬ |
| વર્ગ-૨ | ૭૪ | ૩૧ |
| વર્ગ-૩ | ૧૯૭ | ૭૭ |
| વર્ગ-૪ | ૧૬૪ | ૦૦ |
| **કુલ** | **૭૨૩** | **૧૬૪** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે. |

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, બી.જે.મેડિકલ કોલેજ અમદાવાદમાં જગ્યાઓ ખાલી રહેવાનાં કારણો શું છે ?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ જવાબ આપો તે પહેલાં જગ્યાઓ ખાલી રહેવાના પ્રશ્નો બાબતે ધારાસભ્યશ્રીઓની ખૂબ ચિંતા છે એટલા માટે એમણે એકીસાથે આટલા બધા પ્રશ્નો પૂછયા હશે તો વહેલી તકે તમે આ દિશાની અંદર જે કામ કરી રહ્યા છો તે કરો અને કલાસ-૨, કલાસ-૩ અને બાકીના ડોકટર સિવાયનો જે સ્ટાફ છે તે આઉટસોર્સથી કે અન્ય ઉપાયોથી ખાલી જગ્યાઓ સત્વરે ભરવાનું કરજો તો ધારાસભ્યશ્રીઓને આનંદ થશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર આ બાબતે બિલકુલ ગંભીર છે આરોગ્ય માટે કયાંય કચાશ રહે નહીં તે બાબતની સરકાર વ્યવસ્થાઓ પણ કરી રહી છે.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું એક વિનંતી કરવા માગું છું કે, સરકારી ડોકટરો સિવાય ખાનગી ડોકટરો ઓર્થોપેડિક, ગાયનેક કે ગમે તે વિભાગના ડોકટરો તેમને મનફાવે એટલા પૈસા લે છે.

અધ્યક્ષશ્રી : આ બી.જે.મેડિકલ કોલેજનો પ્રશ્ન છે.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વિનંતી કરવી છે કે આપ તેના ઉપર અંકુશ લાવો.

તા. ૨૮મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**સ્વદેશ દર્શન યોજના અન્વયે બુદ્ધિસ્ટ સ્થળોનો વિકાસ**

*૨૬૬૩ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારની સ્વદેશ દર્શન યોજનામાં બુદ્ધિસ્ટ સ્થળોના વિકાસ માટે કોઇ ગ્રાન્ટ ફાળવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેમાં કયા કયા સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે, અને

(૩) બુદ્ધિસ્ટ સર્કિટ અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) બુદ્ધિસ્ટ સર્કિટ અન્વયે નીચેના સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે:

| | |
|---|---|
| ૧ | ઉપરકોટ ગુફા, જૂનાગઢ |
| ૨ | બાબા પ્યારે ગુફા, જૂનાગઢ |
| ૩ | ખાપરા કોડિયા ગુફા, જૂનાગઢ |
| ૪ | અશોકા રોક, જૂનાગઢ |
| ૫ | શાણા ગુફા, ગીર સોમનાથ |
| ૬ | પ્રભાસપાટણ બુદ્ધિસ્ટ ગુફા, ગીર સોમનાથ |
| ૭ | કડિયા ડુંગર, ભરૂચ |
| ૮ | શીયોત ગુફા, કચ્છ |
| ૯ | તળાજા બુદ્ધિસ્ટ ગુફા, ભાવનગર |
| ૧૦ | ખંભાલીડા ગુફા, રાજકોટ |
| ૧૧ | વડનગર બુદ્ધિસ્ટ મોનેસ્ટ્રી, મહેસાણા |
| ૧૨ | તારંગા બુદ્ધિસ્ટ ગુફા, મહેસાણા |

(૩) રૂ.૩૦૭.૪૨ લાખ.

અધ્યક્ષશ્રી : આવો જ પ્રશ્ન અગાઉ પણ આવી ગયેલો છે એટલે જે માહિતી બાકી રહી ગયેલ હોય એટલું પૂછો.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હા જી. ભારત સરકારની સ્વદેશ દર્શન યોજનાની ગ્રાન્ટમાંથી મહેસાણા જિલ્લાના તારંગા ખાતે કઇ પ્રવાસી સુવિધાઓ વિકસાવવામાં આવી છે? અને કેટલો ખર્ચ થયેલો છે?

શ્રી મુળુભાઇ બેરા : માનનીય અધ્યક્ષશ્રી, આ બાર સર્કીટ છે, તેમાં અલગ અલગ જિલ્લાવાઇઝ મહેસાણા જિલ્લો તે આગળના પ્રશ્નમાં બાકી રહી ગયેલ હતો. મહેસાણા જિલ્લાના તારંગા કેવ્ઝ ખાતે આવતા પ્રવાસીઓની સુવિધા વધારવા માટે stone bench સાથેના માર્ગ, પીવાના પાણીની સુવિધા, પ્રવેશદ્વાર, resting area, સી.સી.ટી.વી. signages, dust bins, એપ્રોચ રોડ, નવું પાર્કિંગ, બોરવેલ, જૂના પગથિયાં, ફલોરિંગ અને નવીન કલરકામ અને ઇલેક્ટ્રિકલ કામ, મંદિરની આસપાસ ફલોરિંગ કરવાનું કામ અને રંગકામ, ભૂગર્ભ ટાંકી, સ્ટોર્મ વોટર લાઇન, મંદિરમાં શેડિંગની કામગીરી વગેરે માટે રૂપિયા ૪૦૬.૦૯ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યું છે.

ડો. મહેન્દ્રભાઇ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભારત સરકારની સ્વદેશ દર્શન યોજના...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ**

૩૪૬૧ **ડૉ. સી.જે.ચાવડા** (વિજાપુર) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ

(૨)

સરકારી કોલેજોની વિગતો : પત્રક-૨ મુજબ

ગ્રાન્ટેડ કોલેજોની વિગતો : પત્રક-૩ મુજબ

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) વહીવટી અનુકૂળતા અનુસાર.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર**

૩૧૧૬ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કેટલા પેટા આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત કેન્દ્રો ઉપર કયા કયા પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ૨૯૩ સબ સેન્ટર અને ૫૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર ખાતે ૧૨ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

૧. ગર્ભાવસ્થા અને બાળજન્મ સંબંધિત સેવાઓ.
૨. નવજાત બાળક અને શિશુઓની આરોગ્ય-સંભાળ સેવાઓ.
૩. બાલ્યાવસ્થા અને તરુણાવસ્થાની આરોગ્ય-સંભાળ સેવાઓ.
૪. કુટુંબનિયોજન, ગર્ભ નિરોધક સેવાઓ અને અન્ય પ્રજનનતંત્રના આરોગ્ય સંબંધિત સેવાઓ.
૫. નેશનલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત ચેપી રોગોની સારવાર અંગેનું વ્યવસ્થાપન
૬. સામાન્યતઃ જોવા મળતા ચેપી રોગો, તીવ્ર રોગો અને સામાન્ય બીમારીઓની ઓ.પી.ડી. સારવારનું વ્યવસ્થાપન,
૭. બિનચેપી રોગોની તપાસ, અટકાવ અને વ્યવસ્થાપન.
૮. સામાન્યતઃ જોવા મળતી આંખની બીમારીઓ અને કાન, નાક, ગળાની સમસ્યાઓની સારવાર.
૯. મોઢાના આરોગ્યની સામાન્ય સારવાર.
૧૦. વૃદ્ધત્વ તેમજ દર્દશામક સારવાર સેવાઓ.
૧૧. ઇમર્જન્સી તબીબી સેવાઓ.
૧૨. માનસિક બીમારીઓની તપાસ અને સામાન્ય વ્યવસ્થાપન.

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લાના દરિયાકિનારાના ગામોમાં પર્યાવરણની વિપરીત અસરો**

૩૫૨૯ **શ્રી જીજ્ઞેશ મેવાણી** (વડગામ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતીએ આણંદ અને અમદાવાદ જિલ્લાના દરિયા કિનારા ઉપર આવેલા કેટલાક ગામોમાં પર્યાવરણની વિપરીત અસરોને કારણે ગામમાં વસવાટ કરતાં લોકોએ સ્થળાંતરણ કરવાની ફરજ પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે, તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો આવા ગામોમાં ઉભી થયેલ પર્યાવરણની વિપરીત અસરો ઉપર સરકારે કોઈ અભ્યાસ કરાવ્યો છે કે, કેમ, અને

(૩) જો હા, તો અભ્યાસ અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ના, જી.

પર્યાવરણની વિપરીત અસરોને કારણે સ્થળાંતર કરવી પડે તેવી પરિસ્થિતિ ઊભી થવા પામેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

તા. ૨૮મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**આણંદ અને વડોદરા જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ**

૩૪૪૩ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) સરકારી કોલેજોની વિગતો : પત્રક-૨ મુજબ.<br>ગ્રાન્ટેડ કોલેજોની વિગતો : પત્રક-૩ મુજબ. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) વહીવટી અનુકૂળતા અનુસાર. |

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

- - - - - - - - -

**તાપી અને ડાંગ જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ**

૩૪૩૭ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ તાપી અને ડાંગ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) સરકારી કોલેજોની વિગતો : પત્રક-૨ મુજબ.<br>ગ્રાન્ટેડ કોલેજોની વિગતો : પત્રક-૩ મુજબ. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) વહીવટી અનુકૂળતા અનુસાર. |

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

- - - - - - - - -

**નવી સિવિલ હોસ્પિટલ, સુરતનું સંવર્ગવાર મહેકમ**

૩૧૧૩ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નવી સિવિલ હોસ્પિટલ, સુરતનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) નવી સિવિલ હોસ્પિટલ, સુરતની સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે:-

| **સંવર્ગ** | **મંજૂર જગ્યા** |
|---|---|
| વર્ગ-૧ | ૧૫ |
| વર્ગ-૨ | ૫૧ |
| વર્ગ-૩ | ૧૦૧૯ |
| વર્ગ-૪ | ૫૬૪ |
| **કુલ** | **૧૬૪૯** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત પૈકી સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે:-

| **સંવર્ગ** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૫ | ૧૦ |
| વર્ગ-૨ | ૪૦ | ૧૧ |
| વર્ગ-૩ | ૮૭૫ | ૧૪૪ |
| વર્ગ-૪ | ૫૬૪ | ૦૦ |

| કુલ | ૧૪૮૪ | ૧૬૫ |
|---|---|---|

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

- - - - - - - - -

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ**

૩૪૫૮ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨) સરકારી કોલેજોની વિગતો : પત્રક-૨ મુજબ.
ગ્રાન્ટેડ કોલેજોની વિગતો : પત્રક-૩ મુજબ.

(૩) વહીવટી અનુકૂળતા અનુસાર.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

**કડાણા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૩૧૨૫ **શ્રી માનસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહીસાગર જિલ્લાના કડાણા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૬૫ |
| ૨૦૨૨-૨૩ | ૧૯૬ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૬૩.૭૬ |
| ૨૦૨૨-૨૩ | ૧૨૨.૩૪ |

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર**

૩૦૯૮ **ડૉ. દર્શિતા શાહ** (રાજકોટ પશ્ચિમ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કેટલા પેટા આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત કેન્દ્રો ઉપર કયા કયા પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ૨૯૩ સબ સેન્ટર અને ૫૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર ખાતે ૧૨ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

૧. ગર્ભાવસ્થા અને બાળજન્મ સંબંધિત સેવાઓ.
૨. નવજાત બાળક અને શિશુઓની આરોગ્ય-સંભાળ સેવાઓ.
૩. બાલ્યાવસ્થા અને તરુણાવસ્થાની આરોગ્ય-સંભાળ સેવાઓ.
૪. કુટુંબનિયોજન, ગર્ભ નિરોધક સેવાઓ અને અન્ય પ્રજનનતંત્રના આરોગ્ય સંબંધિત સેવાઓ.
૫. નેશનલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત ચેપી રોગોની સારવાર

અંગેનું વ્યવસ્થાપન

૬. સામાન્યતઃ જોવા મળતા ચેપી રોગો, તીવ્ર રોગો અને સામાન્ય બીમારીઓની ઓ.પી.ડી. સારવારનું વ્યવસ્થાપન.

૭. બિનચેપી રોગોની તપાસ, અટકાવ અને વ્યવસ્થાપન.

૮. સામાન્યતઃ જોવા મળતી આંખની બીમારીઓ અને કાન, નાક, ગળાની સમસ્યાઓની સારવાર.

૯. મોઢાના આરોગ્યની સામાન્ય સારવાર.

૧૦. વૃદ્ધત્વ તેમજ દર્દશામક સારવાર સેવાઓ.

૧૧. ઇમર્જન્સી તબીબી સેવાઓ.

૧૨. માનસિક બીમારીઓની તપાસ અને સામાન્ય વ્યવસ્થાપન.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસી સુવિધાઓ**

૩૧૪૩ **શ્રી પ્રવિણકુમાર માળી** (ડીસા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસન સ્થળોએ આવતા પ્રવાસીઓ માટે સુવિધા ઉભી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે, અને | (૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠાના જિલ્લા સુઇગામ ખાતે આવેલ નડાબેટ ખાતે બોર્ડર ટુરીઝમના વિકાસની કામગીરીની વિગત નીચે મુજબ છે.<br>• અંદાજીત ૪૦૦૦ થી ૫૦૦૦ વ્યક્તિની બેઠક વ્યવસ્થા સાથેનું પરેડ ગ્રાઉન્ડ<br>• સરહદ ગાથા મ્યુઝિયમ<br>• અજય પ્રહરી સ્મારક<br>• ઓડીટોરીયમ અંદર ફર્નીચરની કામગીરી<br>• જવાનોને રહેવા માટે સુવિધા સાથે બે માળનું બિલ્ડિંગ<br>• ટોઇલેટ બ્લોક<br>• પીવાના પાણીની સુવિધા<br>• ઇલેક્ટ્રિફીકેશન<br>• સી. સી ટી.વી. કેમેરા<br>• સાઈનેજીસ<br>• રીટેઈનીંગ વોલ<br>• એરાઈવલ પ્લાઝા<br>• સી.સી.રોડ<br>• ૩૦ મીટરનો રાષ્ટ્રીય ધ્વજ<br>• ૨૦૦ કી.વી. સોલાર રૂફ ટોપ<br>• ૧૨ નંગ સોલાર ટ્રી<br>• ટી જંક્શન ખાતે ફસાડ લાઈટીંગ<br>• સમગ્ર પરિસરમાં સાઉન્ડ સીસ્ટમ<br>• એલ.ઈ.ડી. સ્ક્રીન<br>• સેલ્ફી માટે ૧૯૬૧માં થયેલ યુદ્ધમાં વપરાયેલ |

મિગ-૨૧ યુદ્ધ જહાજ, ટી જંકશન આગળ ડામર રોડ.

- ઝીરો પોઈન્ટ જવાના રસ્તામાં યુદ્ધમાં વપરાયેલ જૂના સરહદી શસ્ત્રો મુકવા માટેના પ્લેટફોર્મ
- અગાઉના યુદ્ધમાં વપરાયેલ શસ્ત્રો
- સરહદ ગાથા દર્શાવતા જુદા જુદા સાઈન બોર્ડ
- સુઈગામથી ટી જંકશન સુધી પીવાના પાણીની લાઈન
- ટી જંક્શનના સરાઉન્ડિંગ એરિયામાં પ્લાન્ટેશન

(૩) ઉક્ત કામગીરી માટે કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) રૂ. ૩૮૦૧.૨૮ લાખ.

---------

**ભરૂચ જિલ્લામાં સરકારી છાત્રાલયોમાં સોલર વોટર હિટર સિસ્ટમ**

૩૧૪૧ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય ક્લાઈમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં સરકારી છાત્રાલયોમાં કુલ કેટલી સોલર વોટર હિટર સિસ્ટમ સ્થાપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૭

(૨) રૂ.૧૬,૭૧,૪૦૦/-

---------

**વલસાડ જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના**

૩૦૯૫ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **લાભાર્થીઓની સંખ્યા** |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૭૪૦૧ |
| તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ | ૨૨૮૦ |
| **કુલ** | ૯૬૮૧ |

(૨)

| **વર્ષ** | **થયેલ ખર્ચ રૂ.** |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ | ૧,૪૮,૦૨,૦૦૦/- |
| તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ | ૪૫,૬૦,૦૦૦/- |
| **કુલ** | ૧,૯૩,૬૨,૦૦૦/- |

---------

**સરકારી મેડિકલ કોલેજ, સુરતનું સંવર્ગવાર મહેકમ**

૩૦૮૫ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સરકારી મેડિકલ કોલેજ, સુરતનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧)

| **સંવર્ગ** | **મંજૂર જગ્યા** |
|---|---|
| વર્ગ-૧ | ૨૭૨ |
| વર્ગ-૨ | ૯૨ |
| વર્ગ-૩ | ૨૧૫ |
| વર્ગ-૪ | ૧૮૩ |
| **કુલ** | **૭૬૨** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૯૮ | ૭૪ |
| વર્ગ-૨ | ૪૫ | ૪૭ |
| વર્ગ-૩ | ૧૬૭ | ૪૮ |
| વર્ગ-૪ | ૧૮૩ | ૦૦ |
| **કુલ** | **૫૯૩** | **૧૬૯** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

- - - - - - - - -

**બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કેન્સર, એઈડ્સ અને ક્ષયના દર્દીઓ**

૨૭૩૦ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કેન્સર, એઈડ્સ અને ક્ષયના કેટલા દર્દીઓ નોંધાયા, અને

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કેન્સર, એઈડ્સ અને ક્ષયના નીચે મુજબ દર્દીઓ નોંધાયાઃ-

બનાસકાંઠા જિલ્લામાં નોંધાયેલ દર્દીઓ

| ક્રમ નં. | રોગનું નામ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | કેન્સરના દર્દીઓ | ૧૦૪૪ |
| ૨ | એઈડ્સના દર્દીઓ | ૫૬૧૧ |
| ૩ | ક્ષયના દર્દીઓ | ૬૫૫૩ |
| | **કુલ** | **૧૩૨૦૮** |

અરવલ્લી જિલ્લામાં નોંધાયેલ દર્દીઓ

| ક્રમ નં. | રોગનું નામ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | કેન્સરના દર્દીઓ | ૬૦૧ |
| ૨ | એઈડ્સના દર્દીઓ | ૯૯૧ |
| ૩ | ક્ષયના દર્દીઓ | ૨૫૩૫ |
| | **કુલ** | **૪૧૨૭** |

(૨) તે પૈકી કેટલા દર્દીઓના મૃત્યુ થયા ?

(૨) તે પૈકી, મૃત્યુ પામેલા દર્દીઓની વિગત નીચે મુજબ છે.

બનાસકાંઠા જિલ્લામાં મૃત્યુ પામેલ દર્દીઓ

| ક્રમ નં. | રોગનું નામ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | કેન્સરના દર્દીઓ | ૧૦૯ |
| ૨ | એઈડ્સના દર્દીઓ | ૧૭૩૩ |
| ૩ | ક્ષયના દર્દીઓ | ૨૨૭ |
| | **કુલ** | **૨૦૬૯** |

અરવલ્લી જિલ્લામાં મૃત્યુ પામેલ દર્દીઓ

| ક્રમ નં. | રોગનું નામ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | કેન્સરના દર્દીઓ | ૫૦ |
| ૨ | એઈડ્સના દર્દીઓ | ૫૬ |
| ૩ | ક્ષયના દર્દીઓ | ૧૧૩ |
| | **કુલ** | **૨૧૯** |

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હોસ્પિટલમાં ડૉક્ટરોની ઘટ**

૩૨૭૫ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ સરકારી હોસ્પિટલ, સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં કેન્દ્રોવાર કેટલા ડૉક્ટરોની ઘટ છે, અને

**જવાબ**

(૧)

| **જામનગર જિલ્લો** | | |
|---|---|---|
| **વર્ગ-૧ અને વર્ગ-૨ ના ડૉક્ટરોની ઘટની માહિતી** | | |
| **સંસ્થાનું નામ** | **વર્ગ-૧ની ખાલી જગ્યા** | **વર્ગ-૨ની ખાલી જગ્યા** |
| **સરકારી હોસ્પિટલ** | | |
| માનસિક આરોગ્ય હોસ્પિટલ | ૦૧ | - |
| જી.જી. હોસ્પિટલ | ૦૩ | ૦૬ |
| **સામૂહિક આરોગ્ય કેન્દ્રો** | | |
| કાલાવાડ | ૦૪ | - |
| જામજોધપુર | ૦૬ | ૦૧ |
| જોડીયા | ૦૬ | - |
| ધ્રોલ | ૦૭ | ૦૧ |
| લાલપુર | ૦૫ | ૦૧ |
| ડબાસંગ | ૦૧ | - |
| જાંબુડા | - | ૦૧ |
| ધુતારપર | - | ૦૧ |
| **પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો** | | |
| અલીયાબાડા | - | ૦૧ |
| નવાગામ | - | ૦૧ |
| મોડપર | - | ૦૧ |
| જામવાડી | - | ૦૧ |
| પરડવા | - | ૦૧ |
| **કુલ** | **૩૩** | **૦૬** |

| **દેવભૂમિ દ્વારકા જિલ્લો** | | |
|---|---|---|
| **વર્ગ-૧ અને વર્ગ-૨ ના ડૉક્ટરોની ઘટની માહિતી** | | |
| **સંસ્થાનું નામ** | **વર્ગ-૧ની ખાલી જગ્યા** | **વર્ગ-૨ની ખાલી જગ્યા** |
| **સરકારી હોસ્પિટલ** | | |
| જનરલ હોસ્પિટલ ખંભાળીયા | ૦૫ | ૦૨ |
| સરકારી હોસ્પિટલ દ્વારકા | ૦૬ | ૦૨ |
| **સામૂહિક આરોગ્ય કેન્દ્રો** | | |
| જામકલ્યાણપુર | ૦૧ | ૦૨ |
| ભાણવડ | ૦૧ | - |
| સલાયા | ૦૧ | - |
| જામરાવલ | ૦૧ | ૦૨ |
| **પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો** | | |
| મોરઝર | - | ૦૧ |
| મોટાઆસોટા | - | ૦૧ |

| | | |
|---|---|---|
| ભોગાત | - | ૦૧ |
| રાજપરા | - | ૦૧ |
| ભીડા | - | ૦૧ |
| બજાણા | - | ૦૧ |
| **કુલ** | **૧૫** | **૧૪** |

(૨) ઉક્ત ઘટતા ડૉક્ટરોને ક્યાં સુધીમાં ભરતી કરવામાં આવશે ?

(૨) આ ખાલી જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે સીધી ભરતીથી તથા સી.પી.એસ./પી.જી. અભ્યાક્રમ પૂર્ણ થયેલ બોન્ડેડ ઉમેદવારોને તજજ્ઞ વર્ગ-૧ તરીકે તેમજ મેડિકલ કોલેજોમાંથી એમ.બી.બી.એસ. ઉત્તિર્ણ થયેલ બોન્ડેડ ઉમેદવારોને તબીબી અધિકારી વર્ગ-૨માં નિમણૂંક આપવામાં આવે છે. તજજ્ઞ વર્ગ-૧ માં ૧૧ માસના કરાર આધારિત તથા સી.એમ. સેતુ યોજના હેઠળ વિઝિટિંગ તજજ્ઞોથી નિમણૂંકો આપવામાં આવે છે.

---------

**સરકારી મેડિકલ કોલેજ, ભાવનગરનું સંવર્ગવાર મહેકમ**

૩૧૧૦ **શ્રી શિવાભાઈ ગોહિલ** (મહુવા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સરકારી મેડિકલ કોલેજ, ભાવનગરનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૨૩૨ |
| વર્ગ-૨ | ૮૪ |
| વર્ગ-૩ | ૨૮૧ |
| વર્ગ-૪ | ૧૧૩ |
| **કુલ** | **૭૧૦** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૪૭ | ૮૫ |
| વર્ગ-૨ | ૩૭ | ૪૭ |
| વર્ગ-૩ | ૧૯૯ | ૮૨ |
| વર્ગ-૪ | ૧૧૩ | ૦૦ |
| **કુલ** | **૪૯૬** | **૨૧૪** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

**પ્રસાદ પરિયોજના અન્વયે સોમનાથ ખાતેના પ્રોજેક્ટ**

૩૧૪૭ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારની પ્રસાદ પરિયોજના અન્વયે સોમનાથ ખાતે કેટલા પ્રોજેક્ટ મંજૂર કરેલ છે,

(૧) એક.

(૨) ઉક્ત પ્રોજેક્ટમાં કઈ કઈ કામગીરીનો સમાવેશ થયેલ છે, અને

(૨) ઉક્ત પ્રોજેક્ટમાં નીચે મુજબની કામગીરીનો સમાવેશ થાય છે.

- ભક્તિ દ્વાર
- મુખ્ય બિલ્ડિંગ – રુદ્ર પ્લાઝા (એ થી ડી વિંગ)
- ટેન્સિલ રૂફ સ્ટ્રક્ચર

- એપ્રોચ રોડ
- કાફેટેરિયા
- સોવેનિયર શોપ
- સિક્યુરિટી રૂમ
- શૌચાલય
- ચેન્જીંગ રૂમ
- બુકિંગ ઓફીસ
- ક્લોક રૂમ
- ઇલેક્ટ્રિક રૂમ
- સ્ટોર રૂમ
- પાર્કીંગ
- વેઈટીંગ હોલ
- ગાર્ડન
- પાથ વે
- અન્ડરગ્રાઉન્ડ વોટર ટેંક
- સી.સી.ટી.વી. કેમેરા
- સાઈનેજીસ

(૩) મંજૂર કરેલ ઉક્ત પ્રોજેક્ટમાં ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) શૂન્ય.

---------

**રાજ્યમાં કાર્યરત સ્વનિર્ભર મેડિકલ કોલેજો**

૩૦૭૯ **શ્રી અમીત ઠાકર** (વેજલપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સ્વનિર્ભર મેડિકલ કોલેજો કાર્યરત છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સ્વનિર્ભર મેડિકલ કોલેજની મંજૂરી આપવામાં આવી, અને

(૩) સ્વનિર્ભર મેડિકલ કોલેજોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોમાં વધારો થયો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ૧૬ સ્વનિર્ભર મેડિકલ કોલેજો કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ નવી સ્વનિર્ભર મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવેલ છે.

| **કોલેજનો પ્રકાર** | **વર્ષ** | |
|---|---|---|
| | **૨૦૨૧** | **૨૦૨૨** |

(૩) સ્વનિર્ભર મેડિકલ કોલેજોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ નીચે મુજબ સીટોમાં વધારો થયેલ છે.

| **કોલેજનો પ્રકાર** | **વર્ષ** | |
|---|---|---|
| | **૨૦૨૧** | **૨૦૨૨** |
| સ્વનિર્ભર | ૧૫૦ | ૧૫૦ |

---------

**નેશનલ આયુષ મિશન અંતર્ગત રાજ્ય સરકારને મળેલ ગ્રાન્ટ**

૩૧૬૧ **શ્રી અમુલ ભટ્ટ** (મણીનગર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ આયુષ મિશન અંતર્ગત રાજ્ય સરકારને કેટલી ગ્રાંટ મંજૂર કરેલ છે, અને

**જવાબ**

(૧)

| **નાણાકીય વર્ષ** | **મંજૂર ગ્રાન્ટ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | કેન્દ્ર ફાળોઃ ૧૮૬૭.૭૦<br>રાજ્ય ફાળોઃ ૧૨૪૫.૧૪ |

- - - - - - - - - - - - - -

-

**કુલ મંજૂર ગ્રાન્ટઃ ૩૧૧૨.૮૪**

૨૦૨૨-૨૩ કેન્દ્ર ફાળોઃ ૩૮૧૭.૨૫
રાજ્ય ફાળોઃ ૨૫૪૪.૮૩

- - - - - - - - - - - - - -

-

**કુલ મંજૂર ગ્રાન્ટઃ ૬૩૬૨.૦૮**

(૨) તે પૈકી કેન્દ્ર દ્વારા કેટલી રકમ ફાળવેલ છે?

(૨)

| **નાણાકીય વર્ષ** | **મંજૂર ગ્રાન્ટ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૪૬૬.૯૨ |
| ૨૦૨૨-૨૩ | ૯૫૪.૩૧ |

- - - - - - - - -

**પાટણ અને મોરબી જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ**

૩૪૬૪ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પાટણ અને મોરબી જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨)
સરકારી કોલેજોની વિગતો- પત્રક-૨ મુજબ.
ગ્રાન્ટેડ કોલેજોની વિગતો- પત્રક-૩ મુજબ.

(૩) વહીવટી અનુકૂળતા અનુસાર.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**ભાવનગર અને રાજકોટ જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ**

૩૪૫૨ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની ભાવનગર અને રાજકોટ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨)
સરકારી કોલેજોની વિગતો- પત્રક-૨ મુજબ.
ગ્રાન્ટેડ કોલેજોની વિગતો- પત્રક-૩ મુજબ.

(૩) વહીવટી અનુકૂળતા અનુસાર.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**ક્વાંટ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૩૧૨૭ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૮૫ |
| ૨૦૨૨-૨૩ | ૬૪૫ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૮૯.૫૪ |
| ૨૦૨૨-૨૩ | ૧૮૮.૭૬ |

---------

**ઉચ્છલ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૩૧૨૬ **ડૉ. જયરામભાઈ ગામીત**(નિઝર) **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૩૫ |
| ૨૦૨૨-૨૩ | ૩૨૬ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૪૬.૧૪ |
| ૨૦૨૨-૨૩ | ૨૧૩.૬૨ |

---------

**વલસાડ જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના કેસો**

૩૦૯૭ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૨૨માં વલસાડ જિલ્લામાં લેપ્ટોસ્પાઈરોસીસના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) આ રોગને અટકાવવા રાજ્ય સરકાર દ્વારા શું પગલા લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) ૦૨

(૨) ૦૦

(૩) પત્રક-અ મુજબના પગલા લેવામાં આવેલ છે.

**પત્રક-અ**

લેપ્ટોસ્પાઈરોસીસને અટકાવવા રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલા લેવામાં આવ્યા.

- આરોગ્ય શાખામાં ૨૪ ૭ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવેલ છે.
- લેપ્ટોસ્પાયરોસીસ અંગે આશા બહેનો અને પેરા મેડીકલ સ્ટાફની તાલીમ કરવામાં આવેલ છે તથા જિલ્લામાં પ્રચાર-પ્રસારની કામગીરી કરવામાં આવેલ છે.
- ચોમાસા દરમ્યાન આરોગ્ય કર્મચારી દ્વારા હાઉસ ટુ હાઉસ ફરી લેપ્ટોસ્પાયરોસીસ સર્વેલન્સની કામગીરી કરવામાં આવેલ છે.
- આરોગ્ય શાખા દ્વારા આશા બહેનો તથા આરોગ્ય કર્મચારી મારફત ચોમાસામાં અઠવાડિયામાં એક વાર એ પ્રમાણે આઠ અઠવાડિયા સુધી હાઈરીસ્ક વિસ્તારના લોકોને કિમોપ્રોફાઈલેક્સીસ તરીકે કેપ્સૂલ ડોક્સી સાયક્લીન ગોળી ગળાવવામાં આવેલ છે.
- ખેતીવાડી વિભાગ દ્વારા સુગર ફેક્ટરીના સહયોગથી ચોમાસા પહેલા ઉંદર નિયંત્રણ કામગીરી કરવામાં આવેલ છે.
- પશુપાલન વિભાગ દ્વારા પશુઓમાં લેપ્ટોસ્પાયરોસીસ ચકાસણી માટે સિરમ સેમ્પલ લેવામાં આવેલ છે.

તા. ૨૮મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**સિવિલ હોસ્પિટલ, અમદાવાદનું સંવર્ગવાર મહેકમ**

૩૦૯૦ **શ્રીમતી દર્શના વાઘેલા** (અસારવા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) સિવિલ હોસ્પિટલ, અમદાવાદની સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છેઃ-

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૪૦ |
| વર્ગ-૨ | ૧૬૧ |
| વર્ગ-૩ | ૨૮૮૬ |
| વર્ગ-૪ | ૧૭૧૧ |
| **કુલ** | **૪૭૯૮** |

(૨) ઉક્ત પૈકી સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છેઃ-

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૨૬ | ૧૪ |
| વર્ગ-૨ | ૧૨૧ | ૪૦ |
| વર્ગ-૩ | ૨૫૦૪ | ૩૮૨ |
| વર્ગ-૪ | ૧૭૧૧ | ૦૦ |
| **કુલ** | **૪૩૬૨** | **૪૩૬** |

(૩) યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

---------

**ગાંધીનગર જિલ્લામાં સુધારેલ સ્મશાન ભઠ્ઠી**

૩૧૩૭ **શ્રી જયંતિભાઈ પટેલ** (માણસા) : **માનનીય ક્લાઈમેન્ટચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવાની કોઈ યોજના છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૮૩

(૩) રૂ. ૪૩.૭૩ લાખ.

---------

**મોરવા(હ) તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ**

૩૧૨૪ **શ્રી ફતેસિંહ ચૌહાણ** (કાલોલ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના મોરવા(હ) તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૯૦ |
| ૨૦૨૨-૨૩ | ૧૫૪ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૫૧.૯૦ |
| ૨૦૨૨-૨૩ | ૭૨.૪૨ |

**અમદાવાદ અને જામનગર જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ**

૩૪૫૫ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ અને જામનગર જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨)<br>સરકારી કોલેજોની વિગતો- પત્રક-૨ મુજબ.<br>ગ્રાન્ટેડ કોલેજોની વિગતો- પત્રક-૩ મુજબ. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) વહીવટી અનુકૂળતા અનુસાર. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં સુધારેલ સ્મશાન ભઠ્ઠી**

૩૧૩૯ **શ્રી ભગવાનજીભાઈ કરગટીયા** (માંગરોળ) : **માનનીય કલાઈમેટચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવાની કઈ યોજના છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલી સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવામાં આવેલ છે, અને | (૨) ૫૧૭ |
| (૩) ઉક્ત સ્થિતિએ તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ.૨.૭૨ કરોડ. |

- - - - - - - - -

**ખેડા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ**

૩૪૪૬ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ખેડા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨)<br>સરકારી કોલેજોની વિગતો- પત્રક-૨ મુજબ.<br>ગ્રાન્ટેડ કોલેજોની વિગતો- પત્રક-૩ મુજબ. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) વહીવટી અનુકૂળતા અનુસાર. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર**

૩૦૯૯ **શ્રી જીતેન્દ્ર સોમાણી** (વાંકાનેર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કેટલા પેટા આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ૨૯૩ સબ સેન્ટર અને ૫૪ પ્રાથમિક આરોગ્ય |

કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત કેન્દ્રો ઉપર કયા કયા પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે ?

કેન્દ્રોને આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટરમાં તબદીલ કરી કાર્યરત કરવામાં આવેલ છે.

(૨) આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર ખાતે ૧૨ પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

1. ગર્ભાવસ્થા અને બાળજન્મ સંબંધિત સેવાઓ.
2. નવજાત બાળક અને શિશુઓની આરોગ્ય-સંભાળ સેવાઓ.
3. બાલ્યાવસ્થા અને તરુણાવસ્થાની આરોગ્ય-સંભાળ સેવાઓ.
4. કુટુંબનિયોજન, ગર્ભ નિરોધક સેવાઓ અને અન્ય પ્રજનનતંત્રના આરોગ્ય સંબંધિત સેવાઓ.
5. નેશનલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત ચેપી રોગોની સારવાર અંગેનું વ્યવસ્થાપન
6. સામાન્યતઃ જોવા મળતા ચેપી રોગો, તીવ્ર રોગો અને સામાન્ય બીમારીઓની ઓ.પી.ડી. સારવારનું વ્યવસ્થાપન.
7. બિનચેપી રોગોની તપાસ, અટકાવ અને વ્યવસ્થાપન.
8. સામાન્યતઃ જોવા મળતી આંખની બીમારીઓ અને કાન, નાક, ગળાની સમસ્યાઓની સારવાર.
9. મોઢાના આરોગ્યની સામાન્ય સારવાર.
10. વૃદ્ધત્વ તેમજ દર્દશામક સારવાર સેવાઓ.
11. ઈમર્જન્સી તબીબી સેવાઓ.
12. માનસિક બીમારીઓની તપાસ અને સામાન્ય વ્યવસ્થાપન.

- - - - - - - - -

**કામરેજ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

૩૧૨૩ **શ્રી મનુભાઈ પટેલ** (ઉધના) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર વિસ્તાર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૮.૦૦ |
| ૨૦૨૨-૨૩ | ૧૪.૦૦ |

(૨)

| **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૩૦.૯૪ |
| ૨૦૨૨-૨૩ | ૧૫.૬૪ |

- - - - - - - - -

**જાફરાબાદ તાલુકાના સરકેશ્વરને પ્રવાસન સ્થળ તરીકે મંજૂરી**

૩૩૯૩ **શ્રી હિરાભાઈ સોલંકી** (રાજુલા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ જાફરાબાદ તાલુકાના સરકેશ્વરને પ્રવાસન સ્થળ તરીકે મંજૂરી અપાયેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ સ્થળના વિકાસ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા કયા કામો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

(૩) તે અન્વયે કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**ગીર અભ્યારણ્યમાં કુવાને પેરાપીટ વોલથી સુરક્ષિત કરવા બાબત**

૩૧૨૦ **શ્રી પ્રદ્યુમન વાજા** (કોડીનાર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર નેશનલ પાર્કમાં કેટલા ખુલ્લા કુવાને પેરાપીટ વોલથી સુરક્ષિત કરવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર નેશનલ પાર્ક વિસ્તારમાં કોઈ જ ખુલ્લા કુવાઓ અસ્તિત્વમાં ન હોઈ, પેરાપીટ વોલથી સુરક્ષિત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લામાં નવા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો**

૩૧૨૮ **શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા** (હિંમતનગર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો / સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૦૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ |
|---|---|
| ૧ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અણિયોદ, તા.તલોદ |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વીરાવાડા, તા.હિંમતનગર |
| ૩ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આંત્રોલી, તા.તલોદ |

જ્યારે સામૂહિક આરોગ્ય કેન્દ્રનું એક પણ બાંધકામ મંજૂર થયેલ નથી.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું કામ કયા તબક્કે છે, અને | (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ મકાનોનું કામ વહીવટી મંજૂરીના તબક્કા હેઠળ છે. |
| (૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) ઉક્ત કામોની પાછળ હાલમાં કોઈ ખર્ચ થયેલ નથી. |

- - - - - - - - -

**વડનગરમાં સ્વદેશ દર્શન યોજના**

૩૧૪૫ **શ્રી સરદારભાઈ ચૌધરી** (ખેરાલુ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારની સ્વદેશ દર્શન યોજના અન્વયે વડનગરના વિકાસ માટે કોઈ ગ્રાન્ટ ફાળવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેમાં કયાં કયાં સ્થળોના વિકાસ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને | (૨) ભારત સરકારના પ્રવાસન મંત્રાલયની સ્વદેશ દર્શન યોજના અન્વયે સ્થળવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી; પરંતુ વડનગર-મોઢેરા-પાટણ સર્કિટના સ્થળોના વિકાસ માટે રૂ.૨૧૮.૬૩ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ સ્થળોના વિકાસ માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૫૯૪.૨૩ લાખ |

- - - - - - - - -

**સરકારી મેડિકલ કોલેજ, ભાવનગરનું સંવર્ગવાર મહેકમ**

૩૦૮૪ **શ્રીમતી સેજલબેન પંડ્યા** (ભાવનગર પૂર્વ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સરકારી મેડિકલ કોલેજ, ભાવનગરનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ

**જવાબ**

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|

મંજૂર થયેલ છે,

| | |
|---|---|
| વર્ગ-૧ | ૨૩૨ |
| વર્ગ-૨ | ૮૪ |
| વર્ગ-૩ | ૨૮૧ |
| વર્ગ-૪ | ૧૧૩ |
| **કુલ** | **૭૧૦** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૪૭ | ૮૫ |
| વર્ગ-૨ | ૩૭ | ૪૭ |
| વર્ગ-૩ | ૧૯૯ | ૮૨ |
| વર્ગ-૪ | ૧૧૩ | ૦૦ |
| **કુલ** | **૪૯૬** | **૨૧૪** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

**બી.જે. મેડિકલ કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર મહેકમ**

૩૦૮૭ **શ્રીમતી કંચનબેન રાદડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બી. જે. મેડિકલ કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૩૪૪ |
| વર્ગ-૨ | ૧૦૫ |
| વર્ગ-૩ | ૨૭૪ |
| વર્ગ-૪ | ૧૬૪ |
| **કુલ** | **૮૮૭** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૨૮૮ | ૫૬ |
| વર્ગ-૨ | ૭૪ | ૩૧ |
| વર્ગ-૩ | ૧૯૭ | ૭૭ |
| વર્ગ-૪ | ૧૬૪ | ૦૦ |
| **કુલ** | **૭૨૩** | **૧૬૪** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ**

૩૪૬૭ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે,

(૧) પત્રક-૧ મુજબ.

(૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)
સરકારી કોલેજોની વિગતો- પત્રક-૨ મુજબ.
ગ્રાન્ટેડ કોલેજોની વિગતો- પત્રક-૩ મુજબ.

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) વહીવટી અનુકૂળતા અનુસાર

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં ધાર્મિક પ્રવાસન ધામ**

૨૯૦૧ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની ભડીયાદ અને મહેસાણા જિલ્લાના મીરા દાતારનું ધાર્મિક પ્રવાસન ધામમાં સમાવેશ સરકારે નથી કર્યો તે હકીકત સાચી છે, અને | (૧) રાજ્ય સરકાર દ્વારા ધાર્મિક પ્રવાસન ધામમાં કોઈ સ્થળનો સમાવેશ કરવામાં આવતો નથી; પરંતુ પ્રવાસન સ્થળે પ્રવાસી સુવિધાઓનો વિકાસ કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો તેનો સમાવેશ કરવા સરકારનું શું આયોજન છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ**

૩૪૪૯ **શ્રી વિમલભાઈ ચુડાસમા**(સોમનાથ):**માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨)<br>સરકારી કોલેજોની વિગતો- પત્રક-૨ મુજબ.<br>ગ્રાન્ટેડ કોલેજોની વિગતો- પત્રક-૩ મુજબ. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) વહીવટી અનુકૂળતા અનુસાર. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**સ્વદેશ દર્શન યોજના અન્વયે ફાળવેલ ગ્રાન્ટ**

૨૬૬૫ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન યોજના અન્વયે રાજ્યના પ્રવાસન વિભાગને કોઈ ગ્રાન્ટ ફાળવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ સર્કિટ માટે કેટલી ગ્રાન્ટ ફાળવેલ છે, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ ગ્રાન્ટ સામે કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન યોજના અન્વયે સર્કિટવાર ફાળવેલ ગ્રાન્ટ તથા થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે. |

| ક્રમ | સર્કિટનું નામ | ફાળવેલ ગ્રાન્ટ રૂ.લાખમાં | થયેલ ખર્ચ રૂ.લાખમાં |
|---|---|---|---|
| ૧ | ડેવલપમેન્ટ ઓફ બુદ્ધિસ્ટ સર્કીટઃ જૂનાગઢ – ગીર સોમનાથ – ભરૂચ – કચ્છ – ભાવનગર – રાજકોટ – મહેસાણા | ૩૦૭.૪૨ | ૬૪૦.૮૭ |
| ૨ | ડેવલપમેન્ટ ઓફ હેરીટેજ સર્કીટઃ વડનગર - મોઢેરા - | ૨૧૮.૬૩ | ૫૯૪.૨૩ |

| | | | |
|---|---|---|---|
| | પાટણ | | |
| ૩ | ડેવલપમેન્ટ ઓફ હેરીટેજ સર્કીટઃ અમદાવાદ - રાજકોટ-બારડોલી - દાંડી | ૬૬૧.૩૦ | ૭૪૦.૦૧ |

- - - - - - - - -

**સરકારી મેડિકલ કોલેજ, જામનગરનું સંવર્ગવાર મહેકમ**

૩૦૮૩ **શ્રી દિવ્યેશભાઈ અકબરી** (જામનગર દક્ષિણ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સરકારી મેડિકલ કોલેજ, જામનગરનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૨૪૩ |
| વર્ગ-૨ | ૯૮ |
| વર્ગ-૩ | ૨૦૦ |
| વર્ગ-૪ | ૧૭૭ |
| **કુલ** | **૭૧૮** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૧૫૬ | ૮૭ |
| વર્ગ-૨ | ૪૦ | ૫૮ |
| વર્ગ-૩ | ૧૪૫ | ૫૫ |
| વર્ગ-૪ | ૧૭૭ | ૦૦ |
| **કુલ** | **૫૧૮** | **૨૦૦** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

- - - - - - - - -

**સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, દાહોદનું સંવર્ગવાર મહેકમ**

૩૦૮૧ **શ્રી કનૈયાલાલ કિશોરી** (દાહોદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, દાહોદનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૦૬ |
| વર્ગ-૨ | ૦૭ |
| વર્ગ-૩ | ૧૯ |
| વર્ગ-૪ | ૧૬ |
| **કુલ** | **૪૮** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૦ | ૦૬ |
| વર્ગ-૨ | ૦૦ | ૦૭ |
| વર્ગ-૩ | ૧૬ | ૦૩ |
| વર્ગ-૪ | ૧૬ | ૦૦ |
| **કુલ** | **૩૨** | **૧૬** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં નવી સરકારી હોમિયોપેથી કોલેજ**

૩૧૬૨ **શ્રી હર્ષદભાઈ પટેલ** (સાબરમતી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કેટલી નવી સરકારી હોમીયોપેથી કોલેજની નેશનલ કાઉન્સીલ ઓફ હોમીયોપેથી દ્વારા માન્યતા મળી, અને | (૧) એક પણ નહિ. |
| (૨)ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી કોલેજો કાર્યરત થઈ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન અંતર્ગત રાજ્યને મળેલ સહાય**

૩૦૯૧ **શ્રી દિનેશસિંહ કુશવાહ** (બાપુનગર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન અંતર્ગત રાજ્યને કોઈ સહાય મળેલ છે કે કેમ, અને | (૧) જી, હા. |
| (૨) જો હા, તો કેટલી રકમ મળી છે ? | (૨) પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન અંતર્ગત રાજ્યને નીચે મુજબની વર્ષવાર ભારત સરકાર તરફથી સહાય મળેલ છે. |

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૦.૦૦ |
| ૨૦૨૨-૨૩ (તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ) | ૨,૬૬૨/- |

- - - - - - - - -

**પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન અંતર્ગત રાજ્યને મળેલ સહાય**

૩૦૯૨ **શ્રી ચૈતન્ય દેસાઈ** (અકોટા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન અંતર્ગત રાજ્યને કોઈ સહાય મળેલ છે કે કેમ, અને | (૧) જી, હા. |
| (૨) જો હા, તો કેટલી રકમ મળી છે ? | (૨) પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન અંતર્ગત રાજ્યને નીચે મુજબની વર્ષવાર ભારત સરકાર તરફથી સહાય મળેલ છે. |

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૦.૦૦ |
| ૨૦૨૨-૨૩ (તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ) | ૨,૬૬૨/- |

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના**

૩૧૧૭ **શ્રી સુખાજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય (પી.એમ.જે.એ.વાય-મા) યોજના હેઠળ કેટલા | (૧) |

| વર્ષ | મંજૂર લાભાર્થી દાવાઓ |
|---|---|

લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા, અને

| | |
|---|---|
| ૨૦૨૧ | ૧૯,૭૩૧ |
| ૨૦૨૨ | ૩૧,૮૬૧ |
| **કુલ** | **૫૧,૫૯૨** |

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવેલ દાવાઓ પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે ?

(૨)

| વર્ષ | ચુકવેલ દાવાઓની રકમ રૂ. |
|---|---|
| ૨૦૨૧ | ૪૨,૭૩,૨૦,૬૯૧/- |
| ૨૦૨૨ | ૭૦,૪૧,૯૦,૮૯૯/- |
| **કુલ** | **૧,૧૩,૧૫,૧૧,૫૯૦/-** |

---------

**રાજ્યમાં સરકારી ફિઝિયોથેરાપી કોલેજમાં સંવર્ગવાર મહેકમ**

૩૦૮૦ **પાયલ કુકરાની** (નરોડા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સરકારી ફિઝિયોથેરાપી કોલેજોમાં સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, અમદાવાદ

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૨૫ |
| વર્ગ-૨ | ૨૮ |
| વર્ગ-૩ | ૬૩ |
| વર્ગ-૪ | ૬૦ |
| **કુલ** | **૧૭૬** |

સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, વડોદરા

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૦૨ |
| વર્ગ-૨ | ૦૧ |
| વર્ગ-૩ | ૧૨ |
| વર્ગ-૪ | ૦૭ |
| **કુલ** | **૨૨** |

સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, જામનગર

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૦૩ |
| વર્ગ-૨ | ૦૦ |
| વર્ગ-૩ | ૧૫ |
| વર્ગ-૪ | ૧૨ |
| **કુલ** | **૩૦** |

સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, સુરત

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૦૫ |
| વર્ગ-૨ | ૦૬ |
| વર્ગ-૩ | ૨૪ |
| વર્ગ-૪ | ૦૭ |
| **કુલ** | **૪૨** |

સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, દાહોદ

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૦૬ |
| વર્ગ-૨ | ૦૭ |
| વર્ગ-૩ | ૧૯ |
| વર્ગ-૪ | ૧૬ |

| | કુલ | ૪૮ |
|---|---|---|

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, અમદાવાદ

| **સંવર્ગ** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૮ | ૧૭ |
| વર્ગ-૨ | ૧૪ | ૧૪ |
| વર્ગ-૩ | ૫૪ | ૦૯ |
| વર્ગ-૪ | ૬૦ | ૦૦ |
| **કુલ** | **૧૩૬** | **૪૦** |

સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, વડોદરા

| **સંવર્ગ** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૧ | ૦૧ |
| વર્ગ-૨ | ૦૦ | ૦૧ |
| વર્ગ-૩ | ૦૩ | ૦૯ |
| વર્ગ-૪ | ૦૭ | ૦૦ |
| **કુલ** | **૧૧** | **૧૧** |

સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, જામનગર

| **સંવર્ગ** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૩ | ૦૦ |
| વર્ગ-૨ | ૦૦ | ૦૦ |
| વર્ગ-૩ | ૧૧ | ૦૪ |
| વર્ગ-૪ | ૧૨ | ૦૦ |
| **કુલ** | **૨૬** | **૦૪** |

સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, સુરત

| **સંવર્ગ** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૪ | ૦૧ |
| વર્ગ-૨ | ૦૧ | ૦૫ |
| વર્ગ-૩ | ૧૬ | ૦૮ |
| વર્ગ-૪ | ૦૭ | ૦૦ |
| **કુલ** | **૨૮** | **૧૪** |

સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, દાહોદ

| **સંવર્ગ** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૦ | ૦૬ |
| વર્ગ-૨ | ૦૦ | ૦૭ |
| વર્ગ-૩ | ૧૬ | ૦૩ |
| વર્ગ-૪ | ૧૬ | ૦૦ |
| **કુલ** | **૩૨** | **૧૬** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે

- - - - - - - - -

**નવસારી જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો**

૩૧૩૧ **શ્રી આર. સી. પટેલ** (જલાલપોર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૧૯ પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી કોઈ બાંધકામો પૂર્ણ થયેલ નથી.

પૂર્ણ થયા, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

(૩) તેની પાછળ કોઈ ખર્ચ થયેલ નથી.

- - - - - - - - -

**ગાંધી સર્કિટ માટે ફાળવેલ ગ્રાન્ટ**

૩૧૪૬ **શ્રી અમીત શાહ** (એલિસબ્રિજ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારની સ્વદેશ દર્શન યોજના અન્વયે ગાંધીજીના જીવન ઉપર આધારિત સ્થળોના વિકાસ માટે કોઈ ગ્રાન્ટ ફાળવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેમાં કયાં કયાં સ્થળોનો સમાવેશ થાય છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ગાંધી સર્કિટ અન્વયે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ભારત સરકારની સ્વદેશ દર્શન યોજના અન્વયે ગાંધી સર્કિટમાં નીચે મુજબના સ્થળોનો સમા◌ાવેશ થાય છે.

- અમદાવાદ (કોચરબ આશ્રમ, સાબરમતી આશ્રમ)
- રાજકોટ (આલ્ફ્રેડ હાઈસ્કુલ, કબાગાંધીનો ડેલો, રાષ્ટ્રીય શાળા)
- પોરબંદર (કિર્તી મંદિર)
- બારડોલી (સરદાર પટેલ મ્યુઝિયમ)
- દાંડી (કરાડી, દાંડી મેમોરિયલ)

(૩) રૂ. ૬૬૧.૩૦ લાખ

- - - - - - - - -

**ભાયાવદર ખાતે તાલુકા કોર્ટ બિલ્ડિંગ**

૩૧૩૪ **શ્રી ઉદય કાનગડ** (રાજકોટ પૂર્વ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૨૨-૨૩માં રાજકોટ જિલ્લામાં ભાયાવદર ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૬,૦૭,૧૯,૯૦૦/-ની વહીવટી મંજૂરી તા.૩૦-૦૭-૨૦૨૨ના રોજ આપવામાં આવેલ છે.

- - - - - - - - -

**સ્વદેશ દર્શન યોજના અન્વયે ફાળવેલ ગ્રાન્ટ**

૨૬૬૪ **શ્રી ડી. કે. સ્વામી** (જંબુસર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન યોજના અન્વયે રાજ્યના પ્રવાસન વિભાગને કોઈ ગ્રાન્ટ ફાળવેલ છે કે કેમ,

(૨) જો હા, તો કઈ સર્કિટ માટે કેટલી ગ્રાન્ટ ફાળવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ગ્રાન્ટ સામે કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન યોજના અન્વયે સર્કિટવાર ફાળવેલ ગ્રાન્ટ તથા થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સર્કિટનું નામ | ફાળવેલ ગ્રાન્ટ રૂ.લાખમાં | થયેલ ખર્ચ રૂ.લાખમાં |
|---|---|---|---|
| ૧ | ડેવલપમેન્ટ ઓફ બુદ્ધિસ્ટ | ૩૦૭.૪૨ | ૬૪૦.૮૭ |

| | | | |
|---|---|---|---|
| | સર્કીટઃ જૂનાગઢ – ગીર સોમનાથ – ભરૂચ – કચ્છ – ભાવનગર – રાજકોટ – મહેસાણા | | |
| ૨ | ડેવલપમેન્ટ ઓફ હેરીટેજ સર્કીટઃ વડનગર - મોઢેરા - પાટણ | ૨૧૮.૬૩ | ૫૯૪.૨૩ |
| ૩ | ડેવલપમેન્ટ ઓફ હેરીટેજ સર્કીટઃ અમદાવાદ - રાજકોટ-બારડોલી - દાંડી | ૬૬૧.૩૦ | ૭૪૦.૦૧ |

- - - - - - - - -

**ગોધરા ખાતે નવી ફેમિલી કોર્ટ બિલ્ડિંગ**

૩૧૩૬ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૨૨-૨૩માં પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે નવી ફેમિલી કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૪,૮૨,૮૧,૦૦૦/-ની વહીવટી મંજૂરી તા.૨૭-૦૬-૨૦૨૨ના રોજ આપવામાં આવેલ છે.

- - - - - - - - -

**જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ સોલા, અમદાવાદનું સંવર્ગવાર મહેકમ**

૩૧૬૪ **શ્રી જીતેન્દ્રકુમાર પટેલ** (નારણપૂરા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ સોલા, અમદાવાદની સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ કેટલી છે,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ કુલ-૬૦૯ છે. પત્રક સામેલ છે.)

(૨) કુલ-૫૦૨ જગ્યાઓ ભરાયેલી છે. પત્રક સામેલ છે.)

(૩) કુલ-૧૦૭ જગ્યાઓ ખાલી છે. પત્રક સામેલ છે.)

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ સોલા, અમદાવાદનું સંવર્ગવાર મહેકમ**

૩૧૦૧ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ સોલા, અમદાવાદની સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ કેટલી છે,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ કુલ-૬૦૯ છે. પત્રક સામેલ છે.)

(૨) કુલ-૫૦૨ જગ્યાઓ ભરાયેલી છે. ( પત્રક સામેલ છે.)

(૩) કુલ-૧૦૭ જગ્યાઓ ખાલી છે. ( પત્રક સામેલ છે.)

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ**

૩૪૪૦ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ**(લુણાવાડા): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ દાહોદ અને

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

છોટાઉદેપુર જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)
સરકારી કોલેજોની વિગતો પત્રક-૨ મુજબ.
ગ્રાન્ટેડ કોલેજોની વિગતો- પત્રક-૩ મુજબ.

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) વહીવટી અનુકૂળતા અનુસાર.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, સુરતનું સંવર્ગવાર મહેકમ**

૩૦૮૨ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, સુરતનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧)

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૦૫ |
| વર્ગ-૨ | ૦૬ |
| વર્ગ-૩ | ૨૪ |
| વર્ગ-૪ | ૦૭ |
| **કુલ** | **૪૨** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૪ | ૦૧ |
| વર્ગ-૨ | ૦૧ | ૦૫ |
| વર્ગ-૩ | ૧૬ | ૦૮ |
| વર્ગ-૪ | ૦૭ | ૦૦ |
| **કુલ** | **૨૮** | **૧૪** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

- - - - - - - - -

**જી.જી. હોસ્પિટલ, જામનગરનું સંવર્ગવાર મહેકમ**

૩૦૮૮ **શ્રીમતી રિવાબા જાડેજા** (જામનગર ઉત્તર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જી.જી. હોસ્પિટલ, જામનગરનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) જી.જી. હોસ્પિટલ, જામનગરની સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે-

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૧૧ |
| વર્ગ-૨ | ૨૭ |
| વર્ગ-૩ | ૯૫૧ |
| વર્ગ-૪ | ૩૭૮ |
| **કુલ** | **૧૩૬૭** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત પૈકી સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે-

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૦૮ | ૦૩ |
| વર્ગ-૨ | ૨૩ | ૦૪ |
| વર્ગ-૩ | ૮૪૬ | ૧૦૫ |

| | | |
|---|---|---|
| વર્ગ-૪ | ૩૭૮ | ૦૦ |
| **કુલ** | **૧૨૫૫** | **૧૧૨** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

---------

## રાજ્યમાં આવેલી સરકારી ડેન્ટલ કોલેજોનું સંવર્ગવાર મહેકમ

૩૦૭૮ **શ્રી બાબુસિંહ જાદવ** (વટવા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં આવેલ સરકારી ડેન્ટલ કોલેજોનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૧)

| સંવર્ગ | સરકારી ડેન્ટલ કોલેજ, અમદાવાદ | સરકારી ડેન્ટલ કોલેજ, જામનગર |
|---|---|---|
| વર્ગ-૧ | ૬૬ | ૪૫ |
| વર્ગ-૨ | ૪૮ | ૩૯ |
| વર્ગ-૩ | ૭૬ | ૬૫ |
| વર્ગ-૪ | ૬૩ | ૩૬ |
| **કુલ** | **૨૫૩** | **૧૮૫** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| | સરકારી ડેન્ટલ કોલેજ, અમદાવાદ | | સરકારી ડેન્ટલ કોલેજ, જામનગર | |
|---|---|---|---|---|
| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| વર્ગ-૧ | ૫૨ | ૧૪ | ૩૧ | ૧૪ |
| વર્ગ-૨ | ૪૦ | ૦૮ | ૨૮ | ૧૧ |
| વર્ગ-૩ | ૬૦ | ૧૬ | ૬૧ | ૦૪ |
| વર્ગ-૪ | ૪૮ | ૧૫ | ૩૬ | ૦૦ |
| **કુલ** | **૨૦૦** | **૫૩** | **૧૫૬** | **૨૯** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

## ગીર સોમનાથ જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના

૩૧૦૪ **શ્રી કાળુભાઈ રાઠોડ** (ઉના) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય (પી.એમ.જે.એ.વાય-મા) યોજના હેઠળ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા, અને

(૧)

| વર્ષ | લાભાર્થી દાવાઓ |
|---|---|
| ૨૦૨૧ | ૫,૪૦૭ |
| ૨૦૨૨ | ૧૦,૪૨૬ |
| **કુલ** | **૧૫,૮૩૩** |

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવેલ દાવાઓ પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે ?

(૨)

| વર્ષ | ચૂકવેલ દાવાઓની રકમ રૂ. |
|---|---|
| ૨૦૨૧ | ૯,૮૭,૦૧,૬૯૩/- |
| ૨૦૨૨ | ૧૬,૬૫,૯૧,૧૯૦/- |
| **કુલ** | **૨૬,૫૨,૯૨,૮૮૩/-** |

---------

## ભરૂચ જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો

૩૧૨૯ **શ્રી રીતેશકુમાર વસાવા** (ઝઘડીયા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ

જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ પૂર્ણ થયા, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૫૫ પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી ૧૭ પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો પૂર્ણ થયા.

(૩) તેની પાછળ કુલ રૂ.૩૭૯.૧૩ લાખનો ખર્ચ થયેલ છે.

- - - - - - - - -

**રાજ્યમાં ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સીલ એક્ટ-૨૦૧૬**

૩૨૭૮ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સીલ એક્ટ-૨૦૧૬ ક્યારથી અમલમાં આવેલ છે, | (૧) ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સિલ એક્ટ-૨૦૧૬ તા.૦૧-૦૫-૨૦૧૭ થી અમલમાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાઉન્સિલના સભ્યો કોણ છે, | (૨) યાદી આ સાથે સામેલ પત્રક મુજબ છે. |
| (૩) ઉક્ત કાઉન્સિલની બેઠકો ઉક્ત સ્થિતિએ છેલ્લે ક્યારે મળેલ છે, અને | (૩) બેઠક મળેલ નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાઉન્સિલની બેઠક નિયમિત ન મળતી હોય તો તેના કારણો શા છે ? | (૪) કોરોનાની પરિસ્થિતિ તેમજ અન્ય વહીવટી કારણોસર બેઠક મળી શકેલ નથી. |

**પત્રક**

| | | |
|---|---|---|
| **અ.** | **હોદ્દાની રૂએ સભ્યોઃ-** | |
| ૧. | માન.મુખ્યમંત્રીશ્રી | પ્રેસીડેન્ટ |
| ૨. | માન.શિક્ષણ મંત્રીશ્રી | વાઈસ-પ્રેસીડેન્ટ |
| ૩. | માન. રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રી | કો-વાઈસ-પ્રેસીડેન્ટ |
| ૪. | એક્ઝીક્યુટીવ કમિટીના ચેરપર્સન | સભ્ય |
| ૫. | શિક્ષણ વિભાગના સચિવશ્રી | સભ્ય |
| ૬. | નાણા વિભાગના સચિવશ્રી | સભ્ય |
| ૭. | વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સચિવશ્રી | સભ્ય |
| ૮. | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સચિવશ્રી | સભ્ય |
| ૯. | ઉદ્યોગ અને ખાણ વિભાગના સચિવશ્રી | સભ્ય |
| ૧૦. | શ્રમ, અને રોજગાર વિભાગના સચિવશ્રી | સભ્ય |
| ૧૧. | રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના સચિવશ્રી | સભ્ય |
| ૧૨. | કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ | સભ્ય |
| ૧૩. | કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણ | સભ્ય |
| ૧૪. | કમિશ્નરશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન | સભ્ય |
| ૧૫. | યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, નવી દિલ્હીના ચેરમેન અથવા સંયુક્ત સચિવથી નીચેના હોદ્દાથી ઉતરતા નહીં તેવા તેમના દ્વારા નિયુક્ત | સભ્ય |

**બ. અન્ય સભ્યોઃ-**

૧. રાજ્ય સરકાર દ્વારા જોઈન્ટ બોર્ડ ઓફ વાઈસ-ચાંસેલર (JBVC) સાથે પરામર્શ કર્યા બાદ નિયુક્ત થયેલ યુનિવર્સિટીના વાઈસ-ચાંસેલર, જેમની સંખ્યા ૫(પાંચ) કરતા વધારે ન હોય.

૨. રાજ્ય સરકાર દ્વારા ખાનગી યુનિવર્સિટીના ફોરમ સાથે પરામર્શ કર્યા બાદ નિયુક્ત થયેલ ખાનગી યુનિવર્સિટીના ૧(એક) પ્રોવોસ્ટ.

૩. રાજ્યમાં આવેલી રાષ્ટ્રીય મહત્વના સંસ્થાનોમાંથી રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત ૨(બે) કરતા વધારે નહીં તેવા શિક્ષણવિદ્દો.

૪. આર્ટસ, વિજ્ઞાન, વાણિજ્ય, કાયદો, ઈજનેરી, મેનેજમેન્ટ, તબીબી, પત્રકારિતા, ફિલ્મ અને ટેલીવિઝન, થિયેટર, રમત-ગમત, જાહેર વહીવટ, ફાયનાન્સ વગેરે ક્ષેત્રે ખ્યાતનામ અને રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત થયેલ ૫(પાંચ) કરતા વધારે નહીં તેવા સભ્યો.

૫. યુનિવર્સિટીઓ અથવા સંલગ્ન કોલેજોમાં ૧૫(પંદર) વર્ષ કરતાં વધારે સેવા પૂર્ણ કરી હોય તેવા રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત ૩(ત્રણ) ખ્યાતનામ શિક્ષણવિદ્દો.

ચૈત્ર ૭, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

૬. કાઉન્સિલના સભ્ય સચિવશ્રી તરીકે અગ્ર સચિવશ્રી (શિ.)

- - - - - - - - -

**મોરબી જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો**

૩૧૩૦ **શ્રી દુર્લભજીભાઈ દેથરીયા** (ટંકારા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મોરબી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામ પૂર્ણ થયા, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મોરબી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ ૨૯ પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કોઈ બાંધકામ પૂર્ણ થયેલ નથી.

(૩) તેની પાછળ કોઈ ખર્ચ થયેલ નથી.

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના**

૩૧૦૫ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય (પી.એમ.જે.એ.વાય-મા) યોજના હેઠળ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ મંજૂર કરવામાં આવેલ દાવાઓ પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | મંજૂર લાભાર્થી દાવાઓ |
|---|---|
| ૨૦૨૧ | ૧૯,૭૩૧ |
| ૨૦૨૨ | ૩૧,૮૬૧ |
| **કુલ** | **૫૧,૫૯૨** |

(૨)

| વર્ષ | ચૂકવેલ દાવાઓની રકમ રૂ. |
|---|---|
| ૨૦૨૧ | ૪૨,૭૩,૨૦,૬૯૧/- |
| ૨૦૨૨ | ૭૦,૪૧,૯૦,૮૯૯/- |
| **કુલ** | **૧,૧૩,૧૫,૧૧,૫૯૦/-** |

- - - - - - - - -

**પ્રવાસન પ્રભાગ હસ્તકના નિગમોમાં કર્મચારીઓની ભરતી**

૩૪૬૨ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પ્રવાસન પ્રભાગ હસ્તકના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીક્ત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી કરવામાં આવી, અને

(૩) કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રવાસન પ્રભાગના તાબા હેઠળના ગુજરાત પ્રવાસન નિગમ લિ.માં ૩૨૮ કર્મચારીઓની કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી ભરતી કરવામાં આવી છે.

(૩) ગુજરાત પ્રવાસન નિગમ લિ.માં મંજૂર થયેલ મહેકમ સંબંધે સંવર્ગવાર ભરતી નિયમો તૈયાર કરવા તથા ભરતી પ્રક્રીયા હાથ ધરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે, જે પરત્વે વિવિધ ૮ સંવર્ગોના ભરતી નિયમો સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. હાલમાં અગત્યની કામગીરી સુચારૂ રૂપે હાથ ધરી શકાય તે અર્થે તદ્દન હંગામી ધોરણે કોન્ટ્રાક્ટ તથા આઉટસોર્સિંગથી સેવાઓ મેળવવામાં આવે છે. વર્ગ-૪ સમકક્ષ જગ્યાઓ સંબંધ આઉટસોર્સિંગથી

સેવાઓ મેળવવાની રહેતી હોઈ, આઉટસોર્સિંગથી ભરતી કરવામાં આવે છે.

- - - - - - - - -

**રાજ્યની ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપકોને યુજીસીની જોગવાઈ મુજબ લાભ**

૩૪૪૪ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ યુજીસીની જોગવાઈઓ મુજબ પગાર ધોરણ, સળંગ નોકરી, કેરીયર એડવાન્સમેન્ટ (સીએએમ) ફાજલ રક્ષણ, તબીબી અને અન્ય રજાઓ વગેરેનાં લાભો રાજ્યના ગ્રાન્ટેડ કોલેજોનાં અધ્યાપક સહાયકોને આપવામાં આવે છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો ના, તો તેના કારણો શાં છે, અને | (૨) શિક્ષણ વિભાગના તા.૨૫-૦૮-૨૦૦૫ના ઠરાવ અન્વયે, યુ.જી.સી.ની જોગવાઈઓ મુજબ પગાર ધોરણ, સળંગ નોકરી, કેરીયર એડવાન્સમેન્ટ (સી.એ.એસ), ફાજલ રક્ષણ, તબીબી અને અન્ય રજાઓના લાભો રાજ્યના ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપક સહાયકોને મળવાપાત્ર નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત લાભો ઉક્ત અધ્યાપક સહાયકોને આપવાનું શું આયોજન છે ? | (૩) અધ્યાપક સહાયકોની ૫ (પાંચ) વર્ષની ફિક્સ પગારની નોકરી સંતોષકારક પૂર્ણ થયા બાદ નિયમિત પગાર ધોરણમાં નિમણૂક પામેલ છે તેવા અધ્યાપક સહાયકોની ૫ (પાંચ) વર્ષની ફીક્સ પગારની નોકરીને સળંગ ગણી કેરીયર એડવાન્સમેન્ટ (સી.એ.એસ) ના લાભો આપવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ છે. અન્ય લાભો આપવા બાબતે હાલમાં કોઈ આયોજન નથી. |

- - - - - - - - -

**નવસારી અને વલસાડ જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ**

૩૪૩૯ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) સરકારી કોલેજોની વિગતો- પત્રક-૨ મુજબ. ગ્રાન્ટેડ કોલેજોની વિગતો- પત્રક-૩ મુજબ. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) વહીવટી અનુકૂળતા અનુસાર. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**રાજ્યમાં સ્ટેટ લેવલ એન્વાયરમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરિટીની રચના**

૩૪૫૯ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સ્ટેટ લેવલ એન્વાયરમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરિટી (એસઈઆઈએએ) ની રચના ક્યારે થયેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સ્ટેટ લેવલ એન્વાયરમેન્ટ ઇમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરિટી (એસઈઆઈએએ) ની રચના ભારત સરકારના પર્યાવરણ, વન અને જળ વાયુ પરિવર્તન મંત્રાલય નવી દિલ્હીના તા.૧૩-૦૮-૨૦૨૧ના જાહેરનામાથી થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ સમિતિના સભ્યો અને ચેરમેન | (૨) |

કોણ છે,

૧. શ્રી એચ. કે. દાશ, આઈએએસ, (નિવૃત્ત) –અધ્યક્ષ
૨. પ્રો. ડૉ. વિજયકુમાર શ્રીવાસ્તવ – સભ્ય
૩. નાયબ/સંયુક્ત/અધિક સચિવશ્રી (પર્યાવરણ), વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.- સભ્ય સચિવ.

(૩) ઉક્ત સમિતિની ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બેઠકો ક્યારે-ક્યારે મળેલ, અને

(૩) પત્રક-૧ મુજબ.

(૪) ઉક્ત સમિતિની મુદ્દત કેટલા સમય માટેની હોય છે?

(૪) ઉક્ત સમિતિની મુદત જાહેરનામા પ્રસિદ્ધ થયાથી ત્રણ વર્ષ માટેની હોય છે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ગાંધીનગર જિલ્લામાં સુધારેલ સ્મશાન ભઠ્ઠી**

૩૧૩૮ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય ક્લાઈમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવાની કોઈ યોજના છે કે કેમ,

(૧) હા.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવામાં આવેલ છે, અને

(૨) ૮૩

(૩) ઉક્ત સ્થિતિએ તે માટે કુલ કેટલો ખર્ચ થયો?

(૩) ૩.૪૩.૭૩ લાખ.

---------

**ભરૂચ અને બોટાદ જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ**

૩૪૬૫ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભરૂચ અને બોટાદ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે,

(૧) પત્રક-૧ મુજબ.

(૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)
સરકારી કોલેજોની વિગતો- પત્રક-૨ મુજબ.
ગ્રાન્ટેડ કોલેજોની વિગતો- પત્રક-૩ મુજબ.

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) વહીવટી અનુકૂળતા અનુસાર.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કંપની દ્વારા થતા પ્રદૂષણની ફરીયાદ**

૩૨૭૬ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મીઠાપુર ખાતે આવેલ ટાટા કેમિકલ્સ લિમિટેડ અને કુરંગા ખાતે આવેલ આર.એસ.પી.એલ (ઘડી ડીટરજન્ટ) કંપની દ્વારા હવા, પાણીનું પ્રદૂષણ અને વેસ્ટનો નિકાલ યોગ્ય રીતે કરવામાં ન આવતો હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૧) સરકારને મળેલ ફરિયાદની કુલ સંખ્યા – ૨૧ જેમા,

| કંપનીનું નામ | ફરિયાદની સંખ્યા |
|---|---|
| મે. ટાટા કેમિકલ્સ લિમિટેડ સામે | ૧૬ |
| મે.આર.એસ.પી.એલ લિમિટેડ સામે | ૦૫ |
| **કુલ** | **૨૧** |

(૨) મળેલ ફરિયાદો અન્વયે ક્યારે ઉક્ત કઈ કંપની સામે શી કાર્યવાહી કરવામાં આવી?

(૨) ફરિયાદ સંદર્ભે જીપીસીબી દ્વારા કરેલ કાર્યવાહીની વિગત નીચે પ્રમાણે છે.

| કંપની | વર્ષ | કરેલ કાર્યવાહી |
|---|---|---|

| | | |
|---|---|---|
| મે. ટાટા કેમિકલ્સ લિમિટેડ | ૨૦૨૧ | કારણ દર્શક નોટિસ – ૦૧, ફરિયાદ દફ્તરે કરેલ – ૦૧ |
| | ૨૦૨૨ | નોટિસ ઓફ ડાયરેક્શન-૦૨, ફરિયાદ દફ્તરે કરેલ – ૧૨ |
| મે.આર.એસ.પી.એલ લિમિટેડ | ૨૦૨૧ | કારણ દર્શક નોટિસ – ૦૧, નોટિસ ઓફ ડાયરેક્શન-૦૧ |
| | ૨૦૨૨ | નોટિસ ઓફ ડાયરેક્શન-૦૩ |

- - - - - - - - -

**હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના કુલપતિ વિરુદ્ધ ગેરરીતિના આક્ષેપો**

૩૪૭૦ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૬-૦૩-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ ૨૮૮૩૦ (અગ્રતા-૨૯૧)ના અનુસંધાને **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને તેના કુલપતિ વિરુદ્ધ વહીવટી અને નાણાકીય ગેરરીતિ સંબંધમાં થયેલ આક્ષેપો અંગેની તપાસ માટે રાજ્ય સરકારે રચેલ સમિતિનો અહેવાલ મળેલ ન હતો તે અહેવાલ તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ક્યારે મળેલ છે, અને

(૨) ઉક્ત અહેવાલ અન્વયે રાજ્ય સરકારે શાં પગલા લીધા છે?

**જવાબ**

(૧) તા.૨૨-૦૩-૨૦૨૨ના રોજ કમિટીના સભ્ય દ્વારા વચગાળાનો અહેવાલ મળેલ છે.

(૨) સદર પ્રકરણના આક્ષેપિત કુલપતિ ડૉ.બી.એ. પ્રજાપતિનું તા.૨૫-૧૨-૨૦૨૦ના રોજ અવસાન થયેલ હોઈ, વિભાગના તા.૧૭-૦૩-૨૦૨૧ના હુકમથી ડૉ.પ્રજાપતિ સામેની તપાસ પડતી મુકવાનો નિર્ણય કરવામાં આવેલ છે, આથી હવે કોઈ કાર્યવાહી અપેક્ષિત નથી.

- - - - - - - - -

**જૂનાગઢ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાંથી પ્રાણીઓ આપવા બાબત**

૩૪૫૩ **શ્રી અરવિંદ લાડાણી** (માણાવદર) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાંથી કયા પ્રકારના કેટલા વન્ય પ્રાણીઓ કોને આપવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાંથી અન્ય પ્રાણી સંગ્રાહલયોને આપવામાં આવેલ વન્ય પ્રાણીની વિગત નીચે મુજબ છે.

**તા.૦૧-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૧૨-૨૦૨૧ સુધી (પહેલું વર્ષ)**

| પ્રાણીનું નામ | સંખ્યા | આપવામાં આવેલ પ્રાણી સંગ્રહાલય કે તેનું નિયમન કરતી સંસ્થાની વિગત |
|---|---|---|
| સાબર | ૩૮ | ગ્રીન્સ ઝુલોજીકલ રેસ્કયુ એન્ડ રીહેબીલીટેશન, જામનગર |
| દિપડા | ૫૧ | |
| પશુ ચિતલ | ૫૦ | |
| કાળીયાર | ૭ | |
| ચીંકારા | ૩ | |
| ભેકડું | ૪ | |

| | | |
|---|---|---|
| ચૌશિંગા | ૧ | |
| સિંહ | ૧ | જયપુર ઝૂલોજીકલ ગાર્ડન, જયપુર |
| સિંહ | ૩ | આસામ સ્ટેટ ઝુ કમ બૉટેનિકલ ગાર્ડન, આસામ |
| સિંહ | ૬ | સંજય ગાંધી ઝૂલોજિકલ ગાર્ડન, પટના ઝૂ |
| રાહીનો સિરસ | ૧ | સરદાર પટેલ ઝૂલોજિકલ પાર્ક, કેવડિયા |
| ઘૂડખર | ૨ | |
| સાબર | ૧ | |
| પહાડી પોપટ | ૪ | |
| તુઈ પોપટ | ૧ | |
| જંગલી કૂકડા | ૬ | |
| ભારતીય વરૂ | ૩ | |
| ઝરખ | ૨ | |
| રીંછ | ૨ | |
| વાઈલ્ડ ડોગ | ૨ | |
| સફેદ કાકણસાર | ૨ | |
| સિંહ | ૩ | નેશનલ ઝૂલોજિકલ પાર્ક, ન્યુ દિલ્હી |
| ચૌશિંગા | ૧ | |
| લેડી એમ્હર્સ્ટ ફિસાન્ટ | ૧ | |
| રેડ ઇઅર્ડ સ્લાઇડર ટ્રરટલ | ૧ | |
| ચૌશિંગા | ૨ | પ્રદ્યુમન ઝૂલોજિકલ પાર્ક, રાજકોટ |
| ભારતીય વરૂ | ૧ | |
| ઘૂડખર | ૨ | |
| સિંહ | ૨ | સયાજી બાગ ઝૂ, બરોડા |

**તા.૦૧-૦૧-૨૦૨૨ થી તા.૩૧-૧૨-૨૦૨૨ સુધી (બીજુ વર્ષ)**

| પ્રાણીનું નામ | સંખ્યા | આપવામાં આવેલ પ્રાણી સંગ્રહાલયની વિગત |
|---|---|---|
| દીપડા | ૫૦ | ગ્રીન્સ ઝૂલોજિકલ, જામનગર |
| શાહમૃગ | ૨ | પ્રદ્યુમન ઝૂલોજિકલ પાર્ક, રાજકોટ |
| સિંહ | ૨ | સંજય ગાંધી પાર્ક, મુંબઈ |
| સિંહ | ૧ | વાસોના સફારી પાર્ક, દાદરાનગર હવેલી |

(૨) ઉક્ત વન્ય પ્રાણીઓ આપવાના શાં કારણો છે, અને

(૨) ભારતના અન્ય પ્રાદેશિક પ્રાણીઓનું પ્રદર્શન તેમજ નીરીક્ષણ સ્થાનિક પ્રાણીસંગ્રહાલયો મારફતે રાજ્યની જાહેર જનતાને મળી શકે સાથોસાથ વન્ય પ્રાણીઓનું જનત થઈ શકે તેવાં શુભ આશયથી સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી તથા

| | |
|---|---|
| | સરકારશ્રીની મંજૂરી અન્વયે અન્ય પ્રાણી સંગ્રહાલયો સાથે તથા વન વિભાગની જરૂરિયાત મુજબ વન્ય પ્રાણીઓનું વિનિમય કરવામાં આવતું હોય છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત આપવામાં આવેલ વન્ય પ્રાણીઓનું જતન થાય તે માટે શી કાર્યવાહી કરવામા આવેલ છે ? | (૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અન્ય પ્રાણી સંગ્રહાલયને વિનિમય પ્રોગ્રામ હેઠળ વન્ય પ્રાણી મેળવનાર પ્રાણી સંગ્રહાલય કે તેનું નિયમન કરતી સંસ્થા દ્વારા વન્ય પ્રાણીઓનું જનત કરવાનું રહે છે. |

- - - - - - - - -

**નર્મદા અને સુરત જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ**

૩૪૪૭ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ નર્મદા અને સુરત જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨)<br>સરકારી કોલેજોની વિગતો- પત્રક-૨ મુજબ.<br>ગ્રાન્ટેડ કોલેજોની વિગતો- પત્રક-૩ મુજબ. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) વહીવટી અનુકૂળતા અનુસાર. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**રાજુલામાં ભુતા ચોરા જનરલ હોસ્પિટલમાં મંજૂર મહેકમ**

૩૩૯૪ **શ્રી હિરાભાઈ સોલંકી** (રાજુલા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજુલા ખાતેની ભુતા-ચોરા જનરલ હોસ્પિટલમાં નિષ્ણાંત તબીબોની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે, તે હકીકત સાચી છે, | (૧) કુલ મંજૂર જગ્યા પૈકી ૦૮ જગ્યા લાંબા સમયથી ખાલી છે. |
| (૨) જો હા, તો આ હોસ્પિટલનું તબીબોનું મંજૂર મહેકમ કેટલું છે, અને તેમાંથી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને | (૨) આ હોસ્પિટલનું તબીબોનું મંજૂર મહેકમ કુલ-૧૪ છે અને તેમાંથી ૦૬ જગ્યા ભરાયેલ છે. |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ? | (૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |

**ભાવનગર ખાતે નવી ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગ**

૩૧૩૩ **શ્રીમતી સેજલબેન પંડ્યા** (ભાવનગર પૂર્વ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૨૨-૨૩માં ભાવનગર ખાતે નવી ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે ? | (૨) રૂ.૫૯,૦૦,૦૦,૦૦૦/- ની વહીવટી મંજૂરી તા.૦૩-૧૦-૨૦૨૨ના રોજ આપવામાં આવેલ છે. |

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના**

૨૯૦૨ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ | (૧) ''પી.એમ.જે.એ.વાય-મા'' યોજના અંતર્ગત |

આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ દર્દીઓ જે હોસ્પિટલમાં સારવાર કરાવે છે તે સારવારની મંજૂરી સરકાર પાસેથી મેળવવાની હોય છે, તે હકીકત સાચી છે, કે કેમ,

તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ યોજનાનાં લાભાર્થીઓ યોજના સાથે સંકળાયેલ કોઈ પણ હોસ્પિટલમાં સારવાર માટે જાય તો તે સારવાર માટેની પરવાનગી ગુજરાત સરકારશ્રી દ્વારા ટેન્ડર થકી નિયત કરેલી ઈન્શ્યોરન્સ કંપની મારફતે મળે છે.

(૨) ઉક્ત મંજૂરી મેળવવામાં વિલંબ થતો હોવાના કારણે દર્દીઓને મુશ્કેલી પડે છે. તેથી આવી મંજૂરીઓ તાકીદે મળી જાય તે માટે સરકારનું શું આયોજન છે, અને

(૨) હાલની તારીખે પી.એમ.જે.એ.વાય.-મા'' યોજનાનાં ક્લેઈમ બુક તથા પ્રોસેસ કરવા માટેની તમામ કામગીરી ભારત સરકારશ્રી (NHA) દ્વારા નિયત ઓનલાઈન પોર્ટલ પર થાય છે. ઉક્ત મંજૂરી માટે વિલંબ ના થાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા જો કોઈ પણ પ્રી-ઓથોરાઈઝેશન ૩ કલાકમાં મંજૂર ના થાય તો તે પ્રી-ઓથોરાઈઝેશનને ઓટો એપ્રુવલ ઓનલાઈન પોર્ટલ પર જ મળી જાય તેવી સૂચના આપેલ છે.

(૩) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કારણોસર દર્દીએ હોસ્પિટલમાં સારવારની રકમની ચૂકવણી કરવી પડી હોય તેવા કેટલા કિસ્સા અમદાવાદ શહેરમાં બન્યા છે ?

(૩) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત કારણોસર દર્દીએ હોસ્પિટલમાં સારવારની રકમની ચૂકવણી કરવી પડી હોય તેવા ૦૮ (આઠ) કિસ્સા અમદાવાદ શહેરમાં બનેલ છે.

---------

**રાજ્યમાં એમબીએ / એમસીએની કોલેજોમાં બેઠકો**

૩૪૫૧ **શ્રી વિમલભાઈ ચુડાસમા**(સોમનાથ): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં એમ.બી.એ. અને એમ.સી.એ. અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ઉક્ત કોલેજોમાં એમ.બી.એ. અને એમ.સી.એ.ની કુલ કેટલી બેઠકો ભરાયેલ અને કેટલી બેઠકો ખાલી રહી છે ?

**જવાબ**

(૧) એમ.બી.એ. અભ્યાસક્રમની ૧૬૧૦૮ (સોળ હજાર એકસો આઠ) બેઠકો અને એમ.સી.એ. અભ્યાસક્રમની ૬૩૯૨ (છ હજાર ત્રણસો બાણું) બેઠકો,

(૨)

એમ.બી.એ.-

| વર્ષ | સરકારી બેઠકો | | અનુદાનિત બેઠકો | | સ્વનિર્ભર બેઠકો | |
|---|---|---|---|---|---|---|
| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૨૦૨૧-૨૨ | ૦૦ | ૦૦ | ૪૨૯ | ૧૨૭ | ૯૬૩૩ | ૩૨૬૪ |
| ૨૦૨૨-૨૩ | ૦૦ | ૦૦ | ૪૫૮ | ૧૦૦ | ૧૧૧૧૨ | ૪૪૩૮ |
| **કુલ** | **૦૦** | **૦૦** | **૮૮૭** | **૨૨૭** | **૨૦૭૪૫** | **૭૭૦૨** |

એમ.સી.એ.-

| વર્ષ | સરકારી બેઠકો | | અનુદાનિત બેઠકો | | સ્વનિર્ભર બેઠકો | |
|---|---|---|---|---|---|---|
| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૨૦૨૧-૨૨ | ૧૧૩ | ૦૬ | ૨૭૧ | ૨૧ | ૨૬૫૯ | ૩૦૭૨ |
| ૨૦૨૨-૨૩ | ૧૧૨ | ૦૭ | ૨૭૭ | ૧૫ | ૩૬૪૧ | ૨૩૪૦ |
| **કુલ** | **૨૨૫** | **૧૩** | **૫૪૮** | **૩૬** | **૬૩૦૦** | **૫૪૧૨** |

---------

**સિવિલ હોસ્પિટલ, અમદાવાદનું સંવર્ગવાર મહેકમ**

૩૧૧૫ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદનું સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર

**જવાબ**

(૧) સિવિલ હોસ્પિટલ, અમદાવાદની સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

થયેલ છે,

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૪૦ |
| વર્ગ-૨ | ૧૬૧ |
| વર્ગ-૩ | ૨૮૮૬ |
| વર્ગ-૪ | ૧૭૧૧ |
| **કુલ** | **૪૭૯૮** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત પૈકી સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છેઃ-

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| વર્ગ-૧ | ૨૬ | ૧૪ |
| વર્ગ-૨ | ૧૨૧ | ૪૦ |
| વર્ગ-૩ | ૨૫૦૪ | ૩૮૨ |
| વર્ગ-૪ | ૧૭૧૧ | ૦૦ |
| **કુલ** | **૪૩૬૨** | **૪૩૬** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

- - - - - - - - -

**જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ, ગોત્રી-વડોદરાનું સંવર્ગવાર મહેકમ**

૩૧૬૩ **શ્રી ચૈતન્ય દેસાઈ** (અકોટા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ, ગોત્રી-વડોદરાનું સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ કેટલી છે,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે ?

**જવાબ**

(૧) સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ કુલ-૬૦૧ છે. ( પત્રક સામેલ છે.)

(૨) કુલ-૪૩૯ જગ્યાઓ ભરાયેલી છે. ( પત્રક સામેલ છે.)

(૩) કુલ-૧૬૨ જગ્યાઓ ખાલી છે. ( પત્રક સામેલ છે.)

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં સરકારી છાત્રાલયોમાં સોલર વોટર હિટર સિસ્ટમ**

૩૧૪૦ **શ્રી ડી. કે. સ્વામી** (જંબુસર) : **માનનીય ક્લાઈમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં સરકારી છાત્રાલયોમાં કુલ કેટલી સોલર વોટર હિટર સિસ્ટમ સ્થાપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૭

(૨) રૂ.૧૬,૭૧,૪૦૦/-

- - - - - - - - -

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ**

૩૪૪૧ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ**(લુણાવાડા): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨)
સરકારી કોલેજોની વિગતો- પત્રક-૨ મુજબ.
ગ્રાન્ટેડ કોલેજોની વિગતો- પત્રક-૩ મુજબ.

ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

| | |
|---|---|
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) વહીવટી અનુકૂળતા અનુસાર. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

## શિવરાજપુર બીચ ખાતે પ્રવાસી સુવિધાઓ

૩૧૪૮ **શ્રીમતી રિવાબા જાડેજા** (જામનગર ઉત્તર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ બ્લુ ફ્લેગ બીચ શિવરાજપુર ખાતે પ્રવાસન વિભાગ દ્વારા પ્રવાસીઓને સુવિધાઓ પૂરી પાડવા માટે કોઈ કામગીરી હાથ ધરવામાં આવી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કયા પ્રકારની સુવિધાઓ અંગેની કામગીરી હાથ ધરવામાં આવી, અને | (૨) ગુજરાતનાં એકમાત્ર બ્લુ ફ્લેગ શિવરાજપુર બીચના વિકાસની કામગીરી ફેઝ-૧, ફેઝ-૨ અને ફેઝ-૩ અંતર્ગત નીચે મુજબની સુવિધાઓ વિકસાવવાની કામગીરી પ્રગતિમાં છેઃ<br>• અરાઈવલ પ્લાઝા<br>• સ્નોર્કેલિંગ પ્લાઝા<br>• સાઈકલ ટ્રેક<br>• પ્રોમનાડ<br>• એમ્ફીથીયેટર કિયોસ્ક<br>• રેસ્ટોરન્ટ<br>• લોકર રૂમ<br>• પાથ-વે<br>• સાઈનેજીસ<br>• ચિલ્ડ્રન પ્લે એરિયા<br>• પાર્કીંગ<br>• ઈલેક્ટ્રીક વર્ક<br>• અન્ડર ગ્રાઉન્ડ ટેન્ક<br>• સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ<br>• બોર્ડ વોક<br>• લાઈફ ગાર્ડ ટાવર<br>• જુદા-જુદા ડેક<br>• ઈવેન્ટ ગ્રાઉન્ડ<br>• કમ્પાઉન્ડ વોલ અને ફેન્સિંગ<br>• ઈરીગેશન વર્ક<br>• હોર્ટિકલ્ચર વર્ક<br>• સિક્યુરિટી કેબિન<br>• પીવાના પાણીની સુવિધા<br>• ટોઈલેટ બ્લોક, ચેન્જીંગ રૂમ<br>• ડિપોઝીટરી વર્ક તરીકે માર્ગ અને મકાન વિભાગ દ્વારા માર્ગ નિર્માણ |
| (૩) ઉક્ત સ્થિતિએ સદર કામગીરી પેટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૪૯.૩૭ કરોડ |

તા. ૨૮મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

- - - - - - - - -

**રાજ્યમાં સરકારી કોલેજમાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨નું મંજૂર મહેકમ**

૩૨૭૯ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૨નું મંજૂર થયેલ કુલ મહેકમ કેટલું છે, | (૧) ૧૭૭૩ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) ભરાયેલ જગ્યાઓ-૧૩૪૦<br>ખાલી જગ્યાઓ-૪૩૩ |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ? | (૩) વહીવટી અનુકૂળતા અનુસાર |

- - - - - - - - -

**રાજ્યની યુનિવર્સિટીના સત્તામંડળોમાં અનામત પ્રથા**

૩૪૬૦ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) યુ.જી.સી.એ આપેલ મુજબ રાજ્યમાં આવેલ યુનિવર્સિટીઓના સત્તામંડળો (સેનેટ, સિન્ડીકેટ અને એકેડેમિક કાઉન્સીલ વગેરે)માં એસસી/એસટી માટે અનામત પ્રથા લાગુ કરવા માટે નિવૃત્ત જજ શ્રી એચ. કે. રાઠોડની અધ્યક્ષતામાં ઉચ્ચ કક્ષાની સમિતિની રચના તા.૩૧-૧૨-૨૦૨૧ની સ્થિતિએ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સમિતિની રચના ક્યારે કરવામાં આવેલ છે, | (૨) તા.૨૯-૦૧-૨૦૧૯ના રોજ. |
| (૩) ઉક્ત સમિતિની રચના બાદ કેટલા સમયમાં અહેવાલ સુપ્રત કરવાનો હતો, અને | (૩) સમયમર્યાદા નિયત થયેલ નથી. |
| (૪) ઉક્ત સમિતિએ અહેવાલ સરકારને સુપ્રત કરેલ છે કે કેમ ? | (૩) ના, જી. |

**બનાસકાંઠા અને સુરેન્દ્રનગર જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ**

૩૪૬૮ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા અને સુરેન્દ્રનગર જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨)<br>સરકારી કોલેજોની વિગતોઃ- પત્રક-૨ મુજબ.<br>ગ્રાન્ટેડ કોલેજોની વિગતોઃ- પત્રક-૩ મુજબ. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) વહીવટી અનુકૂળતા અનુસાર |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**જામજોધપુર તાલુકાના સૂર્યમંદિરનો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ**

૩૨૭૭ **શ્રી હેમંતભાઈ આહીર** (જામજોધપુર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના જીણાવારી ગામ ખાતે આવેલ સૂર્ય મંદિરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે શી કાર્યવાહી કરવામાં આવી, | (૧) કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મંદિરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા કયા કામો કરવાના બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ**

૩૪૫૪ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી કોલેજો આવેલી છે, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) ઉક્ત જિલ્લાવાર આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨)<br>સરકારી કોલેજોની વિગતો- પત્રક-૨ મુજબ.<br>ગ્રાન્ટેડ કોલેજોની વિગતો- પત્રક-૩ મુજબ. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) વહીવટી અનુકૂળતા અનુસાર. |

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના**

૩૪૪૮ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષવાર મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ટેકનિકલ શિક્ષણ હેઠળના ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં રાજ્યના કુલ કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની ઉચ્ચ શિક્ષણ સહાય આપવામાં આવી, અને

**જવાબ**

(૧)

| અ.નં. | વર્ષ | લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યા | ચૂકવાયેલ સહાયની રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૨૭,૪૨૧ | ૧૦૫.૦૧ |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૨૬,૫૦૩ | ૧૦૪.૭૩ |
| | **કુલ** | **૫૩,૯૨૪** | **૨૦૯.૭૪** |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા વિદ્યાર્થીઓ અને કેટલી વિદ્યાર્થીનીઓને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે ?

(૨) ૪૩,૫૯૭ વિદ્યાર્થીઓને રૂ.૧૬૭.૮૩ કરોડની રકમ અને ૧૦,૩૨૭ વિદ્યાર્થીનીઓને રૂ.૪૧.૯૧ કરોડની રકમ ચૂકવવામાં આવેલ છે.

---------

**રાજુલા ખાતે નાયબ વન સંરક્ષકની કચેરી કાર્યરત કરવા બાબત**

૩૩૯૫ **શ્રી હિરાભાઈ સોલંકી** (રાજુલા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨૮મી માર્ચ, ૨૦૨૩

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ-૧૧૬)

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના પાલીતાણામાં નાયબ વન સંરક્ષકની કચેરી કાર્યરત છે, અને તેમાં અમરેલી જિલ્લાના રાજુલા-જાફરાબાદ-ખાંભા તાલુકા વિસ્તારને જોડેલ છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો અમરેલી જિલ્લાના ઉક્ત ત્રણ તાલુકાઓના લોકોને પાલીતાણા કચેરી દૂર પડતી હોવાને લીધે આ કચેરી રાજુલા ખાતે ખસેડવા સરકાર દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે કે કેમ, અને

(૩) જો હા, તો આ કાર્યવાહી કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ના, જી. અમરેલી જિલ્લાના રાજુલા-જાફરાબાદ-ખાંભા તાલુકાઓના લોકોને પાલીતાણા કચેરી દૂર પડતી હોવાને લીધે કચેરી રાજુલા ખાતે ખસેડવા બાબતે સરકાર દ્વારા હાલ કાર્યવાહી કરવામાં આવી રહેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**રાજ્યમાં ઈજનેરી કોલેજોની કુલ બેઠકો**

૪૪૨ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ઉક્ત કોલેજોમાં કુલ કેટલી બેઠકો ભરાયેલ અને કેટલી બેઠકો ખાલી રહી છે ?

**જવાબ**

(૧) કુલ ૬૯,૪૧૦ (ઓગણસિત્તેર હજાર ચારસો દશ) બેઠકો છે.

(૨)

| વર્ષ | સરકારી બેઠકો | | અનુદાનિત બેઠકો | | સ્વિનર્ભર બેઠકો | |
|---|---|---|---|---|---|---|
| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૨૦૨૧-૨૨ | ૭૧૫૦ | ૧૯૩૬ | ૧૪૩૭ | ૧૩૫ | ૨૬૯૧૨ | ૨૮૭૫૮ |
| ૨૦૨૨-૨૩ | ૪૯૫૩ | ૪૮૮૬ | ૧૧૬૯ | ૪૦૩ | ૨૩૯૨૮ | ૩૪૦૭૧ |
| **કુલ** | **૧૨૧૦૩** | **૬૮૨૨** | **૨૬૦૬** | **૫૩૮** | **૫૦૮૪૦** | **૬૨૮૨૯** |

- - - - - - - - -

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

રાજકોટ શહેરમાં ગટરની સફાઇ વખતે થયેલ સફાઇ કામદાર અને કૉન્ટ્રાક્ટરના મૃત્યુ બાબત

ડો. દર્શિતાબેન પા. શાહ(રાજકોટ-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

''તાજેતરમાં રાજકોટ શહેરમાં ગટરની સફાઇ વખતે ગેસ ગળતરથી સફાઇ કામદાર અને કૉન્ટ્રાક્ટરનું મૃત્યુ થતાં સફાઇ કામદારોમાં રોષ અને ભયની લાગણી વ્યાપી છે, ત્યારે તેના પરિવારજનોને સહાય ચૂકવવા સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં.''

શ્રીમતી ભાનુબેન બાબરિયા(સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં રાજકોટ શહેરમાં ગટરની સફાઇ વખતે ગેસ ગળતરથી સફાઇ કામદાર અને કોન્ટ્રાક્ટરનું મૃત્યુ થયા અંગેની ઘટનાની હકીકતલક્ષી વિગતો નીચે મુજબ છે.

ડ્રેનેજ સફાઇ કામના કોન્ટ્રાક્ટર શ્રી સમીર કન્સ્ટ્રકશનના માલિક સ્વ. શ્રી અફઝલભાઇ ઇસ્માઇલભાઇ પુપર (ઉ.વર્ષ ૪૩) અને કોન્ટ્રાક્ટરના સફાઈ કામદાર સ્વ. શ્રી મેહુલ કાલીદાસ મેહડા (ઉં.વર્ષ ૨૪) ડ્રેનેજ સફાઈની ફરિયાદ અન્વયે બનાવના સ્થળે જેટિંગ મશીન તથા ડીસીલ્ટિંગ મશીન (મોટી રીક્ષા બકેટ) સાથે ડ્રેનેજ સફાઈની કામગીરી કરી રહ્યા હતા. સમીર કન્સ્ટ્રકશનના પ્રોપરાઈટર સ્વ. શ્રી અફઝલભાઈ પુપર પોતે પણ ડ્રેનેજ સફાઈની કામગીરી કરી રહ્યા હતા.

સફાઇ કામગીરી દરમ્યાન સફાઈ કામદાર સ્વ. શ્રી મેહુલ અકસ્માતે મેનહોલમાં પડી ગયેલ. તેમને બચાવવા કોન્ટ્રાક્ટર પોતે મેનહોલમાં જતાં સ્વ.શ્રી અફઝલભાઈ પોતે પણ અંદર પડી ગયેલ અને બંને વ્યક્તિઓને ગેસ ગળતરની અસર થયેલ. બનાવની જાણ થતા બંને વ્યક્તિઓને નજીકમાં ગોંડલ રોડ પર આવેલ એચ. જે. દોશી હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ, ત્યારબાદ ત્યાંથી સિવિલ હોસ્પીટલમાં લઈ જતા, ત્યાં ભોગ બનનાર બંને વ્યક્તિઓને મૃત જાહેર કરવામાં આવેલ.

- **બનાવ અન્વયે લેવાયેલ પગલાં તેમજ ચૂકવાયેલ સહાયની વિગતો**

તા.૨૩/૦૩/૨૦૨૩ના રોજ માન. ઉપાધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગ નવી દિલ્હી મ્યુનિસિપલ કમિશનરશ્રી, જિલ્લા કલેકટરશ્રી, પ્રાંત અધિકારીશ્રી અને મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર સહિતના અધિકારીઓ દ્વારા પ્રથમ ઘટના સ્થળ સમ્રાટ ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારનું રૂબરૂ નિરીક્ષણ કરીને, મહાનગરપાલિકાના સંબંધિત અધિકારીઓ પાસે સમગ્ર ઘટનાની માહિતી મેળવી.

ચૈત્ર ૭, ૧૯૪૫ શાકે

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ-૧૧૬)

તમામ અધિકારીઓ દ્વારા મૃતક સફાઈ કામદાર સ્વ. શ્રી મેહુલ કાલીદાસ મેહડાના પરિવારજનોની રૂબરૂ મુલાકાત લઈ, નામદાર સુપ્રીમકોર્ટના તા.૨૭/૦૩/૨૦૧૪ના ચુકાદા મુજબ ગટરની સફાઈ દરમિયાન મૃત્યુ પામેલ મૃતકના વારસદારને ચૂકવવાના થતાં વળતરની રકમ પેટે રૂ.૧૦ લાખ, એક્સિસ બેન્ક, રાજકોટના તા.૨૩/૦૩/૨૦૨૩ના ડી.ડી.નંબર ૯૩૭૬૮૦થી મૃતકના વારસદાર માતાને ચૂકવવામાં આવેલ છે તથા એજન્સી સમીર કન્સ્ટ્રકશનના માલિક કોન્ટ્રાકટર સ્વ. શ્રી અફઝલભાઈ ઈસ્માઈલભાઈ પુપરના વારસદાર તરીકે તેઓના ધર્મપત્ની શ્રીમતી રશીદાબેન અફઝલભાઈ પુપરને વળતરરૂપે રૂ.૧૦ લાખ, એક્સિસ બેન્ક, રાજકોટના તા.૨૪/૦૩/૨૦૨૩ના ડી.ડી.નંબર ૯૩૭૭૯૭થી ચૂકવવામાં આવેલ છે.

પ્રસ્તુત ઘટના અન્વયે તા.૨૨/૦૩/૨૦૨૩ના રોજ FIR NO. 11208045230થી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૪, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ની કલમ ૩(૧)(૧૦), ૩(૨)(૫) અને ધી પ્રોહિબિશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબિલિટેશન એક્ટ ૨૦૧૩ની કલમ-૦૭ અને કલમ-૦૯ અન્વયે " સ્વ. શ્રી અફઝલભાઈ ઈસ્માઈલભાઈ પુપર અને તપાસમાં ખુલે તે" સામે ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. જે અન્વયે હાલ પોલીસ તપાસની કામગીરી ચાલુ છે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ અંતર્ગત ફરિયાદ દાખલ થયેલ હોવાથી આ કાયદાની જોગવાઈ હેઠળ ભોગ બનનારને કુલ રૂ.૮,૨૫,૦૦૦/-ની સહાય ચૂકવવાની જોગવાઈ છે, જે અંગેની પ્રક્રિયા હાલ અલાયદી પ્રગતિમાં છે.

સંબંધિત વોર્ડમાં ડ્રેનેજ સફાઈની કામગીરીનું સુપરવિઝન સંભાળતા સંબંધિત મદદનીશ ઈજનેર કુ. કે. આર. સીંધવ તથા સેનેટરી ઈન્સ્પેક્ટરથી એસ. એન. પટેલને ફરજ પ્રત્યે ગંભીર બેદરકારી રાખવા બદલ આરોપનામું બજાવવામાં આવેલ છે.

વધુમાં, ઉપસ્થિત અધિકારીઓ દ્વારા સફાઈ કામદારો સાથે ભવિષ્યમાં આવી દુર્ભાગ્યપૂર્ણ ઘટના ન બને તે માટે મહાનગર પાલિકાના સંબંધિત અધિકારીઓને સૂચના આપી તથા સફાઇ કામ દરમિયાન તકેદારીના ભાગરૂપે જરૂરી તમામ સુરક્ષા સાધનો પૂરાં પાડવા અને સરકારશ્રીના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા પણ જણાવવામાં આવેલ છે.

- **રાજ્ય સરકારે સફાઈ કામદારોના મૃત્યુના બનાવો ન બને તે માટે લીધેલ અને લેવા ધારેલાં પગલાઓ.**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સમયાંતરે ડ્રેનેજ સફાઈ તથા સલામતી માટે કાળજી લેવા અંગેના તાલીમ કાર્યક્રમો કરવામાં આવે છે. જે અનુસંધાને તા.૧૬/૦૧/૨૦૨૧ તથા તા. ૨૭/૦૮/૨૦૨૧ના રોજ બેડીનાકા ડ્રેનેજ સેન્ટર ખાતે યોજવામાં આવેલ તાલીમ કાર્યક્રમોમાં કોન્ટ્રાકટર શ્રી સમીર કન્સ્ટ્રકશનના માલિક સ્વ. શ્રી અફઝલભાઈ ઈસ્માઈલભાઈ પુપર દ્વારા પણ હાજર રહી તાલીમ મેળવવામાં આવેલ. ઉક્ત તાલીમ દરમિયાન સ્વ. શ્રી પુપરને જરૂરી સુરક્ષા સાધનો પણ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પૂરા પાડવામાં આવેલ.

રાજ્ય સરકાર દ્વારા ગટર સફાઈની કામગીરી માટે આધુનિક સાધનો જેવાં કે જેટિંગ મશીન, સક્શન મશીન, હાઈડ્રોલિક ઓપરેટેડ ટ્રોલી, ડ્રેનેજ ક્લિનિંગ મશીન, વોશિંગ ઈન્સ્ટ્રુમેન્ટ વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે.

સફાઇ કામદારોને સુરક્ષા અને સલામતીનાં સાધનો જેવાં કે બ્રિધિંગ એપેરેટસ, ગેસ મોનીટર, ફુલ બોડી સેફ્ટીસુટ, સેફ્ટી ટ્રાઈપોડ, એર કોમ્પ્રેસર ફોર બ્લોઅર, બ્રિધિંગ માસ્ક, હેન્ડ ગ્લોવ્ઝ, હેન્ડ લેમ્પ, હેલ્મેટ, સેફ્ટી બોડી હારનેસ, સેફ્ટી ગોગલ્સ પૂરા પાડવામાં આવે છે.

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૧/૦૬/૨૦૧૪ અને તા.૧૧/૦૭/૨૦૧૯ના ઠરાવોથી ગુજરાત રાજ્યની તમામ જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો તથા ગ્રામ પંચાયતોમાં સફાઈ કામદારો મારફત ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી કરાવવા પર પ્રતિબંધ મૂકવા અને સફાઈ કામદારોના અપમૃત્યુ અકસ્માત રોકવા અંગે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૬/૧૨/૨૦૧૬ અને તા. ૧૦/૦૫/૨૦૧૯ના ઠરાવોથી ગુજરાત રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં સફાઈ કામદારો મારફત ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી કરાવવા પર પ્રતિબંધ મૂકવા અને સફાઈ કામદારોના અપમૃત્યુ અકસ્માત રોકવા અંગે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

આગામી સમયમાં રાજ્ય સરકાર દ્વારા બહાર પડાયેલ માર્ગદર્શક સૂચનાઓ, MS Act, 2013, નામદાર સુપ્રીમકોર્ટનો તા.૨૭/૦૩/૨૦૧૪નો ચુકાદાની વધુ ચુસ્ત અને સઘન અમલવારી કરવાનું આયોજન છે. આ ઉપરાંત સફાઈ કામદારોમાં જાગૃતિ ફેલાવવા જરૂરી પ્રચાર- પ્રસાર અને સફાઈ કામદાર વિકાસ નિગમના માધ્યમથી સફાઈ કામદારોને અસ્વચ્છ વ્યવસાયમાંથી સ્વચ્છ વ્યવસાયમાં પુનઃ સ્થાપન કરવા માટે પ્રયત્નો વધુ સઘન બનાવાશે. તેમજ સફાઈ કામદારોને કામગીરી માટે આધુનિક સાધનોનો ઉપયોગ કરવા અને સાવચેતી રાખવા માટે વધુ સઘન તાલીમ આપવાનું આયોજન કરાશે.

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તાજેતરમાં રાજકોટમાં ખૂબ દુ:ખદ ઘટના બની છે. એમાં સફાઈ કામદાર અને કૉન્ટ્રાક્ટરનું દુ:ખદ અવસાન થયું છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આવા સફાઈ કામદારોની સુરક્ષા બાબતે કોઈ પગલાં લેવામાં આવ્યાં છે? બીજું એ જાણવા

માગું છું કે આવા સફાઇ કામદારોના પરિવારજનોને કોઇ સહાય ચૂકવવામાં આવી છે? અને ત્રીજું એ કે આવા સફાઇ કામદારો માટે બીજા કોઇ અન્ય પગલાં લેવામાં આવ્યાં છે કે નહિ?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા ગટરની સફાઇની કામગીરી માટે આધુનિક સાધનો જેવાં કે જેટિંગ મશીન, સક્શન મશીન, હાઇડ્રોલિક ઓપરેટેડ ટ્રૉલી, ડ્રેનેજ ક્લિનિંગ મશીન, વૉશિંગ ઇન્સ્ટ્રુમેન્ટ વગેરેનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત સફાઇ કામદારોને સુરક્ષા અને સલામતીનાં સાધનો જેવા કે બ્રીધિંગ એપેરેટ્સ, ગૅસ મોનિટર, ફુલ બૉડી સેફ્ટીસુટ, સેફ્ટી ટ્રાઇપોડ, એર કૉમ્પ્રેસર ફોર બ્લોઅર, બ્રિધિંગ માસ્ક, હેન્ડ ગ્લૉવ્ઝ, હેન્ડ લેમ્પ, હેલ્મેટ, સેફ્ટી બોડી હારનેસ, સેફ્ટી ગોગલ્સ પણ પૂરા પાડવામાં આવે છે.

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૧/૦૬/૨૦૧૪ અને તા.૧૧/૦૭/૨૦૧૯ના ઠરાવોથી ગુજરાત રાજ્યની તમામ જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો તથા ગ્રામ પંચાયતોમાં સફાઇ કામદારો મારફત ભૂગર્ભ ગટરની સફાઇની કામગીરી કરાવવા પર પ્રતિબંધ મૂકવા અને સફાઇ કામદારોના અપમૃત્યુ અકસ્માત રોકવા અંગે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૬/૧૨/૨૦૧૬ અને તા. ૧૦/૦૫/૨૦૧૯ના ઠરાવોથી ગુજરાત રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં સફાઇ કામદારો મારફત ભૂગર્ભ ગટરની સફાઇની કામગીરી કરાવવા પર પ્રતિબંધ મૂકવા અને સફાઇ કામદારોના અપમૃત્યુ અકસ્માત રોકવા અંગે જરૂરી માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. તે ઉપરાંત એમણે જે સહાયની વાત કરી એ સહાય પણ ચૂકવી દેવામાં આવેલ છે. તે ઉપરાંત બનાવ અંગે લેવાયેલ પગલાં વિશે વાત કરું તો તા.૨૩/૦૩/૨૦૨૩ના રોજ માન.ઉપાધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય સફાઇ કર્મચારી આયોગ, નવી દિલ્હી, મ્યુનિસિપલ કમિશનરશ્રી, જિલ્લા કલેક્ટરશ્રી, પ્રાંત અધિકારીશ્રી અને મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર સહિતના અધિકારીઓ દ્વારા પ્રથમ ઘટના સ્થળ સમ્રાટ ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારનું રૂબરૂ નિરીક્ષણ કરીને, મહાનગરપાલિકાના સંબંધિત અધિકારીઓ પાસે સમગ્ર ઘટનાની માહિતી મેળવી.

તમામ અધિકારીઓ દ્વારા મૃતક સફાઇ કામદાર સ્વ. શ્રી મેહુલ કાલીદાસ મેહડાના પરિવારજનોની રૂબરૂ મુલાકાત લઇ, નામદાર સુપ્રીમકોર્ટના તા.૨૭/૦૩/૨૦૧૪ના ચુકાદા મુજબ ગટરની સફાઇ દરમિયાન મૃત્યુ પામેલ મૃતકના વારસદારોને ચૂકવવાના થતાં વળતરની રકમ પેટે રૂ.૧૦ લાખ, એક્સિસ બેંક, રાજકોટના તા.૨૩/૦૩/૨૦૨૩ના ડી.ડી.નંબર ૯૩૭૬૮૦થી મૃતકના વારસદાર માતાને ચૂકવવામાં આવેલ છે તથા એજન્સી સમીર કન્સ્ટ્રક્શનના માલિક કોન્ટ્રાક્ટર સ્વ. શ્રી અફઝલભાઈ ઈસ્માઈલભાઈ પુપરના વારસદાર તરીકે તેઓના ધર્મપત્ની શ્રીમતી રશીદાબેન અફઝલભાઈ પુપરને વળતર રૂપે રૂ.૧૦ લાખ, એક્સિસ બેંક, રાજકોટના તા.૨૪/૦૩/૨૦૨૩ના ડી.ડી.નંબર ૯૩૭૭૯૭થી ચૂકવવામાં આવેલ છે.

પ્રસ્તુત ઘટના અન્વયે તા.૨૨/૦૩/૨૦૨૩ના રોજ FIR NO. 11208045230થી ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૪, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અધિનિયમ, ૧૯૮૯ની કલમ ૩(૧)(૧૦), ૩(૨)(૫) અને એમ.એસ. એક્ટ ૨૦૧૩ની કલમ ૦૭ અને કલમ ૦૯ અન્વયે "સ્વ. શ્રી અફઝલભાઈ ઈસ્માઈલભાઈ પુપર અને તપાસમાં ખુલે તે" સામે ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. જે અન્વયે હાલ પોલીસ તપાસની કામગીરી ચાલુ છે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ વર્ષ ૧૯૮૯ અંતર્ગત ફરિયાદ દાખલ થયેલ હોવાથી આ કાયદાની જોગવાઇ હેઠળ ભોગ બનનારને કુલ રૂ.૮,૨૫,૦૦૦/- ની સહાય ચૂકવવાની જોગવાઇ છે. જે અંગેની પ્રક્રિયા હાલ અલાયદી પ્રગતિમાં છે.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા: માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું ગટરની સફાઇ વખતે અકસ્માતમાં મૃત્યુ પામેલા સફાઇ કામદારોના પરિવારને માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા, ધારાસભ્યો શ્રી ઉદયભાઇ કાનગડ અને ડૉ. દર્શિતાબેન શાહ એમની ઘરે જઇને રૂ.૧૦ લાખના ચેક આપ્યા તે બદલ અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે સફાઇ કામદારોને અસ્વચ્છ વ્યવસાયમાંથી મુક્ત કરી સ્વચ્છ વ્યવસાયની મુખ્ય ધારામાં લાવવા માટે રાજ્ય સરકારની યોજનાઓ શું છે?

શ્રીમતી ભાનુબેન મ. બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ ઇ-સમાજ કલ્યાણ પોર્ટલ દ્વારા વિવિધ યોજનાઓ થકી લાભાર્થીઓને ઘરે બેઠા સીધો ડી.બી.ટી. મારફત લાભ આપી રાજ્યના તમામ સફાઇ કામદારો અને તેમના આશ્રિતોને અસ્વચ્છ વ્યવસાયમાંથી મુક્તિ અપાવી તેઓને સ્વચ્છ વ્યવસાય તરફ વાળી તેમનું પુનઃસ્થાપન કરવા માટેની કામગીરી કરે છે. મહિલા સમૃદ્ધિ યોજના અંતર્ગત રૂ.૧ લાખ સુધીની લોન ૪ ટકાના વ્યાજે આપવામાં આવે છે અને રૂ.૩૦ હજાર સુધીની સબસિડી આપવામાં આવે છે. તે જ રીતે મહિલા અધિકારિતા યોજના અંતર્ગત રૂ.૨ લાખ સુધીની લોન ૫ ટકાના વ્યાજે આપવામાં આવે છે અને રૂ.૪૦ હજાર સુધીની સબસિડી આપવામાં આવે છે. માઇક્રો ક્રેડિટ ફાઇનાન્સ યોજના અંતર્ગત રૂ.૧ લાખ સુધીની લોન ૫ ટકાના વ્યાજે આપવામાં છે. તે ઉપરાંત તેમાં રૂ.૩૦ હજાર સુધીની સબસિડી આપવામાં આવે છે. વ્યક્તિગત લોન યોજના અંતર્ગત રૂ.૧ લાખથી રૂ.૧૫ લાખ સુધીની લોન ૬ ટકાના વ્યાજે આપવામાં આવે છે અને તેમાં રૂ.૭૫ હજારની સબસિડી આપવામાં આવે છે. ડૉ. આંબેડકર સફાઇ કામદાર આવાસ યોજના

અંતર્ગત આવાસ માટે વ્યક્તિગત રૂ.૧ લાખ ૨૦ હજારની સહાય આપવામાં આવે છે. શહેરી વિસ્તારમાં રૂ.૬૦ હજાર અને ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૩૦ હજારની બિનવ્યાજકીય લોન પણ આપવામાં આવે છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને સ્કૉલરશિપ આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ સફાઈ કામદારોને સફાઈ માટે ઉપયોગમાં લેવાતાં સાધનો માટે રૂ.૫૦ હજારની સહાય આપવામાં આવે છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં રાજકોટ શહેરમાં ગટરની સફાઈ કરતી વખતે જે સફાઇ કામદારોના મૃત્યુ થયા તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, વિચારો રજૂ કરી શકાય નહિ. માત્ર પ્રશ્નો જ પૂછવાના. કોઇ વિચારો રજૂ કરી શકાશે નહિ.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આજે દુઃખ સાથે કહેવું પડે છે કે ગરીબ વ્યક્તિઓને ગટરમાં ઉતારી... (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માત્ર સીધા પ્રશ્નો જ પૂછી શકાય. આ નિવેદનના આનુષંગિક જો કોઇ પ્રશ્ન ઊભો થતો હોય તો આપ વાત કરી શકો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આજે ગુજરાતમાં આવા સૌથી વધુ કેસ બની રહ્યા છે. ભવિષ્યમાં આવી ઘટના ન બને અને સફાઇ કામદારોને સરકારી નોકરી આપવા માગો છો કે કેમ? અને કૉન્ટ્રેક્ટ પદ્ધતિને જડમૂળમાંથી નાબૂદ કરીને સરકાર દ્વારા ભરતી કરવામાં આવે તેવું કોઈ આયોજન કરવા માગો છો કે કેમ?

શ્રીમતી ભાનુબેન બાબરિયા : માનનીય અધ્યક્ષશ્રી, પાછળના બે પ્રશ્નો હતા એ માનનીય સભ્યશ્રીનું સૂચન હતું અને એની પહેલાં એમણે જે વાત કરી, એમાં એમ.એસ.એક્ટ-૨૦૧૩ મુજબ તમામ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને પંચાયતોને સૂચનાઓ આપેલી છે કે, આવાં કોઇ કામ માટે પંચાયત મહાનગરપાલિકા એમને બોલાવતા નથી. આવા જે કેસ બનતા હોય છે એ થર્ડ પાર્ટી દ્વારા બોલાવવામાં આવતા હોય છે અને એને અનુલક્ષીને આ કેસો બનતા હોય છે.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી કનુભાઇ મો. દેસાઇ(ઊર્જા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી કનુભાઇ મો.દેસાઇ(ઊર્જા મંત્રીશ્રી) :** માનનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૧૯-૨૦નો ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી બળવંતસિંહ રાજપૂત(નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રીમતી ભાનુબેન બાબરિયા(સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૦-૨૧નો ગુજ-ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી મુળુભાઇ બેરા(પ્રવાસન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજ-ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

તા. ૨૮મી માર્ચ, ૨૦૨૩

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૨૧-૨૨નો સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(નર્મદા પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો વાર્ષિક અહેવાલ અને હિસાબ

**શ્રી કનુભાઇ મો. દેસાઇ(ઊર્જા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રી કુંવરજીભાઇ બાવળીયા(પાણી પુરવઠા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૧૯-૨૦નો ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ તેમજ નિવેદન

**શ્રીમતી ભાનુબેન બાબરિયા (સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

**શ્રીમતી ભાનુબેન બાબરિયા (સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત રાજ્ય મહિલા આયોગનો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રીમતી ભાનુબેન બાબરિયા(મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

સન ૨૦૨૨-૨૩ના ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સુધારેલા અંદાજો તથા ૨૦૨૩-૨૪ના અંદાજો

**શ્રી હર્ષ સંઘવી (રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૨૨-૨૩ના સુધારેલા અંદાજો અને સન ૨૦૨૩-૨૪ના અંદાજો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**સુધારેલા અંદાજો તથા અંદાજો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

સન ૨૦૦૩ના વીજળી અધિનયમ અન્વયેના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના જાહેરનામા તથા નિવેદન

**શ્રી કનુભાઇ મો. દેસાઇ (ઊર્જા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૩ના વીજળી અધિનિયમ અન્વયેના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના

(૧) તા. ૦૮/૦૪/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીઇઆરસી/લીગલ/૨૦૨૨/૦૫૭૩

(૨) તા. ૩૧/૦૫/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીઇઆરસી/લીગલ/૨૦૨૩/૦૨૫૭

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું જાહેરનામું

**શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૭ના માનવ રોગ-પ્રતિરક્ષા ઉણપ વિષાણુ અને ઉપાર્જિત રોગ-પ્રતિરક્ષા ઉણપ રોગલક્ષણ (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ અન્વયેનું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું તા.૩૦/૦૪/૨૦૨૧નું જાહેરનામા ક્રમાંકઃ જીપી/૧૭/એઆઇડી/૧૦૨૦૧૯/૭૦૨/જી/જી.એસ.આર. તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગનું જાહેરનામું

**શ્રી ઋષિકેશ ગ. પટેલ (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી**,** હું વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભા(અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ) પગાર અને ભથ્થાં અધિનિયમ અન્વયેનું તા. ૦૭/૧૦/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વીએસ/ ૧૮૩/૨૦૨૨/૫૩/એ તથા સન ૧૯૭૯ના ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર અને ભથ્થાં અધિનિયમ અન્વયેનું તા.૦૭/૧૦/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વીએસ/૧૮૪/૨૦૨૨/૫૩/એ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવા બાબત**

**સચિવશ્રી:** માનનીય અધ્યક્ષશ્રી, હું પંદરમી ગુજરાત વિધાનસભાના ચાલુ(બીજા) સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૪ વિધાનસભાના મેજ ઉપર મૂકું છું.

**અનુમતિ મળેલ વિધેયક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**કામકાજ સલાહકાર સમિતિનો બીજો અહેવાલ**

**કામકાજ સલાહકાર સમિતિનો બીજો અહેવાલ**

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો બીજો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક સોમવાર, તા.૨૭મી માર્ચ, ૨૦૨૩ના રોજ સભાગૃહની બેઠકના વિરામ સમયની શરૂઆતમાં અધ્યક્ષશ્રીના સમિતિ ખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણ કરી છે.

૧. મંગળવાર, તા. ૨૮/૦૩/૨૦૨૩ના રોજ નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧)સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૨૩નું ગુજરાત વિનિયોગ વિધેયક

(૨)સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૫-સને ૨૦૨૩નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક

૨. બુધવાર, તા. ૨૯/૦૩/૨૦૨૩ના રોજ સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૬-સન-૨૦૨૩ના ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકની ચર્ચા હાથ ધરવી અને તેની વિચારણા પૂરી કરવી.

**માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ **(સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**વિધેયકો (સરકારી)**

**સને ૨૦૨૩ નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૭**

ગુજરાત વિનિયોગ વિધેયક**,** ૨૦૨૩

**સન ૨૦૨૪ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે, ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક**

**શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૨૩ના ગુજરાત વિનિયોગ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી કનુભાઇ મો. દેસાઇ :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક -૧૭- સન ૨૦૨૩ના ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**વિનિયોગ વિધેયક પર ચર્ચાના મુદ્દા અંગે**

**અધ્યક્ષશ્રી**: મારે એક જાહેરાત કરવાની છે. આજે વિનિયોગ વિધેયક અને વધારાના ખર્ચ વિધેયક ચર્ચા માટે હાથ ધરવાના છે. ઉકત વિધેયકો પૈકી વિનિયોગ વિધેયક પર ચર્ચામાં ભાગ લેવા માટે ૧૪ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપેલ છે, પરંતુ ઉક્ત ૧૪ સભ્યો તા. ૨૭-૩-૨૩ના રોજથી સત્ર સમાપ્તિ સુધી ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ થયેલા હોવાથી તેઓએ

* વિધેયક તા.૨૭મી માર્ચ, ૨૦૨૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આપેલ મુદ્દા પર સભાગૃહમાં ચર્ચા કરવાનો અવકાશ રહેતો નથી. જયારે વિનિયોગ વિધેયક (વધારાના ખર્ચ) ઉપર પ્રણાલી મુજબ મુદ્દા સ્વીકારવામાં આવતા નથી. વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮ની પેટા કલમ-૩ અન્વયે આ વિધેયકો ઉપરની ચર્ચા સભાગૃહની આ બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલા પૂરી કરવાની રહે છે. પરંતુ આગળ જણાવ્યા મુજબ આ બન્ને વિધેયકો ઉપર ચર્ચાને કોઇ અવકાશ રહેતો ન હોવાથી માનનીય નાણામંત્રીશ્રી દ્વારા વિનિયોગ વિધેયક પસાર કરવાની તરફેણમાં પ્રવચન કર્યા બાદ બન્ને વિધેયકો ગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

**શ્રી કનુભાઇ મો. દેસાઇ :** માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૪-૨-૨૦૨૩ના રોજ વર્ષ ૨૦૨૩-૨૪નું આજ સુધીનું સૌથી મોટું એટલે કે રૂપિયા ૩,૦૧,૦૨૨ કરોડનું અંદાજપત્ર આ સન્માનનીય ગૃહમાં રજૂ કરવામાં આવ્યું. આ અંદાજપત્રમાં વિકાસની પરિકલ્પનાના ૫ સ્તંભ મારફતે આગામી ૫ વર્ષમાં ગુજરાતનું સકલ ઘરેલું ઉત્પાદન રૂપિયા ૪૨ લાખ કરોડ ઉપરાંતનું કરવાનું લક્ષ્ય છે. ગુજરાતની વિકાસ યાત્રાને વધુ ઝડપી બનાવવા માટે અમે મૂડી ખર્ચમાં વધારો કરીને રૂપિયા ૭૨૫૦૯ કરોડની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે રજૂ કરેલ અંદાજપત્ર પર ૪ દિવસ સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સભાગૃહના માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો અને મંતવ્યો રજૂ કર્યા હતા. તેની હકારાત્મક નોંધ લેવામાં આવી છે. સંબંધિત વિભાગના મંત્રીઓ દ્વારા માગણીઓ રજૂ કરવામાં આવી હતી અને એ માગણીઓ ઉપર ૧૨ દિવસ સુધી વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી. આ સમય દરમયાન વિપક્ષ દ્વારા કાપ દરખાસ્તો પણ રજૂ કરવામાં આવી હતી, પરંતુ રજૂ થયેલ તમામ કાપ દરખાસ્તો નામંજૂર કરવામાં આવી હતી. ચર્ચાના અંતે જે તે વિભાગના મંત્રીશ્રીઓએ માગણીઓની ચર્ચાના સંદર્ભમાં યોગ્ય પક્ષ રજૂ કરીને માગણીઓ પસાર કરવા અનુરોધ કર્યો હતો. આમ, ચર્ચાના અંતે ગૃહમાં રજૂ થયેલી વિભાગવાર માગણીઓ બહુમતીથી પસાર કરવામાં આવી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, અલગ અલગ વિભાગની માગણીઓને ચર્ચાના અંતે આપ માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહના સભ્યોને તેમના પ્રશ્નો અને સૂચનો રજૂ કરવાની પણ તક આપી હતી અને સન્માનનીય સભ્યોનાં સૂચનો, પ્રશ્નોની જે તે વિભાગે નોંધ પણ લીધેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે મારા નાણાં અને ઊર્જા વિભાગની માગણીઓ રજૂ કરવામાં આવી છે અને આ ગૃહ દ્વારા તમામ માગણીઓ સર્વાનુમતે પસાર કરવામાં આવી. જે માટે હું આભાર વ્યકત કરું છું. આ ૧૨ દિવસ દરમ્યાન જે માગણીઓની ચર્ચા આ ગૃહમાં થઇ નથી તે તમામ માગણીઓ ગઇકાલે ગિલોટીનથી પસાર કરવામાં આવી હતી. હવે આ ગૃહમાં મંજૂર થયેલ વિભાગવાર માગણીઓને કાયદાનું સ્વરૂપ આપવા વિધેયક સ્વરૂપે પસાર કરવું જરૂરી હોઇ હું આ સભાગૃહ સમક્ષ વર્ષ-૨૦૨૩નું ગુજરાત વિનિયોગ વિધેયક રજૂ કરું છું. આ વિનિયોગ વિધેયક ગૃહમાં પસાર થયા પછી જ નિયત કરેલી યોજનાઓ માટે વર્ષ ૨૦૨૩-૨૪માં ખર્ચ કરી શકાશે એટલે કે નાણાં વિભાગ દ્વારા ગ્રાન્ટની ફાળવણી કરી શકાશે. આથી આ સભાગૃહના સૌ સભ્યો વિનિયોગ વિધેયકને સર્વાનુમતે પસાર કરે એવી નમ્ર વિનંતી કરું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૨૩ના ગુજરાત વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૨૩ના ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૨૩ના ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સને ૨૦૨૩નું ગુજરાતનું વિધેયક ક્રમાંક : ૧૫**

ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક**,** ૨૦૨૩

**સન ૨૦૦૮ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખ, સન ૨૦૦૯ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખ અને સન ૨૦૧૪ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક**

**શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૩ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

* વિધેયક તા.૧૮મી માર્ચ, ૨૦૨૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ચૈત્ર ૭, ૧૯૪૫ શાકે

ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક,૨૦૨૩

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૩ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૩ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨થી ૫, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૩ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૩ના ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રીની જાહેરાત

**પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અંગે**

અધ્યક્ષશ્રી : આજે વિરામના સમયમાં ચોથા માળે આવેલ શાસક પક્ષમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા નવા એમ.એલ.એ. ક્વાર્ટર અંગે અને વિધાનસભા સચિવાલયની વેબસાઇટ અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રાખવામાં આવેલ છે. અત્યારે આપણે બપોરના ૧-૩૦થી ૩-૦૦ વાગ્યા સુધીનો વિરામ રાખીએ છીએ. માનનીય ધારાસભ્યશ્રીઓને વિરામ પડે એટલે ઉપરોક્ત સ્થળે પહોંચી જવા જણાવવામાં આવે છે.

**વિરામ બપોરના ૧-૩૨થી ૩-૧૫**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી વિધેયકો**

**પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન સરકારી વિધેયકો**

**સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૪-સન ૨૦૨૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક**

માનનીય સભ્યશ્રી ઈમરાન ખેડાવાલા સસ્પેન્ડ હોવાથી વિધેયક સભાગૃહમાં રજૂ થયેલ નથી.

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક-૬**

**ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક, ૨૦૨૩**

**સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા અને આવું ગેરકાયદેસર પાણી ખેંચવા સામે અસરકારક કાયદો અધિનિયમિત કરવા બાબત વિધેયક.**

શ્રી મહેશ કસવાલા(સાવરકુંડલા) માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૨૩નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ થાય છે કે સરકારે રાજ્યના તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સલામત અને પર્યાપ્ત પીવાનું પાણી આપવાના અથાગ પ્રયત્નો કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા ભૂગર્ભ જળ આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજનાના ગામોને સરદાર સરોવર નર્મદા કેનાલ કે અન્ય પાણીના સરફેસ સોર્સ આધારિત જૂથ પાણી પુરવઠા યોજનાના ભાગ તરીકે આવરી લેવાનું આયોજન કરેલું છે. નલ સે જલ કાર્યક્રમ અંતર્ગત જ્યાં જરૂરિયાત હોય ત્યાં અને તેવા તમામ ગામોના ફળિયાઓને જૂથ યોજના સાથે જોડવાની યોજનાનું અમલીકરણ પણ ચાલુ છે. જે વિસ્તારમાંથી હું આવું છું એટલે કે અમરેલી જિલ્લામાં ખાસ કરીને ત્યાં પીવાના પાણીની વ્યવસ્થા બાબતે વાત કરું તો એ પહેલાં મારે ભૂતકાળની ગર્તામાં આ ગૃહને લઇ જવું છે. ખાસ કરીને અમારા જિલ્લામાં મેં એ સ્થિતિ જોઇ છે. જ્યાં ટ્રેઇન, ટેન્કર અને ટીપડાં કે જેને આપણે સાદી ભાષામાં પીપડાં કહીએ છીએ અને અમારી તળપદી ભાષામાં ટીપડું કહીએ છીએ. આ ટ્રેઇન દ્વારા, ટેન્કર દ્વારા અને પીપડાં દ્વારા માણસોને પીવાનું પાણી અને પશુઓને પીવાનું પાણી અમે વાડીએથી લાવતા હતા. ક્યાંક નદી કાંઠે

* વિધેયક તા. ૩જી માર્ચ, ૨૦૨૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કૂવા હોય ત્યાંથી લાવતા હતા અને પીવાના પાણીની માત્ર માણસ નહીં, પણ ઢોરને પીવાના પાણીની પણ સમસ્યા એ હતી અને ઇતિહાસ જોઇએ તો એ સાક્ષી છે કે રાજકોટ જેવું શહેર પણ ઘરોઇથી ટ્રેઇન જતી હતી અને ત્યાં પાણી પીતા હતા. મારે રાજ્ય સરકારને અભિનંદન આપવા પડે કે ૨૫ વર્ષથી સ્થાયી આ સરકારે ગામડે ગામડે અને ઘરે ઘરે પીવાના પાણીને પહોંચાડ્યું છે. નર્મદાનું જળ ઘરે ઘરે પહોંચાડવાનું પુણ્યકામ માનનીયશ્રી નરેન્દ્રભાઇ જે તે વખતે મુખ્યમંત્રી હતા એવા દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીની આગેવાનીમાં થયું છે. આમ, તો આજે પ્રતિપક્ષ નથી, મારે આંખમાં આંખ નાખીને વાત કરવી હતી પણ સામે બધું જ અંધારું છે. (અંતરાય) હા, સામે કોઇ નથી. કોની સાથે વાત કરવી? એકપણ સભ્ય નથી, બિલકુલ અંધારું છે. મારે વાત એ કરવી હતી કે આપણે ત્યાં કહેવાય છે, આપણા ધર્મગ્રંથોમાં લખ્યું છે મા-ગંગાના પાણીમાં સ્નાન કરીએ તો પુણ્ય મળે છે. મા-જમુનાનું આચમન લઇએ તો પુણ્ય મળે છે. મારે કહેવું છે કે ૨૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીના અથાગ પુરુષાર્થના કારણે અને દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રીઓના કારણે મા-નર્મદા કે જેનું દર્શન કરવાથી પુણ્ય મળે છે. આજે ૧૧ હજાર કરતા વધારે ગામોની અંદર આજે મા-નર્મદાનું પાણી પીવા માટે પહોંચાડ્યું છે. માત્ર ગામડામાં પીવાનું પાણી પહોંચાડ્યું એટલું જ નહીં, કચ્છના ધારાસભ્યો અહીંયા બેઠા છે. કચ્છની સરહદે, પાકિસ્તાનની સરહદે મા-ભોમની રક્ષા કરતા મારા દેશના જવાનની તરસ છીપાવવાનું પુણ્યનું કામ કોઇએ કર્યું હોય તો એ મારી ભારતીય જનતા પાર્ટીએ કર્યું છે. એટલા માટે ક્યારેક આપણા મનની અંદર પીડા થાય. દેશની અંદર જેટલું રેલ્વેનું નેટવર્ક નથી એના કરતાં મોટું નેટવર્ક પીવાના પાણીનું છે. આ ગુજરાતની ઉપલબ્ધી આખા દેશની અંદર જો કોઇ લઇ શકતું હોય તો મારો ગુજરાતી લઇ શકે, ગુજરાતનો ધારાસભ્ય લઇ શકે એવી ઉપલબ્ધી આપણા દીર્ઘદ્રષ્ટા તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીની આગેવાનીમાં એમની દીર્ઘદષ્ટીના કારણે આપણે લઇ શકીએ છીએ. પાણી એ પ્રભુનો પ્રસાદ છે ત્યારે એક પીડા થાય કે જ્યારે આવું પાણી માણસને પીવા માટે જતું હોય, ઘેર ઘેર તરસ છીપાવવા માટે જતું હોય ત્યારે એની પાઇપલાઇનમાંથી કેટલાક એવી ભાંગફોડિયા પ્રવૃત્તિ કરવાવાળા એ પાણીનો વેસ્ટેજ કરે, એ પાણીનો ખોટો ઉપયોગ કરે છે ત્યારે એ ઉપયોગ ન થાય, એ ગેરપ્રવૃત્તિ અટકાવવા માટે પ્રાઇવેટ બિલ લઇને આવ્યો છું એનો આશય આ છે. પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબતે બિનસરકારી વિધેયક સન ૨૦૨૩ પ્રસિદ્ધ કરવા બાબતે રજૂઆત કરવામાં આવે છે. આ વિધેયકની જરૂરિયાત બાબતે જણાવું તો સરકારશ્રી દ્વારા પીવાના પાણી માટે માળખાકીય સુવિધા ઊભી કરવામાં આવી છે, તેમાંથી ક્યાંક ગેરકાયદેસર રીતે પીવાના પાણીનો ઉપયોગ કરવામાં આવતો હોય એવું ધ્યાનમાં આવેલ છે. જેમ કે, પીવાના પાણીની પાઇપલાઇનમાંથી અન્ય ઉપયોગ માટે પાણી સીધું લેવાના કારણે, એનો વ્યય અને દુરુપયોગ કરવાના કારણે એની નીચેના ગામોને પાણી પહોંચી શકતું નથી. આ વાસ્તવિકતા આપણા બધાના ધ્યાન પર આવેલ છે. ક્યાંક મિડિયા દ્વારા ટી.વી. સ્ક્રીન પર જોઇએ છીએ. ભૂતકાળમાં પણ આવા પ્રસંગો છે. કોઇ પણ વિસ્તારમાં પીવાનું અપૂરતું પાણી આવે, અનિયમિત પાણી હોય, ન પહોંચી શકે એવી સ્થિતિ હોય તો પ્રજા માટે ખૂબ જ વિષમ પરિસ્થિતિ ઊભી થાય છે અને પાણીની બૂમ ઊઠવાના પ્રસંગ આપણે ત્યાં બને છે જેના લીધે વહિવટીતંત્રની સામે વ્યક્તિગત અને સામૂહિક રીતે મોટા પ્રમાણમાં રજૂઆત આવતી હોય છે. આથી મારી આ રજૂઆત છે કે રાજ્યમાં The Gujarat Prevention of People From Illegally Pulling Out Water From the Government Network of Water Supply માટે કાયદો બનાવવામાં આવે જેથી આ પ્રકારના ગેરકાયદેસર પાણીનો વ્યય અટકાવી શકાય તેવા આશયથી મારું આ બિનસરકારી વિધેયક દાખલ કરેલ છે. આ કાયદામાં રાજ્ય સરકાર દ્વારા વિનિયમના આદેશ બાબતે ઉચ્ચ કક્ષાના અધિકારી જેવા કે, કલેક્ટર સુધીના અધિકારીની નિમણૂક કરી તેમેને ફરજો અને સત્તા સોંપવી જોઇએ. પાણી પુરવઠા તંત્રના વિવિધ નેટવર્કમાંથી ગેરકાયદેસર પાણી ખેંચાતી બિલ્ડિંગમાં કે એ જગ્યામાં ઓથોરિટીમાં દાખલ થઇને એ જોડાણ છે એને પૂરેપૂરું બંધ કરી શકે, અવરોધક વસ્તુ હોય તો એને દૂર કરીને ફરીથી પાણીનો પુરવઠો કાર્યરત થાય અને નીચેના ગામડાં સુધી પાણી પહોંચે એ ખૂબ જરૂરી છે અને એના માટેની સત્તા યોગ્ય અધિકારીને સોંપવી જોઇએ. પાણીનો બગાડ કે વ્યય થતો હોય તે માટેની જવાબદારી નક્કી કરવી જોઇએ એટલા માટે આ વિધેયક લાવવામાં આવ્યું છે. હું એમ માનું છું કે, એના માટેની પૂરી ચર્ચા થાય અને Gujarat Prevention of People From Illegally Pulling Out Water From the Government Network of Water Supply વિધેયક માટેની રજૂઆત છે એના સંદર્ભમાં વ્યાપક ચર્ચા થાય એવો મારો આશય છે. ધન્યવાદ.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે બિનસરકારી વિધેયક માનનીય સદસ્યશ્રી મહેશભાઇ કસવાલા ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક લઇને આવ્યાં છે ત્યારે મારો વિચાર રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, 'જળ એ જીવન છે' આ સૂત્ર આપણે અવારનવાર સાંભળીએ છીએ. પરંતુ આજના વર્તમાન યુગમાં આપણે પાણીની કિંમત સમજતા થયા છીએ. આપણી બહેનો, દીકરીઓ, માતાઓને દૂર દૂરથી પાણી ભરીને આવતા જોયેલા છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે બધું ભૂતકાળ બનાવી દીધું છે, ત્યારે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જળસંચયની અનેક યોજના શરૂ કરેલ, જેના હકારાત્મક પરિણામ આવતાં આપણી આવનારી પેઢીઓને અને ગ્રામ્ય વિસ્તારોમાં આપણા સૌના માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા જ્યારે આ વિભાગના મંત્રી તરીકેની કામગીરી સંભાળે છે ત્યારે મને

નથી લાગતું કે ગુજરાતમાં પાણીની કોઇ સમસ્યા હોઇ શકે. રાજ્યના દૂરંદેશી નેતૃત્વ અને પાણી પુરવઠા વિભાગના પીવાના પાણીની દ્દષ્ટિએ જળ સલામતીના લીધે છેલ્લાં ૨૦ વર્ષના આયોજન અને અમલવારીના લીધે દૈનિક ૧૪,૦૦૦ જેટલા ગામડાઓમાં નર્મદા અને અન્ય સોર્સ આધારિત પાણી પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે. છેલ્લાં ૨૦ વર્ષમાં બ્રિજ નિર્માણની સાથોસાથ તબક્કાવાર ગુજરાતના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં નવીન તેમજ સુધારા જૂથ યોજનાનાં કામો કરવામાં આવી રહ્યાં છે. હું મોરબી વિસ્તારમાંથી આવું છું ત્યારે પીવાના પાણીની સમસ્યા બાબત વાત કરું તો મોરબી જિલ્લાની અંદર પાંચ તાલુકા અને ૪ શહેર આવેલાં છે. મોરબી જિલ્લાની અંદર ૩૬૭ ગામો પૈકી ૩૧૭ ગામોને નર્મદા સોર્સ આધારિત ૬ જેટલી યોજના હેઠળ પાણી પુરવઠો મળી રહ્યો છે. જયારે અન્ય ગામોને પોતાના સ્થાનિક સોર્સમાંથી પાણી મળી રહ્યું છે. આ તમામ ગામોને સુધારણા યોજના, જૂથ યોજના હેઠળ આવરી લેવા માટે કામોનું અમલીકરણ હાથ ધરેલ છે. મારા ટંકારા તાલુકાની વાત કરું તો આ ગામોના ૪૭ ગામો પૈકી ૪૪ ગામોમાં નર્મદા આધારિત જૂથ યોજના હેઠળ પાણી પુરવઠો મળે છે, જયારે અન્ય ગામોને પોતાના સ્થાનિક સોર્સ દ્વારા પાણી મળી રહ્યું છે. આ તમામ ગામોને સુધારણા યોજના જૂથ યોજના હેઠળ આવરી લેવામાં ટંકારા જૂથ યોજના પાણી પુરવઠા યોજનાનાં કામ હાલ પ્રગતિ હેઠળ છે. મોરબી જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૩૨ ગામના આંતરિક પાણી પુરવઠા યોજના મંજૂર કરવામાં આવેલ છે અને નલ સે જલ કાર્યક્રમ હેઠળ મોરબી જિલ્લાના તમામ ઘરોમાં નળથી જોડવાનું કામ પૂરું કરવામાં આવેલ છે. માનનીય સદસ્ય દ્વારા ગુજરાત સરકારના પાણી પુરવઠા તંત્રના વિવિધ નેટવર્કથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબતે બિન સરકારી વિધેયક બાબતે રજૂઆત કરવામાં આવેલ. આ બાબતે રાજય સરકાર દ્વારા પીવાના પાણી માટે કરેલ કાર્યવાહી બાબતે વાત કરું તો રાજય સરકાર દ્વારા પીવાના પાણીને અનઅધિકૃતરીતે અથવા તો વધુ પડતો ઉપાડ અટકાવવા માટે પાણી પુરવઠા તંત્ર માળખાકીય સુવિધાને થતું નુકસાન અટકાવવા માટે ઘરવપરાશની પાણી પુરવઠા યોજના વ્યવસ્થા સંભાળે અથવા તો તેમની સાથે સંકળાયેલી અથવા તો તેમની આધુનિક બાબતે વર્ષ ૨૦૧૯માં એક મહત્ત્વનો નિર્ણય લઇ ગુજરાતનો ઘરવપરાશ પાણી પુરવઠા એકટ વિધાનસભામાં પસાર કરવામાં આવે. આ યોજના પાણી વિતરણ વ્યવસ્થા, જાહેર પાણી પુરવઠા સત્તા મંડળ તેમજ પાણીના સ્ત્રોતને અનામત રાખવા પીવાનું પાણી, ઓડિટ વગેરે જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવે છે. જે કાયદામાં ગેરકાયદેસર પાણી ખેંચતું અટકાવવા માટે પણ વિવિધ જોગવાઇઓ કરવામાં આવેલી છે. આ કામ ગુજરાતના ઘર વપરાશમાં અધિનિયમો ૨૦૧૯ હેઠળ જે જોગવાઇ કરવામાં આવી છે તેનાથી પીવાના પાણીની માળખાકીય સુવિધામાં ગેરકાયદેસર પાણીની ચોરી કરવામાં આવે છે એમાં ઘટાડો થયેલ છે અને રાજય સરકાર દ્વારા તમામ ઘરો સુધી નિયમિત રીતે પાણી પહોંચાડવામાં આવે છે. દરેક લોકોને સ્વચ્છ અને સમયસર પાણી મળે તે માટે અમારી સરકાર અને અમારો વિભાગ જયારે કામ કરી રહ્યો છે ત્યારે સૌને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આ જે બિન સરકારી પ્રસ્તાવ લાવ્યા છે એને મારું સમર્થન કરું છું. અસ્તુ.

શ્રી ત્રિકમ બિ. છાંગા**(**અંજાર) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૩નું બિન સરકારી વિધેયક ક્રમાંક-૬ જે ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબતનું વિધેયક માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલા લાવ્યા છે એને સમર્થન આપવા માટે અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે રાજયના તમામ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સલામત અને પર્યાપ્ત પીવાનું પાણી આપવા માટે અથાગ પ્રયત્નો કર્યા છે અને એના પરિણામ સ્વરૂપ એક સમયે ગુજરાતમાં પીવાના પાણીની પશુઓને તો ઠીક, પણ મનુષ્યો માટે પણ મુશ્કેલી હતી એને દૂર કરવા માટે સરકારે પ્રયત્નો કર્યા છે અને એના પરિણામ સ્વરૂપ આજે ખૂબ સારા પ્રમાણમાં કહી શકાય કે ગુજરાતમાં પીવાના પાણીની પરિસ્થિતિમાં સુધારો થયો છે. પાણી માટે એમ કહેવાય છે કે પાણી અને વાણી વિચારીને વાપરો. એ જ ઉક્તિ અંગ્રેજીમાં સેવ વોટર, વોટર વીલ સેવ યુ. પણ તેને માટે જે પ્રયત્નો થવા જોઇએ એ ભૂતકાળમાં થયા નહોતા અને એના પરિણામ સ્વરૂપ મારા અગાઉના...

<u>અધ્યક્ષશ્રી</u> : માનનીય દેવાભાઇ, તમને ચા પીવા માટે કોઇ બહાર બોલાવે છે.

શ્રી ત્રિકમ બિ. છાંગા: સદસ્યશ્રીઓએ કહ્યું તેમ...

<u>અધ્યક્ષશ્રી</u> : ચા પીવા માટે કોઇ બહાર લોબીમાં બોલાવે છે. હા.

શ્રી ત્રિકમ બિ. છાંગા: અછત અમારા જેવા જિલ્લાઓમાં ઊભી થતી હતી. સાહેબ, ઉનાળામાં મારા જિલ્લામાં ૪૦૦ જેટલા પાણીના ટેન્કરો ચાલતા હતા. તેમ છતાં પણ લોકોને પીવાનું પાણી મેળવવા માટે દર દર ભટકવું પડતું હતું.

**સભાપતિશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને**

શ્રી ત્રિકમ બિ. છાંગા: કિલોમીટરના કિલોમીટર સુધી લોકોને ભટકવું પડતું હતું. કચ્છ જિલ્લો વિસ્તારની દ્દષ્ટિએ રાજયનો જ નહીં, પરંતુ દેશનો સૌથી મોટો જિલ્લો છે. કચ્છ જેવા દુર્ગમ વિસ્તાર માટે સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ આધારિત ઢાંકીથી માળિયા તેમજ માળિયાથી ખીરસરા નેત્રા સુધીની બલ્ક પાઇપલાઇનનાં કામો હાથ ધરી અંજાર ગાંધીધામ વિસ્તાર કે જે નર્મદા ડેમથી આશરે ૫૫૫ કિલોમીટરના અંતરે આવેલો છે. એવા દુર્ગમ અસરગ્રસ્ત વિસ્તારમાં પણ નર્મદાનું પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય આ રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે, એટલું જ નહીં પરંતુ નર્મદા ઉપરાંત ટપર ડેમ આધારિત પાઇપલાઇનનાં કામો પણ પૂર્ણ કરી પાણીનો જથ્થો વધારવામાં આવ્યો છે. બલ્ક પાઇપલાઇનની સાથે સાથે કચ્છ જિલ્લામાં

વિવિધ જૂથ પાણી પુરવઠા યોજનાઓ અંતર્ગત જળ શુદ્ધીકરણ પ્લાન્ટ, હેડ વર્કસ, સબ હેડ વર્કસ, પમ્પિંગ મશીનરી વિતરણ પાઇપલાઇનનાં કામો પણ હાથ ધરવામાં આવેલ છે. જેનાથી પીવાનું શુદ્ધ પાણી અંતરિયાળ ગામો સુધી વિતરણ થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં અત્યારસુધી કુલ ૧૪૦૨ ગામ અને પરા વિસ્તારની આંતરિક પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે અને નલ સે જલ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં માહે ફેબ્રુઆરી-૨૦૨૨ સુધીમાં તમામ ઘરોમાં નળ જોડાણનાં કામો પૂર્ણ કરવામાં આવેલ છે. મારા તાલુકાની વાત કરું તો અંજાર તાલુકાના કુલ ૬૩ ગામો પૈકી ૪૬ ગામો માટે અંજાર જૂથ પાણી પુરવઠા યોજનાની સુધારણાની કામગીરી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે તથા સાત ગામોને વીડી જૂથ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે બાકી રહેતા ૧૦ ગામો કંડલા ગાંધીધામ જૂથ યોજના અને ટપર જૂથ યોજના હેઠળ પૂરતું પાણી મેળવી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા ગુજરાત સરકારના પાણી પુરવઠા તંત્રના વિવિધ નેટવર્કમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા માટે બિન સરકારી વિધેયક દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે. આ માટે રાજય સરકાર દ્વારા વિચારણા થયેલ છે. રાજય સરકાર દ્વારા પીવાના પાણી માટે અનધિકૃત રીતે અથવા વધુ પડતો ઉપાડ અટકાવવા માટે પાણી પુરવઠાની આંતર માળખાકીય સુવિધાને નુકસાન થતું અટકાવવા માટે અને ઘર વપરાશની પાણી પુરવઠા વ્યવસ્થાનું સંરક્ષણ અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે વર્ષ ૨૦૧૯માં એક મહત્ત્વનો નિર્ણય લીધો. ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા સંરક્ષણ એક્ટ ૨૦૧૯ વિધાનસભામાં પસાર કરવામાં આવેલ છે અને તે એક્ટનું અમલીકરણ કરવા માટે ગુજરાત સરકારશ્રી દ્વારા તા.૧૫-૬-૨૦૨૦થી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ એક્ટની કલમ ૧૨ મુજબ સત્તા મંડળના કોઇ કર્મચારી કે અધિકારી અથવા અધિકૃત વ્યક્તિઓને ફરજો બજાવવામાં કોઇપણ વ્યક્તિ અવરોધ કે દરમ્યાનગીરી કરી શકશે નહીં અને તેની શિક્ષા માટેની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણીની સાથે સાથે સાધનોની પણ ચોરી થાય છે. એને અટકાવવાની દિશામાં પણ ભવિષ્યમાં પ્રયત્નો થવા જોઇએ. આ એક્ટની કલમ-૧૩ મુજબ જો સત્તામંડળના અધિકૃત અધિકારીને એમ માનવાને કારણ હોય કે આ અધિનિયમ અથવા નિયમોની જોગવાઇનું ઉલ્લંઘન કરીને કોઇ પ્રવૃત્તિ થયેલ છે અથવા થઇ રહેલ છે, તો સત્તામંડળ દ્વારા જયાં પાણી પૂરું પાડવામાં આવતું હોય અથવા જયાં જાહેર પાણી વિતરણ વ્યવસ્થાના કોઇ અંગભૂત ભાગો આવેલા હોય તેવા કોઇપણ સ્થળની તપાસ કરવાની જોગવાઇ કરવામાં આવે છે. આ ઉપરાંત આવાં તમામ સાધનોની જડતી, જપ્તી અને દૂર કરવા અંગેની તેમની સત્તા અંગેની જોગવાઇ પણ કરવામાં આવેલ છે. કોઇ સ્થળ અથવા જગ્યાની તપાસ દરમ્યાન વપરાશકારનો પાણી પુરવઠો કાપી નાંખવાની સત્તા અંગેની પણ જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ, રાજય સરકાર દ્વારા પીવાના પાણી અંગે વિશાળ માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવામાં આવેલ છે. જેના પરિણામે રાજયના દરેક ગામોમાં ગુણવત્તાયુક્ત જથ્થામાં પાણી પુરવઠો પૂરો પાડવામાં આવેલ છે. તેને પરિણામે આજે રાજયમાં પાણી પુરવઠાની ખૂબ સારી સ્થિતિ છે. એમ કહેવાય છે કે સગગ્ર વિશ્વમાં ત્રીજું વિશ્વયુદ્ધ પાણી માટે લડાશે એવી જયારે પાણી માટેની પરિસ્થિતિ હોય ત્યારે રાજય સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રીની આગેવાની હેઠળ રાજયમાં જયારે સુચારુરૂપે જયારે પાણી વ્યવસ્થા અને વિતરણ થઇ રહ્યું હોય. લોકોને પર્યાપ્ત માત્રામાં નલ સે જલ યોજનામાં જયારે પાણી મળી રહ્યું છે, ત્યારે એવી સ્થિતિમાં એના વપરાશમાં બગાડ ન થાય અને એના ઉપર કોઇ પ્રકારના વ્યક્તિઓ એનો દુરુપયોગ ન કરે એ માટેનું જે આ વિધેયક માનનીય મહેશભાઇ લઇને આવ્યા છે, તેને મારું સમર્થન આપું છું. અસ્તુ.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા(પાણી પુરવઠા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રી મહેશભાઇ કસવાલા ૨૦૨૩નું બિન સરકારી વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૨૩નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક લઇને આવ્યા છે. તેઓએ પીવાના પાણીની ખૂબ ચિંતા વ્યક્ત કરી છે. અમારા ત્રણેય સન્માનનીય સદસ્યશ્રીઓએ પણ આ બિન સરકારી વિધેયકની ચર્ચામાં ભાગ લીધો અને પીવાના પાણીની ચિંતા વ્યક્ત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે કે, ભૂતકાળમાં પીવાના પાણીની જે સમસ્યાઓ હતી એમાંથી બહાર કાઢીને પ્રવર્તમાન સમયમાં અમારો પાણી પુરવઠા વિભાગ અને અમારી સરકાર જે કામ કરી રહી છે, ત્યારે આ વિધેયકના માધ્યમથી મને ગુજરાત રાજયમાં પીવાના પાણીના ક્ષેત્રે અમારી સરકારો દ્વારા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારના દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇની દીર્ઘદષ્ટિથી સિદ્ધ થયેલા જળક્રાંતિ વિશે આ સન્માનનીય સભાગૃહને અવગત કરવા માટેની મને આ તક મળી છે.

ચૈત્ર ૭, ૧૯૪૫ શાકે

ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબત
વિધેયક,૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦ વર્ષ અગાઉ ગુજરાત રાજ્યમાં પીવાના પાણીની શું પરિસ્થિતિ હતી એનાથી આપણે સૌ સુવિદિત છીએ અને એમાંથી બહાર લાવવાનું કામ, પીવાનું પાણી ઘર સુધી પહોંચાડવાનું જે તે વખતના રાજ્યના મુખ્યમંત્રી અને આજના દેશના વડાપ્રધાને જે કામ કર્યું છે હું એમને વંદન કરું છું. આવા સમયમાં રાજ્ય સરકારે ત્રણ આયામી વ્યવસ્થા દ્વારા પીવાના પાણીના ક્ષેત્રે અભૂતપૂર્વ કામ કર્યું છે અને એ પ્રમાણે આજે જોઇએ તો પીવાના પાણીની દૃષ્ટિએ રાજ્યના તમામ વિસ્તારો માટે જળ સલામતીની વ્યવસ્થા જે ઊભી કરવામાં આવી છે તે પરિવર્તનકારી વહીવટ એટલે કે ટ્રાન્સફર્મેટીવ ગવર્નન્સનું એક અનેરું ઉદાહરણ છે. રાજ્ય સરકારના દૂરંદેશી નેતૃત્વ અને પાણી પુરવઠા વિભાગની રાજ્યમાં પીવાના પાણીની સલામતી માટે લીધેલા છેલ્લાં ૨૦ વર્ષના આયોજનના અમલના લીધે આજે દૈનિક ૩૨૦૦ એમ.એલ.ડી. જેટલું પીવાનું પાણી ગ્રામ્ય વિસ્તારમાં પૂરું પાડવામાં આવે છે એ ગુજરાતનું દેશ માટેનું ઉત્તમ ઉદાહરણ છે. સરકારે પાણી પુરવઠા માટે માત્ર ભૂગર્ભ જળ ઉપર આધારીત નહીં રહેતા મહદઅંશે સરફેસ વોટર પૂરું પાડવા માટે સરદાર સરોવર કેનાલ તેમજ પીવાના અન્ય સ્ત્રોત આધારિત પાણી પુરવઠા યોજનાઓ માટે ૩૧૧૨ કિલોમીટરની રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ પાઇપ લાઇન તથા ૧.૨૦ લાખ કિલોમીટરથી વધુ લંબાઇના વિતરણ નેટવર્ક દ્વારા રાજ્યના ૧૪૪૦૨ ગામો અને ૨૪૦ શહેરી વિસ્તારોને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. આ ઉપરાંત ભૂતકાળમાં જે પાણી પુરવઠાની યોજનાઓ પાણીની ઉપલબ્ધીને ધ્યાનમાં રાખીને જે વ્યક્તિદીઠ ૪૦ લિટર, ૫૫ લિટર, ૭૦ લિટર પ્રતિવ્યક્તિ પ્રતિદિન આ ધોરણે પાણી અપાતું હતું એ તમામ યોજનાઓની સુધારણા કરી અને ૧૦૦ લિટર પ્રતિ દિવસ પ્રતિવ્યક્તિ ઉપર લઇ જઇ અને સુધારણાનાં કામો કરીને સાથે સાથે સરકારે પીવાના પાણીને પ્રાથમિકતા આપીને ખૂબ ઝડપથી આ સુધારણાનાં કામો પણ આજે થઇ રહ્યાં છે. જલજીવન મિશન અંતર્ગત નલ સે જલ યોજના હેઠળ ભારત સરકાર દ્વારા દેશના તમામ ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને વર્ષ ૨૦૨૪ સુધીમાં ઘરે ઘરે શુદ્ધ પાણી ઉપલબ્ધ થાય તે માટે માનનીય વડાપ્રધાનશ્રીએ જલજીવન મિશન અંતર્ગત નલ સે જલ યોજના ૧૫મી ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ શરુ કરી. પાણી પુરવઠા સેવાઓની ફરિયાદોના નિવારણ અર્થે ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર ૧૯૦૦ કાર્યરત કરવામાં આવેલ છે તેમજ મુખ્ય કચેરી ગાંધીનગર ખાતે ૨૪ કલાકનો કન્ટ્રોલ રૂમ પણ આ ફરિયાદો માટે કાર્યરત છે. માનનીય સભ્યશ્રી દ્વારા ગુજરાત સરકારના પાણી પુરવઠા તંત્રના વિવિધ નેટવર્કમાંથી લોકોને ગેરકાયદેસ પાણી ખેંચતા અટકાવવા માટે બિન સરકારી વિધેયક દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે. તો આ બાબતે મારા વિભાગ દ્વારા કરેલ કામગીરી આ ગૃહ સમક્ષ હું આપના માધ્યમથી મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી વિતરણ વ્યવસ્થાની કામગીરીમાં શિસ્ત જાળવવામાં આવે છે અને વિતરણ વ્યવસ્થા હેઠળ છેવટના વપરાશકાર સુધી નિયમિત રીતે પાણી પહોંચે તે અગત્યનું છે. વધુમાં પાણીને છેવટના વપરાશકાર સુધી વ્યવસ્થિત રીતે પહોંચાડવા માટે ગામ અને શહેરની અંદર સમાન ધોરણે વિતરણ કરવામાં આવે છે. પાણીના કેટલાક વપરાશકારો પાણીની પાઇપ લાઇનમાંથી ગેરકાયદેસર પાણી ઉપાડે અથવા કાયદેસરના જોડાણમાંથી વધારે પાણી ઉપાડે તેમાં પાણી વિતરણ વ્યવસ્થા ખોરંભાય છે જેથી પાણીના નિયમિત પુરવઠાની વ્યવસ્થાને અસર પહોંચે છે. આવા કિસ્સાઓમાં છેવટના વપરાશકાર માટે પાણીની ઉપલબ્ધતા ઘટે અને તેઓ પાણીની સુરક્ષાથી વંચિત રહે આવી પરિસ્થિતિ એ પાણી વિતરણ વ્યવસ્થાની સામાન્ય કામગીરીમાં વિક્ષેપ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી સુરક્ષાને સંકટમાં મૂકે તેવા પ્રકારની પ્રથાઓને કાબૂમાં લેવા માટે તાકીદ અને મજબૂત પગલાં લેવાની જરૂરિયાત જણાતાં ઘર-વપરાશના પાણી પુરવઠાના રક્ષણ માટે કાયદો, અધિનિયમ કરવા માટે રાજ્ય સરકારે નક્કી કરેલ અને તેના અનુસંધાને જે તે વખતે આ વાત ધ્યાનમાં આવતા રાજ્ય સરકાર દ્વારા પીવાના પાણીના અનધિકૃત રીતે અથવા વધુ પડતો ઉપાડ અટકાવવા પાણી પુરવઠાની આંતરમાળખાકીય સુવિધાને નુકસાન થતું અટકાવવા અને ઘર-વપરાશની પાણી પુરવઠા વ્યવસ્થાનું સંરક્ષણ અને તેની સાથે સંકળાયેલી અથવા તો તેને આનુષંગિક બાબતો માટે વર્ષ ૨૦૧૯માં એક મહત્ત્વનો નિર્ણય લીધેલો અને ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા સંરક્ષણ એક્ટ-૨૦૧૯ને વિધાનસભામાં પસાર કરવામાં આવેલો અને તે એક્ટની અમલવારી કરવા માટે ગુજરાત સરકારશ્રી દ્વારા તા.૧૫-૦૬-૨૦૨૦થી જાહેરનામું પણ પ્રસિદ્ધ કરવામાં આવેલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા જે પ્રકારની જોગવાઇ કરવાનુ સૂચન કરવામાં આવેલ છે તે પ્રકારની તમામ જોગવાઇઓ આ વિધેયકની કલમ ૧થી શરૂ કરીને ૨૭માં જોગવાઇઓ થયેલી છે. વિધેયકની જોગવાઇ બાબત જણાવું તો આ એક્ટની કલમ-૫ મુજબ જાહેર પાણી વિતરણ સત્તા મંડળની સત્તા અને તેના કાર્યો દર્શાવવામાં આવેલા છે. જેમાં મુખ્યત્ત્વે પાણીના સ્ત્રોતોની પ્રાપ્તિ અને તેનો વિકાસ, પાણીની ફાળવણી, વિતરણ વ્યવસ્થા અને તેનું આયોજન, ડિઝાઇન અને અમલ, સંચાલન, જાળવણી, પાણીનું જોડાણ, પાણીનું જોડાણ આપવું અને પાણી પુરવઠા પ્રોજેકટમાંથી પાણીની ચોરી,

## તા. ૨૮મી માર્ચ, ૨૦૨૩

## ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક,૨૦૨૩

ગેરકાયદેસર વપરાશ અને વ્યય થતો અટકાવવા માટે પાણી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન અને પાણીનો અનધિકૃત રીતે ઉપાડ, વધુ પડતો ઉપાડ અટકાવવા જાહેર પાણી વિતરણ વ્યવસ્થાના સંરક્ષણ માટે જરૂરી વિગતોની આ એક્ટમાં જોગવાઈ થયેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા સંરક્ષણ એક્ટ-૨૦૧૯ની કલમ નંબર-૯માં ઘર-વપરાશના પાણી પુરવઠાના હેતુ માટે વાપરવામાં આવેલ પાણીના સ્ત્રોતોનું રાજ્ય સરકાર દ્વારા અથવા તો પાણીના સ્ત્રોતોમાંથી માલિકી ધરાવનાર સત્તા મંડળે અને જાહેર પાણી વિતરણ સત્તા મંડળે વાર્ષિક વોટર ઓડિટ કરાવવાની જોગવાઇ પણ આ એક્ટમાં કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ નોંધનીય બાબત એ છે કે, અત્યાર સુધી પાણી પુરવઠા તંત્ર દ્વારા લગભગ ૬૫૦૦ ગ્રામ પંચાયતો અને ગામોએ વોટર ઓડિટનું કામ પણ લગભગ પૂર્ણ કર્યું છે. આમ, કુલ ૩૬૩ જૂથ યોજના હેઠળના લગભગ ૨ હજાર જેટલા હેડવર્કસ પાણી વિતરણના સ્થળોનું વોટર ઓડિટ સંપૂર્ણ થયેલું છે. આટલા મોટાં પ્રમાણમાં વોટર ઓડિટની જાગૃતિ લાવનાર ગુજરાત રાજ્ય ભારતનું આ પ્રથમ રાજ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઘર-વપરાશ પાણી પુરવઠા સંરક્ષણ એક્ટ-૨૦૧૯ની કલમ નંબર-૧૦માં માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યકત કરી છે, તેની રજૂઆતના અનુસંધાને ગેરકાયદેસર પાણીના ઉપયોગ, જાહેર પાણી વિતરણ વ્યવસ્થાને નુકસાન, તેના નાશ, તેની સાથે ચેડાં કરવાં, પાણીના પ્રવાહ માપણી ઉપકરણો સાથે ચેડાં કરવાં, અનધિકૃત રીતે પાણી ઉપાડવું, ચોરી કરવી, પાણીને બીજી દિશામાં વાળવું, દખલગીરી કરવી વગેરે જેવા પાણી વિતરણ વ્યવસ્થા સાથે સંબંધિત કોઇ પણ વ્યકિત દ્વારા આવા કૃત્યોને પ્રતિબંધિત કરવાની પણ જોગવાઇ આ એક્ટમાં કરવામાં આવેલી છે. આ એક્ટની કલમ-૧૧માં, અધિનિયમની કલમ-૧૦માં જોગવાઇ કરેલા પ્રતિબંધિત કૃત્યોના ઉલ્લંઘન બદલ દંડની જોગવાઇ પણ કરવામાં આવી છે. આ એક્ટની કલમ-૧૨ મુજબ સત્તામંડળના કોઇ કર્મચારી/અધિકારી પણ એની સાથે ચેડાં કરતાં હોય અને એના માધ્યમથી પણ કોઇ કૃત્ય થતું હોય તો એને, આવા અધિકૃત વ્યક્તિને કોઇ પણ વ્યક્તિ ફરજો બજાવતાં અવરોધે કે દરમિયાનગીરી કરશે તો આવી દરમિયાનગીરી કરનાર વ્યક્તિ સામે પણ શિક્ષાની કાર્યવાહી કરવામાં આવશે. અમારા વિભાગે ઉપરોક્ત જોગવાઇઓ પ્રમાણે કરેલ કાર્યવાહીની વાત કરું તો છેલ્લા એક વર્ષમાં પાણી ચોરીના બનાવો બનાસકાંઠા, મહેસાણા, સુરેન્દ્રનગર, ભાવનગર, મોરબી, અમરેલી, કચ્છ જિલ્લામાં બન્યા છે. જેને લઇને આ વિધેયકની કલમ-૧૦ તથા કલમ-૧૧માં કરેલ જોગવાઇઓ પણ આ અધિનિયમમાં થયેલી છે. એના અનુસંધાને મેં હમણાં કહ્યું એમ અમારા વિભાગે આવું કૃત્ય કરતી હોય એવી લગભગ ૫૭ વ્યક્તિઓ સામે એફ.આઇ.આર. કરવામાં આવી છે. દંડના સ્વરૂપે કુલ રૂ.૫.૯૧ લાખની વસૂલાત પણ કરવામાં આવી છે. કુલ ૧૪૫૦થી વધુ ગેરકાયદેસર કનેક્શન દૂર કરવામાં આવેલાં છે. અમારો વિભાગ પીવાના પાણી માટે ખૂબ ચિંતિત છે. માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યક્ત કરી છે એ બધી જોગવાઇઓ અગાઉથી વર્ષ ૨૦૧૯ના અધિનિયમમાં છે. રાજ્યમાં હાલ ૩૩ જિલ્લાના કુલ ૨૪૧ તાલુકામાં તાલુકા કક્ષાની આઇ.ટી.આઇ.ના કેન્દ્રો મારફતે ૨૫ ઓપરેટરોને તાલીમ આપવા માટેનું આયોજન કર્યું છે. તાલીમ પૂર્ણ થયા બાદ આ ઓપરેટરો પોતાના ગામમાં વ્યવસ્થિત પાણી પહોંચાડી શકે અથવા તેની વ્યવસ્થામાં મદદરૂપ થઇ શકે અને પોતાના ગામની યોજનાની મરામત અને એની જાળવણી કરી શકે એ માટે તાલીમ આપીને તૈયાર કર્યા છે. રોજબરોજનું રિપેરિંગ સમયસર થઇ શકે તે માટે જુદાં-જુદાં સાધનો સાથેની ટૂલકિટ પણ આવા તાલીમ આપેલા ઓપરેટરોને આપવામાં આવે છે. તમામ હેડવર્ક્સ ઉપર ઓપરેટરોને દર પંદર દિવસે તાલીમ પણ આપવામાં આવે છે. આમ ચાલુ વર્ષે લગભગ ૮૫૦૦ ઓપરેટરોને ગ્રામીણ પાણી પુરવઠા માટે મરામત અને નિભાવણી માટે તાલીમ પણ આપવામાં આવી છે. આ ઓપરેટરોને લગભગ ૭૬૦૦ જેટલી ટૂલકિટ આપવામાં આવી છે જેના કારણે એ સારી રીતે પાણીના વિતરણમાં મદદરૂપ થઇ શકે. મને જણાવતાં આનંદ થાય છે કે રાજ્યમાં પાણીની ગુણવત્તાની ચકાસણી માટે કુલ ૮૦ જેટલી લૅબોરેટરી કાર્યાન્વિત છે. જેમાં એક સ્ટેટ લૅબોરેટરી છે. જિલ્લા કક્ષાની ૩૩ લૅબોરેટરીઓ છે અને તાલુકા કક્ષાની ૪૧ લૅબોરેટરીઓ છે. જે રીતે પાણીનું ટેસ્ટિંગ થાય છે, એમાંના પેરામિટર નક્કી કરીને પછી જ પૂરતા પ્રમાણમાં ચોખ્ખું અને શુદ્ધ પાણી પૂરું પાડવા માટેનો પ્રયત્ન થઇ શકે છે. એ જ રીતે આ એક્ટમાં બાકીની જોગવાઇઓ પણ અમે કરેલી છે. આમ, રાજ્ય સરકાર દ્વારા પીવાના પાણીના ક્ષેત્રે વિશાળ માળખાકીય સુવિધાઓનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે. જેના પરિણામે રાજ્યના દરેક ગામોમાં ગુણવત્તાયુક્ત પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો પૂરો પાડવા માટેનું કામ અમારો વિભાગ કરી રહ્યો છે. શુદ્ધ અને પૂરતા પાણીની સુનિશ્ચિતતાના લીધે રાજ્યની મહિલાઓ અને બાળકોને દૂર સુધી પાણી ભરવા જવાની હાડમારી નહિ કરવી પડે એ માટેની પણ જોગવાઇ આમાં કરેલી છે. ગુજરાત ઘર વપરાશ પાણી(સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૯ હેઠળ કરવામાં આવેલ જોગવાઇઓ નિયમિત રીતે, સુરક્ષિત રીતે પાણી મેળવવા માટેના લોકોના હિતને સંરક્ષિત કરેલું છે જે તેમના જીવનની ગુણવત્તા

વધારશે. રાજ્યના લોકોને સારા સામાજિક અને આર્થિક ભવિષ્ય માટે આ ખૂબ મહત્ત્વનું બની રહેશે. સભ્યશ્રી બિન સરકારી વિધેયકમાં જે રીતે માગણી કરી રહ્યા છે અને એમાં જે જોગવાઇઓની વાત કરી છે એ તમામ જોગવાઇઓ ગુજરાત ઘર વપરાશ પાણી(સંરક્ષણ) વિધેયક, ૨૦૧૯માં આવેલ છે. તે મુજબ રાજ્ય સરકાર અને પાણી પુરવઠા વિભાગ કામગીરી કરી રહ્યું છે. એટલા માટે જ અમારા માનનીય સભ્યશ્રી મહેશભાઇ કસવાલાને હું વિનંતી કરું છું કે એમના દ્વારા જે બિન સરકારી સંકલ્પ રજૂ કરવામાં આવ્યો છે એ બધી જ જોગવાઇઓ અમે વર્ષ ૨૦૧૯ના એક્ટમાં કરી છે. એ પ્રમાણે જે આવા કૃત્યો કરતા હશે એની સામે પગલાં પણ લેવાઇ રહ્યાં છે. એટલા માટે મારી એમને ફરી વિનંતી છે કે આ બિન સરકારી વિધેયકની કોઇ જરૂરિયાત જણાતી નથી. તેથી હું માનનીય સભ્યશ્રી જે બિન સરકારી વિધેયક લઇને આવ્યા છે તે પાછું ખેંચી લે તેવી વિનંતી કરું છું.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૨૩નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબતનું બિનસરકારી વિધેયક લઇને આવ્યો છું. બિલના સંદર્ભમાં માનનીય સભ્ય શ્રી ત્રિકમભાઈ છાંગા અને માનનીય દુર્લભભાઈ દેથરિયાએ વિસ્તૃત ચર્ચા કરીને સમર્થન પણ આપ્યું છે. માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ પણ હું જે બિલ લઇને આવ્યો છું તે અગાઉ વર્ષ ૨૦૧૯માં ગુજરાત નર્મદા પાણી પુરવઠા સંરક્ષણ એક્ટની અમલવારી અને જોગવાઇઓના સંદર્ભમાં વિસ્તૃત વાત આ ગૃહ સમક્ષ કરી છે. જે પ્રકારની જોગવાઇઓની વાત આ ડ્રાફ્ટ બિલમાં કરી તે બદલ, માનનીય મંત્રીશ્રીએ આપેલ જવાબથી અને પાણી પુરવઠા વિભાગની કામગીરીથી મને બિલકુલ સંતોષ છે. આવનારા સમયમાં પણ માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે તે પ્રમાણે પાણી પુરવઠા વિભાગ શિસ્તબદ્ધ રીતે આટલા મોટા નેટવર્કનો ઉપયોગ કરી ગુજરાતના જનજન સુધી પાણી પહોંચાડતું રહેશે અને કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતું હશે તો તેમને વર્ષ ૨૦૧૯ના એક્ટના માધ્યમથી અટકાવશે તેવો મને સંપૂર્ણ ભરોસો છે. હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૨૩નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક, ૨૦૨૩ પાછું ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી મહેશભાઇ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૨૩નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક પાછું ખેંચી લઉં છું.

સભાપતિશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રી મહેશભાઈ કસવાલા અને આજની ચર્ચામાં ભાગ લીધેલ શ્રી ત્રિકમભાઈ અને શ્રી દુર્લભભાઈનો હું અમારા વિભાગવતી અને રાજ્ય સરકારવતી આભાર માનું છું.

તા. ૨૮મી માર્ચ, ૨૦૨૩
ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક, ૨૦૨૩

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૨**
**ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક, ૨૦૨૩**
**સરકાર દ્વારા સંચાલિત દેવસ્થાન અને તેની આસપાસના કેટલાક વિસ્તારના યોગ્ય, વ્યવસ્થિત અને ઝડપી વિકાસની યોજના, સંકલન અને દેખરેખના હેતુ માટે જેમાં ઘણા સ્થાનિક સત્તામંડળો હાલમાં તેમના સંબંધિત અધિકારક્ષેત્રોમાં આવા મુદ્દા સાથે અલગ રીતે તજવીજ કરે છે તે માટે દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળની સ્થાપના અને ઉપરોક્ત હેતુ સાથે સંકળાયેલ બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક**

શ્રી પ્રવીણકુમાર ગો. માળી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૩નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક-૨૦૨૩ રજૂ કરવા માટે મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. સંસ્કૃતિના ત્રણ સાધનો છેઃ મંદિર, શાસ્ત્રો અને સંતો. મંદિર વિના સનાતન ધર્મની કલ્પના કરવી અસંભવ છે. ભારતમાં મંદિરની સ્થાપત્યની દીર્ઘ પરંપરાઓ રહી છે. હજારો વર્ષોથી આ પરંપરા ચાલુ છે. આ જ પરંપરાના લીધે પ્રાચીન, અર્વાચીન અને પૌરાણિક મંદિરો આજે પણ અસ્તિત્વમાં છે. મંદિર જ્યારે બનતા હોય ત્યારે ત્યાં પૂજા કરવા માટે કે ત્યાં દર્શન કરવા પૂરતું સીમિત હોતું નથી, પરંતુ ત્યાં જાય અને ઊર્જાનો નવો સંચાર થાય તેના માટે મંદિરની સ્થાપના કરવામાં આવી છે. માણસને સંસ્કારી બનાવવો હોય, માણસને ઘડવો હોય અને સમાજનું સારું નિર્માણ કરવું હોય તો મંદિરની જરૂર પડતી હોય ત્યારે આવા જે દેવસ્થાનો આવેલા છે. એ દેવસ્થાન ટ્રસ્ટો તો સરકારે બહુ સારી રીતે વિકસિત કર્યા છે અને એના માટે આપણે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ પણ બનાવેલ છે. દેવસ્થાનોની આજુબાજુનો જે વિસ્તાર છે એને વિકસિત કરવા માટે અને વિશ્વકક્ષાના દેવસ્થાનો જેવી પ્રતીતિ કરવા માટે આ બિલ લાવવાની જરૂરિયાત ઊભી થઇ છે. સનાતન ધર્મમાં દિશાઓનું બહુ મહત્ત્વ છે. વિજ્ઞાનમાં ચાર દિશાઓ કહી છે પણ સનાતન ધર્મમાં દસ દિશાઓ કહી છે. એમાં આઠ દિશાઓ અને બીજા બે ધરતી અને આકાશ. આમ, દસ દિશાઓ કહી છે. આપણી સંસ્કૃતિમાં આપણે જ્યારે સવારે ઉઠીએ છીએ ત્યારે ધરતીમાતાને નમન કરીને આપણા કામની શરૂઆત કરતા હોઇએ છીએ. હું એવા જિલ્લામાંથી આવું છું કે જ્યાં પવિત્ર યાત્રાધામ અંબાજી આવેલું છે. એવું કહેવાય છે કે, સનાતન ધર્મમાં ઇશાન ખૂણો બહુ મહત્ત્વનો છે. ગુજરાતનો ઇશાન ખૂણો એટલે અંબાજી મંદિર અને ગુજરાતની સમૃદ્ધિ એના પર ટકેલી છે એવું શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે. અહીં ૫૧ શક્તિપીઠોના એકસાથે દર્શન થાય છે. જગતજનની પાર્વતી માતાનું હૃદય ત્યાં છે એના દર્શન કરવા માટે માત્ર આખા ભારતમાંથી જ નહીં, પણ દેશ-વિદેશમાંથી પણ લોકો આવતા હોય ત્યારે માતાજીના દર્શન કરીને જે આનંદની અનુભૂતિ કરે છે એ જ આનંદની અનુભૂતિ આસપાસના વિસ્તારમાં પ્રવેશ કરે ત્યારે પણ થાય એના માટે પણ આ દેવસ્થાન વિસ્તાર સત્તામંડળનું બિલ લાવવાનું ખૂબ જ આવશ્યક બની ગયું છે. ઘણા બધા લોકો ત્યાં આવતાં હોય, સૉલિડ વેસ્ટ મેનેજમેન્ટના પ્રશ્નો હોય અને માઇ ભક્તો આવતા હોય ત્યારે મોટા પ્રમાણમાં ટ્રાફિકની અને રહેવાની વ્યવસ્થા કરવાની જવાબદારી જે-તે જગ્યાની અનુકૂળતા મુજબ થતી હોય છે. ટ્રસ્ટ આની સારી વ્યવસ્થા ઊભું કરતું હોય છે. હજારો ભક્તો આવતા હોય અને સૉલિડ વેસ્ટ મૅનેજમેન્ટની વાત હોય ત્યારે મને લાગે છે કે, આવા દેવસ્થાન મંદિરોમાં ટેમ્પલ વેસ્ટ મૅનેજમેન્ટની પણ એટલી જ આવશ્યકતા ઊભી થઇ છે. આપણે ત્યાં દાનની અને પ્રસાદની જે પરંપરા છે એમાં કોઇ પ્રેમથી લાડું લઇને આવે, કોઇ ગુલાબ, નાળિયેર, ચૂંદડી કે ધજા લઇને આવે ત્યારે તેના નિકાલની વ્યવસ્થા કરવાની વાત હોય ત્યારે આપણે ક્યાંક ને ક્યાંક પાછા પડતા હોઇએ છીએ. આવા સમયે સૉલિડ વેસ્ટ મૅનેજમેન્ટની સાથે-સાથે ટેમ્પલ વેસ્ટ મૅનેજમેન્ટની આવશ્યકતા પણ એટલી જ ઊભી થાય છે. ફૂટપોલ્સના આધારે વીજળી ઉત્પન્ન થતી હોય એ દિશામાં વિચારવા માટે પણ આ બિલ લાવવું આવશ્યક બની ગયું છે. પાવાગઢ, બહુચરાજી, ખોડલધામ, ઉમિયાધામ, વર્ણીધામ અને ઉનાઇમાતા જેવા પવિત્ર ધામો હોય ત્યારે પણ આ બિલની આવશ્યકતા ઊભી થઇ છે. છેલ્લે મારી એક વાત કરીશ કે, આપણે એ દેશની અંદર જન્મ લીધો છે કે જ્યાં તુલસીદાસ, દેવીદાસ, મુળદાસ, તુકારામ, જલારામ બાપા અને નામદેવ જેવા સંતો થઇ ગયા કે કૂતરો રોટલી ઉપાડીને ચાલ્યો જાય તો એને મારવા માટે સોટી લઇને પાછળ ન ભાગ્યા પણ ઘીનો કટોરો લઇને દોડ્યા. મારી વિનંતી છે કે, આ વિધેયકને મંજૂર કરવા માટે ગૃહ અનુમતિ આપે.

શ્રીમતી નીમીષાબેન મ. સુથાર(મોરવાહડફ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૩નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક જે માનનીય સભ્ય શ્રી પ્રવિણકુમાર માળી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતમાં મંદિર એ આધ્યાત્મિક ઊર્જા અને સંસ્કૃતિની એકતાનું કેન્દ્ર છે. ભારતમાં સૌથી વધુ મંદિરો આસ્થાના પ્રતીક તરીકે વર્ષોથી આપણે સૌ જોઇએ છીએ અને માત્ર સાંસ્કૃતિક એકતા જ નહીં પણ અર્થ વ્યવસ્થાનું

* વિધેયક તા.૩જી માર્ચ, ૨૦૨૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વાહક આપણા મંદિરો છે. મંદિર અને તેનાથી જોડાયેલા પર્વ, એની સાથે જોડાયેલા મેળા, એની સાથે જોડાયેલી સંસ્કૃતિ, એની સાથે જોડાયેલી આધ્યાત્મિકતા માત્ર એના ક્ષેત્ર પૂરતા જ નથી, એના માટે વિકાસ સુનિશ્ચિત કરવા અને ખાસ કરીને, જયાં મંદિરો છે, યાત્રાધામ છે ત્યાંના સ્થાનિક લોકોને રોજગારી મળી રહે એ પણ સુનિશ્ચિત કરે છે. આ જ કારણે દેશના જી.ડી.પી.માં મંદિરોની અર્થ વ્યવસ્થાની હિસ્સેદારી ર.૩ર ટકા છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ વર્ષ ૧૯૯૫માં અસ્તિત્વમાં આવ્યું. આ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ગુજરાત રાજયમાં આવેલ સરકાર હસ્તકના મુખ્ય આઠ જેટલા યાત્રાધામો જેમાં, સોમનાથ, દ્વારકા, ગિરનાર, અંબાજી, પાલિતાણા, ડાકોર, શામળાજી અને પાવાગઢ, ઉપરાંત સરકારશ્રી હસ્તકના આશરે ૩૫૮ જેટલા દેવસ્થાનો અને ખાનગી ટ્રસ્ટ હેઠળના મંદિરો અને યાત્રાધામોના સર્વાંગી વિકાસની કામગીરીઓ કરવામાં આવે છે. આ યાત્રાધામ વિકાસ બોર્ડના હેતુઓમાં, યાત્રાધામમાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા માટે આવે એ સ્થળની યાત્રાળુઓ શાંતિપૂર્વક, ધાર્મિક અને અનુકૂળ રીતે મુલાકાત લઇ શકે અને દર્શન કરી શકે એ તેનો હેતુ છે. પવિત્ર યાત્રાધામોનો માસ્ટર ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરે અને એને અમલમાં મૂકે તે પણ હેતુ છે. એની સાથે સાથે યાત્રાળુઓને ખાસ કરીને જમવાની અને રહેવાની વ્યવસ્થા હોય તથા ત્યાં સ્વચ્છતા હોય એ પણ જરૂરી છે. કહેવાય છે કે જયાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા. સ્વચ્છતા એક મોટો પ્રશ્ન છે. જયાં પણ યાત્રાધામો છે ત્યાં સ્વચ્છતા જળવાય એ એક મોટો પ્રશ્ન છે અને એના માટે તમામ પ્રકારની વ્યવસ્થા ના હોય તો યાત્રાધામમાં પણ આપણને અસ્વચ્છતા જોવા મળે છે. આ સરકારશ્રીની નેમ છે અને એ માટે મારે સરકારશ્રીને અભિનંદન આપવા પડે કે, યાત્રાધામ વિકાસ બોર્ડની રચના કરીને આવા પવિત્ર સ્થળોમાંથી મલિનતાને દૂર કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. જયાં નાગરિક ત્યાં સુવિધા અને આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર છે ત્યાં યાત્રાળુની દરકાર પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, યાત્રાધામો ખાતે વાતાવરણની સ્વચ્છતા, સુંદરતા અને પવિત્રતા જાળવવાનાં તમામ પ્રકારનાં પગલાં યાત્રાધામ વિકાસ બોર્ડ લે છે. રાજ્ય સરકારે યાત્રાધામો અને યાત્રાળુઓની ચિંતા કરીને, તેઓને સુરક્ષા અને સગવડતા મળી રહે એ જ હેતુ આ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની રચના હેઠળ છે. છેલ્લાં ૫ વર્ષમાં ગુજરાત સરકારશ્રી દ્વારા યાત્રાધામોના વિકાસ માટે પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલી છે. હું જે મત ક્ષેત્રમાંથી આવું છું એ પંચમહાલ જિલ્લો છે. પંચમહાલ જિલ્લો હિંદુ ધર્મનું ગુજરાતમાંનું ત્રીજુ શકિત સ્થળ છે અને જૈન ધર્મનું એક મહત્ત્વપૂર્ણ સિદ્ધક્ષેત્ર એટલે પાવાગઢ છે. **ફર ફર પાવાના રાજન, પાવો તારા પાપે જશે રે લોલ.** આ ગરબો શ્રી શક્તિની અમાન્યતા અને અવગણના, પતાઇ રાજાના થયેલા પતનની કથા એટલે પાવાગઢ છે. હું માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અભિનંદન આપું છું અને અહીંયા માઇ ભકતો જે બધા ધારાસભ્યશ્રીઓ બેઠા છે એમને પણ હું લાખ-લાખ અભિનંદન આપું છું કે, આપણે એવી ક્ષણના સાક્ષી બન્યા છીએ કે, પાવાગઢ સાથે ખૂબ જૂનો ઇતિહાસ જોડાયેલો છે. ૫૦૦ વર્ષ અગાઉ પાવગઢ ઉપર જયારે મહંમદ બેગડાએ હુમલો કર્યો અને પાવાગઢનો ગઢ જિત્યો ત્યારે મહંમદ બેગડાએ પાવગઢ મંદિરના શિખરને ખંડિત કરી દીધું હતું. આસ્થાના કેન્દ્ર એવા પાવાગઢ માતાજીના મંદિરના શિખર ઉપર ૫૦૦ વર્ષ સુધી ધ્વજારોહણ થયું નહીં અને આ ધ્વજારોહણ કરવાનું જો કોઇએ કામ કર્યું હોય તો વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું અને આ જૂનો ઇતિહાસ પાછો લાવવાનું કામ કર્યું છે. આવા યાત્રાધામોમાં પાવાગઢનું મહાકાળી માતાજીનું મંદિર ૫૧મા શકિતપીઠ પૈકીનું એક મંદિર છે અને એની કામગીરીમાં, શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદષ્ટિથી ફેઝ-૧ અને ફેઝ-રમાં રૂપિયા ૧૨૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પરિસરનું વિસ્તૃતીકરણ કરવામાં આવેલું છે. ખાસ કરીને, યાત્રાળુઓને અગવડતા ના પડે એના માટે રોપ-વેના એક્ષટેન્શન સાથે હાઇડ્રોલિક લિફ્ટની કામગીરી સાથે ૫૦૦ યાત્રાળુઓ એકસાથે જમી શકે એની સુવિધા ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કરવામાં આવેલી છે. હું એની સાથે સાથે વાત કરું તો, **ગોખ ગબ્બરની કોરે બાંધ્યો છે, બાંધ્યો છે સોનાની દોર, મા અંબા તારો હિંડોળો ઝાકમઝોળ.** આ ઝાકમઝોળ હિંડોળાને ઝુલાવવાવાળી જગતજનની મા અંબાજીનું દેવસ્થાન ગુજરાતમાં નહીં, પણ ભારતની શકિતપીઠોમાં સૌથી મહત્ત્વનું તીર્થ ગણાય છે. માનનીય સભ્યશ્રી જે બિન સરકારી વિધેયક લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રવીણભાઇ માળી જે ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે જગ્યાએથી આવું છું, એ જગ્યા દેવોના દેવ મહાદેવની સોમનાથની પવિત્ર ભૂમિમાંથી હું અહીંયા આવ્યો છું. શ્રી પ્રવીણભાઇ એક સારી વાત લઇને હિંદુ ધર્મ માટેના દેવસ્થાનની ચિંતા કરતું પ્રાઇવેટ વિધેયક લઇને આવ્યા છે, ત્યારે હું સોમનાથની વાત કરું. સોમનાથ મંદિરને ઘણી વખત દૂષિત કરવાનું કામ અગાઉના શાસનકર્તા મોગલોએ સોમનાથ મંદિર ઉપર ચડાઇ કરીને કરેલ હતું. છતાં પણ આજે પણ દેવોના દેવ મહાદેવ આખા વિશ્વને દર્શન આપવા દરિયાકિનારા ઉપર ઘૂઘવતા મોજા હોય ત્યાં અડીખમ બેઠા છે દેવોના દેવ.

માનનીય અધ્યક્ષશ્રી, અમે બહુ નાના હતા. સોમનાથ મંદિર, અમારું ગામ બાજુમાં, એટલે પગપાળા જઇએ. ત્યારે સરદાર વલ્લભભાઇ પટેલનું સ્ટેચ્યૂ જોઇએ. ત્યાંના જૂના ઇતિહાસની વાતો સાંભળીએ. ત્યારે હું આજે યાદ કરું છું. જયારે મંદિરને મોગલોએ દૂષિત કર્યું. ત્યારપછી પણ એની એ જ જગ્યાએ પવિત્ર કરવા માટેના પ્રયત્નો માનનીય સરદાર વલ્લભભાઇ પટેલ, જામસાહેબ બાપુ, મોરારજીભાઇ દેસાઇએ કર્યા. એટલું જ નહિ, પણ આ દેશના આપણા સૌના આ સન્માનનીય

વડીલોએ પણ આ મંદિરને દૂષિત થયા પછી તેને પવિત્ર કરવા માટેનાં કામ કર્યાં છે. આજે સોમનાથ મંદિર આપ આવો. આમાંથી ઘણા મારા સન્માનનીય સભ્યશ્રીઓ પણ ત્યાં આવ્યા હશે. એમની સગવડો, એની ચોખ્ખાઇ, સ્વચ્છતા આજે પણ જોવાને લાયક છે. એનું મુખ્ય કારણ અગાઉના વડીલોએ એની પવિત્રતા સ્થાપિત કરવાનું કામ કર્યું. પરંતુ પછીના સમયમાં થોડાં ક વર્ષોથી એને વધારે વેગ આપવાનું કામ એ આપણા દેશના સન્માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પણ અઢળક પૈસા આપીને સોમનાથ મંદિરને વિશ્વમાં એક અલગ સ્થાન પર, ટોચના સ્થાન પર મૂકવાનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યાં તો અમારા શ્રી કૃષ્ણ ભગવાન પણ જયાં સોનાની નગરી છોડીને પોતે મોક્ષ લેવા માટે જે ભૂમિમાં આવ્યા હતા, ત્યાં આપણી સરકારના માધ્યમથી, આપણા વિભાગોના માધ્યમથી અને ટ્રસ્ટના માધ્યમથી ત્યાં એમનું ઘણું સારું મંદિર બન્યું છે. ભગવાન શ્રી કૃષ્ણનું પણ મંદિર નિર્માણ પામીને નવું બની ગયું છે. દેહોત્સર્ગની અંદર ભગવાન શ્રી કૃષ્ણને જયાં અગ્નિ સંસ્કાર આપવામાં આવ્યા છે, એ જગ્યાએ પણ મોટું વિશાળ મંદિર આવનારા સમયમાં બનવા જઇ રહ્યું છે. શ્રી પ્રવીણભાઇ, જયારે આ ચિંતા લઇને આવ્યા છે, ત્યારે આ ગૃહને જણાવતા મને આનંદ પણ થાય છે કે આપણે શ્રી કૃષ્ણ ભગવાનને ઘણા સ્વરૂપમાં જોયા હશે. નાના સ્વરૂપમાં જોયા હશે. મુગટના સ્વરૂપમાં જોયા હશે. બાલ્યવસ્થામાં જોયા હશે. ઘોડિયામાં હિંચકતા જોયા હશે. મને એ વાતનો આજે આનંદ છે કે આવનારા સમયમાં દ્વારકાની અંદર માનનીય નરેન્દ્રભાઇ મોદીનું પોતાનું સ્વપ્ન છે. પોતાની દીર્ઘદષ્ટિથી વિશ્વની ઊંચામાં ઊંચી શ્રી કૃષ્ણ ભગવાનની પ્રતિમા આવનારા સમયમાં દ્વારકામાં બનવા જઇ રહી છે. આ આપણા બધા માટે ગૌરવની વાત છે. કરોડો રૂપિયા ફાળવ્યા હોય ત્યારે આછો ખ્યાલ આપું. નારાયણ સરોવર યાત્રાધામના વિકાસ માટે ૩૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટની સરકારે મંજૂરી આપી દીધી છે. શ્રી કૃષ્ણ-રૂક્ષ્મણીનું યાત્રાધામ. મારી બાજુમાં શ્રી ભગવાનજીભાઇ બેઠા છે. એમનો મત વિસ્તાર અને એમનું ગામ છે ત્યાં આવનારા સમયમાં ભગવાનના લગ્ન ધામધૂમથી કરવા માટે સરકાર આયોજન કરે છે. તેની જાડેરી જાન જોડીને ત્યાંથી આવવાના છે. ભારત દેશના સાત રાજ્યોના મુખ્યમંત્રીઓ જેમાં હાજરી આપવાના છે ત્યારે હું બધા સન્માનનીય સભ્યોને પણ આમંત્રણ આપું છું.

સભાપતિશ્રી : શ્રી ભગાભાઇએ કહ્યું કે શ્રી પ્રવીણભાઇ બિલ તો બહુ સારું લાવ્યા છે અને ચૈત્રી નવરાત્રિમાં લાવ્યા છે પણ સોમનાથ, પાવાગઢ અને અંબાજીનો પ્રસાદ પણ લાવ્યા હોત તો સારું રહેત.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે શ્રી પ્રવીણભાઇને મારી વિનંતી છે કે યાત્રાધામો માટે સ્વચ્છતાથી લઇને બધી બાબતમાં સરસ રીતે કામગીરી થાય છે. તમારો વિચાર બહુ સારો છે. સરકાર કામ કરતી હોય ત્યારે આ બિલ લઇ આવવાની જરૂર નથી એવું મને લાગે છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તા મંડળ વિધેયક-૨૦૨૩ માનનીય સભ્યશ્રી પ્રવીણકુમાર માળી લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં ગુજરાતની જનતા ખૂબ જ ધાર્મિક લાગણીઓ સાથે જોડાયેલી છે. જેના પરિણામે ગુજરાતમાં પ્રાચીનકાળથી ખૂબ જ દેવસ્થાનો આવેલા છે. ભારતનું પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ હોય, દ્વારકાનું શ્રી કૃષ્ણ મંદિર, અંબાજીમાં મા અંબાનું મંદિર, ચોટીલામાં ચામુંડ માંનું મંદિર, પાવાગઢમાં મહાકાળી માતાનું મંદિર, ભાવનગરમાં રાજપરામાં અને રોહિશાળામાં માં ખોડિયારનું મંદિર, જેને કહેવાય કે સૌરાષ્ટ્રની ભૂમિ છે એ શૂરા અને સંતોની ભૂમિ છે. મારા બોટાદ જિલ્લાની વાત કરું તો વિશ્વ પ્રખ્યાત હનુમાનજી, કષ્ટભંજન દાદાનું મંદિર સાળંગપુર ખાતે આવેલું છે. પાંડવકાલિન મહાદેવનું મંદિર ભીમનાથ ખાતે આવેલું છે. બાજુમાં ગઢડા મુકામે સ્વામિનારાયણ ભગવાને પોતે બનાવેલું મંદિર આવેલું છે. પાળિયાદ ખાતે વિહળાધામ-વિહળનાથનું મંદિર આવેલું છે. આમ બોટાદ જિલ્લામાં અનેક વિશ્વવિખ્યાત દેવસ્થાનો આવેલા છે. જો આ દેવસ્થાનોનો વિકાસ થાય તો હિંદુ શ્રદ્ધાળુઓ અને યાત્રાળુઓને ઘણી બધી સુવિધા મળી શકે તેમ છે. બોટાદ જિલ્લાના વિશ્વવિખ્યાત મંદિરોને માટે સારા રોડ, રસ્તા, પાણી, સફાઇ, ધર્મશાળા વગેરે માળખાકીય સુવિધાઓનો વિકાસ કરવો ખૂબ જ જરૂરી છે. સાથે સાથે જેવી રીતે સોમનાથ અને અંબાજી મંદિરનો વહીવટ સરકાર દ્વારા થઇ રહ્યો છે તે રીતે સાળંગપુર કષ્ટભંજન દાદાનું મંદિર, ગઢડા સ્વામીનારાયણનું મંદિર, પાળિયાદ વિહળાધામના મંદિરનો સંપૂર્ણ વહીવટ સરકારના ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે અને તેનો વિકાસ કરવામાં આવે. આ સ્થળોનો ખૂબ વિકાસ થઇ શકે તેમ છે. જે મંદિરો અને દેવસ્થાનોમાં શ્રદ્ધાળુઓનો ખૂબ ઘસારો છે ત્યાં રહેવા અને જમવાની વ્યવસ્થા કરવામાં આવે તેવી પણ લાગણી છે. ગુજરાતના તમામ દેવસ્થાનોને સરકારશ્રીના ટ્રસ્ટમાં સમાવેશ કરીને તેનો વિકાસ કરવો ખૂબ જરૂરી છે. ધર્મની સાથે શિક્ષણની પરંપરા આપણા દેશમાં અને ગુજરાતમાં પણ હતી તેને ફરીથી અમલમાં મૂકવી જરૂરી છે. મોટા દેવસ્થાનોમાં સ્કૂલ/ગુરુકુળ ઊભા કરવામાં આવે અને સાથોસાથ હિંદુ ધર્મના વેદ, રામાયણ, ગીતા તેમજ આધુનિક વિષયનું શિક્ષણ ભણાવવામાં આવે તે પણ ખૂબ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સ્વામીનારાયણ સંપ્રદાયના જે મંદિરો છે એમાં પણ વિકાસ કરવો ખૂબ જરૂરી છે અને આ બધા જે મંદિરો છે તેમાં પણ સરકારી ટ્રસ્ટની અંદર સમાવેશ કરવામાં આવે એ પણ ખૂબ જરૂરી છે.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર(યાત્રાધામ વિકાસનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ડિસા મતવિસ્તારના અમારા સાથી સન્માનનીય ધારાસભ્યશ્રી પ્રવીણકુમાર માળીએ વિધાનસભામાં બિનસરકારી વિધેયક ક્રમાંકઃ૧૨-સન ૨૦૨૩નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક રજૂ કરેલ છે.

## ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક, ૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ પવિત્ર યાત્રાધામોની ચિંતા કરીને યાત્રાધામોનો સર્વાંગી વિકાસ થાય તેવા આશયથી ગુજરાત દેવસ્થાન વિકાસ સત્તામંડળની રચના માટેનું વિધેયક રજૂ કરેલ છે. મને કહેતા એ બાબતનો આનંદ છે કે આજે ચૈત્રી નવરાત્રી ચાલુ છે અને ચૈત્રી નવરાત્રીની આજે સાતમ છે. આજે મહાકાલીની તિથિ છે. મહાકાલની રાત્રી છે. માતાજીને પણ આપણે યાદ કરીએ. આપણા વેદોમાં કહેવામાં આવ્યું છે કે **धर्मो रक्षति रक्षितः** ધર્મનું રક્ષણ આપણે બધાએ જ કરવાનું છે. રાજ્ય સરકાર પણ આ બાબતે ધ્યાન રાખીને યાત્રાધામોના સર્વાંગી વિકાસ માટે અને યાત્રાળુઓને વિવિધ સુવિધાઓ મળી રહે એ માટે આપણી સરકાર કટિબદ્ધ છે અને પ્રતિબદ્ધ છે. સદરહુ વિધેયક આજે વિધાનસભા ગૃહમાં રજૂ કર્યું એમાં અમારા સાથીમિત્રો શ્રી પ્રવિણભાઇ માળી, શ્રીમતી નિમિષાબેન સુથાર, શ્રી ભગાભાઇ બારડ, ઉમેશભાઇ મકવાણાએ જે સરસ વિચારો રજૂ કર્યા છે, સાથેસાથે આ ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ બાબતે મને ગૃહમાં જણાવતા એ બાબતનો આનંદ છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર ધર્મને કોઇપણ જાતિ, વ્યકિત કે ધર્મ સમુદાય સાથે કયારેય જોડતી નથી. વિવિધ પંથ, વિવિધ સંપ્રદાય, અલગ અલગ ધર્મ, અલગ અલગ પંથ, સંપ્રદાય બધું જ છે પણ વિવિધતામાં એકતા અને અહીંયા ''**अहिंसा परमो धर्म**'' અને ''**जियो और जीने दो**'નો સંદેશ એ ભારતીય જનતા પાર્ટીની સંસ્કૃતિમાં આપણે આપતા રહ્યા છીએ. દરેક ધર્મ અને ધર્મના લોકોને એક સમાન ભાવનાની નજરથી આપણી ભારતીય સંસ્કૃતિ જુએ છે. આ ગૃહમાં અનેક વખત ધાર્મિક સદભાવનાના ઉદાહરણો જોવા મળ્યા છે. આ સંજોગોમાં માનનીય ધારાસભ્યશ્રી પ્રવિણભાઇએ દેવસ્થાનના સર્વાંગ વિકાસ માટેની ચિંતા રજૂ કરી છે, દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળની રચના કરવા વિધેયક લાવેલ છે. આપના માધ્યમથી ગૃહના તમામ મિત્રોને હું જણાવવા માંગું કે ધારાસભ્યશ્રી અને લોકશાહીના સર્વોચ્ચ સ્થાન એવા ગૃહના યાત્રાધામોના વિકાસ માટે સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ વિવિધ વિકાસનાં કામો પ્રત્યે પણ હું આપનું ધ્યાન દોરવા માંગું છું. સૌથી પહેલાં તો રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના યાત્રાધામોનો સુઆયોજિત વિકાસ થાય અને યાત્રાળુઓને યાત્રાધામના સ્થળે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય એના માટેની વિવિધ યોજનાઓની જોગવાઇઓ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૧૯૯૫ના માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગના તા.૧૦-૭-૧૯૯૫ના ઠરાવથી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની રચના કરવામાં આવેલ છે. ઉદ્યોગ અને ખાણ ખનિજ વિભાગના તા.૨-૯-૨૦૨૨ના ઠરાવથી રાજ્યમાં આવેલા અંબાજી, ડાકોર, ગીરનાર, પાલિતાણા, સોમનાથ, દ્વારકા, શામળાજી અને પાવાગઢ જેવા ૮ યાત્રાધામોને પવિત્ર યાત્રાધામ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તા.૨૮-૧૦-૨૦૧૦ના ઠરાવથી રાજ્ય સરકાર હસ્તક સિવાયના તીર્થસ્થાનો અ, બ અને ક કક્ષામાં વર્ગીકૃત કરીને તેઓને વર્ગ પ્રમાણે ૭૦: ૩૦ ના રેશિયામાં નીચે મુજબ સહાય આપવાનું નિયત થયેલ છે. જેમાં સિવિલ કામો માટે 'અ' કક્ષાના જે યાત્રાધામો છે એમાં રૂપિયા ૧૦૦ લાખની રકમ આપવામાં આવે છે. સોલાર ઊર્જા માટે રૂપિયા ૨૦ લાખ. 'બ' કક્ષાના જે યાત્રાધામો છે એમાં રૂપિયા ૫૦ લાખ અને સોલાર લાઇટ માટે રૂપિયા ૧૦ લાખ. 'ક' કક્ષાના જે આપણા યાત્રાધામો છે એમાં રૂપિયા ૨૦ લાખ અને સોલાર માટે રૂપિયા ૫ લાખ. મને અહીં ગૃહના દરેક સભ્યને અવગત કરવાની તક મળી છે ત્યારે મારે ખાસ એક વાત મૂકવી છે. રાજ્યમાં આવેલા ખાનગી ટ્રસ્ટ દ્વારા સંચાલિત ધાર્મિક સ્થાનના વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. ખાનગી ટ્રસ્ટો દ્વારા સંચાલિત યાત્રાધામોનાં વિકાસનાં કામો માટે કામની અંદાજિત રકમના ૩૦ ટકા જે તે ટ્રસ્ટ ફાળો આપે છે. લોકફાળો ઊભો કરવામાં આવે તો બાકીના ૭૦ ટકા રાજ્ય સરકારના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સહયોગથી વિકાસનાં કામો હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨-૧-૨૦૧૫ના ઠરાવ મુજબ જિલ્લાના પ્રવાસન અને યાત્રાધામ સ્થળોના વિકાસ માટે ગ્રાન્ટ ફાળવણીની પદ્ધત્તિ પણ નિયત કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવની જોગવાઇ મુજબ યાત્રાધામનાં વિકાસનાં કામોમાં યાત્રાળુઓને પ્રાથમિક સુવિધા જેવી કે પીવાનું શુદ્ધ પાણી, યાત્રાધામની સ્વચ્છતા, સેનિટેશન યુનિટ, પાર્કિંગની વ્યવસ્થા, યાત્રી નિવાસ વગેરે જેવાં કામો હાથ ધરવામાં આવે છે. એનાથી આગળ વધીને રાજ્યના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. રાજ્યના વિવિધ યાત્રાધામોના વિકાસ માટે રાજ્ય સરકારે કરેલ કામગીરીની ટૂંકમાં વિગતો હું આપની સમક્ષ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષમાં કરવામાં આવેલ મહત્ત્વની કામગીરીમાં અંબાજી યાત્રાધામ ખાતે ભારતભરમાં આવેલ ૫૧ શકિતપીઠોની પ્રતિકૃતિરૂપે સ્થાપના કરી ૫૧ શકિતપીઠ પરિક્રમા પથ બનાવવામાં આવેલ છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી શ્રી ૫૧ શકિતપીઠ પરિક્રમા મહોત્સવ પણ ઊજવવામાં આવે છે. ગબ્બર ખાતે લાઇટ એન્ડ સાઉન્ડ શોની કામગીરી રૂ. ૧૩-૩૫ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. કોટેશ્વર મહાદેવનું પૌરાણિક મંદિર અંબાજી નજીક આવેલ છે તથા સરસ્વતિ નદીના ઉદગમ સ્થળે આવેલ છે જેના વિકાસ માટે રૂ.૩ કરોડનાં વિકાસ કામોની મંજૂરી આપવામાં આવેલ છે. સાથે સાથે ટુરિસ્ટ ફેસિલિટી સેન્ટર રૂ.૨૬.૨૦ કરોડના ખર્ચે, ગબ્બર ખાતે પગથિયાનું રિનોવેશન રૂ.૧૪.૧૫ કરોડના ખર્ચે, સી.સી.ટી.વી.ની સુવિધા માટે રૂ.૧.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. એનું ઓનલાઇન ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. અહીંયા સોમનાથની વાત થઇ. ઇ.સ.૧૦૨૪માં મોહંમદ ગજનવીએ સોમનાથ મંદિર ઉપર હુમલો કર્યો, ત્યાં લૂંટફાટ ચલાવી. આપણી સનાતન હિન્દુ ધર્મની ધરોહર એવી આપણી સંસ્કૃતિને ખંડિત કરવાનું કામ મોગલ શાસકોએ કર્યું અને એ સમયે એ

વિસ્તારમાંથી સોમનાથના સૌરાષ્ટ્રવાસી પોતાના જાનમાલને બચાવવા અને તેની રક્ષા માટે ત્યાંથી સ્થળાંતરિત થયા. ત્યાંથી વિસ્થાપિત થઇને મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્ર અને ત્યાંથી તમિલનાડુ સુધી પહોંચ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં જ અમે અમારા મંત્રીશ્રીઓ સાથે સૌરાષ્ટ્ર-તમિલ સંગમનો કાર્યક્રમ આગામી સમયમાં કરવાના છીએ. આપણા પૂર્વજો, આપણા પરિવારના લોકો એક હજાર વર્ષ પહેલાં તમિલનાડુ જઇ વસ્યા છે. એમને તમિલ-સૌરાષ્ટ્ર સંગમનો એક કાર્યક્રમ તારીખ ૧૭મી એપ્રિલે આપણે એમને આમંત્રિત કરવાના છીએ. આપણા આરાધ્યદેવના એ લોકોને દર્શનનો લાભ મળવાનો છે. સોમનાથનું ભારતના ઇતિહાસમાં વિશેષ મહત્ત્વ છે. સોમનાથ ખાતે આંતરમાળખાકીય સુવિધાના વિકાસ માટે ભારત સરકારના 'પ્રસાદ' યોજના હેઠળ રૂ.૪૫.૨૦ કરોડના ખર્ચે પાર્કિંગ પ્લોટ, ટુરિસ્ટ ફેસિલિટી સેન્ટર, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટનાં કામો પૂર્ણ કરવામાં આવેલ છે. વિશાળ ભોજનાલય છે. (સમયસૂચક ઘંટડી)

સભાપતિશ્રી : આપની પાસે પાંચ મિનિટનો સમય છે.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : સાથે સાથે અહીંયા દ્વારકાની વાત થઇ. શ્રી ભગાભાઇએ દ્વારકાની વાત કરી છે. દ્વારકા એ ગુજરાતના પશ્ચિમ છેડે સિંધુ સાગર અરબી સમુદ્રના કિનારે વસેલું છે. શ્રી કૃષ્ણ ભગવાનના જીવન સાથે સંકળાયેલ પ્રાચીન તીર્થસ્થાન છે. દ્વારકા યાત્રાધામમાં નીચે મુજબનાં વિકાસનાં કામો હાથ ઉપર લીધેલાં છે. દેવભૂમિ દ્વારકા કોરિડોર વિકસાવવા માટેનું આયોજન છે. બેટ દ્વારકા ખાતે રૂ.૧૫ કરોડના ખર્ચે વિકાસનાં કામો હાથ ધરાનાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડાકોરમાં વસતા ભગવાન શ્રી કૃષ્ણ, ભક્ત બોડાણાની તુલસીપત્ર અર્પણ કરવાની ભક્તિથી પ્રસન્ન થઇને કારતુક સુદ ૧૫, દેવદિવાળી, વિક્રમ સંવત ૧૯૫૬ના દિવસે દ્વારકાથી ડાકોર આવીને વસ્યા હોવાની કથા પ્રચલિત છે. એના વિકાસ માટે પણ આપણી રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આપણું ગીરનાર યાત્રાધામ છે ત્યાં રોપ-વે કાર્યાન્વિત થયો છે. રૂ.૩.૮૦ કરોડના ખર્ચે ગિરનારમાં પણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સાથે સાથે સર્વાંગી વિકાસ માટે રૂ.૭૨ કરોડનો પ્રોજેક્ટ છે એમાં પગથિયાં ૩ મિટર પહોળા કરવાની પણ વ્યવસ્થા છે. પાવાગઢ અંગે પણ વાત થઇ. મોહમદ બેગડાએ જ્યારે પાવાગઢને ખંડિત કર્યું, કાલિકા માતાના મંદિરને ખંડિત કર્યું. ૬૫૦ વર્ષ પછી સનાતન હિન્દુ સંસ્કૃતિની ધજા લહેરાવવાનું કામ, લાલ અને કેસરી ધજા ફરકાવવાનું કામ આપણા દેશના સન્માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પાંચ-પાંચ સદી વીત્યા પછી તા. ૧૮-૬-૨૦૨૨ના રોજ મંદિરની ધજારોપણ કરવાની વિધિ કરીને આપણી હિન્દુ સંસ્કૃતિનું રક્ષણ કરવાનું કામ આપણી રાજ્ય સરકારે કર્યું છે. સાથે સાથે ફેઝ-૧ માં ટોઇલેટ, પોલીસ બુથ, પાણી જેવી પ્રાથમિક તમામ સુવિધાઓ માટેનું કામ કરવાનું છે. આપણા કાળિયા ઠાકુર શામળાજી મંદિર રાજ્યની સરહદ સાબરકાંઠા જિલ્લામાં આવેલું મહત્ત્વનું મંદિર છે. ગુજરાતના ત્રણ મહત્ત્વના કૃષ્ણ તીર્થોના તીર્થો પૈકી આ મંદિર એ ચતુર્ભુજ વિશ્વની મનોરંજક મૂર્તિના કારણે પ્રસિદ્ધ છે ત્યાં પણ થ્રીડી મેકિંગ પ્રોજેકશન રૂપિયા પાંચ કરોડના ખર્ચ આયોજન કરવામાં આવેલ છે. અત્યારે માધવપુર મેળાનું આયોજન થઇ રહ્યું છે. ત્રણ તારીખે સાત-આઠ રાજ્યોના ધાર્મિક, પ્રજાવત્સલ્ય સંસ્કૃત પ્રેમી ધર્મપ્રિય લોકો ત્યાં મળવાના છે એવો માધવપુરનો મેળો રૂપિયા ૪૭.૯૯ કરોડના ખર્ચે શ્રી કૃષ્ણ-રૂક્ષ્મણી યાત્રાધામ, માધવપુરથી પોરબંદરનું માસ્ટર પ્લાનિંગ જેમાં શ્રી રૂક્ષ્મણી માતા મંદિર, શ્રી મહાપ્રભુજી બેઠક, ચોરી, મહારાણીની જગ્યાશ્રી, શ્રી માધવરાયજી મંદિર, બ્રહ્મકુંડ, મેળા ગ્રાઉન્ડના વિકાસની કામગીરી પ્રગતિ હેઠળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા એ બાબતનો આનંદ છે કે આ સિવાયના નારાયણ સરોવર, ભદ્રકાળી માતાજીનું મંદિર, દેવ મોગરા માતાનું મંદિર, માનગઢ ધામ, આદિવાસી સમાજના તીર્થધામો છે. શ્રી કૃષ્ણ તીર્થ દર્શન, કૈલાસ માન સરોવર યોજના, સિંધુ દર્શન યોજના, શ્રી રામ જન્મભૂમિ, મા શબરી સ્મૃતિ યાત્રા યોજના અન્વયે ગુજરાતમાં વસવાટ કરતા વનવાસી યાત્રાળુઓને અનુસૂચિત જનજાતિ વનવાસી સમાજના આસ્થા સમાન મા શબરીની સ્મૃતિમાં શ્રીરામ જન્મભૂમિ અયોધ્યા ખાતે સરળતાથી દર્શન કરે એના માટે રૂપિયા પાંચ હજારની આર્થિક જોગવાઇ રાજ્ય સરકારે કરેલ છે. આ સિવાય ગંગેશ્વર મહાદેવ મંદિર છોટાઉદેપુર, જગન્નાથ મહાદેવ મંદિર છોટાઉદેપુર, શબરીદાન મંદિર, શ્રી શુબિરજીદાન, શ્રી મણી નાગેશ્વર મહાદેવ મંદિર તિલકવાડા, નર્મદા, શ્રી કોટેશ્વર મહાદેવ, દાંતા, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, સાપુતારા વિસ્તારમાં આદિવાસી સમાજના ધાર્મિક સ્થળોની સર્કિટ પ્લાનિંગ કરી વિકાસ કરવા બાબતનું આયોજન સરકારશ્રીના વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. દેવભૂમિ દ્વારકા કોરિડોર અંતર્ગત રૂપિયા ૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. માનવી માટે સુખથી કોઇ મોટી ચીજ હોય તો એ છે એની મોટી આસ્થા. ધર્મ પ્રત્યેની આસ્થા, ભગવાન પ્રત્યેની આસ્થા, માતાજી પ્રત્યેની આસ્થા એ વ્યક્તિમાં હોઇ શકે છે. પછી એના ભગવાન કે દેવસ્થાનમાં હોઇ શકે છે. પ્રત્યેક ડગલેને પગલે આસ્થા માનવીને શક્તિ અને નવજીવન આપે છે. આ આસ્થા કાયમી બની રહે તે ખૂબ જરૂરી છે. માનનીય ધારાસભ્યશ્રી પ્રવીણકુમાર માળી એ આજે બિનસરકારી વિધેયક રજૂ કર્યું છે એમાં કદાચ આ ભાવના હોઇ શકે. માનનીય પ્રવીણભાઇએ આ વિધેયક મારફત ચિંતા અને લાગણી વ્યક્ત કરી છે. પરંતુ મારે સન્માનપૂર્વક કહેવું છે કે, આ કામ ગુજરાત સરકાર નિયમિત ધોરણે કરી રહી છે અને રાજ્ય સરકાર આ માટે કટિબદ્ધ છે, ત્યારે તેઓએ કરેલ ચિંતાના મુદ્દે રાજ્ય સરકાર અમલ કરી જ રહી છે. યાત્રાધામોના વિકાસ માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી તથા હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે શરૂ કરેલ નીતિને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ આગળ

ધપાવી રહ્યા છે. આમ, મેં ગૃહ સમક્ષ રજૂ કરેલી તમામ વિગત ધ્યાને લેવા વિનંતી છે. આ વાત ધ્યાને લેતા આપને પણ ખાતરી થશે કે રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના દેવ સ્થાનોનો સર્વાંગી વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે, તેથી માનનીય ધારાસભ્યશ્રીએ રજૂ કરેલ બિનસરકારી વિધેયક ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળની રચના કરવા બાબતનું વિધેયક પાછું ખેંચી લેવામાં આવે તેવી હું વિનંતી કરું છું. ધન્યવાદ.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક હું લઇને આવ્યો છું એ બાબતે માનનીય ધારાસભ્ય શ્રીમતી નિમિષાબેને, શ્રી ભગાભાઇ બારડે ખૂબ સારી એવી ચિંતા અને લાગણી વ્યક્ત કરી છે. સાથે સાથે આમઆદમી પાર્ટીના માનનીય ધારાસભ્યશ્રી ઉમેશભાઇએ સારી એવી ધાર્મિકતા, લાગણી અને સૂચનો પણ કર્યાં છે. એમની લાગણીઓ છે એ એમની શીર્ષ નેતૃત્ત્વ માને એવું આઠમા ચૈત્ર નોરતે વિનંતી પણ કરું છું અને માનનીય મંત્રીશ્રીએ વાતો કરી તેના ઉપરથી મને લાગે છે કે, અલગ ઓથોરિટી બને એના કરતા inclusive development of spiritual area એટલે સંમલિત વિકાસ ધાર્મિક જગ્યાઓનો થાય એ સરકારની યોજનાઓમાં આવરી લીધી છે એટલે હું આ તબક્કે પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૩નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૩નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક પાછું ખેંચી લઉં છું.

સભાપતિશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક - ૧૧**

**ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક, ૨૦૨૩**

**ગુજરાત રાજયમાં જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઇ કરવા બાબત વિધેયક.**

**શ્રી હર્ષદકુમાર ર. પટેલ(સાબરમતી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૧, સન ૨૦૨૩ના ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબતના વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી હર્ષદકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા ગૌરવ થાય છે કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સ્વચ્છતા માટેના સંનિષ્ઠ પ્રયાસો હોવા છતાં પણ સ્વચ્છતાનો અભિગમ પ્રજાલક્ષી નહોતો બની શકયો. આજે આ ગૃહના પૂર્વ સભ્ય, ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના સન્માનનીય વડાપ્રધાનશ્રી માનનીય નરેન્દ્રભાઇ દ્વારા ૨જી ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ દેશભરની અંદર સ્વચ્છ ભારત અભિયાન શરૂ કરવામાં આવ્યું અને આ એ જ વ્યક્તિ લાવી શકે કે જેના બાલ્યાવસ્થાની અંદર પોતે ઘરઆંગણે રમતા હતા ત્યારે એક વ્યક્તિ કચરા માટે આવ્યા અને ત્યારે એમણે બાને બૂમ પાડી કે બા, કચરો આપો. કચરાવાળાભાઇ આવ્યા છે ત્યારે એ વિરલ વ્યક્તિના માતૃત્વએ, માતૃશક્તિએ જવાબ આપ્યો અને જેની કૂખે આ વિરલ વ્યક્તિત્વનો જન્મ થયો છે એવા પૂજય હીરાબાએ કહ્યું બેટા, એને કચરાવાળો ન કહેવાય, એને સફાઇવાળો કહેવાય. આ જે સ્થિતિ સ્વચ્છ ભારત અંતર્ગત માનનીય નરેન્દ્રભાઇ દેશની અંદર લાવ્યા અને ચલો એક કદમ સ્વચ્છતા કી ઓર અને જન જન સુધી આ સંદેશ પહોંચ્યો સ્વચ્છ રહો, સ્વસ્થ રહો એ અભિગમ અબાલવૃદ્ધ લોકો દ્વારા ચરિતાર્થ થયો ત્યારે ઘર અને આંગણાનો જે કચરો છે એ ઘરઆંગણાનો કચરો જાહેર સ્થળો ઉપર આવવા લાગ્યો અને એ આવવા લાગ્યો ત્યારે આ વિધેયક અંતર્ગત જાહેર સ્થળો ઉપર એને સળગાવવાનો જાણેઅજાણ્યે પણ પ્રયાસ થયો અને એની જે આડઅસરો છે એ આડઅસરો આ વિધેયકની અંદર હું આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું કર્ણાવતી મહાનગરના સાબરમતી વિધાનસભાનો એક વિધાયક છું. આ કર્ણાવતી મહાનગરનો કુલ ભૌગોલિક જે ભૂભાગ છે, એની જે વ્યવસ્થા છે એની અંદર પણ ૭ ઝોન અને ૪૮ વોર્ડ આવેલા છે. આ સમગ્ર વિસ્તારની અંદર કુલ મળીને ૨૦ લાખ જેટલા ઘરો અને સાડા સાત લાખ જેટલા કોમર્શિયલ યુનિટો છે. બધા જ કોમર્શિયલ યુનિટો અને ઘરોની સફાઇ અંતર્ગત કચરો લગભગ પાંચ હજાર મેટ્રિક ટન કચરો પર ડે ઘરની બહાર નીકળતો હોય છે. ૧૩૦૦૦ જેટલા કર્મચારીઓ આ કચરાના કલેકશનની અંદર કર્ણાવતી મહાનગરમાં કામ કરે છે. સાથેસાથે ૧૫૮ મહાનગરપાલિકા, બીજા સાત મહાનગરોની અંદર પણ કર્ણાવતી મહાનગર જેવી સ્થિતિનું નિર્માણ થતું હશે એવું મારું અનુમાન છે. કેટલાક સરકારના અભિગમો, કેટલાક એન.જી.ઓ.ના પ્રયત્નો જેના કારણે પણ વૃક્ષારોપણ અનેક પ્રમાણમાં થયેલું છે. હું કર્ણાવતી મહાનગરની વાત કરું તો લગભગ ૩૦૦ જેટલા બગીચાઓ અને કુલ મળીને અમારા વિસ્તારની અંદર રોડ ઉપર બગીચાઓ પ્રાઇવેટ મકાનોના લગભગ ૨૦ લાખ જેટલા વૃક્ષો પણ કર્ણાવતી મહાનગરમાં છે. જેના કારણે ચોમાસાના પહેલાં પાનખર ઋતુની અંદર

* વિધેયક તા. ૩જી માર્ચ, ૨૦૨૩ ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

તા. ૨૮મી માર્ચ, ૨૦૨૩

ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક,૨૦૨૩

કેટલાક લોકો આ ઝાડો કાપતા હોય છે. પાનખર ઋતુમાં આ ઝાડના જે પાંદડાં પડે છે, ત્યારે સ્વાભાવિક સફાઇ કામદાર દ્વારા આ કચરાનું એકત્રીકરણ થાય અને તેને જાહેરમાં સળગાવવામાં આવે છે. પ્રદૂષણના કારણે જે દુર્ગંધ ઊભી થાય છે તેના લીધે દમ, અસ્થમા, કેન્સર, હાર્ટએટેક અને ડાયાબિટીસ, સ્ટ્રોક જેવી બીમારીઓ જોવા મળી રહી છે. વિશેષ કોરોનાકાળની અંદર જ્યારે વ્યક્તિઓના લંગ્સ અને ફેફસાં નબળાં પડયાં છે, ત્યારે આ જાહેર સ્થળો ઉપર કચરો એકત્રિત કરી સળગાવવામાં આવે છે તેના ઉપર પ્રતિબંધ લાવવામાં આવે તેવો મારો આ વિધેયક લાવી નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. જે અધિકારીઓ હોય છે તે તથા ફરજ નિયુક્ત જે વ્યક્તિઓ હોય છે તેઓ પોતાની ફરજ ચોક્કસ નિભાવે અને આ જાહેરમાં કચરો સળગાવવાનું જે કાર્ય છે તેના ઉપર અંકુશ લાવે અને આના માટે વ્યાપક કાયદો પ્રદાન કરવાના શુભ હેતુથી ગુજરાત જાહેર સ્થળો પર નાગરિક અને સફાઇ કામદારો દ્વારા કચરો સળગાવવાના પ્રતિબંધ બાબત વિધેયક ક્રમાંક-૧૧ આ ગૃહ સમક્ષ લાવ્યો છું.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય હર્ષદભાઇ પટેલ દ્વારા ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા જાહેરમાં કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત જે વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂરા દેશમાં ગ્લોબલ વોર્મિંગની અસર આપણે સૌ અનુભવી રહ્યા છીએ. ત્યારે આજે એકપણ ઋતુ ચાર મહિનાની પૂરી હોતી નથી. કયારેક ઉનાળામાં વરસાદ પડે છે, કયારેક ઠંડીમાં વરસાદ પડે છે. ચોમાસામાં વરસાદ પડે અને તે પણ ઓછોવત્તો પડે છે. આ બધુ ગ્લોબલ વોર્મિંગની અસરના લીધે થાય છે. ત્યારે તેનું મુખ્ય કારણ એટલે પ્રદૂષણ છે. ૨૧મી સદીમાં પ્રવેશી ચૂકેલી માનવજાતિ સમક્ષ અનેક પડકારોની જેમ સાર્વત્રિક પ્રદૂષણ એક મોટો પડકાર છે. પાછલી સદીઓમાં વિજ્ઞાનનો ખૂબ જ વિકાસ થયો છે તેની સાથે દુનિયામાં ઔદ્યોગિક ક્રાંતિના મંડાણ થયા છે. ઠેરઠેર મિલો-કારખાનાં ઊભાં થયાં છે. આગગાડીઓ અને બીજાં વાહનો પણ ઝડપભેર દોડવા માંડયાં છે. નવા ઔદ્યોગિક એકમો અને વસાહતો સ્થપાયા જેના લીધે ગીચ ઝૂંડપટ્ટીઓનો જન્મ થયો. યાંત્રિકતાના આ યુગમાં માનવને એકબાજુ ચંદ્રની ધરતી પર પહોંચાડયો છે, તો બીજી બાજુ માનવજાતની સામે પ્રદૂષણનો જીવલેણ ભય પણ ઊભો થયો છે. આજે હવા આપણે શ્વાસમાં લઇએ છીએ તે પ્રદૂષિત છે. કારખાનાના ઝેરી વાયુ વાતાવરણને સતત પ્રદૂષિત કરે છે. ડીઝલ કે પેટ્રોલથી ચાલતા વાહનોમાંથી નીકળતો ધુમાડો હવામાં કાર્બન ડાયોક્સાઇડની માત્રા વધારે છે. તેમજ ગટરોની અનેક પ્રકારની દુર્ગંધ હવામાં ભળે છે. રાસાયણિક કારખાનામાંથી નીકળતો ઝેરી ગેસ વાતાવરણને દૂષિત બનાવે છે. વૃક્ષો અને જંગલોનું બેફામ કટિંગ વાયુ પ્રદૂષણ માટે કારણભૂત બને છે. હવાનું પ્રદૂષણ પર્યાવરણ બગાડે છે. જેના લીધે આંખના રોગ, ખાંસી, શ્વાસના રોગ જેવી ઘણીબધી તકલીફો જેમ માનનીય સભ્યશ્રી હર્ષદભાઇએ કહ્યું તેવી તકલીફોનો સામનો આપણે સૌ કરી રહ્યા છીએ. પ્રદૂષણને નિયંત્રણમાં લાવવું ખૂબ જ જરૂરી બન્યું છે. પ્રદૂષણના અનેક પ્રકારો છેઃ જેમાં હવાનું પ્રદૂષણ, પાણીનું પ્રદૂષણ, ધ્વનિનું પ્રદૂષણ છે. આજે જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે પ્રદૂષણ ભયંકર ખતરારૂપ છે. તેનાથી જીવનનું સુખ અને સુંદરતા હણાઇ રહ્યા છે. પ્રદૂષિત હવા અને પાણીના લીધે આજે માનવીની કાર્યશક્તિમાં પણ ઊણપ આવી છે, ત્યારે તન અને મનની અનેક સમસ્યા પાછળ પ્રદૂષણ જવાબદાર છે. જેને નિવારવા માટે સરકાર ઘણા પ્રયત્નો કરી જ રહી છે. આપણે પણ આ પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે થોડોઘણો સહયોગ કરવો પડશે. કાર ડ્રાઇવ ઓછી કરવી પડશે. સાર્વજનિક પરિવહનનો વધુમાં વધુ વપરાશ કરવો પડશે. તેમજ આસપાસનું વાતાવરણ સારું રાખવા માટે વૃક્ષો વાવીને તેનું જતન કરવું પડશે. જેના થકી આપણે પ્રદૂષણ પર નિયંત્રણ રાખી શકાય છે. ભારત સરકાર દ્વારા શહેરો, નગરો તથા ગામડાઓથી ઉત્પન્ન થતા ઘન કચરાના વ્યવસ્થાપન તથા નિકાલ માટે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રુલ્સ ૨૦૧૬ અમલમાં મૂકવામાં આવેલ છે તેમજ જેના નિયમ ૧૭થી દરેક સ્થાનિક સંસ્થાઓ અને ગ્રામ પંચાયતની જવાબદારી નક્કી કરવામાં આવી છે. ઘન કચરાને ખુલ્લી જગ્યા પર ન સળગાવવામાં આવે તે જોવાની ફરજ સ્થાનિક સંસ્થાઓ તથા ગ્રામ પંચાયતને પણ સોંપવામાં આવી છે તેમજ આ માટે જરૂરી જનજાગૃતિ કાર્યક્રમ સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે તથા સ્થાનિક કાયદાઓ બનાવીને શિક્ષાત્મક પગલાઓ તથા દંડ લેવાની જોગવાઇ પણ કરવામાં આવી છે. સઘન નિયંત્રણમાં સ્થાનિક સંસ્થાઓ તથા ગ્રામ પંચાયતને તેની જવાબદારી સોંપવામાં આવી છે તેમજ મહાનગરપાલિકા, નગરપાલિકામાં ડોર ટુ ડોર ગાડી જે કચરો લેવા માટે આવે છે એમાં લોકોમાં પણ હવે ખૂબ સજાગતા આવી છે અને કચરો લેવા માટેની ગાડી આવે છે ત્યારે એને ડિસ્પોઝલ કરવાની પણ સરકાર દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે. આ માત્ર સ્થાનિક સંસ્થાઓનું કામ નથી, પણ લોકો અને આપણે સૌએ મળીને પોતાના સ્વાસ્થ્ય અને પર્યાવરણને નજર સમક્ષ રાખીને જાગૃત રહેવું પડશે. મને આ તકે કવિ શ્રી ઇન્દ્રપ્રકાશજીની એક કવિતા યાદ આવે છે.

"प्रदूषण से प्रताडित हवाएं जरा सी देर चल कर हांफती हैं,
ज़मीं पर आ के पछताती हैं, नदीयां ये वापस घर को जाना चाहती हैं,
भला कब तक हमारी मूर्खता को ये कुदरत ऐसे ही धोती रहेगी,
यही आलम रहा तो अगली पीढ़ी हमारे नाम को रोती रहेगी।"

ચૈત્ર ૭, ૧૯૪૫ શાકે

ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક,૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, એટલે આપણા સૌની જવાબદારી છે કે, પ્રદૂષણ નિયંત્રણ કરવા માટે આપણે સહયોગ કરીએ. આ દુનિયાનું સર્જન જે કર્યું છે એને બગાડવાનો કે નુકસાન પહોંચાડવાનો નાગરિક તરીકે આપણને કોઇને અધિકાર નથી. લોકોએ જાહેર સુખાકારીને જાળવવાના કાર્યને પૂજાનો દરજ્જો આપવો પડશે. સમજીને સૌ નાગરિક ધર્મનું પાલન કરીશું તો પ્રકારના વિધેયકની કદાચ જરૂર નહીં પડે. ભારત સરકાર દ્વારા અને ગુજરાત સરકાર દ્વારા પણ આવા પગલાં લેવામાં આવી રહ્યાં છે ત્યારે જો કોઇ પ્રદૂષણ કરે તો કડકમાં કડક દંડની પણ જોગવાઇ કરવામાં આવી છે માટે આ સારા ઉદેશથી લાવવામાં આવેલા વિધેયકની જરૂર જણાતી નથી માટે હું માનનીય સભ્યશ્રીને વિધેયકને પાછું ખેંચવા વિનંતી કરું છું.

શ્રી જયંતિભાઇ સો. પટેલ(માણસા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના સન્માનનીય સભ્યશ્રી હર્ષદભાઇ પટેલ દ્વારા ગુજરાતમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા જાહેર કચરો સળગાવવા પર પ્રતિબંધ વિધેયક-૨૦૨૩ લાવવાની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ છે તેમાં મારા વિચારો રજૂ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની પ્રજાની સુખાકારી વધે, જનતાનું સ્વાસ્થ્ય જળવાઇ રહે અને ઉત્તમ બને તથા ગુજરાત વાયુ પ્રદૂષણ મુક્ત બને તે ફક્ત પ્રશંસનીય જ નહીં અન્ય માટે પણ પ્રેરણાદાયક છે. કુદરતી વાયુ સિસ્ટમ પૃથ્વી ઉપરની જીવ સૃષ્ટિ અને પ્રાકૃતિક પર્યાવરણ માટે અતિ આવશ્યક છે. કુદરતે બનાવેલી આ વાયુ સિસ્ટમ જળવાઇ રહે, ગુજરાત વાયુ પ્રદૂષણ મુક્ત બને તે માટે ગુજરાતમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા જોહેરમાં કચરો સળગાવવા ઉપર પ્રતિબંધ વિધેયક ૨૦૨૩ લાવવાની જે દરખાસ્ત તેમના દ્વારા સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે અને તેમાં કરવામાં આવેલ ચિંતાઓ સરાહનીય છે, તેમજ તેના ઉકેલ માટે પગલાં લેવાય તે રાજયની પ્રજાના હિતમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે ગુજરાત રાજયએ પ્રગતિ અને વિકાસના ઉચ્ચત્તમ શિખરો સર કર્યા છે. માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં ગુજરાત રાજયએ અનેક પહેલ કરી છે. વધુમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે રાજયના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તાર સ્વચ્છ તેમજ સુઘડ બને તે બાબતે વિશેષ ભાર મૂક્યો છે. તેમજ તે માટે ગુજરાત સરકારે નીતિવિષયક નિર્ણયો પણ લીધાલા છે, તેમ છતાં આજે પણ રાજયના ઘણાં વિસ્તારોમાં સાર્વજનિક સ્થળોએ ઘન કચરાને ખુલ્લામાં ફેંકવાની તેમજ ઘન કચરાને સળગાવવાની ઘટનાઓ જોવા મળે છે. જો કે ભારત સરકારના વન, પર્યાવરણ અને જળવાયુ મંત્રાલય દ્વારા જોહેરનામા મારફતે ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ તા.૮-૦૪-૨૦૧૬થી અમલમાં મૂકેલ છે. જેના નિયમ ૧૫ મુજબ દરેક સ્થાનિક સત્તામંડળ અને ગ્રામ પંચાયતની જવાબદારી નક્કી કરેલ છે. જે મુજબ ઘન કચરાને જરૂરિયાત મુજબ છૂટો પાડવા અલગ અલગ ઠેકાણેથી ભેગો કરવા, સંગ્રહ કરવા, નિયત સ્થળે લાવવા-લઇ જવા માટે પરિવહન કરવા, પ્રોસેસિંગ કરવા અને આખરી નિકાલ કરવા, ઘન કચરાના વ્યવસ્થાપનની પદ્ધતિ ઊભી કરવા તથા ઘન કચરાને ખુલ્લી જગ્યામાં ન સળગાવાય તે સુનિશ્ચિત કરવાની ફરજ પણ સ્થાનિક સંસ્થાઓ તથા ગ્રામ પંચાયતને સોંપેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૧૬ના નિયમ-૪માં દરેક વેસ્ટ ઉત્પન્ન કરનારની જવાબદારી નક્કી કરવામાં આવેલ છે, જે મુજબ ઉત્પન્ન કરેલ કચરો તેને ઉપાડનાર અથવા એકત્રિત કરનારને વર્ગીકરણ કરી વિભાજિત કરેલ કચરો આપવા માટે વિનંતી પણ કરેલ છે. કોઇ પણ કચરો પેદા કરનાર, તેને ઉત્પન્ન કરેલ ઘન કચરાને શેરીઓ, પોતાની જગ્યાની બહારની ખુલ્લી જગ્યાઓમાં અથવા ગટર કે જળાશયોમાં ફેંકી, બાળી કે દાટી શકશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ બજેટ સત્ર સમાપ્તિ તરફ છે, ત્યારે મા જગદંબાની ચૈત્રી નવરાત્રિનો સાતમો દિવસ છે, ત્યારે મારે અમારા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી અને તેમની આગેવાનીમાં સમગ્ર ૧૫૬ પ્રજા સેવકોની ટીમ દ્વારા ગુજરાતની જનતાના વિકાસમાં કોઇ પણ કામ બાકી ન રહે તેવી મા જગદંબાને આપ સૌ ધારાસભ્યો વતી પ્રાર્થના કરું છું અને સૌને શકિત પ્રદાન કરે એવી મા જગદંબાને વિનંતી પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પવિત્ર ભારત ભૂમિના આસ્થાના કેન્દ્રો કે જેને આક્રમણકારીઓએ ધ્વંશ કરેલ તે આસ્થાના કેન્દ્રોને પુનઃજીવિત કરનાર અને ઇતિહાસમાં કયાંય પણ જેનું નામ નથી તેવા ભારત ભૂમિની રક્ષા કાજે પોતાના જીવની આહુતિ આપનાર સ્વતંત્ર સેનાનીઓ, શહીદવીરોના સાચા ઇતિહાસની ઓળખ આપનાર સ્વચ્છ ભારત અભિયાનના પ્રણેતા મા જગદંબા, દાદા કેદારનાથ, કાશી વિશ્વનાથ, મહાકાલેશ્વરના ઉપાસક અને અયોધ્યામાં રામ મંદિરના પ્રણેતા રામ ભકત એવા અમારા હૃદયસમા ઋષિ પુરુષ આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદીની આ હાર્ડ યુનિવર્સિટીના અમે વિદ્યાર્થીઓ છીએ. મા જગદંબાના પ્રસાદનું બહાનું લઇ બે દિવસ પહેલાં આ ગૃહનો ત્યાગ કરીને ગયા ત્યારે મારે કહેવું છે કે, કોઇ મંદિરનો જીર્ણોદ્ધાર તમે કર્યો હોય તો એ બતાવી શકે છે. રામ મંદિર ન બને તેના માટે વકીલો પણ તેમણે રોકયા હતા અને ખાલી મા જગદંબાના આ સુવર્ણમંદિર જેવું આપણું મા જગદંબાનું મંદિર બન્યું છે અને એ અંબાજી માતાની અંદર ૫૨(બાવન) શકિતપીઠોની રચના કરી છે અને અમારી સરકાર તો એક નહીં બે-બે પ્રસાદ આપવાવાળી સરકાર છે. આ તો એક બહાનું બતાવી એ લોકોએ જે ગૃહત્યાગ કર્યો હતો એ પણ આ ચૈત્રી નવરાત્રિની અંદર કર્યો હતો એ પણ તેમનો વિરોધ દેખાઇ આવતો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, આમ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ અને પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬માં માનનીય ધારાસભ્યશ્રી હર્ષદભાઇ પટેલ દ્વારા રજૂ કરાયેલ બિન સરકારી વિધેયક ગુજરાતમાં નાગરિકો અને સફાઇ

કામદારો દ્વારા જાહેરમાં કચરો સળગાવવા પર પ્રતિબંધ વિધેયક-૨૦૨૩ની જોગવાઇઓનો સમાવેશ થઇ જાય છે. જેથી માનનીય ધારાસભ્યશ્રી હર્ષદભાઇ પટેલ દ્વારા રજૂ કરાયેલ સદર બિન સરકારી વિધેયકની જરૂરિયાત જણાતી નથી. એક કવિએ કહ્યું છે કે,

**हमने प्रकृति से नाता तोडा है, हवाओं में भी खूब ज़हर छोडा है,**
**इसका ठीकरा दूसरे के सर पर फोडा है, वायु प्रदूषण ऐसे ही बढ़ेगा**
**तो आनेवाले वक्त में, हवा भी बिकने लगेगी,**
**सोचो हमने अपना और अपनी भावि पेढ़ी का कितना नुकसान किया है।**

માનનીય અધ્યક્ષશ્રી, જે શ્રી હર્ષદભાઇ વિધેયક લઇને આવ્યા છે તેના માટે જે રૂલ્સ-૨૦૧૬નું વિધેયક છે તેમાં બધી જોગવાઇઓ છે તો આ બિન સરકારી વિધેયકની જરૂરિયાત જણાતી નથી તે માટે મારા વિચારો રજૂ કરું છું.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ (રાજયકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના માનનીય ધારાસભ્યશ્રી હર્ષદભાઇ પટેલ દ્વારા ગુજરાતમાં જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબતનું વિધેયક ક્રમાંક-૧૧ સન-૨૦૨૩ જે લઇને આવ્યા છે ત્યારે આ વિધેયકનો મૂળ ઉદ્દેશ ખુલ્લામાં કચરો બાળવાના તથા હવા પ્રદૂષણ, જમીન પ્રદૂષણ અને તેની લોકો ઉપર થતી આડ અસર અટકાવવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સદીઓથી સ્વચ્છતાના ખ્યાલને રાખીને આપણે વરીએ છીએ. પરમ પૂજ્ય વંદનીયશ્રી પ્રમુખ સ્વામી મહારાજ પણ આ સ્વચ્છતાના હિમાયતી હતા. અત્યારે હાલમાં અમદાવાદ ખાતે પ્રમુખ સ્વામી મહારાજનો શતાબ્દી અવસર જયારે હતો ત્યારે લાખો લોકો તે ઉત્સવની અંદર આવ્યા હતા ત્યારે આપણે તેમાંથી શીખ લેવાની જરૂર છે કે એક પણ કચરો કયાંય કોઇ ભકતો દ્વારા કે કોઇ પબ્લિક દ્વારા આટલી મોટી જગ્યામાં દેખાયો નહીં. એ જ રીતે મને બરાબર ખ્યાલ છે કે જયારે ભરૂચમાં પશુમેળો કર્યો હતો ત્યારે એ પશુમેળામાં દેશના વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ ગાયનું ઓપરેશન એમની નજર સામે કરાવ્યું હતું. એ ઓપરેશનમાં ગાયના પેટમાંથી લગભગ ૩૦થી ૪૦ કિલો જેટલી પ્લાસ્ટિકની કોથળીઓ બહાર કાઢવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા શહેરો, નગરો અને ગામડાઓમાં ઊભરાતાં ઘન કચરાના નિકાલ માટે વર્ષ ૨૦૦૦માં મ્યુનિસિપલ સૉલિડ વૅસ્ટ મેનેજમેન્ટ હેન્ડલિંગ રુલ્સ, ૨૦૦૦ અમલમાં મૂકવામાં આવ્યા છે. ભારત સરકારના પર્યાવરણ અને ક્લાયમેટ ચેન્જ મંત્રાલય દ્વારા સૉલિડ વૅસ્ટ મેનેજમેન્ટ રુલ્સ, ૨૦૧૬ જાહેરનામા મારફત તા.૮/૪/૨૦૧૬થી અમલમાં મૂક્યો છે. સૉલિડ વૅસ્ટ મેનેજમેન્ટ રુલ્સ, ૨૦૧૬ના નિયમ - ૧૫માં દરેક લોકલ ઓથોરિટી અને ગ્રામ પંચાયતની જવાબદારી નક્કી કરેલ છે. જેના નિયમ-૧૫ (ક) મુજબ ઘન કચરાને જરૂરિયાત મુજબ છૂટો પાડવો, ઠેકાણે-ઠેકાણે ભેગો કરવો, સ્ટોર કરવો, નિયત સ્થળે લાવવા-લઇ જવા, પ્રોસેસિંગ કરવા અને આખરી નિકાલ કરવા તથા ઘન કચરાને ખુલ્લી જગ્યામાં ન સળગાવવાની તમામ જોગવાઇ વર્ષ ૨૦૧૬ના અધિનિયમમાં કરવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

નિયમમાં કચરો પેદા કરનારને તેણે ઉત્પન્ન કરેલ ઘન કચરાને શેરીઓ, પોતાની બહારની ખુલ્લી જગ્યાઓ અથવા ગટર કે જળાશયોમાં ફેંકવા, બાળવા અને દાટવા પર પ્રતિબંધ છે. આપણે કચરો બાળવા માટે નહિ પણ જમીનમાં દાટે એના માટે પણ જોગવાઇ કરી છે. સૉલિડ વૅસ્ટ મેનેજમેન્ટ રુલ્સ, ૨૦૧૬માં નિયમ - ૧૫(ઇ) અંતર્ગત તમામ સ્થાનિક સત્તામંડળ દ્વારા પેટા કાનૂન પણ પસાર કરવામાં આવ્યો છે. આ કાયદો તો બનાવ્યો પણ ત્યાંની સ્થાનિક સ્વરાજની સંસ્થાને પણ પેટા કાયદો ઘડવા માટેની સત્તા આપી છે. મહાનગરપાલિકા હોય કે નગરપાલિકા હોય તો એ લોકોએ પણ પેટા કાયદો ઘડ્યો છે. એટલું જ નહિ આ કાયદો ઘડાયા પછી વર્ષ ૨૦૧૮થી ૨૦૨૨ સુધી બોર્ડ દ્વારા લગભગ ૧૭૭ જેટલા નોટિસ ઓફ ડાયરેક્શન અને ૪૧ જેટલી કાયદાકીય નોટિસ આપવામાં આવી છે. આ ઉપરાંત પ્લાસ્ટિક વૅસ્ટનું પ્રદૂષણ અટકાવવા/નિયંત્રણ કરવા માટે પર્યાવરણ સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ અંતર્ગત સૉલિડ વૅસ્ટ મેનેજમેન્ટ રુલ્સ, ૨૦૧૬ તથા પ્લાસ્ટિક વૅસ્ટ મેનેજમેન્ટ રુલ્સ, ૨૦૧૬ લાગુ પાડવામાં આવ્યા છે. નિયમોની અમલવારી સ્થાનિક સત્તામંડળ અને ગુજરાત પ્રદૂષણ બોર્ડ દ્વારા પણ થાય છે. પ્લાસ્ટિક વૅસ્ટ મેનેજમેન્ટ રુલ્સ, ૨૦૧૬ના નિયમ-૬ અને ૭ મુજબ સ્થાનિક સત્તામંડળો તથા ગ્રામ પંચાયતની જવાબદારી પણ નક્કી કરેલ છે. એમાં કોઇ મોટી ગ્રામ પંચાયત હોય જે કચરો કરતી હોય તો આ કાયદામાં એનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પ્લાસ્ટિક વૅસ્ટ મેનેજમેન્ટ રુલ્સ, ૨૦૧૬ના નિયમ-૬ અને ૪ અંતર્ગત તમામ સ્થાનિક સત્તા મંડળ દ્વારા અલગ-અલગ કાનૂન પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. પ્લાસ્ટિક વૅસ્ટ મેનેજમેન્ટ રુલ્સ, ૨૦૧૬ અંતર્ગત નિયમ-૬, ૨(જી), ૭(સી) અન્વયે પ્લાસ્ટિક સળગાવવાની ઘટનાદીઠ રૂ.૫૦૦૦ અથવા કોઇ જથ્થાબંધ સળગાવે તો એના માટે રૂ.૨૫,૦૦૦ સુધીની દંડની જોગવાઇ પણ રાખી છે. હવાની ગુણવત્તાનો સરવે થાય એના માટે પણ આપણે ચિંતા કરી છે. અમારા સભ્ય શ્રીમતી સંગીતાબેન, સભ્યશ્રી જયંતિભાઇએ ખૂબ સરસ વાત કરી અને કાયદામાં પણ જોગવાઇ છે. ત્યારે ભારત સરકાર દ્વારા અમલી કરાયેલ કાયદા અને નિયમો ખુલ્લો કચરો બાળવાથી થતાં હવા પ્રદૂષણ, જમીન પ્રદૂષણ અટકાવવા અને તેની લોકો પર થતી આડઅસર અટકાવવા સમયસર અસરકારક નિયમન કરી શકે તેમ હોય, તેના માટે રાજ્ય સ્તરે અલગથી કોઈ નવો કાયદો

લાવવાની આવશ્યકતા જણાતી નથી. તેથી હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રી જે વિધેયક લઈને આવ્યા છે તે પાછુ ખેંચે તેવી વિનંતી કરું છું.

શ્રી હર્ષદકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય વરિષ્ઠ અને ભગિની શ્રીમતી સંગીતાબેન તેમજ સામાજિક અને રાજકીય આગેવાન વિધાયક શ્રી જે. એસ. પટેલનો હું આભાર માનું છું. મારા દ્વારા આ ગૃહમાં લાવવામાં આવેલ વિધેયક પર અનુભવી અને સાલસ માનનીય મંત્રીશ્રી દ્વારા કેટલીક સ્પષ્ટતા કદાચ મારા જાણમાં ન હતી તે મારા જાણમાં લાવવા માટે જે નમ્ર પ્રયાસ કર્યો તે બદલ હું હૃદયપૂર્વક તેમનો આભાર માનું છું અને સાથે સાથે આ દેશના સન્માનનીય વડાપ્રધાને કુંભ મેળામાં આ વાલ્મીકિ સમાજનાં સ્વચ્છતાનાં કામમાં જોડાયેલા લોકોને સમગ્ર દેશમાં સન્માન આપ્યું છે ત્યારે હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિક અને સફાઈ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક, ૨૦૨૩ પાછું ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી હર્ષદકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિક અને સફાઈ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક પાછું ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૦૪.૫૮ વાગ્યે પૂરું થતા સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૨૯મી માર્ચ, ૨૦૨૩ના રોજ સવારના ૦૯.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૨૯મી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**બુધવાર, તા.૨૯મી માર્ચ, ૨૦૨૩**

**ચૈત્ર ૮, ૧૯૪૫ શાકે**

**સભાગૃહ સવારના ૯-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : સામાન્ય રીતે, સભાગૃહમાં સૂત્રો પોકારવાની પરંપરા નથી પણ આજે છેલ્લા દિવસના ઉત્સાહમાં આપ સૌએ અલગ-અલગ સૂત્રો પોકાર્યા એ માટે મારી વિનંતી કે ફરી જ્યારે સત્ર મળે ત્યારે આપણે પ્રેમથી, હાથથી અભિવાદન કરીએ એટલું જ બરાબર છે. મુખેથી બોલવાની જરૂર હોતી નથી.

**તારાંકિત પ્રશ્નો**

**કચ્છ જિલ્લામાં રાયપનિંગ એકમ સહાય**

* ૩૧૭૨ **શ્રી પ્રવિણકુમાર માળી** (ડીસા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ફળ પકવવા માટેનું રાયપનિંગ એકમ ઉભુ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ સહાય આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા રાયપનિંગ એકમ ઉભા કરવા સહાય પેટે કુલ કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) બાગાયત ખાતા તરફથી રાયપનિંગ એકમ ઉભા કરવા નીચે મુજબ સહાય ચૂકવવામાં આવે છે.

| ક્રમ | લાભાર્થીનો પ્રકાર | વિસ્તાર | સહાય (રૂ/પ્રતિ ટન) | મહત્તમ મર્યાદા | મહત્તમ સહાય મર્યાદા |
|---|---|---|---|---|---|
| ૧ | વ્યક્તિગત લાભાર્થી | સામાન્ય | રૂ.૫૦,૦૦૦/ટન | ૩૦૦ ટન | રૂ. ૧૫૦ લાખ |
| | | આદિજાતિ વિસ્તાર | રૂ.૬૫,૦૦૦/ટન | ૩૦૦ ટન | રૂ. ૧૯૫ લાખ |
| ૨ | એપીએમસી, સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, નગરપાલિકા કે રજીસ્ટર્ડ ખેડૂત ઉત્પાદક સંગઠન | સામાન્ય | રૂ.૬૦,૦૦૦/ટન | ૩૦૦ ટન | રૂ. ૧૮૦ લાખ |
| | | આદિજાતિ વિસ્તાર | રૂ.૭૫,૦૦૦/ટન | ૩૦૦ ટન | રૂ. ૨૨૫ લાખ |

(૩) કુલ-૨ (બે) રાયપનિંગ એકમ ઉભા કરવા સહાય પેટે કુલ રૂ.૭૦,૫૦,૦૦૦/- રકમની ચૂકવણી કરવામાં આવી.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ ફળ પકવવા માટેનું રાયપનિંગ એકમ ઊભું કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય ચૂકવવામાં આવી છે કે કેમ? જો હા, તો તેને સહાય પેટે કેટલી રકમ ચૂકવવામાં આવે છે? અને કચ્છ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં રાયપનિંગ એકમો ઊભા કરવા માટે કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા વિધાનસભા સત્રનો છેલ્લો દિવસ છે અને આજે પહેલો જ પ્રશ્ન કચ્છના ખેડૂતોનો છે ત્યારે કચ્છ વિશે એક કહેવત છે કે, ''શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત, ચોમાસે વાગળ ભલો ને મુંજો કચ્છડો બારે માસ ''રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે આ રાજ્યનું સુકાન સંભાળતા હતા ત્યારે રાજ્યના બાગાયતી પાકોની વધુમાં વધુ નિકાસ થાય અને આ પાકોની ગુણવત્તા જળવાઇ રહે એ માટે બાગાયતી પાકોમાં રાયપનિંગ યોજનાનો લાભ વધુમાં વધુ ખેડૂતોને મળે એ માટે આ યોજના દાખલ કરવામાં આવી છે. બાગાયતી ખેતી કરતાં ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે, તેના દ્વારા ઉત્પાદિત થતી બાગાયતી પેદાશોનો સારો ભાવ મળી રહે, ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને સ્વાસ્થ્યને હાનિકારક કેલ્શિયમ કાર્બાઇડ જેવા તત્ત્વોથી બચાવી શકાય એ માટે આવા ફળોને રાયપનિંગ ચેમ્બરમાં પકવવામાં આવે છે. ફળ પાકો જેવા કે, કેરી, કેળા, પપૈયું વગેરેને ઝાડ પરથી ઉતાર્યા બાદ ઉપયોગ કરતાં પહેલાં કૃત્રિમ રીતે પકવવામાં આવતા હોય છે. આવા ફળ પાકને વૈજ્ઞાનિક પદ્ધતિથી પકવવા રાયપનિંગ ચેમ્બર ઊભી કરવા માટે સરકારશ્રી તરફથી સહાય આપવામાં આવે છે. આ રાયપનિંગ ચેમ્બરમાં ફળો પકવવાથી સ્વાસ્થ્યને નુકસાન થતું નથી,

ફળ એકસરખા અને વહેલાં પાકે છે, પાક્યા બાદ વજનમાં ઘટાડો થતો નથી અને એના રંગ અને સ્વાદ જળવાઈ રહે છે. આમ, આ રાયપનિંગ ચેમ્બરમાં પકવવામાં આવતા ફળો એકસરખા અને સમયસર પાકી શકતા હોવાથી બજારમાં એનો ભાવ પણ વધારે મળે છે. એના પરિણામે ખેડૂતોને આર્થિક ફાયદો પણ થાય છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી સહાય અંગે જણાવું તો, વ્યક્તિગત લાભાર્થીઓ તથા એ.પી.એમ.સી., સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, નગરપાલિકા..(વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આ બધું જવાબમાં આપેલું જ છે.

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુલ બે રાયપનિંગ એકમો ઊભા કરવા માટે આજની સ્થિતિએ રૂ.૭૦ લાખ ૫૦ હજારની સહાય ચૂકવવામાં આવી છે.

શ્રી કેશુભાઈ શિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાયપનિંગ એકમો માટે બાગાયત ખાતા દ્વારા આપવામાં આવતી સહાયનું ધોરણ શું છે? અને કઈ પદ્ધતિથી સહાય આપવામાં આવે છે?

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સહાયના ધોરણ વિશે વાત કરી છે ત્યારે એના જવાબમાં રાયપનિંગ એકમ માટે બાગાયતી ખાતા દ્વારા અપાતી સહાય અંગે જણાવું તો, આ એકમ ઊભું કરવા માટે લાભાર્થી દીઠ મહત્તમ ૩૦૦ ટન સુધી મહત્તમ રૂપિયા ૩૦૦ લાખ પ્રતિ એકમ ખર્ચને ધ્યાનમાં રાખીને સહાય ચૂકવવામાં આવે છે. સામાન્ય વિસ્તારમાં લાભાર્થીને એકમ ખર્ચના ૫૦ ટકા લેખે સહાય ચૂકવાય છે અને રૂપિયા ૧૫૦ લાખ સુધીની સહાય રૂપિયા ૩૦૦ લાખના ખર્ચ સામે મળવાપાત્ર થાય છે. સામાન્ય વિસ્તારમાં એ.પી.એમ.સી., સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, નગરપાલિકા કે રજિસ્ટર્ડ ખેડૂત ઉત્પાદક સંગઠનોને ૬૦ ટકા લેખે મહત્તમ રૂપિયા ૧૮૦ લાખ સુધીની સહાય મળવાપાત્ર થાય છે. આદિજાતિ વિસ્તારના લાભાર્થીઓને એકમ ખર્ચના ૬૫ ટકા લેખે મહત્તમ રૂપિયા ૧૯૫ લાખ સુધીની સહાય મળવાપાત્ર થાય છે. આદિજાતિ વિસ્તારમાં એ.પી.એમ.સી., સહકારી ખેડૂત સંસ્થા, જાહેર સાહસો, નગરપાલિકા કે રજિસ્ટર્ડ ખેડૂત ઉત્પાદક સંગઠનોને ૭૫ ટકા લેખે મહત્તમ રૂપિયા ૨૨૫ લાખ સુધીની સહાય આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સહાય મેળવવા માટેની પ્રક્રિયા અંગેની જે જાણકારી માગી છે તો જણાવું કે, રાયપનિંગ એકમ ઊભું કરવા તથા બાગાયતી ખાતાની સહાય મેળવવા માટે આઇ.ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઇન અરજી કરવાની રહે છે. અરજી થયા બાદ પ્રોજેક્ટ રિપોર્ટ અને બેંક લોનની વિગત સાથેના જરૂરી કાગળો સાથે જે તે જિલ્લાની નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરીમાં જમા કરાવવાના રહેશે. ત્યારબાદ, જિલ્લા કચેરીએથી જિલ્લા મિશન સમિતિમાં ચકાસણી કરી, ભલામણ સહ દરખાસ્તો રાજ્યકક્ષાએ રજૂ કરવામાં આવે છે. ત્યારબાદ, રાજ્યકક્ષાની સમિતિ દ્વારા લાભાર્થીની અરજી મંજૂર કરવામાં આવે છે. અરજી મંજૂર કર્યા બાદ પ્રોજેક્ટની કામગીરી પૂર્ણ થયેથી લાભાર્થી દ્વારા જરૂરી સાધનિક કાગળો અને બિલો રજૂ કર્યા બાદ સંયુકત સ્થળ ચકાસણી કરવામાં આવે છે. સંયુકત સ્થળ ચકાસણી સમિતિના રિપોર્ટના આધારે લાભાર્થીના સબસિડી રિઝર્વ ફંડ ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરથી સહાયની રકમ જમા કરાવવામાં આવે છે.

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાયપનિંગ એકમ ઊભું કરી બાગાયતી ખાતાની સહાય મેળવવા માટેની અરજીની પ્રક્રિયા શું છે? અને અરજી કઈ રીતે મંજૂર કરી સહાય ચૂકવવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, અરજીની પ્રક્રિયા તો આપે જણાવી દીધી છે. હવે સહાય પૂરતો બાકીનો પ્રશ્ન છે.

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અરજીની પ્રક્રિયા અને સહાય મંજૂર કરવાની સમગ્ર પ્રક્રિયાનું વર્ણન મેં માનનીય સભ્યશ્રીઓના જાણ અર્થે કર્યું છે. છતાં પણ માનનીય સભ્યશ્રીને જો વધારે જાણકારી જોઈતી હોય તો આપું. રાયપનિંગ એકમ ઊભું કરવા અને બાગાયત ખાતાની સહાય મેળવવા માટે આઈ-ખેડૂત પોર્ટલ ઉપર ઓનલાઇન અરજી કરવાની રહે છે. અરજી કર્યા બાદ પ્રોજેક્ટ રિપોર્ટ બેંક લોનની વિગતો સાથેના જરૂરી કાગળો સાથે જે તે જિલ્લાની નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરીમાં જમા કરાવવાનું રહે છે. ત્યાર બાદ જિલ્લા કચેરીએથી જિલ્લા મિશન સમિતિમાં ચકાસણી કરી ભલામણ દરખાસ્ત રાજ્ય સરકારને રજૂ કરવામાં આવે છે અને રાજ્ય કક્ષાની સમિતિ દ્વારા લાભાર્થીને અરજી મંજૂર કરવામાં આવે છે અને અરજી મંજૂર થઈ અને પ્રોજેક્ટની કામગીરી પૂર્ણ થયેથી લાભાર્થી દ્વારા જરૂરી સાધનિક કાગળો અને બિલો રજૂ કર્યા બાદ સંયુકત સ્થળની ચકાસણી કરવામાં આવે છે અને ચકાસણીના રિપોર્ટના આધારે લાભાર્થીના ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરથી સહાયની રકમ જમા કરવામાં આવે છે.

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળા**

*૩૨૮૪ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા નથી, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | કોમ્પ્યુટર લેબની સુવિધા ન હોય તેવી શાળાઓની સંખ્યા | વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા ન હોય તેવી શાળાઓની સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| જામનગર | ૪૯૦ | ૫૦૬ |
| દેવભૂમિ દ્વારકા | ૩૩૭ | ૩૭૯ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં ક્યાં સુધીમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળાની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે ?

(૨) જેમ બને તેમ ઝડપથી.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આજની ૨૧મી સદીના આ ડિજિટલ યુગમાં જયારે આપણે ડિજિટલ ઇન્ડિયા અને પેપરલેશ ઇન્ડિયાની વાતો કરતા હોઇએ ત્યારે બહું દુ:ખ સાથે કહેવું પડે છે કે, જામનગર જિલ્લાની ૪૯૦ શાળાઓમાં કમ્પ્યુટર લેબ નથી અને ૫૦૬ જેટલી શાળાઓમાં વિજ્ઞાન પ્રયોગશાળા નથી. તો હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, આ શાળાઓમાં વહેલામાં વહેલી તકે કમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળા ઉપલબ્ધ કરાવવામાં આવે અને મારો પ્રશ્ન એ છે કે, મારા મત વિસ્તારમાં ૨૫૩ જેટલી શાળાઓ પૈકી માત્ર ૧૦ શાળાઓમાં જ સ્માર્ટ ક્લાસ છે. તો ત્યાં સ્માર્ટ ક્લાસની સુવિધાઓ ઊભી કરવા માગો છો કે કેમ? અને અગાઉ શાળાઓમાં જે કમ્પ્યુટર આપ્યા હતા હાલમાં એ આઉટડેટ અને ખરાબ થઇ ગયા હોઇ, આવી શાળાઓને નવા કમ્પ્યુટર આપવા માગો છો કે કેમ?

ડૉ. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા વિધાનસભા સત્રનો છેલ્લો દિવસ છે. બધા મિત્રોએ સરસ ભાગ લીધો. બધાને અભિનંદન. સાથોસાથ આપણી એચ.એસ.સી. અને એસ.એસ.સી. ની એકઝામ પણ આજે પૂરી થાય છે. તેનો પણ આજે છેલ્લો દિવસ છે. પરીક્ષા સાથે સંકળાયેલ મારા બોર્ડના કર્મચારી અધિકારી મિત્રો, પટ્ટાવાળાથી લઇ અધિકારીઓ સુધી, અમારું પોલીસ તંત્ર અને આપણા કલેક્ટર તથા વહીવટી તંત્ર તમામે સુચારુ રીતે પરીક્ષા પૂર્ણ કરી છે. એ તમામને હું ગૃહના માધ્યમથી અભિનંદન પાઠવું છું. સાથે સાથે...

અધ્યક્ષશ્રી : મારી પરીક્ષા પણ આજે પૂરી થઇ.

ડૉ. કુબેરભાઇ ડીંડોર : હા, જી. આપણી પણ પરીક્ષા પૂરી થાય છે.

અધ્યક્ષશ્રી : સારું.

ડૉ. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સરસ પ્રશ્ન પૂછ્યો, પણ મને કહેતા એ બાબતનું દુ:ખ છે કે અમે જયારે ભણ્યા ત્યારે આ કમ્પ્યુટર લેબ અને ગણિત વિજ્ઞાનની લેબથી અમે વંચિત રહ્યા તેનું દુ:ખ છે, પણ સરસ એવી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને દેશના સન્માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું વિઝન અને મિશન એ છે કે આપણું ઇન્ડિયા ડિજિટાઇઝ બને. એ દિશામાં આપણું ઇન્ડિયા આગળ વધે, એવું આપણા માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબનું સ્વપ્ન છે. એ સ્વપ્ન સાકાર કરવા માટે આપણી સરકાર કટિબદ્ધ છે. મને કહેતા એ બાબતનો આનંદ છે કે ૨૬ તારીખે આપણા દેશ માટે ગૌરવશાળી ઘટના બની. ઇસરો દ્વારા ૨૬ સેટેલાઇટ સ્ટેશન લોન્ચ કરવામાં આવ્યા અને તમામે તમામ સફળ રહ્યા. એ સફળતા નીચે સુધી જાય એના માટેના પ્રયત્નો છે. આજે આપણો જે વિદ્યાર્થી ૧થી ૮ ધોરણમાં ભણે છે, તેનામાં પણ સ્કિલ છે. નવું સંશોધન કરવાની તેનામાં પણ શક્તિ છે. તેનામાં જે ઇનોવેશન છે, તેને બહાર લાવવા માટે ગણિત વિજ્ઞાન પ્રદર્શન જેવા કાર્યક્રમો કરવામાં આવે છે. સન્માનનીય સભ્યશ્રીએ જામનગરની બાબત પૂછી છે કે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કમ્પ્યુટર લેબ અને વિજ્ઞાનની પ્રયોગશાળા અને એનું આયોજન શું છે? માનનીય અધ્યક્ષશ્રી, કુલ શાળાઓની સંખ્યા ૫૯૮ છે. એમાં કમ્પ્યુટર લેબ ધરાવતી શાળાઓ ૧૦૮ છે. ૧૦૮ શાળાઓમાં આપણે એ વ્યવસ્થા પૂરી કરી શક્યા છીએ. ધારાધોરણ પ્રમાણે ઉચ્ચ પ્રાથમિક ૬થી ૮ ધોરણ ધરાવતી શાળાઓમાં કમ્પ્યુટર લેબ આપવાપાત્ર છે. જે મુજબ બાકીની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં કમ્પ્યુટર લેબ વિકસાવવા માટે ટેન્ડર પ્રક્રિયા પ્રગતિમાં છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ શાળાઓની સંખ્યા ૩૮૪ છે. કુલ કમ્પ્યુટર લેબ ધરાવતી શાળાઓની સંખ્યા ૪૭ છે. ધારાધોરણ પ્રમાણે ઉચ્ચ પ્રાથમિક ધોરણ ૬થી ૮ ધરાવતી શાળાઓમાં કમ્પ્યુટર લેબ આપવાપાત્ર છે. જે મુજબ બાકીની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં કમ્પ્યુટર લેબ વિકસાવવા માટેની ટેન્ડર પ્રક્રિયા પ્રગતિમાં છે. આવનારા સમયમાં એ આપણે પૂર્ણ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે એમણે જે પૂછ્યું કે વિજ્ઞાનની લેબ આપવા માટે શું આયોજન છે? તે આયોજનમાં સમગ્ર શિક્ષા દ્વારા સરકારી શાળાઓના વિદ્યાર્થીઓમાં વ્યવહારુ કૌશલ્ય વિકસાવવા અને વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણ ખીલવવા માટે ગણિત વિજ્ઞાન લેબ સ્થાપવામાં આવે છે. આ લેબમાં વિદ્યાર્થીઓ જાતે પ્રવૃત્તિઓ દ્વારા અનુભવ મેળવે છે અને તેઓ ગણિત વિજ્ઞાનના પુસ્તકમાં અભ્યાસ કરેલ વિવિધ ખ્યાલો વિશે તેમની વૈજ્ઞાનિક સમજ કેળવે છે. આ લેબ દ્વારા, આ લેબો જે આપણે સ્થાપીએ છીએ. આ લેબ દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા માટે પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે છે અને આ લેબમાં વિજ્ઞાન અને ગણિતની કિટ, નિદર્શન સામગ્રી, મોડેલ, ચાર્ટ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. વિદ્યાર્થીઓ દ્વારા વિચારને આકાર આપવા માટે કેટલીક સ્થાનિક ઉપલબ્ધ સામગ્રી પ્રદાન કરવામાં આવે છે. જેનો વિષય શિક્ષક દ્વારા ટીચિંગ, લર્નિંગ મટિરિયલ ટી.એલ.એમ. તરીકે ઉપયોગ કરવામાં આવે છે. સાથોસાથ માનનીય સભ્યશ્રીએ આયોજનની વાત કરી છે. સમગ્ર શિક્ષણ કચેરી દ્વારા સન ૨૦૨૧માં રાજયની ૭૮૦ પ્રાથમિક શાળાઓમાં ગણિત વિજ્ઞાનની લેબ આપવામાં આવેલ છે અને હાલમાં સ્કૂલ ઓફ એક્સલન્સ અંતર્ગત ૧ હજાર સરકારી પ્રાથમિક શાળાઓમાં ગણિત વિજ્ઞાનની લેબ આપવા અંગેની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. સાથે સાથે બાકી રહેલ શાળાઓ જામનગર અને આપણા ગુજરાતમાં સમગ્ર શિક્ષા કચેરી દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧માં...

અધ્યક્ષશ્રી : આખા રાજયનો પ્રશ્ન છે. જામનગરમાં પણ કમ્પ્યુટર નથી, ત્યાં કમ્પ્યુટરો કયારે પૂરા પાડવામાં આવશે અને એમણે ગણિતની લેબનું કહ્યું નથી. વિજ્ઞાન અને કમ્પ્યુટર લેબની માગણી છે. આ બે પૂરતું છે. બેમાં જેટલી માહિતી હોય એટલી આપ આપો.

ડો. કુબેરભાઇ ડીંડોર : સામાન્ય રીતે પ્રાથમિક શાળાઓમાં અલગ વિજ્ઞાન પ્રયોગશાળા આપવામાં આવતી નથી, પણ શિક્ષક જેટલા વર્ગખંડો હોય છે. વિજ્ઞાન વિષયને લગતા પાઠ્યક્રમ આધારિત અને જે સંદર્ભ માટે જરૂરી હોય એવા ઉપકરણો સાધનો સહિત કલાસમાં લેબ સેટ કરી આપવામાં આવે છે. સરકારી પ્રાથમિક શાળાઓમાં સ્ટેમલેબ અને પ્રાયમરી લર્નિંગ બાય સ્ટીમ્યુલેશન તેમજ સરકારી માધ્યમિક શાળાઓમાં સ્ટેમ લેબ ઓફ સેકન્ડરી પૂરી પાડવામાં આવે છે અને જે બાકી છે તેને આવનારા સમયમાં આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે શાળા કક્ષાએ ઇન્ટરનેટ કનેક્ટિવિટી માટે સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવેલ છે?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આ મહત્ત્વનો પ્રશ્ન છે. લેબ તો આપણે સ્થાપિત કરીએ પણ ઇન્ટરનેટ કનેક્ટિવિટી પણ જરૂરી હોય છે. રાજ્યની ૩૦,૫૦૦થી વધુ સરકારી પ્રાથમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને સ્થાનિક પરિસ્થિતિ મુજબ ઉપલબ્ધ ઇન્ટરનેટ કનેક્ટિવિટીથી જોડી દેવામાં આવેલ છે. આ માટે દરેક શાળાને વાર્ષિક રૂ.૬,૦૦૦ લેખે ગ્રાન્ટ પણ આપવામાં આવે છે. જ્યારે જ્ઞાનકુંજ સ્માર્ટ કલાસ ધરાવતી દરેક શાળાને વાર્ષિક રૂ.૧૦,૦૦૦ લેખે ગ્રાન્ટ પણ આપવામાં આવે છે. હાલમાં શાળાઓને ભારત નેટ પ્રોજેક્ટ અંતર્ગત બી.એસ.એન.એલ. અને ગુજરાત ફાઇબર ગ્રેડ નેટવર્ક લિમિટેડ, જી.એફ.જી.એન.એલ. દ્વારા ફાઇબર ઇન્ટરનેટ કનેક્ટિવિટીથી જોડવાની કામગીરી પ્રગતિમાં છે. ૫,૦૦૦થી વધુ શાળાઓને ભારત નેટ પ્રોજેક્ટ અંતર્ગત ફાઇબર ઇન્ટરનેટ કનેક્ટિવિટીથી જોડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. શાળાઓને ભારત નેટ પ્રોજેક્ટ અંતર્ગત ફાઇબર ઇન્ટરનેટ કનેક્ટિવિટીથી ૧૦૦ એમ.બી.પી.એસ. સુધીની સ્પીડ પણ મળશે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, 'સૌ ભણે સૌ આગળ વધે ' એ સૂત્રને સાર્થક કરતી આપણી રાજ્ય સરકારના આદરણીય મંત્રી પાસેથી હું જાણવા માગું છું કે રાજ્યમાં ટેક્નોલોજીની મદદથી કમ્પ્યુટર લેબ માટે કયા સાધનો આપવામાં આવે છે? લેબદીઠ કેટલો ખર્ચ કરવામાં આવે છે અને આ શિક્ષણકાર્ય માટે કયા કયા પગલાં લેવામાં આવ્યાં?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આપણાં ગૃહના તમામ સભ્યશ્રીઓને જાણકારી મળે તે માટે કમ્પ્યુટર લેબમાં શાળા દીઠ ૧૫ નંગ કમ્પ્યુટર નેટવર્કીંગ સાથે જોડવામાં આવે છે. ૧૫ નંગ કમ્પ્યુટર ટેબલ તેમને આપવામાં આવે છે. ૩૦ નંગ ખુરશીઓ ફાળવવામાં આવે છે. જે માટે લેબદીઠ રૂ. ૬,૫૦,૦૦૦ જેટલો ખર્ચ કરવામાં આવે છે. ઇન્ફર્મેશન એન્ડ ટેક્નોલોજી આઇ.સી.ટી.ને સામાજિક પરિવર્તન અને રાષ્ટ્રિય પ્રગતિ માટે વૈશ્વિકરૂપે સ્વીકારવામાં આવેલ છે. કમ્પ્યુટર એડેડ લર્નિંગ મારફત વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તરને સુધારવા માટે, કમ્પ્યુટર શિક્ષણ પ્રદાન કરવા માટે રાજ્યમાં કાર્યરત વધુ સરકારી પ્રાથમિક શાળાઓમાં ડિજિટલ ઇન્ડિયાના સ્વપ્નદ્રષ્ટાની પ્રેરણા થકી ગુજરાત સરકાર દ્વારા ડિજિટલ માધ્યમથી શિક્ષણ ક્ષેત્રે અવનવી પહેલ હાથ ધરાયેલ છે. જે પૈકી મુખ્ય બાબતો નીચે મુજબ છે. આ શિક્ષણ કાર્ય માટે કયા કયા પગલાં લેવામાં આવ્યાં છે એવું માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે, તેમાં મને કહેતા એ બાબતનો આનંદ છે કે પ્રાઇમરી લેવલનાં જે બાળકો છે તેમના માટે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ આપણે અમલમાં મૂકયો છે. જેમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા રાજ્યની ૫,૨૬૮ સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧૫,૧૭૩ વર્ગખંડોમાં સ્માર્ટ ક્લાસનો વિકાસ કરવામાં આવેલ છે અને ૧૬,૦૦૦થી વધુ શાળાઓમાં કુલ ૫૩,૪૩૭ સ્માર્ટ ક્લાસના વિકાસ માટે કામગીરી પ્રગતિ હેઠળ છે. બાકીની શાળાઓમાં સ્માર્ટ ક્લાસ વિકસાવવા માટે કુલ ૩૫,૦૦૦ સ્માર્ટ ક્લાસ માટેની ટેન્ડર પ્રક્રિયા હાલ પ્રગતિમાં છે. સેકન્ડ સ્ટેજ છે તેમાં ઇ-કન્ટેન્ટ દ્વારા શિક્ષણ. ધોરણ ૧થી ૧૨ના વિજ્ઞાન અને વાણિજ્ય પ્રવાહ સહિતના તમામ વિષયો માટે ઇ-કન્ટેન્ટ, ૧૦૦ વિષયો અને ૧૫૦૦ જેટલા પ્રકરણો તેમાં સામેલ કરવામાં આવ્યા છે. લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ-એલ.એમ.એસ., જી-શાલા, ગુજરાત સ્ટુડન્ટ હોલિસ્ટિક એડેપ્ટીવ લર્નિંગ એપનું અમલીકરણ કરવામાં આવેલ છે. ઇન્ટ્રેક્ટિવિટી પ્રાયોગિક સિમ્યુલેશન અને સ્વતંત્ર રીતે સ્વઅધ્યયન તેમજ સ્વમૂલ્યાંકનની સાથે સાથે પોતાની શૈક્ષણિક પ્રગતિની સમીક્ષા કરી તેમાં સુધારો કરવાની પૂરતી તકો જી-શાલા એપના ઉપયોગ માટે ૩૦ લાખથી વધુ શિક્ષક/વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરેલ છે. ઇન્ટરનેટ કનેક્ટિવિટી પણ તેમાં આપવામાં આવેલ છે. જેમાં રાજ્યની ૩૦,૫૦૦થી વધુ સરકારી પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સ્થાનિક પરિસ્થિતિ મુજબ ઉપલબ્ધ ઇન્ટરનેટ કનેક્ટિવિટીથી જોડી દેવામાં આવેલ છે. એને માટે દરેક શાળાઓને વાર્ષિક ફંડ પણ આપવામાં આવે છે. કમ્પ્યુટર લેબ-રાજયની ૪૬૭ સરકારી માધ્યમિક શાળાઓમાં કમ્પ્યુટર લેબ વિકસાવવામાં આવેલ છે. સાથેસાથે ઓનલાઇન અને ડિજિટલ માધ્યમથી શિક્ષણ પણ આપવામાં આવે છે. કોવિડ-કોરોનાની મહામારીમાં લર્નિંગ લોસ શિક્ષણ વિભાગને થયો છે. એના માટે આપણા બાયસેગના માધ્યમથી વિદ્યાર્થીઓનો અભ્યાસ ના બગડે એના માટેની વ્યવસ્થા પણ ઓનલાઇન અને ડિજિટલ માધ્યમથી કરવામાં આવી હતી, એમાં ધો.૩થી ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા ઘરેથી વોટસએપ આધારિત સ્વઅભ્યાસ જેવા વિદ્યાર્થી પ્રગતિનું સ્વસંચાલિત મૂલ્યાંકન, સ્વઅભ્યાસ, સમજણ અને તેના પ્રભાવના આધારે વિદ્યાર્થીઓને મોકલવામાં આવતી ઉચ્ચારાત્મક વીડિયો લિંક, અત્યાર સુધીમાં ૩૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ સ્વમૂલ્યાંકન અભ્યાસમાં ભાગ લીધેલ છે અને કોરોનાના સમયમાં વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય ચાલુ રહે તે માટે ગુજરાત

સરકારશ્રી, શિક્ષણ વિભાગ દ્વારા કરાયેલ હોમ લર્નિંગ ધો.૧થી ૧૨ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવેલ પ્રયાસો અને ગુજરાત વર્ચ્યુઅલ શાળા અંતર્ગત શરૂ કરવામાં આવેલ લાઇવ વર્ચ્યુઅલ કલાસ જેવા પ્રયાસોને અનુસંધાને ગુજરાત શાળા શિક્ષણ પરિષદ સમગ્ર શિક્ષા દ્વારા શરૂ કરવામાં આવેલ છે. ઓનલાઇન પ્લેટફોર્મ સોસાયટી-માઇક્રોસોફ્ટ ટીમ્સ પ્લેટફોર્મના ઉપયોગમાં...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપે જે જવાબ આપ્યો છે એમાં છેલ્લે એક લાઇનમાં કહી શકાય કે ફાઇબર કનેક્ટિવિટી હન્ડ્રેડ પર્સન્ટ હશે તો ડિસ્ટન્સ લર્નિંગ માટે વર્લ્ડ બેસ્ટ ટીચર્સ લાવીને આપણે ત્યાં આગળ કામ કરી શકીશું. મને લાગે છે કે આમાં બધું આવી જાય અને એ રસ્તા ઉપર ગુજરાત સરકાર આગળ વધી રહી છે, અભિનંદન. ફાઇબર કનેક્ટિવિટી હન્ડ્રેડ પર્સન્ટ થઇ જાય તો બહુ મોટી ક્રાંતિકારી ઘટના આખા રાજ્યની અંદર પ્રસ્થાપિત થશે.

**નર્મદા જિલ્લામાં પપૈયાના વાવેતર માટે પ્રોત્સાહન બાબત**

* ૩૧૭૪ **ડૉ. દર્શના દેશમુખ** (નાંદોદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને પપૈયાના વાવેતર માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પપૈયાના વાવેતર માટે વર્ષ ૨૦૨૨-૨૩માં નર્મદા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) કુલ-૩૩૨ લાભાર્થીઓને કુલ રૂ. ૧,૦૯,૪૩,૩૯૧/- ની સહાય ચૂકવવામાં આવી. |

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં સન ૨૦૨૨-૨૩માં પપૈયા પાકમાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી છે અને બીજો પ્રશ્ન એ છે કે નર્મદા જિલ્લામાં મુખ્યત્ત્વે કયા ફળ પાકોનું વાવેતર થાય છે એ આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં બાગાયતી પાકોનું મહત્ત્વ દિનપ્રતિદિન વધતું જાય છે અને ખેડૂતોનું વલણ પણ આવા પાકો વાવવા તરફનું વધતું જાય છે અને એનું કારણ છે કે ખેડૂતોને એમાં આર્થિક વળતર પણ સારું મળે છે. જેથી બાગાયતી પાકોના વિકાસમાં ફળોની માંગ દિન-પ્રતિદિન વધતી જાય છે તેમજ વધતી વસ્તીને પોષણક્ષમ આહાર આપવા માટે ફળોનું ઉત્પાદન વધારવું પણ ખૂબ જ જરૂરી છે. રાજયમાં પપૈયા પાકોનું વાવેતર કરવા માટેની સહાયની યોજના વર્ષ ૨૦૧૦-૧૧થી અમલમાં છે. પપૈયા પાકોનું વાવેતર રાજયમાં કુલ ૧૮,૧૨૧ હેકટર જેટલા વિસ્તારમાં થાય છે. આ વાવેતર મુખ્યત્ત્વે કચ્છ, તાપી, વડોદરા, અરવલ્લી, બનાસકાંઠા, છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં પપૈયા પાકનું વાવેતર થાય છે. પપૈયા પાકનું નવું વાવેતર કરતા તમામ ખેડૂત ખાતેદારોને જીવંત વાવેતર ઉપર સહાય આપવામાં આવે છે. સહાય પણ પ્રતિ હેકટર ૬૦ હજાર રૂપિયા ખર્ચ ધ્યાને લઇ સરકાર ૩૦ હજાર રૂપિયા લેખે હેકટરદીઠ સહાય આપે છે અને એમાં સામાન્ય જ્ઞાતિના ખેડૂતોને વધારાના ૧૫ ટકા અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતોને ખર્ચના વધારાના ૨૫ ટકા રાજય સરકાર સહાય ચૂકવે છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો તે સન ૨૦૨૨-૨૩માં પપૈયા પાકમાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે, તો માનનીય સભ્યશ્રીને જણાવું કે નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૨૨-૨૩માં તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પપૈયા પાકમાં તાલુકાવાર લાભાર્થીઓને જે સહાય ચૂકવાઇ એની વિગત આ છે. ગરૂડેશ્વર તાલુકામાં ૨૫ લાભાર્થી, સહાયની રકમ રૂ.૪,૭૪,૦૩૩. દેડિયાપાડા તાલુકામાં ૨ લાભાર્થી સહાયની રકમ રૂ.૧,૦૬,૧૧૦. તિલકવાડા તાલુકામાં ૯ લાભાર્થી અને સહાયની રકમ રૂ.૨,૨૦,૩૫૧. નાંદોદ તાલુકામાં ૨૯૬ લાભાર્થી અને સહાયની રકમ રૂ.૧,૦૧,૪૨,૮૯૭. આમ નર્મદા જિલ્લામાં પપૈયા પાકનું વાવેતર કરનાર ૩૩૨ જેટલા લાભાર્થીઓને રૂ.૧,૯,૪૩,૩૯૧/- ની સહાય ચૂકવવામાં આવી છે. માનનીય સભ્યશ્રીએ જે બીજો પ્રશ્ન પૂછ્યો છે એના જવાબમાં જણાવું તો નર્મદા જિલ્લામાં મુખ્યત્ત્વે કેળ અને આંબા ફળ પાકોનું વાવેતર થાય છે. આ ઉપરાંત અન્ય ફળ પાક તરીકે પપૈયાનું વાવેતર પણ થાય છે.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો આપને તથા માનનીય મુખ્યમંત્રીશ્રી અને શ્રી હર્ષભાઇને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. કારણ કે ગઇકાલે આઇ.પી.એલ. મેચ રમાઇ, જેમાં શ્રી હર્ષભાઇની ટીમ આજે આ ગૃહમાં કપ જીતીને આવી છે.

અધ્યક્ષશ્રી : તમે તમામ ધારાસભ્યશ્રીઓ, પત્રકાર મિત્રો અને જે પાર્ટિશિપેટ હતા એ બધા જિત્યા છે. તમામને અભિનંદન, પૂરી ટીમને અભિનંદન.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ તો ચૂંટણી યાદ આવી ગઇ. જેમ મતદાન પેટી ખૂલે અને મતદારોના મતો નીકળે એમ ગઇકાલે રન નીકળતા હતા.

અધ્યક્ષશ્રી : શ્રી સ્વામીજી, ચૂંટણીની વાતો નહીં, પ્રશ્ન ઉપર આવી જાઓ.

ચૈત્ર ૮, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી ડી.કે.સ્વામી : માનનીયશ્રી હર્ષભાઇ અને શ્રી અમિતભાઇની ટીમને અભિનંદન પાઠવું છું. આપના માધ્યમથી હું માનનીય કૃષિ મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પપૈયા પાકના વાવેતરની સહાય મેળવવા માટે અરજી કઇ રીતે કરવાની હોય છે તેમજ આ સહાય મેળવવા ખેડૂતોએ કયા કયા પૂરાવા આપવાના હોય છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે જવાબ માગ્યો છે એમાં જણાવું તો પપૈયા પાકના વાવેતર, નવું વાવેતર કરવા માગતા હોય તેવા ખેડૂતોએ આઇ-પોર્ટલની વેબસાઇટ ઉપર પપૈયા ઘટકમાં ઓનલાઇન અરજી કરવાની હોય છે. અરજી કરતી વખતે ખેડૂતે આધારકાર્ડ, બેન્ક એકાઉન્ટ, ખેડૂત ખાતેદાર હોવાના પૂરાવાની વિગતો આપવાની હોય છે. ઓનલાઇન અરજી કર્યા બાદ તે અરજીની પ્રિન્ટ કાઢી તેમાં સહી કરી સંબંધિત જિલ્લાની બાગાયત કચેરીમાં મોકલવું પડે. ઓનલાઇન અરજી બાદ ખેડૂત ખાતેદાર હોવાના પૂરાવા તરીકે ૭/૧૨ અને ૮-અની નકલ, બેન્કની પાસબુક, કેન્સલ કરેલ ચેકની નકલ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતો હોય તો તેના પ્રમાણપત્રની નકલ, આધારકાર્ડની નકલ જેવા પૂરાવા આપવાના હોય છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, કમોસમી વરસાદ, વાવાઝોડાં વગેરેના કારણે બાગાયત પાકને બહુ નુકસાન થાય છે. પ્રાઇવેટ કંપની પાસે વીમો લેવા જાય છે તો એ કહે છે કે સરકારમાં બાગાયત પાકને વીમાનું કવચ આપવામાં આવ્યું નથી એટલે આપી શકીએ નહીં. મારી વિનંતી છે કે બાગાયત પાકને જો વીમા હેઠળ સમાવવામાં આવે તો ખેડૂતોને ઘણો બધો લાભ અને ફાયદો મળે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ખેતીના ઉત્પાદનમાં બાગાયતી પાકોનું વિશેષ મહત્ત્વ છે. બાગાયતી પાકોમાં ઉત્પાદિત ફળ વિદેશમાં નિકાસ થાય છે એટલે આપણને નિકાસ ક્ષેત્રે પણ બાગાયતી ફળની ખેતી બહુ ઉપયોગી છે. આવા સંજોગોમાં બાગાયત ખેતી કરતા ખેડૂતના પાકનું કુદરતી આપત્તિ સામે રક્ષણ થાય એના માટે અત્યારે બાગાયતી પાકો છે એનો વીમા યોજનામાં સમાવેશ થતો નથી એ સભ્યશ્રીની વાત સાચી છે. સભ્યશ્રીની અવાર-નવારની રજૂઆતો છે, કેમ કે એમના વિસ્તારની મુખ્ય ખેતી બાગાયતી પાકોની છે. બીજા અન્ય ખેડૂત આગેવાનોની પણ રજૂઆત છે. આથી સરકાર આ પ્રશ્ને ગંભીરતાપૂર્વક વિચારણા કરી બાગાયત ખેડૂતોની બાગાયતી ખેતીને કુદરતી આપત્તિ સામે રક્ષણ મળી રહે અને આર્થિક નુકસાન સામે પૂરું વળતર મળે એટલા માટે રાજ્ય સરકાર વિચારણા કરી રહી છે. માનનીય સભ્યશ્રીનું સૂચન આવકાર્ય છે.

**તાપી જિલ્લામાં અનુ.જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવાની યોજના**

*૩૨૧૭ **શ્રી મોહનભાઇ કોંકણી** (વ્યારા): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ ભેટ આપવા માટેની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના અંતર્ગત તાપી જિલ્લામાં કેટલી વિદ્યાર્થિનીઓને સાઇકલ ભેટ આપવામાં આવી છે, અને | (૨) કુલ ૪૪૬૬ વિદ્યાર્થિનીઓ. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) કુલ ખર્ચઃ રૂ. ૧૯૨.૯૨ લાખ. |

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર કેટલી સાઇકલ વિતરણ કરવામાં આવેલ છે?

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી મોહનભાઇ કોંકણીજીનો પ્રશ્ન ખૂબ સરસ છે. આદિવાસીની દીકરીઓની ચિંતા વ્યક્ત કરી છે પણ મને કહેતા દુ:ખ થશે કે, આજથી ૪૦ વર્ષ પહેલા આદિવાસીની દીકરીઓ ચાલતી ચાલતી બસ સ્ટેશન પર જઇને બસની રાહ જોતી હતી ત્યારે બસ કેવી આવતી હતી? બસોને હાથ ઊંચા કરો એના બદલે બેસવા માટે ઊંચો હાથ કરીને પછી કહેવામાં આવે કે ધક્કા મારો અને બસમાં બેસો. આજે સાઇલન્ટ બસ, ઇલેક્ટ્રિક બસ, ગેસવાળી બસોની સુવિધા આપીને સાથે સાથે દીકરીઓને સાઇકલ આપવાની ચિંતા આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ કરી છે અને સાઇકલ આપી છે એના માટે અભિનંદન આપું છું અને શ્રી મોહનભાઇનો પ્રશ્ન છે- તાપી જિલ્લામાં વર્ષ ૨૦૨૧માં ૩૧૪, વર્ષ ૨૦૨૨માં વાલોડમાં ૨૯૬, વ્યારામાં વર્ષ ૨૦૨૧માં ૫૨૧ અને વર્ષ ૨૦૨૨માં ૫૩૧, ડોલવણ તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૨૧૦ અને વર્ષ ૨૦૨૨માં ૧૬૮, સોનગઢમાં વર્ષ ૨૦૨૧માં ૫૬૫ અને વર્ષ ૨૦૨૨માં ૫૪૨, ઉચ્છલ તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૨૫૬ અને વર્ષ ૨૦૨૨માં ૩૧૮, નિઝર તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૨૨૩ અને વર્ષ ૨૦૨૨માં ૩૨૦, કુકરમુંડા તાલુકામાં વર્ષ ૨૦૨૧માં ૨૭૫ અને વર્ષ ૨૦૨૨માં ૧૨૭. આમ, તાપી જિલ્લામાં વર્ષ ૨૦૨૧માં કુલ ૨,૧૬૪ સાઇકલ અને વર્ષ ૨૦૨૨માં કુલ ૨,૩૦૨ સાઇકલ આપવામાં આવેલી છે.

તા. ૨૯મી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

શ્રી પ્રવીણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વિદ્યા સાધના યોજનાનો ઉદ્દેશ શું છે અને પાત્રતાના ધોરણો શું છે?

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યા સાધના યોજનાનો ઉદ્દેશ આદિજાતિની કન્યાઓનો સર્વાંગી વિકાસ થાય, શિક્ષણનો વ્યાપ વધે, એમના સમયનો બચાવ થાય અને અધવચ્ચેથી શિક્ષણ છોડી ના શકે તેવા ઉદ્દેશથી નબળી આર્થિક સ્થિતિની વિદ્યાર્થિનીઓને અંતરની મર્યાદાને ધ્યાનમાં લીધા વિના ધોરણ ૯માં અભ્યાસ કરતી દીકરીઓને આ યોજનામાં સાઇકલનો લાભ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૩થી વર્ષ ૨૦૧૪માં ધોરણ ૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની દીકરીઓને યોજના અંતર્ગત લાભ આપવામાં આવે છે. અગાઉ ધોરણ ૮માં ભણતી દીકરીઓને આ યોજનાનો લાભ આપવામાં આવતો હતો. આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ તા.૨૮-૯-૨૦૧૫ના ઠરાવથી વિદ્યા સાધના યોજના અંતર્ગત અંતરની મર્યાદાને ધ્યાનમાં લીધા સિવાય લાભ આપવામાં આવે છે અને અગાઉ ગ્રામ્ય વિસ્તારમાં ૨ કિલોમિટરની અંતરની મર્યાદા અને શહેરી વિસ્તારમાં ૩ કિલોમિટરની અંતરની મર્યાદા હતી. હાલમાં અંતરની કોઇ મર્યાદા નથી. રૂપિયા ૬ લાખની વાર્ષિક આવક મર્યાદામાં લાભ આપવામાં આવે છે.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે ૩૦ સંખ્યા હોય અને ૧થી ૫ ધોરણમાં ભણતા હોય તો એને મર્જ કરવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, આ સાઇકલ અંગેનો પ્રશ્ન છે અને એમનો પ્રશ્ન મર્જ કરવા અંગેનો છે એટલે મને આ શિક્ષણનો પ્રશ્ન લાગે છે. આ યોજનાનો પ્રશ્ન નથી.

**સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને તાલીમ**

* ૩૧૮૫ **શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા** (હિંમતનગર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં કેટલા ખેડૂતોએ સંસ્થાકીય તાલીમમાં ભાગ લીધો, | (૧) ૧૬૭૪. |
| (૨) તે પૈકી કેટલી મહિલા તાલીમાર્થી અને કેટલા પૂરુંષ તાલીમાર્થીઓએ ભાગ લીધો, અને | (૨) ૮૭૦ મહિલા અને ૮૦૪ પૂરુંષ. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પેટે કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ. ૧૮,૬૩,૭૮૫/-. |

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોનો સમાવેશ થયો છે અને આ તાલીમ અન્વયે કઇ કઇ તાલીમ આપવામાં આવે છે અને આનાથી ખેડૂતોને ગુણવત્તા અને ઉત્પાદનની દૃષ્ટિએ શું ફાયદો થાય છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં છેલ્લાં બે વર્ષથી કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત સંસ્થાકીય તાલીમ લીધેલા હોય એવા ખેડૂતોની તાલુકાવાર વિગત જણાવું તો પોશીના તાલુકામાં તાલીમાર્થીઓની સંખ્યા ૨૨૩, ખેડબ્રહ્મા તાલુકામાં તાલીમાર્થીઓની સંખ્યા ૨૮૬, વિજયનગર તાલુકામાં તાલીમાર્થીઓની સંખ્યા ૨૪૦, તલોદ તાલુકામાં તાલીમાર્થીઓની સંખ્યા ૧૫૪, ઇડર તાલુકામાં તાલીમાર્થીઓની સંખ્યા ૨૧૮, વડાલી તાલુકામાં તાલીમાર્થીઓની સંખ્યા ૨૧૧, ભિલોડા તાલુકામાં તાલીમાર્થીઓની સંખ્યા ૧૨૭, હિંમતનગરમાં તાલીમાર્થીઓની સંખ્યા ૩૦, મોડાસામાં તાલીમાર્થીઓની સંખ્યા ૧૧૯, પ્રાંતીજમાં તાલીમાર્થીઓની સંખ્યા ૬૬. આમ, સાબરકાંઠા જિલ્લામાં બે વર્ષમાં ખેડૂત તાલીમ કેન્દ્ર દ્વારા ૧૦ તાલુકાના ૧૬૭૪ લાભાર્થીઓએ સંસ્થાકીય તાલીમ લીધી છે. આ તાલીમના જુદાજુદા પ્રકારો છે, જેમ કે સંસ્થાકીય તાલીમ વર્ગ ૩ દિવસ માટે, યુવા સંસ્થા કે મહિલા, પુરુષ તાલીમ વર્ગ ૪ દિવસ, પ્રી-સિઝનલ કેમ્પ ૧ દિવસ, શેરિંગ ફોલોઅપ કાર્યક્રમ ૧ દિવસ, રાજયની અંદરનો શૈક્ષણિક પ્રેરણા પ્રવાસ ૭ દિવસ, રાજય બહારનો શૈક્ષણિક પ્રેરણા પ્રવાસ ૧૦ દિવસ આવી અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી ખેડૂતોને જ્ઞાન અને ટેકનોલોજીથી માહિતગાર કરવામાં આવે છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત તાલીમ કેન્દ્રમાં ખેડૂતોએ તાલીમ લીધા પછી ખેડૂતોને કેવા પ્રકારના ફાયદાઓ થાય છે એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાલીમ એ તાલીમ છે. કોઇપણ વિષયના નિષ્ણાતો દ્વારા કોઇપણ વિષયની કોઇપણ વ્યક્તિને જો તાલીમ આપવામાં આવે તો એના જ્ઞાન, કૌશલ્ય, કાર્યક્ષમતામાં વધારો થાય આ તો સર્વસામાન્ય બાબત છે. આવી તાલીમથી ખેડૂતોને ખેતીની જુદીજુદી પદ્ધતિઓ, ખેતીના પાકોની કેમ વધુ ઊપજ લેવી, એના વેચાણ માટેનું માર્ગદર્શન, પશુપાલન કરતા ખેડૂતોને પશુઓની સારી સંભાળ કેમ રાખવી, વધુ દૂધ ઉત્પાદન કેવી રીતે લેવું, એના પશુઓની આરોગ્ય વિષયક આ બધી બાબતોનું જ્ઞાન આવી તાલીમથી ખેતી કરતા અને પશુપાલન કરતા ખેડૂતોને મળે છે. મહિલાઓને પણ જુદીજુદી તાલીમ આપી ખેતી કામ વધુ સારી રીતે કરી શકે, ખેતી કામથી વધુ આર્થિક ફાયદો મેળવી શકે

એવા ઘણા બધા ફાયદા આવી તાલીમથી ખેડૂતોને થાય છે અને એટલા માટે કહું છું કે રાજય સરકાર આવા કાર્યક્રમો દ્વારા રાજયના ખેડૂતોને સતત તાલીમ આપી રહી છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હાલના રાજયપાલશ્રી, મુખ્યમંત્રીશ્રી તેમજ દેશના વડાપ્રધાનશ્રી અને આપણા કૃષિમંત્રીશ્રી દ્વારા ઓર્ગેનિક અને પ્રાકૃતિક ખેતી માટે ખૂબ પ્રચાર, પ્રસાર થઇ રહ્યો છે. જેના લીધે ડાયાબિટીસ, કેન્સર, પગના સાંધા, કિડની જેવા રોગો થઇ રહ્યા છે. અત્યારે પ્રાકૃતિક ખેતીમાં ૪૦ ટકા ઉત્પાદન થાય છે, કારણ કે જે ખેતરમાં વાવીએ છીએ એ ખેતરમાં આપણે વરસાદ આવે ત્યારે ખાતર, દવા નાંખતા જ નથી તો આના માટે દવા ખાતર વગરની વસ્તુ છે.

અધ્યક્ષશ્રી : આ પ્રાકૃતિક ખેતીનો પ્રશ્ન નથી. તાલીમ માટેનો પ્રશ્ન છે અને એ પણ સાબરકાંઠા જિલ્લાનો છે. એના આનુષંગિક હોય તો આપ બતાવો?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારનું આ તાલીમ કેન્દ્ર છે એને ઝડપથી બંધ કરીને રાજય સરકાર આ પૈસાનો બચાવ કરવા માગે છે કે કેમ? આ તાલીમ કેન્દ્રમાં ન તો નિષ્ણાતો હોય છે. જે નક્કી કરેલા લોકો હોય છે એ લોકો જ હોય છે, એ સંસ્થાઓ જ હોય છે. પ્રેરણા પ્રવાસ પણ માત્ર પ્રેરણા માટેનો જ હોય છે. એને અને ખેતીને કાંઇ લાગતું વળગતું નથી. આ ૩૦ વર્ષના મારા અનુભવ પછી કહું છું, એટલે માનનીય મંત્રીશ્રી કાં તો આ યોજના બંધ કરે અથવા આ યોજનામાં સાચી રીતે ખેડૂતોને લાભ મળે, મહિલાઓને લાભ મળે એવું કરવા માગો છો કે કેમ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ યોજનાની કાર્યક્ષમતા વિશે વાત કરી કે તેનાં પરિણામો આવતાં નથી, પણ મેં કહ્યું તેમ કોઇપણ પ્રકારની તાલીમથી વ્યક્તિ હોય, ખેડૂત હોય, મજૂર હોય કે કારીગર હોય એ તમામને ફાયદો થાય છે. તાલીમ જરૂરી હોય છે. તાલીમમાં શક્તિ ઘટતી નથી અને લાભાર્થીની પસંદગી પણ આમાં સાચી રીતે થાય છે. એટલે આ તાલીમની યોજના બંધ કરવાનો સરકારનો કોઇ ઇરાદો નથી. તેમણે જે વાત કરી કે, આમાં જે લોકો તાલીમ આપે છે તે વિષય નિષ્ણાતો હોતા નથી. સભ્યશ્રીની આ વાત અંગે હું ચકાસણી કરી લઇશ. જે તે વિષયના તજજ્ઞો અથવા નિષ્ણાતો આવા ખેડૂતોને તાલીમ આપે તેના માટે રાજ્ય સરકાર કાર્યવાહી કરશે અને સુધારો કરવાની જે વાત કરી છે તેમાં કહું તો આ દુનિયામાં કાયમ સુધારા થતા જ રહે છે. સુધારા થવાના કારણે આદિ માનવમાંથી માણસ આજે આ જગ્યાએ પહોંચ્યો છે. આટલો વિકાસ થયો છે. એટલે સુધારા માટેના માનનીય સભ્યશ્રીનાં કોઇપણ સૂચન હશે તો તે આવકાર્ય છે. સભ્યશ્રી અમને જણાવશે તે મુજબ જેટલાં યોગ્ય સૂચનો હશે તે અમે સ્વીકારીશું. આ તાલીમ યોજનાથી ખેડૂતોને ખૂબ મોટા પ્રમાણમાં ફાયદો થાય છે તે હકીકત છે. એટલે તે યોજના બંધ કરવાનો સરકારનો કોઇ ઇરાદો નથી.

અધ્યક્ષશ્રી : આપે એકાદ વખત તેમને બોલાવીને કોઇ સજેશન, માહિતી હોય તો તે મેળવી લેવી જોઇએ. જેથી કરીને તમારા વિભાગને ફાયદો થશે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ખૂબ વિદ્વાન છે. સરકારમાં મંત્રી તરીકે પણ રહી ચૂક્યા છે અને સરકારમાં આપની જગ્યાએ માનનીય અધ્યક્ષ તરીકે પણ તેમણે કામગીરી કરી છે. તેઓ વિદ્વાન વકતા છે. હું એમના જ્ઞાનથી અને અનુભવથી સારી રીતે વાકેફ છું. એટલા માટે જ કૃષિમંત્રી તરીકે હું એમને રૂબરૂ બોલાવીશ અને અમે ચર્ચા કરીશું તથા તેમની જેટલી વાત મારા મગજમાં ઉતરે એનો હું અમલ કરાવીશ.

**તાપી જિલ્લામાં મનરેગા યોજના**

* ૩૨૧૧ **ડૉ. જયરામભાઇ ગામીત** (નિઝર) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં તાપી જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી, | (૧) તા.૩૧-૦૧-૨૦૨૩ની સ્થિતિ એ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ માં તાપી જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી, |

| **ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧-૨૨** | **વર્ષ ૨૦૨૨-૨૩** |
| ૩૧૭૧૦૪૧ | ૧૯૧૮૮૫૨ |

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં વર્ષવાર નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. |

| **ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧-૨૨** | **વર્ષ ૨૦૨૨-૨૩ (તા.૩૧-૦૧-૨૦૨૩ અંતિત)** |
| ૨૫૬૦૧૯૯ | ૧૮૯૮૭૯૮ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે ?

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે નીચેની વિગતે માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

| **મહિલાઓ માટે ઉપલબ્ધ કરાવેલ માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૨૧-૨૨** | **વર્ષ ૨૦૨૨-૨૩ (તા.૩૧-૦૧-૨૦૨૩ અંતિત)** |
| ૧૪૦૬૮૩૭ | ૮૧૧૮૨૯ |

ડો. જયરામભાઇ એ. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તાપી જિલ્લામાં મનરેગા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩માં તાલુકાવાર મહિલાઓ દ્વારા કેટલા માનવદિન ઉત્પન્ન થયા?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થશે કે, માનવદિનનો પ્રશ્ન તેમણે પૂછ્યો છે ત્યારે હું આ રાજયના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે સૌ પ્રથમ ઘણાં વર્ષો પછી આ વેતન વધારવામાં આવ્યું છે. તેમાં પછી શેરડી કાપનાર મજૂર વર્ગ હોય, શ્રમિક વર્ગ હોય કે પછી મનરેગાની રોજીનો પ્રશ્ન હોય તેમાં ચાલુ વર્ષથી વેતન વધારવામાં આવ્યું છે. તાપી જિલ્લાની અંદર મહિલા માનવદિનની વાત કરવામાં આવી છે, તેમાં ડોલવણ તાલુકામાં વર્ષ ૨૦૨૨માં ૧૭૯૩૧૦ અને વર્ષ ૨૦૨૩માં ૧૪૭૬૮૦, કુકરમુંડા તાલુકામાં વર્ષ ૨૦૨૨માં ૮૦૧૯૫ અને વર્ષ ૨૦૨૩માં ૮૭૩૮૭, નિઝર તાલુકામાં વર્ષ ૨૦૨૨માં ૧૪૭૫૮૩ અને વર્ષ ૨૦૨૩માં ૧૫૫૮૨૧, સોનગઢ તાલુકામાં વર્ષ ૨૦૨૨માં ૪૫૦૮૧૮ અને વર્ષ ૨૦૨૩માં ૨૫૫૪૧૦, ઉચ્છલ તાલુકામાં વર્ષ ૨૦૨૨માં ૧૨૩૫૯૬ અને વર્ષ ૨૦૨૩માં ૯૦૬૮૪, વાલોડ તાલુકામાં વર્ષ ૨૦૨૨માં ૬૪૬૦૨ અને વર્ષ ૨૦૨૩માં ૫૧૧૫૯, વ્યારા તાલુકામાં વર્ષ ૨૦૨૨માં ૩૬૦૭૭૩ અને વર્ષ ૨૦૨૩માં ૨૩૬૮૮, આમ, વર્ષ ૨૦૨૨માં ૧૪૦૬૮૩૭ તથા વર્ષ ૨૦૨૩માં ૮૧૧૮૨૯ માનવદિનની રોજગારી આપવામાં આવેલ છે.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તાપી જિલ્લામાં મનરેગા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩માં તાલુકાવાર કેટલા કુટુંબોને રોજગારી આપેલ છે?

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાર આપતો નથી, પણ ટોટલ આંકડો આપી દઉં છું કે, વર્ષ ૨૦૨૧-૨૨માં ૭૦૪૦૬ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૫૯૭૮૫ કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ભારતમાં સ્વચ્છ ભારત અભિયાન ચાલુ હોય ત્યારે મનરેગા યોજના હેઠળ ગ્રામ પંચાયતોને સફાઇ કર્મચારી મળી રહે એવું કોઇ આયોજન સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે. આ પ્રશ્ન આમાં લાગુ પડતો નથી.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનવ ગરિમા યોજના ગરીબ લોકો માટે ખૂબ ઉપયોગી છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ઘણા સમયથી ૪૦ ટકા જેટલો મટિરિયલ્સમાં ઉપયોગ કરવામાં આવે છે અને ૬૦ ટકા જેટલી રોજગારી આપવામાં આવે છે. ભારત સરકાર અને રાજય સરકારની ભાવના ખૂબ સારી છે, પણ જો મટિરિયલ્સમાં ટકાવારીમાં વધારો કરવામાં આવે તો વધુમાં વધુ લોકોને રોજગારીનો લાભ મળે. તો આવનારા દિવસોમાં આ બાબતમાં કોઇ વિચારણા કરવા માગે છે કે કેમ?

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારની ગાઇડલાઇન મુજબ આની યોજનાઓ નક્કી કરવામાં આવે છે અને એમનું સૂચન સારું છે. આવનારા દિવસોમાં એમનું સૂચન ધ્યાનમાં લેવામાં આવશે.

**સુરત જિલ્લામાં ખાણદાણ સહાય યોજના**

* ૩૧૮૪ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં પશુપાલકોના વિયાણ થયેલ પશુઓ (ગાય/ ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) ૩.૪૭,૦૫,૮૦૦/- |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલી રકમનો અને કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો ? | (૨) ૩.૪૭,૦૫,૮૦૦/- અને ૨,૨૩૫ લાભાર્થીઓ |

## ચૈત્ર ૮, ૧૯૪૫ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મહામારી કોરોનાના સમય કાળમાં એમના જીવનની અને એમના પરિવારની પરવા કર્યા વગર જનતાની સેવા કરનાર મારા મત વિસ્તારની આશા વર્કર બહેનો વિધાનસભા નિહાળવા આવેલ છે એમનું હું અભિવાદન કરતા આનંદ અનુભવું છું.

અધ્યક્ષશ્રી : અહીંયા કોઇનું અભિવાદન આપણે એ રીતે ન કરી શકીએ. આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વિયાણ બાદ પશુ ખાણદાણ સહાય યોજના હેઠળ છેલ્લાં બે વર્ષ દરમ્યાન સુરત જિલ્લામાં તાલુવાર કેટલા પશુપાલકોને કેટલી રકમનો લાભ આપવામાં આવ્યો છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિયાણ પશુઓને વિયાણ બાદ યોગ્ય સમતોલ આહાર મળી રહે અને વધારે સારી એની માવજત થાય, વિયાણ બાદ પશુ એની ક્ષમતા મુજબ દૂધ આપે, વિયાણ બાદ પશુઓમાં થતા રોગો અટકાવી શકાય તે માટે પશુઓને યોગ્ય માત્રામાં ખાણદાણ આપવાની ખૂબ જ જરૂરિયાત હોય છે. પશુના વિયાણ બાદ આર્થિક રીતે નબળા હોય તેવા પશુપાલકો યોગ્ય માત્રામાં ખાણદાણ પોતાના પશુઓને આપી શકતા ન હોવાના કારણે એમનું પશુ ક્ષમતા મુજબનું દૂધ આપી ન શકે એટલે આવા પશુપાલકને આર્થિક નુકસાન થાય. આ રાજયમાં પશુપાલનનો વ્યવસાય ખૂબ મોટા પ્રમાણમાં વિકસ્યો છે અને આ વ્યવસાયની ક્ષમતા અને એનો વ્યાપ વધારવા માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પશુપાલકોને આ ક્ષેત્રમાં વધુમાં વધુ મદદ મળી રહે એના માટે પશુ આરોગ્ય મેળાની શરૂઆત કરાવી. પશુપાલકોના પશુઓને ઘર આંગણે સારવાર મળી રહે એને માટે એનિમલ એમ્બ્યુલન્સની પણ વ્યવસ્થા કરી છે જેના પરિણામે પશુપાલકોને ઘર આંગણે પોતાના પશુઓની સારવાર મળી રહે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પશુઓને ખાણદાણ આપવા પૂરતો પ્રશ્ન છે, સારવારનો પ્રશ્ન નથી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે આ વાત કરી રહ્યો છું કે આ યોજના માનનીય સભ્યશ્રીઓ જાણી શકે.

અધ્યક્ષશ્રી : પૂર્વભૂમિકા બહુ લાંબી થાય છે, એટલે થોડું સંક્ષિપ્તમાં કહો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે એના પ્રશ્નમાં આ યોજના હેઠળ સુરત જિલ્લામાં છેલ્લાં બે વર્ષ દરમ્યાન તાલુકાવાર કેટલા પશુપાલકોને કેટલી રકમનો લાભ આપવામાં આવ્યો? તો એની વિગતો નીચે મુજબ છે. ઉમરપાડા તાલુકાના ૧૨૬ લાભાર્થીઓને ૨.૬૨ લાખ રૂપિયા, ઓલપાલ તાલુકાના ૮૪૫ લાભાર્થીઓને ૧૭.૮૧ લાખ રૂપિયા, કામરેજ તાલુકાના ૭૫ લાભાર્થીઓને ૧.૪૪ લાખ રૂપિયા, ચોર્યાસી તાલુકાના ૨૪ લાભાર્થીઓને ૪૨ હજાર રૂપિયા, પલસાણા તાલુકાના ૨૮ લાભાર્થીઓને ૫૩ હજાર રૂપિયા, બારડોલી તાલુકાના ૨૭૬ લાભાર્થીઓને ૬ લાખ ૩૩ હજાર રૂપિયા, મહુવા તાલુકાના ૪૮૮ લાભાર્થીઓને ૯ લાખ ૯૦ હજાર રૂપિયા, માંગરોળ તાલુકાના ૨૮૪ લાભાર્થીઓને ૬ લાખ ૩ હજાર રૂપિયા, માંડવી તાલુકાના ૮૯ લાભાર્થીઓને ૧ લાખ ૯૭ હજાર રૂપિયા આમ, બે વર્ષ દરમિયાન આ જિલ્લામાં કુલ ૨૨૩૫ પશુપાલકોને ૪૭ લાખ ૫ હજાર રૂપિયાનો લાભ આપવામાં આવેલ છે.

શ્રી પ્રવીણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વિયાણ બાદ પશુ ખાણદાણ સહાય યોજનાનો લાભ લેવા માટે કઇ રીતની અરજી કરવાની હોય છે? અને અરજી મંજૂર કરી, સહાય ચૂકવવાની કાર્યપદ્ધતિ શું છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આઇ ખેડૂત પોર્ટલમાં અરજદાર પશુપાલકે ઓન લાઇન અરજી કરી, પ્રિન્ટ આઉટ મેળવી, તેમાં સહી કરી, બિડાણમાં સામેલ કરી જરૂરી આધાર-પૂરાવા સાથે અરજી પર દર્શાવેલા સરનામે કચેરી ખાતે દિવસ-૭માં રજૂ કરવાની રહે અથવા ઓનલાઇન આઇ ખેડૂત પોર્ટલ પર સહી કરેલ અરજી, બિડાણ સહિત અપલોડ કરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, અરજી મંજૂર કરી અને સહાય ચૂકવવાની પદ્ધતિ અંગે વાત કરું તો સબંધિત તાલુકા પશુ ચિકિત્સા અધિકારી દ્વારા આઇ ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન ઇન્વર્ડ કરેલ અરજીઓની પાત્રતા, બિન-પાત્રતા નિર્ધારીત કરી ભલામણ સાથે જિલ્લા પશુપાલન અધિકારીને મોકલી આપવામાં આવે છે. જિલ્લા પશુપાલન અધિકારી દ્વારા તાત્કાલિક મંજૂર અથવા નામંજૂરની કાર્યવાહી કરે છે અને આઇ ખેડૂત પોર્ટલ પર મંજૂરીનું સ્ટેટસ અપડેટ કરે છે. આ રીતે સહાય ચૂકવવાની કાર્ય પદ્ધતિ છે અને જિલ્લા પશુપાલન અધિકારી દ્વારા મંજૂર થયેલ લાભાર્થીઓની યાદી જીસીએમ એક્ટ આણંદ દ્વારા જે તે જિલ્લા માટે નિયત થયેલ દાણ સપ્લાય કરનાર દૂધ ઉત્પાદક સહકારી સંઘને મોકલી આપવાની રહે છે અને દાણ સપ્લાય કરનાર દૂધ ઉત્પાદક સહકારી સંઘ દ્વારા મંજૂર થયેલ લાભાર્થીઓની યાદી મુજબ લાભાર્થીઓને દાણ સપ્લાય કરવામાં આવી રહ્યું છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું આમ તો હર-હંમેશ માનનીય મુખ્યમંત્રીશ્રી હોય, માનનીય નાણામંત્રીશ્રી હોય કે માનનીય રાઘવજીભાઇ હોય તેમણે ખેડૂતો માટે હમણાં જ બટેટા ઉપર રૂપિયા ૧૮૦ કરોડની સહાય આપી છે તે બદલ હું તેમનો આભાર પણ માનું છું અને સાથે જે વિયાણ બાદ પશુ ખાણદાણ સહાય યોજનાનો લાભ પશુપાલકો મેળવી શકે અને આ યોજનાની પારદર્શિતા જળવાય તે માટે શું વ્યવસ્થા કરવામાં આવે છે?

તા. ૨૯મી માર્ચ, ૨૦૨૩

તારાંકિત પ્રશ્નો

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળની આખી સરકારની કાર્યવાહી પારદર્શિ છે. માનનીય સભ્યશ્રીને જણાવું તો અરજીની પ્રક્રિયા પણ ઓનલાઇન છે, અરજીની મંજૂરીની પ્રક્રિયા પણ પારદર્શી છે અને મંજૂર થયા બાદ જે તે જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ કે જે આ ખાણદાણ સપ્લાય કરે છે તે ગામની દૂધ ઉત્પાદક મંડળીના સંપર્કમાં રહી અને આ સભ્યના ઘરે દાણનો જથ્થો પહોંચાડે છે, એટલે આખી યોજના પારદર્શિ છે. લાભાર્થીને મંજૂરી પણ ઝડપથી મળે છે, અમલીકરણ પણ ઝડપથી થાય છે, કારણ કે વિયાણ બાદ પશુઓને એક મહિના સુધી ખાણદાણ આપવાનું હોય છે, એટલે તેમાં વિલંબ કરે તો પશુપાલકને અને પશુઓને જે ફાયદો થવો જોઇએ તે ફાયદો ના થાય અને યોજનાનો હેતુ માર્યો જાય, એટલે આખી યોજના ઝડપી અને પારદર્શિ છે અને આ યોજનાના અમલીકરણનો વ્યાપ વધુ વધે તેના માટે રાજયનું પશુપાલન ખાતું સક્રિય છે.

**સુરત જિલ્લામાં ખાણદાણ સહાય યોજના**

* ૩૧૭૮ **શ્રી મનુભાઈ પટેલ** (ઉધના) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં પશુપાલકોના વિયાણ થયેલ પશુઓ (ગાય/ ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) રૂ.૪૭,૦૫,૮૦૦/- |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલી રકમનો અને કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો ? | (૨) રૂ.૪૭,૦૫,૮૦૦/- અને ૨,૨૩૫ લાભાર્થીઓ |

શ્રી મનુભાઇ એમ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી..

અધ્યક્ષશ્રી : અગાઉના પ્રશ્નમાં બાકી રહી ગયેલ હોય એટલું પૂછો?

શ્રી મનુભાઇ એમ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે વિયાણ બાદ પશુ ખાણદાણ સહાય યોજના હેઠળ છેલ્લાં બે વર્ષ દરમિયાન સુરત જિલ્લામાં તાલુકાવાર પશુપાલકોને કેટલી રકમનો લાભ આપવામાં આવ્યો છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો આ યોજના હેઠળ સુરત જિલ્લામાં છેલ્લાં બે વર્ષ દરમિયાન અડાજણ તાલુકામાં ૦(શૂન્ય) લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે. ઉધના તાલુકામાં પણ ૦(શૂન્ય) લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે. ઉમરપાડામાં ૦(શૂન્ય) લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે. ઓલપાડમાં ૧૩ લાભાર્થીઓને રૂ.૨૨,૬૨૮ની સહાય આપવામાં આવી છે. કતારગામમાં ૦(શૂન્ય) લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે. કામરેજ તાલુકામાં ૧ લાભાર્થીને રૂ.૩૬૦૦ની સહાય ચૂકવવામાં આવી છે. ચોર્યાશી તાલુકામાં ૧ લાભાર્થીને રૂ.૩૬૦૦ની સહાય ચૂકવવામાં આવી છે. પૂણામાં ૦(શૂન્ય) લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે. પલસાણામાં ૧ લાભાર્થીને રૂ.૩૬૦૦ની સહાય ચૂકવવામાં આવી છે. બારડોલીમાં ૪ લાભાર્થીને રૂ.૧૦,૫૦૦ની સહાય ચૂકવવામાં આવી છે. મજૂરા તાલુકામાં ૦(શૂન્ય) લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે. મહુવામાં ૧૯ લાભાર્થીઓને રૂ.૩૯,૮૩૩ની સહાય ચૂકવવામાં આવી છે. માંગરોળ તાલુકામાં ૪ લાભાર્થીને રૂ.૭૮૦૭ની સહાય ચૂકવવામાં આવી છે અને માંડવી તાલુકામાં ૦(શૂન્ય) લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે. આમ, સુરત જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં બે વર્ષ દરમિયાન કુલ ૪૩ લાભાર્થીઓને રૂ.૯૧,૦૭૨ની સહાય ચૂકવવામાં આવી છે.

**જૂનાગઢ જિલ્લામાં કૃત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન**

* ૩૧૭૬ **શ્રી ભગવાનજીભાઈ કરગટીયા** (માંગરોળ) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં શુદ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૬૮૪ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અંગે કુલ કેટલી રકમ સહાય પેટે આપવામાં આવી ? | (૨) રૂ.૨૦,૫૨,૦૦૦/- |

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે કેટલા પશુપાલકોને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી છે અને સહાય ચૂકવવા માટેના ધારાધોરણો શું છે?

અતારાંકિત પ્રશ્નો

| **ખાનગી શાળાઓ** | | | | | |
| ભાવનગર | ગુજરાતી | ૨૪૨ | ૧૬૭ | - | ૧૫૭ |
| | અંગ્રેજી | ૫૭ | ૨૫ | - | ૨૧ |
| બોટાદ | ગુજરાતી | ૯૧ | ૫૬ | - | ૫૬ |
| | અંગ્રેજી | ૧૨ | ૦૫ | - | ૦૩ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની સરકારી અને ગ્રાન્ટેડ ઉક્ત શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) પત્રક-૧ મુજબ

(૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

(૩) જેમ બને તેમ ઝડપથી.

**પત્રક-૧**

| **સરકારી શાળાઓ** | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **જિલ્લો** | **માધ્યમ** | **પ્રાથમિક** | | | | **માધ્યમિક શિક્ષકોની જગ્યા** | | **ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોની જગ્યા** | | **આચાર્યની જગ્યા** | |
| | | **શિક્ષક** | | **આચાર્ય** | | | | | | | |
| | | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** |
| ભાવનગર | ગુજરાતી | ૫૦૩ | ૬૬૭૩ | ૪૧ | ૩૦૨ | ૧૬ | ૧૦૪ | ૩૨ | ૭૨ | ૧૧ | ૨૨ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| બોટાદ | ગુજરાતી | ૨૪૨ | ૧૮૬૯ | ૩૫ | ૯૧ | ૦૨ | ૧૦૬ | ૩૩ | ૫૩ | ૦૧ | ૧૨ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **ગ્રાન્ટેડ શાળાઓ** | | | | | | | | | | | |
| **જિલ્લો** | **માધ્યમ** | **પ્રાથમિક** | | | | **માધ્યમિક શિક્ષકોની જગ્યા** | | **ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોની જગ્યા** | | **આચાર્યની જગ્યા** | |
| | | **શિક્ષક** | | **આચાર્ય** | | | | | | | |
| | | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** |
| ભાવનગર | ગુજરાતી | ૨૭ | ૩૦ | ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં આચાર્યની નિમણૂકની જોગવાઈ નથી. | | ૧૧૮ | ૮૨૪ | ૧૭૦ | ૪૮૭ | ૫૨ | ૮૨ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | | | ૦૧ | ૦૭ | ૦૦ | ૦૪ | ૦૧ | ૦૦ |
| બોટાદ | ગુજરાતી | ૦૧ | ૦૨ | | | ૧૬ | ૧૭૬ | ૨૮ | ૧૦૩ | ૧૧ | ૨૦ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | | | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

- - - - - - - - -

## રાજ્યમાં બી.પી.એલ યાદી બનાવવા બાબત

૩૪૭૪ **શ્રી પ્રકાશભાઈ વરમોરા** (ધ્રાંગધ્રા) : **માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા ૨૦ વર્ષથી સરકાર દ્વારા બી.પી.એલ. લાભાર્થીની યાદી અદ્યતન કરવામાં આવેલ નથી, તે હકીકત સાચી છે, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત યાદીને અદ્યતન કરવાનું સરકારનું શું આયોજન છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

ચૈત્ર ૮, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણ માટે ટાસ્ક ફોર્સની રચના કરવા બાબત**

૩૫૦૭ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણ માટે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા |
| (૨) જો હા, તો ઉક્ત ટાસ્ક ફોર્સની રચના ક્યારે કરવામાં આવેલ છે, | (૨) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ના અમલીકરણ માટે ટાસ્ક ફોર્સની રચના તા.૦૭-૦૯-૨૦૨૦થી શિક્ષણ વિભાગના ઠરાવથી કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ટાસ્ક ફોર્સમાં કયા પદાધિકારી અને અધિકારીઓનો સમાવેશ થયેલ છે, અને | (૩) આ સાથે સામેલ પત્રક-અ મુજબ. |
| (૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ટાસ્ક ફોર્સ દ્વારા કયા પ્રકારનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું ? | (૪) આ સાથે સામેલ પત્રક-બ મુજબ. |

**પત્રક-અ**

- ઉક્ત સ્થિતિએ ટાસ્ક ફોર્સમાં નીચેના પદાધિકારીઓ અને અધિકારીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

1. માન. મંત્રીશ્રી (શિક્ષણ)
2. માન.રા.કા. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)
3. અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
4. સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ
5. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ
6. સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ
7. નિયામકશ્રી, જીસીઈઆરટી, સેક્ટર-૧૨, ગાંધીનગર
8. કુલપતિ, ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગર
9. શ્રી આર.સી.રાવલ, પૂર્વ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ
10. શ્રી જયેન્દ્રસિંહ જાદવ, મદદનીશ પ્રાધ્યાપક, અમદાવાદ કોર્મસ કોલેજ, અમદાવાદ
11. શ્રી ગિજુભાઈ ભરાડ, ભરાડ વિદ્યામંદિર, રાજકોટ
12. શ્રી વી.બી.ભેંસદડીયા, નિવૃત્ત ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧, રાજકોટ
13. ડૉ. ચેતનાબેન વ્યાસ, નિવૃત્ત ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧, રાજકોટ
14. શ્રી વિવેકભાઈ પટેલ, મેનેજીંગ ટ્રસ્ટી, આનંદનિકેતન ગૃપ ઓફ સ્કૂલ્સ, અમદાવાદ
15. શ્રી રૂપેશભાઈ ભાટીયા, પ્રતિનિધિ, વિદ્યાભારતી સંસ્થા
16. ડૉ. અશોકભાઈ ઠક્કર, આચાર્યશ્રી, સરકારી માધ્યમિક (RMSA) શાળા, મોટા નાયતા, તા.સરસ્વતી, જિ.પાટણ.
17. અધ્યક્ષ, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ એસોશીએશન (ગુજરાત)

**પત્રક-બ**

- ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ટાસ્ક ફોર્સ દ્વારા નીચેની વિગતેથી માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવેલ છે.

- હાલના ૧૦+૨ ના શાળાકીય માળખામાં બદલાવ લાવીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં ભલામણ કરવામાં આવેલ ૫+૩+૩+૪ ના માળખાના અમલીકરણ અંગે.
- પૂર્વપ્રાથમિક તેમજ બાલવાટિકા સંદર્ભે તેની અમલવારી, બાળકોનો પ્રવેશ, તથા અભ્યાસક્રમ અંગે.
- રાજ્યમાં પૂર્વપ્રાથમિક તેમજ આંગણવાડી માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણના શિક્ષકો તૈયાર કરવા અંગે.
- રાજ્યમાં પૂર્વપ્રાથમિક સંસ્થાઓના નિયમન માટે સ્ટેટ પ્રાયમરી રેગ્યુલેટરી બોડીની રચના અંગે.
- NEP 2020 અનુસાર રાજ્યમાં સાર્વજનિક સ્વનિર્ભર અને અનુદાનિત સહિતની તમામ પૂર્વપ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સંસ્થાઓમાં આવશ્યક વ્યવસાયિક અને ગુણવત્તા માનાંકોના અનુપાલનને સુનિશ્ચિત કરવા માટે State School Standards Authority (SSSA) ની રચના કરવા અંગે.
- NEP 2020 સંદર્ભે રાજ્યમાં ન્યાયિક, રીતે શાળાઓનું એકત્રીકરણ કરવા અંગે.

- NEP 2020 અન્વયે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓના પરિરૂપમાં ફેરફાર લાવવા માટે રાજ્ય સ્તરની સમિતિની રચના કરવા અંગે.
- NEP 2020 સંદર્ભે હવેથી પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે ૩ સ્તરિય પસંદગી પ્રક્રિયા યોજવા અંગે.
- રાજ્યના શિક્ષકોને પોતાના વ્યવસાયિક વિકાસ માટે દર વર્ષે ઓછામાં ઓછા ૫૦ કલાક Continuous Professional Development (CPD) માટે તાલીમ કોર્સીસ કરવા અંગે.
- ધોરણ ૩, ૫ અને ૮ના અંતે બાળકો માટે ધોરણ ૧૦ અને ૧૨ની જેમ પરીક્ષાઓનું આયોજન રાજ્યકક્ષાએથી કરવા અંગે.
- NEP 2020 અનુસાર રાજ્યના વંચિત વિસ્તારોમાં ઉચ્ચ ગુણવત્તાની શૈક્ષણિક તકો વધારવા માટે વિશેષ શિક્ષણ ઝોન (SEZ) ની રચના અંગે.
- NEP 2020માં દર્શાવેલ ત્રિભાષા સૂત્ર અમલીકરણ અન્વયે ધોરણ ૧ થી ગુજરાતી ભાષાની સાથે Introductory English તરીકે અંગ્રેજી વિષયની શરૂઆત કરવા અંગે.
- ધોરણ ૬ થી ૮માં ગણિત અને વિજ્ઞાન વિષયના દ્વિભાષી પાઠ્યપુસ્તકોના અમલ કરવા અંગે.

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓ અને શિક્ષકોની ઘટ**

૩૩૯૭ **શ્રી હિરાભાઈ સોલંકી** (રાજુલા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અમરેલી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઓરડા તથા શિક્ષકોની ઘટ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તાલુકાવાર કેટલા ઓરડાઓની તેમજ કેટલા શિક્ષકોની ઘટ છે?

**જવાબ**

(૧) હા.

(૨)

| ક્રમ | તાલુકો | શિક્ષકોની ઘટની સંખ્યા | ઘટતા ઓરડાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમરેલી | ૫૩ | ૧૩ |
| ૨ | લાઠી | ૪૯ | ૦૨ |
| ૩ | લીલીયા | ૨૨ | ૦૪ |
| ૪ | બાબરા | ૪૭ | ૦૮ |
| ૫ | કુંકાવાવ | ૩૪ | ૨૨ |
| ૬ | બગસરા | ૩૮ | ૦૬ |
| ૭ | ધારી | ૩૯ | ૨૯ |
| ૮ | ખાંભા | ૬૮ | ૨૦ |
| ૯ | રાજુલા | ૧૧૧ | ૧૫ |
| ૧૦ | જાફરાબાદ | ૯૭ | ૧૮ |
| ૧૧ | સાવરકુંડલા | ૧૦૫ | ૩૮ |

- - - - - - - - -

**જામનગર જિલ્લાના ખેડૂતોને ડ્રમ ખરીદી સહાય યોજના**

૩૨૮૬ **શ્રી હેમંતભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને મલ્ટીપર્પઝ ઉપયોગ માટે ડ્રમ તેમજ બે પ્લાસ્ટીકના ટોકર(ટબ) ખરીદી માટે સહાય આપવાની યોજના ક્યારથી અમલમાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યના ખેડૂતોને મલ્ટીપર્પઝ ઉપયોગ માટે ડ્રમ તેમજ બે પ્લાસ્ટીકના ટોકર (ટબ) ખરીદી માટે સહાય આપવાની યોજના વર્ષ ૨૦૨૧-૨૨ થી અમલમાં છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર નીચે મુજબની અરજીઓ મળેલ છે.

| જિલ્લો | વર્ષ ૨૦૨૧-૨૨ | વર્ષ ૨૦૨૨-૨૩ (તા.૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ) |
|---|---|---|
| જામનગર | ४६८८६ | ० |
| દેવભૂમિ દ્વારકા | ૨૭૭૭૦ | ० |

(૩) ઉક્ત મળેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત મળેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર નીચે મુજબની અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવેલ છે.

વર્ષ ૨૦૨૧-૨૨

| જિલ્લો | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાયની રકમ (રૂ.) |
|---|---|---|
| જામનગર | ० | ० |
| દેવભૂમિ દ્વારકા | ० | ० |

વર્ષ ૨૦૨૨-૨૩, તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ

| જિલ્લો | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાયની રકમ (રૂ.) |
|---|---|---|
| જામનગર | ૧૩૮૩૯ | ० |
| દેવભૂમિ દ્વારકા | ૧૨૫૮૬ | ० |

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ ક્યા કારણોસર પડતર છે ?

(૪) ઉક્ત સ્થિતિએ નીચે મુજબની અરજીઓ પડતર છે.

| જિલ્લો | વર્ષ ૨૦૨૧-૨૨ | વર્ષ ૨૦૨૨-૨૩ (તા.૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ) |
|---|---|---|
| જામનગર | ० | ૩૨૩૦૧ |
| દેવભૂમિ દ્વારકા | ० | ૧૫૦૯૪ |

- પડતર અરજીઓને પૂર્વ મંજૂરી આપવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

---------

**રાજ્યમાં સરકારી શાળાઓમાં વ્યાયામ શિક્ષકો**

૩૫૧૭ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષકની ભરતી છેલ્લે ક્યારે કરવામાં આવેલ, અને

(૨) ઉક્ત ભરતી નિયમિત ન કરવામાં આવતી હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) સરકારી પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૦૯માં, અને

સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં છેલ્લે વર્ષ ૨૦૨૦-૨૧માં વ્યાયામ શિક્ષકની ભરતી કરવામાં આવેલ.

(૨) સરકારી પ્રાથમિક શાળાઓમાં મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અમલમાં આવ્યા બાદ અધિનિયમની અનુસૂચિમાં અંશકાલીન વ્યાયામ શિક્ષકની જોગવાઈ કરવામાં આવેલ હોઈ નિયમિત ભરતી કરવામાં આવતી નથી.

સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા અન્વયે જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીઓ દ્વારા કાર્યબોજ આધારિત જેટલી ખાલી જગ્યા ભરવા માંગણી કરવામાં આવે તે મુજબ ભરતી કરવામાં આવે છે.

---------

તા. ૨૯મી માર્ચ, ૨૦૨૩

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યના ખેડૂતોને મગફળી અને કપાસના પોષણક્ષમ ભાવ**

૩૫૦૫ **શ્રી અરવિંદભાઈ લાડાણી** (માણાવદર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના ખેડૂતોને મગફળી અને કપાસના પોષણક્ષમ ભાવોમાં વધારો કરવા માટે વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકારને ક્યારે રજૂઆત/દરખાસ્ત કરી,

**જવાબ**

(૧) રાજ્ય સરકારશ્રીનું ગુજરાત કૃષિ ભાવ પંચ દર વર્ષે ભારત સરકારશ્રીની સંસ્થા કૃષિ ખર્ચ અને ભાવ પંચ, નવી દિલ્હીને ટેકાના ભાવોની ભલામણ કરે છે. તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ભારત સરકારશ્રીની સંસ્થા કૃષિ ખર્ચ અને ભાવ પંચ, નવી દિલ્હીને નીચેની વિગતે ખરીફ પાકોના ટેકાના ભાવ માટે દરખાસ્ત કરવામાં આવી.

| **વર્ષ** | **તારીખ** |
|---|---|
| ખરીફ-૨૦૨૧ | ૧૦-૦૨-૨૦૨૧ |
| ખરીફ-૨૦૨૨ | ૨૧-૦૨-૨૦૨૨ |

**પ્રશ્ન**

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ક્યારે અને શો પ્રતિભાવ મળ્યો, અને

**જવાબ**

(૨) છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારશ્રી દ્વારા મગફળી અને કપાસના ટેકાના ભાવો નીચે મુજબ જાહેર કરવામાં આવેલ છે.

| **પાકનું નામ** | **ટેકાનો ભાવ (રૂ.પ્રતિ ક્વિન્ટલ)** | |
|---|---|---|
| | **વર્ષ ૨૦૨૧-૨૨ તા.૧૧-૦૬-૨૦૨૧** | **વર્ષ ૨૦૨૨-૨૩ તા.૨૧-૦૬-૨૦૨૨** |
| મગફળી | ૫૫૫૦ | ૫૮૫૦ |
| કપાસ (લંબતારી) | ૬૦૨૫ | ૬૩૮૦ |
| કપાસ | ૫૭૨૬ | ૬૦૮૦ |

**પ્રશ્ન**

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કપાસ અને મગફળીના પોષણક્ષમ ભાવોમાં કેટલો વધારો કરવામાં આવ્યો ?

**જવાબ**

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કપાસ અને મગફળીના ટેકાના ભાવોમાં નીચે મુજબનો વધારો કરવામાં આવેલ છે.

| **પાકનું નામ** | **ટેકાના ભાવમાં અગાઉના વર્ષની સરખામણીએ કરેલ વધારો (રૂ.પ્રતિ ક્વિન્ટલ)** | |
|---|---|---|
| | **વર્ષ ૨૦૨૧-૨૨** | **વર્ષ ૨૦૨૨-૨૩** |
| મગફળી | ૨૭૫ | ૩૦૦ |
| કપાસ (લંબતારી) | ૨૦૦ | ૩૫૫ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં જળસંગ્રહનાં કામો**

૩૨૧૦ **શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા** (હિંમતનગર) : **માનનીય ગ્રામ, ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત જળસંગ્રહ માટે કયા કયા કામ હાથ ધરવામાં આવેલ છે,

**જવાબ**

(૧)

| **હાથ ધરવામાં આવેલ કામ** | |
|---|---|
| **વર્ષ ૨૦૨૦-૨૧** | **વર્ષ ૨૦૨૧-૨૨** |
| ચેકડેમ ડિસિલ્ટિંગ, તળાવ ઉંડા કરવા તથા ચેકડેમ રીપેરીંગ | ચેકડેમ ડિસિલ્ટિંગ અને તળાવ ઉંડા કરવા |

| | |
|---|---|
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જળસંગ્રહના કુલ કેટલા કામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૨) ૮૦ કામો |
| (૩)ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂ.૧૦૯.૯૬ લાખ. |

- - - - - - - - -

**રાજ્યમાં સરકારી શાળાઓમાં વ્યાયામ શિક્ષકો**

૩૫૨૦ **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષકની ભરતી છેલ્લે ક્યારે કરવામાં આવેલ, અને | (૧) સરકારી પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૦૯માં, અને<br>સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં છેલ્લે વર્ષ ૨૦૨૦-૨૧માં વ્યાયામ શિક્ષકની ભરતી કરવામાં આવેલ. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ભરતી નિયમિત ન કરવામાં આવતી હોય તો તેના કારણો શાં છે ? | (૨) સરકારી પ્રાથમિક શાળાઓમાં મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અમલમાં આવ્યા બાદ અધિનિયમની અનુસૂચિમાં અંશકાલીન વ્યાયામ શિક્ષકની જોગવાઈ કરવામાં આવેલ હોઈ નિયમિત ભરતી કરવામાં આવતી નથી.<br>સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા અન્વયે જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીઓ દ્વારા કાર્યબોજ આધારિત જેટલી ખાલી જગ્યા ભરવા માંગણી કરવામાં આવે તે મુજબ ભરતી કરવામાં આવે છે. |

- - - - - - - - -

**અરવલ્લી જિલ્લામાં સરકારી છાત્રાલયો**

૩૨૧૩ **શ્રી પી. સી. બરંડા** (ભિલોડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને તે પૈકી કુમાર અને કન્યા માટેના છાત્રાલયોની સંખ્યા કેટલી છે, | (૧) ૦૬ સરકારી છાત્રાલયો<br>૩ કુમાર અને ૩ કન્યા |
| (૨) ઉક્ત સ્થિતિએ આદિજાતિ વિદ્યાર્થીઓ માટે ઉક્ત કાર્યરત સરકારી છાત્રાલયોમાં કેટલા વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે, અને | (૨) ૩૦૪ |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયોની સંખ્યામાં કેટલો વધારો મંજૂર કરવામાં આવ્યો છે ? | (૩) ૦૧ |

- - - - - - - - -

**આર્ટીકલ ૨૭૫(૧) સ્પેશીયલ આસિસ્ટંટ અંતર્ગત રાજ્ય સરકારને મળેલ રકમ**

૩૫૧૧ **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આર્ટીકલ ૨૭૫(૧) અને સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટંટ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની માંગણી કરવામાં આવી, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આર્ટીકલ ૨૭૫(૧) અને સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટંટ (પ્રધાનમંત્રી આદિ આદર્શ ગ્રામ યોજના (PMAAGY) અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ નીચે મુજબની રકમની માંગણી કરવામાં આવી. |

**(૧) આર્ટીકલ ૨૭૫(૧)**

| ક્રમ | વર્ષ | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | ૧૩૪૯૨.૮૬ |
| ૨ | ૨૦૨૨-૨૩ | ૧૧૯૬૧.૮૩ |

**(૨) સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્સ** (PMAAGY)

| ક્રમ | વર્ષ | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | ૩૧૮૩૩.૫૬ |
| ૨ | ૨૦૨૨-૨૩ | ૧૩૯૩૯.૯૨ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પૈકી વર્ષવાર આદિજાતિ વિકાસ વિભાગને ક્યા હેતુ માટે કેટલી રકમ ફાળવવામાં આવી ?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પૈકી વર્ષવાર આદિજાતિ વિકાસ વિભાગને નીચે મુજબની રકમ ફાળવવામાં આવી.

**(૧) આર્ટીકલ ૨૭૫(૧)**

| ક્રમ | વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | પત્રક-૧ મુજબ |
| ૨ | ૨૦૨૨-૨૩ | પત્રક-૨ મુજબ |

**(૨) સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્સ** (PMAAGY)

| ક્રમ | વર્ષ | ફાળવેલ રકમ |
|---|---|---|
| ૧ | ૨૦૨૧-૨૨ | પત્રક-૩ મુજબ |
| ૨ | ૨૦૨૨-૨૩ | પત્રક-૩ મુજબ |

ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન SCA TO TSS (Special Central Assistance to Tribal Sub Plan) યોજનાનું નામ સુધારીને પ્રધાનમંત્રી આદિ આદર્શ ગ્રામ યોજના (PMAAGY) કરવામાં આવેલ છે.

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓ**

૩૪૯૩ **શ્રી ગુલાબસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર, ઉક્ત કેટલી શાળાઓમાં ઓરડાની ઘટ છે અને કેટલી શાળામાં કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓ અને કંપાઉન્ડ વોલની સુવિધા ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા |
|---|---|
| મહીસાગર | ૧૧૯૧ |
| પંચમહાલ | ૧૩૮૪ |

(૨)

| જિલ્લો | ઘટતા ઓરડાવાળી શાળાની સંખ્યા | કંપાઉન્ડ વોલ વિનાની શાળાની સંખ્યા |
|---|---|---|
| મહીસાગર | ૧૬૮ | ૩૪૧ |
| પંચમહાલ | ૧૧૦ | ૨૩૫ |

(૩) જેમ બને તેમ ઝડપથી.

- - - - - - - - -

**રાજ્યની પ્રાથમિક શાળાઓના પુસ્તકાલયો માટે બજેટમાં ફાળવણી**

૩૪૯૬ **શ્રી અમીત ચાવડા** (આંકલાવ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં રાજ્યની પ્રાથમિક શાળાઓના પુસ્તકાલયોમાં પુસ્તકો વસાવવા માટે બજેટમાં કેટલી જોગવાઈ કરવામાં આવેલ હતી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ સમગ્ર શિક્ષાના કેન્દ્ર સરકારના બજેટ અંતર્ગત છેલ્લા બે નાણાંકીય વર્ષમાં રાજ્યની પ્રાથમિક શાળાઓના પુસ્તકાલયોમાં પુસ્તકો વસાવવા માટે વર્ષવાર નીચે મુજબની જોગવાઈ કરવામાં

આવેલ હતી.

| વર્ષ | રકમ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૭૭૭.૦૫ |
| ૨૦૨૨-૨૩ | ૨૬૮૩.૭૫ |

(૨) ઉક્ત જોગવાઈ પૈકી વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ રકમ (રૂ.લાખમાં) | વણવપરાયેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૭૭૭.૦૫ | ૦.૦૫ |
| ૨૦૨૨-૨૩ | ૦.૦૦ | ૨૬૮૩.૭૫ |

(૩) ઉક્ત થયેલ ખર્ચ બજેટના ક્યા હેડ હેઠળ ઉધારવામાં આવેલ ?

(૩) સમગ્ર શિક્ષાના કેન્દ્ર સરકારના બજેટ હેડ ૧૨૦.૦ અંતર્ગત ઉધારવામાં આવે છે.

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓ**

૩૫૨૩ **શ્રી અમૃતજી ઠાકોર** (કાંકરેજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૧)

| જિલ્લો | શાળાની સંખ્યા |
|---|---|
| બનાસકાંઠા | ૨૩૪૭ |
| કચ્છ | ૧૬૮૯ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર, ઉક્ત કેટલી શાળાઓમાં ઓરડાની ઘટ છે અને કેટલી શાળામાં કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨)

| જિલ્લો | ઘટતા ઓરડાવાળી શાળાઓ | કંપાઉન્ડ વોલ વિનાની શાળાઓ |
|---|---|---|
| બનાસકાંઠા | ૩૨૬ | ૬૮૨ |
| કચ્છ | ૧૯૬ | ૩૯૭ |

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓ અને કંપાઉન્ડ વોલની સુવિધા ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

(૩) આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના**

૩૧૯૯ **શ્રી અનિકેત ઠાકર** (પાલનપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પ્રધાનમંત્રી પોષણ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના અમલમાં છે કે કેમ,

(૧) હા.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના ક્યા તાલુકામાં અમલમાં છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ પ્રધાનમંત્રી પોષણ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ, થરાદ, વાવ, સૂઈગામ, ભાભર અને દિયોદર એમ કુલ ૬ તાલુકામાં દૂધ સંજીવની યોજના અમલમાં છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં આ અંગે કેટલો ખર્ચ થયો ?

(૩) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ રૂ.૧૧,૦૧,૫૯,૪૩૮/- નો ખર્ચ થયેલ છે.

---------

**રાજ્યમાં સરકારી શાળાઓમાં વ્યાયામ શિક્ષકો**

૩૫૧૪ **ડૉ. સી. જે. ચાવડા** (વિજાપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષકની ભરતી છેલ્લે ક્યારે કરવામાં

(૧) સરકારી પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૦૯માં, અને સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં છેલ્લે વર્ષ ૨૦૨૦-૨૧માં વ્યાયામ

આવેલ, અને

(૨) ઉક્ત ભરતી નિયમિત ન કરવામાં આવતી હોય તો તેના કારણો શાં છે ?

શિક્ષકની ભરતી કરવામાં આવેલ.

(૨) સરકારી પ્રાથમિક શાળાઓમાં મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અમલમાં આવ્યા બાદ અધિનિયમની અનુસૂચિમાં અંશકાલીન વ્યાયામ શિક્ષકની જોગવાઈ કરવામાં આવેલ હોઈ નિયમિત ભરતી કરવામાં આવતી નથી.

સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા અન્વયે જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીઓ દ્વારા કાર્યબોજ આધારિત જેટલી ખાલી જગ્યા ભરવા માંગણી કરવામાં આવે તે મુજબ ભરતી કરવામાં આવે છે.

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓ**

૩૪૯૯ **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર, ઉક્ત કેટલી શાળાઓમાં ઓરડાની ઘટ છે અને કેટલી શાળામાં કંપાઉન્ડ વોલની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૩) ઉક્ત ખૂટતા ઓરડાઓ અને કંપાઉન્ડ વોલની સુવિધા ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા |
|---|---|
| આણંદ | ૧૦૧૮ |
| ખેડા | ૧૩૫૦ |

(૨)

| જિલ્લો | ઘટતા ઓરડાવાળી શાળાની સંખ્યા | કંપાઉન્ડ વોલ વિનાની શાળાની સંખ્યા |
|---|---|---|
| આણંદ | ૧૦૨ | ૧૨૮ |
| ખેડા | ૨૩૮ | ૨૨૦ |

(૩) જેમ બને તેમ ઝડપથી.

---------

**પોરબંદર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સ્માર્ટ વર્ગખંડ**

૩૨૮૩ **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કઈ અને કેટલી સરકારી પ્રાથમિક શાળાઓને જ્ઞાનકુંજ પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ વર્ગખંડો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કઈ અને કેટલી કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં સ્માર્ટ વર્ગખંડો ઉપલબ્ધ કરાવવાના બાકી છે, અને

**જવાબ**

(૧)

| તાલુકા | સ્માર્ટ કલાસ ધરાવતી શાળાઓની સંખ્યા | સ્માર્ટ કલાસની સંખ્યા |
|---|---|---|
| કુતિયાણા | ૦૧ | ૦૧ |
| પોરબંદર | ૨૦ | ૬૬ |
| રાણાવાવ | ૦૭ | ૧૪ |
| **કુલ** | **૨૮** | **૮૧** |

ઉક્ત ૨૮ શાળાઓની યાદી પત્રક-૧

(૨)

| જિલ્લો | સ્માર્ટ કલાસ બનાવવાના બાકી હોય તેવી શાળાઓની સંખ્યા |
|---|---|
| કુતિયાણા | ૨૪ |
| પોરબંદર | ૪૫ |
| રાણાવાવ | ૨૪ |
| **કુલ** | **૯૩** |

ઉક્ત ૯૩ શાળાઓની યાદી પત્રક-૨

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી સ્માર્ટ વર્ગખંડો ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે ?

(૩) જેમ બને તેમ ઝડપથી.

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અનુસૂચિત જનજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અંદાજપત્રની ફાળવણી**

૩૪૯૦ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જનજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ રાજ્યમાં અનુસૂચિત જનજાતિઓની વસ્તીના પ્રમાણમાં અંદાજપત્રમાં ફાળવણી અંકિત કરવાની હોય છે તે હકીક્ત સાચી છે કે કેમ,

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અનુસૂચિત જનજાતિ માટે અંદાજપત્રમાં કેટલા ટકા અને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને

(૨)

**(રૂ.કરોડમાં)**

| વર્ષ | રાજ્ય આયોજન | TASP હેઠળ જોગવાઈ | ટકાવારી |
|---|---|---|---|
| ૨૦૨૧-૨૨ | ૧૦૮૩૬૫.૫૯ | ૧૪૧૫૨.૭૭ | ૧૩.૦૬% |
| ૨૦૨૨-૨૩ | ૧૧૮૩૦૫.૫૭ | ૧૪૬૩૮.૨૯ | ૧૨.૩૭% |

TASP ઉપરાંત સરકારની અનેક સામાન્ય યોજનાઓનો લાભ આદિજાતિના લોકોને આપવામાં આવે છે. વધુમાં, નાણા વિભાગ અને વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા ગુજરાતના તમામ લોકો માટે જોગવાઈ કરવામાં આવે છે. જેનો લાભ આદિજાતિના લોકોને આપવામાં આવે છે. આમ, રાજ્ય આયોજનના આશરે ૧૪.૭૫% કરતા વધારે જોગવાઈ આદિજાતિઓ માટે ફાળવવામાં આવે છે.

(૩)જો ઉક્ત વસ્તીના પ્રમાણમાં અંદાજપત્રમાં ફાળવણી અંકિત કરવામાં ન આવતી હોઈ તો તેના કારણો શાં છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ**

૩૫૦૨ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કેટલી શાળાઓ આવેલી છે,

(૧)

| સરકારી શાળાઓ | | | | | |
|---|---|---|---|---|---|
| **જિલ્લો** | **માધ્યમ** | **પ્રાથમિક શાળાઓ** | **માત્ર માધ્યમિક શાળા (ધો.૯-૧૦)** | **માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા (ધો.૯ થી ૧૨)** | **માત્ર ઉચ્ચત્તર માધ્યમિક શાળા (ધો.૧૧-૧૨)** |
| ગીર સોમનાથ | ગુજરાતી | ૫૪૩ | ૧૮ | ૧૧ | ૦૧ |
| | અંગ્રેજી | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ |
| અમરેલી | ગુજરાતી | ૭૫૮ | ૩૧ | ૧૨ | ૦૫ |
| | અંગ્રેજી | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **ગ્રાન્ટેડ શાળાઓ** | | | | | |
| ગીર સોમનાથ | ગુજરાતી | ૦૦ | ૩૭ | ૫૦ | ૦૦ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| અમરેલી | ગુજરાતી | ૦૪ | ૫૩ | ૭૫ | ૦૨ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **ખાનગી શાળાઓ** | | | | | |
| ગીર સોમનાથ | ગુજરાતી | ૨૧૮ | ૧૦૦ | - | ૮૧ |
| | અંગ્રેજી | ૬૯ | ૨૭ | - | ૧૯ |
| અમરેલી | ગુજરાતી | ૨૦૪ | ૯૫ | - | ૭૯ |
| | અંગ્રેજી | ૪૫ | ૧૭ | - | ૧૩ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની સરકારી અને ગ્રાન્ટેડ ઉક્ત શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) પત્રક-અ મુજબ

(૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

(૩) જેમ બને તેમ ઝડપથી.

**પત્રક-અ**

| **સરકારી શાળાઓ** | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **જિલ્લો** | **માધ્યમ** | **પ્રાથમિક** | | | | **માધ્યમિક શિક્ષકોની જગ્યા** | | **ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોની જગ્યા** | | **આચાર્યની જગ્યા** | |
| | | **શિક્ષક** | | **આચાર્ય** | | | | | | | |
| | | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** |
| ગીર સોમનાથ | ગુજરાતી | ૪૩૧ | ૩૫૭૩ | ૦૨ | ૧૮૯ | ૧૨ | ૧૦૦ | ૩૪ | ૨૯ | ૧૦ | ૦૭ |
| | અંગ્રેજી | ૦૭ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| અમરેલી | ગુજરાતી | ૬૬૨ | ૪૪૧૨ | ૩૭ | ૧૩૫ | ૪૫ | ૧૦૩ | ૩૬ | ૪૪ | ૧૯ | ૦૭ |
| | અંગ્રેજી | ૦૧ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

| **ગ્રાન્ટેડ શાળાઓ** | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **જિલ્લો** | **માધ્યમ** | **પ્રાથમિક** | | | | **માધ્યમિક શિક્ષકોની જગ્યા** | | **ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોની જગ્યા** | | **આચાર્યની જગ્યા** | |
| | | **શિક્ષક** | | **આચાર્ય** | | | | | | | |
| | | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** |
| ગીર સોમનાથ | ગુજરાતી | ૦૦ | ૦૦ | ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં આચાર્યની નિમણૂંકની જોગવાઇ નથી. | | ૯૨ | ૪૫૬ | ૧૫૯ | ૨૭૧ | ૪૦ | ૪૫ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | | | ૦૨ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૧ |
| અમરેલી | ગુજરાતી | ૦૯ | ૧૨ | | | ૫૮ | ૫૭૬ | ૨૭૦ | ૩૫૧ | ૫૭ | ૭૧ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | | | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

- - - - - - - - -

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ-૧૧૬)

**ભાવનગર જિલ્લામાં પ્રાથમિક શાળામાં પ્રશ્નપત્રોની ચોરી**

૩૫૦૮ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) એપ્રિલ-૨૦૨૨માં ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના નેસવડ ગામની સરકારી પ્રાથમિક શાળામાંથી ધોરણ ૭ અને ૮ના પ્રશ્નપત્રોની ચોરી થઈ છે તે હકીકત સાચી છે,

(૧) હા.

(૨) જો હા, તો ઉક્ત પરીક્ષામાં ધોરણવાર કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર હતા,

(૨)

| ધોરણ | પરીક્ષા આપનાર વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|
| ૩ | ૧૭ |
| ૪ | ૧૪ |
| ૫ | ૧૪ |
| ૬ | ૧૪ |
| ૭ | ૧૦ |
| ૮ | ૧૩ |

(૩) ઉક્ત ધોરણવાર કેટલા પેપરની ચોરી થયાનું સામે આવ્યું, અને

(૩)

| ધોરણ | ચોરી થયેલ પેપરની સંખ્યા |
|---|---|
| ૩ | ૦૦ |
| ૪ | ૦૦ |
| ૫ | ૦૦ |
| ૬ | ૦૦ |
| ૭ | ૨૧ |
| ૮ | ૦૧ |

(૪) ઉક્ત ધોરણના વિદ્યાર્થીઓની પરીક્ષા ફરી ક્યારે લેવામાં આવી હતી ?

(૪) ધોરણ ૭ના ગણીત, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત વિષયની પરીક્ષા નવા પ્રશ્નપત્રો સાથે અગાઉ જાહેર થયેલ નિયત સમયપત્રક મુજબ તા.૨૫-૦૪-૨૦૨૨ થી તા.૨૮-૦૪-૨૦૨૨ના રોજ લેવામાં આવેલ હતી.

ધોરણ-૭ના વિજ્ઞાન અને ટેકનોલોજીની પરીક્ષા તા.૨૨-૦૪-૨૦૨૨ના બદલે નવા પ્રશ્નપત્ર સાથે તા.૨૯-૦૪-૨૦૨૨ના રોજ ફરીથી લેવામાં આવેલ અને સામાજિક વિજ્ઞાન વિષયની પરીક્ષા તા.૨૩-૦૪-૨૦૨૨ના બદલે નવા પ્રશ્નપત્ર સાથે તા.૩૦-૦૪-૨૦૨૨ના રોજ ફરીથી લેવામાં આવેલ.

ધોરણ-૭ અને ધોરણ-૮ના ગુજરાતી વિષયની પરીક્ષા તા.૨૧-૦૪-૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ હોઈ ફરીથી લેવામાં આવેલ ન હતી.

---------

**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ -૧૧૬)**

**કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલ નુકસાન બાબત**

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

‘‘તાજેતરમાં રાજ્યમાં પડેલ કમોસમી વરસાદથી ખેતીના પાકોને થયેલ વ્યાપક નુકસાનથી ખેડૂત આલમમાં વ્યાપેલ

નિરાશા દૂર કરવા સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં.''

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ(કૃષિ અને સહકાર મંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી,

**કમોસમી વરસાદ અંગે પ્રાથમિક માહિતીઃ-**

- રાજયમાં તાજેતરમાં વાતાવરણમાં ફેરફારને કારણે માર્ચ-૨૦૨૩ માસમાં કમોસમી વરસાદ પ્રથમ તા.૦૪/૦૩/૨૦૨૩ થી તા.૦૯/૦૩/૨૦૨૩ સુધી રાજ્યમાં ૨૭ જિલ્લાના ૧૦૭ તાલુકામાં નોંધાયેલ હતો. ત્યારબાદ બીજા તબક્કામાં તા.૧૪/૦૩/૨૦૨૩ થી તા.૨૪/૦૩/૨૦૨૩ સુધીમાં ૩૧ જિલ્લાના ૧૭૧ તાલુકાઓમાં કમોસમી વરસાદ પડેલ છે. કમોસમી વરસાદના સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર (સ્ટેટ કન્ટ્રોલ રૂમ), ગાંધીનગર દ્વારા નોંધાયેલ આંકડા મુજબ તે પૈકી ૨૪ જિલ્લાના ૭૦ તાલુકાઓમાં ૧૦ મી.મી. થી વધુ વરસાદ નોંધાયેલ છે.
- કમોસમી વરસાદની વિગતવાર માહિતી જોઈએ તો અમદાવાદ જિલ્લાના ૨ તાલુકાઓમાં, અમરેલી જિલ્લાના ૮ તાલુકાઓમાં, અરવલ્લી જિલ્લાના ૪ તાલુકાઓમાં, આણંદ જિલ્લાના ૧ તાલુકામાં, કચ્છ જિલ્લાના ૬ તાલુકાઓમાં, ગાંધીનગર જિલ્લાના ૧ તાલુકામાં, ગીરસોમનાથ જિલ્લાના ૧ તાલુકામાં, છોટાઉદેપુર જિલ્લાના ૧ તાલુકામાં, જૂનાગઢ જિલ્લાના ૪ તાલુકામાં, ડાંગ જિલ્લાના ૨ તાલુકાઓમાં, દાહોદ જિલ્લાના ૩ તાલુકાઓમાં, નર્મદા જિલ્લાના ૧ તાલુકામાં, પંચમહાલ જિલ્લાના ૧ તાલુકામાં, પાટણ જિલ્લાના ૩ તાલુકાઓમાં, બનાસકાંઠા જિલ્લાના ૪ તાલુકાઓમાં, બોટાદ જિલ્લાના ૩ તાલુકાઓમાં, ભાવનગર જિલ્લાના ૩ તાલુકાઓમાં, મહેસાણા જિલ્લાના ૩ તાલુકાઓમાં, રાજકોટ જિલ્લાના ૪ તાલુકાઓમાં, વડોદરા જિલ્લાના ૧ તાલુકામાં, સાબરકાંઠા જિલ્લાના ૪ તાલુકાઓમાં, સુરત જિલ્લાના ૪ તાલુકાઓમાં, ખેડા જિલ્લાના ૧ તાલુકામાં અને સુરેન્દ્રનગર જિલ્લાના ૫ તાલુકાઓમાં એમ મળીને કુલ ૭૦ તાલુકાઓમાં ૧૦ મી.મી.થી વધુ કમોસમી વરસાદ નોંધાયેલ છે. આ સિવાય વરસાદ નોંધાયેલ અન્ય જિલ્લા અને તાલુકાઓમાં સામાન્ય વરસાદ નોંધાયેલ છે.

**કમોસમી વરસાદ અન્વયે ખેતી બાગાયતી પાકોને થયેલ અસરઃ**

- હાલમાં રાજ્યમાં ખરીફ ઋતુના લાંબાગાળાના પાકો તુવેર, કપાસ, દીવેલા જેવા પાકો ઉપરાંત રવી ઋતુના મુખ્ય પાકો જેવા કે જીરું, ઘઉં, તમાકું, ધાણા, બટાકા, ચણા અને ઇસબગુલ વગેરે પાકો ખેતરમાં જણાય છે. મુખ્ય ઉનાળું પાકો જેવા કે મગફળી, તલ, બાજરી ઉગવાની અવસ્થામાં છે તથા આંબા જેવા બાગાયતી પાકમાં વટાણા જેવડી નાની કેરીનું સ્ટેજ અવસ્થામાં છે. જીરુંમાં વહેલી પાકતી જાતોની લગભગ કાપણી પૂર્ણ થયેલ છે. બટાકા પાકમાં હાર્વેસ્ટિંગ સ્ટેજ પૂર્ણ થવાના આરે છે. ઇસબગુલનો પાક કાપણી અવસ્થાએ ઊભો છે જે નુકસાનગ્રસ્ત જણાયેલ છે. વર્ષાયું ફળ પાક (પપૈયાં) ઉત્પાદન અવસ્થાએ તેમજ ડુંગળી, લસણ કાપણી અવસ્થાએ તથા તડબૂચ, ટેટી ફળ અવસ્થાએ નુકસાનગ્રસ્ત જોવા મળેલ છે.
- ઊભા પાકમાંથી કપાસ પાકમાં મહદઅંશે વીણી પૂરી થવામાં છે. જ્યારે તુવેર પાક પણ કાપણી અવસ્થામાં હોઇ, મહદઅંશે કાપણી થઈ ચૂકેલ છે. દીવેલા પાક ટકાઉ (સખત) પાક હોઈ નુકસાન થવાની શક્યતા ઓછી છે. મોટાભાગના ઊભા રવિ પાકોમાં ઘઉં, તમાકું, ચણા જેવા પાકો પુખ્ત અવસ્થાએ તથા ઘઉં જેવા પાકમાં ૮૦ ટકા વિસ્તારમાં કાપણી પૂર્ણ થયેલ છે.
- રવી પાકોમાં જીરું, ચણા, ધાણા જેવા પાકો કાપણી બાદ સુકવણી માટે ખળામાં રાખેલ છે. તેમાં કમોસમી વરસાદને કારણે પાથરા પલળી જવાના કારણે ગુણવત્તામાં નુકસાન થવાની સંભાવના છે તથા ઘઉં પાકમાં ભારે પવન સાથે વરસાદને કારણે પાક ઢળી ગયેલ (લોજિંગ) છે. જેના કારણે ઘઉંની ગુણવત્તામાં અસર થવાની શક્યતા છે. જ્યારે ઇસબગુલ પાક ખેતરમાં ઊભો હોઈ, તેમાં પણ નુકસાનની શક્યતા રહેલી છે. બાગાયતી પાકોમાં આંબા પાકમાં મોર/વટાણા જેવી નાની કેરી બેસવાનું સ્ટેજ હતું તે કમોસમી વરસાદ અને પવનના કારણે ખરી પડવાને લીધે ઉત્પાદનમાં નુકસાન થવાની સંભાવના રહેલી છે.

**કમોસમી વરસાદ અન્વયે અગમચેતીનાં લેવામાં આવેલ પગલાં:**

- આ કમોસમી વરસાદ અન્વયે અગમચેતીના ભાગરૂપે પાક સંરક્ષણના લેવાના થતાં પગલાઓ અંગે એગ્રો એડવાઈઝરી દરેક જિલ્લા કક્ષાએથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે તેમજ બહોળા પ્રચાર-પ્રસાર દ્વારા ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવી રહેલ છે.
- એડવાઈઝરીમાં મુખ્યત્વે લણણી થયેલ પાકો અથવા ખુલ્લામાં રહેલ પાક ઉપજને સુરક્ષિત કરવા તેમજ રવી ઊભા પાકોમાં આ સમયગાળા દરમ્યાન પિયત અને ખાતર આપવાનું ટાળવાનું જણાવવામાં આવી રહેલ છે.

**કમોસમી વરસાદ અન્વયે લેવામાં આવેલ પગલાં:**

- બીજા તબક્કાની વરસાદની વ્યાપકતા અને ભારતીય હવામાન વિભાગની આગાહીને ધ્યાને રાખીને માન.મુખ્યમંત્રીશ્રીએ તમામ જિલ્લાના જિલ્લા કલેક્ટરશ્રીઓ સાથે તા.૧૯/૦૩/૨૦૨૩ના રોજ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિગતવાર સમીક્ષા કરી અસરગ્રસ્ત વિસ્તારમાં સતત મોનિટરિંગ કરવા તેમજ જરૂર જણાયે નુકસાનગ્રસ્ત વિસ્તારમાં તાત્કાલિક સરવે કરી ઘટતાં પગલાં લેવાં સૂચના આપેલ છે.
- હાલના તબક્કે રાજ્યના ૧૬ જિલ્લાઓ જૂનાગઢ, અમરેલી, કચ્છ, પાટણ, સાબરકાંઠા, અમદાવાદ, તાપી, રાજકોટ, બનાસકાંઠા, અરવલ્લી, સુરત, બોટાદ, ડાંગ, વલસાડ, નવસારી અને ભરુચ જિલ્લાઓમાં પાક નુકસાની સંદર્ભે વિગતવાર સરવેની કામગીરી હાલ ચાલુ છે. વિગતવાર સરવેમાં જો નુકસાની ધ્યાને આવે તો રાજ્ય સરકારશ્રી દ્વારા સહાય માટેની વિચારણા કરવામાં આવશે.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ-૧૧૬)

**ભાવિ આયોજનઃ**

• કુદરતી આપતિને લીધે ખેતી પાકોમાં નુકસાન થાય તો સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૫ના ઠરાવ મુજબ સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (SDRF)ના ધારાધોરણો મુજબ જે કિસ્સાઓમાં પાકમાં ૩૩% અને ૩૩% કરતા વધારે નુકસાન થાય તો SDRFના ધારાધોરણો મુજબ નીચે મુજબ સહાય મળવાપાત્ર થાય છે.

* પાક નુકસાની સહાયના ધોરણોઃ

* નાના અને સીમાંત ખેડૂતોને ઇનપુટ સબસિડી (૩૩% અને તેથી વધુ નુકસાનના કિસ્સામાં)

⇒ રૂ.૬,૮૦૦/- પ્રતિ હેક્ટર બિન-પિયત (વાવેતર વિસ્તારની મર્યાદામાં)

⇒ રૂ.૧૩,૫૦૦/- પ્રતિ હેક્ટર પિયત (વાવેતર વિસ્તારની મર્યાદામાં અને રૂ.૧,૦૦૦/-થી ઓછી નહીં તેટલી સહાય)

⇒ રૂ.૧૮,૦૦૦ પ્રતિ હેક્ટર બારમાસી પાક (વાવેતર વિસ્તારની મર્યાદામાં અને રૂ.૨,૦૦૦/-થી ઓછી નહીં તેટલી સહાય)

* નાના અને સિમાંત સિવાયના ખેડૂતો (પાકને ૩૩% અને તેથી વધારે નુકસાનના કિસ્સામાં) (વધુમાં વધુ ૨ હેક્ટરની મર્યાદામાં જ સહાય ચૂકવી શકાશે)

⇒ રૂ.૬,૮૦૦/- પ્રતિ હેક્ટર બિન-પિયત (વાવેતર વિસ્તારની મર્યાદામાં)

⇒ રૂ.૧૩,૫૦૦/- પ્રતિ હેક્ટર પિયત (વાવેતર વિસ્તારની મર્યાદામાં)

⇒ રૂ.૧૮,૦૦૦ પ્રતિ હેક્ટર બારમાસી પાક (વાવેતર વિસ્તારની મર્યાદામાં)

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આપનો આભાર માનું છું કે આપે ૧૧૬ની નોટિસ દાખલ કરી. હું પણ ખેતીના વ્યવસાય સાથે જોડાયેલો છું. એક ખેડૂત તરીકે ખેડૂતની સંવેદના અને વેદના સમજીને માનનીય મુખ્યમંત્રીશ્રી અને કૃષિ મંત્રીશ્રીએ મંજૂરી આપી છે એટલે વિશેષ કરીને તેમનો પણ આભાર માનું છું. ઘણાં વર્ષોથી કુદરતી આફતો, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, કમોસમી વરસાદ, વાવાઝોડું વગેરે અનેક કારણોને લીધે રાજ્યના જુદા-જુદા વિસ્તારોમાં ખેતીના પાકોને ખૂબ મોટા પ્રમાણમાં નુકસાન થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ ખેતી સાથે જોડાયેલા છો. મને યાદ છે જ્યારે વર્ષ ૨૦૧૭માં પૂર આવ્યું ત્યારે આપે લગભગ ૧૫ દિવસ જેટલો સમયગાળો બનાસકાંઠા જિલ્લામાં માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે વિતાવીને ખેડૂતોની મુશ્કેલીના નિવારણ માટે રૂ.૧૫૦૦/- કરોડનું પેકેજ ભાજપની સરકારે આપના મત વિસ્તારમાં આપની લાગણીથી જાહેર કરેલું અને આવા અનેક પેકેજ જાહેર કર્યા છે. માનનીય નરેન્દ્રભાઈ ખેડૂતોની આવક બમણી થાય તેના માટે ચિંતા કરે છે, ત્યારે ક્યારેક આ પ્રકારની આફતો ખેડૂતો માટે મુશ્કેલ હોય છે. તાજેતરમાં જ્યારે પવન સાથે વરસાદ આવ્યો હતો ત્યારે હું પણ મારા ખેતરમાં ગયેલો. મારી આંબાની વાડીમાં લગભગ કેરીઓ ખરી ગઈ હતી. કેટલુંક ઝરણ થયું હતું, પણ ફરી ૧૦-૧૫ દિવસ પછી પવન સાથે વરસાદ આવતા એ પણ ખરી ગયું. સામાન્ય ખેડૂત ખૂબ મુશ્કેલીમાં છે. વર્ષ દરમિયાન એમને કંઈક મળવાનું હોય તે વખતે એમની નજર સામે એમના પાકને નુકસાન થાય અને હવે પાક આવે ત્યારે કેટલો આવશે, કેવા પ્રકારનો આવશે એ પણ નક્કી નથી ત્યારે રાજ્યમાં અનેક જગ્યાઓ ઉપર કમોસમી વરસાદ, પવન વગેરે આવેલો છે. રવી પાકને પણ ખૂબ મોટું નુકસાન થયું છે. આ વખતે એક વર્ષમાં અનેક આફતો આવી ત્યારે તેમાં એસ.ડી.આર.એફ.ના નિયમો કરતાં પણ વધારે પ્રમાણમાં ખેડૂતોને સહાય કરીને સરકારે સંવેદના વ્યક્ત કરીને પાંચ વર્ષમાં અલગ-અલગ સમયે લગભગ રૂ.૯,૬૪૪ કરોડની સહાય પેટે ભાજપની સરકારે ખેડૂતોને મદદ કરી છે. આપણે જાણીએ છીએ તેમ હમણાં જ ડુંગળી-બટાટામાં પણ મદદ કરી છે ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, આ માવઠાના કારણે ખેડૂતોના પાકોને થયેલ નુકસાની અંગે સરકારશ્રી ખેડૂતોને કોઈ સહાય કરવા માગે છે કે કેમ? જો હા, તો આવા કિસ્સામાં ખેડૂતોને અપાતી સહાયની જોગવાઈઓ શું છે? ભૂતકાળમાં સરકારે આવા કિસ્સાઓમાં ખેડૂતોને સહાય આપેલી હોય તો કેવી રીતે અને કેટલી સહાય આપેલી છે તે પણ સન્માનનીય ગૃહને જણાવે એવી મારી વિનંતી છે અને હું આશા રાખું છું કે, જે પ્રકારે આપત્તિના સમયમાં ભારતીય જનતા પાર્ટીની શ્રી ભૂપેન્દ્રભાઈના નેતૃત્વની સરકાર ખેડૂતોની પડખે ઊભી રહી છે અને સમયે સમયે મદદરૂપ થઈ છે ત્યારે આ નુકસાનીમાં પણ ખેડૂતોને મદદરૂપ થાય તેવી મારી લાગણી છે.

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સન્માનનીય સભ્ય શ્રી જિતુભાઈ વાઘાણીએ તાજેતરમાં કમોસમી વરસાદ એટલે કે, માવઠાના કારણે રાજ્યના ખેડૂતોના ઊભા પાકને જે નુકસાન થયું છે તેના અંગે રાજ્ય સરકાર શું મદદ કરવા માંગે છે આ માટેનો મહત્ત્વનો સવાલ ઊભો કર્યો છે. આ દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના ખેડૂતોની આવક બમણી કરવાની નેમ સાથે દિવસ-રાત ખેડૂતોના હિત માટે કામ કરતાં હોય અને જે રાજ્યના સરળ, સાલસ, મૃદુ અને મક્કમ એવા શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મુખ્યમંત્રી હોય, જેના હૈયે હંમેશા ખેડૂતોનું હિત વસેલું હોય એવા મુખ્યમંત્રીશ્રીની આગેવાની હેઠળની આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ભૂતકાળમાં પણ કાયમ ખેડૂતોને પડખે ઊભી રહી છે અને ભવિષ્યમાં પણ ઊભી રહેવાની છે. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ બાબતે સતત ચિંતા કરી આ માવઠા અંગે ખેડૂતોને શું નુકસાન થાય છે એના માટે જિલ્લા કલેક્ટરો સાથે વીડિયો કોન્ફરન્સ કરી સ્પષ્ટ સૂચના આપી કે તમે ખેડૂતોની ખેતીને થતાં નુકસાન અંગે

સાવચેત રહી ઝીણવટપૂર્વક અભ્યાસ કરી સરકારશ્રીને અહેવાલ મોકલજો. રાજ્ય સરકાર કાયમ માટે ખેડૂતોને મદદરૂપ થવા કૃતનિશ્ચયી અને તત્પર છે. માનનીય મુખ્યમંત્રીશ્રી આ અંગે અંગત રસ લઇ રહ્યા છે. માનનીય સભ્યશ્રીએ જણાવ્યું કે, રાજયમાં તાજેતરમાં વાતાવરણમાં જે ફેરફાર થયો એના કારણે તા.૦૪/૦૩/૨૦૨૩થી તા.૦૯/૦૩/૨૦૨૩ દરમિયાન રાજ્યના ૨૭ જિલ્લાના ૧૦૭ તાલુકાઓમાં વરસાદ પડ્યો. ત્યારબાદ બીજા તબક્કામાં તા. ૧૪/૦૩/૨૦૨૩થી તા.૨૪/૦૩/૨૦૨૩ દરમિયાન ૩૧ જિલ્લાના ૧૭૧ તાલુકાઓમાં કમોસમી વરસાદ પડ્યો છે. કમોસમી વરસાદના સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા નોંધાયેલા આંકડા મુજબ ૨૪ જિલ્લાના ૭૭ તાલુકામાં ૧૦ મિલિમિટરથી વધુ વરસાદ નોંધાયો છે. આ કમોસમી વરસાદની વિગતવાર માહિતી આપું તો, અમદાવાદ જિલ્લાના ૨ તાલુકામાં, અમરેલી જિલ્લાના ૮ તાલુકામાં, અરવલ્લી જિલ્લાના ૪ તાલુકામાં, આણંદ જિલ્લાના ૧ તાલુકામાં, કચ્છ જિલ્લાના ૬ તાલુકામાં, ગાંધીનગર જિલ્લાના ૧ તાલુકામાં, ગીર-સોમનાથ જિલ્લાના ૧ તાલુકામાં, છોટાઉદેપુર જિલ્લાના ૧ તાલુકામાં, જૂનાગઢ જિલ્લાના ૪ તાલુકામાં, ડાંગ જિલ્લાના ૨ તાલુકામાં, દાહોદ જિલ્લાના ૩ તાલુકામાં, નર્મદા જિલ્લાના ૧ તાલુકામાં, પંચમહાલ જિલ્લાના ૧ તાલુકામાં, પાટણ જિલ્લાના ૩ તાલુકામાં, બનાસકાંઠા જિલ્લાના ૪ તાલુકામાં, બોટાદ જિલ્લાના ૩ તાલુકામાં, ભાવનગર જિલ્લાના ૩ તાલુકામાં, મહેસાણા જિલ્લાના ૩ તાલુકામાં, રાજકોટ જિલ્લાના ૪ તાલુકામાં, વડોદરા જિલ્લાના ૧ તાલુકામાં, સાંબરકાંઠા જિલ્લાના ૪ તાલુકામાં, સુરત જિલ્લાના ૪ તાલુકામાં, ખેડા જિલ્લાના ૧ તાલુકામાં અને સુરેન્દ્રનગર જિલ્લાના ૫ તાલુકામાં એમ કુલ ૭૦ તાલુકામાં ૧૦ મિલિમિટરથી વધુ કમોસમી વરસાદ નોંધાયેલ છે. કમોસમી વરસાદની વ્યાપકતા અને આગાહીને ધ્યાનમાં રાખીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ તા.૧૯/૦૩/૨૦૨૩ના રોજ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પરિસ્થિતિની વિગતવાર સમીક્ષા કરી અસરગ્રસ્ત વિસ્તારમાં સતત મોનિટરિંગ કરવા અને જરૂર જણાય તો અસરગ્રસત વિસ્તારમાં તાત્કાલિક સરવે કરવાના આદેશો આપ્યા હતા. કુદરતી આપત્તિના લીધે ખેતીના પાકને નુકસાન થાય તો સરકારના મહેસૂલ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૫ના ઠરાવ મુજબ સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (SDRF)ના ધોરણો મુજબ જે કિસ્સાઓમાં પાકમાં ૩૩ ટકા કે ૩૩ ટકાથી વધારે નુકસાન થાય તો એસ.ડી.આર.એફ.ના ધારા-ધોરણો મુજબ સહાય મળવાપાત્ર થાય છે. હાલના તબક્કે રાજ્યના ૧૬ જિલ્લાઓ જેવા કે, જૂનાગઢ, અમરેલી, કચ્છ, પાટણ, સાબરકાંઠા, અમદાવાદ, તાપી, રાજકોટ, બનાસકાંઠા અરવલ્લી, સુરત, બોટાદ, ડાંગ, વલસાડ, નવસારી અને ભરૂચ જિલ્લામાં પાક નુકસાની સંદર્ભે વિગતવાર સરવેની કામગીરી ચાલુ છે.

અધ્યક્ષશ્રી : આપે નિવેદનમાં જે વિગતવાર જવાબ આપ્યો છે એ તો રેકર્ડ પર આવી ગયો છે. એના સિવાય પૂરક પ્રશ્નમાં હોય એટલી જ માહિતી આપજો. નિવેદનમાં આપે ઘણી બધી માહિતી ખૂબ સારી રીતે મૂકી છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને અપાતી સહાયની જોગવાઇ વિશે તો મેં વાત કરી છે. ભૂતકાળમાં જે સહાય આપી છે એના માટેની સભ્યશ્રીએ વિગતો માગી છે તો જણાવું કે, સરકારશ્રી આ બાબતે સહાનુભૂતિપૂર્વક ખેડૂતોના પડખે છે. રાજ્યના ખેડૂતો ઉપર વારંવાર કુદરતી આપત્તિઓ આવી છે અને દરેક વખતે ભારતીય જનતા પાર્ટીની સરકારે ઉદાર હાથે ખેડૂતોને મદદ કરી છે. છેલ્લાં ઘણાં વર્ષોથી આ સમસ્યાઓ ઉદભવે છે. પર્યાવરણમાં મોટા જે ફેરફારો થયા છે એના કારણે આખું હવામાન અનિશ્ચિત બની ગયું છે. આપણે જ નહીં, સમગ્ર દુનિયામાં વાવાઝોડાં, પૂર, અતિવૃષ્ટિ આ બધું સતત અમેરિકા જેવા વિકસિત દેશોમાં પણ થાય છે ત્યારે આવા સંજોગોમાં રાજ્ય સરકારશ્રી દ્વારા અતિવૃષ્ટિ હોય , અનાવૃષ્ટિ હોય, વાવાઝોડાં હોય, માવઠા હોય વિગેરે કુદરતી આપત્તિઓના સમયે ખેડૂતો માટે નુકસાન અંગે વખતોવખત રાહતના પેકેજ જાહેર કર્યા છે. એની વિગત આપું તો, વર્ષ ૨૦૧૭-૧૮માં રાજ્ય સરકાર દ્વારા વિવિધ કુદરતી આપત્તિના સમયે ખેડૂતોને મદદરૂપ થવાના આશયથી અલગ અલગ વર્ષોમાં ૮૬ લાખથી વધુ ખેડૂતોને રૂપિયા ૧૦ હજાર કરોડથી વધુ રકમની માતબર સહાય ચૂકવેલ છે. વર્ષ ૨૦૧૭થી લઇ આજ સુધીમાં એની વર્ષવાર વિગત આપું તો, વર્ષ ૨૦૧૭-૧૮માં ભારે વરસાદના કારણે ખેતી પાકોને થયેલ નુકસાન માટે ૫ જિલ્લામાં ૭,૬૯,૫૭૦ ખેડૂતોને રૂપિયા ૧૭૦૬ કરોડ અને ૬૦ લાખની સહાય ચૂકવવામાં આવેલ. વર્ષ ૨૦૧૮-૧૯માં અછતગ્રસ્ત અને દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ખેતી પાકોને થયેલ નુકસાન માટે ૯૬ તાલુકાઓમાં ૧૭,૫૯,૬૧૪ ખેડૂતોને રૂપિયા ૧૬૭૮.૦૯ કરોડની સહાય રાજ્ય સરકારે ચૂકવેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦માં કમોસમી વરસાદના કારણે ખેતી પાકોને થયેલ નુકસાન માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં ૩૩,૧૮,૦૯૭ જેટલા ખેડૂતોને રૂપિયા ૨૪૮૯ કરોડ ૫૮ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧માં કમોસમી વરસાદના કારણે ખેતી પાકોને થયેલ નુકસાન માટે રાજ્યના ૨૧ જિલ્લાઓમાં ૧૯,૦૩,૫૭૫ ખેડૂતોને રૂપિયા ૨૯૦૫ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં મે માસમાં વાવાઝોડાના કારણે ૧૨ જિલ્લાના કુલ ૧,૭૧,૦૦૦ ખેડૂતોને રૂપિયા ૪૦૯.૬૭ કરોડની સહાય ચૂકવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં સપ્ટેમ્બર માસ દરમિયાન ભારે વરસાદથી થયેલા પાક નુકસાન અંતર્ગત પ્રથમ તબક્કામાં ૪ જિલ્લાના ૨૩ તાલુકાના ૬૮૨ ગામના ખેડૂતોને મદદરૂપ થવા માટે રૂપિયા ૫૪૭ કરોડનું માતબર સહાય પેકેજ જાહેર કરેલ. જે અન્વયે ૨,૨૨,૦૦૦ ખેડૂતોને રૂપિયા ૪૪૨.૮૬ કરોડનું ચૂકવણું થયેલ છે. એ જે રીતે સપ્ટેમ્બર માસના છેલ્લા પખવાડિયા દરમિયાન ભારે વરસાદથી થયેલ પાક નુકસાન અન્વયે બીજા તબક્કાના ૯ જિલ્લાઓના ૩૭ તાલુકાના ૧૫૩૦ જેટલા ગામોમાં ખેડૂતોને મદદરૂપ થવા માટે કુલ રૂપિયા ૫૩૧ કરોડનું રાહત પેકેજ જાહેર કરેલ અને ૩,૬૮,૦૦૦ જેટલા ખેડૂતોને રૂપિયા ૩૭૬ કરોડનું ચૂકવણું કરવામાં આવેલ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, હજી બે સભ્યશ્રીઓ છે એમને કદાચ બે પ્રશ્નો પૂછવા હશે.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત(નિયમ-૧૧૬)

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : એટલે અત્યાર સુધીમાં છેલ્લાં ૫ વર્ષમાં આ રાજ્ય સરકારે આપણા ગુજરાતના ખેડૂતોને વિવિધ કુદરતી આપત્તિઓના સમયે મદદરૂપ થવા માટે રૂપિયા ૧૦ હજાર કરોડથી પણ વધુ રકમની સહાય કરી છે. ભવિષ્યમાં પણ આવી આપત્તિઓ વખતે રાજ્ય સરકાર ખેડૂતોના પડખે ઊભી રહેવાની છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ખેડૂતોની આવક બમણી થાય એ માટે લગભગ રૂપિયા ૨૦૦૦/- દરેક ખેડૂતના ખાતામાં તેઓશ્રી જમા કરાવે છે. એ જ રીતે ગુજરાતની સરકાર અને આપણા મુખ્યમંત્રીશ્રી મક્કમ અને વિશાળ હૃદયના પણ છે. માનનીય કૃષિ મંત્રીશ્રી તો ૪૦ વર્ષના એમના જીવનકાળમાં ખેડૂતને એક ટાંકણી વાગે તો એમને વાગી છે એમ માનીને તેઓશ્રી ચાલતા હોય છે. એટલે સહાયમાં પણ તેઓશ્રી એટલા જ ઉદાર રહેશે એવી હું અપેક્ષા રાખું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી સહાય આપે એ પહેલા સ્ટેટમેન્ટ કરે એટલે બધા રાજી થઇ જાય. તેઓશ્રી એટલું સરસ બોલે છે કે બાકીના બધા એમને એમ રાજી થઇ જાય છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને સાબરકાંઠા, અરવલ્લી જિલ્લો અને સમગ્ર રાજયમાં કમોસમી વરસાદ પડ્યો છે, ત્યારે અગાઉ પણ બટાટા અને ડુંગળીમાં સહાય આપણી સરકારે ચૂકવી જ છે. એટલે આમાં પણ ઘણુંબધું નુકસાન છે અને સહાયના જે ધોરણો છે, એમાં પણ આપ થોડો વધારો કરશો અને ખેડૂતોને જયાં મુશ્કેલી પડી છે. ઘઉં તો અત્યારે કોઇ લેવા તૈયાર નથી અને તમાકુ પણ ખલાસ થઇ ગઇ છે. બીજા પાકોને પણ ઘણુંબધું નુકસાન છે. તો વિશાળ હૃદયે આપણી સરકાર ભાજપની છે અને અત્યાર સુધી મદદ કરતી આવી છે, એટલે વધારે મદદ આપ કરો એ માટેનો મારો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : ઠીક છે. એટલે સૂચન છે. બીજા કોઇને કહી દઉં. શ્રી રમણભાઇને કહી દઉં. બન્નેનો ભેગો જ જવાબ આપી દો ને. આમાં કંઇ હોય તો શોર્ટમાં આપી દો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે. એ પ્રમાણે જ રાજય સરકારે ભૂતકાળમાં ખેડૂતોને મદદરૂપ થવા માટેની કાર્યવાહી કરી છે અને આ વખતે પણ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે અમને કહ્યું છે કે ખેડૂતોને નુકસાની અંગેની સાચી વિગતો અને અહેવાલ તૈયાર કરો. આપણે ખેડૂતોને મદદ કરવામાં કયાંય કચાશ રાખી નથી અને રાખીશું પણ નહીં.

શ્રી રમણલાલ ના. પાટકર (ઉમરગામ): માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર અંદાજે ૮૫ લાખ નાના, સીમાંત અને મોટા ખેડૂતો છે. આ ખેડૂતો ઉપર જયારે જયારે આફત આવી છે, ત્યારે ભારત સરકાર અને ગુજરાત સરકાર એને એસ.ડી.આર. એફ.ના નિયમો પ્રમાણે મદદ કરતી હોય છે. મારે માનનીય કૃષિમંત્રીશ્રી પાસેથી જાણવું છે કે દક્ષિણ ગુજરાતમાં નવસારી, સુરત અને વલસાડ એ કેરીના પાક માટે પ્રખ્યાત છે અને વર્ષોથી કેરીનો પાક છેલ્લાં ૩ વર્ષથી નિષ્ફળ જાય છે. કેરીના પાકમાં એસ.ડી.આર.એફ.ના નિયમો છે કે ૧૦ મી.મી. વરસાદ પડે તો ભારત સરકારની ગાઇડલાઇન પ્રમાણે આપવામાં આવે છે. પરંતુ કેરીના પાકમાં ઝાકળ પડે કે વાવાઝોડાથી વાદળો થાય તો પણ મોરને નુકસાન થતું હોય છે. તો આ પાકને સરકારના રાજય બજેટમાંથી કોઇ સહાય આપવા માગો છો કે કેમ? સાથોસાથ કેરીના પાક માટે વીમા યોજનામાં એનો સમાવેશ કરવા માગો છો કે કેમ ? એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે. તદુપરાંત તાઉતે વાવાઝોડું આવ્યું એ વખતે રાજય સરકારે જે પાક નુકસાનીમાં સહાય આપી છે. તો એ કયા પ્રકારની સહાય આપી છે અને કેટલી આપી છે? એ પણ જરા વિગતો હું જાણવા માગું છું.

અધ્યક્ષશ્રી : જૂનું છે એને રેકર્ડ પર મૂકી દેજો. અત્યારે આ એમનો જે પ્રશ્ન છે, એનો જવાબ આપો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જૂની વિગતો આપની સૂચના મુજબ હું સભ્યશ્રીને પહોંચાડી દઇશ. હમણાં જ માનનીય ભગવાનજીભાઇ બારડને બાગાયતી પાકો અંગે વીમાનો પ્રશ્નનો જે જવાબ આપ્યો એ મુજબ સરકારની સક્રિય વિચારણા હેઠળ છે. માનનીય સભ્યશ્રીએ નવસારી, સુરત અને વલસાડ જિલ્લાના કેરી ઉત્પાદન કરતા બાગાયતી પાક લેતા ખેડૂતોને ભૂતકાળમાં છેલ્લાં બે ત્રણ વર્ષથી જે કેરીના ઉત્પાદનમાં ઘટ આવી છે. જુદાં જુદાં કારણોસર કેરીના ઉત્પાદનમાં જે આર્થિક નુકસાની ખેડૂતોને જાય છે એના અંગેની જે વાત કરી છે. ભૂતકાળમાં તાઉતે વાવાઝોડા વખતે જે કેરીના બગીચા હતા, બાગાયતી વાવેતર કરતા હતા, રાજય સરકારે ખેડૂતોને ઉદાર હાથે સહાય આપેલી જ છે. અત્યારે પણ મારી પાસે ધારાસભ્યશ્રીઓની રજૂઆતો છે કે નવસારી, સુરત, વલસાડ જિલ્લામાં તાજેતરના આ માવઠાના કારણે કેરીના પાકને નુકસાન થયું છે. ઉત્પાદન પણ ઓછું થવાનું છે. એવા સમયે સરકાર યોગ્ય સરવે કરીને સહાય માટેની વિચારણા કરશે એવી માનનીય સભ્યશ્રીને હું ખાતરી આપું છું.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૪-૩-૨૩ થી ૯-૩-૨૩ અને ૧૪-૩-૨૩ થી ૨૪-૩-૨૩ વચ્ચે જે કમોસમી વરસાદ પડયો, એમાં મારા મત વિસ્તારમાં લાલપુર તાલુકાના અમુક ગામોમાં પૂર આવે એવી પરિસ્થિતિ થઇ છે. એનો વીડિયો પણ છે, પરંતુ આમાં કમોસમી વરસાદની યાદીમાં જામનગર જિલ્લાનું અને ખાસ મારા મત વિસ્તારનું નામ નથી. આ લાલપુર તાલુકામાં તાલુકા મથકે માત્ર વરસાદ માપવાનું યંત્ર છે. કમોસમી વરસાદ પડ્યો ત્યારે મેં મામલતદારશ્રીનો સંપર્ક કર્યો ત્યારે એમણે કહ્યું કે ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ માપવાનું યંત્ર આપણી પાસે નથી. એના લીધે તાલુકા મથકે ૧૦

મી.મી. વરસાદ નોંધાયો છે. અમુક ગ્રામ્ય વિસ્તારોમાં નદીમાં પૂર આવ્યું છે. તો આવાં ગામડાં માટે મંત્રીશ્રી કોઇ જોગવાઇ કરીને કમોસમી વરસાદ અંગેની એસ.ડી.આર.એફ.ની જે સહાય ચૂકવવાની છે, એમાં આપ લાલપુર તાલુકાનો સમાવેશ કરો એવી મારી આપને માન સાથે વિનંતી છે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકાર રાજ્યના કોઇપણ ભાગમાં કોઇપણ કુદરતી આપત્તિમાં, કોઇપણ જાતના ભેદભાવ વગર અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચના અનુસાર જો ખરેખર નુકસાન થયું હોય તો સરવે કરીને સરકારશ્રીના ધારાધોરણ મુજબ તેને સહાય કરવા તત્પર છે. માનનીય સભ્યશ્રીએ લાલપુર તાલુકાની વાત કરી એ યાદીમાં કદાચ નોંધાયેલ નહીં હોય પણ અમે જિલ્લાના તમામ ખેતીવાડી અધિકારીઓને સૂચના આપી છે કે જ્યાં જ્યાં આ કમોસમી વરસાદ થયો છે એવા વિસ્તારમાં તમે જાતે જઇને સરવે કરાવો, એટલે લાલપુર તાલુકામાં પણ કોઇ વિસ્તાર બાકાત હશે તો તેનો સરવે અમે કરાવી લઇશું અને એ સહાયપાત્ર હશે તો સહાયમાં પણ મદદરૂપ થઇશું. માનનીય સભ્યશ્રીની એક વાત સાચી છે કે વરસાદ માપક યંત્રો છે એ ચોક્કસ જગ્યાએ હોય છે. વરસાદ તો અનિશ્ચિત છે. બાજૂના બે કિલોમીટર વિસ્તારમાં પુષ્કળ વરસાદ પડે અને જ્યાં યંત્ર હોય ત્યાં ન પડે. જ્યાં યંત્ર હોય તેના લેવલ ઉપર જ આખા તાલુકાની વરસાદની માપણી થતી હોય. આ બાબત સરકારના ધ્યાન ઉપર આવી છે. સરકાર પણ આ બાબત ગંભીરતાપૂર્વક વિચારે છે કે આખા એરિયામાં જ્યાં જ્યાં જેટલો વરસાદ થયો હોય તેની ચોક્કસ આંકડાકીય માહિતી મળી રહે તેના માટેની વ્યવસ્થા કરવી. એટલે આપના સૂચનની અમે નોંધ લઇએ છીએ અને તેના માટેની જરૂરી કાર્યવાહી પણ કરવાના છીએ.

અધ્યક્ષશ્રી : ખૂબ સરસ. આ પોઝિટિવ અભિગમને હું અહીં ચેર પરથી અભિનંદન આપીશ. ખેડૂતોના પ્રશ્ન માટે રાજ્ય સરકારે પોઝિટિવ અભિગમ સાથે નિર્ણય કર્યો તેના માટે અભિનંદન.

**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

**રાજયની જેલોમાં સરપ્રાઇઝ ચેકિંગ દરમ્યાન પ્રતિબંધિત વસ્તુઓ મળવા અંગે**

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ(રાજકોટ -પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જ્યારે નિયમ-૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત અંગે અમે પ્રશ્ન પૂછ્યો છે.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રી, આપ તાકીદની જાહેર અગત્યની બાબત પહેલાં મૂવ કરો. આપ કામકાજની યાદીમાંનું લખાણ વાંચી લો, પછી પ્રશ્ન પૂછવાનો મોકો મળશે. તાકીદની બાબત એમની પાસે મૂવ કરાવો. સ્વાભાવિક છે કે નિયમ-૧૧૬ એક અગત્યની નોટિસ હોય છે. બધા ધારાસભ્યો બે-ત્રણ ટર્મ પછી જ મૂકતા હોય છે, પરંતુ આ ધારાસભ્યોએ નવી શરૂઆત કરી છે, તો તમને અભિનંદન આપીએ. શરૂઆત કરો. શરૂઆત કરવામાં આવું જ હોય.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ: માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

'' તાજેતરમાં રાજ્યની ૧૭ જેલોમાં એક સાથે પોલીસની ટુકડીઓ દ્વારા બોડી વોર્ન કેમેરા સાથે સરપ્રાઇઝ ચેકિંગ કરતા કેટલીક પ્રતિબંધિત વસ્તુઓ મળી આવતા, આવી ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ઇસમો સામે સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાં ''

શ્રી હર્ષ સંઘવી(રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, જેલોમાંથી જેલ પ્રતિબંધિત વસ્તુઓ પકડવા અંગેની વિગતો.

રાજ્યની દરેક જેલમાંથી જેલ પ્રતિબંધિત વસ્તુઓની બદી નેસ્તનાબૂદ કરવા તથા જેલમાં રહેલા કેદીઓને મળવાપાત્ર તમામ જરૂરી સુવિધાઓ યોગ્ય રીતે મળી રહે તે સુનિશ્ચિત કરવા સરપ્રાઇઝ ચેકિંગ હાથ ધરાય છે. તાજેતરમાં રાજ્યની ૧૭ જેલોમાં ૧૭૦૦ જેટલા પોલીસ અધિકારી-કર્મચારીઓ દ્વારા મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવેલ. રાજ્યના મુખ્યમંત્રીશ્રી દ્વારા સી.એમ. ડેશબોર્ડ ખાતેથી અને ગૃહ રાજ્ય મંત્રીશ્રી તેમજ ગૃહ વિભાગ તથા પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર-ત્રિનેત્ર ખાતેથી રાજ્યની તમામ જેલમાં ચાલી રહેલા આ સરપ્રાઇઝ ચેકિંગનું લાઇવ મોનિટરિંગ કરવામાં આવેલ. આ સર્ચ ઓપરેશન દરમ્યાન ૧૬ મોબાઇલ, ૧૦ ઇલેક્ટ્રિક ચીજવસ્તુ, ૩૯ ઘાતક સામાન તેમજ ૩ જગ્યાએ માદક પદાર્થો મળી આવેલ છે.

જેલોમાં ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ઇસમો સામે સરકારે લીધેલાં કે લેવાં ધારેલાં પગલાંની વિગતો નીચે મુજબ છે.

(૧) રાજ્યની ૧૭ જેલો પૈકી ૦૩ જેલોમાં મોબાઇલ ફોન સાથે અન્ય પ્રતિબંધિત વસ્તુઓ મળી આવેલ, જેમાં જવાબદાર અધિકારી/કર્મચારી સામે પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવેલ છે. પ્રાથમિક તપાસના અંતે જવાબદાર અધિકારી/કર્મચારી સામે ખાતાકીય તપાસ હાથ ધરી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

(૨) ૧૭ જેલો પૈકી ૧૦ જેલોમાં ધુમ્રપાન જેવી વસ્તુઓ મળેલ છે. આ ૧૦ જેલો પૈકી ૦૫ જેલોમાં ધુમ્રપાન સાથે ઘાતક વસ્તુઓ તથા આ ૦૫ જેલો પૈકી ૦૧ જેલમાં રસોઇનાં સાધનો અને એ જ જેલમાં ૦૧ નંગ પેનડ્રાઇવ મળી આવેલ છે. આવા પ્રકરણોમાં જવાબદાર અધિકારી/કર્મચારી સામે તપાસ કરી શિક્ષાત્મક કાર્યવાહી કરવા સંબંધિત અધીક્ષકશ્રીઓને સૂચના આપવામાં આવી છે અને તેઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

(૩) ૧૭ જેલો પૈકી ૦૫ જેલોમાં કોઇ પ્રતિબંધિત વસ્તુ મળેલ નથી.

(૪) ઓચિંતી ચકાસણી દરમ્યાન મોબાઈલ ફોન, માદક પદાર્થો અને અન્ય પ્રતિબંધિત વસ્તુઓ મળી આવેલ બાબતે દાખલ થયેલ તમામ ગુનાઓની તપાસ જે તે શહેર/જિલ્લાના પી.આઇ.એસ.ઓ.જી.ને સોંપવામાં આવે છે.

(૫) રાજ્યની જેલોની સલામતીને ચુસ્ત રાખવા તેમજ અનિચ્છનિય બનાવ જેલોમાં ન બને તે માટે જેલોના વડા દ્વારા તા.૨૫/૦૩/૨૦૨૩નો પરિપત્ર કરી તમામ જેલ અધીક્ષકશ્રીઓને સૂચનાઓ પરિપત્રિત કરી દેવામાં આવેલ છે.

આમ, રાજ્યની દરેક જેલમાંથી જેલ પ્રતિબંધિત વસ્તુઓની બદી નેસ્તનાબૂદ કરવા માટે કડક કામગીરી હાથ ધરવા ઉપરાંત રાજ્યની તમામ જેલોમાં માનવ ગરિમા જળવાઈ રહે તથા કાયદો અને વ્યવસ્થાનું સુચારુ પાલન થાય તે માટે સરકાર કટિબદ્ધ છે.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, જેલનો વિભાગ છે તેમાં ગુજરાતની જેલોમાં અસંખ્ય કેદીઓ હોય અને ખાસ કરીને એક સાથે ૧૭૦૦ જેટલા પોલીસ કર્મીઓ છે અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ છે. તેમણે માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનથી માનનીય ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ જે ઓચિંતું જ કોઇને ખ્યાલ ના હોય એ રીતે એકાએક મિટિંગનું આયોજન કરવામાં આવે, વીડિયો કોન્ફરન્સથી જિલ્લાઓના પોલિસવડા સાથે, ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી અને એ બેઠક કર્યા પછી એક મેસેજ આપવામાં આવે કે તમારે બધાને મળવાનું છે અને ત્રિનેત્ર દ્વારા એનું જે મોનિટરિંગ કર્યું એ બદલ હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને સાથોસાથ એક પ્રશ્ન પણ પૂછવા માગું છું કે રાજયના જેલના ઈતિહાસમાં અભૂતપૂર્વ અને સૌ પ્રથમ વખત રાજયની ૧૭ જેલોમાં એક સાથે ૧૭૦૦ જેટલા પોલિસ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ઓપરેશન કેવી રીતે પાર પાડવામાં આવ્યું એની વિગત જણાવશો અને રાજયની ૧૭ જેલોમાં શા માટે ચેકિંગ કરવામાં આવ્યું અને ખાસ કરીને એ પણ માધ્યમોના માધ્યમથી જાણવામાં આવ્યું છે કે ખાલી જેલમાં કોઇ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલે છે એટલા માટે આવું ચેકિંગ કરવામાં આવ્યું છે એવું નથી પણ સાથેસાથે માનવતાના ધોરણ સાથે કેદીઓ છે તો એને જેલના મેન્યુઅલ છે..

અધ્યક્ષશ્રી : આપનો જે પ્રશ્ન હોય એ જ પૂછો.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, જેલોમાં જે પ્રતિબંધિત વસ્તુઓ ઘુસાડવામાં આવે છે તે અનિયમિતતા બદલ જેલના અધિકારીઓ કે કર્મચારીઓ વિરુદ્ધ કોઇ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એમના પ્રશ્નમાં જેલની તમામ પ્રક્રિયાઓ આવી જાય છે. હું મારો જવાબ આપું તે પહેલાં માત્ર ત્રણ લાઇનમાં સરકાર, સરકારની સિસ્ટમ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની જવાબદારી છે એ આ જેલના ઓપરેશનને એકદમ સંપૂર્ણપણે એ કેમ કરવું પડયું એ સ્પષ્ટપણે તમામ લોકોને ધ્યાનમાં આવશે. આપણે કોઇપણ નવી સિસ્ટમ બનાવીએ, કોઇપણ નવો નિયમ બનાવીએ એ નવા નિયમોમાં નાનીમોટી છટકબારી શોધીને અને નિયમો હોય કે સિસ્ટમની અંદર નાની મોટી લીકેજ સમયાંતરે આવતી હોય છે. એ નિયમોને અને સિસ્ટમોને કોઇપણ પ્રકારનો લીકેજ આવે કે લીકેજ ના આવે તે માટે સરકારની જવાબદારી હોય છે કે વારંવાર તેની ઉપર નજર રાખે અને એની ઉપર એક્શનની જરૂરિયાત હોય છે અને આ રૂટિન પ્રક્રિયા છે અને પ્રક્રિયા સમયાંતરે ચાલુ જ રાખવી પડતી હોય છે ત્યારે જ કોઇપણ સિસ્ટમ નિયમિત પણે આગળ વધતી હોય છે. આ જેલનું ઓપરેશન પણ એમાનું જ એક ઓપરેશન છે કે આપણી જવાબદારી સરકાર તરીકે જે સિસ્ટમ અને જેલની વ્યવસ્થાઓ સારી રીતે ચાલે તે માટે નિયમિતપણે ચેકિંગ કરવું એ આપણી સિસ્ટમ છે અને એ સિસ્ટમના ભાગરૂપે આ એક રેડ પાડવામાં આવેલી હતી. રાજયના ઈતિહાસમાં અને દેશના ઈતિહાસમાં પહેલીવાર આ પ્રકારે રાજયમાં આવતી તમામ મહત્ત્વની જેલોમાં એક સાથે ૧૭૦૦ પોલીસ કર્મીઓ દ્વારા જેલની અંદર રેડ પાડવામાં આવે, સરપ્રાઇઝ ચેકિંગ કરવામાં આવે છે. આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો હું આભાર માનવા માંગું છું, તેમના વિઝનથી અને તેમના માર્ગદર્શનથી ગુજરાત પોલીસ દ્વારા ગુજરાતની તમામ જેલોમાં એકદમ સરપ્રાઇઝપણે ચેકિંગ હાથ ધરવામાં આવેલ હતું. મુખ્યમંત્રીશ્રીની સૂચના હતી કે વિભાગને પણ નહીં અને કોઇપણ વ્યકિતને આ જેલોની અંદર આપણે રેડ પાડવાના છીએ એની છેલ્લી મિનિટ સુધી અંદાજો ન આવે તે પ્રકારે આનું આયોજન કરવું.

માનનીય અધ્યક્ષશ્રી, આ આયોજન જે તે દિવસે રેડ પાડવામાં આવી એ દિવસે સાંજના ૬-૦૦ વાગે એનું પ્લાનિંગ કરવામાં આવે છે. રાત્રીના ૮-૦૦ વાગે ગુજરાતના તમામ મહાનગરો અને જિલ્લાના એસ.પી.ને સૂચના આપવામાં આવે છે. મહાનગરોના કમિશનરને સૂચના આપવામાં આવે છે કે ૫ એસ.પી. અને ૧૦૦ કોન્સ્ટેબલની ટીમ જોડે તમામ લોકો પોલીસ હેડકવાર્ટર ઉપર હાજર રહે. રાત્રીના ૮-૦૦ વાગ્યે વીડિયો કોન્ફરન્સની શરૂઆત થશે. રાત્રીના ૮-૨૬ કલાકે ગુજરાતના એસ.સી.એસ. હોમ, ડી.જી.પી. અને તમામ ઉચ્ચ અધિકારીઓ સાથે બેસીને આ વીડિયો કોન્ફરન્સની શરૂઆત ડી.જી. ઓફિસથી કરવામાં આવે છે. રાત્રીના ૮-૨૬ કલાકે આ તમામ લોકોને સૂચના આપવામાં આવે છે કે તમારી જે તૈયાર ટીમ છે એ ટીમ સાથે આવનારી પાંચ મિનિટની અંદર તમારે આખો પ્લાનિંગ કરવાનો છે. કયા ગેટથી કયા અધિકારી જશે અને એ પ્રમાણે તમારે આખી રાત ચેકિંગ પ્રક્રિયા ચાલુ રાખવાની છે અને કેટલી મિનિટમાં કયા એસ.પી. એમની ટીમ સાથે જેલમાં પહોંચી શકશે એ ગુગલ મેપના આધારે આખું તૈયાર કરવામાં આવ્યું હતું. ૯ કલાકે ગુજરાતની ૧૬ જેલોમાં એકી સાથે ચેકિંગ ચાલુ થાય છે. એક સુરત જેલ પોલીસ કમિશનર ઓફિસથી એનો રસ્તો ખૂબ લાંબો હોવાથી ૪૫ મિનિટે પહોંચ્યા એના કારણે રાત્રીના ૯.૧૫ કલાક પછી એનું ચેકિંગ ચાલુ થાય છે. ગુજરાતની તમામ જેલોમાં એકી સાથે કાયદાનું પાલન થાય છે એ ચેક કરવાની સાથોસાથ માનવ અભિગમ તરીકે તમામ કેદીઓને હક્ક પ્રમાણેની સુવિધા મળવી જોઇએ તેનું ચેકિંગ પણ આ રેડ દરમિયાન

કરવામાં આવ્યું. મુખ્યમંત્રીશ્રીના ડેશબોર્ડના માધ્યમથી ૪ કલાક સુધી રાત્રે ૩ વાગ્યા સુધી સતત આ પ્રક્રિયાનું ચેકિંગ કરી અમે સૌ અધિકારીઓ સાથે પોલીસ ભવનમાં બેસીને આની આખી પ્રક્રિયા કઇ રીતે ચાલી, એક સાથે રેડ પડી છે એમાં કોઇ તકલીફ પડતી નથી, રેડની પ્રક્રિયા નક્કી કરવામાં આવેલ એ જ પ્રકારે થઇ છે કે નહીં એનું ચેકિંગ પોલીસ ભવન ખાતેથી કરવામાં આવ્યું. દરેક જિલ્લા, શહેર યુનિટને ગૃહ વિભાગ તરફથી અધિકારિત પત્ર જે આપવો પડતો હોય છે એ રાત્રીના ૮.૫૫ વાગ્યે આપવામાં આવ્યો. પોલીસ ભવન ખાતે યોજાયેલી આ વીડિયો કોન્ફરન્સમાં જે સૂચના આપવામાં આપવામાં આવેલી એ તમામ પ્રકારે અમે બોડીવોર્ન કેમેરાના માધ્યમથી ચેક કર્યું. આ પ્રક્રિયા ખૂબ સારી રીતે પોલીસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ હતી. આ રેડમાં સમગ્ર કામગીરી ખૂબ જ વિવેક અને શિસ્તબદ્ધ રીતે થઇ હતી અને આ કામગીરીના આધારે ગુજરાતની અનેક જેલોમાંથી મોબાઇલ ફોન, બીડી, તમાકું જેવી વસ્તુઓ, ભોજન બનાવવાની સામગ્રી વગેરે અલગ અલગ સામગ્રી ગુજરાતની જેલોમાંથી પકડાયેલી હતી. દેશની કોઇપણ જેલ હશે, આ પ્રકારની નાની મોટી એરરનો ઉપયોગ કરીને આ લોકો આવી વસ્તુ અંદર લઇ જવામાં સફળતા પ્રાપ્ત કરે છે. પણ અમે નક્કી કરેલ છે કે આવનારા દિવસોમાં રેન્જ આઇ.જી., એસ.પી., જેલના વડા આ તમામ લોકોની આ જ રીતે નિયમિતપણે સરપ્રાઇઝ વિઝિટ ચાલુ રહે તો જેલની અંદર હજી જે કાયદો છે એ અમલમાં લાવવામાં વધુ સફળતા મેળવી શકીએ છીએ. જેલમાં કાચા અને પાકા કામના થઇને ૧૬ હજારથી વધારે કેદીઓ છે. આ કેદીઓની સુવિધા જળવાઇ રહે, એના માનવ અધિકારો જળવાઇ રહે તે માટે પણ આ જેલોમાં તમામ પ્રકારનું ચેકિંગ કરેલ હતું. એમાં પણ જે વિષયો ધ્યાનમાં આવેલા છે એ બાબતે આવનારા દિવસોમાં આ લોકોને સુવિધા કેવી રીતે વધારી શકાય એના માટેની ચિંતા કરવામાં આવી રહી છે. જેલની સલામતી ન જોખમાય તે માટે ત્યાં મોબાઇલ ઝામર લગાવવામાં આવે છે. પણ આજુબાજુમાં રેસિડેન્શિયલ એરિયા આવવાના કારણે એ ઝામરની ૨-જી ટેકનોલોજી હોવાના કારણે અનેક મોબાઇલો કામ કરતાં થયાં છે. આવનારા દિવસોમાં આ બજેટમાં જે નવા ૫-જી ટેકનોલોજીના ઝામર છે તે લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. તેનાથી આવનારા દિવસોમાં મોટી જેલોની સુરક્ષા હજી પણ વધુ મજબૂત કરી શકાશે.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીને અભિનંદન આપું છું. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપી દીધો, પણ હું એ વિચારતો હતો કે ઝામર લગાવ્યા છે છતાં જેલમાં મોબાઇલ કેવી રીતે પકડાય છે? એ લોકોના મોબાઇલ એવા છે કે ઝામર નથી ચાલતા? પણ એમણે કહ્યું કે ઝામરની ક્વોલિટી બરાબર નથી એટલે મારા મનને સંતોષ થઇ ગયો કે સારી ક્વોલિટીના ઝામર લઇને જેલમાંથી કોઇ ફોન ન કરી શકે એવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ક્વોલિટીનો વિષય નથી. ટેકનોલોજીનો વિષય છે. વિષય મહત્ત્વનો એટલા માટે છે કે ૨-જી ટેકનોલોજી અને ૫-જી ટેકનોલોજીની વચ્ચે અંતર આવે છે. આપણે નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીશું પણ આજુબાજુમાં આટલી મોટી સંખ્યામાં રહેઠાણો હોય ત્યારે ક્યાંકને ક્યાંક આ ઝામરની એક લિમિટેશન હોય છે. એના કારણે આ લોકોને સફળતા પ્રાપ્ત થઇ છે પણ ભવિષ્યમાં એ સફળતા પ્રાપ્ત ન થાય એના માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કુલ મળીને આખી સરપ્રાઇઝ વિઝિટ રેડ હતી એ માત્ર ને માત્ર સિસ્ટમને સંપૂર્ણપણે પ્રૂફ કરવા માટેની એક રેડ હતી. આમાં ગુજરાત સરકાર અને ગૃહ વિભાગને ખૂબ મોટી સફળતા મળી છે. આપણે અનેક કેદીઓના ચહેરા ઉપર એ ડર સ્પષ્ટપણે નજરે પડ્યો છે. અનેક કેદીઓ જેલની અંદર એમને ડર ના નીકળી જાય એ માટેની આ વ્યવસ્થા હતી અને આ વ્યવસ્થા આવતા દિવસોમાં પણ નિરંતર રૂપે ચાલતી રહેશે.

પ્રવાસન પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંગે

શ્રી ઋષિકેશ ગ. પટેલ( પ્રવાસન પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, એક ભારત શ્રેષ્ઠ ભારતના સંકલ્પને..(અંતરાય)

અધ્યક્ષશ્રી : મને ગઇ કાલે સાંજે માનનીય મંત્રીશ્રીએ વિનંતી કરી હતી કે, મારે નિયમ-૪૪ અંતર્ગત નિવેદન આપવું છે અને મને મંજૂરી આપવામાં આવે. ઓર્ડર નીકળી ગયો હતો. પરંતુ મને લાગ્યું કે અગત્યની બાબત છે અને નિવેદન આપવું છે. મેં મંજૂરી આપેલી છે એટલે એમનું નિવેદન લઇ શકો છો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું નિવેદન રજૂ કરું છું કે-

**એક ભારત શ્રેષ્ઠ ભારતના સંકલ્પને સાકાર કરતો સૌરાષ્ટ્ર તમિલ સંગમ**

આજે આપની વચ્ચે હું વિશ્વની એક વિરલ ઘટના એટલે કે કોઇ એક ચોક્કસ સમુદાયની વિશ્વની સૌથી મોટી ગણવામાં આવતી હિજરત અથવા તો કોઇ એક સમુદાયના સામૂહિક સ્થળાંતરના સંદર્ભમાં જે ઐતિહાસિક ઘટનાએ આકાર લીધો હતો તેની વિગત હું આપ સૌ સમક્ષ રજૂ કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ભારત વર્ષના તમિલનાડુ રાજ્યમાં ૨૫ લાખ કરતા વધારે સૌરાષ્ટ્રવાસી સમુદાય પોતાની જૂની સૌરાષ્ટ્રવાસી તરીકેની ઓળખ તેમજ પોતાના સૌરાષ્ટ્ર વિસ્તારની પરંપરા તથા વારસાને અકબંધ રાખી નિવાસ કરી રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત વર્ષના ૧૨ જ્યોતિર્લિંગ પૈકી પ્રથમ જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથજી ઉપર વિદેશી આક્રમણખોર મોહમ્મદ ગજનીએ ૧૦૨૪ની સાલમાં આક્રમણ કર્યું તે સમયે દરિયાઇ માર્ગે સોમનાથ, પ્રભાસ પાટણ, વેરાવળ

તેમજ આજુબાજૂના વિસ્તારમાંથી સામૂહિક સ્વરૂપે વિશાળ સંખ્યામાં ત્યાં વસતા સૌરાષ્ટ્રવાસી સમુદાયે દરિયાઇ માર્ગે હિજરત કરી. એમ કહેવામાં આવે છે કે વિશ્વના ઈતિહાસની અંદર આ એક મોટામાં મોટી હિજરત હતી અને સૌરાષ્ટ્રવાસી સમુદાય તે સમયે ઉત્કૃષ્ટ વણાટકામ માટે વિશ્વભરમાં ખ્યાતિ પ્રાપ્ત હતો. સાથોસાથ વૈદિક સંસ્કૃતિને સંપૂર્ણ પ્રતિબદ્ધ એવા આ સમાજે પોતાની સંસ્કૃતિને બચાવવા માટે દરિયાઇ માર્ગે હિજરત કરી અને ખંભાત બંદર અને ત્યાંથી ભરૂચ અને ભરૂચ પછી સુરત તેમજ ત્યાર પછી મહારાષ્ટ્ર અને મહારાષ્ટ્રમાંથી વિજયનગર સામ્રાજ્યનાં આમંત્રણથી આશરો લીધો. થોડી સદીઓ સુધી વિજયનગર સામ્રાજ્યમાં આશરો લીધા પછી વિજયનગર સામ્રાજ્યનું પતન થતા આ સમુદાય પાસે જેમ આપણે જાણીએ છીએ તેમ સાડી વણાટકામ તેમજ અન્ય હસ્તકલાઓમાં ખૂબ જ કૌશલ્ય પ્રાપ્ત હતી. આ સમુદાયને મદુરાઇના તત્કાલીન રાજવંશ મહારાજાએ તેઓની આ કલાને પીછાણી અને તેઓને ખાસ આશરો આપી રાજ્યાશ્રય આપ્યો અને આમ ઇ.સ.૧૫૦૦ની સાલથી આ સમુદાય મદુરાઇ તેમજ આજુબાજૂના વિસ્તારની અંદર સ્થાયી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમુદાયને ફરીથી વર્તમાન ગુજરાત રાજ્ય સાથે જોડવાનો પ્રયત્ન વર્ષોથી થતો હતો. પરંતુ વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬ની સાલમાં ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને આપણા યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિશ્રી તેમજ ઉપકુલપતિશ્રી તેમજ અન્ય અગ્રણીઓ સાથે બેઠક યોજી આ સમુદાય સાથે સંપર્ક પ્રસ્થાપિત કરવા અર્થે પ્રેરિત કર્યા અને આમ વિધિવત રીતે આ સૌરાષ્ટ્રવાસી સમુદાય ગુજરાત સાથે ૧૦૦૦ વર્ષના ગાળા પછી ફરીથી જોડાયો અને ગુજરાત રાજ્ય અને તમિલનાડુના આ સૌરાષ્ટ્રવાસી સમુદાય વચ્ચે અનેકવિધ અનેક ક્ષેત્રે આદાન-પ્રદાનના ખૂબ જ સરસ મજાના કાર્યક્રમો ચાલે છે. ૨૦૧૦ની સાલની અંદર તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની ઉપસ્થિતિમાં મદુરાઇ ખાતે વિરાટ સૌરાષ્ટ્ર સંગમનું આયોજન થયું અને તેમાં ૫૦,૦૦૦ કરતાં પણ વધારે સૌરાષ્ટ્રવાસીઓ ઉમટી પડયા. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ત્યારબાદ પણ વખતોવખત આ સમુદાયને મુલાકાતો આપી અને ગુજરાત સાથે આદાનપ્રદાનની પ્રવૃત્તિ અર્થે સતત પ્રેરણા આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબની "એક ભારત શ્રેષ્ઠ ભારત" ની સંકલ્પનાને મૂર્તિમંત કરવાના ઉમદા હેતુ સાથે દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સૌરાષ્ટ્ર તમિલ સંગમના અત્યંત ઐતિહાસિક અને રાષ્ટ્રીય એકાત્મતા સંકલ્પનાને સાકાર કરતા એક શ્રેષ્ઠતમ કાર્યક્રમની સંકલ્પના કરી અને મને આજે એ વાતોનો ઉલ્લેખ કરતા ગૌરવ અને રોમાંચની લાગણી થાય છે કે લગભગ ૧૨૦૦ વર્ષના સમયગાળા પછી આગામી એપ્રિલ માસની અંદર વિશાળ સ્વરૂપે તમિલનાડુમાં વસવાટ કરતા સૌરાષ્ટ્રવાસી સમુદાય પોતાના મૂળ વતન પોતાની જન્મભૂમિ, માતૃભૂમિ એવા સોમનાથ ખાતે એકત્ર થશે. આ એક ખૂબ જ ઐતિહાસિક મહત્ત્વપૂર્ણ ઘટના છે ત્યારે વિધાનસભામાં આ કાર્યક્રમની જાહેરાત કરતા હું ખૂબ જ આનંદ અને હર્ષની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગત ૨૫મી માર્ચ અને ૨૬મી માર્ચ દરમિયાન આ સમુદાયને પ્રેમપૂર્વક આપણી ગુજરાતની આગવી પરંપરા મુજબ જયારે અમે સૌરાષ્ટ્ર તામિલ સંગમ માટે નિમંત્રિત કરવા ગયા ત્યારે જે પ્રેમ જે લાગણી જે હર્ષોલ્લાસ જોવા મળ્યો છે તેનું વર્ણન કરવું ખૂબ જ મુશ્કેલ છે. આવા લાગણીસભર પ્રેમસભર સમુદાય આપણી વચ્ચે ગુજરાતની ધરતી ઉપર આવી રીતે સામૂહિક સ્વરૂપે લગભગ ૧૨૦૦ વર્ષના સમયગાળા પછી આવે છે આ નાનીસૂની ઘટના નથી. આ ઘટના એટલે કે આ ઐતિહાસિક ઘટના શ્રી નરેન્દ્રભાઇ મોદીની સંપૂર્ણ પરિકલ્પના મુજબની છે. તેમનું સ્વપ્ન હતું કે આ પ્રકારનો એક કાર્યક્રમ સોમનાથ ખાતે આયોજિત થાય અને આજે આ સ્વપ્નને મૂર્તિમંત થતું આપણે જોઇ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૦૦ વર્ષના ગાળા પછી આકાર લઇ રહેલી અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત થઇ રહેલી આ એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ ઘટનાને ગુજરાત વિધાનસભાના મારા સૌ સાથી સભ્યો સર્વાનુમતે આવકારે તે એક નિશ્ચિત અને સ્વાભાવિક સંકલ્પના હોય.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબની કલ્પના એક ભારત શ્રેષ્ઠ ભારત અને ભારત દુનિયામાં સર્વ પ્રથમ એ પ્રકારની ભાવના અંતર્ગત સાથે સાથે તમિલનાડુ એટલે કે સાઉથ અને આપણું ગુજરાત એ બે વચ્ચેના કનેકશન અને જે તે વખતે ખૂબ મોટું માઇગ્રેશન ઇતિહાસમાં જે માઇગ્રેશનો કહેવાય ખૂબ મહત્ત્વના અને મોટી સંખ્યાના કહેવાય એવું એક માઇગ્રેશન જે થયું અને તમિલનાડુની અંદર આપણા ગુજરાતના સૌરાષ્ટ્રવાસીઓ ત્યાં જઇને વસ્યા. એ બાબતે અમારો એક પ્રવાસ ત્યાં દક્ષિણ ગુજરાતમાં થયો, પરંતુ તે પહેલા કેટલીક ઘટનાઓ એવી હતી કે એ મોટા માઇગ્રેશન અને આ વિશિષ્ટ વિરલ ઘટના આજે તમિલનાડુમાં ૨૫ લાખ કરતાં પણ વધારે સૌરાષ્ટ્રવાસીઓ પોતાની જૂની સૌરાષ્ટ્રવાસી તરીકેની ઓળખ તેમજ સૌરાષ્ટ્ર વિસ્તારની પરંપરા અને વારસાને અકબંધ રાખીને ત્યાં નિવાસ કરી રહ્યા છે. ભારત વર્ષના ૧૨ જ્યોતિર્લિંગ પૈકી પ્રથમ જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથજી ઉપર વિદેશી આક્રમણખોર મોહમ્મદ ગજનીએ ઇ.સ.૧૦૨૪ની સાલમાં આક્રમણ કર્યું હતું. તે સમયે દરિયાઇ માર્ગે સોમનાથ પ્રભાસ પાટણ, વેરાવળ તેમજ આજુબાજૂના વિસ્તારમાંથી સામૂહિક સ્વરૂપે વિશાળ સંખ્યામાં ત્યાં વસતાં સૌરાષ્ટ્રવાસી સમુદાયે દરિયાઇ માર્ગે હિજરત કરી. એમ કહેવામાં આવે છે કે વિશ્વના ઈતિહાસની અંદર આ એક મોટામાં મોટી હિજરત હતી અને સૌરાષ્ટ્રવાસી સમુદાય તે સમયે ઉત્કૃષ્ટ વણાટ કામ માટે વિશ્વભરમાં ખ્યાતિ પ્રાપ્ત હતો. સાથે સાથે વૈદિક સંસ્કૃતિને પણ પ્રતિબદ્ધ એવા સમાજે પોતાની સંસ્કૃતિને બચાવવા માટે દરિયાઇ માર્ગે હિજરત કરી અને ખંભાત બંદર અને ત્યાંથી ભરૂચ અને ભરૂચ પછી સુરત તેમજ ત્યાર પછી મહારાષ્ટ્ર અને મહારાષ્ટ્રમાંથી વિજયનગર સામ્રાજ્યનાં

આમંત્રણથી ત્યાં આશરો લીધો. થોડી સદીઓ સુધી વિજયનગરમાં નિવાસ કર્યો અને એ નિવાસના કારણે અને પછી વિજયનગર સામ્રાજ્યનું પતન થયું. ત્યાંથી બધા જ સૌરાષ્ટ્રાવાસીઓ કે જેઓ ઉત્કૃષ્ટ કલાકારો હતા અને મદુરાઇના રાજાએ ત્યાંના જે તે સમયના ૧૫મી સદીમાં રાજા હતા, એ વખતે એમણે એમના પરિવારના સદસ્યો માટે સિલ્કની સાડીઓનું વણાટ થાય એના ડ્રેસીસ બને એના માટે આ બધાને આમંત્રણ આપ્યું અને ત્યાં જઇને વસ્યા. માનનીય અધ્યક્ષશ્રી, આપને પણ ખબર છે કે કાંજીવરમ સાડી એ વિશ્વ વિખ્યાત છે અને રાજાએ રાજ્યાશ્રય આપ્યો હતો.

આમ, ૧૫૦૦ની સાલથી એ તમિલનાડુમાં વસતા થયા. મદુરાઇ, કુંભકોર્ણમ, ત્રિચીનાપલ્લી, સાલેમ, સંજાપુર, સહિત ૪૬થી વધુ શહેરોમાં તેમજ અંતરિયાળ ગામોમાં આ લોકો વસવાટ કરે છે અને તમિલનાડુના જનજીવનમાં સંપૂર્ણપણે ઓતપ્રોત થઇને વિકાસની પ્રક્રિયામાં આપણા સૌરાષ્ટ્રવાસીઓ ત્યાં ઉત્કૃષ્ટ યોગદાન આપી રહેલ છે, પરંતુ ૧૦૦૦ કરતાં વધારે વર્ષના લાંબાગાળા છતાં આ સમુદાયે પોતાના સૌરાષ્ટ્રવાસી તરીકેની ઓળખ જાળવી રાખી છે. આજે તમિલનાડુના સાંસ્કૃતિક, સાહિત્ય, શિક્ષણ, કલા, સિનેમા, વહિવટી, તબીબી ક્ષેત્ર, કાનૂની ક્ષેત્ર સહિત તમામ ક્ષેત્રોમાં સૌરાષ્ટ્રવાસીઓ ઉત્કૃષ્ટ પ્રદાન કરી રહ્યા છે. તમિલનાડુના જનજીવનમાં ભળી ગયેલ છે, પરંતુ તેઓએ સૌરાષ્ટવાસી તરીકે પોતાની ઓળખ કાયમ રાખી છે. અનેક મકાનો આજે પણ સૌરાષ્ટ્રમાં જે રીતે ઓસરી અને પછી ઓરડાઓ જોવા મળે છે. આ જ પ્રકારના મકાનો તમને મદુરાઇમાં જોવા મળે છે. આમ આ સમુદાયે આટલી મોટી સંખ્યામાં હિજરત કર્યા પછી ૧૦૦૦ વર્ષ કરતાં પણ વધારે સમયગાળો હોવા છતાં આ સમુદાયે પોતાની સૌરાષ્ટ્રવાસી તરીકેની ઓળખ, સૌરાષ્ટ્રના રીતિ-રિવાજ, સૌરાષ્ટ્રની લગ્નપદ્ધતિ, સૌરાષ્ટ્રની ભજન પદ્ધતિ, સૌરાષ્ટ્રની યજ્ઞ અને હોમાત્મક પદ્ધતિઓ, યજ્ઞ પવિત્ર આપણા સાંસ્કૃતિક વારસાની પ્રવૃત્તિઓ સહિત સોરાષ્ટ્રની આગવી પરંપરા આ સમુદાયે બખૂબી જાળવી રાખી છે એ વિશ્વની વિલક્ષણ ઘટના છે. આજે મને એ વાતનો ઉલ્લેખ કરવાની ઇચ્છા થાય છે કે જેવી રીતે આપણા ગુજરાતમાં નવરાત્રિ ઉત્સવ ઊજવાય છે. એ જ પ્રકારે સૌરાષ્ટ્રવાસી સમુદાય ત્યાં પણ સંપૂર્ણરીતે નવરાત્રિનો ઉત્સવ ઊજવે છે. જે રાજ્યોમાં આપણા ગુજરાતી સમાજો સ્થાયી થયા છે એ તો દેશભરમાં છે જ, પરંતુ તમિલનાડુમાં પણ આ જે સૌરાષ્ટ્રવાસી સમુદાય છે એ આમ જોવા જાવ તો ૧૦૦૦ વર્ષના ગાળાને કારણે સંપૂર્ણપણે તમિલ બની ગયો છે. મતલબ કે દક્ષિણ ભારતીય બની ગયેલ છે. પરંતુ પોતાની સૌરાષ્ટ્રવાસી તરીકેની એમની સાંસ્કૃતિક ઓળખ જાળવી રાખી છે. આ સમુદાયને ફરીથી વર્તમાન ગુજરાત રાજ્ય સાથે જોડવાનો પ્રયત્ન વર્ષોથી થતો હતો, પરંતુ વર્ષ ૨૦૦૫ અને વર્ષ ૨૦૦૬માં ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને આપણા યશસ્વી પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીસાહેબે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિશ્રી તેમજ ઉપકુલપતિશ્રી તેમજ અન્ય અગ્રણીઓ સાથે બેઠક યોજી આ સમુદાય સાથે સંપર્ક પ્રસ્થાપિત કરવા અર્થે પ્રેરિત કર્યા. આમ વિધિવત રીતે આ સૌરાષ્ટ્રવાસી સમુદાય ગુજરાત સાથે ૧૦૦૦ વર્ષના ગાળા પછી ફરીથી જોડાયો અને ગુજરાત રાજ્ય અને તમિલનાડુના સૌરાષ્ટ્રવાસી સમુદાય વચ્ચે અનેકવિધ રીતે અનેક ક્ષેત્રે આદાનપ્રદાન અને ખૂબ જ સરસ મજાના કાર્યક્રમો ચાલે છે. ૨૦૧૦ની સાલમાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે મદુરાઇની મુલાકાત લીધી હતી અને ગુજરાત-સૌરાષ્ટ્ર સંગમનું આયોજન કર્યું હતું. ૫૦,૦૦૦ કરતાં પણ વધારે સૌરાષ્ટ્રવાસીઓએ એમાં ઉત્સાહભેર ભાગ લીધો, ઉમટી પડયા અને નરેન્દ્રભાઇ મોદીસાહેબે આ સમુદાયને ત્યારબાદ પણ મુલાકાતો આપી. ગુજરાત સાથે એમનો સંપર્ક વધે, વેપારી સંબંધો, કલાના સંબંધો, સાંસ્કૃતિક સંબંધો સતત ઉત્તરોત્તર વધતા જાય એના માટે એમણે પ્રેરણા આપી. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીસાહેબે એક ભારત શ્રેષ્ઠ ભારતની જે કલ્પના કરી છે એમાં ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધી તમામ લોકો એકબીજાની સંસ્કૃતિ સાથે, એકબીજાના સાહિત્ય સાથે, એકબીજાના ખાનપાન સાથે રહેણીકરણી, પહેરવેશ આ બધું જ જોડાય અને આખો દેશ એકતાની ભાવના ભાષાથી લઇને સંસ્કૃતિ સુધી ભેગા થાય અને પોતે એક દેશના છે એવી ભાવનાને બળવત્તર કરવા માટે એક ભારત, શ્રેષ્ઠ ભારતની કલ્પના એમણે મૂકી છે, ત્યારે એને સાકાર કરતો કાર્યક્રમ અમને પણ ખૂબ આનંદ થાય છે કે આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર અને ઉપરથી શ્રી મનસુખભાઇ માંડવીયા આ તમામ સૌરાષ્ટ્રવાસીઓ કે જે તમિલનાડુમાં વસી રહ્યા છે એ લોકોને આપણા ગુજરાતમાં આવવાનું આમંત્રણ આપ્યું. એમને આજે પણ જય સોમનાથ. અમે જયાં જયાં જતા હતા. અમારી આખી ટીમ સાહેબે મોકલી હતી. આઠ જેટલા અમે મંત્રીઓ ત્યાં ગયા. જુદાજુદા સ્થળે ગયા. એમનો ઉત્સાહ એટલો બધો અનેરો હતો કે અમને લાગ્યું કે કદાચ આટલા ઉત્સાહથી અમારે જો તમિલનાડુમાં જવાનું થાય અને ત્યાં જે તમિલોનો ઉત્સાહ જોવા મળે એના કરતાં પણ વિશેષ ઉત્સાહ અમને સૌને મળ્યો. પ્રેમ, આવકાર અને કેવળ કહેવા ખાતર કાર્યક્રમ નહીં, પરંતુ દિલના ઉત્સાહથી એમણે અમને આવકાર્યા અને બધાએ તત્પરતા બતાવી કે અમે ગુજરાત આવવા માગીએ છીએ અને ગુજરાત આવીને અમે સોમનાથના દર્શન કરીશું. ભગવાન શ્રી કૃષ્ણના દર્શન કરીશું અને ત્યાં હજુપણ આ સૌરાષ્ટ્રવાસીઓ ઘરમાં તો આપણી ગુજરાતી અને સૌરાષ્ટ્રની ભાષા બોલી રહ્યા છે, ત્યારે આ એક ઐતિહાસિક મહત્ત્વપૂર્ણ ઘટના જયારે બનવા જઇ રહી છે અને કાર્યક્રમ તા.૧૭થી ૨૭ સુધી આપણે ત્યાં ચાલવાનો છે. એમાં વેપારથી માંડીને સાહિત્ય, કલાથી માંડીને સંગીત સુધીની અનેકવિધ એક્ટિવિટી જે થવાની છે, એ આપણા ગુજરાતમાં એમની મહેમાનગતિ આવકારી અને વર્ષોથી એમની ગુજરાત પ્રત્યેની લાગણી કે અમે ગુજરાતી છીએ, સૌરાષ્ટ્રવાસી છીએ એ ભાવના પડેલી હતી. આપણે મહેમાન બની આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકારમાં અમે સૌ તેમને બોલાવવા ગયા હતા અને તે લોકો ખૂબ ઉત્સાહથી આપણી સાથે જોડાવવા તૈયાર થયા છે. ૧૨૦૦ વર્ષના ગાળા પછી તેમની આ ઓળખ જાળવી રાખી છે.

ચૈત્ર ૮, ૧૯૪૫ શાકે

## પ્રવાસન પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રીનું નિવેદન(નિયમ-૪૪)

માનનીય અધ્યક્ષશ્રી, આ ઘટના ખૂબ જ ઐતિહાસિક છે અને ગુજરાતના ઈતિહાસમાં એક અકલ્પનીય અને એક વિશેષ મહત્ત્વ ધરાવતી ઘટના છે. આમ પણ માધવપુરના મેળામાં વર્ષ ૨૦૧૬થી આપણે ઉત્તર પૂર્વનાં રાજ્યો છે તે બધાને બોલાવીએ છીએ. રૂક્ષ્મણીજી ત્યાંના હતા. ઘણા લોકો ઘણી વખત કહેતા હોય છે કે, આ દેશની અંદર કદાપી એક રાજા ન હતો. ભારત કેમ, હિન્દુસ્તાન કેમ? ભગવાન શ્રી રામ કાશ્મીરથી કન્યાકુમારી સુધી તેમની હયાતીની હાજરી છે. દ્વારકાથી તે અરુણાચલ સુધી આખો ઈતિહાસ મળી રહેતો હોય ત્યારે એક ભારતની કલ્પના આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરી છે. લોકોની લાગણીઓને જોડવાનું કાર્ય રામાયણે અને મહાભારત તથા ગીતાએ કર્યું હતું. દરેક જગ્યાએ આ સાંસ્કૃતિક વારસો આપણને સાબિતી સ્વરૂપે મળતો હોય ત્યારે તેને આગળ વધારવા માટે આપણે સૌ તમિલનાડુમાં વસતા આપણા સૌરાષ્ટ્રવાસીઓને બોલાવી અહીં તેમનો આદર સત્કાર કરીએ, મહેમાનગતિ, ધાર્મિક સ્થાનોના દર્શન કરાવવા, તેમની સાથે નાતો જોડવા, કયાંક કયાંક આપણી ભાષા અને તેમની ભાષાના નાના મોટા વાક્યો બનાવી અને એકબીજાની સાથે આદાન પ્રદાન કરવાનો ખૂબ મહત્ત્વનો કાર્યક્રમ ગુજરાતમાં થવા જઇ રહ્યો છે. એક ભારત શ્રેષ્ઠ ભારતની કલ્પના સાકાર કરવાની નેમ માનનીય નરેનદ્રભાઇ મોદીએ લીધી છે તેને બળ આપવા માટે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે આ કાર્યક્રમનું આયોજન કર્યું છે તેમને પણ અભિનંદન આપું છું. સાથે સાથે અમારી સાથે જે જે મંત્રીઓ આવ્યા હતા તેઓ પણ ત્યાં જઇને ભાવવિભોર થયા અને લાગ્યું કે આજે અમે તમિલનાડુમાં આવ્યા છીએ, પણ અમે તમિલનાડુમાં નહીં પણ ગુજરાતમાં જ છીએ તે પ્રકારની ભાવના અને ભાવ લઇને આવ્યા છીએ. ત્યારે તેને અભિનંદન આપવા માટે આ નિવેદન લાવ્યો છું.

અધ્યક્ષશ્રી : આમ, જનરલી નિયમ-૪૪ હેઠળ જે તે મંત્રી નિવેદન આપે છે, તેના આનુષંગિક એક-બે પ્રશ્નો હોય તો કોઇ સભ્ય પૂછી શકે છે. પરંતુ તમે આ ખાસ ઘટનામાં માનનીય મંત્રીશ્રીઓ ગયા હતા, તો એક-બે મિનિટમાં કોઇ એકાદ મંત્રીશ્રીને વાત કરવી હોય તો તમે નક્કી કરી એટલા પૂરતો વિષય તમે રજૂ કરી શકો છો. આ વિષય અગત્યનો છે. આ વિષય મીડિયા સુધી, પ્રજા સુધી પહોંચશે તો ઐક્યનો ભાવ ઊભો થશે. મને લાગે છે કે, નિવેદન મીડિયાના માધ્યમથી અને સેમિનાર કરીને આપવું જોઇએ. હું નિયમોની મર્યાદામાં રહીને એકાદ સભ્યશ્રીને બોલવા માટે અનુમતિ આપું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપની વાત સાચી છે. નિયમોની મર્યાદામાં આપે કહ્યું કે, એકાદ મંત્રી બોલે. પરંતુ તમિલનાડુમાં મારા સિવાય બીજા સાત મંત્રીઓ આવ્યા હતા. તે લોકોએ ત્યાંનું જે દૃશ્ય જોયું અને તેમની અંતરની લાગણીઓ અને તેમનો દરેકનો પોતાનો અનુભવ, ગુજરાતનો અનુભવ તે લોકોએ જે રીતે વર્ણવ્યો છે. બધાને એક-એક મિનિટ મળે તેવી આપને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આપની વાત સાચી છે. નિયમ-૪૪ બાબતે હું મંજૂરી આપું છું. ભલે એક-એક મિનિટ બોલો. પરંતુ આને અધ્યક્ષશ્રીના નિર્ણય તરીકે ન લે, એટલા માટે હું આ રેર એન્ડ રેર કેસની અંદર મંજૂરી આપું છું. નિયમનું ઉલ્લંઘન થવાને બદલે માનનીય મંત્રીશ્રીઓ એક ઐતિહાસિક ઘટના છે અને તેના ભાગરૂપે ત્યાં હાજર હતા, એટલે મારા પુરોગામી અધ્યક્ષશ્રી અને આગામી આવનારા અધ્યક્ષશ્રી આને ઉદાહરણ તરીકે ન ટાંકે એટલા પૂરતું. માનનીય સંસદીય મંત્રીશ્રી કાયદાના જાણકાર છે, છતાંય જયારે તેઓ વિનંતી કરે છે તો તે વિનંતી માન્ય રાખી બે-બે મિનિટ બોલવાનો સમય આપું છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણામંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઇ જ્યારે જી-૨૦નું અધ્યક્ષપદ સંભાળી રહ્યા છે ત્યારે જી-૨૦ની જે થીમ છે એ 'વસુધૈવ કુટુમ્બકમ્' અને સમગ્ર વિશ્વ જ્યારે એક કુટુંબ, એક ફેમિલી બનવા જઇ રહ્યું છે, ત્યારે લગભગ દુનિયાની ૮૦ ટકા વસતિ આ જી-૨૦માં સમાયેલી છે અને દુનિયાનું અર્થતંત્ર પણ ૮૫ ટકા જેટલું આ જી-૨૦માં સમાયેલું છે, ત્યારે આપણો ભારત દેશ વિવિધતામાં એકતા એટલે કે જુદી જુદી જાતિ, જુદા જુદા ધર્મ, જુદી જુદી ભાષા, લોકોની રહેણી-કહેણી અને એને યાદગાર રાખીને આપણા દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ જે રીતે કાશી તમિલ સંગમ કે જે કાશી અને તમિલ લોકોનો નાતો છે, તે જ રીતે આપણે શ્રી કૃષ્ણ-રુક્ષ્મણીનો જે વિવાહ છે એને ઉજાગર કર્યો અને એજ રીતે જ્યારે પારસીઓ આપણા ભારતમાં આવ્યા ત્યારે સંજાણ બંદરે ઉતર્યા ત્યારે એમના વડાએ આપણા રાણાને સંદેશો આપ્યો કે અમારે અહીંયા સ્થાયી થવું છે તો રાણાએ દૂધનો પ્યાલો મોકલીને કહ્યું કે, અહીંયા જગ્યા નથી. પારસીના વડાએ એમાં ખાંડ નાંખીને મોકલી આપ્યો એટલે રાજા સમજી ગયા કે એમને સમાઇ જવું છે. એજ રીતે જ્યારે મહમ્મદ ગઝનીએ આક્રમણ કર્યું ત્યારે આપણા સૌરાષ્ટ્રવાસીઓએ તમિલનાડુમાં જઇને જે રીતે તમિલનાડુનો વિકાસ કર્યો છે એ જોઇને અમે અભિભૂત થયા છીએ. આપણી વિવિંગથી માંડીને, આપણા કલ્ચરથી લઇને બધી પ્રવૃત્તિઓ ત્યાં થાય છે. આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ અને આપણી સરકારે આખા દેશને એક કરવાનો જે આ પ્રયત્ન કર્યો છે તેમાં આપણે સૌ સહભાગી થઇએ, સમગ્ર ગુજરાત એમાં સાથ આપે એમને વેલકમ કરીએ. ત્યાં પણ લોકોએ આપણને ખૂબ જ ઉમળકાભેર ભવ્ય આવકાર આપીને આપણી સાથેનો જે નાતો છે એ ઉજાગર કર્યો છે.

શ્રી બળવંતસિંહ રાજપૂત(ઉદ્યોગ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, વનક્કમ આસિતંગો નમસ્કાર એટલે આસિતંગોની જે મહત્તા છે, એ સૌરાષ્ટવાસીઓ જેટલા આપણા લોકો ગયા છે તેઓ શબ્દ બોલે છે એનાથી પોતાની આગવી એક પદ્ધતિ આપણને દેખાય છે. જેમ સોમનાથની વાત થઇ એ જ પ્રકારની છે. જયારે આદરણીય પ્રધાનમંત્રીશ્રી ભારત એક શ્રેષ્ઠ ભારત તરીકેના અભિગમ સાથે ચાલે છે, ત્યારે આપણા મુખ્યમંત્રીશ્રી અને બધા જ મંત્રીશ્રીઓ અમે ત્યાં ગયા ત્યારે અમે જે જોયું છે એની મારે ફકત બે જ વાત કરવી છે.

તા. ૨૯મી માર્ચ, ૨૦૨૩

પ્રવાસન પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રીનું નિવેદન(નિયમ-૪૪)

માનનીય અધ્યક્ષશ્રી, મદુરાઇમાં ઉદ્યોગોની એક મિટિંગ થઇ હતી, એમાં ૪૦૦થી ૫૦૦ લોકો આવેલા અને એમાં ખાસ કરીને આપણા કાપડનો ઉદ્યોગ અહીંથી જઇને ત્યાં આગળ થઇ રહ્યો છે અને એના કારણે એ લોકો આપણે ત્યાં આવવાના છે, આપણી સાથે જોડાવાના છે. હમણાં જ શ્રી જગદીશભાઇ મને કહેતા હતા કે છેક નરોડાથી થોડા દિવસ પહેલા જ એક ભાઇએ મને કહ્યું કે અમે નરોડાથી મશીનરી લઇને ત્યાં ગયા હતા અને એ લોકો કહેતા હતા કે આવનારા સમયમાં ગુજરાત સાથે અમારે જોડાવું છે. બીજી આનંદની વાત મને એ લાગી કે હું રામેશ્વર દર્શન કરવા ગયો અને રામેશ્વરમાં લાઇટિંગ ધનુષ્યનું ઉદ્‌ઘાટન માનનીય મનસુખભાઇ માંડવિયા સાહેબે કરેલું. ત્યાં અમે બધા નાળિયેર પાણી પીવા ઊભા રહ્યા ત્યારે અમે જોયું કે ત્યાંના લોકો હતા એ ગુજરાત પ્રત્યે એટલા બધા ખૂશ હતા કે ન પૂછો વાત. એક રોડ ત્યાં જે તૂટી ગયો હતો એને કારણે જ્યોતિર્લિંગના દર્શન કરવા જવામાં જે બેથી ત્રણ કલાક થતા હતા. એ રોડને એવો બનાવી દીધો કે ત્યાં પહોંચવામાં માત્ર વીસ મિનિટ થાય એવી અદભૂત કામગીરી કરી હતી. ત્યાં ગુજરાતનો એક આગવો ડંકો વાગતો હોય એવું લાગતું હતું. આમ, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અને તમિલનાડુને જોડી શકાય એના માટેનો એક અદભૂત કાર્યક્રમ થયેલો.

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા(જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, દેશના પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ અને આપણા રાજયના માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇએ જે રીતે વર્ષો પહેલાં આપણાથી દૂર થયેલા એમને નજીક લાવવા માટે અને આપણી સાથે જોડાવા માટે અમારી આખી ટીમને તમિલનાડુ મોકલી હતી. આની પહેલા હું અને શ્રી જગદીશભાઇ માનનીય કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયા સાથે પણ બે દિવસ અગાઉ મદુરાઇ ગયેલા અને તે વખતનો કાર્યક્રમ અમે જોયો ત્યારે આપણને આપણાપણું લાગે એવો કાર્યક્રમ હતો. આપણા લોકો જે આપણાથી વિખૂટા પડ્યા છે એ લોકો આપણી સાથે જોડાવા માટે આવ્યા છે એવો સરસ મજાનો કાર્યક્રમ એ વખતે પણ મદુરાઇ ખાતે થયેલો.

માનનીય અધ્યક્ષશ્રી, આ બીજી વખત બધા માનનીય મંત્રીશ્રીઓની સાથે જવાનું થયું એ વખતે મને તંજાવુર ખાતે જવાબદારી સોંપી હતી એટલે ત્યાં મળવા જવાનું થયું હતું. ત્યાં આગળ અમે રાત્રિના લગભગ સાડા દસ કે અગિયાર વાગ્યે મદુરાઇ પહોંચ્યા તે વખતે ખૂબ મોટી ઉંમરના હોય એવા ભૂદેવો અને અન્ય બહેનો સહિતના ત્યાં ભાવ, લાગણીથી સ્વાગત કરવા માટે ઉભેલા. રાત્રિના બધા ચા-પાણી પી અને છૂટા પડ્યા અને સવારના તેમણે બહુ ભાવથી, લાગણીથી કેટલાક આપણા જે સૌરાષ્ટ્રના લોકો હતા તેની સાથે તમિલિયન પણ હતા તેમણે અમને ત્યાંનું એક સુપ્રસિદ્ધ બૃહદ દેવસ્થળ મંદિર છે કે જયાં અમને દર્શન કરવા માટે લઇ ગયા. તે કાર્યક્રમ પૂરો થયા પછી અમારા સ્થળ ઉપર જ્યાં કાર્યક્રમ હતો ત્યાં આગળ અમે ગયા તો એટલા બધા લોકો ભાવ-વિભોર સાથે ભૂદેવો સાથે ઢોલ, નગારા, ત્રાંસ તે બધુ વગાડતા વગાડતા અમારું સ્વાગત કર્યું અને આપણા માણસ આવ્યા છે, આપણા વિસ્તારના આવ્યા છે, એટલે મળવા માટે પડાપડી કરે અને પારિવારિક ભાવનાથી ના હોય એથી વિશેષ લાગણીથી બધાનું સ્વાગત કર્યું. માનનીય અધ્યક્ષશ્રી, એ કાર્યક્રમની અંદર ત્રણેક હજાર આસપાસ લોકો હતા અને બધાય સ્વાગત કરવા માટે, મળવા માટે, પરિચય કરવા માટે એટલા બધા ખુશ થયા કે દેશના પ્રધાનમંત્રીએ આપણને તેમની સાથે ફરીથી જોડવા માટેનો, એક નાતો ફરી વખત ઊભો કરવા માટેનો જે પ્રયાસ કર્યો છે અને એટલા માટે ખૂબ ભાવ અને લાગણીથી તે કાર્યક્રમ અમે માણ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી વધારે મહત્ત્વની નોંધનીય વાત એ થઇ કે, આ કાર્યક્રમ પૂરો થયા પછી અમે ત્યાંના એક ખાસ કરીને આપણા રાજવી કે જેમણે લગભગ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય પ્રધાનમંત્રીશ્રીના એક સંદેશા સાથે મને ત્યાં મળવા માટે કહ્યું હતું કે ત્યાંના રાજવી તાંજાવરુ સ્ટેટના રાજા બાબાજી ભોંસલે તેમને આ કાર્યક્રમનું આમંત્રણ આપવા માટેનો મને એક સંદેશો લઇને જવાનું કહ્યું હતું. આ સૌરાષ્ટ્ર તમિલ સંગમનો સંદેશો લઇને મને મળવા માટેનું કહેવડાવ્યું, તો એ એટલા બધા સરળ સ્વભાવના અને એટલા બધા નિખાલસ કે તેઓ અમારા બધાનું સ્વાગત કરવા માટે બહાર આવ્યા. બહાર આવ્યા પછી ભાવથી, લાગણીથી ત્યાં લઇ ગયા અને સરળ ભાવથી અમારા બધા સાથે વાતચીત કરી અને તેમની જીવનશૈલીની વાતો કર્યા પછી તેમણે પણ એમ કહ્યું કે અમે ચોક્કસ તમે જે આમંત્રણ આપવા આવ્યા છો ત્યારે ત્યાં કાર્યક્રમમાં જોડાઇશું, આવીશું અને અહીંયાથી વિશેષ લોકો તેમાં સામેલ થાય એવો પણ અમે પ્રયત્ન કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાયના ત્રણેક હજાર લોકો અહીંયા આવે તેનું આમંત્રણ આપવા માટે અમે ગયા હતા, પણ ત્યાંથી જો બીજા લોકો એવું કહે કે નહીં અમારે ત્યાં આવવું છે અને અમારા ખર્ચે આવીશું. અમને ફકત થોડીક વ્યવસ્થા થાય, થોડીક સગવડ થાય એટલા પૂરતું આપ કરજો. બાકી અમે અમારા ખર્ચે ત્યાં આવીશું. તેઓ એટલા બધા ભાવ અને લાગણીથી આ લોકો વર્ષો પહેલાં અહીંથી છૂટા પડીને ત્યાં ગયેલા છે તે બધા ભાવથી અને લાગણીથી કહે છે. એક મહત્ત્વનો કિસ્સો એટલા માટે જોવા મળ્યો લગભગ ચાર સદીઓ પહેલાં એક આખું આપણું ગુજરાતી પરિવાર ત્યાં ગયેલું અને એ છએ છ ભાઇઓનો પરિવાર ત્યાં એકીસાથે રહેતો હતો અને ત્યાં તેમને પ્રસાદ લેવા માટે, ભોજન લેવા માટે લઇ ગયા ત્યારે તેમણે પણ એક ખૂબ લાગણી વ્યકત કરી કે તમે બધા અમારા પરિવારના એક સભ્ય તરીકે વર્ષોથી છૂટા પડ્યા હોય અને કેમ ભેગા મળ્યા હોય એવા ભાવથી એ લોકોએ અમને આવકાર્યા અને એમ કહ્યું કે, અમે આગામી દિવસોમાં ૧૭મી તારીખથી કાર્યક્રમ થાય છે તેમાં અમે બધા સામેલ થવાના છીએ. એટલે કદાચ આપણે અહીંયા તેઓનું કેટલું સ્વાગત કરી શકીએ તે તો પછીની વાત છે, પણ તેમણે જે અમારું ખૂબ લાગણી અને ભાવથી સ્વાગત કર્યું છે, થેંકયુ.

પ્રવાસન પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રીનું નિવેદન(નિયમ-૪૪)

ડો. કુબેરભાઇ મ. ડીંડોર(શિક્ષણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મારું પણ એક સૌભાગ્ય રહ્યું કે આપણા શ્રી કનુભાઇ અને શ્રી ઋષિકેશભાઇના અધ્યક્ષસ્થાને તમિલનાડુ જવાનું થયું. સૌરાષ્ટ્ર તમિલ સંગમનો જે કાર્યક્રમ અને મને ડીંડીગુલ જિલ્લો ત્યાં રોડ શો કરવાની તક મળી અને ત્યાં સૌરાષ્ટ્રથી જે આપણા વડીલો પાંચમી સદી સુધીના હતા એટલે ત્યાં પહેલાં શરૂઆતમાં આપણે બધાને મળ્યા અને તેઓ તમિલ જ બોલતા હતા એટલે તેઓ ગુજરાતી કે હિન્દી સમજે નહીં એટલે અમારે પણ વિચારોનું આદાન-પ્રદાન કરવાનો પ્રોબ્લેમ રહે એટલે પછી એક ત્યાંના બીજા એક મિત્ર મળ્યા એટલે તમારું હું સ્વાગત કરું છું, તમારો આભાર માનું છું અને તમને આમંત્રણ આપવા માટે આવ્યો છું એટલે તેને તમિલમાં શું કહેવાય તેના માટે થોડું લખીને માગ્યું પણ તેમણે તમિલમાં લખીને આપ્યું. તેઓ ગુજરાતી કે હિન્દી લખી શકતા નહોતાં એટલે મેં કહ્યું કે તમે ઉચ્ચારણ કરો અને હું લખી લઉં. એટલે પછી મેં લખ્યું કે, ''નિગલ એલોરમ નિગલ જીકે વારાય મેન્ડમ'' એ શબ્દ મેં લખીને તૈયાર રાખ્યો અને બીજા દિવસે સભામાં બોલ્યો તો બધા લોકો ખુશ થઇ ગયા. આપણી જે સંસ્કૃતિ છે કે જય સોમનાથ એ બોલે છે. હવે સોમનાથ એ આપણા આરાધ્ય દેવ છે અને એ સંસ્કૃતિ તેમણે જાળવી રાખી છે અને ત્યાં વર્ષ ૧૯૪૧માં એસ.એસ.શિવરામના પરિવારે ફંડ ભેગું કરીને ખૂબ મોટું બાલાજીનું મંદિર બનાવ્યું છે. ચૈત્રી નવરાત્રિનું અનુષ્ઠાન પણ બધા મિત્રો કરે છે. તે દિવસે યજ્ઞ હતો એટલે અમે બધાએ યજ્ઞમાં પણ ભાગ લીધો અને નવરાત્રિના નવ દિવસનું આયોજન કર્યું હતું એમાં પણ ભાગ લીધો. ત્યાં રાજામણિ દાંડિયા ગૃપ ચાલે છે અને એમના ગીતો તેલુગુ ભાષામાં છે. ત્યાં રાજામણિ દાંડિયા ગૃપનું પણ આયોજન કરેલું હતું. ત્યાંની પ્રસિદ્ધ જ્યોતિરામ મ્યુઝિક પાર્ટી છે એ પણ ત્યાં હતી. આ ડીંડીગુલ વિસ્તાર છે એ પ્રભાકરનનો વિસ્તાર હતો. ત્યાં આજે પણ રેફ્યુજીના કૅમ્પ ચાલે છે.

અધ્યક્ષશ્રી : તમે ક્યાં-ક્યાં ગયા અને શું કર્યું એ વિગતવાર માહિતી મીડિયાને પણ આપજો.

શ્રી જગદીશ વિશ્વકર્મા(રા.ક.ના સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સુવર્ણયુગ એટલે શું? એની વાત કરું તો ઇતિહાસની ચોપડીમાં આપણે બધા વાંચતા હતા અને આપણે સાંભળ્યું છે એને પ્રત્યક્ષ જોવાનો અવસર આપણને આ ગૃહમાં મળ્યો છે. હું એવું કહીશ કે વૈશ્વિક નેતા, લોકપ્રિય નેતા, વિઝનરી લિડર અને સાચા અર્થમાં દેશને લોખંડી સુરક્ષા પૂરી પાડનાર અને દેશના સીમાડા મજબૂત કરનાર, અખંડ ભારતને પૂર્ણ કરવાનું સપનું જેણે સેવ્યું છે અને એ દિશામાં ભારત આગળ વધી રહ્યું છે ત્યારે સાચા અર્થમાં છેવાડાના માનવીની ચિંતા કરનાર, વર્ષો પહેલાંના ઇતિહાસને સાચા અર્થમાં ઉજાગર કરનાર દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના નામે આ ઐતિહાસિક ઘટના લખાવા જઇ રહી છે. આપણે માત્ર મોગલ સામ્રાજ્ય ભણીને અહીં આવ્યા છીએ, પણ આપણા બધાના દીકરાઓ-દીકરીઓ અને આવનારી પેઢી ૧૭ દિવસમાં સરદાર સરોવર ડૅમની હોય, સ્ટેચ્યૂ ઓફ યુનિટીની હોય, ૩૭૦ની કલમ હોય, કાશી-વિશ્વનાથ કોરિડોર હોય, ત્રિપલ તલાક હોય, સર્જિકલ સ્ટ્રાઇક હોય, અયોધ્યા રામ મંદિર હોય, મહાકાલ કોરિડોર હોય કે સેન્ટ્રલ વિસ્ટા હોય કે નેશનલ મેમોરિયલ શહીદ સ્મારક વિશે ભણશે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત કાશી-વિશ્વનાથ કોરિડોર કરી એમાં હકીકત એવી છે કે રાજા પંડ્યાજી જ્યારે શિવલિંગ લેવા ઉત્તર પ્રદેશ ગયા, કાશી ગયા અને ત્યાંથી શિવલિંગ લઇને પરત ફર્યા ત્યારે એક ઝાડ નીચે સૂતા હતા. ત્યારે ત્યાંથી એક ગાય નીકળી અને ગાયે કહ્યું કે આ શિવલિંગ અહીંયા ભલે રહ્યું. એ રાજા શિવલિંગ ત્યાં મૂકીને આવ્યા. એમને ત્યાં જે મંદિર બનાવ્યું એ મંદિર શિવકાશી, તમિલનાડુ મંદિર તરીકે ઓળખાય છે. લોકોને મદુરાઇથી કાશી આવવું ના પડે એટલા માટે રાજાએ રાજ્યની સરહદ નજીક દક્ષિણ પશ્ચિમમાં તમિલનાડુનું તે જ કાશી-વિશ્વનાથ મંદિર બનાવ્યું. આ ઇતિહાસને ઉજાગર કરવા માનનીય નરેન્દ્રભાઇ સાહેબે તા.૧૯, નવેમ્બર, ૨૦૨૨ના રોજ કાશી-તમિલ કાર્યક્રમ કર્યો. જ્યારે વર્ષ ૨૦૦૫માં તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ગયા અને સૌરાષ્ટ્રનો ઇતિહાસ જોયો. ત્યારબાદ ફરીથી આ કાર્યક્રમને આગળ વધાર્યો ત્યારે અમારે બધાને જવાનું થયું. આ ઇતિહાસના આપણે સૌ સાક્ષી બનવા જઇ રહ્યા છીએ, ત્યારે આ મોગલોના ઇતિહાસને ભૂલાવી અને શ્રી નરેન્દ્રભાઇ મોદી રચિત નવા ઇતિહાસના નિર્માણમાં આપણે સહભાગી બનીએ. કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયા, શ્રીમતી દર્શનાબેન જરદોશ, ડૉ. મુજપૂરા અને શ્રી એલ.મુરુગન આ તમામ સાથી સભ્યો જ્યારે ત્યાં ગયા ત્યારે ત્યાંના લોકો ખૂબ તલપાપડ છે. લગભગ ૨૫ લાખની વસતીમાં ૨૫૦૦૦ કરતાં વધુ રજિસ્ટ્રેશન થયું છે અને ગુજરાતના અને તમિલનાડુથી નીકળતા તમામ સ્ટેશનો પર તેમનું ભવ્ય સ્વાગત થવાનું છે. ત્યાંના ઉદ્યોગપતિઓ પણ અહીં આવવાના છે. ત્યાંની યુનિવર્સિટીઓ સાથે પણ ટાઇ-અપ કરવાના છીએ. ઇન્ડસ્ટ્રીઝના બી ટુ બી કરવાના છીએ. આવી અસંખ્ય યોજના માનનીય ભૂપેન્દ્રભાઇની અધ્યક્ષતામાં થવાની છે અને આ ઐતિહાસિક ઘટનાના આપણે સૌ સાક્ષી બનીશું.

શ્રી રમણલાલ ઇ. વોરા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં જે માનનીય મંત્રીશ્રીઓ ગયા છે અને એમણે જે વાત કરી છે એ બધા અભિનંદનને પાત્ર છે. મંત્રીઓ ગયા, સાંભળ્યા, આનંદ વિભોર થયા એ માટે અમે પણ સંતોષની લાગણી વ્યક્ત કરીએ છીએ. તત્કાલીન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી જ્યારે અહીંયા હતા ત્યારે ત્રણ વખત એવું થયું. ભાજપ, કૉંગ્રેસ એક મંત્રીશ્રી સાથે ૧૦થી ૧૨ ધારાસભ્યો સાથે અમે સ્વર્ણિમ જયંતીની વાત લઇને આખા દેશમાં ગયા હતા. જ્યારે સરદાર વલ્લભભાઇ પટેલનું ૧૮૨ મીટરનું સ્ટેચ્યૂ બનાવ્યું ત્યારે એક કિલો લોખંડ માટે મારે પણ ધારાસભ્યો સાથે આસામ જવાનું થયું હતું. ફરી પાછા બિહાર જવાનું થયું એટલે ઘણા બધા ધારાસભ્યશ્રીઓને ત્યાં જવાનો મોકો મળ્યો હતો. દેશના પ્રધાનમંત્રી ગુજરાતના હોય, આદરણીય નરેન્દ્રભાઈ મોદી જેટલું મોટું નામ હોય, ૧૫૬ સીટો જીત્યા

હોય અને ગુજરાતનું મંત્રીમંડળ ત્યાં જાય એટલે સ્વાભાવિક તેમનું સ્વાગત થાય. આ કારણસર ઘણા લોકોને ત્યાં રહેવા જવાનું પણ મન થશે અને ત્યાંથી જે લોકો આવ્યા હશે એમની આગતા-સ્વાગતા કરવાનો પણ મોકો મળશે, પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીના સાનિધ્યમાં આ પગલું લીધું તેને ફરીથી આવકાર આપું છું અને એમને શુભેચ્છાઓ પાઠવું છું.

અધ્યક્ષશ્રી : આ નિયમ-૪૪ના નિવેદનમાં આપણા જ ગુજરાતી ભાઈઓ, આપણું જ જીન્સ, અહીંના જ આપણા સપૂતો કોઈ આફતના સમયે ગુજરાત છોડીને બહાર ગયા તો આ ગુજરાતીઓના ગુજરાતીપણાના એટેચમેન્ટ માટે જે આ કાર્યક્રમ રાખ્યો તે માટે મેં આપને ખાસ મંજૂરી પણ આપી. કારણ કે આમાં ગુજરાતીપણાનો ભાવ આવ્યો અને તેટલા માટે આજે માનનીય મંત્રીશ્રીઓને પણ રેર ઓફ ધ રેર કેસમાં ૨-૨ મિનિટ વાત કરવા માટેનો પણ મોકો આપ્યો. ધન્યવાદ અને આપણું આ ગુજરાતીપણું કાયમી જળવાઈ રહે તે માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**(વિરામ સવારના ૧૧.૦૬થી ૧૧.૩૦ સુધી)**

**માનનીય સભાપતિશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને**

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

સન ૨૦૨૧-૨૨ના નાણાકીય હિસાબો તેમજ ઓડિટ અહેવાલ

**શ્રી કનુભાઇ દેસાઇ (નાણામંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું

(ક) ગુજરાત સરકારના સન ૨૦૨૧-૨૨ના વર્ષના રાજ્યના નાણાકીય હિસાબો (ભાગ-૧ અને ભાગ-૨)(ગુજરાતી અને અંગ્રેજી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૨૧-૨૨ના વર્ષના વિનિયોગ હિસાબો(ગુજરાતી અને અંગ્રેજી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૨૧-૨૨ના વર્ષના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડિટ અહેવાલ(ગુજરાતી અને અંગ્રેજી)

(ઘ) ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો સમુદ્રતટીય પર્યાવરણના સંરક્ષણ અને વ્યવસ્થાપનની કામગીરી પરનો ઓડિટ અહેવાલ(ગુજરાતી અને અંગ્રેજી)સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**નાણાકીય હિસાબો, વિનિયોગ હિસાબો તેમજ ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

**શ્રીમતી ભાનુબેન બાબરિયા(સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ, નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રીમતી ભાનુબેન બાબરિયા(મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત લોકાયુક્તનો વાર્ષિક અહેવાલ

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત લોકાયુક્તનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીનો વાર્ષિક અહેવાલ

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ તેમજ વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી કુંવરજીભાઇ બાવળીયા(નાગરિક પુરવઠા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, ઓડિટ અહેવાલ, નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના જાહેરનામા તથા નિવેદન

ચૈત્ર ૮, ૧૯૪૫ શાકે

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા ) વિધેયક, ૨૦૨૩

**શ્રી કુંવરજીભાઇ બાવળીયા(ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી**,** હું સન ૨૦૧૯ના ગ્રાહક સુરક્ષા અધિનિયમ અન્વયેના અન્ન**,** નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના**,**

(૧) તા.૨૧/૦૮/૨૦૨૧નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૧/૧૬/સીપીએ/૧૦૨૦૨૦/૪૫૫૮૬૯/ ડી

(૨) તા.૧૯/૦૨/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૨/૦૩/સીપીએ/૧૦૨૦૨૧/૨૧૧૦૨૦/ડી

(૩) તા.૧૯/૦૨/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૨/૦૪/સીપીએ/૧૦૨૦૨૧/૨૧૧૦૨૦/ ડી

(૪) તા.૧૪/૦૩/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૨/૦૭/સીપીએ/૧૦૨૦૨૧/૧૭૨૬૭૦/ડી

(૫) તા.૨૧/૦૩/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૨/૦૮/સીપીએ/૧૦૨૦૨૧/૧૪૬૧૪૮/ડી

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**વિધેયકો (સરકારી)**

**સને ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૬**

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક**,** ૨૦૨૩

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા(રાજયકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક -૧૬-સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

સભાપતિશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક -૧૬-સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન નીચે શિક્ષણ ક્ષેત્રે એક શરૂઆત કરી, અંત્યોદય સુધી આપણો નાગરિક શિક્ષિત બને એ પ્રમાણેનું એક શ્રેષ્ઠ આયોજન થયું હતું. બાલમંદિરથી ઉચ્ચ શિક્ષણ સુધી ગુજરાત રાજ્યમાં શિક્ષણનું પ્રમાણ વધવામાં ખૂબ જ મહત્ત્વનો રોલ સરકારશ્રીએ ભજવ્યો છે અને એ વિચારધારાએ ભજવ્યો છે. વર્ષ ૧૯૬૦થી વર્ષ ૨૦૦૧ સુધી, આ રાજ્યમાં માત્ર ને માત્ર ૧૪ યુનિવર્સિટીઓ હતી. વર્ષ ૨૦૦૧થી આજ સુધી રાજ્યમાં ૧૦૩ યુનિવર્સિટીઓની સ્થાપના થઇ ચૂકી છે. જે પૈકી ૧૬ યુ.જી.સી., ૧૩ સેકટોરિયલ યુનિવર્સિટીઓ, ૧૦ નેશનલ ઇમ્પોર્ટન્સ યુનિવર્સિટીઓ, ૬૦ ખાનગી યુનિવર્સિટીઓ, ૩ ડિમ્ડ યુનિવર્સિટીઓ અને ૧ સેન્ટ્રલ યુનિવર્સિટી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ આંકડાથી આપને ખ્યાલ આવશે કે એક સમયે ધોરણ-૧૨ પછી એક વિદ્યાર્થી કયાં એડમિશન લે, કયાં જવું, શું કરવું અને એ પ્રમાણે એક બહું મોટી ડ્રોપ રેશિયાની સંખ્યા હતી. માત્ર ઉચ્ચ શિક્ષણ નહીં, આપ તો વિદ્વાન છો અને આપે આ વિભાગ સંભાળેલો છે, આપને ખ્યાલ પણ છે. એક સમયે પ્રાયમરી સ્કૂલમાં પણ ડ્રોપ રેશિયો એટલો મોટો હતો જેને સાંધવામાં રાજ્ય સરકારે અને તમામ એન.જી.ઓ. સાથે મળીને લોકભાગીદારીના એક આંદોલન સ્વરૂપે, જનમાનસ સુધી આ ડ્રોપ રેશિયો ઘટાડીને ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ વધુમાં વધુ બાળક લઇ શકે અને એક બાળક શિક્ષણથી વંચિત ન રહે એનો ભગીરથ પ્રયાસ કર્યો છે. ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા કરી અને આજે આપણે એ દિશામાં આગળ વધી રહ્યા છીએ, ત્યારે ચિલ્ડ્રન યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી, ફોરેન્સિક યુનિવર્સિટી અને રક્ષા શકિત યુનિવર્સિટી, લોકોએ કયારેય નામ ન સાંભળ્યું હોય એવી યુનિવર્સિટીઓ ગુજરાત રાજ્યમાં કાર્યરત છે. એ બાબતમાં ભારત દેશમાં ગુજરાત રાજ્ય પ્રથમ છે. એ પૉલિસીમાં પ્રથમ છે. ગુજરાત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થઇ શકે એ હેતુ સિદ્ધ કરવા માટે અગાઉના પૂર્વ મંત્રીશ્રીઓએ પણ ખૂબ મહેનત કરી છે. આદરણીય શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ, માનનીય અધ્યક્ષશ્રી આપ સાહેબ છો, મેં ગઇ કાલે જ જેઓનું માર્ગદર્શન લીધું એવા શ્રી જિતુભાઇ વાઘાણી સાહેબ અને ઉચ્ચ શિક્ષણ માટે જેમને મને પ્રેરણા આપી એવા આદરણીય અમારા કેબીનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઇએ પણ ઘણું માર્ગદર્શન આપી, સરકારશ્રી શિક્ષણ ક્ષેત્રે કેટલી શ્રેષ્ઠ કામગીરી કરે છે એ બતાવ્યું છે. વર્ષ ૧૯૬૮થી વર્ષ ૧૯૮૬ સુધીમાં, વર્ષ ૧૯૮૬માં એકવાર માત્ર ને માત્ર શિક્ષણ વિશેની ચર્ચા થઇ હતી. થોડા સુધારા-વધારા આવ્યા અને પછી વર્ષ ૨૦૨૦માં આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે, દેશના અનેક વિદ્વાનો પાસેથી માહિતી એકત્રિત કરી, નવી શિક્ષણ પદ્ધતિ લાવી દુનિયાની સમકક્ષ એક સરસ પ્લેટફોર્મ બનાવ્યું છે. દુનિયામાં ભારતીય સંસ્કૃતિ સાથે એક શિક્ષણ પ્રાપ્ત થાય, ભારતનો વૈભવ વારસો જે દુનિયામાં હતો, એને ઉજાગર કરવાની સાથે નવી શિક્ષણ પદ્ધતિ દાખલ થઇ એટલે એક ખ્યાલ આવ્યો. ૩૫ વર્ષ સુધી શિક્ષણમાં કોઇ ચેઇન્જ કરવાનો વિચાર સુદ્ધા કર્યો ન હતો. એ ભારતમાં નવી શિક્ષણ પદ્ધતિ દાખલ કરી. એના ઉપક્રમે આજે આ યુનિવર્સિટીઓની સ્થાપના થઇ રહી છે.

---

* વિધેયક તા.૨૧મી માર્ચ, ૨૦૨૩ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

તા. ૨૯મી માર્ચ, ૨૦૨૩

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા ) વિધેયક, ૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૧૨ પછી વિદ્યાર્થીઓ કોલેજમાં જાય છે. ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો ખૂબ નીચો જઇ રહ્યો છે, ત્યારે સરકાર કટિબદ્ધ થઇ છે. વર્ષ ૨૦૩૦માં આ રેશિયો ૫૦ ટકા સુધી પહોંચાડવાનો એક ભગીરથ પ્રયાસ છે. પરંતુ આ રેશિયો ૫૦ ટકા સુધી પહોંચાડવા માત્ર ને માત્ર સરકારી યુનિવર્સિટી તો કાર્ય કરી જ રહી છે, પણ એનાથી આ રેશિયો સુધી પહોંચવું, કારણ કે ૨૨.૩થી વધારીને ૫૦ ટકા સુધી એટલે લગભગ ૨૬, ૨૭ ટકાનો વધારો આ લોક ભાગીદારી, સામૂહિક શિક્ષણવિદો, શિક્ષણ જગતમાં જેમને રસ છે. શિક્ષણ ક્ષેત્રે જે એન.જી.ઓ. કામગીરી કરી રહેલ છે. તેની સાથે લોક ભાગીદારી કરીને આજે આ યુનિવર્સિટીને માન્યતા માટે આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષના અંત સુધીમાં ૨૫ યુનિવર્સિટીઓની માન્યતા માટે અરજી આવેલ. એમાં ચકાસણી કરવામાં આવી. એની એજ્યુકેશનની પદ્ધતિ, એનો અનુભવ, એનું ઇન્ફ્રાસ્ટ્રકચર એ બધી જ વાતો જોઇને એમની સ્થળ તપાસ કરી. પરફેકટ યુનિવર્સિટીને છાજે એવું ઇન્ફ્રાસ્ટ્રકચર અને એમની લાયકાત એ બધું જોઇને આજે આપણે આ વિધેયકની અંદર પાંચ યુનિવર્સિટીઓને સ્થાન આપવાનો પ્રયાસ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વસતિ વધતી રહે છે. એ સામે યુનિવર્સિટીઓ જોઇએ. એક સમય એવો હતો કે ધોરણ ૧૨મા પછી ગણ્યાં ગાંઠ્યા લોકો ડોકટર કે એન્જિનિયર બની શકતા. એને જો બનવું હોય તો બહાર મહારાષ્ટ્ર, ધૂલિયા, કર્ણાટક વગેરે જગ્યાએ જવું પડતું હતું. કારણ કે ત્યારે પોલિસી નહોતી. વર્ષ ૨૦૦૯માં સુધારા વિધેયક લાવવામાં આવ્યું અને ત્યારથી આજ સુધીમાં આ યુનિવર્સિટીઓ બની. આજે ભારતની અંદર શ્રેષ્ઠ મેનેજમેન્ટ માટે અને શ્રેષ્ઠ કાર્યપદ્ધતિમાં ગુજરાતની ઘણી યુનિવર્સિટીઓ સ્થાન પામી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વગુરૂ બનવા માટેનો પાયો શિક્ષણ છે. નવી શિક્ષણ નીતિમાં ગુણવત્તાસભર શિક્ષણ પ્રાપ્ત કરવા માટે દરેક જિલ્લામાં યુનિવર્સિટી હોવી જોઇએ એવી એક ગાઇડલાઇન છે. એ ગાઇડલાઇન પ્રમાણે એકપણ વ્યક્તિ દૂર ન જઇ શકે અને એના લીધે શિક્ષણ છોડી દે એ સરકારને અને આપણને માન્ય નથી. માટે આપણે આગળ વધી રહ્યા છીએ. સ્ટાર્ટ અપ ઇન્ડિયા, મેક ઇન ઇન્ડિયા, કુશાગ્ર બુદ્ધિના એ ઇનોવેટિવ રિસર્ચ કરનારા, સ્ટાર્ટ અપમાં બેસ્ટ પરફોર્મિંગ સ્ટેટ તરીકે ગુજરાત સ્થાન પામ્યું છે. જેમાં ખાનગી યુનિવર્સિટીઓ પણ સામેલ છે. આવનારા સમયમાં બહેનો પણ સરસ અને શ્રેષ્ઠ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને માત્રને માત્ર પ્રાઇવેટ યુનિવર્સિટીમાં હોવા છતાં પણ એમની ફીની વ્યવસ્થા, એમની સ્કોલરશિપની વ્યવસ્થા પણ રાજય સરકારે કરી છે. આજે અસંખ્ય બહેનો અને વિદ્યાર્થીઓ આવી પ્રાઇવેટ યુનિવર્સિટીમાં સરકારની સ્કોલરશિપથી ભણી રહી છે. આ યુનિવર્સિટીઓ દ્વારા આપણે ગુણવત્તાનો આગ્રહ રાખીએ છીએ. તમામ નિયમોનું પાલન થાય. સરકારના જે નિયમો છે, એનું શ્રેષ્ઠ પાલન થાય અને સરકાર પાસે તમામ એનો અધિકાર રાખ્યો છે. માનનીય અધ્યક્ષ મહોદય, એવું બન્યું હોય તો એનો વહીવટ પણ સરકાર હસ્તક લઇ શકે છે, ત્યાં સુધીનું આપણા નિયમોમાં એનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું આ વિધેયક રજૂ કરી રહ્યો છું, એમાં રાજય સરકાર ખાનગી યુનિવર્સિટીની ગુણવત્તા અર્થે ખાનગી યુનિવર્સિટી એકટ ૨૦૦૯, રૂલ્સ ૨૦૨૦ યુનિવર્સિટીની દેખરેખ, નિરીક્ષણ અને ચકાસણી માટેની ઉચ્ચ કક્ષાની સમિતિનું ગઠન, ગરિમા સેલની રચના કરવામાં આવેલ છે.

આમ આઝાદીના અમૃતકાળમાં રાજય સરકારની દેખરેખ હેઠળ લોકભાગીદારીથી રાજયમાં ઉચ્ચ શિક્ષણની સિદ્ધિ સર્વોચ્ચ શિખરે પ્રાપ્ત કરે તે હેતુથી નીચે મુજબની યુનિવર્સિટીઓ માટે વિધેયક લાવવા માટે હું નિમિત્ત બન્યો છું, ત્યારે જ્ઞાનમંજરી ઇનોવેટિવ યુનિવર્સિટી, જ્ઞાનમુદ્રા એજ્યુકેશન ફાઉન્ડેશન જે ભાવનગરમાં એજ્યુકેશનમાં ખૂબ સારી કામગીરી કરી રહેલ છે અને આજે અસંખ્ય વિદ્યાર્થીઓ એન્જિનિયરિંગ અને મેડિકલ ક્ષેત્રે આ સંસ્થામાં ભણી રહ્યા છે. સિગ્મા યુનિવર્સિટી વડોદરાનું ટેક્નોલોજી અને એન્જિનિયરિંગ ક્ષેત્રે ખૂબ મોટું યોગદાન છે. કે.એન. યુનિવર્સિટી મહાવીરા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદની અંદર શિક્ષણ ક્ષેત્રે સારી કામગીરી છે. અમદાવાદમાં સરદાર વલ્લભભાઇ ગ્લોબલ યુનિવર્સિટી ઘણાં વર્ષોથી સરદાર વલ્લભભાઇ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા શિક્ષણ ક્ષેત્રે ખૂબ સારી કામગીરી થઇ રહી છે અને વાપીમાં રોટરી ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન એન્ડ લર્નિંગ ટ્રસ્ટ, વાપી. રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટી. આ પાંચ યુનિવર્સિટીની મંજૂરી અર્થે વિધેયક લાવ્યો છું ત્યારે હું આશા રાખું છું કે સર્વસંમતિથી બધા સભ્યો તેમાં સહયોગ આપશે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર-પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય એજ્યુકેશન મંત્રી ભાઇશ્રી પ્રફુલ્લભાઇ પાનસેરીયા ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક-૨૦૨૩, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ના સુધારા વિધેયક આ ગૃહ સમક્ષ લાવ્યા છે ત્યારે હું તેને સમર્થન કરું છું અને મારી વાત ગૃહ સમક્ષ મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય અને દેશમાં જે શિક્ષણ ક્રાંતિ લાવ્યા છે એવા દેશના લોકપ્રિય પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના શબ્દોમાં કહું તો શિક્ષણનો હેતુ કૌશલ્ય અને નિપૂણતાના માધ્યમથી સારો માનવી બનાવવાનો છે. શિક્ષણ દ્વારા મનુષ્યોને સુશિક્ષિત બનાવી શકાય છે. શિક્ષણ નીતિમાં પરિવર્તન એ રાષ્ટ્રને વધુ સારા વિદ્યાર્થીઓ, વ્યવસાય અને શ્રેષ્ઠ માનવી પ્રદાન કરવાનો મુખ્ય માર્ગ છે. આ જ વાત રાજ્યના લોકપ્રિય, સાલસ, મક્કમ અને મૃદુ મુખ્યમંત્રીની ભાષામાં વાત કરું તો શિક્ષણ એ તમામ સમસ્યાઓનો એક માત્ર ઉકેલ છે. રાજ્ય અને સમાજના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ એ આવશ્યક પરિબળ છે અને એ પ્રમાણે માનનીય મુખ્યમંત્રીના માર્ગદર્શન નીચે શિક્ષણ વિભાગ ભાઇશ્રી ઋષિકેશભાઇ અને

શ્રી પ્રફુલભાઇના નેતૃત્વમાં સુપેરે કામગીરી કરી રહેલ છે, ત્યારે રાજ્યમંત્રી-ઉચ્ચ શિક્ષણ જે વિધેયક લાવ્યા છે અને જે પ્રકારે પૂર્વભૂમિકા મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમવાર આ ગૃહમાં મંત્રી બનીને એ વિધેયક મૂકી રહ્યા છે ત્યારે પૂર્વભૂમિકા રૂપે તેમનો અભ્યાસ છે અને જે પ્રમાણે મૂક્યું છે તે માટે તેમને અભિનંદન આપું છું. એમણે જે વાત કરી એ પ્રમાણે સરદાર વલ્લભભાઇ એજ્યુકેશન ટ્રસ્ટ-અમદાવાદ, જ્ઞાનમુદ્રા એજ્યુકેશન ફાઉન્ડેશન-ભાવનગર, સિગ્મા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી એન્ડ એન્જિનિયરિંગ-વડોદરા, રોટરી ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન એન્ડ લર્નિંગ. માનનીય અધ્યક્ષશ્રી, અહીં મને જરા.. માનનીય નાણામંત્રી બેઠા છે. આ ટ્રસ્ટના એ ટ્રસ્ટી પણ છે. આમાં મને તેનું શોર્ટ નેઇમ રાફેલ વંચાયું ત્યારે મને યાદ આવી ગયું કે ખોટા રાફેલ એ કોઇ પાર્ટીના રાજકુંવર વિદેશમાં જઇને ભારત વિરોધી એવું રાફેલ ઉડાડવા માટે ગયા. ભારતમાં રહીને ભારત વિરોધી સૂર એ રાજકુંવરે સર્જિકલ એરસ્ટ્રાઇક ઉપર કર્યા પણ મને આનંદ એ વાતનો છે કે ખોટા રાફેલ ન ઉડ્યા. માનનીય નામદાર સુપ્રીમકોર્ટે એ ખોટા રાફેલને નિર્ણયો આપીને ખોટા સાબિત કર્યા. સાથેસાથે સુરતની સ્થાનિક કોર્ટે પણ આ ખોટા રાફેલને ખોટા સાબિત કર્યા. આ રોફેલ છે. મને યાદ આવી ગયું અને આનંદની વાત એ છે કે એ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે આપણા નાણામંત્રીશ્રી બિરાજમાન છે અને શ્રી રજ્જુભાઇ શ્રોફ જેવા સેવાભાવી ઉદ્યોગપતિ આ યુનિવર્સિટી બનાવે છે. સરદાર વલ્લભભાઇ પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ જે તે વખતના આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રી ચિમનભાઇ પટેલના પુત્ર શ્રી સિદ્ધાર્થભાઇ પટેલ આ ખાનગી યુનિવર્સિટી ટ્રસ્ટ દ્વારા આ માગણી લાવ્યા છે. તમામ જે લોકો છે એ ભાવનગરના હોય, વલસાડના હોય, અમદાવાદના હોય આ તમામ લોકો શિક્ષણ સાથે જોડાયેલા છે અને પોતાની સેવાઓ આપી છે. આવું બિલ આ ૫ યુનિવર્સિટીનું આવ્યું છે. સમયની મર્યાદા છે. શિક્ષણ એ એવો વિષય છે અને આપ પણ આ વિભાગ સંભાળી ચૂકયા છો અને હું પણ એ વિભાગની જવાબદારી સંભાળી ચૂક્યો છું. કયાંથી કયાં સુધી આ રાજયના શિક્ષણને લઇ ગયા છે. આજના યુવાનો એ આવતીકાલનું ગુજરાત છે. આવતી કાલનો દેશ છે ત્યારે તેના સર્વાંગી વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ એ મહત્ત્વપૂર્ણ છે. એને શિક્ષિત કરવા, ધંધા રોજગારી, જીવનલક્ષી ઉત્તમ ધ્યેયો, રોજગારી પૂરી પાડવા માટે સરકારશ્રી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પ્રયત્નશીલ છે. સમયની માંગ સાથે, પ્રાઇવેટ યુનિવર્સિટી અને સરકારી યુનિવર્સિટી એ તમામનો વિકાસ થાય, આપણો યુવાન, આપણો વિદ્યાર્થી એ દુનિયાની સ્પર્ધામાં ઊભો રહી શકે, તેમના માટે તમામ તકો પ્રાપ્ત થાય એ હેતુથી જનભાગીદારીનો કોન્સેપ્ટ માનનીય નરેન્દ્રભાઇ જે તે વખતે મુખ્યમંત્રી હતા ત્યારે લાવ્યા અને દેશમાં પણ એના સારા ફળો મળી રહ્યા છે ત્યારે અનેક પ્રકારના કન્ટેન્ટ, અર્થવ્યવસ્થામાં બદલાવ, એમાં પ્રાઇવેટ સેકટરની પણ અનેક ભૂમિકાઓ હોય છે. જેમ કે આપણી ખાનગી યુનિવર્સિટીની પણ અનેક ભૂમિકાઓ નોંધપાત્ર છે, ત્યારે ઉચ્ચ શિક્ષણ માટે યુવાનોને દેશની બહાર ન જવું પડે, અન્ય રાજયમાં ન જવું પડે, બધી સગવડો, સવલતો રાજયમાં મળે એ માટે આ યુનિવર્સિટીઓ પણ આપણી સરકારી યુનિવર્સિટીઓની સાથેસાથે મહત્ત્વની છે. ખૂબ વિગતથી માનનીય પ્રફુલભાઇએ વાત કરી છે. ઘણી સંસ્થાઓ વર્ષ ૧૯૬૨માં અને વર્ષ ૧૯૮૪માં પણ ખાનગી હતી. ખાનગીકરણ, ખાનગીકરણની કેટલીક વાતો એ સામાન્ય જનમાનસમાં કેટલાક વિરોધી લોકો અપપ્રચાર સ્વરૂપે કરી રહ્યા છે, સમગ્ર વિશ્વની અંદર આ પ્રકારે યુનિવર્સિટીઓ દ્વારા શિક્ષણ એ મહત્ત્વનું સાબિત થયું છે, ત્યારે લાખો વિદ્યાર્થીઓ સરકારી યુનિવર્સિટીમાં ૮.૨૯ લાખ, ખાનગી યુનિવર્સિટીમાં ૬.૩૭ લાખ અભ્યાસ કરતા હતા. આ હું સન ૨૦૦૫-૦૬ની વાત કરું છું. આજે સન ૨૦૨૧-૨૨માં સરકારી યુનિવર્સિટીમાં ૯.૫૯ લાખ, ખાનગી યુનિવર્સિટીમાં ૮.૫ લાખ વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યા છે. કુલ ૧૭ લાખ ૬૪ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. તમામ પ્રકારની તકો પ્રાપ્ત થાય એ માટે રાજય સરકાર, શિક્ષણ વિભાગ, માનનીય ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં, માનનીય ઋષિભાઇ, માનનીય પ્રફુલભાઇના માર્ગદર્શન નીચે આ વિષય છે. મને ગૃહને કહેતા આનંદ થાય છે કે ગુજરાત એ એજ્યુકેશનનું હબ બન્યું છે. ખાલી વાત નહીં પણ આંકડાકીય બાબતો, એ પણ જો જોઇએ તો સરકારી યુનિવર્સિટીમાં વિદેશના વિદ્યાર્થીઓ ૧૧૦૦ અને ખાનગી યુનિવર્સિટીઓમાં ૪૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ આજના દિવસે ભણે છે. વિદેશના લોકો છે. કોઇ સામાન્ય દેશ નહીં, પણ વિકસિત દેશોના વિદ્યાર્થીઓ છે, હું એમને મળ્યો છું, એમની સાથે સંવાદ કર્યા છે. આપણા ત્યાં જે એજ્યુકેશનની વ્યવસ્થાઓ છે, જે પ્રકારના અભ્યાસક્રમો છે, અને વિશ્વમાં ઊભા રહેવા માટે એ વિદ્યાર્થીઓ અહીં ભણી રહ્યા છે. જે JRF હોય, NIRF હોય, નેક હોય, આપ જાણો છો, સભ્યશ્રીઓ પણ જાણે છે એટલે વિગતવાર વ્યાખ્યા કરતો નથી. એ હરીફાઇમાં આપણી સ્વૈચ્છિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં હરીફાઇ થવી જોઇએ. સમયની માગ છે. આ પ્રકારે ૧૭૦-૧૮૦ જેટલા વિદ્યાર્થીઓ એક વર્ગમાં ભણે એમને પણ વ્યવસ્થાઓ મળે એના માટેનો નિર્ણય રાજ્ય સરકાર કરી રહી છે ત્યારે મીનીમમ ગવર્નમેન્ટ અને મેક્સિમમ ગવર્નન્સ મોડેલ સ્વીકાર્યું છે અને એનો ફાયદો મળી રહ્યો છે. કેટલીકવાર આપણે જોઇએ તો અહીંથી માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે, તમામ વ્યવસ્થાઓથી સજ્જ આ યુનિવર્સિટીઓ બની છે, એનું મોનિટરિંગ થાય છે, એના નિયમો છે ત્યારે આ સ્માર્ટ ક્લાસ હોય કે અન્ય વ્યવસ્થાઓ કરવાની હોય, પર્યાવરણની બાબત હોય, લેબ કમ્પ્યુટર હોય એ તમામ વ્યવસ્થાઓ એ સરકારી યુનિવર્સિટી હોય કે પ્રાઇવેટ હોય એમાં કરવાની છે. અનેક ઉદાહરણો છે. ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આના ઉદાહરણો છે. ઘણી વખત ધ્યાનમાં નથી હોતું, મને કહેતા આનંદ છે કે રોબોટિક્સ કોડિંગ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, કૌશલ્યની તાલીમ, સ્ટાર્ટ-અપ, ઇનોવેશન, એની સહાય, ઉદ્યોગો સાથે ઇનોવેશન પ્રોગ્રામની સ્થાપના એ

રાજ્યના વિદ્યાર્થીઓ સ્ટાર્ટ-અપ અને ઇનોવેશન માટે પ્રેરિત થાય એના માટે શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં ધ્યાન આપ્યું છે અને એના પરિણામો મળ્યાં છે. સમગ્ર દેશનો પહેલો ગુજરાત એક્રિડેટેશન એન્ડ રેન્કિંગ ઇન્સ્ટિટ્યૂશનલ મિકેનિઝમ એન્ડ એરેન્જમેન્ટ એ ક્વોલિટી એજ્યુકેશન છે માન્યતા પ્રાપ્ત કરવા માટે થઇને. અનેક અલગ અલગ પ્રકારની સંસ્થાઓ સ્ટેટ એસેસમેન્ટ એન્ડ એક્રિડેટેશન સેન્ટર (સેક) સ્ટેટ ક્વોલિટી એશ્યોરન્સ સેલ (એસ.ક્યુ.એ.સી.) એને પણ મંજૂરી આપવામાં આવી છે. વર્ષ ૨૦૦૨-૨૦૦૪ માં નેકને માન્યતા ન હતી પણ મને કહેતા આનંદ છે કે આજે વર્ષ ૨૦૨૧-૨૨ માં ગુજરાતની ૪૬૭ સંસ્થાઓ, ૨૨ યુનિવર્સિટીઓને ઉચ્ચ શિક્ષણ માટે નેક દ્વારા માન્યતા પ્રાપ્ત થઇ છે. આ સિમાચિન્હમાં બદલાવ આપણે જોઇ રહ્યા છીએ. એન.આઇ.આર.એફ.માં વર્ષ ૨૦૨૨માં ૬૧ સંસ્થાઓએ ભાગ લીધો. ૨૬ યુનિવર્સિટી અને ૩૫ કોલેજો, જેમાંથી ૨૫ જેટલી સંસ્થાઓ અલગ અલગ કેટેગરીમાં દેશમાં ટોપ ૧૦૦ માં સ્થાન ધરાવે છે. અનેક માપદંડોમાં ઉચ્ચ શિક્ષણ પુરવાર થયું છે, ત્યારે સ્ટડી-ઇનનો કાર્યક્રમ ખાનગી યુનિવર્સિટીની સરખામણીમાં સરકારી યુનિવર્સિટીની ગુણવત્તા વિકાસના ક્રમમાં ઘણો વધારો થઇ રહ્યો છે ત્યારે એક-બે બાબતોમાં હું ધ્યાન દોરવા માગું છું. એન.ઇ.બી.૨૦-૨૦, અનેક બાબતો એ પ્રાઇવેટ યુનિવર્સિટીને પણ એમાં મહત્તા આપવાનું કામ થઇ રહ્યું છે, ત્યારે ધીરે ધીરે ૧૫ વર્ષના ગાળામાં એન.એ.ક્યુ.ના ૧૦.૧૨ માં જણાવ્યું છે કે આ પ્રથા ધીરે ધીરે સમાપ્ત થઇને આગળની સ્વાયત્ત પદવી એનાયત કરનાર મા-વિશ્વ વિદ્યાલય ઓથોરાઇઝ્ડ કોલેજ બનવાની છે ત્યારે મને કહેતા આનંદ છે કે અનેકવિધ નિર્ણયો રાજ્યની સરકારે લીધા છે. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વ્યાપક સંભાવનાઓ અને સ્પર્ધાનું ક્ષેત્ર છે. રોજે રોજ વૈશ્વિક ધારામાં આ સમસ્યાઓને ખરા ઉતરવું પડતું હોય છે. એટલા માટે આ તમામ બાબતો જરૂરી છે. મને કહેતા આનંદ છે કે અનેક પ્રકારની વ્યવસ્થાઓની સાથે રાજ્યની સરકારે અનેક નિર્ણયો લીધા છે ત્યારે આવા પી.પી.પી. એટલે કે પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપને પબ્લિક પ્રાઇવેટ પરફોર્મન્સ મોડલ તરીકે હું જોઇ રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્યમાં યુનિવર્સિટી નેશનલ ઇન્ફોર્મેશન સંસ્થાઓ, સ્ટેટ યુનિવર્સિટીઓ, વિવિધ સંસ્થાઓ, વિદ્યાર્થીઓ, શિક્ષણ સંશોધન અને રોજગારીને મહત્ત્વ આપવાના છે, ત્યારે હાર્વર્ડ હોય, આયુ યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, યુનિવર્સિટી ઓફ શિકાગો આ બધું વિશ્વમાં છે જ. સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ પોલિસીમાં અલગ અલગ પ્રકારે બાળકને પોલિટેકનિકમાં પ્રવેશ. ગરિમા સેલ. ૧૦૦ એકરમાં જી.ટી.યુ.ની એક ખૂબ મોટી સંસ્થા છે. એક વાત કરીને મારી વાત પૂરી કરવા માગું છું. સાફલ્ય સમગ્ર દેશમાં પહેલું, માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે બાયસેગના માધ્યમથી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં બેઠેલો ગામડાનો વિદ્યાર્થી એ કોઇ ફી નથી ભરી શકવાનો, માનનીય સભ્યશ્રીઓને ખાસ આ બાબતે અવેર કરીને ધ્યાન દોરવા માગું છું, એને ફી ના પોષાય. એને ગાંધીનગર, સુરત, અને અમદાવાદમાં રહેવા આવવું ના પોષાય, પરંતુ એ પણ આઇ.એ.એસ., આઇ.પી.એસ. બનવા માગે છે. એ પણ સરકારી નોકરીમાં કેપેબલ છે ત્યારે એમના માટે જાહેરાત કરી છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે શનિવાર અને રવિવારે આ ચેનલ દ્વારા આઇ.આઇ.ટી. એમાં નોડલ એજન્સી છે. ધોરણ ૧૨ના ઉચ્ચ તેમજ ટેકનિકલ શિક્ષણ, તબીબી શિક્ષણમાં અભ્યાસ કરતા તથા અન્ય યુવાનો મળીને આશરે ૫૦ લાખથી વધારે વિદ્યાર્થીઓ તેમની કારકિર્દી ઘડતર અંગેનું જ્ઞાન તજજ્ઞો દ્વારા વિનામૂલ્યે મેળવી શકશે. આમાં ગુજરાત રાજ્ય પહેલ નંબરે છે, ત્યારે હું રાજ્ય સરકારને અભિનંદન આપું છું. અનેક નિર્ણયો લીધા છે. એક ખોટી વાયકા, માનનીય અધ્યક્ષશ્રી, એક છેલ્લી વાત પ્રાઇવેટ યુનિવર્સિટી માટે કરીશ. સરકારના હાથમાં કાંઇ નથી.

સભાપતિશ્રી : આ ત્રીજી છેલ્લી વાત આવી છે એ છેલ્લી જ રહે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓ અને સૌના નોલેજમાં રહે એટલા માટે પ્રાઇવેટ યુનિવર્સિટીમાં સરકારનો કન્ટ્રોલ નથી આ વાત તદન ખોટી છે. નિયમો બનેલા છે અને ગયા વર્ષે જ કમિટીની રચના થઇ છે. માનનીય મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને દર ત્રણ મહિને કમિટી મળવાની છે. સ્થાનિક અધિકારીઓ પણ એ કમિટીમાં મોનિટરિંગ કરવાના છે, નાણાકીય હિસાબો તપાસવાના છે અને ગેરરીતિ થઇ હોય તો અમદાવાદમાં એક યુનિવર્સિટી સરકાર હસ્તક લઇ પણ લીધી છે. આ વિષય ક્યાં છે? વિરોધ પક્ષને પણ વિનંતી છે કે સરકાર આ બાબતે આગળ વધી રહી છે, ત્યારે માનનીય શ્રી ઋષિકેશભાઇ અને શ્રી પ્રફુલભાઇના ધ્યાનમાં લાવે કે અહીંયા આવું ખોટું થયું છે. પ્રાઇવેટ યુનિવર્સિટી કંઇ પણ ખોટું કરતી હોય કે નિયમની બહાર કરતી હોય તો સરકારશ્રીનું ધ્યાન દોરે. મુખ્યમંત્રીશ્રી ઓપન છે. આ બિલ લઇને આવ્યા છે ત્યારે બિલને હું સમર્થન કરું છું અને આશા રાખું છું કે નવા ફલક ઉપર આપણું રાજ્ય ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સમગ્ર વિશ્વની અંદર પહોંચશે એનો ભરોસો અને વિશ્વાસ છે. ભારત માતા કી જય.

ડો. મહેન્દ્રભાઇ પાડલિયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ આપણા લોકપ્રિય અને દ્દઢ નિર્ણયશક્તિ ધરાવતા મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી શિક્ષણ મંત્રીશ્રી ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયક લઇને આવ્યા છે એ બાબતે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશમાં ૧૫ લાખ શાળાઓ, લગભગ ૧,૧૦૦ જેટલી યુનિવર્સિટીઓ, ૪૫,૦૦૦ કરતાં વધારે કોલેજો અને ખાનગી ઉચ્ચ શિક્ષણ પ્રોવાઇડ કરતી લગભગ ૧,૧૦૦ જેટલી ખાનગી સંસ્થાઓ ઉપલબ્ધ અને અવેલેબલ છે અને શિક્ષણનું કાર્ય કરી રહી છે. આ શૈક્ષણિક સંસ્થામાં સ્કૂલ લેવલે ૯૬ લાખ શિક્ષકો છે. કોલેજો અને ઉચ્ચ શિક્ષણ કક્ષાએ લગભગ ૪ લાખ શિક્ષકો કામ કરે છે. આ શૈક્ષણિક સંસ્થાઓમાં કુલ મળીને લગભગ ૩૮ કરોડ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ૨૮ કરોડ જેટલા વિદ્યાર્થીઓ સ્કૂલમાં અને ૧૦ કરોડ જેટલા વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણ કક્ષાએ અભ્યાસ કરે છે. આપણો દેશ

શિક્ષકો અને વિદ્યાર્થીઓનો દેશ છે. ભારતમાં વિદ્યાર્થીઓના વિશાળ સમૂહને શિક્ષિત અને દિક્ષિત કરવાનું કામ આપણા શિક્ષકો, શિક્ષણવિદો અને સંચાલકો આવી શિક્ષણ સંસ્થાઓનું સંચાલન કરે છે. આ સંસ્થાના સંચાલકોને, શિક્ષકોને હું અભિનંદન આપું છું. એમને નમન કરું છું. શિક્ષક જ સાચો જયોતિર્ધર છે એમ કહીએ તો કાંઇ ખોટું નથી. શિક્ષકો, શૈક્ષણિક સંસ્થાઓ, શિક્ષણવિદો, સંચાલકો સંપૂર્ણ સમર્થન સાથે પોતાના સમર્પણ સાથે સખત મહેનત કરે છે. આપણા દેશના યશસ્વી માનનીય વડાપ્રધાનશ્રી મોદીસાહેબે વર્ષ ૨૦૨૦માં જે નવી શિક્ષણ નીતિની જાહેરાત કરી, ત્યારે વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે નવા ભારતના નિર્માણનો પાયો નવી શિક્ષણ નીતિ નાખશે એમાં કોઇ શંકાને સ્થાન નથી. ન્યૂ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ એ આપણા દેશનું ગ્રોથ એન્જિન બનવાનું છે એમાં કોઇ શંકાને સ્થાન નથી. આટલી બધી શૈક્ષણિક સંસ્થાઓ આપણા દેશમાં શિક્ષણક્ષેત્રે કાર્યરત છે તે છતાંપણ આપણી પાસે આંકડા છે કે લગભગ આપણા દેશના ૭૦ ટકા યુવાનો જેમની ઉંમર ૧૮થી ૨૦ છે એ ઉચ્ચશિક્ષણથી વંચિત રહે છે. આજે આપણા દેશનો જી.ઇ.આર. ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો ૨૭ ટકા આસપાસ છે. ન્યૂ એજ્યુકેશન પોલિસીની અંદર એક લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૩૫ સુધીમાં આપણા દેશનો ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો આપણે ૫૦ ટકા સુધી લઇ જવાનો છે. અત્યારે જે શૈક્ષણિક સંસ્થાઓ આ દેશમાં ઉપલબ્ધ છે, એ શૈક્ષણિક સંસ્થાઓમાં વર્ષ ૨૦૩૫ સુધીમાં જો આપણે ગ્રોસ એનરોલમેન્ટ રશિયો ૫૦ ટકા સુધી લઇ જવો હોય તો આ શૈક્ષણિક સંસ્થાઓ અપૂરતી છે અને આના માટે જ ખાનગી યુનિવર્સિટીઓને મંજૂરી આપવી. અહીંયા માનનીય પૂર્વ શિક્ષણમંત્રીશ્રીએ જે વાત કરી કે આના માટેના સખત નિયમો છે. એનું મોનિટરિંગ થતું હોય છે. નવી ખાનગી યુનિવર્સિટીઓ એ શિક્ષણવિદો, સારા સંચાલકો જે આ ક્ષેત્રના અનુભવી હોય એ દરખાસ્ત લાવે તો સરકાર નકારાત્મક અભિગમ અપનાવે છે, અમને મંજૂરી આપે છે. આ બાબતે એક યુનિવર્સિટીના પૂર્વ અધ્યાપક તરીકે, પૂર્વ કુલપતિ તરીકે હું રાજય સરકારને, શિક્ષણ વિભાગને, શિક્ષણ મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આપણે જાણીએ છીએ. આપણી પાસે સ્ટેટેસ્ટિક છે કે વિશ્વમાં સૌથી વધુ યુવાધન ધરાવતો દેશ આપણો ભારત દેશ છે. આ યુવાધનને કૌશલ્ય શીખવાડવા માટે, એને શિક્ષિત કરવા માટે, એને સારો નાગરિક બને એ માટે આપણી જવાબદારી છે અને વર્ષોથી આપણે જાણીએ છીએ. જયારથી માનનીય વડાપ્રધાનશ્રી તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારથી માંડીને આજસુધી આપણે એમના નેતૃત્વની અંદર શિક્ષણક્ષેત્રે અભૂતપૂર્વ વિકાસ થતો જોયો છે. વર્ષ ૨૦૦૩માં શાળા પ્રવેશોત્સવથી લઇને, ગુણોત્સવથી લઇને તમામ ક્ષેત્રે શિક્ષણને જે અગ્રિમતા આપવામાં આવી છે અને તેના આધારે ડ્રોપઆઉટ રેશિયો ઓલમોસ્ટ નીલ જેવો થઇ ગયો છે. તે સંજોગોની અંદર વધુમાં વધુ શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત થાય અને આપણા યુવા વિદ્યાર્થીને એડમિશન માટે કયાંય મૂંઝાવું ન પડે તેના માટે આજે જે ખાનગી યુનિવર્સિટીનું વિધેયક રજૂ થયું છે તેને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા દેશમાં અને આપણા ગુજરાત રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે ખાનગી યુનિવર્સિટીઓ જે યોગદાન આપી રહી છે તેને એક અગત્યના ઘટક તરીકે આપણે જોઇ રહ્યા છીએ. આ ખાનગી યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓને વિવિધ વિકલ્પો પૂરા પાડે છે. મને બરાબર યાદ છે કે, સન ૨૦૧૦માં આપ જયારે શિક્ષણ વિભાગ સંભાળતા હતા ત્યારે આપણે ચોઇસ બેઇઝ્ડ ક્રેડિટ સિસ્ટમને ઇન્ટ્રોડ્યુસ કરી, આ ચોઇસ બેઇઝ્ડ ક્રેડિટ સિસ્ટમની અંદર આપણા વિદ્યાર્થીઓને વધુ ચોઇસ આપવાનો પ્રયાસ કર્યો. કેટલીક જાહેર યુનિવર્સિટીઓની મર્યાદાઓને કારણે આપણે વધારે ચોઇસ આપી શક્યા નહીં. આ ખાનગી યુનિવર્સિટીઓ આ પ્રકારે વધારે વિકલ્પો વિદ્યાર્થીને મળે તેના માટે તેની પાસે પૂરતા સંશાધનો હોય છે અને તે દ્દષ્ટિથી આપણે તેને મંજૂરી આપતા હોઇએ છીએ. ખાનગી યુનિવર્સિટીઓ જે અભ્યાસક્રમો, કાર્યક્રમો, તાલીમની વિશાળ શ્રેણીની ઓફર કરે છે અને શિક્ષણક્ષેત્રે નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ડેટા સાયન્સ, રોબોટિક્સ જેવા ઉભરતા ક્ષેત્રોમાં ખાનગી યુનિવર્સિટીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવાની સારી તકો રીતે પૂરી પાડે છે. જાહેર યુનિવર્સિટીઓમાં ઘણી વખત કોર્સ ઓફરિંગના સંદર્ભમાં કેટલીક મર્યાદાઓ હોય છે. ખાનગી યુનિવર્સિટી પાસે વધારે નાણાકીય સંશાધનો હોય છે. વિદ્યાર્થીઓને સારું ઇન્ફ્રાસ્ટ્રકચર, આધુનિક લેબૉરેટરીઝ, સુસજ્જ લાઇબ્રેરી, આધુનિક વર્ગખંડો ઓફર કરી શકે છે. ખાનગી યુનિવર્સિટીઓ ઉદ્યોગો અને વ્યવસાયો સાથે સરળતાથી સહયોગ સાધી શકે છે. તેનો લાભ વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ અને જોબ પ્લેસમેન્ટના સંદર્ભમાં સારી રીતે મળી શકે છે અને સારી રીતે પ્લેસમેન્ટની તકો આપી શકે છે. ખાનગી યુનિવર્સિટીઓમાં ઇનોવેશન અને રિસર્ચના પ્રમોશન માટે સારી સુવિધાને કારણે વિદ્યાર્થીઓ અદ્યતન સંશોધનોમાં જોડાઇ શકે છે. દેશમાં નવી ટેકનોલોજી, નવા ઉત્પાદન તેમજ નવીન સેવાઓનું નિર્માણ થઇ શકે છે. વાસ્તવિક દુનિયાની સમસ્યાઓને ઉકેલવા માટે ઉચ્ચ શિક્ષણનું મહત્ત્વ ઘણું છે. અહીંયાં જે ચાર નવી યુનિવર્સિટીની મંજૂરી માટેની દરખાસ્ત મૂકવામાં આવી છે તેમાં જ્ઞાનમંજરી ઇનોવેટીવ યુનિવર્સિટી ભાવનગર અને રોફેલ ફાઉન્ડેશન દ્રારા સ્થાપિત રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીની મંજૂરી માટે મારું સમર્થન આપું છું. નવી જે સૂચિત યુનિવર્સિટીઓ બની રહી છે તેના સારા ભવિષ્ય માટે મારી શુભકામનાઓ પાઠવું છું. ધન્યવાદ.

શ્રી હર્ષદકુમાર ર. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૩ વિધેયક ક્રમાંક-૧૯ સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે આ સભાગૃહની અંદર હું મારું સમર્થન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

તા. ૨૯મી માર્ચ, ૨૦૨૩

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા ) વિધેયક, ૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના દૂરંદેશિતા ધરાવતા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર તે ગુજરાતના યુવાનોની ૨૧મી સદીની જરૂરિયાતોને સારી રીતે જાણે છે. જ્યારે સમગ્ર વિશ્વમાં આપણે ૨૧મી સદીને જ્ઞાનની સદી ગણાવી રહ્યા છીએ એમાં ભારતના યુવાનો સવિશેષ ગુજરાતના યુવાનો માટે પૂરતી તકો ઉપલબ્ધ કરવા માટેનો અભિગમ આ વિધેયક દ્વારા લાવવાનો નમ્ર પ્રયાસ થઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં પણ ક્રાંતિકારી ફેરફારો લાવવામાં આવે, વિક્સિત દેશોએ પણ છેલ્લા પાંચ સાત દાયકામાં આ પ્રકારનાં પગલાં લીધેલ છે. એક બાજુ ઉદ્યોગો એમ કહે છે કે, સ્કિલવાળા યુવાનો અને નોલેજેબલ માણસો ઉપલબ્ધ નથી અને બીજી બાજુ યુવાનો એમ કહે છે કે, એમને નોકરી મળતી નથી ત્યારે આ બંને વચ્ચેની ગેપ પુરવાનો પ્રયાસ આ બિલ દ્વારા પૂર્ણ કરવામાં આવી રહ્યો છે. વાલીઓ આજે એટલા જાગૃત બન્યા છે કે એમની પોતાની ખરીદ શક્તિ વધી છે એને કારણે એ પોતાના સંતાનોના ભવિષ્ય માટે જરૂરી ખર્ચ હોય તે કરવા માટે ઉચ્ચ શિક્ષણમાં બાળકોને સમૃદ્ધિકરણ અને સશક્તિકરણ કરવાની દિશામાં જાગૃત બન્યા છે, ત્યારે રાજય સરકાર દ્વારા સન્માનનીય ગૃહ સમક્ષ આ બિલ લાવવામાં આવી રહ્યું છે તે અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવશ્યકતા એ આવિષ્કારની જનની છે, એ નાતે માનનીય નરેન્દ્રભાઇએ જ્યારે ગુજરાત રાજયની શાસનની ધૂરા સંભાળી ત્યારે એમણે ત્રણ ક્ષેત્રો ઇરિગેશન, એજ્યુકેશન અને ઇલેક્ટ્રિસિટી આ ત્રણે ક્ષેત્રનો વિકાસ કરવા માટેનો જે સંકલ્પ કરેલો એના ભાગરૂપે ગુજરાતમાં ભૂતકાળમાં શિક્ષણની સ્થિતિ પિરામિડ આકારે હતી એ વર્તમાનમાં સિલિન્ડર આકારે થઇ એટલે પ્રાથમિક, ઉચ્ચતર માધ્યમિક અને એથી ઉચ્ચ શિક્ષણની અંદર શૈક્ષણિક સંસ્થાઓની આવશ્યકતા ઊભી થયેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માટે રાજ્ય-દેશની બહાર જવું ન પડે અને ગુજરાતના મોટા ભાગના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મળી રહે તે માટે નમ્ર પ્રયાસ આ યુનિવર્સિટીની સ્થાપના દ્વારા થઇ રહ્યો છે. માનનીય મંત્રીશ્રી દ્વારા કહેવામાં આવ્યું કે, વર્તમાનમાં ૧૦૩ જેટલી યુનિવર્સિટીઓ છે. હું ગૌરવ સાથે કહી શકું છું કે આ ૧૦૩ પૈકી ૬૦ યુનિવર્સિટીઓ એ ખાનગી યુનિવર્સિટીઓ છે અને જે સારી રીતે ગુજરાતના વિદ્યાર્થીઓના શિક્ષણની ચિંતા કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જિતુભાઇ દ્વારા કહેવામાં આવ્યું અને માનનીય મહેન્દ્રભાઇએ પણ કહ્યું કે લાખો વિદ્યાર્થીઓ જ્યારે આ યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરે છે એમાં ખાનગી અને સરકારી બંનેનો આંકડો રજૂ કર્યો ત્યારે હું કહેતા ગૌરવ અનુભવું છું કે વિદેશી વિદ્યાર્થીઓનું શિક્ષણનું પ્રમાણ છે એ ખાનગી યુનિવર્સિટીઓમાં સવિશેષ જોવા મળે છે. ખાનગી યુનિવર્સિટીની સ્થાપના માટેના મુખ્ય ઉદેશ ઉચ્ચ અને વ્યવસાયિક શિક્ષણમાં સૂચનાઓ, શિક્ષણ અને તાલીમ પ્રદાન કરવા અને સંશોધનની નવિનતાની પ્રગતિ અને જ્ઞાનના પ્રચાર પ્રસાર માટે બૌધિક અને નવિન ક્ષમતાઓનું ઉચ્ચસ્તર નિર્માણ કરવાનું હોય છે. ભારતના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી દ્વારા સબકા સાથ સબકા વિકાસ અન્વયે સમગ્ર વિશ્વમાં તમામ વિકસિત દેશોમાં જે સેવાઓ ઉત્પાદન વહીવટમાં પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશીપ અર્થાથ પી.પી.પી. મોડેલ દ્વારા ખાનગી ક્ષેત્રની ભાગીદારી તેનાથી તેઓ વિશ્વમાં શ્રેષ્ઠ પ્રગતિ કરી ચૂક્યા છે. સમાજના નામે ભૂતકાળમાં જે સ્થગિતતા આવી તેને તેમણે સુધારી મીનીમમ ગવર્નમેન્ટ અને મેક્સિમમ ગવર્નન્સનું મોડેલ સ્વીકારી એવિએશન, ટ્રાન્સપોર્ટેશન, ઇલેક્ટ્રિસિટી જેવા અનેક ક્ષેત્રોમાં, ખાનગી ક્ષેત્રોમાં પણ દેશનો વિકાસ કરવાનો પ્રયત્ન કર્યો છે. ખાનગી યુનિવર્સિટીઓ ગુણવત્તાયુક્ત શિક્ષણનું સ્થાન છે, એ તમને સંતુલિત અભ્યાસક્રમ એટલે કે શૈક્ષણિક અભ્યાસેતર કાર્યબદ્ધ વાતાવરણ સંતુલિત સંયોજનની મંજૂરી આપે છે. યુનિવર્સિટીઓ લાયક અને અનુભવી ફેકલ્ટી, લાઇવ પ્રોજેકશન અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા પર ધ્યાન કેન્દ્રીત કરે છે અને વિશ્વ કક્ષાના કરોડોના પેકેજ પ્લેસમેન્ટમાં સ્થાન આપવામાં પણ સક્ષમ કરે છે. ખાનગી યુનિવર્સિટીઓ સામાન્ય રીતે સખત શૈક્ષણિક કાર્યક્રમો માટે જાણીતી છે અને તદન નવા અભ્યાસક્રમ સાથે વધુ શીખવા પર ભાર મૂકે છે. તેઓ સમગ્ર વિશ્વમાં વધુ શિસ્તબદ્ધ છે અને સમય વ્યવસ્થાપનને મહત્ત્વ આપે છે. ખાનગી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવાની વિવિધ તકો અને કેમ્પસ સંસ્થાઓમાં સામેલ થવાની તકો પણ વિશેષ મળે છે. તેઓ વિદ્યાર્થીઓને વિનિમય કાર્યક્રમો, વિદેશી દેશમાં ઇન્ટર્નશીપ વગેરે પ્રદાન કરે છે અને વિદેશી યુનિવર્સિટીઓ સાથે સહયોગી શૈક્ષણિક વિશ્વ પ્રખ્યાત માળખું બનાવવાનો પ્રયત્ન કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી યુનિવર્સિટીઓ ગુણવત્તાયુકત ઇન્ફ્રાસ્ટ્રકચર, પહેલ, ટીમ-વર્ક, ઇનોવેશન વિગેરે ઉદ્દેશ દ્વારા તેમાં ભણતા વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ રહેતી હોય છે. ગુજરાત રાજયમાં ખાનગી યુનિવર્સિટીઓની સાથે સાથે સરકારી યુનિવર્સિટીઓની ગુણવત્તામાં પણ ઘણો વધારો જોવા મળેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી યુનિવર્સિટીઓ ખાતે રોબોટિક્સ, કોડિંગ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વગેરે જેવા ભાવિ કૌશલ્યોની તાલીમ પણ આપવામાં આવે છે. ડિજિટલ ગેપને દૂર કરવા તેમજ તકનિકી પ્રગતિ દ્વારા ગુણવત્તાયુકત શિક્ષણ પ્રદાન કરવા માટે NAMO e TAB જેના અંતર્ગત આજદિન સુધી ૯.૪૦ લાખ વિદ્યાર્થીઓને ટેબ્લેટનું વિતરણ કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૦૨-૦૪માં એક પણ સંસ્થા National Assessment & Accreditation Council (NAAC) દ્વારા માન્યતા પ્રાપ્ત નહોતી, જે આજે ગૌરવ લઇ શકાય કે જેની સરખામણીએ વર્ષ ૨૦૨૧-૨૨માં ગુજરાતની ૪૬૭ સંસ્થાઓ અને ૨૨ યુનિવર્સિટીઓ આની અંદર માન્યતા પ્રાપ્ત કરવામાં એક સારું પ્રદાન કરી ચૂકી છે.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા ) વિધેયક, ૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ રેન્કિંગ ફ્રેમવર્ક અર્થાત (NRIF)માં વર્ષ-૨૦૨૨માં રાજ્યની કુલ-૬૧ સંસ્થાઓએ ભાગ લીધેલ હતો, જેમાંથી ૨૬ યુનિવર્સિટી અને ૩૫ કોલેજોનો સમાવેશ થાય છે, જેમાં કુલ-૨૫ જેટલી સંસ્થાઓ અલગ અલગ કેટેગરીમાં ટોપ સ્થાનમાં આવેલ છે. પાંચ પૈકી એક યુનિવર્સિટી મહાવીર એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા કે.એન.યુનિવર્સિટી જેની અહીંયા પણ મંજૂરી પ્રાપ્ત થયેલી છે. આ યુનિવર્સિટી દ્વારા કુલ મળીને નવા ૨૧ અભ્યાસક્રમોનું આયોજન છે અને આ યુનિવર્સિટી જોડે ઇન્ફ્રાસ્ટ્રકચરના ડેવલપમેન્ટ માટે ૫ એકરથી વધુ જમીન છે. સાથે સાથે રૂપિયા ૩ કરોડથી વધુ કોર્પસ ફંડ પણ ઉપલબ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્ઞાનના સીમાડાઓને વિસ્તારની આ નીતિ છે. માનવ મૂડી નિર્માણ કરવાનો ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો સંકલ્પ અને સ્વપ્ન છે. ગુજરાત વિધાનસભામાં આ સંકલ્પને સફળ કરવાની દિશા ખાનગી યુનિવર્સિટીના વિધેયકનું હું સમર્થન કરું છું. ઉચ્ચ શિક્ષણનો તબક્કો છાત્ર, છાત્રાઓના જીવનમાં પરિવર્તનો ગણાય છે. આ તબક્કા દરમિયાન છાત્રાઓમાં સાંસ્કૃતિક, આધ્યાત્મિક, સામાજિક અને આર્થિક પાસાઓના વિકાસ થકી જીવનની દૃષ્ટિ સ્પષ્ટ દિશા નક્કી કરવા માટે જ્ઞાનની દિશાઓ ખોલવા રાજ્ય સરકારના આ પ્રયાસો સફળ થાય એવી અપેક્ષા વ્યકત કરું છું. છાત્ર-છાત્રાઓને સભાગૃહના માધ્યમથી ઘર, પરિવાર, રાજ્ય અને રાષ્ટ્રની કેળવાયેલી તાલીમ પામે અને શિક્ષિત માનવમૂડી બનવા માટેનું આહવાન કરું છું. સાથે સાથે માનનીય શિક્ષણમંત્રીશ્રી દ્વારા આ વિધેયક લાવવામાં આવ્યું છે તેનુ હું સમર્થન કરું છું.

**માનનીય સભાપતિશ્રીની ટકોર**

**સભાગૃહમાં વાંચીને પ્રવચન ન કરવા અંગે**

સભાપતિશ્રી : હું માનનીય બીજા સભ્યશ્રીઓને બોલવાનું કહું એ પહેલાં જેટલા પણ નવા ધારાસભ્યશ્રીઓ ચૂંટાયેલા છે અને ગૃહમાં વાંચીને બોલે છે. વિધાનસભામાં ધારાસભ્યોએ વાંચીને બોલવાનું હોતું નથી પરંતુ પહેલું સત્ર છે, નવા લોકો છે એટલે તેની છૂટછાટ આપવામાં આવે છે. આના માટેનો પોઇન્ટ ઓફ ઓર્ડર પણ ઉઠાવી શકાય અને તમે માત્ર વાંચેલુ બોલો તો એ સભાગૃહમાં સ્વીકારવામાં આવતું નથી. એટલે હવે પછીના સત્રમાં માનનીય ધારાસભ્યશ્રીઓ તૈયાર થઇને આવે. એમાં આંકડાકીય માહિતી હોય, અન્ય હોય, તે હોય એમાં માનનીય મંત્રીશ્રીઓને ઘણી બધી છૂટછાટ આપેલી હોય છે. પરંતુ મંત્રીશ્રીઓ પણ પહેલેથી છેલ્લાં પાના સુધી વાંચે, એમાં પણ અંદાજપત્ર હોય કે બીજી અન્ય અગત્યની બાબત હોય તેમાં ગણતા નથી, પણ મંત્રીશ્રીઓ પણ મુદ્દાઓ લખી અને મુદ્દાઓ જોઇને પોતાનું વક્તવ્ય મોઢે બોલે એવી આગામી સત્ર માટે આપ સર્વેને વિનંતી છે.

શ્રી અમિત શાહ(એલીસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રી ખાનગી યુનિવર્સિટીનું જે બિલ લઇને આવ્યા છે એના પર મારે બોલવાનું છે. મારી આગળ ધુરંધર એવા પૂર્વ શિક્ષણમંત્રીશ્રી જિતુભાઇ, યુનિવર્સિટીના કુલપતિ શિક્ષણવિદ શ્રી હર્ષદભાઇ બોલી ચૂક્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી યુનિવર્સિટીની વાત કરું તો જ્યારે હું ગ્રેજ્યુએટ થયો ત્યારે old SSC પાસ કરીએ એટલે સુખી ઘરના છોકરા કે જેને અમદાવાદમાં કે ગુજરાતમાં એડમિશન ના મળે તો એના માતા-પિતાએ પહેલાંથી જ કર્ણાટક, મહારાષ્ટ્રમાં પોતાના સોર્સ લગાવી રાખ્યા હોય. પૈસાની તાકાતથી કે બીજી રીતે નજીકના રાજ્યમાં દીકરાઓ ભણવા જતા. આજે મને કહેતાં આનંદ થાય છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા બાદ ગુજરાતમાં અનેક યુનિવર્સિટીઓની સ્થાપના થઇ. ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, રેલવે યુનિવર્સિટી, મેરીટાઇમ યુનિવર્સિટી જેવી યુનિવર્સિટીઓની સ્થાપના થઇ. મને કહેતા ગૌરવ થાય છે કે વર્ષ ૨૦૦૧માં ૨૧ યુનિવર્સિટીઓ હતી આજે ૧૦૩ યુનિવર્સિટીઓ છે. ૭૭૫ કૉલેજોની સામે આજે ૩૧૦૦ કૉલેજ છે. એનો અર્થ એ થયો કે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા બાદ ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે ખૂબ મોટું કાઠું કાઢ્યું છે. સરદાર પટેલ ગ્લોબલ યુનિવર્સિટીની વાત કરું તો જે મિત્રો આજે અહીંયા નથી એમના આકાઓ પણ આપણી વિચારધારા સાથે સહમત થયા છે એટલે એમણે અરજી કરી છે. શ્રી સિદ્ધાર્થભાઇ કૉંગ્રેસના આગેવાન છે અને સરદાર પટેલ ગ્લોબલ યુનિવર્સિટીના મૅનેજિંગ ટ્રસ્ટી છે. એમણે અરજી કરી છે એનો અર્થ એ થયો કે આપણે જે કરી રહ્યા છીએ એ બધું બરાબર કરી રહ્યા છીએ. ભારતીય જનતા પાર્ટીની શ્રી નરેન્દ્રભાઇની સરકાર જે પરંપરા મૂકીને ગઇ છે, એ પરંપરા આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇની સરકાર આગળ ચલાવી રહી છે. ગુજરાત શિક્ષણ ક્ષેત્રે કૂદકે ને ભૂસકે વિકાસ કરી રહ્યું છે અને માનનીય શિક્ષણમંત્રી જે ખાનગી યુનિવર્સિટીનું બિલ લઇને આવ્યા છે એને હું મારો ટેકો આપું છું.

શ્રી અમિત ઠાકર(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાનગી યુનિવર્સિટી વિધેયકની ચર્ચામાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમે વર્ષ ૧૯૮૮-૯૧માં સ્ટુડન્ટ લીડરશીપમાં દાખલ થયા હતા. અમારું કામ લોકોને પ્રવેશ અપવવાનું હતું. ક્યાંય કોઇને પ્રવેશ મળતો નહોતો. માતા-પિતા પોતાના બાળકને લઇને એક મહિના સુધી રઝળતા. ટૅક્નિકલ એજ્યુકેશનની વાત કરું તો જો હું અતિશયોક્તિ ના કરતો હોઉં તો ધૂળે, બેંગ્લોર, બેલગાંવ જેવાં શહેરો ગુજરાતના વાલીઓના પૈસાના કારણે સમૃદ્ધ બન્યા. વર્ષો સુધી એવી પ્રણાલી રહી કે ગુજરાતમાં એડમિશન શરૂ થાય એટલે કોઇને કોઇ કોર્ટમાં જતું રહે. ગુજરાતમાં ૨-૩ મહિના માટે એડમિશન રોકાઈ જાય. કર્ણાટક અને મહારાષ્ટ્રની કૉલેજના એડમિશન ભરાઈ જાય પછી

કોર્ટમાંથી અચાનક સ્ટે ઊઠી જાય. ગુજરાતના વિદ્યાર્થીઓનું રેગિંગ અને પૈસા લૂટવાનું જાણે કોઈ મોટું ષડ્યંત્ર ચાલતું હતું. માનનીય નરેન્દ્રભાઈ ગુજરાતમાં આવ્યા ત્યારે તેમણે ગુજરાતનાં બાળકોને પડતી તકલીફોનું વિઝ્યુલાઈઝેશન કરીને તેના ઉપાયો શોધ્યા. હું આ તો વર્ષ ૨૦૦૧ની વાત કરું છું. જ્યારે આજે આપણે ચર્ચા કરીએ છીએ ત્યારે એજ્યુકેશનનું આખું દૃશ્ય બદલાઈ ગયું છે. આજે યંગ જનરેશન તેના ક્લાસ રૂમમાં વર્લ્ડનો અનુભવ કરવા માગે છે, વર્લ્ડને તેનું પ્લે ગ્રાઉન્ડ સમજે છે, વિશ્વને પોતાના નૉલેજના આધાર ઉપર કોંકર કરવા માગે છે. આજની યંગ જનરેશનને એડમિશન જોઈતું નથી, પણ નવી ટ્રેનિંગ અને સપનાં પૂરાં કરવાની તકો જોઈએ છે. જે લોકો માનસિક રીતે હજુ પણ સમાજવાદના ભરડામાં છે તે આજની યંગ જનરેશનને ઓળખી શકતા નથી. આજની યંગ જનરેશન ક્રિએટર, મેન્ટર અને ઈનોવેટર છે. આજની યંગ જનરેશન સ્ટાર્ટ અપની વાત કરે છે. ભારતની યંગ જનરેશને આજે ૧૦૫ જેટલા યુનિકોર્ન વિશ્વની સામે મૂક્યા છે. આ વર્ષે ભારતના સ્ટાર્ટઅપ એક લાખથી નજીક પહોંચવા આવ્યા છે. ગુજરાતનાં બાળકોના ૧૭૭૧ સ્ટાર્ટ અપ છે. વિશ્વની ઇકોનોમી એજ્યુકેશનના આધારે નભતી હોય છે. વર્ષ ૨૦૨૩માં યુ.એસ.ની ઇક્રોનોમીમાં વિદેશથી ૧૦ લાખ ૬૧ હજાર વિદ્યાર્થીઓ બહારથી ભણવા ગયા. ૯૫ બિલિયન ડૉલર એ યુ.એસ.ની એજ્યુકેશન ઇકોનોમીની સાઈઝ છે. યુ.કે. માં ૬ લાખ ૭૯ હજાર વિદેશી વિદ્યાર્થીઓ અને ઓસ્ટ્રેલિયામાં ૬ લાખ ૧૩ હજાર વિદ્યાર્થીઓ ભણવા ગયા. આપણે ત્યાં વિશ્વમાંથી ૫૦ હજાર લોકો ભણવા આવ્યા. ઇકોનીમીમાં પણ એજ્યુકેશનનું પણ એક બહુ મોટું બંચ છે. આ વાસ્તવિકતાને સમજવાની આવશ્યકતા છે. હું આપણી ભારતની પરિસ્થિતિને અવગણવાની વાત કરતો નથી, પરંતુ ખાનગી યુનિવર્સિટી માટે સરકારે ઘણાં બધાં પગલાં લીધાં છે તેની વાત કરું છું. ગુજરાત સરકારે માનનીય ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં લગભગ લાખોની સંખ્યામાં નમો ટેબલેટ અને નમો વાઇ-ફાઇ આપવાનું કામ કર્યું છે. આપણી સંસ્થાઓને એક્રેડિશન આપવાનું કામ કર્યું છે. આજે ૧૦૩ યુનિવર્સિટી થઈ છે. આઇ.સી.આઈ.સી.આઈ. બેંક અને એચ.ડી.એફ.સી. બેંક આવ્યા પછી બેંકિંગ ક્ષેત્રમાં સુધારો આવ્યો અને ૫૫-૫૭ વર્ષના લોકો પણ કૉમ્પ્યૂટર શીખતા થયા. ખાનગી યુનિવર્સિટી આવવાના કારણે ખૂબ મોટા પરિવર્તનો આવી રહ્યા છે. ગુજરાતની બધી યુનિવર્સિટીઓ 'એ' ગ્રેડ લાવવા માટે દિવસ-રાત મહેનત કરી રહી છે. આ પરિવર્તન ગુજરાતના વિદ્યાર્થીઓને તાકાત આપશે. હું તમને કહેવા માગું છું કે, આજે ગુજરાતનો ગ્રોસ રેશિયો ૨૨.૩ ટકા છે એને ૫૦ ટકા સુધી લઇ જવાનો આપણો ઈરાદો છે. આજે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી દેશમાં પાંચમા ક્રમે છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીનું સપનું ગતિશક્તિ યોજના, ગતિશક્તિ રેલવેના આધારે રેલવેનું બેસ્ટ એન્જિનિયર આપતી યુનિવર્સિટી વડોદરામાં એસ્ટાબ્લિશ થઈ. આજે વિશ્વના ફૉરેન્સિકના જેટલા કેસો છે, એ કેસ ગુજરાતની ફૉરેન્સિક યુનિવર્સિટીનો વિદ્યાર્થી સોલ્વ કરતો હશે. આજે અનેક સેક્રેટરિયલ યુનિવર્સિટીઓ ગુજરાતમાં બની છે. જેના કારણે ગુજરાતનું માથું ઊંચું થવા જઈ રહ્યું છે. મારું સ્પષ્ટ માનવું છે કે, એ લોકો આ વાતને અને આ રાજ્યના યુથને સમજતા નથી. આ લડાઇ રિઝન અને વિઝન વચ્ચેની છે. એ લોકો પાસે રિઝન છે કે શા માટે પ્રગતિ નહોતી થતી? અને અમારી પાસે આ દેશના યુથને શું જોઇએ છે એનું વિઝન છે. આ વિઝન ઉપર માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી અને માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર આ દેશ અને રાજ્યના યુવાનોનું ભવિષ્ય ઘડીને જ રહેશે. આ દેશનો યુવાન વિશ્વની આંખમાં આંખ નાંખીને વાત કરે એ દિવસ આપણે આજે જોઇ શકીએ છીએ અને એનું ગૌરવ અનુભવતા રહીશું. આ વિધેયક માટે હું અભિનંદન આપું છું. આવી અનેક યુનિવર્સિટીઓ અને સરકારી યુનિવર્સિટીઓ આ કોમ્પિટિશનમાં ગુણવત્તા સુધારશે એવા પૂર્ણ વિશ્વાસ સાથે મારી વાતને પૂરી કરું છું અને આ ગુણવત્તા સુધરી રહી છે એના માટે હું ગૌરવ અનુભવું છું.

સભાપતિશ્રી : હવે રિસેસનો સમય થયો છે. પૉડિયમ ખાતે માનનીય અધ્યક્ષશ્રી તરફથી જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જમ્યા પછી આપણે વિધાનસભા ગૃહમાં આવીને બાકીની કાર્યવાહી પૂર્ણ કરીશું.

**(વિરામ બપોરના ૧૨.૩૮થી ૧.૫૦ )**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

શ્રી ડી.કે.સ્વામી(જંબુસર) : સર્વ માંગલ માંગલ્યે, શિવે સર્વાર્થ સાધિકે, શરણ્યે ત્ર્યંબકે ગૌરી, નારાયણી નમસ્તુતે, નારાયણી નમસ્તુતે.

માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક ઉપર ચર્ચામાં ભાગ લેવાનો જયારે મને અવસર મળ્યો છે ત્યારે હું આ સદનમાં આપ સૌનો લાગણીસભર આભાર વ્યકત કરું છું. આપણી સંસ્કૃતિ જ્ઞાનની ઉપાસના કરતી સંસ્કૃતિ છે. આપણે ત્યાં વર્ષો પહેલાં ગુરુકુળ પરંપરાની શિક્ષણ પ્રણાલી ચાલતી હતી, ત્યારે આપણે ત્યાં એક સમયે અનેક વિશ્વ વિખ્યાત વિદ્યાપીઠો આવેલી હતી. જેમાં, નાલંદા, તક્ષશિલા, વલભી અને વિક્રમશિલા જેવી અનેક વિદ્યાપીઠો ભારત દેશમાં ભારતીય સંસ્કૃતિનું જતન કરવા માટે વહન કરતી હતી. જયાં હજારો વિદ્યાર્થીઓ અનેક વિદ્યાશાખાનો અભ્યાસ કરતા હતા. આપણે ત્યાં શિક્ષણનો વ્યાપ વધે, અનેક વિદ્યાર્થીઓની શિક્ષણનો લાભ મળે, અનેક વિદ્યાર્થીઓ આગળ વધે તે માટે સરકારી યુનિવર્સિટીઓની સાથે ખાનગી યુનિવર્સિટીઓ સ્થાપવાનો સરકારશ્રીએ જયારે સુંદર અને મજબૂત પ્રયત્ન કર્યો છે ત્યારે હું માનનીય શિક્ષણ મંત્રીશ્રી તેમજ આ સદનને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આવાનારા દિવસોમાં આ ગુજરાતમાં ૫ યુનિવર્સિટીઓને માન્યતા આપવા માટે આ સભાગૃહ વિધેયક લાવી રહ્યું છે. આ સદન દ્વારા જયારે ૫ યુનિવર્સિટીઓને માન્યતા મળવાની છે ત્યારે હું દક્ષિણ ગુજરાતમાં 'રોટરી ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન એન્ડ લર્નિંગ ટ્રસ્ટ'

એટલે કે, 'રોફેલ' જેનું શોર્ટ ફોર્મ આપવામાં આવ્યું છે, એ ટ્રસ્ટ દ્વારા જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાની ઉમદા દીર્ઘદષ્ટિ સાથે જ્ઞાનપીપાંસુઓની ઝંખનાને પહોંચી વળવા તથા કુશળ અને નૈતિક નાગરિકોનું ઘડતર કરવાના ધ્યેય સાથે તેમજ વિદ્યાદાન એ જ મોટું દાનની વિચારસરણી રાખીને, વર્ષ ૧૯૮૯માં વીર નર્મદ શિક્ષણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.એ. અને બી.કોમ.ની કોલેજની સ્થાપનાથી શિક્ષણ ક્ષેત્રે પોતાની યાત્રા શરૂ કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, 'રોટરી ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન એન્ડ લર્નિંગ ટ્રસ્ટ' એટલે કે 'રોફેલ' ટ્રસ્ટ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં, યુવાનોમાં જ્ઞાનનો ફેલાવો કરવા અને ખાસ કરીને કન્યા કેળવણી, સશક્ત રોજગાર અને કારકિર્દીની સેવાઓ પ્રદાન કરવાની દષ્ટી ધરાવતા, 'રોફેલ' ટ્રસ્ટે સમયની સાથો સાથ વર્ષ ૧૯૯૦ના દાયકામાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજની શરૂઆત કરી અને નવા અભ્યાસક્રમો શરૂ કર્યા જેવા કે, બી.બી.એ., એમ.બી.એ., બી.ફામ, એમ.ફામ, બી.સી.એ., એમ.કોમ., એમ.એ. ઈન ઈકોનોમિક્સના આ વિદ્યાદાનની યાત્રા આજે પણ આ સંસ્થા દ્વારા અવિરતપણે ચાલી રહી છે. મને જણાવતાં આનંદ થાય છે કે, હાલના 'રોફેલ' ટ્રસ્ટના પ્રવર્તમાન ચેરમેનશ્રી કે જેઓશ્રી પદ્મભૂષણથી સન્માનિત છે એવા શ્રી રજ્જુભાઇ શ્રોફ છે. તેઓ યુ.પી.એલ. કંપનીના આદ્યસ્થાપક અને વર્તમાન ચેરમેનશ્રી પણ છે. વિવિધતામાં એકતા સૂત્રને સાર્થક કરતા, અલગ અલગ વિસ્તારો જેવા કે ગ્રામ્ય, ઔદ્યોગિક, વિવિધ સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરંપરા ધરાવતા, વિદ્યાર્થીઓ એકતામાં અનેકતાના ભાવથી સિદ્ધ કરતા શિક્ષણનો લાભ લઇ રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, રોફેલ ટ્રસ્ટની અનેક કોલેજો દક્ષિણ ગુજરાતમાં વાપીના વિસ્તારમાં આવેલી છે. જેમાં અનેક પરિવારો માટે અનેક પ્રકારના વરદાનરૂપ જેવી કે અંતરિયાળ ગામડાઓમાંથી આવે છે, તેમને રોફેલ ટ્રસ્ટના આ પ્રયત્નોથી ઘણા પરિવારોમાં પ્રથમ પેઢીને એવી તક છે કે જે વિશ્વ સાથે તાલમેલ સાધી પોતાને તેમજ પોતાના પરિવારને ઉન્નત કરી શકે. રોફેલની આ વિવિધ કોલેજો એ એક સેતુ સમાન છે. જે આજુબાજુમાં આવેલાં અનેક ગામડાઓને જોડે છે અને અહીંના અંતરિયાળ વિદ્યાર્થીઓની જ્ઞાનપિપાંસાને સંતોષે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રોફેલ ટ્રસ્ટ દ્વારા સરકારશ્રીની સ્કોલરશિપ સિવાય આ ટ્રસ્ટ જરૂરિયાતમંદોને, વિદ્યાર્થીઓને તેમજ અનેકવિધ પ્રોગ્રામો દ્વારા આ ટ્રસ્ટ દ્વારા નાણાકીય સહાય પણ પૂરી પાડવામાં આવે છે. જેથી આર્થિક નબળાઇના કારણે કોઇ વિદ્યાર્થીઓનાં સપનાં અધૂરાં ન રહે તે માટે પણ રોફેલ ટ્રસ્ટનો હરહંમેશા પ્રયાસ રહ્યો છે. આ રોફેલ ટ્રસ્ટની તમામ જે સ્વનિર્ભર કોલેજો વાપી વિસ્તારમાં આવેલી છે, એ તમામ કોલેજો આજની તારીખે આઇ.એસ.ઓ. ૯૦૦૦ એટલે કે ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર સ્ટાન્ડર્ડાઇઝેશનના અનેક સર્ટિફિકેટ સાથે આ સંસ્થા પ્રમાણિત અને કાર્યરત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ શૈક્ષણિક સંસ્થા દ્વારા દર વર્ષે અનેક કાર્યક્રમો અનેક ગામોની અંદર જઇ અનેક વિસ્તારોની અંદર જઇ કાર્યરત છે. જેવા કે તિરંગા માર્ચ હોય, રક્તદાન હોય, આઇ કેમ્પ હોય, રસીકરણ કાર્યક્રમ હોય, ગામો દત્તક લેવાના હોય, તેમજ વાપી બજાર વિસ્તારની સફાઇ હોય, તેમજ મતદાન જાગૃતિ જેવા અનેક કાર્યક્રમોની અંદર આ સંસ્થા જોડાઇને દક્ષિણ વિભાગના ખૂબ જ કામ કરીને કાર્યરત રહેલી છે. આ રોફેલ ટ્રસ્ટની બે વિદ્યાર્થીનીઓને ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવતા જે એન.એસ. એવોર્ડ છે, એ પણ આ ટ્રસ્ટને પ્રાપ્ત થયેલ છે. એ બદલ આ ટ્રસ્ટને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાપી નગરપાલિકા ગ્રીન ઈકોનોમી તરફથી જિલ્લા કક્ષાના સ્વચ્છતાના પુરસ્કારો પણ આ રોફેલ ટ્રસ્ટે અનેક સામાજિક સેવાઓ કરીને જીત્યા છે. તેમજ આ વિસ્તારના લોકોના હૃદય પણ જીત્યા છે, ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આઝાદીના અમૃતકાળમાં રાજયની દેખરેખ હેઠળ લોક ભાગીદારીથી ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા સર્વોચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા અનેક શિખરો પ્રાપ્ત કરી રહ્યું છે, ત્યારે હું રજ્જુ ઓફ રોફેલ યુનિવર્સિટીને ખાનગી યુનિવર્સિટી તરીકે માન્યતા આપવાનું માનનીય મંત્રીશ્રીએ જે બિલ રજૂ કર્યું છે, તેને હું સમર્થન કરું છું. ધન્યવાદ આપું છું. સાધુવાદ આપું છું. એટલું કહી મારી વાણીને વિરામ આપું છું. અસ્તુ. ધન્યવાદ. વંદે માતરમ્. ભારત માતાકી જય.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક-૨૦૨૩ ક્રમાંક-૧૬ લઇને આવ્યા છે, તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજયના વિકાસ માટે શિક્ષણ ખૂબ જ મહત્ત્વનો ભાગ હોય છે. શિક્ષણ એ સેવાનું માધ્યમ છે. જ્ઞાનનું માધ્યમ છે. પ્રાચીન કાળથી જ આપણા ગુજરાતમાં વલભી યુનિવર્સિટી વલ્લભીપુર ખાતે આવેલી હતી. વિશ્વનાં અનેક દેશોનાં બાળકો આ વલભી યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા માટે આવતા હતા. આયુર્વેદ, જયોતિષશાસ્ત્ર સહિત અનેક વિષયો આ યુનિવર્સિટીમાં ભણાવવામાં આવતા હતા. આજે ઘણુબધુ દુઃખ સાથે કહેવું પડે છે કે આ જ્ઞાનની જે જ્યોત છે. શિક્ષણનું ગુજરાતમાં વ્યાપારીકરણ થઇ રહ્યું છે. બાલ મંદિરથી લઇને પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા અને હવે તો પ્રાઇવેટ યુનિવર્સિટી પણ બિલાડીના ટોપ માફક મંજૂરી આપવામાં આવી રહી છે. આજે ગુજરાતમાં સરકારી યુનિવર્સિટી કરતાં પ્રાઇવેટ યુનિવર્સિટીની સંખ્યા અનેકગણી વધારે થઇ ગઇ છે. આજે અંદાજે ૬૦ કરતાં પણ વધારે ખાનગી યુનિવર્સિટી ચોક્કસ સમાજના સંચાલકોને આપી દેવામાં આવી છે. જેના પરિણામે પછાત સમાજનાં બાળકો ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી જાય છે. પ્રાઇવેટ યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સીધેસીધી અસર કરે છે. આજે પ્રાઇવેટ કોલેજ, પ્રાઇવેટ યુનિવર્સિટીઓમાં ખૂબ ઊંચી ફી વસૂલ કરવામાં આવી રહી છે. ગુજરાતના મધ્યમવર્ગ અને ગરીબવર્ગનાં બાળકો માટે ઉચ્ચ શિક્ષણ મેળવવું ખૂબ મુશ્કેલ બનતું જાય છે. આથી પ્રાઇવેટ યુનિવર્સિટી શોપિંગ સેન્ટરોની માફક જેમ વસ્તુઓ મળે તેમ ડિગ્રીઓનું વેચાણ કરી રહી છે. ગુજરાતનો શ્રીમંત વર્ગ પોતાનાં બાળકો માટે પ્રાઇવેટ યુનિવર્સિટીમાંથી ડિગ્રી વેચાતી લઇ લે

અને ગરીબ અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસથી વંચિત રહી જાય છે. જેના પરિણામે આજે ગુજરાતમાં ગરીબ અને મધ્યમવર્ગનાં બાળકો સરકારી નોકરીથી વંચિત રહી જતા હોય તેમ જણાઇ રહ્યું છે. ગુજરાતની મોટા ભાગની પ્રાઇવેટ યુનિવર્સિટીને મંજૂરી આપવા માટે મસમોટી લાંચ લેવામાં આવી રહી છે. જેના પરિણામે આજે પ્રાઇવેટ યુનિવર્સિટીઓ પોતાનો નફો વધારવા માટે વિવિધ વિષયોની ડિગ્રીઓનું વેચાણ કરે છે. સાથોસાથ વિદ્યાર્થીઓ પાસેથી મસમોટી ફી વસૂલ કરે છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, એક તો આપ વાંચીને નહીં બોલી શકો અને બીજું અહીં જે વાત કરો તેના માટે પૂરાવા રજૂ કરવા પડશે. બહાર ભાષણ આપી શકાશે. અહીં તમારી પાસે આધાર હોય તેના ઉપર જ વાત કરી શકશો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આવી પ્રાઇવેટ યુનિવર્સિટી ઉપર સરકારનો અંકુશ રહેતો ન હોવાના કારણે મોટા ભાગની પ્રાઇવેટ કોલેજો, યુનિવર્સિટીઓમાં ગરીબ અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓનું સંચાલકો દ્વારા શારીરિક શોષણ પણ થઇ રહ્યું છે. ભૂતકાળમાં પારૂલ યુનિવર્સિટીમાં આવા અનેક કિસ્સા જોવા મળ્યા હતા. માનનીય અધ્યક્ષશ્રી, હજુ વધુ પ્રાઇવેટ યુનિવર્સિટીને જો માન્યતા આપવામાં આવશે તો પછાત અને ગરીબ સમાજનાં બાળકોને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવામાં ખૂબ મુશ્કેલી પડશે અને સાથોસાથ ગુજરાતમાં શિક્ષણના વ્યાપરીકરણને પ્રોત્સાહન મળી રહે છે એટલે જો આપણે ગુજરાતમાં યુનિવર્સિટીની સ્થાપના કરવી હોય તો ગુજરાતમાં દરેક જિલ્લામાં આપણે શા માટે સરકારી યુનિવર્સિટીની સ્થાપના ન કરવી? મારો બોટાદ જિલ્લો નવરચિત બન્યો તેને પણ ઘણો સમય થઇ ગયો છે. આજ સુધીમાં એક પણ સરકારી યુનિવર્સિટી નથી એટલે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પણ એ વિનંતી કરું છું કે ગુજરાતના દરેક જિલ્લામાં સરકારી યુનિવર્સિટી સ્થાપે અને મારા બોટાદ જિલ્લામાં પણ સરકારી યુનિવર્સિટી સ્થાપના કરે. આભાર.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસીનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રફુલભાઇ જે ખાનગી યુનિવર્સિટીનું સુધારા વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારી વાત રજૂ કરું છું અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના વડાપ્રધાન જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે શિક્ષણ ઉપર ખૂબ જ ભાર મૂક્યો. કહ્યું છે કે ‘ તમસો મા જ્યોતિર્ગમય ’આ દેશ અને દુનિયાના દ્વાર ખોલવા હોય તો શિક્ષણ સિવાય કોઇ બાબત નથી અને એટલા માટે માણસને પૂર્ણ માણસ બનાવી સર્વાંગી વિકાસ કરવો હોય તેના માટે શિક્ષણ છે. દીર્ઘદૃષ્ટિવાળા આપણા વડાપ્રધાન વર્ષ ૨૦૦૯માં આ અધિનિયમ લાવ્યા હતા. આજે મંત્રીશ્રી વર્ષ ૨૦૨૩માં વિધેયક ક્રમાંક-૧૬ લઇને આવ્યા છે, ત્યારે આપણે જોઇશું તો પહેલાં આપણા રાજયમાં ફક્ત ત્રણ જ યુનિવર્સિટી હતી અને આજે ૧૦૩ જેટલી યુનિવર્સિટી ગુજરાતમાં થઇ છે. આપણાં બાળકોને, વિદ્યાર્થી ભાઇ બહેનોને ભણવા માટે બહાર બીજાં રાજ્યમાં જવું પડતું અને આપણો પૈસો અને શક્તિ વેડફાતી હતી તેને દૂર કરવા મોદી સાહેબે શિક્ષણ ઉપર ભાર મૂક્યો અને વર્ષ ૨૦૨૦માં નવી શિક્ષણ નીતિ લાવ્યા. ખાનગી યુનિવર્સિટીનું આ વિધેયક છે ત્યારે આખા ગુજરાતની અંદર અત્યારે ૫૪ જેટલી ખાનગી યુનિવર્સિટીઓ છે અને અન્ય સરકારી થઇને ૧૦૩ થાય છે, ત્યારે આ જે નવી ૫ યુનિવર્સિટી આકાર લઇ રહી છે, ત્યારે સમિતિ સમક્ષ એની રજૂઆત જશે, એનું ઇન્ફ્રાસ્ટ્રકચર જોઇશે, એની સગવડો જોઇશે, આ બધું જોઇને ચોકકસ આપણા મુખ્યમંત્રીશ્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, આપણા આદરણીય શ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબ શિક્ષણમંત્રીશ્રી અને આપણા શ્રી પ્રફુલભાઇ અને આપણા શ્રી ડિંડોર સાહેબે શિક્ષણનો હવાલો સંભાળ્યો છે. આપણું ગુજરાત શૈક્ષણિક દૃષ્ટિએ મજબૂત બને અને આપણાં બાળકો સ્વાવલંબી બને એટલા માટે માનનીય મોદીસાહેબે સ્ટાર્ટઅપની વાત કરી છે, પણ આ રીતે આપણે જોઇશું તો ગુજરાતની અંદર શિક્ષણ મજબૂત બનતું જાય છે અને બાળકો ખૂબ જાગૃત છે, એમને ભણવું છે અને ભણવા માટે બહાર જવું પડતું, જે સુખી સંપન્ન હોય એ વિદેશ જઇ શકતા, પણ જે ગામડાના સામાન્ય ગરીબ માણસો એમની પાસે બુદ્ધિ છે અને બહાર ના જઇ શકે એના માટે થઇ પછી સરકારી કોલેજમાં એડમિશનની તકલીફ થાય એવા સમયે એ આ ખાનગી યુનિવર્સિટીનો લાભ લઇ શકે એટલા માટે હું વાત કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર ગુજરાતમાં ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ની કલમ-૧૦ની જોગવાઇ અનુસાર આ અધિનિયમ હેઠળ રાજયની અંદર પાંચ જેટલા જે ટ્રસ્ટો છે એમાં યુનિવર્સિટી શરૂ કરવાના છે. અહીંયા શિક્ષણ નીતિ મુજબ યુવાનોને રોજગારી મળે એટલા માટે થઇને એ અભિગમથી શિક્ષણ આપવામાં આવી રહ્યું છે, ત્યારે જરૂરિયાત મુજબ ગુજરાતમાં નવી જે પાંચ ખાનગી યુનિવર્સિટીઓ થઇ રહી છે એનો લાભ ચોક્કસ આપણા યુવાનોને મળવાનો છે. અહીંયા એના માટેની આ નવી દરખાસ્ત થઇ રહી છે ત્યારે શૈક્ષણિક મંડળોએ ખાનગી યુનિવર્સિટીના લક્ષ્યાંક અને શરતો, નિયમોનું પાલન પણ કર્યું છે, ત્યારે એવા સમયે રાજયના મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીશ્રીઓ જેને મંજૂરી આપનાર છે, એ પાંચ યુનિવર્સિટી આપણે જોઇશું તો સરદાર એજ્યુકેશન ટ્રસ્ટ-અમદાવાદ પહેલી છે. જ્ઞાનમુદ્રા એજ્યુકેશન ફાઉન્ડેશન-ભાવનગર બીજું છે. સિગ્મા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી-વડોદરા ત્રીજી છે. રોટરી ફાઉન્ડેશન એજયુકેશન ટ્રસ્ટ-વલસાડ ચોથી છે અને મહાવીર એજયુકેશન ટ્રસ્ટ-અમદાવાદ પાંચમી છે. આ રીતે ખાનગી યુનિવર્સિટીઓએ ગુજરાતમાં એ બધા જ શરતોનું પાલન કર્યું છે, નિયમોનું પાલન કર્યું છે અને પૂરું ઇન્ફ્રાસ્ટ્રકચર ધરાવે છે ત્યારે આપણી સરકાર એટલે કે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર અને આપણા શિક્ષણમંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ, આપણા શ્રી ડીંડોર સાહેબ અને આપણા શ્રી પ્રફુલભાઇએ યુનિવર્સિટીને આ રીતે મંજૂરીની મહોર મારશે. આ રીતે ગુજરાતની અંદર આ શિક્ષણ ક્ષેત્રે પહેલાં ગામડામાં જોઇએ તો શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓ એ વિસ્તાર પ્રમાણે હોય, દક્ષિણ ગુજરાતમાં વલસાડ, અમદાવાદની અંદર અને ત્યાર પછી જોઇશું

તો સરકારી ગોધરા ખાતે ગોવિંદગુરુ યુનિવર્સિટી પણ થઇ એ રીતે સમયાંતરે જેમ માંગ થાય એ પ્રમાણે આ વિસ્તારની અંદર શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ સગવડો થઇ રહી છે અને આજે કોમ્પ્યુટર અને ટેકનોલોજીના સમયમાં બાળકો ખૂબ ભણી રહ્યાં છે. વિદેશ કે બહાર જવાની જરૂર રહેતી નથી અને ગુજરાતમાં પૂરેપૂરી સગવડો શિક્ષણ માટે થવાની છે એટલે આ રીતે જે આપણા શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરિયા જે વિધેયક લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું.

શ્રી કમલેશભાઇ ર. પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સને ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૬-ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક લઇને આવ્યા છે ત્યારે હું તેમના સમર્થનમાં મારો પક્ષ રજૂ કરી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું એ સરકારની ફરજ છે અને ગુજરાત અને ભારતના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે, ઉચ્ચ શિક્ષણ મળી રહે એની નેમ સાથે આદરણીય વડાપ્રધાનશ્રી અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર અવિરત પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે આપના માધ્યમથી હું જણાવવા માગું છું કે, હું જે વિસ્તારમાંથી પ્રતિનિધિત્વ કરું છું એ વિસ્તારમાં શિક્ષણ જગત અને શિક્ષણની સાર્વત્રિક ચિંતા કરવા માટે આદરણીય સરદાર સાહેબે પૂજ્ય ભાઇકાકાને બાગડોર સોંપી અને અમારું આણંદ વિદ્યાનગર પછી બન્યું પણ બાકરોલ, માતર, આણંદ, કરમસદ આ ચાર ગામના ખેડૂતોએ શિક્ષણની જ્યોત જગાવવા માટે પોતાની અમૂલ્ય જમીનો દાન આપી અને સર્વ પ્રથમ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયની શરૂઆત વલ્લભવિદ્યાનગરથી થઇ અને ત્યારબાદ શ્રી વિઠ્ઠલભાઇ પટેલ સાયન્સ કોલેજ આદરણીય સરદાર સાહેબના કરકમલથી શરૂ થઇ.

માનનીય અધ્યક્ષશ્રી, આ શિક્ષણ યાત્રાને ઉચ્ચ શિખરો સુધી પહોંચાડવાનું ધ્યેય જ્યારે આપણા પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી અને ઉચ્ચ શિક્ષણ મંત્રી આગળ ધપાવી રહ્યા છે ત્યારે ૧૦૮ ખાનગી યુનિવર્સિટીઓ હાલમાં ગુજરાતમાં છે. આ ૧૦૮ યુનિવર્સિટીઓ ગુજરાતના ભવિષ્યને આગળ વધારવાનું કામ કરી રહી છે ત્યારે ભૂતકાળમાં આપણે જોયું છે કે ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણની સવલતો ન હતી. સને ૧૯૮૦-૯૦ અને સને ૧૯૯૦-૨૦૦૦ સુધીના ૨૦ વર્ષના બે દાયકામાં આપણું યુવાધન ગુજરાતની બહાર ઉચ્ચ શિક્ષણ માટે જતું. એમાં દીકરીઓ માટે તો ઉચ્ચ શિક્ષણ એક સ્વપ્ન હતું. એ સ્વપ્નને સાકાર કરવાનું કામ સને ૨૦૦૧માં ગુજરાતની બાગડોર આજના વડાપ્રધાનશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જ્યારે સંભાળી, ત્યારે સૌ પ્રથમ ગુજરાતમાં પ્રાઇવેટ યુનિવર્સિટી નિરમા યુનિવર્સિટીનું મંડાણ થયું અને નિરમા યુનિવર્સિટીની શરૂઆતથી લઇ આજે નવી ૫ ખાનગી યુનિવર્સિટીઓની આપણે ગુજરાતના શિક્ષણ જગતને ભેટ આપવા જઇ રહ્યા છીએ. ગુજરાતનું શિક્ષણ જગત આજે વિશ્વ સાથે તાલ મિલાવી રહ્યું છે. મારા વિસ્તારમાં આવેલી ચારુસેટ યુનિવર્સિટી, હમણાં એક સભ્ય ગૃહમાં બોલ્યા ત્યારે વંચિતો અને ગરીબોની ચિંતા કરતી ચારુસેટ યુનિવર્સિટી હોય, મારા વિસ્તારમાં આવેલી સિલ્વર યુનિવર્સિટી હોય, સરદાર પટેલ યુનિવર્સિટી હોય કે ગુજરાતની ૧૦૮ યુનિવર્સિટીઓ હોય, લાયકાતના ધોરણે બધાને પ્રવેશ આપે છે અને બધા જ વર્ગો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે છે. એ પ્રાઇવેટ યુનિવર્સિટીના પ્રતાપે સંભવ બની રહ્યું છે. ગુજરાતની ચારૂસેટ યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી, પારૂલ યુનિવર્સિટી એ ભારતની એ-પ્લસ ગ્રેડ મેળવનારી યુનિવર્સિટીઓ છે. આ યુનિવર્સિટીઓ ભારત અને ગુજરાતના ધ્યેયને આગળ ધપાવી રહી છે. વર્ષ ૨૦૨૦ની નવી શિક્ષણ નીતિ માટે આ બધી જ ૧૦૮ નવી શિક્ષણ નીતિની જ્યોત જગાવનારા કેન્દ્રો અને રિસર્ચ સેન્ટરો બનવા જઇ રહ્યાં છે ત્યારે આ બિલ લાવનાર આદરણીય શ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબ, આદરણીય રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રીશ્રી પાનસરિયા સાહેબ આ પાંચ યુનિવર્સિટીનું બિલ લાવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને મારી વાત મૂકું છું અને હું તો આગળ કહેવા માગું છું કે, ગુજરાત સરકારે ટેકનોલોજી યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, રેલવે યુનિવર્સિટી બનાવી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને જણાવવાનું કે, ગુજરાત મેડિકલ ક્ષેત્રે હબ બને એટલે ગુજરાતમાં મેડિકલ યુનિવર્સિટીની સ્થાપના થાય એવી મારી વિનંતી છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) બિલ લાવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો મારા ત્રણ મંત્રીશ્રીઓને અને ભારતીય જનતા પાર્ટીની સરકારે આ ઉત્તમ કામ કર્યું છે એને હું આવકારું છું અને આ પાંચ યુનિવર્સિટીના બિલને મારું સમર્થન આપું છું. સાથેસાથે એક વાત કહેવા માગું છું કે, પ્રોફેસરને કોઇએ પૂછ્યું કે તમે શું કરો છો? એટલે પ્રોફેસરે સરસ જવાબ આપ્યો કે, કોલેજમાં હીરા ઘસું છું. એટલે કહેવાનો મતલબ એ છે કે એ પ્રોફેસરે કોલેજના વિદ્યાર્થીઓને સારી રીતે શિક્ષણ આપતું કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં કર્યું છે અને યુનિવર્સિટીઓની સ્થાપના કર્યા બાદ શિક્ષણનો વ્યાપ વધ્યો હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં વધ્યો છે. ઘણા બધા મિત્રોએ ઘણી બધી વાત કરી. મારા શ્રી માનસિંહ કાકાએ ખૂબ સારી વાત કરી કે ૧૦૩ યુનિવર્સિટીઓને મંજૂરી આપી છે અને થવી જોઇએ. પ્રાઇવેટ યુનિવર્સિટીઓનો વિચાર જો કોઇને આવ્યો હોય તો એ માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને આવ્યો હતો. શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પાસે ખાસ કરીને કોઇ કામ માટે જઇએ તો કહે કે, બોલ ધવલ, એટલા પ્રેમથી આપણને આવકારે છે અને કંઇ પણ કામ હોય તો એ કરે છે. એટલે હું તો એવું કહુ છું કે ત્રણ યુનિવર્સિટી નહીં પણ ૨૦૦-૩૦૦ યુનિવર્સિટીઓ બનતી હોય અને શિક્ષણનો વ્યાપ વધતો હોય તો એને આવકારીએ છીએ અને આવકારતા જ રહીશું. કારણ કે, શિક્ષણથી જ ગુજરાતનો વિકાસ નિશ્ચિત છે.

તા. ૨૯મી માર્ચ, ૨૦૨૩

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા ) વિધેયક, ૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું, મને યાદ છે કે ભૂતકાળમાં જ્યારે હું સેનેટ મેમ્બર હતો. હમણાં માનનીય અમિતભાઇ ઠાકરે બહુ સારી વાત કરી. મેં એમની સાથે ઘણું કામ કર્યું છે. એ વખતે કોઇ વિદ્યાર્થીને ફાર્મસી કે કોઇ પણ વિભાગમાં એડમિશન લઇને ભણવું હોય તો ભૂતકાળમાં ૫૦થી ૧૦૦ કિલોમિટર દૂર જાય ત્યારે એને ભણવા મળતું હતું. આજે દરેક જિલ્લાદીઠ એક યુનિવર્સિટી હોય, પ્રાઇવેટ યુનિવર્સિટી હોય કે કોઇ પણ હોય, પરંતુ એનાથી વિદ્યાર્થીઓને શિક્ષણ મળે છે. ભૂતકાળમાં ગામડાની અંદર જઇને પૂછીએ કે કેટલા ધોરણ સુધી ભણેલા છો? હાથ ઊંચો કરીને કહે કે ૫ ચોપડી, ૧૦ ચોપડી અને ૧૨મા ધોરણ સુધી ભણેલા. અત્યારે પૂછીએ અને ૧૦૦ છોકરા બેઠા હોય એમાં ૯૯ છોકરા ગ્રેજ્યુએટ થયેલા મળતા હોય એ પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત થયું છે તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થયું છે એટલે આ યુનિવર્સિટીઓને હું આવકારું છું. બીજી વાત કરું, મારા મિત્રોએ ડિગ્રીની વાત કરી તો ડિગ્રીની અંદર મને યાદ છે કે ભૂતકાળમાં બહારના દેશોની કે બહારના કોઇક રાજ્યની વાત કરીએ તો બહારના રાજ્યમાં પહેલા પ્રાઇવેટ યુનિવર્સિટી હતી. અહીંયાથી પણ વિદ્યાર્થીઓ બહાર ભણવા જતા. ઘણી વખત એવું પણ બનતું કે વિદ્યાર્થી ભણીને આવે અને એને કોઇ એવી ડિગ્રી મળે એને કારણે એના ત્રણ વર્ષ ફેલ જતા હોય છે. ત્યાં એને ડોનેશન ખર્ચવું પડતું હતું. આ બધી પ્રક્રિયાઓમાંથી બહાર નીકળ્યા અને આજે અહીંયા આગળ ટ્રાન્સપરન્ટ પદ્ધતિથી એડમિશન પ્રોસેસ થાય છે. એડમિશન કમિટી દ્વારા અને ગુણવત્તાના ધોરણે એની ઇચ્છા હોય એ પ્રમાણે એની કોલેજ સિલેક્ટ કરે અને વિદ્યાર્થી સારામાં સારી જગ્યાએ શિક્ષણ પ્રાપ્ત કરી શકે. આ પારદર્શકતા જો ક્યાંય જોવા મળી હોય તો આ સરકારમાં જોવા મળી છે. પહેલા તો ત્રણ કે ચાર યુનિવર્સિટીઓ હતી, પરંતુ આજે સરકારમાં પણ ઘણી બધી યુનિવર્સિટીઓ બની. દહેગામ જેવી જગ્યાએ રક્ષાશક્તિ જેવી યુનિવર્સિટી. એક ગામડામાં કોઇએ કલ્પના ના કરી હોય કે આવા ગામની અંદર પણ આવી સારી યુનિવર્સિટી બને અને એ પણ રક્ષાશક્તિ યુનિવર્સિટી. કોઇએ નામ નહીં સાંભળ્યું હોય. ભૂતકાળમાં જયારે બની ત્યારે એનું ઉદ્દઘાટન થયું અને વિદ્યાર્થીઓ ભણતા થયા, એની અંદર વિદ્યાર્થીઓ તૈયાર થવા માંડ્યા. ત્યારે બધાને ખબર પડી કે આ પ્રકારની યુનિવર્સિટી હોય એટલે આ જે યુનિવર્સિટીઓ માટેનું વિધેયક લાવ્યા છે એને મારું સમર્થન છે અને સાથેસાથે જે પ્રકારે અમારા શિક્ષણ મંત્રીશ્રી સાથે ત્રણેય જણા જે શિક્ષણની હરહંમેશ ચિંતા કરતા હોય છે એમને અભિનંદન આપું છું કે આ ખૂબ સારું ઉમદા કાર્ય કર્યું છે. આભાર.

ડો.જયરામભાઇ ચે. ગામીત(નિઝર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરીયા ૨૦૨૩નું સુધારા વિધેયક ક્રમાંક-૧૬ લઇને આવ્યા છે ત્યારે હું તેમને સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે શિક્ષણ માટે કહ્યું છે કે આપણા ગુજરાતમાં માત્ર લક્ષ્મી હોય એ આપણને પોસાય તેમ નથી. આપણને જેટલી લક્ષ્મીની જરૂર છે તેનાથી વધારે સરસ્વતીની જરૂર છે એવું દેશના આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે કહ્યું છે. આપણી જે નવી શિક્ષણ નીતિ છે, એ અહીંયા બેઠેલા મારા સાથી મિત્રોને પણ અત્યારે પણ ભણવાનું મન થાય અને કોઇક જગ્યાએ એડમિશન લેવાનું મન થાય એવી આપણી નવી શિક્ષણ નીતિ છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારે જે શક્ય નથી એને શક્ય બનાવ્યું છે એટલે જ કહેવાય છે કે મોદી હૈ તો મુમકીન હૈ. શિક્ષણ એ લોકોની આવશ્યક જરૂરિયાત છે. કોઇપણ દેશમાં કોઇપણ ક્ષેત્રના વિકાસ માટે આજે શિક્ષણ મહત્ત્વનો ભાગ ભજવે છે. ખાસ કરીને ખાનગી ક્ષેત્રની વાત કરીએ, ગુજરાતની વાત કરીએ તો કોલેજોની સાથે સાથે યુનિવર્સિટીઓમાં પણ વધારો થઇ રહ્યો છે. આ ખાનગી યુનિવર્સિટીઓથી ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થશે. સંશોધનના ક્ષેત્રે ગુજરાત આગળ વધશે. રોજગારીની નવી તકો ઊભી થશે. ખાનગી ક્ષેત્રના વિશેષ અનુભવનો લાભ થશે. વિશ્વ સ્તરીય સંસ્થાઓની સ્થાપના માટે ગુજરાતમાં પણ માર્ગ મોકળો થશે. નવી શિક્ષણ નીતિના અમલીકરણ માટે માર્ગ મોકળો થશે. નવી શિક્ષણ નીતિના લીધે બેઠકો વધશે અને દરેકને ઉચ્ચશિક્ષણની તકો મળશે. વિદ્યાર્થીઓને વિશ્વસ્તરનું શિક્ષણ ગુજરાતમાં મળી રહેશે. રાજયના વિકાસમાં ખાનગી યુનિવર્સિટીઓનો પણ મહત્ત્વનો ભાગ રહેશે અને જે વિદ્યાર્થીઓ પોતાના વિસ્તારમાંથી બીજા જિલ્લામાં, બીજાં રાજયમાં કે વિદેશમાં એડમિશન લેવા માટે જતા હતા એ વિદ્યાર્થીઓને પણ પોતાના વિસ્તારમાં જે કોર્સમાં એડમિશન લેવું હોય એ કોર્સમાં એડમિશન મળી જશે. લોકલ લેવલે શિક્ષણ મળી રહેશે તો એનાથી જે ગરીબ વિદ્યાર્થીઓ છે એમને પણ લાભ થશે અને ખાસ કરીને આર્થિક રીતે પણ ખાનગી યુનિવર્સિટીથી શિક્ષણ સસ્તું પડશે. ગુજરાતની વાત કરીએ તો વર્ષ ૨૦૨૨માં ૧૦૩ યુનિવર્સિટીઓ છે, કોલેજોની સંખ્યા ૩૧૧૭ છે, એન્જિનિયરિંગ કોલેજોની સંખ્યા ૧૩૩ છે. પોલિટેકનિક કોલેજોની સંખ્યા ૧૪૪, પ્રોફેશનલ કોલેજોની સંખ્યા ૫૧૩ છે. મારા દક્ષિણ ગુજરાતની વાત કરું તો અમારે ત્યાં ટોટલ ૮ ખાનગી યુનિવર્સિટી છે, સરકારી યુનિવર્સિટી ૩ છે. કોલેજોની સંખ્યા ૨૬૪ જેટલી છે, જેમાં ૨ લાખ ૨૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. વલસાડ જિલ્લાની વાત કરું તો આજે આ પાંચ ખાનગી યુનિવર્સિટી માટે વિધેયક લાવ્યા છે, તેમાં દક્ષિણ ગુજરાતમાં વલસાડ જિલ્લો ખૂબ જ ઔદ્યોગિક વિકાસ સાથેનો દરેક ક્ષેત્રમાં આગળ પડતો જિલ્લો છે. દક્ષિણ ગુજરાતમાં વલસાડથી અમારી સુરત ખાતેની યુનિવર્સિટી જવું હોય તો ૧૦૦ કિલોમિટરનું અંતર થાય છે. આ વલસાડમાં આ નવી યુનિવર્સિટી બને તો તેનાથી ઘણા વિદ્યાર્થીઓને લાભ થશે. આ યુનિવર્સિટી કે જે રજ્જુ શ્રોફ ટ્રસ્ટ દ્વારા રોફેલ ખાનગી યુનિવર્સિટી માટેની માગણી કરી છે. તેમણે બધી જ શરતોનું પાલન કર્યું છે. આ સંસ્થા ૩૫ વર્ષનો અનુભવ ધરાવે છે. તેમાં ખાસ કરીને શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફમાં ૮૦થી વધુ કર્મચારીઓ ત્યાં કામ કરે છે. આ સંસ્થામાં બે હજારથી વધારે વિદ્યાર્થીઓ શિક્ષણ લઇ રહ્યા છે અને અત્યાર સુધી ૩૫ હજારથી વધારે વિદ્યાર્થીઓએ આ સંસ્થામાંથી ડિગ્રી પ્રાપ્ત કરી છે. આ

યુનિવર્સિટીમાં ૧૧ પ્રકારના નવા પ્રોફેશનલ કોર્સ ચાલુ થવાના છે. અહીંથી જયારે સાથી મિત્ર દ્વારા કહેવામાં આવ્યું કે ખાનગી યુનિવર્સિટીઓથી ગરીબ અને પછાત વર્ગના વિદ્યાર્થીને નુકસાન થશે એવું નથી. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની કેન્દ્ર સરકાર અને ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા હું પણ એક આદિવાસી સમાજમાંથી આવું છું એટલે મને ખ્યાલ છે કે ગ્રાન્ટેડ કોલેજો અને ગ્રાન્ટેડ યુનિવર્સિટીઓમાં શિષ્યવૃત્તિનો જે લાભ મળે છે તે લાભ ખાનગી યુનિવર્સિટીઓમાં પણ મળે છે. આ લાભથી વિદ્યાર્થી વંચિત રહી જશે તેવું નથી. એટલે માનનીય મંત્રીશ્રી પાંચ ખાનગી યુનિવર્સિટીઓ બનાવવા માટેનું જે વિધેયક લઇને આવ્યા છે તેને મારું સમર્થન રજૂ કરું છું અને બધા સાથી મિત્રોને સર્વસંમતિથી આ વિધેયકને સમર્થન આપવા માટે વિનંતી કરું છું.

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા(રાજયકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષ મહોદય, વિધેયક પસાર કરવા માટે પ્રસ્તાવ મૂક્યા પછી આદરણીય પૂર્વ શિક્ષણમંત્રી શ્રી જિતુભાઇ વાઘાણી, ડૉ.મહેન્દ્રભાઇ પાડલીયા, ડો. હર્ષદભાઇ પટેલ, શ્રી અમીતભાઇ શાહ, શ્રી અમીતભાઇ ઠાકર, શ્રી કમલેશભાઇ પટેલ, શ્રી ડી.કે.સ્વામી, શ્રી માનસિંહ ચૌહાણ, ડૉ.જયરામભાઇ ગામીત, શ્રી ધવલસિંહ ઝાલા બધાએ આ વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા છે.

આદરણીય અધ્યક્ષ મહોદય, નવી શિક્ષણ નીતિ, આંકડાકીય માહિતી, તેના નિયમો બધી જ વાતચીત આ ગૃહની અંદર થઇ છે. આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ભારતને ભવિષ્યની અંદર દુનિયા સાથે કદમ મિલાવવા એક સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને શોભે તેવું રાષ્ટ્ર નિર્માણ કરવા માટે નવી વિચારધારા સાથેની નવી શિક્ષણ નીતિ આપી છે. આ શિક્ષણ પદ્ધતિમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૮૬ પછી શિક્ષણ નીતિ બાબતમાં કોઇએ ચર્ચા પણ નથી કરી. આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ એવું ઇચ્છે છે કે, દેશને આશ્વિતાસભર બનાવવો હોય તો શિક્ષણ એ પાયાની વસ્તુ છે. એવું શિક્ષણ કે જેમાં મૂલ્યનિષ્ઠતા હોય, જેમાં સત્યતા હોય. દુનિયા સામે ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ તો થઇ રહ્યું છે પણ તેજસ્વિતાથી ભરપૂર યુવાનો, વિદ્યાર્થીઓ તૈયાર થાય. રાષ્ટ્રપ્રેમથી ભરપૂર યુવાન બને તે હેતુથી નવી શિક્ષણ પદ્ધતિ લાવ્યા છે. પહેલો શ્લોક જે આપણે હરહંમેશને માટે બોલીએ છીએ.

''ॐ सह नाववतु ।सह नौ भुनक्तु । सह वीर्यं करवाव है ।
तेजस्वि नावधीतमस्तु मा विद्विषावहै । ॐ शान्तिः शान्तिः शान्तिः ॥''

અમે ભણીએ છીએ પણ અમે આપસમાં રાગદ્વેષ ન રાખીએ. અમારા યોગક્ષેમ શ્રેષ્ઠ ચાલે. અમે ગુરુની આજ્ઞાનું પાલન કરીએ. કાશ્મીરથી કન્યાકુમારી એ વિચારધારા ચાલે દેશની અંદર, ક્યાંય પણ નાના એવા છમકલા ન થાય, કોઇ એકબીજાના સન્માનમાં વિક્ષેપ ન કરે, આ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ છે. આપણે સાંસ્કૃતિક પૂજન કરીએ છીએ જે શિક્ષણ સાથે વણાયેલું છે. આપણને નાનપણથી શીખવાડવામાં આવ્યું છે કે, પ્રકૃતિ સાથે રહીને શિક્ષણ લઇએ. આજે દુનિયાને એક મહત્ત્વની ચેલેન્જ છે પ્રકૃતિને છિન્નભિન્ન કરીને રહેવા જેવું નથી. એ કેમિકલ ઉત્પાદનો હોય કે અણુ બોમ્બના સ્ફોટક પદાર્થ હોય શિક્ષણ પદ્ધતિ એવી ન હોઇ શકે કે જે વિનાશ નોતરે. આપણી સંસ્કૃતિમાં નદીને માતા કહી છે, વૃક્ષને પૂજવાવાળા છીએ, પર્વતોની પૂજા કરવાવાળા છીએ, વાયુને દેવ કહ્યો છે, સૂર્ય-ચંદ્રને અમે પૂજનારા છીએ, પૂરું બ્રહ્માંડ ઇશ્વર આધારિત છે એમાં ખલેલ ન કરાય. આ નવી શિક્ષણ પદ્ધતિમાં બાળક, યુવાન શીખે. અમે પ્રકૃતિનું પૂજન કરીએ અને અમે જે સમયે ભણતા હતા ત્યારે પ્રથમ રાષ્ટ્રગીત જે ૧૦ હજાર વર્ષ પૂર્વે શુકલ યજુર્વેદમાં લખાયેલું હતું,

"ॐ आ ब्रह्मन् ब्राह्मणो ब्रह्मवर्चसी जायताम् ।
आस्मिन राष्ट्रे राजन्य: इषव्य: शूरो महारथो जायताम् ।
दोग्ध्री धेनु: वोढा ऽनडवान् आशु: सप्ति:, पुरन्धि: योषा जिष्णू रथेष्ठा:
सभेयो युवास्य यजमानस्य वीरो जायताम् ।
निकामे निकामे न: पर्जन्यो वर्षतु, फलवत्यो न ओषधय: पच्यन्तां, योगक्षेमो न: कल्पताम् ॥."

આ નવી શિક્ષણ પદ્ધતિ છે. અમારા યુવાનો સભાચાતુર્ય બને, તેજસ્વી બને, એના મસ્તિષ્કની અંદર પોઝિટિવ વિચારધારા હોય, અમારી માતાઓ, સ્ત્રીઓ અન્નપૂર્ણા જેવી હોય કે જેઓ સરસ ઘર સંભાળી શકે આ શિક્ષણ છે. અમારી ગાયો સરસ દૂધ આપે, સૈનિકો બાહુબળવાળા હોય, ક્ષિપ્રગામી ઘોડાઓ હોય, યોગક્ષેમ કલ્પદામ, યોગક્ષેમ સર્વનો ચાલે અને કોઇ બીમાર ન પડે આવી આપણી કલ્પનાઓ હોય. એ નવી શિક્ષણ પદ્ધતિ છે કે આત્મિયતાસભર એક નાગરિક વ્યવહાર કરે. સત્ય માટે પરાકાષ્ટાઓ છે, સત્ય માટે જીઓ, એ શિક્ષણનો મૂળ મંત્ર હતો માટે મૂંડક ઉપનિષદની અંદર આપણું 'સત્ય મેવ જયતે' સૂત્ર છે એ ૫ હજાર વર્ષ પહેલા એ ભણાવતા હતા. 'સત્ય મેવ જયતે' સત્યનો જ વિજય થાય. રાજા હરિશ્ચંદ્રનું એ નાટક જોઇ પૂજ્ય મહાત્મા ગાંધીજીના જીવન ઉપર સત્યને જાણવા માટેની બહુ મોટી અસર થઇ. એ સત્ય આ યુનિવર્સિટીના ક્લાસરૂમમાં પાઠો ભણાય એ નવી શિક્ષણ નીતિ આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ વિચારી રહ્યા છે. કેવળ પેટિયું રળવા માટે જ નહીં, યુનિવર્સિટીમાં જઇશું, વાતો કરીશું, માત્ર આ કોર્સ લો એટલા પૈસા મળી જાય, આ કોર્સ લો આ મળી જાય, આ શિક્ષણ નથી.

શિક્ષણ એ માણસનો વિકાસ કરે, શિક્ષણ એ તેજસ્વીતા લાવે. માત્રને માત્ર પેટિયું રળવા માટેનું શિક્ષણ નથી એ નવી પદ્ધતિ શિક્ષણની છે અને હું કહીશ કે આજે આપણે આ ૧૦ હજાર વર્ષ જૂની પદ્ધતિ આજે પૂર્ણ રીતે આપણે લાવી રહ્યા છીએ. આ દેશની અંદર અનેક શાસનો આવ્યા, પરંતુ આપણી શિક્ષણ પદ્ધતિના થોડા થોડા અંશો બચી રહ્યા અને આપણા આ પાયાના શિક્ષણ પર હજારો હજારો કાર્યકર્તાઓ, સંઘના કાર્યકર્તાઓ કાર્ય કરી રહ્યા છે. હું નાગાલેન્ડ ગયો હતો ત્યાં પણ શિક્ષણ માટેની વૈદિક પદ્ધતિથી શિક્ષણ ચાલી રહ્યું હતું અને એ શ્રેષ્ઠ ભારતને પ્રેમ કરો, અમે અમારા રાષ્ટ્રનું નિર્માણ કરીએ છીએ, એનું રક્ષણ કરીએ છીએ, અમે અમારો યોગક્ષેમ ચલાવીએ છીએ પરંતુ અમે બીજાને ખલેલ નથી કરતા. આ આપણી ભારતીય સંસ્કૃતિ છે અને એ સંસ્કૃતિ શીખવા માટે સત્ય એ સત્ય જ હોય.ઘણી વખત આપણે અસત્ય વાત બોલતા હોઇએ દા.ત. ટ્રાફિક પોલીસ ચાર રસ્તા ઉપર ઉભેલા હોય લાલ લાઇટ હોય, સિગ્નલ તોડી અને એક ભાઇ જતો રહ્યો. પોલીસે તેને પકડી અને પૂછયું કે ભાઇ, આ લાલ લાઇટ નથી જોતો? કહે સાહેબ લાલ લાઇટ તો જોઇ હતી પણ તમને નહોતા જોયા. આ વાસ્તવિક સ્થિતિ છે બધુ જોયું છે પણ પહેલાને નથી જોયા.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ પદ્ધતિ જો મજબૂત બનાવવી હોય તો શિક્ષકનું સ્થાન ઊંચું હોવું જોઇએ. એ ભારતીય સંસ્કૃતિમાં ગુરુપૂર્ણિમા જેવો ઉત્સવ ઊજવીએ છીએ અને એ ગુરુપૂર્ણિમા ઊજવતાની સાથે જે શિક્ષણ આપે છે તેનું સમાજમાં પણ એટલું જ ઊંચું સ્થાન હોવું જોઇએ. શિક્ષણ પદ્ધતિ ત્યારે બદલાવી શકીશું જે માટે ગુરુપૂર્ણિમા ઊજવવાની આપણી પૂરાણી પદ્ધતિ છે અને આજે મને ગર્વ છે કેટલીક પ્રાઇવેટ યુનિવર્સિટી, કેટલીક શાળા-કોલેજો ધામધૂમથી ગુરુપૂર્ણિમા ઊજવે છે માટે ગીતામાં કહ્યું છે કે,

**तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया |**
**उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिन: ||**

તું જા, કેવા ગુરુ પાસે જ્ઞાન લેવાનું છે? એવા ગુરુ પાસેથી જ્ઞાન લેવાનું છે કે જે તત્વજ્ઞાની જેમણે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. હું આશા રાખું છું કે આ યુનિવર્સિટીઓમાં એક તત્વજ્ઞાની કે તદ્વિદ્ધિ પ્રણિપાતેન એવી લાઇનથી ચાલે અને આ યુનિવર્સિટીઓમાં એક રાષ્ટ્ર નિર્માણનો ક્રિએટિવ બાળક બને, એક યુવાન બને આ નવી શિક્ષણ પદ્ધતિ કહે છે. આ આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આપેલા પ્રવચનની વાત કરી રહ્યો છું. તે પોતે ક્રિએટિવ માઇન્ડ બને. અમારે ફિઝિક્સની અંદર પ્રયોગ આવતો એલ્યુમિનિયમની પ્લેટસ પર કેથોડનો સતત મારો કરો એક સમયે સ્ટોપ કરી દઇએ પછી એલ્યુમિનિયમની પ્લેટ એ જ ઉત્સર્ગિક કિરણો બને. એ રીતે આ ગુરુજનો સતત અને સતત પોઝિટિવ વિચારધારા એક શિક્ષણ પ્રાપ્ત કરે અને એ યુવાન, એ યુનિવર્સિટીનો યુવાન પોતે ક્રિએટિવ બની જાય આ સાયન્સના સિદ્ધાંતો કહે છે તે રીતે આપણા આધ્યાત્મિક સ્પિરિચ્યુઅલ પાવર્સના સિદ્ધાંતો કહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પૃથ્વીના એ નિર્માણ પછી હંમેશને માટે માણસ શીખતો રહ્યો. શિક્ષણ કયારેય જૂનું થતું જ નથી. આજે પાંચ વર્ષ પહેલાં વાતો કરેલી છે તે આજે નવી લાગે છે. ઘણી વખત એવું થાય કે જનરેશન ગેપ છે, બહુ ઓછો જનરેશન ગેપ છે. સત્ય એ હંમેશને માટે કાયમી રહેતું હોય છે, ત્યારે એ સમયે આપણી વૈદિક પદ્ધતિથી શિક્ષણ પદ્ધતિ ચાલતી હતી. આર્ય ભટ્ટને વરાહમિહિરે પૃથ્વી ગોળ છે, પૃથ્વીને ચંદ્ર પછીના અંતરો કેટલા છે, તેના કલર્સ કયા છે આ બધી જ વાતો હતી તે પછી આપણે વિજ્ઞાનનું જ્ઞાનનું પૂજન કરનારી એ શિક્ષણ પદ્ધતિ હતી. પૃથ્વી ગોળ છે તો માની લીધું અને એમનું પૂજન કરવામાં આવ્યું, પણ એ પછી યુરોપમાં કોપરનિકસ અને ગેલેલિયોએ આ વાત કરી હતી, ત્યારે તેને મોટામાં મોટી સજા આપી હતી. વિશ્વ કોઇ દિવસ જ્ઞાનનું પૂજન નહોતું કરતું, જે આપણી સંસ્કૃતિ, આપણી પરંપરાની શિક્ષણ પદ્ધતિ કરતી હતી. કલરના જ્ઞાન અને નવી શિક્ષણ પદ્ધતિમાં આમ તો આપ બધાએ અને અમે દિલ્હીનું અક્ષરધામ જોયેલું છે. પાણીની બોટમાં બેસીને એ જે પ્રદર્શન નિહાળીએ છીએ અને શરૂ થાય અને પૂરું થાય ત્યાં સુધીમાં ભારતનો ભવ્ય ઇતિહાસ, ભવ્ય સંસ્કૃતિ, શિક્ષણ પદ્ધતિ બધુ જ એમાં આવી જાય છે સાહેબ, આ નવી શિક્ષણ પદ્ધતિ છે. તપોવનની એ પદ્ધતિ દ્વારા ટેન્શન મુકત, ટેન્શન લઇને ગ્રેજ્યુએટ યુવાન માથે ટેન્શન લઇને ફરતો હોય આ કંઇક અને કંઇક શિક્ષણ પદ્ધતિની અંદરથી જયારે નવી શિક્ષણ પદ્ધતિની અંદર તેને ક્રિએટિવ માઇન્ડ સાથે તેમને વાતો કરીને તેમને તેજસ્વીતા આપવાની.

માનનીય અધ્યક્ષશ્રી, આ આપણે ઇતિહાસ, આપણી સ્કૂલોમાં બધે જ આવી એક નોર્મલ વાતો જે વાસ્તવિકતામાં આજે અમારા વડીલ શ્રી ઋષિકેશભાઇના અને શ્રી કનુભાઇની અધ્યક્ષતામાં અમે તમિલ ગયા હતા. એવડો મોટો ઇતિહાસ આપણને ખબર જ નહોતી. ખિલજી અને સુલતાનનો જ અભ્યાસ આપણે કર્યો છે. આજે મને પોતાને દુ:ખ થાય છે કે ૨૫ લાખ સૌરાષ્ટ્રીયન તમિલ લોકો ત્યાં રહેતા હતા એનો ઇતિહાસ મને ખબર જ નહોતો. એ ક્યારે બન્યું? જ્યારે આપણે બાળકોને ભણાવ્યું નહિ ત્યારે બન્યું. સ્વામી વિવેકાનંદે દુનિયામાં ભારતીય શિક્ષણ પદ્ધતિનું પ્રેઝન્ટેશન કર્યું હતું. અમારી પાસે ઇન્ફ્રાસ્ટ્રક્ચર નથી, ભૌતિક પદાર્થ કે વસ્તુઓ પણ નથી. અમારી પાસે વૈદિક શિક્ષણ છે. અમારી પાસે નચિકેતની વૃત્તિ છે. એટલા માટે જ કહ્યું છે કે, " Give me 100 nachiketa and I will change the world." મને ૧૦૦ નચિકેતા મળી જાય તો હું દુનિયાને બદલી નાખું. ઇ.સ.૧૮૯૩માં આ વાત થઇ હતી. એક નરેન્દ્ર ત્યારે ગયા હતા અને બીજા નરેન્દ્ર એ જ વાતો લઇ અમેરિકાના સેનેટમાં ગયા હતા. ૨૭ વખત અમેરિકન સંસદે standing ovationથી શ્રી નરેન્દ્રભાઇની વાતોને વધાવી હતી. આ એક spiritual તાકાત છે. આ શિક્ષણની તાકાત છે. શિક્ષણ ક્યારેય જૂનું ન થાય. ''તેજસ્વી યૌવનને

નીરખી મૃત્યુ પણ અંજાય, એ જ યુવાની સાચી જેનું જગમાં પૂજન થાય.'' આપણે એ યુનિવર્સિટીની વાતો કરીએ છીએ જ્યાં કોઇ વાદ ન હોય, શૌર્યની વાતો હોય. જ્યાં-જ્યાં જરૂરિયાત હોય ત્યાં શૌર્યની વાતો હોય. વિદ્યાર્થીને શેમાં રસ છે? આપણે ઢીકા મારીને એને ડૉક્ટર બનાવવો છે? ઢીકા મારીને એન્જિનિયર બનાવવો છે? એ આર્ટિસ્ટ છે એને આર્ટ કરવા દો, એને ઇતિહાસમાં રસ છે. એ હવે એક કોર્સમાંથી બીજા કોર્સમાં જઇ શકશે. બીજી કોર્સમાં તરત એડમિશન લઇ શકશે. આ નવી શિક્ષણ પદ્ધતિ છે. પહેલાંના રાજા-મહારાજાઓ ઉપવન પદ્ધતિથી શિક્ષણ ચલાવતા હતા. એ વીર રાણીએ ત્યારે પણ મરુત રાજાને પત્ર લખ્યો હતો કે, ''હે મરુત, તારા રાજ્યમાં શિક્ષણ વ્યવસ્થા બરાબર નથી.'' એમાંથી બહુ મોટું યુદ્ધ થાય છે. એક માયકાંગલો યુવાન નહિ ''**राष्ट्राय स्वाहा इदं, राष्ट्राय इदं न ममः।**'' એવું કહીને બહાર નીકળે એ શિક્ષણની વાતો કરી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આ યુનિવર્સિટીમાં આ પ્રમાણેનું શિક્ષણ મળશે એ બિલ ઉપર આપ વાત કરી રહ્યા છો?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, નવી શિક્ષણ પદ્ધતિમાં જી.ડી.પી. દર શીખવાડીએ છીએ. એક બાળક ચારે દિશાઓમાંથી શીખે છે. હમણાં વિરોધપક્ષના એક મિત્રએ વાત કરી કે બિલાડીના ટોપની જેમ યુનિવર્સિટીઓ નીકળી આવી છે. મારે એમને જવાબ આપવો છે કે આ પ્રાઇવેટ યુનિવર્સિટીમાં મુખ્યમંત્રી કન્યા કેળવણી યોજના અંતર્ગત ૩૩૧૦ એમ.બી.બી.એસ. દીકરીઓની રૂ.૧૦૭ કરોડની ફી ભરવામાં આવી. મુખ્યમંત્રી સ્કૉલરશિપ યોજનામાંથી રૂ.૧૪ કરોડની સહાય આપવામાં આવી છે અને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનામાં ૬૩૫૯૯ વિદ્યાર્થીઓ માટે રૂ.૩૩૧ કરોડની શિષ્યવૃત્તિ આપવામાં આવી છે. કયા અંત્યોદયની તમે વાત કરો છો? કોણે કહ્યું કે યુનિવર્સિટી મન ફાવે એમ વાતો કરે છે. મન ફાવે એમ વહીવટ ચલાવે છે. એ વાત ખોટી છે. કલમ - ૩૧, ૩૪, ૪૩માં સરકારનો પૂર્ણ અંકુશ છે.
આપણે યુનિવર્સિટીના વહીવટ માટે ડાયરેક્ટ વહીવટદાર મૂકી શકીએ છીએ. બરાબર ન ચાલે તો તમામ પ્રકારનો કબજો સરકાર લઇ શકે છે. દર વર્ષના તેના નીતિ નિયમો પ્રમાણે કમિટી તેની તપાસ કરે છે. એક અભ્યાસ કરીને ગૃહમાં સચોટ વાત કરે ત્યારે સૂચન હોત તો અમે ચોક્કસ સ્વીકાર્યું હોત. 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની વિચારધારા નવી શિક્ષણ પદ્ધતિથી આવશે. જ્યાં ભાષાવાદ, જાતિવાદ કે પ્રાંતવાદ ન હોય તેવી સરસ માનવીય અભિગમની યુનિવર્સિટીઓમાં એકબીજાના વિદ્યાર્થીઓ ચેન્જ થઈ રહ્યા છે. બીજાં રાજ્યોના વિદ્યાર્થીઓ અહીંયા આવી રહ્યા છે, ત્યારે આવો એક દેશ પ્રેમનો સંદેશ આવી યુનિવર્સિટીમાં સ્થાપી શકાશે. હમણાં સ્વામીજીએ વાત કરી તે પ્રમાણે તક્ષશિલા અને નાલંદામાં શ્રેષ્ઠ શિક્ષણ વ્યવસ્થા હતી. અમેરિકાનું અસ્તિત્વ પણ ન હતું ત્યારે તક્ષશિલા અને નાલંદા વિદ્યાલયો હતી. અહીંયા ખગોળ શાસ્ત્રના આર્યભટ્ટે રંગો અને ગ્રહોની પ્રકૃતિનું ફિઝિક્સ કેવું છે તેની વાતો કરેલી હતી તે મુજબ ચોક્કસ ચાલે છે. ભારત દેશમાં ચારેય દિશાઓમાં આપણી યુનિવર્સિટી કે તપોવન પદ્ધતિમાં આ બધી વાતો થાય છે. મને ખ્યાલ છે ત્યાં સુધી ઘણી યુનિવર્સિટીઓમાં આધ્યાત્મિક બાબતોના મોટિવેશનના પિરિયડો ચાલી રહ્યા છે. કેટલીક શાળાઓમાં ભગવદ્ ગીતાના મુખ્ય શ્લોકોનું પઠન પણ કરાવવામાં આવે છે. માત્ર આપણા દેશમાં જ નહિ, પરંતુ યુરોપ અને રશિયામાં પણ ઈસ્કોન દ્વારા આવી શ્રેષ્ઠ પ્રવૃત્તિઓ થઈ રહી છે. છેલ્લે આપણે આ જ સ્વીકારવું પડશે. માત્ર શિક્ષણ અને વિજ્ઞાનના સિદ્ધાંતો શીખીને ડિગ્રી મળી જાય પણ રાષ્ટ્રના નિર્માણ માટેના પાઠ તો નવી શિક્ષણ પદ્ધતિ જ શીખવી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય નરેન્દ્રભાઈએ સમગ્ર વિશ્વને ભારતીય સંસ્કૃતિની ઓળખ કરાવી છે. યોગ યુનિવર્સિટીને મંજૂરી આપી. આયુર્વેદને પ્રોત્સાહિત કરવા, આયુર્વેદ શું છે? આયુર્વેદ એટલે મેડિકલ સાયન્સનું એક શ્રેષ્ઠ ઘરેણું છે. આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ યુનો સાથે ટાઈ-અપ કરી ભારતીય શિક્ષણ પદ્ધતિ દુનિયાને શીખવવા જામનગરમાં તેના સંશોધન કેન્દ્રની વાત કરી છે. ચરકસંહિતા અને સુશ્રુત સંહિતાના એક લાખ શ્લોકોનું ત્યાં પઠન થશે અને બોડી ઉપર તેની અસર શું થાય? તે માટેની એક વ્યવસ્થા આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શનથી ચાલે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આ વિશે હળવા ટોનમાં કહું તો એમના બોડી ઉપર એમનો પ્રજ્વલિત થયેલો અગ્નિ હમણાં શાંત પડ્યો છે એટલે તેના કારણે તેમને ઊંઘ ન આવે તેનૂં ધ્યાન રાખજો નહિતર શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યૂં છે તેમ,

''**अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः। प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥**''

શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ ક્યારેય જૂનું થતું નથી. જનરેશન ગેપ પણ બહુ હોતો નથી ત્યારે હું આશા રાખું છું કે, નવી યુનિવર્સિટીને અગાઉ પણ માનનીય જિતુભાઈ વાઘાણી સાહેબ, માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબે ત્યારે પણ માન્યતા આપી હતી. એ જ પ્રમાણે આ નવી યુનિવર્સિટીઓ માટે પચીસેક અરજીઓ આવી હતી. એમાંથી પાંચ જ એના ક્રાઇટેરિયામાં આવતી હતી. આ યુનિવર્સિટીમાંથી દેશના યુવાનો ભણીને બહાર નીકળશે ત્યારે દેશના વિકાસમાં એમનું શ્રેષ્ઠ યોગદાન રહેશે. અમારા વડીલ મુરબ્બી કેબિનેટ મંત્રી શ્રી ઋષિકેશભાઇને આ બિલ મૂકવાનું હતું પણ હું નવો છું અને નવા મંત્રી તરીકે હું શીખું... (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : તમે ખૂબ સારું બોલી રહ્યા છો એ માટે તમને અભિનંદન. તમને મોટિવેશન મળે એટલા માટે વાત કરી છે.

તા. ૨૯મી માર્ચ, ૨૦૨૩

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મને આદરણીય શ્રી ઋષિકેશભાઇએ તક આપી એ બદલ હું એમનો આભાર માનું છું. સત્ર દરમિયાન આપની પાસેથી અમે બહુ બધું શીખ્યા છીએ. આપે ક્યારેય ગુસ્સો કર્યો નથી અને હંમેશા હસતા ચહેરા સાથે આટલું સરસ તંત્ર ચલાવ્યું છે. આપની સ્થિતપ્રજ્ઞતા એ પણ એક શિક્ષણ છે. ગૃહ વતી એક સભ્ય તરીકે હું અંબાજીથી માતાજીની ચૂંદડી લાવ્યો છું. હું અહીંયા પ્રોટોકલ પ્રમાણે ન આપી શકું, પણ આપની ઓફિસમાં શ્રી ઋષિકેશભાઇ સાથે આપનું સન્માન કરવા માટે આવીશ. દુનિયા સાથે કદમ મિલાવવા માટે યુનિવર્સિટીઓ મંજૂર કરવાના આ પ્રજ્વલિત યજ્ઞનો વિરોધ ન કરતા આ કાર્યની અંદર સૌ પોતપોતાનું યોગદાન આપે. આપણે આજે ૨૨.૩ના રેશિયા પર છીએ એને વર્ષ ૨૦૩૦ સુધીમાં પચાસ ટકાએ પહોંચાડવો હોય તો માત્ર સરકારી યુનિવર્સિટીથી શક્ય નથી. આપણે હજી ૨૭ ટકા વધુ કામ કરવાનું છે. હું આશા રાખું છું કે, આ વિધેયકને સર્વાનુમતે આપ સૌ સહયોગ આપશો. આપસૌએ મને શાંતિથી સાંભળ્યો એ માટે આપ સૌનો ખૂબ ખૂબ આભાર. અસ્તુ. વંદેમાતરમ્.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે એને હું મારું સમર્થન કરું છું અને એમાં મારું સૂચન છે કે, ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ખાનગી ક્ષેત્રનો પ્રસાર વધતો જાય છે ત્યારે ઉચ્ચ શિક્ષણની આવી ખાનગી સંસ્થાઓ માટે રેગ્યુલેટરી ઓથોરિટી બનાવવી ખૂબ જ જરૂરી બની ગઇ છે. અત્યારે જે રીતે...(વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, માનનીય મંત્રીશ્રીના જવાબ પછી આમાં ભાષણ કરી શકાય નહીં. સૂચન છે એટલે એને પૉઝિટિવ લેવાનું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક ૧૬-સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક -૧૬-સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક સર્વાનુમતે પસાર કરવામાં આવે છે.

**છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ-૧૦૨)**

સુજલામ સુફલામ જળ અભિયાનને સક્રિય અને સફળ બનાવવા અંગે

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, "જળ એ જ જીવન છે" તે આપણે જાણીએ છીએ, અન્ય રાજ્યોની સરખામણીએ આપણા રાજ્યમાં વરસાદ ઓછો અને અનિયમિત પણ છે. રાજયના સંબંધિત વિભાગો દ્વારા જળસંચયની કામગીરી અંતર્ગત વિવિધ કામો હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૨ દરમિયાન ચોમાસા પહેલાં રાજ્યમાં જળ સંગ્રહનો વ્યાપ વધે તે મુજબનાં કામો લોકભાગીદારીથી હાથ ધરવા માટે "સુજલામ સુફલામ જળ અભિયાન" હાથ ધરવામાં આવેલ છે.

"સુજલામ સુફલામ જળ અભિયાન" હેઠળ મુખ્યત્ત્વે જળસંગ્રહનાં કામો જેવાં કે તળાવો ઉંડા કરવા, હયાત ચેકડેમો, જળાશયોનું ડીસિલ્ટિંગ તથા રિપેરિંગ, તળાવોના પાળા અને વેસ્ટ વિયરનું મજબૂતીકરણ, નહેરોની સાફસફાઈ તથા મરામત, નદી, વાંકળા, કાંસ, ગટરની સાફસફાઈ, નદીને પુનઃ જીવિત કરવી વગેરે જેવા પરંપરાગત જળ સ્ત્રોતોનાં નવીનીકરણનાં કામો તથા નવા તળાવો-ચેકડેમો બનાવવા, વન તલાવડી, ખેત તલાવડી, માટીપાળા, ગેબિયન, કન્ટુર ટ્રેન્ચ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ, પીવાના પાણીનો સ્ત્રોત, ટાંકીઓ, સંપ, ઇન્ટેક સ્ટ્રકચર, વોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટ/સુએઝ ટ્રિટમેન્ટ પ્લાન્ટ વગેરેની તથા તેની આસપાસની સફાઈ, પીવાના પાણીનો બગાડ રોકવા માટે જન જાગૃતિ કાર્યક્રમો વગેરે જેવાં કામો હાથ પર લેવામાં આવે છે. "સુજલામ સુફલામ જળ અભિયાન" અંતર્ગત રાજ્યભરમાં મોટા પ્રમાણમાં જળસંગ્રહ થયેલ છે અને ધરતીના ભૂગર્ભ જળ પણ ઊંચા આવેલ છે. ''સુજલામ સુફલામ જળ અભિયાન'' હેઠળની કામગીરી માટે રાષ્ટ્રીય કક્ષાએ પણ નોંધ લેવાયેલ છે અને પ્રશંસા થયેલ છે. વર્ષ ૨૦૨૦ તથા વર્ષ ૨૦૨૧ દરમિયાન કોરોનાની વૈશ્વિક મહામારીની પરિસ્થિતિ વચ્ચે પણ આ અભિયાન અંતર્ગત નોંધપાત્ર કામગીરી થયેલ છે.

"સુજલામ સુફલામ જળ અભિયાન" ના ફળસ્વરૂપ જળસંચયનો વ્યાપ જોતા આ અભિયાન અંતર્ગત ૨૦૨૩ના વર્ષની તા.૧૭-૦૨-૨૦૨૩થી જળસંચયનાં કામો હાથ ધરવામાં આવી રહ્યાં છે, ત્યારે ઉપલબ્ધ પાણીનો કરકસરયુક્ત અને ઉચિત ઉપયોગ કરવા માટે જળ સંચય અભિયાનને વધુ સક્રિય તથા સફળ બનાવવા માટે આ સભાગૃહ વિચારણા કરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક એવું રાજય છે કે વર્ષ ૨૦૦૨ પહેલા ગુજરાતમાં એક વર્ષ વરસાદ સારો થાય અને એક વર્ષ દુષ્કાળ પડે. બે ત્રણ વર્ષ દુષ્કાળ પડે, તો બે ત્રણ વર્ષ સારાં થાય. આના

હિસાબે જમીનમાં પાણીના તળ ખૂબ જ નીચા ગયા હતા. પીવાના પાણીની અને સિંચાઇના પાણીની પણ ખૂબ જ મુશ્કેલી પડતી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલીન મુખ્યમંત્રી અને આપણા આજના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જયારથી રાજયનું સુકાન સંભાળ્યું, ત્યારથી ઇશ્વરની એવી કૃપા થઇ કે વર્ષ ૨૦૦૧થી આજસુધી કયારેય દુષ્કાળ પડ્યો નથી. જેમ વરસાદ વધુ થાય તેમ પાણીના તળ પણ ઊંચા આવતા ગયા છે. જામનગર, દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર જેવા દરિયાકિનારાના વિસ્તારોમાં ઓછા વરસાદને લીધે દરિયાનું પાણી દર વર્ષે ૫૦૦ મીટર જેટલું અંદર જમીનમાં આવતું. એને રોકવા માટે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દ્વારકાથી સોમનાથ સુધી સ્પ્રેડિંગ કેનાલ દરિયાકિનારે બનાવી. જેના હિસાબે ચોમાસાના પાણી ત્યાં રોકાય અને ખારા પાણીને અંદર પ્રવેશતું રોકે અને મીઠા પાણીનો સંગ્રહ થાય, એવી યોજના આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ બનાવી હતી. જેના હિસાબે અમારો વિસ્તાર લીલોછમ બન્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા ઘેડ વિસ્તારનાં ૧૦૦ ગામડાં એવાં છે કે ચોમાસામાં પૂર આવે ત્યારે અચાનક પાંચ પાંચ, દસ દસ ફૂટ પાણી ચડી જાય અને પીવાના પાણીની પણ મુશ્કેલી પડે. ઢોર - ઢાંખર અને જાનમાલની હાનિ પણ થતી હતી. ઉનાળામાં જયારે પીવાનું પણ પાણી ન મળે, એને બદલે ચોમાસાના પાણીનો કેનાલમાં સંગ્રહ કરવામાં આવે છે. જેના હિસાબે પાણીના તળ પણ ઊંચા આવ્યા છે અને પાણી પણ મીઠું થયું છે અને અમારો વિસ્તાર પણ ખૂબ જ લીલોછમ વિસ્તાર થઇ રહ્યો છે. જળસંચયનાં કામોના હિસાબે પાણીના તળ જે ઊંચા આવ્યા છે. એના હિસાબે ખેતીવાડીમાં પણ મબલખ પાકનું ઉત્પાદન થવા લાગ્યું છે. સારામાં સારો પાક પણ થાય છે. આ જળ સંચયનાં કામો હજુ પણ આગામી વર્ષોમાં જો ચાલુ રાખવામાં આવે તો આ ગુજરાતનો વિસ્તાર છે, તે હરિયાળો વિસ્તાર બની જાય અને રાજય આર્થિક રીતે સદ્ધર બની જાય. જેના માટે જળસંચયનાં કામોને વેગ મળે તે માટે એન. જી. ઓ.ના ટર્નઓવરમાં પણ છૂટછાટ આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક જિલ્લાઓમાં જે ઘનમીટરના ૪૦ રૂપિયા ભાવ હતા, તેને બદલે ૫૨ રૂપિયા કરવામાં આવ્યા છે. છતાં પણ ત્યાં ખેડૂતો જે માટી ભરવા આવે છે, એની પાસેથી યાંત્રિક સાધનો હોય કે જે.સી.બી.વાળા હોય કે હીટાચીવાળા જે હોય, એ ૨૦૦, ૫૦૦ રૂપિયા ખેડૂતો પાસેથી લે. એ બંધ કરાવવાની જરૂર છે. આ જળ અભિયાનને વેગ મળે એવા પ્રયાસો સરકારે કરવા જોઇએ. ગયા વર્ષના 'સુજલામ્ સુફલામ્' ના ઘણા જિલ્લામાં બિલો બાકી છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે એ બિલ પણ તાત્કાલિક ચૂકવાઇ જાય તો આ વર્ષનાં કામોમાં ગતિ આવે, સારી રીતે કામો થાય અને ગુજરાતનું ભવિષ્ય ખૂબ ઉજળું બને એવી આશા છે.

શ્રીમતી નીમીષાબેન મ. સુથાર(મોરવાહડફ) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સન્માનનીય સભ્યશ્રી ભગવાનજીભાઇ કરગટીયાજી જળસંચય અભિયાન વિષય ઉપર જે ગૃહ સમક્ષ છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કરગટીયાજી. જેવું નામ છે, એવો જ જળ માટે કરકસરયુકત કઇ રીતે પાણીનો ઉપયોગ કરવો એવો પણ મર્મ આ પ્રસ્તાવ સાથે લાવ્યા છે.

અધ્યક્ષશ્રી : કરગટીયાનો અર્થ કરકસર થાય? એવો ન થાય. હોંશિયાર થાય. ચાલાક થાય.

શ્રીમતી નીમીષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, જળ એ જીવનનો આધાર છે. જળ છે તો બધું છે. જળ ના હોય તો, જળ વિના બધું જ જડ છે. કહેવાય છે કે પંચતત્ત્વમાં એક તત્ત્વ એટલે જળ. માનવ જીવનની જે પણ મૂળભૂત જરૂરિયાતો છે, એ પૈકી મુખ્ય જરૂરિયાત એટલે પાણી. એટલે જ જળ વગર જીવન શક્ય નથી. આ સૃષ્ટિ ઉપર પ્રાચીન કાળથી જ્યારથી સભ્યતા, પ્રાચીન સભ્યતાની વાત કરીએ. માનવ જીવનની વાતની શરૂઆત કરીએ. જ્યારથી શરૂઆત થઇ, ત્યારથી જ્યાં પ્રચુર માત્રામાં પાણી હતું. તળાવ, સરોવર કે નદી કિનારે. આ તમામ દેશોની સંસ્કૃતિનો જો ઉદભવ થયો હોય તો એ પાણી જ્યાં હતું ત્યાં અને એટલું જ આજે પણ સત્ય છે. ભારતીય સંસ્કૃતિ છે કે ઘરે કોઇ મહેમાન આવે તો પહેલાં પ્રેમથી પાણીનો એક ગ્લાસ આપવામાં આવે. તેનું સ્વાગત કરવામાં આવે. કોઇ રાહદારી જ્યારે નીકળે તો પાણીની પરબ બનાવી હોય અને પાણી આપીએ તો એ પૂણ્ય ગણાય. ભારતમાં જળનો ઇતિહાસ ખૂબ જૂનો છે. ગુજરાતમાં ઐતિહાસિક સ્થાપત્યો અનેક છે તેમાં પાટણની રાણીની વાવ કે જેને હેરીટેજ સ્થળોમાં સ્થાન મળ્યું છે એ આપણાં માટે ગૌરવની બાબત છે. જળની જ્યારે વાત આવે ત્યારે મહાત્મા ગાંધીજીના જીવનનો પ્રસંગ યાદ આવી જાય. મહાત્મા ગાંધીજી કરકસરપૂર્વક જીવન જીવતા. આશ્રમની સામે ખળખળ કરતી સાબરમતી નદીમાંથી પણ માત્ર ખપ પૂરતું જ પાણી લેતા. એક લોટો પાણી લઇને દાતણ કરતા અને કહેતા કે આ જે સહિયારી મિલકત છે તેમાંથી ખપ પૂરતા જ પાણીનો ઉપયોગ કરીશું. મહાત્મા ગાંધીજીએ વર્ષો પહેલાં પાણીની બચત અને કરકસર અંગે પોતાના વ્યક્ત કરેલા વિચારો હતા એ આજે પણ એટલા જ સાંપ્રત છે, એટલા જ સત્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામીણ વિસ્તારમાંથી આવું છું ત્યાં કહેવત છે કે ખેડ, ખાતર અને પાણી, સમૃદ્ધિ લાવે તાણી. આ વાતને ભારતીય જનતા પાર્ટીની સરકારે ખરેખર વાસ્તવિક રીતે ધરાતલ ઉપર ઉતારવાનું કામ કર્યું છે. ચોમાસામાં વરસાદ પડે અને જો પાણીનો સંગ્રહ ન થાય તો પાણી વહી જાય છે. મારો ડુંગરાળ વિસ્તાર છે. ગમે તેટલો વરસાદ પડે પણ ડુંગરાળ વિસ્તાર હોવાના લીધે પાણીનો સંગ્રહ ન થાય. પાણીથી વંચિત રહેવાય. આવો વિસ્તાર છે. પાણીને ધરતીમાં ઉતારવાનું કામ થાય, ભૂગર્ભજળ ઊંચા આવે તેના માટે આપણા રાજ્યમાં દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબની

પ્રેરણાથી શરૂ થયેલ સુજલામ્ સુફલામ્ જળ અભિયાનમાં છેલ્લાં છ વર્ષમાં ૭૪,૫૦૯ જેટલાં કામો સફળતાપૂર્વક હાથ ધરેલ છે. તેમાં ૮૬,૧૯૬ લાખ ઘનફૂટનો વધારો થયો છે અને ૨૬,૦૦૦ તળાવો પણ ઉંડા થયા છે. સુજલામ્ સુફલામ્ જળ અભિયાનની શરૂઆત માર્ચ-એપ્રિલ મહિનામાં કરવામાં આવતી હતી. સુજલામ્ સુફલામ્ જળ અભિયાનનો મુખ્ય ઉદ્ધેશ છે કે જળ સંગ્રહ કરવો. મને કહેતા આનંદ થાય છે કે વર્ષ ૨૦૨૩માં રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની દીર્ઘદષ્ટિના કારણે ફેબ્રુઆરી મહિનાથી જ આ યોજનાની શરૂઆત કરવામાં આવી છે. વરસાદનું પાણી અમૃત સમાન છે. તેના એક એક ટીંપાનો સંગ્રહ કરીને તેનો સદુપયોગ કરવાનું આ કૃષિલક્ષી અભિયાન છે. આ અભિયાન લોકલાગણીને ધ્યાનમાં રાખીને ૧૦૪ દિવસનું લાંબું રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અભિયાન થકી રાજ્યના તમામ ખેડૂતોને ખૂબ લાભ થવાનો છે. માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની રાહબરી નીચે જળ સંચય અભિયાનને વધુ સફળ બનાવી ખેડૂતો અને પશુપાલકોનું જીવનધોરણ કેવી રીતે ઊંચું આવે તે દિશામાં મક્કમ રીતે ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરી રહી છે. પાણી પરમેશ્વરનો પ્રસાદ છે અને પારસમણિ છે. ભગવાન મહાવીરે પણ પાણીનો ઘીની જેમ ઉપયોગ કરવો એવી શીખ આપેલી છે. જળ સંચય અને પાણીનો વ્યય અટકાવવામાં આ શીખ પણ સમયની માંગ છે. સુજલામ્ સુફલામ્ જળ અભિયાન હેઠળ વિસ્તારમાં તળાવો ઉંડા થવાના છે. ડીસિલ્ટિંગનાં કામો થવાનાં છે. ચેકડેમોનાં કામો થવાનાં છે. ચેકડેમોનાં કામો થવાનાં છે. નદીઓને પુનઃજીવિત કરવા માટેનાં પણ કામો થવાનાં છે ત્યારે આ જે માનનીય સભ્યશ્રી પ્રસ્તાવ લઇને આવ્યા છે ત્યારે અમારો મોરવાહડફ આદિજાતિ વિસ્તાર છે. એમાં પણ નવીન ચેકડેમોની જરૂર છે એમાં પણ હડફ નદીના આધારે જયારે ખેતી થતી હોય તો એની જે કેનાલો છે એને પણ રિપેરિંગ કરવાની જરૂર છે. આ તમામ કામો સાથે માનનીય સભ્યશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જળએ બધા માટે જયારે જીવન છે ત્યારે આ પ્રસ્તાવને હું અનુમોદન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓને વિનંતી કે આપણે એક કલાકની અંદર આ બધું કામ પૂરું કરવાનું છે એટલે જે સમયમર્યાદા દંડકશ્રી કક્ષાએથી આપી છે એને બધા વળગી રહેજો. આપણે ૪-૦૦ વાગ્યા પહેલાં એટલે કે ૩-૫૬ કલાકે આ પ્રસ્તાવને આપણે મત માટે મૂકવાનો છે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા સત્રના છેલ્લા દિવસે માનનીય સભ્યશ્રી ભગવાનજીભાઇ કરગટીયા જે જળઅભિયાન માટે કરકસરયુકત પાણીના ઉપયોગનો પ્રસ્તાવ લઇને જયારે આવ્યા છે, ત્યારે એની અંદર મારા વિચારો રજૂ કરવા માટે હું આપની સમક્ષ ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જળ, પાણી એ ખેડૂત માટે અને ગામડામાં રહેતા ગરીબમાં ગરીબ માણસ, મજૂર માણસ માટે સૌથી અનિવાર્યતા પાણીની જરૂરિયાત છે અને પાણી હોય તો જ ગામડામાં અને ખેડૂતો માટે સમૃદ્ધિ આવતી હોય છે, ત્યારે આજે જયારે જળસંચય ઉપર મારે વાત કરવાની છે અને મને બોલવાની તક આપી છે, ત્યારે મારે સૌથી પહેલાં એ કહેવું પડે કે મારો વિસ્તાર એ બનાસકાંઠાનો સૂકોભઠ્ઠ વિસ્તાર હતો. એને હરિયાળો બનાવવાનું જો કોઇએ કામ કર્યું હોય તો એનો શ્રેય આપણા દીર્ઘદ્રષ્ટા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબની દેન છે કે તેમણે તેમના વિઝનથી નર્મદાના જળ એ નર્મદાની કેનાલ અને સુજલામ સુફલામ મારફત સમગ્ર બનાસકાંઠાને હરિયાળું કરવાનું કામ જો કોઇએ કર્યું હોય તો આ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે એટલે આજે એમને યાદ કરવા પડે. આ ગૃહને જણાવતા મને જરાપણ સંકોચ નથી કે મારો વિસ્તાર બનાસકાંઠાએ વર્ષો અગાઉ સૂકોભઠ્ઠ વિસ્તાર હતો અને એ સરહદી વિસ્તારને અડીને હતો, ત્યારે બહુ બધા લોકો ત્યાંથી પાણી વગર જયારે દુષ્કાળો પડતા હતા, ત્યારે હિજરત કરીને બહાર જતા રહેતા હતા અને આજે એજ બનાસકાંઠા જિલ્લો નર્મદાના નીર થકી અને ખેતીવાડી અને પશુપાલન થકી એ સમગ્ર દેશમાં નહીં, પણ સમગ્ર એશિયા પણ નહીં, પણ સમગ્ર વિશ્વની અંદર વધુમાં વધુ દૂધ ઉત્પાદન કરતો જો કોઇ જિલ્લો હોય એક દિવસનું ૧ કરોડ લિટર દૂધનું ઉત્પાદન કરીને સમગ્ર વિશ્વની અંદર પ્રથમ હરોળની અંદર આજે બનાસકાંઠા પશુપાલનની અંદર બનાસ ડેરીના મારફત થયો છે. ગુજરાતની સંવેદનશીલ સરકારે વરસાદનું વહી જતું પાણી રોકવા માટે સુજલામ સુફલામ જળસંચય યોજના જે બનાવી છે અને એના દ્વારા આજે તળાવો ઉંડા કરવા, હયાત ચેકડેમો, જળાશયોનું ડીસિલ્ટિંગ, ખેત તલાવડી, વન તલાવડી, અટલ ભૂજલ યોજના મારફત અનેક પ્રકારના બોર રિચાર્જિંગ હોય એવાં અનેક પ્રકારનાં કામો આજે સમગ્ર જિલ્લાની અંદર થયાં છે. એના મારફત વહી જતું પાણી હતું એ તળાવોમાં રોકાવાથી ખૂબ મોટા પ્રમાણમાં ભૂગર્ભ જળની સમસ્યા બનાસકાંઠામાં જયારે વિકરાળ બની હતી, એમાં આ સુજલામ સુફલામ યોજનાના કારણે ઘણી બધી હળવાશ થઇ છે અને મને સંપૂર્ણ આશા છે કે સરકાર જે પ્રકારે આ યોજના અંતર્ગત ગામનાં તળાવો ઉંડા કરવાનું જે કામ કરી રહી છે તેના લીધે આવનારા સમયમાં રીચાર્જ થવાથી તળ ઊંચા આવવાની પૂરેપૂરી શકયતા છે. આ સભાગૃહને સંબોધન કરતા મારે કહેવું છે કે આપશ્રી અધ્યક્ષ તરીકે જયારે બનાસકાંઠા જિલ્લાની અંદર, બનાસડેરીના ચેરમેન તરીકે પણ આ જળશકિત અભિયાનની અંદર આ યોજના આવી ત્યારે એની સાથેસાથે બનાસકાંઠાની અંદર પણ બનાસ જળશકિત અભિયાન મારફત ૧૪૯ તળાવો અને ૨૭ જેટલા અમૃત સરોવરનું કામ કરી અને ૨૫ લાખ સી.એમ.ટી. જેટલી માટી ખોદી અને તળાવો ઉંડા કરવાનું કામ આપે બનાસડેરીના મારફત કરી અને સમગ્ર જિલ્લાની અંદર તળ ઊંચા આવવાનું ખૂબ અમૂલ્ય કામ આપના મારફત થયું છે. સહકારી માળખાની અંદરથી પણ માર્કેટ યાર્ડો અને બાકીની સહકારી સંસ્થાઓ મારફત પણ આપે ખૂબ મોટું કામ કર્યું છે.એ જ રીતે આવનારા સમયમાં જ્યારે આની ચર્ચા-વિચારણા કરવાની છે, ત્યારે પાણીનો સંચય કઇ રીતે થાય એ માટે મારી સરકારશ્રીને વિનંતી પણ છે કે પાણીનો બગાડ ખૂબ

મોટા પ્રમાણમાં જે ડેમોમાંથી સિંચાઇ મારફત કેનાલોમાં જાય છે, જે વિસ્તાર કમાન્ડ એરિયામાં વર્ષો પહેલાં લેવાયો છે, એમાં રી-કમાન્ડ એરિયા કરી ફરીથી કરવામાં આવે તો ઘણા બધા વિસ્તારો કમાન્ડ એરિયામાં આવરીને મોટા પ્રમાણમાં થઇ શકે એમ છે. મારા વિસ્તાર બનાસકાંઠા અને એમાં ધાનેરા, દાંતીવાડા અને પાંથાવાડા વિસ્તાર છે એ વિસ્તારમાં ખેડૂતો માટે ૧,૨૦૦ ફૂટે પણ પાણી નથી. જો પાણી થાય તો એ વિસ્તારમાં ખારું પાણી, ગરમ પાણી અને બાકીનો પથરાળ વિસ્તાર છે એમાં પાણી થતું નથી. સૌથી મોટી યોજના દાંતીવાડા ડેમ, સીપુ ડેમ અને હડમતિયા ડેમ પણ મારા વિસ્તારમાં આવેલ છે. સીપુ ડેમ બન્યા પછી આજસુધી ફક્ત એક જ વર્ષે ભરાયો છે. એના સિવાય સરકારનો આટલો મોટો ખર્ચ અને રોકાણ કરીને કેનાલો અને ડેમો પણ પડ્યા છે. એના માટે આવનારા સમયમાં કોઇ યોજના થાય અને આ યોજના મારફતે તળાવો ભરાય તો વધારે ઉપયોગી થાય. આ જળસંચયનાં કામો જળશક્તિ અભિયાન મારફત વધુને વધુ લોકો એનો ઉપયોગ કરે અને જે રીતે અધ્યક્ષશ્રી, આપશ્રીએ સહકારી માળખાને બનાસકાંઠામાં સાથે રાખીને ગામડે ગામડે લોકભાગીદારીમાં કામો કર્યાં છે, એ જ રીતે સમગ્ર રાજ્યમાં સહકારી માળખા સાથે રહી લોકભાગીદારી કરી તળાવો ઉંડા કરવાનું કામ, બોર રીચાર્જ કરવાનું કામ, કૂવા રીચાર્જ કરવાનું કામ થાય તો આવનારા સમયમાં તળ ઊંચા આવે. આ પ્રસ્તાવને હું સમર્થન કરું છું.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ-૧૦૨ નીચેનો પ્રસ્તાવ લઇને ભાઇશ્રી ભગવાનજીભાઇ કરગટિયા આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જળ એ જીવન છે. તળાવોની વાતો થઇ, નદીઓની વાતો થઇ, પાણી સંગ્રહ કરવાની વાતો થઇ, સરકારી યોજનાઓની પણ વાતો થઇ. મારે આપના મારફત આ ગૃહનું ધ્યાન દોરવું છે કે આજથી ૫૦-૫૫ વર્ષ પહેલાં મારા વિસ્તારની વાત કરું તો અમે જ્યારે નાના હતા ત્યારે અમારા દરિયાકાંઠા વિસ્તારની અંદર અમે કૂવામાંથી હાથે પાણી પી લેતા હતા. વરસાદનું પ્રમાણ વધ્યું છે. સરેરાસ વરસાદ પણ વધ્યો છે પણ આપણે સૌએ વિચારવાની વાત છે કે જ્યારે અમે કૂવામાંથી હાથથી પાણી પીતા હતા એ જમીનમાં આજે ૪૫૦થી ૫૦૦ ફૂટેથી પાણી ખેંચવું પડે છે. એનો મતલબ એવો થાય કે વરસાદ વધ્યો છે પણ તળ ઉંડા ગયા છે. પાણીનું ખેંચાણ વધ્યું છે. હું નિષ્ણાતોએ જે રિપોર્ટ આપ્યા છે એ રિપોર્ટ ઉપર આપના મારફત આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું. યુ.એન.ના રિપોર્ટમાં હમણા થોડા દિવસ પહેલાં તારીખ ૨૩મી માર્ચના દિવસે મેં છાપામાં વાંચ્યું ત્યારે યુ.એન.નો પાણી માટેનો રિપોર્ટ છે એ રિપોર્ટમાં ભારત માટે આવનારા સને ૨૦૫૦ના વર્ષમાં ભારતમાં ગંભીર પાણીની કટોકટી આવે એવું જણાવ્યું છે. આખી દુનિયામાં ભારતની વસતિ ૧૭.૭ ટકા છે.આપના મારફત ગૃહનું ધ્યાન દોરું છું કે, વસ્તીના ધોરણ પ્રમાણે આપણી પાસે પાણીનો સ્ત્રોત ૪.૫ ટકા છે અને એ ૪.૫ ટકા પાણીનો સંગ્રહ છે એ પીવા લાયક પાણીનો છે, ત્યારે આ પાણીના રિપોર્ટ આવ્યાં છે એ રિપોર્ટને આપણે બધાએ ગંભીરતાથી વિચારવું જોઇએ કે પાણી કઇ રીતે વાપરવું જોઇએ? પાણીની કરકસર કઇ રીતે કરવી? માનનીય અધ્યક્ષશ્રી, હું જ્યારે આપની ચેમ્બરમાં બેઠો હતો ત્યારે પાણીના મુદ્દે આપે પણ ધ્યાન દોર્યું હતું કે વિશ્વના અનેક દેશોની અંદર પાણી સરકારના કન્ટ્રોલમાં છે. મિટર પ્રથાથી પૈસા ભરે એ માત્રામાં એને પાણી મળે છે. મારી તો આજની પરિસ્થિતિ જોતા અને દેશ ઉપરના રિપોર્ટ ઉપરથી લાગી રહ્યું છે કે આવનારા સમયમાં કદાચ ખેતી માટે નહીં, પણ પીવાના પાણીની મુશ્કેલીઓ આવશે. તો મારી સરકારશ્રીને વિનંતી છે કે, આવનારા સમયમાં પાણી વીના ક્યારેય કોઇ માણસ જીવી નથી શકવાનો કે ખેતી પણ નહિ થઇ શકે. આપણે એકેએક ટીપાની કિંમત સમજવી પડે. અત્યારે મને લાગી રહ્યું છે કે એકેએક પાણીના ટીપાનો સંગ્રહ નહીં કરીએ તો પરિસ્થિતિ આવનારા સમયમાં વિકટ બનશે. મારા વિસ્તારમાં મેં જોયું છે અને સતત પાણીની પ્રક્રિયા માટે હું કામ કરું છું. મારું ગામ બાદલપરા છે. દરિયાકાંઠાથી ત્રણ કિલોમિટર દૂર અને તળની અંદર બિલકુલ ખારું પાણી થઇ ગયું. ખેતીની અંદર ચારો ઊગાડીએ એ પણ ખારો થાય અને એનાથી પશુધનને નુકસાન પહોંચતું હતું. એક દિવસ આખું ગામ ભેગું થયું. ત્યારે ગામ લોકોએ રજૂઆત કરી કે આપણે આના માટે કાંઇક કરો? તળાવ બનાવવા માટે કાંઇક કરો? ત્યારે ગ્રામસભા બોલાવીને તમામ ગામના લોકોએ સંમતિ આપી કે આપણા ગામની પાદરમાંથી નીકળતી નદી ગીરમાંથી નીકળે છે એ નદીને તળાવ બનાવીને ડાયવર્ટ કરીએ તો મેં કહ્યું કે એના માટે જમીન જોઇએ ત્યારે કહે કે અમે જે ગૌચર કે સરકારી ખરાબાની જમીન પેશકદમી કરી છે એ અને એના સિવાય અમારી માલિકીની જમીન જોઇતી હોય તો અમે આપીએ પણ અમને તળાવ બનાવીને આપો. દોઢ વર્ષ કામ કરીને તળાવ બનાવ્યું. આજે તળની અંદર ૯૦ ટકા મીઠું પાણી મળી રહે છે અને એનાથી ખેતી પણ થઇ શકે છે. એટલા માટે આપણે ચિંતા કરવાનું કારણ છે અને આ અંગે સરકારશ્રીને આપના મારફત એક ખેડૂતના દીકરા તરીકે વિનંતી કરું છું. હું ખેતીમાં ટપક પદ્ધતિનો ઉપયોગ કરું છું. ખેતીને હંમેશા ભેજની જરૂર હોય છે, પાણીની જરૂર હોતી નથી. એટલે ગુજરાત સરકારે આવનારા સમયમાં સબસિડીનો દર વધારીને સમગ્ર ગુજરાતમાં ટપક પદ્ધતિથી ખેતી થાય એવો કાયદો લઇ આવવો જોઇએ. ખેડૂતના દીકરા તરીકે માગણી કરું છું. કારણ કે આવનારા સમયમાં એના સિવાય છૂટકો નથી. આ દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇએ પણ મને ખબર છે કે લોકસભા અને કોઇ બીજી જગ્યાએ હું આ હાઉસમાં બેઠો હતો ત્યારે એમણે કહ્યું હતું કે 'પાણી છે એ ભગવાનનો પ્રસાદ છે' આવા શબ્દો માનનીય નરેન્દ્રભાઇએ કહ્યા છે. એટલે આપણે સૌ કોઇ પાણીને પ્રસાદ ગણીને વેડફાય નહીં કે એનો બગાડ ના થાય. આપણે નળ ખુલ્લો રાખીને એક ટીપું જવા દઇએ છીએ એનો પણ આંકડો કરોડો લિટરમાં બતાવ્યો છે. મારી પાસે ઘણા બધા રિપોર્ટ છે, પણ સમયનો અભાવ છે ત્યારે હું સરકારશ્રીને વિનંતી કરું છું કે, પાણી માટે જેટલી ચિંતા થાય એટલી આપણે સૌ કોઇએ કરવાની છે. આપણે બધા અહીંયા બેઠા છીએ ત્યારે હું આપના મારફત કહુ છું

કે, આપણે સંકલ્પ લઈએ કે આપણે પોતે પાણીનો સદુપયોગ કરીએ, પાણી બગાડીએ નહીં. આપણે આપણા વિસ્તારમાં ખેડૂતો ટપક પદ્ધતિથી ખેતી કરે એના માટે એમને સમજાવીએ. ખેડૂતોને એમાં પૂરેપૂરો સહયોગ આપીએ. આવનારા સમયમાં સરકાર આ અંગેનો કાયદો લઇ આવે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આપ જે બોલ્યાં એનું એક નિવેદન કરીને સરસ મઝાનું ભાષણ યુટ્યૂબ ચેનલ ઉપર લોકો સુધી પહોંચાડીશું તો બહુ મોટી જાગૃતતા આવશે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી (ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, પંદરમી વિધાનસભાના બીજા સત્રના છેલ્લા દિવસે જળસંચય અભિયાનના પ્રસ્તાવ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જળસંચય અને જળસંગ્રહ લગભગ આપણા વડવાઓએ આપણને સારી રીતે શીખવેલું છે. રાજાઓ પણ પોતાના રજવાડાઓમાં પણ જળસંગ્રહની પદ્ધતિ અલગ અલગ પ્રકારે કરતા હતા જો આજે પણ આપણે હેરિટેજ ઉપર જઇએ અને બિલ્ડિંગો જોઇએ ત્યારે અબર પડે કે કેવી રીતે પાણીનો સંગ્રહ કરતા હતા. એ સમયે પણ વગર વીજળીએ એન્ટીગ્રેવિટીમાં કેવી રીતે પાણીનો સંગ્રહ કરવો એ પણ સારી રીતે આપણે જોવાનું હતું. એના પછી કયારેક ઘણાં વર્ષો સુધી દુષ્કાળ પડતા. ભૂગર્ભ જળ સચવાતા નહીં અને ગામોના ગામ હિજરત કરતા હતા. એ પછી અંગ્રેજોનું શાસન આવ્યું. એના પછી આઝાદી મળી. લોકશાહી આવી એટલે પાણી પૂરું પાડવાની જવાબદારી સરકાર ઉપર આવી. પ્રજાની સુખાકારી માટે સરકાર હંમેશા શિક્ષણ, પાણી આવા જે મહત્ત્વના મુદ્દાઓ છે એના ઉપર કામ કરતી હોય છે, ત્યારે લગભગ પાણીના ક્ષેત્રે કેટલાક એરિયા ઉત્તર ગુજરાત હોય, સૌરાષ્ટ્ર હોય, કચ્છ હોય ત્યાં આના ઉપર કોઇ વિશેષ કામ થઇ શકયું નહોતું, પણ જયારે ગુજરાતની ધરા શ્રી નરેન્દ્રભાઇએ સંભાળી અને એમ કહેવાય કે ખેડૂત જયારે એમ કહેતો કે અમને ખેતી કરવા માટે પાણી આપો ત્યારે એમ કહેવાય કે સંવેદના એ સર્જનશીલતાની જનેતા છે અને આ જ ખેડૂતોની સંવેદનાથી માનનીય નરેન્દ્રભાઇએ જી.જી.આર.સી. કંપનીની સ્થાપના કરી હતી. એ વખતે એવું કહેવામાં આવ્યું હતું કે પાણીની ચિંતા કરતા, ઓછા પાણીની અંદર પણ વધુ ખેતી થઇ શકે એના માટે ૭૦ ટકાથી લઇને ૯૦ ટકા સુધીની સબસિડી જી.જી.આર.સી. કંપની દ્વારા ખેડૂતોને આપવામાં આવી હતી અને આજે એનાં પરિણામો આપણને દેખાયાં છે કે કેટલાય વિસ્તારની અંદર પિયત વિસ્તાર પણ વધ્યો અને ભૂગર્ભની અંદર પાણી એટલા ઓછા વપરાયા. હું ડીસા તાલુકામાંથી પ્રતિનિધિત્વ કરું છું. મને કહેતા આનંદ થાય છે કે આ જી.જી.આર.સી.નો આખા રાજયની અંદર કોઇએ સૌથી વધુ લાભ લીધો હોય તો ડીસા તાલુકાએ લીધો. ૮૫ ટકા ખેતી ફુવારા આધારિત અને ટપક પદ્ધતિ આધારિત ખેતી છે અને એના એવોર્ડ પણ જિલ્લાને મળેલા છે. બનાસકાંઠાની અંદર અતિવૃષ્ટિ બે વખત આવી. વર્ષ ૨૦૧૫માં અને વર્ષ ૨૦૧૭માં પૂર આવ્યું. વર્ષ ૨૦૧૫માં આવ્યું તો ૩૫ વર્ષ જિલ્લાને પાણી ચાલે એટલું રણમાં જતું રહ્યું. વર્ષ ૨૦૧૭ ની અંદર ૩૮ વર્ષ ચાલે એટલું પાણી દરિયામાં જતું રહ્યું. ત્યારે જળસંગ્રહ અથવા જળસંચય કરવાની કોઇ યોજનાઓ નહોતી અથવા આપણી જોડે એવી કોઇ ખાસ ફેસિલિટી નહોતી, એટલા માટે શુદ્ધ પાણી, વરસાદનું પાણી આપણે રણમાં જતું જોયું છે. વર્ષ ૨૦૧૮માં સુજલામ સુફલામ યોજનાની શરૂઆત થઈ. તળાવો ઉંડા કરવાનું ચાલુ થયું, ડીસિલ્ટિંગ કરવાનું ચાલુ થયું. એની સાથેસાથે ચેકડેમોની સફાઇ કરવાનું ચાલુ થયું. કાંપ લેવાનું ચાલુ થયું. એના લીધે સંગ્રહશક્તિની અંદર આ રાજય સરકારે જે યોજના બનાવી એના માટે પણ ખૂબ સારી માત્રાની અંદર આપણે જળસંગ્રહ કરી શકયા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપ જે સંસ્થાના વડા છો એમાં પણ ખૂબ સારું એક મોડલરૂપી કહી શકાય. એમાં પણ બનાસ ડેરી દ્વારા જળસંચય અભિયાનને વેગવંતુ બનાવ્યું છે. આપણે જોઇએ તો જનભાગીદારી દ્વારા ગામેગામ નવા ચેકડેમો ઊભા થાય એવાં પણ કામો થયેલાં છે. જેમ દરિયાના ભેજમાંથી વાદળ બને અને વાદળમાંથી વરસાદરૂપી પાણી ધરતી ઉપર પડે, નાળામાં જાય, નદીમાં જાય અને ફરી એ નદી દરિયાને મળી જાય અને ફરી એમાંથી ભેજ બને, વાદળ બને અને વરસાદ પડે એમ પ્રભુના પ્રસાદને આપણે ફરી ધરતી માતાની અંદર ઉતારીએ તો પાછું ખેડૂતને જ એ કામ આવવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની એક ખેતતલાવડીની યોજના. ગઈસાલ બનાસકાંઠાની અંદર વરસાદનું પાણી એક જીઓમેમરન એટલે કે એક ખાડો ખોદે એની અંદર પ્લાસ્ટિક લગાવે. એ જીઓમેમરન ૫૦૦ માઇક્રોનનો યુઝ કરે અને એમાં વરસાદના પાણીનો સંગ્રહ કરે, એનાથી ખેતી કરે અને ઝીરો ટીડીએસવાળા પાણીથી ખેતી કરે એટલે ઉત્તમ ખેતી થાય. આ યોજના માત્રને માત્ર મોડલરૂપી બનાસકાંઠામાં લાવવા માટે હું રાજય સરકારનો આભાર માનું છું અને અભિનંદન પણ આપું છું. આ વર્ષે મને એમ લાગે છે કે આખા ઉત્તર ગુજરાત અને જેને જેને પાણીની તકલીફ છે. આ જે ખેતતલાવડીની યોજના રાજય સરકારે કરી છે એ માટે પણ આભાર માનું છું. આ વર્ષે મને એમ લાગે છે કે, આખા ઉત્તર ગુજરાતમાં જેમણે પાણીની તકલીફ છે તે આ ખેત તલાવડીની યોજના રાજ્ય સરકારે કરી છે તે માટે સરકારનો આભાર માનું છું. તેવી જ રીતે ઘણા જૂના ટ્યુબવેલ નકામા પડ્યા છે. પહેલાં આપણે વીરડીથી પાણી પીતા હતા, તે પછી પાણી ઉંડું ગયું એટલે હેન્ડપંપ લાવ્યા અને તેનાથી ઉંડું ગયું એટલે આપણે કૂવા બનાવ્યા અને તેનાથી ઉંડું ગયું એટલે ટ્યુબવેલ બનાવ્યા. એક ટ્યુબવેલ ફેલ થયો એટલે બીજો - ત્રીજો બનાવ્યો. એટલે જૂના ટ્યુબવેલ એમને એમ પડેલા છે, નકામા પડેલા છે તેને રીચાર્જ કરવા હોય તો મનરેગા યોજનાની અંદર સામેલ કરેલ છે અને તેમાં નાના અને સિમાંત ખેડૂતો આ યોજના લાગુ કરવા માગતા હોય તો તેમાં સરકાર સહાય આપે છે. તેના માટે રાજ્ય સરકારને અભિનંદન આપું છું. માનનીય ધારાસભ્યશ્રી ભગવાનજીભાઇ જે પ્રસ્તાવ લાવ્યા છે હું એને સંપૂર્ણપણે ટેકો આપું છું અને આ યોજના માટે માનનીય ધારાસભ્યશ્રીને વિનંતી કરું છું કે આ લાગુ કરે, જળસંચય ક્ષેત્રે સારું કામ કરે તો

આવનારી પેઢી આપણને યાદ રાખશે કે આ જળસંચય આ સમયની અંદર થયેલ છે. આવનારી પેઢીને જળસંચય થકી શુદ્ધ પાણી આપીને જવાના છીએ. આ પ્રસ્તાવને હું મારું સમર્થન આપું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભગવાનજીભાઇ કરગટીયા જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું અને સાથોસાથ આ સરસ મજાના પ્રસ્તાવને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાણી અને પાણીનો વિવેકપૂર્ણ રીતે વાપરવું જોઇએ. સમગ્ર પૃથ્વીમાં પીવાલાયક પાણી ત્રણ ટકા જ છે. આપણા ગુજરાતની વાત કરવામાં આવે તો તેમાં પીવાલાયક પાણીના સ્ત્રોત છે તે ખૂબ જ નહીંવત છે. વિશ્વની મોટાભાગની સંસ્કૃતિ તે નદીકિનારે વસેલી છે. તેમાં લોથલ ખાતે આ સંસ્કૃતિના અવશેષો જોવા મળે છે. હડપ્પન ખાતે પણ આવી સંસ્કૃતિના અવશેષો જોવા મળે છે. તે સમયની સંસ્કૃતિમાં ખૂબ સરસ મજાની ગટર વ્યવસ્થા અને પાણીની વ્યવસ્થા સારી જોવા મળતી હતી. તેના અવશેષો આજે જોવા મળે છે. આપણા પૂર્વજોએ પાણીની અગત્યતા કેવી છે તેનું સરસ મજાનું ઉદાહરણ તે વખતે આપેલું હતું. આપણા ગુજરાતમાં કુદરતી સંશાધન ખૂબ સરસ છે. સંગ્રહ કરવાની ક્ષમતા ઘણી બધી જોવા મળે છે પણ કયાંકને કયાંક તેમાં આપણી સરકારની ઉદાસિનતા જોવા મળે છે. ભાવનગરની કલ્પસર યોજનાની વાત કરીએ તો ઘણાં વર્ષો પહેલાં આ કલ્પસર યોજનાનો સરવે કરવામાં આવ્યો હતો. આ સરવે અંતર્ગત રૂપિયા ૮૦ કરોડ જેટલો ખર્ચ પણ થયેલો છે. ૨૭ વર્ષના શાસનમાં આ કલ્પસર યોજના પૂર્ણ કરવામાં આવી હોત તો ઘણાબધા ખેડૂતોને તેનો લાભ મળ્યો હોત. સૌરાષ્ટ્રથી દક્ષિણ ગુજરાતની જે કનેક્ટિવિટી છે તેના અંતરમાં પણ ઘટાડો થયો હોત. મારા બોટાદ જિલ્લાની વાત કરું તો બોટાદ તાલુકાનું ગાળા ગામ છે. આ ગાળા ગામમાં વર્ષોથી ડેમ બનાવવાની યોજના અમલમાં મૂકી છે. અનેક વખત જે તે સમયે મંત્રીશ્રીઓ દ્વારા ખાતમુહૂર્ત કરવામાં આવ્યા. ખેડૂતોની જમીનો વર્ષો પહેલાં સંપાદન કરવામાં આવી છે. હજી સુધી આ ગાળા ગામે ડેમની યોજના અમલમાં આવી નથી. આ ગાળા ગામ ખાતે ડેમની યોજના પૂર્ણ કરવામાં આવે તો મારા મત વિસ્તારમાં અનેક ખેડૂતોને લાભ મળે તેમ છે અને ખેડૂતોની આવકમાં વધારો થાય તેમ છે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રી ભગવાનજીભાઇ કરગટીયા જે જળસંચય અભિયાન વિષય પર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેના પર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જળ એ જ જીવન તે સૂત્ર આપણા સૌના જીવનમાં વણાઇ ગયેલું છે. અગાઉની સરકારોએ માત્ર જમીનમાંથી પાણી ખેંચવાનું આયોજન કર્યું. પરંતુ ભૂગર્ભમાં ઉતારવાનું કયારેય પ્લાનિંગ કર્યું નથી.તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા જળ સંચય માટે નક્કર આયોજન કરવામાં આવ્યું, સરકાર દ્વારા સુજલામ સુફલામ જળ સંચય અભિયાન અંતર્ગત જળ સંચય માટે મહી નદી પર કડાણા બંધના વધારાના પૂરના પાણીથી ઉત્તર ગુજરાતના સૂકા વિસ્તારને નવપલ્લવિત કરવા માટે સુજલામ સુફલામ યોજના મારફતે રૂપિયા ૫૦૦૦ કરોડથી વધુ ખર્ચે જળ સંચય થાય એવું કામ કર્યું છે. વર્ષોથી ખોરંભે પડેલ નર્મદા યોજનાનું બાંધકામ પૂર્ણ કરીને આ રાજયના પનોતા પુત્ર અને આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પોતાની દીર્ઘદષ્ટિથી મા નર્મદામાં વહી જતા નીરનું સુચારું આયોજન કરી સમગ્ર ગુજરાતની મોટા ભાગની સૂકી અને કોરીભઠ્ઠ નદીઓમાં મુખ્ય કેનાલમાંથી નર્મદાનું પાણી નાંખી સજીવન કરી જળ સંચયનું ઉત્તમ કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબના પગલે રાજયના યશસ્વી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવર બનાવવાનો નિર્ધાર કર્યો છે જે ખૂબ જ આવકારદાયક છે તે બદલ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને પણ અભિનંદન આપું છું. બે દાયકા પૂર્વે ગુજરાતમાં સતત પાણીની કટોકટી રહેતી હતી, પણ આજે કમ્પોઝિટ વોટર મેનેજમેન્ટ ઇન્ડેક્ષ મુજબ ગુજરાત જળ વ્યવસ્થાપન ક્ષેત્રે છેલ્લાં ત્રણ વર્ષથી અગ્રસ્થાને છે. ઉત્તર ગુજરાતના મોટા ભાગના લોકો પશુપાલન અને ખેતી વ્યવસાય સાથે જોડાયેલ છે. ઉત્કૃષ્ટ ખેતી અને પશુપાલન માટે સારી સિંચાઇની વ્યવસ્થા હોવી જરૂરી છે. ગ્લોબલ વોર્મિંગને લીધે બદલાયેલા આબોહવાથી ખેતીમાં ગમે ત્યારે નુકસાન થવાની ભીતી રહેલી છે. ખેતીની સાથે પશુપાલન કરતા ખેડૂત આ પ્રતિકૂળ આબોહવામાં પણ પશુપાલન થકી આવક મેળવી સારું જીવન જીવી શકે છે. ઉત્તર ગુજરાતમાં દૂધ ઉત્પાદન ઘણું સારું થાય છે. રાજયમાં આવેલા ૧૮ ઉત્પાદક સંઘો પૈકી ઉત્તર ગુજરાતના ત્રણ સંઘો એટલે કે બનાસ ડેરી, દૂધ સાગર ડેરી અને સાબર ડેરી થકી રાજયના કુલ ઉત્પાદનના ૫૦ ટકા જેટલું દૂધ આ ઉત્તર ગુજરાતમાં ઉત્પન્ન થાય છે. વાર્ષિક રૂપિયા ૨૫ હજાર કરોડથી પણ વધારે ઉત્તર ગુજરાતના પશુપાલકોને મળે છે, એટલે કે દૈનિક ૬૫ કરોડથી વધારે રૂપિયા ઉત્તર ગુજરાતના પશુપાલકોને મળે છે. કોરોનાના કપરા કાળમાં માત્ર પશુપાલન અને ખેતી સેકટરે જ લોકોને રોજગારી પૂરી પાડી હતી એ આપણે સૌ જાણીએ છીએ. ઉત્તર ગુજરાતમાં અને ખાસ કરીને મારા મહેસાણા જિલ્લામાં જળ સંચય અને જળ સંરક્ષણ વ્યવસ્થા થાય તો દૂધ ઉત્પાદન પણ ડબલ થઇ શકે જેથી ખેડૂત અને પશુપાલકોની આવક પણ ચોક્કસપણે ડબલ થઇ શકે. મહેસાણા જિલ્લામાં ભૌગોલિક વિસ્તાર ઘણો મોટો છે, પણ જિલ્લામાં બારમાસી નદીઓનો અભાવ હોવાના લીધે જળ સંચય ખૂબ જરૂરી બની જાય છે. મહેસાણા જિલ્લાને જળ સંરક્ષણ ભૂતકાળ વારસામાં મળેલો છે અને મારા મત વિસ્તારમાં આવેલું અને ગાયકવાડ સરકારે બનાવેલું વર્ષો જૂનું ૧૬૦૦ એકરમાં આવેલું ચિમનાબાઇ સરોવર અને વડનગરનું શર્મિષ્ઠા તળાવ જળ સંચયનું ઉત્તમ ઉદાહરણ છે. માનનીય અધ્યક્ષશ્રી, ચિમનાબાઇ સરોવરમાં જેટલું પાણી નર્મદામાંથી આવીને ભરાવું જોઇએ

એટલું ભરાતું નથી, ત્યારે તેમાં વધુ પાણી આવે તેવી જોગવાઇ કરવા આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારું સૂચન અને માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તારમાં પસાર થતી રૂપેણ, ખારી, પુષ્પાવતી અને સાબરમતી નદીમાં જળ સંગ્રહ થાય તે માટે ચેકડેમો, બૅરેજ કામો હાથ ધર્યાં છે અને હજુ આવાં વધુ કામો થાય એવી અરજ માનનીય મંત્રીશ્રીને હું કરું છું. ધરોઇ ડેમ મારા મત વિસ્તારમાં હોવા છતાં ખેરાલુ અને સતલાસણા તાલુકાના ગામોમાં ભૌગોલિક પરિસ્થિતિને કારણે ધરોઇ ડેમનું પાણી પહોંચતું નથી. ધરોઇ ડેમમાંથી વોટર લિફ્ટિંગ કરી આ ગામોમાં તળાવો ભરવા માટે રૂપિયા ૩૧૭ કરોડનાં કામની વહીવટી મંજૂરી મળી ગઇ છે અને ટૂંક સમયમાં આગળની કામગીરી કરી તળાવોમાં પાણી ભરવાનું શરૂ થનાર છે તે ભગીરથ કાર્ય બદલ રાજયના મુખ્યમંત્રી માનનીયશ્રી ભૂપેન્દ્રભાઇ, નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ અને માનનીય સિંચાઇ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાનો પણ આભાર માનું છું. જય જય ગરવી ગુજરાત.

શ્રી રમણલાલ ઇ. વોરા(ઇડર) : માનનીય અધ્યક્ષશ્રી, આપનો ખૂબ ખૂબ આભાર.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપને પંદર મિનિટ પૂરતી મળશે તેમાં ઓછી નહીં થાય. આપ ચાર મિનિટમાં પૂરું કરી દો.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, હું થોડીક પાશ્ચાત ભૂમિકા સાથે મારી વાત રજૂ કરવા માગું છું. વર્ષ-૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી અને આજના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ રૂપિયા ૬૨૩૮ કરોડની સુજલામ સુફલામ યોજના કેન્દ્ર સરકારમાં મૂકી. માનનીય અટલ બિહારી બાજપાઇજી દેશના વડાપ્રધાન હતા તેમણે મંજૂર કરી. વર્ષ-૨૦૦૪માં યુપીએની સરકાર આવી, યુપીએની સરકારે ના પાડી અને ગુજરાતે પોતાના સ્વભંડોળમાંથી રૂપિયા ૬૨૩૮ કરોડની સુજલામ સુફલામ યોજના માત્ર ઉત્તર ગુજરાત માટે કાચી કેનાલ માટેની એમણે તૈયારી કરી. આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી આપણા મુખ્યમંત્રી રહ્યા, શ્રીમતી આનંદીબેન પટેલ પણ આપણા મુખ્યમંત્રીશ્રી રહ્યા. વર્ષ-૨૦૧૭ની ચૂંટણી થઇ અને ઘોડો અને અસ્વાર બદલાઇ ગયા. ફરીથી વર્ષ-૨૦૧૮થી ૨૦૨૨માં જળ સંપત્તિ વિભાગ તરફથી આ સુજલામ સુફલામ યોજના અમલમાં આવી. માનનીયશ્રી નરેન્દ્રભાઇ હતા, શ્રીમતી આનંદીબેન હતા ત્યાં સુધી નહિ, પણ અસ્વાર અને ઘોડો બદલાઇ ગયા, એટલે સુજલામ સુફલામ યોજના આવી. સુજલામ સુફલામ યોજનામાં શું કરવાનું? તળાવો ઉંડા કરવાના. હું નિયમિત મારા મત વિસ્તારમાં જવાવાળો માણસ છું. હજુ સુધી કોઇ તળાવો ઉંડા કરવાનું કામ શરૂ થયું નથી. થશે, અને જેવો જૂન મહિનાનો છાંટો પડે તેની આ રાહ જોઇને બેઠા છે. ગુજરાતના ખેડૂતોને આ તળાવોને કાંઇ લેવા દેવા નથી. ભરવાનો તો સવાલ જ આવતો નથી. ચેકડેમ અને જળાશયોનું ડિસિલ્ટિંગ. આ યોજના અમલમાં આવી ત્યારથી આજદિન સુધીના મારા મત વિસ્તારમાં, મારા જિલ્લામાં એક પણ ચેકડેમ, એક પણ જળાશયનું ડિસિલ્ટિંગ થયું હોય તો મારે તેની વિગતો જોઇએ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તળાવોના પાળા બાંધીશુ. અરે, પાણી નથી તમે પાળા કયાં બાધશો? તળાવ નથી, પાણી નથી તો વેસ્ટવિયર શેના માટે બાંધવાનો? અને વેસ્ટવિયર બાંધવાનો અને તેનું મજબૂતીકરણ કરીશું. અરે, ભાઇ પેલામાં પાણી જ નથી તો પણ તમારે વેસ્ટવિયર બનાવવો છે, તેનું મજબૂતીકરણ કરવું છે? કયા તળાવોનું? એથી આગળ વધીને નહેરોની સાફ-સફાઇ અને મરામત કરીશું. મારા મત વિસ્તારમાં ધરોઇ ડાબા કાંઠાની કેનાલ આવી છે, તે કેનાલ થઇ ત્યારથી વર્ષ-૧૯૭૩થી અત્યાર સુધીમાં એક વર્ષે, પાંચ વર્ષે, દસ વર્ષે, પંદર વર્ષે, વીસ વર્ષે એક પણ વખત સફાઇ થઇ હોય તો મારે જાણવી છે. સફાઇની વાત તો છોડો ઉપરથી લખે છે કે અમે મરામત કરીશુ. અરે, સફાઇ નથી કરતા તો મરામત કોની કરવાના છો? અને એટલા માટે આ સુજલામ સુફલામ યોજના તે માત્ર અધિકારીઓના મનની પેદાશ છે અને એટલા માટે માનનીય મંત્રીશ્રીને મારે વિનંતી છે કે નદીને પુનર્જિવિત કરવી છે. તળાવોમાં પાણી નથી તો કઇ નદી જીવિત કરવી છે? ઉત્તર ગુજરાતની એક પણ નદીને જો જીવિત કરી હોય તો એ પણ મારે જોઇએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર સુજલામ સુફલામ યોજનાનાં નાણાં નર્મદા અને જળસંપત્તિ વિભાગમાંથી અલગ વિભાગ કરીને, હું મારા વિભાગની વાત ડેપ્યુટી એન્જિનિયર, એક્ઝિક્યુટીવ એન્જિનિયર, સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર, ચીફ એન્જિનિયર, સેક્રેટરી, માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી આટલા લોકો સુધી પહોંચાડું છું અને બધાને મળું છું. મુખ્યમંત્રીશ્રીને મળું છું, મંત્રીશ્રીને મળું છું, સેક્રેટરીને પણ મળું છું એક ચીફ એન્જિનિયરને હું મળવા ગયો. આ દોઢ વર્ષ પહેલાંની વાત કરું છું.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : સાહેબ, એક મિનિટ.

અધ્યક્ષશ્રી : આપ તો અધ્યક્ષ રહી ચૂક્યા છો. મારે મંત્રીશ્રીને ૧૫ મિનિટ આપવી પડે. ૧૫ મિનિટનો સમય મંત્રીશ્રીનો છે. આપનું યાદીમાં નામ નહોતું છતાંય આપે કહ્યું, હાથ ઊંચો કર્યો, સિનિયર છો એટલે મેં ચાર મિનિટ આપી.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, મારું યાદીમાં નામ નહોતું પણ મારી વિનંતી છે. દંડકશ્રી પણ જોઇ લે. માનનીય સચિવશ્રી પણ જોઇ લે અને આપ પણ જોઇ લો કે છેલ્લા દિવસના પ્રસ્તાવની શું સ્થિતિ હોય? મારે માત્ર એટલું કહેવું છે કે આટલી કામગીરી કર્યા પછી એ જ અધિકારી મને પ્રશ્નોત્તરીમાં લખીને આપે છે કે આવી કોઇ યોજના અમલમાં નથી. વર્ષ ૧૯૯૫માં હું પહેલી વખત મંત્રી બન્યો હતો. મંત્રી હોવા છતાંય હાઇકોર્ટમાં ગયો હતો. મારા મત વિસ્તારના લોકોને લાભો

આપ્યા હતા અને હજી પણ રાજ્ય સરકાર મારાં કામો નહિ કરે તો આ ગૃહના શાસકપક્ષના ધારાસભ્ય હોવા છતાં મને કોર્ટમાં જતા કોઇ રોકી શકશે નહિ આટલી મારી વિનંતી છે.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા(જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના સભ્ય આદરણીય શ્રી ભગવાનજીભાઇ કરગટિયા ખૂબ અગત્યના વિષય પર છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું આવકારું છું અને સાથે-સાથે શ્રી ભગવાનજી ભાઇના માધ્યમથી અન્ય સાત સભ્યોએ એમના વિચારો ફ્લૉર પર મૂક્યા છે એની મેં નોંધ લીધી છે. રાજ્ય સરકારે જે કામગીરી કરી છે અને આવનારા દિવસોમાં જે કામગીરી કરવા જઇ રહ્યા છે એની પણ મેં સૂચનોના આધારે ગંભીરતાથી નોંધ લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જળસંચય એ સૌના માટે ખૂબ અગત્યનો વિષય છે અને આ વિષયને ધ્યાનમાં રાખીને શ્રી ભગવાનજીભાઇ કરગટિયા આ પ્રસ્તાવ લઇને આવ્યા છે, ત્યારે ફરી એમનો અને જેમણે આજની આ ચર્ચામાં ભાગ લીધો છે એમનો પણ હું આભાર માનું છું. ગુજરાતમાં પાણીની ઉપલબ્ધતા કુદરતી રીતે અસમાન છે. વિસ્તારને ધ્યાનમાં રાખીને કહીએ તો મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ૭૧ ટકા જેટલું, ઉત્તર ગુજરાતમાં ૧૧ ટકા જેટલું, સૌરાષ્ટ્રમાં ૧૬ ટકા જેટલું અને કચ્છમાં માત્ર ૨ ટકા પાણીની ઉપલબ્ધિ છે. રાજ્યમાં કચ્છ વિસ્તારમાં વાર્ષિક સરેરાશ ૪૦૦ મિ.મી. જેટલો, સૌરાષ્ટ્રમાં ૪૦૦થી ૮૦૦ મિ.મી. જેટલો અને અન્ય વિસ્તારમાં ૮૦૦થી ૨૦૦૦ મિ.મી. જેટલો વરસાદ પડતો હોય છે. આ સાથે વધતી જતી વસતી, આર્થિક વિકાસ, વધતું જતું શહેરીકરણ અને લોકોના જીવનધોરણમાં સતત સુધારો અને બદલાવ જેવી બાબતો પાણીનો વપરાશ વધારવામાં એક યા બીજી રીતે કારણભૂત બને છે. આ બધાને ધ્યાને રાખીને જળસ્ત્રોતનો વિકાસ અને સંરક્ષણ એ આપણા અસ્તિત્વ માટે ખૂબ જરૂરી છે. આ માટે જળસંરક્ષણ, પાણીની સમાન અને કરકસરયુક્ત વહેંચણી તથા જળસ્ત્રોતમાં વધારો આ ત્રણેય બાબતો પ્રત્યે સતત વિચારણાને ધ્યાનમાં રાખીને આ જળસંરક્ષણની વાત ફ્લૉર પર મૂકવા માટે હું આપની વચ્ચે આવ્યો છું. જળસંરક્ષણ માટે સ્થાનિક કક્ષાએ જે રીતે વિસ્તારના જળસ્ત્રોતો જેવા કે ચેકડેમ, તળાવો, બોરી બંધ વગેરે રીચાર્જ કરવામાં કેટલીક સગવડતાઓ સહેલી છે અને એને રીચાર્જ કરવા માટે આ અમલવારી કરવામાં આવે છે. એમાં ખાસ કરીને જળસંચયનાં કામો થાય છે એમાં ઓછી કિંમતે જમીન સંપાદન કર્યા વિના એટલે કે વળતર આપ્યા વિના અને ખરીફ પાકને બચાવી શકાય અને સાથે-સાથે સ્થાનિક લોકોને એના સહભાગીદાર બનાવી શકાય એટલે કે અમે કાંઇક હિસ્સો આપ્યો છે એવા ભાગીદારીના રૂપે આ જળસંચયનાં કામો કરવામાં આવે છે. પાણી બચાવવા અને પાણીનો બગાડ અટકાવવા માટે લોકમાનસમાં જાગૃતિ એ ખૂબ મહત્ત્વનું કામ છે. આ હેતુથી રાજ્ય સરકાર દ્વારા સુજલામ-સુફલામ જળ અભિયાનની શરૂઆત તા.૧લી મે, ૨૦૧૮માં કરવામાં આવી. ગુજરાતના સ્થાપના દિવસે એની શરૂઆત થઇ. આ જળસંચય અભિયાનને મળેલ બહોળા પ્રતિસાદ સાથે ઉત્કૃષ્ટ પરિણામને ધ્યાને લઇ વર્ષ ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૧ અને ૨૦૨૨માં કોરોનાની વૈશ્વિક મહામારીના સમય દરમિયાન પણ જળસંચય શક્તિનાં કામો થયાં હતાં. શ્રમિકોને તે વખતે રોજગારી મળે તે માટે પણ આ અભિયાન ચાલુ રાખેલું. સુજલામ્ સુફલામ્ જળ સંચય અભિયાન અંતર્ગત જળ સંચયનો વધારો થાય તે માટે મુખ્યત્ત્વે તળાવો ઉંડા કરવા, અનુશ્રવણ તળાવો, જળાશય તથા ચેકડેમનું ડીસિલ્ટિંગ કરવાનું, ચેકડેમ રિપેરિંગ કરવાના, નહેરોની સાફ-સફાઇ તથા મરામત અને જાળવણી, નદી, તળાવ, વોંકળા, કાંસની સાફ-સફાઇ કરાવવાની, તે પુનર્જીવિત થાય તે માટેના જળ સંચયનાં કામો કરવાનાં, પરંપરાગત જળ સ્ત્રોતોના નવીનીકરણનાં કામો તથા નવા તળાવો, વન તળાવ, ખેત તલાવડી, માટી પાળા, ગેબિયન, ગેબિયન કન્ક્લુટેંજ, રેન વૉટર હાર્વેસ્ટિંગ વગેરે જેવાં કામો વન વિભાગ મારફતે અને અમારા આ અભિયાન મારફતે કરવામાં આવે છે. સુજલામ્ સુફલામ્ અભિયાન અંતર્ગત છેલ્લાં પાંચ વર્ષમાં ૪૪,૫૦૯ જેટલાં કામો પૈકીના મુખ્ય તળાવો ઉંડા કરવાના ૨૭,૭૦૯, નવા તળાવો કરવાના અને ચેકડેમ ડિસિલ્ટિંગનાં ૧૬,૨૯૧ જેટલાં કામો, ચેકડેમ રિપેરિંગના ૪,૫૦૮ જેટલા કામો, કુલ ૫૬,૭૭૮ જેટલાં કામો, ખાસ કરીને નહેરોની લંબાઇ-સફાઇ કરવાની આ બધી કામગીરી આ જળ સંચય અભિયાન અંતર્ગત કરવામાં આવે છે. જેનાથી ૮૬,૧૯૬ લાખ ઘન ફૂટ જેટલો જળ સંગ્રહ શક્તિમાં વધારો થયો છે. આ માનવ દિનની રોજગારી ઉત્પન્ન થાય તે માટેનાં કામો પણ આ અભિયાન અંતર્ગત લેવામાં આવે છે. રાજ્યમાં સારો વરસાદ થાય ત્યારે આ અભિયાન હેઠળ થયેલ કામગીરીનો લાભ ચોક્કસ દેખાય છે. આ કામો થકી પાણીના સંગ્રહમાં વધારો થવાથી કૂવાઓના તળ ઊંચા આવે, સિંચાઇ વ્યવસ્થા સુદૃઢ બને, તળાવો ચેકડેમોમાં પાણીનો સંગ્રહ થવાથી સ્થાનિક કક્ષાએ ઘરગથ્થુ વપરાશ, ઢોર-ઢાંખર માટે પીવાના પાણી માટેની સમસ્યા હળવી થાય, ખેડૂતોને લાભ મળે, ભૂગર્ભ તળના જળ ઊંચા આવવાથી સિંચાઇમાં લાભ થાય, વીજ વપરાશમાં ઘટાડો થાય, આ જળ સંચય અભિયાન અંતર્ગત ખોદાણનાં કામો ઉપરાંત માટી કામ, ખેડૂતો તળાવના કાંપ ખેતરમાં લઈ જાય છે તેના કારણે જમીન સુધારણાનું કામ પણ થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બેઠાં બેઠાં ચર્ચા નહિ કરી શકો. આપ સિનિયર છો અને આપને નિયમોની ખબર છે.

શ્રી કુવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા રોયલ્ટીમાં માફી પણ આપવામાં આવે છે. આ જળ સંચય અભિયાનનાં કામો જે સ્વૈચ્છિક સંસ્થાના માધ્યમથી થાય છે તેવા કેટલાંક ઔદ્યોગિક એકમો, શૈક્ષણિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, એ.પી.એમ.સી., દૂધ મંડળીઓ તથા રાજ્ય સરકારના જાહેર સાહસો દ્વારા ખૂબ જ સારો પ્રતિસાદ મળે છે. આ અભિયાન અંતર્ગત લોક ભાગીદારીથી થતાં કામોમાં વિવિધ સંસ્થાઓની લાગણીને ધ્યાનમાં રાખી ચાલુ વર્ષે

માનનીય મુખ્યમંત્રીશ્રીએ વધારેમાં વધારે લોકો તેમાં જોડાય અને ચાલુ વર્ષે પણ લોક ભાગીદારી માટે માટી ખોદકામનાં કામો માટે વર્ષ ૨૦૨૨માં પ્રતિ ઘન મીટરનો ભાવ રૂ.૪૦ હતો તેમાં વધારો કરીને રૂ.૫૨ જેટલો ઘનમીટરનો ભાવ કરવામાં આવ્યો. આમાં ખાસ કરીને લોક ફાળા પેટે ૬૦:૪૦નો રેશિયો સાથે કામ કરવામાં આવતાં તે આ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ મોટું મન રાખીને એન.જી.ઓ. સંસ્થા મારફતે તેને ૮૦:૨૦ના રેશિયો સાથે કામ કરવાની છૂટ આપી છે. તેના માટે અમે જે જાહેરાત આપી છે તેમાં એવી સંસ્થા નક્કી કરી છે કે જેમણે ક્રાઈટેરિયા મુજબનું કામ કર્યું હોય. અમે જાહેરાતમાં સ્પષ્ટ કહ્યું છે કે એક પણ એન.જી.ઓ.ને એકસાથે ૨૫-૧૫ કામ નહિ આપવાનાં પણ એન.જી.ઓ.ની ખરાઈ કરીને જેણે ઝીરોથી પણ ઓછું કામ કર્યું હોય તેવા લોકોને પણ આમાં સામેલ કરીને ગ્રેડેશન મુજબ કામ આપવાનાં. એક કામ પૂરું કર્યા પછી એનું ચેકિંગ અને પેમેન્ટ થયા બાદ જ બીજો ચેકડેમ આપવો એ પ્રકારનું આયોજન અમે નક્કી કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બધા જ માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, તમારા વિસ્તારમાં એકપણ જગ્યાએ ગેરરીતિ પકડાય તો મને સીધો ફોન કરજો અને અમે એના માટે પગલાં લઇશું એવો માનનીય મુખ્યમંત્રીશ્રીનો આદેશ છે. જરૂર પડશે તો અમે અમારા વિભાગના અધિકારીઓની ટીમ સાથે સ્થળ પર જઇને તપાસ કરીશું એની હું તમને ખાતરી આપું છું. એકપણ જગ્યાએ ગેરરીતિ થતી હોય તો એ અમે ચલાવી લેવાના નથી. કોઇપણ યાંત્રિકવાળો જે.સી.બી. ચલાવતો હોય ત્યારે ખેડૂત ટ્રેક્ટર ભરવા આવે અને એની પાસેથી આ કાંપ ઉપાડવાના દર વસૂલ કરવામાં આવે તો અમારા ધ્યાન ઉપર મૂકજો. એની સામે પગલાં લેવાની અમારી તૈયારી છે. ખેડૂત મફતમાં કાંપ લઇ જઇ શકે અને રોયલ્ટીવાળો એને હેરાન ન કરે એ માટેનો માનનીય મુખ્યમંત્રીશ્રીનો આદેશ છે. અમે આ વખતે જળસંચય અભિયાનનું કામ કરવાના છીએ. માનનીય સભ્યશ્રી કહેતા હતા એટલે મારે કહેવું છે કે, આ વખતે અમે વહેલું એટલા માટે શરૂ કર્યું છે કે, ફેબ્રુઆરીમાં શરૂઆત કરીને મે મહિનામાં વરસાદ આવવાની શરૂઆત થાય એના ૧૫ દિવસ પહેલાં અમે કામ બંધ કરી દેવાના છીએ. વરસાદના પાણીથી તલાવડી ભરાયા પહેલાં એનું માપ કરીને આપવાના છીએ. પાણી ભરાયા પછી માપ કરવાનું કામ અમે બંધ કરવાના છીએ. કોઇપણ જગ્યાએ પાણી ભરાયેલું હશે તો અમે માપના પૈસા આપવાના નથી. આ રીતે અમે કામગીરી સમયસર કરવાના છીએ.

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસના કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આ દરખાસ્તને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છો? (થોડીવાર બાદ) માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ અગત્યનો વિષય છે અને થોડો સમય લંબાવ્યો એ માટે આપશ્રીનો ખૂબ ખૂબ આભાર. રાજ્યમાં વિવિધ વિભાગો મારફત જે ચેકડેમો થવાના છે એમાં સૌ માનનીય સભ્યશ્રીઓના ધ્યાન પર મૂકું છું કે, લોકભાગીદારીના માધ્યમથી આવાં કામો થવાનાં છે ત્યારે એવો કોઇ વિસ્તાર હોય કે જ્યાં લોકભાગીદારી થઇ શકે એમ ન હોય ત્યાં આવા જળસંચયનાં કામો સો ટકા વિભાગના ખર્ચે કરીશું. આપનું સૂચન આવશે તો દરેક વિધાનસભાદીઠ ચારથી પાંચ કામો સો ટકા ખર્ચે કરવાની અમારી તૈયારી છે. રાજ્ય સરકારે જળસંચયનાં કામો માટે લોકભાગીદારી વધે અને સુજલામ સુફલામના કામોને પ્રાધાન્ય મળે એ માટેના પ્રયત્નો કર્યા છે. અગાઉ પણ મારા વિભાગના પ્રવચન વખતે હું બોલ્યો હતો. આ વખતે અમે ખાસ અભિયાન તરીકે રાજ્યમાં ચેકડેમો, તળાવો, પાળા અને કેનાલો તૂટી ગઇ હોય તો આવાં કામોને પ્રાયોરિટીમાં લઇ જૂના સ્ટ્રક્ચરોને રીનોવેટ કરવાનું અભિયાન અમે ઉપાડવાના છીએ અને એ પ્રમાણેની કામગીરી થવાની છે. આપના વિસ્તારમાં એવાં જૂનાં કામો હોય એ જોવાની જવાબદારી આપણી છે. કામ મંજૂર થયા પછી અને નાણાંની ફાળવણી થયા પછી કામ સારું થાય એ જોવાની જવાબદારી પણ એક સભ્ય તરીકે આપણી છે. આ વખતે આપણે સૌથી વધારે કામો જૂના સ્ટ્રક્ચરોના રીનોવેશનના કરવાના છીએ. એ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ બાબતમાં ખૂબ સરાહનીય રીતે મદદ કરી છે. ચાલુ વર્ષની જોગવાઇમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીએ આ બાબતમાં અલગથી જોગવાઇ કરીને અમને કામો કરવા માટેની છૂટ આપી છે. ખાસ કરીને, દેશના જે ભાગોમાં ભૂગર્ભ જળના સ્તર ખૂબ નીચા ઉતરી ગયેલા હોય તેવા ભાગોમાં કેન્દ્ર સરકારની અટલ ભૂજલ યોજના મારફતે પાણી સંચયનાં કામો કરવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં એવા છ જિલ્લાઓ છે કે જે જિલ્લાઓમાં ભૂગર્ભ જળના સ્તર ઉંડા ઉતરી ગયા છે.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી બળવંતસિંહજીને અત્યારે કોઇ અરજન્ટ કામ હોય અને જવું હોય તો જઇ શકે છે.

શ્રી કુંવરજીભાઇ બાવળીયા : માનનીય અધ્યક્ષશ્રી, એવા વિસ્તારોમાં પાણી સંચયનાં કામો કરવા માટે કેન્દ્ર સરકારની અટલ ભૂજલ યોજના મારફતે ચેકડેમ, તળાવ ઉંડા કરવા, વોટર શેડ, રીચાર્જ કૂવા અપનાવવા વિગેરે કામગીરીઓ થકી, અમે ભૂગર્ભ જળનું સ્તર ઊંચું લાવવા માટે અથવા જળનું સ્તર નીચે જવાના દરમાં ઘટાડો કરવાનું આયોજન કર્યું છે. આ યોજના અંતર્ગત ગામોના વિવિધ સમુદાયોના આગેવાનોને સાથે જોતરીને વોટર સિક્યોરિટી પ્લાન તૈયાર કરવાનું આયોજન છે. જેમાં, ગુજરાત રાજ્યના ઉત્તર ગુજરાતના છ જિલ્લાઓનો સમાવેશ થયો છે. આ છ જિલ્લાઓમાં ભૂગર્ભ જળનું સંચય થાય એના માટે અટલ ભૂજલ યોજના અંતર્ગત અમે આયોજન કર્યું છે અને એ રીતની કામગીરી કરવા જઇ રહ્યા છીએ. આમ છેલ્લાં ૨૦

વર્ષમાં સરકારશ્રીએ જળ શક્તિના મહત્ત્વને સમજીને જળ સંચયને જળ શક્તિ સાથે જોડવાનું કામ કર્યું છે. આજે રાજયમાં હજારો ચેકડેમો, બોરીબંધો, ખેત તલાવડીઓ, ગામ તળાવ અને જળ મંદિર જેવા જળસંચયનાં કામો અમે ખૂબ મોટા પ્રમાણમાં કરવા જઇ રહ્યાં છીએ. આજે ગુજરાતના સુકાભઠ્ઠ ખેતરો લીલાછમ થાય એ માટે લગભગ દરેક જગ્યાએ અમારો અભિગમ છે. પાણી સંચયના માધ્યમથી સમગ્ર વિસ્તાર હરિયાળો થાય એ માટેનો અમારો પ્રયત્ન છે. સરકારશ્રી જળ સંચયના હેતુ માટે કટિબદ્ધ છે. આ કામો થકી ચોમાસા દરમિયાન મહત્તમ જળ સંગ્રહ થાય અને ચોમાસાના વરસાદ પહેલા થયેલાં કામોનું માપ થાય, ચૂકવણાં થાય એ માટેનું પણ અમે આ વખતે અગાઉથી આયોજન કર્યું છે. એ રીતે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના આગ્રહ અને આદેશને ધ્યાનમાં રાખીને, આ રીતનાં કામો થાય એ માટે અમારો વિભાગ અને અમે કટિબદ્ધ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને સભ્યશ્રીઓના અહીંથી થોડાં ક સૂચનો છે. માનનીય સભ્યશ્રીઓએ બે-ત્રણ વાતો સરકારશ્રીના ધ્યાન ઉપર મૂકી છે એ વિશે હું જાહેરમાં એટલા માટે કહેવા માગું છું કે, સુજલામ, સુફલામ જળ અભિયાનનું આપણા વિશાળ દિલના માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ જે રીતે ૬૦:૪૦માંથી ૮૦:૨૦નો રેશિયો કર્યો છે, એનું પૂરેપૂરું મોનિટરિંગ થશે. ખાસ કરીને, એન.જી.ઓ. સંસ્થાઓ કામ કરવા આવવાની છે, એ સંસ્થાઓને એક તાલુકામાં બે કે ત્રણથી વધારે કામ આપવાનાં નથી. દરેક તાલુકામાં છૂટાં કામ આપીશું અને એ પૂરાં થયાં પછી પ્રમાણપત્ર આપે તે પછી બીજું કામ આપવું એ રીતનું પણ અમે આયોજન કર્યું છે. મેં જયારેથી આ વિભાગ સંભાળ્યો છે, ભૂતકાળમાં હું પણ જાહેર જીવનમાં બધા વિસ્તારમાં ફર્યો છું. આ વખતે સરદાર સરોવરમાં વધારે પાણી હતું. આ વખતના શિયાળાના સમયમાં પાક માટે અને અત્યારે પણ આખા ઉત્તર ગુજરાતમાં આપણે જોઇએ તો, સુજલામ સુફલામ નહેરો અને પાઇપ લાઇનો મારફતે જે વિસ્તારો જોડાયેલા છે એ વિસ્તારોના ખેડૂતોએ માગ્યું એટલું પાણી આપ્યું છે. એ જ પ્રમાણે સૌરાષ્ટ્રમાં સૌની યોજનાના માધ્યમથી એ વિસ્તારમાં આજે સૌની યોજનાનું પાણી ચાલુ છે. હું હમણા થોડા દિવસ પહેલા ખેડા અને આણંદ જિલ્લામાં ગયો હતો. ત્યાંના ખેડૂતોએ કહ્યું કે અત્યારે અમારે પાકમાં થોડી મુશ્કેલીઓ છે. અત્યારે શિયાળું બધો પાક લેવાઇ ગયો છે છતાં પણ ત્યાં પાણી આપ્યું છે. અમે બધા સભ્યશ્રીઓને કહીએ છીએ કે, આવતા દિવસોમાં હજુ આપણી પાસે સરદાર સરોવર યોજનામાં પૂરતું પાણી છે. અમે ઉનાળાની ઋતુમાં પણ આ રીતે સિંચાઇનું પાણી આપવાના છીએ. કયાંક મુશ્કેલી હોય એવા વિસ્તારોમાં સિંચાઇ અને પીવાના પાણીની મુશ્કેલી ના પડે આ બાબતે પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમને ખૂબ કાળજીપૂર્વક ધ્યાન રાખવાની સૂચનાઓ આપેલી છે. ખાસ કરીને, અહીંથી શ્રી ભગવાનજીભાઇએ એક વાત એ મૂકી કે, કયાંક કયાંક ચૂકવણાનો પ્રશ્ન છે. આમ તો અમે જનરલ સૂચના આપી છે કે કોઇ જગ્યાએ ચૂકવણું બાકી રહેવું ન જોઇએ. તેમ છતાં એવા કોઇ જિલ્લામાં કે તમારા જિલ્લામાં હજુ કદાચ સુજલામ સુફલામનું ગયા વર્ષનું ચૂકવણું કરવાનું કલેકટરશ્રી કક્ષાએથી અથવા તો સિંચાઇ વિભાગની કક્ષાએથી બાકી રહી ગયું હોય તો તમે અમારા સુધી લેખિતમાં એક યાદી મોકલાવજો. આમ તો સૂચના અપાઇ જ ગઇ છે છતાં વહીવટી પ્રક્રિયામાં કોઇ જગ્યાએ ચૂકવણું કરવાનું બાકી રહી ગયું હશે તો એની બરાબર કાળજી રાખીને એક જ અઠવાડિયામાં બધું ચૂકવણું થઇ જાય એની તમને આ ફ્લોર ઉપરથી હું ખાતરી આપું છું. કયાંક કોઇ બાબત વિવાદમાં ન હોય, કોઇ કોર્ટમાં વિવાદ ન હોય, બીજો કોઇ પ્રશ્ન ન હોય અથવા કોઇ સ્પેસિફિક કારણ સિવાય કોઇનું પણ ચૂકવણું બાકી ન રહે એના માટે હું અહીંથી વિશ્વાસ આપું છું કે, એમાં ચિંતા કરવાનું કોઇ કારણ નથી. આ રીતે જળ સંચયનાં કામો આ વિભાગ મારફત થઇ રહ્યાં છે. અમારા માનનીય સિનિયર સભ્યશ્રીએ જે રીતે કહ્યું એના ઉપરથી હું ચોક્કસ કહીશ કે જયારે હું ભૂતકાળમાં કોરોનાના સમયની અંદર મારી પાસે પાણી પુરવઠા વિભાગ હતો. આખાયે ગુજરાતમાં દરેક હેડ વર્કસ ઉપર પીવાનું પાણી ત્યાંથી પૂરતું સપ્લાય થાય છે કે કેમ? એ જોવા માટે કોરોનાના કાળની અંદર હું જાતે ત્યાં ગયેલો. એ સમય દરમ્યાન પીવાના પાણીની મુશ્કેલી પડવા નહોતી દીધી. એ જ રીતે હું અહીંથી ખાતરી આપું છું કે સુજલામ્ સુફલામ્ જળસંચય અભિયાનની અંદર કોઇપણ જગ્યાએ, રાજયના કોઇપણ જિલ્લામાં આવું અમારા ધ્યાન પર આવશે તો અમે જાતે, હું જાતે અમારા અધિકારીઓની ટીમ સાથે ત્યાં જઇને એકપણ જગ્યાએ ખોટું ન થાય એવી અમે પૂરતી કાળજી રાખીશું. આપ સૌને પણ મારી વિનંતી છે કે આ સુજલામ્ સુફલામ્ જળ અભિયાન ખૂબ સારી રીતે સફળ થાય એ માટે આપણને પૂરતા દિવસો મળ્યા છે. અમે એન.જી.ઓ. ને બધાને આ કામ કરવા માટે સ્થળ અને ઓર્ડરો આપવાનું શરૂ કર્યું છે. ટૂંક સમયમાં જેનું ઓછું ટર્નઓવર છે, એવી એન.જી.ઓ. છે, એને પણ અમે ટૂંક સમયમાં બબ્બે ત્રણ-ત્રણ ચેકડેમ આપવા માટેની શરુઆત કરવાના છીએ અને એનું પૂરેપૂરું મોનિટરિંગ મારા કાર્યાલયમાંથી, મારી ઓફિસમાંથી અને મારા વિભાગ મારફતે થવાનું છે. એટલે કોઇ ભ્રષ્ટાચાર કે ગેરરીતિ થાય એને અમે કયાંય ચલાવી લેવાના નથી અને કયાંય અમારી નજરે આવશે તો એને છોડવાના નથી. એટલી ખાતરી સાથે આજના આ જળ સંચયના પ્રસ્તાવમાં જેમણે ભાગ લીધો છે, એ બધાને મહત્ત્વના વિષય ઉપર જે સૂચનો કર્યાં છે, એની મેં નોંધ લીધી છે. બધાનો હું આભાર માનું છું અને આપણે સૌ જળસંચયના અભિયાનની અંદર સામેલ થઇએ અને સારામાં સારી કામગીરી રાજય સરકાર તરફથી થાય અને લોકોને જે કંઇ આ અપેક્ષાઓ છે. આવતા દિવસોમાં પીવાના પાણી અને સિંચાઇના પાણીની મુશ્કેલીમાંથી જે બહાર નીકળવા માટે સૌ સાથે પ્રયાસ કરીએ. મહેનત કરીએ. એવી વિનંતી સાથે આપ સૌનો આભાર. થેન્ક યુ.

અધ્યક્ષશ્રી : માનનીય ભગવાનજીભાઇ. આપે કોઇનો આભાર માનવો હોય તો માની લો.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રસ્તાવ પર સન્માનનીય સદસ્ય શ્રીમતી નિમિષાબેન, શ્રી માવજીભાઇ, શ્રી ભગાભાઇ બારડ, શ્રી ઉમેશભાઇ, શ્રી પ્રવીણભાઇ, શ્રી સરદારભાઇ, શ્રી રમણભાઇ. બધા

સભ્યોએ પોતાના વિચારો વ્યકત કર્યા અને પ્રસ્તાવને સમર્થન આપ્યું. એટલે આ સભાગૃહને હું વિનંતી કરું છું કે મારા પ્રસ્તાવને સર્વસંમતિથી પસાર કરે.

અધ્યક્ષશ્રી : આ પ્રસ્તાવ ઉપર વિધાનસભાના નિયમોના નિયમ મુજબ મતદાન ઉપર મૂકતા નથી. પરંતુ એની ચર્ચા થાય છે અને એ વાત પ્રજા સુધી પહોંચે એ મુખ્ય ઉદ્દેશ હોય છે. પ્રજામાં જાગૃતિ આવે, એ હેતુસર છેલ્લે આપણે આ પ્રસ્તાવ વિધાનસભાના નિયમોના નિયમની અંદર આપણે લેતા હોઇએ છીએ. આપણે એને સ્વીકાર્યો છે. એના ભાવ, એના હાર્દને સ્વીકાર્યો છે. આ એક અગત્યના વિષય ઉપર ચર્ચા કરી છે. જે આવનારા સમયની ખૂબ મોટી ગંભીર સમસ્યા છે. જળ સંચય અને જળ સંગ્રહ. સમુદ્રમાં વહી જતું પાણી, એને રોકવું એ ઇશ્વરીય કાર્ય છે. એ ઇશ્વરીય કાર્યમાં માત્ર સરકાર નહીં. પ્રજાએ પણ જોડાવું પડશે. તો જ આવતીકાલનું ભવિષ્ય છે, એને આપણે બચાવી શકીશું. આવનારા સમયની સૌથી મોટી સમસ્યાનો ઉકેલ એ વરસાદનું ટીપે ટીપું સંગ્રહી રાખવું. જમીનમાં ઉતારવું. આ આપણા બધા માટે છે અને રાજય સરકાર પણ ખૂબ ઉદારતાપૂર્વક આજે નવી ૮૦:૨૦ની સ્કિમ જે મૂકી છે. એના કારણે બહુ મોટો ફાયદો રાજયની અંદર થશે. ધારાસભ્ય તરીકે આપણું કર્તવ્ય એ થશે કે આવાં કામ જયાં જયાં થાય છે, ત્યાં એના ખાતમુહૂર્તમાં પણ જઇએ, લોકાર્પણમાં પણ જઇએ. લોકાર્પણ અને ખાતમુહૂર્તમાં તમે જશો, એટલે સામાજિક રિસ્પોન્સિબિલિટી આવી જશે. આ બે કામ કરશો, એટલે એ કામ સો ટકા થવાની દિશામાં કામ થઇ શકશે. એક આ વાત હતી.

મારે આજે બધાનો આભાર માનવો છે. આ વિધાનસભાનું સત્ર જે ચાલુ થયું, જે હવે પૂર્ણાહૂતિ તરફ છીએ. આ સત્રમાં હું બિલકુલ નવો હતો. હું જે બેકગ્રાઉન્ડમાંથી આવું છું. મારું ગ્રામીણ બેકગ્રાઉન્ડ છે અને વૈધાનિક દિશામાં મારો અભ્યાસ પણ નથી. રાજનીતિમાં લાંબાસમયથી કામ કર્યું અને આ સંવૈધાનિક જગ્યા પર આવીને સીધું આ વિધાનસભાનું સત્ર આવ્યું. પરંતુ તમે બધાએ મને ખૂબ પ્રેમ આપ્યો. એટલે હું તમામે તમામ, શાસક પક્ષના અને સાથી પક્ષના તમામ સભ્યોનો હું હ્રદયપૂર્વક ખૂબ ખૂબ આભાર માનું છું. મારું માન અને સન્માન જે જાળવ્યું છે એના માટે હું ગદગદિત છું.

રાજય સરકારના મંત્રીશ્રીઓએ પણ જે પોઝિટિવનેસ સાથે વ્યવહાર કર્યો છે, એના માટે હું એમને અભિનંદન આપું છું. અનેક પ્રશ્નોની અંદર મારા સ્વભાવ પ્રમાણે મેં કંઇક ટીકા કરી હોય, મેં દિશા આપી હોય તો પણ બધાએ એને પોઝિટિવ લીધું. એ માટે પણ હું હ્રદયથી આભાર માનું છું અને છતાંય જો કોઇના મનમાં મારી બોલેલી વાતના કારણે કોઇને કયાંય દુઃખ થયું હોય તો એ વ્યક્તિગત. આ ચેરનું નથી. એ વ્યક્તિગત શ્રી શંકરભાઇ ચૌધરીનું છે, એવું સમજીને તમે એને માફ કરજો. મિચ્છામી દુક્કડમ. આપણે બધા એકબીજાની પાસેથી કંઇક નવું શીખીએ અને ગુજરાતને આગળ લઇ જવા માટે આપણે બધા, રાજ્યના મુખ્યમંત્રીશ્રી, આ ગૃહના નેતાના નેતૃત્વમાં આખું ગુજરાત એક થઇને આપણે બધા વિકાસની દિશામાં આગળ વધીએ. આવી આપ સૌની પાસે અપેક્ષા. મિચ્છામી દુક્કડમ.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપે શરૂ કર્યું એ પહેલાં જ અમારા બધાના મનમાં હતું કે સમગ્ર વિધાનસભાની કાર્યવાહી દરમ્યાન આપે જે પ્રકારે સંચાલન કર્યું છે, જે આત્મિયતાનો નાતો બતાવ્યો છે, બધા જ સભ્યશ્રીઓ ચાહે પક્ષ હોય, વિપક્ષ હોય, આપ હોય, કોંગ્રેસ હોય, અપક્ષ હોય કે શાસક પક્ષના હોય. આપ પણ વર્ષોથી ગૃહમાં છો, અમે પણ વર્ષોથી છીએ. જે પ્રકારે નિયમોના નિયમથી ગૃહનું સંચાલન અને જ્યાં જરૂર પડે ત્યાં તમામ સભ્યોને પૂરતો મોકો. એ વિપક્ષ હોય તો પણ. હું ૧૦ વર્ષથી આ ગૃહમાં છું. મેં જોયું છે. આપ પાર્ટીના નવા સભ્યો છે તેમણે પણ જોયું છે. સાહેબ, આપે પૂરું રક્ષણ આપ્યું છે. પૂરો મોકો આપ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં રાજ્યની જનતા માટે આ બજેટ એ અતિ મહત્ત્વનું છે. એવા વખતે બજેટનો ઉપયોગ, બજેટની વ્યવસ્થા, બજેટમાં બોલવાનું, માનનીય મંત્રીશ્રીઓને પણ જ્યાં જરૂર પડે ત્યાં આપે માર્ગદર્શન આપ્યું છે. સૂચન પણ કર્યાં છે. એ પ્રકારે સમગ્ર ગૃહ વતી, સભ્યશ્રીઓની સંમતિ છે, કારણ કે મારો અધિકાર નથી પણ એક સભ્ય તરીકે. આપે પ્રીતિ ભોજન પણ બે વખત કરાવ્યું. એક નવી પરંપરા હું જે જોઉં છું, પ્રશ્નોત્તરીમાં મર્યાદા હોય છે. માગણીઓ ઉપર જેટલા સભ્યશ્રીઓએ આંગળી ઊંચી કરી છે તેમાં આપે પ્રશ્નોને પૂરતો સમય આપ્યો અને સાથે સાથે અધિકાર વિશે પણ જણાવ્યું. આપના વિધાનસભા કાર્યાલયમાંથી ફોલોઅપ અમારા માટે ગૌરવની બાબત છે. સમગ્ર ગૃહના સભ્યો વતી આપનો હ્રદયપૂર્વક આભાર માનું છું. માનનીય મુખ્યમંત્રીશ્રીનો પણ આભાર માનું છું કે જે રીતે રાજ્યની જનતાની સુખાકારી માટે ચિંતા કરી છે અને અભિગમ બતાવ્યો છે, તમામ મંત્રીશ્રીઓનો પણ આભાર માનું છું. ઇન્સ્ટન્ટ રિસ્પોન્સ આપીને બધાને ન્યાય આપવાનું કામ આપે કર્યું છે એવું પૂર્વ દંડક શ્રી પંકજભાઇએ પણ ધ્યાન દોરવાનું કહ્યું છે. પુનઃ એકવાર ખૂબ ખૂબ આભાર અને તમામ સભ્યોનો આત્મિયતાનો નાતો બન્યો છે એ વધારે ગાઢ બનશે એવી પણ અપેક્ષા છે. ભારત માતા કી જય.

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાની કાર્યશાળાથી લઇ અને આજના દિવસ સુધી આપ જુદી જુદી વ્યવસ્થાઓ જેમ કે અમારા જેવા નવા સદસ્યો કે જે ગૃહની કાર્યપદ્ધતિથી તદન અજાણ હોય, તેના માટે એક કમ્ફર્ટ ઝોન અને સૌથી વધારે અમને જે તક આપી એ બદલ હું તમામ નવા ચૂંટાયેલા સભ્યો તરફથી આપનો હાર્દિક આભાર માનું છું અને સાથે સાથે આ ૨૫ દિવસનો કાર્યકાળ ફક્ત ગૃહ પૂરતો સીમિત ન રહેતા, ચાહે ક્રિકેટની ટુર્નામેન્ટ હોય, ચાહે કાર્યશાળા હોય, ચાહે વિવિધ મંત્રીશ્રીઓ તરફથી ગેટ ટુ ગેધરનું જે આયોજન હોય. આ તમામ વ્યવસ્થા આપના નેજા હેઠળ, માનનીય મુખ્યમંત્રીશ્રીના નેજા હેઠળ જે વ્યવસ્થા કરવામાં આવી તે બદલ ખૂબ તહેદિલથી આપનો આભાર. ઘણું બધું અમને અહીંથી

શીખવા મળ્યું છે. આવનારા સમયમાં વખતોવખત અમે શીખી શકીએ એ પ્રમાણેનું આયોજન આપશ્રી દ્વારા કરવામાં આવ્યું છે તે બદલ હું ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

શ્રી હેમંતભાઈ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આપે જણાવ્યું, આપ પણ પ્રથમ વખત અધ્યક્ષની ચેર ઉપર બિરાજમાન થયા છતાં પણ વર્ષોના અનુભવી હોય એવી રીતે સમગ્ર સત્ર દરમ્યાન આપે ગૃહનું કામકાજ ચલાવ્યું. વિરોધપક્ષને પૂરતો ન્યાય મળે એ રીતે આપની કાર્યશૈલીથી ખરેખર સમગ્ર વિરોધપક્ષ પણ પ્રભાવિત થયો છે. હું હૃદયપૂર્વક ફરીથી આપને અભિનંદન પાઠવું છું અને આપનો આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : સભાગૃહની આજની બેઠકનું કામકાજ પૂરું થાય છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૯(૧) અન્વયે હું સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખું છું.

**સત્રની સમાપ્તિ 'વંદે માતરમ્' રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવી કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૪-૧૫ કલાકે પૂરું થતા માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ અનિશ્ચિત મુદત માટે મુલતવી રહ્યું.**

| પુસ્તક ૯૯ | વિષય સૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પેજ નં.** |
| અક્ષયકુમાર ઈ. પટેલ | ગૃહ વિભાગ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | 81 |
| | એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરાનું સંવર્ગવાર મહેકમ | 371 |
| | ફતેપુરા માઈનોર કેનાલ દ્વારા સિંચાઈનું પાણી | 232 |
| | વડોદરા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત | ૨૨૧ |
| | વડોદરા જિલ્લામાં ધો.-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવાની યોજના | 41 |
| | વડોદરા જિલ્લામાં નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના | ૧૧૨ |
| અધ્યક્ષશ્રી | પ્રશ્નોની પ્રાયોરિટી વેબસાઇટ ઉપર મૂકવા અંગે | ૧૫૭ |
| અનંતકુમાર પટેલ | અનુસૂચિત જનજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ અંદાજપત્રની ફાળવણી | 500 |
| | અમદાવાદ અને સુરત શહેરમાં ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવા બાબત | 230 |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ | 380 |
| | આર્ટીકલ ૨૭૫(૧) સ્પેશીયલ આસિસ્ટન્ટ અંતર્ગત રાજ્ય સરકારને મળેલ રકમ | 488 |
| | કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદ એગ્રીમેન્ટ | 336 |
| | છોટાઉદેપુર અને બોટાદ જિલ્લામાં આવેલ મધ્યમ અને મોટા ડેમો | 306 |
| | તાપી અને નવસારી જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ | ૩૨૪ |
| | નવસારી અને તાપી જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા આવેલ અરજીઓ | 135 |
| | નવસારી અને તાપી જિલ્લામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | 469 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ | ૪૦૬ |
| | રાજ્યમાં નકલી નોટો છાપવાના બનાવો | 236 |
| | વલસાડ અને સુરેન્દ્રનગર જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા આવેલ અરજીઓ | 110 |
| | સચિવાલય કક્ષાએ સેક્શન અધિકારી, વર્ગ-૨નું મંજૂર મહેકમ | 215 |
| | સુરત અને અમદાવાદ જિલ્લામાં સ્થાનિક રોજગાર | 148 |
| અનિકેત ઠાકર | બનાસકાંઠા જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન (વયવંદના) યોજના | 143 |
| | બનાસકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં થયેલ પ્રાણઘાતક અકસ્માત | 125 |
| | બનાસકાંઠા જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘરવપરાશ માટે વીજ જોડાણો | 307 |
| | બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોને ફળપાકોના વાવેતર માટે સહાય | 485 |
| | બનાસકાંઠા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય | 28 |
| | બનાસકાંઠા જિલ્લામાં ડેરી ફાર્મ | 465 |
| | બનાસકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના | ૪૯૮ |
| અનિરુદ્ધ દવે | કચ્છ જિલ્લામાં ગુણોત્સવ-૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન | 13 |
| | G-20 સમિટ થકી રાજ્યમાં ઊભી થયેલ આશા વાસ્તવિકતામાં પરિવર્તિત થાય તે અંગે | 177 |
| | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, નાણાં વિભાગ | 350 |
| | કચ્છ જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને થાંભલા બદલવા બાબત | 300 |
| અભેસિંહ તડવી | ક્વાંટ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | ૩૮૮ |
| | છોટાઉદેપુર જિલ્લાની ઓરસંગ નદી પર પુલ બાંધવા બાબત | 197 |
| | છોટાઉદેપુર જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘરવપરાશ માટે વીજ જોડાણો | 284 |
| | છોટાઉદેપુર જિલ્લામાં કૃત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન | 10 |
| | છોટાઉદેપુર જિલ્લામાં પાલક માતા-પિતા યોજના | 123 |
| | છોટાઉદેપુર જિલ્લામાં સરકારી છાત્રાલયો | 453 |
| અમૃતજી ઠાકોર | અમદાવાદ-રાજકોટ હાઈવેને સિક્સલેન કરવાની કામગીરી | 224 |
| | જામનગર અને મોરબી જિલ્લામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | 464 |
| | તાપી અને વલસાડ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત | 50 |

| | | |
|---|---|---|
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત | 21 |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓ | 498 |
| | બનાસકાંઠા અને ભરૂચ જિલ્લામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | 484 |
| અમુલ ભટ્ટ | અમદાવાદ જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના | 119 |
| | અમદાવાદ મહાનગરપાલિકામાં પડતર ટી.પી. સ્કીમો | 206 |
| | ગુજરાતમાં કાર્યરત વીજ ક્ષમતાના પ્રોજેક્ટ | 298 |
| | નેશનલ આયુષ મિશન અંતર્ગત રાજ્ય સરકારને મળેલ ગ્રાન્ટ | 387 |
| | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, નાણાં વિભાગ | 350 |
| | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણ અંગે | 184 |
| અમિત ચાવડા | સરદાર સરોવર યોજના માટે ગ્રાન્ટ | 219 |
| | અમદાવાદ શહેરનું નામ કર્ણાવતી કરવા કરેલ દરખાસ્ત | 232 |
| | આણંદ અને ખેડા જિલ્લામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | 462 |
| | આણંદ અને ખેડા જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ | 15 |
| | આણંદ અને ખેડા જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ | 310 |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ | 380 |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને પ્રાથમિક શાળાઓની મંજૂરી | 48 |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓ | 483 |
| | ધોલેરા તાલુકાના નવાગામ ખાતે કાર્ગો એરપોર્ટ બનાવવા બાબત | 121 |
| | રાજ્ય સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થું ચૂકવવા બાબતે | 328 |
| | રાજ્યની ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપકોને યુજીસીની જોગવાઈ મુજબ લાભ | 406 |
| | રાજ્યની પ્રાથમિક શાળાઓના પુસ્તકાલયો માટે બજેટમાં ફાળવણી | 498 |
| | રાજ્યમાં બીપીએલ યાદી માટેનો સરવે બાબત | 55 |
| | વીજળી ખરીદી કર્યા વગર ફિક્સ કોસ્ટ પેટે રકમ ચૂકવવા બાબત | ૩૩૮ |
| | સરદાર સરોવર નર્મદા / યોજનાની કેનાલો બનાવવાની કામગીરી | 239 |
| અમિત ઠાકર | ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૩ | 522 |
| | રાજ્યમાં કાર્યરત સ્વનિર્ભર મેડિકલ કોલેજો | 387 |
| અમિત શાહ | અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં પડતર ટી.પી. સ્કીમો | 208 |
| | ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૩ | 522 |
| | ગાંધી સર્કિટ માટે ફાળવેલ ગ્રાન્ટ | 400 |
| અર્જુનભાઇ દે. મોઢવાડિયા | પોરબંદરના દરિયામાં ડોલ્ફિન અને શાર્ક માછલીઓને રક્ષણ આપવા અંગે | 62 |
| | પોરબંદર જિલ્લામાં સરકારી, અનુદાનિત અને બિન અનુદાનિત પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની ખાલી જગ્યાઓ | 60 |
| | મે. એસ્સાર બ્લક ટર્મીનલ લિ. સુરતને દરિયામાં પુરાણ કરવા આપેલ પરવાનગી બાબત | 221 |
| | રાજ્યમાં કસ્ટોડિયલ ડેથના બનાવો | 232 |
| | ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોના આયોગ | ૧૩૩ |
| | પોરબંદર જિલ્લાના મિયાણી (હર્ષદ) ખાતે જી.આઇ.ડી.સી. | 108 |
| | પોરબંદર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સ્માર્ટ વર્ગખંડ | 499 |
| | પોરબંદર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને વિજ્ઞાન પ્રયોગશાળા | 487 |
| | પોરબંદર જિલ્લામાં માછીમારોના આવાસ માટેની યોજના | 53 |
| | પોરબંદર ફીશરીઝ ટર્મીનલના ઓક્શન હોલની કામગીરી | 42 |
| | રાજ્ય સરકારે એસ.ટી નિગમ પાસેથી લેવાની થતી રકમ | ૨૩૯ |
| | રાજ્યની સરકારી શાળાઓમાં ગ્રંથપાલ | 468 |
| | રાજ્યમાં ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સીલ એક્ટ - ૨૦૧૬ | 404 |
| | રાજ્યમાં સરકારી કોલેજમાં મદદનીશ પ્રાધ્યાપક વર્ગ - ૨નું મંજૂર મહેકમ | 414 |
| | વીજ મથકોમાં કોલસા અને ગેસના જથ્થાની જરૂરિયાત | 326 |

| | | |
|---|---|---|
| | સિમેન્ટ ગેરરીતિ અન્વયે અધિકારી / કર્મચારીઓ સામે આરોપનામાની બજવણી | 308 |
| અર્જુનસિંહ ઉ. ચૌહાણ | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણ અંગે | ૧૮૩ |
| | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | 251 |
| અરૂણસિંહ અ. રણા | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, નાણાં વિભાગ | 349 |
| | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, માર્ગ અને મકાન વિભાગ | 163 |
| | ભરૂચ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘરવપરાશ માટે વીજ જોડાણો | 285 |
| | ભરૂચ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત | 217 |
| | ભરૂચ જિલ્લામાં રાયપનિંગ એકમ ઊભા કરવા સહાય | 35 |
| | ભરૂચ જિલ્લામાં સરકારી છાત્રાલયોમાં સોલર વોટર હિટર સિસ્ટમ | 383 |
| અરવિંદ પટેલ | વલસાડ જિલ્લામાં આદિજાતિની કન્યાઓના લગ્ન પ્રસંગે સહાય | 45 |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘર વપરાશ માટે વીજ જોડાણો | ૨૯૯ |
| | વલસાડ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર કામો | ૨૧૫ |
| | વલસાડ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન(વયવંદના) યોજના | 121 |
| | વલસાડ જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના | 383 |
| | વલસાડ જિલ્લામાં ખેડૂતોને તાલીમ | 483 |
| | વલસાડ જિલ્લામાં પાવરડ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના | 461 |
| અરવિંદ રાણા | સરકારી મેડિકલ કોલેજ, સુરતનું સંવર્ગવાર મહેકમ | 383 |
| | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, નાણાં વિભાગ | 351 |
| | સુરત મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ | 211 |
| અરવિંદ લાડાણી | કચ્છ અને મોરબી જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા આવેલ અરજીઓ | 146 |
| | અમરેલી અને ભરૂચ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત | ૫૪ |
| | ગુજરાતના સમુદ્રી કિનારે ફાયરિંગની ઘટના | 237 |
| | જૂનાગઢ અને જામનગર જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત | 44 |
| | જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ | 415 |
| | જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | 452 |
| | જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ | 288 |
| | જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓ | 477 |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ | 315 |
| | પોરબંદર જિલ્લામાં ખનીજ ચોરીની દંડનીય રકમ | 230 |
| | ભાવનગર અને રાજકોટ જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ | 388 |
| | રાજ્યના ખેડૂતોને મગફળી અને કપાસના પોષણક્ષમ ભાવ | 495 |
| | વિછીયા તાલુકામાં ગૌચરની જમીનમાં દબાણ | 215 |
| | શ્રમયોગી કલ્યાણ બોર્ડમાંથી લીધેલ ભંડોળ | 156 |
| | સૌની યોજના અંતર્ગત સૌરાષ્ટ્રના ડેમ ભરવા બાબત | 328 |
| | જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા આવેલ અરજીઓ | 131 |
| | જૂનાગઢ અને રાજકોટ જિલ્લામાં શહેર / જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ શાળાઓમાં પ્રવેશ | 61 |
| અલ્પેશ ખો. ઠાકોર | ગૃહ વિભાગ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | 80 |
| | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | 254 |
| | ગાંધીનગર જિલ્લામાં ખાણદાણ સહાય યોજના | ૨૫ |
| આર. સી. પટેલ | નવસારી જિલ્લામાં અનુ.જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવાની યોજના | 490 |
| | નવસારી જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય | 470 |
| | નવસારી જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રોના બાંધકામો | 400 |

| | | |
|---|---|---|
| | નવસારી જિલ્લામાં પૂર્ણા ટાઇડલ રેગ્યુલેટર યોજના | 305 |
| | નવસારી જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ હેઠળ બીજો હપ્તો | 37 |
| ઈમરાન ખેડાવાલા | અમદાવાદ અને મહેસાણા જિલ્લામાં ધાર્મિક પ્રવાસન ધામ | 395 |
| | અમદાવાદ જિલ્લામાં આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના | 411 |
| | અમદાવાદ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ | 27 |
| | અમદાવાદ જિલ્લામાં શ્રી વાજપાઇ બેંકેબલ યોજના | 145 |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી તેમજ ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ | 459 |
| | મનરેગા યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યને ફાળવેલ રકમ | 51 |
| | રાજ્યનું જાહેર દેવું | 295 |
| | રાજ્યની પ્રાથમિક શાળાઓમાં એક જ શિક્ષક | 482 |
| | લઘુમતી વર્ગના આર્થિક અને સામાજિક વિકાસ માટે બજેટ ફાળવણી | ૧૩૦ |
| ઉદય કાનગડ | ભાયાવદર ખાતે તાલુકા કોર્ટ બિલ્ડિંગ | 400 |
| | રાજકોટ જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના | 116 |
| | રાજકોટ શહેરમાં પડતર ટી. પી. સ્કીમો | 215 |
| | ગૃહ વિભાગ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | 73 |
| | રાજ્યની જેલોમાં સરપ્રાઇઝ ચેકિંગ દરમ્યાન પ્રતિબંધિત વસ્તુઓ મળવા અંગે | 507 |
| | શહીદ દિન નિમિત્તે શ્રદ્ધાંજલિ | 157 |
| ઉમેશભાઇ ના. મકવાણા | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, નાણાં વિભાગ | 353 |
| | ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૩ | 524 |
| | ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક, ૨૦૨૩ | 431 |
| | ગૃહ વિભાગ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૮૧ |
| | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણ અંગે | 188 |
| | સુજલામ સુફલામ જળ અભિયાનને સક્રિય અને સફળ બનાવવા અંગે | ૫૩૬ |
| | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૨૬૦ |
| | બોટાદ જિલ્લામાં પ્રાથમિક શાળાના મકાન | 457 |
| ઋષિકેશ ગ. પટેલ | કોંગ્રેસના સભ્યશ્રીઓને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવા અંગે | 338 |
| | શહીદ દિન નિમિત્તે શ્રદ્ધાંજલિ | 157 |
| | સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંગે | 509 |
| કંચનબેન રાદડિયા | અમદાવાદ જિલ્લામાં ધો. - ૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવાની યોજના | 5 |
| | બી.જે. મેડિકલ કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર મહેકમ | 394 |
| | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | ૨૫૬ |
| કેતનભાઈ ઈનામદાર | વડોદરા જિલ્લામાં નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના | ૧૨૧ |
| કનુભાઇ મો. દેસાઇ | ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, નાણાં વિભાગ | 354 |
| | ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક, ૨૦૨૩ | 423 |
| | ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૨૩ | 421 |
| | સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંગે | 512 |
| કનુભાઈ પટેલ | અમદાવાદ જિલ્લામાં ધો - ૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવાની યોજના | 15 |
| | અમદાવાદ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો | 290 |
| | અમદાવાદ જિલ્લામાં પાલક માતા - પિતા યોજના | 131 |
| | જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ સોલા, અમદાવાદનું સંવર્ગવાર મહેકમ | ૪૦૧ |
| કનૈયાલાલ કિશોરી | દાહોદ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘરવપરાશ માટે વીજ જોડાણો | ૨૯૧ |
| | દાહોદ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના(વોટરશેડ કમ્પોનન્ટ) જળસંગ્રહ | ૩૧ |

| | | |
|---|---|---|
| | સરકારી ફિઝિયોથેરાપી કોલેજ, દાહોદનું સંવર્ગવાર મહેકમ | 396 |
| કુબેરભાઈ ડીંડોર | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણ અંગે | ૧૮૯ |
| | ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક, ૨૦૨૩ | 432 |
| | સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંગે | 514 |
| કમલેશભાઇ ર. પટેલ | ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૩ | 526 |
| | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણ અંગે | 187 |
| | આણંદ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના | 9 |
| | આણંદ જિલ્લામાં નવા કૃષિ વિષયક વીજ જોડાણો | ૩૦૫ |
| | સ્વદેશ દર્શન યોજના અન્વયે બુદ્ધિસ્ટ સ્થળોનો વિકાસ | ૩૭૨ |
| કેયુર ના. રોકડિયા | ગૃહ વિભાગ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | 76 |
| | વડોદરા જિલ્લામાં ધો.-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવાની યોજના | ૧ |
| | સરકારી મેડિકલ કોલેજ, વડોદરાનું સંવર્ગવાર મહેકમ | ૩૬૪ |
| | વડોદરા તાલુકાની સલાડ માઈનોર-૨ કેનાલ દ્વારા સિંચાઈનું પાણી | 204 |
| કરશનભાઇ પું. સોલંકી | ગૃહ વિભાગ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | 79 |
| | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | 252 |
| | મહેસાણા જિલ્લામાં "ઇનસ્કૂલ" શાળાઓમાં ખેલાડીઓને તાલીમ | 209 |
| | મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના | 97 |
| | મહેસાણા જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપવા સહાય યોજના | 28 |
| | મહેસાણા જિલ્લામાં નવા કૃષિ વિષયક વીજ જોડાણો | 296 |
| | મહેસાણા જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના | 405 |
| કલ્પેશભાઈ પરમાર | ખેડા જિલ્લામાં ખાણદાણ સહાય યોજના | ૧૯ |
| | ખેડા જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ લાભાર્થી જનસંખ્યા | 291 |
| કુંવરજીભાઇ બાવળીયા | ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક, ૨૦૨૩ | 426 |
| | સુજલામ સુફલામ જળ અભિયાનને સક્રિય અને સફળ બનાવવા અંગે | ૫૩૮ |
| | સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંગે | 513 |
| કેશુભાઈ પટેલ | કચ્છ જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ | 14 |
| | કચ્છ જિલ્લામાં વિન્ડ સોલાર હાઈબ્રીડ પાર્કમાં મૂડીરોકાણ | ૩૧૯ |
| | કચ્છ જિલ્લામાં સધર્ન લિંક તથા હાઈ કંટુર સ્ટોરેજ લિંકનું કામ | 296 |
| કેશાજી ચૌહાણ | બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિના લોકો માટેની આવાસ યોજના | 11 |
| | બનાસકાંઠા જિલ્લામાં ખાણદાણ સહાય યોજના | 456 |
| | બનાસકાંઠા જિલ્લામાં ગુણોત્સવ-૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન | 479 |
| | બનાસકાંઠા જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ લાભાર્થી જનસંખ્યા | 301 |
| | બનાસકાંઠા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના | 113 |
| | સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ | 209 |
| કાંતિભાઈ બલર | સુરત જિલ્લામાં આદિજાતિના લોકો માટેની આવાસ યોજના | 18 |
| કાંતિલાલ અમૃતિયા | મોરબી શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ લાભાર્થી જન સંખ્યા | 303 |
| કાન્તીભાઈ ખરાડી | અમદાવાદ અને ડાંગ જિલ્લામાં કુટીર ઉદ્યોગ શરૂ કરવા આવેલ અરજીઓ | ૧૪૨ |
| | છોટાઉદેપુર અને દાહોદ જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા આવેલ અરજીઓ | 154 |
| | દાંતા તાલુકામાં ૭૩-એ એ વાળી જમીન સ્કૂલ/નર્સિંગને ફાળવવા બાબત | ૨૨૭ |
| | બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કેન્સર, એઈડ્સ અને ક્ષયના દર્દીઓ | 384 |
| | બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત ગ્રાન્ટ | 487 |

| | | |
|---|---|---|
| | બનાસકાંઠા અને સુરેન્દ્રનગર જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ | 414 |
| | બનાસકાંઠા જિલ્લાની આશ્રમશાળામાં ગેરરીતિ | ૧૨૫ |
| | બનાસકાંઠા જિલ્લાની ચેકપોસ્ટ ઉપર ગેરરીતિની મળેલ ફરિયાદો | 205 |
| | બનાસકાંઠા જિલ્લામાં અનાજના જથ્થાનું બારોબાર વેચાણ | 292 |
| | બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ | 468 |
| | ભરૂચ અને બોટાદ જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ | 407 |
| કાળુભાઈ ડાભી | અમદાવાદ જિલ્લામાં ધો-૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઈકલ આપવાની યોજના | 10 |
| | અમદાવાદ જિલ્લામાં પાલક માતા-પિતા યોજના | ૧૨૦ |
| | અમદાવાદ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર કામો | 225 |
| કાળુભાઈ રાઠોડ | ગીર સોમનાથ જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને થાંભલા બદલવા બાબત | 298 |
| | ગીર સોમનાથ જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના | ૪૦૩ |
| કિરીટ કુમાર ચી.પટેલ | સરકારી વીજ કંપનીઓમાં આઉટસોર્સીંગ સ્ટાફને પૂરતો પગાર બાબત | 337 |
| | હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના કુલપતિ વિરુદ્ધ ગેરરીતિના આક્ષેપો | 408 |
| | રાજ્યમાં ઔદ્યોગિક એકમોમાં તબીબી અધિકારીઓની મંજૂર જગ્યાઓ | 138 |
| | રાજ્યમાં ઔદ્યોગિક એકમોમાં તબીબી અધિકારીઓની મંજૂર જગ્યાઓ | ૧૫૨ |
| | રાજ્યમાં વિદ્યુત મથકો | 324 |
| | રાજ્યમાં સરકારી શાળાઓમાં વ્યાયામ શિક્ષકો | ૪૯૪ |
| | સરકારી ઉત્સવો / કાર્યક્રમની જાહેરાત પાછળ ખર્ચ | 210 |
| | હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના કુલપતિ વિરુદ્ધ ગેરરીતિના આક્ષેપો | 408 |
| | ગાંધીનગર શહેર અને જિલ્લામાં ખંડણી માંગવાની મળેલ ફરિયાદો | ૨૩૫ |
| | નર્મદા અને નવસારી જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત | 38 |
| | પાટણ અને અમદાવાદ જિલ્લામાં આર.ટી.ઇ. એક્ટ હેઠળ શાળાઓમાં પ્રવેશ | 59 |
| | પાટણ અને અમદાવાદ જિલ્લામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | 451 |
| | પાટણ અને અમદાવાદ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત | 53 |
| | પાટણ અને ભરૂચ જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા આવેલ અરજીઓ | 115 |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં જમીનમાં નિયમબદ્ધ કરવાના કિસ્સા | 229 |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓ | 477 |
| | પાટણ અને મોરબી જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ | 388 |
| | પાટણ અને સુરત જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ | 306 |
| કિરીટ કુમાર કે.પટેલ | મહેસાણા જિલ્લામાં ખનિજ પરિવહનથી અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ | ૨૦૮ |
| | મહેસાણા જિલ્લામાં ગુણોત્સવ-૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન | 22 |
| | મહેસાણા જિલ્લામાં નવા કૃષિ વિષયક વીજ જોડાણો | 298 |
| | મહેસાણા જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય-મા યોજના | 365 |
| | મહેસાણા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના | 102 |
| કિરીટસિંહ ડાભી | અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના | 116 |
| | અમદાવાદ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો | 284 |
| | બી. જે. મેડિકલ કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર મહેકમ | 377 |
| ગેનીબેન ઠાકોર | અમદાવાદ અને સુરત જિલ્લામાં રેગ્યુલેટેડ/રજિસ્ટર્ડ કતલખાના | ૨૧૬ |
| | ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદી કરાર | 311 |
| | ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી ફાળવેલ રકમ | ૨૩૭ |
| | નર્મદાના પુરના પાણી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં પહોંચાડવા બાબત | 231 |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા આવેલ અરજીઓ | 118 |

| | | |
|---|---|---|
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ | 394 |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | 475 |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ | 286 |
| | બનાસકાંઠા અને રાજકોટ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત | 54 |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા આવેલ અરજીઓ | 139 |
| | રાજ્યમાં કુપોષણ સરવેની કામગીરી | 152 |
| | રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો / આચાર્યોની સ્કૂલ ઈન્સ્પેક્ટર તરીકે પ્રતિનિયુકિત બાબત | ૪૬ |
| | રાજ્યમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની મધ્યાહન ભોજન યોજના | 62 |
| | સુરેન્દ્રનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | 450 |
| ગુલાબસિંહ ચૌહાણ | અમદાવાદથી કેવડીયા સી પ્લેનની કામગીરી | 109 |
| | દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ | 402 |
| | દાહોદ અને ડાંગ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત | 26 |
| | દાહોદ અને ડાંગ જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ | 318 |
| | ધારાસભ્યશ્રીઓનો પ્રોટોકોલ જળવાય તે માટેની સ્થાયી સૂચનાઓનો અમલ | 292 |
| | નર્મદા અને વડોદરા જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા આવેલ અરજીઓ | 147 |
| | નર્મદા અને વલસાડ જિલ્લામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | 458 |
| | મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા આવેલ અરજીઓ | 134 |
| | મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ | ૩૩૧ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ | 412 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો | 58 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | 481 |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓ | 497 |
| | મહીસાગર અને વડોદરા જિલ્લામાં શહેર / જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ શાળાઓમાં પ્રવેશ | 51 |
| | રાજ્યમાં ઈજનેરી કોલેજોની કુલ બેઠકો | 416 |
| | સચિવાલય કક્ષાએ સેક્શન ઓફિસર અને ઉપસચિવની જગ્યાઓ | 220 |
| ગીતાબા જાડેજા | રાજકોટ જિલ્લામાં આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર | 379 |
| | રાજકોટ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના | 45 |
| ગોવિંદભાઈ પરમાર | આણંદ અને અમરેલી જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સનો જથ્થો | 208 |
| | આણંદ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના | 45 |
| | આણંદ જિલ્લામાં નવા વીજ સબસ્ટેશનો | 298 |
| | આણંદ જિલ્લામાં પાલક માતા - પિતા યોજના | 123 |
| ગૌતમભાઈ ચૌહાણ | તાપી જિલ્લામાં નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના | ૧૩૪ |
| | ભાવનગર જિલ્લામાં ખુશી યોજના અંતર્ગત નાની ક્ષમતાના ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવા બાબત | 304 |
| | ભાવનગર જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફી પરત ચૂકવણી સહાય યોજના | ૧૨ |
| | ભાવનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના | ૧૦૫ |
| ચૈતન્ય દેસાઈ | ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના | 132 |
| | જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ, ગોત્રી - વડોદરાનું સંવર્ગવાર મહેકમ | 412 |
| | પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન અંતર્ગત રાજ્યને મળેલ સહાય | 397 |
| | રાજ્યમાં ન્યુ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦ અંતર્ગત કામગીરી | 16 |
| ચૈતન્યસિંહ ઝાલા | વડોદરા જિલ્લામાં ધો.૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાઇકલ આપવાની યોજના | 47 |
| | વડોદરા જિલ્લામાં ફોરલેનિંગના મંજૂર કામો | 223 |
| | સરકારી મેડિકલ કોલેજ, વડોદરાનું સંવર્ગવાર મહેકમ | 367 |

| | | |
|---|---|---|
| ચૈતરભાઇ વસાવા | નર્મદા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ | 59 |
| | સી પ્લેન સેવાથી થતી આવક | 117 |
| | ડાંગ જિલ્લામાં વનીકરણ માટે નાણાકીય જોગવાઇ | ૩૬૯ |
| | દેડીયાપાડા અને સાગબારા તાલુકામાં આકસ્મિક મૃત્યુ સહાયની પડતર અરજીઓ | 234 |
| | નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં વન અધિકાર અધિનિયમ હેઠળ દાવા / અરજીઓ | 454 |
| | નર્મદા જિલ્લામાં એરપોર્ટ | 139 |
| | નર્મદા જિલ્લામાં ટ્રાયબલ મ્યુઝીયમ | 53 |
| | નર્મદા જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ ફાળવવામાં આવતી ગ્રાન્ટ | 35 |
| | નર્મદા જિલ્લામાં રેતીની લીઝો માટે એન્વાયરમેન્ટ ક્લિયરન્સ | 206 |
| | રાજ્યના સરકારી અધિકારી / કર્મચારીઓની નિવૃત્તિની વયમર્યાદા વધારવા બાબત | 228 |
| ચિરાગ કુમાર પટેલ | અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદીના કરાર | 320 |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમ | 299 |
| | આણંદ અને ખેડા જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા આવેલ અરજીઓ | 152 |
| | આણંદ અને ખેડા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓ | 499 |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત | 52 |
| | આણંદ અને વલસાડ જિલ્લામાં જિંગા ઉછેર ફાર્મ | ૨૨૩ |
| | એ.સી.બી. દ્વારા અધિકારી / કર્મચારીઓ વિરૂધ્ધ નોંધાયેલ ગુના | 233 |
| | કોસ્ટલ ગુજરાત પાવર લિ. સાથે વીજ ખરીદીનો કરાર | 332 |
| | ખેડા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ | 391 |
| | છોટાઉદેપુર અને બોટાદ જિલ્લામાં ગરીબી રેખાથી નીચે જીવતા પરિવારો બાબત | 34 |
| | નર્મદા અને સુરત જિલ્લામાં કોલેજોનું સંવર્ગવાર મહેકમ | ૪૧૦ |
| | મહાત્મા મંદિર ખાતે થયેલ કાર્યક્રમોના ભાડાની રકમ | ૧૪૧ |
| | રાજ્યના પ્રવાસન સ્થળો પર સી - પ્લેન સેવા | 123 |
| | રાજ્યમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના | ૪૧૫ |
| | વડોદરા અને દાહોદ જિલ્લામાં સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | 466 |
| | સુરત અને છોટાઉદેપુર જિલ્લામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ | 486 |
| જે. વી. કાકડીયા | G - 20 સમિટ થકી રાજ્યમાં ઊભી થયેલ આશા વાસ્તવિકતામાં પરિવર્તિત થાય તે અંગે | 174 |
| જગદીશ વિશ્વકર્મા | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, માર્ગ અને મકાન વિભાગ | 165 |
| | સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અંગે | 514 |
| જગદીશભાઇ પ્ર. મકવાણા | G - 20 સમિટ થકી રાજ્યમાં ઊભી થયેલ આશા વાસ્તવિકતામાં પરિવર્તિત થાય તે અંગે | 175 |
| જનકભાઈ તળાવીયા | અમરેલી જિલ્લામાં નવા કૃષિ વિષયક વીજ જોડાણો | 290 |
| જયંતિભાઈ સો. પટેલ | ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક, ૨૦૨૩ | 436 |
| | ગાંધીનગર જિલ્લામાં બાલવાથી માણસા તાલુકાને જોડતા રસ્તાને ચારમાર્ગીય કરવા બાબત | ૨૧૪ |
| | ગાંધીનગર જિલ્લામાં નવા કૃષિ વિષયક વીજ જોડાણો | ૩૧૧ |
| | ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવ - ૨ અંતર્ગત પ્રાથમિક શાળાઓનું મૂલ્યાંકન | 28 |
| | ગાંધીનગર જિલ્લામાં સુધારેલ સ્મશાન ભઠ્ઠી | 390 |
| જયંતિભાઈ રાઠવા | છોટાઉદેપુર જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન (વયવંદના) યોજના | 113 |
| | છોટાઉદેપુર જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘરવપરાશ માટે વીજ જોડાણો | 277 |
| | છોટાઉદેપુર જિલ્લામાં કૃત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન | 34 |
| | છોટાઉદેપુર જિલ્લામાં જળસંગ્રહનાં કામો | ૪૭૪ |
| | છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર કામો | 200 |
| | છોટાઉદેપુર જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ લાભાર્થી જનસંખ્યા | ૩૧૧ |
| જયરામભાઇ ગામીત | તાપી જિલ્લામાં મનરેગા યોજના | 446 |

| | | |
|---|---|---|
| | ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૩ | 527 |
| | ઉચ્છલ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ | ૩૮૯ |
| | તાપી જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘર વપરાશ માટે વીજ જોડાણો | ૩૦૨ |
| | તાપી જિલ્લામાં ચોખાપાકની નિદર્શન યોજના | 47 |
| | તાપી જિલ્લામાં નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના | 98 |
| જિજ્ઞેશ મેવાણી | નડિયાદ તાલુકામાં નવા રેશન કાર્ડ | 314 |
| | અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના જર્જરિત ઓરડાઓ | 43 |
| | આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા પ્રસારિત કરાતી જાહેરાતો | 61 |
| | નડિયાદ તાલુકાના રસ્તા પહોળા કરવા બાબત | 232 |
| | પાકિસ્તાનની જેલમાં રખાયેલ માછીમારોના પરિવારોને આર્થિક સહાય | 54 |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લા પોલીસ વડા મારફત પોલીસ મથકોની મુલાકાત | 219 |
| | અમદાવાદ અને વડોદરા જિલ્લામાં ખાનગી ઉદ્યોગ એકમોની તપાસ | 122 |
| | અમદાવાદ જિલ્લાના દરિયાકિનારાના ગામોમાં પર્યાવરણની વિપરીત અસરો | ૩૭૯ |
| | નડિયાદ તાલુકામાં નલ સે જલ યોજના | 328 |
| | વિભાગ દ્વારા બંધ કરવામાં આવેલ યોજનાઓ | 140 |
| | બનાસકાંઠા જિલ્લામાં નવા રેશન કાર્ડ | 287 |
| | સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ | 246 |
| જિતેન્દ્રકુમાર પટેલ | અમદાવાદ અને નવસારી જિલ્લામાં લોક દરબાર યોજવા બાબત | 198 |
| | જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ સોલા, અમદાવાદનું સંવર્ગવાર મહેકમ | 401 |
| જિતેન્દ્રભાઇ સ. વાઘાણી | કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલ નુકસાન બાબત | 502 |
| | ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૨૩ | 517 |
| | ગૃહ વિભાગ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૭૧ |
| જિતેન્દ્ર સોમાણી | રાજકોટ જિલ્લામાં આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર | 392 |
| | રાજકોટ જિલ્લામાં ખુશી યોજના અંતર્ગત નાની ક્ષમતાના ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવા બાબત | 287 |
| | રાજકોટ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના | ૪૨ |
| | રાજકોટ જિલ્લામાં પાલક માતા - પિતા યોજના | 129 |
| | રાજકોટ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર કામો | 211 |
| ડી. કે. સ્વામી | ભરૂચ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના | 124 |
| | ભરૂચ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘર વપરશ માટે વીજ જોડાણો | 301 |
| | ભરૂચ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના | 463 |
| | ભરૂચ જિલ્લામાં રાયપનિંગ એકમ ઊભા કરવા સહાય | ૨૦ |
